
# જીવનયોગ

## ભાગ-૨



પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# જીવનયોગ

## ભાગ-૨

પૂજ્ય શ્રીમોટા

: સંપાદક :

ડૉ. અનિલ ભાલોડિયા

nrh:H yt©{ «ftþ™, Ëh,.

❑ **પ્રકાશક : શ્રી ચિમનભાઈ છ. પટેલ**
30, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટિયા,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯.
ફોન : (૦૨૬૧) ૨૭૬૬૬૯૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ**
પ્રથમ ૨૦૧૬ પ્રત ૧૦૦૦

❑ **પૃષ્ઠ :** ૪૪+૫૮૪=૬૨૮

❑ ***કિંમત :*** *રૂ. ૭૫=૦૦ : ભાગ-૧*
*રૂ. ૭૫=૦૦ : ભાગ-૨*

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫
ફોન : ૦૨૬૧-૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org


❑ ડિઝાઈનર : **મનુ નિર્મલ**

❑ **મુદ્રણ શુદ્ધિ :** **જગદીશ પ્રજાપતિ**

❑ **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૯૩૨૭૦૩૬૪૧૪
Email : kanubhai.arth@gmail.com

❑ **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥



## પૂજ્ય શ્રીમોટા

સમર્થ જે કશો ન્હોતો તણખલું પણ ઊંચકવાને
-હવે તેને બનાવ્યો છે સમર્થોમાં શિરોમણિ તેં.

ભલે આ જીવને કોઈ જગે તે રીત ના પરખે,
હરિ-પદ કિંતુ સંપૂર્ણ ઢળેલો, શ્રેષ્ઠ "મોટો" તે.

॥ હરિઃૐ ॥









**'જીવન-યોગ' પુસ્તકના પૂજન સમયે**
**પરમ પૂજ્ય શ્રી સંતભગવંત સાહેબજી સાથે**
**પૂજ્ય ચંદનબહેન તથા પરમ પૂજ્ય શ્રી અશ્વિનભાઈ**

॥ હરિ:ૐ ॥

## અર્પણ.....

હરિ:ૐ આશ્રમોની ધરોહર સમાન

પૂ. હેમંતદાદા, પૂ. નંદુભાઈ, પૂ. ભીખુકાકા તથા વિદ્યાકાકી,

પૂ. ઝીણાકાકા, પૂ. હસમુખભાઈ (લાલાજી),

પૂ. હરિભાઈ (કુંભકોણમ્)

તથા

આત્મબળે શૂન્યમાંથી સર્જન કરનાર

અનેક સંતોના કૃપાપાત્ર

પૂજ્ય શ્રીમોટા, પૂ. શ્રી નંદુભાઈ તથા પૂ. શ્રી ઝીણાકાકા

પ્રત્યે અસીમ ભક્તિ ધરાવનાર

ઉદાર દિલ

ઝાંબિયા નિવાસી શ્રી જયંતિભાઈ અને

શ્રીમતી હંસાબહેન મહેતા

તથા

પૂ. શ્રીમોટાને સમર્પિત, નિષ્ઠાવાન,

ભાવપૂર્ણ જિજ્ઞાસુ

યુ.એસ.એ. નિવાસી શ્રી સંજય અને શ્રીમતી દર્શના પટેલ

અને

મારા જીવનને ઘડનારા

માતા-પિતા અને મારા સુખ-દુઃખની

ભાગીદાર પત્ની ઈન્દુને ક્ષમા પ્રાર્થી

આ ''જીવનયોગ'' અર્પણ કરતાં

આનંદ અનુભવું છું.

## પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહ



# ગુણ-ભાવનો વિકાસ

પૂજ્ય મોટા સંસારથી અલિપ્ત હતા, પરંતુ સંસારના યોગક્ષેમની ચિંતા કરનારા સંત હતા. એમણે જે વિચારો સમાજને આપ્યા તેમાં ગુણ-ભાવના વિકાસને ઘણું મહત્ત્વ આપ્યું. આ એમની મૌલિક ભેટ ગણાય.

યુવાન હતો ત્યારે હું પ્રતિવર્ષ રાંદેર પાસે આવેલા કુરુક્ષેત્રના હરિઃઓમ આશ્રમમાં સાત દિવસ માટે મૌન મંદિરમાં બેસતો ત્યારે પૂજ્ય મોટા સાથે વારંવાર સત્સંગ થતો રહેતો. તેઓ મારા લગ્ન વખતે પણ ખાસ આશીર્વાદ આપવા ઘેર પધાર્યા હતા. એ એમની કરુણા હતી. એમની ઋજુતા અને નિખાલસતા ચુંબકીય હતી. ડૉક્ટર અનિલ ભાલોડિયાએ એક ભક્તની નિષ્ઠાથી પૂજ્ય મોટાના વિચારોને સંક્ષેપમાં આ ગ્રંથમાં પ્રગટ કર્યા છે. મને એમનો આ પ્રયત્ન ગમ્યો છે અને પૂજ્ય મોટાના ભાવકોને પણ એ જરૂર ગમી જશે.

**-ગુણવંત શાહ**

ટહુકો,
વડોદરું - ૨૦



**સંતભગવંત સાહેબજી**

Anoopam Mission

બ્રહ્મજ્યોતિ, મોગરી,
૨૭ ઑગસ્ટ, ૨૦૧૬

**ભાઈશ્રી અનિલભાઈ**
**અને સર્વ સાથીદારો...**

જય શ્રી સ્વામિનારાયણ !

૧૯૬૦ના મારા કૉલેજકાળના સમયમાં 'હરિઃૐ આશ્રમવાળા શ્રીમોટા'ના નામથી ગુજરાત અને બહાર વસતા સર્વ સાધકો-મુમુક્ષુઓમાં જાણીતા-માનીતા સંતશ્રી પ. પૂ. મોટાનાં દર્શન કરવાનો, પરાવાણીનું પાન કરવાનો અલભ્ય મોકો ગુરુદેવ પ. પૂ. યોગીજી મહારાજની કૃપાથી તેઓના સાંનિધ્યમાં પ્રાપ્ત થયો છે તે મારું અહોભાગ્યછે !

આવા એક વિરલ સંતના જીવનની વાતો, સાધનાનાં રહસ્યો, પરાવાણીરૂપ પ્રવચનો વગેરેનું સંકલન કરી 'જીવનયોગ' અદ્‌ભુત ગ્રંથ પ્રકાશિત કરી રહ્યા છો, જે સર્વ કોઈ સાધકો, મુમુક્ષુઓ - સૌને સાધનામાં ખૂબ જ મદદરૂપ થશે જ.

વળી, આપ ખૂબ જ કાર્યરત હોવા છતાં ગુરુ તરફની એક ભક્તિ અદા કરવા ૪૬ પ્રકરણો સમાવતા ચાર ખંડના દળદાર ગ્રંથનું પ્રકાશન કરી રહ્યા છો તે માટે અમો સૌ સંતો, ભક્તોનાં વંદન ! અભિનંદન ! રાજી રહેશો.


સર્વની શુભેચ્છાઓ સાથે

આપના જ સાહેબના ભાવભર્યા
જય સ્વામિનારાયણ !

**Anoopam Mission India**
Brahmajyoti
Yogiji Marg
Mogri-388 345
Dist. : Anand
Gujarat, India
Tel: 02692 230483, 230544
Fax: 02692 235660
Email: amindia@anoopam-mission.org
**www.anoopam-mission.org**

**Public Trust Regd. No. E/1390/Anand. Dt. 03-09-2001**
**(Original Regd. No. E/2422/Kheda/Dt. 13-8-1976)**

# અધ્યાત્મપંથીનું પાથેય : જીવનયોગ



**ડૉ. મનોજ સોની**

આ અદ્‌ભુત અસ્તિત્વમાં એક એકમમનુષ્ય પણ છે. અનેક વિચારકોના મતે મનુષ્ય ''શ્રેષ્ઠ'' છે. શ્રેષ્ઠતાની વ્યાખ્યા, વર્ણન અને મૂલ્યાંકન સ્વાભાવિકપણે સાપેક્ષ હોવાનાં; તેથી, મનુષ્ય ''શ્રેષ્ઠ'' છે જ તેવું ખબર ન હોય તોય મનુષ્ય વિશિષ્ટ જરૂર જણાય છે.

પોતાને પ્રાપ્ત દેહની અસંખ્ય ક્રિયા-પ્રક્રિયાઓનાં અવિરતપણાંને મનુષ્યજીવન માની લેવામાં આવે છે. શું શ્વાસ લેવો ને છોડવો, અન્ન ખાવું ને પચાવવું, જોવું ને જાણવું, બોલવું ને મૌન રહેવું, ચાલવું-બેસવું-વધવું વગેરે દેહની અસંખ્ય ક્રિયા પ્રક્રિયાઓને જ જીવન કહીશું ?

જીવન આ દૈહિક ક્રિયા-પ્રક્રિયાઓથી અનંતગણું ભવ્ય છે, દિવ્ય છે; સંકુલતાની ચરમસીમા પછી પ્રાપ્ત થયેલી સહજ સરળતા છે.

પૂજ્ય શ્રીમોટાની પરાવાણી દ્વારા સમજીએ તો, ''આ માનવ શરીરની મહત્તા અનંતગણી છે એમજાણી એને જે જીવ ભગવાનનું મંદિર ગણીને પ્રત્યેક કર્મ કરતી પળે એનો સદુપયોગ જ કર્યા કરે, તે જીવ તરી જાય...'' (આ જ મહાગ્રંથ ''જીવનયોગ''ના પ્રકરણ ૨૭ : ''માનવદેહનું મહત્ત્વ''માંથી ઉદ્‌ધૃત)

સત્તાવીસ શબ્દોના આ એક વાક્યમાં પૂજ્ય શ્રીમોટાએ ન કેવળ મનુષ્ય દેહ અને તેનાં દૈહિક કર્મોની ભવ્યતાની ઝાંખી કરાવી છે, પરંતુ ''તરી જવાની'', કહેતાં મુક્તિના માર્ગ, રીત અને વિચાર સરળ શબ્દોમાં સ્પષ્ટ કર્યાં !

અધ્યાત્મપંથના જાગૃત યાત્રી ડૉ. અનિલ ભાલોડિયાએ દેહથી પર અને દિવ્ય એવા આ મનુષ્યજીવનનો યોગ કરાવવાનું આ મહાગ્રંથ દ્વારા ભગીરથી પુણ્યતપ સિદ્ધ કર્યું છે.

પૂજ્ય શ્રીમોટાનાં અધ્યાત્મદર્શન જે અક્ષરદેહે પ્રગટ થયું તે પરાવાણીના મહોદધિને ડૉ. ભાલોડિયાએ ઋષિ ભગીરથની પરંપરામાં આપણા સૌ માટે અમૃતરૂપ ''જીવનયોગ''ની ગંગા સ્વરૂપે અર્પણ કર્યો છે.


ચાર ખંડ અને ૪૬ પ્રકરણો સાથે આ ''જીવનયોગ'' મહાગ્રંથ સંભવતઃ વૈશ્વિક અધ્યાત્મદર્શન સંકલનની શ્રેણીમાં એક વિશિષ્ટ મહાપ્રદાન લેખાશે. અધ્યાત્મના યાત્રી માટે તો એ પોષક પાથેય છે; અભ્યાસુઓ માટે ચિંતનની દિવ્યતાના ઊંડાણના તાગ પામવાનું આ પરિશુદ્ધ નિમિત્ત છે.

આ દિવ્ય કાર્યના તપસ્વી, આ સર્જનરૂપી તીર્થના નિમિત્તરૂપ સંકલનકર્તા ડૉ. અનિલ ભાલોડિયાને આપણાં સૌનાં કૃતજ્ઞતા-ધન્યતાસભર વંદન !

જુલાઈ, ૨૦૧૬

**-ડૉ. મનોજ સોની**
પૂર્વ કુલપતિ
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

॥ હરિઃૐ ॥



# જીવનયોગ

ભાગ-૨

'હું સર્વત્ર વિદ્યમાન છું.'

- શ્રીમોટા

# અનુક્રમણિકા


જીવનયોગ વિશે પૂજ્ય શ્રીમોટા ........................................ ૧૧
સ્વજનોને સંબોધન - પૂજ્ય શ્રીમોટા ........................................ ૧૬
બે બોલ ........................................ ૩૯


## જીવનયોગ : ભાગ-૨


**ખંડ-૧ : આંતરિક સાધના** ૧

૦૧. સાધનાની પૂર્વભુમિકા ........................................ ૨
૦૨. સાધના પ્રવેશ ........................................ ૩૨

**ખંડ-૨ : આંતરિક સાધના** ૬૯

૦૩. સાધનાના પ્રકાર ........................................ ૭૦
૦૪. ભક્તિમાર્ગ પરિચય ........................................ ૭૭
૦૫. સાધના ક્રમ-સાધન ક્રમ ........................................ ૯૮
૦૬. સત્સંગ-સંસ્કાર સાધના-શ્રીસદ્‌ગુરુ ........................................ ૧૦૮
૦૭. આત્મનિવેદન ........................................ ૨૧૭
૦૮. પ્રાર્થના ........................................ ૨૨૮
૦૯. નામસ્મરણ ........................................ ૨૪૪
૧૦. અજપાજાપ ........................................ ૨૮૭
૧૧. ૧૧મી ભૂમિકા-શરણાગતિ તરફ પ્રયાણ
સત્ત્વમાં પ્રતિષ્ઠા અને નિષ્ઠા ........................................ ૨૯૨
૧૨. ૧૨મી ભૂમિકા-શરણાગતિ-સમતા ........................................ ૩૩૭
૧૩. સંપૂર્ણ શરણાગતિ ........................................ ૩૮૬
૧૪. સમત્વ અને યોગ ........................................ ૪૧૨
૧૫. સાક્ષીત્વ તરફ પ્રયાણ ........................................ ૪૪૪
૧૬. અખંડ ભાવ-સ્વામિત્વ-સાક્ષીત્વ-૧૩મી ભૂમિકા સાક્ષીત્વ ..... ૪૬૪
૧૭. ૧૪મી ભૂમિકા-વિસ્તારની ભૂમિકા-અનુભવ ............... ૪૮૭
૧૮. અનુભવી ........................................ ૫૩૧
૧૯. અનંત સાધનાપથ ........................................ ૫૬૪
સંદર્ભ સૂચિ : પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાંથી ............... ૫૮૫
આરતી ........................................ ૫૮૨
પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ.............. ૫૮૩

# જીવનયોગ વિશે પૂજ્ય શ્રીમોટા

(પૂજ્ય શ્રીમોટાનો સમસ્ત અક્ષરદેહ જે એક શબ્દમાં કંડારી શકાય અને જે શબ્દ પૂજ્યશ્રી મોટાએ જ પ્રયોજ્યો છે, તે છે - ''જીવનયોગ''. જીવનના બાહ્ય અને આંતરિક બંને પાસાંઓને આવરી લેતો સાધનાપથ એટલે જીવનયોગ. જીવનયોગ એટલે નિરંતર સાધના ! એ રીતે આ પુસ્તકનું નામ ઘણું સૂચક છે.)

''સાધના એટલે જ કાળ જલદી ને છતાં યોગ્યપણે પકાવનારી જડીબુટ્ટી. પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાની કળા એટલે સાધના એમ કહી શકાય. બાકી પ્રકૃતિની પ્રક્રિયા દ્વારા જે વિકાસની પરંપરા છે, તે તો પ્રકૃતિની પ્રકૃતિમાં છે, અને પ્રકૃતિમાં ને પ્રકૃતિમાં એમ થયા કરવાનું; અને આપણે જો પ્રકૃતિથી પર પ્રકટવું હોય તો સાધના અને સાધન વિના બીજો કોઈ આરો નથી. પ્રકૃતિ દ્વારા જીવની થતી ઉત્ક્રાંતિમાં શક્તિ ને પ્રાણસંચાર પ્રકટાવી તેને વેગવાળી અને ભાવાત્મક બનાવનાર જે ચેતનની પ્રક્રિયા તે સાધના એમ કહી શકાય. આવી રીતે સાધના એટલે જીવનથી અતિરિક્ત કે નિરાળી કોઈ વસ્તુ નથી. તે જ રીતે યોગ કે યોગમાર્ગ પણ જીવનથી નિરાળો નથી. આપણા પોતાના પ્રકૃતિમય જીવનમાંથી ચેતનમય જીવનમાં ઉત્ક્રાંતિ થાય તે પરત્વે હૃદયનું લક્ષ વધારે ને વધારે એકાગ્ર ને કેંદ્રિત રહ્યા કરે ને તેમાં ચેતનપ્રાણસંચાર ઉદ્‌ભવી તેની ગતિ વધ્યા કરે અને તે ગતિમાંથી નવસર્જન થયા કરે એવી જ્ઞાનાત્મક પ્રક્રિયાને તથા તેવી જ્ઞાનાત્મક, ભાવાત્મક પ્રક્રિયાના વહનના પથને રુચિભેદને કારણે જુદાં જુદાં નામ જેવાં કે જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ વગેરે અપાયાં છે, બાકી છે તો એ છે એક જ પ્રક્રિયા. એ આખા સમસ્ત જીવનને, નવસર્જનની રીતે નવનિર્માણ કરીને સમાવી લેતી ચેતનવંત પ્રક્રિયા હોવાથી તેને આ કારણે ''જીવનયોગ'' નામ આપવું વધારે ઠીક ગણાય.''

સાધનામાં પણ બે પરસ્પર વિરોધી દેખાતી પ્રક્રિયામાંથી આપણે પસાર થવાનું છે. એક તો આપણે જે પરિસ્થિતિમાં, સંજોગોમાં પ્રવર્તેલા હોઈએ, તેના પરત્વે બેપરવા, બેકાળજી કે નિષ્પ્રાણ થઈને વર્તવાનું નથી, અથવા તો તે બધું મિથ્યા છે, એમ પણ ગણવાનું નથી. તે બધું મળેલું છે ભાવનાને

કેળવવાને માટે, ભાવનાને પરિપક્વ થવા માટે. એટલે તે બધાંનો એક બાજુ પ્રેમભક્તિપૂર્વક સ્વીકાર કરીને તેમાં અણગમો કે કંટાળો પ્રગટવા દીધા વિના તે પરિસ્થિતિ અને સંજોગનો આપણે પ્રેમભક્તિથી સ્વીકાર કરવાનો છે; અને તેમાં યોગયોગ્ય ભાવનાથી વર્ત્યા કરીશું તે **એક બાજુની વર્તનકળાની રીત છે અને બીજી બાજુએ પ્રભુની કૃપાને આપણામાં ઠરી શકવાને માટે જે ભૂમિકા આપણે તૈયાર કરવાની છે, તે તો સાધનાના ભાવમાં અને તેના સાધનના અભ્યાસમાં મનાદિકરણોને પરોવાઈ જવાને માટે તેમાં એકધારું પ્રવર્તાય, તે છે.** તે ઉપરાંત સંસારવ્યવહારમાં આપણે બધાંની સાથે સુમેળ, સદ્‌ભાવ, પ્રેમ, સહાનુભૂતિ, શુભેચ્છા વગેરે ભાવનાથી આપણા પોતાના જ વિકાસની ભાવનાથી વર્ત્યા કરવાનું છે. ને એમ થવાતા જતાં કોઈ પણ જાતનો બીજાંથી કરીને ધારો કે આપણને અન્યાય થાય તો તે બધું પ્રેમઉમળકાથી સ્વીકારી લઈને તે તપ છે એમ જાણીને આપણે તેવી તત્પરતાવળા બનવું પડશે, અને તો જ આપણા રાગદ્વેષ મોળા પડતા જવાના છે. એટલે દ્વંદ્વાત્મક પ્રકૃતિનું જોશ એવી રીતે જ્ઞાનભક્તિયુક્ત વર્તવાથી મોળું પડતું જવાનું છે તે નક્કી જાણજો. જેની પરત્વે આપણને અણગમો હોય કે કંટાળો જાગતો હોય, તેને આપણે વધારે ચાહીને દિલથી વધારે ગમવાનું બને તેમ આપણે પ્રવર્તવાનું છે. આવી સાધનાથી અંતર્મુખ થઈ શકવાનું છે. અંતર્મુખતા પ્રગટ્યા વિના આરો નથી. જેમ સાધનાની પ્રક્રિયાની જરૂર છે, તેમ સંસારવ્યવહારમાં ઉપર જણાવેલી રીત પ્રમાણે વર્તવાની પણ એટલી જરૂર છે.

સાધનના અભ્યાસનો હેતુ, તેવા સાધનના અભ્યાસ સિવાયના જીવનના બીજા ગાળામાં તે પ્રકારના સાધનની ભાવનાને સળંગપણે પ્રગટાવવામાં રહેલો છે. આમ જો થયા કરે, તો જ જીવનમાં ભાવનાની એકતારતા ને એકતાનતા પ્રગટી શકે ને તો જ ભાવનામાં સળંગતા પ્રગટી શકે. સાધના કરતી વખતે ભાવના પ્રગટે ને તેના સિવાયના જીવનના બીજા ગાળામાં ભાવનાનું ખૂન થયા કરે, તો પછી આ બંને પરસ્પર વિસંવાદી રીતથી ભાવનામાં એક એવા પ્રકારની ક્ષતિ પ્રગટે છે કે જેથી ભાવનાનો ઉચ્છેદ જ થયા કરતો હોય છે. **તેથી સાધકે સાધનાના જુદા જુદા પ્રકારના સાધનના અભ્યાસમાં જેટલું મહત્ત્વનું લક્ષ આપવાનું છે, તેનાથીયે વિશેષ લક્ષ અને વિશેષ ચેતનવંતુ લક્ષ રોજબરોજનાં થતાં રહેતાં વર્તનવ્યવહારમાં રાખ્યા**

**કરવાનું છે ને એના પરત્વેનો તેનો વિશેષ જ્ઞાનભક્તિપૂર્વકનો ઝોક પૂરેપૂરો વળી ગયેલો હોવો જોઈએ.** જો આવું બનવાનું ન થયા કરતું હોય તો ધ્યાનનો કે એવા બીજા કોઈ સાધનના અભ્યાસનો કશો અર્થ નથી. આ માર્ગને તો હું એક પ્રત્યક્ષ જીવન સાધનાનો માર્ગ ગણું છું, ને તેથી જ એને ''જીવનયોગ'' કહું છું.

જેમ જેમ જીવનશક્તિને અન્યથા ખર્ચાઈ જતી, વેડફાઈ જતી બચાવવા જઈશું તેમ તેમ જીવનમાં જીવનસાધનાનો વેગ વધતો જવાનો છે. એટલે કે જીવનયોગ વધારે ફળદાયી અને વધારે પરિપૂર્ણ થતો જશે. આપણે બે બાજુનું કામ કરવાનું છે : એક તો સાધનામાં લગાતાર રહ્યા કરવાનું છે. એટલે કે પ્રાર્થના, નામસ્મરણભાવની ધારણા, આત્મનિવેદન, સમર્પણભાવ, ધ્યાન, ત્રાટક, જુદી જુદી ક્રિયા વખતની પ્રાર્થનાઓ તથા અનેક પ્રસંગ, સ્થળ વગેરે પરત્વે ભાવ અને સૌંદર્ય અનુરૂપ પ્રાર્થના કરવાનો અભ્યાસ - આ બધાં સાધન લગાતાર હૃદયથી કરતા રહેવાનું છે અને બીજી બાજુ અંતર્મુખ થવાનો પ્રયત્ન કર્યા કરીને તટસ્થ ભાવથી, વિવેકની આંખ તદ્દન સતત ખુલ્લી રાખીને બધા ખેલ પણ નીરખ્યા કરવાના છે અને તેમાંથી જીવનશક્તિને રાગદ્વેષપૂર્ણ રસ લેતાં નિવારીને તેને અંતરના ભાવમાં વિશેષ ને વિશેષ વાળ્યા કરવાની છે.

...તેથી એક બાજુથી વિકાસની જીવંત અભિમુખતા પ્રગટી, તેમાં વેગ પકડે ને આગળ તે માર્ગે ધક્કેલો લાગે, એવું જ કોઈને પોતાને પ્રવર્તાવવું હોય, તેમણે તેમને જે સાનુકૂળ લાગે, તેવાં સાધનોનાં અનુશીલન, પરિશીલનમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંને વાળવાં જ પડશે, ને બીજી બાજુથી રાગદ્વેષાદિ ને કામ, ક્રોધાદિથી મુક્ત થવાની પણ પ્રચંડ સભાનતા એના દિલમાં જાગેલી હોવી જોઈએ.

**નિરાગ્રહી, અનાસક્ત પૂરેપૂરા થયા વિના,**
**કેમેય કરતાં જ્ઞાન-નો અનુભવ થાય ના.**

એટલે એક બાજુથી હૃદયમાં, હૃદયથી સતત ભાવ જીવતોજાગતો ચેતનાત્મક પ્રગટ્યાં જ કરે ને બીજી બાજુથી રાગદ્વેષાદિ તદ્દન મોળાં પાડ્યાં કરવાના કાર્યમાં હેતુપૂર્વકની સભાનતાથી આપણે એકધારા સતત પરોવાયેલા હોઈએ, તો જીવન-વિકાસનું કર્મ ઝપાટાભેર આગળ વધે છે.

રાગ-દ્વેષાદિથી મોળા પડાતા ગયા વિના ધ્યાન પણ ઉત્તમ રીતનું પ્રગટી ન શકે. ખરેખરું સાચા ભાવનું ધ્યાન થયાં કરતું હોય, તો તેમાંથી તટસ્થતા ઊગતી જતી હોય છે, ને જે તે બધું જ કર્યા કરતાં હોઈએ છતાં આપણે તટસ્થ છીએ, એવો પ્રયોગાત્મક અનુભવ થયા વિના રહી શકતો નથી. તેથી મારી તો પ્રાર્થના છે કે જેમને ધ્યાન ઉત્તમોત્તમ થાય, એવું સહૃદયતાથી ઈચ્છતા હોય, તેમણે ધ્યાન ભલે કરતાં હોય તો કર્યા કરે, પરંતુ તેની સાથે સાથે રાગદ્વેષાદિ, આગ્રહો, ટેવો, સમજણો, માન્યતાઓ વગેરેથી મુક્ત થવાય; તે રીતે જીવન પ્રવર્તાવીને તે બધાંની હૃદયની ચેતનાત્મક સભાનતા પ્રચંડપણે જાગી ગયેલી હોવી જ જોઈએ.

આ જીવને (તેવા) સેવાના ક્ષેત્રનાં કર્મમાં કંઈ બીજાંથી કરીને અન્યાય નહિ થયેલો હોય એવું તો મુદ્દલે નહોતું. પરંતુ તેમ છતાં તે બધાંયની ઉપર એકમાત્ર સદ્ભાવની જ ભાવના સર્વત્ર જીવતીજાગતી રહ્યાં કરે એવું ભાન ને સચેતનતા રાખ્યાં કરવાનું પ્રભુકૃપાથી થતું હતું. એકમાત્ર કામ કર્યા કરવાનું જ મૂંગે મોઢે કર્યા કરતો અને વિશેષ ને વિશેષ કેમ કરીને મારા પોતાના જ કર્મનું મનનચિંતવન થયાં કરે, તેવી રીતે પ્રવર્તમાન થયાં કરવાનું બન્યાં જતું. ભગવાનનું સ્મરણ, એની પ્રાર્થના, એનું ભજન, એ જ મારું એક મહત્ત્વનું સાધન તે કાળે હતું. અને પાછું તેથી કરીને મળેલાં કર્મમાં કોઈ પણ જાતની ઊણપ ન પ્રગટી શકે, તે પણ ઉત્તમમાં ઉત્તમ રીતે શ્રીપ્રભુપ્રીત્યર્થની ભાવનાથી થયા કરે અને તે પણ સાધનાની એક પ્રક્રિયા જ છે એવું ભાન મનાદિકરણોને પ્રગટાવેલું રખાવવાને પ્રભુકૃપાથી બન્યે જતું. **આવી બેવડી રીતની સાધના થયા જતી હતી.** સ્વભાવ અને પ્રકૃતિને નીચેથી ઉપર લઈ જવાની એક પ્રવૃત્તિ અને સાધનાના સાધનના અભ્યાસમાં પ્રેમભક્તિથી ને તેના જ્ઞાનના હેતુને લક્ષમાં રાખીને ભાવને અવતરણ થવાની પ્રક્રિયામાં સભાનપણું પ્રગટાવવાનું બન્યા જવું તે બીજી પ્રવૃત્તિ. **આમ જે રીતે પ્રભુકૃપાથી જીવન જીવી જાણ્યું છે, તે જ રીત હું તમને બધાંને બતાવું છું.**

**જીવનયોગની દૃષ્ટિ પ્રતિકૂળને સાનુકૂળ કરે છે**

જ્યારે અંદરથી દિલગીરીની લાગણી રહે, ભલેને પછી તે તદ્દન વિરુદ્ધ વાતાવરણને કારણે હોય તોપણ, ત્યારે આપણે અંતરમાં, અંતરથી આપણું કામ ચાલુ રાખવું જોઈએ. કેટલાક પ્રસંગો એવા બને છે કે જે આપણું ચણતર હચમચાવી મૂકે છે અને બધું અસ્તવ્યસ્ત થઈ જાય છે એવું આપણને દેખાય

છે અને લાગે છે પણ ખરું, પરંતુ એવા પ્રસંગોમાંથી આપણે તટસ્થતા, સમતા, શાંતિ, પ્રસન્નતા, ધીરજ વગેરે કેળવવાને માટે પ્રભુકૃપાથી તે પ્રસંગ મળ્યો છે એવી ભાવના કેળવવાની છે. એ રીતે પ્રસંગને ભાવનાપૂર્વક, જ્ઞાનપૂર્વક જોતા શીખ્યા તો દિલગીરીમાં કદી ગરકાવ નહિ થઈ જઈએ તે નક્કી જાણજો. જીવનમાં આવા પ્રકારના અનેક પ્રસંગોમાં આ જીવે તેવી કેળવણી પ્રભુકૃપાથી લીધેલી છે. એના કારણે આવી સમજણ ઊગેલી છે અને તેવી દૃષ્ટિ મળેલી છે. એટલે ગમે તેવા વિરોધી દેખાતા પ્રસંગમાં પણ જો ઉપર મુજબનું જીવતુંજાગતું દૃષ્ટિબિંદુ રાખી શકીએ તો તટસ્થતા, શાંતિ, પ્રસન્નતા વગેરે ભાવનામાં ઑર પ્રાણ પ્રગટે છે અને આપણી દૃઢતાનો, મક્કમતાનો, તટસ્થતાનો પૂરેપૂરો જીવંત ખ્યાલ આપણને પ્રગટે છે. તેથી, **પ્રસંગોથી દૂર ભાગી જવા કરતાં તેનો જ્ઞાનપૂર્વક પ્રત્યક્ષ સ્વીકાર કરીને તેનાથી કરી ભાવના કેળવવાનો અને દૃઢાવવાનો જીવનમાં સુયોગ સંપડાવવો એનું નામ જીવનયોગ.**

॥ હરિઃૐ ॥

## સ્વજનોને સંબોધન - પૂજ્ય શ્રીમોટા

જીવનનું ઊર્ધ્વનું જ્ઞાન, બધું દર્શાવવાને તે
-હું યંત્ર માત્ર માધ્યમ છું; કશું તેમાં ન મારું છે.

બધું જે રેડિયો બોલે, બધું તે તે અવરનું છે,
ન સમજણ નિજની કોઈ કશી તે રેડિયોમાં છે.

હૃદય તેવી રીતે માત્ર, જીવનની ઊર્ધ્વ કક્ષાને
-બતાવવા ખાલી સાધન હું; જીવનમાં એવી રીતે તે.

મને "મોટો" ન માની લે વિનંતી છે જગતજનને;
હું તો ખાલી જ માધ્યમ છું, થવાવા વ્યક્ત જીવનને.

### આ માર્ગમાં ક્યાંયે SHORT CUT નથી

"एक"ને અનુભવવાના માર્ગ જુદા જુદા હોય, પરંતુ આ માર્ગમાં ક્યાંયે SHORT CUT - એકદમ ઓચિંતા કૂદીને ચઢી જવાય, એવો ટૂંકામાં ટૂંકો માર્ગ નથી, એવો શ્રીપ્રભુકૃપાથી મને અનુભવ છે, તેથી હરિઃૐ આશ્રમની સાથે સંકળાયેલાં સ્વજનોને મારી પ્રાર્થના છે કે તેઓ બધાં જ મારું આ લખાણ પ્રેમથી વાંચે ને જો તેઓ હૃદયની ખરેખરી દાનતથી, એકનિષ્ઠાથી ને વફાદારીથી આ માર્ગમાં પડ્યાં હોય, તો તેઓ તેમનાં તેવાં વર્તન પ્રત્યક્ષ વર્તનમાં શ્રીપ્રભુકૃપાથી મૂકશે, તો તેમાં તેઓને જ લાભ છે.

### સ્વજનોને પ્રાર્થના

જીવન માનવી કેરું, મહામૂલું મળ્યું ખરે,
કિંતુ માનવી તે કેવું મિથ્યા વેડફી દે અરે !

જાગજો ! જાગજો મિત્રો ! જીવન પ્રીછવા હૃદે,
પ્રીછી વર્તનમાં મૂકી જીવન જીવજો તમે.

પ્રાર્થના એટલી મારી મળેલા મિત્ર સર્વને,
મળેલા જો, મળી જાણી, થજો સૌ યોગ્ય જીવને.

### મહા આશ્ચર્ય !

અરે ! આ મૃત્યુ તો દૂર ના અડોઅડ છેક પાસે છે;
છતાં અસ્તિત્વ તેનું તો કશું કોઈ યે ન જાણે છે !

શી નાનકડી મુસાફરીની બધાં તૈયારી કરતાં છે !
પરંતુ મૃત્યને માટે ન કો' તૈયારી કરતું છે.

બધાં આશ્ચર્યમાંનું તે મહદ્ આશ્ચર્ય કેવું છે !
બધું નિશ્ચિત હોવા છતાં ના ગણતરીમાં તે.

## પત્રોનો હેતુ

"જીવનવિકાસની ભાવનાર્થે જે જે સ્વજનો મળેલા છે, તેમને ચેતાવવા કાજે હૃદયના સાલતા ઊંડા દર્દથી જે વાણી ઉચ્ચારેલી છે, તેને તે સ્વજન પૂરેપૂરા ભાવથી વિચારે, સમજે ને યથાર્થ વર્તનપાલનમાં મૂકવાને પ્રભુકૃપાથી કરી જ્ઞાનભક્તિભાવે જાગૃત પૂરો તનતોડ પ્રયત્ન કરે, એવો આ પત્રોના લખવાપણાનો હેતુ છે. સત્ય, સત્ય હોવા છતાં એનો જ્યારે હૃદયમાં, હૃદયથી એના યોગ્ય ભાવાર્થમાં જ્ઞાનપૂર્વક જીવથી પૂરો સ્વીકાર થતો હોતો નથી, ત્યારે તે તેના જીવનમાં કશો ભાગ ભજવી શકતું નથી. આ હકીકતને પ્રત્યેક સાધક-સ્વજન હૃદયમાં, હૃદયથી સમજે એવી પ્રાર્થના છે."

પ્રભુકૃપાએ આ જીવને જે જે જીવો મળેલા છે, તેમને તેમનામાં શ્રદ્ધા પ્રગટી શકે તેવી રીતે પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વક, તેનો હેતુ સાથે, કંઈક ને કંઈક કરેલું છે. પરંતુ તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ જીવ લઈ શક્યો નથી, તે તેમના ભાગ્યની વાત છે. તેનું કારણ એ છે કે તે તે જીવોને આ માર્ગની હજી સાચી ભૂખ, ખરેખરી ઝંખના પ્રગટેલાં જ ન હતાં. ઉપલી એવી હકીકતોને પણ તેના યોગ્ય ભાવમાં ને યોગ્ય વાસ્તવિકતામાં ભાગ્યે જ કોઈ જીવ સ્વીકારી શક્યો હશે. કોઈને પણ પોતાની સાચી રીતે પડી જ હોતી નથી. સહુ કોઈ એક પ્રકારનો જીવનનો ઢસરડો જાણે બસ તાણ્યા જ કરતા હોય એવું લાગે છે.

અમારી મનીષા તો એવી ખરી કે દરેક સ્વજન, તેમાંથી પોતપોતાનું દિલ વલોવી વલોવીને સમજવાનું કરી, તે પ્રમાણેનું વર્તન આચરવાનું કરી, પૂરેપૂરાં દિલ ને અંતરનો ભાવ જીવનવિકાસને યોગ્ય એવા વર્તનમાં રેડ્યા કરે, તો જ તેવા લખાયેલા કાગળનું યથાર્થપણું પ્રકટ્યું ગણાય.

"તને કામ હોવા છતાં લાંબા લાંબા કાગળો લખી રહ્યો છું, તેનું આ જીવને જ્ઞાન છે ને આ કાગળો તને એકલાને ઉદ્દેશીને કંઈ લખેલા નથી. એ કાગળો લખવાની પાછળ તો પ્રભુકૃપાથી જીવનવિકાસના હેતુ અર્થે જેમણે

પોતે કરીને આ જીવને સ્વીકારેલો છે, તેમને આ પત્ર દ્વારા અને તે લખતી વખતે તેમાં હૃદયની ભાવના રેડીને, તેમને જગાડવાનો હેતુ રહેલો છે.''

''તને જેટલું સમજણ પ્રગટાવવા હૃદયથી લખ્યું છે, એવું સમજાવવાને કોઈને પણ હજી લખ્યું નથી.'' **''કાગળ એ તો સત્સંગ છે, હૃદયમાં ભાવના જગાડવા અને પ્રેરણા માટેનું તે એક અમૂલ્ય સાધન છે.''**

''લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને તે કાગળો લખેલા છે, કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે ને એમાંનું અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે, ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા માટે આનંદ ઊપજવાનો.''

## અભ્યાસની રીત અંગે સૂચન

''આપણાં બહાર પડેલાં પુસ્તકો તારે એક એક લઈને વારાફરતી વાંચતાં રહેવું. એક પૂરું થાય કે બીજું લેવું. અનુક્રમે એમ બધાં જ પુસ્તકો વાંચી લેવા અને તે બધાં પૂરા થયેથી ફરી તે શરૂ કરવું. એ કાર્યક્રમ રોજનો રાખવો. એમ કરતાં કરતાં બીજું આધ્યાત્મિક સાહિત્ય પણ સમજાવા માંડશે. **મારા લખાણમાં** (કારણ કે મને આધ્યાત્મિક સાહિત્યના શાસ્ત્રીય શબ્દોની જાણ ન હતી અને નથી.) **સીધું સાદું લખાણ છે. જેનો જરાતરા પણ આ માર્ગમાં પ્રવેશ હોય તેને તે સમજણ પડે તેવું છે.''**

''મારા કાગળો ન હોય તે દિવસે ફરી ફરી વાર આવેલા કાગળો વાંચી જવા અને એને વિચારવા. હૃદયની ભાવના જાગેલી હશે તો તેમાંથી નવું નવું સમજાયાં કરશે. આ ઉપરાંત, તારે હજી મારું છપાયેલું સાહિત્ય પૂરેપૂરું વાંચી જવાનું છે. તેમાંથી તને આ માર્ગની ઘણી સમજણ મળશે.''

**''એકની એક વાત હજાર વાર કહેવી પડે છે,** કારણ કે લાખ વાર જ્યારે આપણે એમ કહ્યા પ્રમાણે કર્યા કરીશું, ત્યારે કંઈક રાગે પડવાનું છે, એ નક્કી હકીકત છે. તેથી સાધકના દિલમાં કહ્યાનું મહત્ત્વ જાગે, તે માટે તેવાં કહેલાં વચનોને વારંવાર હૃદય સમક્ષ આણ્યાં કરવા ઘટે.''

''આ માર્ગ પરત્વેના એકલા વાંચનથી કશું ન વળી શકે. એકલા તેવા વાંચનથી જીવન વિકાસની ભાવનાની નક્કર સાધના થવી કદી પણ શક્ય નથી. હા, એથી કંઈક સમજણ વધે છે, તે એક લાભ જરૂર ગણાય. સાધના માટેની મહત્ત્વની ને મુખ્ય હકીકત તો સાધકની તે ખરેખરી ધગશ ને ઉત્કંઠા

પ્રાણવાળી જાગી ગયેલી હોવી જોઈએ. આ ઉપરાંત, સદ્‌ગુરુની મદદની પણ એટલી જ આવશ્યકતા રહેલી છે. સદ્‌ગુરુની પ્રત્યક્ષ જીવતીજાગતી દોરવણી વિના, એની કાળજી વિના, એની કૃપામદદ વિના, જીવન વિકાસની સાધનામાં સફળતા મેળવવાનું શક્ય નથી.''

સમજ્યા વિનાનું વાંચવું તે વાંચ્યું ન કહેવાય, પરંતુ સમજવાનાં દ્વારને બંધ કર્યું ગણાય. સમજીને વાંચવાનું રાખવું. જે કંઈ સમજીને એનું રહસ્ય, હેતુ, ગાંભીર્ય અને જોખમદારી પૂરેપૂરાં પ્રીછીએ. આવી રીતથી અને ભાવનાથી વાંચીએ તો જ સમજના દ્વાર ઊઘડે. સાચું શું છે, તે સમજવાને આપણે પોતે ખુલ્લાં થવું પડશે. તે વિના ગમે તેમ વાંચેલું ખપમાં આવવાનું નથી.

''આ માર્ગનું વિચારવાનું- અમુક જાતનાં નક્કી થયેલાં માપ, ધોરણ, રીતરસમો, સમજણો, ટેવો, ગમા-અણગમા, કલ્પના વગેરેથી બની શકતું હોતું નથી. આમાં તો કોઈ ધોરણ નથી અને કોઈ આધાર નથી. એ માર્ગ સમજવાને કાં તો **પ્રચંડ તપશ્ચર્યા** કાં તો પ્રેમભક્તિભર્યો **સંતસમાગમ** અને ત્રીજું હૃદયમાં, હૃદયથી જીવતીજાગતી ધસમસતી **જિજ્ઞાસા અને તમન્ના**, આ ત્રણ વિના તે માર્ગને સમજવાને બીજું કોઈ ઉત્તમ સાધન નથી. પ્રયોગ કર્યા વિના તે માર્ગના સત્યનું અન્વેષણ કરવું, પામવું અને અનુભવવું અશક્ય છે. જીવનની પ્રત્યેક પ્રકારની ઘરેડમાંથી મુક્ત થતાં થતાં કંઠે પ્રાણ આવે છે, તે કંઈ એમની એમ છૂટી શકતી પણ નથી. એવી ઘરેડો અને એવી સમજણો અને એવાં ધોરણો જીવને જીવ પણામાં જ જકડી રાખે છે. આપણે સમજણો, ઘરેડો, ટેવો, મતો, અભિપ્રાયો, કલ્પનાઓ વગેરેનાં ધોરણોથી જે તે બધું સમજવાનું રાખતાં હોઈએ છીએ, તેથી તે માર્ગ અથવા તે માર્ગના હાર્દનું યોગ્ય મૂલ્યાંકન આપણાથી થઈ શકાવાનું નથી તે જાણશોજી.''

## સર્વ કંઈ ચોક્કસ લક્ષણોથી માપો

''મારા શ્રીગુરુમહારાજે મને મારી સાધનાકાળ દરમિયાન મારામાં જે થયા કરવું તેને લક્ષણો વડે સમજવાની અને અનુભવવાની આજ્ઞા કરી હતી. લક્ષણો વડે સમજવાની ટેવ પાડવાથી કદી પણ ભ્રમણામાં પડી જવાતું નથી. આપણા વિશે કે બીજા વિશે તેવા જ્ઞાનપૂર્વકના અભ્યાસના પરિણામે કરીને કશું ઓછું કે કશું વધારે આપણે માની શકતા નથી. જેમ જેની જેટલી યથાર્થતા તેટલા પ્રમાણમાં જ આપણાથી સ્વીકારાતું હોય છે. એટલે જે તે કંઈ તેનાં લક્ષણો વડે કરીને સમજવાનો અભ્યાસ પાડવો.''

“જે બાબતમાં હૃદયમાં ઉત્કટ ખેવના પ્રગટે છે, ત્યારે તે ખેવનાના વિષયમાં આપમેળે એકાગ્રતા પ્રગટ્યા કરે છે. તે જ ઝંખનાના વિષયના મનન ચિંતવનમાં, મનાદિકરણ રહ્યાં કરે છે. સાધનાની ભાવનામાં હૃદયની તેવા પ્રકારની ઝંખના ઘણો મોટા ભાગ ભજવે છે. હૃદયમાં ખરેખરી, પૂરેપૂરી, એવી ઉત્કટ ઝંખના પ્રગટ્યા વિના પુરુષાર્થમાં સાચા પ્રાણ પ્રગટી શકતા નથી. તેથી કરી ઝંખનાને ઘણી જરૂરની હકીકત, સાધનાના ક્ષેત્રમાં ગણેલી છે. જે જીવને માનવી જીવનનું મહત્ત્વ જાગે છે, તેને જ ઝંખના જાગી જાય છે. તેથી મળેલા જીવનના મહત્ત્વને પિછાણવાની ઘણી જરૂર રહે છે.”

“ચેતનમાં જાગેલા જીવને ઓળખવો, સમજવો અને અનુભવવો એ જેવા તેવા જીવનું કામ નથી. હૃદયની એવી અંતરની આંખ પ્રગટી જાય તો કદાચ ઓળખી શકાય અને સમજી શકાય. અમને ચેતનની દૃષ્ટિએ સમજનારા હજી સુધી તો કોઈ જાણ્યા નથી. એક પૂજ્ય શ્રી “ગોદડિયા મહારાજ” કરીને છે, તે અમને સાચી રીતે જાણે છે અને ઓળખે છે. મળેલા સ્વજનોએ હજી અમને હૃદયથી પૂરા ઓળખ્યા નથી. એ અમારું કમભાગ્ય નથી, પરંતુ જેમણે સંગ કરીને હૃદયથી સંગ કરી જાણ્યો નથી તેમનું કમભાગ્ય છે.”

## પૂજ્ય શ્રીમોટા પાસે આવવાની સાચી ભાવના

“બજારમાં ઘણી દુકાનો હોય છે. ત્યાં દરેક જાતના સોદા થાય છે. ભગવાનની કૃપાથી **આ જીવે** પણ દુકાન ખોલી છે. એમાં સોદો થાય છે, પરંતુ તે સોદો તો છે ફકીરીનો. જેણે તે કરવો હોય એણે જ એ દુકાને પગ માંડવાનું મન કરવાનું છે. ફકીરી એટલે બધું જે તે કંઈ હોવા છતાં તે બધાંનો ઉપયોગ તેમની રીતે કરવાનો નથી, બધું હોવા છતાં નિર્મમત્વવાળા થયા કરીને આપણે જ્ઞાનભક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવાનો છે. ખાલી વાસણ હોય તો જ તેમાં કંઈક ભરવું હશે તો જે ભરેલું છે તે બધું પૂરેપૂરું કાઢી નાખવું પડશે.”

## પ્રવેશાવા તમારે દિલ

ઝઘડવું ના અમારે છે, ન તસ્કરવું કદી પણ છે,
કશી પંચાતમાં કોઈની, ન પડવાનું જરા દિલ છે.

મળેલાંને હૃદયની તે ખરેખર વિનંતિ છે કે
પ્રવેશાવા તમારે દિલ સરળતા આપજો મુજને.

કહીં ના પ્રવેશ મળતો છે, બધાં દ્વારે જ તાળાં છે,
અનેકે રીતથી દાખલ તમારામાં થવું ચહ્યું છે.

મળેલાંને કૃપાથી શાં હૃદય ચાહ્યાં કરેલાં છે !
સફળતા ના મને મળતી, તપાસી દિલ જોયું છે.

## પ્રવેશાવા અવર દિલમાં

અમારી પ્રકૃતિ પણ છે ખરું માધ્યમ જીવનમાં તે
- પ્રવેશાવા અવર દિલમાં, હરિભાવે ચહેલું છે.

મળેલાં પ્રકૃતિ સાધનતણો ઉપયોગ લીધો છે,
પરંતુ ત્યાં મળેલાંએ ધરી ના યોગ્ય સમજણને.

બધાંએ જીવકક્ષાની પડેલી રીતરસમ જે છે,
શું નિજની પ્રકૃતિ રીતે બધું સમજેલું તે તે છે.

મળેલો કર્મનો પડઘો, પછી ત્યાં દોષ કોનો છે ?
અમારી પ્રકૃતિયે શી પડેલી પાછી કેવી તે !

થયા હડધૂત સંપૂર્ણ શી પ્રકૃતિથી મળેલાંની !
તિરસ્કાર વળી પામ્યા નફામાં લાધી બદનામી.

## અનુભવી લ્યો પછીથી તે

''હૃદય મનથી જ મોટાનાં'' પૂરેપૂરાં થઈ જઈ ને,
અનુભવી લ્યો પછીથી તે સ્વયં કેવો ખરેખર છે !

મનાદિમાં, હૃદયમાંયે જીવંતો ચેતનાત્મક તે
-રમ્યાં કરતો રહે, ''મોટા''; ભળેલાં જાણજો ત્યારે.

કશી ભ્રમણા વિશે દિલમાં ન રહેશો કોઈ પણ સ્હેજે
- ચકાસી દિલ જો લેવો હો કૃપાથી દિલ આ તત્પર છે.

અમે વિસાતમાં કંઈના, અમારું કંઈ ગજું ના છે;
હરિની એકલાની તો બધીયે બોલબાલા છે.

## અનુભવી જાણતા માત્ર

“જીવનને સાર્થક કરવાને થયા વિના ફના પૂરું,
કશું વળવાનું ના કૈં છે,” કરું જાહેર આજે હું.

બધું જે જે તમારે હો, તમે માલિક જેના હો;
પદે તે તે સમર્પિત કો કરી દેવાનું રહે છે સૌ.

બધી માલિકી પ્રભુની હો જીવનમાં તે રીતે-ભાવે,
તમારે વર્તવાનું છે સમર્પાઈ જઈને તે.

હૃદય આનંદ ઉલ્લાસ સમર્પણ પદ થયાનો જે,
અનુભવી જાણતા માત્ર સમર્પણ જે થયેલા છે.

## પૂજ્ય શ્રીમોટાને વહાલી ગુરુદક્ષિણા

“જીવન વિકાસ માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી, હૃદયના ઉમળકાથી, જે જીવ એક ડગલું પણ માંડે છે તેનું તે કાર્ય અમને ભેટરૂપ છે. તેવી દક્ષિણા અમને જીવનમાં ઘણી વહાલી છે. આ કંઈ આલંકારિક ભાષામાં લખ્યું નથી. અમારે મન તે સાચી હકીકત છે.”

## સ્વજનો પાસે પ્રેમની અપેક્ષા

મળેલાં સદ્ભાગ્યે, મુજ જીવનમાં રો’ ફળંતાં સદાયે,
મળેલાં સદ્ભાગ્યે જીવન ફળવા પૂરજો ભાવ હૈયે.

તમારા હૈયામાં જરીક સરખું ક્યાંય કો એક ખૂણે,
રહેવાને દેજો જીવિત બનીને સ્થાન આનંદરંગે.

મને મારાં વહાલાં જગતપ્રભુએ ભેટમાં જે દીધેલાં,
કરું વાંચ્છ્યા ઊંડો રસ નીતરતો પ્રેમ હું એમનો ત્યાં.

સદા તેથી હું તો મુજ સ્વજનને પ્રાર્થનાઓ કરું છું,
મને દેતાં રે’ જો તમ થકી બને તેટલું વ્હાલ ઊંડું.

મને એવા સૌના પ્રણયરસમાં ભાવ વહેતો પ્રભુનો,
હ્દે રેલાતો શો નજર પડતો ! એ જ લ્હાવો જીવ્યાનો.

## પૂજ્ય શ્રીમોટાનું અભય વચન

"શરીરધારી માનવી ચેતનમાં સંપૂર્ણ, પૂરેપૂરો ના હોઈ શકે. જ્ઞાનનો વિસ્તાર અનંત છે. તેથી, પોતે સંપૂર્ણ છે એવું કોઈ સમજે તો તે યોગ્ય નથી. મારા તરફથી સર્વ કોઈ સાથે થતા રહેતા સંબંધને લીધે મારા મનમાં આમ કે તેમ કશું નથી હોતું. જગતમાં જે સ્વજનો મળેલાં છે કે મળશે, તેમને જીવનની સાથે એકરાગ કરવાને પ્રભુકૃપાથી મથાવવાનું બને છે. એ કળા શ્રીભગવાનની કૃપા બક્ષિસ છે. દરેકની સાથેનું વર્તન એક જ પ્રકારનું કદી પણ હોઈ શકતું નથી. પ્રભુકૃપાથી વૃત્તિ, વિચાર, લાગણી, ભાવના આ ઉપરાંત પણ જીવસ્વભાવ જેવી ઉપર ઉપરની દેખીતી વૃત્તિઓ, જેમ કે આશા, ઈચ્છા, કામના, રાગ, મોહ, મમતા એવી વૃત્તિઓથી પણ તે પ્રકારના જીવો સાથે વર્તવાનું બને કે જેથી તે જીવોનો દૃઢ રાગ પ્રભુકૃપાથી થઈ જાય. અમને એમ લાગ્યું છે કે જો કોઈ એક જીવ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારથી કરી અમારામાં એકરાગ થઈ જશે તો તેવાના જીવનમાં પણ તેવા અંકુર ફૂટવાના છે. આવા એકરાગ થવાપણાનું પણ પ્રત્યક્ષ લક્ષણ છે. જેવા પ્રકારનો ઉત્કટ રાગ તેવા પ્રકારનું મનન ચિંતવન રહ્યા કરે."

બધાં મળેલાં સ્વજનોનો અમારામાં રાગ પ્રગટે એટલે જીવનના તાણાવાણામાં તેઓ કોઈ ને કોઈ કાળે ગૂંથાઈ જ રહેવાનાં છે અને જો પ્રભુકૃપાથી ચેતન પ્રગટેલું હોય તો કોઈ ને કોઈ કાળે તેમનામાં પણ પ્રગટવાનું છે, એવું ગણિતશાસ્ત્ર છે. આપણો ધર્મ, આપણું કર્મ અને આપણી ફરજ ભગવાનના જ્યારે પૂરેપૂરાં થઈ જઈએ છીએ ત્યારે તે પ્રમાણે અદા કરાવવાને તે આપણને પ્રેરાવતો રહે છે અને તેમાં મીનમેખ ફરક પણ પડી શકતો નથી એવો જીવતોજાગતો અનુભવ થયેલો છે. તેથી, અમે તો પ્રભુકૃપાથી સદાય નિરાંતવાળા રહી શકીએ છીએ, પરંતુ સામો જીવ પૂરેપૂરી જ્ઞાનપૂર્વકની જાગૃતિ ન સેવી શકતો હોય કે તેને ન લાગતી હોય, જીવનનું મહત્ત્વ અને રહસ્ય પણ જેને ન સમજાતું કે ન સમજાયું હોય - એવા જીવને તો કોટિ કોટિ કાળ સુધી અથડાયા કરવાનું રહેશે. **પરંતુ અમારી તેમનામાં પ્રભુકૃપાથી લાગણી હોવાથી તે અમારાથી છૂટો થઈ શકવાનો નથી. અમે સ્થૂળ રીતે જેવા સ્વરૂપમાં છીએ તેવા સ્વરૂપમાં હોઈએ કે ન હોઈએ તોપણ અમારો સંબંધ છૂટી શકતો નથી.** જે જીવ જીવન વિકાસની ભાવનાને દૃઢાવી દૃઢાવીને, મનનાં બધાં વલણોને સમજીને ભાવનાનો વિકાસ કર્યે જાય છે અને જ્યાં જ્યાં

નકારાત્મક વલણ પ્રગટે ત્યાં ત્યાં થંભી જઈને તેના વહેણમાં ન તણાતાં, તટસ્થતાથી એવાં વલણને પ્રભુકૃપાથી નકારે છે, તેવો જીવ આજ નહિ તો કાલ જાગવાનો જ છે. જેને જવું છે તે તો ગયાં કરશે. જેને ચાલવું છે તે તો ચાલ્યા કરશે. જેને જવું નથી કે ચાલવું નથી અને ખાલી પડી રહેવું છે, એને જ અનેક પ્રકારનાં નખરાં થયાં કરતાં હોય છે. એટલે શ્રીપ્રભુકૃપાથી આ જીવ તરફથી મદદ કે પ્રેરણા અને સહાનુભૂતિ, ચેતના ભાવે જો હૃદયની ભાવના આ જીવ માં રહ્યા કરતી રહેશે, તો તેનો તેવો અનુભવ જરૂર થવાનો એ વાત નક્કી માનજે.

"જ્યાં તમે પોતે જ મારા છો, મારા અંશરૂપે જ છો. મારું ચેતના સ્વરૂપ છો, એટલે કોઈ કાળે કોઈના વિશે નિરાશા થવાની નથી. એટલું યાદ રાખજો કે અથડાતાં ફૂટાતાં, સમજીને કે બેળેબેળે, જે જે જીવ આ જીવને જાણ્યે અજાણ્યે વળગેલો છે, કે હજી પણ વળગશે તેમની ગમે તેવી વૃત્તિ પ્રભુકૃપાથી આ જીવની સાથે હશે છતાં પણ તે તે જીવને શ્રીભગવાનને પંથે આવ્યા વિના રહી શકાવાનો જ નથી, તે નક્કી જાણશોજી."

"મારે તો તમારાં બધાંમાંનું સર્વ કંઈ ખાવું છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવનો વૈશ્વાનર જે તે પચાવવાને તત્પર છે, પણ તે માને કોણ ને સમજે કોણ !"

## સંતની પકડમાં એટલે વાઘના મોંમાં

જ્યાં સુધી જીવદશામાં છીએ, ત્યાં સુધી પ્રત્યેક જે તે કંઈ આપણાથી બને છે, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર - તે બધાંથી જે કંઈ થાય છે કે ઉદ્‌ભવે છે તે બધું જ ચિત્તમાં સંસ્કારરૂપે પૂરેપૂરું જડાઈ જતું હોય છે. તે પાછું એના યોગ્ય કાળે ઉદય પણ પામ્યા વિના રહી શકતું નથી એવો એનો અટલ કાયદો છે. કશા કંઈના ઓઠા નીચે ત્યાં છૂપાઈ જઈને છટકી શકાય તેવું નથી. ભૂત વળગે તેને તો કોઈ કાઢી શકે, પરંતુ તમારે ગળે અથવા તો જે કોઈ એવા ચેતનમાં પ્રકટેલા છે એવા આત્માઓ કોઈને ગળે વળગેલા છે, તે તો છૂટી શકે તેવું નથી. ગમે તેમ કરીને પાછા વળાવવા કોઈ મથશે, તો તેના તેવા પ્રયત્ન પણ મિથ્યા થવાના છે.

પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોમાં હજી કોઈને તેવી લગની લાગી હોય એવો મને અનુભવ નથી. તેથી, જીવન વિકાસના હેતુના જ્ઞાન અને અનુભવને અર્થે જે સ્વજન મળ્યાં છે, તે સ્વજનોને મેં મારા હૃદય સાથે કોઈ ને કોઈ રીતે

બાંધી લીધેલાં છે. આ આધારમાં જે કંઈ જૂદું જુદું છે, તે દરેકનો ઉપયોગ તે જીવાત્માઓને મારામાં બાંધી લેવાને માટે ભગવાનની કૃપાશક્તિથી કર્યા કરું છું. સદ્‌ગુરુમાં પણ સંપૂર્ણ લગની લાગી હોય તેવો સ્વજનોમાં કોઈ જીવાત્મા નથી. પરંતુ મારા મનથી એક વાત ચોક્કસ છે કે સંકળાયેલા જીવના પ્રાણને મારા હૃદય સાથે તો પ્રભુકૃપાથી બાંધી લેવાનો છું કે જેથી કરીને જન્મોજન્મ સાથે જ રહી શકીએ અને હોઈ શકીએ.

## તમારા દિલમાં ''મોટા''

તમારા પ્રશ્ન જીવનના ઉકેલાવા પૂરેપૂરા,
ના સામર્થ્ય કશું મુજમાં, ક્ષમા દેજો મને હાવાં.

તમે ''મોટા''ની પાસેથી મદદ મેળવવા ઈચ્છો જો
- તમારા દિલમાં ''મોટા'' તમે જીવતા કરી દેજો.

તમે ''મોટા''ની સંગાથે તમારું દિલ સંપૂર્ણ
- કરી તે ઓતપ્રોત જ ત્યાં નીરખજો તે પરિણામ.

શું તાણાવાણા જીવનના વિશે પરોવી દઈ ''મોટા'',
કરી કરી પ્રાર્થના દિલથી તમે સંબોધજો ''મોટા''.

હૃદયમાં ભાવ સંપૂર્ણ ટકેલો જીવતો જો છે,
બધા પ્રશ્નો ઉકેલાવા કૃપાથી જાગશે મતિ જે.

## સ્વજનોને ચાબખા
## વાંક કોનો છે ?

ગરજ જાગ્યા વિના ઉત્કટ ખરેખરી દિલમાં તમને,
ગરજના તે વિષયમાં તો પ્રવેશી ના શકાયે છે.

ગરજ તમને ન જાગી છે, બીજો પછી શી રીતે તમને
-જગાડી તે શકે કેમ ગરજ જીવનની દિલમાં તે !

સ્મરણ કરવા ન જો દિલ છે, પ્રયત્નો દિલ ન કરવા છે,
વળગવાનુંય ખાલી જો, પછી કહો વાંક કોનો છે ?

''બધું ''મોટા'' કરી દેશે'' હૃદય જો એમ માન્યું છે,
હૃદય ''મોટા'' વિશે તમ કાં પૂરેપૂરું ડૂબેલું છે ?

## “બધું કરી કોક સૌ દેશે” ?

તમારે ચાલવું જો ના ન ડગલુંયે જ ભરવું છે,
“બધું કરી કોક સૌ દેશે” ખરે ! તે વ્યર્થ ફણગો છે.

“બધું “મોટા” કરી દેશે” હૃદય જો માન્યતા તે છે,
મતિ, મન, પ્રાણ, અહં, ચિત્તને પરોવી દો જ “મોટા” ને.

બુમાટા મારવા ખાલી, વળગવું ખાલી ખાલી છે,
તમે “મોટા” કરી અમ દો બરાબર પાંસરું જે તે.

જીવન વિકાસને અર્થે તમોને જો પડી ના છે,
પછીથી શી રીતે ઉપર શકાયે ખેંચી તમને તે ?

## તમે શાં પાંગળાં પૂરાં ?

અમારે શિર કાં સઘળું, તમારું સર્વ ઝીકો છો ?
તમે શાં પાંગળાં પૂરાં નરાતાર જીવનમાં છો ?

તમારે દિલ જો અમને કરેલા જીવતા ના છે,
અમારેયે પછી કેવી રીતે ત્યાં પેસવાનું છે ?

“મુલાયમતા પૂરેપૂરી જીવનને વાળવા કાજે
-પ્રગટવી જોઈશે તમમાં” શરત એવી પ્રથમ તો છે.

તમે જો તેય પાળીને શક્યા દર્શાવી જીવન ના,
પછીથી દોષ ખાલી કાં તમે દેતા રહો અમને ?

## તમારે જો ન ચસવું છે

જીવનચીલા પડેલાથી તમારે જો ન ચસવું છે,
જીવન વિકાસની વાતો નિરર્થક વ્યર્થ કરવી તે.

જીવનની આળપંપાળ વિશે દિલને લગાડ્યું છે,
તમારા દિલમાં એવું બીજું વળગેલું કૈં કૈં છે !

તમારે એવી દુનિયામાં સદા જીવવાનું કરવું છે,
પછી વાતો પ્રભુની તે શું ખાલી ખાલી કરવી છે ?

તમારે ચેતવું જો ના, અમારે શી રીતે તમને
-હ્રદય ચેતાવવાં ? અમને જણાવી દો કૃપા કરીને.

### અમારો દોષ કાં કાઢો ?

બતાવેલાં જ સાધન તે કર્યા કરવા સતત દિલને,
કશી ગોદાટી ના કરી છે, પ્રયત્નેયે ન શૂરા છે.

પછીથી બળતરા ખાલી તમે ઓક્યા કરો શાને ?
અમારો દોષ કાં કાઢો ? તમે નિજનું જ સંભાળો.

અમે તમને ન આમંત્ર્યા, તમે મેળે જ આવ્યા છો,
પથે હાલ્યા ન ચાલ્યા છો, ન યત્ને ઉદ્યમીયે છો.

ભલેને સદ્‌ગુરુ માન્યા તમે અમને કંઈક દિલથી,
છતાં મતિ, પ્રાણ, મન અમમાં પરોવાયેલ ના તમથી.

### કઈ રીતે જીવનમંડાણ કરવું તે ?

તમારે દિલ ઠરવાને જરીક સરખીય જગ્યાને,
તમે જ્યાં આપતાં ના છો, પછી ઠરવું કઈ રીતે ?

સ્મરણ ના છે, ભજન ના છે, કશો ના ભાવ જાગે છે,
હ્રદય તમથી થતું તેને ન ઠરવા યોગ્ય તે તે છે.

તમારો ભાવ હૈયાનો અમારામાં ન જીવતો છે,
કઈ રીતે અમારે તો જીવનમંડાણ કરવું તે ?

કંઈક રસ્તો બતાવો જો જીવનનું કર્મ કરવાનો,
અમે તત્પર પૂરા છીએ પ્રભુની શી કૃપાથી તે !

### કઈ રીતે અમારે કામ કરવું તે ?

હ્રદય જીવાડવા અમને પડી જો ના તમોને છે,
ગરજ વિના કઈ રીતે અમારે કામ કરવું તે ?

"હ્રદય જાગ્યા વિના ભક્તિ, જીવનની તે ભૂમિકામાં,
પડી શકશે ન તે પગલાં," તમે તે જાણી લો દિલમાં.

હૃદયસંબંધ જીવનમાં મળેલો છે નિમિત્તો જે,
હૃદય તૈયારી સંપૂર્ણ ફળવવાને અમારી છે.

મળેલાંમાં ભલી રીતે જરૂર જીવવું અમારે છે,
પરંતુ જે મળેલાં છે ન તેને સ્વાર્થ લાગ્યો છે.

## પછી બકવાટ મિથ્યા છે

તમારે જો ન ચસવું છે, ઊભા ત્યાંથી ન ખસવું છે,
જગાને ના બદલવી છે, પછી બકવાટ મિથ્યા છે.

તમારે નિજ જીવનમાં તો પૂરાં રાચ્યાં જ કરવું છે,
મળ્યા સંસારથી એવા ન ઊંચી દૃષ્ટિ કરવી છે.

મળ્યું છે જે બધું તેમાં તમારે રસથી જીવવું છે,
પછી ઊંચે જવા કેરાં બધા ફાંફાં નકામા છે.

જવા ઝંખો વિશે જેમાં ન તેનાં કોઈ લક્ષણ છે,
અમારે શું પછી કરવું ભલા થઈને કહેશો તે ?

## તમન્ના દિલ ન લાગી છે

ઊંચે જો આવવા કેરી તમન્ના દિલ ન લાગી છે,
કઈ રીતે પછી પકડી ઊંચે પ્રગટાવવાં તમને ?

જીવનમાં દિલ પ્રવેશીને કંઈક ત્યાં કર્મ કરવાને,
મદદ કરવાની ઈચ્છાયે તમારે દિલ ન જાગી છે.

તમે કહેશો, “અરે ! મોટા, તમે નાહકનું બોલો છો,
અમારે દિલ ઈચ્છા છે”, શું એટલુંયે ના તોલો ?

જગતવ્યવહાર સંસારે કશી ઈચ્છા જ જાગે છે,
તમે લાગી પડો છો શાં તુરત તે કામ કરવાને !

તમારા દિલથી તમને તમે પૂરું તપાસી લો,
બધો ઈન્સાફ કરવાનો અમે તમને જ સોંપ્યો છે.

## ન આમંત્રણ અમે દીધું

રખડતા ઢોરની પેઠે, રઝળવું હોય જો નિત્યે,
જવાનું શ્રેયના માર્ગે મૂકી દેજો ભલી રીતે.

ન આમંત્રણ અમે દીધું અમારે પંથ ભળવાને,
તમારી મેળે જો આવ્યાં, કરી સાર્થક બતાવાને.

જીવનને પંથ ધપવાને હૃદય હિંમત ભરી ભરીને,
અભય થઈ નમ્ર, સાહસથી ભરો ડગ હર્ષ ઉમળકે.

મૂકીને વેગળું માથું જીવનના શ્રેયને પંથે,
હૃદય નિર્ધાર્યું છે જો તો હવે ખચકાવ છો શાને ?

## "હૃદય મોટા વિશે ક્યાં છે ?"

તમારે દિલ મનન ચિંતવન જીવન વિશે થતું જો ના,
પછી કોઈ રીતથી માર્ગ, કપાવાનો જરાયે ના.

કરાતું જો ન હો સાધન, હૃદયમંથન ન તેનું છે,
જીવન વિશેનું ના ભાન, પછી ફાંફાં નકામા છે.

"બધું "મોટા" કરી દેશે," તમારું માનવું તે જે,
"સતત "મોટા" વિશે રમતું હૃદય "મોટા" વિશે ક્યાં છે ?"

પ્રમાણિક માન્યતા જો છે, પ્રમાણિક તેવું વર્તન તે
-થયાં કરવું ઘટે દિલથી, શું વર્તન બોલી તો ઊઠશે !

## તમે અંતર તપાસી લ્યો

તમે કહેશો, "અરે ! મોટાં, તમારું કામ તે કરીએ,
મદદમાં લાગીએ તમને, પછી કાં આમ બોલો છો ?"

ભલે કરતાં તમે તે છો, હૃદય ઉપકાર માનું તે,
પરંતુ કર્મ કરતાં દિલ ઊછળતો ભાવ ક્યાં તે છે ?

ઊછળતા ભાવ ઉન્માદે વળેલું દિલ તમારું જે,
અમારે તે જ ખપનું છે જવાને શ્રેયને માર્ગે.

તમારું તેવું છે કે ના તમે અંતર તપાસી લ્યો,
પછી કરવા નિવેદન તે ભલાં થઈ આવજો, યાચું.

## અમે છૂટા પૂરા રહીએ

ન કંઈ બાંયધરી લઈએ કશાનીયે પરત્વે તે,
કશાની આમ કે તેમ જવાબદારી ના લઈએ.

અમારે ફાવતું કરીએ, તમોને જો ન મંજૂર તે,
તમે અળગાં બધાં રહેજો, અમારી ના કશી ના છે.

અમારાથી સ્વીકારાતાં, ભળાવી પદ બધું દઈએ,
હરિને સોંપીને તે અમે છૂટાં પૂરાં રહીએ.

સ્વીકારાયેલ અમથી જે નિમિત્તે તે મળેલું છે,
કૃપાના માત્ર આધારે પૂરું કરવાનું તે તે છે.

## મને કેટલાંક પૂછે છે

મને કેટલાંક પૂછે છે, "તમારી સાથે જીવનને
- બહુ લાંબો સમય ગાળ્યું છતાં ના કંઈ વળેલું છે !"

કૃપા કરીને વિચારીને તમે તો બોલજો, બાપુ !
નહીંતર સાવ બોથડ આ વદી દે કંઈક અવળચંડું.

"જીવન-પ્રવૃત્તિથી અંતર વણી દઈને જ મોટાને
-તમે શો કેટલો ઊંડો હૃદય જીવંત રાખ્યો છે ?"

"મળી, ભળીને ગળી હૃદયે ગયાં છો કેટલે ઊંડે,"
પહેલાં તો વિચારી તે જુઓ, વદજો પછી જે તે.

## સમર્પી દેવું સૌ પડશે

તમે તે આપીને કશું શું એવું આપ્યું છે !
તમારી પાસ છે તેનો પૂરો કણ પણ ન દીધો છે.

વળી જો આપ્યું છે તેની ગણતરી દિલ તમારે છે,
બધું આપ્યું તમારું તે નિરર્થક સૌ જવાનું છે.

હૃદયથી આપવું ઈચ્છો, પ્રભુ-પ્રીત્યર્થ ભાવે તે
-થવા વિકાસ નિજ અર્થે ઉમળકાથી ભલે દેજો.

ચહો વરવા હરિ દિલ જો મનાદિ, તન, બધું ધનયે
-હૃદયથી વારી વારી જઈ સમર્પી દેવું સૌ પડશે.

## પડે દેવું ઉમળકાથી

કશી આશા, અપેક્ષા કંઈ અમારી પર ન કો ધરશો,
અમારાથી કશું કોઈનું ન વળવાનું જરી પણ છે.

અમારામાં જ સંપૂર્ણ મનાદિ ને હૃદય પણ તે
-મળી, ભળી ને જતાં ગળી સૌ; અનુભવજો થતું શું તે !

મનાદિમાં જીવંતો તો કરી જુઓ જ "મોટાને"
-હૃદયથી ચાહી-ચાહીને કરી દો દિલ તમ તે.

તમારે દિલ મેળવવું કશુંક જો હોય "મોટાથી"
-તમારેયે તમારું તો પડે દેવું ઉમળકાથી.

## હરિને ભાવનો ખપ છે

ભર્યો દિલ મોહ-કાદવ છે, નર્યો સંસાર દિલમાં છે;
નર્યા કામાદિ દિલમાં છે, તહીં સૌ જ્ઞાન ખોટું છે.

જીવન સંસારી રમવું છે; હૃદય સંસાર જીવવો છે,
હૃદય સંસાર ચ્હાવો છે; પછી હરિની જગા કહી છે ?

બધી જ માથાકૂટો દિલમાં ભરી, સંસાર અર્થે છે;
હરિને દિલ ચિંતવવા કહીં સ્થળ ખાલી અમથું છે ?

હરિ, હરિ બૂમ છો પાડો, ન દિલ તે બૂમ પાછળ છે;
વિના દિલનું ચરણ-કમળે દીધેલું કંઈ ન ખપનું છે.

બધે જેમાં અને તેમાં હરિને ભાવનો ખપ છે,
હૃદય જે ભાવથી ઘેલા થતાં, તે ભક્ત દિલ બનશે.

## શું કરે હરિ તો ?

નરી સંસારની પૂરી તમારે તો પડેલી છે;
બિચારો શી રીતે પછીથી ગળે ઊતરી શકે હરિ તે ?

પ્રહર આઠે પડેલાં છો તમે સંસાર પાછળ તો,
વિસારે સાવ મૂક્યો છે હરિને, શું કરે હરિ તો ?

"કૃતઘ્ની સાવ મોટા, તો તમારું કેટલું કામ
-કર્યા કીધું; ગણતરી તે કરી શકતા ન દિલ કેમ ?"

"કરંતાં કર્મમાં જીવતો થતાં દિલ-ભાવ પ્રત્યક્ષ",
ખરેખર તે ફળે પોતે, થઈ નિશ્ચિત સાકાર.

## કહીં દિલ તાલાવેલી છે ?

તમારામાં જો જુસ્સો ના, તમોમાં જો ન પાણી છે,
પછી ભક્તિમાં ભલીવાર પ્રગટવાનો કઈ રીતે ?

જીવનના ધ્યેયની પ્રત્યે હૃદયમાં ખેલતો કૂદતો
-ઊંડે ઊંડો જ તરવરતો હૃદય-ભાવ ભલા ક્યાં છે !

હૃદયની ભક્તિ-પૂર્વકનો, હૃદયમાં જ્ઞાન-હેતુએ
-હૃદય સેવંતો ઝળહળતો, જીવંતો ભાવ તે ક્યાં છે ?

હરિને કાજ જીવવાના હૃદય ક્યાં કોડ જાગ્યા છે ?
ફના થાવા હરિ કાજે કહીંદિલ તાલાવેલી છે ?

## પ્રભુને શી રીતે સમજે ?

સતત કુટુંબ કબીલામાં નર્યા મશગૂલ સ્વાર્થે જે,
નર્યા સંસારી વ્યવહારી, પ્રભુની વાત શું જાણે ?

ફના સંસારને માટે થતા હર્ષે રહે છે જે,
જીવે સંસારના સ્વાર્થે, પ્રભુને શી રીતે સમજે ?

વહેંચાયેલ હજારોમાં, પ્રભુની વાત કરવાને
-કશીયે લાયકાત જ ના જરા સરખી ધરાવે છે.

હૃદય એવાની સંગાથે પનારો શો પડાવ્યો છે !
હૃદયમાં પ્રાર્થના-ભાવ બઢાવી, જીવું સૌ સાથે.

## નર્યો સંસાર પ્રિય જેને

હજારો વાતમાં જેનું ભટકતું મન સદા રહે છે,
ન છે એકાગ્ર ક્યાંયે જે; પ્રભુ શી રીત પીછાને તે ?

નર્યા સંસારી સ્વચ્છંદે જીવન મ્હાલી રહ્યો છે જે
નર્યો સંસારી છે તોર; પ્રભુ શી રીત પીછાને તે ?

નર્યા સંસારના વિષયે રમ્યાં જેનું કરે મન તે;
નર્યો સંસાર પ્રિય જેને, ટકે શી રીત હરિમાં તે ?

જીવન સર્વસ્વ દઈ દેવા ઊછળતો દિલ ઉમળકો છે
-હરિ કાજે; શું મરજીવા વરી હરિને શકે છે તે.

## પૂજ્ય શ્રીમોટાની પ્રાર્થના

‘‘આ ચેતના પૃથ્વી પર માનવસમાજની અંદર અવતરણ કરવાની તૈયારીવાળી છે. ત્યારથી હું પ્રાર્થના પણ કરું છું કે ‘‘હે પ્રભુ ! આપ તો કેટલા બધા પ્રેમના પ્રકાશથી પધારી રહેલા છો. તો અમારાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ની એવા પ્રકારની તૈયારી થાય અને એની ભૂમિકા તમારા પ્રેમભાવથી ભીંજાયેલી રહે એવી તમે કૃપા કરીને કરજો.’’ એવી મારી પ્રાર્થના તો રહ્યા જ કરે છે.’’

## આ કાળમાં ચેતન-ભગવાન અવતરી રહેલો છે તેના લક્ષણો

‘‘ચેતન પોતે અવતરી રહેલું છે એક એવી પ્રોસેસ (પ્રક્રિયા) ચાલે છે. એની સાબિતી એ છે કે છેલ્લાં વીસ વર્ષમાં જે સંશોધનો થયાં છે એવાં ક્યારેય થયા નથી. એથી આ કાળની અંદર આપણાથી એના તરફથી આપણી અભિમુખતા-(એપ્રોચ) જો ડિવોશનલી-(ભક્તિપૂર્વક) થયા કરે તો થોડા પુરુષાર્થે આપણને ઘણી મદદ મળ્યા કરે. ઘણો વિકાસ થયા કરે. આ કાળની એક એવી સ્થિતિ છે. ચેતન અત્યારે અવતરી રહેલું છે, પણ એની ઝીલી શકવાની કોઈની તૈયારી નથી. થોડાક માણસો છે, બહુ થોડા. વિજ્ઞાનવાળા પોતાના વિષયમાં ભારે એકાગ્રતાવાળા છે. એમની પોતાના વિષય માટેની એકાગ્રતા ખંડિત થતી નથી. એના લીધે એમને ભારે જય મળે છે. બધું નવું નવું શોધાય છે. એવી રીતે આપણે આ દિશાનો પુરુષાર્થ કરીએ તો આપણને નવું નવું મળ્યા કરશે. જોકે આ પ્રપંચકાળ પણ છે. એવા વખતે ભગવાન તરફ જેનો ડિવૉશનલ એપ્રોચ - (ભક્તિપૂર્વકનો અભિગમ) છે, એને થોડી મહેનતે ઘણું મળે છે.’’

જ્યારે માનવીનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌માં એ જે ચેતના આવી રહેલી છે, અવતરણ કરી રહેલી છે, આપણી પૃથ્વી પર એને ઝીલવાને, સ્વીકારવાને, એવું પ્રેમભક્તિવાળું એનું માનસ અને બુદ્ધિ હજુ

પ્રગટ્યા નથી. કેટલાંકમાં હજુ એ છે કેટલાંકમાં એની તૈયારી છે પણ એ તૈયારી પણ હજુ એને માટે અધૂરી પડે છે. એને સ્વીકારવાને જો તૈયાર હોય ને તો તો અવતરણ થાય. પણ એ સ્વીકારવાને આપણે તૈયાર નથી એટલે અવતરણ થવા માટેની ભૂમિકા નથી.

પહેલાંના જમાના કરતાં હાલનો કાળ વધારે મહત્ત્વનો છે, કેમ કે અમારા જમાનામાં બાળકોનું સાત-આઠ વર્ષનું-પાંચ,છ વર્ષનું જીવન અને હાલનાં છોકરાંઓનું જીવન મને બુદ્ધિમાં બહુ આગળ વધી રહેલું લાગે છે. બુદ્ધિમાં અને સમજણમાં વધારે લાગે છે. એનું કારણ મને લાગે છે કે આ સૂર્યનારાયણની ઉદયવર્તમાન દિશા થઈ છે તેનો પ્રભાવ છે. આ તો પછી અતિશ્યોક્તિ હોય કે ગમે તેમ હોય પણ મને આ બધાં કારણો લાગે છે. ભગવાનનાં અવતરણની તૈયારી થઈ છે. આનો અર્થ એમ થાય કે **આ જમાનામાં વધારે અનુભવી પુરુષો થવાના. પહેલાનાં કરતાં વધુ થવાના. આપણા હિંદુસ્તાનમાં જ નહિ, પણ દુનિયામાં થવાના.**

### આ કાળમાં ભગવાન મેળવવો શા માટે સહેલો છે ?

આ કાળના જે તબક્કા, સત્‌યુગ, દ્વાપર, ત્રેતા, કળિયુગ એ પણ આ ચેતનના અવતરણના લીધે જ છે. દા.ત. સત્‌યુગમાં વધારેમાં વધારે મનુષ્યો ચેતનની અભિમુખતાવાળા. ચેતના પરત્વેની અભિમુખતાવાળા વધારે મનુષ્યો. દ્વાપરમાં એનાથી ઓછા. ત્રેતામાં એનાંથી ઓછા. કળિયુગમાં પણ એનાથીય ઓછા. તેમ છતાં કળિયુગમાં વિશેષતા છે, દ્વાપર અને ત્રેતામાં ને સત્‌યુગ કરતાંય એમાં વિશેષતા છે. કળિયુગમાં એસ્પાયર્ડ સોલ-(જિજ્ઞાસુ જીવાત્માઓ) માટે વાતાવરણ અનુકૂળતાવાળું છે. કળિયુગમાં એનાથી ઘણી સરળતા, કારણ કે એમાં વધારેમાં વધારે જીવદશામાં મહાલવાવાળું બેકગ્રાઉન્ડ- (ભૂમિકા) છે. કળિયુગનું આવું વાતાવરણ જ એ કે જીવદશામાં જ આનંદ કરવો, લહેર કરવી. એમાં ને એમાં જ વધારે લપેટાઈ રહેવું. એજ જાણે કાળનું એક પ્રભાવવાળું લક્ષણ. આવા કાળમાં જે ભગવાન તરફની અભિમુખતા થાય છે, એને આગળ વિકાસ કરવા માટે જે મથામણ થાય એવી મથામણ સત્‌યુગમાં નહિ થાય. સત્‌યુગમાં એને ઓછામાં ઓછી મથામણ થાય છે. આ કાળમાં એની ઈન્ટેન્સિટી- (આતુરતા) પણ વધ્યા કરે છે. જો કે દરેક જીવને આ જ પ્રમાણે થાય એમ ના કહી શકાય, પણ સામાન્ય રીતે આ

સ્થિતિ ખરી. એટલે કાળના જે આ સત્‌યુગ, દ્વાપર, ત્રેતા, કળિયુગ એવા ભાગ પડ્યા, તે ચેતનને સ્વીકારવાવાળી ભૂમિકાવાળાની અપેક્ષાએ ભાગ પાડ્યા. કળિયુગમાં જે જીવાત્મામાં મેનિફેસ્ટેશન (વ્યક્તપણું) થાય એ સમાજના જે અનેક જીવો છે એની સાથે એવો જીવાત્મા સંબંધમાં આવતાં એને કોઈ ને કોઈ રીતે મદદ કરવાને ઉત્સુકતાવાળો હોય છે. કળિયુગમાં વિશેષપણે આમ બને છે, કારણ કે આવા સમાજની એપ્ટિટ્યુડ (વલણ) આ બાબતની હોય છે. પછી એ સજાગપણે પ્રયત્ન કરનારા ઓછા થાય છે, પણ સામાન્ય રીતે સમાજની ટોટાલિટી- (પૂર્ણતા)ની ચેતન પરત્વેની અભિમુખતા વિશેષ પ્રમાણમાં હોય છે. ત્યારે એ રીતે વધારે લાઈવલી- (જીવંત રીતે) પેલાની સાથે સંબંધમાં આવી જવાવાળા હોય છે, પણ એ પ્રમાણે નથી બનતું, પણ કળિયુગમાં આવા જીવો રીઅલાઈઝડ સોલ-(અનુભવી આત્મા) સાથે વધારે સંબંધમાં આવે છે. **સત્‌યુગમાં નથી આવતા, કારણ કે તેમને તો આ જાતની એપ્ટિટ્યુડ તો છે જ.** એમાં તેને થોડી ઘણી ટેન્ડેન્સી કેળવાય. કળિયુગમાં તો એકદમ પ્રકૃતિના નિમ્ન પ્રકારની લહેરોમાં-આનંદમાં લહેર કરવાવાળા જીવો છે, પણ એ સમાગમમાં આવે ત્યારે થોડા ઘણા ગમે તે અંગે-આશા અપેક્ષાથી કે ગમે તે કારણે પેલાને વિશેષપણે વળગેલા રહે છે. જ્યારે સત્‌યુગમાં આ પ્રકારની પ્રકૃતિના નિમ્ન આનંદની વૃત્તિ ભોગવનારા લોકો ઓછા એટલે ત્યાં એ પ્રકારે વળગેલા નથી રહેતા, જેટલા પ્રમાણમાં કળિયુગમાં રહે છે. વળી, ભલે આવાની સાથે આશા સ્વાર્થથી વળગેલા હોય તોપણ પેલો અનુભવી આત્મા એની સાથે જે ભાવ રાખે છે, એ ભાવમાં તો ચેતનનો અંશ છે. ભલે કામ, વાસના, લોભ, મોહ ગમે તે રીતે તમને વળગ્યા હોય તોપણ એનું વળગવું બીજા બધાંને દેખાય છે, એવું પ્રકૃતિ જેવું છે, પણ તેના પોતાનામાં જે ભાવ છે એ ભાવનાં આંદોલનો સામા જીવમાં પ્રવેશ્યાં વિના રહેતાં નથી. એટલે એ આંદોલનો આજે કે કાલે ફૂટ્યા વિના રહેતાં નથી. જ્યારે સત્‌યુગમાં એવું નહિ થાય. સત્‌યુગમાં સામાન્ય જનસમાજની જે સમગ્રતા છે, તે પ્રકૃતિના નિમ્ન વલણના આનંદમાં રાચનારી નથી. બહુ ઓછા પ્રમાણમાં હોય છે. સત્‌યુગમાં લોકોની આ જાતની બધી અભિલાષા હોતી નથી. નિમ્ન પ્રકારનાં વલણમાં આનંદ ભોગવવાની વૃત્તિ જેટલી કળિયુગમાં છે એટલા પ્રમાણમાં  એટલી ઈન્ટેન્સિટી (આતુરતા) સત્‌યુગમાં નથી.

## સમગ્ર વિશ્વના દુઃખોના ઉપાય
## મનબુદ્ધિની મર્યાદિત શક્તિ

વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું, કે સારાયે સમાજ કે જીવનમાં શું, મનબુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન-બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન થયેલ નથી ને થવાનાં નથી.

મન-બુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાબૂ લાવી શકાય છે, તે હકીકત પણ યોગ્ય નથી. તે કાબૂ આણેલો જીવતો નથી હોતો. ધારો કે એક જીવ ચા પીવે છે. તેને એણે બૂરી ટેવ માની લીધી ને તે છોડી દે છે. તેને ઠેકાણે વળી તે ઉકાળો કે કૉફી લે છે. આમ, પ્રાણના ક્ષેત્રની વગેરે તો તેનાં તે જ રહે છે. એના આકાર-પ્રકાર ભલે બદલાતાં હોય.

મન-બુદ્ધિની સમજણથી કે નિશ્ચયથી પ્રાણ પર સારો, ટકી શકે એવો, જીવતો, ચેતનમય સંયમ પ્રગટી શકતો નથી. એવા ચેતનમય અને જ્ઞાનાત્મક સંયમ માટે તો એનાથી પર જે શક્તિ છે તે દ્વારા જ યોગ્ય રીતે સાધી શકાય. પ્રભુની કૃપાશક્તિમાં જે જીવને શ્રદ્ધાભક્તિ પ્રગટેલાં છે, એવા જીવો જ્યારે પોતાનાં કરણોની શુદ્ધિ માટે શ્રીહરિને હૃદયમાં, હૃદયથી, હૃદયનો આર્ત ને આર્દ્ર પોકાર પાડે છે, ત્યારે તેવા પોકારથી જે કામ બને છે, તેવા પ્રકારનું કામ (કે શક્તિ), નીતિ કે સદાચારના નિયમો માત્ર પાળવાથી બની શકતું હોતું નથી. નીતિ કે સદાચારના નિયમો પાળવાની જરૂર છે, તે હકીકત સાચી છે, પણ તે એટલું ને એકલું જ સાચું છે, એવો જે ઝોક તે બાબતમાં દેવાય છે, ત્યાં પ્રભુકૃપાથી આ જીવની સમજણમાં ફરક છે.

જેમ જેમ મન કે બુદ્ધિની એકલી કોરી કોરી મદદથી માનવી પોતાના જીવનના પ્રશ્નોને ઉકેલવા મથતો હોય છે, તેમ તેમ તે વધારે ને વધારે ગૂંચવાતો હોય છે એમ અનુભવેલું છે. દુઃખ, યાતના, વેદના, કળણમાં ગરકાવ થવું, નીચે ગબડવું - એ બધું માનવીની બુદ્ધિની મદદ વડે કરીને એણે સર્જાવેલું છે. રાગ, દ્વેષ, ઈર્ષા, અદેખાઈ વગેરે માનવી માનવી વચ્ચે ઘટવાને બદલે વધ્યાં છે. માનવી માનવીને ઈન્સાન સમજવાનું મૂકીને, એકમેકને કેમ કરીને લૂંટવા, કેમ કરીને એના પર નભવું, એવી સંસ્કૃતિએ માનવીના મન-બુદ્ધિમાં ઘર કરેલું છે. જુદાં જુદા પ્રકારની જાતોમાં એકબીજા

પર વર્ચસ્વ જમાવી, તેના વડે ને તેના પર જીવવાનું લોક ઈચ્છે છે ને હંમેશને માટે નબળાંને નબળા રાખવા માગે છે. માનવીની અમુક જાતોની તેવી ચોક્કસપણે વિચારેલી ને ઘડી કાઢેલી યોજનાને કુદરતે ધૂળમાં મેળવી દીધેલી છે.

માનવીએ મન બુદ્ધિની મદદ વડે કુદરતી બળોને કબ્જે કર્યા. એની શક્તિ જોતરીને એની પાસેથી કામ લેવાનું કર્યું. એમાંથી બધાંનું જ સુખ થાય, બધાંના જીવનને શાંતિ મળે, બધાંને આસાએશ થાય, બધાંને જીવનમાં આનંદ-સંતોષ પ્રગટે-એવું બધું હજી પૂરેપૂરું યોજી શકાયું નથી. બલકે એવી જોતરેલી શક્તિ પાસેથી એવા પ્રકારનું સર્જન થયા કરેલું છે, કે જેના વડે એક પ્રજા બીજી પ્રજાને પરસ્પર ઘુરકિયાં કરતી અનુભવાય છે. આવા ઘમસાણમાંથી કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે !

## વાંદરાને નિસરણી મળી

માનવીના હાથમાં શક્તિ આવી પડેલી છે, પણ તેનામાં સ્વાર્થપરાયણતા હજી ઘટેલી નથી. બલકે વિશેષ હોવાથી એનો ઉપયોગ તે માટે જ થયા કરવાનો. જ્યાં પરસ્પર સ્વાર્થ હોય, ને પરસ્પરના સ્વાર્થ જ્યાં ટકરાય, ત્યાં ઘર્ષણ જ ઊભું થવાનું, તે વાત પણ નક્કી. આમ, ઘણું તપ કરીને બુદ્ધિથી મેળવેલી શક્તિ માનવીનું ભલું કરવા શક્તિશાળી થઈ શકતી નથી, એ તો આપણાં બધાંનો જાતઅનુભવ છે. તેથી સાચું તારતમ્ય તો એ નીકળે છે કે મન, બુદ્ધિ વગેરેમાં નિષ્કામતા, નિર્મમત્વ, નિરાસક્તભાવ, નિરાગ્રહીપણું, સમતા, વગેરે ગુણો પ્રગટેલા હોય તો જ તે મેળવેલી કે મળેલી શક્તિનો જીવનના સમગ્ર વિકાસને અર્થે સદુપયોગ થઈ શકે.

ભગવાનને ભુલાવી દે એવા પ્રસંગો હવે બહુ આવશે, કારણ કે આજે પ્રલય ચાલી રહેલો છે. એ પ્રલયની પાછળ દુનિયા કેવી થવાની છે, એની આપણને કશી પણ કલ્પના નથી. બધા લોકો કહે છે કે New Order નવો યુગ થવાનો છે; પણ લડાઈ દરમિયાન ને લડાઈ પછીથી એક બીજાં પ્રત્યે પ્રજાઓના માનસની અંદર એટલાં બધાં ઝેર રેડાય છે કે તે એનું પરિણામ લાવ્યા વિના રહેવાનાં જ નથી. લડાઈ પછીથી વધારે વર્ણસંકરતા આવવાની છે, એટલે કે દિલની ઉદારતામાં વધારે સંકુચિતપણું આવવાનું છે ને લોકોમાં જે ઉદાત્ત ભાવના છે તે ઉદાત્ત ભાવના ક્યાંય સરકી જવાની છે. આવા આ

સમયમાં પણ જેઓ પોતાના ધ્યેયને ચુસ્તપણે શ્રદ્ધા ને વિશ્વાસથી વળગી રહ્યાં હશે, તેમ જ ગમે તે થવા છતાં પણ, અને જીવનની આકરી કસોટીમાં પણ એ જ ખરું તત્ત્વ છે એમ સમજીને જેઓ સતત વર્તતા હશે, તેમને ઘણો લાભ થવાનો છે; ભગવાનનો અવતાર એવા લોકોને તારવા માટે જ થતો હોય છે. **દુનિયામાં એવી ગૂંગળામણનો સમય નજીક આવતો જાય છે. મોટા મોટા સંતપુરુષો પણ શું કરવું કે શું થશે ? તે વિચારી શકશે નહિ એવી સ્થિતિ પેદા થવાની છે.**

આ યુગમાં માનવીએ શક્તિનાં બળોને કબજે તો કર્યાં, પણ જીવનનું રચનાત્મક સર્જન એણે કેટલું ને શું કર્યું ? માનવી માનવીને, દેશ દેશને, સ્થળકાળને, એણે નજીક તો આણ્યાં, પણ તે એક કરવા નહિ, પણ વધારે જુદાં જુદાં પાડવા કર્યાં.

**હાલ વ્યક્તિ શું કે સમાજ શું, કે પૃથ્વી પરની જુદી જુદી જાતો અને પ્રજાઓ શું, સમગ્ર જીવનમાં એક એવી કટોકટીની પળ આવેલી છે કે જે એક મોટો ભારે ફેરફાર થાય એવું માગી રહેલી છે.** તેવા ખરાં અંતરના સહજ ફેરફાર પ્રગટ્યા વિના માનવીના જીવનનું ભાવિ ઊજળું દેખાતું નથી. એવો ફેરફાર માત્ર કંઈ મન-બુદ્ધિની મદદથી કે કોઈ સંસ્કૃતિથી કે કોઈ સદાચાર કે એવાં બીજાં બળોથી કે કોઈ અમુક પ્રકારની કે ચોકઠાના પ્રકારની વૈજ્ઞાનિક શક્તિથી કે કોઈ એકાદ આધ્યાત્મિક જીવાત્માની શક્તિથી થઈ શકવાનો નથી. ફેરફાર થવો જરૂરનો છે એમ તો દરેક કબૂલે છે, પરંતુ સહુ કોઈ, પોતપોતાની રીતે ને શરતોએ, ને તેમના જીવનની રીતરસમની સમજણની રૂએ, ને પોતાના એકલાના જ સુખની કલ્પનાને પ્રમાણે તે ફેરફાર માગે છે. એમ પ્રત્યેકના ફેરફારની સમજણ પણ જુદા જુદા પ્રકારની હોય છે. એવા ફેરફાર જુદી જુદી પ્રજાના જીવનમાં અવારનવાર થયા જ કરે છે. તેવા ફેરફાર તે પ્રજા ને જીવનના ઘડતરને માટે જરૂરના પણ હોય છે, પરંતુ દુર્ભાગ્યની હકીકત તો એ છે કે એવા ફેરફારના પ્રસંગની વેળાએ, તે ફેરફાર જીવનના ઘડતર માટે પ્રગટેલો છે તે ભાવે, તે પ્રકારના જ્ઞાનભાન સાથે તેનો ઉપયોગ કરવાનો છે, એવું કોઈ સમજતું હોતું નથી, ને તેથી તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ લઈ શકતું નથી.

# બે બોલ

### હે મોટા !
### ક્ષમા કરજે, ક્ષમા કરજે

અમારો પ્રેમ કાચો છે, ''મોટા'' તુજ પ્રેમ સાચો છે;
અમે શાં સાવ નાદાન ! ક્ષમા કરજે, ક્ષમા કરજે.

-તવ લાયક કશું કામ અમારાથી થતું ના છે,
તને સંતોષવા દિલથી અમે તો કંઈ કર્યું ના છે.

છતાં તું તો અમારા પર સદા દિલ રાજી રાજી છે;
જીવન જીવાડતો અમને કૃપા-જળ સીંચી-સીંચીને.

જીવન અગણિત ઉપકારો, ''મોટા'' તારા અમો પર છે;
કૃતઘ્ની તે છતાં શા કે તને ધરતા ન દિલ સ્હેજે.

(જી.આહ્‌લાદમાંથી ''હરિ''ને બદલે ''મોટા''ને મૂક્યાં છે - ક્ષમા કરજો !)

''જીવનયોગ'' એટલે પરમપદ પામવાનો સંપૂર્ણ સાધનાપથ. આ સાધનાપથ જીવનથી અળગો નથી. જ્યાં છીએ, જે પરિસ્થિતિમાં છીએ ત્યાંથી, જીવનમાં આવી મળેલા કર્મો કરતાં કરતાં, આવી મળેલા સંજોગોથી ભાગ્યા વગર આત્મસાક્ષાત્કાર કરવાનો સાધનાપથ એટલે ''જીવનયોગ.'' પૂ. શ્રીમોટાએ ''જીવન''ને જ સાધના ગણી છે. સાધના એ ''જીવન''થી અળગી કોઈ રીત નથી.

જીવનયોગ જેવાં પુસ્તકનું સંકલન કરી શકું એવી મારી કોઈ લાયકાત નથી. પૂજ્ય શ્રીઝીણાકાકા સદેહે હતા ત્યારે પૂજ્ય શ્રીમોટાના પુસ્તકોનું વાંચન એકધારું ચાલુ રહ્યું હોય એવો એક કાળ હતો. એ દરમિયાન મને પ્રેરણા થઈ એમ તો ન કહી શકું, કારણ કે પ્રેરણા થઈ શકે એટલી મારી ભૂમિકા નથી, પરંતુ મને પૂજ્ય શ્રીમોટાનો શબ્દ ''જીવનયોગ'' જડી આવ્યો અને તેમાંથી આ સંકલિત પુસ્તક બનાવવાની ઇચ્છા થઈ કે જેનાથી પૂજ્ય શ્રીમોટાના સંપૂર્ણ સાહિત્યનો અર્ક એક જ પુસ્તક દ્વારા મળી શકે. પૂ. શ્રીનાં પુસ્તકો જેમ જેમ વંચાતાં ગયાં તેમ તેમ વિષયાનુસાર સાહિત્ય મળતું ગયું. આમ, આ ''જીવનયોગ''નું સંકલન થયું છે. સાલ ૨૦૦૦ ની આસપાસ આ પુસ્તકની સામગ્રી તૈયાર થઈ ગઈ હતી અને તેના આધારે જ ''પૂજ્યશ્રી મોટાના વહાલા ઝીણાભાઈ'' પુસ્તક ઝડપથી પ્રકાશિત કરી શકાયું હતું. આ સામગ્રી

એટલી વિપુલ હતી કે એમાંથી હસ્તપ્રત કઈ રીતે બનાવવી એ એક પ્રશ્ન હતો. મારો જમણો હાથ લેખનકાર્ય માટે અશક્તિમાન હોવાથી ગુજરાતી ટાઈપિંગ શીખવાનું વિચાર્યું. ટાઈપિંગ તો આવડી ગયું પરંતુ એક પાનું ટાઈપ કરવામાં એક કલાક લાગતો હતો ! આમ નિરાશા પછી ૨૦૧૧માં ફરી પ્રયત્ન કર્યો; પણ હારી જવાયું ને માંડી વાળ્યું કે આ અશક્ય છે. પરંતુ ૨૦૧૫માં કોઈએ મને હિંમત આપી કે "અમે ટાઈપ કરવામાં મદદ કરીશું"; તેના પરિણામે આ પુસ્તક આજે પ્રકાશિત થઈ રહ્યું છે. આજીવિકાના કર્મની સાથે સાથે આ પુસ્તક ટાઈપ કરવામાં પૂરું એક વરસ લાગ્યું છે !

પૂજ્ય શ્રીમોટાની આ દિવ્યવાણી વાંચતા રહેવાથી નિત નવું નવું જ્ઞાન મળ્યા કરે છે. વળી, આ પુસ્તકમાં એક ને એક વિષયનું પુનરાવર્તન પણ ક્યાંય જોવા મળશે, જે ખરેખર લાભદાયી છે; અને તેનાથી સમજણ પણ વધારે ખીલે છે. આ હરિવાણી હૃદયસ્થ થાય એ માટે પુનરાવર્તન જરૂરી પણ છે. વારંવાર વાંચવાથી જાણે "મોટા" આપણામાં પ્રવેશ કરી આપણને જગાડતા હોય એવી અનુભૂતિ થયા કરે છે. અને તેથી આ પુસ્તક નિત્ય પઠન માટેનું સાધન પણ બની શકે એવી મારી સમજણ છે.

કવિ શ્રીકાલિદાસ કૃત "શાકુંતલ" વાંચીને જર્મન કવિ ગેટે પોતાના માથા ઉપર પુસ્તક રાખીને નાચી ઊઠ્યા હતા એવી લાગણી આપણને પૂજ્ય શ્રીનાં પુસ્તકો ફરી ફરી વાંચતાં થઈ આવે છે.

વિશ્વમાં અનુભવીઓ તો અગણિત થયા હશે; પરંતુ અનુભવી થયા પછી અનુભવપથને વૈજ્ઞાનિક રીતે જનસામાન્ય માટે સરળ ભાષામાં વર્ણવવો એવું કોઈ અનુભવીએ કર્યું હોય તે અમારી જાણમાં નથી. ગૂઢ વિષયને આટલી સરળ બુદ્ધિગમ્ય રીતે સમજાવવું એ જ પૂજ્ય શ્રીમોટાની મહાનતાનું દ્યોતક છે અને આખાયે વિશ્વમાં કદાચ પ્રથમવાર હોઈ શકે છે.

પૂજ્ય શ્રીમોટાએ પણ "જીવનરંગત" પુસ્તકમાં લખ્યું છે "ઉચ્ચતમ, ભવ્ય, દિવ્ય જીવનનો વાસ્તવિક હકીકતવાળો અનુભવદશાનો ખ્યાલ એ માત્ર ખ્યાલ નથી, પરંતુ પ્રત્યક્ષ એ પ્રકારનું જિવાતું જીવન છે અને તે કેવો હોઈ શકે તે વિશે દુનિયાની બધી સંસ્કૃતિઓમાં તેના વિશેનું વર્ણન લખાયેલું છે. જેમ કે વેદ, ઉપનિષદ વગેરેમાં. તેમાં રીતો પણ છે, સાધન પણ છે અને અભ્યાસની હકીકત પણ છે. **પરંતુ ક્યાંય એવા જીવનને પ્રાપ્ત કરવાને માટેના પ્રત્યેકે લીધેલા જુદા જુદા ઉપાયો અને તેની રીતો અને તેનો અભ્યાસ અને તેમાંથી ફલિત થતાં જતાં પરિણામો એ બધાનો ઈતિહાસ કોઈક ઠેકાણે હશે તો જાણમાં આવ્યો નથી.**"

## કૃપા એવી હરિની છે

કલમ હથિયાર માત્ર જ છે, લખાવે જે લખે છે તે
-હરિથી જે સ્ફુરાવેલું; કૃપા એવી હરિની છે.

જીવનમાં સાધના જેમ કૃપાથી જે થયેલી છે;
બધાં પાસાં જુદાં જુદાં હરિ શાં ઉથલાવે છે !

સ્મૃતિ તે તે જ પાસાંની હરિ તે કાળ બક્ષે છે;
સ્મૃતિમાં તેથી પ્રગટીને થતું છે વ્યક્ત પોતે તે.

હરિની મસ્ત કેવી છે કૃપા-બલિહારી ન્યારી તે !
અનુભવવા જીવનમાં જે હવે અમને મળેલી છે.

## કળા-લીલા હરિની શી !

જીવનમાં સાધના જેવી રીતે જે જે થયેલી છે,
હવાં તે સ્પષ્ટ પ્રેરાવી મને તેં તે લખાવ્યું છે.

વિતાવ્યું જે રીતે જીવન, બધો ઇતિહાસ ખુલ્લો તે
-કરાવીને હવે તેને પ્રકાશનમાં ફળાવ્યો છે.

લખાશે એવું એવું જે નહોતું જાણ્યું કંઈ મેં તે,
થવાતાં વ્યક્ત તે રીતે, પ્રણામો શા થયા હરિને !

કળા-લીલા હરિની શી ! જીવનમાં તે પ્રગટ થઈને,
જીવનમાં ઉત્તરોત્તર તેં મને કેવો બનાવ્યો છે !

જનસામાન્ય માટે પૂજ્ય શ્રીમોટાએ ભક્તિમાર્ગને જ ઉત્તમ ગણાવ્યો છે. તેથી તેમનું સાહિત્ય મુખ્યત્વે ભક્તિમાર્ગ વિશે જ છે. આ પુસ્તકમાં ભક્તિમાર્ગની જુદી જુદી કક્ષાઓનું ક્રમ પ્રમાણેનું વર્ણન જોવા મળશે. જુદી જુદી ભૂમિકાઓનું વર્ણન વાંચીને સાધકને પોતાને પોતાની કક્ષાનું ભાન થશે અને એથી ઘણી ભ્રમણાઓ ભાંગી જવાની સંભાવના છે. તટસ્થતા, સમત્વ અને સાક્ષાત્કાર પછીની કક્ષાઓમાં આવતા સંગ્રામોનું અને દરેક કક્ષાઓના લક્ષણોનું વર્ણન પણ મોટાએ કરેલું છે. દા.ત. અજપાજપ, શરણાગતિ અને સાક્ષાત્કાર વગેરે સ્થિતિમાં પહોંચેલ વ્યક્તિ કેવી હોય તે જાણી શકાશે અને તેના ઉપરથી સાધક પોતે પોતાનું મૂલ્યાંકન પણ કરી શકશે.

દરેક પ્રકરણની પહેલાં તે જ પ્રકરણમાંથી રત્નકણિકાઓ મૂકવામાં આવી છે જેથી પ્રકરણના વિષયની આછી ઝલક મળી રહે.

પૂજ્ય શ્રીમોટાનાં વિપુલ પદ્ય સાહિત્યમાંથી થોડુંઘણું આમાં ઉપયોગમાં લીધું છે. આધ્યાત્મિક ઉચ્ચ શિખરોનું વર્ણન જે ગદ્યમાં નથી તે પદ્યમાં છે, તેનો ઉપયોગ અત્રે કરવામાં આવ્યો છે.

## આ પુસ્તકનો હેતુ

આ પુસ્તકનો હેતુ સાધના કરી રહેલાં સાધકને બુદ્ધિથી પણ એકવાર સાધનાપથ સમજાય, એ છે. જે રસ્તે આપણે જવું છે એની રૂપરેખા આપણી બુદ્ધિમાં અંકિત થયેલી હોવી જોઈએ. આ માર્ગને એકવાર બુદ્ધિથી પણ સમજી લેવો ઘટે. એટલે આ પુસ્તકમાં બુદ્ધિગમ્ય રીતે સાધનાપથનું છેક નીચેથી માંડીને સર્વોત્તમ શિખર સુધીનું ક્રમવાર વર્ણન થયેલું છે. આધ્યાત્મિક માર્ગમાં બુદ્ધિનું કેટલું મહત્ત્વ છે એનું પૂજ્ય શ્રીમોટાએ વિશદ્ નિરૂપણ કરેલું છે - "કોઈ પ્રશ્ન ઊઠે અને એનું સમાધાન આપણે ના કરીએ, તો એ પ્રશ્ન ફરી ચાલુ ને ચાલુ જ રહે છે. અને પછી અનેક ફણગા ફૂટે છે અને મનને તંગ કરી નાખે છે. એટલે જીવનમાં કોઈ પણ પ્રશ્ન ફરીથી ના ઊગે તે માટે તેનું સમાધાન આપણે કરી લેવું, એટલે મન શાંત જ રહે. ઘણાં તો પ્રશ્નો વિચારતાં જ નથી, પણ આપણે આવી સમાધાન કરવાની ટેવ પાડી દઈએ, તો મન હંમેશાં શાંત રહે છે."

જો તર્કની સાથે સુમેળ ના હોય અને બુદ્ધિથી એ વાત પૂરેપૂરી ગળે ના ઊતરે તો ખચકો પડે. તો એ બુદ્ધિ આપણને બરાબર કામ નહિ આપે. **બુદ્ધિને હંમેશાં સંતોષવી. આ માર્ગે જવું છે તેણે બુદ્ધિને સંતોષવી પડે.** ધારો કે બુદ્ધિ તો બીજા વિચાર કરે તો એને કહેવું કે "તું બીજા વિચાર કરે તે બરાબર નથી. આ કામ આપણે કરવાનું છે તે તું જાણે છે કે નહિ ? તો આ કામ કરવાને માટે તું વિચાર કરે છે તો શું થશે ? તો પછી આ બધું શા માટે ?" એમ બુદ્ધિને પણ સમજાવવું પડે છે. **બુદ્ધિનો વિરોધ કરીને આપણે કશું પામી નહિ શકીએ.** આમાં આપણે કોંપ્રોમાઈઝ - (સમાધાન)નો માર્ગ સ્વીકારવો પડશે. બધાં સમાધાન ઊર્ધ્વ પરત્વે લઈ જવાને માટે સમજાવવા પડશે.

આધ્યાત્મિક જીવનની બધી હકીકતો અને રહસ્યો પોતાના ગુરુ મારફતે પોતાની બુદ્ધિમાં સાધક ઉતારી શકે યા બુદ્ધિમાં ઉતારી શકતો હોય એટલું બસ નથી. એમ તો આધ્યાત્મિક પરમ સંતપુરુષોનાં જીવનચરિત્ર વાંચીને પણ થોડોઘણો ખ્યાલ બુદ્ધિમાં તો કોઈને પણ આવી શકે. (જોકે જે સાધક પ્રત્યક્ષપણે સાધનામાં થોડોઘણો પણ ખૂંપ્યો હોય તેને ઉપલા વાચનમાંથી ઘણું વધારે કીંમતી જાણવાનું મળે છે. એને તો તે અનુભવની વાત લાગ્યા કરશે. આગળ વધેલા સાધકને તો પોતાના ગુરુ વિશે તથા પોતાની સાધના વિશે

વધારે ગેડ બેસતી જશે. જેનામાં આવી ગેડ બેસતી જાય છે એનું મન સાધનામાં રસ લેતું થયું છે, એમ જરૂર ગણી શકાય.)

આપણા કંસેપ્શનમાં (વિચારણામાં) બધું આવી જવું જોઈએ. જે મૂળ સ્વરૂપ છીએ તેની ઈંટેલેક્ચ્યુલ ગ્રિપ-અંડરસ્ટેન્ડિંગ (બૌદ્ધિક સમજ) આપણને પાછી આવી જવી જોઈએ. નહિતર શું થાય છે કે માણસો સાધના કરતા જાય, થોડી શાંતિ લાગી, પ્રસન્નતા લાગી તો બસ પોતે અનુભવી થઈ ગયા ! પણ આપણને ગ્રિપ (પકડ) આવી ગઈ હોય તો આપણને સમજણ પડે. ના ના હજુ બહુ વાર છે. એટલા માટે ઈંટેલેક્ચ્યુલ ગ્રિપ (બૌદ્ધિક સમજ) પણ જરૂરી. હવે એ જરૂરી છે એમ સ્વીકારીએ તો પેલા ગામડાના માણસનું શું થાય ? તો એનો વાંધો નથી. કેમ કે એનો આખો કોઠો એ રીતે ટેવાયેલો નથી. આપણો જુદી રીતે કેળવાયેલો છે. એ તો ભગવાનનું ભજન કરતો રહે ને ભગવાન એનું બધું બરાબર કરે. એક વખતે એની ભૂમિકામાં પેસી ગયા પછી એફર્ટલેસ એફર્ટ (સહજ પ્રયત્ન) શરૂ થઈ જાય છે. પછી એ બધું સંભાળી લે છે. જીવનની બધી જવાબદારી એટલે પછી બધું ચાલ્યાં કરે. કોંસ્યસ એફર્ટ (સભાન પ્રયત્ન) ના કરવો પડે. એમાં કોંસ્યસ (જાગૃતિ) રહે ખરું હોં ! એ એફર્ટલેસ એફર્ટ (સહજ પ્રયત્ન) થયા કરે. પણ એમાં જે થયા કરે એની એને અવેરનેસ રહે. અવેરનેસ ના રહે તો તે બરાબર નહિ. સંસારવ્યવહારમાં પણ આપણે જે કંઈ કરીએ છીએ તેની પણ અવેરનેસ રહે છે. તો પેલાની કેમ ના રહે ? પેલાની ના રહે તો ખોટું છે. સંસારવ્યવહારમાં જે કંઈ કામ કરીએ છીએ, તેની સભાનતા આપણને રહે છે; એવી રીતની સભાનતા રહેવી જોઈએ.''

પૂજ્ય શ્રીમોટાએ મારા આ કાર્ય માટે ઘણી ઘણી ઊથલપાથલ કરાવી છે. સદાય એમનો હાથ આ પુસ્તકના નિર્માણકાર્યમાં મારી સાથે અનુભવાયો છે.

મારા આ કાર્યમાં મદદ બદલ સજ્જન પુરુષ શ્રી દિલીપભાઈ પારેખ (નાના વરાછા) નો અત્રે જેટલો આભાર માનું તેટલો ઓછો છે. તેમની લગન અને ધગશ અજોડ છે. હંમેશ મુજબ ડૉ. મનસુખભાઈનો સાથ સહકાર મળતો રહ્યો છે. એમના સૂચનના અમલથી લાભ થયો છે; એ બદલ એમનો પણ આભાર માનું છું.

અત્રે પદ્મશ્રી પૂજ્ય ડૉ. ગુણવંતભાઈ શાહનો આભાર માનું તેટલો ઓછો છે. તેઓએ પૂજ્યશ્રી મોટા પ્રત્યેના તેમના હૃદયમાં જે અન્યોન્ય ભાવ છે તે ભાવથી પ્રેરિત થઈને પોતાનો સમય ફાળવી આ પુસ્તક માટે અમૂલ્ય રત્ન સમાન પ્રશસ્તિ લખી આપી છે જે મારા માટે એક જીવનમૂડી છે.

અનૂપમ મિશન (મોગરી-વિદ્યાનગર)ના પ્રણેતા પરમ પૂજ્ય સાહેબજીએ પોતાના અતિ વ્યસ્ત કાર્યક્રમોમાંથી સમય ફાળવીને જે આશિર્વચન લખી આપ્યા છે તેનાથી આ પુસ્તકની યશકલગીમાં વધારો થયો છે. એમને મારા

કોટિ કોટિ વંદન અને જયશ્રી સ્વામિનારાયણ. એમના વિના આ પુસ્તક અધૂરું જ રહ્યું હોત અને તેનો યશ પૂજ્ય સ્વામિશ્રી અશ્વિનભાઈને પણ જાય છે.

ડૉ. મનોજભાઈ સોની સાહેબે આ જીવનયોગ પુસ્તકને "અધ્યાત્મપંથીનું પાથેય" શિર્ષક હેઠળ બહુ થોડા શબ્દોમાં અધ્યાત્મના ઉત્તુંગ શિખરે સ્થાપિત કરી દીધું છે. એમનો હું ઋણી છું.

અને છેલ્લે મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ધિમંતભાઈ ઘીવાલાનો હું આભારી છું. તેઓ આ પુસ્તકની પ્રશસ્તિ લખાવામાં નિમિત્ત બન્યા છે. મારા પ્રશ્નને દિશાસૂચન આપવામાં પૂજ્યશ્રી મોટાએ તેમને નિમિત્ત બનાવ્યા છે. એ દિશાસૂચનનો અમલ કરવામાં પૂજ્ય ચંદનબહેન (વિદ્યાનગર) નિમિત્ત બન્યા હતા. તેમનો પણ આભારી છું. આ બધું અનાયાસે થતું ગયું એમાં હું પૂજ્યશ્રી મોટાનો હાથ અનુભવું છું.

આ પુસ્તક સમયસર કરી આપવા બદલ અર્થ કૉમ્પ્યૂટર અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.નો આભાર માનું છું. અને છેલ્લે પુસ્તકના કવર પેજની સુંદર આકર્ષક ડિઝાઈન બનાવી દેવા બદલ મારા પરમ મિત્ર શ્રી મનુભાઈ નિર્મલનો હું ઋણી છું.

મારા આ કાર્યમાં ઘણા લોકોએ મને પ્રોત્સાહિત કર્યો છે એમનો તથા જેઓએ પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાયની બાંહેધરી આપી હતી તથા જેઓની સહાય લેવામાં આવી છે તેઓનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

અને છેલ્લે સુરત હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીમંડળે મારા આ કાર્યમાં વિશ્વાસ મૂકી પુસ્તક વેચાણ માટે સ્વીકાર્યું તે બદલ હું તેમનો આભારી છું.

આ પુસ્તક પૂ. શ્રીમોટાના સ્વજનોના ચરણોમાં ધરતા મને આનંદની લાગણી થાય છે. પુસ્તકની સંપૂર્ણતાનો મારો કોઈ દાવો નથી. એમાં ઘણી ત્રુટિઓ રહી ગઈ હશે, જે આપ સૌ પ્રેમથી સ્વીકારી લેશો અને ધ્યાન પર પણ લાવશો, એવી નમ્ર વિનંતી.

અને અંતે પૂજ્ય શ્રીમોટાના ચરણોમાં પ્રાર્થના છે કે -

કોટી પ્રણામ તુજને મુજ રંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.
("તુજ ચરણે"માંથી)

તા. ૪-૯-૨૦૧૬ **-ડૉ. અનિલ ભાલોડિયા**
પૂજ્ય શ્રીમોટાનો જન્મદિવસ સુરત

# જીવનયોગ : ભાગ-૨

## ખંડ-૧
## આંતરિક સાધના


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧. | સાધનાની પૂર્વભૂમિકા | ૨ |
| ૦૨. | સાધનાપ્રવેશ | ૩૨ |

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧

# સાધનાની પૂર્વભૂમિકા

- શરૂ શરૂમાં સાધકોએ પોતપોતાની માન્યતાઓ, સમજણો, આગ્રહો, રીતરસમો, ટેવો, પકડો વગેરે બધાંથી દોરવાઈ જવાનું ન કરવું ઘટે; એવું જે સાધક કરતો રહે છે, તે જ નવું જીવન પામી શકે છે.
- શરૂ શરૂમાં અને શરણાગતિની સાધનાની ભાવના કેળવવામાં સાધકે તેના હાલના તબક્કાની વિવેકની સમજને પણ મોકળા મને છોડી દેવી જ પડશે.
- આપણે જો ભગવાન પાસે જવું હશે તો તેની શરતોએ જ જવું પડશે. તેના ઢાળે આપણે ઢળાવું પડશે. તેની પસંદગીએ આપણે ચાલવું પડશે. તેની વૃત્તિએ આપણી વૃત્તિ ઘડવી પડશે.
- આ માર્ગમાં આંતરિક સહજ રસ જે પ્રગટે છે, તે તો આપણા સમગ્ર આધારની અમુક યોગ્ય તૈયારી થઈ જાય તે પછીથી.
- આ બધું કર - પણ અભિમાનરહિત, અભિમાન સિવાય. અને બીજું શું? અનાગ્રહ, નિરાગ્રહ, કોઈ જાતનો આગ્રહ નહિ. આ બધાં કામ કરો પણ પ્રભુપ્રીત્યર્થે - નિરાગ્રહ રીતે.
- ખુલ્લા થવું એટલે જીવ પ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિકરણની પ્રાકૃતિક ધર્મથી મુક્તિ.
- સાધકના સાધનાજીવનની પ્રથમ શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે અને સર્વ ભાવે ખુલ્લાં થવામાં રહેલી છે.
- જીવનસાધના એટલે તો કેવળ નિબંધ રીતે સર્વાંતર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તે રીતે દોરાવાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક પ્રક્રિયા.
- ઘૃણા, દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળાભિમાન તથા શીલ, સ્વભાવ અને જાતિનું અભિમાન, એ બધાં પણ એક પ્રકારના સંકોચ છે. તેનાથી પણ આગળ જતાં મુક્ત થવાનું છે, મતલબ કે થવું પડશે.
- કુંભાર માટીમાંથી સર્વ આકાર બનાવે છે, પરંતુ કોરી માટીમાંથી તે આકાર બનાવી શકશે નહિ. આકારમાં પરિણામ પામવા માટે માટીને ભીનું થવું પડે છે. અંદરથી કાંકરા કે કસ્તર વગેરેથી દૂર થવું પડે છે.

*એટલું જ નહિ. પણ તેને ખૂબ ગૂંદાવું પડે છે. લોંદા જેવું બનવું પડે છે. જેમ વાળવી હોય તેમ વળાય એવું બનવું પડે છે. ત્યાર પછી એને ગતિમાં આવવું પડે છે. એટલી બધી ગતિમાં તે આવી જાય છે કે જાણે તે સ્થિર હોય. આવી સ્થિતિમાં આવ્યા પછીથી જ કારીગરને હાથે તેમાંથી આકાર નિપજાવી શકાય છે. એવું જ આપણી બાબતમાં પણ છે.*

- *સંપૂર્ણ નિરાગ્રહી માનવી, કુંભાર માટીનાં વાસણોને જે માટીના લોંદામાંથી ઘડે છે, તેના જેવો મુલાયમ હોય છે. નમ્રતા તો આપણે છેવટની હદ સુધીની રાખવાની છે. આપણે ધૂળ, રજકણથીયે વધારે નીચા ને હલકા છીએ.*
- *જે કોઈ જ્ઞાનપૂર્વક સંપૂર્ણપણે આધીન થવાનું સ્વીકારે છે એને અનેક જાતના લાભો થયા વિના રહી શકતા નથી. પરંતુ સંસારના ક્ષેત્રમાં જેને આધીનપણે રહેવાની ટેવ પડી નથી, તે આધ્યાત્મિક ક્ષેત્રમાં કેમ કરીને આધીન રહી શકવાના છે?*
- *એમ આપણે જ્યારે કોઈ દિવ્ય વિભૂતિમાં સંપૂર્ણપણે સર્વ ભાવે, સર્વ રીતે આધીન થઈ જઈ શક્યા તો પછી આપણાં બધાં વાસનામૂલક કર્મ વાસનારહિત થઈ ખલાસ થઈ જવાનાં છે.*

## સ્વીકારાત્મક ભૂમિકા માટે રાગદ્વેષ મોળા પાડવા અનિવાર્ય

શ્રેયાર્થીએ મૂળભૂત કેવી ભૂમિકા પોતાના જીવનમાં પચાવવી જોઈએ, તે લખતાં લખતાં જ દિલમાં સહજમેળે ઊગી ગયું કે રાગદ્વેષથી સંપૂર્ણ રીતે મુક્ત થયા વિના ભગવાનને અનુભવવા માટેની ભૂમિકા કદી પણ રચાતી નથી. એવા શ્રેયાર્થીને તે માર્ગ પરત્વેના, પોતાને જે જે અવરોધો જીવનના આરોહણ પરત્વેના પોતાના માર્ગમાં પ્રગટતા હોય તેની ઓળખ તો પડી જવી જ ઘટે. ઓળખ પડી જાય એટલું માત્ર પૂરતું હોતું નથી, પરંતુ તે અવરોધોથી મુક્ત થવાની તેના પોતાના અંતઃકરણમાં તેના અંતરતમ બળની-તેની અંતરની શક્તિની - તેને સભાનતા પણ પ્રચંડપણે જાગી ગયેલી હોવી જોઈએ.

એવા અનેક પ્રકારના અવરોધોની એને હૈયાસૂઝ જાગે છે, તેવા શરૂઆતના શ્રેયાર્થીના સાધનાકાળના તબક્કામાં રાગદ્વેષ અને ઊર્ધ્વ આરોહણમાં એને હરાવવા, પાછા પાડવા અજાણમાં ઓચિંતો હુમલો પાડીને, જેની અંતરતમ શક્તિ ઊગતી હોય છે, તેને ડામવા મથતા હોય છે. રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે અને એને

મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની જીવનના ઊર્ધ્વમાર્ગ પરત્વેની વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી.

## અનિવાર્યતા

રાગદ્વેષ ટળ્યા વિના થવો વિકાસ શક્ય ના,
રાગદ્વેષ જ સંપૂર્ણ ટાળવાનું જરૂરી ત્યાં.

રાગ અને દ્વેષ જે આવા સંપૂર્ણ તે હઠ્યા વિના
-કેમે કર્યુંય ત્યાં ઝાઝું બઢાતું ના વિકાસમાં.

રાગદ્વેષ ત્યજાતાં જ મહત્ત્વ સાધના વિશે,
-મેળે જશે અપાતું તે જાણજો દિલ નિશ્ચયે.

મુકાતાં વાર કૈંક લાગે છો બીજું બધું જીવને,
આ રાગદ્વેષને કિંતુ પહેલાં કાઢવા ઘટે.

તે વિના સાધના કર્મે પોરાવાય ન ચિત્ત, ને
-પરોવાયા વિના કેમ સાધનાકર્મ થૈ શકે ?

રાગ ને દ્વેષને ડાકુ તેથી ગીતામહીં ગણ્યા,
'જીવન' છે કમાવાનું જેણે, તે છોડવા રહ્યા.

**'રાગદ્વેષ છૂટ્યા વિના સાધનાકર્મ ના થશે',**
લાગી તેમ જતાં ઊંડું મથાશે છૂટવા ખરે.

**રાગદ્વેષ મટ્યા વિના સાધના, ધ્યાન, થાય ના,**
**રાગદ્વેષથી વિક્ષિપ્ત ચિત્ત કેવું બને સદા !**

રાગદ્વેષથી સંપૂર્ણ નિર્મળતા ન પાંગરે,
તો પછી ભાવ શી રીતે એને જીવન જાગશે?

## રાગદ્વેષ સ્વરૂપદર્શન

જ્યાં જ્યાં છે રાગ, ત્યાં ત્યાં શો પૂર્વગ્રહ થતો રહે !
આડાંફેલાં જ તેમાંથી કેવાં કેવાં જ જન્મશે !

રાગમાંથી જ જન્મે છે, જીવને દ્વેષભૂમિકા,
રાગ ને દ્વેષનું તેથી દ્વંદ્વનું જોડકું તહાં.

ઊર્ધ્વના ક્ષેત્રમાં રાગ જીવને જાગતાં હૃદે,
જન્માવે છે જ ત્યાં રાગ કેવી પકડ સજ્જડે !

જેમાં રાગ છે સંપૂર્ણ તદાકાર જ તે વિશે,
-આપમેળે થવાયે છે, રાગનો ગુણધર્મ તે.

જીવકક્ષાતણો રાગ પોતાની માગણી થકી
-જ્યાં સંતોષ ન પામે છે, જન્મતો દ્વેષ તે થકી.

રાગ ને દ્વેષનો એવો સંબંધ જોડકાંતણો,
રાગ ને દ્વેષ તેથી તો જોડકાંરૂપ તે ગણ્યો.

રાગદ્વેષ મહાભારે જિતાવા ખૂબ દોહ્યલા,
જેમ જેમ હણો તેને તેમ તેમ વધ્યા કરે.

રાગદ્વેષતણી ભારે તર્કજાળ શી ફાંફડી !
હારતાં દલીલે એક રાચે યુક્તિ બીજી નવી.

કેવી વિપુલતા ભારે, શી અમર્યાદિત ખરે !
શા રાગદ્વેષ એવા તો હણવા ખૂબ દોહ્યલા !

ઓળખાયા છતાં તેને પૂરા ના ઓળખી શકે,
રાગદ્વેષની માયા એ ઓળંગાવી ન શક્ય છે.

રાગદ્વેષતણું જોશ વધતાં વધતાં વધે,
પછી પ્રચંડ શાં પૂરે એની તાણ અનંત છે !

પેટમાં પેસીને કેવી ભોંકી દે છરી કારમી,
વિશ્વાસઘાત સંપૂર્ણ કરે હોંશિયારી શી !

ચાલબાજી કરે કેવી રાગદ્વેષ શું કારમી !
ફસાવવા મથે કેવું ભોળવી ભોળવી રમી !

શા રાગદ્વેષના ફાંટા જુદા જુદા વિવિધ છે !
સ્વરૂપો એમનાં સર્વે જીવને જાણવાં ઘટે.

ભુલાવામાં પડાવીને આપણા કરતાં વધુ
-બીજાના દોષ દર્શાવ્યા સુઝાડ્યા તે કરે ઊંડું.

કેવા પૂર્વગ્રહો ઊંડા સજ્જડ તે વધારીને,
સુમેળ ના થવા દેતા તે રાગદ્વેષ જીવને !

શા રાગદ્વેષ કૂટસ્થ અદ્વિતીય પ્રકારના,
જીવને તે પૂરેપૂરા કેવા મુશ્કેલ જીતવા !

**રાગદ્વેષનાં લક્ષણો**

નયને આંધળા પાટા રાગદ્વેષથી તો ચઢે,
ને રાગદ્વેષ હોવાથી સત્ય ના નજરે ચઢે.

આડફંટે જ દોરી શા રાગદ્વેષ લઈ જતાં !
અશાંતિ, ક્લેશ ને ચિંતા ઉપજાવ્યાં કરે નર્યા.

રાગદ્વેષ બધી રીતે જીવનસત્ત્વને હણે,
સદ્ભાવ મારી નંખાવે રાગદ્વેષ સ્વભાવ તે.

કશું શુભ બીજામાંનું દેખાવા દે ન અંતરે,
ઊલટું ઊંધું મિથ્યા તે વિચારાવે બીજા વિશે.

રાગદ્વેષ શું સદ્હેતુ પરખાવા ન દે કશે,
'પોતે ભોગ થયેલા શા' એવું મનાવરાવશે !

બુદ્ધિમાં ઊતરેલું જે ઝેર તે નવ નીકળે,
રાગદ્વેષ વધાર્યા તે કરાવ્યા કરશે પથે.

'રાગદ્વેષ ટૂંકાવી દૈ સંકુચિત કરાવી દૈ
-દૃષ્ટિ સંપૂર્ણતાથી જે' તેને યોગ્ય મનાવશે.

કુસંપ તે વધારે છે, સુમેળ તે થવા ન દે,
એવા એ રાગ ને દ્વેષ સંપૂર્ણ ત્યજવા ઘટે.

શા રાગદ્વેષ એવા કે જીવદશાની વૃત્તિને,
-વધારે ને વધારે તે બ્હેકાવી જીવતી કરે !

જીવદશા વિશે ઊંડું અહં સંપૂર્ણ હોય છે,
રાગદ્વેષતણું મૂળ અહં, તે તું પ્રમાણજે.

રાગદ્વેષ થકી થાય કેવું તેજસ્વી હુંપણું !
અહં એવું થતાં, તે જ કામક્રોધાદિનું થવું.

રાગદ્વેષ પડાવે છે, બધામાં ભેદ અંતરે,
એકત્વ ભાવનું ખૂન રાગદ્વેષ સદા કરે.

કદાપિ એક કેમેય થવા ના દે પરસ્પરે,
અંતર ઊલટું કેવું વધારવા કર્યા કરે !

ચાડીચૂગલી ને નિંદા દુર્ગુણો તે પ્રકારના,
રાગદ્વેષથી ફેલાયા વિના કેમે રહે જ ના.

માથું તે નમવા ના દે, અહંને તે સ્ફુરાવીને,
-રાગદ્વેષ કરાવે તે ખોટું ખોટું ખરેખરે !

સાંકડા સાંકડા કેવાં મનાદિને કરાવી દૈ,
રચી કૈં અંતરે ભેદ અસહિષ્ણુ બનાવશે.

રાગ ને દ્વેષ કોઈની કદર કરવા ન દે,
કોઈનું સારું જોવાને એને આંખ ન હોય છે.

## રાગદ્વેષ મોળા પાડવા અભ્યાસ

તે રાગદ્વેષ સંપૂર્ણ થવા નિર્મૂળ શક્ય ના,
માનવીનું ગજું તેમાં કોઈ પ્રકારનું જ ના.

એની મેળે હણાતા ના રાગદ્વેષ કશાથીયે,
ભાવે સદ્ભાવ ધારંતાં સૌ સાથ, હળવા બને.

વધુ ને વધુ અભ્યાસે પલોટાતાં જતાં ખરે !
મનાદિને થતાં રાગ અભ્યાસમાં ઊંડો હ્દે,

પલળી જાય તે જ્યારે ભક્તિમાં ધ્યેયની ખરાં,
રાગદ્વેષનું ગૌણત્વ આપમેળે સધાય ત્યાં.

રાગદ્વેષાદિ સંગાથે સંપૂર્ણ લડવું મૂકી,
એકરત થવા ઊંડા અભ્યાસે મથતાં કરી,

વધારે જેમ હૈયામાં અભ્યાસે રસ ત્યાં પડ્યે,
રાગદ્વેષતણું જોશ મોળું મેળે પડ્યા કરે.

રાગદ્વેષ જ સંપૂર્ણ જીવન થકી ટાળવા
-અભ્યાસમાત્રામાં પૂર્ણ દિલ પરોવવું સદા.

રાગદ્વેષથી જે માત્ર એને હઠાવવા ચહે,
મથે છોને ગમે તેવું, જીતવા ના સમર્થ છે.

જીતવા તેમને સાચે ઉગ્રમાં ઉગ્ર શક્તિની
-સંપૂર્ણ યોગ્યતા હોવી ત્યારે ઘટે જરૂરની.

તે એકદમ તત્કાળ એવી શક્તિ ઊગી જવી,
જીવને કોઈને શક્ય નથી હોતી ખરે કદી !

શક્તિ કેળવવા તેવી રાગદ્વેષ હઠાવવા,
કેન્દ્રિત લક્ષ અભ્યાસે એકાગ્ર ધારવું સદા.

અભ્યાસે બઢતાં જાતાં જીવની અભિરુચિયે
-જતી તે બદલાતી શી ! અભ્યાસનો પ્રભાવ તે !

જીવની જીવને જેવી પાકી છે અભિરુચિ તે,
પ્રમાણે વર્તવાનુંયે જીવનું થાય છે પથે.

આવે અભ્યાસમાં પૂર્ણ દૃઢ મક્કમતા નરી
-નૈસર્ગિકપણે, જામે પકવતા અભિરુચિની.

પકવતા એવી સંપૂર્ણ જામી જતાં જ આખરે,
રાગદ્વેષતણું મોળું પૂર્ણ થવું બને ખરે !

ઉપાય અન્ય ના કોઈ વિના અભ્યાસ સાંપડ્યો,
ઊંડું વિચારતાં માત્ર અભ્યાસ યોગ્ય લાગતો !

કૃપાથી જ્યાં મળેલા છો આપને દિલ પ્રાર્થના,
થવાને રત અભ્યાસે દિનરાત કરો મથ્યા.

તે વિના છૂટકો કોઈ અન્ય ક્યાંય જડ્યો નથી,
અભ્યાસે ખૂંપી ખૂંપીને દૃઢાવ્યું લક્ષને મથી.

## રાગદ્વેષ મોળા પાડવાનો ઉપાય

રાગદ્વેષનું તો જોશ રાગદ્વેષ થકી વધે !
તેથી ઘટાડવાને તે સદ્‌ભાવ ધારવો હૃદે.

રાગદ્વેષથી સંપૂર્ણ ત્યાગવે મુક્ત થૌ શકે,
જિજ્ઞાસા જેની સંપૂર્ણ અગ્નિ જેવી, સમર્થ તે.

રાગદ્વેષ થકી ઊર્ધ્વ પ્રદેશભૂમિકા વિશે,
તદાકાર થતાં મેળે સૌ રાગદ્વેષ તો ઘટે.

સુષુપ્ત જે પડેલી છે, શક્તિ અંતરમાં બધી,
તે જાગ્રત થતાં ઊંડી જ્યારે એકાગ્રતા થતી,

તેમાંથી જાગતાં ભાવ ભાવ સભરતા થતાં,
ભાવની ગાઢતાથી જ રાગદ્વેષ ઘટે તદા.

ટાળવા રાગ ને દ્વેષ ભાવવૃદ્ધિ ઉપાય છે,
સાધનામાં થતાં મગ્ન-લગ્ન, મોળા પડે જ છે.

ઊગતાં ભાવ ઊંડેરો, ભાવ અખંડતા વિશે
-પ્રવેશતાં જ તે જોશ રાગદ્વેષનું સૌ હઠે.

જેમ જેમ વધે ભાવ ને તે ગાઢ થયા જતાં,
શા રાગદ્વેષ તે વેળા મોળા મેળે પડ્યે જતા !

સ્મરણ, પ્રાર્થના, કેવાં ભજનકીર્તને કરી,
સમર્પણ તણા ભાવે નિવેદ્યાં ચરણે વળી.

ત્યાગ ને પરમાર્થે શો હરિભાવે મથ્યા કરી,
હરિના રસના ભાવે પરોવ્યાં છે મનાદિને !

એમ એવી ક્રિયા વિશે તરબોળ થતાં બધાં
-મનાદિ પૂર્ણ, ત્યારે તે શિથિલ રાગદ્વેષ શા !

બીજો ઉપાય તે વિના ઉત્તમોત્તમ કૈં નથી,
જાણી, અનુભવી, પ્રીછી, લખ્યું આવડ્યું તે ચહી.

તેથી ભગાડવા તેને ભક્તિ માત્ર ઉપાય છે,
કૃપાથી આશરો લૈને મથાયું કેવું જીવને !

## રાગદ્વેષ મોળા પડ્યાનું પ્રમાણ

સદ્‌ભાવ સર્વ પ્રત્યેનો જીવંતો ટકતો દીસે,
રાગદ્વેષ પડ્યા મોળા એનું ધોરણ માત્ર તે.

સર્વ અણગમા, ઈર્ષ્યા ને અદેખાઈ ઓગળે,
રાગદ્વેષ પડ્યા મોળા તેનું લક્ષણ જાણજે.

જે તે પૂર્વગ્રહો સર્વ જતા ઓગળી લાગતા,
રાગદ્વેષ ઘટ્યા તેનું પ્રમાણ જાણવું તદા.

જે તે સર્વ બધાંનુંયે ખૂંચતું હોય તે બધું,
-લાગે જ્યાં જતું, તેમ ઘટેલા જાણવું ખરું.

સમજણ તમારીથી ઊંધું કો ચાલતું દીસે
-તેની પ્રત્યેય સદ્ભાવ ટકંતાં, ઘટતાં ખરે.

ને અપમાન, અન્યાય, કરંતાં છો ભલે જ હો,
છતાં નાખુશી ના જન્મે, ઘટેલા જાણજો જ તો.

કશો બગાડ ને ઊંધું કરંતાં કો જણાય જો,
ત્યારેય તેમના પ્રત્યે ટકે ભાવ, ઘટેલ તો.

ગુસ્સો અન્યની પ્રત્યે જાગતાં, તે છતાં હૃદે
-ઉતારી ના પડાયે તે સર્વને, તો ઘટેલ તે.

રીતરસમ માનેલી તેથી વર્તન ઊંધું કૈં
-જણાતાં કોઈનુંયે ત્યાં,ચડે ના ક્રોધ અંતરે,

અને ના જોખમાયે કૈં શાંતિ ધારેલ જે દિલે,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ સાચું તે ખરે.

આકરી આકરી એવી અથડામણ વિશેય તે,
સ્વસ્થતા ટકતી લાગ્યે ઘટેલા તે પ્રમાણજે.

અણગમતું ઊગંતાં ચંચલ મન થાય ના,
રાગદ્વેષ ઘટ્યા જાણી, હર્ષ તું દિલ પામ ત્યાં.

આનંદભાવનો ભંગ થતો ના લાગતો જરા,
રાગદ્વેષ ઘટેલા છે, એમ નિશ્ચે પ્રમાણ ત્યાં.

વ્યવસ્થા સર્વ તૂટીને ભાંગી ભૂકો થતી દીસે
-ત્યારેય મનનું સ્વાસ્થ્ય ટક્યું, ઘટેલ જાણજે.

પસંદગીનું, માનેલું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોય જ્યાં
-ઊંધું બધું થતું લાગ્યે ઉશ્કેરાઈ જવાય ના,

અસ્તવ્યસ્ત બધુંયે તે થતાં જો સ્વસ્થતા ટકે,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ સાચું જાણજે.

અતડાપણું બધાં સાથે ઘટેલું લાગતું દીસે,
ને ખુલ્લાપણું ઊગંતું, ઘટેલાનું પ્રમાણ તે.

ગૂંચ, મુશ્કેલી આવંતાં ઊકળી જો જવાય ના,
થતાં ઉકેલ શાંતિથી જાણવું, તે ઘટેલ ત્યાં.

કામક્રોધાદિનું મોળું પડંતાં લાગતાં બધું,
રાગદ્વેષ ઘટેલાનું પ્રમાણ તે ખરેખરું.

લોભમોહાદિ આવેશ થતાં સંયમ જીવને
-ઊગંતો લાગતાં ત્યારે ઘટેલા જાણજો ખરે !

અહમ્ પીગળતું જાય, નમ્રતા પાકતી દીસે,
રાગદ્વેષ ઘટ્યાની તે સાચી એંધાણી જાણજે.

રાગદ્વેષ થતાં મોળા આંતર શક્તિ જીવને
-ઉભરાતી છતી પોતે આપમેળે શી થાય છે !

નિરાશા કારમી લાગી એવા પ્રસંગે સાંપડ્યે,
નિશ્ચિતતા ટકે ત્યારે, ઘટેલા તું પ્રમાણજે.

આપ્તજન જ પોતાનું નિજને ઊંધું ધારતાં,
તેને સમજવા હૈયું થતાં તત્પર, તે હઠ્યા.

વિવેકપૂર્ણ જીવંતો પ્રત્યક્ષ વર્તને ઊગે,
શું રાગદ્વેષ ત્યારે તો ઘટ્યા છે એમ જાણજે.

## નવજીવન કેમ પમાય ?

શરૂ શરૂમાં સાધકોએ પોતપોતાની માન્યતાઓ, સમજણો, આગ્રહો, રીતરસમો, ટેવો, પક્કડો વગેરે બધાંથી દોરવાઈ જવાનું ન કરવું ઘટે; બલકે જ્ઞાનભાન સેવીને સ્વભાવની રીતે વર્તવાનું ન થઈ જાય, તેનું તો પૂરતું ભાન ને જાગૃતિ રાખવાનાં છે. ઝટઝટ કંઈ કશા પર મત કે અભિપ્રાય કે સમજણ ન બાંધી લેવાય, તેની પણ તકેદારી તેટલી જ રાખવાની છે. સંસારવ્યવહારમાં જે તે જીવો સાથે વર્તવાનું થતાં ત્યાં

શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ વગેરે રાખ્યા કરવાનો કે કેળવ્યા કરવાનો જાગૃતિપૂર્વકનો અભ્યાસ સાધકે રાખવાનો હોય છે. તેવા જીવો માટે કોઈ પણ જાતનો આમ કે તેમ મત, અભિપ્રાય કે સમજણ ન બંધાઈ જાય, તેનું પણ જ્ઞાનભાન સાધકે રાખતા રહેવાનું છે. સંસારમાં જે તે બધાં જ આપણાં પોતાનાં છે, એવો સ્નેહયુક્ત ભાવ આપણા હૃદયમાં તેમના પરત્વે જીવતો જાગતો રહ્યાં કરે તે પણ ઘણું જરૂરનું છે. એવું જે સાધક કરતો રહે છે, તે જ નવું જીવન પામી શકે છે.

શરણાગતિની ભાવના કેળવવાને માટે તેવા સાધકની પાસે મૂલાગ્રમાં એકમાત્ર તે પરત્વેનાં જ દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં પ્રગટેલાં રહે તે જરૂરનું છે. **શરૂ શરૂમાં અને શરણાગતિની સાધનાની ભાવના કેળવવામાં** સાધકે તેના હાલના તબક્કાની વિવેકની સમજને પણ મોકળા મને છોડી દેવી જ પડશે. આપણે જે કરીએ તે સમજીને કરીએ, તે ભલે બરાબર હોય, પરંતુ આપણે હાલ તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેને જો શરણાગતિની સ્થિતિમાં પ્રગટાવવાં હોય તો હાલના તબક્કામાં માની લીધેલાં બધાંય મૂલ્યાંકનો ભલે તદ્દન સાચાં હોય અને જો ધારો કે તેને આપણે વળગી રહ્યાં તો આપણે તેવી ને તેવી તેની મર્યાદામાં રહ્યાં કરવાનું બન્યાં કરશે. આપણે જે કંઈ કરીએ તે શરણાગતિની ભાવના કેળવવાના જ્ઞાનભાન સાથે કરીએ ને જે કંઈ થયાં કરે છે તેનાથી આપણી શરણાગતિની ભાવના વધુ તેજસ્વી અને ગતિશીલ થાય છે કે કેમ તે જ એક માત્ર જો ખરેખરું વિચારવાનું અને તપાસવાનું રાખીએ તો તેમાં જીવનનું યોગક્ષેમ રહેલું છે.

આપણને શું વધારે વહાલું છે? આપણી સાધનાથી જે સ્થિતિને આપણે મેળવવા માંગીએ છીએ તે કે બીજી કોઈ સાંસારિક ઈચ્છાઓ? આમાંથી જે આપણને વધારે વહાલું હશે એના ઉપર આપણા કાર્યનો આધાર રહેશે. એ પ્રમાણે શું ત્યજવું ને શું નહિ તે નક્કી થશે. વખત આવ્યે જે સાધના કાર્ય કરતા હોઈશું એને પણ છોડી દેવી પડશે. એટલે સાધના પણ એટલી વહાલી નથી, જેટલું ધ્યેય હોય છે. ભગવાન જ આપણા પ્રેમનું પ્રતીક છે. એનો પ્રેમ મેળવવા ખાતર જે કંઈ છોડવાનું આવે તે બધું આપોઆપ છૂટ્યાં કરશે, પણ આપણામાં તે પ્રમાણેની લગની લાગી ગઈ હોય તો.

ભગવાનની ભાવના સિવાયની બીજી જે જે જાતની ચેતના આપણામાં રહેતી હોય એ બધીને અળગી રાખવાને આપણે તૈયાર થવું ને રહેવું પડશે. એકવાર આપણે સંપૂર્ણ શરણે થઈ જઈએ ને એ આપણને સાંગોપાંગ સ્વીકારી લે ત્યાર પછીની આપણી કર્મભૂમિકા જે રચાવાની હશે તે પ્રમાણે આપણે કર્યા કરીશું; પણ એમાં આપણે સ્વતંત્ર ભાગ ભજવવાનો થોડો જ હશે; કેમ કે આપણું અસ્તિત્વ ત્યારે આપણે માટે નહિ રહ્યું હોય ને જે રહ્યું હશે તે એના રૂપે જ.

**આવા શરણભાવની ભૂમિકા માટે** આપણે એક તો ઉપર કહ્યા મુજબ બહુધાપણામાંથી એકાત્મભાવમાં પરિણમવું જ પડશે. આપણામાંના બે તત્ત્વોને એક જ ભાવમાં તદાકાર બનાવવા પડશે ને એ એવી રીતે કે બંનેનાં કાર્યક્ષેત્ર દેખીતી રીતે ભલે જુદાં હોય પણ એની ગતિ તો ભગવાન પ્રતિ એકચિત્ત જ હોય.

બીજું, આપણે આખા દિવસની માનસિક ભૂમિકાનું સ્થાન ફેરવીને હૃદય પર લાવીને વર્તવાનું રહેશે. એટલે ભાવથી પ્રેરાઈને આપણે બધું કામ કરવાનું રહે છે. એ ભૂમિકા જેમ અખંડ ને અબાધિતપણે એકલીનતામાં રહેતી હશે તેમ આપણી આંતરશક્તિ ખીલતી જશે, અને તેમ ભગવાનની અવતરણ શક્તિને ઝીલવા તથા તેને આપણામાં ટકાવી રાખવા માટે લાયક ભૂમિકા તૈયાર થઈ જશે.

આપણે જો ભગવાન પાસે જવું હશે તો તેની શરતોએ જ જવું પડશે. તેના ઢાળે આપણે ઢળાવું પડશે. તેની પસંદગીએ આપણે ચાલવું પડશે. તેની વૃત્તિએ આપણી વૃત્તિ ઘડવી પડશે. આપણા ઊથલપાથલ થતા મનની રમતોને આપણે નિહાળ્યાં કરીને તે બધી વૃત્તિઓને આપણે શમાવવી પડશે. તેને ભગવાનના પ્રેમથી રંગાવવી પડશે. તો જ આપણું ઠેકાણું પડવાનું છે. બાકી આજે જ્યાં બધું જ ઊથલપાથલ થઈ રહ્યું છે, ત્યાં આપણે ઊથલપાથલ ન થઈએ તે કેમ ચાલશે? આપણે જૂની આંખે નવા તમાશા જોવાના છે. આંખ જૂની ભલે રહી, પરંતુ આપણી રહેણીકરણી, વર્તન, દૃષ્ટિ, સમજ વગેરે બધું જૂની ઢબનું નહિ હોય; પરંતુ જે પંથે આપણે જવાનું છે તે પંથને અનુસરતું તે બધું હોવું જોઈએ. એ બધામાં જ્યાં જ્યાં આપણું ખોટકાશે, ત્યાં ત્યાં આપણામાં ઘોંચ પડવાની છે, ને એવી સમજણ આવતાં કે ઊગતાં વળી પાછા સતેજ બનીને આપણે ચાલવાનું છે.

આ માર્ગમાં આંતરિક સમજ રસ જે પ્રગટે છે, તે તો આપણા સમગ્ર આધારની અમુક યોગ્ય તૈયારી થઈ જાય તે પછીથી. એવી તૈયારીમાં કોઈક એક અમુક જ સાધન કરવું પડે છે, એવું નથી હોતું, પરંતુ એટલી વાત ચોક્કસ છે કે સર્વ પ્રકારના આગ્રહો, મતો, ટેવો વગેરે બધાંથી તો મુક્ત થવું જ પડશે. ગીતાજીમાં જે સ્વજનોને હણવાનાં કહ્યાં છે, તે આ પ્રકારનાં છે. અનેક પ્રકારની સમજણો જેને મનાદિકરણ પકડીને બેઠાં હોય છે, તેમનો તેવો બધો વેશ આપણે મુકાવી દેવાનો છે. **આ બધું થયા વિના આપણો સાધનામાં ખરેખરો પ્રવેશ કદી પણ થઈ શકવાનો નથી.**

## સ્વીકારાત્મક ભૂમિકા - ખુલ્લા થવું - શરણભાવ

## આપણી સમજણોનું મૂળ

### આપણી માલિકીનું કંઈ જ નહિ

આપણાંમાં જે જે કંઈ શક્તિ-સ્વરૂપે છે, દા.ત. બુદ્ધિ, પણ તે શું આપણી પોતાની માલિકીની છે ખરી ? અને આપણે ધારીએ છીએ તેવી રીતે શું ચલાવી શકીએ છીએ ખરાં ? વિચારની શક્તિ, બુદ્ધિની શક્તિ, કર્મની આવડતની શક્તિ, સમજણની શક્તિ, કર્મકૌશલ્યની-આવી જાતના આવા બધા આપણી સમજણનાં ફાંકા આપણે તોડતાં જ રહેવાનું છે. જે સમજણ જે પ્રકારની આપણામાં છે, તે બધું કંઈ આપણું નથી. તે તો સર્વવ્યાપક છે. ચેતન જ્યાં-ત્યાં બધે જ ફેલાયેલું પડ્યું છે. તેમાં તે બધું છે જ. વળી જે સમજણો આપણી પાસે આવી છે, તે સમજણ આપણને કોઈકની મળેલી છે. આપણામાં તેવી ભૂમિકા હોવાથી, તે આપણામાં તે રીતે સ્થિત થઈ; વળી બીજાનામાં તે બીજી રીતે સ્થિત થઈ. તેમ એકની એક શક્તિ, અનંત સ્વરૂપે અનેકમાં વહેંચાયેલી, વ્યક્ત થયા કરેલી છે. તેથી તે જીવે જેમાં ને તેમાં તે પ્રકારનો અહમ્ સમજીને ત્યાગતા રહેવાનું છે.

એટલે ભગવાન તાદાત્મ્ય થાય છે ખરો. બધામાં થાય છે, પણ પછી દરેક જણા એ તાદાત્મ્ય ન જાણીને, પોતપોતાના સ્વભાવ પ્રમાણે વાપરે છે. એ તાદાત્મ્યને ભગવાન પ્રમાણે વાપરવાની કળા કોઈક જ જાણે છે. બીજાં જાણતાં નથી. બીજાં તો પોતાના સ્વભાવ પ્રમાણે વાપરે છે. એથી કંઈ એમનું કલ્યાણ ના થાય. કલ્યાણની વાત એમના મનમાં

નથી. એમના ચિત્તમાં નથી ને લક્ષમાં પણ નથી. એટલે પછી ભગવાનનું આ બધું દિવ્ય કામ છે એ એના મનમાં શી રીતે ઊતરે ? કોઈકને ઊતરે છે. નથી ઊતરતું એમ નથી. એના દાખલા આજે પણ કેટલાય મળી શકે એમ છે. બધાને કેમ નથી ઊતરતું ? એકને જ કેમ ઊતર્યું ? એનું કારણ શું ? કેટલાકની શક્તિ કે બુદ્ધિ એને રીસિવ (સ્વીકાર) કરવાની એની તૈયારી હોય છે. એની લાયકાત હોય છે. એના કાયદા ઘડનારો જાણે છે કે આ લાયક છે. પેલો એપ્ટિટ્યુડ (રુચિ) વાળો હોય છે. બીજા એપ્ટિટ્યુડવાળા બિલકુલ હોતા નથી. ભણેલા-ગણેલા વિદ્વાનમાં એ તત્ત્વ કોઈ દિવસ નહિ આવે. પોતાના વિષયનું અભિમાન હશે, એવા વિદ્વાનોમાં, ભગવાન અવતરવાનો નહિ. આ ધર્માચાર્યો વગેરેમાં કોઈ દિવસ ભગવાન અવતરવાનો નહિ, એટલે ભગવાનની કળા કોઈ દિવસ એમનામાં નહિ ઊતરે - એ વાત ચોક્કસ. કારણ કે લોકોને અભિમાન હોય - એ તો મહાન કળા છે.

એટલે આપણે આ માર્ગે જવું હશે તો અહંકારને તો કાઢવો જ પડશે. ગમે તે રીતે અપમાન થાય, આ થાય, તે થાય, ઘણું નુકસાન થાય, અહંકાર કાઢતાં - એ બધું યજ્ઞ છે. યજ્ઞમાં તો બધું બળે જ છે ને ? બધું જ હોમી દેવું પડે છે એવો યજ્ઞ છે. આ સંસારમાં રહીને જેમને ભગવાન મેળવવો છે, એમાં 'જૈસૈ થે'- જેવા છીએ તેવાને તેવા રહીને આ કામ કરી શકીએ, એ કદી કાળ શક્ય નથી. કોઈ જો ભૂલેચૂકે માનતો હોય તો એ આકાશકુસુમવત્ છે. એટલે આકાશમાં જેમ ફૂલ ઊગે છે એમ કહીએ તો એ શક્ય નથી. આપણે માનીએ નહિ. એવી રીતે આ સંસારમાં રહીને અને સંસારના - જેવા જ રહીને, સંસારની રીતે વર્તીને અને સંસારની પ્રમાણે જ તેવાં બધાં આચરણ કરીને પછી જો ભગવાનને મેળવવાની વાત કરો તો મિથ્યા છે. એનો કોઈ પેલા સાથે મેળ નહિ ખાય. ભગવાન એવું નથી કહેતો કે આ બધું છોડી દો. ભગવાન કહે છે કે આ બધું કર - પણ અભિમાનરહિત, અભિમાન સિવાય. અને બીજું શું ? અનાગ્રહ, નિરાગ્રહ, કોઈ જાતનો આગ્રહ નહિ. આ બધાં કામ કરો - પણ પ્રભુપ્રીત્યર્થે - નિરાગ્રહ રીતે. પછી ચાર-પાંચ એની શરતો છે એ પ્રમાણે તમે કર્મ કરો અને સંસારમાં રહો તો પ્રભુ જરૂર મળવાનો. સાથે ભક્તિ કર્યા કરો.

## આપણી સમજણની ભૂમિકાઓ

માનુષી જીવનમાં અનેક પ્રકારની Planes of consciousness છે. જુદા જુદા પ્રકારની આંતરિક દશામાંથી પ્રગટતી જુદી જુદી જાતની સમજણની ભૂમિકાઓ છે. એ સમજણની ભૂમિકા નહિ ગણાય, પરંતુ તે ભૂમિકાને અનુરૂપ તેમાં અસર પ્રગટ્યા કરે છે. આપણે જીવદશામાં હોઈએ છીએ તો તે પ્રકારની સમજણ આપણને પેદા થતી હોય છે. આપણી જેવી ભૂમિકા તે પ્રમાણે આપણને સમજણ પડ્યા કરે. આપણે હાલમાં છીએ તે તો માત્ર એક દ્વંદ્વાત્મક દશામાં એટલે કે રાગ-દ્વેષયુક્ત ભૂમિકામાં અને આપણે સમજવા બેસવું છે ચેતનની ભૂમિકાઓ; એને સમજવું આપણા જેવી સ્થિતિવાળા માટે કદી પણ શક્ય નથી. જેમ આપણે સંસારને સંસારની ભૂમિકાઓમાં હોઈએ તો તેને તે રીતે સમજી શકીએ છીએ, તેમ બાળક કંઈ સંસારને નહિ સમજી શકે; તેવી રીતે આપણે અનેક રીતે વિચાર, વૃત્તિ ને તેવા પ્રકારના વલણમાં તદ્‌રૂપ બની જઈને તેમાં તો પરોવાયેલા રહેવું છે અને પછી ચેતનને સમજવાનું તેમાં ભાન પ્રગટે તે આપણે માટે શક્ય નથી.

ભગવાનનો ભાવ તો આપણામાં પડેલો છે જ. એની લીલા સર્વત્ર પ્રસરેલી ને રમી રહેલી છે. પણ આપણી ઇન્દ્રિયો (કર્મેન્દ્રિયો ને જ્ઞાનેન્દ્રિયો) તથા બીજી આંતરિક વૃત્તિઓ એ જોવાને કેળવાયેલી હોતી નથી, કારણ કે જન્મોજન્મના સંસ્કાર એના ઉપર લદાયેલા છે. સંસ્કાર પ્રમાણે જ એને જોવા, જાણવા ને અનુભવવાની ટેવ પડેલી છે. આથી આપણે એ (ભગવાનના) ભાવે એના શુદ્ધ ને સંપૂર્ણ સ્વરૂપમાં અનુભવી શકતા નથી.

આપણામાં રહેલા સંસ્કારો, વિચારો તથા આપણું અનેક પ્રકારે ઘડાયેલું માનસ - એમાં આપણે માનીએ છીએ એટલું સત્ય હોતું નથી. વળી તે રંગાયેલું છે છતાં એના પ્રમાણે આપણે વિચારીએ છીએ. એટલે આપણી આપણામાં રહેલું જે બધું પડ્યું છે તે બધું છોડવું જોઈએ.

આજની આપણી જીવદશાવાળી ભૂમિકાને લીધે તે કાળે જે પ્રકારની સમજણો છે તે જ પ્રકારની સમજણો સાચી છે, એવું આપણને જ્યારે લાગે ત્યારે આપણે જરૂર સમજવું કે અનાસક્તિ, નિરાગ્રહ, નિષ્કામ, નિર્મોહ, નિર્મમત્વ વગેરે પ્રકારની ભૂમિકા કેળવાયા પછીથી જે સમજણ પ્રગટે છે, ને હાલની આપણી જીવદશાની ભૂમિકામાં જે સમજણો છે તે

બંને પ્રકારની સમજણોમાં ધરમૂળનો તફાવત છે. તેથી જે જીવે શ્રેયસાધક થવું છે, તેણે તો સમજીને પોતાની તે તે કાળની સમજણની પકડમાં જકડાઈ ન જવાય, અને તેની જીવદશાની ભૂમિકાની તે કાળની સમજણો, માન્યતાઓ વગેરેની મડાગાંઠમાંથી કેમ કરીને છૂટાય એવા સભાનપણાના જાગૃત પ્રયત્નમાં તે જો સાચી રીતે મંડ્યો રહેતો હોય, તો તેવો જીવ પોતાની કોઈ પણ સમજણ કે માન્યતાને પકડીને વળગી રહેશે નહિ. અનેક પ્રકારની આવી ગડમથલોના તેના પ્રયત્નો જીવતાજાગતા ચાલુ જ રહેવાના.

## 'થતાં ખુલ્લા' સમજવું તે

"અનાસક્તિથી નિષ્કામ, નિર્મમત્વથી નિર્મોહ"
-પ્રમાણે તે જીવન તમ, તો થયા ખુલ્લા જ સંપૂર્ણ.

"જીવનનાં સર્વ પાસાંનું પદે તેને નિવેદાતું
-પૂરેપૂરું જ ભક્તિથી", થતાં ખુલ્લા સમજવાનું.

"પડેલી સમજણો, ટેવો, મતો ને આગ્રહો જે તે
-થતાં મોળાં જ જ્યાં લાગ્યે", થતાં ખુલ્લા સમજવું તે.

શી તીવ્ર સભાનતા હ્દે ભલું કરનારની પ્રત્યે
-પળેપળ દિલ જાગંતાં ! થવાશે તો જ ખુલ્લું તે.

ખુલ્લા થવું એટલે જીવ પ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિકરણની પ્રાકૃતિક ધર્મથી મુક્તિ. આવું ખુલ્લા થવું તે જ્ઞાનપ્રકારનું ખુલ્લા થવાપણું ગણાય. એવું ખુલ્લા થવાપણું એટલે જ્ઞાનાત્મક શરણાગતિ. એવું ખુલ્લા થવાપણું એટલે જીવનું જીવપણું ટાળવાની મંગળમય પ્રાથમિક ભૂમિકા. ખુલ્લા થવું એટલે જીવપ્રકૃતિએ જીવપ્રકૃતિમાંથી મુક્તિ મેળવીને ચેતનના પ્રદેશમાં પગલાં માંડવાનાં મંગળાચરણ.

સાચી રીતે ખુલ્લા થવાપણું એટલે મનાદિકરણોના પ્રાકૃતિક ધર્મોનું ઓગળી જવું તે. સાચી રીતે ખુલ્લું થવામાં તો જ્ઞાનભક્તિપૂર્વકનું મુલાયમપણું પ્રગટે છે ને જીવનવિકાસના માર્ગમાં તે ખાસ જરૂરનું છે. આકાર ઘડાવાની ભાવનાને સ્વીકારતું તેવું મુલાયમપણું વિકાસના પંથે આગળ વધવાને માટે તો એક મોટામાં મોટી જરૂરિયાત છે અને એવા

ખુલ્લાપણાની દશાનો પણ સાધનામાં આગળ જતાં વિકાસ થયા કરે છે ને એની પણ ઉત્તરોત્તર ઉચ્ચ ને ઉચ્ચ કક્ષાઓ હોય છે. આપણે જે ખુલ્લા થવાનું છે, તે આપણા જીવનના ચણતર ને ઘડતર માટે.

**ખુલ્લા થવાપણું એટલે જીવદશાની સકળ વૃત્તિઓની પકડમાંથી મુક્ત થવાની આંતરિક પ્રક્રિયા.**

**ખુલ્લા થવું જ પડશે**

જીવનનો વિકાસ પૂર્ણપણે અને બધી રીતે, સંપૂર્ણ ખુલ્લા થયા સિવાય થઈ શકવાનો નથી. આ હકીકતનું અંતરનું જ્ઞાન સાધકને જ્યાં સુધી પ્રગટી શકતું નથી, ત્યાં સુધી તે પ્રગતિ પણ કરી શકવાનો નથી. જે જે વૃત્તિ, વિચાર, લાગણી, પરસ્પરના વર્તનથી પ્રગટતી વૃત્તિ, કર્મ-પ્રસંગ અને વર્તનમાં જાગતાં વલણો અને તેમાં પોતાની પ્રગટતી જતી સ્થિતિ, તે બધાંનો હૃદયનો ખુલ્લો એકરાર પૂરેપૂરો થયા વિના સાધકથી ખુલ્લું પણ થઈ શકાવાનું નથી, તે જાણજો.

**ખુલ્લાં રહીને પ્રાર્થના કરો**

જો આપણે જીવનના સાધક પ્રભુકૃપાથી થવું હોય કે રહેવું હોય તો આપણે મનહૃદય વગેરેમાં અને વગેરેથી પૂરેપૂરાં ખુલ્લે ખુલ્લાં સરળ સહજપણે રહેવું પડશે. હજી તો કંઈ કંઈ પડો વણઊકેલ્યાં પડી રહેલાં છે. જે જે થઈ રહેલું છે તે બધું ખૂણેખૂણામાં ભરાઈ જાય છે. એટલે સાધકના સાધનાજીવનની પ્રથમ શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે અને સર્વ ભાવે ખુલ્લાં થવામાં રહેલી છે. તે પોતાનું જે તે બધું જ એને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરે. જીવનવિકાસને યોગ્ય જ્યાં જ્યાં જે જે પળે વર્તી શકાતું ન હોય, ત્યાં ત્યાં જે જાગી જાગીને તેમાં રચનાત્મક કૃપામદદ મળી શકે, તે માટે લળી લળીને ગદ્ગદ કંઠે હૃદયમાં, હૃદયથી શ્રીપ્રભુની પ્રાર્થના કર્યા કરે. પ્રાર્થનાનું મહત્ત્વ જે ખરેખરો સાચો સાધક બન્યો હોય છે, તેને આપમેળે હૃદયમાં સમજાઈ જતું હોય છે. પ્રાર્થના તો તેને મન જેમ બાળક માથી જીવન મેળવે છે તેના જેવી છે. કંઈ પણ થતાં તે પ્રાર્થનાના ભાવમાં પરોવાઈ જાય છે. સાધકના જીવનવિકાસ માટે આ વિના કોઈ બીજો સરળ માર્ગ નથી. સાધક જો હંમેશાં હૃદયમાં હૃદયથી સંપૂર્ણ, સર્વ રીતે અને સર્વ ભાવથી ખુલ્લો અને સરળ રહ્યાં કરતો હશે, શ્રીભગવાનના ભાવને ઝીલતો

રહેવાને માટે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક અભિમુખ અંતર્મુખતાવાળો બનેલો રહેશે, તો એવા સાધકને જીવનમાં જ્યાં જ્યાં અટવાઈ પડતાં કે ગૂંચમાં પડી જતાં કે ઉપાધિમાં કે અશાંતિમાં કે મુશ્કેલીમાં વગેરે એવાં કારણોમાં પણ પ્રત્યક્ષ મદદ મળી રહેતી તે અનુભવી શકવાનો છે.

**જીવનસાધના એટલે તો કેવળ નિર્બંધ રીતે સર્વાંતર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તે રીતે દોરાવાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક પ્રક્રિયા.** તેમાં શુદ્ધ નિર્ભેળતા પ્રકટી જાય, એટલે કે પ્રકૃતિનાં સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણથી પ્રેરાઈને જીવનવહન થવાને બદલે કેવળ આત્મા કે પુરુષ કે ઈશ્વરથી પ્રેરાતું જીવન થઈ જાય, સંપૂર્ણપણે જ્ઞાનભક્તિપૂર્વકનું એનું સાધન કે યંત્ર થઈ જવાય, તેવું જીવન જિવાય, તદ્દ્રૂપ થઈ જવાય, એનું નામ સાધના કે સિદ્ધિ.

બધાંને લાભ આપવાવાળો એમ તો શ્રીભગવાન સચરાચરપણે બધે જ બિરાજેલ છે. પરંતુ જ્યાં સુધી એને સ્વીકારાત્મક, તથા ચેતનાની ભાવનાને હૃદયથી ઉમળકાભેર પ્રતિ ઉત્તર આપી શકે એવી ભૂમિકાવાળાં આપણે જ્યાં સુધી ન બની શક્યાં હોઈએ, અને એને સાનુકૂળ આપણે મનહૃદયથી ન રહ્યાં કરતાં હોઈએ, ત્યાં સુધી એ ભગવાનનો ભાવ-આપણામાંનો કે બહારનો આપણને સ્પર્શ કરી શકતો જ નથી.

સાધનાની ઉત્તરોત્તર ભૂમિકાઓ વટાવતાં જ્ઞાનયુક્ત જે શરણાગતિ પ્રગટે છે, તે સ્થિતિ કૈં ઢીલાપોચા માનવીની નથી. તે તો નક્કર વાસ્તવિક સ્થિતિ છે તેવી રીતે જીવન પાકતાં પાકતાં જે રસ પ્રગટવાનો છે એને ઢાળવાને માટે, સોનાના રસની લગડીઓ બનાવવાને માટે લોઢાની નાળ હોય છે, તેમ એ રસને આકાર લેવા માટે આપણે એવી નાળ બનવું પડશે. જેવી નાળ આપણે બન્યાં હોઈશું તેવો આકાર થશે એવું કશું આ બાબતમાં નહિ બને, કારણ કે જે કંઈ તૈયાર થયું હશે તે પણ જો તેને અનુરૂપ ભૂમિકા નહિ બની હોય તો એ જે કંઈ થોડો રસ ઉદ્ભવશે તેને પણ લાયક Receptable ઝિલનાર પાત્ર, યોગ્ય ન હોવાને લીધે વેરવિખેર પણ થઈ જાય અથવા બીજી રીતે પણ પરિણમે.

## આપણી સમજણોનું કારણ

આપણા વાતાવરણને લીધે, આપણા સંબંધોને લીધે, જે કાર્યક્ષેત્રમાં કામ કરતાં હોઈએ તેની કાર્યપદ્ધતિ અને વિચારના સંસર્ગના પ્રભાવે, સંસ્કારના પ્રતાપે, માતાપિતા વગેરે તરફથી મળેલા વારસાને લીધે, આપણી ઐહિક કેળવણીથી, જગત સાથેના વ્યવહાર-સંબંધથી ને પરિચયથી, કર્ણપરંપરાગત મળેલી સમજણથી, વડીલો ને પૂજ્યજનોના વર્તનથી, એવાં કારણોને લીધે અનેક પ્રકારની માન્યતાઓ, ખ્યાલો, આગ્રહો આપણામાં પડેલા હોય છે; એ આપણને એક યા બીજી રીતે દોરવવાને છૂપાં છૂપાં મથ્યાં કરતાં હોય છે. એ એક ભારે મડાગાંઠ કે નાગચૂડ છે. એમાંથી છૂટવું કંઈ સહેલી વાત નથી. માત્ર ભગવાનની કૃપા જ એમાંથી આપણને ઉગારે છે.

## સર્વ સંકોચો ફગાવો

ઘૃણા, દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળાભિમાન તથા શીલ, સ્વભાવ અને જાતિનું અભિમાન, એ બધાં પણ એક પ્રકારના સંકોચ છે. તેનાથી પણ આગળ જતાં મુક્ત થવાનું છે, મતલબ કે થવું પડશે. તે બધું કંઈ એમ ને એમ થોડું જ થવાનું ? પ્રભુકૃપાથી આપણે તો કશામાં અને કશાથી પણ બંધાઈ જવાનું નથી.

સંકોચ કંઈ એક પ્રકારનો હોતો નથી. અનેક પ્રકારના હોય છે અને તેમાંથી મુક્ત થવું એ પણ કંઈ સરળ હોતું નથી. ભારે ભય પ્રગટતાં બધા માનવી તેમાંથી એકદમ ભાગી જ છૂટે છે, એવું પણ કેટલીક વાર નથી બનતું, એવા ભયથી કેટલાકને ધ્રુજારી વછૂટે છે અને રોમેરોમમાં એવો ભય પ્રગટે છે કે તે ત્યાં ઢગલો થઈને પડે છે. સંકોચનું પણ તેમ છે. સંકોચથી મુક્ત થઈને વર્તવું એ એકદમ નથી બનતું. જ્યાં સુધી સર્વ પ્રકારના સંકોચથી જીવનમાં મુક્તિ ન મેળવાય ત્યાં સુધી જીવનમાં જ્ઞાનભક્તિપૂર્વકનું, સાધનાના ભાવનાના વિકાસ માટેનું યોગ્ય વર્તન પ્રગટી શકતું નથી. આવું જેને જ્ઞાન છે તેવો જીવ તેના વર્તનમાં પ્રગટતાં સંકોચને ટાળી શકવાને જાગૃત થઈ શકવાનો અને ઉદ્યત પણ થઈ શકવાનો છે. પહેલાં તો આવા પ્રકારના સંકોચની યોગ્યતા કે અયોગ્યતા સમજવાની જરૂર રહે છે. એવી અંતરની વિવેકની આંખ જીવનના યોગ્ય પ્રકારના વર્તનમાંથી પ્રગટે છે, તે જાણશો. હૃદયની ઉન્નત,

તીવ્રતાભરી, માર્ગ પરત્વેની જાગૃત ભાવના જેમ જેમ વિકસતી જશે, તેમ તેમ તે જ આપણને મદદ કરતી રહેવાની છે.

## આપણે કેવા થવાનું છે ?

### કુંભારની માટી જેવા બનો

'સમગ્ર જીવન ભગવાન માટે જ છે' એવી જેને દૃઢ પ્રતીતિ થઈ હોય એવો હૃદયની જિજ્ઞાસાવાળો, નિષ્ઠાવાન સાધક આગળ વધ્યા વિના રહી શકવાનો જ નથી. તેવો સાધક જ શરણભાવવાળો ગણાય.

જે જાતની નમ્રતા અને નિરાગ્રહીપણું, અનાસક્તિ, શ્રદ્ધા, પ્રેમભક્તિ જીવનમાં કેળવાયેલાં અને ઉત્કટ પ્રમાણમાં વિકસેલાં હોવાં જોઈએ તે હોતાં નથી. એટલે યોગ્ય પ્રકારનો ઘાટ ઉપજાવી શકાતો નથી. કુંભાર ઘાટ ઘડવા માટે માટીનો જે લોંદો તૈયાર કરે છે, તેમાં નરમાશ, કુમાશ, ભીનાશ એટલાં બધાં હોય છે કે કુંભારને તેમાંથી ઇચ્છેલો આકાર ઘડવામાં સરળતા રહે છે. એવી મુલાયમ સ્થિતિ આપણાં કરણોની થઈ જવી ઘટે છે. એમ બને તો જ આપણાં જીવનના વિકાસના માર્ગમાં યોગ્ય ઉઠાવ જન્મી શકે.

### એનું નામ ખુલ્લાપણું છે.

કુંભાર માટીમાંથી સર્વ આકાર બનાવે છે, પરંતુ કોરી માટીમાંથી તે આકાર બનાવી શકશે નહિ. આકારમાં પરિણામ પામવા માટે માટીને ભીનું થવું પડે છે. અંદરથી કાંકરા કે કસ્તર વગેરે દૂર કરવા પડે છે. એટલું જ નહિ, પણ તેને ખૂબ ગૂંદાવું પડે છે. લોંદા જેવા બનવું પડે છે. જેમ વાળવી હોય તેમ વળાય એવું બનવું પડે છે. ત્યાર પછી એને ગતિમાં આવવું પડે છે. એટલી બધી ગતિમાં તે આવી જાય છે કે જાણે તે સ્થિર હોય. આવી સ્થિતિમાં આવ્યા પછીથી જ કારીગરને હાથે તેમાંથી આકાર નિપજાવી શકાય છે એવું જ આપણી બાબતમાં પણ છે.

સોનું ભલે કઠણ હોય પણ જો એ એના કઠણપણાનો આગ્રહ રાખે તો પછી સોનીના હથોડા પડવા છતાં એ આકાર બદલે જ નહિ ને ઘાટ ઘડાય પણ નહિ. તેવી રીતે આપણે આપણા આગ્રહો, મંતવ્યો છોડતા જવાનું છે. દા.ત. કોઈ એક અમુક જ માર્ગ ખરો એવી માન્યતા પણ નથી રાખવાની, કારણ કે ભગવાન અનેક રીતે વ્યક્ત થતો હોય છે. એની કોઈ મર્યાદા નથી. આપણે જે ભાવથી પ્રેરાઈને વર્તીશું, તે પ્રમાણે આપણને તેવું પરિણમશે અથવા તેવું થવાશે.

આપણે આપણી મરજી પ્રમાણે ઘડાવાનું નથી, એની મરજી પ્રમાણે ઘડાવાનું છે. જો એની મરજી પ્રમાણે ઘડાવાનું હોય તો આપણે કેવા રહેવું ઘટે તે પણ વિચારી લેવાનું રહે છે. તે માટે આપણે એક સાદો દાખલો લઈએ. કુંભાર ચાકડા ઉપર પોતાને જોઈતા ઘાટ ઘડે છે; પણ એ ત્યારે જ બને છે કે જ્યારે માટીનો લોંદો તદ્દન નરમ રહેતો હોય. તે પોતે પોતાનું સ્વતંત્રપણું તદ્દન ગુમાવી દે છે, પોતે છે જ નહિ એમ રહ્યાં કરે છે. જો કે માટીનું પોતાપણું (માટીપણું) એ રાખે છે પણ પોતાની હયાતીનું ભાન પણ એ રાખતી નથી. આપણા પ્રત્યેક પ્રસંગમાં, સંબંધમાં, વ્યવહારમાં, ભાવનામાં, લાગણીમાં, વિચારમાં, કાર્યમાં-બધામાં બહિર્મુખપણે તેમજ અંતર્મુખપણે સતત જાગૃતિ રાખીને આપણે એવા રહેવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે.

ભગવાન પોતાનું પ્રાકટ્ય ઉદ્‌ભવવાને આપણા કરતાં વધારે આતુર છે એ વાત નક્કી છે. પણ એથી તો આપણે વધારે જાગૃતિ ને કાળજી રાખવાની જરૂર રહે છે, કેમ કે આપણે એવી ભૂમિકા તૈયાર કરવામાં મંડ્યા જ રહ્યા કરેલા હોવા જોઈએ. આપણા જીવનમાં કંઈ અન્યથાપણું ન રહેવું જોઈએ. બીજ વાવવાને માટે જમીનને જેમ એકરસ કરી દેવામાં આવે છે તેમ આપણે પણ કરતાં રહેવાનું છે. ખરી રીતે તો ભગવાનને પ્રકટ થવાપણું રહેતું જ નથી. અમુક રીતે થવાયું એટલે આપોઆપ એ તો પ્રકટે જ, અથવા પ્રકટી રહેલો છે. પણ આપણા જીવનનો ક્રમ અને દૃષ્ટિનો ક્રમ એ બંને ઊલટી બાજુનાં હોય છે. એટલો જ મૂળ વાંધો છે. એક ઠેકાણે ગાયું છે કે “સંતકૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જો ને” પણ ત્યાં પણ ‘સંતકૃપા’ એટલે ભગવાનની કૃપા. એની કૃપા હોય, મળે તો જ એવી કૃપા એના યંત્રરૂપે મળી રહેવાની જ છે એ નિશ્ચિત વાત છે. માત્ર આપણે આપણું સર્વ કાર્ય મન દઈને, યજ્ઞરૂપે, એના શરણભાવે કર્યા કરીએ ને એનામાં વિશ્વાસ ધરીએ કે એ યોગ્ય કાળે કરશે જ. બસ એટલું થયું એટલે આપણું કામ પત્યું. એમ આપણે હૃદયથી નિશ્ચિત રહ્યા કરીને આપણા ભાગનું જે કંઈ હોય તે પૂરતું દક્ષતાથી કર્યા કરીએ ને એમાં કોઈને કંઈ પણ કહેવાપણું બાકી ન રહે, એવી રીતે કરીએ. એમ વર્ત્યા કરીએ તો આપણને પણ નિરાંત રહે છે.

સંપૂર્ણ નિરાગ્રહી માનવી, કુંભાર માટીને વાસણોને જે માટીના લોંદામાંથી ઘડે છે, તેના જેવો મુલાયમ હોય છે. એવું થયા સિવાય આપણે પૂરેપૂરા સરળ, pliable (મુલાયમ) થઈ શકતા નથી. શરણાગતિની ભાવના પ્રગટાવવાને માટે આવું થવું ઘણું જરૂરનું છે.

આપણાથી હજી પૈસાનો ત્યાગ થઈ શકે, કીર્તિનો ત્યાગ થઈ શકે, સગાંવહાલાંનેય કદાચ થઈ શકે, પરંતુ 'આપણાં' માની લીધેલાં, આત્મસાત્ કરી લીધેલાં એવાં મંતવ્યો, ટેવો, ગણતરીઓ, સમજણો, મૂલ્યાંકનો વગેરેનો ત્યાગ થવો ઘણો મુશ્કેલ છે, અને તે તો જ થઈ શકે કે જો આપણે સતત જાગૃતિ રાખીને જ્ઞાનભાનપૂર્વક પ્રત્યેક પ્રસંગે સત્યને અનંત પાસાં છે એમ ખ્યાલમાં રાખી એ સત્યને દિલમાં દઢાવીને અને નિરાગ્રહની ભાવના કેળવીને વર્તી શકીએ ત્યારે.

મુલાયમ થયા વગર તમે નિરાગ્રહ, નિષ્કામ, અનાસક્ત, નિર્મોહ કદી નહિ થઈ શકો. એના માટે જ મુલાયમ, સરળ આપણા સ્વભાવનું હોવું તે બહુ જરૂરનું છે.

ભગવાન તરફ જવાનો જેનો અભિગમ છે, તેના માટે તો આ બધા ગુણ બહુ ઉત્તમ છે. જો માણસ પ્લાયેબલ ના હોય તો માણસ દઢ-પોતાના મંતવ્યમાં, પોતાની સમજણમાં, આ જ રીતે આમ થવું જોઈએ એવો આગ્રહી હોય છે તેમજ ચોક્સાઈમાં - વ્યવસ્થામાં એટલો બધો જડ થઈ જાય છે કે એમાં ને એમાં જ એ પોતાના મંતવ્યને, સમજણને વળગેલો રહે છે. પ્લાયેબલ જેની સ્થિતિ છે, જેનામાં મુલાયમતા છે તે માણસ વળગી નહિ રહે.

બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ - તે બંને દશા અયોગ્ય છે. 'બહુ ખેંચી પકડીએ' એટલે પુરુષાર્થથી કરી તંગ ને તંગ રહ્યા કરતાં હોઈએ તે, ને 'બહુ ઢીલું મૂકી દઈએ' એટલે તો પ્રમાદ, આળસ ને તામસમાં જ પડ્યાં રહ્યાં કરતાં હોઈએ તેવી દશા. આપણે તો તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. આપણે તો જ્ઞાનભક્તિપૂર્વક માટીના લોંદા જેવા મુલાયમ બન્યાં કરવાનું છે. આપણે જે તે બધું શ્રીભગવાન પર છોડવું. એને સોંપતા રહીને, એના સામર્થ્યની પ્રેરણાથી આપણે એના સાધન થઈને, એને કામ કરવા દેવું. એમ કરતાં કરતાં આપણું જુદું અસ્તિત્વ સંપૂર્ણ મિટાવી દેવું.

અનેક જન્મજન્માંતરનું કર્મ થોડાક દિવસમાં કંઈ થોડું નીપજી શકે ? પહેલાં તો જમીનનાં કાંટાઝાંખરાં સાફ કરી બાળવા પડે. પછી જમીનને ખેડવી પડે. જમીનની આગળપાછળ વાડ કરવી પડે. પછી બી વાવીએ ને જો પ્રભુકૃપાનો વરસાદ વરસે તો કંઈક ઊગવા સંભવ રહે. ઊગે ત્યારે પણ એમાં બીજું ઘણું અનાજના છોડને વધવા ન દે એવું ઊગ્યા કરે. એને કાળજી રાખીને નીંદી નાખવું પડે છે ને ઊગેલા છોડની અનેક રીતે ગોડ વગેરે કરવાનું રહે છે. અનેક પ્રકારના જીવજંતુઓથી પણ એની રક્ષા કરવાની રહે છે.

કોઈ પણ ભાવનામાં, લાગણીમાં, વિચારમાં, વ્યવહારમાં, સંબંધમાં, વર્તણૂકમાં, કાર્યમાં, પરિચયમાં, વાતચીતમાં, આપણા કર્તવ્યક્ષેત્રમાં, ઑફિસના કામમાં, વેપારમાં એમ કશામાં પણ ભેરવાઈ ગયા વિના સાક્ષીભાવે રહ્યાં કરવાનો સતત જાગૃતિપૂર્વકનો પ્રયાસ આપણે ચાલુ જ રાખવાનો છે. ઉપરના દરેક શબ્દમાં સહેજ જુદો અર્થ છે માટે તે લખ્યા છે.

નમ્રતા તો આપણે છેવટની હદ સુધીની રાખવાની છે. આપણે ધૂળ, રજકણથીયે વધારે નીચા ને હલકા છીએ; આપણે કંઈ જ કશું નથી, એ ભાવના આપણામાં દૃઢાવવાની છે. એ વિના, એના સતત સેવન વિના, આપણે ભગવાનના યંત્ર બનવાની તૈયારી કે ભૂમિકા રચી શકવાના નથી. વળી જો 'આપણે કંઈ જ કશું નથી' એ ભાવના નિરંતર કેળવ્યા કરવાની હોય તો આપણે આપણા મંતવ્યો, આગ્રહો, ખ્યાલો, વિચારો, રૂઢિઓ, માનેલા સિદ્ધાંતો વગેરેની બાબતમાં પણ નરમ રહ્યાં કરવું પડશે. એ કશા ઉપર આપણે ભાર રાખ્યાં કરવાનો નથી. ભાર તો જે આપણે કર્યા કરવાનું છે, એના ઉપર જ (એટલે સાધના ઉપર જ) રાખ્યા કરવાનો છે એ જ આપણો 'સિદ્ધાંત' છે. લીધેલા કામ એકલા ઉપર જ આપણે બધી શક્તિ, બધો વેગ, ઉત્સાહ, ખંત વગેરે તમામ રેડ્યાં કરવાનાં છે.

**સહજ નમ્રતા ક્યારે ?**

અનેક પ્રકારની જડ માન્યતાઓ - તેવા તેવા આગ્રહો - અનેક જાતના પૂર્વગ્રહો એવી અનેક પ્રકારની સમજણો આ બધું આપણામાં જડ ઘાલીને બેઠેલું હોય છે. વળી, સ્વભાવના પણ અતડાપણા જેવા બીજાં

દોષો હોય છે. તેના કારણે સાચી સહજ નમ્રતા કદી પ્રગટી શકતી નથી. અને એવી ઉત્તમ ભૂમિકાની સહજ નમ્રતા પ્રગટ્યા વિના 'રિસેપ્ટીવિટી ઍન્ડ રિસ્પોન્સીવિટી' (ગ્રહણાત્મક અને પ્રત્યુત્તરાત્મક) ભાવના કદી પ્રગટી શકતી જ નથી. એટલે સાચી નમ્રતા પ્રગટાવવાને માટે ઉપર લખેલાં આવરણોથી ખૂબ મોકળાં થવાની જરૂર. જો આપણું તેવું થવાનું ખરેખરું દિલ હોય તો જાણીબૂઝીને, સમજીને, તેમ કરવું જ પડશે.

આપણે બીજું બધું માન્યા કરતા હોઈએ તે પ્રમાણે વર્તવામાં આમ તો વાંધો નથી; પણ સામાન્ય રીતે એમ કરવા જતાં આપણે લોકો એ પ્રમાણેના વર્તન પર જાણ્યે અજાણ્યે ભાર (Stress) મૂકતા રહીએ છીએ. આથી આપણા પેલા કામમાં એટલી એકાગ્રતા જામતી નથી; એટલે તેટલા પ્રમાણમાં રસ પણ રહેતો નથી. આમ વિચારતાં જો મારું કહેવું ગળે ઊતરતું હોય અને જો એ સાચું લાગતું હોય, તો ઉપર પ્રમાણે કરવાનું ચીવટાઈથી રાખશો. જ્યાં આપણી ગતિ અને લક્ષ ગયાં કરતાં હોય, ત્યાં ભલે ગયાં કરે, પણ એમાં ક્યાંયે કોઈ પ્રકારનું આગ્રહપણું ન ભળવું જોઈએ; એના પર ભાર ન રહેવો જોઈએ. એમાં માત્ર સરળતા રહેવી ઘટે. આપણા વિચારો, સિદ્ધાંતો ને આપણી અત્યાર સુધીની વર્તણૂક પ્રમાણે આપણે પોતે ભલે વર્તીએ ને એ પ્રમાણે કરીએ, તો પણ એના પર ખાસ જોર ન હોવું જોઈએ. એનો આગ્રહ ક્યાંયે ન રહેવો જોઈએ. એની છાપ પણ ન રહે, અથવા આછી રહે એટલું આપણે માટે વધું સારું છે. આપણી ભૂમિકા રચવામાં આ બધું જરૂરનું છે.

## આગ્રહ - નિરાગ્રહ

આપણામાંથી આગ્રહવૃત્તિ જવાની જરૂર છે તે તો જાણીતી હકીકત છે. અહમ્‌ને ટાળવાને માટે સર્વ પ્રકારના આગ્રહો ટળી જાય તે જરૂરનું છે. નિરાગ્રહ પ્રગટતાં પ્રગટતાં સર્વ પ્રકારની મડાગાંઠો ઓગળવાની છે. આગ્રહપણાને લીધે જે તે પ્રકારની સમજણ વળગીને ચોંટી રહે છે. આગ્રહને લીધે તેમાંથી મુક્ત થવાતું નથી. આગ્રહ છૂટે, તો સાચી સમજણ પ્રકટે. પરંતુ આ વિશે સાધકે ચેતવાનું પણ છે. સાધનાના અભ્યાસ પરત્વેનો એનો આગ્રહ થવાપણું એટલે ઢીલાપોચાપણું નહિ. નિરાગ્રહ થવાપણામાં સાચો નિશ્ચયનો ભાવ પ્રકટતો હોય છે. નિરાગ્રહ

થવાપણાના વર્તનમાં અને તે દિશામાં ઉત્તરોત્તર, એક પછી એક, જેમ જેમ પગલાં મંડાતાં જતાં હોય છે તેમ તેમ તેમાં નિશ્ચયની છાપ-અસર-પ્રકટેલી કે પ્રકટતી જતી અનુભવાય છે. ભાવ ભાવનું કામ કરે છે તે હકીકત સાચી છે. તે સાથે સાથે ભાવની ઉત્કટતા પ્રકટેલી હોય છે, ત્યારે તે તેમ બને છે તે પણ સમજવું ઘટે છે.

**જીવનસાધના સિવાય બધામાં અનાગ્રહ**

આપણે કંઈ કશામાં આગ્રહી વૃત્તિ રાખવાની નથી, વિચારમાં પણ નહિ અને મનમાં પણ નહિ. કોઈ કહે કે આમ છે તો ભલે તેમ હોય, કોઈ કહે કે આમ નથી તો ભલે તેમ ના હોય. જે કામ આપણું સમજ્યા છીએ તેમાં તો મરણિયો નિર્ધાર પ્રકટાવવાનો છે ને રાખવાનો છે. કઈ રીતે જીવનવિકાસનું કર્મ આગળ ધપે એ તરફ સમગ્ર ને સંપૂર્ણ એકાગ્ર ને કેન્દ્રિત લક્ષ આપવાનું છે, અને ધ્યેયની ભાવનાનુસાર જે કંઈ ઊગે, સૂઝે તે પ્રમાણે જીવનમાં વર્તવાનો મક્કમ નિર્ધાર રાખવાનો છે. તેમાં આવતા અંતરાયોને છેદી, કાપી નાખવાના છે. ત્યાં કશું બાકી કે ઢીલું મૂકવાનું નથી. જીવનધ્યેય માટેનો આગ્રહ એટલે એકનિષ્ઠાપૂર્વકનું એકાગ્ર ને કેન્દ્રિત જીવનવહન, એવો અર્થ ‘આગ્રહ’નો કરવાનો છે. શક્તિ અને બુદ્ધિને તથા અંતરનાં કરણોને પણ ‘બહુશાખા’ અને ‘અનંત’ થવા દેવાનાં નથી. તેમને વાળીને એક જ પટમાં વહેતા થાય તે આપણું જીવનકાર્ય છે. તે માટેનો આગ્રહ તો જરૂર રાખવાનો છે. પણ તે સિવાય કશામાં આગ્રહ રાખવાનો નથી.

**સાધનામાં મક્કમ આગ્રહ**

જે સાધન આપણે કરી રહેલા છીએ અથવા તો જે સાધન આપણે કરવાનું છે, તેને તો સંપૂર્ણતાથી પૂરેપૂરું એકધારું વળગી રહેવામાં ભાવનાભર્યો આગ્રહ રાખ્યા જ કરવાનો છે. સાધનાની ભાવનામાં અંતરાય પ્રગટાવે એવો કશો પણ આંતરિક કે બાહ્ય પ્રસંગ ઊપજતા આપણે દૃઢ, મક્કમ, મરણિયો આગ્રહ રાખીને સાધનાની ભાવનાને સાનુકૂળ હોય એવું જ વર્તન ચેતી ચેતીને રાખવાને અને તેવી ભાવનાથી જીવનમાં પ્રવર્તવાને માટે મથી મથીને આપણે ભાન પ્રગટાવવાનું છે. વચમાં પ્રગટતા અંતરાયોને તો જરા પણ મચક આપવાની નથી. આમ, સાધના સિવાયની તમામ બાબતમાં - પછી તે ઝીણી હોય કે મોટી હોય, ત્યાં તેમાં - અનાગ્રહ અને જ્યાં સાધનાની

ભાવનાની હકીકત હોય, પ્રશ્ન હોય, ત્યાં દૃઢતાયુક્ત મરણિયો આગ્રહ - એવી બે પ્રકારની ભાવના આપણે કેળવવાની છે.

## નિરાગ્રહી રહીને ઉપયોગ કરો

સર્વ કોઈ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે જ્ઞાનાત્મક દશામાં પ્રકટવા માટે, ઉપયોગના જ્ઞાનભાન સાથે નિરાગ્રહીપણું પ્રકટાવતા રહીએ તો સદાય નિરાંત, નિશ્ચિંતતા, પ્રસન્નચિત્તતા, સમતા, શાંતિ વગેરે ઝળહળતાં પ્રકટ્યા કરતાં રહે ને તેમ બન્યા કરે તો જ જીવનનો વિકાસ સહજપણે સધાઈ જાય. કોઈ બાબતમાં કંઈ કશાનો આગ્રહ ન રહે તે સાધના માટે ઉત્તમ છે. અંતે તો સારા કે ઉત્તમના આગ્રહથી પણ પર જવાનું છે ને થવાનું છે. સમજણની પણ મડાગાંઠો હોય છે ને તેમાંથી પણ મુક્ત થવાનું હોય છે, ને તે પણ નિરાગ્રહપણાનું યોગ્ય વર્તન યથાકાળે સમજી સમજીને, જેમાં ને તેમાં પ્રકટાવતા રહીશું, તો જેમ થવાપણું છે કે પ્રકટવાપણું છે, તેમ થવાયા જવાનું છે અથવા તેમ પ્રકટ્યા જવાનું બન્યા કરવાનું છે તે માનવું. માટે સમજીને નિરાગ્રહી જ રહેવું, પરંતુ તે વેળા તેવા તેના જ્ઞાનપૂર્વકના ઉપયોગનું જ્ઞાન દિલમાં જીવતું-જાગતું પ્રવર્તેલું રાખ્યા કરવાનું ઘણું જરૂરનું છે. તે વિના તેનો યોગ્ય ઉઠાવ જીવનમાં પ્રકટી શકનાર નથી તેનો ખ્યાલ રાખજો.

## આગ્રહ નિવારણ

આગ્રહો ટાળવા જ અને આગ્રહો તે નડતરરૂપ, અડચણરૂપ અને જીવનવિકાસને વિઘ્નકર્તા છે એવું વેદનાપૂર્વકનું ઉત્કટ ભાન પ્રગટ્યા વિના આગ્રહો કદી ઘટી શકતાં નથી. સામાન્ય સમજણથી જરાતરા આગ્રહો પરત્વેનું બળ ઓછું થતું જણાય. પણ તે ખરેખરું ઉપયોગનું નીવડતું નથી. આગ્રહો પણ ત્યારે જ હઠે છે કે જ્યારે રાગદ્વેષ મોળા પડે અને મોહ-લોભ વગેરે વૃત્તિઓ ઘટી જાય. આગ્રહો સ્ફુરે છે તે અંતરની વૃત્તિના બળના કારણે. આગ્રહોનું કોઈ પોતાની આગવી શક્તિ કે બળ હોતા નથી. અંતરમાંના જુદા જુદા પ્રકારના સંસ્કારોનાં કારણો વડે કરીને તે આગ્રહો જાગે, એટલે અંતરની તેવા અનેક પ્રકારની વૃત્તિઓનું બળ ઘટે તો જ આગ્રહો જાય. માટે આપણે તો મૂળને પકડવું.

## આગ્રહો કેમ છૂટે ?

આપણા આગ્રહો છૂટી જવાની ધન્ય પળ લાવવાની વાત જેમ આપણા પોતાના હાથમાં છે તેમ ભગવાન પર પણ તે આધાર રાખે છે.

આપણે જો સમર્પણભાવે ને શરણભાવે રહીને તટસ્થતાપૂર્વક આપણો પુરુષાર્થ કર્યા કરીશું તો શું શું આપણે નથી કરવાનું તે પણ આપણને સૂઝ્યાં કરશે. વળી, જે બધા આગ્રહો આપણામાં છૂપી રીતે રહેલા છે, ને જ્યારે ઉપર તરી આવી પોતાનું જોર કરતાં જણાય, ત્યારે જો આપણે સાક્ષીભાવ અને જાગૃતિ રાખી શકતા હોઈશું તો ‘આ આપણો આગ્રહ છે’ એવો ખ્યાલ તરત જ આવે, ને તે વિચાર જ આપણને તેમ કરતાં જરૂર અટકાવે. જે કંઈ નવાં પરિણામ નીપજવાનાં છે તે કંઈ ઉપરથી, અધ્ધરથી પડવાના નથી કે કોઈ બીજામાંથી આવવાનાં નથી, પણ આપણા પોતામાંથી જ ઉદ્ભવવાનાં છે.

**જ્ઞાનપૂર્વકની આધીનતા-શરણાગતિ**

જે કોઈ જ્ઞાનપૂર્વક સંપૂર્ણપણે આધીન થવાનું સ્વીકારે છે, એને અનેક જાતના લાભો થયા વિના રહી શકતા નથી. એના મનની પડેલી ટેવો એનાં આધીન થવાપણામાં બધી જતી રહેશે. મનના આગ્રહો પણ રહેશે નહિ. પોતાની સમજ, પોતાની ગણતરી, પોતાનું માપ, પોતાનું સુખ, પોતાનો અહંકાર, પોતાની બુદ્ધિ અને પોતાનું મન, એ બધાંએ- આપણું જો સાચી રીતે આધીન થવાપણું રહે તો આપોઆપ ગળી જાય અને આપણે એ સ્થિતિમાંથી પસાર થઈ શકીએ તો આપણને જે આધ્યાત્મિક લાભ થાય, એની ગણના તો સારી દુનિયાની મિલકતથી પણ થઈ શકે એમ નથી. આધીન થવાપણામાં તો જીવનનો વિકાસ છે. જીવનનું કચડાવાપણું ત્યાં મુદ્દલે રહેતું નથી. એવા આધીન થવાપણામાં તો જીવનાં બંધનો એક પછી એક ખૂલતાં જાય છે. જેને આત્માનું સુખ મેળવવું છે. એણે તો એવું આધીનપણું સ્વીકાર્યા વિના તે કદી પ્રાપ્ત થઈ શકવાનું નથી, **પરંતુ સંસારના ક્ષેત્રમાં જેને આધીનપણે રહેવાની ટેવ પડી નથી, તે આધ્યાત્મિક ક્ષેત્રમાં કેમ કરીને આધીન રહી શકવાનું છે ?** એટલે એવા શ્રેયાર્થીએ તો પોતાના વડીલોને સર્વ સાધારણ બાબતોમાં આધીન રહ્યા જ કરવું, પણ તે પોતાના વિકાસ અર્થે - જીવનયજ્ઞ અર્થે - જીવના કલ્યાણ અર્થે તે કર્યા કરવાનું છે - નહિ કે વડીલોને ખુશ કરવા ખાતર. તેવી પાકી સાચી સમજણ આપણા હૃદયમાં આપણે ઉતાર્યા કરવાની છે અને તે પ્રમાણે વર્તવાનું છે. વડીલો આપણા મુખ્ય ધ્યેયની વિરુદ્ધ તો કહે જ નહિ, અને તે બીજી બાબતોમાં તેમને આધીન રહેવાની સૂઝ દિલમાં ઊગી નીકળે તો જ આપણે બધાં ભગવાનને આધીન રહી શકવાનાં છીએ. વડીલોને આધીન રહેવાનું છે,

તે આપણા પોતાના માટે જ-આવો જેને જીવનમાં અભ્યાસ પડેલો છે. એવાને ગુરુમાં કે કોઈ આધ્યાત્મિક લક્ષ્યમાં આધીન રહેવાનું રહસ્ય આપમેળે સમજાઈ જશે, કારણ કે પેલા ક્ષેત્રમાંથી આધીન રહેવાનું કરવાને લીધે એનો જે વિકાસ થયો હશે, તેનો અનુભવ એવા જીવને થયા વિના રહી શક્યો નહિ જ હોય. એટલે હવે તે અનુભવનું ક્ષેત્ર વિસ્તાર પામતું જાય છે, અને એમ આપણે જ્યારે કોઈ દિવ્ય વિભૂતિમાં સંપૂર્ણપણે સર્વ ભાવે સર્વ રીતે આધીન થઈ શક્યા તો પછી આપણાં બધાં વાસનામૂલક કર્મ વાસનારહિત થઈ ખલાસ થઈ જવાનાં છે, તે વાત પણ નિશ્ચિત જાણવી રહી. એવું આધીનપણું કેળવાયું હશે, ત્યારે આપણાં અત્યારનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંકાર વગેરે બધાં જ આપોઆપ રૂપાંતર પામતાં ગયાં હશે જ. એમનો વેશપલટો-રૂપપલટો-મૂળપલટો-થયા વિના રહી શકે જ નહિ. એવી ખૂબી-રહસ્ય આધીન રહેવાનું કરવામાં છે, પણ જે હેતુને સમજીને જ્ઞાનપૂર્વક મનમાં ગમે તેવું થાય તોયે કંટાળો આણ્યા વિના, દુઃખ લગાડ્યા વિના, તેવું ઉમળકે આનંદે રસથી આધીન રહેવાનું સરળપણે બન્યું જાય તો જ સાધકના જીવનનો આંતરવિકાસ થયા કરે.

સાચી રીતે જાગૃતિપૂર્વક એના હેતુને ખ્યાલમાં રાખીને જ્ઞાનપૂર્વક જે આધીન થતું જાય છે એવાનું બધું જ લય પામતું જાય છે, એવાને પછી પોતાનું એવું કશું જ નથી રહેતું. એવો જીવ સંપૂર્ણ ખાલી થતો જાય છે અને એ જેમ જેમ ખાલી થતો જાય છે, તેમ તેમ ત્યાં જે યોગ્ય ભરવાનું હોય છે, તે ત્યાં આપોઆપ પોતાની જગા લેતું જ જાય છે, અને એનો પ્રત્યક્ષ અનુભવ સાધકને થયા વિના રહી શકતો નથી.

### હેતુપૂર્વક બીજાનું કહ્યું કરવું

બીજાનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે. બીજાનું આનંદથી કહ્યું કરવા જતાં આપણે ગુલામ નથી બની જતાં, ઊલટું આપણે સામાનાયે કરતાં આપણી જાતને ઊંચી પ્રગટાવ્યે જઈએ છીએ, જેમ ભારવાળી વસ્તુ હલકી ને હલકી બનતી જાય અને છેકમાં છેક હલકી બની જાય તો તે હવામાં પણ ઉપર રહી શકે તેમ એટલે હેતુપૂર્વક સામાનું કહ્યું કરવામાં જીવનની ઉન્નતિ છે.

### યોગ્ય સમર્થને શરણે જવામાં લાભ

સ્વયંઉત્સાહથી, સ્વયંસ્ફૂર્તિથી, આપણા વિકાસાર્થે સર્વ સમર્પણે અને

સર્વ પ્રેમભાવે કોઈ યોગ્યને શરણે થઈ જવામાં જીવનનું તેવું બનતું હોય છે. એવા શરણનું તો મહામૂલું રહસ્ય છે. શરણ એટલે ગુલામી નથી. એવો વિચાર તો અજ્ઞાની લોકનો છે. શરણે જવાની ભાવના કેળવવામાં, રાખવામાં અને તેમ વર્તવામાં ખરી ખૂબી રહેલી છે. જો દુભાયેલા દિલે, કંટાળાભરેલી રીતે, નછૂટકાની રીતે, હારીને કે નિરાશાથી બીજાનું કહ્યું કરીએ તો આપણે વધારે ને વધારે કચડાઈશું તો હળવા ફૂલ જેવાં નહિ જ બની શકીએ. સામાનું કહ્યું કરવામાં કેટલા પ્રમાણનાં ઉલ્લાસ, ઉમંગ ટકે છે અને ઉત્કટતાવાળી મનોભાવનાથી અને કેવા હેતુથી તે કરીએ છીએ તે આપણે જોવાનું રહે છે. આ મહત્ત્વપૂર્ણ હકીકત લક્ષમાં રાખશો તો તમને મનમાં કોઈ ગૂંચ નથી રહેવાની.

**શરણભાવ-ભ્રમોત્પાદક અને યોગ્ય**

સાધનામાં કંઈક પ્રવેશ થતાં કેટલાક માની બેસે છે, કે પોતે તો કેવળ પ્રભુને શરણે છે ને તેની દોરવણીથી પોતે દોરવાય છે. એ જ સર્વ કંઈનો કર્તાહર્તા છે, પોતાને ભગવાન જ દોરે છે, એટલે પોતાને કશું જ કરવાનું રહેતું નથી.

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એનામાં એટલાં ઓગળી ગયાં હોતાં નથી કે આપણી તેવી માન્યતા વજૂદવાળી ગણાય. શરૂઆતનો સાધક કૃપા પર ખરી રીતે આધાર રાખી શકતો હોતો જ નથી. પછી ભલેને પોતે એમ સમજતો હોય કે તેણે તો માત્ર કૃપા પર આધાર રાખ્યો છે. માત્ર કૃપા પર આધાર રાખ્યા કરવાનું તો પ્રેમભક્તિપૂર્વકના ભાવથી સંપૂર્ણ શરણભાવ કેળવાઈ ગયા પછી બની શકે છે; ને તેમ ત્યારે બને છે પણ ખરું. એવો જ્ઞાનપૂર્વકનો શરણભાવ હોવો તે તો આધારનાં સર્વ કરણો એનામાં મળી, ભળી ને ગળી ગયાં હોય ત્યારે તેમ થઈ શકે. એવો સાધક પછીથી જીવનની બધી બાબતોમાં ભગવાન દોરાવે તેમ દોરાય છે. તેથી તેને કષ્ટ પડે તોપણ તેની પરવા તે કરતો હોતો નથી. એણે તો શરીર પણ ભગવાનને સોંપી દીધેલું હોય છે, એટલે આધિ, વ્યાધિ, ઉપાધિ કશાથી તે ડરતો નથી ને પ્રભુપ્રસાદી રૂપે જે આવે તે સ્વીકારે છે.

શરણભાવ, સાચી રીતનો શરણભાવ પણ એમને એમ મળતો નથી. તે પણ ભાવનાપૂર્વક, જ્ઞાનપૂર્વક, પુરુષાર્થથી કેળવવો પડે છે.

જેમ જેમ એનો સ્વભાવ, એની પ્રકૃતિ, પ્રભુભાવના સંચાર માટે લાયક થતી જાય છે તેમ તેમ જ એનો શરણભાવ વધે છે. તે પહેલાંનો શરણભાવ તો એક માન્યતા જ છે - જીવનની નક્કર હકીકત નહીં.

સર્વ ભાવે ને સર્વ રીતે શરણાગતિની ભાવના જ્ઞાનપૂર્વક સાધકમાં પ્રગટે, એટલે કે જે તેના આધારનાં સર્વ કરણો સર્વ પ્રકારની શુદ્ધિને પામ્યાં હોય તે, બાળક જેમ પ્રકૃતિવશાત્ નિશ્ચિંતતાથી ને નિરાંતથી આનંદ ભોગવતું માના ખોળામાં રહે તેવી પ્રજ્ઞાપૂર્વકની ભૂમિકા સાધકની બને તે વેળાએ તેનું 'ઈશ્વર બધું સંભાળે છે' - તે હકીકતપણે સાચું છે. તેવી દશા થયા પહેલાં સાધકે તેવું માનવાની ભ્રમણામાં કદી પણ પડવું નહીં, પરંતુ તેનો સર્વ પ્રકારનો ઝોક પ્રભુની કૃપાનો એક-માત્ર સહારો લઈને તેનાં સર્વ કરણોની શુદ્ધિ થાય તેમાં જ કેન્દ્રિત અને એકાગ્ર હોવો ઘટે.

જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય ત્યારે જ સાચી રીતે ભગવાન ઉપર આધાર રાખી શકાતો હોય છે. બાકી, આપણે બધા જે બોલતા હોઈએ છીએ કે "હે ભગવાન ! તું એક મારો આધાર છે. તું એક મારું શરણું છે. હે ભગવાન ! તું જ સકળ કંઈ છે. મારે તો જેમાં ને તેમાં તારી જ એક ઓથ છે." એવું જીવદશામાં આપણું બોલવું એ સંપૂર્ણ યથાર્થપણે નથી. જો આપણે સંપૂર્ણપણે ભગવાન ઉપર ભરોસો રાખતા થઈ ગયા હોઈએ તો આપણને કદી પણ અહમ્‌નું ભાન પ્રગટે નહિ. જીવદશામાં હોઈએ છીએ ત્યારે ખરી રીતે સંપૂર્ણ યથાર્થપણે ભગવાન ઉપર આધાર રાખતા હોતા નથી. આપણે આપણી સમજણ ઉપર, આગ્રહ ઉપર, માન્યતા ઉપર, મંતવ્યો ઉપર, આપણા સ્વભાવ ઉપર આધાર રાખતા હોઈએ છીએ તથા એવી પડેલી ટેવથી દોરવાતા હોઈએ છીએ. આપણું અહમનું જે વર્ચસ્વ જામેલું હોય છે, તેના ઉપર આધાર રાખતા હોઈએ છીએ. આપણે કેટલા બધા અક્કડ અને અડગ હોઈએ છીએ ? અને કોઈક વેળા આપણે ઉપરનું ભગવાન પરત્વેનું સંબોધન ઉચ્ચારીએ તેનું ઝાઝું કશું મહત્ત્વ નથી. ઘણીવાર માનવી કહેતો હોય છે કે "હે ભગવાન ! હું તો કેવળ તારે શરણે છું" એ પણ તેના જેવી જ હકીકત છે.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૨

# સાધના પ્રવેશ

- અભિ + આસ = અભ્યાસ એટલે કે આસપાસ બેસવું.
- માનવીના પરિચયમાં આવી શકીએ, પણ ભગવાન તો અદૃષ્ટ છે. એ આપણા પરિચયમાં આવી શકતો નથી તો આપણે એના પરિચયમાં કેવી રીતે આવવું ? એટલે કહું છું કે ભગવાનના ગુણધર્મની આપણામાં વૃદ્ધિ કરવી.
- ધ્યેયમાં વિશિષ્ટ, એકાગ્ર ને કેન્દ્રિત રાગ પ્રકટી જવામાં જે પ્રેરણાત્મક દોરવણી કર્યા કરે છે તે વૈરાગ્ય.
- અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે (ધારો કે ભગવાનને મેળવવાનું) તેનું જ સતત ચિંતન - અતિશય ભાવભરી રીતે અને વેગપૂર્વક - આપણામાં જાગૃત રહ્યા કરે તે.
- કોઈ પણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે, મન કોઈ પણ વાતમાં ચોંટી રહે નહિ એનું નામ વૈરાગ્ય.
- વૈરાગ્ય એટલે શ્રીભગવાનના ચરણકમળે હૃદયના સંપૂર્ણ ભાવે આસક્તિ. આવી સ્થિતિ આપણે આપણી કરવાની છે.
- લગની લાગી જાય તો તો પછી કશું બાકી રહેતું નથી; એની મેળે બધું ચાલ્યાં કરે.
- આ જીવનમાં જે રસ છે તેના કરતાં પેલા જીવનનો રસ ઘણા ઊંચા પ્રકારનો, ઘણો વધારે આનંદ આપનારો, ઘણો વધારે શાંતિ આપનારો, ઘણો વધારે ઉત્તેજક અને ઘણો વધારે વિસ્તારવાળો છે. લાંબો ગાળો ટકે એવો છે.
- આપણા વેદોએ ગાયું છે કે “રસો વૈ સઃ” એ રસ છે, ભગવાન પોતે રસ છે. રસ એ ભગવાનનું સાકાર સ્વરૂપ છે. ત્યારે દરેક વિષયમાં રસ એ એકાગ્રતા પ્રગટાવવા માટેનું મૂળ કારણ છે. રસ વિના કંઈ કશામાં એકાગ્રતા પ્રગટે નહિ.
- માણસને જીવવામાંથી રસ નીકળી જાય છે, ત્યારે પોતાની જાતે જ મરે છે. જીવનમાં ગમે તેટલું કષ્ટ હોય તો પણ જીવવામાં આનંદ છે તે આનંદ જતો રહે છે અને રસ જતો રહે છે એટલે એના શરીરનું મરણ થાય છે.

- *અભ્યાસમાં વારંવાર આપણે બુદ્ધિ વડે કરીને, કલ્પના વડે કરીને, હૃદયની લાગણીઓ વડે કરીને, ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યા કરવાનું રહે છે.*
- *બહારનાં કામો એટલા રસપૂર્વક કરવાનાં નથી. આપણે ખરેખરો રસ તો જીવ પ્રકારનાં કરણોમાં સમતા પ્રકટે એમાં અને એવી બીજી અંતરની પ્રવૃત્તિમાં પ્રકટાવવાનો છે ને લેવાનો છે.*
- *કોઈ કીમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય છે, તો તે જડે નહિ ત્યાં સુધી એમાં જ આપણું લક્ષ પરોવાઈ રહે છે, તેમ છતાં બીજાં બધાં સાથે વાતો પણ કરીએ છીએ; એટલે એકસાથે બે-ત્રણ કામ થઈ શકે છે ને સાથે સાથે મનમાં તો પેલી ખોવાયેલી વસ્તુનું ભાન કદી તૂટતું નથી; એવી રીતે બહારનાં કામ કરતાં કરતાં આપણે આપણા જીવનવિકાસના હેતુમાં જીવતુંજાગતું સતત પળેપળ લક્ષ રાખ્યા કરવાનું છે. જીવનનું સઘળું લક્ષ અંતર્મુખ સ્વ-કેન્દ્રિત કરવાનું છે, રાખવાનું છે.*
- *રસ વિના એકાગ્રતા જામે નહિ. મૂળે એકાગ્રતા તો આત્માની સાથે સંકળાયેલી છે. આત્માનો એક સ્વભાવ છે. આત્માનું એક લક્ષણ છે. એકાગ્રતાની સાથે બીજા ગુણો પણ સંકળાયેલા છે.*
- *લગની લાગ્યા સિવાય તમને કદીયે એકાગ્રતા થાય નહિ. એકાગ્રતા થાય નહિ તો ધ્યાન પણ થાય નહિ.*

## અભ્યાસ અને વૈરાગ્ય
## અભ્યાસ એટલે

દારૂ પીધો હોય, નશો ઘેન ચઢેલ છે,
રોજના કિંતુ અભ્યાસે ચાલ્યો તે ઘેર જાય છે,

કેવું અભ્યાસનું તેથી જીવનમાં મહત્ત્વ છે !
વૃત્તિને ટાળવા કાજે અભ્યાસ માત્ર સાધન. ૧-૨

અભ્યાસ એટલે માત્ર તે પ્રકારનું વાંચવું
-એવો એનો ન છે અર્થ, એનો ગૂઢાર્થ ઑર શું !

અભ્યાસના પ્રમાણેનું પ્રત્યક્ષ વર્તવું સદા,
ભાવ તે વર્તવામાં ત્યાં હોવો ઘટે પૂરો તદા. ૩-૪

તો જ યોગ્ય પરિણામ આવી શકે, પ્રમાણવું,
વિના ભાવ થયેલું સૌ યોગ્ય ના પરિણામનું. ૫

અભ્યાસે તેથી તો ભાવ હોવો જીવંત શો ઘટે !
અભ્યાસ નિત્ય રોજિંદો રહેવાથી, ભાવ ત્યાં જ છે. ૬

જે અનુભવવાનું છે તેને માટેનું મંથન
-કર્મ દ્વારા થતું રહે, તે 'અભ્યાસ' નામ સાર્થક. ૭

દેશ આગળનો જે છે જેનાથી ભાવના તે તણી
-લાગતી દિલમાં રહે છે, એવી 'અભ્યાસ'ની ખૂબી. ૮

શું સંપૂર્ણ કરાવે છે ખુલ્લામાં ખુલ્લું અંતરે !
એવો 'અભ્યાસ' જીવંત તેનું તે પરિણામ છે. ૯

સાધન જે સ્વીકારેલું તેની તેવી ક્રિયા વડે,
ભાન પ્રકૃતિ કેરું જે બદલાતું રહે ધીમે,

નિત્ય નિત્ય કરી ચાલ્યા અનંતગામી પંથને
-વટાવવાનું જેનાથી થાય, 'અભ્યાસ' જાણ તે. ૧૦-૧૧

અનુસંધાન જેનાથી ચેતના પ્રતિ થાય છે,
ને આકર્ષણ તે પ્રત્યે જેનાથી ઊમટ્યા કરે,

જેનાથી ચેતનામાં શું ડૂલી જવાનું થાય છે,
એને 'અભ્યાસ' તું જાણ, જેથી તત્ત્વ પ્રિછાય છે. ૧૨-૧૩

અભ્યાસના અનેકે છે સાધનો શાં જુદાં જુદાં !
જેના સ્વભાવને યોગ્ય જે સાનુકૂળ સર્વદા,

તેને વળગી રૈ'ને જે ચેતનાના પ્રવાહમાં
-વહ્યા જ કરતો લાગે, 'અભ્યાસ'નું પ્રમાણ ત્યાં. ૧૪-૧૫

જેનાથી બુદ્ધિ તેજસ્વી સૂક્ષ્મ ને પ્રાણવાળી જે
-બનતી જતી શી હોય ! અભ્યાસ પરિણામ તે,

તર્ક, દલીલ ને શંકા, કુશંકા ટળી જાય છે,
પકવ અભ્યાસનું એવું ફળ અમૃતનું શું તે ! ૧૬-૧૭

માર્ગ વિકાસનો સીધો એકદમ ન હોય છે,
આડો ને અવળો, વાંકોચૂકો ચોદિશ હોય છે,

એવા માર્ગની જેનાથી શી હૈયાસૂઝ અંતરે
-પડ્યા કરતી લાગે છે ! તેને 'અભ્યાસ' જાણજે. ૧૮-૧૯

જે અનુભવવાનું છે સાકાર તે થવા હ્દે,
પ્રત્યક્ષ વર્તતું એને થવા આધારને વિશે,

મંથન એ જ હેતુથી કર્મ દ્વારા સધાય જે,
યોગ્ય અભ્યાસ જીવંત ઘડાવાને યથાર્થ તે. ૨૦-૨૧

ચોંટેલાં જ્યાં છીએ ત્યાંથી જેનાથી ઊઠવું બને,
શો જ્ઞાનાત્મક હેતુનો તે ભાવાત્મક યજ્ઞ છે !

તેવા તે કર્મના યજ્ઞે હેતુ કેરી સભાનતા
-જીવંતી રહે, ખરે તેનું નામ 'અભ્યાસ' જાણ ત્યાં ૨૨-૨૩

હોઈએ જ્યાં ત્યહીંથી જો ડગલું ખસવાનું તો
-થયાં કરતું તે હોય, 'અભ્યાસ' તે પ્રમાણવો.

'એક ને એકમાં ભાવે ઊંડા સંપૂર્ણ અંતરે
-જેનાથી કરી ડુલાય', એને 'અભ્યાસ' જાણજે. ૨૪-૨૫

## અભ્યાસ વિજ્ઞાન

ચેતન આપણી બુદ્ધિની પકડમાં આવી શકતું નથી. એટલે એની સાથે સાંકળ જોડાવાને માટે આપણી પાસે કંઈક સાધન જોઈએ. તો એ સાધન શું જોઈએ ? આપણી પાસે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વગેરે છે. તે સ્થૂળને જ પકડી શકશે. એકદમ તો સૂક્ષ્મને નહિ પકડી શકે.

પ્રકૃતિ તરફ એટલે દ્વંદ્વ અને ગુણ તરફ એટલે સંસારી કર્મવ્યવહારમાં જે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પરોવાયેલાં છે. તેમ છતાં તો આપણે થવું છે ચેતન. તો એ જે આપણું જીવનનું આઈડિયલ (આદર્શ) હોય, ધ્યેય હોય. ભલે આપણે આમાં હોઈએ તો પણ આપણું મનન ચિંતવન સંસારવ્યવહારની બાબતમાં નહિ. આમ તો જરૂર પૂરતું કર્યા કરતા હોઈએ, પણ આપણું મનન-ચિંતવન, આપણો રસ એ બધું ઊર્ધ્વ પ્રત્યેનું - ચેતન પરત્વેનું રહ્યા કરે. પ્રકૃતિથી મુક્ત થઈને આપણે ચેતનમાં પ્રવેશીએ. તો એ ક્યારે બને ? કે પ્રકૃતિથી ઈતર પ્રકારનું,

ઊર્ધ્વ પ્રકારનું મનન-ચિંતવન, વિચાર વગેરે ભાવ હોવા ઘટશે. આ તો જાણે કે તર્કથી સમજીએ. જો આપણે પ્રકૃતિમાંથી જીવનના ઊર્ધ્વ વિષયમાં પ્રયાણ કરવું છે તો આ જે પ્રકૃતિ છે તેના મનન-ચિંતવનથી નહિ ચાલી શકે. એ તો એમાં ને એમાં રખાવશે. પણ આપણું મનન-ચિંતવન ચેતન પરત્વેનું વિશેષ ને વિશેષ રહે એવી ભૂમિકા કંઈ એકદમ આપણાથી નહિ થાય. એ તો એ જાતની આપણી ઉત્કટમાં ઉત્કટ અભિલાષા જાગવી જોઈએ. એ કેટલાકમાં ડોરમંટ (સુપ્ત) હોય, કેટલાકમાં સંસ્કારપ્રેરિત હોય, ઈન્ટરનલ (આંતરિક) આપણામાં એવા પ્રકારના સંસ્કાર પડેલા હોય, કેટલાકને એવા જે જાતના સંસ્કાર પડેલા છે તે ભભૂકીને બળતા થયેલા હોય, આવી બધી કેટેગરી (કક્ષા) છે. જેને બળતા થયેલા છે, તેને આપમેળે આવા એફર્ટસ (પ્રયત્ન) થયા કરશે. જ્યારે આપણા માટે, આપણે શું કરવું પડશે ? તો કે ચેતન પરત્વેનું મનન-ચિંતવન કરવું પડશે. ત્યારે એ કંઈ એટલો બધો સ્વાર્થ, રસ, તરસ આપણને લાગેલા નથી કે એની મેળે એ જાતનું મનન-ચિંતવન થયા કરે. અને સંસારવ્યવહારમાં આપણાં કર્મો તો રહેલાં જ છે. એ કરીએ નહિ તો આપણું જીવન ના ચાલે. જીવનની જે પ્રકારની જવાબદારી છે, તે પણ આપણો ધર્મ છે. પ્રાપ્ત ધર્મ છે. એને પણ છોડી શકાય એમ છે નહિ. કારણ કે એને છોડીને તમે આગળ જાવ તો તમારાં મનાદિ છે, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ એ કંઈ એવાં ખાલી નથી થયા કે એકદમ ચેતનનો વિચાર કરે. એ તો આ છોડી જશો તો ત્યાં પણ એનું એ જ - પ્રકૃતિનો જ વિચાર કરશે, એ તો જોડે ને જોડે જ આવશે. એટલે આને કંઈ છોડવાની વાત તો આવતી નથી ત્યારે આમાંથી પેલામાં જવા માટે એક અભ્યાસ જ રહ્યો.

એ અભ્યાસ એટલે આપણે શું કરવું ? અભ્યાસમાં પરિણામ એ કે જ્યાં આપણે પ્રકૃતિમાં ચોંટેલા છીએ - પ્રકૃતિમાં કોણ ચોંટેલું છે ? આત્મા અથવા તો એ જાતની જે ઍબસ્ટ્રેક્ટ કોન્સ્યસનેસ (અમૂર્ત ચેતના) છે તે તો ચોંટેલી નથી- તો ચોંટેલું કોણ છે ? તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ એમાં ચોંટેલા છે ત્યારે એ એની મેળે કંઈ ઊખડી જવાના નથી. ઊખેડવાનો પ્રયત્ન કરો તો પણ નહિ ઊખડે. ત્યારે આમાં રસ લગાડવા માટે એક જ સાધન - અભ્યાસ. તો અભ્યાસ એટલે માત્ર વાંચન નહિ પણ સક્રિય રીતે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને

અહમ્ પેલાના વિશે વિચારતા જાય તેવા પ્રકારનું સાધન તે અભ્યાસ. તો સક્રિયપણે એટલે શું ? પણ એમાં એકદમ આપણને સ્વાર્થ, રસ કે એવી જ્વાળામુખી જેવી તમન્ના જાગેલી હોય તો તે આપણને તેમાં દોરી જાય.

જેમ આપણે સંસારવ્યવહારમાં શરૂઆતમાં પડ્યા નથી હોતા એટલે કર્મના પરિચયમાં આવવું પડે. એટલે પરિચયમાં આવતાં, આપણે જેમ જેમ કરતાં ગયા, તેમ તેમાં આપણને ગતાગમ પડતી ગઈ. પછી તેમ કરતાં કરતાં જ્યારે આપણે તેમાં દિલ રાખીને કરીએ ત્યારે એમાંથી કુનેહ વગેરે પ્રગટે. તેવી રીતે આપમેળે આપણને સમજ ઊભી થતી જાય છે. આમાં પણ આ જ નિયમ નથી. કેમકે એ જડ વસ્તુ નથી, સાહેબ ! અને એ ક્રીએટિવ હેબિટ (સર્જનાત્મક ટેવ) છે. આ જે હેબિટ છે તે ક્રીએટિવ હેબિટ. એમાંથી આપણને નવું સૂઝતું થાય. સંસારવ્યવહારમાં પણ યોગ્યતાથી કર્મ જો આપણે કરીએ તો કર્મનાં જુદા જુદાં પરિણામોની આપણને ખબર પડે. એના આપણે 'પ્રોઝ એન્ડ કોન્સ' (લાભાલાભ) કહીએ તો ઈફેક્ટ (અસર)ની પણ સમજણ પડે. એવી રીતે આ જે 'ક્રિએટીવ હેબીટ' છે, તેમાંથી નવું સમજાતું જાય. ત્યારે જ આપણે સમજવું કે આ બરાબર છે. નહિતર તામસ, જડ હેબિટ નહિ ચાલે. આમાં ક્રીએટિવ હેબિટ જોઈએ. ક્રીએટિવ કેવી રીતે ? તો આવું થાય ત્યારે આપણને સમજણ પડે !

## ટેવ

હેબિટ એટલે પ્રકૃતિના વલણમાં એક એવા પ્રકારની ટેન્ડન્સી (વલણ) જેમાં સતત રહ્યાં કરવાનું બને છે. એ પ્રકારની જે સમજણ છે એ હેબિટ. એટલે હેબિટ કહીએ તો તે વખતે આપણા મનની અંદરની બધી જે સમજણ હોય છે એ, પણ એ બધું પ્રકૃતિ પ્રકારનું જ હોય છે. જ્યારે કોઈ વખત આપણા મનમાં એક પ્રકારની સભાનતા-ચેતન પરત્વેની - રહ્યા કરે એ બધી ક્રિએટિવ હેબિટ છે. પણ સાધારણ રીતે તો હેબિટ કહીએ એટલે માત્ર પ્રકૃતિનું વલણ (ટેન્ડન્સી) અને એમાં જેમ નદીના પટમાં - ચેનલમાં - પાણી બધું વહ્યાં કરે, એ વહ્યા કરે છે એમાં એને કોઈ જાતની અવેરનેસ (સભાનતા) નથી. એવી રીતે આ પ્રકૃતિની જુદા પ્રકારની જે ટેન્ડન્સી છે એમાં જે વહ્યા કરે છે, એમાં

વહ્યા કરવાની એક પ્રકારની આદત પડી ગઈ છે. તેને આપણે હેબિટ કહીએ છીએ. એમાં માત્ર પ્રકૃતિનું જ વલણ છે અને આપણે પ્રકૃતિને 'જડ'-ચેતનની અપેક્ષાઓ કહીએ છીએ. એ રીલેટિવલી (સાપેક્ષ રીતે) જડ છે. બાકી પ્રકૃતિ કંઈ ખરેખર જડ નથી પણ પ્રકૃતિનું જે કંઈ વલણ વહ્યાં કરે છે - આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વગેરેનાં કરણો દ્વારા જે કંઈ થયાં કરે છે એની અંદર જે વખતે પ્રકૃતિના વલણમાં આપણે આવ્યાં, દા.ત. અત્યંત ઉત્કટ પ્રકારની કામના-વાસના થઈ. તો એ વાસનાની અંદર એટલા બધાં તદ્‌રૂપ થઈ જઈએ છીએ કે એનાથી અતિરિક્તપણે-એનાથી તદ્દન નોખા થઈને - વિચારવાની કે તટસ્થ થવાની કે સમતા ધારણ કરવાની શક્તિ આપણામાં રહેતી નથી. જેમ મધમાં માખી ડૂબી જાય તેમ તે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર, રાગદ્વેષ વગેરે પ્રકૃતિની ઊગતી એવી ટેન્ડન્સીમાં (વલણમાં) એટલા બધા તદ્‌રૂપ થઈ જઈએ છીએ આપણે કે એનાથી નોખાપણે કોઈ જાતની સભાનતા આપણામાં હોતી નથી. એવા પ્રકારનું જે સમગ્રતાવાળું વલણ તેનું નામ હેબિટ (ટેવ). હેબિટની અંદર ચેતન પરત્વેની કોઈ સભાનતા આપણને રહેતી નથી એટલું જ નહિ, પણ પ્રકૃતિનાં બીજાં જે પાસાંઓ છે એનું પણ આપણને ભાન હોતું નથી. માત્ર જે પ્રકૃતિના જે પાસાની અંદર આપણે તદ્‌રૂપ થઈ ગયા છીએ, તાદાત્મ્ય થયા છીએ, એકરૂપ થઈ જઈએ છીએ, તેનું પણ ત્યારે આપણને ભાન હોતું નથી. એટલે આવા પ્રકારનું જે વલણ છે તે હેબિટ છે.

આપણી ચેતન પરત્વેની અભિમુખતા એટલે કે એનો એપ્રોચ (અભિગમ) સક્રિય થતો જાય છે. અને એમાં મોમેન્ટમ (ગતિ) આવે છે. અને આપણું વલણ એ બાજુનું વિશેષ ને વિશેષ વધતું જતું, ગતિમાન થતું, સક્રિય થતું, સર્જનશીલ થતું એટલે ક્રીએટિવ થતું જ્યારે આપણે અનુભવીએ છીએ ત્યારે એ હેબિટ જે છે એનો પ્રકાર નોખો છે. સામાન્ય રીતે તે હેબિટને આપણે એમ જ સમજીશું કે પ્રકૃતિના વલણની જે ટેન્ડન્સી અને જેના દ્વારા વહન કરે છે અથવા તો જેનું કોમ્બિનેશન (સંમિશ્રણ) જે દ્વારા થાય છે તે પણ હેબિટ. આમ તો હેબિટમાં માત્ર પ્રકૃતિ પ્રકારનું બધું છે, પરંતુ જ્યારે આપણે ચેતન પરત્વેની આપણી અભિમુખતાને લીધે આપણો એપ્રોચ (અભિગમ) વધારે સક્રિય છે,

ઉપરાંત જેમ જેમ એ ગતિશીલ અને સર્જનશીલ થતો જાય છે તેમ તેમ જે હેબિટ છે એ હેબિટનું ફૉર્મ - એનું સાકારપણું બદલાતું રહે છે.

પછી જેમ જેમ આપણો ચેતન પરત્વેનો અભ્યાસ ગાઢ થતો જાય તેમ તેમ આપણી હેબિટ પણ એવી થતી જાય કે એ આપણને એના તરફ સજાગ રાખે. હેબિટ જેમ પ્રકૃતિની દશામાં પ્રકૃતિના વલણમાં આપણને તદ્રૂપ કરી દે છે એવી રીતે જ્યારે આપણે ચેતન પરત્વેની અભિમુખતામાં વધારે ને વધારે ઈન્ટેન્સ (તીવ્ર) થયા કરીએ, ત્યારે આ જ હેબિટ આપણને ચેતન પરત્વે જ્યારે જઈએ, ત્યારે ચેતનમાં આપણને તદ્રૂપ બનાવી દે છે. વળી, ચેતનનો સ્વભાવ એવો છે કે તદ્રૂપ થયા છતાં આપણાથી તટસ્થ રહેવાય, સમતાવાળા અને નોખાં રહેવાય છે. એટલે ચેતન પરત્વેની જે હેબિટ થઈ તે મૂઢતાવાળી નથી, એમાં જડત્વ નથી. એ વખતે પ્રકૃતિનો સ્વભાવ - જેની સાથે તદ્રૂપ થવું, ભળી જવું, એકાકાર થઈ જવું એ છે - એ રહે છે. એનાથી નોખા થવાની તે કાળે શક્તિ અથવા સભાનતા હોતી નથી. અથવા એવું એનું વલણ હોતું નથી. પણ જ્યારે ચેતન પરત્વેની અભિમુખતા તે વખતે વિશેષ ને વિશેષપણે ગતિશીલ, સક્રિય અને સર્જનશીલ બને છે, ત્યારે હેબિટમાં પણ ચેતન પરત્વેની. એટલે ચેતનમાં જેને તદ્રૂપ થઈ જવાની શક્તિ છે એવી રીતે નોખા થવાની પણ એનામાં શક્તિ છે. એવી બે શક્તિઓ છે ચેતનની. આ બેય શક્તિનો એનામાં ધીરે ધીરે વિકાસ થતો જાય છે.

જેમ ચેતન પરત્વેની આપણી હેબિટનું ફોર્મેશન (સાકારપણું) થયા કરતું હોય છે, ત્યારે એ હેબિટ ચેતન પરત્વેની આપણી અભિલાષાને વધારે તેજસ્વી કરે છે. ચેતન પરત્વે આપણને ભાન કરાવે છે અને તે કાળે તે તદ્રૂપ થાય છે. તેમ છતાં નોખા થવાની શક્તિ તેની વધતી જાય છે એટલે ચેતન પરત્વેની જે હેબિટ થાય છે તે અને પ્રકૃતિમાં પ્રકૃતિનાં વલણોને-પ્રકૃતિની ટેન્ડેન્સી (વલણને) જે વહન કરાવે છે તેવા પ્રકારની જે હેબિટ હોય છે એ બંનેમાં આસમાન-જમીનનો ફરક છે. એટલે કે આ હેબિટ - ચેતન પરત્વેની- એ સચેતન છે. જ્યારે પ્રકૃતિ પરત્વેની હેબિટ છે તે અંદર ને અંદર જ આપણને તદ્રૂપ કરાવી દે છે, તાદાત્મ્ય કરાવી દે છે પણ એનાથી નોખા થવાની કોઈ પણ પ્રકારની એનામાં ગતિ કે શક્તિ હોતાં નથી, એટલે એને જડ કહી છે.

## હેતુની સભાનતા

એક શબ્દ, સાહેબ ! ગુસ્સામાં બોલાયેલો હોય તો તેનું પરિણામ જુદું; એ શબ્દ રાગદ્વેષથી પ્રેરાઈને બોલાયેલો હોય તો પરિણામ જુદું; કંઈ પ્રેમથી બોલાયેલો હોય તો પરિણામ જુદું; ભાવનાથી બોલાયેલ હોય તો પરિણામ જુદું; વળી સંગીતમાં લય વગેરેથી પ્રેરાઈને બોલાયેલો હોય તો પરિણામ જુદું. શબ્દ એકનો એક પણ ભૂમિકા જુદી જુદી હોય તો પરિણામ જુદું. એ જેમ આપણને બિલકુલ રેશનલ (વ્યવહારુ) લાગે છે, તેવી રીતે આપણો જે અભ્યાસ થાય ને તે અભ્યાસમાં એવું અનુભવાય. જેમ કોઈ માણસ આપણને દીઠો પણ ના ગમતો હોય, પણ તેની સાથેના સ્વાર્થ ને ગરજ એવાં પ્રગટ્યા હોય કે તેનો પરિચય આપણે કરવો જ પડે. છૂટકો જ ના થાય. ગરજને લીધે, તેની પાછળનો અણગમો સમજણપૂર્વક આપણે જતો કરીએ છીએ. એવી રીતે આપણે અભ્યાસ કરીએ પણ શેના માટે આપણે અભ્યાસ કરીએ છીએ તે હેતુની સભાનતા આપણને હોવી જોઈએ. નહિતર શું થાય ? આખરે જીવદશામાં પ્રકૃતિ મોખરે છે. હેતુની સભાનતા આપણે નહિ રાખીએ તો આપણે પ્રકૃતિમાં પડ્યા રહીશું. જે આ અભ્યાસ કરવાનો ખરો, અભ્યાસથી ક્રીએટિવ હેબિટ ફૉર્મ થઈ જાય એ ખરું. પણ ક્રીએટિવ હેબિટ તો જ ફોર્મ થશે, જો હેતુની સભાનતા હશે. એ બહુ જરૂરનું છે. આપણે આધ્યાત્મિક બાબતની વાત કરીએ છીએ. પણ સંસારવ્યવહારમાં - એમાં એ જ બાબત છે. હેતુની સભાનતા જોઈએ. કર્મમાં પણ હેતુની સભાનતા ન હોય, તો કર્મ યોગ્ય પ્રમાણે ના થાય, એટલે કર્મમાં પણ હેતુની સભાનતા બહુ જરૂરી.

હેબિટ (ટેવ) ફોર્મ એમ ને એમ નહિ થાય. અભ્યાસ વિના હેબિટ ફોર્મ નહિ થાય. આવી જાતના અભ્યાસથી હેબિટ ફોર્મ થઈ જાય. આ જ રીતે કરવી એવું કંઈ નથી. જે રીતે ફાવે તે રીતે હેબિટ કરી દો. પછી આનંદ આનંદ.

કોઈ પણ ટેવ કાયમ જ રહેશે એમ તો કેમ કહી શકાય? જે કંઈ આપણે કાઢવું છે તે જો હૃદયમાં ખરેખરી રીતે સાલે અને તેના વિશે જો દર્દ થાય, તો તે જરૂર નીકળી શકે. વીંછી કરડ્યો હોય છે તો કંઈ ખાવાનું ભાવે છે? અથવા પેટમાં ચૂંક આવતી હોય અને મનગમતું સામે

ખાવાનું પડ્યું હોય, તો તે વેળા મોંમાં પાણી આવતું નથી. **તેવી રીતે જ્યારે** જીવસ્વભાવની રુચિ પલટાઈ જાય અને આપણું મન અને પ્રાણ અંતર્મુખ વળી જાય યા વળવાનું ચાહે કે કરે, આપણી બુદ્ધિ સદ્નું જ વિચાર્યા કરે અને એ રીતે અહંતા આપણી ઓગળી જવા માંડે, તે વેળા જીવસ્વભાવનું કશું ચાલે નહિ. માટે તેવી ઉત્કટ જિજ્ઞાસા થાય તેને માટે આપણે જાગૃતિપૂર્વક એકધારો પ્રયાસ કર્યા કરવાનો છે, મંડ્યા રહેવામાં સાર છે. આમાં નુકસાન તો કોઈ રીતનું છે જ નહિ, સરવાળે લાભ જ છે. હરણની ગતિથી થાય કે કાચબાની ગતિથી, એ તો જેવી અને જેટલા પ્રકારની ઉત્કટતા તે પ્રમાણે થવાનું. જીવ ઘણાયે ઉધામા કરે છે અને જીવનો ઘણો રાગ ઘણે ઘણે હોય છે, તેના કરતાં આમાં રાગ થાય તો અતિ ઉત્તમ.

### અભ્યાસ

આપણા બધામાં પ્રભુની ચેતનશક્તિ છે, પરંતુ તે જીવપ્રકારના પટમાં વહેતી હોવાથી ને તે રીતે તેનું વ્યક્ત થવાપણું બનતું હોવાથી આપણને તેનું ભાન થતું નથી. આપણે સંપૂર્ણપણે જીવદશાવાળા હોવાથી જીવદશા પ્રમાણેનું જેનું તેનું આપણને દર્શન થયા કરે છે. એટલે જીવદશાનું આવરણ તોડીએ અથવા તૂટે કે તૂટી જાય ત્યારે મૂળ જે અસલ ચેતન છે તે પોતાના સ્વતંત્ર પટમાં વ્યક્ત થયા કરશે.

માનવીને હરકોઈ રીતે કંઈક ને કંઈક વિવિધતા જોઈએ છે. મન દરરોજ નવા નવા રસાસ્વાદ લે તો સંતોષાય એવું બની ગયું છે. ઈન્દ્રિયોને નવું નવું ગમે છે. રોજ ને રોજ નવું નવું હોય કે બન્યાં કરે તો તે વિશેષ ગમે છે. માનવીને હંમેશાં તેની લાગણીને ઉશ્કેરે એવું જે ગમે છે, તે જીવનવિકાસની સાધનાની દૃષ્ટિએ ને હેતુએ યથાયોગ્યપણાંવાળું નથી. તેનો સાચો અર્થ તો એ કે એનામાં અંતરમાંથી સ્વયંસ્ફુર્તિપૂર્ણ પ્રસન્નતા ને આનંદ ફુવારાની માફક ફૂટ્યા કરતાં હોતાં નથી. એટલે તેવી ન પુરાય તેવી ખોટ તે બહારથી કંઈક ને કંઈક મઝા-લહેર- ભોગવવાનું ઈચ્છીને કે ભોગવીને પૂરવા માગે છે. તેથી જીવને ઈન્દ્રિયોના વિષયભોગો ખૂબ ગમે છે. આમ એનો આખો દિવસ એક (Round of trifling and frivolous activities) ક્ષુલ્લક પ્રકારની ક્ષુદ્ર પ્રવૃત્તિઓની હારમાળામાં વીતી જતો હોય છે. તેની પાછળ હાલનું રજોગુણી માનસ સામાન્યપણે દોડાદોડ કરે છે, કે જેથી

સ્વયંભૂ અંતઃસ્ફુરિત, સાત્ત્વિક, સ્થિર, શાંત આનંદ ન મળતાં તેની ખોટ રાજસિક પ્રકારની ધાંધલની પ્રવૃત્તિઓમાંથી મેળવીને ને તેમાં ભાગ લઈને પૂરી પાડવાનો વ્યર્થ પ્રયત્ન માનવી કરતો હોય છે.

**અભ્યાસની જરૂર**

જીવનમાં પ્રસન્નતા, ઉત્સાહ, ઉત્કટ અભિલાષા વગેરે કેમ કરીને પ્રકટે અને તેનું મૂળ કારણ શું હોય તે જો વિચારીએ તો જે બાબતમાં ગરજ ને સ્વાર્થ પૂરેપૂરાં જાગે તેવા કામને વળગી રહેવામાં સૌ કોઈ તૈયાર રહે છે. જીવનના ધ્યેય પરત્વેનાં ગરજ ને સ્વાર્થ પાકાં આપણને લાગી જાય તો તેમાં મનાદિકરણો પરોવાયેલાં રહે છે. પરંતુ બધા જીવનું તેમ થતું નથી. એટલા જ માટે અભ્યાસ જરૂરનો કહ્યો છે. અભ્યાસના મૂળમાં જો સાચોસાચ વૈરાગ્ય પ્રકટી ગયેલો હોય તો તેવો અભ્યાસ જલદી ફળે. નહિતર અભ્યાસ એકલો એકલો થયાં કરે ને તે દીર્ઘકાળ પર્યંત ને નિરંતર થયાં કરે, તો તેમાંથી પણ વૈરાગ્ય પ્રકટી જાય છે. માટે આપણે તો હિંમત રાખીને જે કર્યા કરવાનું છે તે કર્યા કરવું.

**અભ્યાસનો ખરો હેતુ**

તાત્કાલિક વૈરાગ્ય સિદ્ધ ન થાય પણ અભ્યાસ કરતાં કરતાં સરળ થાય. હવે જેને શ્રદ્ધા પ્રકટેલી હોય, એને શંકા-કુશંકા પ્રકટે નહિ. પણ બધામાં શ્રદ્ધા ન હોય એટલે અભ્યાસ ચાલુ રાખવાનું ભગવાને કહ્યું. સહજ શ્રદ્ધા જન્મવી મુશ્કેલ છે, માટે અભ્યાસ ચાલુ રાખવાથી શ્રદ્ધા જન્મી શકે. અભ્યાસથી વસ્તુનું હાર્દ પમાય છે. અભિ + આસ = અભ્યાસ એટલે કે આસપાસ બેસવું. આપણે કોઈના પ્રથમ પરિચયમાં આવીએ ત્યારે તેના ગુણ-અવગુણની ખબર પડતી નથી, પણ પરિચય વધવાથી બધી ખબર પડે છે. એમાં આપણને સ્વાર્થ હોય તો આપણે એના ગુણ વિચારીએ છીએ, અવગુણ વિચારતા નથી. એટલે **અભ્યાસ એટલે સતત સંપર્કમાં રહીને એકધારા પરિચયમાં પ્રકટવું તે.** માનવીના પરિચયમાં આવી શકીએ, પણ ભગવાન તો અદૃષ્ટ છે. એ આપણા પરિચયમાં આવી શકતો નથી તો આપણે એના પરિચયમાં કેવી રીતે આવવું ? એટલે કહું છું કે ભગવાનના ગુણધર્મની આપણામાં વૃદ્ધિ કરવી. પણ આપણે જીવદશામાં છીએ ત્યાં સુધી આપણે પ્રકૃતિથી આવરાયેલા છીએ. એટલે ભગવાનના ગુણધર્મ પ્રકટેલા છે એવાના પરિચયમાં આવવું.

**મૈત્રીથી ગુણધર્મની પ્રાપ્તિ**

હવે જેના ગુણધર્મ સરખા થાય ત્યારે મૈત્રી થાય. ગુણધર્મ સરખા કરવા માટે દિલનો મેળ કરવો. આમ તો બધામાં ભગવાન છે; છતાં પાછો એ અળગો છે, બધાથી અનાસક્ત છે. આપણે પણ સંસારમાં એવી રીતે રહેવાનો અભ્યાસ કરીએ કે બધામાં ભળેલા રહેવા છતાં હૃદયથી અળગા-તટસ્થ રહીએ.

**સંસારી કામની જેમ આના અભ્યાસની શક્તિ**

સંસારવ્યવહાર વર્તનના ક્ષેત્રમાં, જે કામ માથે લીધું ને તે કામનો જેમ જેમ અભ્યાસ કરવાપણાથી તે કામની સમજણ પડ્યા કરતી રહે છે, તેમ આ માર્ગમાં પણ તેવા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસથી કરી તે ક્ષેત્રની સમજણ પણ પ્રકટવા માંડે છે; ને તે ક્ષેત્રની ઘણી ઉત્કટ સમજણ પ્રકટતાં તેની સાથે સાથે તે પ્રકારની શક્તિ પણ પ્રકટે છે. તે જ્ઞાનને કયા કયા પ્રસંગે ને કયા કયા જીવની સાથે, તેને કેમ વાપરવું તેની ગતાગમ આપણને આપોઆપ પડ્યાં કરતી હોય છે. એવી સમજણ વર્તનમાં પ્રેરાવાને તે પ્રકારની શક્તિ પણ મોજૂદ રહ્યા કરેલી હોય છે. તે કાળે એવા પ્રકારની જાગૃતિ પણ આપોઆપ આપણને પ્રકટતી હોય છે.

## વૈરાગ્ય

વૈરાગ્ય શબ્દના મૂળ અર્થમાં જઈએ તો રાગ એટલે આસક્તિ જતી રહી હોય તે સ્થિતિ અથવા અનાસક્તિ, વિરાગ અને વૈરાગ્ય એક જ અર્થના શબ્દો છે. જેટલાં કર્તવ્યો હોય ને તેમાંથી પણ જેટલાં યોગ્ય હોય તેટલામાં જ આપણે રહેવાનું છે, ને તે પણ અનાસક્તિથી. અનાસક્તિથી એટલે જીવ વિના તે બધાં થયાં જશે એમ નહિ, પણ એ કરતી વખતે આપણે પરિણામની આશા દિલમાં ન રાખીએ. વળી તે કાર્યમાં આપણી મર્યાદાનો તથા તેટલા કાર્ય પૂરતી જ જવાબદારીનો ખ્યાલ રાખ્યા કરી, તે જેમ આવતાં હોય તેમ કર્યા કરીએ, ને તે વિશે મનમાં પહેલાં કે પછીથી એના વિશે વિચારો ન કર્યા કરીએ. મનને ડામાડોળ ન થવા દઈએ. આપણે ભાગે જે કરવાનું આવે તે કરી નાખવું, ને મનમાં પછીથી કશું ન રાખવું. એમ જ્યારે આપણે દરેક કાર્યમાં સમજણપૂર્વક અનાસક્ત રહીશું ત્યારે આપણને રંગ ચઢવા લાગશે.

વૈરાગ્ય એટલે સંસારવ્યવહાર પરત્વેની ઉદાસીનતા અથવા બેપરવાપણું એવો કંઈક એનો પ્રચલિત અર્થ છે. ઉદાસીનતાનો સાચો અર્થ શો હોઈ શકે તે પણ હજી આપણને ખ્યાલમાં યોગ્યપણે ઊગી શકેલું નથી. જે કાળે પ્રાપ્ત ધર્મ્ય કર્તવ્ય હોય, તેનો યોગ્ય રચનાત્મક ભાવે સ્વીકાર કરી, તેનું પાલન કરવામાં સાચા વૈરાગ્યનો કદી પણ વિરોધ હોતો નથી. જીવનવિકાસની ભાવના જ્યાં ત્યાંથી ઉદ્દીપન થયાં કરે, તેમાં રસ પ્રગટ્યાં કરે છે, ને જે એવી અંતરની રસવૃત્તિને હાનિ પહોંચાડી શકે તેવું હોય તે પરત્વે જ્ઞાનપૂર્વકની જાગૃત ઉદાસીનતા સહજમેળે પ્રકટ્યા કરે, તે ઉદાસીનતા રચનાત્મક પ્રકારની ગણાય.

ધ્યેયમાં વિશિષ્ટ, એકાગ્ર ને કેન્દ્રિત રાગ પ્રકટી જવામાં જે પ્રેરણાત્મક દોરવણી કર્યા કરે છે તે વૈરાગ્ય. સાચો વૈરાગ્ય કદી પણ કર્તવ્યભ્રષ્ટ થઈ શકતો નથી.

**વૈરાગ્ય કેમ ઊપજે ?**

મનાદિકરણો બહારના સંસર્ગોથી મળતા સંસ્કારો પ્રમાણે વિચાર અને કાર્ય કરવાને ટેવાયેલાં છે. એમાંથી એમને નિવૃત્ત કરવાં હોય તો એમને બીજા કશામાં રસ લગાડવો પડશે. એમને બળાત્કારે પાછાં વાળવા મથીશું તો વળશે તો ખરાં, પણ એમનો રસ ને પ્રાણ તો ત્યાં જ રહેશે. જેમ ઉપવાસ કરવા છતાં ખાવાનો રસ મટી નથી જતો- અથવા કેટલીક વાર તો ઊલટો વધે છે- તેમ આમાં પણ થવા સંભવ છે. એટલે એમને વિષયોમાંથી હઠાવવાનો સરળ માર્ગ રચનાત્મક પ્રવૃત્તિમાં તેમને રોકવાનો છે. આવી પ્રવૃત્તિ એટલે કે ભગવાનની પ્રાર્થના, ભજન, એનું ચિંતવન, પ્રેમસ્મરણ-એ બધાંના સરળપણા માટેનો અભ્યાસ વગેરેમાં એમને (મનાદિકરણો અને ઇન્દ્રિયોને) પરોવવામાં મથ્યાં કરવું એ જ આપણામાં વૈરાગ્ય આણવાનો એક જ ઉત્તમ માર્ગ મને તો સમજાય છે. આપણે નકારાત્મક બાજુ પર વધારે લક્ષ આપવાનું નથી, પણ રચનાત્મક બાજુ ઉપર સતત જાગૃતિ રાખીને મંડ્યા કરવાનું છે. રચનાત્મક કેટકેટલું યોગ્ય રીતે નથી થતું તે વિચાર્યા કરીશું ને તે કેમ યોગ્ય રીતે થઈ શકે તે ખ્યાલમાં રાખીશું તો બીજું બધું એ તો મરી મીઠાં જેવું છે. જે જોઈતું હશે, તે આપોઆપ આપણામાં આવશે.

વળી આપણે જે કરતાં હોઈએ, તે બધું ભગવાન પ્રીત્યર્થે કરીએ ને એવો ખ્યાલ દિલમાં રાખ્યા કરીએ, એટલું એનું સ્મરણ સતત આપણામાં

રહેશે. આપણામાં જો રસ જન્મશે તો પછી આ બધું તદ્દન સરળ છે. માટી ભીની થતાં તેનો પ્રત્યેક પરમાણુ ભીનો થઈ જાય છે એમ આપણામાં પણ થશે.

**અભ્યાસ અને વૈરાગ્ય**

સતત અભ્યાસ અને વૈરાગ્ય વિના આપણને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન મળે નહિ. અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે (ધારો કે ભગવાનને મેળવવાનું) તેનું જ સતત ચિંતન-અતિશય ભાવભરી રીતે અને વેગપૂર્વક - આપણામાં જાગ્રત રહ્યા કરે તે. તે આપણને સતત ધકેલ્યા કરે અને તે બાજુના પ્રયત્નમાં આપણને સામેલ રાખ્યા કરે, બીજા કોઈ પણ વિચાર કે કલ્પનાને રહેવા ન દે. તે આપણી જિજ્ઞાસા અને તમન્નાને વધારે દિવ્ય બનાવ્યા કરે. આ સઘળું થવા માટે આપણામાં વૈરાગ્યની ભાવના પણ ખૂબ જામેલી હોવી જોઈએ.

"વૈરાગ્ય એટલે આ સંસાર સાર વગરનો છે, નકામો છે, આડે આવે છે, આ બધું મિથ્યા છે, ખોટું છે, સંસાર કચરો છે" વગેરે વિચારો નહિ; આવા વિચારો ખોટાં છે. **કોઈ પણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે, મન કોઈ પણ વાતમાં ચોંટી રહે નહિ એનું નામ વૈરાગ્ય.** આપણે ભાગે આવેલું કામ તો આપણે કરવાનું જ છે, પણ તે આસક્તિ વગર, પ્રાર્થના કરતાં કરતાં, ભગવાનની કૃપા પ્રસાદીરૂપે અને તેને જ સમર્પણ કર્યા કરીને કરવાનું છે. આપણને મળેલા કામમાંથી ભાગી છૂટવાનો, છટકવાનો ઈરાદો કે વિચાર સુદ્ધાં રાખવાનો નથી. તેમ છતાં આપણી જિજ્ઞાસા (ભગવાનને ઓળખવાની ને અનુભવવાની ઇચ્છા) એની કૃપાથી એટલી બળવાન થયેલી હોય ને આપણી તમન્ના એટલી તલપાપડ થયેલી હોય કે આપણને એના વિના કશું સૂઝે નહિ એનું નામ વૈરાગ્ય. **વૈરાગ્ય એટલે શ્રીભગવાનના ચરણકમળે હૃદયના સંપૂર્ણ ભાવે આસક્તિ. આવી સ્થિતિ આપણે આપણી કરવાની છે.**

એવી સ્થિતિ લાવવાને માટે આપણે સતત ભગવાનને શરણે જઈને આપણું બધું થતું કે થવાનું કે થયેલું એને કહ્યા કરીએ; મનથી, શરીરથી, ઇન્દ્રિયોથી, બુદ્ધિથી જે કંઈ કરીએ, વિચારીએ, એ બધું શ્રીભગવાનને આપી દઈએ; આપણી આખી જાત જ પ્રત્યેક પળે પ્રાર્થના કરતાં કરતાં એને સોંપી દઈએ; એક પળ નકામી ન જાય, એને

યાદ કર્યા વિનાની ન જાય; આવી દશા આપણે એની કૃપાથી લાવવાની છે. આપણે હૃદયમાં ભગવાનના નામનો યજ્ઞ કરીએ; તેમાં આપણા બધા વિચારો ને કામો હોમ્યા કરતાં હોઈએ એવો સતત વિચાર કરતાં રહીએ. ભગવાન માટે અપાર પ્રેમ વગર અને પ્રભુ સર્વશક્તિમાન છે એવા જ્ઞાનભાન વગર આપણાથી ઉપર લખ્યું એવું થઈ શકશે નહિ. આપણી અનેક ખામી હોવા છતાં ભગવાન આપણા ઉપર નિરંતર કૃપા વરસાવ્યા કરે છે. આ કંઈ માત્ર કલ્પના નથી; આપણી આંખો જો સાચી રીતે ઊઘડી હશે તો આવું આપણને દેખાયા વિના રહેશે નહિ.

ભગવાનના શરણથી ગમે તેવો દુષ્ટ માણસ પણ સુધરી જાય છે; ઊલટી કેટલીકવાર તો એની લાયકાત વધારે પણ હોઈ શકે. જેટલો પતિત અને પાપી તેટલો ઉદય પણ વધારે વેગવાળો થવાનો. જેમ જમીન પર પછાડેલો દડો જેટલા જોશથી નીચે પડ્યો હશે, તેટલા જોશથી ઊંચે આવવાનો. માત્ર આપણે બધાં ભેગાં મળીને પ્રામાણિકપણે દિલથી પ્રયત્ન કરીએ ને છેવટની હદ સુધીની (રજની યે રજ જેવી) નમ્રતા કેળવીએ; આપણે તો કંઈ જ નથી, આપણે મીંડું છીએ, સાવ શૂન્ય છીએ, એવા ભાવથી ભગવાનના ભાવને જીવનમાં પ્રત્યક્ષપણે વિકસાવવા અને અનુભવવા આપણે મથ્યા કરીએ; અમારી મહત્ત્વાકાંક્ષા આપણાં બધાં વિશે એવી છે.

## લગની

જે વિષયમાં ઉત્કટ લગની લાગે છે તે વિષયમાં તે જીવનો સહજ પ્રવેશ થઈ શકે છે. લગની વિના મન ઠરી પણ શકતું નથી. જે વિષયમાં લગની લગાડવી છે, તે વિષયનું મનન, ચિંતવન અને નિદિધ્યાસન રોજના આપણા જીવનના ગાળામાં બીજાં કર્તવ્યો કરતાં વધારેમાં વધારે એકલક્ષી થતું રહે તો લગની લાગી જવાનો પૂરો સંભવ.

**લગની કેમ લાગે ?**

ભગવાનના નામસ્મરણની ધૂન પ્રકટાવી, એ ધૂનની મસ્તીમાં શ્રીપ્રભુપ્રીત્યર્થે સકળ કર્મ યજ્ઞભાવે કર્યા કરી તેને પાછાં જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કર્યા કરવા. જો ભગવાનને પંથે જવું છે તો આવું કર્યા વિના આરો નથી.

ભગવાન હજાર હાથવાળો છે, તેને જે તે બધું સોંપ્યા કરવાનું જ્ઞાનયુક્ત ભાન રાખે તો તે બધું સંભાળે તેવો છે. સોંપવાનો અર્થ એવો છે કે તે સોંપ્યા પછી તે અંગેનો કશો પણ આપણને વિચાર ના થાય. સાવ નિરાંતપણું આપણે અનુભવી શકીએ. સંસારવ્યવહારનાં કર્મમાં પણ આપણે એને જ રાજી રાખવાને જે તે બધું કરીએ ને એમ એની ભાવનામાં નિશદિન તરબોળ રહ્યાં કરીએ તો જ શ્રીપ્રભુની લગની લાગવાની છે, તે વિના નહિ.

લગની લગાડ્યા વિના કશો આરો આવવાનો નથી. જો સંસારની આરપાર નીકળી જવું હોય તો લગની લાગે તો જ બેડો પાર થાય; તે વિના બેડો પાર થવો કદી શક્ય નથી તે જાણજે. જગત છે, પરંતુ જેવા પ્રકારનું મન ને જેવા જેવા પ્રકારની વૃત્તિ, તેવા આકાર અને પ્રકાર હંમેશાં રહ્યાં કરે છે. એટલે આપણને બહારના જગત સાથે કશી પડી નથી, પરંતુ અંતરના જગતને જ ફેરવવાનું છે. એ જો ફેરવાયાં કરશે તો પછી વાંધો નથી. મનને કોઈ પણ પ્રશ્ન ઊઠતાં એમ વિચાર કરાવવાનું કરવું કે "તારે હરિમાં લગની લગાડવાની છે કે કેમ ? જો લગાડવાની હોય તો એમાં ને એમાં રહ્યાં કર !" મનને અનેક વાર હઠી જતું અનુભવીશું ને અનેક વાર ફરી જતું અનુભવીશું; પરંતુ આપણે તો સદાય જાગૃત રહેવું પડશે. જે જાગતો રહેશે તે જીતશે અને આ માર્ગ જાગતા રહેવાનો છે. જાગતા રહ્યા વિના કશું કામ થવાનું નથી. જે જાગે છે, તે જાણી શકે છે, જોઈ શકે ને અનુભવી શકે છે; માટે જાગતા રહેવામાં સાર છે. જે જાગતો રહે છે તેના બધા પ્રશ્નો આપમેળે ઉકેલાય છે.

**ગમે તેમ કરીને લગની લગાડો**

શ્રીભગવાન પરત્વેની પૂરેપૂરી લગની જ્યાં સુધી હૃદયમાં લાગી નથી, ત્યાં સુધી જીવે બેસી રહ્યે ચાલવાનું નથી. શ્રીભગવાનની ભક્તિ તરફના બને તેટલા શક્ય પ્રયત્નો કરીને જીવે સંપૂર્ણ લગનીની કે તમન્નાની ભૂમિકામાં પ્રવેશવું પડશે; તે વિના એને સાચી શાંતિ પણ મળવાની નથી. જેને સદ્‌વસ્તુ પરત્વેનો હૃદયનો અનુરાગ છે, તે જીવને માયાના ચેનચાળામાં હોવા છતાં તેને કશી પણ નિરાંત વળતી નથી, ને ઊલટો અજંપો વધે છે. એમ કરતાં કરતાં એ અજંપો અંતે તો એ જીવને ધક્કો માર્યા વિના પણ રહેવાનો નથી તે વાત પણ નક્કી છે.

**સાધના કંઈ ખાવાના ખેલ નથી**

લગની લાગી જાય તો પછી કશું બાકી રહેતું નથી; એની મેળે બધું ચાલ્યાં કરે. તેવી લગની લાગી જવી, એ કંઈ સહેલી વાત નથી. એ તો સહૃદય પ્રયત્ન ને તે પણ દીર્ઘકાળનો પ્રયત્ન ને તે પણ સતત ને પૂરેપૂરો જાગૃત બન્યાં કરે, તો 'મનજીભાઈ' પલળે. આ માર્ગમાં કંઈ લાડવો ખાવાનો નથી. આ માર્ગ તો ઘણો તપનો છે અને કઠણ છે, મનને મનાવવાપણાનો છે; જીવનને કસવા સાથે યોગ્ય સમજણ પ્રકટાવવા અર્થેનો પણ છે.

**લગનીથી બધું સાનુકૂળ થાય છે**

સંસારવ્યવહાર સાધનાને માટે સાનુકૂળ નથી હોતો એમ ઘણા કહે છે, પરંતુ 'ન નાચનારીનું આગણું વાંકુ' એ ન્યાયે તો જેની દાનત પ્રગટી હોય છે તેને માટે તો ઉપાધિ રહેતી નથી. પરંતુ ઉપાધિ તો ગુરુરૂપ બની જાય છે. જીવનમાં ઉત્કટતાથી પ્રકટેલો પ્રશ્ન કંઈ કંઈ શીખવી જાય છે, કંઈ કંઈ બતાવી જાય છે; માત્ર આપણાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સતત એકધારા ચેતન પરત્વેનાં કે ગુરુ પરત્વેનાં, આપણાં બધાં કરણોમાં અભિમુખ થઈ ગયેલાં હોવાં જોઈએ. લગની લાગ્યા વિના કશામાં પણ મીઠાશ આવતી નથી; સંસારની મીઠાશ પણ લગની વડે કરીને છે. જ્યાં જ્યાં મીઠાશ, સુખ, આનંદ, માધુર્ય વગેરે છે ત્યાં તેનું કારણ તેની પાછળની લગનીની ભૂમિકા છે. લગની વિનાનું સાવ ફિક્કું લાગે. જો લગની ના પ્રકટી તો 'અંધેઅંધાની ઠેલં ઠેલા' એના જેવું થવાનું. જે જીવને લગની લાગે કે લાગેલી હોય તેને કંઈક ગતાગમ પડે, બાકી તો અમે પણ અંધા ઠરવાના.

લગની લગાડી તો પછી ચેતનના અનુભવ પરત્વેનો આપણો રસ્તો સરળ થઈ શકે છે. લગની લાગી જાય એ એક બાબત છે, લગની લગાડવી તે બીજી વાત છે. લગનીમાં એક પ્રકારનું સહજ આકર્ષણ રહે છે. લગની લગાડવામાં પ્રેમભક્તિની વિશેષ જરૂર છે, ને એ તો ભાવનાનો પ્રદેશ છે.

જેને જે બાબતની લગની લાગે છે, તે તેની આંખ આગળ રમ્યા કરે છે અને એમાં ને એમાં એની વૃત્તિ ને લાગણી ઢળ્યાં કરે છે. જેવું દુન્યવી હકીકતમાં સાચું છે તેવું જ આધ્યાત્મિક બાબતમાં પણ સાચું છે. સાધનાની હકીકતમાં આવું જ્યારે બને છે, ત્યારે એને પ્રેરણા લેવા બીજે જવું પડતું નથી.

## રસ

આપણી જિંદગીમાં જે રસ છે તે એક જ પ્રકારનો નથી. જીવન જીવીએ છીએ તેમાં જે રસ છે એનાથી ઉપલા જીવનમાં પણ રસ છે ને પાછો ! આ જીવનમાં જે રસ છે તેના કરતાં પેલા જીવનનો રસ ઘણા ઊંચા પ્રકારનો, ઘણો વધારે આનંદ આપનારો, ઘણો વધારે શાંતિ આપનારો, ઘણો વધારે ઉત્તોજક અને ઘણો વધારે વિસ્તારવાળો છે. લાંબો ગાળો ટકે એવો છે. આ તો થોડો કાળ તમને રસ લાગે. બાકીના વખતમાં રસ લાગે નહિ અને પેલો વધારે કાળ ટકે એવો રસ છે.

પ્રત્યેક ક્ષેત્રના રસ જુદા જુદા હોય છે. રસ એક જ જાતનો હોતો નથી. જેમ ક્ષેત્ર બદલાય તેમ રસ બદલાય. નાના બાળકમાં પણ રસ છે. એ જેમ મોટા થતા જાય, તેમ એ રસ પણ બદલાય છે. તેવી રીતે હાલના સાંસારિક જીવનમાં આપણને રસ લાગે છે તે રસ આગળના ઊર્ધ્વના માર્ગમાં જઈએ છીએ ત્યારે એ રસ જુદા પ્રકારનો છે. ત્યાં સંગ્રામ લડવાના આવે. સંગ્રામમાં પણ રસ છે. સંગ્રામ એકબીજા સામે નથી- સામે કોઈ પારકા નથી હોતા. આપણી જાતના જ હોય છે. ઊર્ધ્વની ભૂમિકામાં આપણે જ્યારે જઈએ છીએ, ત્યારે જ લડવાનું થાય છે તે આપણે આપણી સામે જ હોઈએ છીએ. આપણી અંદરના જે શત્રુઓ હોય છે તેને જ આપણે સંહારવાના હોય છે. એટલે મહાભારતમાં ભગવાને અર્જુનને સમજાવ્યું કે આ તારા ભાઈઓ, દાદા, ગુરુઓ, બધાને તારે સંહારવાના છે. એ કેટલું બધું અઘરું કામ છે ! જેણે આપણને ઉછેર્યા, જેની સાથે રમ્યા, એને જ આપણે સંહારવાના ! એવી જ રીતે આપણે આપણામાં રહેલા રાગદ્વેષ, મમતા, અનેક જાતના આગ્રહો, ટેવો, કુટેવો, આ બધા જે છે તે બધાને સંહારવાના છે. એ બધાં પૂરેપૂરાં સંહારાય ત્યારે જ આપણી મૂળ આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય. તે એકદમ થાય નહિ. એ ભગવાનનું નામ લેતાં લેતાં વહેલું થાય છે.

કોઈ પણ વિષયમાં એકાગ્રતા થઈ - નામસ્મરણ જવા દો - તે એ એકાગ્રતા પ્રસરે છે, કારણ કે એ સ્ટેટિક નથી તે આપણે જાણીએ છીએ. એટલે બીજા બધા વિષયમાં અલબત્ત, જેમાં આપણને રસ છે તેમાં એ

પ્રસરે છે. આ એક શરત છે ખરી. રસ જ ના હોય તો ના આવે. રસ જોઈએ, રસ વિના પત્તો નહિ ખાય ને એટલા માટે જ **આપણા વેદોએ ગાયું છે કે "રસો વૈ સઃ" એ રસ છે, ભગવાન પોતે રસ છે. રસ એ ભગવાનનું સાકાર સ્વરૂપ છે.** ત્યારે દરેક વિષયમાં રસ એ એકાગ્રતા પ્રગટાવવા માટેનું મૂળ કારણ છે. રસ વિના કંઈ કશામાં એકાગ્રતા પ્રગટે નહિ. રસ હોય તો જ આપણે કર્મ કરવાને પ્રેરાઈએ છીએ. બીજાં કર્મ કરવાને જ ના પ્રેરાઈએ. આપણાથી કર્મ થાય છે તે પણ રસને કારણે જ. એટલું ખરું કે જે સભાન રહે તેને વધારે સારું, બાકીનાં ઘણાંખરાં માણસો તો એમ ને એમ કર્મ કર્યા કરે છે. આ રસને કારણે જ આપણાથી આ કર્મ થાય છે. પછી રસને જ જે મહત્ત્વ આપે છે તેનો રસ વધે છે. એનામાં રસનો વિકાસ થાય છે.

**મૂળમાં રસ**

કંઈ કશામાં રસ ના હોય તો જીવન ટકે નહિ. રસ વગર જીવી શકાય નહિ. કોઈક કહે કે "મારું જીવન તો શુષ્ક છે", પણ એમ હોય તો એ મરી જાય. એટલે ક્યાંય પણ રસ હશે, નહિ તો જીવે નહિ. એટલે રસ ક્યાંય પણ હોય છે જ. રસના પ્રકાર જુદા જુદા. જીવદશામાં કામ, ક્રોધ, લોભ વગેરેમાં રસ હોય. આપણાથી બીજા પ્રકારના હોય તેમને નામનામાં, પ્રતિષ્ઠામાં રસ હોય. એમ દરેકમાં રસ હોય છે. જીવન અને રસને નોખાં ના પાડી શકાય. માટે, જીવનને અનંત પણ કહ્યું છે. માણસને જીવવામાંથી રસ નીકળી જાય છે ત્યારે પોતાની જાતે જ મરે છે. અને ગમે તે કારણે જીવવામાંથી રસ નીકળી જાય. એ કેમ નીકળી જાય છે? વ્યક્તિએ વ્યક્તિએ તેનાં કારણો જુદાં જુદાં છે. કંટાળો કે ત્રાસ એમ નહિ, પણ જે જીવનમાં ગમે તેટલું કષ્ટ હોય તો પણ જીવવામાં આનંદ છે. કષ્ટમાં કષ્ટ, ભારેમાં ભારે કષ્ટ હોય તો પણ આનંદ સાથે ને સાથે જ છે. એમાં એ એને દેખાતો નથી, પરખાતો નથી, સમજાતો નથી. લાગણી એને થતી નથી, પણ તેમ છતાં એને આનંદ છે, એની સાથે જ, માટે એ જીવે છે. તે આનંદ જતો રહે છે અને રસ જતો રહે છે એટલે એના શરીરનું મરણ થાય છે. આનંદ જતો રહે પછી શરીરથી ઘડીવાર જીવાય નહિ. જીવવામાં આનંદ છે. જીવવાનું કારણ જ આનંદ છે.

## રસ કેમ જાગે ?

એ રસ પડે એના મુદ્દાઓ :

૧. જીવનમાં જેને આપણે સૌથી મહત્ત્વનો પ્રશ્ન ગણતા હોઈશું એમાં રસ પડશે જ.
૨. જેને માટે પ્રયત્ન થતો હશે એને માટે લાગણી હશે-પ્રેમ-હશે-તો પણ રસ પડશે જ.
૩. જે મેળવવું હશે એની ઉત્કટ જિજ્ઞાસા ને તમન્ના પ્રકટ્યા હશે તો એની જબરી ભૂખ લાગી હશે.
૪. અમુક વસ્તુ કર્યે જ છૂટકો છે એવો દૃઢ મરણિયો નિશ્ચય કર્યો હોય છે - કે જે ન થાય તો જીવ્યું જ નકામું બને - અથવા એ નિશ્ચયની પાછળ મરણિયાપણાની વૃત્તિ જાગેલી હશે. એવા પ્રયત્નમાં પણ રસ આવશે.
૫. જેનું સતત ચિંતવન થયાં કરતું હશે એવામાં પણ રસ પડશે જ.
૬. આપણા જીવનહેતુના સાચાપણા વિશે એવી ખાતરી થઈ હોય ને એના વિના જીવનમાં શૂન્યતા છવાયેલી લાગ્યા કરે તો એમાં રસ પડે.
૭. અત્યાર સુધીમાં પુરુષાર્થના પરિણામમાંથી અંદર એવો સંતોષ ન વળતો હોય કે હૃદયમાં શાંતિ ને સમન્વય, સંતોષ ને પતાવટ, તથા બધાનું નિરાકરણ આપોઆપ થયાં કરે; એવું આપણું ન થયું હોય, ને આજે જે કંઈ કર્યું છે તે યોગ્ય પુરુષાર્થ ને યોગ્ય કરવાપણું ન હતું પણ કંઈક બાકી છે - સ્ત્રી છે, છોકરાં છે, ધનદોલત છે, વૈભવ-વિલાસ છે, સુખ છે, સમૃદ્ધિ છે, સત્તા, કીર્તિ છે, બધુંયે છે તેમ છતાં એનાથી દિલને સંતોષ ન થતો હોય, એ હજી કશાક ઑરને - અંદરથી ખૂબ ખૂબ ઝંખે છે એવું સમજાય ત્યારે પણ રસ પડે છે.

## અંતર્મુખતા અને એકાગ્રતા

થતો અભ્યાસ ઊંડો જ્યાં પડે રસ દિલ તે વિષે,
પછી અભ્યાસની શક્તિ ઊંડેરી ભવ્ય ઝબકે છે.

પછી અભ્યાસ - શક્તિથી હૃદય એકાગ્રતા જામે,
અને એકાગ્રતાનાયે તબક્કા શા જુદા પણ છે !

થતી એકાગ્રતા જ્યારે હૃદય સંપૂર્ણ જીવનમાં,
પછી કેન્દ્રિતતા - વારો સહજ પ્રગટે જ જીવનમાં.

**અંતર્મુખતા એટલે -**

એકમાં અનંત છે, અને અનંતમાં એક છે. આપણે અનંતમાં બહાર વહેંચાઈ ગયેલાં છીએ. તેમાંથી પરાઙ્મુખ થવાનું એટલે કે અનંતમાંથી આપણે એક બનવાનું છે. એટલે અનંત સાધન હોય તો તેના વડે કરીને પણ એક થઈએ, જ્યાં જ્યાં વૃત્તિ બહિર્મુખ થાય ત્યાં ચેતીએ અને તેને સંકેલીને સમેટીએ. તેને અંતરમાં વાળવાનો પ્રયત્ન કરીએ. એવો સજાગ ચેતનવાળો પ્રયત્ન થયા કરે તેવા અભ્યાસમાંથી પણ આપણામાં પ્રાણ પ્રગટે છે.

**ચૈતન્ય**

વિભક્ત ને વિખરાયેલી ચૈતન્યની અવસ્થાને સમેટી લેવી; અથવા ચૈતન્યની બહિર્મુખ ક્રિયાઓને એકત્રિત-કેન્દ્રસ્થ-કરી એક જ બિંદુ ઉપર એકાગ્ર કરવી, અથવા એક ભાવમાં રાખ્યા કરવી, એક જ હેતુ પ્રાપ્ત કરવા ઉપર ચૈતન્યની સર્વ શક્તિઓને સ્થિરપણે લગાડ્યા કરવી, અને ઉત્તરોત્તર એમાં સૂક્ષ્મતા, વેધકતા, તેજસ્વીતા ને જોશ આણ્યા કરવાં એ આપણા માર્ગનું તપ છે. આવી રીતે જ્યાં સુધી આપણે આપણા ચૈતન્યનો વિકાસ નહિ કરી શકીએ, ત્યાં સુધી ભગવાનની પ્રાપ્તિ થવી અશક્ય છે. જેમ જેમ ચૈતન્ય અપ્રકટ ને શક્યતા રૂપે રહેલી દિવ્ય શક્તિઓનો સાક્ષાત્કાર પોતાનામાં કરતું જાય છે, એમને પ્રકટ કરતું જાય છે અને શક્યતાને હકીકતના રૂપમાં ફેરવતું જાય છે, તેમ તેમ આપોઆપ તે વિકાસ પામતું જાય છે.

**ઉદયની ચાવી**

માણસને જ્યાં સુધી પોતાનું પોતાપણું પૂરેપૂરું સૂઝતું નથી, ત્યાં સુધી એની અંતરની આંખ ખૂલતી જ નથી. એટલે આપણું પોતાપણું પૂરેપૂરું આપણને સૂઝતું જાય અને સ્પષ્ટપણે, એમાં જ આપણા ઉદયની સાચી ચાવી રહેલી છે. એમાં ભગવાનની કૃપા જ વરસતી થયેલી છે, એમ હૃદયથી પામવાનું છે.

જીવનની દૃષ્ટિ ને વૃત્તિ જગતમાં બહિર્મુખપણે સંકળાયેલી રહેલી છે. તે બધી સંકેલી લઈને અંતર્મુખપણામાં વાળવાની રહે છે. પૂરેપૂરા

પોતામાં હૃદયમાં, હૃદયથી જ્યારે આપણે સમાઈશું ત્યારે આપણું પોતાનું અને બીજાં બધાંનું સાચું સ્વરૂપ શું છે તે સમજી શકીશું. પહેલાં તો પોતાનું સ્વરૂપ કેવું છે તે જાણવાનું છે. ત્યાં બધું પલટાવવામાં કશુંયે બાકી ન રાખો.

## અંતર્મુખ કેમ થવાય ?

**અભ્યાસથી -**

આપણે આપણામાં છીએ તેના કરતાં બહારમાં વિશેષ છીએ. એટલે સાધક તો પોતે પોતાનામાં જેટલો વધારે રહે તેટલું ઉત્તમ. બહારની ઘડભાંજોને, માથાકૂટને, વાતચીતને, બહારના કામને ને બહારનાં સ્વરૂપને એણે વળગી રહેવાનું નથી. જ્યારે જ્યારે તેમ થાય ત્યારે ત્યારે તેણે ઝાટકો મારીને વિખૂટાં પડવું, ને અંતરમાં વળ્યાં કરવાનું છે. દિવસભરમાં એમ અનેકવાર જાગૃતિ રાખ્યાં જ કરીએ તો અંતરમાં વળ્યાં કરવાનો અભ્યાસ પાકો થતો જાય. જે તે કંઈ અભ્યાસથી આવડે છે. અભ્યાસ વિના સાધનામાં પ્રાણ પણ ન પ્રગટે. અભ્યાસ દૃઢ થતાં તેમાં હૃદય પણ રેડાય ને સામેલ થાય. અભ્યાસથી કરીને એક પ્રકારની લઢણ જાગે છે, અભ્યાસથી જે લઢણ જાગે તેમાં એક પ્રકારની ઘરેડ પણ થઈ જવા સંભવ ખરો; તેથી અભ્યાસમાં વારંવાર આપણે બુદ્ધિ વડે કરીને, કલ્પના વડે કરીને, હૃદયની લાગણીઓ વડે કરીને, ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યા કરવાનું રહે છે. કંઈક હૃદયમાં શુષ્કતા લાગે કે તુર્ત ઉપરની રીતે ભાવનાને જગાડતા રહેવું. દિવસમાં કંઈ નહિ તો ૨૦-૨૫ વાર એવી રીતે ભાવનાને જગાડવાનો પ્રયત્ન કરવો.

**નવા પ્રકારના બુદ્ધિના ઉપયોગથી**

અત્યાર સુધી આપણે બુદ્ધિનો ઉપયોગ કોઈ ને કોઈ પ્રકારના બહારના કર્મમાં જ કર્યા કર્યો છે, કારણ કે તેવા કર્મમાં આપણને રસ હતો. પરંતુ હવે બહારનાં કામો એટલા રસપૂર્વક કરવાનાં નથી. આપણે ખરેખરો રસ તો જીવ પ્રકારનાં કરણોમાં સમતા પ્રકટે એમાં અને એવી બીજી અંતરની પ્રવૃત્તિમાં પ્રકટાવવાનો છે ને લેવાનો છે. આપણે બધા સાધારણ રીતે એમ માનવાને લલચાઈએ કે "તો પછી બહારનાં કામોનો ધબડકો જ વળેને ?" ના, પણ તેમ નથી થવાનું; અત્યાર સુધી બહારમાં જ આપણું લક્ષ હતું, હવે તે અંદર તરફ વળતાં બહારનું લક્ષ

તદ્દન જતું રહેશે એમ થતું નથી. એકસામટાં ત્રણ-ચાર કામ કરતાં અનેક માણસોને જોઈએ છીએ. શતાવધાનીની હકીકત પણ જાણીએ છીએ. એટલે અંતરનાં બધાં કામો તરફ લક્ષ આપવાની સાથે તેવા અભ્યાસને લીધે બહારનાં કામો પણ યોગ્ય રીતે જરૂર કરી શકીશું. કોઈ કિમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય છે, તો તે જડે નહિ ત્યાં સુધી એમાં જ આપણું લક્ષ પરોવાઈ રહે છે, તેમ છતાં બીજાં બધાં સાથે વાતો પણ કરીએ છીએ; એટલે એકસાથે બે-ત્રણ કામ થઈ શકે છે ને સાથે સાથે મનમાં તો પેલી ખોવાયેલી વસ્તુનું ભાન કદી તૂટતું નથી; એવી રીતે બહારનાં કામ કરતાં કરતાં આપણે આપણા જીવનવિકાસના હેતુમાં જીવતુંજાગતું સતત પળેપળ લક્ષ રાખ્યા કરવાનું છે. જીવનનું સઘળું લક્ષ અંતર્મુખ સ્વ-કેન્દ્રિત કરવાનું છે, રાખવાનું છે. Turn thy searchlight inwards (તારી સર્ચલાઈટ - એકાગ્ર પ્રકાશ આપતો દીવો-અંદરમાં વાળ) અને એમ કરીને ત્યાંનો જીવપ્રકારનો કચરો કાઢી નાખવામાં સકળ શક્તિ વાપરવાની છે. આમ થવા માંડશે ત્યારે અનુભવ થશે કે બહારનાં કર્મ તો એની મેળે થયાં જાય છે. એમાં ખાસ કશી ઊણપ આવતી નથી એટલું જ નહિ, પણ ઊલટું તેમાં હવે તો પ્રભુની સહાય અને સૂક્ષ્મ દોરવણી મળવાથી તે સારી રીતે, વધારે કુશળ રીતે થતાં જાય છે. એટલે બુદ્ધિનો ઉપયોગ આપણી તમન્ના કેમ વધુ ને વધુ વધે એ તરફ તેને દોડાવવામાં, આપણી આગળપાછળના વાતાવરણમા જે કંઈ બનતું હોય તેમાંથી પણ જીવનધ્યેયના માર્ગને અનુકૂળ સાર ખેંચી કાઢવામાં, પ્રેરણા મેળવવામાં, મનાદિકરણોમાં જે ઊભરા આવતા હોય, ચઢતા ઊતરતા આવેશ ને આવેગો થતા હોય, અનેક પ્રકારનાં આંદોલનો જાગતાં હોય, જે જે આંતરિક સૂક્ષ્મ પ્રકારના પ્રવાહો વહેતા હોય, તે બધાંનું ઊંડું નિરીક્ષણ કરી તટસ્થતાથી તેનું પૃથક્કરણ કરી જે કંઈ પ્રતિકૂળ હોય તેનો ત્યાગ કરી અનુકૂળને પોષણ આપવામાં, એવાં અંદરનાં અનુકૂળ તત્ત્વોનો પાછો સાધનામાં ઉપયોગ કરવામાં, બીજા થતાં પ્રસંગો અને બીજા પ્રકારના અનુભવમાં રસ ન લેવાઈ જાય તે પ્રમાણે જાગૃતિથી વર્તવામાં, આવું બધું થતાં છતાં આનંદ પ્રવર્ત્યા કરે એવી રસવૃત્તિ, એવી લહેર વધાર્યા કરવામાં વગેરે સાધનાના માર્ગનાં સાધનોમાં આપણી બુદ્ધિનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કર્યા કરવાનો છે.

## બધાનું મૂળ પોતાનામાં

જે કંઈ થાય છે, જે કંઈ કરીએ છીએ એનાં મૂળ તો મનાદિકરણ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે. એ પણ વહે છે. કોઈ ટેન્ડન્સી-(વલણ) ગતિમાં આવે છે, એ ટેન્ડન્સીનું મૂળ સંસ્કારમાં છે. એ સંસ્કારો પણ આપણા પોતાનામાં છે. એટલે આ વૃત્તિ સમજણપૂર્વક કેળવવામાં અતિશયતા નથી. આપણે વધારે પડતું માની લઈએ કે આ જે રીઅલ (વાસ્તવિક) નથી. જે મિથ્યા છે એને આપણે રીઅલ કરીને સમજીએ છીએ એમ પણ નથી. આપણી બુદ્ધિને સંતોષ થાય છે કે આ બરોબર છે. એમ માનવા જતાં પછી થાય છે શું ? પરિણામ શું આવે ? કે બીજા તરફ આપણી જોવાની વૃત્તિ ઘટી જાય છે. બીજાએ શું કર્યું ? પ્રત્યેક માણસને બીજાના દોષો તરફ, બીજાની વૃત્તિઓ તરફ, બીજાનાં કર્મ તરફ, બીજાના સ્વભાવ તરફ જોવાની બહુ ટેવ છે. પ્રત્યેક માણસ પોતાના કરતાં બીજાને માટે વધારેમાં વધારે વિચારે છે. પોતાના વિશે ઓછામાં ઓછું, નહિ જેવું વિચારે છે. બીજાને માટે જ જીવ વધારેમાં વધારે વિચારતો હોય છે, જોતો હોય છે. ત્યારે એ દરેકનું મૂળ પોતાનામાં જ છે એ જો ઈન્ટેલેક્ચ્યુઅલી- (બુદ્ધિપૂર્વક) પહેલાં તો એને કન્વિન્સ થવું જોઈએ.

એટલે એ બહિર્મુખપણું ઘટાડવા માટે પણ દરેકનું મૂળ આપણામાં જ છે - એમ જો ઈન્ટેલેકચ્યુઅલી કન્વિન્સ - (બુદ્ધિપૂર્વક સંમત) થવાય, તો આપણે હંમેશાં પોતાના તરફ વળેલાં રહીએ. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બહિર્મુખ ડોકિયું કરે તો આપણે કહીએ કે "ભાઈ, આ બધી વાત બરોબર નથી. બીજાનું વિચારે છે પણ એનું મૂળ તો તારામાં છે. પછી તું તને વિચાર ને ! બીજાને વિચારે તેનો કંઈ અર્થ ? આ તો નકામી પ્રવૃત્તિ-મિથ્યા પ્રવૃત્તિ છે. આ તારી પ્રવૃત્તિ મિથ્યા છે. એમાં કોઈ જાતની રિઆલિટી - (વાસ્તવિકતા) નથી. રિઆલિટી હોય તો આ બધું બહાર તું જુએ છે એ બધાનું મૂળ તો તારામાં રહેલું છે. તું તને પોતાને વિચાર." એમ આપણે વારંવાર આપણાં મનાદિકરણને ટકોરીએ છીએ અને એમ કરતાં કરતાં આપણામાં અંતર્મુખતા થાય અને એ અંતર્મુખતા થવાથી કરીને બહિર્મુખતા ઘટે. અને મનાદિકરણ જેટલાં બહાર જતાં અટક્યાં એટલાં જ એ વિશેષ ને વિશેષ અંદર કામ કરતાં થશે. આ "જે બધાંનું મૂળ આપણા પોતાનામાં રહેલું છે" એ

ઈન્ટેલેકચ્યુઅલી કન્વિન્સ (બૌદ્ધિક સમજ) પાકું થવું જોઈએ, કારણ કે કોઈ પણ વસ્તુના મિથ્યાપણાનું આપણે આરોપણ કર્યું તો એ ટકશે નહિ. આપણામાં લાંબો ગાળો તો નહિ જ ટકે. જો ઈન્ટેલેકચ્યુઅલી કન્વિન્સ થઈએ કે ના, હકીકત સાચી છે. હકીકત બુદ્ધિ સ્વીકારે એવી એમ આપણને ખાતરી થઈ જાય તો આપણાં મનાદિકરણ જે બહાર ભટકે છે, બહિર્મુખ વધારે ને વધારે બહારનું વિચારે છે તે અટકશે. આપણે તો એમ ઠસાવવું કે ''ભાઈ, બધાંનું મૂળ તો હું પોતે છું. તું તારા પોતાના વિશે વિચાર કર.'' એમ એ બધાંમાંથી, બધામાં ફેલાયેલાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ - એને એક શબ્દમાં હું 'અંતઃકરણ' કે 'મનાદિ' કહું છું. એ પાછાં વળશે. જે દિવસે એનો અભ્યાસ પાકો થશે ત્યારે આવા સાધનથી કરીને વિશેષ ને વિશેષ આપણે આપણા પોતાનામાં વળતાં થઈ શકીશું.

**મન એકમાં પરોવો**

જે તે વસ્તુમાં મન ભરાઈ ન જાય તેની પૂરેપૂરી કાળજી રાખવાની છે. મન માત્ર કોઈ ને કોઈ એક જીવનવિકાસની ભાવનામાં રમ્યા કરે અને તેમ જ્ઞાનપૂર્વક વર્ત્યા કરે, તેટલું આપણે જાગૃતિથી કર્યા કરવાનું છે. હૃદયની ભાવનાથી ભગવાનની કૃપામદદ માટે દિવસમાં વારંવાર પ્રાર્થના કર્યા કરવી. નામસ્મરણની ઝલકમાં ભાવનાનો પ્રવેશ થવા દેવો. આપણે જીવીએ છીએ તે શેના માટે ? તેનો પણ વિચાર કરવો. કંઈ સ્થૂળ પ્રકારના કે બીજા પ્રકારના વિચાર ઊપજતાં ભાન રાખીને, ચેતી જઈને, જીવનની રચનાત્મક બાજુના વિચારો કર્યા કરવાનું રાખવું. કોઈ ને કોઈ પ્રકારે એક જ ભાવનામાં જિવાય તેમ કર્યા કરવું. આપણે મહાલવાનું છે હૃદયની ભાવનામાં. એ જ આપણા ખરા રંગ અને રસ છે.

**સંકોરવું - સંકેલવું**

ચૂલામાં બહાર સળગી જતાં લાકડાંને આપણે જેમ સંકોરીએ છીએ અને સંકેલીએ છીએ તેમ વારંવાર તેવી મનાદિકરણની પ્રવૃત્તિને પણ અંતર્મુખતાની સ્થિતિમાં લાવ્યા કરવાની છે. આવા પ્રકારનો પુરુષાર્થ થતાં આંતરચક્ષુ ઊગવા ને ખીલવા માંડે છે. અને એનો પણ બેવડો ઉપયોગ કરવાનો છે. નિમ્નગામી વૃત્તિ, વિચાર વગેરેને એનાથી કરીને યોગ્ય ભાવનામાં વાળ્યાં કરવાનાં છે, અને તેના સતત ચોકીદાર બન્યા કરવાનું છે. તેની સાથે સાથે ચેતનાત્મક ભાવ આપણાં કરણોમાં

પ્રગટાવવાની તે જ આંતરચક્ષુથી મદદ લીધા કરવાની છે. આમ અંતર્મુખતા કેળવીને આત્મશોધનના માર્ગમાં ગતિ પ્રગટાવ્યા કરવાની છે. આવી બેવડી પ્રક્રિયા સતત આપણાં મનાદિકરણોની મનાદિકરણોમાં સતેજ પ્રગટાવ્યાં કરવાની છે.

**કેટલાંક અલ્પ-થી**

અલ્પ આહાર (શરીરની આરોગ્યતા અને સુખાકારી પૂરેપૂરાં જળવાઈ રહે તેટલો તો ખરો જ), અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, અલ્પ બોલવું, અલ્પ સંબંધ, અલ્પ સંપર્ક, અલ્પ વ્યવહાર, અલ્પ જવું-આવવું ને અલ્પ મેળાપો એ બધું મનનો સંયમ કેળવવામાં ઘણાં મદદરૂપ છે.

જીવનમાં, વ્યવહારમાં, વર્તનમાં, સંબંધમાં, કર્મમાં, વૃત્તિમાં, વિચારમાં, કામનાઓમાં, સ્થૂળ તેમ જ સૂક્ષ્મ પ્રકારમાં શાંતિ, સમતા, પ્રસન્નતા, ધીરજ વગેરે કેમ જળવાયાં કરાય, તેને લક્ષમાં રાખીને જેમ કરવું યોગ્ય લાગે, તેમ તે કરવું, જ્યાં જ્યાં તેનો ભંગ થતો લાગે, ત્યારે અટકવું. આવા બધા 'અલ્પતા'ના પ્રકારની પાછળનો હેતુ તો એટલો જ છે કે જીવે વધારે ને વધારે અંતર્મુખતા કેળવ્યા કરવાની છે. માનવીની બધી ક્રિયા, કર્મો, વ્યવહારો, વર્તનો, સંબંધો, વિચારો ને વૃત્તિઓ વગેરે બધું જ બહિર્મુખતાનું છે. જે જીવની એવી દશા હોય, તેનું માનસ ને તેની તેવી બુદ્ધિ સાધનામાર્ગ વિષેનું યથાર્થ મૂલ્યાંકન પણ કરી શકતાં નથી.

**કાર્યનો હેતુ જ મુખ્ય છે**

બહારની પ્રવૃત્તિમાં આપણે જેવી રીતની અંતર્મુખ દૃષ્ટિ રાખીશું અને મનનો જે હેતુ રાખીશું, તે પ્રમાણે આપણા પર કાર્યની અસર થશે. આપણે બે રીતે અંતર્મુખ રહેવાનું છે. એક, આપણી સાધનામાં રસ અને ખંત સાથેની તલ્લીનતા કે એકાગ્રપણું રહે એ રીતે. બીજું, આપણી બાહ્ય પ્રવૃત્તિ પાછળનો આપણો અંતરનો હેતુ જગતના લોકોના જેવો લાભાલાભનો કે તોળી તોળીને તોળવાનો કે ખૂબ કસી કસીને ચોક્સાઈ કર્યા કરવાનો રહેશે નહિ; પણ એની પાછળ પણ આપણી ચેતના કેમ વધે એવો રાખવાનો છે. આનો અર્થ એમ નથી કે આપણે કુશળતા વાપરવાની નથી. કુશળતા તો જરૂર વાપરવાની છે, ને વિવેક પણ રાખવાનો છે; પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણેની વૃત્તિ આપણી દરેક બાહ્ય પ્રવૃતિ પાછળ આપણે રાખવાની છે.

**સમતાથી**

જ્યારે આપણે મન અને ઇન્દ્રિયોની ઉપરવટ થવાનું કરીશું, ત્યારે આપણી બુદ્ધિ પણ એના અવળચંડાવેડા પૂરજોશથી કરવા માંડશે. આપણે માનેલાં મંતવ્યો, આપણા આગ્રહો તથા બીજી ભ્રમણાત્મક દલીલો બધી ઉપર તરી આવશે તથા આપણને કદી તો એવા ચકડોળે ચઢાવી દેશે કે ન પૂછો વાત. તે વેળાએ આપણે સમતા રાખવાની છે. સમતાનો ઉપયોગ આપણે અંતર્મુખ થવામાં કરવાનો છે. કશાથી દોરવાઈ ગયા વિના એના મૂળ હેતુનો ને એના તરંગોનો શો અર્થ છે તથા તે આપણને ક્યાં લઈ જવા માંગે છે અથવા આપણા કામને માટે તે યોગ્ય છે કે નહિ, - એ આપણને દોરવે છે કે આપણે એને દોરવીએ છીએ - એ બધા નિર્ણય કરવામાં એનો (સમતાનો) સતત ઉપયોગ કરવાનો છે. જેમ તોળવું હોય તો કાંટો (સમતુલા) તો જોઈએ જ. તેમ જો સમતા ન હોય તો આપણે અંતર્મુખ કદી ન થઈ શકીએ.

જેટલા બહિર્મુખ આપણે રહ્યા કે બન્યા, તેટલું સાચું ધન આપણે ખોયું. બહિર્મુખ થવાથી અંતરમાંનો જાગેલો વેગ પણ ઓસરી જવાનો - જેમ કેટલીક નદીમાં ઘોડાપૂર આવે છે, પણ પાછું થોડાક વખતમાં પાણી વહી જઈને નદી અસલ જેવી થઈ જાય છે તેમ. જો આપણે બહિર્મુખ થયા કર્યા, તો આપણી આંતરપ્રવૃત્તિ સિંધુ નદીની જેવી સતત વિશાળ, ઊંડી ને વહેતી નહિ થઈ શકે. એટલે પ્રકટેલા હૃદયના આનંદને બીજાની સાથે વાતો કરવામાં કે આપણે હવે જે દિશાના ને કાર્ય પ્રત્યે વળેલા છીએ તેનાથી આડફંટે લઈ જનારા કર્મમાં વાપરી નાખવાનો નથી.

**અંતર્મુખતામાંથી સહજ પુરુષાર્થ ને સ્વશક્તિનું જ્ઞાન**

આપણી ઇન્દ્રિયો, વૃત્તિઓ, મનાદિકરણ વગરેને જેમ જેમ જાગૃતપણે સમજવાને મથ્યાં કરીશું, તેમ આપણને આપણું સ્વરૂપ કેવું છે, તે સમજ્યાં વિના રહેવાનું નથી. જેને ઈશ્વરાભિમુખ થવાની ઊંડી ભૂખ જાગેલી છે, એવાથી પછી એ તરફ થવાવાને પુરુષાર્થ થયા વિના રહી શકવાનો નથી; તે નિશ્ચે જાણજો. સાધક પોતે અનંત શક્તિનું અંગ છે અને સર્વ કંઈની ઉપર થઈ શકવાને સમર્થ છે, એવું ભાન એને પ્રકટવું જોઈએ. જેમ જેમ મનના થરોને સમજીને - ઘઉંમાંથી જેમ કાંકરા કાઢી નાંખીએ છીએ તેમ-એની ઉપરવટ થવાયા જવાશે જેમ જેમ

સાધકને એની શક્તિનું જ્ઞાન-ભાન અનુભવમાં તાદશ્યપણે પ્રગટતું જાય છે, તેમ તેમ એનો આત્મવિશ્વાસ વધતો જ જાય છે. એનાં શ્રદ્ધા-વિશ્વાસ અનંતગણાં વધી જાય છે.

**સંકલ્પબળથી સમતા મળે**

પણ આ બધું થાય કેવી રીતે ? એની ખરી ચાવી આપણા સંકલ્પબળમાં રહેલી છે. સંકલ્પનું બળ કંઈ જેવું તેવું નથી. સંકલ્પનું બળ અને તેની શક્તિ તો આમ જોતાં સર્વોપરી બળ છે. આપણા આધારમાં તે છાનું રહેલું હોવા છતાં આપણી સર્વ પ્રકારની ક્રિયાઓ ઉપર તે ખરેખર રાજ્ય ચલાવતું હોય છે. જે તે કંઈ થયા કરતું હોય છે, તેની પાછળ સંકલ્પનું બળ કામ કરી રહેલું હોય છે. તો આપણે જે નવું જીવન નિર્માણ કરવા માગીએ છીએ, તેમાં સંકલ્પનું બળ તેવા પ્રકારનું જન્માવતા રહીશું, તો જે તે બધું તે પ્રકારનું થયા કરતું રહેશે તે નક્કી જાણજો.

**એકાગ્રતાની જરૂર**

રસ વિના એકાગ્રતા જામે નહિ. પહેલાં, મૂળમાં રસ તો જોઈએ. એટલે કે એકાગ્રતાને લીધે રસ છે એમ નહિ. રસને લીધે એકાગ્રતા છે, પરસ્પર અવલંબન છે ખરું. પહેલાં રસ હોયા વિના એકાગ્રતા સંભવે નહિ, એટલે મૂળમાં રસ જોઈએ.

નાટક જોવામાં આપણને રસ છે. જે ગાય છે તે સંગીત છે. તે સંગીત આપણને પ્રિય છે. એનામાં આપણને રસ છે. એટલે એ રસના કારણે આપણે એકાગ્ર થઈએ છીએ. એની મેળે એકાગ્ર નથી થતાં. જેને સંગીત ગમતું જ નહિ હોય, તે માણસ સંગીતથી એકાગ્ર નહિ થાય.

એકાગ્રતા થયા સિવાય જે તે વિષયના હાર્દમાં આપણે પ્રવેશી ન શકીએ. જે વિષયને આપણે અનુભવવો છે, એ માટે શાંતિ, સ્વસ્થતા જરૂરનાં ખરાં. એટલા માટે એકાગ્રતા છે. એની 'જરૂર છે' એમ નહિ, પણ જે વિષયને આપણે અનુભવવો છે તે વિષયના હાર્દમાં પ્રવેશવાને માટે પણ એકાગ્રતાની જરૂર છે. સંપૂર્ણપણે એનામાં એકાગ્ર થયા સિવાય એમનું હાર્દ આપણને મળી શકે નહિ. એટલા માટે પણ જરૂર. સ્વસ્થતા, શાંતિ, પેલા વિષયમાં પ્રવેશવાને માટે આપણામાં સંપૂર્ણપણે હોવાં જોઈએ. એ પણ એટલું જ જરૂરનું. એના માટે પણ એકાગ્રતા જરૂરની ખરી.

મૂળ મુદ્દો એકાગ્રતાનો તે આને માટે છે. જે વિષયને આપણે અનુભવવો છે, તેના હાર્દમાં પ્રવેશીને તેને આત્મસાત્ કરી શકીએ, આપણે અનુભવી શકીએ. એનો ઉપભોગ અને ઉપયોગ બંને કરી શકીએ - તેના માટે એકાગ્રતા.

**એકાગ્રતા કેમ કેળવાય ?**

પહેલું, જો એનું મૂળ તપાસીએ તો એકાગ્રતા ગરજ વિના, કોઈ સ્વાર્થ વિના, કંઈ કોઈ તલસાટ વિના થતી નથી. સંસારવ્યવહારના કામોમાં એકાગ્રતા થવી સરળ છે. જો આપણને તે અંગે કંઈ સ્વાર્થ લાગ્યો હોય અથવા તો ગરજ હોય, તલસાટ હોય, 'આ કર્યા સિવાય છૂટકો જ નથી' - એવી નેસેસિટી હોય-એવી જરૂરિયાત પ્રગટી હોય - ત્યારે આપમેળે આપણને એકાગ્રતા થાય-થયા વગર રહે જ નહિ. બીજી બાબત એમાંથી એ પણ છે કે કેટલાક માણસો ધીરજવાન છે. તે જે પરિસ્થિતિ મળી છે તે પરિસ્થિતિ આપણા પોતાના વિકાસ માટે જ છે એમ સમજીને જે સ્વીકારે અને જેને માટે સ્વાર્થ છે તેને, તો તેને એકાગ્રતા થાય. બીજા એક પ્રકારના એવા માણસો હોય જે પરિસ્થિતિ આવે તો નર્વસ થઈ જાય, જેની બુદ્ધિ બહેર મારી જાય, તેને કદી એકાગ્રતા થાય જ નહિ. તે ગભરાય ને ? એકાગ્રતા થાય એટલે માણસ ગભરાય નહિ. નિશ્ચિંત થાય. જ્યારે એકાગ્રતા થાય ત્યારે માણસ બહુ નિશ્ચિંત થાય અને એકાગ્રતા થવાને લીધે એ વસ્તુસ્થિતિનો ઉકેલ પણ આપમેળે જલદી મળી જાય. એ મેળવતાં વાંધો ના પડે. જેને પોતાના કામ પરત્વે એકાગ્રતા થયા કરે છે, તે જીવ મહાસુખિયો છે. પણ જે કામ આવ્યું તે કામની એને ગરજ લાગવી જોઈએ. એમ ને એમ એકાગ્રતા નહિ થાય. સહજમેળે એકાગ્રતા એ તો કોઈકને જ, ભાગ્યે જ, જવલ્લે જ, લાખોમાં કોઈકને - એકને - જ થાય. અને તે પણ અનુભવી માણસ હોય તેને. બાકી સામાન્ય માણસે એકાગ્રતાને માટે પ્રયત્ન કરવો જ પડશે. એ પણ પ્રયત્નમાં કોણ ફાવી શકશે ? કે જેને ગરજ, સ્વાર્થ લાગેલાં હશે તે એ પરત્વેની એકાગ્રતા કેળવી શકશે. એ પણ પુરુષાર્થ વિના નહિ - મહેનત વિના નહિ મળી શકે. એની મેળે એકાગ્રતા નહિ થાય - સિવાય કે તમારો એટલો બધો તલસાટ હોય. જેમ પંખીની પાંખો ગગનમાં ઊડવાને માટે તલસાટ કરે અને ત્યાં સુધી ઊડે, તેવો તમારો તલસાટ હોય તો એકાગ્રતા જલદી થાય, ઝપાટાભેર

થાય અથવા તો વધારે ગાઢ થાય તો તમારા પ્રશ્નનો અથવા જે તમારે કામ હોય તેનો ઉકેલ પણ જલદી કરી આપે. ઉકેલ જલદી કરી આપે એટલું જ નહિ, પણ એ કામ પણ સરળતાથી અને સારું થાય. સીધા પાટા ઉપર આપણું કામ ચઢાવી દે.

એકલી એકાગ્રતા આપણા પૂરતી જ હોય છે, એમ માનવામાં આપણે ભૂલ કરીએ છીએ. એકાગ્રતા આપણને થાય, ત્યારે એ એકાગ્રતા આપણામાં ઠરેલી રહેતી નથી. એ પ્રસરે છે, એ પણ પ્રસાર પામે છે. જેમ કામ, ક્રોધ, લોભ, મોહ થાય છે, તે લોભ કંઈ આપણા પોતાનામાં જ રહેતો નથી, બહાર પણ પ્રસરે છે, બીજા લોકોને પણ સ્પર્શે છે. તમને બધાને એ સમજાતું હશે કે કેમ ? - મને સમજણ પડતી નથી, પણ મને પોતાને એવો અનુભવ છે કે લોભ થયો હોય તો એ પ્રસરે છે. એ કંઈ એક ઠેકાણે સ્ટેટિક (સ્થિર) નથી. સ્ટેટિક નથી એટલે કે છાનોમાનો બેસી રહી શકે તેવું નથી. એ ફૂલની સુવાસની જેમ પવન આવે એટલે બધે પ્રસરે છે, એવી રીતે આ પ્રસરનારો છે. એવી રીતે એકાગ્રતા પણ પ્રસરે છે.

એકાગ્રતા તો, આપણને પોતાને પરખાઈ આવે અને બીજાને પણ પરખાઈ આવે તેવી જાતની છે. આપણને જ્યારે એકાગ્રતા થાય છે, એ એકાગ્રતાનાં ચિહ્ન આપણા મોં ઉપર પણ વર્તાય છે. આપણી આંખમાં વરતાય છે. આપણી બોલીમાં વરતાય છે. આપણાં કર્મમાં વરતાય છે. આગળ-પાછળનાં માણસોને પણ વરતાય છે. આ માણસ 'વેરી સિરીયસ'- બહુ એકાગ્ર છે, એમ ન કહે લોકો ? એટલે એકાગ્રતા આપણે પોતે અનુભવી શકીએ તેવી હકીકત છે. એકાગ્રતાથી કોઈ જાતનો ગેરલાભ નથી. કેટલાક ગુણ એવા છે કે કાંઈક ગેરલાભ પણ થાય, પણ એકાગ્રતાથી માત્ર લાભ જ છે. એનાથી કાંઈ ગેરલાભ મળે નહિ. જે કર્મ પરત્વેની એકાગ્રતા થઈ એ કર્મનાં બધાં પાસાંઓની આપણને સમજણ પાડી દે. સમજણ પાડી દે એટલું જ નહિ પણ આપણને કર્મમાં પ્રેરાવે છે અને કર્મને પાર ઉતારે છે. અને કર્મમાં જેટલાં સંકળાયેલાં હોય એટલાં બધાંયને, પોતે જે કર્મમાં પરોવાયેલ છે તેને, પેલા બીજા બધાને પણ સ્પર્શે. સ્પર્શે એટલે કોઈ કહે છે કે 'આ માણસ અત્યારે આ કામ માટે બહુ ગરજાળુ છે, એટલે અત્યારે આપણે કાંઈ છંછેડવાની જરૂર નથી. અત્યારે આપણે આ કામ પૂરું કરવાની

જરૂર છે. એટલે બીજાઓ પાસેથી જો કામ લેવાનું આપણે ભાગે આવ્યું હોય તો આપણે એ કામમાં જેટલા વધારે ને વધારે સિંસ્યરલી (સંનિષ્ઠાથી), ઓનેસ્ટલી (પ્રામાણિકતાથી), ડિવૉશનલી (ભક્તિભાવથી), એકાગ્રતાથી જેટલા આપણે એ કામમાં પોતે રહીએ, તેટલા પ્રમાણમાં તમારા કહ્યા વગર તમારા હાથ નીચેનાં માણસો જલદી કામ કરતાં થઈ જશે. એ તો આપણે પોતે એકાગ્ર હોતા નથી અને આપણો બધો સમય ઊડઝૂડિયા રીતે આપણે ગાળીએ છીએ. એકાગ્ર અને કેન્દ્રિતપણે જે કર્મમાં આપણે એટલા સમયને પરોવવો જોઈએ ને જ્ઞાનપૂર્વક-સમજણપૂર્વક પરોવતા હોતા નથી. એટલે સમૂહગત આપણે જ્યારે કામ કરવું હોય ત્યારે એ કર્મ પરત્વે આપણને જાગેલી એકાગ્રતાથી કામમાં ગરબડ ઓછી થાય છે.'

મૂળે એકાગ્રતા તો આત્માની સાથે સંકળાયેલી છે. આત્માનો એક સ્વભાવ છે. આત્માનું એક લક્ષણ છે. આત્મા વિશે આપણે વાત કરીએ એ અત્યારે તો અસ્થાને છે. કારણ કે આપણે અત્યારે સીધા સાદા એકાગ્રતાના પ્રશ્ન પરત્વે જ વાત કરીએ છીએ, તે પણ વ્યવહારને લગતાં, ગમે તેટલું નાનામાં નાનું કામ હોય, અને ભલે ને આપણે ઘેર માત્ર ધારો કે ચા બનાવવાની હોય, ત્યાં પણ એ એકાગ્રતા હોય તો એ ચા પણ સારામાં સારી બની શકશે. એ એકાગ્રતા ચાની અંદર કાંઈ નહિ ઊતરી જાય. દા.ત. આપણે કાંઈ ખાવાનું બનાવતા હોઈએ, એની અંદર નહિ ઊતરી જાય. એ કાંઈ વધારે મીઠું અને સ્વાદવાળું થશે એવું નહિ બને, પરંતુ આપણે એટલી ચોક્સાઈથી, વ્યવસ્થાથી અને યોગ્યતાથી એ કર્મ કરીશું કે તે કર્મ સારામાં સારું થશે, એટલે વધારે સારું લાગશે. એકાગ્રતા, નાનામાં નાની ચીજોમાં કેળવવાની આપણે જો ટેવ પાડીએ, તો તે પણ મોટાં કામોમાં આપણામાં પ્રગટી શકવાની વધારેમાં વધારે શક્યતા છે. આપણા ઘરના આંગણામાં પહેલું પગથિયું માંડ્યું ત્યાંથી જ આપણે એકાગ્રતા કેળવવાની શીખવાની છે. અને એવો પ્રયત્ન જે કોઈ કરે છે, એ આગળ જતાં ઘણાં મોટાં કામો બહુ સરળતાથી સારી રીતે કરી શકે છે. એના દુનિયામાં દાખલા પણ છે. ઈતિહાસમાં એવા માણસો થઈ ગયા છે, તે પણ જાણવા મળે છે. એકાગ્રતા જેને થાય છે તે કદી ધીરજ ખોતો નથી, હિંમત હારતો નથી, અને અનેક વાર નિરાશા સાંપડ્યા છતાં વસ્તુને સતત પકડી જ રાખે છે, છોડતો નથી.

તેવી પાછી એકાગ્રતાની ખૂબી છે કે જે વસ્તુને પકડી એ વસ્તુના હાર્દને પામ્યા સિવાય તે એ એકાગ્રતા એમનામાંથી જતી રહેતી નથી.

એકાગ્રતા એકલી જ હોતી નથી. એકાગ્રતાની સાથે બીજા ગુણો પણ સંકળાયેલા છે. એકાગ્રતા થાય છે ત્યારે આપમેળે ગુણોની વૃદ્ધિ થાય છે. જેમ આપણા કુટુંબમાં કોઈ પીઢ માણસ, પૈસાદાર, મોભાદાર કે વગવાળો થયો તો એની કોઈ ને કોઈ રીતની અસર આપણને થયા વગર રહેતી નથી, અથવા તો એની ઓથ આપણને મળ્યા સિવાય રહેતી નથી, અથવા તો એની મદદ આપણને મળ્યા સિવાય રહેતી નથી. એવી રીતે જો એકાગ્રતા આપણામાં કેળવાય તો એનાથી એના અનુસંગી જે ગુણો છે તે પણ આપણામાં પ્રગટ થયા વિના રહેતા નથી. અને ગુણોને લીધે જ જીવનનો વિકાસ થાય છે. ગુણો ના હોય તો જીવનનો વિકાસ થાય જ નહિ.

એટલે આપણે જે કામ હાથમાં લીધું છે, તે કામની અંદર એકાગ્રતા જેટલી કેળવી શકાય તેટલી કેળવવી એ કામમાં સફળ થવાનો, સહેલામાં સહેલો, સરળમાં સરળ અને ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. ઘણા લોકો કામ કરે ખરા પણ પેલું ઊડઝૂડિયું કામ કરે છે.

જે કામ આપણે કરવું છે, તે કામનાં બધાં જ પાસાંનો પહેલાં તો આપણે અભ્યાસ કરવો જોઈએ અને એ બધાં જ પાસાંનો અભ્યાસ કરી તેવી રીતે એક એક પાસાની આપણે તૈયારી કરવી જોઈએ. તૈયારી કેવળ માનસિક નહિ પણ કર્મમાં સક્રિય એવી બધી તૈયારી કરવી જોઈએ. અને સક્રિય તૈયારી થઈ અને પછી જો એ કામ થાય તો એ કામમાં ઘણી સરળતા મળે છે. ને આવું બધું સૂઝે છે તે પણ, એ કર્મ પરત્વેની એકાગ્રતા આપણને પ્રાપ્ત થયેલી હોય છે તેને લીધે જ એ સૂઝતું હોય છે. એટલે કોઈ પણ કર્મમાં આપણે આગળ વધવું હોય, ફતેહમંદ થવું હોય, એ કર્મની આરપાર નીકળી જવું હોય તો એ કર્મમાં એકાગ્રતા થવી એ ઈસેન્શિયલ (અનિવાર્ય) છે, ઘણું જરૂરનું છે, મહત્ત્વનું છે.

હવે, આ તો આપણે જરૂરિયાત પૂરતી એકાગ્રતાની વાત કરી. પણ વ્યવહારમાં જે કર્મ આપણને મળેલું છે, તે કર્મ કરતાં કરતાં પણ જે એકાગ્રતા આપણી કેળવાય એ એકાગ્રતા માત્ર ત્યાં ને ત્યાં, એ કર્મમાં જ રહેતી નથી. એ એકાગ્રતાનો વિસ્તાર થાય છે. એ એકાગ્રતા

આપણા મનાદિકરણને પણ સ્પર્શે છે, અને કર્મ પરત્વે કેળવાયેલી એકાગ્રતા આપણા મનાદિકરણને પણ સ્પર્શીને, આપણામાં વધારે ઊંડાણ પેદા કરશે. ઊંડાણ પેદા કરશે કે કોઈ વસ્તુને આપણે ચર્ચવી હશે કે સમજવી હશે તો છીછરાપણું આપણામાંથી નીકળી જશે. જો આપણામાં એકાગ્રતા પ્રગટી તો આપણામાંથી છીછરાપણું બિલકુલ નીકળી જશે. અને વસ્તુના હાર્દને વિચારવાને, વસ્તુના સરકમસ્ટંસીસ (પરિબળોને) પાસાંઓ - એના સંજોગો, પરિસ્થિતિ - આ બધું આપણને થયેલી એકાગ્રતા બધું વિચારવાને પ્રેરાવશે. એને અંગે કરીને વસ્તુના હાર્દને આપણે સમજી શકીએ છીએ અને સમજ્યા તો પછી એ પ્રમાણે કરવાને ટેવાઈએ છીએ. એકાગ્રતા-કર્મ પરત્વે પ્રગટેલી એકાગ્રતા - તે કર્મને પૂરું કરવાને માટે, કર્મને યોગ્ય રીતે પાર ઉતારવાને માટે, તેનાં બધાં પાસાંઓનો તમને ખ્યાલ આપે છે, દર્શન આપે છે, અને માત્ર એ દરેક પાસા તમને જોવડાવે છે એટલું જ નહિ, પણ દરેક પાસાનો સક્રિય ખ્યાલ આપે છે. “આનું આમ કરવું જોઈએ, આનું આમ કરવું જોઈએ”, એમ તમારા મનને, તમારી બુદ્ધિને, તમારા પ્રાણને એવી રીતે ઉત્સાહ પ્રેરે છે. એ એકાગ્રતા જેટલો ઉત્સાહ આપે છે, ધીરજ આપે છે, હિંમત આપે છે એવું બીજું કોઈ આપી શકે નહિ.

એકાગ્રતા પોતાનામાં નિશ્ચય પ્રેરે છે, અડગતા પ્રેરે છે, મક્કમતા પ્રેરે છે, ધીરજ પ્રેરે છે, પ્રેરણા પણ આપે છે. આપણને હિંમત આપે છે. ધીરજ આપે છે. એકાગ્રતા આપણને બીજા બધા ગુણો પણ પ્રેરે છે. **“એકાગ્રતા આપણને ક્યારે થશે ?” એવો પ્રશ્ન થાય.** જ્યારે એ કર્મ પરત્વે તમને ખરેખરો હૃદયનો સ્વાર્થ જાગેલો હશે, ખાંખત જાગેલી હશે, ઉદ્યમ જાગેલો હશે તો જ થશે, નહિતર નહિ થાય. એ વાત પણ એટલી જ સાચી.

એકાગ્રતાને તો અનેક પાસાંઓથી વિચારી શકાય. આ બધું આ વ્યવહાર પૂરતું કહ્યું. એનાથી બીજી ઉચ્ચ પ્રકારની, ઊર્ધ્વ પ્રકારની એકાગ્રતા કેવી છે, એકાગ્રતાથી શું કામ થાય છે, તે વિષય પર ચર્ચ્યું નથી. વિચાર્યું નથી, કારણ કે વિષય આટલા પૂરતો સીમિત છે.

એ માર્ગમાં ઊર્ધ્વ તરફ જવાની, જેની ઝંખના છે. જેની તૈયારી છે, તત્પરતા છે, તાલાવેલી છે, તેને એકાગ્રતા થાય છે. એવી એકાગ્રતા કાંઈ છાનીમાની બેસી નથી રહેતી. એ એકાગ્રતા એને એ પ્રકારનાં

કર્મમાં પ્રેરે છે. એ તો પાછી આગળની વાત થઈ. પણ અત્યારનાં ધ્યાન ને આ બધું કહે છે પણ તે લગની લાગ્યા સિવાય તમને કદીયે એકાગ્રતા થાય નહિ. એકાગ્રતા થાય નહિ તો ધ્યાન પણ થાય નહિ. એકાગ્રતા વિનાનું ધ્યાન તે ધ્યાન કહેવાય જ નહિ.

એકાગ્રતા થાય તો પણ આપણા ગરજ ને સ્વાર્થ કે ગમે તે કારણે એની અંદર બીજું બધું આસપાસનું બધું આપણાથી ભૂલી જવાય છે અથવા એકાગ્રતામાં આપણે ગરક થઈ જઈએ છીએ. આગળ પાછળનાં બીજાં જે કામો હોય છે અથવા તો ફરજો હોય છે તે ભૂલી જવાય છે અથવા તો એનો ખ્યાલ સરખો પણ તે વખતે આપણને મનમાં ઊઠતો નથી ત્યારે એ એકાગ્રતા ઊંચા પ્રકારની - સારી કહેવાય.

પછી મુશ્કેલી એ છે કે હજી પૂરેપૂરું મૂળ કોઈ સમજ્યા નથી. એટલે આપણે પ્રાર્થનામાં બેઠાં અને એકાગ્રતા થઈ કે કરી, બસ તો એ કાળ પૂરતું પતી ગયું. પણ એને આપણે આપણા રોજબરોજના કર્મમાં દાખલ કરવી જોઈએ. અને થયેલી એકાગ્રતાને આપણા કર્મમાં પછી આગળ ને આગળ વિકાસ કરવામાં સાથે ને સાથે રાખીએ તો એવી એકાગ્રતાનો વધારે વિકાસ થાય છે. આપણું કર્મ પણ સારું થાય છે. એટલે એ વસ્તુને ઈમ્પોર્ટન્સ (મહત્ત્વ) આપણા લોકોએ બહુ આપી નહિ. સવારે પ્રાર્થના કરવી, ત્રિકાળ સંધ્યા કરવી એ બધું બરાબર છે. અને તે કર્યું એટલે આપણે આપણું કામ કર્યું, પરવાર્યા ! એમ નહિ. એ જે કામ માટે તમને એકાગ્રતા થઈ, એકાગ્રતાને સાથે ને સાથે તમારા લીધેલાં કર્મમાં, પ્રાપ્ત કર્મમાં પરોવ્યા કરો. એમ કરીને એ એકાગ્રતાને વધારે ને વધારે વિકસાવો. એટલે સામાન્યપણે રિવાજ શું હોય છે ? સવારમાં 'ધસ ફાર ઍન્ડ નો ફર્ધર' (આટલું જ બસ પછી કંઈ નહિ) એવું નથી. એ એકાગ્રતાને આપણે આપણા રોજબરોજના કર્મમાં પરોવવી જોઈએ. તેથી કર્મમાં વધારે ડેપ્થ (ઊંડાણ) આવે, એમાં વધારે ઉત્સાહ આવે, તેવા ગુણો ખીલે અને એ એકાગ્રતાનો વિકાસ થાય.

સ્થૂલ કર્મમાં, વ્યવહારમાં કર્મોમાં એકાગ્રતા વપરાય એટલું જાણે કે ઠીક છે. તેનું પરિણામ તો આપણને આપે જ છે. પણ જ્યારે એ એકાગ્રતાને આપણે ઊર્ધ્વ ક્ષેત્રમાં લઈ જવાનું કરીએ, ત્યારે આપણું મનાદિકરણ પરિણામ જોવાને ટેવાયેલું હોય છે. આ કામમાં મનાદિકરણની બહુ ખરાબ ટેવ છે. કામનું તાત્કાલિક પરિણામ જોવાની

એને ખેવના બહુ રહે છે. "શું થયું ? પરિણામ શું આવ્યું ? મહેનત આટલી કરી પણ કમાયા શું ?"

સ્થૂળ વહેવારમાં પણ આપણા લોકોએ કહ્યું કે "તમે પરિણામની ચિંતા ના કરો. તમારે જે કર્મ કરવાનું હોય તે કર્યા કરો અને પરિણામ તો નિશ્ચિત છે, એની તમે ચિંતા શું કામ કરો છો ? પરિણામ તો છે જ. પરિણામ નથી એમ નહિ. તમારે જે કરવાનું હોય તેની પાછળ પડો. તમે મથ્યા કરો અને કાર્ય કરો." એમ આપણા લોકોએ ઉપદેશ આપ્યો. **આ આધ્યાત્મિક ક્ષેત્રમાં જો પરિણામ જોવાનું રાખ્યું તો તમે ઢીલા પડી જશો. કારણ કે પરિણામ તો એટલું બધું લાંબું છે. ટુકડે ટુકડે જે પરિણામ આવે તે પરિણામ નથી.** એટલે એ પરિણામની આશા ત્યજો. આધ્યાત્મિક ક્ષેત્રમાં પરિણામનો વિચાર કર્યા વગર જ જે તે બધી મહેનત કરવાની છે. ત્યાં જ્યારે એકાગ્રતા પ્રગટવા માંડે છે, ત્યારે એકાગ્રતામાંથી જે ગુણોનો ભંડાર ફૂટે છે. આપણી અંદર એકાગ્રતા પછી આપણા આધારમાં પ્રસન્નતા, ધીરજ, હિંમત, સાહસ આ બધા ગુણોની બહુ જરૂર છે. તો જ આગળ જવાય નહિતર જઈ જ ન શકાય. એવા બધા ગુણોનું બળ હોય તો જ આગળ જવાય, આપણો વિકાસ થાય. એટલે એ એકાગ્રતા આ બધા ગુણોને વિકસાવે છે. જ્યારે વ્યવહારમાં એકાગ્રતા એ ગુણોને એટલા બધા વિકસાવતી નથી. ત્યારે કારણ શું ? તો જે વ્યવહારમાં આપણી એકાગ્રતા થઈ તે સીમિત છે, એટલા કાર્ય પૂરતી જ છે. જે જાતનું કાર્ય લીધું છે, આવી પડેલું છે અથવા જે કાર્ય કરતાં હોઈએ તે તેની અંદર સીમિત થઈ ગઈ છે, ત્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં તેનો એકાગ્રતાનો વિસ્તાર થયા કરે. જ્યારે આમાં તેનો વિસ્તાર થતો નથી. સંસારવ્યવહારનાં કાર્યમાં એકાગ્રતાનો વિસ્તાર થતો નથી. તે કર્મ પૂરતું જ ત્યાં ને ત્યાં જ, એટલામાં જ એ ગૂંચળું બનીને પડી રહે છે. જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રમાં એમ નથી. એ એકાગ્રતા વિસ્તાર પામતી જાય છે. અને જેમ જેમ તમે આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ જતાં જાઓ, તેમ તેમ પેલી એકાગ્રતા વિસ્તાર પામતી જાય અને એ એકાગ્રતા જેમ વિસ્તાર પામે તેમ ગુણોનો વિસ્તાર થાય અને ગુણો એવા છે કે જેમ એકાગ્રતા વિસ્તાર પામે તેમ તેની શક્તિ લિમિટેડ (સીમિત) થઈ જાય એમ નહિ. જેમ વિસ્તાર પામે તેમ શક્તિ વધે. પણ તેવી રીતે ગુણો પણ વિસ્તાર પામે અને ગુણોની શક્તિ પણ ઑર વધે.

**આ એક ખાસ જાણવા જેવી હકીકત છે.** જે આપણા મગજમાં કે વિચારમાં બહુ આવતી નથી. પણ જેમ એકાગ્રતા વિકાસ પામતી જાય અને એનો વિસ્તાર થતો જાય તેમ એની શક્તિ, એનો પ્રકાશ, એના કાર્યનો વેગ, પછી નવું આગળ બતાવવાની એની શક્તિ વધે છે. કારણ કે ઘણું બધું આગળ હોય છે. બધું નવું નવું બતાવવાની શક્તિ તે એકાગ્રતામાંથી પ્રગટ છે અને આ ગુણો પણ એમાંથી જ પ્રગટે છે. આમ, આધ્યાત્મિક ક્ષેત્રની એકાગ્રતા તે હંમેશ વિસ્તાર પામતી રહે છે. આધ્યાત્મિક ક્ષેત્રની અંદર તમે એકાગ્રતાનો ઉપયોગ કર્યા કરતાં હો છો તો એકી વખતે તમારે દસ કામ આવી પડ્યાં તો દસે કામ તમે સારી રીતે પાર પાડી શકો. એકી સાથે - 'એટ એ ટાઈમ' - તમે કરી શકો, જે તે પુરવાર થયું છે. એકસો આઠ કે એકસો નવ કામ એકી સાથે કરી શકાય એવું શ્રીમદ્ રાજચંદ્રે પુરવાર કર્યું છે.

આ, આધ્યાત્મિક એકાગ્રતાને લીધે જ આવે છે, કારણ કે અત્યારે આપણું માનસ સીમિત થઈ ગયું છે. આ બધાં કામોમાં, સાંસારિક, વ્યાવહારિક કામોમાં સીમિત થઈ ગયું છે. કારણ કે એનું ક્ષેત્ર સીમિત છે. જ્યારે આધ્યાત્મિક ક્ષેત્ર અનલિમિટેડ (અસીમ) છે અને ત્યાં આગળ એકાગ્રતાનું સ્વરૂપ પણ બદલાય છે. એકાગ્રતા પોતે પણ બદલાય છે. બદલાયેલી એકાગ્રતા વિશેષ અને વિશેષ પ્રગટે તેમ એ, જે જેની અંદર પરોવાયેલી છે તે વિષયને પણ વિસ્તાર પમાડે છે. અને વિષયના હાર્દનાં આપણને દર્શન કરાવે છે. એ દર્શન પછી આગળનું શું છે તે પણ આપણને જણાવે છે. અને એમાં પ્રવેશ કરાવનાર પણ એકાગ્રતા જ છે. પછી, આપણે જાગૃત પ્રયત્ન કરવાનો રહ્યો. આપણે જાગૃત થઈને, સભાન રીતે બધું કરીએ તે જરૂરનું છે. અવેરનેસ (સભાનતા) વગર આપણે કરીં તો એ બરાબર નહિ. અવેરનેસ તો આવે જ. 'જ' હું એટલા માટે મૂકું છું કે જેમ આપણે શ્વાસોશ્વાસ લઈએ છીએ એ આપણા શરીરનો સહજ સ્વભાવ છે, તેવી રીતે જ્યારે આપણે ઊર્ધ્વ માર્ગ તરફ પ્રયાણ કરીએ ત્યારે તે જાતની અવેરનેસ આપણામાં સહજ રીતે પ્રગટે જ છે. કોઈ કહે, 'નથી પ્રગટતી' એમ નહિ.

**એકાગ્રતામાંથી વિશાળ દૃષ્ટિ પ્રગટે**

જ્ઞાનભક્તિપૂર્વક એકમાં જ જો સંપૂર્ણપણે લીન થઈ જવાય અને તેમાં જ જો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નો પૂરેપૂરો રસ પ્રગટી

જાય અને હૃદય દ્વારા એ ભાવનાનો અનુભવ થાય તો પછી આવા અંતરમાંના સુમેળ અને સુસંવાદભર્યા ઐક્ય અને સમન્વયનો પ્રકાશ બહાર પડ્યા વિના રહી શકવાનો નથી. એકમાંથી અનેકમાં વિસ્તાર પામવું એ તો પ્રકૃતિનો અનાદિ ગુણ છે. માટે, જે કોઈ એકને પૂરેપૂરું જાણે છે, તે અનેકને પણ જાણી શકશે. વળી, આ માર્ગમાં એકાગ્ર અને કેન્દ્રિત થવાથી જે પરમ ચેતન છે, તેની સાથે હૃદયનો તાર સંધાય છે. એટલે તેવી સ્થિતિમાંથી હૈયાની સાચી ઉકેલની સૂઝ પ્રગટે છે. તેવાની બુદ્ધિ મોહકલિલયુક્ત હોતી નથી. જેમાં તે પ્રવેશે, તેને વીંધી તેની પાર સોંસરવી તે નીકળી જાય છે. એટલે નિમિત્તભાવે જે ઊપજે, થાય કે મળ્યા કરે તેનું હાર્દ પકડતાં તેને (એકાગ્ર અને કેન્દ્રિત રસવાળાને) વાર લાગતી નથી. એટલે જે એકને જાણે છે તે બધાંને પણ જાણી શકે. આમ, સાચેસાચી રીતે અને પૂરેપૂરી રીતે એકને અનુભવવાને માટે એકાંગીપણે એકમાં જ એકાગ્ર અને કેન્દ્રિત થવાનું કરે છે, તે કદી સંકુચિત વૃત્તિનો બની શકતો નથી તેવા પ્રકારના સાધનાના ભાવમાંથી તો ગુણનું વિકાસ થવાપણું પ્રગટે છે.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## ખંડ-૨
## આંતરિક સાધના


૦૩. સાધનાના પ્રકાર ........................................ ૭૦
૦૪. ભક્તિમાર્ગ પરિચય ........................................ ૭૭
૦૫. સાધના ક્રમ-સાધન ક્રમ ........................................ ૯૮
૦૬. સત્સંગ-સંસ્કાર સાધના-શ્રીસદ્‌ગુરુ ........................ ૧૦૮
૦૭. આત્મનિવેદન ........................................ ૨૧૭
૦૮. પ્રાર્થના ........................................ ૨૨૮
૦૯. નામસ્મરણ ........................................ ૨૪૪
૧૦. અજપાજાપ ........................................ ૨૮૭
૧૧. ૧૧મી ભૂમિકા-શરણાગતિ તરફ પ્રયાણ
સત્ત્વમાં પ્રતિષ્ઠા અને નિષ્ઠા ................................ ૨૯૨
૧૨. ૧૨મી ભૂમિકા-શરણાગતિ-સમતા ........................ ૩૩૭
૧૩. સંપૂર્ણ શરણાગતિ ........................................ ૩૮૬
૧૪. સમત્વ અને યોગ ........................................ ૪૧૨
૧૫. સાક્ષીત્વ તરફ પ્રયાણ ........................................ ૪૪૪
૧૬. અખંડ ભાવ-સ્વામિત્વ-સાક્ષીત્વ-૧૩મી ભૂમિકા સાક્ષીત્વ ..... ૪૬૪
૧૭. ૧૪મી ભૂમિકા-વિસ્તારની ભૂમિકા-અનુભવ ................ ૪૮૭
૧૮. અનુભવી ........................................ ૫૩૧
૧૯. અનંત સાધનાપથ ........................................ ૫૬૪

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૩

# સાધનાના પ્રકાર

- *આપણે માનતા હોઈએ ને ઈચ્છતા હોઈએ તે રીતે ઈશ્વરીય તત્ત્વ કે ભાવ વ્યક્ત થયેલો હોવો ઘટે તો જ તે ખરું એવી માન્યતામાં અજ્ઞાન રહેલું છે.*
- *કોઈ ગટરમાં થઈને પણ ઘરમાં પ્રવેશ કરી શકે, તો કોઈ દરવાજેથી પણ દાખલ થાય, પણ ઘરમાં પ્રવેશ કરવાની તમન્ના હોવી જોઈએ.*
- *માત્ર અમુક રીત સર્વશ્રેષ્ઠ છે અથવા અમુક રીતથી જ સાધના થઈ શકે એવો તેમાં આગ્રહ ન હોઈ શકે.*
- *સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય.*
- *સંસારનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં રહીને ભગવાનની સાધના ન થઈ શકે.*
- *એ કાળ અને સ્થળ કેમ વહેલામાં વહેલી તકે ટૂંકાઈ જાય અથવા અદૃશ્ય થઈ જાય એ માટે શૉર્ટ કટ - ટૂંકો માર્ગ - તંત્ર.*
- *એવાં ગૂઢ સાધનો બધાં નહિ કરી શકે. બધાં કરી શકે એવું માત્ર સાધન ભગવાનનું સ્મરણ છે.*

## સાધનાની શોધ

આદિ માનવથી તે આજ સુધીના કાળમાં માનવજીવનને સુખ અને આનંદનો વિચાર કાયમ રહ્યા જ કર્યો છે; કારણ કે તે જીવનની સાથે જ છે, જીવનથી અલગ આનંદ હોઈ શકતો નથી. સમાજનાં કેટલાંક માણસોનો તેવો આનંદ અખંડ એકધારો સતત અને મૌલિક કેમ ટક્યા કરે અને જીવતો રહ્યા કરે અને તેની ધોધ જેવી મસ્તીમાં કેમ જિવાયાં જવાય તે વિશે ઘણું ઘણું વિચારાયું તો હશે જ. એવા અખંડ આનંદની પ્રાપ્તિ કેવાં કેવાં સાધનોથી થાય તેના એકધારા અખંડ અભ્યાસમાંથી જીવનની ઊર્ધ્વતમ કેવી કેવી ભાવનાઓ પ્રગટે અને તેથી હાલનું જીવદશાનું જીવન જે જિવાતું હોય છે તેમાંથી કેવા પ્રકારના જીવનનો પલટો થાય કે જેનો આનંદ એક પળવાર પણ વિચ્છિન્ન ન થઈ શકે. એવું જીવન વાસ્તવિકપણે શક્ય છે કે કેમ, અને જો હોય તો કેવી રીતે તે પ્રાપ્ત થાય તેનો પણ વિચાર દુનિયામાં પ્રચલિત એવા ઘણા ધર્મોએ

કરેલો છે. એવું જીવન અનુભવવાને માટે હાલના જીવદશાવાળા જીવનનો પણ ત્યાં વિચાર થવો ઘટે. હાલનું જે જીવન પ્રકૃતિથી મહત્ત્વપણે પ્રેરાયેલું રહે છે, ને તેમાંથી અનેક પ્રકારના રસો નિષ્પન્ન થતા હોય છે અને એવા રસનો પણ આનંદ છે. પરંતુ એ આનંદ એક તો અખંડ પણ હોતો નથી અને મૌલિક પણ હોતો નથી એટલે એવા થોડીક ક્ષણોના ટકતા એવા થતા આનંદના અનુભવમાંથી અખંડ આનંદ કેમ કરીને પ્રાપ્ત થઈ શકે અને એવો આનંદ અખંડ, સહજ, સતત અને મૌલિક અને છતાં પાછો એકધારો હોય અને જે ક્ષણવાર પણ વિચ્છિન્ન ન થતો હોય તેવા પ્રકારના આનંદને માટે માનવીનું મન તલસતું અને તડપતું થયું હશે. અને **એ વિચારમંથનની કે સંક્રમણની પ્રક્રિયામાંથી એવો આનંદ મેળવવા માટે કે અનુભવવા માટે સાધનાના પ્રકારોની શોધખોળ થઈ હશે.**

હાલના જીવદશાવાળા જીવનમાં જે પ્રકૃતિ છે અને તે પ્રકૃતિ એટલે દ્વંદ્વ અને ગુણ. દ્વંદ્વ એટલે એકબીજાથી વિરોધના સામસામી બાજુના ગુણનું ચોકઠું. જેમ કે સુખ-દુઃખ, પ્રકાશ-અંધકાર, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, વગેરે વગેરે. અને ગુણ એટલે સત્ત્વ, રજસ અને તમસ. પ્રકૃતિની આવી રચનાને કારણે અનેક વાર સંઘર્ષણો થયા જ કરે છે, અને સંઘર્ષણો થયા કરે છે તેથી જ તેને સમજવાનું ને વિચારવાનું બને છે. સરળ, શાંત, કંઈક કશું ખટક્યા વિનાની સુખદ સ્થિતિ હોય ત્યારે માનવીને વિચારવાનું થતું હોતું નથી. પણ સુખદુઃખાદિ દ્વંદ્વને કારણે સંઘર્ષણ, અથડામણ, કલેશ, અશાંતિ, મૂંઝવણ, વિઘ્ન, કોયડા, પ્રશ્નો વગેરે જીવનમાં અનેકવાર પ્રગટતાં જ હોય છે. અને ત્યારે માનવીનું મન તેના ઉપાય પણ ખોળે છે. આવું બધું હોવા છતાં ત્યારે માનવીનું મન સંપૂર્ણ સ્વસ્થ, તટસ્થ, શાંતિવાળું, સમતા ધારણ કરવાવાળું અને પોતે પોતાના સાક્ષી રહી શકે એવાં એનાં મનાદિકરણ હોય તો કેવું સારું ! એમ પણ માનવીને થયું હશે. અને એવા વિચારમાંથી પણ એવી સ્થિતિ અનુભવવાને માટે માનવીએ શું શું કરવું કે જેથી કરીને પોતે તેવો થઈ શકે. જીવનને શાંતિમાં નિરામયપણે જીવવાને માટે માનવીએ આદિ કાળથી આજ સુધીમાં અનેક પ્રયોગો કર્યા છે. **જુદા જુદા કાળના તબક્કાઓમાં એવા પ્રયત્નની અનંત હારમાળાઓ પ્રગટેલી છે, પરંતુ એના ઈતિહાસ નોંધાયા નથી.**

આ જે જીવદશાનું જીવન છે તેને તે જ પ્રકારનું જો માનવીનાં મનાદિકરણ વિચારવાનું કર્યા કરે તો તેવો માનવી તે જ પ્રકારના જીવનમાં રહ્યાં કરે. પોતાને જે પ્રકારનું જીવન જીવવું છે, જે ઊર્ધ્વતમ, અનુપમ, ભવ્ય અને દિવ્ય ચેતનાના પ્રદેશની તેને જે ઉત્કટમાં ઉત્કટ લગની છે, તેને હાલ ને હાલ તો તે અનુભવી શકતો નથી. પરંતુ તે ઊર્ધ્વ પ્રકારના જીવનનો તાદૃશ ખ્યાલ આવી શકે તેવા પ્રકારનું પ્રતીક તે પોતાની સામે સતત એકધારું રાખી શકે છે અને એમ થતું હોય તો જ અખંડ, સહજ અને મૌલિક આનંદની પ્રાપ્તિ થવા માટેની વાસ્તવિકતા સાંપડી શકે. આવા ઊર્ધ્વ, ભવ્ય અને દિવ્ય પ્રકારના જીવનને માટે આદિ કાળથી માનવીએ શોધ કર્યા જ કરી છે અને આજે પણ એ શોધખોળ ચાલુ જ છે.

## સાધનાના પ્રકારો

પૃથ્વીમાં તેલ તો પડ્યું હતું, પણ અમુક જગ્યાએ છે અને અમુક રીતે નીકળે તે અંગેની વિદ્યા શીખવી પડે. જેઓ શીખ્યા તેઓ જ તે ખોળી શક્યા. ચેતનને ખોળવાની પણ વિદ્યા છે, પણ તે જાણવાની આપણને દરકાર નથી અને તે અંગે આપણે અભ્યાસ કરવો નથી. આપણે તો સંસારને ભજીએ છીએ. ગંગામૈયાના પુનિત પ્રવાહની માફક સતત એકધારું ફના થઈ જવાની તૈયારી સાથેનું સાધન હોવું જોઈએ. અનુભવીઓએ તો એ માટે જુદાં જુદાં સાધનો ખોળ્યાં. ચાવી તો મળી ગઈ. પછી વિચાર્યું કે કાળ એ મોટું બંધન છે. માટે, કાળને કેમ કરી ટૂંકાવી શકાય અને અનંત સુખને અનુભવી શકાય એવું સાધન લેવાનું શોધ્યું. તંત્ર, હઠયોગ, કર્મ વગેરે માર્ગો પણ નીકળ્યા. એ રસ્તે પણ ચેતના તો અનુભવી શકાય. કોઈ ગટરમાં થઈને પણ ઘરમાં પ્રવેશ કરી શકે, તો કોઈ દરવાજેથી પણ દાખલ થાય, પણ ઘરમાં પ્રવેશ કરવાની તમન્ના હોવી જોઈએ.

## અનંત માર્ગ ને પ્રભુનાં અનંત દર્શન

આપણે માનતા હોઈએ ને ઇચ્છતા હોઈએ તે રીતે ઈશ્વરી તત્ત્વ કે ભાવ વ્યક્ત થયેલો હોવો ઘટે તો જ તે ખરું એવી માન્યતામાં અજ્ઞાન રહેલું છે. જ્યાં જ્યાં કોઈ પણ પ્રકારના ભાવસૌંદર્યયુક્ત સાત્ત્વિક ભાવના આવિર્ભાવનું દર્શન થાય ત્યાં ત્યાં પ્રભુભાવ છે. પછી તે

આવિર્ભાવ ભલેને ગંદામાં ગંદી દેખીતી વ્યક્તિમાં થયો હોય કે ગમે તેવા હાલની દૃષ્ટિએ રુચિભંગ કરનારા વાતાવરણમાં થયો હોય. એની સાધનાની રીતનો કોઈ પણ પ્રકારનો આગ્રહ ન હોય; એટલે કે માત્ર અમુક રીત સર્વશ્રેષ્ઠ છે અથવા અમુક રીતથી જ સાધના થઈ શકે એવો તેમાં આગ્રહ ન હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિને કંઈ એક જ રીત અનુકૂળ ન પણ આવે. બીજાની રીતનો લાભ એને મળી પણ શકે ખરો - જો એનામાં હૃદયપૂર્વકનાં પ્રેમભક્તિપૂર્વકનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ તથા ગુણશક્તિ ખીલેલાં હોય તો એવી રીતે જ્યારે તેના યોગ્યપણામાં કેળવાઈ જવાનું બને છે ત્યારે જે કંઈ સૌંદર્ય છે, માધુર્ય છે, તેનું આકર્ષણ અને તેનો સ્વીકાર થવાનું આપમેળે બની શકે છે.

જેમાં પ્રવેશવું હોય તેમાં મન તો ઉંબરાને સ્થાને છે. પરંતુ એ ઉંબરો ન વટાવતાં જો જીવદશામાં રહેવાનું હોય ને તેમાં સબડવાનું ને રવડવાનું હોય તો કશું લાગતું નથી. તેમાં તો બસ ગબડ્યે જ જવાય. પાણીને નીચાણમાં જવાને હરકત નથી. પરંતુ પાણીને ઊંચે લઈ જવું હોય તો વીજળીના કે વરાળના યંત્રની શક્તિ કામે લગાડવી પડશે. તેવી રીતે મનને જો ઊંચા માર્ગે લઈ જવું હશે તો એ એમ ને એમ જવાનું નથી. એને એમ કરવાને માટે શક્તિ કામે લગાડવી પડશે. તે શક્તિ લાવવી ક્યાંથી ? **એવી શક્તિ મેળવવા માટે સાધનાના ઘણા પ્રકાર છે.**

**સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ; જ્ઞાન એ હેતુ; ધ્યાન એટલે કેન્દ્રિતપણું ને એકાગ્રતા; કર્મ એટલે એ બધાંને સુયોગ્ય, સુમેળ રીતે વહેવા માટેનો પટ Chennel.** જેમ જેમ સાધનામાંથી બળ, ભાવના, પ્રેરણા મળતાં જાય તેમ તેમ કર્મમાં તે નીતરવાં જ જોઈએ. દાખલા તરીકે ભાવનામાં ભક્તિનું પ્રાબલ્ય વધતું જતાં સાધકનામાં પ્રેમભાવ વધવાનો જ; પણ તે પ્રેમભાવનો વિસ્તાર પાછો એણે એના જીવનમાર્ગમાં-જે આપમેળે, કર્મપ્રારબ્ધ સંજોગે, સહેતુકપણે મળેલાં છે એમનામાં - પણ કર્યા કરવાનો છે. તો જ એના જીવંતપણાની શક્તિનું માપ આપણને મળ્યા કરવાનું છે. સાધક પોતે એકાંગી જ ન રહી શકે. એ તો સારાયે વિશ્વમાં સંકળાયેલા મહાપ્રભુને પોતાનામાં અવતારવા બેઠો છે. એ મહાપ્રભુની લીલાનો સ્પર્શ જો એણે કરવો હશે તો એણે પોતાની સાધનામાંથી જાગેલી ભાવનાને પ્રારબ્ધથી પોતાને મળેલાં પ્રત્યે વહેવડાવીને પ્રેમભાવ પ્રેરાવ્યા કરવું પડશે.

**કર્મમાં ભાવના પ્રગટાવવી અને ભાવનાને સાનુકૂળ કર્મ કરવાનું રાખવું તે ભક્તિ છે અને કર્મમાં જીવતુંજાગતું હેતુનું જ્ઞાનભાન પ્રગટાવવું અને તેવી જાગૃતિ તે તે કાળે થતાં જતાં કર્મમાં પ્રગટતી રહેવી તે જ્ઞાન છે. તે કર્મ થતી વેળાએ કર્મ એવી રીતે થતું જતું હોય કે જેથી જીવન ઘડાતું જાય, તે કર્મયોગ છે.** આમ કર્મ, ભક્તિ ને જ્ઞાન એકબીજાથી કદી છૂટાં નથી. પરસ્પર તે સંકળાયેલા ને વણાયેલાં છે.

સંસારનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં રહીને ભગવાનની સાધના ન થઈ શકે. સાધનાના જુદા જુદા વિભાગ પાડી શકાતા નથી. વિદ્વાનોએ અને શાસ્ત્રીઓએ જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, ધ્યાનમાર્ગ ને કર્મમાર્ગ એવા ભેદ પાડ્યા છે, એ ભલે; પરંતુ તે તો સમજવા પૂરતાં છે. બાકી ખરી રીતે તેઓ એકબીજામાં સેળભેળ-ભળેલા છે. કશું કશાથી તદ્દન નોખું નથી. ભગવાનની સાધના એટલે સંસારની સાથે જાણે કશી લેવાદેવા નહિ, એમ જે આપણા લોકોમાં માન્યતા છે, તે પણ બરાબર લાગતી નથી.

## જ્ઞાન, ભક્તિ, કર્મનો સમન્વય કરો
## બધાનો સમન્વય

ભક્તિ ને ધ્યાન ને યોગ, જ્ઞાન, - સૌનો સમન્વય
આપણામાં થશે ત્યારે સુમેળ જન્મશે ઉર.

એકલી ભક્તિનો ભાવ કરી દે મુગ્ધ શું બધું !
જ્ઞાન તેથી જરૂરી છે સ્ફોટ રે'વા પૂરું ઊંડું.

ઊંડું ત્યાં ખૂપવા, યોગ, અલિપ્તપણું ધ્યાન છે,
માટે ચારે તણો હૈયે થવાવો મેળ જોઈશે.

જીવનની સાધના જો કરવાની હોય તો કૃપા કરીને જાગૃતિપૂર્વક, સાવચેત, સાવધાન બન્યા વિના કદી પણ આરો આવી શકનાર નથી. વારંવાર પ્રાર્થના ને પ્રાર્થનાનો ભાવ અંતરનાં કરણોમાં જીવતો બની જતાં ખરેખરી ભક્તિનું સ્વરૂપ આપણામાં પ્રકટવાનું છે. તેમાં પ્રેમભાવનું સાચું સ્વરૂપ ને એની કળા-એ બધું પણ ખીલતું જતું આપણે અનુભવીશું. આવા પ્રેમની સાથોસાથ સહજમેળે જ્ઞાનનું વ્યક્તવ્ય ને તે સાથે સાથે પાછો શક્તિનો અનુભવ-આ બધું એકસાથે આપણે જીવનમાં અનુભવતાં થઈ શકીએ છીએ. આમ કંઈ જ કશું છૂટું છૂટું નથી. જે તે

કંઈ પરસ્પર એકબીજાનામાં ભળેલું જ છે. એટલે જેમ હેતુના જ્ઞાન વિનાનાં કર્મ ને ભક્તિ નિષ્પ્રાણ નીવડે છે, તેમ ભક્તિ વિનાનાં જ્ઞાન ને કર્મ પણ નિષ્ફળ નીવડે છે. તેમ યજ્ઞકર્મ વિનાનાં જ્ઞાન ને ભક્તિ પણ સંપૂર્ણ અવતાર લઈ શકતાં નથી, એટલે આપણે તો જ્ઞાન દ્વારા કર્મ ને ભક્તિ, ભક્તિ દ્વારા જ્ઞાન ને કર્મ, યજ્ઞકર્મ દ્વારા જ્ઞાન ને ભક્તિ- એમ આપણી જીવનવિકાસની સાધનામાં એવો પૂર્ણ સમન્વય કરી કરી આગળ વધવાનું છે.

## તંત્રમાર્ગ

તંત્રની રચના એટલા માટે થયેલી કે આપણામાં જે ચેતન છે એની સભાનતા આપણામાં જલદીમાં જલદી કેમ થતી નથી ? સ્થળ અને કાળને લીધે લાંબો ગાળો લાગે છે. એ કાળ અને સ્થળ વહેલામાં વહેલી તકે ટૂંકાઈ જાય અથવા અદૃશ્ય થઈ જાય એ માટે શૉર્ટ કટ - ટૂંકો માર્ગ - તંત્ર.

'Word has a mystic power' શબ્દમાં ગૂઢ શક્તિ રહેલી છે. ભગવાનને મેળવવા માટે તંત્રમાર્ગ પણ નીકળ્યો છે. વેદમાંથી તે પણ નીકળ્યો છે તેની વિધિ વગેરે ગુહ્ય છે. તંત્રમાર્ગોમાં ગૂઢ શબ્દો બોલવાના હોય છે, જે આપણે સમજી ન શકીએ છતાં તે માર્ગમાં તે બરાબર બોલવા જોઈએ.

તંત્રમાં શું છે ? એમાં સિમ્બોલિઝમ છે. સીમ્બોલીઝમને પ્રત્યક્ષ આકારમાં મૂકી દીધું. ત્રિકોણ, એમાં ચતુષ્કોણ, જુદાં જુદાં યંત્રો બતાવ્યાં હોય છે. એના દ્વારા સમજી લેવાનું. જે તે બધું બ્રહ્માંડ છે તે ચોકઠામાં છે. - એ બુદ્ધિથી સમજાય છે - તેમ આપણે જ્યાં સુધી શરીરધારી છીએ, ત્યાં સુધી સત્યને પણ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ચોકઠામાં ગ્રહણ કરી શકે છે. જાણ્યે-અજાણ્યે જગત સાકારને જ સ્તવે છે. નિરાકારને સ્તવતું નથી. એટલે એ સાકારને પકડી શકે એવાં પ્રતીકોને સાચવી લીધાં.

બુદ્ધિ વડે તો સમજાય છે. પણ જ્યારે એ અનુભવ થાય ત્યારે આ બ્રહ્માંડ જુદા જુદા સિમ્બોલઝ પ્રવર્તેલ છે. ભગવાનની લીલાના અનેક પ્રકારના સિમ્બોલઝ છે. એ કેવી રીતે વર્ક કરે છે ? પોતે હોય, અને પોતે કર્તા હોવા છતાં એનાથી ઊભું થયેલું તંત્ર અને એ બધું ઊભું થયેલું એનું નિરીક્ષણ કર્યા કરે. એ તંત્ર પોતે ઊભું કરેલું છે. છતાં કેટલું બધું એવું છે કે એ પોતે જાણતો હોતો નથી.

પણ એ તંત્ર શીખવાને માટે અમુક પ્રકારની ભૂમિકા જોઈએ. તંત્ર એ શોર્ટેસ્ટ કટ ટૂ રીયલાઈઝ ડિવાઈન. પણ એની અંદર શું શું છે, એની મને ખબર નથી. પણ જે જીવના કામક્રોધાદિ મોળાં પડ્યાં છે, તે પ્રકારનો જીવાત્મા જ તંત્રનું સાધન કરવાને યોગ્યતાવાળો છે.

તંત્રના પાછા બે માર્ગ પડ્યા : કૃષ્ણ અને શુક્લ. કૃષ્ણ માર્ગમાં માયામાં પડ્યા રહે પણ પેલી રિયાલિટી ભૂલે નહિ. ઊંચામાં ઊંચા પ્રકારના જીવો આ તંત્ર માર્ગ પર હોય. અત્યારે કોઈક ઠેકાણે હશે. પણ બહુ થોડાક હશે.

કૃષ્ણ માર્ગ એ જુગુપ્સા ઉપજાવે એવો છે. તે ઊંચો અધિકાર પામેલો જ કરી શકે. જેના રાગ, દ્વેષ, મોહ, લોભ વગેરે ઘટી ગયા તે જ કરી શકે. આપણે શુક્લ કરી શકીએ. પણ તેમાંય આપણી વૃત્તિઓ સારી હોય તો આ કાળમાં આપણે તેવા નથી.

## ગૂઢ સાધનો માટે પાત્રતા

ચેતનનો અનુભવ કરવા માટેનાં અનેક સાધનો કરીને અનુભવ્યું છે કે સાધનો ઘણાં ગૂઢ છે અને સામાન્ય માણસોથી એ થઈ શકે એવાં નથી. એ કહેવાથી કોઈ આચરી શકે નહિ. હિંદુસ્તાનમાં આવા લોક બીજાને વિદ્યા આપતા નથી એમ કેટલાક કહે છે ખરા, પણ લોકો આવાં સાધનો ગ્રહણ કરી શકે એવી તાકાતવાળા હોતા નથી. સૂર્યનારાયણનો સઘળો પ્રકાશ ઝીલી શકે એવું પાત્ર હોય તો તે ઝીલે. એ જ પ્રમાણે અનુભવીઓ વિદ્યા-જ્ઞાન આપવા ઉત્સુક હોય છે, પણ આપણે તે ઝીલીને ઉપયોગમાં લઈ શકીએ એવી લાયકાતવાળા નથી હોતા. માટે, એવાં ગૂઢ સાધનો બધાં નહિ કરે શકે. બધાં કરી શકે એવું માત્ર સાધન ભગવાનનું સ્મરણ છે.

આજે ચેતનને અનુભવવા માટે જોઈએ તેવી ભાવના નથી. એને અનુભવવા માટે તો ધગધગતા જ્વાળામુખી જેવી ભાવના હોવી જોઈએ. જ્યાં સુધી આવી ભાવના પ્રગટે નહિ, ત્યાં લગી અશાંતિમાં હળવાશ માટે ભગવાનનું સ્મરણ, ભજન, પ્રાર્થના વગેરે કરવું જરૂરી છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૪

# ભક્તિમાર્ગ પરિચય

- *આ માર્ગમાં કલ્પનાથી જઈ શકાતું નથી. બુદ્ધિથી જઈ શકાતું નથી. જ્ઞાનયુક્ત ભક્તિ દ્વારા જ પ્રવેશ થઈ શકે છે.*
- *ભક્તિ એટલે તો મનને સતત એકધારું એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેસની જેમ ચિટકાવીને રખાવે ત્યારે ભક્તિ કહેવાય.*
- *જે કંઈ કર્યા કરીએ તેમાંથી બોધ, પ્રેરણા મળ્યા કરે તો જાણવું કે આપણામાં ભક્તિ જાગવા માંડી છે.*
- *ભક્તિનું મૂલ્યાંકન તે ભક્તિની કક્ષાની ભૂમિકા અનુભવ્યા વિના યોગ્ય રીતે કરી શકાતું નથી.*
- *"જો કે મારું કોઈ અણમાનીતું ને માનીતું નથી, તોપણ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓમાં તો હું છું ને તેઓ મારામાં જ છે"; એટલે કે "અમારી વચ્ચે સંપૂર્ણ એકભાવ, એકાત્મતા છે, અને એવા ભક્તને સવિશેષ ચાહું છું."*
- *લોહચુંબક તો એની હદમાં આવી જતાં બધા લોઢાને પોતાના સ્વભાવથી ખેંચતું જ રહેલું હોય છે. તેમ ए આપણને ખેંચવા તૈયાર છે જ, પણ આપણે ए આપણને ખેંચે તેવી હદમાં આવી જવાનું છે.*
- *ભગવાન સાથેનો આપણો સંબંધ વ્યક્તિગત કરી નાખવાનો છે.*
- *બીજું બધું જ મૂકી દઈને (મનાદિકરણોમાંનું) જો આ માર્ગે જવું હોય તો, શ્રીહરિને ચરણકમળે, પ્રેમભક્તિ લગાડીને જ્ઞાનપૂર્વક એનાં ચરણકમળનો એકમાત્ર આશ્રય શોધવામાં, ને ત્યાં જ પડી રહેવામાં, જીવનું જેટલું શ્રેય છે તેટલું બીજા કશામાં નથી.*
- *ભગવાનના ભાવ તો આપણામાં છે જ, પણ દુનિયામાંનો રસ આપણામાં એટલો બધો જડમૂળ ઘાલી બેઠો છે કે તેની આપણને કલ્પના સરખી નથી.*
- *"Like attracts like "જૈસે કો તૈસા મિલે" એ ન્યાયે આપણે एને આપણામાં ખેંચી લાવવાને एના જેવાપણું વધાર્યા કરવાનું છે.*
- ***ભક્તિમાર્ગમાં પ્રેમ એ એનું સૌથી લક્ષણ છે.** પ્રેમ વધવા માંડ્યો કે પ્રભુનું અવતરણ થવા માંડ્યું એમ આપણે સમજી લેવાનું છે.*

- *પ્રેમથી આપણને ફના થઈ જવાનું આપોઆપ સૂઝે છે, માત્ર સૂઝ્યા કરે છે એટલું નહિ પણ ફના થઈ જ જવાય છે.*
- *કોઈને પણ સંસાર-વ્યવહારવર્તનમાં આપણા વિશે ઓછું આવે, તે આપણા વહાલાને આપણા વિશે ઓછું આવ્યું છે એમ માનીને, આપણે તો વારી જઈને એમના હૃદયને સંતોષ આપવાનો છે.*
- *ભગવાને દયા કરીને આપણું કેટલું બધું સારું કર્યું છે તેમ છતાં આપણે તો નગુણાં એવાં જ પાક્યાં કે એને જ ભૂલી ગયાં !*
- *સંસારના સંબંધીઓ કરતાં ભગવાનનો ભાવ તો વધારે હાજરાહજૂર છે; પણ એનો સંબંધ આપણે હજી પૂરો ને રસ-પ્રેમ-ભાવથી બાંધી શક્યા નથી, તેથી જ આપણને આઘે આઘે લાગે છે.*
- *પ્રભુને જેમાં ને તેમાં બોલાવવાનું કરવું. એને પળેપળનો હૃદયનો જીવતો-જાગતો બોલતો સાથી આપણે બનાવી દેવાનો રહે છે.*

## ભક્તિ માર્ગ પરિચય

### પહેલું ધ્યેય - "ત્યાં સુધી સાધના સર્વ જૂઠી"

જ્યાં સુધી સંપૂર્ણ, સતત, ભાવયુક્ત, એકધારું, પ્રભુસ્મરણ ટકતું નથી, જ્યાં સુધી પળેપળ સર્વ કંઈ કાર્યોનું, વિચારનું, આંતરિક કરણોના પ્રવાહોનું, વાણીનું પ્રેમભક્તિપૂર્વક શ્રીહરિના ચરણકમળે સમર્પણ થયા કરતું નથી, જ્યાં સુધી આપણા આધારનાં પ્રત્યેક કરણો એવાં સરળ, મુલાયમ - Pliable બની ગયાં નથી કે તે સર્વ ભાવે અને સર્વ રીતે શ્રીપ્રભુને પ્રેમભક્તિથી શરણ રહ્યાં કરતાં હોય, ત્યાં સુધી આપણી સાધના હજી નક્કર પાયા ઉપર ઉભેલી નથી એમ નક્કી પ્રમાણવું.

### સંસારનો હેતુ અને ભક્તિ

એકલી માત્ર બુદ્ધિથી વિચાર્યા કરતાં છતાં,
હેતુ સંસારનો સાચો કોઈને સમજાય ના.

પ્રત્યક્ષ સ્પષ્ટ વ્યક્તત્વ, સંસાર હરિનું જ છે,
કિંતુ છતાંય, તે રીતે સંસાર કોઈ ના લ્હે,

ઇન્દ્રિયો કરણો ને શાં મનાદિ સઘળાંય તે,
સંપૂર્ણ રસથી મુગ્ધ સંસારે એકરૂપ છે.

ભળેલા ને મળેલા તે સંપૂર્ણ શાં રહ્યાં કરે,
નોખા થયા વિના તેને પિછાણી શી રીતે શકે ?

એમનું એમ તો નોખું કદાપિ તે થવાય ના,
જિજ્ઞાસા એવી જાગ્યા વિના હેતુ સધાય ના.

સંસાર દ્વંદ્વ ને ગુણ વડે સંયુક્ત નિત્ય છે;
કિંતુ સમત્વ વિના તે યોગ્ય કર્મ ન થઈ શકે.

કામ ને લોભ મોહાદિ ભક્તિમાં તે ગળ્યા વિના,
સમજાઈ શકાવો તે દુર્લભ હેતુને મહા.

સંસાર ક્રીડા માત્ર લીલા શ્રીહરિની શી તે !
ખરેખરો ઊંડો એવો ભાવ ના કોઈનો જ છે.

નરી શી જીવ વૃત્તિથી લોક સંસારમાં ચરે;
સંસારમાંથી શી રીતે તેને હરિનું ભાન ર્‌હે.

એકલા નર્યા સ્વાર્થે લોક સંસારમાં જીવે,
સ્વાર્થ વિના બીજું ઓળખ્યું કોઈ ના તત્ત્વ તેમણે.

કથા વાર્તા અને બોધ, મંદિરે દર્શને જવા
ઘરેડની પ્રમાણેનું, નવું મળવું શક્ય ના.

જન્મવું જીવવું પાછું મરવું ક્રમ નિત્યનો,
એવા જટિલ સંસારે ભજવો હરિ દોહ્યલો.

છતાં કોઈક તેવા હરિને ભજનાર છે,
ભજતાં ભાવથી કર્મ કર્યા કરતાં જ હોય છે.

હરિની યાદનો મીઠો સ્વાદ ભોગવવા મળે,
અપાર સુખાનંદ તેના જેવા ન ક્યાંય છે.

હરિ ના કલ્પના માત્ર, હરિ ના ધારણા,
સ્વયંભૂ હરિ પ્રત્યક્ષ, હરિ ના માત્ર ભાવના.

શો નિરાકાર સાકાર, હરિ છે જ્ઞાની ભક્તને,
જીવન સર્વ તેવાનું શ્રી હરિમય નિત્ય છે.

હરિને એકનિષ્ઠાથી ભજવા સહેલું ને કર્મ તે,
નિરંતરથી હૈયાની, અનિવાર્ય શી ભક્તિ તે.

## ભક્તિનો મહિમા

આ માર્ગમાં કલ્પનાથી જઈ શકાતું નથી. બુદ્ધિથી જઈ શકાતું નથી. **જ્ઞાનયુક્ત ભક્તિ** દ્વારા જ પ્રવેશ થઈ શકે છે. ને એવી ભક્તિ પ્રકટતાં જીવનના ક્ષેત્ર વિશેની સમજણ વધારે ઊંડી, તલસ્પર્શી અને સૂક્ષ્મ વેગવાળી થતી જાય છે. સંબંધમાં આવતાં અનેક પ્રકારનાં સ્વજનોની પ્રકૃતિ અને તેનાં સ્વભાવ વિશેની પરખ થતી જતી હોય છે. અને તેમ થતાં છતાં તેવા અનેક પ્રકારના સ્વભાવ અને તેમની પ્રકૃતિના વલણથી આપણે ડઘાઈ ના જઈએ અથવા તો તેમાં ભેરવાઈ ના પડીએ અથવા તો તેથી તેમના વિશે રાગદ્વેષ ના ઊપજે તે જોવાનું કામ આપણું છે. જે વિચાર, વૃત્તિ, લાગણી કે વલણ ઊપજે તે જીવનના ધ્યેયને ફળાવનારું છે કે કેમ એનો તુરત વિચાર કરી લેવો; અને જો તેમ ન લાગતું હોય તો તેને ફટકારીને પ્રેમથી વિદાય પણ આપી દેવી. ને આપણા મનની તુચ્છતા ને લઘુતા કેટકેટલી છે તેનું તેને ભાન કરાવવું અને એમ કરીને મનને પ્રેમભાવથી ઊંચે ચઢાવવાનું છે તે જાણજો.

સંસારવ્યવહારમાં સંબંધોમાં, સંસારવ્યવહારની રીતે આપણે વર્તવાનું નથી, અને સંબંધોની રીતે મન પણ રાખવાનું નથી કે પરોવવાનું નથી. પ્રભુની ભક્તિ વ્યક્ત અને અવ્યક્ત બન્ને છે. **જે જે વખતે જે જે કંઈ કામ મળે તે તે કામમાં શ્રીપ્રભુની સ્મરણભાવના અને ધારણા જીવતી રાખ્યા કરીને તે તે જીવના સંબંધને આપણે ગૌણ ગણ્યા કરવાનો છે.**

**પ્રેમભક્તિનો ચમત્કાર**

જીવનની ભાવના મિથ્યા ભાવના નથી; એના જેવી નક્કર વાસ્તવિકતા બીજા કોઈ પ્રકારના જીવનમાં નથી. સાધનામય જીવન એટલે કલ્પનામય જીવન નથી કે ઊર્મિમય જીવન પણ નથી. ભક્તિ એટલે પોકળતા પણ નથી. ભક્તિનો પાયો તો જ્ઞાનના નક્કર પાયા પર રચાયેલો હોય છે. **ભક્તિ એટલે તો મનને સતત એકધારું એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેસની જેમ ચિટકાવીને રખાવે ત્યારે ભક્તિ કહેવાય.** એવી ભક્તિના માટે હૃદયના કોઈ ઉન્માદ અને ઉત્કટતાભર્યા અફાટ અને અપાર ભાવની જરૂર રહે છે. એવો પ્રેમભાવ જીવતો પ્રગટ્યા વિના પરસ્પરનાં હૃદયો એકમેક પણ થઈ શકતાં નથી. જ્યાં પ્રેમભાવ પૂરો પ્રગટે ત્યાં મન પીગળી જાય છે; મનમાં બીજા કશા

વિચારો પ્રગટી શકતા નથી. જેના અંગે કે જેની બાબતમાં એવો જ્ઞાનપૂર્વક પ્રેમભાવ પ્રકટે તેનામાં એકરૂપ થવાય છે ને જે હેતુને માટે એવો પ્રેમભાવ પ્રકટ્યો હોય તેનું જ્ઞાન પ્રત્યક્ષ થતાં તેનો વિસ્તાર જીવનનાં સર્વ ક્ષેત્રોમાં થતો રહે છે. જેમ સૂર્યનું તેજ અનેક દિશાઓમાં ફરી વળે છે ને કોઈ જગા બાકી રહેતી નથી, તેમ જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં જીવનમાં તેનો પ્રકાશ ને તેજ આપણે અનુભવી શકીએ છીએ. ત્યારે આપણાં સકળ કાર્યો એ સ્થૂળ રીતે કર્મ જણાતાં હોવા છતાં તે કર્મ ચેતનાથી થતાં રહેતાં હોય છે.

**ભક્તિની વ્યાખ્યા તથા તેનાં સુફળ**

ભાવના ને ભક્તિ પ્રગટ્યા વિના જે જે કંઈ કરતાં હોઈએ તેમાં ભાવનાનો પ્રવેશ થયો ન હોવાથી ભાવનાનું ઘન સ્વરૂપ બની શકતું નથી. જ્ઞાનપૂર્વકનાં પ્રેમભક્તિ પ્રકટી શકે તો જ મનનો તાગ સરળતાથી એકાગ્ર ભાવે મળી શકે. જેમ કશું ચોંટવાને ગુંદરની જરૂર રહે છે, તેમ મનને ભગવાનમાં લગાડવાને ભક્તિ છે. પણ ભક્તિ એટલે ઘેલછા નહિ; ભક્તિ તો જ્ઞાનપ્રેરક છે. ભક્તિ પ્રગટતાં જીવનનાં અનેક પાસાંઓની યોગ્ય સમજણ આપણામાં જાગે છે; બુદ્ધિથી ઘણી સૂક્ષ્મતા થાય છે, સર્વ પ્રકારની શુદ્ધિનું યોગ્ય ભાન પ્રકટે છે. પોતાના વિશેની યોગ્ય અને અયોગ્ય ભાવના અને વૃત્તિઓની પૂરેપૂરી સમજણ જાગી જાય છે; આપણી વિવેકશક્તિ સૂક્ષ્મથી યે સૂક્ષ્મ થતા જાય છે અને આપણી આપણને પોતાને વધારે ને વધારે સમતાપૂર્વકનું નિરીક્ષણ કર્યા કરીને સમજતાં થઈએ છીએ. ભક્તિ જાગ્યાથી અડગમાં અડગ નિશ્ચળતા અને નિશ્ચયનું અતૂટ બળ આપણામાં પ્રગટતું આપણે અનુભવી શકીએ છીએ. એટલે જ્ઞાનપૂર્વકની પ્રેમભક્તિ પ્રકટે તો આપણે સર્વ કંઈ કરી શકીએ.

જેનામાં ભક્તિ છે તે કદીયે નમાલો બની શકતો નથી. તેનાં શૌર્યને, સાહસને, હિંમતને, ધીરજને અને સહનશીલતાને કોઈ પડકાર આપી શકે એમ નથી. ભક્ત કદી હારતો હોતો નથી. વિકાસના હેતુના ધોરણે તે કદી પાછો પડતો જણાય, પણ એવા પાછા પડવામાંથી તે એકદમ જાગી જાય છે. જે કોઈ જીવને પોતાના ધ્યેય પરત્વેનું જીવતુંજાગતું ધ્યાન પ્રગટેલું છે, તેના જીવનમાં તેનાથી કદી ભૂલ થતી નથી એવું તો નથી, પરંતુ એવી થતી રહેતી ભૂલોમાંથી તે એકદમ

શીખી લે છે. ભૂલમાંથી તો તે જ્ઞાન મેળવે છે અને ઉચ્ચ પ્રકારની સમજણ મેળવે છે. એટલે જે કંઈ કર્યા કરીએ તેમાંથી બોધ, પ્રેરણા મળ્યાં કરે તો જાણવું કે આપણામાં ભક્તિ જાગવા માંડી છે. જેનામાં ભક્તિ જાગે છે તેને કોઈ પરત્વે વેર નથી, કોઈ પરત્વે તુચ્છકાર નથી. સર્વને તે પોતાનામાં જુએ છે. જો કે એ તો ઘણી આગળની હકીકત છે, તેમ છતાં એવી ભાવનાની શરૂઆત એનામાં થવા માંડી જાય છે.

ભક્તિ માગી લે છે સર્વ પ્રકારનું અને સર્વ ભાવે આપણું પૂરેપૂરું જ્ઞાનપૂર્વકનું સમર્પણ. ભક્તિ કરવાનું કામ કાચાપોચાનું નથી. ભક્તિ એ તો મહા શૂરવીરનું કામ છે. ભક્તિ કરનારને માથે અનેક પ્રકારની મુશ્કેલીઓના પર્વત ખડકાઈ જતાં હોય છે. છતાં તે નમ્રમાં નમ્ર રહ્યા કરતો હોવા છતાં પોતે પાછો અણનમ રહ્યા કરતો હોય છે.

ભક્તિ કરવાનું જેનું દિલ છે, તેણે માથાને વેગળે મૂકીને તે કરવાની રહે છે. ભક્તિ કરનાર જીવે જ્યાં કોઈને પણ અવગણવાનું નથી, ત્યાં તુચ્છકારવાનું તો ક્યાંથી જ હોય ? ભક્તિ પ્રગટતાં બુદ્ધિની સૂક્ષ્મતા પ્રગટે છે. જેમ વસંત બેસતાં સર્વ કંઈ નવપલ્લવિત બને છે અને અણુઅણુમાં ચેતન રેડાય છે તેમ ભક્તિનો રસ જામતાં કે પ્રગટતાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ સૂક્ષ્મ કરણોમાં પણ એની અસર થયા વિના રહી શકતી નથી અને મન મુગ્ધ બને છે. બુદ્ધિમાં તો શંકાવાદ, તર્કવાદ, આમ કે તેમ વિચાર કરવાપણું, અનેક પ્રકારનાં તુક્કા ઉઠાવવા કે દોડાવવા કે અનેક પ્રકારની યોજનાઓમાં રમ્યા કરવું વગેરે છે. એક વિચાર કોઈએ જણાવ્યો તો એના ઉપર તે એક પછી એક સામા કે તરફેણમાં વિચાર કરવા મંડી પડતી હોય છે, તેવી દશામાંથી તે મોળી પડતી જવાની અને ઠરેલ થતી જવાની અને બુદ્ધિ પણ ભક્તિમાં રંગાવાની. ચિત્ત પણ ભક્તિના રસથી રંગાવા મંડતાં જે કંઈ થતું રહેતું હશે, તેના સંસ્કાર તે તે પ્રમાણેની કક્ષામાં તે પ્રમાણે ન પડતાં ભક્તિની ભાવના પ્રમાણે પડ્યા કરવાના છે. એટલે આમ કર્મનો પાશ માત્ર કર્મના ક્ષેત્ર પ્રમાણે લાગવાનો નથી. એટલે સ્થૂળ કર્મબંધન થતાં અટકવા મંડવાનાં અને પ્રાણની આશા, ઇચ્છા, લોલુપતા, તૃષ્ણા, વાસના એવો પ્રાણનો, પ્રકૃતિનો ધર્મ પણ બદલાતો રહેવાનો અને અહમ્ પણ અભિમાનમાં ન પ્રેરાતાં પોતાના શુદ્ધ સાત્ત્વિક ભાવનાના હુંકારમાં રહ્યા કહી સ્વરૂપના સત્ત્વપણામાં પ્રેરાયા જવાનું છે. આમ,

ભક્તિનું તત્ત્વ તો આપણામાં નક્કર પરિણામ જગાડનારું છે. ભક્તિમાં ઘેલછા નથી, ધૂન છે ખરી. પરંતુ સાથેસાથે સમતા, તટસ્થતા અને વિવેક જાગૃત રહેતો હોવાથી તેમાં ભરાઈ પડવાનું પણ બનતું નથી. ભક્તિમાં ખેલદીલી છે, શહાદત છે, શૂરવીરનું પરાક્રમ અને ભડવીરની હિંમત છે. ભક્ત કશાથી હારી જતો નથી. કશાથી ભાગતો નથી. જે જે મળે તેને પ્રભુકૃપાપ્રસાદી સમજી તેનો તે પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સ્વીકાર કરે છે અને એને પ્રભુપ્રીત્યર્થે પોતાના વિકાસ અર્થે જીવનમાં જેમ વાપરી શકાય તેમ તેમાં તે ચેતનાપૂર્વકની જાગૃતિથી પ્રવેશતો હોય છે.

ભક્તિ એ વેવલાપણું નથી. ભક્તિ તો જીવમાં સચેતનપણું પ્રગટાવવાના સાધનરૂપે જેમ છે તેમ સાધ્યપણામાં પણ તે ઉત્તરોત્તર નવાં નવાં સ્વરૂપોમાં પરિણમતી જતી હોય છે. ભક્તિનાં સ્વરૂપ એક નથી હોતાં. એનાં સ્વરૂપોનાં પ્રકારો, સ્થિતિ બદલાતાં, નવાં નવાં થતાં રહેતાં હોય છે. તેથી, ભક્તિનું મૂલ્યાંકન તે ભક્તિની કક્ષાની ભૂમિકા અનુભવ્યા વિના યોગ્ય રીતે કરી શકાતું નથી.

## ‘સુદુરાચારી’ ભક્ત

**અપિચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।**
**સાધુરેવ સ મન્તવ્યો સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥૩૦॥**
**ક્ષિપ્રમ્ ભવતિ ધર્માત્મા શશ્વછાન્તિ નિગચ્છતિ ।**
**કૌન્તેય । પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥૩૧॥**

(ભ.ગીતા અ. ૯)

‘સુદુરાચારી’ એટલે એ દુરાચારી તો છે પણ સાથે સાથે ‘સુ’ પ્રકારના છે એટલે કે એનાં ઉપરનું આવરણ માત્ર એવું છે; અંદરથી તો તે ‘સુ’-અનુકૂળ, સારો છે. અંદરથી તો અગ્નિ ભડભડતો હોય પણ ઉપરથી તો રાખનો ઢગલો ફરી વળ્યો હોય એમ કદીક બને છે, તેવા પ્રકારનો દુરાચારી એ છે. કોઈ સત્પુરુષની વાણી સાંભળનારામાં કેટલાક દુરાચારી પણ હોય, પરંતુ એમાંના કોઈકને જ એ વાણીની અસર લાગી જાય છે, બીજા તો કોરાં ને કોરાં રહે છે, એવું ઘણી વાર બને છે. એ ન્યાયે દુરાચારીઓમાં પણ પ્રકાર હોય છે. એમાં જે ‘સુદુરાચારી’ હોય તે મને જો ભજે એમ ભગવાન કહેવા માગે છે. એટલે એવો સુદુરાચારી જો કદી મને ભજે, અને તે કેવી રીતે ?

"ભજતે મામનન્યભાક્" - તે વિશેષ લક્ષમાં રાખવાનું છે. એનો અર્થ - મનસા, વાચા, ને કર્મણા, એટલે કે પૂરેપૂરાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પ્રભુની ભક્તિના રંગથી ઓતપ્રોત થઈને રંગાયેલા રસથી આકર્ષાઈને મુગ્ધ થયેલા હૃદયથી, જે મને ભજે તે 'અનન્યભાક્' એવો એનો અર્થ છે. ગીતાજીમાં 'ભજતે' આવે છે ત્યાં પણ ઉપરછલ્લું વાણીમાં જ ભજન કરે છે એવો અર્થ કે ભાવ હોતો નથી, પણ એનો અર્થ આપણી આખી ચેતના પળેપળ એના ભક્તિભાવથી સતત સળંગ ધારાથી ઉભરાયા કરે તે ભજતેનો અર્થ છે. આમ, જો ભગવાનને અનન્ય ભાવે ભજે તો તેને સાધુ ગણાય. વળી મનસા, વાચા, કર્મણા ભજવા ઉપરાંત અથવા તેના સ્પષ્ટ અર્થ તરીકે, "સમ્યગ્ વ્યવસિતો હિ સઃ" કહ્યું છે. એટલે કે એના જીવનના પ્રત્યેક આચારવિચાર યોગયોગ્ય ચેતનાત્મક પ્રકારના પ્રકટેલા હોવા જોઈશે. તેના અંદરના બધાં મનાદિકરણોમાં સુમેળ, સુસંવાદ હોવો જોઈએ એટલે સુવ્યવસ્થિત હોવાં જોઈએ તેમજ તેના જીવનમાં અને જીવનનાં સર્વ ક્ષેત્ર અને સર્વ પાસાંમાં તેનામાં ભાવપૂર્વ યોગયોગ્ય વ્યવસ્થિતિતા પ્રકટેલી હશે, ને તેથી તેનો જીવન વ્યવસાય પણ એ પ્રકારનો હશે. એવો ભક્ત ક્ષિપ્રમ્ જલદી ધર્માત્મા થાય છે, ચિરશાંતિને પામે છે. અખંડધારાવત્ હૃદયનો આહ્લાદ પામે છે. એવા ભક્તને માટે શ્રીભગવાન વચન આપે છે કે તેની ભક્તિ મિથ્યા થતી નથી, તે નાશ પામતો નથી.

## ભગવાનને વહાલો ભક્ત

**સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥**

"બધાં પ્રાણી તરફ મારી સમદૃષ્ટિ છે, કોઈ મારું માનીતું ને કોઈ મારું અળખામણું નથી. કોઈનો દ્વેષ કરતો નથી તેમજ કોઈ પ્રત્યે રાગ નથી. 'તેમ છતાં' અથવા તો 'તોપણ' (તું) જેઓ મને ભક્તિભાવપૂર્વક (ભક્ત્યા) ભજે છે તેઓ મારામાં છે અને તેનામાં હું છું."

આમાં પણ શ્રીભગવાને ભક્તિની સાધનાને કેટલું બધું મહત્ત્વ આપ્યું છે ! આ જીવની નજરે એમાં 'તું' શબ્દનું મહત્ત્વ ને રહસ્ય ઘણું છે ને તેથી આખા શ્લોક પર તેના રહસ્યનો પ્રકાશ પડે છે. કેમ કે એમાં બીજી લીટીમાં 'તું' મૂકીને ભગવાન કહે છે કે "જો કે મારું કોઈ

અણમાનીતું ને માનીતું નથી, તોપણ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓમાં તો હું છું ને તેઓ મારામાં જ છે''; એટલે કે ''અમારી વચ્ચે સંપૂર્ણ એકભાવ, એકાત્મતા છે, અને એવા ભક્તને સવિશેષ ચાહું છું.''

આથી ભક્તિનો મહિમા આપણે માનીએ કે કલ્પીએ એથીયે વધારે છે. એક અજ્ઞાની માનવી પોતાની કર્મજાળમાં ગૂંથાતો જશે ને તેમાં ફસાતો જશે, ને એને એમ સમજણ કે ખ્યાલ નહિ રહે; પરંતુ એવા પ્રકારનો બીજો કોઈ અજ્ઞાની માણસ ભગવાનનું સ્મરણ સતત કાયમ રાખવા ઝંખતો હશે ને તેથી તેવો તેનો અભ્યાસ થતો જતો હશે, તો એના અજ્ઞાનાંધકારથી કે સંસ્કારવશાત્ કે પોતાની બહિર્ગામી ટેવોથી કે મનનાં બળવાન વલણોને રોકી શકવાની એની અશક્તિને લીધે અથવા તો ઇંદ્રિયોના નદીના પૂર જેવા વેગને પરિણામે કે બીજાં કારણો ને સંજોગોને લીધે પોતાના અન્યથાભાવી કર્મમાં રસ લીધા કરતો હશે, તોપણ તેના પ્રભુસ્મરણના પ્રભાવથી પેલા પહેલા પ્રકારના અજ્ઞાની માનવીના કરતાં આ બીજા પ્રકારના અજ્ઞાની માનવીની ભ્રમણા જલદી ભાંગી જવાની પૂરેપૂરી શક્યતા છે. નામસ્મરણના હૃદયપૂર્વકના સેવનથી એવાનું હૃદય કૂણું બને છે અને એવાની ભ્રમણા ભાંગશે ત્યારે તેના અત્યાર સુધીના અભ્યાસને લીધે જે પશ્ચાતાપનો અગ્નિ ભભૂકી ઊઠશે તે પશ્ચાતાપના અગ્નિમાં એનું જીવપણું હોમાઈને બળીને ખાખ થઈ જશે. એનો જીવનસાધનાનો વેગ ત્યારે અત્યંત વધી ગયેલો હશે; નામસ્મરણની ભાવના જ્યારે પ્રકટે છે, ત્યારે બધું ભૂલી જવાય છે.

## સગુણની ભક્તિની સુલભતા

**ક્લેશોઽધિકતરસ્તેષામવ્યક્તાસક્તચેતસામ્ ।**

(અવ્યક્તમાં જેઓનું મન આસક્ત છે તેમને અવ્યક્તને અનુભવવાને માટે મુશ્કેલી વધારે પડે છે.) અવ્યક્તમાં આસક્તિ થવી એ ઘણું દોહ્યલું છે. એટલા માટે સાકારની ભક્તિ વધારે સાનુકૂળ છે. મનાદિકરણ અવ્યક્તને પકડીને સહેલાઈથી ધારણ કરી શકે એવી શક્યતાવાળાં હોતાં નથી; માટે ચેતનના સગુણ પાસાને આપણે સાધનામાં મૂર્તિમંત કરવાનું છે અને તેથી સાધનાને માટે ભક્તિ વિશેષ સાનુકૂળ છે. **ભક્તિમાંથી જ્ઞાન જરૂર પ્રકટે છે અને જ્ઞાન થતાં યોગ પ્રકટે છે** ને તે બધામાંથી કર્મ

કૌશલ્ય પણ પ્રકટી શકે છે. તે ભાવને લઈને પુરાતન કાળમાં મૂર્તિપૂજાની પ્રથા દાખલ થઈ હશે. એ ભાવમાં પ્રેમભક્તિપૂર્વકનો દિલનો અનુરાગ દૃઢ પ્રકટતાં શ્રીભગવાન સાથેનો આપણો વ્યક્તિગત સંબંધ બંધાય છે. અને ત્યારે જ સાધનાના ભાવમાં ઊંડામાં ઊંડી ખરેખરી તન્મયતા, એકતાનતા ને પળેપળનું લગનીપૂર્વકનું સ્નેહાર્દ્ર મુગ્ધતાભર્યું આકર્ષણ લાગ્યા કરે એવું તેનું ચિંતવન પ્રકટ્યા કરે છે. મનાદિકરણમાં સાકારના આધાર વિના એવી લગની પ્રકટવી પણ મહાદુષ્કર છે. જીવનવિકાસના ધ્યેયના માર્ગમાં સાધનના અભ્યાસમાંનું સાકારપણું એટલે તેનો ભાવ અને તેમાંથી પ્રકટતી એકાગ્રતા, કેન્દ્રિતતા ને સળંગતા ને તે પછી તેનો થતો વિસ્તાર. જેમ શિક્ષણમાં આગળ ધપવાને માટે સાકારનું શરણું એ શિક્ષક, અથવા તો બીજો કોઈ પણ ધંધાના જાણકારનું અવલંબન લેવાનું જે યોગ્ય સાધન-સદ્ગુરુ - તે સાકાર. એવા સાકારને મનાદિકરણ પ્રમાણમાં વધારે સહેલાઈથી ગ્રહણ કરી શકે, એવી તેનામાં શક્યતા છે.

## પ્રભુમય કેમ થવાય ?

### ભક્ત અને ભગવાન

પ્રેમની ભાવનામાં પોતપોતાનું અસ્તિત્વનું એકબીજામાં સહજ રીતે ભેળવી દેવાપણું હોય છે. પ્રેમની ઉત્કટમાં ઉત્કટ ભાવનામાં ને ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકામાં એકતા જ અનુભવાય છે. ને એનો સ્વીકાર જ્યાં ત્યાં બધાંએ કરેલો છે તેમાં ‘હું’ અને ‘તું’ નોખા રહીએ તે યોગ્ય નથી.

ભક્તિના ઉન્નતમાં ઉન્નત શિખરની ભાવનામાં પણ ભક્ત ને ભગવાન એમ બે ગણાય છે ખરા, પરંતુ તેમાં એક ગૂઢ ભેદ સમજવા જેવો છે. સર્વથી પ્રથમ તો ભક્ત ભગવાનમાં સંપૂર્ણપણે તેનાં સર્વ મનાદિકરણોથી, મનાદિકરણોમાં, ઓતપ્રોત થઈ જઈને ભગવાનના પ્રેમમાં સંપૂર્ણ લય પામી જતો હોય છે. તેવી વેળાએ ભક્ત તરીકે તે જુદો હોવા છતાં તે તો એટલે કે તેનાં મનાદિકરણો શ્રીભગવાનમાં એક જ થઈ ગયેલાં છે.

(crane) ઊંટડો તો હજારો મણનો ભાર એની પકડમાં આવતાં જ ઝટ દઈને ઉપાડીને બહાર ફેંકી દે છે; એ પ્રભુના ઊંટડાના સકંજામાં આપણે આવી જવાનું છે, પછીથી આપણો ભાર તો બસ ફેંકાયે જ જશે.

હવે ત્યારે વાર શી છે ? ઊઠીએ ને એના ચરણકમળમાં આપણો તાર જોડી દઈએ. પ્રભુ તો આપણને લેવા સતત ઉત્સુક છે જ. **લોહચુંબક તો એની હદમાં આવી જતાં બધા લોઢાને પોતાના સ્વભાવથી ખેંચતું જ રહેલું હોય છે, તેમ એ આપણને ખેંચવા તૈયાર છે જ, પણ આપણે એ આપણને ખેંચે તેવી હદમાં આવી જવાનું છે.**

હજુ આપણે આપણી ઈન્દ્રિયોના જ પ્રદેશમાં રખડ્યાં કરીએ છીએ; ત્યાં સુધી આપણને એની ખૂબી કદી સમજાવાની જ નથી. એ વાડ ઓળંગવાને આપણે દિલને તૈયાર કરીએ તો જ બને.

સ્વભાવના દોરવાયા દોરાવાનું આપણે મૂકી જ દેવાનું છે. હારોહાર એવી આહુતિઓ આપણે સતત આપ્યાં કરીએ ને એ રીતે પણ ખાલી થયા કરીએ. એમ ખાલી રહેવામાં એની કૃપાથી પ્રયત્નવાન બનીએ. પ્રભુના સ્મરણમાં એકવાર તો બધું જ ભૂલી જઈએ એવું કરવું છે. પછીથી ભલેને જેવું ભાન રહે તે ખરું. એના પ્રેમભાવથી બસ દિલને સતત જલાવ્યાં કરીએ ! ને એને જ યોગ્ય બનીએ !

**ભગવાન સાથે શુદ્ધ વ્યક્તિગત સંબંધ રાખો**

જે કંઈ સાધન કર્યા કરીએ એ સાધનાના મૂળમાં એ ભાવ-ના ઊંડાણને વધાર્યા કરવાનું છે. જેમ બે મિત્રો વચ્ચે પ્રથમ પરિચયમાં આવતાં કંઈ ગાઢ પ્રેમ હોતો નથી, પણ જેમ જેમ પરિચય વધતો જાય છે, તેમ તેમ પ્રેમની માત્રા બંને વચ્ચેની વધતી જાય છે ને મિત્રતાની ગાઢાઈ એ તેમની વચ્ચે થયેલા પ્રેમની માત્રા પરથી કહી શકાય છે, એવું જ આમાં છે.

ભગવાન સાથેનો આપણો સંબંધ વ્યક્તિગત કરી નાખવાનો છે. એને હું 'Personal touch' વ્યક્તિગત સંબંધ કહું છું. એને આપણે ખૂબ વધાર્યા કરવાનો છે. પણ તે કોઈ સકામ હેતુથી નહીં તેમ જ સાકારભાવથી પણ નહીં; માત્ર આપણા ભાવ દ્વારા જ તે સિદ્ધ કરવાને આપણે સતત ઝંખના દ્વારા ને ચિંતન દ્વારા મથ્યા કરવાનું છે. રાણો મીરાંને જોવા ગયો ત્યારે એ ભગવાન સાથે વાતો કરતી હતી એમ એણે સાંભળ્યું; એ વાત મને કપોળકલ્પિત નથી લાગતી. આપણે જે ભાવે એના સર્વોત્કૃષ્ટ ઉત્કટપણાથી એને ભજીશું તે સ્વરૂપમાં ને તે ભાવમાં આપણને એ મળશે જ. એ વિશે મારા મનમાં તો લવલેશ શંકા નથી. એ સિદ્ધ વસ્તુ છે. માટે જ તમને કહું છું કે આપણે એની સાથેનો સંબંધ

ખૂબ અંગત કરી નાખવાનો છે. આપણા વૈષ્ણવધર્મમાં જે ખરો મરજાદ ધર્મ છે, તે આવો વ્યક્તિગત અંગત પરિચય એની સાથે કેળવવા માટે છે. જે કંઈ થાય કે કરીએ, તે એને માટે જ કરીએ છીએ. એક મરજાદી માને મેં જોયાં હતાં. તે પાણી ભરવા જાય તોયે એ પ્રભુને માટે જાય, ને એવા ભાવનાં ગીતો ગાતાં ગાતાં જાય ને ખાવા કરે તોયે 'કૃષ્ણ ભગવાનને આ ભાવશે' - આવી રીતે પ્રેમથી બનાવ્યું છે, ને આ સારું છે, વગેરે ભાવો ઉદ્‌ભવાવી એ કૃષ્ણની દુનિયા મનમાં મનથી જન્માવે ને મનને એમાં જ રચ્યુંપચ્યું રાખે. જે કંઈ કરે તે કૃષ્ણને જ રાજી રાખવા માટે કરે. તે કેવળ (exclusively) એક માત્ર કૃષ્ણને જ માટે છે, ને કૃષ્ણને જ સર્વ કંઈ છે એમ એ સમજ્યાં કરે.

**પ્રભુને બધું સોંપો - પણ સહજ રીતે**

જેમાં ને તેમાં સહજનું ધોરણ પ્રગટાવો. પ્રભુને જે તે બધું સોંપ્યા કરીને, મનાદિકરણોને પ્રભુના સ્મરણભાવમાં પ્રાર્થનાભાવથી રોક્યાં કરવાનું બની શકે, તો તે કામ સરળ બની શકે, પણ તે બધું તેની યોગ્ય સહજતામાં ને સરળતામાં બન્યા કરવું ઘટે. એના પર કોઈ પણ જાતનો કશો બળાત્કાર લાદેલો ન હોવો ઘટે. તેથી પહેલાં તો બીજું બધું જ મૂકી દઈને (મનાદિકરણોમાંનું) જો આ માર્ગે જવું હોય તો, શ્રીહરિને ચરણકમળે, પ્રેમભક્તિ લગાડીને જ્ઞાનપૂર્વક એનાં ચરણકમળનો એકમાત્ર આશ્રય શોધવામાં, ને ત્યાં જ પડી રહેવામાં, જીવનું જેટલું શ્રેય છે તેટલું બીજા કશામાં નથી.

**આપણે પણ સર્વ સમર્પણ કરવાનું છે**

તેવી જ રીતે આપણે આપણું બધું જ એને કહ્યાં કરીએ; એને જ આત્મનિવેદન કર્યા કરીએ. બધી જ ઇચ્છાઓ એને જણાવ્યા કરીએ. બધું જ એને - સર્વાત્મભાવે કંઈ પણ reservation રાખ્યા વિના એને સમર્પણ કર્યા કરીએ, ને સતત એના ભાવમાં જ રંગાયેલા રહેવા પ્રયત્નશીલ ને મથતા રહ્યાં કરીએ.

**ભગવાનના ભાવ વિરુદ્ધ દુનિયાનો રસ**

ભગવાનના ભાવ તો આપણામાં છે જ, પણ દુનિયામાંનો રસ આપણામાં એટલો બધો જડમૂળ ઘાલી બેઠો છે કે તેની આપણને કલ્પના સરખી નથી. એનાં આવરણો આપણે દૂર કરી શકતા નથી. આપણે જાણ્યે-અજાણ્યે એમાં રસ લીધાં કરીએ ને પછી ભગવાનને ભાવ લેવા

અનુભવવા - મથીએ છીએ તે કેમ બને ? આપણાં બધાં આવરણોના કિલ્લા એક પછી એક આપણે ઉલ્લંઘી જવા પડશે; એમ જેમ જેમ કરતાં જઈશું તેમ તેમ, તેટલા પ્રમાણમાં, ભગવાનની ઝાંખી આપણને થતી જશે ને આપણો ભાવ એના પ્રત્યે વધતો જશે જ.

**પ્રેમપ્રશસ્તિ**

"Like attracts like" "જૈસે કો તૈસા મિલે" એ ન્યાયે આપણે એને આપણામાં ખેંચી લાવવાને એના **જેવાપણું વધાર્યા કરવાનું છે.** તેવું થવા માટે આપણે એકબીજા વચ્ચે ખૂબખૂબ પ્રેમ-અનન્ય પ્રેમ-કર્યા કરવો પડશે, જેમ બાળક મા કે બાપના મોંઢા જેવું હોય છે. કારણ કે એમાં એમને પ્રેમ સ્થૂળ રીતે પ્રતિબિંબિત થયેલો છે. પ્રેમ આખા વાતાવરણને બદલાવી નાંખે છે, એ તત્ત્વના આકર્ષણની શક્તિ ગુરુત્વાકર્ષણ કરતાં ક્યાંયે વધારે ને અનંતગણી જોશવાળી છે. સૂકી માટીમાં આકાર નહીં પડી શકે. આકાર પાડવા માટે કે ઘાટ ઘડવા માટે માટીમાં જે ભીનાશ જોઈએ - આર્દ્રતા જોઈએ - તે કામ પ્રેમ આપણામાં કરે છે. પ્રેમ વળી આપણામાંના દૃષ્ટિબિંદુ એકાગ્ર કરે છે, તેમજ એકબીજામાં એકબીજાને સમાવી દેવા ને બંને એક કરવા તરફ સતત પ્રેર્યા કરે છે. અંતરના તત્ત્વને વિકસાવવામાં પ્રેમની સૂક્ષ્મ લાગણી અથવા એનો અંતર્ગત ભાવ જેટલી મદદ કરે છે તેટલી મદદ બીજા કશાથી થતી નથી. ભક્તિમાર્ગમાં પ્રેમ એ એનું સૌથી મુખ્ય લક્ષણ છે. એક વખત એના પ્રત્યે પ્રેમ જાગતાં તે આપણામાંના જ્વાળામુખીનું મોઢું ફાડીને આપણામાંનું અંદરથી બહાર એકદમ ફેંકાવ્યા કરાવશે ને આપણામાંની ક્રિયાત્મક શક્તિને જગાવતો રહેશે. પ્રેમની લાગણી જગતમાં ન હોત તો કોઈને પણ જગતમાં રસ રહ્યો ન હોત. આપણને સતત ચોંટેલા રાખવા માટે કોઈ પણ તત્ત્વ જો હોય તો તે પ્રેમ જ છે. પ્રેમ વધવા માંડ્યો કે પ્રભુનું અવતરણ થવા માંડ્યું એમ આપણે સમજી લેવાનું છે. પ્રેમના પગરણ થયાં એટલે આપણે બસ ઊડવા મંડવાના. પ્રેમ એ જ આપણો તારણહાર ભાવ છે; તેથી આપણાથી કોઈના પ્રત્યે પણ અભાવ ન થાય. જેટલા જેટલા જીવનના જે જે ક્ષેત્રમાં કે બાજુમાં (expressive) અભિવ્યક્ત થયેલા હોય, થવા મથતા હોય, એમના તરફ હમદર્દીનો ભાવ પ્રેમને લીધે સવિશેષ રહ્યાં કરે છે. જ્યાં જ્યાં એવો ભાવ આપણને આવે કે થાય ત્યાં એ વ્યક્તિ મથતી છે - મથનાર છે - એમ પણ

આપણે ગણવાનું છે. એવી સમજ પડ્યા કરે ત્યારે આપણામાં પ્રેમશક્તિ વિકસવાની તૈયારીમાં છે એમ આપણે માનવું; પછીથી આપણે એને વધાર્યે જવાની છે. પ્રેમ આપણાં માબાપ છે કે જેનાથી આપણે થયા. પ્રેમ આપણો પરિવાર છે કે જેનાથી આપણામાંનું ઉદ્ભવ્યું ને કેળવાયું ને સત્ય સ્વરૂપમાં પ્રકટ્યું. પ્રેમ એ જીવનનો સારરૂપ ભાવ છે. પ્રેમ અનંત શક્તિને પ્રગટાવનાર લાગણી છે; માત્ર લાગણી જ નહિ પણ પ્રાણ છે. પ્રેમ જીવનની બલિહારી છે. આપણું સર્વસ્વનું રૂપાંતર કરાવનાર પ્રેમતત્ત્વ જ છે. પ્રેમમાં જે પ્રક્ટીકરણની શક્તિ છે તે માત્ર દૈવી નથી, પણ સાક્ષાત્ ભગવાનનો અંશ જ છે. પ્રેમથી આપણને ફના થઈ જવાનું આપોઆપ સૂઝે છે, માત્ર સૂઝ્યા કરે છે એટલું નહિ પણ ફના થઈ જ જવાય છે. એમાંથી જ પછી નવા પ્રાણ, નવી જિંદગી, નવું ચેતન, નવો અવતાર, પુનર્જીવન પ્રકટે છે. એ જીવનદીપ્તિને સળગાવનાર પ્રેમ જ છે. પ્રેમ જેવો બીજો સાથી આપણો કોઈ નથી, પ્રેમ આપણું સર્વસ્વ છે. એ આપણને વિમાનગતિ પ્રાપ્ત કરાવશે. આપણા દિલનું નૂર, આપણી આંતરશક્તિનું ઓજસ્, આપણા હૃદયનું અમૃત, એનાં દર્શન-અનુભવ એ પ્રેમતત્ત્વ જ આપણને કરાવશે.

**પ્રેમભક્તિ વિના પ્રભુ મળવો દોહ્યલો**

પ્રભુને માટે રોમેરોમ આગ પ્રગટ્યા વિના, એવી પ્રેમભક્તિનું શૌર્ય હૈયામાં પ્રગટ્યા વિના પ્રભુને મેળવવો દોહ્યલો છે. એવી પ્રેમભક્તિ પ્રગટ્યા વિનાના બોલ તે તો ખાલી પોકળ છે. "પ્રેમશૌર્યઅંકિત" હૃદયની ભક્તિ પ્રગટતાં આધાર પણ બદલાઈ જાય. કરણો દ્વારા કામ કરતી પ્રકૃતિ પણ બદલાઈ જતી અનુભવાઈ છે. ભગવાન માટેનો એવો નૈસર્ગિક પ્રેમભાવ જ્યારે ઉત્કટપણે પ્રગટે છે, ત્યારે તે જે તે બધું વાળીઝૂડીને સ્વચ્છ, શુદ્ધ કરી દે છે ને શ્રીભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા માટે આંતરિક ભૂમિકાને તેવી યોગ્યતાવાળી બનાવી દે છે.

**અનન્ય પ્રેમ જ એને ખપે**

આપણે સાધનામાં ને તેની ભાવનામાં નિશ્ચિત ગતિ કરવી હોય, તો સાચા હૃદયનો પૂરેપૂરો શરણભાવ આપણે કેળવવો ઘટે. આપણા હૃદયની ભાવનાઓમાં મન, બુદ્ધિ અને પ્રાણના ક્ષેત્રનું કંઈ કશું ભળેલું ન રહે, તેની આપણે પૂરેપૂરી કાળજી રાખવાની છે. બાકી, એવું સેળભેળવાળું શરણપણું શ્રીભગવાનને ખપતું નથી. ભગવાનને આપણે

સર્વથી પ્રથમ વધારે ને વધારે હૃદયમાં ચાહ્યા કરવાનો છે. આપણે બીજા પર પ્રેમ રાખીએ ને એના પર પણ પ્રેમ રાખીએ એવું નહિ કરી શકીએ. પહેલાં તો આપણે એનાં પૂરેપૂરાં બની જઈએ. તેવું બન્યા પછી આપણે એને બીજા બધામાં નીરખીએ. એને અજીઠો પ્રેમ ખપતો નથી. એને તો કશું પણ અજીઠું ખપતું નથી. માટે, એને જે સમર્પણ કરીએ કે ધરાવીએ તે આપણા હૃદયની શુદ્ધ પ્રેમભક્તિથી ભર્યું ભર્યું હોય તે જ એને તો ખપે છે.

**નિષ્કામ ભક્તિ**

આપણે તો શ્રીહરિને જે ભજવાનો છે, તે શ્રીહરિના પ્રેમની જ ખાતર. હૃદયનો પ્રેમ થાય એટલે તેના વિના બીજું કંઈ આપણને ખપતું જ હોતું નથી ને ગમતું પણ હોતું નથી. જ્યાં ને ત્યાં એ જ આપણી દૃષ્ટિ સમક્ષ આવીને ઊભો રહે છે, ને એનામાં જ મન-ચિત્ત રોકાયેલાં રહે છે. એવી દશા થાય છે તેવી વેળાનું પ્રભુસ્મરણ ઓર પ્રકારનું બન્યાં કરે છે.

**એ જ ને એનું જ આપણું બધું**

જેમાં ને તેમાં આપણા વહાલા પ્રભુનું હૃદયનું સગપણ આપણને મોખરે તરી આવવું ઘટે છે. તેમ થયાં કરતું અનુભવાય તો જ જાણવું કે આપણાં મનાદિકરણોમાં તેનો ભાવ મહત્ત્વપણે છે. આપણો સાચો માલિક કહો, ધણી કહો, પિતા, માતા, પુત્ર, સખા, બહેન, સદ્‌ગુરુ, ભ્રાતા, રક્ષક, પોષક, પ્રેમ કરનાર, પ્રણય કરાવનાર, વગેરે બધું તે એનું જ છે. એવાનું આજ્ઞાપાલન તો કેટકેટલા હર્ષથી થયાં કરે ! એનું કંઈ પણ કરતાં કરતાં તો આપણને આઠે કોઠે દીવા પ્રગટે. માટે જેમાં ને તેમાં એના જ ઓળખવામાં જીવનની શક્તિ આપણે ખર્ચવાની છે. એને લીધે જ મળેલો સંસાર છે, એના કારણે જ મળેલાં સગાંવહાલાં, માતાપિતા, ધણી, સાસુ, સસરા વગેરે સ્વજનો છે. એને માટે જ જે-તે બધી પ્રવૃત્તિ અને કર્મ, વ્યવહારવર્તન, સંપર્ક-સંબંધ વગેરે છે.

**ભગવાનનો ભાવ એટલે શું ?**

'ભગવાનનો ભાવ' એટલે શું ? એમ, તમને કદાચ થશે. જેમ આપણને કોઈ અત્યંત વહાલું હોય ને એનું સ્મરણ થતાં એક જાતનું વહાલપ આપણામાં ઊભરાઈ આવે છે એવું, -પણ અનેકગણું-વહાલપ આપણને ભગવાન પ્રત્યે હૃદયમાં ત્યારે રહ્યાં કરવું જોઈએ. એના પ્રત્યે ખૂબ પ્રેમ આપણામાં વિકસ્યા કરવો જોઈએ.

## સગાંને પણ પ્રભુને રીઝવવા જ વળગવું

તે બધામાં જો એનું ભાનજ્ઞાન ચૂક્યાં તો તે બધું જ ચોંટ્યું સમજવું. એ વહાલો તો રહેલો છે તે સ્વજનોના અંતરમાં. એટલે તેમને વળગવાનું છે, તે સ્વજનોનાં સ્થૂળ શારીરિક સગપણના સંબંધે વળગવાનું નથી. આવું વળગવું એ તો પતન છે. પરંતુ આપણે તો ત્યાં જે વળગવાનું છે, તે તો એમનામાં જે પ્રાણપ્રિય આપણા અંતરનો મિત્ર, સખા, આપણો જે કહો તે, તેમનામાં જીવતો બેઠેલો છે એટલે. તેથી તેને રીઝવવાનું ને વળગવાનું છે. એ ભાવ વિના તેમને વળગવાનો બીજો કશો જ અર્થ નથી.

## સંસારને વળગવાનો આપણો હેતુ

પણ આપણે સંસારના એવા રંગઢંગનાં પાસાંને વળગવાથી શું વળવાનું હોય ? આપણે તો સંસારને જે વળગવાનું છે, તે તેમના હૃદયમાં આપણો વહાલો જે બિરાજેલો છે, આપણા હૃદયની પ્રેમભક્તિની સેવાથી તેમને રાજી કરી આપણે તો તેને ખુશ કરવાને માગીએ છીએ. એવા જીવતાજાગતા હેતુની ભાવનાથી શ્રીપ્રભુની પ્રેમભક્તિથી જે કંઈ થાય તે બધું જ કર્યા કરવાનું છે. એમને એટલે **કોઈને પણ સંસાર-વ્યવહારવર્તનમાં આપણા વિશે ઓછું આવે, તે આપણા વહાલાને આપણા વિશે ઓછું આવ્યું છે એમ માનીને, આપણે તો વારી જઈને એમના હૃદયને સંતોષ આપવાનો છે.**

## પ્રભુની લીલા

સંસાર, વ્યવહાર, વર્તન, સંબંધ, સંપર્ક, હળવું, મળવું વગેરે પ્રકારનાં કર્મોમાંથી આપણો જીવસ્વભાવ ટળતો જાય, હૃદયનો પ્રેમભક્તિભર્યો પ્રભુપ્રીત્યર્થનો જીવતો ભાવ તેમાં પ્રકટ્યા કરે, એવો પ્રકટ હેતુ આપણે એની કૃપાથી સભાનપણે રાખ્યા કરવાનો છે. એવો જીવતો અભ્યાસ પ્રકટતાં ને પાકો થતાં ને જીવતો બનતાં, આ સંસાર આપણને કોઈ અજાયબ, નવા પ્રકારનો, એ વહાલા ભગવાનની લીલાનો વિસ્તાર છે એવો, અનુભવ થતો રહેવાનો છે. એમાં હળતાં, ભળતાં, મળતાં કોઈ અનેરો આનંદ પ્રવર્ત્યા કરવાનો છે.

## 'મિથ્યા' સંસારનો અર્થ

આ સંસારને 'મિથ્યા' જે કહેનારા છે, તેવાના અર્થના હેતુને આપણે સમજવાનો છે. આપણે માત્ર સંસારી જીવો તરીકે સંસારને

સંસાર તરીકે જાણીને વળગીશું, તો આપણને સંસાર જ મળવાનો છે, ને સંસારમાં બળ્યું પણ શું છે ? જો એમાંથી પ્રભુની પરખ-ચેતનલીલાનો અનુભવ - હૃદયથી પરખવાનું હૃદયનું મુગ્ધતાભર્યું આકર્ષણ ન પ્રકટ્યાં કરતું હોય તો ?

**સંસારના રંગઢંગ**

સંસારમાં તો જ્યાં સુધી ખપમાં લાગીએ ત્યાં સુધી ખપનાં, બાકી તો પાંજરાપોળનાં ખોડાં ઢોરનાં જેવાં જ લાગવાનાં. કોઈ મોઢે તેમ નથી બોલતું. વળી સંસારમાં કોઈ મોટેરું, વડીલ કે એવું હોય અથવા કમાતું-ધમાતું સારી સ્થિતિવાળું હોય, તો વળી બધાં વળગતાં આવે છે, એવો અનુભવ સંસારમાં બધે પ્રવર્તે છે. નોધારાની મદદે કોઈ ઊભું રહેતું નથી. સંસારમાં શું ગરીબનાં કોઈ સગાવહાલાં નહિ હોય કે ? પણ તેમના સંકટમાં મદદે કેટલાં પ્રેરાય છે ? તેમની માંદગીમાં કોણ, કેટલું વહારે ધાય છે ? કરવું પડે તે પણ જાણે કે ન છૂટકે. તેમાં પ્રેમ-હૃદયનો ઉમળકો - સાધારણપણે તો કોઈનો પણ વારી ગયેલો અનુભવાતો નથી. આવા છે સંસારના રંગઢંગ.

**ભગવાનને મંકોડાની જેમ વળગો**

મંકોડો જો ખરેખર વળગે છે તો તૂટી જાય તો ભલે, પણ એનો અંકોડો તો ના જ છોડે. એવી રીતે આપણે શ્રીભગવાનના ચરણકમળને વળગવાનું શીખવું પડશે. આ માર્ગમાં જેને વળગતાં આવડતું નથી તે કશું શીખી શકવાનો નથી.

**ભગવાનની કૃપા માગ્યા કરો**

ભગવાનની કૃપા આપણે સતત માંગતા રહેવાનું છે. આપણાથી કશું થઈ શકવાનું નથી. ભગવાનની કૃપા ઉપર જ સર્વ પ્રકારના વિકાસનો આધાર રહેલો છે. એ તો વાસ્તવિકતાભરી હકીકત છે. જેમ નિશાળમાં પણ ચોપડીઓ વગેરે સાધન હોવા છતાં કોઈ શીખવનાર નથી હોતું ત્યાં લગી શીખી શકાતું નથી, -કંઈ નહિ તો શરૂઆતમાં- તેમ આપણને તેવાની જરૂરત રહે છે જ. એક વખત એવું શીખી લેવાની આંતરસૂઝ કે આંતરદષ્ટિ (Insight) આપણામાં જન્મી ગઈ હોય છે, તો પછીથી આપણે એકલાં પુસ્તકોથી પણ શીખી શકીએ છીએ, પણ એવી આંતરદષ્ટિ આપણામાં જાગે તે પહેલાં તો કોઈકની જરૂર પડે છે; એટલે એની કૃપાથી જ સહુ કંઈ બની શકે છે એ માત્ર કલ્પના નથી. બીજી

રીતે પણ વિચારીએ તો આપણાથી બનતો સર્વ પુરુષાર્થ થયાં કરતો હોય, છતાં આપણે કશું જ નથી કરતા - એ તો ए કરાવે છે. એ ભાવનાથી આપણામાં એક પ્રકારનું અભિમાન જાગતું નથી. વળી 'ए કરાવે' એ જાગતા ભાવને સતત ઘૂંટ્યા કરવાનું બનતું હોવાથી એ ચેતના (Consciousness) જે આપણામાં છે, ને કૃપાની માગણીથી જાગૃત પણ થાય છે ને બહારથી પણ મળે છે, તે આપણામાં દઢપણે ઉદ્‌ભવે છે. કોઈક કાગળમાં મેં તમને લખેલું કે આશા, તૃષ્ણા કે ઇચ્છાના જે વિચારો આપણે કરીએ તે બીજાઓના આશા, તૃષ્ણા કે ઇચ્છાના વિચારોના વાતાવરણમાં જઈને તેને ગાઢ બનાવે છે, ને એ રૂપે જોરવાળાં બનાવે છે. તેવી જ રીતે આપણી કૃપા માગવાની ખરા દિલની ભાવનાને પણ વાતાવરણમાંથી પોષણ મળ્યાં કરે છે; એટલે એની કૃપા માગ્યાં કરવાનું ભાન તો આપણામાં જાગેલું રહેવું જ જોઈએ.

**કૃતજ્ઞતાના ભાવે ભગવાનની કૃપા યાદ રાખો**

બાકી ભગવાનની કૃપા તો અપાર છે. તમે જ વિચારોને કે જગતમાં બીજાં કેટલાંયે એવા છે કે જેમને એક ટંક ખાવાના પણ સાંસા છે. જેમને સૂવા-બેસવાને ઘર નથી. કેવા અસાધ્ય રોગથી પીડાયેલા હોવા છતાં તેમને આકાશની નીચે ધરતીમાતાના ખોળા સિવાય ક્યાંય બીજો આશરો નથી. જેમને અનેક ઉપાધિ, વ્યાધિ વગેરે છે એ બધાંના કરતાં ભગવાને આપણને કેટકેટલું સુખ આપ્યું છે ! કોઈ આપણો થોડોક પણ ઉપકાર જગત-વ્યવહારમાં કરે છે તો એનો આપણે કેટકેટલો આભાર માનીએ છીએ ! તો ભગવાને દયા કરીને આપણું કેટલું બધું સારું કર્યું છે તેમ છતાં આપણે તો નગુણા એવાં જ પાક્યાં કે એને જ ભૂલી ગયાં ! ને એની આપેલી મોજશોખની વસ્તુમાં લપેટાઈ પડ્યાં !

આપણને એણે કેટકેટલું આપેલું છે ! એનો આપણને જીવનમાં ખ્યાલ પણ આવતો નથી. એવો ખ્યાલ જો વારંવાર આવ્યા કરતો હોય તો આપણને ભગવાન ઉપર ખૂબ જ વહાલ, પ્રેમ ઉભરાયા કરે.

આમ ભગવાન કેવો કૃપાળુ, પ્રેમાળ ને હિતચિંતક છે, એનો એ રીતે જીવનમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે; ને એ અનુભવ જેમ જેમ ગાઢો થતો જાય છે તેમ તેમ જીવનમાં મઝા, રસ, લહેજત અને એની અંતર્ગત સંકલનાનો હેતુ જીવન સમક્ષ સ્પષ્ટ સમજાય છે ને જીવન કૃતાર્થ થયેલું લાગે છે. વળી, ભગવાનના ભાવમાં જ ડૂબ્યા રહીને

જગતમાંથી એની લીલા નિહાળ્યાં જ કરવાનું મન થાય છે ને ત્યારે જ 'સોહાગી બેઠા ઊલટમાં' એવો અનુભવ થયાં કરે છે.

**આપણે તો નગુણા છીએ**

ભગવાને આપેલી અનુકૂળતાનો આપણે કેટલો લાભ લીધો છે ? એ રીતે વિચારતા આપણે કેટલા બધા નગુણા છીએ એનો ખ્યાલ આવ્યા વિના રહેતો જ નથી. કોઈ દલીલ કરે કે 'અમને જે મળ્યું છે તે બધું અમારી બુદ્ધિ, હોશિયારી અને અમારા પુરુષાર્થને લીધે મળેલું છે'; પણ એટલી ને એવી જ બુદ્ધિ, હોશિયારીને પુરુષાર્થ બીજાં અનેક દાખવ્યા કરતાં હશે, પણ એ લોકોને એવા સંજોગો પ્રાપ્ત થયેલા હોતા નથી, એવા પણ અનુભવ આપણને જગતમાં થયા કરે છે. સંસાર-વ્યવહારમાં આપણા પર કોઈ જરાક જેટલો ઉપકાર કરે છે તો એને આપણે કેવાં યાદ કરીએ છીએ ! પણ ભગવાનને એવી રીતે યાદ કરીએ છીએ ખરાં ?

**ભગવાન કેમ દેખાતો નથી ?**

વ્યવહારમાં જેને આપણે જાણતા નથી હોતા એવાની સાથે આપણે સંબંધ થતાં તેમને નજીક આવેલા આપણે અનુભવીએ છીએ, એ તો સૌ કોઈનો પ્રત્યક્ષ અનુભવ છે, એટલે સંબંધ જ મહત્ત્વનો છે. સંસારના સંબંધીઓ કરતાં ભગવાનનો ભાવ તો વધારે હાજરાહજૂર છે; પણ એનો સંબંધ આપણે હજી પૂરો ને રસ-પ્રેમ-ભાવથી બાંધી શક્યા નથી તેથી જ એ આપણને આઘે આઘે લાગે છે. એવો સંબંધ થતાં એ તો પાસે જ છે. એટલે આપણી સર્વશક્તિ, સર્વભાવ, સર્વ પ્રેમાકર્ષણ, ખંત, બળ વગેરે જે કંઈ આપણામાં ને આપણું હોય તે બધાંનો ઉપયોગ એનો સંબંધ બાંધવામાં જ જ્યારે કર્યા કરીશું, ત્યારે આપણને એના હાજરાહજૂરપણાની ઝાંખી થયા વિના રહેશે નહિ. માત્ર આપણે ખાઈખપૂચીને મંડ્યા રહેવાનું છે.

**પ્રભુમાં જ દિલ પરોવો**

જ્યારે હૃદયની દાનત કોઈ પણ પરત્વે પ્રકટે, ત્યારે તેમાં નવચેતન પ્રકટે છે. તેવું જ સાધનાનું છે. આપણે તો બધાં જીવદશામાં છીએ. તેથી સાધનામાં એકદમ તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પૂરાં પરોવાઈ ન જાય, પણ માનવજીવનનું મહત્ત્વ સમજીને, એને વારંવાર જાગૃતપણે સેવીને, ઉપરવટ લેવાં ઘટે છે. સર્વ કંઈ કરતાં કરતાં પ્રભુનું સ્મરણ હૈયામાં જીવતું રહી શકે, તો જીવમાં વિશેષ જાગૃતિ પ્રકટી શકે છે.

પ્રભુની કૃપા-મદદ કર્મ કરતી પળે જીવપ્રકારનું વલણ થતાં ચેતીને તેની (પ્રભુની) પ્રાર્થના કરી તેને પોકારવાનો છે. પ્રભુ અંતરમાં વિરાજેલ છે, પણ જીવનાં આવરણને લીધે તેનો પ્રકાશ તેવા તેના અસલ સ્વરૂપમાં પ્રકાશી શકતો નથી. તેથી જીવે પોતાનાં આવરણ ક્યા ક્યા છે એ સમજીને તેનાથી મુક્ત બનવાને સતત એકધારું પ્રભુકૃપાથી મથ્યા કરવાનું છે. જીવે સંસારમાંથી સદાય સાર ગ્રહણ કર્યા કરવાનો છે. સંસારમાં તો બધું ભેળસેળ છે, પણ જે જીવ સંસારમાં રહી પ્રભુમાં દિલ પરોવે છે, તેને પ્રભુમય જે તે બધું છે. માટે, એને જ દિલમાં રાખવાનો છે.

**આ માર્ગ માટે વૃત્તિ પ્રેરાવો**

જેમ આપણને સંસારવ્યવહારમાં મનમાં અમુક પ્રકારની વૃત્તિ થઈ- ધારો કે અમુક ઠેકાણે જવું છે તો ત્યાં લઈ જવાને આપણી ગતિ થવાની. વૃત્તિ એટલે ગતિ. 'જો ભગવાનને માર્ગે જવું છે' એવી સાચી પૂરી વૃત્તિ થઈ હોય તો એમાં ગતિ થાય. જો આપણે ઊર્ધ્વ દિશામાં મનની ગતિ થતી ન અનુભવી શકીએ તો જાણવું કે આપણને ખરેખરી વૃત્તિ હજી થઈ નથી. ભગવાનને માર્ગે જવું એ કઠણ માર્ગ છે. પરંતુ વૃત્તિ જો તે તરફની પૂરેપૂરી જાગી જાય, તો તેના જેટલી કોઈ સરળ બાબત નથી. એટલે બીજા બધા મનના ને બુદ્ધિના પ્રશ્ન મૂકીને વૃત્તિને શ્રીભગવાનના જ ચરણકમળમાં વારંવાર સોંપ્યા કરવી, એમાં સાચો પુરુષાર્થ રહેલો છે.

**પ્રભુને પળેપળનો સાથી કરો**

દૃઢ સંકલ્પબળ અને ધૈર્ય સાધકના જીવનમાં શ્રીપ્રભુકૃપાથી હોવાં ઘણાં જરૂરનાં છે. સત્સંકલ્પની મદદ વડે કરીને નિશ્ચયબળને જીવતો કરીને, એને વધારતા રહેવાનું છે, પરંતુ કશું પણ આગ્રહ, મતાગ્રહના પરિણામે તો ન થવું ઘટે. જેમાં ને તેમાં શ્રીપ્રભુની સ્મરણભાવના કાયમ જીવતી રહેવી ઘટે. એવો સતત એકધારો જીવતો પ્રયત્ન એની કૃપાથી હૃદયમાં બન્યાં કરવો ઘટે. આપણે તો એના ઉપર સંપૂર્ણ ભરોસો, શ્રદ્ધા, વિશ્વાસ પ્રગટાવવાનાં છે. તો જ આપણાં મન, પ્રાણ અને અહમ્ એનામાં દૃઢ અને સ્થિર થયા કરવાનાં છે તે નક્કી જાણજો. પ્રભુને જેમાં ને તેમાં બોલાવવાનું કરવું. એને પળેપળનો હૃદયનો જીવતો-જાગતો બોલતો સાથી આપણે બનાવી દેવાનો રહે છે. આ બધું કંઈ કલ્પનાથી

કરવાનું રહેતું નથી, કલ્પનાથી તેમ બની પણ ન શકે. એની પાછળ તો હૃદયનું નક્કર પ્રેરણાત્મક બળ કામે લાગેલું હોવું જોઈશે.

પ્રભુને પળવાર પણ વિસારે ન મુકાય, એનું પ્રત્યક્ષ જ્ઞાનભાન સાધકને હૃદયમાં રહ્યાં કરે તે ઘણું મહત્ત્વનું છે. પ્રભુ માટે જીવવાનું છે, ને એને માટે જે તે કર્યા કરવાનું છે. જેમાં ને તેમાં એનું જ ભાન પ્રવર્ત્યા કરે તે એટલું જ જરૂરનું છે. જ્યારે જીવદશામાં આવી પડીએ, ત્યારે હૃદયમાં, હૃદયથી ચેતીને એને જગાડતાં રહીએ ને કૃપા મદદ મેળવતાં રહીએ.

શ્રીપ્રભુનું સ્મરણ કર્યા કરવું. કર્મના આદિમાં, એને હૃદયમાં, હૃદયથી આરાધીને કર્મમાં પ્રવેશ કરવો, એને જ અર્થે શ્રીપ્રભુ-પ્રીત્યર્થે કર્મ કર્યા કરીએ છીએ, એવી હૃદયની સાચી ભાવના, નેક નેમ અને દૃષ્ટિ, વૃત્તિ અને વલણ આપણે ધાર્યા કરવાનાં છે. કર્મને અંતે એને પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ કર્યા કરીને, એનો હૃદયથી ઘણો આભાર માન્યા કરવાનો છે. શ્રીપ્રભુ જાણે પ્રત્યક્ષ છે, એવો ભાવ હૃદયમાં વાસ્તવિકતાનું સ્વરૂપ પકડતો હોય, એવી રીતે એવા ભાવથી શ્રીપ્રભુને આપણે સંબોધવાનો રહે છે. તેની સાથેનો સંબંધ એ કોઈ કાલ્પનિક નથી, પણ હૃદયની ભાવુકતાનો છે, એવો ભાવ જ્યારે વાસ્તવિકતાનું સ્વરૂપ પકડે છે, તે વેળા શ્રીપ્રભુ કોઈ કાલ્પનિક હકીકત છે, એમ ભક્ત સાધકને લાગતું નથી, એની હાજરી પણ તે અનુભવે છે. જ્યાં હૃદયમાં હૃદયથી એવા પ્રભુનાં એટલે કે એવાં ચેતનનાં જીવને સાથ અને હૂંફ મળે છે, તે વેળા સાધકને કશું જ અઘરું લાગતું નથી. એના પરત્વેનો હૃદયનો પ્રેમભાવ તો તે પછી સહજ બન્યાં જતો હોય છે. એ એના તરફ સહજમેળે હૃદયમાં, હૃદયથી આકર્ષાયાં જતો હોય છે. શ્રીપ્રભુ પરત્વેની વહેવાની ગતિ પછીથી તો સહજ બની જતી હોય છે, તે સાવ સાચું, પણ ત્યારે તેને યુદ્ધ કે સામનો કરવાનાં નથી આવતાં એવું મુદ્દલે નથી. ત્યારે પણ તે તો હોય છે જ. જીવનનો વિકાસ થવા કાજે, સતત ચેતનયુક્ત જાગૃતિથી તૈયારીમાં રહેવા કાજે તેની જરૂરિયાત પણ ઘણી ઘણી રહે છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૫

# સાધના ક્રમ-સાધન ક્રમ

- *રસ જાગે છે એ આત્માનો મૂળ સ્વભાવ અથવા તો આત્માનું સ્પષ્ટ વ્યક્તપણું - મેનિફેસ્ટેશન*
- *આત્માને ઓળખવા માટે* ***મુખ્યમાં મુખ્ય પ્રત્યક્ષ આંગળી ચીંધીને બતાવી શકાય એવું લક્ષણ હોય તો એ રસ છે.***
- *પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનો જે વિષય છે, એનું મનનચિંતવન કરવું જોઈએ. ચેતન છે એ કંઈ ઈન્ટેલેક્ચુઅલ ગ્રિપમાં (બુદ્ધિની પકડમાં) આવી શકે એવું નથી. પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું કોઈ સાધન જોઈએ.*
- *ભજન-કીર્તન કરો, સત્સંગ કરો, સત્કર્મ કરો, સત્ સોબત કરો, પરમાર્થ કરો, ત્યાગ કરો - આ બધાં સાધનો એણે બતાવ્યાં*
- *હેતુની સભાનતા તે સાધન કરતી વખતે આપણામાં જીવતીજાગતી ચેતનાત્મક રહેવી ઘટે. આ સાધન કયા હેતુને માટે છે ? કર્મ જડ ના થઈ જાય માટે હેતુની સભાનતા ઈસેન્શિયલ (અનિવાર્ય) છે.*
- *બુદ્ધિ જો સંકળાયેલી એની સાથે ના હોય, તો હેતુની સભાનતા તો રહી જ ન શકે.*
- *એ રસ જાગ્યો પછી આપણને એ સહજ આવી જાય. પછી આપણો એફર્ટ (પ્રયત્ન) ત્યાં નથી રહેતો. રસ જાગે એટલે સહજ આવી જાય. એટલે એમ કરતાં આવી રીતે સાધનનો અભ્યાસ કરતાં કરતાં જે નિશ્ચિંતપણું, નિશ્ચિતતા, અભય, નિશ્ચયશક્તિ આ બધા ગુણો પ્રગટે છે.*
- *જાગૃતિ અખંડ રહે ને તેને ઉત્પન્ન કરવા કાજેનું સાધન પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું જીવતું રહ્યા કરે તો જ હૃદયમાં, હૃદયથી પૂરેપૂરી તકેદારી જીવતી રહી શકે છે, તે જાણવું.*
- *ભક્તિ પણ અનુરાગ પ્રગટ્યા સિવાય થઈ શકે જ નહિ.*
- *આ એક સ્મરણ, બીજું પ્રાર્થના અને ત્રીજું નિવેદન - આ ત્રણ સાધનમાં આપણું દિલ પરોવાય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પરોવાય, પછીથી સમર્પણની ભાવના આવે.*

- *સ્મરણ, પ્રાર્થના, નિવેદન, સમર્પણ પછી મનન-ચિંતવન-નિદિધ્યાસન મનનચિંતવન થાય છે - જે - ઍબસ્ટ્રેક્ટ થાય છે તે આપણા ઊંડાણના, ઊંડાણમાં સાઈકીક હાર્ટ (સૂક્ષ્મ હૃદય)માં થાય છે તે નિદિધ્યાસન.*
- *આવાં બધાં પગલાં ધીરે ધીરે લીધાં કરીએ અને પછી જે કરીએ તે પ્રભુપ્રીત્યર્થે એટલે સેલ્ફ (પોતાપણાનો-કર્તાપણાનો) ભાવ ઊડી જાય.*
- *વૈષ્ણવધર્મની જે મૂળ ભાવના કે જે તે બધું શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કર્યા કરવું, તે તો સહજસાધના છે. એના જેવી બીજી કોઈ સરળ, સહજસાધના નથી.*
- *એની અવેરનેસ (સભાનતા) આ બધા સાધનોથી થાય છે.*
- *ચેતન તો આખા બ્રહ્માંડમાં, સૃષ્ટિમાં અણુએ અણુમાં જોડાયેલ છે. અંદર પોતે જ બિરાજેલો છે. એ સ્થિતિ પછી આવી જાય. એટલે ધીરે ધીરે આવો અભ્યાસ પાડ્યા કરીએ. એટલે એની સાથેની આપણી જે લિંક છે, આમ તો છે તો ખરી, યૂ આર નોટ કૉન્સ્યસ (તમે સભાન નથી). પણ એની અવેરનેસ (સભાનતા) આ બધાં સાધનોથી થાય છે.*

## સાધનાક્રમ

## પ્રકૃતિમાંથી ચેતન તરફ કઈ રીતે જવાય ?

જ્યારે એક જ વિષય પરત્વેનું મનન - ચિંતવન થાય તેવો આપણો જીવનનો રસ વધે; જીવતોજાગતો ચેતનાત્મક રસ એમાં પ્રગટે. પહેલાં અભ્યાસ સતત થયા કરવાને લીધે જ એકાગ્રતા છે. હવે એમાં રસ પેદા થાય છે અને રસને લીધે જે એકાગ્રતા થાય છે એ એકાગ્રતા બહુ જુદી જાતની છે. એવો જે અભ્યાસ છે - મથામણનો અભ્યાસ છે એના લીધે જે એકાગ્રતા થાય છે અને એ એકાગ્રતા પણ વિસ્તાર પામતી હોય છે. કંઈ કશું સ્થિતિસ્થાપક રહેતું નથી. બધું વિસ્તારને પામવાનું જ. દા.ત. ક્રોધ થયો તો તે પણ વિસ્તાર પામે છે. લોભ થયો તો તે પણ વિસ્તાર પામે, કામ થયો એ પણ વિસ્તાર પામે. જીવદશાની પ્રત્યેક વૃત્તિ, પ્રત્યેક ટેન્ડન્સી - પ્રત્યેક વલણ વિસ્તાર પામે છે. ગતિશીલ છે એટલે વિસ્તારને પામે છે. એવી રીતે આ જે મથામણના અભ્યાસને લીધે જે એકાગ્રતા છે એ પણ વિસ્તાર પામે છે. એમ કરતાં કરતાં રોજબરોજનો કાળ એમાં જે વધે છે એમાં અભિમુખતા થઈ. જીવતીજાગતી અભિમુખતા જાગે છે.

એના લીધે એમાં આપણો રાગ થાય છે, અનુરાગ થાય છે અને એમાંથી રસ જાગે છે અને રસને કારણે જે એકાગ્રતા થાય છે, એ એકાગ્રતા જુદા પ્રકારની. રસ જાગે ને આત્માનો મૂળ સ્વભાવ અથવા તો આત્માનું સ્પષ્ટ વ્યક્તપણું-મેનિફેસ્ટેશન કે જેના વડે આત્મા ઓળખી શકાય. જેમ માણસ લક્ષણ વડે ઓળખાય. માણસ તેની સ્થિતિ વડે ઓળખાય. એની પાસે શી શી અસ્ક્યામતો છે એને લીધે ઓળખાય. એવા અનેક કારણોને લીધે માણસનો સ્વભાવ, એની પ્રકૃતિ, સ્થિતિ, આ બધું ઓળખાય છે. એવી રીતે આત્માને ઓળખવા માટે **મુખ્યમાં મુખ્ય પ્રત્યક્ષ આંગળી ચીંધીને બતાવી શકાય એવું લક્ષણ હોય તો એ રસ છે.** માણસને કઈ બાબતમાં, કેવો, કેટલો, કેટલા પ્રકારનો ઊંડો રસ છે એ જાણી શકીએ તો આપણે તરત જ ઓળખી શકીએ કે આ માણસ આ પ્રકારનો છે.

એવી રીતે જ્યારે ઊર્ધ્વમાં આપણે જઈએ, અથવા તો જિજ્ઞાસા જાગે ત્યારે પ્રકૃતિથી ઊર્ધ્વમાં જવા માટે આપણું મનન-ચિંતવન રહે તો પ્રકૃતિથી આપણે ઊર્ધ્વમાં જઈ શકીએ. પ્રકૃતિનું મનન-ચિંતવન રહે તો પ્રકૃતિમાં જ ડૂબેલા રહ્યા કરીએ. એટલે જો ચેતનને આપણે અનુભવવું હોય, ચેતનમાં આપણો રસ જગાડવો હોય, ચેતન પરત્વેની ટેન્ડેન્સી (વલણ) આપણે જીવતીજાગતી કરવી હોય તો પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનો જે વિષય છે, એનું મનનચિંતવન કરવું જોઈએ.

હવે, એમાં તર્કદોષ છે. પ્રકૃતિ ઓ આપણી પકડમાં છે, આપણા જ્ઞાનમાં છે, આપણી સમજણમાં છે. એને તો પકડ કરી શકીએ. ગ્રિપ આવી શકે. પણ આ જે ચેતન છે કંઈ ઈન્ટેલેક્યુઅલ ગ્રિપમાં (બુદ્ધિની પકડમાં) આવી શકે એવું નથી. તો એનું મનનચિંતવન શી રીતે કરવું ? કેવી રીતે કરવું ? કૉન્સેપ્ટમાં (વિચારણામાં) શું લાવવું ? એવો તર્ક થાય છે ત્યારે આપણા શાસ્ત્રકારોએ-અનુભવીઓએ જોયું. સામાન્ય બધા જ જીવોની આ મુશ્કેલી છે ત્યારે એ લોકોને કૉન્ક્રીટ (નક્કર) શું આપવું ? જેમ પ્રકૃતિનાં લક્ષણો કૉન્ક્રીટ છે અને ઈન્ટેલેક્ચ્યુઅલ ગ્રિપ એને આવી શકે છે. જ્યારે ચેતનની ઈન્ટેલેક્ચ્યુઅલ ગ્રિપ એને આવી શકે એમ નથી. એને ચેતન પરત્વેની અભિમુખતા પ્રગટાવવી છે એ વાત સાચી. ત્યારે એ અભિમુખતા પ્રગટાવવી છે એ સાચી હોય તો એની પાસે એ પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું કોઈ સાધન જોઈએ. એ સાધન શું હોય ? એની બુદ્ધિની પકડમાં આવી શકે એવું સાધન કયું ? એ વિશે એ લોકોએ

વિચાર કર્યો. સર્વસામાન્ય બધાંને જ લાગું પડે એવું કોમન (સર્વમાન્ય) સાધન જોઈએ. તો પછી એ વિચાર આવ્યો કે ભગવાનનું સ્મરણ - જપ - કરવું. યજ્ઞોમાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે. તો પછી એ બધાંને લાગુ નહિ પડે. બધી પ્રકૃતિવાળા બધાં નોખા નોખા હોય. બધાંના સ્વભાવ નોખા-નોખા હોય. સામાન્ય રીતે ઠીક છે આ. ભગવાનનું સ્મરણ, જે, એનું નામ બરોબર છે - એ જેને લેવું હોય તે લે. પોતાની અભિરુચિ પ્રમાણે પણ ભગવાનનું નામ લે. પછી એને લાગ્યું કે આ બધાંથી નહિ લઈ શકાય. ત્યારે એણે બીજાને માટે કહ્યું કે "પ્રાર્થના કરો - તમારે જે જોઈએ છે એ કહો." માની પાસે જેમ બાળક બધું માંગ્યા કરે. મા એ જો એનો મૂડ સારો હોય તો કંઈક એને લઈ આપે. પછી ના પણ લઈ આપે. ભગવાનને એવું કંઈ હોતું નથી. માને તો એનો મૂડ હોય તો બાળકને કહે તે આણી આપે. નહિતર ના યે આણી આપે. જ્યારે ભગવાનને અને આપણે એવી વાત હોતી નથી. એટલે આપણા લોકોએ કહ્યું કે "ભાઈ, પ્રાર્થના કરો. પહેલાં સ્થૂળ માંગો. તમારી જે ડિમાંડ (માગણી) હોય તે વાત કરો." આપણે માંગીએ તે ફૂલફિલ ના થાય. સંસાર વ્યવહારમાં આપણે માંગીએ તે બધું મા ફૂલફિલ (પૂરું) કરતી હોતી નથી. તો બાળક કંઈ માંગવાનું છોડી દેતું નથી. તેવી રીતે ભગવાનની પાસે પ્રાર્થના કરો, માંગો, એની પાસે આ એક રસ્તો છે. પછી ભજન-કીર્તન કરો, સત્સંગ કરો, સત્કર્મ કરો, સત્ સોબત કરો, પરમાર્થ કરો, ત્યાગ કરો - આ બધાં સાધનો એણે બતાવ્યાં. આમાંથી તમને કોઈ પણ અનુકૂળ પડે, સાનુકૂળ પડે, એવું સાધન કરો. અથવા તો કોઈ એવી પ્રૅક્ટિસ (અભ્યાસ) કરો-ઊર્ધ્વ માર્ગે જવાને માટે પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનું એવું સાધન કરો. અભ્યાસ કરો. પણ 'એટ ધ વેરી મોમેન્ટ' (એજ પળે) એ અભ્યાસ - જે સાધન તમે કરતાં હો તે સાધન કયા હેતુને માટે છે, એનાથી શું ફલિત થવાનું છે ? તે હેતુની સભાનતા તે સાધન કરતી વખતે આપણામાં જીવતીજાગતી ચેતનાત્મક રહેવી ઘટે. આ સાધન કયા હેતુને માટે છે ?

પણ જે સાધન કરતા હોઈએ એ સાધનામાં પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનો હેતુ કયો છે ? તે આપણે સમજી લેવું જોઈએ. ભલે તમારા પેલામાં ના હોય પણ આપણને સભાનતા ન રહી તો એ કર્મ જડ છે. એ કર્મ જડ ના થઈ જાય માટે હેતુની સભાનતા એસેન્સીયલ (અનિવાર્ય) છે. ત્યારે

આ બધાં સાધન કહ્યાં છે - જપ, સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, સદ્વાચન, સત્કર્મ, પરમાર્થ - આ બધું કરતાં રહો. આ બધું બહુ સામાન્ય છે.

આ બધાં સાધન એવાં નથી, જેથી આપણને એકદમ ચેતનનો અનુભવ થાય. પણ આ પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારનાં છે. એ જો કરતાં કરતાં સમયનો ગાળો આપણે વધાર્યા કર્યો, એમાં એકાગ્રતા થઈ એ તો એ એકાગ્રતાથી બીજા કયા સાધન કરવા એ આપણને આપમેળે સૂઝે છે. એમાં કોઈને પૂછવા જવાની જરૂર નહિ. એ તો પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારના વિષયમાં આપણી અભિરુચિ વિશેષ ને વિશેષ જેમ જાગતી જાય છે તેમ આપણને આપણા સાધનમાં એકાગ્રતા થતી જશે. જેમ પેલી અભિરુચિ જેમ વધતી ગઈ અને વધારે કાળ તેમાં જવા લાગ્યો. પછી કર્મ કરતાં કરતાં જીવનના સ્થૂળ વ્યવહાર-આપણા શરીરને, કુટુંબને, પરિવારને, આપણી પ્રવૃત્તિને ચલાવવા માટે જે પ્રવૃત્તિ આપણે લીધેલી તે પ્રવૃત્તિ કરતાં કરતાં પ્રકૃતિથી ઊર્ધ્વ પ્રકારના વિષયમાં આપણી અભિરુચિ વધતી જશે. કારણ કે આપણા જીવનનો આદર્શ નેમ-ધ્યેય-આ પ્રકારનો આપણે નક્કી કરેલો છે. એમાં આપણો પ્રાણ પ્રગટે એટલા માટે આપણે અમુક પ્રકારનાં સાધનો કરીએ છીએ અને એ સાધનોમાં હેતુની સભાનતા રહેવી જોઈએ.

એમાં હેતુની સભાનતા રહે એનો મર્મ-હાર્દ શું છે ? હેતુની સભાનતા ત્યારે જ રહે જો બુદ્ધિ સંકળાયેલી હોય. બુદ્ધિ જો એની સાથે સંકળાયેલી ના હોય, તો હેતુની સભાનતા તો રહી જ ન શકે. એટલે બુદ્ધિ સંકળાયેલી હોય અને બુદ્ધિની સાથે પ્રાણ સંકળાયેલો છે અને પ્રાણ જોડાયેલો હોવાથી, બુદ્ધિ પણ જોડાયેલી હોવાથી તેની સાથે અહમ્ જોડાયેલો છે કારણ કે તે ગતિ કરાવે છે. મન પર એકાગ્રતા થાય છે ત્યારે મન પણ સાથે રહે છે અને મનના સંકલ્પ-વિકલ્પ પણ ઘટે છે. એટલે શું થાય છે ? પ્રકૃતિનું જોશ પણ નરમ પડતું રહ્યા કરે છે. થોડા ઘણા અંશે કરોડમાં પાંચ કે સાત અંક ગણીએ એટલું પણ ઓછું થાય-પ્રત્યેક એકાગ્રતા વખતે, પ્રત્યેક વખતે એકાગ્રતા જાગે. એ એકાગ્રતા જાગવામાંથી ધીરે ધીરે કરીને અભ્યાસમાં આપણી અભિરુચિ વધતી જાય

છે. કારણ કે એકાગ્રતા થઈ એટલે મનાદિકરણ એટલો સમય શાંત રહ્યાં એ આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી હકીકત છે. જેટલો વખત મનાદિકરણ શાંત રહ્યાં એટલો વખત પ્રકૃતિની આપણા પર જે ગ્રિપ છે, પકડ છે એ બહુ થોડા પ્રમાણમાં - હિમાલય આગળ તલ જેટલી - મોળી પડી. એવી પ્રોસેસ ચાલ્યા કરતાં કરતાં એ પ્રકૃતિની પકડ મોળી પડે છે, ત્યાર પછી એમાં આપણને રસ જાગે છે. કારણ કે આત્માનો મુખ્ય ગુણ રસ છે. એ રસ જાગ્યો પછી આપણને એ સહજ આવી જાય. પછી આપણો એફર્ટ (પ્રયત્ન) ત્યાં નથી રહેતો. રસ જાગે એટલે સહજ આવી જાય. એટલે એમ કરતાં આવી રીતે સાધનનો અભ્યાસ કરતાં કરતાં જે નિશ્ચિંતપણું, નિશ્ચિંતતા, અભય, નિશ્ચયશક્તિ આ બધા ગુણો પ્રગટે છે.

## કોઈ એક સાધનની અખંડતાની જરૂર

જે જીવને પોતાના જીવનનો વિકાસ સાધવો છે, તે તો પોતાની બાબતમાં શું કે પારકાંની બાબતમાં શું, સદાય જીવતો રહે છે. ''જીવનનો વિકાસ કરવો છે'' એવી ભાવના જેનામાં પ્રગટેલી છે, તેવા જીવને પ્રત્યેક કર્મમાં, વલણમાં, વર્તનમાં, લાગણીમાં, ભાવનામાં વગેરે બધાંમાં પૂરેપૂરી જાગૃતિ રહી શકે છે. જાગૃતિ હોય છે તો જ જીવ તેમાંથી તે પળે ચેતીને પોતાને યોગ્ય રીતે વિચારતો થઈ શકે છે. આવા પ્રકારની જ્ઞાનયુક્ત જાગૃતિને આપણે વધારે ને વધારે આપણા આધારમાં પ્રત્યક્ષપણે ને તાદૃશ્યપણે જીવતી રખાવવાને કાજે એક કોઈ ખાસ સાધનની જરૂર રહે છે. તે સાધનની જ્ઞાનભાવપૂર્વકની જેટલી સળંગતા, એકાગ્રતા, કેન્દ્રિતતા હોય તો જ તે સાધન ખપનું નીવડે છે. સાધનની ભાવનાની અખંડતા વિના જો જીવને કદી કોઈ ધન્ય પ્રસંગે જાગૃતિ સાંપડે છે, તો તેનું કારણ તેવા જીવની સમજણની આંખ ઊઘડી ગયેલી છે, એમ પણ ના કહેવાય. તેનો ભાવ કંઈક કશામાં જાગેલો થયો હોય તો તેને કારણે પણ આમ, એકલદોકલપણે જાગેલી (સળંગતા વિનાની) જન્મેલી જાગૃતિથી જીવન વિકાસનું કામ થઈ શકનાર નથી. એ જાગૃતિ અખંડ રહે ને તેને ઉત્પન્ન કરવા કાજેનું સાધન પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું જીવતું રહ્યા કરે તો જ હૃદયમાં, હૃદયથી પૂરેપૂરી તકેદારી જીવતી રહી શકે છે, તે જાણવું.

## સાધનક્રમ

આધ્યાત્મિક જીવન વિકાસને માર્ગે આગળ ધપવા માગતા શ્રેયાર્થીએ સોળમા અધ્યાયમાં જે ગુણોનું વર્ણન કરેલું છે, તે ગુણો જીવન વિકાસના સાધકે કેળવ્યા વિના કે કેળવાયા વિના - વિકાસ પંથે આગળ ડગલાં માંડી શકવાનાં નથી, તે નિશ્ચિત હકીકત છે. ગુણ કેળવવાનું કે વિકાસ કરવાનું એકલા ગુણને એકમ તરીકે લઈને કેળવવાનું કરવા જતાં કેટલો કાળ લાગે, તેનો હિસાબ દરેકને માટે કાઢી શકાય તેવું નથી, ને તે મુશ્કેલ પણ ખરું. જોકે એક ગુણ એની શ્રેષ્ઠ કક્ષામાં કેળવાતો જતો હોય, તો એની સાથેના બીજા આનુષંગિક ગુણો પણ જોડે કેળવાતા જતાં હોય છે. કારણ કે કંઈ જ કશું એકલદોકલપણે નથી, પરસ્પરની સાથે જે તે સંકળાયેલું જ હોય છે. ગુણને એકલા એકમ તરીકે લઈને કેળવવા કરતાં, ભક્તિ થતાં ભક્તિ-ભાવના ઉદ્રેકને લીધે ને ભક્તિભાવ હ્રદયમાં, હ્રદયથી જામતાં જામતાં જીવતો થતાં ગુણોનો પણ પ્રાદુર્ભાવ થયા વિના રહી શકતો જ નથી. ભક્તિનાં રંગ-રસ જામતાં જામતાં, તેની અસર શરીરનાં સર્વ અંગઉપાંગો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, કરણોને ગુણોના ઉચ્ચ વિકાસમાં પણ તે પ્રસર્યા જતી હોય છે. ભક્તિનો પ્રારંભ સ્મરણ, જપ, મંત્ર, પ્રાર્થના, ભજન-કીર્તન, આત્મનિવેદન, શ્રીભગવાનને હ્રદયમાં હ્રદયથી જેમાં ને તેમાં સન્મુખ દઢાવીને તેવી તેની દ્રવિત થતી જતી ભાવનાને હ્રદયસ્થ કેળવવાના - એવા સાધનોથી થાય છે. ભક્તિ પણ અનુરાગ પ્રગટ્યા સિવાય થઈ શકે જ નહિ. ભગવાન કંઈ આપણી કને સ્મરણ, પ્રાર્થના, ભજન-કીર્તન, આદિ કશું જ કરવાને કહેતો હોતો નથી. તેને તેવા કશાની જરૂર પણ નથી. પરંતુ આપણાં કરણો તે વિષય પરત્વે અભિમુખ થાય, તે કાજે તે સાધનો છે ને એમાં પણ નિરંતરતા પ્રકટ્યા સિવાય ભક્તિનો ભાવ પ્રત્યેક ઈન્દ્રિય, કરણ તથા શરીરનાં બીજાં એવાં કેન્દ્રોમાં પહોંચીને અસર પાડી શકવા કદી પણ સાધક કામયાબ નીવડી શકતો જ નથી.

તેથી એકબાજુથી વિકાસની જીવંત અભિમુખતા પ્રકટીને તેમાં વેગ પકડે ને આગળ તે માર્ગે ધક્કેલો લાગે, એવું જે કોઈને પોતાને પ્રવર્તાવવું હોય, તેમણે જે સાનુકૂળ લાગે, તેવાં સાધનોનાં અનુશીલન, પરિશીલનમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને વાળવાં જ પડશે. ને

બીજી બાજુથી રાગદ્વેષાદિ ને કામક્રોધાદિથી મુક્ત થવાની પણ સભાનતા એના દિલમાં જાગેલી હોવી જોઈએ.

**નિરાગ્રહી, અનાસક્ત પૂરેપૂરા થયા વિના,**
**કેમેય કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના.**

એટલે એક બાજુથી હૃદયમાં, હૃદયથી સતત ભાવ જીવતોજાગતો ચેતનાત્મક પ્રકટ્યાં જ કરે ને બીજી બાજુથી રાગદ્વેષાદિ તદ્દન મોળાં પાડ્યાં કરવાનાં કાર્યમાં હેતુપૂર્વક સભાનતાથી આપણે એકધારા સતત પરોવાયેલા હોઈએ, તો જીવન વિકાસનું કર્મ ઝપાટાભેર આગળ વધે છે.

ત્યારે આ એક સ્મરણ, બીજું પ્રાર્થના અને ત્રીજું નિવેદન - એ ત્રણ કહ્યાં. આ ત્રણ તો આપણાથી સરળતાથી થઈ શકે. સ્મરણ થાય. એકદમ શરૂઆતમાં આપણાથી નથી થતું. પણ થોડા વખત પછી અભ્યાસ પડ્યા પછી એમાં હેતુનું ભાન આવે છે. એમાંથી આપણને, શ્રેયાર્થીને સમજણ પડે કે કેવી પ્રાર્થના કરવી. દા.ત. આજે સવારના ઊઠ્યો, અથવા તો કામ કરતાં કરતાં વૃત્તિ નડી, તો વૃત્તિને માટે હું પ્રાર્થના કરું કે "પ્રભુ, આ વૃત્તિ નડી. આવું આવું છે." સાંસારિક ઉપાધિ આવી તો તે વિશે પ્રાર્થના કરું. કર્મ કરતાં કરતાં મુશ્કેલી આવી તેના નિવારણમાં બુદ્ધિનો ઉપાય લઈએ, પણ સાથે સાથે ભગવાનને એવી પ્રાર્થના પણ કરીએ. પ્રાર્થના પાછળનો હેતુ શો છે ? તો કે, આવી રીતે વારંવાર નિવેદન કરીએ, પ્રાર્થના કરીએ તો એની સાથે સાઈકીક કોન્ટેક્ટ (ચૈતસિક સંબંધ) જોડાય છે. હવે, દિવસમાં પચાસ-સાઠ વાર થાય. એનો અભ્યાસ થતાં તો ઘણી વાર થાય છે. એની સાથે એક લિન્ક (કડી) જોડાય છે. અને તેથી પેલાની સાથે લિન્ક સજીવનપણે જોડાવાને માટે પ્રાર્થના તો બહુ જ મોટું સાધન છે. પ્રાર્થનામાં ધીરે ધીરે ઊંડાણ થાય છે અને ભાવ વધે છે ત્યારે એ પ્રાર્થના કરવાથી ઘણા બધા હળવા થઈ જઈએ છીએ. બહુ હળવા થવાય છે. માથે કોઈ બોજ નથી રહેતો અને ભાવપૂર્વક પ્રાર્થના થાય છે. એમાંથી આપણને જે મુશ્કેલી આવી, પ્રૉબ્લેમ (કોયડો) આવ્યો તો એનો ઉકેલ જડી જાય છે.

આ ત્રણ સાધનમાં આપણું દિલ પરોવાય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ પરોવાય, પછીથી સમર્પણની ભાવના આવે. અત્યારે આપણે બોલીએ ખરા. પણ સમર્પણ થતું નથી. આ ત્રણ જ્યારે જીવતાંજાગતાં થાય ત્યારે સમર્પણ થઈ શકે છે.

સ્મરણ, પ્રાર્થના, નિવેદન, સમર્પણ પછી મનન-ચિંતવન-નિદિધ્યાસન. *નિદિધ્યાસન* **એટલે ઊંડાણમાં સમર્પણ - મનનચિંતવન આવે. મનનચિંતવનથી વધારે ઊંડાણમાં જવાય. "ઊંડાણમાં" છેક ઊંડાણ જે સૂક્ષ્મપણે ભાવનાત્મક, મનનચિંતવન, ઍબસ્ટ્રેક્ટ (અમૂર્ત) મનનચિંતવન - એ તો મનનચિંતવન થાય તેની અવેરનેસ (સભાનતા) આપણને રહે. એવું મનનચિંતવન થાય છે - જે - ઍબસ્ટ્રેક્ટ થાય છે તે આપણા ઊંડાણના ઊંડાણમાં સાઈકીક હાર્ટ (સૂક્ષ્મ હૃદય)માં થાય છે. તે નિદિધ્યાસન.**

*મનન* **એટલે મનમાં મન વડે કરીને પ્રભુની સ્મરણભાવનામાં જ્ઞાનપૂર્વક એકાકાર રહેવાયાં જવાય એમ સતત એકધારું મથ્યાં કરવું તે.**

*ચિંતવન* **એટલે પળેપળ જીવનવિકાસના આદર્શની સામે જ નજર રહ્યાં કરે એવી માનસિક એકાગ્રતા, માનસિક પ્રવૃત્તિમાં આમથી તેમ ફેંકાવાનું થતાં પાછું મનને સ્થિર કરીને એને આદર્શના કેન્દ્રમાં પાછું ખેંચી આણવું તે. આવી પ્રક્રિયા સાધકે જાગૃતિ સેવીને વારંવાર કર્યા જ કરવાની છે.**

*નિદિધ્યાસન* **એટલે ઢોર જેમ પહેલાં તો ખાધે જાય છે, અને પછીથી નવરું પડતાં તે કાઢીને ઘણું ઘણું વાગોળ્યાં કરે છે, તેમ જેમ અનેક વિચારો, વૃત્તિઓ, લાગણી, ભાવના, ભાવ અને સકળ કંઈ થતી પ્રવૃત્તિઓ, સંસારવ્યવહારના સંપર્કો અને કર્મો, શરીરની સકળ થતી રહેતી સ્થૂળ અને સૂક્ષ્મ ક્રિયાઓ આદિ બધું જ જ્ઞાનભક્તિભાવે અને પળેપળ સમર્પણ કર્યા કરવાની પ્રત્યક્ષ ક્રિયા તે પણ આમાં આવી જાય.**

આવાં બધાં પગલાં ધીરે ધીરે લીધાં કરીએ અને પછી જે કરીએ તે પ્રભુપ્રીત્યર્થે એટલે સેલ્ફ (પોતાપણાનો-કર્તાપણાનો) ભાવ ઊડી જાય. ભાવ ઊડી જાય એટલું જ નહિ, આ બધું કરવા છતાં પણ સંસારવ્યવહાર સાથેનો આપણો સંબંધ પૂરેપૂરો રહેતો હોવા છતાં આપણે સંસારી બનતા નથી. બધું પ્રભુપ્રીત્યર્થે છે એ જ ભાવના આપણામાં જાગે છે. એટલે આમાં આપણે સંકળાયેલા નથી રહેતા, અને ભગવાનની સાથે સંકળાયેલા રહીએ છીએ.

## સહજ સાધના - પ્રભુપ્રીત્યર્થે

જે જીવ માત્ર શ્રીપ્રભુપ્રીત્યર્થે જ સકળ જે તે કંઈ હૃદયની પૂરેપૂરી ઉત્કટ પ્રેમભક્તિથી કર્યા કરવાનું રાખે છે, અને જેને હૃદયમાં એક માત્ર ભગવાનને જ રાજી કરવાની જીવતીજાગતી મનીષા છે, અભિલાષા છે, કોડ છે અને તેવી રીતે મનહૃદયની વારી જઈને એના ઉપર સર્વ રીતે અને સર્વ ભાવે ન્યોછાવર થઈ જવાની તમન્ના લાગેલી છે, એવો જીવ ધ્યાન કરવા બેસે કે ન બેસે તેમાં કશો ફરક પડતો હોતો નથી, અથવા સાધનાની બીજી કોઈ રીતે અખત્યાર કરે કે નહિ તેનો પણ વાંધો હોતો નથી. આવા જીવને કશું બતાવવાપણું રહેતું નથી. માત્ર આપણે જો આપણાં બધાં જ કર્મમાં બધો સમય હૃદયની સાચી દાનતવાળાં હોઈએ અને આપણી ભાવના જો એકમાત્ર પ્રભુપ્રીત્યર્થે જે તે કર્યા કરવાની હૃદયમાં, હૃદયથી જાગી ગયેલી હોય અથવા તેવી જાતનો આપણો અભ્યાસ થતો રહેતો હોય અથવા તેવો અભ્યાસ કેળવ્યા કરવાનો જીવતોજાગતો પ્રયત્ન થયાં કરતો હોય અને તેવા સમયે આપણાં મનહૃદય શ્રીભગવાન પરત્વે જ ઉન્મુખ રહ્યાં કરતાં હોય કે તેમ રહેવાને હૃદયથી મથ્યાં કરતાં હોઈએ અને એમાં પૂરેપૂરાં તલ્લીન, એકાગ્ર અને કેન્દ્રિત રહ્યાં કરીએ, તો જે કંઈ જરૂર પડ્યાં કરે તે એની મેળે આપણી પાસે શ્રીપ્રભુકૃપાથી હાજર થઈ જવાનું છે, એવો આ જીવનો શ્રીપ્રભુકૃપાના બળ આધારથી પાકો અનુભવ થઈ ગયેલો છે, તે જાણજો. વૈષ્ણવધર્મની જે મૂળ ભાવના કે જે તે બધું શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કર્યા કરવું, તે તો સહજસાધના છે. એના જેવી બીજી કોઈ સરળ, સહજસાધના નથી.

ચેતન તો આખા બ્રહ્માંડમાં, સૃષ્ટિમાં અણુયે અણુમાં જોડાયેલ છે. અંદર પોતે જ બિરાજેલો છે. એ સ્થિતિ પછી આવી જાય, એટલે ધીરે ધીરે આવો અભ્યાસ પાડ્યા કરીએ. એટલે એની સાથેની આપણી જે લિન્ક છે, આમ તો છે તો ખરી, યૂ આર નોટ કૉન્સ્યસ (તમે સભાન નથી), પણ એની અવેરનેસ (સભાનતા) આ બધા સાધનોથી થાય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## પ્રકરણ-૬

# સત્સંગ-સંસ્કાર સાધના-શ્રીસદ્‌ગુરુ

- *સૌથી સરળ સાધના - સત્સંગ. એનાથીય સરળ સાધન છે કે ચેતનામાં નિષ્ઠા પામ્યા છે એમની સાથે આપણું દિલ હળી, મળી, ગળીને એક થઈ જાય, એકરસ થઈ જાય.*
- *સાધુપુરુષોની સમીપમાં રહેવામાં પણ વાતાવરણની સારી અસર થાય છે, પણ જો એ સાધુપુરુષ પ્રત્યે આપણને શ્રદ્ધા, વિશ્વાસ અને અત્યંત આદર તથા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રગટાઈ ગયેલાં હોય તો જ.*
- *દુ:ખથી ત્રાસી ગયેલો હોય એ યોગ કરી શકે નહિ. જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ ગ્રહી શકે નહિ. એટલે એમણે સહેલો ઉપાય બતાવવાની કરુણા કરીને કહ્યું કે "ભાઈ, સત્સંગ કરો". તેથી જ આપણા સંતોએ, ભક્તોએ, જ્ઞાની પુરુષોએ સૌથી સરળ માર્ગ સંતસમાગમનો કહેલો છે.*
- *હૃદયમાં હૃદયથી રાગ થવો એટલે તેવા બે જીવોનું નજીક આવવાપણું થવું. પ્રગટેલો રાગ આપણને તેમના પરત્વે ચોંટેલા જો તે રખાવ્યાં કરે, તો આપણો તેમનામાં રાગ પ્રગટેલો છે, તે હકીકત સાચી છે એમ માનવું અને સમજવું.*
- *ઉત્તમ પ્રકારના આત્માઓની સાથેનો મનહૃદયનો જીવતો સંપર્ક અને તેથી કરીને આપણા જીવપ્રકારની વૃત્તિઓનું પરિવર્તન થતું આપણે અનુભવી શકીએ, તો તેવા પ્રકારનો સત્સંગ શ્રેષ્ઠ પ્રકારનો ગણાય.*
- *ચેતનમાં નિષ્ઠા પામેલા એવા આત્માના જીવનમાં કોઈ રીતે ઉપયોગી થઈ ગયા, તો અનેક પ્રકારની સહાય મળવાની છે. જીવનમાં ગમે તે રીતે ઉન્નતિ થવાની. સંસારમાં જીવન જીવતાં, અનેક પ્રકારનાં કોયડા, મુશ્કેલીઓ આવે ત્યારે વીજળીના ચમકારાની જેમ ઉકેલ મળે છે.*
- *એવા આત્મા સાથે આપણો પરિચય થાય, અને આપણે એને વહાલા થઈ પડીએ, તો તે આપણને મદદરૂપ થાય.*
- *સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે, માટે ભાવ કેળવો.*
- *સ્થૂળમાં જો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને આપણે ભગવાનની સાથે, ભગવાનના ભાવમાં એકાકાર કરી શકીએ, તો પછી સૂક્ષ્મમાં આગળ આપણાથી જવાય. એ ભૂમિકા આ શરીરમાં આપણે નહિ કેળવી*

*હોય તો સૂક્ષ્મમાં આ કેળવવી અશક્ય છે. એટલે પાછા તમારે અહીં જ આવવું પડે. એટલા માટે જ આપણાં શાસ્ત્રોએ, અનુભવીઓએ, બધાએ કહ્યું કે, 'મોક્ષ માટે એક મનુષ્યજાત જ યોગ્ય છે. બીજી કોઈ યોનિમાં તમને મોક્ષ નહિ મળે.'*

- *સંતના હૃદય સાથે આપણા હૃદયનો મેળ મેળવવાની પ્રાથમિક શરૂઆત, એનું નામ અનુષ્ઠાન. અનુષ્ઠાનથી પેલા સંત, સાધકના જીવનમાં પ્રવેશ કરવાનું પગરણ કરે છે.*
- *સંસારી માનવીના ચિત્તમાં પડેલા કે પડતા બીજી જાતના સંસ્કારો ભલેને ગમે તેટલા બળવાન હોય તોપણ એ સંસ્કારોના બળ કરતાં સંતપુરુષથી પડેલા સંસ્કારો વધારે બળવાન હોય જ છે.*
- *માત્ર એની સોબતમાં જ લાંબો ગાળો જીવ્યા તો માત્ર એ સોબત તમને તારનારી થઈ શકશે. તમે સાઈઠ વર્ષ જીવ્યા ને પચાસ વર્ષ સુધી એની સોબતમાં રહ્યા તો એ બનશે - ભલે તમે જીવદશામાં હો, અને સંસારી જીવો સાથે જે પ્રકારનો સંબંધ હોય એવા જ પ્રકારની લાગણીવાળો સંબંધ એની સાથે હોય તો પણ આટલો ફરક પડે છે.*

## સત્સંગ

**સૌથી સરળ સાધના - સત્સંગ. એનાથીય સરળ સાધન છે કે ચેતનામાં નિષ્ઠા પામ્યા છે એમની સાથે આપણું દિલ હળી, મળી, ગળીને એક થઈ જાય, એકરસ થઈ જાય.**

### વાતાવરણ

વાતાવરણ માનવીને હલાવી મૂકે છે. તે વાતાવરણના બળે ઘડાય છે. બળવાન આત્મા પોતાનામાંથી જ વાતાવરણનું સર્જન કરે છે. તેથી, એવા પ્રબળ આત્માને વાતાવરણ અસર કરી શકતું નથી. આ સૂક્ષ્મ વાતાવરણ કંઈ હંમેશાં માનવીને ઊંચી ગતિએ લઈ જનારું નથી હોતું. ઘણી વાર તેની અસરમાંથી ઊગરી જવું જોઈએ એવું તે હોય છે. આ સૂક્ષ્મ વાતાવરણની અસરમાંથી ઊગરી જવાનો એક માર્ગ કંઈ પણ, પારમાર્થિક વિચાર કે કાર્યમાં સખત સતત મંડ્યા રહેવાનો છે. કોઈ પણ રીતે મનને સતત સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ રાખવાથી આપણી ઉપર બીજાં વાતાવરણની અસર થતી નથી. "સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ" એટલે એવી પ્રવૃત્તિમાં કે જેમાં મનને આસક્ત થવાપણું રહેલું નથી. એ

પ્રવૃત્તિ સ્થૂળ કાર્યની હોય તો તેમાં પણ સતત ભગવદ્ ભાવ રહેવો જોઈએ, અને તેનો હેતુ પણ તે સમજણપૂર્વક ભાગવતી કાર્યનો હોવો જોઈએ.

આપણી સર્વ શક્તિઓમાં મન અતિશય સૂક્ષ્મ વસ્તુ છે. તેને વાતવરણ સરળતાથી હલાવી શકે છે, ઈન્દ્રિયસ્પર્શથી ઊભા થતા સ્થૂળ વાતાવરણમાં તો મન પછડાય છે, પણ તેથી વધારે સૂક્ષ્મ વાતાવરણમાં તો તે વધારે અફળાય છે. સુસંગત કે દુર્જનનો સંગ એ બંનેને લીધે થતા મન ઉપરના આઘાતો અને આંચકા મનને વધારે લાભહાનિ પહોંચાડે છે, કેમ કે તેવા આંચકા અને આઘાતોની અસર મન ઉપર વધારે થાય છે. દાખલા તરીકે ગમે તેટલા ઉગ્ર સંયમથી બધી ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાંથી ખેંચી લીધી હોય તેમ છતાં મનથી તે ઈન્દ્રિયોના વિષયના સેવનનો વિચાર થતાં, સંયમથી ઊભું કરેલું વાતાવરણ નિરર્થક અને મિથ્યા થઈ જતું હોય છે.

સાધુપુરુષોની સમીપમાં રહેવામાં પણ વાતાવરણની સારી અસર થાય છે, પણ જો એ સાધુપુરુષ પ્રત્યે આપણને શ્રદ્ધા, વિશ્વાસ અને અત્યંત આદર તથા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રગટાઈ ગયેલાં હોય તો જ. અને એમ પરસ્પર સદ્‌ભાવ હોવાથી આપણો હૃદયનો સંબંધ આપોઆપ તે સાથે બંધાય છે, અને જો આપણે અજ્ઞાનથી એનાથી વિખૂટાં ન પડીએ (એટલે કે આપણે સતત પ્રયત્ન કરતાં ન રહીએ અને એના પ્રત્યેનો સદ્‌ભાવ-આદરભાવ-આપણામાંથી કોઈ કારણોને લીધે અદશ્ય ન થાય) તો એ સંબંધ કાયમ રહે છે અને ઉત્તરોત્તર આપણે તે અસરમાં આપણી તે વખતની મન:પ્રવાહની ઈચ્છા-અનિચ્છા હોવા છતાં તણાયા કરીએ છીએ.

જીવનવિકાસના માર્ગમાં (ગુણોની) વિશુદ્ધિ જેટલી આવશ્યક છે, એથી અનેકગણી વધારે આની શુદ્ધિની છે. તેથી, સાધકનાં તોલવાનાં માપ ઈતર માનવી કરતાં થોડાઘણાં જુદાં છે. પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા કે અસદ્‌ભાવનું મનનું કે એવા કશાનું એક પણ મોજું-લહરી ન થાય એ જોવાનું તેને માટે આવશ્યક છે. આવી નજર અને આવી શુદ્ધિ સારા વાતાવરણથી જ આવે છે. સારું વાતાવરણ ઊભું કરવા માટે ખરાબનો સામનો કરવા કરતાં સારાનું બળ વધારવાનો પ્રયત્ન કરવો એ

વધારે સહેલો માર્ગ છે. જે બળવાન છે તે જ સારા વાતાવરણને ઉપજાવી શકે છે, તે વિશે તો કોઈ શંકાને સ્થાન જ નથી, કારણ કે ખરાબ વાતાવરણને ઊભું કરીને ફેલાવનાર શયતાની વૃત્તિઓ એના મનને હરાવી કે હંફાવી શકતી નથી. સારું વાતાવરણ સાચવવાના પ્રયત્નમાં પણ શયતાનનો રંજાડ મટી જતો હોય છે એવું નથી, પણ એ સારા અને બૂરાના સંગ્રામમાં સારું જ વિજય પામે છે અને ટકે છે.

ગમે તેવા ખરાબ વાતાવરણની અસરમાં આપણે હોઈએ, પણ જો પ્રભુકૃપાને લીધે કોઈક ક્ષણોમાં સારા સંસ્કારોનાં મોજા આપણને અથડાઈ જતાં-સ્પર્શી જતાં લાગે અને એને પકડી લઈએ અને આવી રીતે એવી સારી તકોને એટલે કે એવાં મોજાંને પકડી લેવાની કળા જો આપણને આવડી જાય તો આપણે આપણામાં નવું જીવન સર્જાવી શકીએ છીએ. વળી, અવળા વાતાવરણમાં પડેલા હોવા છતાં કોઈ સંસ્કાર બળે આપણે સત્સંગમાં ભળ્યા હોઈએ તો પણ આપણને લાભ થાય જ છે. થોડાક સમયને માટે જૂનું વાતવરણ આપણી સામે રહ્યા કરશે અને એનું ગુંજન અને અસર આપણા ઉપર રહ્યા કરશે, પરંતુ જો સામાનું ખેંચાણ હશે અને જો આપણે જૂનામાંથી દિલને હઠાવ્યું હશે (હૃદયથી ભાવભર્યું સ્મરણ થયા કરતાં) તો એ સુંદર વાતાવરણ જામતાં વાર નહિ લાગે. એક વખત એની લહેજતની મજા દિલમાં પડવા લાગી તો પછી કોઈ બળ એવું નથી કે જે એ વાતાવરણને બદલાવી શકે. જેમ ખરાબનાં પ્રલોભનો છે, એના કરતાં એનાથી ક્યાંયે વધારે ખેંચાણવાળાં પેલાનાં આકર્ષણો હોય છે, જો આપણામાં એવી તીવ્ર ઉત્કટ ઇચ્છા પ્રગટેલી હોય છે તો. ખરી રીતે માનવીમાત્રની અંતર્ગત વૃત્તિ તો ભગવાન તરફ વળવાની જ હોય છે. આમ, વાતાવરણ આપણા સર્જનમાં ઘણો ભાગ ભજવે છે.

**સત્સંગથી લાભ**

વળી, અનુભવીઓએ જોયું કે માનવી આ બધું પણ કરી શકવાનો નથી. દુઃખથી ત્રાસી ગયેલો હોય એ યોગ કરી શકે નહિ. જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ ગ્રહી શકે નહિ. એટલે એમણે સહેલો ઉપાય બતાવવાની કરુણા કરીને કહ્યું કે ‘‘ભાઈ, સત્સંગ કરો’’. ભગવાનનું નામ સહેલાઈથી લઈ શકાય એમ છે, છતાં માનવી એ લઈ શકતો નથી. માટે, સત્સંગ

કરવાથી ભાવના જરૂર ફૂંણી રહેશે. ભાવના વિના તો સંસાર પણ નભી શકતો નથી. સંસારમાં પણ એકબીજા પ્રત્યે પ્રેમ રહી શકે છે, એ ભાવનાને લીધે બને છે અને ભાવના સત્સંગને લીધે ફૂણી રહ્યા કરે છે. તમે જો ભગવાનની ભાવનામાં પ્રગટી ગયેલા આત્માનો સત્સંગ કરશો, તો એમનો પ્રકાશ તમને સ્પર્શ્યા વિના રહેવાનો નથી. એ તો આપણી દ્વંદ્વાત્મક ભૂમિકાને લીધે અનુભવાતો નથી. સૂર્યનારાયણને કારણે જેમ પ્રકાશ સ્પર્શે છે, તેમ આવા મહાત્માઓના સમાગમથી પણ પ્રકાશ મળે છે.

### સત્સંગની જરૂર

મેલાને પણ ઉપયોગમાં લઈ શકાય છે, ને તેનું ઉત્તમ ખાતર બનાવી શકાય છે. પણ તે માટે મેલામાં ઊતરવું પડવાનું. આજે એવું કર્મ પણ યંત્રની મદદથી પરભાર્યું પણ થઈ શકે એવો પણ સંભવ છે ખરો. પરંતુ મેલું જે જેમનું તેમ હોય તેને તેમનું તેમ ત્યાં ને ત્યાં રાખી મૂકીએ, તો તે ખાતર ન બની શકે. પણ એને ત્યાંથી ઉઠાવીને, એનો સંગ કરીને એનું ખાતર થઈ શકે એવાની સાથે ભેળવવામાં આવે છે, તો પછી અમુક કાળે મેલાનું રૂપાંતર થઈ જાય છે અને તેથી જીવને શિવ થવાપણાની જરૂર ને મહત્ત્વ હૃદયમાં, હૃદયથી સમજાય તો કોના વડે કરીને, કોની સાથે કેવું મિશ્રણ થવાથી તેમ થશે, તેની સમજણ પ્રગટે ને તે પ્રમાણે પ્રેમભક્તિજ્ઞાનયુક્ત થઈને તે પળે ભળે તેમ વર્તો તેનું તેમ પણ થઈ શકે.

સાધનાનો પરિપાક એકદમ તો ઊતરતો નથી. આંબાને પણ ફળતાં વર્ષો જોઈએ. પણ જો પાક વહેલો ઊતરે એમ કરવું હોય તો તેની પણ કળા છે. કલમી આંબો સામાન્ય આંબા કરતાં તો વહેલો પાકે છે. વહેલા પાકવા માટે ને પોતે હોય તેનાથી ઉત્તમ પ્રકારનાં ફળ જો પોતાનામાંથી નિપજાવવાં હોય તો, જે તે પ્રકારનું ઉત્તમમાં ઉત્તમ ઝાડ છે, તેની સાથે પોતે પોતાનાથી કપાઈને એકરસ થઈને પોતાને ભળી જવું પડે છે. એટલે આપણે જેવા થવું છે, એટલો ને એવો સર્વશ્રેષ્ઠ પૂરેપૂરો સંપૂર્ણ નમૂનો આ જગતના માનવીમાં મળી શકવો દુર્લભ છે. પણ તેવા ચેતનની ભાવનાની નજીકમાં હોય, એવા આત્મામાં આપણા પોતાના જીવનવિકાસનો જીવંત જ્ઞાનપૂર્વકનો હેતુ રાખીને પૂરેપૂરાં

આપણે ભળી જવાનું હોય છે. પણ જીવ એમ ભળી પણ કેવી રીતે શકે ? ત્યાં જ જીવને પોતાનું જીવપણું નડતું હોય છેને ?

**મહા કઠણ માર્ગ**

એમાં તો અનેક પ્રકારની ઊથલપાથલો, મોટા ધરતીકંપો, મહા ભયંકર તોફાનો, મહાન વિપ્લવો, મહાન ન કલ્પી શકાય તેવા ફેરફારો સમાયેલા છે. જીવનવિકાસની ભાવનાનો ઉત્કર્ષ થવાને માટે એ બધાંને સત્કારવાની, સ્વીકારવાની અને તે પ્રમાણે પ્રેમથી સહકાર આપવાની જે જીવની તૈયારી હૃદયના સંપૂર્ણ ઉમળકાભેરની છે, તેવા જ જીવો તે માર્ગ પરત્વે જઈ શકવા શક્તિમાન થવાના છે, તે જાણશો. આ ચઢાણ કઠણ તો છે. બધા જીવોથી તે પ્રમાણે બની શકવું દોહ્યલું છે. તેવો આ માર્ગ દોહ્યલો છે.

તેથી જ આપણા સંતોએ, ભક્તોએ, જ્ઞાની પુરુષોએ સૌથી સરળ માર્ગ સંતસમાગમનો કહેલો છે, કે જેથી કરીને એમનામાં જો આપણાં મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ અને હૃદયનો રાગ જો પ્રગટ્યો, તો આપણો એમનામાં પ્રગટેલો રાગ આપણને ઊંચી ભૂમિકામાં પ્રવેશાવ્યા વિના રહી શકવાનો નથી, પરંતુ તે સાથે સંતસમાગમની-આપણાં મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ અને હૃદયની ભૂમિકા પ્રેમભક્તિજ્ઞાનવાળી હોવી જોઈશે. તેમાં બીજું કશું ભળેલું ન હોવું ઘટે, તો જ આપણો તેમનામાં તેવો રાગ થવા પૂરતો સંભવ છે.

હૃદયમાં, હૃદયથી રાગ થવો એટલે તેવા બે જીવોનું નજીક આવવાપણું થવું. જેમ જેમ એવા બે પરસ્પર જુદી જુદી દિશાના જીવોનું પાસે આવવાપણું થતાં, ત્યાં ભારે અથડામણો, મંથનો, મુશ્કેલીઓ, ઊંધી સમજણો, સંગ્રામો ઊભા થવાના જ અને આપણામાં તેવા પરત્વેનો હૃદયનો જાગેલો, રહેલો કે પ્રગટેલો રાગ આપણને તેમના પરત્વે ચોંટેલા જો તે રખાવ્યાં કરે, તો આપણો તેમનામાં રાગ પ્રગટેલો છે, તે હકીકત સાચી છે એમ માનવું અને સમજવું.

**સત્સંગથી મન રોકાય**

સંસારવ્યવહારમાં મળેલા અનેક જીવોની સાથે આપણો સંબંધ અને સંપર્ક આપણે બધાં જીવસ્વભાવવાળાં હોવાથી તેવી જાતનો જ રહ્યાં કરે છે. જો આપણે જીવનવિકાસના માર્ગ પરત્વે ચાલવું હોય, તો તે

સંબંધને અને તેવા સંપર્કને આપણે વિચારીને તોળવાનો રહે છે. કાળજીપૂર્વક બને તેટલી તટસ્થતા અને સમતા કેળવ્યાં કરીને જો આપણે સંસારવ્યવહારમાં વર્તવાનું કરી શકીએ, તો શાંતિ અને પ્રસન્નતા તેમાંથી જરૂર ફલિત થાય. સંસારવ્યવહારમાં અને જીવનમાં જ્યાં જ્યાં રાગ હોય, મોહ હોય, કામ હોય, મદ હોય આદિ હોય, ત્યાંથી આપણે ચેતીને જાગૃતિપૂર્વક મનને તે રીતે વળી જતાં ને વર્તતાં રોકવું પડશે.

એમ પ્રશ્ન થાય કે મનને આપણે રોકવું કેવી રીતે ને તેની ચાવી મળે કેવી રીતે ? રાગથી રાગ વધે છે, કામથી કામ વધે છે, મોહથી મોહ વધે છે, મદથી મદ વધે છે; એટલે આપણે પક્ષે જો આપણે તે બધામાંથી નીકળી જઈ શકીએ, તો તે બધું આપણામાં વધતું અટકી જઈ શકે. રાગ, મોહ, કામ, મદ વગેરે વિનાનું જીવન કેવું હોઈ શકે તેની ગતાગમ અને સમજણ આપણને પડવી તે દુર્લભ છે. પરંતુ જો આપણે રાગ, મોહ વિનાના થઈ જઈએ તો જીવને અનેક પ્રકારની ખોડખાંપણ અને દોષો હોય, અનેક પ્રકારનું જીવનસ્વભાવનું વલણ અને વર્તન થઈ ગયું હોય, તેમ છતાં તે બધું કશું નડે નહિ ને તે સમૂળગું ભુંસાઈ પણ જાય; એટલે આપણે રાગ વડે કરીને જે આકર્ષણ કે ચોંટવાનું બને તે રાગની વૃત્તિ-લાગણીને જીવનવિકાસના આદર્શમાં કાળજી, ખંત અને જાગૃતિ રાખીને લગાડવાનું કર્યા કરીએ, તો તેવા રાગ વડે કરીને જીવનના ઉત્તમ પ્રકારના વિષયમાં આપણે એકરાગ થઈ શકીએ. જે દિશાએ જીવનને વાળવું છે તેનું જ્ઞાન સંસારવ્યવહારના સંબંધોમાં, રોજનાં થતાં રહેતાં સકળ કાર્યોમાં જો જીવતુંજાગતું રહ્યાં કરે, તો કશો વાંધો આવે નહિ. એટલા માટે જ સત્સંગને આપણી સંસ્કૃતિનું ઘણું મહત્ત્વ મળેલું છે.

**સત્સંગના પ્રકાર**

ઉત્તમ પ્રકારના આત્માઓની સાથેનો મનહૃદયનો જીવતો સંપર્ક અને તેથી કરીને આપણા જીવપ્રકારની વૃત્તિઓનું પરિવર્તન થતું આપણે અનુભવી શકીએ, તો તેવા પ્રકારનો સત્સંગ શ્રેષ્ઠ પ્રકારનો ગણાય. સંસારવ્યવહારમાં પણ જે તે કોઈ સાથેનો સંબંધ અને સંપર્ક વ્યવહારમાં ઉપયોગમાં આવી શકે છે. ધૂળનો પણ ખપ પડે છે, એવા ખ્યાલથી જે તે બધાંની સાથે આપણે વર્તવાનું રાખીએ છીએ. તેવી રીતે

ઉચ્ચાત્માઓની સાથેનો આપણો સંબંધ જીવનને ઊંચે લઈ જવા માટે છે, એવું જ્ઞાન રાખીને આપણાથી થતા પ્રત્યેક કર્મમાં અને સંબંધમાં આપણાં મનહૃદયને નજર સમક્ષ તેમને રાખીને, તેમને તે બધું તે પળે જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ કરવાની કાળજી અને જાગૃતિ રાખીએ, તો આપણે ખાલી ને ખાલી રહી શકીએ. બીજા પ્રકારનો સત્સંગ જીવનમાં આપણે જે કંઈ કર્યા કરીએ, તેમાં જીવનવિકાસના આદર્શનું જ્ઞાનભાન એકધારું રાખ્યાં કરીએ, તેને સાનુકૂળ આપણાં મન અને પ્રાણના વળાંકોને સમતોલ કરી બનાવ્યાં કરીએ, એવી આંતરિક ક્રિયાપ્રક્રિયાને બીજા પ્રકારનો સત્સંગ ગણી શકાય. ત્રીજા પ્રકારનો સત્સંગ પ્રાર્થના, સ્મરણભાવના, ધ્યાન આદિ સાધનોનો છે.

## સંસ્કાર સાધના

### સત્‌પુરુષના સૂક્ષ્મ સંસ્કારો

કોઈને એમ પ્રશ્ન જાગે કે દ્વંદ્વની ભૂમિકાને લીધે આપણને પાસ ન લાગે, તો સત્સંગ કરવાનો શો અર્થ ? આપણને ત્રણ શરીર છે : (૧) સ્થૂળ શરીર (૨) સૂક્ષ્મ શરીર, અને (૩) કારણ શરીર. ત્રીજું શરીર એ કારણ શરીર જે ભાવાત્મક છે. એમાં આધારરૂપે એકલું આકાશતત્ત્વ છે. બીજા પ્રકારનાં શરીર-સૂક્ષ્મ શરીરમાં આકાશતત્ત્વ વિશેષ અને એનાથી ઊતરતા પ્રમાણમાં તેજતત્ત્વ છે. સ્થૂળ શરીરનું સ્થાન ઘરમાંના ઉંબરા જેવું છે. ચેતનમાં નિષ્ઠા પામેલા જીવોનો સંસ્કાર આપણા સૂક્ષ્મ શરીરને સ્પર્શે છે, પણ આપણી ભૂમિકાને લીધે એનો ઉઠાવ થતો નથી. એમ છતાં જ્યારે શરીર ન હોય ત્યારે બીજા જન્મમાં એ સંસ્કારોનો તરત જ ઉદય થાય છે. આ રીતે સત્સંગમાંથી પરિણામ ઝટ આવી શકે છે. સત્સંગમાં તો પાસે ગયા કે સંસ્કાર પડે. પાસે જવાનું પણ દુર્લભ છે. તુલસીદાસે તો ગાયું છે કે "ભાગ્ય વિના સત્સંગ સાંપડવો પણ મુશ્કેલ છે. ભાગ્યશાળીને જ સત્સંગ મળે છે."

ચેતનમાં નિષ્ઠા પામેલા એવા આત્માના જીવનમાં કોઈ રીતે ઉપયોગી થઈ ગયા, તો અનેક પ્રકારની સહાય મળવાની છે. જીવનમાં ગમે તે રીતે ઉન્નતિ થવાની. સંસારમાં જીવન જીવતાં, અનેક પ્રકારનાં કોયડા, મુશ્કેલીઓ આવે ત્યારે વીજળીના ચમકારાની જેમ ઉકેલ મળે છે. તોપણ આપણાથી આવો સત્સંગ થઈ શકતો નથી. આ સરળમાં

સરળ સત્સંગની પણ મનુષ્યને પડી નથી, કેમ કે સ્વાર્થ-ગરજ પણ એમને જાગેલાં નથી. આ કેવું દુર્ભાગ્ય કે ઉત્તમ પરિણામ પ્રગટાવનાર સત્સંગ પણ ન કરી શકે !

જો ચેતન પરત્વે સ્વાર્થ લાગે તો એનું મોં આ તરફ ફરે. સ્વાર્થ લગાડવા માટે પહેલાં જિજ્ઞાસા થવી જોઈએ. બ્રહ્મની જિજ્ઞાસા જાગ્યા વિના એ પરત્વેની કોઈ પણ ગતિ થવાની નથી. એ પરત્વેની ચોટ લાગે તો લગની પણ લાગે.

એ ઝંખના કેવી રીતે જાગે ? અર્જુન, ભગવાનને બહુ રીતે પૂછે છે. ભગવાન એને જ્ઞાન આપે છે, કેમ કે એ ભગવાનને બહુ જ વહાલો હતો. આ સમજવા જેવું છે. આપણે ભગવાનને વહાલા ન થઈએ ત્યાં સુધી એ જ્ઞાન આપતો નથી. હવે, જેણે ભગવાનને મેળવવો છો, મેળવવા એટલે જોયેલું કે દર્શન થયેલું નહિ, પણ જેનામાં ચેતનના ગુણધર્મ પ્રગટેલા છે, એવા આત્મા સાથે આપણો પરિચય થાય, અને આપણે એને વહાલા થઈ પડીએ, તો તે આપણને મદદરૂપ થાય. એટલે ભગવાનની સાથે સંબંધમાં આવવા આવા ચેતનમાં જાગૃત થયેલા આત્મા સાથે અનુસંધાન કરો.

**સૂક્ષ્મ પ્રબળ સંસ્કાર**

આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે મરણ વખતે ભગવાનનું નામ લે તો તેનું કલ્યાણ થાય, પણ આખી જિંદગી ગમે તેમ જીવે અને મરણ વખતે જ ભગવાનનું નામ લે તો કલ્યાણ કેવી રીતે થાય ? માણસના મરણ વખતે સ્થૂળ શરીરની નસેનસ છૂટી પડે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આ સ્થૂળ સાથે સંકળાયેલાં છે. સ્થૂળની ચેતના (Consciousness) એના અસ્તિત્વના મીટવાની અણી ઉપર આવે છે, ત્યારે સૂક્ષ્મ કરણો વિખૂટાં પડે છે. એ વખતે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે. સ્થૂળ શરીરની પકડ રહેતી નથી. જે સૂક્ષ્મ શરીર છે એ ભગવાનનું નામ લે છે. એ નામસ્મરણના સંસ્કાર એટલા બધા પ્રબળ બળવાન હોય છે કે એના લીધે એક જાતની અનુકૂળતાવાળું શરીર પ્રાપ્ત થાય છે.

**સૂક્ષ્મ સંસ્કારોની પ્રબળતા**

પૃથ્વી ઉપર સૂક્ષ્મ પ્રકારનું વાતાવરણ છે અને સૂક્ષ્મમાં અનેક બનાવોનું સર્જન થાય છે. સ્થૂળ શરીર ઘડાવાનો આધાર સૂક્ષ્મ શરીર છે. સૂક્ષ્મ મોખરે પ્રગટતું હોવાથી, સૂક્ષ્મના સંસ્કારો એટલા પ્રબળ હોય છે કે તેવું શરીર ધારણ કરવાની શક્યતા ઊભી થાય છે. મરણ વખતે

સાત્ત્વિક પ્રકારની ભાવના પ્રગટી તો તેવા જ પ્રકારનો જન્મ લેવાની શક્યતા થાય, પણ તેવી ભાવના ધારણ કરવાની ટેવ હોય તો જ એવું બને ને ?

**સૂક્ષ્મની શક્તિ**

સૂક્ષ્મ શરીર જો આપણામાં કામ કરતું થઈ જાય તો આપણે સદ્‌ભાવનામાં પ્રગટી શકીએ. સૂક્ષ્મ શરીરનું બંધારણ જુદા પ્રકારનું હોય છે. આકાશ અને તેજ, કોઈકમાં વાયુનું પ્રમાણ પણ હોય. ઉચ્ચ ભાવનાવાળાનું આકાશતત્ત્વ, એનાથી ઊતરતી ભાવનાવાળાનું સૂક્ષ્મ શરીર આકાશ અને તેજ તત્ત્વનું, આથી, ઊતરતામાં વાયુ ઉમેરાય. પછી તો અનેક જાતના પર્મ્યુટિશન-કોમ્બિનેશનથી સૂક્ષ્મ શરીરો બને છે. આકાશનું અનુસંધાન શબ્દ સાથે, આકાશનું પ્રાગટ્ય શબ્દમાં અને તેજનું રૂપમાં, વાયુનું સ્પર્શમાં. હવે, જો શબ્દનો અભ્યાસ ચાલ્યા કરે તો આપણું સૂક્ષ્મ શરીર મોખરે રહીને ભાગ ભજવે. મોટી પેઢી કરોડોની હોય, મુનીમ વગેરે કામ કરે, આફત આવે ત્યારે શેઠ આવે. સ્થૂળ શરીરમાં જો સૂક્ષ્મ શરીર મોખરે ભાગ ભજવે તો ઘણું કામ થઈ જાય !

આ બધા આપણા અનેક જન્મના સંસ્કારો આ સૂક્ષ્મ શરીરમાં આવે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ શરીરનું બીઈંગ - સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીઈન્ગ-એટલું નાનામાં નાનું છે - એટમથીય નાનું છે. એને અંગુષ્ઠ પ્રમાણ કહ્યું છે. માત્ર લંબાઈ - થિકનેસ નહિ. તેની અંદર આ બધું છે. અને એ એકલું એવું છે કે વાતાવરણમાં રહે છે. અને દરેક જીવને અમુક કાળનું પ્રમાણ નથી. અમુક કાળ જ જીવવું એવું નિર્માણ નથી. પણ હાલ જે જીવે છે, તે જે નિશ્ચય કોઈ એક દિવસે, એક પળે કર્યો, પા કલાક એણે વિચાર્યું કે મારે આમ કરવું છે, એટલાથી નહિ બને, "એ થોટ મસ્ટ બી કન્ટિન્યુડ" આમ કરવું છે, આમ કરવું છે - એની કન્ટિન્યુટી આવવી જોઈએ. રોજબરોજના કામમાં પેલા વિચારની સતત જીવતીજાગતી પ્રધાનતા-કમ્પ્લીટ - ફુલ-અવેરનેસ થવી ઘટે તો એવું થવું તદ્દન શક્ય છે.

એટલે આ જે સૂક્ષ્મ શરીર જાય છે, આપણામાંથી નીકળે છે ત્યારે એ પણ ગમે તેમ રખડે છે. અહીં પણ ગમે તેમ રખડતું હતું. અહીં જીવનમાં હતું, આપણે જીવતાજાગતા બધું કામ કરતાં પણ આપણે રખડીએ છીએ. આપણે ધ્યેય વગરના છીએ માટે. આપણે રખડીએ

છીએ, કારણ કે આપણી પાસે કોઈ ધ્યેય નથી, કે જીવન માટેનું કોઈ ક્લેરિફિકેશન નથી. જીવન શા માટે મળ્યું છે તેનું ક્લેરિફિકેશન નથી. એટલે માત્ર પ્રવૃત્તિ કરવા ખાતર અને કર્યા વિના આપણને ચાલે તેમ નથી - કરવું જ પડે તેમ છે. કોઈ માણસ ઝડપી ગતિથી કરે, કોઈ જરા વધારે ગતિથી કરે. પણ તેને પ્રવૃત્તિ કરવી પડે છે, માટે તે કરે છે. ''ઈન્સ્પાઈટ ઑફ હિમસેલ્ફ'' - તે પ્રવૃત્તિ કરે છે. એટલે એ પ્રવૃત્તિ જે કરે છે, એની પાછળ તેનો હેતુ નથી. એટલે તેનું ફળ મળતું નથી. ફળ માત્ર સંસ્કાર હોય છે. એટલે એ સંસ્કાર પાછા એ જાતના ગાઢા- એ જ જાતના હેતુ વિનાના છે. આપણા આ જે કર્મ કર્યા અને જે સંસ્કાર થયા તે અને એ જે સંસ્કાર આપણા ચિત્તમાં પડ્યા અને એ જે સંસ્કાર અત્યારે ને અત્યારે ફલિત થાય એના કરતાં એ સંસ્કાર પછીના જન્મમાં વધારે ગાઢા થવાના. અને તે જ પ્રકારના કર્મમાં આપણને વધારે ગાઢ રીતે સંકળાવી દેવાના. એટલે સત્પુરુષોએ એમ કહ્યું કે, તમારા ચિત્તમાં એ સંસ્કાર પડવા જ ના દેવા. અને પડે તો સત્વરે ઉકેલી દેજો-પાર પાડી દેજો. એ બહાર નીકળી જાય તેવું કરજો. એ સંસ્કાર થયો તો તે કામ કરી દો. એક વિચાર આવ્યો કે મારે આમ કરવું છે, એટલે કરી દો-એટલે ખલાસ. કંઈ પણ વિચાર આવે કે મારે આમ કરવું છે, તો તે કામ કરી જ દો. કારણ કે આપણે 'જીવ' છીએ. આ જરા એવી વાત છે કે કોઈને મગજમાં ના ઊતરે પણ વાત સાચી છે.

આપણામાં સારા વિચાર પણ આવશે ને ખરાબ વિચાર પણ આવશે. એની કોઈ ના નહિ પાડી શકે. માણસ છીએ એટલે આપણને સદ્‌વિચાર પણ આવશે અને અસદ્‌વિચાર પણ આવશે. ત્યારે તો સંસ્કાર સંઘરવા નથી એ વાત ચોક્કસ છે. આપણો હેતુ એ છે. બીજા સમજે કે ના સમજે તેની આપણને દરકાર નથી. આપણે નિઃસ્પૃહી છીએ. એ સંસ્કાર ના પડે - ના ટકી રહે માટે જે વિચાર આવે તેનો અમલ કરી દેવો. એમ કરતાં બીજો વિચાર એ આવે કે - ''એ તમે કરો તો એ સંસ્કાર તમને પડ્યા કે નહિ ?'' એ સંસ્કાર પણ તમને પડ્યા. કારણ કે તમારું ચિત્ત આકાશ જેવું નિર્મળ થયેલું નથી. એટલે એ સંસ્કાર તમને પાછા પડ્યાં એટલે એ સંસ્કારનું તમે શું કરશો ? તમે સારી રીતે વર્ત્યા અને ખરાબ રીતે વર્ત્યા. એના સંસ્કાર તમને પડ્યા. તે સંસ્કારનું શું કરશો ? અને કેવી રીતે કાઢશો ? એ વિચારને ટકવા ના દીધા. એ

વૃત્તિને ટકવા જ ના દીધી એ બરાબર. એ ત્યાં સુધી આપણે કબૂલ કરીએ છીએ. પણ એ વૃત્તિને તમે આચરણમાં મૂકી અને એ આચરણ એટલે એના જે સંસ્કાર તમને પડ્યા તે સંસ્કાર ક્યાં જવાના ? એને કેવી રીતે કાઢવાના તમે ? એના વિશે પણ આપણા લોકોએ વિચાર કર્યો. એ સંસ્કાર પડ્યા માટે એણે આપણને એમ કહ્યું કે "સકળ કર્મ કરતાં કરતાં ભગવાનના ભાવમાં રહો. પ્રભુનું સ્મરણ કરો. ગમે તે ઉપાય લ્યો. પણ ભગવાનના ભાવમાં રહો." ભગવાનનો ભાવ એટલે શું ? સત્ત્વ, રજસ અને તમસથી ભાવ પર છે. ભાવમાં કોઈ જાતનું બંધન નથી. જેને સજ્જડ ભાવ થયો, તમે તે વખતે સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. કોઈ પણ સંસ્કાર - ગમે તેવો હોય તો પણ તે તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ભાવ જો ત્યાં આગળ સ્થિર થઈને જીવતોજાગતો ચેતનાત્મક રહેલો છે, તો ત્યાં આગળ કોઈ ગુણનો કે પ્રકૃતિનો પ્રવેશ નથી. કેમ કે ભાવ પ્રકૃતિથી પર છે. એટલે પ્રીડોમિનન્ટલી એટલા માટે આપણા લોકોએ કહ્યું કે આપણામાં આ ભાવ કેળવાય તો આ બધું કરવા છતાં-સંસાર ભોગવવા છતાં પણ તે તમને લાગે નહિ, માટે ભાવ કેળવો.

આ બધા સંસ્કારો લઈ આપણે સૂક્ષ્મમાં જઈએ છીએ. ત્યાં વાતાવરણમાં ગયા પછી સૂક્ષ્મ પડી નથી રહેતું. આપણે બુદ્ધિથી તો એટલું સમજીએ કે દરેક ગતિમાન છે, ગતિવાળું છે. ગતિ વગરનું કશું જ દુનિયામાં નથી. દરેક ગતિવાળું છે. તે તેને પણ ત્યાં આગળ ગતિ છે. તો તે સૂક્ષ્મ શરીર ત્યાં આગળ શા ધંધા કરે છે ? ત્યાં આગળ પણ આવા સૂક્ષ્મ શરીરો - જ્યાં ત્યાં એકબીજા સાથે સંકળાયેલા છે - જેમ આપણે દુનિયામાં સગપણની રીતે, વ્યવહારની રીતે, વેપારીની રીતે, બીજા કોઈ સંજોગોને લીધે એકબીજા સાથે આપણે આ દુનિયામાં સંકળાયેલા છીએ. એ તો આપણી બુદ્ધિ સ્વીકારે તેવી હકીકત છે. તેવી રીતે ઉપર જે સૂક્ષ્મ શરીરો છે તે સૂક્ષ્મ શરીરો - સૂક્ષ્મ રીતે બીજાની સાથે ત્યાં પણ સંકળાયેલા છે. એટલે એ જે સૂક્ષ્મ રીતે એકબીજા સૂક્ષ્મ શરીરો સાથે સંકળાયેલા છે, તેમનો વ્યવહાર છે. તે વ્યવહાર ત્યાં ચાલ્યા કરે છે. એ વ્યવહારમાં આપણે પણ આવી જઈએ છીએ. આપણે એટલે અત્યારે શરીરથી દેખાઈએ છીએ એ નહિ. આપણું સૂક્ષ્મ શરીર થયું છે તે. તે વ્યવહારમાં જે આપણે ત્યાં આવી ગયા અને જ્યાં નિકટનો ગાઢ

પરિચય થયો તે પણ આપણી સાથે આવશે. આ જન્મમાં પણ જ્યાં જ્યાં ઠેકાણે આપણને ઘણું જ એટેચમેન્ટ છે તે આપણી સાથે આવવાનું. લોભ, કામ, મોહ, વેર એ બધાં જ બીજા જન્મમાં આપણી સાથે આવવાનાં. અને ઉપર સૂક્ષ્મની અંદર પણ જે લીલા થઈ અને જે બધાની સાથે આપણે એકાકાર થયા તે બધા આપણી સાથે - આપણે જે શરીર ધારણ કરીશું તેવી રીતે તે લોકો પણ શરીર ધારણ કરશે. આપણે તેની સાથે રહેવાના. તે લોકો આપણી સાથે રહેવાના. તે પછીથી પાછા આપણે જો હેતુ માટે સજાગ થઈએ, જિંદગી વિશે વિચારીએ, મનનચિંતવન કરીએ કે આ લાઈફ શેના માટે છે ? આ જીવન શેના માટે છે ? મનુષ્ય શેના માટે છે ? આપણા જીવવાનો શો અર્થ છે ? - એના વિશે આપણે વિચાર કરતા થઈએ, એના વિશે મનનચિંતવન કરતાં થઈએ તો એમાંથી આપણને નવો ફણગો ફૂટે. એ નવો ફણગો ફૂટે ને ખરેખરો સજીવન થયો તો આપણી સાથે સંકળાયેલા સૌથી સૂક્ષ્મ જીવો જે હતા તે સૂક્ષ્મ જીવોને સ્પર્શશે. આપણાં શાસ્ત્રમાં કહ્યું કે એ માણસો જો ખરેખરા સદ્‌ભાવથી સત્કર્મો કરે છે તે સત્કર્મ કેટલાય ને સ્પર્શે છે. એ વાત પહેલાં મને સમજાતી નહોતી. હવે મને સમજાય છે. એ વાત સાચી છે. એક માણસ પૂરેપૂરા સદ્‌ભાવથી કોઈ સત્કર્મ કરે તો એ સત્કર્મ કેટલાયને સ્પર્શ કરે છે. સ્થૂળ રીતે તો કરે જ છે. પણ સૂક્ષ્મ રીતે પણ કરે છે. કારણ કે તેણે સદ્‌ભાવથી સત્કર્મ કર્યું તે સમાજની સાથે કર્યું છે ને ? એણે એકલાએ થોડું કર્યું છે ? સત્કર્મ બીજાને સ્પર્શે છે. સાથે બીજા કેટલાયને સ્પર્શતું હોય છે. જે ઈન્ડિવિજ્યુઅલ છે તે ઈન્ડિવિજ્યુઅલ 'એકલો' નથી. લાગે કે હું 'મોટો' છું પણ એ 'મોટો' એકલો નથી. આ શરીરની સાથે કેટલાય સંકળાયેલા છે. એકધારા સંકળાયેલા છે. એટલે મને સંસ્કાર સ્પર્શ્યા તે સંસ્કાર નંદુભાઈને પણ સ્પર્શે છે. કારણ કે તે મારી સાથે બહુ જોડાયેલા છે. એટલે એવા જે બહુ જોડાયેલા હોય, તેવાને પણ એ સંસ્કાર સ્પર્શે છે. એટલે એકને થયું તે ઘણાને થાય. એટલે સૂક્ષ્મ શરીર વખતે જે આપણે પ્રવૃત્તિ કરીએ છીએ, આંતરિક પ્રવૃત્તિ આપણા સંસાર-વ્યવહારમાં કરીએ છીએ તે એ જાતની નથી હોતી. એ પ્રવૃત્તિ માત્ર આપણે એમ કહીએ કે આ બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ પ્રકારની પણ નથી. કારણ કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ પ્રકૃતિની સાથે જોડાયેલા છે. વધારે વળગેલા છે.

એનો થોડો ઘણો અંશ ચેતનની સાથે છે ખરો. બંનેની સાથેનો સંબંધ છે. પણ ચેતનની સાથે નહિવત્ જેવો છે. વધારે સંબંધ પ્રકૃતિ સાથે છે. એટલે પ્રકૃતિ પરત્વેનું વલણ વધારે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ ગ્રહણ કરે છે ખરા, પણ એની દિશા આ પ્રકૃતિ તરફ છે. એટલે ઉત્તમ પ્રકારની સૂક્ષ્મની પ્રવૃત્તિનો આધાર પ્રકૃતિ થઈ જાય છે. સૂક્ષ્મ કર્તવ્યનાં જે ધોરણો છે, તે ધોરણો તે 'લોઅર ડાઉન' કરી દે છે. કોણ ? મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્-કારણ કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ જ્યારે બહારની ભૂમિકામાં આવે છે, ત્યારે પૃથ્વીની પકડમાંથી છૂટા થાય છે, તે સિવાય નહિ. તે સિવાય તો પૃથ્વીની પકડમાં જ રહે છે. એટલે એ બધા બનાવોને 'લોઅર ડાઉન' કરે છે. આ પ્રકૃતિની સાથે આવે છે. એટલે પેલો બિચારો કેટલું મિથ્યા હોય ? કેટલું ઊંચે ચઢ્યો હોય ? તોય પ્રકૃતિની સાથે જ સંકળાયેલો રહે છે. એટલે આપણામાં એમ કહેલું કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને સતત ભગવાનની સાથે જોડેલાં રાખો. 'સાતત્ય'નું કહ્યું છે. આપણી ગીતામાં પણ 'સાતત્ય'નું કહ્યું છે. સાતત્યનો ગુણધર્મ કહ્યો છે. સાતત્ય એટલે કંટિન્યૂઅસ - એક પળ પણ બાકી નહિ. તો જ ભગવાનનું તમે દર્શન પામી શકો. અથવા તેના ગુણધર્મો પામી શકો.

આપણે કશું કામ કરીએ છીએ. તમે અહીંથી મુંબઈ ગયા. મુંબઈમાં તો ચાલતા હો તો પણ સતત ગતિમાં જ હો છો. પણ તે સાથેનો સતત તમારો ભાવ, તમારા હેતુનો ભાવ એ ખંડિત થતો નથી. એ કાયમ રહે છે જ. એવી રીતે સ્થૂળ શરીરમાંથી સૂક્ષ્મમાં ગયા. સ્થૂળ હતા ત્યારે તો જ્ઞાન જ આપણને નહોતું. સૂક્ષ્મમાં જે થાય ત્યારે આ બધું ઓછું થતું જાય છે તેથી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની જે શક્તિ છે તે સૂક્ષ્મમાં ઓર પ્રકારની જીવંત બને છે. 'કારણ'માં તો વળી ઓર પ્રકારની. આ એકની એક જ શક્તિ-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ - સ્થૂળમાં જુદી, સૂક્ષ્મમાં જુદી, કારણમાં જુદી. ત્યારે આપણે આ સ્થૂળમાં જે કરેલું છે એ સૂક્ષ્મમાં તમે નહિ કરી શકો. **સ્થૂળમાં જો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને આપણે ભગવાનની સાથે, ભગવાનના ભાવમાં એકાકાર કરી શકીએ, તો પછી સૂક્ષ્મમાં આગળ આપણાથી જવાય. એ ભૂમિકા આ શરીરમાં આપણે નહિ કેળવી હોય તો સૂક્ષ્મમાં આ કેળવવી અશક્ય છે. એટલે પાછા તમારે અહીં જ આવવું પડે. એટલા માટે જ આપણાં શાસ્ત્રોએ, અનુભવીઓએ, બધાએ**

**કહ્યું કે, 'મોક્ષ માટે એક મનુષ્યજાત જ યોગ્ય છે. બીજી કોઈ યોનિમાં તમને મોક્ષ નહિ મળે.'**

## અનુષ્ઠાનનું મહત્ત્વ

જે હકીકત સંસારવ્યવહારમાં પ્રવર્તે છે, તે જ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ રહેલી છે. જે કોઈને વિશે આપણાં મન, બુદ્ધિ, ચિત્તમાં શ્રદ્ધા અને વિશ્વાસ બેઠાં હોય - પછી ભલેને શરૂઆતમાં તે ઘણાં થોડાં અંશે બેઠાં હોય, તેની સાથે આપણા જીવનનો સંબંધ, સંપર્ક વધાર્યા કરવાથી આપણું દૃષ્ટિબિંદુ, પ્રવૃત્તિ અને વલણ જરૂર રૂપાંતર પામતાં જાય છે. નવું નવું શીખવાનું મળે છે. જેમ પેઢીના સંચાલક સાથેના સંબંધને લીધે પેલા આત્મીયજનને વેપારની ઝીણામાં ઝીણી બાબતથી તેને લાખો રૂપિયાનો વેપાર કરવાની કળા શીખવાની તક સાંપડે છે, તેમ જિજ્ઞાસુને પણ પોતાનું જીવન કોઈ સંતપુરુષ સાથે સાંકળી દેવાથી અને તેના હૃદય સાથે પોતાના હૃદયનો તાંતણો મેળવી લેવાથી આ ક્ષેત્રમાં પણ આગળ વધવાની ઘણી તક મળે છે, અને પરિણામે ઝટ આગળ વધાય છે.

**એમાં સંતના હૃદય સાથે આપણા હૃદયનો મેળ મેળવવાની પ્રાથમિક શરૂઆત, એનું નામ અનુષ્ઠાન. અનુષ્ઠાનથી પેલા સંત સાધકના જીવનમાં પ્રવેશ કરવાનું પગરણ કરે છે.** તેમ થયા વિના પેલા સંતનો લાભ આપણને પૂરતો મળી શકતો નથી. જ્યાં સુધી એક જ વેપારીની પેઢીમાં રહીને શીખવાનું ન કરીએ ત્યાં સુધી જેમ તે વેપારની કળા શીખી શકાતી નથી, તેવું આમાં છે. એકની એક જાતનું વેપારનું સૂક્ષ્મ તત્ત્વ વધારે સમજવાને કોઈક વખત પેઢીનો સંચાલક તેના શિખાઉ સ્વજનને કોઈ બીજી પેઢીએ પણ વધારે અનુભવ લેવા મોકલે પણ છે, પરંતુ એવા થોડા સમય માટેનો ફેરફાર સંચાલક પોતે જ કરે છે, એટલું જ નહિ પણ તે બીજી પેઢીના સંચાલકને પોતાના શિખાઉ સ્વજનના ગુણદોષો પણ અગાઉથી છાની રીતે જણાવે છે અને કઈ બાબતમાં તેને ખાસ કેળવવાનો છે, તે પણ સૂચવે છે. જેમ આવો અસાધારણ લાભ સંચાલકના અંગત માણસોને જ મળે છે, તેમ સંતપુરુષની સાથે આવું આપણા જીવનનું અંગતપણું કેળવવાની શરૂઆત કરવી અને એનું નામ જ અનુષ્ઠાન છે. જેમ જેમ એ આત્મીય ભાવ વધતો જાય છે તેમ તેમ સાધકનો વિકાસ ઝડપી થતો જાય છે. સંતના જીવનની સાથે અનુષ્ઠાન

થયા વિના આવો લાભ મળી શકતો નથી. એ અનુષ્ઠાન દ્વારા પેલો સંતપુરુષ આપણામાં પ્રવેશે છે અને આપણી પ્રકૃતિ-સ્વભાવ, આપણા જીવનનાં નીચલા થરનાં વહેણો, આપણું પ્રારબ્ધ તથા આપણે શેમાં શેમાં ભરાઈ પડેલા હોઈએ છીએ એ બધાનો ખ્યાલ કરવાની તક તેને મળે છે. ગમે તેના જીવનમાં વિના કારણે તે કદી પ્રવેશતો નથી. એને એવી કોઈ જાતની ગરજ પણ હોતી નથી. સાથે સાથે એ પણ ખરું જ છે કે સંતના પોતાના જીવનના, સાધકના જીવનના, ગૂઢ પ્રારબ્ધ કર્મસંજોગે જો કોઈ સાધક તેના પ્રત્યે આકર્ષાઈને તેની સાથે જોડાવા માંગે છે તો પછી સાધકની યોગ્યાયોગ્યતા વિશે તે કશું જોતો નથી. સાધકનો જીવનવિકાસ કરવાનું કાર્ય પણ તે પોતે જ પોતાના માટે કરતો હોય છે, કેમ કે એને મન સાધકમાં પોતાની જાત સંકળાયેલી જણાયેલી હોય છે. આમ હોવાથી એ સંત, સંતપણાની કોટિમાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે જેવો નિષ્ઠુર બન્યા કરેલો હોય છે, તેવો જ નિર્દય તે સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થશે. દરેકની સાથે તે નિષ્ઠુરતાથી જ વર્તશે એવું પણ નથી, પરંતુ કયા સાધકના પોતાની સાથેના કર્મપ્રારબ્ધના સંજોગો કેવા છે, તેની તેને જાણ હોવાથી યોગ્ય વ્યક્તિ સાથે યોગ્ય સમયે તે વ્યક્તિના કલ્યાણ અર્થે જ તે આવું વર્તન કરશે. શરૂઆતમાં સાધક પેલા સંતનું આવું વર્તન સમજી શકતો નથી, અને તેથી તેના પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે તે વિચારે, પરંતુ તેથી સાધકને પોતાને જ નુકસાન થાય છે. તે વિચારે અને સમજે તો તેને ખબર પડે કે એથી તો તે પોતાનું જ કલ્યાણ દૂર ધકેલ્યા કરે છે, અને કંઈ કંઈ નિવાર્ય ઉપાધિઓ પોતાને માથે વહોરી લે છે. આ ઉપાધિઓ એક જ જાતની હોતી નથી, પણ અનેક જાતની હોય છે. જેમ માટીનું વાસણ ટપેર્યા વિના ઘડી શકાતું નથી, વેપારીનો છોકરો પણ અનેક વખત છક્કડ ખાધા વિના વેપાર શીખી શકતો નથી, અને બાળક પણ માબાપનું જે તે સહન કર્યા વિના શીખી શકતું નથી, તેવું જ આ બાબતમાં છે. આપણી ગમે તેવી સમજણથી કે આપણા કોઈ સ્વાર્થની ગણતરીને લીધે પણ જો કદી એક વાર સંતપુરુષ સાથે આપણી સંમતિથી અનુષ્ઠાન થયું તો સંતપુરુષ આપણને કદી છોડશે નહિ. સાધકને ગમે તેવું દુઃખ અને કષ્ટ થાય તોપણ જે કંઈ યોગ્ય કરવાનું હશે, તે કરતાં સંત અચકાશે નહિ. જ્યાં

સુધી એવી ઘડાવાની ક્રિયાને સાધક દુઃખ અને કષ્ટ ગણ્યા કરશે, ત્યાં સુધી તેને સંતાપ અને કલેશ રહ્યા કરશે. જે શક્તિનો ઉપયોગ જે રીતે સાધકના જીવનમાં કરાવવા સંત પ્રેરાયા કરતો હોય છે, તેનો દુરુપયોગ થતો જોઈને પણ તે હાથપગ વાળી બેસી રહેશે નહિ. ભલેને સાધકનું માનસ ગમે તેવું હોય, તોપણ તેની તેવી શક્તિ કોઈ ને કોઈ પ્રકારે સાધકને અસર કરશે જ. વેપારી તો ભાવનો ઉછાળાનો લાભ લેવા જેટલું સાહસ તેનામાં ન હોય તો એ વધારે મળવાનો લાભ જ માત્ર ગુમાવે છે, તેની પોતાની મૂડીમાંથી કશું ઓછું થતું નથી, પણ સાધકને તો વિશેષ ગેરલાભ સંતના સંપર્કનો લાભ ન લેવાથી થાય છે. પોતાના ઘડાવાની ક્રિયામાં સાધક જો અનુકૂળ માનસ ન રાખ્યા કરે અને એ રીતે ગુરુનો સૂક્ષ્મ વિરોધ કર્યા કરે તો તેને વેપારીના કરતાં ઘણા વધારે ખત્તા ખાવાના આવે. આવા પ્રસંગોએ એ તૂટી પણ પડે. આવી નિરાશા કોઈ કોઈ સાધક સહન કરી શકતો નથી. પેલા સંતપુરુષને જે ભોગવવાનું થાય તે તો, સાધકની સાથે પોતાનું કર્મપ્રારબ્ધ જે રીતે સંકળાયેલું હોય તે રીતે જીવનકલ્યાણના હેતુ અર્થે, તે ભોગવી લેતો હોય છે, તે રીતે સાધકના સ્વભાવનું, ચિત્તનું, મનનું, સંસ્કારોનું વગેરેનું રૂપાંતર કરવાને માટે જ તે અનેક રીતે પ્રયત્ન કરતો હોય છે. એટલે એ, એ બધાથી નિર્લેપ પણ રહે છે. તેથી, સંતપુરુષ સાથે એક વાર સાધકનું જીવન સંકળાયું તો તે પછી તેના પ્રતિ જેટલે અંશે સાનુકૂળ, શરણભાવવાળો અને સર્વ પ્રકારનું સમર્પણ કર્યા કરનારો, ભાવનાવાળો, હૃદયના ઉમળકાથી ગતિ કર્યા કરનારો, સાધક રહ્યા કરશે તેટલે અંશે તેના જીવનનો સાત્ત્વિક વિકાસ ઝપાટાભેર થયા કરશે. સાધકના સંત સાથેના અનુષ્ઠાનની આવી અનેરી મહત્તા છે.

કોઈને કદાચ એવો પ્રશ્ન ઊઠે કે જો જીવાત્માનું રૂપાંતર આવા કોઈ પુણ્યપુરુષના સંસર્ગથી પણ ન થાય તો શું એને માટે આવો સંતસમાગમ એળે જ જવાનો ? પણ સંતસમાગમ એમ છેક જ એળે જતો નથી. જેમ જીવનના બીજા સંસ્કારો સંસારવ્યવહારના ક્ષેત્રમાં થયેલાં કર્મોના સંસ્કારો-દરેકના ચિત્તમાં પડ્યા જ કરે છે, તેમ સંતપુરુષ સાથેના સંપર્કના સંસ્કારો પણ તેના ચિત્તમાં જરૂર પડવાના જ. એવા સંસ્કારોનો ઉદય કોઈક વેળા જરૂર થવાનો જ. પરંતુ પેલા જીવાત્માના હાલના જીવનના તબક્કે એના કર્મપ્રારબ્ધના ઉદયવર્તમાન સંસ્કારોનું જોર ઘણું

હોય છે અને પોતે એમાં અજ્ઞાનપણે દોરવાયા કરે છે. એટલે સંતપુરુષના જીવન સાથેના પડેલા સંસ્કારો એમ ને એમ એના ચિત્તમાં પડી રહેલા છે. જેવી રીતે ભગવાનનો ભાવ સચરાચરમાં સર્વત્ર પડી રહેલો હોય છે, પણ તેની અસર આપણને લાગતી નથી, તેમ સંતસમાગમના સંસ્કારો એમ ને એમ પડી રહે છે, પણ આપણે જો જીવંત પુરુષાર્થ કરવા લાગીએ- અને તે પણ જાગૃતિપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરીએ- તો પેલા સંતના પડી રહેલા સંસ્કારો આપણને જરૂર પ્રેરક તત્ત્વરૂપે મદદ કર્યા કરશે. કર્મપ્રારબ્ધના વહેણમાં ગમે તેટલો તણાઈ જતો માણસ પણ સંતસમાગમથી જરૂરથી કંઈક ને કંઈક તો પામવાનો છે જ. તેની સમજણશક્તિ આ જીવનમાં પણ ઊંચી જરૂર થાય છે, અને માનવીની ઉચ્ચનીચ કોટિનો ભેદ-વિવેક તેની બુદ્ધિમાં તો પ્રગટ થવાનો જ. એ પ્રમાણે વર્તન ન કરી શકે તોપણ બીજા જન્મમાં, ચિત્તમાં પડી રહેલા આવા સંસ્કારોનો ઉદય થવાની સરળતા તેને સાંપડ્યા કરશે. આમ, સંતપુરુષના સમાગમની અસર કોઈ ને કોઈ રીતે લાભદાયી થવાની જ. તે અસરનો લાભ કેવી રીતે અને ક્યારે લેવો તે આપણા પોતાના હાથની વાત છે.

બીજો પ્રશ્ન એવો સંભવે છે કે આ ચાલુ જીવનમાં કર્મપ્રારબ્ધને કારણે એવો જીવાત્મા તો ઘસડાયા કરતો હોય છે, એટલે નવા ને નવા સંસ્કારો તેનામાં દૃઢ થયા કરવાના અને એવા સંસારી સંસ્કારોનું જોર વધ્યા જ કરે. તો પછી સંતસમાગમ એને કેવી રીતે ફળી શકે છે ? આ પ્રશ્ન પરત્વે વધારે ઊંડા ઊતરતાં માલૂમ પડે છે કે એવો જીવાત્મા પણ કોઈ સાચા સંતના સમાગમમાં આવ્યો હોય તો તે પણ તેના યોગાનુયોગ કર્મનું જ પરિણામ છે. એટલે એણે કોઈ ગૂઢ રીતે પણ એ સમાગમની થોડી ઘણી લાયકાત તો મેળવી જ છે. આમ, પૂર્વના અનુકૂળ સંસ્કારોને પરિણામે એને સંતના સમાગમનું ફળ મળ્યું તો એ સમાગમ એને વિશેષ ફળદાયી જરૂર થાય. એવો માણસ ભલેને દેખીતી રીતે જૂની ઘરેડમાં જ ચાલ્યા કરતો દેખાય તોપણ તેના મનના ઊંડા થરોમાં આછી આછી પણ, થોડીઘણી પણ, હિલચાલ આવા સંપર્કને લીધે થયા જ કરશે. વળી, ગમે તેવો નીચલા થરનો જીવ હોય તોપણ તે તેના જીવનમાં કંઈ પણ પુરુષાર્થ કરતો જ નથી કે વિકાસ કરતો જ નથી એમ માનવું એ પણ અયોગ્ય છે. તે ઉપરાંત,

જો તે કેવળ કર્મપ્રારબ્ધના સંયોગે કરીને સંસ્કારોને વશ પૂરેપૂરી રીતે રહીને જીવન વિતાવતો હોય તોપણ એ જ રીતે આ નવા ઊર્ધ્વગામી સંસ્કારોને વશ રહીને પણ તે ઓછેવત્તે અંશે વર્તશે જ, અને જો અનુષ્ઠાનને કારણે સંતથી એનામાં વિશેષ રહેવાનું બને તો એવા સંસ્કાર વધારે ને વધારે પડવાના જ. જેમ કોઈ જાતના સંસ્કારો તેનામાં પડ્યા વિના રહેતા નથી તેમ જ આ જાતના પડશે, અને પેલા સંસ્કારની જેમ જ નકામા જવાના નથી. આમ, પરસ્પર વિરોધી બે જાતના સંસ્કારો એના ઉપર પડે છે, પણ સંસારી માનવીના ચિત્તમાં પડેલા કે પડતા બીજી જાતના સંસ્કારો ભલેને ગમે તેટલા બળવાન હોય તોપણ એ સંસ્કારોના બળ કરતાં સંતપુરુષથી પડેલા સંસ્કારો વધારે બળવાન હોય જ છે. આ કંઈ કલ્પના સૃષ્ટિમાંથી ઉપજાવેલી મનોહારી અવાસ્તવિક કથા નથી, એ તો સત્ય ઘટના છે, અને એ ઘટનાને બુદ્ધિના પ્રમાણનો પણ ટેકો મળી શકે છે. સંસારી સંસ્કારો રાગદ્વેષયુક્ત કામક્રોધાદિથી ભરેલા હોય છે. એટલે તેમાં આસક્તિ હોય છે, પણ ગમે તેવી આસક્તિથી ભરેલો સંસારી માનવી ગમે તેવા આસક્તિના પ્રયોજને પેલા સંત તરફ આકર્ષાય તોપણ સંત જાતે આસક્તિ રહિત હોવાથી સંતથી એનામાં પડતા સંસ્કારો આસક્તિ વગરના જ હોય છે. સંતનું પોતાનું જીવન એટલું મહાન, પ્રખર, તેજસ્વીતા અને ઓજસથી ભરેલું, ભગવાનની શક્તિથી ભરેલું હોય છે કે સંસારી માનવીનું તેના પ્રતિ આકર્ષણ થતાં પેલો સંત તેની સંસાર તરફની આસક્તિનું જોર પણ ખેંચી લેશે, અને સમય આવતાં પોતાના સંસ્કારોનો ઉદય તેનામાં કરાવશે. આમ, અનુષ્ઠાનની ગાથા એ કેવળ અનુભવનો વિષય છે.

## સંતની પરખ

સંતાત્માની આપણને શી પરખ હોય ! પરંતુ જેના વિશે આપણા મનમાં સંપૂર્ણ ખાતરી અને ભરોસો હોય અને જેના વિશે શ્રદ્ધાવિશ્વાસ પૂરેપૂરાં પાકાં થયેલા હોય અને જેની બાબતમાં મન કશી સગડગ ન અનુભવતું હોય અને તેનાથી કરીને આપણે સતત ઊર્ધ્વગામી થયા કરતાં હોઈએ અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ જીવનના ધ્યેયના ચિંતવનમાં સતત રચનાત્મકપણે વહ્યા કરતાં હોય તો તેવો જીવાત્મા જગતના ઈતર જનોના ખ્યાલમાં ભલે ન હોય, ખ્યાતિમાં

ન હોય કે બીજા કોઈ તેને સંતાત્મા ન ગણી શકતા હોય, પણ આપણે મન તો તે જરૂર સંતાત્મા છે.

## સત્પુરુષને કોઈક જ સમજે છે

કોઈ જ્ઞાની કે અનુભવી ભગવાનનો પ્રેમીભક્ત જગત સાથેના વ્યવહારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો. એની દ્વંદ્વાદિક વૃત્તિ જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે તેના મૂળ સ્વરૂપે તેનામાં નહિ હોય, પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રગટેલી રહે છે ખરી. જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં ખપમાં આવતી હતી તેમ હવે તે વૃત્તિની પેલી રૂપાંતરિત થયેલી ભાવના, હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ-ઝેર આમ તો ખરાબ છે, પ્રાણનાશક છે, પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું અને અસરકારક નીવડે છે. તેવી રીતે જીવપ્રકારની વૃત્તિઓનું રૂપાંતરિત થયેલું સ્વરૂપ ઉપયોગમાં આવી શકે છે, પરંતુ બીજા માણસોને એની એવી કશી ગતાગમ પડી શકતી નથી. બધા માણસો તેવાને યોગ્ય રીતે સમજી શકે એ પણ શક્ય નથી. એવાને સમજનાર માત્ર ગણ્યાગાંઠ્યા હોવાના.

કોઈ સંતના આપણે પરિચયમાં આવ્યા હોઈએ ને તે આપણને કહે છે, તે માત્ર આપણા જીવનનાં વલણ ને વળાંકોને ખ્યાલમાં રાખીને અને એને યોગ્ય રીતે મઠારવા તેમ તે કરતા હોય છે, પરંતુ તે વેળા તેવું તેમનું કહેવું આપણને ગળે ઊતરી શકતું નથી. આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર, અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઉભેલા નથી. આપણાં સમજણ, માપ ને ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યા નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે, પરંતુ એ લોકોને તેવું કશું હોતું નથી, પરંતુ એનો અર્થ એવો નથી કે તેવા લોકો અનૈતિક છે. પોતે જીવનની આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે, જેમ હોડીમાં બેસીને નદી પાર તર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનના ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી.

એવા લોકોને આપણાં માપ, સમજ, ગણતરી કે કલ્પનાથી માપવાનું કરવું એ જ આપણું અજ્ઞાન છે. સંત આપણને કદી ગેરસમજૂતી ન કરે. એ તો ભૂલેલાંનો જેટલો છે તેટલો કોઈનોય નથી, (જો તે તેમનો થવાને હૃદયથી ઝંખતો હોય તો) જેમ દર્દીને માટે દવાખાનું, બાળકને માટે માનો પ્રેમ પ્રેરણાત્મક બને છે. એવા સંતની સૂચના-સલાહ પ્રમાણે ચાલવાની માનવીની તાકાત, હિંમત, સાહસ ચાલતાં નથી. કદાચ કોઈ તે પ્રમાણે કરે તો તે કરતાં પહેલાં અનેક વિચારો કરીને, અનેક પ્રકારની સગવડો સેવીને તેમ કરે. કોઈ કોઈ તો અન્યથા વિચારોનું સેવન કરીને તેમ કરે. માનવી તો હંમેશાં પાર્થિવતાની પકડમાં જ રહીને, એના ચોકઠામાં જ જકડાઈને જે તે બધું વિચારવાનું કરી શકતો હોય છે. આવા સંતલોકની સલાહથી અને આર્થિક ગેરલાભ પણ થવા સંભવ રહે છે, તેમ છતાં એનો હેતુ તો પેલાના જીવનના કલ્યાણ માટેનો હોય છે. એટલે એવાનું કહેવું જો માત્ર પોતાના આંતરિક જીવનવિકાસની ભૂમિકાની સપાટી પરથી અને માત્ર અંતર્મુખપણાના માપથી, તટસ્થ સાત્ત્વિકતાથી જો ગ્રહણ કરવાનું બની શકે, તો તેથી ઊપજતી સર્વ કોઈ સ્થિતિમાં માનવીનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવનવિકાસ પરત્વે રહેવાયાં કરવામાં પ્રેરણારૂપે ઝળહળ્યા કરે. જે સંતલોકના સમાગમમાં આપણે આવ્યા હોઈએ અને જેની અતિમાનવતાનાં દર્શન અને અનુભવ આપણને હૃદયથી થયાં હોય ને પછી કોઈ એવા કશાકના કંઈક વિશે આપણામાં ગડમથલ જાગે, તો એનાં પેલાં અતિમાનવતાનાં દર્શન ને આપણને એના થયેલા અનુભવોના દૃઢ ખ્યાલથી, તેવા તેના 'કંઈક'નો આપણા જીવન વિશેનો હેતુ શો હોઈ શકે, એવું તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ જ્ઞાનપૂર્વક જો કરવામાં આવે, તો તેવાનો કોઈક દિવ્ય હેતુ સમજાયા વિના રહે નહિ. અતિમાનવતાનાં દર્શન અને અનુભવ જેના વિશે આપણે ખરેખરાં થયા હોય, તેના વિશે કશી સગડગ પણ ન હોય, અને જેના વિશે બુદ્ધિ પણ તે કબૂલ કરતી હોય, તો તેવી વ્યક્તિ કદી પાર્થિવપણાના જીવનવાળી હોઈ શકતી નથી. જેમ વૈજ્ઞાનિક શાસ્ત્રોમાં ગમે તેમ અલેલટપ્પે કશું જ સ્વીકારી લેવાતું નથી, તેના કરતાં પણ વિશેષપણે આમાં એનાં યોગ્ય પ્રમાણો ને લક્ષણો હોય છે. કાં તો એમ પણ સંભવે કે એવા કોઈનાં

અતિમાનવતાનાં દર્શન કે અનુભવ કરવામાં આપણી માત્ર સાવ અંધશ્રદ્ધા હોય, તો પછી જુદી વાત, પરંતુ જેનો અનુભવ નરી facts and figures પ્રમાણભૂત હકીકતોને આધારે નરી-આંખે-બુદ્ધિ-મનથી પ્રત્યક્ષ થયો હોય, અને એ નક્કર હકીકત હોય, તો પછી એના વિશે કશું વિચારવા કરતાં પોતાના વિશે જ સાધકે ઊંડામાં ઊંડું વિચારવામાં સતત લક્ષ આપવું યોગ્ય લાગે છે.

**સંતસમાગમ**

જેમ કર્મના સંસ્કાર ચિત્તમાં પડેલા રહ્યા કરે છે અને સતત પડ્યા કરતા હોય છે, અને તે ક્યારે ઊગી નીકળશે તે, કોઈ પણ ચોક્કસપણે કહી શકતું નથી, તેમ એવી ભગવદ્શક્તિ કે ચેતનશક્તિવાળા આત્માની અસર આપણા અંતઃકરણમાં પડે છે, અને ત્યાંથી મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહંકાર દ્વારા જ્યારે વ્યક્ત થવા માંડે ત્યારે જ તે સ્થૂળમાં પ્રસરવા માંડે છે.

તેમ આવા ભગવાનના ભાવવાળા આત્માની અસર તો સૂક્ષ્મમાં પડ્યા વિના રહેતી નથી, પરંતુ એને વ્યક્ત થવા દેવાની સ્વતંત્રતા આપણા ઉપર અવલંબી રહે છે. કોઈ પણ વૃત્તિ મનમાં ઊઠે છે, તો તે એનો ભાગ ભજવ્યા વિના રહી શકતી જ નથી, તે તો જાણીતી જ વાત છે અને બુદ્ધિથી પણ કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી. તેવી જ રીતે તેવા જીવાત્મા વિશેના અંતરમાં પડેલા સંસ્કાર તેનો ભાગ ભજવ્યા વિના રહેવાના નથી, આપણે ઇચ્છીએ કે ના ઇચ્છીએ તોપણ. એટલે તો આપણામાં સંતસમાગમનો મહિમા અપાર ગાયેલો છે, અને તે હકીકતે બુદ્ધિથી સમજી શકાય તેવો છે, કારણ કે એવા લોકના જીવનનો સંપર્ક અને એમને મળેલો ભાવ અથવા આપણો તેમના વિશેનો જેવા પ્રકારનો હૃદયથી સદ્ભાવ પ્રગટ્યો હશે તે, એના જે સંસ્કાર પડ્યા હશે તે, આજ નહિ તો કાલ જાગ્યા વિના રહેવાના જ નથી, એવું એનું વિજ્ઞાનશાસ્ત્ર છે, પરંતુ એનો સમગ્ર આધાર આપણા પોતાના જીવતા થયા ઉપર સવિશેષપણે રહ્યા કરે છે.

બાકી, સંતલોક જેને આપણે ગણીએ છીએ તે તો સૂકા લાકડાં જેવા છે. એને રસમય, ભીના, આપણા વિશે રખાવવા તે કામ આપણું છે. તે જેટલું જીવતું રાખીશું તેટલું તેઓ આપણા વિશે પરોવાયેલા રહી

શકવાના છે, અને એવોયે પાછો કશો નિયમ ઉપરથી તો તેઓ પાળતા જણાતા હોતા નથી. તેઓ પાળતા પણ હોય છે અને નથી પણ પાળતા હોતા. એમનો કાયદો બધો અંતરનો હોય છે. એને નિયમ હોય છે અને નથી પણ હોતા. તેથી, ત્યાં માત્ર નર્યું માનવીના અજ્ઞાન જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે, એમ માનવીના ભૂલમાં પડવાનું નથી. એમને તો જે તે દીવા જેવું બધું સ્પષ્ટ હોય છે. તેથી એમને સ્થળ, કાળ, મર્યાદાની સમજણ રહે છે અને પ્રત્યેકનાં ઉદય, સ્થિતિ અને લયના ભાવની સમજણ સહજપણે-નિમિત્ત થવાતાં-પ્રગટ્યાં કરે છે, જેમ આરસીમાં કંઈક સામે આવતાં તેમાં દેખા દે છે તેમ, એટલે તેઓ જાણે હાલતા ચાલતા ન હોય તેમ વર્તે છે. તેમના પેટનું પાણી પણ ન હાલતું હોય અને હાલતું હોય તો એટલા વેગવાળું હોય કે તેમની લાગણી - ભાવના (તે વેળાની) કોઈ પણ માનવીની લાગણી-ભાવનાની સાથે સરખાવી શકાય તેવી હોતી નથી. એ કશામાંયે કશાથી ચલિત થતો નથી અને ચલિત થાય છે તો તેની સહજ ગતિમાં. એટલે એની સ્વયંભૂ ગતિમાં ચલિત થતો હોય છે. એને બધા માનવી પોતપોતાની રીતે ત્યારે જે સમજવાનું કરે, તેમાં તેવી સરખામણીને સ્થાન જ નથી.

**આકડિયાના દૂધ રે, અતિશય રળિયામણાં હો જી,**
**એને પીધે તરત જ મૃત્યુ થાય, સંગ ન કીજે નીચનો હો જી.**

એટલે આપણે જીવનમાં જે કંઈ ભોગવીએ - ત્યારે સોબત રાખીએ છીએ - આ સંસ્કારોની સોબત રાખીએ છીએ. પણ એને જે પ્રીડોમિનંટ રહેવું જોઈએ ઊર્ધ્વ પ્રકારનું મનનચિંતન. ત્યારે આપણા લોકોએ કહ્યું કે માણસોથી આ થઈ શકશે નહિ. એટલે આવી સત્સંગની સોબત થવા દો. સત્સંગની સોબત એવા પ્રકારનું બળ છે જે તમને ઊર્ધ્વમાં રખાવશે. સત્સંગની સોબતથી ઊર્ધ્વ પ્રકારની અવેરનેસ (જાગૃતિ) રહ્યા કરશે. આ સોબતને લીધે સામાન્ય માણસને-તેટલા કાળ પૂરતી જે હળવાશ-શાંતિ લાગ્યા કરે છે એવી શાંતિ ને હળવાશ સંસારના સંસ્કારો ભોગવતાં અનુભવાતી નથી. આ જુદા પ્રકારની હોય છે. પેલો આનંદ ભોગવે તો એમાં ક્ષતિ આવે છે. 'ए'ની સાથેની સોબતથી જે હળવાશ શાંતિ અનુભવે છે એના જે સંસ્કાર છે એ નિરાળા પ્રકારના છે. માત્ર एની સોબતમાં જ લાંબો ગાળો જીવ્યા - તો માત્ર એ સોબત તમને તારનારી

થઈ શકશે. તમે સાઈઠ વર્ષ જીવ્યા ને પચાસ વર્ષ સુધી એની સોબતમાં રહ્યા. તો એ બનશે-ભલે તમે જીવદશામાં હો, અને સંસારી જીવો સાથે જે પ્રકારનો સંબંધ હોય એવા જ પ્રકારની લાગણીવાળો સંબંધ એની સાથે હોય તો પણ આટલો ફરક પડે છે.

એવા જીવો પણ સદ્‌વિચારવાળા, સત્કર્મવાળા, સદ્‌ભાવવાળા, સદ્‌ચેતનવાળા, સદ્‌શક્તિવાળા એવાં પુરુષોની સાથે સમાગમમાં આવે-પણ સમાગમ બે-ચાર દિવસ નહિ. આપણે સાઠ વર્ષ જીવ્યા અને પચાસ વર્ષ તેની સાથે ગાળ્યા હોય તો પચાસ વર્ષ જેની સાથે ગાળ્યા - તેના લીધે જ આપણને સત્સંગ થયો, તેના પણ સંસ્કાર છે, એના લીધે આપણે સૂક્ષ્મ શરીરમાં આ પ્રક્રિયાને આપણે ચાલુ રાખી શકીએ છીએ અને ત્યાં આ પ્રક્રિયા સત્સંગને લીધે ચાલ્યા કરે છે. **આપણે પોતે કંઈ કશું ના કર્યું હોય, કોઈ સાધન કર્યું ન હોય, કોઈ ક્રિયા ના કરી હોય, અથવા તો ભગવાનને રિયલી ભજ્યા ના હોય, ભજન ના કર્યું હોય - માત્ર વ્યાવહારિક રીતે તમારો સંબંધ હશે તે આમાં નહિ ચાલે. પણ સાથે પ્રેમ-ભાવ હોવો જોઈએ. ભાવ તો ના કરો પણ પ્રેમ, લાગણી તો વિશેષપણે રાખો. દુનિયાદારીમાં પત્ની-પતિ હોય છે તેના કરતાં પણ વિશેષપણે લાગણી એની સાથે હોય, અને એવો સંબંધ એની સાથે, આટલો કાળ ચાલ્યો હોય, તો એ સંબંધ પણ આપણને તારનારો છે એ વાત પણ ચોક્કસ છે. હકીકતની વાત છે.**

**રેશનલી સમજાવું કે શાથી એમ છે ?** તો પેલાની સાથે આપણો એટલો બધો મેળ છે કે, પત્ની, મિત્ર, ભાઈ આ બધાય કરતાં પેલાને વધારે ચાહીએ છીએ. એટલે એના હૃદયની સાથે, એનાં મન, બુદ્ધિ, ચિત્તની સાથે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત વધારે મળેલાં છે. એટલે બેનું થોડું ઘણું તાદાત્મ્ય છે. એટલે આની અસર પેલા પર છે, અને પેલાની અસર આના પર છે. એકબીજાની અસર એકબીજાની સાથે વણાયેલી રહે છે. એટલે એ જ્યારે શરીર છોડે અથવા પેલો શરીર છોડે ત્યારે આને મૂકી દઈ શકતો નથી. જીવશાસ્ત્રમાં પણ એવું છે કે કોઈ કોઈને મૂકી દઈ શકતું નથી. આવો જેનો અત્યંત મોહ હોય, અટેચમેન્ટ એટલું બધું હોય ત્યારે એની સાથે જન્મવાનો જ. એનું પણ એવું જ છે. એવી રીતે આવા પ્રકારનો જે માણસ છે કે જેને બીજા બધાં સગપણ કરતાં પેલાની સાથે વધુ વહાલ છે, તેની સાથે તે જોડાયેલો છે. એની સાથે

એક રીતે રમમાણ છે તો એના સંસ્કારો છે તે પેલામાં પડેલા છે અને એના સંસ્કારો આપણામાં પડેલા છે. પછી એને સંસારમાં ગમે નહિ. પછી આખરે એ પણ જાય છે અને સૂક્ષ્મમાં બંનેની મૈત્રી ઑર જામે છે. અને સૂક્ષ્મમાં બંને કામ કરતાં થઈ જાય છે અને પાછા પૃથ્વી પર મનુષ્યરૂપે આવીને સાથે આ જાતનો અભ્યાસ કરે છે. એટલે માત્ર તમે ભગવાનને માનો કે ના માનો પણ માત્ર તમે સત્સંગ કરો. સત્સંગ કરો એટલે ભગવાનનું નામ લો એમ નહિ. પણ આવા પ્રકારના જે માણસો છે કે જેને તમે જાણતા હો કે તમારા અંગત માણસે તમને કહેલું હોય તેની સાથે તમે જો આવો કોઈ સંગ કરી દીધો તોય આપણા જીવનનો ઉઠાવ સારો થાય છે. આમાં ભગવાનની વાત વચ્ચે નથી આવતી. લોકો માને કે ના માને એ સવાલ નથી. માનવાથી નહિ પણ અનુભવવાથી જ પત્તો ખાય. નહિ તો અનુભવ થતાં કાળના કાળ વહી જાય. એના કરતાં આ રીત સારી કે "ચાલો આપણે કરતાં તો થાઓ." એમ કરતાં કરતાં આપણાથી એવી સ્થિતિમાં આવી જવાય.

ઊંચા જીવની સાથે આપણે સંપર્કમાં આવીએ એટલે આપમેળે આપણી ઊર્ધ્વગતિ થાય. 'આવીએ' નો અર્થ આપણે આમ મળ્યા એમ નહિ. પણ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એની સાથે મળવાં જોઈએ. અને જે એક વખત નહિ પણ સતત દિવસમાં આપણું મનનચિંતવન ચાલતું હોય અને ઘણાં વર્ષો સુધી આપણો સંબંધ રહે તો. આપણી કોન્સ્યસનેસ એનામાં હોવી જોઈએ અને એ ઊંચો જીવ જો હોય તો એની કોન્સ્યસનેસ તો આપણામાં રહે જ પણ આપણી એના પર રહેવી જોઈએ.

આપણાથી બીજું કશું સાધન ન થાય તો કંઈ નહિ પણ એવા લોકની સાથે સોબતવાળો દિલનો મેળ રાખ્યો હોય તો ઘણું છે. સોબતથી દિલનો મેળ અને સાધના કરે તો કાળ એકદમ ટુંકાય છે. **સાધના ન કરે તો માત્ર સોબતથી દિલનો મેળ કરી દે તો બે જન્મમાં કામ પતી જાય** એટલો ફરક છે. દિલની સોબત થઈ હોય તો બીજા જન્મમાં તત્કાળ પતી જાય છે.

**જો માત્ર એકલી સાધના જ કરે, પણ એની સાથે દિલની રંગીલી-એકદિલી સોબત ન હોય, તો એને વધારે મથામણ કરવી પડે છે અને કેટલાક જીવોની સાધના બીજા જન્મમાં અટકી જાય છે. પાછા સંસારમાં**

**અટવાઈ પડે છે. બીજા આઠ-દસ જન્મ નીકળી જાય છે. પાછા પેલાના સંસ્કાર જાગે, પણ દિલની સોબત થઈ હોય તો આવું ન બને.**

દિલ લાગને સાહેબ, 'અ' સામાન્ય સંસારી છે. 'બ' રિઅલાઈઝડ-(સાક્ષાત્કારી) આત્મા છે. 'અ' અને 'બ'ની વચ્ચે દિલ મળેલું છે. વેગળા રહે છે. કોઈ નિમિત્તને કારણે 'બ' ને 'અ'ની યાદ આવે તો 'બ'ના આંદોલનો 'અ' પાસે જાય ત્યારે 'અ' અને 'બ'નું દિલ મળેલું હોવાથી પેલાં આંદોલનો પકડે છે. કેટલી બધી વાર આ પ્રક્રિયા ચાલતી હોય છે. એટલે રિસેપ્ટિવ (સ્વીકારાત્મક) અને રિસ્પોન્સિવ - (યોગ્ય પ્રત્યુત્તર આપનારું) બોથ (બંને) થાય છે. દિલ મળેલું હોય તો બંને થાય છે. એટલે આ બધું સરળ છે એમ બુદ્ધિ કબૂલે, છતાં એ પ્રમાણે કોઈ વર્તી ના શકે.

## શ્રીસદ્‌ગુરુ

- *ઉત્તમ સાધના : સદ્‌ગુરુ શરણાગતિ*
- *જીવનવિકાસને માર્ગે આપણી આંગળી પકડીને દોરી જનાર એવો સદ્‌ગુરુ મળ્યો હોય અને જેના વિશે શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ જાગતાં થયા હોય, એને સર્વ ભાવે અને સર્વ રીતે જીવનવિકાસને યોગ્ય એવા જ્ઞાનથી શરણાગત રહ્યા કરવું એના જેવી કોઈ ઉત્તમ સાધના નથી.*
- *શ્રીગુરુચરણ મહિમા*
- *સદ્‌ગુરુ સ્વીકાર*
- *ગુરુ એટલે*
- *ગુરુનું કાર્ય*
- *સાધકનું કાર્ય*
- *ગુરુ સાથે સંબંધ*
- *ગુરુ સ્મરણ*
- *પ્રેમભક્તિ*
- *ગુરુદક્ષિણા*
- *વચનપાલન-આજ્ઞાપાલન*
- *ગુરુચેતના*
- *ગુરુકૃપા*
- *સદ્‌ગુરુની વ્યથા*

## સદ્‌ગુરુ-સંતાત્મા મહિમા

### સાધનાનું હૃદય

**મમ હૃદયં તે અસ્તુ ॥**
**મમ ચિત્તં ચિત્તોનાન્વેહિ ॥**
**મમ વ્રતે હૃદયં તે દધામિ ॥**
**મમ વાચમેકમના જુષસ્વ ॥**

"મારા હૃદયમાં તારું હૃદય હો ! મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યાં કર-અનુસર. મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું અથવા હું ધારણ કરું છું. એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું છું. મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું. મારી વાણીને એકમન વડે (એકમના) એટલે એકાગ્ર મનન વડે આનંદથી સેવન કર."

ઉપરના શ્લોકમાં સાધનાનું સાચું રહસ્ય સમાયેલું છે. એ પુણ્ય શ્લોકો સાધનાનું હૃદય છે તે વિના જીવન મેળવવું લગભગ દુર્લભ છે. જીવન કંઈ કાળપ્રવાહમાં તણાયા કરતું માત્ર લાકડું નથી, પણ જીવન એ તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે. ઊર્મિઓના પ્રવાહ પ્રમાણે તણાયા કરવું - ઘસડાયા કરવું - Drifting એ કંઈ જીવન નથી. જીવન તો એક મૂર્તિમંત સાક્ષાત્ કળા છે. જીવન એ તો ચૈતન્યશક્તિથી આવિર્ભાવ પામતી સર્વાંગસુંદર કળા હોવી ઘટે. એવું જીવન કાલ્પનિક તરંગોથી આપણે મેળવી શકવાના નથી જ. લાકડામાંથી કોઈ આકાર ઘડી લેવાનો હોય તો તે કારીગર પાસેથી તેને આકાર પમાડવાનું જ્ઞાન, એ માટે વાપરવાનાં જોઈતાં સાધનોની ખબર અને એને યોગ્ય કુશળતાથી વાપરવાની આવડત તથા લાકડામાંથી તે આકાર ઘડી કાઢવા માટેની ખેવના, ખંત, આંતરદષ્ટિ - આ બધું તે માગી જ લે છે, અને એવું જ સાધનામાં થવાપણું રહેલું છે.

### ઉત્તમ સાધના : સદ્‌ગુરુ શરણાગતિ

જીવનવિકાસને માર્ગે આપળી આંગળી પકડીને દોરી જનાર એવો સદ્‌ગુરુ મળ્યો હોય અને જેના વિશે શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ જાગતાં થયા હોય, એને સર્વ ભાવે અને સર્વ રીતે જીવનવિકાસને યોગ્ય એવા જ્ઞાનથી શરણાગત રહ્યા કરવું એના જેવી કોઈ ઉત્તમ સાધના નથી.

## શ્રીગુરુચરણ મહિમા

શ્રીગુરુચરણ, શ્રીભગવાનનાં ચરણકમળનો મહિમા ભક્તિમાં અનેકગણો ગવાયેલો છે. ચરણ એટલે ગતિ પ્રેરાવનાર-ગતિપ્રેરક. સાધકને ધ્યેયને માર્ગે લઈ જનાર. ચરણમાં સ્થિતિસ્થાપકતા પણ છે, ગતિ પણ છે અને ઊર્ધ્વપણું પણ છે. તેથી, તેમાં ત્રણેય ગુણનો સમાવેશ પણ છે અને તેનાથી તે પર પણ છે.

ચરણ જેને તેને સ્પર્શે છે. વળી, તે તેના ઉપર ટકતાં હોવા છતાં તેનામાં જ તે જડાઈને રહેલાં નથી. જેને સ્પર્શે તેને તે ઓળખી લે, પણ તે તેનામય થઈ જતાં નથી. એને પાર કરે છે. એના ઉપર તે રહે છે. જેના ઉપર થઈને જાય તેના ગુણદોષને તે પિછાણે ખરા, પણ તે મનમાં કદી સંગ્રહી રાખતા નથી.

ચરણ ઉપર જ જે તે ઊભું રહી શકે છે. ચરણથી જ જ્યાં જ્યાં જવાનું હોય ત્યાં જઈ શકાય છે. ચરણ જ શરીરના આધારરૂપે છે. છતાં તેની કશી જ ગણતરી ના હોય તેમ તે પ્રવર્ત્યા કરે છે. એ એક મહત્ત્વનું અંગ હોવા છતાં કશા જ મહત્ત્વનું જાણે ન હોય એવું લાગે છે. ચરણની ભાવનામાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા રહેલી છે, તેવું આપણાથી થવાય તે માટે પ્રતીક - (symbol) - તરીકે આધ્યાત્મિક માર્ગમાં એની પૂજાને સ્થાન છે, પણ તે જડ તરીકે નહિ. તે નીચામાં નીચા હોવા છતાં આપણને તે જ ટટ્ટાર રખાવી કે રાખી શકે છે. તે જો નબળાં હોય તો શરીર નબળું જ પડે. ચરણની સાથે જ જે તે બધું સંકળાયેલું છે. ચરણનો મહિમા જેને સ્થૂળ અર્થમાં સમજાય તે તો ચરણને તેની યોગ્યતામાં જો રાખે તો આખાય શરીરને માનવી તેની યોગ્યતામાં રાખી જ શકે. ચરણનો જ્ઞાનભાવ તો દાસાનુદાસ છે. ભક્તિભાવ તો પોતે નીચામાં નીચા પદે રહીને પણ ટટ્ટાર રહી શકે છે. તેવી જ્ઞાનદશામાં પ્રગટવા માટેની એની એવી ધારણા છે. ચરણ વિના બીજો ક્યાંયે આધાર નથી. તેમ આપણામાં પણ રજનીયે રજ થયા વિના જીવનનું યોગ્ય થવાપણું નીપજવાનું જ નથી. ચરણથી જ શરીરની સાર્થકતા છે. ચરણ પોતે શરીરને અધ્ધર રાખે છે. તેથી, તેવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નમ્રતા પ્રગટ્યા વિના જીવનવિકાસ દુર્લભ છે. ચરણનો મહિમા એટલે જીવનવિકાસ માટેની એક પ્રાથમિક જરૂરિયાત-મુખ્ય અને

મહત્ત્વના અંગ તરીકેની શરત, નમ્રતા કેળવવાનું પ્રત્યક્ષ તે પ્રતીક છે. ચરણમાં જ જે તે સમાયેલું છે. ચરણનાં તળિયાંની ચામડી ઘણી જ બરછટ-જાડી હોવા છતાં તેમાં જે સૂક્ષ્મપણું રહેલું છે તેવું શરીરના બીજા ભાગમાં નથી. રાત્રે અંધારામાં ચાલતાં પણ જો પગ તળે સુવાળું સુંવાળું કંઈક આવે તો પગને એકદમ ખબર પડી જાય છે. પગતળે કશુંક દબાતું હોવા છતાં પગ એને કચરી દેતા નથી. જીવનમાં એવું જ્ઞાનભક્તિભાવે પણ વર્તવાની જરૂર રહ્યા જ કરે છે. ચરણમાં બરછટપણું હોવા છતાં એના સૂક્ષ્મ ભાવમાં ફરક પડી શકતો નથી. એ પોતે જડ જેવો હોવા છતાં એના ચેતનપણામાં ફરક પડતો નથી.

ચરણ ચાલે ત્યારે એને કશું ને કશું તો દબાવવું જ પડે છે. એ ચાલે છે ત્યારે રસ્તો કાપ્યાં જ કરે છે અને જીવનસાધનામાં પણ આમ જ બન્યા કરતું હોય છે. ચરણની રજનીયે રજ થયા વિના કોઈ જીવનો જ્ઞાનમાર્ગે ઉદ્ધાર નથી એમ જે કહ્યું છે એનો અર્થ સરળ અને સહેલો છે. સંપૂર્ણ નિરભિમાની અને જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતાની છેલ્લામાં છેલ્લી હદ સુધી જીવથી પહોંચાયા વિના તેની ઊંચી ગતિ થવી કદી પણ શક્ય નથી. તે ઉપરાંત વળી સાચા અર્થમાં આપણે કશું જ નથી તેમ જ આપણાથી કશું થઈ શકતું હોતું નથી, જે તે કર્તાકરાવતા ચેતન જ છે. જે કંઈ થતું, બનતું દેખાયા કરે છે, તે સઘળું ચેતન દ્વારા જ બનતું હોય છે. એ ચેતનને વ્યક્ત થવાની ભૂમિકા માનવીનામાંથી ગુણભાવનો અહમ્ નષ્ટ નથી થતો ત્યાં લગી પાકી શકતી નથી. એટલે માનવી સાચી રીતે પરમ મંગળમય ચૈતન્યના રજનીયે રજ નથી.

શરીરની રચનામાં અર્ધો ભાગ તો ચરણ રોકી લેતો હોય છે. તે રીતે જોતાં ચરણનું મહત્ત્વ શરીરમાં જેમ છે તેમ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં ચરણ જ માનવીનું યોગ્ય સાધન છે. માનવીનું મન એવું ન બને ત્યાં લગી ઊર્ધ્વગતિ શક્ય નથી. મનને બોધ પ્રેરાવવાને અને પોતે કેવા સાધનથી અને કેવી રીતે થઈને ઊર્ધ્વ ભૂમિકાને યોગ્ય બનવાનું છે, તેનો દાખલો લેવાને માટે એ તેના માટે ઉત્તમ નમૂનો છે.

સંત, મહાત્મા, ઉચ્ચાત્માની ચરણરજ માથે ચઢાવવાથી માનવી પાવન થાય છે, એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે, પરંતુ એવી રીતે ચરણરજ માથે ચઢાવવાથી જ કોઈ જીવનું કશું વળતું હોતું નથી. નમવું

એટલે જેને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કંઈ ઉત્તમ હોય તે ગ્રહણ કે સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે. નમવું એ પોતાના જીવન વિકાસને અંગે છે. સ્થૂળ નમવામાં કશો લાભ નથી. બલકે દંભ વધવાનો પૂરો સંભવ રહે છે. જે કાર્ય પાછળ હૃદયની જીવતીજાગતી જાગૃતિપૂર્વકની ચેતના નથી, તે કાર્ય માનવજીવનને કદી પણ ઊર્ધ્વ જીવનમાં લઈ જઈ શકતું નથી. જે ગતિમાંથી આપણામાં જીવંત શ્રદ્ધા જન્મે અને જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે અને સચરાચરમાં વ્યાપી રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે, અને એવું જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે થાય ત્યાં ત્યાં મારા શ્રીગુરુનાં ચરણ છે એમ અનુભવવું. **શ્રીગુરુ એટલે કંઈ શરીર નહિ. તેમ તેની તેજસ્વી પ્રભા પણ નહિ, પરંતુ તેના જીવનની કોઈ અલૌકિક દિવ્ય, રમ્ય અને ભવ્ય ક્રિયમાણ થઈ રહેલું જીવંત દૈવત.** સંત મહાત્માઓને પગે લાગવાથી કશું વળે નહિ. જે કર્મ થતી પળે સાધનાનું જેમાં જીવંત જ્ઞાન નથી એવું કર્મ એ કર્મ નથી, પરંતુ ઊલટું વેઠરૂપ છે. આંધળું અનુકરણ કર્યે પણ કશું ન વળે. કોઈ પણ મહાન આત્માની જગતમાંની પ્રતિષ્ઠાથી અથવા તો જગતની અંકાયેલી પ્રતિભાથી અંજાઈ ગયે પણ જીવનો ઉદ્ધાર નથી, પરંતુ એ સાધુ, સંત, મહાત્માઓમાં જે પ્રચંડ ઝળહળતી ચેતના જાગી રહેલી છે અને તેમનામાં અથવા તેમના દ્વારા જે કંઈ નવું સર્જન કરવાને તેમનામાંનું તત્ત્વ ઇચ્છે છે, તે તત્ત્વના ભાવને સાધક જો જ્ઞાનભક્તિપૂર્વકની ધારણાથી હૃદયથી આવકારવાનું કરે, એટલું જ નહિ, પરંતુ એને કામે લગાડ્યા કરવાની કળા શીખે તો જ આપણને કંઈ સાચું તત્ત્વ મળી શકવાનું છે. સંત, સાધુ, મહાત્માઓનાં ચરણકમળનો મહિમા અનેક જ્ઞાની સંતભક્તોએ ગાયો છે, પણ તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતો ખ્યાલ આજે સમાજમાં નથી. સમાજ આજે ચરણમાં પડે છે તો ખરો, પરંતુ એની એ ટેવમાં ક્યાંય પણ જીવતાપણું નથી. એ તો ખાલી અજ્ઞાનતાભરેલી જડતા છે. એવી ટેવથી ઉદ્ધાર થવો તો ક્યાંય રહ્યો, પણ પતન જ થાય. સંસારવ્યવહારનાં કર્મમાં પણ જડસુ માનવી તે કર્મનો કંઈક ખ્યાલ રાખતો હોય છે. જો તે સાચું હોય તે સાધનાના માર્ગમાં કર્મમાં

રાખવાનો જીવંત હેતુ કેટલો બધો પ્રાણવાળો હોવો ઘટે, તે સમજી શકાય તેવું છે. સાધનામાંથી માનવીની દૃષ્ટિ શક્તિ ખીલતી જવી જોઈએ, તો જ પ્રત્યેક કર્મમાં અનેક પ્રત્યેક કર્મથી જીવનની ગતિ થવાનો પૂરતો સંભવ રહે છે.

ચરણની સેવા એ ભક્તિ એ તો જીવનમાં જીવનને ગતિમાં આણવા કાજે છે. સંત, સાધુ, મહાત્માઓ તો સદા ચાલતા જ હોય છે. તેઓ કદી પણ સ્થિર કે સલામત હોતા નથી. એટલે એક રીતે તેઓ ગતિમાન ચરણરૂપે જ છે અને તેઓ 'સર્વભૂતહિતરત' છે એવો એમનો સહજ સ્વભાવ છે. એમાં એમને કશું વિચારવાપણું રહેતું નથી. એવા જીવતાં ચરણનો આદર્શ સાધકના ખ્યાલમાં રહે, એ કાજે ગુરુચરણનો મહિમા ગાયેલો હશે એમ હું માનું છું.

## શરણભાવ અને સાચા ગુરુની પરખ

શરણભાવ જેને જાગે છે, તે સાધનાના પંથે પડી ચૂક્યા જ છે એમ સમજવું. જે કોઈ સાધક જાગૃતિ રાખીને પોતાના જીવનવિકાસનું માપ સહજમેળે જોયા કરતો હશે, તેનું કોઈ વાતનું અકલ્યાણ થવાનો સંભવ રહેતો નથી. સાધક સંપૂર્ણપણે સાધનામાં જ મુખ્યત્વે ઝોક આપ્યા કરતો હશે તેમ છતાં તેનું પરિણામ સરળપણે, સહજપણે બન્યા કરતું અને ઉપર તરી આવતું તેના ખ્યાલમાં આવવું જ જોઈએ, તો જ ગમે તેવા ગુરુની પકડમાં ભરાઈ પડવાનું તેના માટે શક્ય નહિ થાય. જો કોઈ ગુરુ એમ કહે કે "તું મારામાં જ શ્રદ્ધા રાખ, પૂરેપૂરો વિશ્વાસ, શરણભાવ અને સમર્પણભાવ રાખ્યા કર, બધું એની મેળે થઈ જશે અને કોઈ ધન્ય પળે આત્મસાક્ષાત્કાર થઈ જશે" તો જાણવું કે એવું કહેવું યથાર્થ નથી.

ગુરુના જીવંત સંસર્ગથી આત્મસાક્ષાત્કારની પ્રાથમિક શ્રેણીઓની સમજૂતી, ચોક્કસ ભાન અને દર્શન જો ન થાય તો એવું માની લેતાં પહેલાં સાધક સો ગળણે ગાળીને પાણી પીવે, તો તેમાં તેવા ગુરુ પ્રત્યે અન્યથા ભાવ છે, એવું ગુરુએ માનવાનું કશું કારણ નથી. સૂર્યનો ઉદય થયા પહેલાં જેમ અનેક સુવિદિત ચિહ્નો છે જ, તેવું આમાં પણ છે જ. એટલે કે તેવી છેક સુધીની સ્થિતિ આવતાં પહેલાં સાધકની પ્રકૃતિ કે સ્વભાવનું કશુંયે રૂપાંતર થતું જતું જો તે ન અનુભવી શકે તો તેણે કાળજી રાખીને ત્યાં અચકાવું જોઈએ, અને ગુરુની સાથે બેસીને પોતાની

રીતે એની સાથે સમજણમાં ઊતરવું જોઈએ. મતલબ કે સાધકે કોઈ પણ પ્રકારનો સંકોચ કે અંતર ગુરુની અને પોતાની વચ્ચે ન રાખવો જોઈએ.

## સદ્‌ગુરુ સ્વીકાર

### શરૂઆતમાં તો અધૂરી શ્રદ્ધા

આ જ કારણસર સાધકમાં ગુરુ પ્રત્યે શરૂઆતમાં બધી રીતનાં સંપૂર્ણ, શ્રદ્ધા વિશ્વાસ જીવંત હોતા નથી. સાધક બુદ્ધિથી ગુરુનું બધું સ્વીકારે તે યોગ્ય નથી અને પૂરતું પણ નથી. ગુરુના ભાવને સાધકનાં પ્રત્યેક અંગો પ્રેમથી, ઉમળકાથી શરણભાવે સ્વીકારવાને યોગ્ય બને કે હોય તે સ્થિતિ તેના વિકાસને માટે યોગ્ય ગણાય. "સમગ્ર જીવન ભગવાન માટે જ છે" એવી જેને દઢ પ્રતીતિ થઈ હોય એવા હૃદયની જિજ્ઞાસાવાળો નિષ્ઠાવાન સાધક આગળ વધ્યા વિના રહી શકવાનો જ નથી. તેવો સાધક શરણભાવવાળો ગણાય.

### બાળક જેવી દઢ શ્રદ્ધા રાખો

બાળક કેટલી બધી વાર સુધી - પોતાને પૂરું જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી-માબાપની આંગળીરૂપી ચાલણગાડી ઉપર અટળ શ્રદ્ધા રાખ્યા કરે છે! તેવું આપણામાં પણ શ્રદ્ધાયુક્ત વલણ પ્રગટવું ઘટે. આપણે એક, બે, ત્રણ વાર સદ્‌ગુરુની ખાતરી કરી લઈએ કે ઘડો કાચો છે કે પાકો છે, બોદલો છે કે ફૂટેલો છે, એ બધું જાણી લેવું જરૂરનું છે કે જેથી જીવનને તે જોખમાવે નહિ. આ બાબતમાં જો હૃદયપૂર્વકની ખાતરી થઈ જાય અને એવી ખાતરી મળી શકે એવાં લક્ષણો હકીકતપણામાં મળી જતાં હોય (આવું તો ત્યારે જ સમજાય કે જ્યારે આપણી અંતરની આંખ અને આપણું હૃદય તે સમજવાને, સ્વીકારવાને યોગ્ય તત્પરતાવાળાં પ્રગટેલાં હોય) તો એનામાં સર્વ ભાવે, સર્વ રીતે અને સર્વ વાતે જ્ઞાનાત્મકપણે શ્રદ્ધાવિશ્વાસ રાખ્યા કરવા જોઈએ અને જ્યાં લઈ જાય ત્યાં જવા તૈયાર રહેવું ઘટે. જીવનધ્યેયના હેતુની ભાવના સ્વીકાર અર્થે ત્યાં સાધકે જાગ્રતપણે ચેતતા તો રહેવું જોઈએ.

### પોતાનો વિકાસ એ જ માપ

શ્રદ્ધા વિશ્વાસ રાખવાં એટલે આંધળા બની જવું એવો એનો અર્થ નથી. સાધકમાં યોગ્ય પ્રકારનો વિવેક જાગ્રતપણે પ્રગટેલો હોવો જોઈશે. ઘણીવાર શીખનારની સદ્‌ગુરુ અનેક ગૂઢ રીતે પરીક્ષા પણ લેતો રહે છે,

કારણ કે એને જેમ જેમ એના અંતરની ગમ પડે છે, તેમ તેમ અને પ્રત્યક્ષપણે પણ એની પરીક્ષા તે કરતો રહે છે. આ બધી હકીકતની પેલા શીખનારને તો કશી ગતાગમ હોતી નથી. શીખનારે પોતાનો વિકાસ થયા કરે છે કે નહિ, એ માપે ચાલ્યા કરવાનું છે. એના જીવનનો થતો જતો વિકાસ એ જ એની પારાશીશી - સાચું માપકયંત્ર છે. જીવનનો વિકાસ જો થતો જતો હોય તો તે કંઈ સમજાયા વિના થોડો જ રહી શકે છે? કોઈ શીખનાર સાધનાના વાતાવરણના ઉત્કટપણામાં મુગ્ધ બનેલો હોય, એને લીધે પોતાની પ્રગતિ થયા કરે છે એમ માન્યા કરતો હોય તો તેવી માન્યતામાં તેવા શીખનારને એનો ગુરુ રહેવા દેશે નહિ. વખત આવ્યે એને તે ચેતવ્યા વિના રહેશે નહિ. આમ, શીખનારે તો પોતાના વિકાસની પ્રગતિનો ઈતિહાસ કેમ રચાતો જાય છે, એવું એને તટસ્થતાપૂર્વક સ્પષ્ટ દર્શન જો થયા કરતું હોય તો ગમે તેનાથી એને ક્યાંયે છેતરાઈ જવાનો ભય રહેતો નથી તે હકીકત તો નિઃસંશય છે.

**માટી જેવા મુલાયમ બનો**

સદ્‌ગુરુના હૃદયનો મૂળ ભાવ આપણામાં કામ કરતો બની શકે, તે કાજે આપણે પણ તૈયાર હોવાનું જરૂરનું છે. બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ-તે બંને દશા અયોગ્ય છે. ''બહુ ખેંચી પકડીએ'' એટલે પુરુષાર્થથી કરી તંગ ને તંગ રહ્યા કરતા હોઈએ તે, ને ''બહુ ઢીલું મૂકી દઈએ'' એટલે તો પ્રમાદ, આળસને તામસમાં જ પડ્યા રહ્યા કરતાં હોઈએ તેવી દશા. આપણે તો તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. આપણે તો જ્ઞાનભક્તિપૂર્વક માટીના લોંદા જેવા મુલાયમ બન્યા કરવાનું છે.

**સ્વીકારાત્મક ને ગ્રહણાત્મક ભૂમિકાની જરૂર**

માટે કૃપા કરી એવી ખોટી ભ્રમણામાં રહેશો નહિ કે કોઈ સંતાત્માની કને રહેવાથી કે એનો પ્રેમભાવ હોય કે તેવો પ્રેમભાવ પ્રવર્તતો દેખાય તો આપણો ઉદ્ધાર થઈ જવાનો. એના ભાવની સ્વીકારાત્મક ને ગ્રહણાત્મક ભૂમિકા જ્યાં સુધી આપણામાં નહિ પ્રકટી હોય, ત્યાં સુધી એનો ભાવ કંઈ કશું નહિ કરી શકે. તે તો આપણને સ્પર્શવા, સજીવન કરવા, ચેતનવંતા પ્રકટાવવા કંઈ કંઈ વેળા આવી આવીને આપણા જ કારણે પાછો વળી જતો હોય છે એવી નક્કર વાસ્તવિક હકીકત કોણ સમજી શકે એમ છે?

## સહજમેળે હૃદયથી ઉત્તમ સ્વીકાર

ગુરુના હૃદયભાવને સહજમેળે જો જીવનમાં આપણાથી સ્વીકારાઈ શકાતો હોય તો તે સર્વથી ઉત્તમ છે. તર્કશક્તિથી, બુદ્ધિની મદદથી, વળી બીજી રીતે વિચારીને એની (ગુરુ)ની યથાયોગ્યતાનું પારખું નિહાળીને તથા બીજી એવી બાહ્ય રીતિઓથી તપાસીને એને લેવાનું બન્યું હોય છે, તે પણ ખોટું તો નથી, પરંતુ તેના કરતાંયે ઉત્તમ તો આપમેળે પોતાના હૃદયથી એને પ્રેમભક્તિથી સ્વીકારાઈ શકાયો હોય, તો તે ઘણું ઘણું ઉત્તમ કહી શકાય.

## હૃદયથી સાદ પાડો

પ્રભુકૃપાથી જ્યારે હૃદયની પ્રેમભક્તિની ભાવનાથી એની (સદ્‌ગુરુના હૃદયની) સાથે હૃદયનું સંધાણ થઈ જાય છે, તે વેળાએ જ્યારે આપણે જીવપણામાં આવી જતાં હૃદયથી એની પ્રાર્થના કરતાં આપણે પાછા ઉપર તરી આવીએ છીએ એવો મારો તો તેવી બાબતમાં જીવનનો પાકો અનુભવ છે. એની સાથે આપણા હૃદયનો ઉત્કટમાં ઉત્કટ તાદાત્મ્યપૂર્વકનો પ્રેમભાવ હૃદયમાં પ્રગટી ગયેલો હોવો ઘટે. એને હૃદયમાં, હૃદયથી હાક મારવાની કળા ને તેવી ચેતનયુક્ત જાગૃતિ એટલું આપણામાં પ્રકટેલું હોય તો કંઈ પણ કશું આપણને હચમચાવી ન મૂકે. પ્રસંગ ગમે તેવો હોય, કામ અઢળક હોય, દર્દ કે એવું બીજું ગમે તેવું હોય, કશું આડુંતેડું હોય, તે વેળા જો આપણે હૃદયથી એને પ્રેમભક્તિ વડે હાક મારીએ ને પ્રાર્થના કરતાં હોઈએ, તો તેવી વેળા તે હૃદયમાં પ્રકટે છે એવો અનુભવ થાય છે. તેવા પ્રકારના અનુભવોથી સાધકને હૃદયમાં પાકી ખાતરી થતી હોય છે, કે તે એકલો નથી. સાથે જરૂર કોઈ છે જ. તેમ ઓથનો અનુભવ થતાં તે તેવું પોકારતાં બળ મળતું જ્યારે તે અનુભવે છે, ત્યારે એને માથે સમર્થ ગર્જે છે, એવો પણ અનુભવ થાય છે. એવો અનુભવ થતાં સાધક સદાય નિશ્ચિંત રહ્યા કરે છે. એની નિરાંત પછીથી તો કશાથી ઘવાતી નથી.

## સદ્‌ગુરુનો ભાવ કેમ ઝટ પરિણમતો નથી ?

ઉત્તમ પ્રકારની ભાવના હોવા છતાં જીવ કોટિનો જીવ અસલ ભાવનાને તેના મૂળ અસલના સ્વરૂપમાં રહેવા દઈ શકતો નથી. ભાવનાના અસલના સ્વરૂપની મૂળ ઉત્તમતા અને સઘનતા જીવ પોતે પોતાના વડે કરીને બીજા પ્રકારની કરી નાખે છે, તેમાં પોતાનું સ્વરૂપ

અને પ્રકૃતિ ભેળવીને. માટે આપણે તે બાબતમાં ખાસ જાગૃતિ રાખવાની છે. એક વેળા કોઈ ઉચ્ચાત્માનો અનુભવ તેની ચેતનની કક્ષામાં, અને જીવકક્ષાથી ઉપરની દશામાં પૂરેપૂરો ખાતરીપૂર્વકનો આપણને થયો હોય, જેના વિશે કશી કોઈ જાતની આપણને શંકા ન રહે, તો પછી એના તે પ્રકારના બીજા વ્યવહારમાં બીજું કશું આઘાપાછાપણું ના હોય, તે વિચારવાનું કામ પણ આપણું હોય. વળી, ઉત્તમ પ્રકારના સંતાત્માના ભાવમાં જ્યારે સામા જીવનો રાગ ભળે છે, ત્યારે સામા જીવમાં પેલા ઉચ્ચાત્માના મૂળ અસલ સ્વરૂપના ભાવની જે ઉત્તમતાની અસર પ્રગટવી ઘટે તે પ્રગટી શકતી નથી. અલબત્ત, તે કાળ પૂરતી. માટે આપણે હૃદયના ભાવની ઉત્તમતા અને ઉત્કટતા વધાર્યા કરવી અને એ રીતે જો કેળવાયાં કરીએ, તો અસલના મૂળ ભાવનું આપણામાં જરૂર અવતરણ કરી શકીએ.

**સદ્‌ગુરુના ઉપયોગની શ્રેષ્ઠ રીત**

સદ્‌ગુરુના ઉપયોગના ભાવમાં જેટલા પ્રમાણમાં ગણતરીઓ કરી કરીને વર્તવાની ટેવ, તેમની સાથે તોળીને વિચારી આચરવાની પદ્ધતિ, જીવનમાં અમુક માન્યતા કરી બેઠેલી સમજણો અને માપો - એનાથી એને તોળ્યા કરવાની રીત, એને આપણી પેઠે જ કામ કરનારા જેવો માનીને એની સાથે એવો વર્તાવ કરવાની રીત, એને ચકાસી જોવાની આપણી આદત, આવું જેટલા પ્રમાણમાં ઓછામાં ઓછું તે વેળાએ (એની સાથેના ઉપયોગના વર્તમાનકાળમાં) વાપરવાનું બને તે આપણા માટે ઉત્તમ છે. આ વિશે એટલે ઉપલા સાધનને વાપરવા અંગેનો નિશ્ચય જેટલો બને તેટલો હૃદયમાં પાકો દઢાવીને આપણે વર્તવાનું છે. તે વર્તવાની વેળાએ આપણા હૃદયના ભાવનું એકાગ્ર ને કેન્દ્રિત અનુસંધાન એની સાથે જ કર્યા કરવાનું છે.

**આપણે જ ભાવને ધક્કો મારીને પાછો વાળીએ છીએ**

એને ઉપલી રીતે જ્ઞાનપૂર્વક જીવનમાં વાપર્યા કરવાથી એનો ભાવ કામ કરી શકતો કરવાને યોગ્ય ભૂમિકા આપણામાં એ પોતે મેળવી શકે છે. બાકી એનો ભાવ તો ઘણીયે વેળા આપણામાં આવીને આપણા જ વાંકે પાછો ચાલ્યો જતો હોય છે. આવી આધ્યાત્મિક આંતરિક હકીકતને કોણ માની શકે તેમ છે? પણ તે તદ્દન સાચી હકીકત છે. આપણે બધાં આપણી પોતાની આડે આવીને સ્વચ્છંદે વર્તનારા જીવો છીએ. માટે હજી

ચેતવું હોય તો ચેતવાનું છે. આપણી પોતાની રીતે, સમજણે ને અહમ્‌થી ચાલનારા હોવાથી આપણે યથાયોગ્યપણે ન પ્રવર્તીએ એવું આંધળાપણું આપણામાં ન પ્રકટે એવી સર્વ મળેલાં સ્વજનોને પ્રાર્થના છે.

**એ ભાવ શાંત થવાની શક્યતા**

જીવનમાં પ્રકાશ પાડવાને માટે તે આવે છે, પરંતુ ઊલટું, તેને આપણે હડસેલી દઈએ છીએ, એવું ભાન પણ આપણને જાગતું નથી, તોયે તે વળગતો આવે છે. એ તો એના ધર્મની મર્યાદાના છેક છેડા સુધી જશે જ જશે, કારણ કે તેમ કર્યા વિના એનો આરો નથી. પ્રાકૃત માણસની પેઠે એ કંઈ કશાને તાબે થઈને કે પરતંત્ર થઈને કંઈ કશું કરતો નથી. તે તો બધું અમુક હેતુ માટે કરે છે. તથા, તેવું એનાથી કેમ બનવાપણું થાય છે એનાં કારણો પણ એના જ્ઞાનમાં હોય છે.

પરંતુ એની એવી પ્રક્રિયા થતાં સુધીમાં જો આપણે જાગી ન શક્યાં, એને દિલનો સાથ ન આપી શક્યાં, તો એ ભાવ આખરે શાંત થઈ જવાનો. એમાં પેલાને તો કશો ગેરલાભ આપણને તો નથી. જો સૂક્ષ્મપણે વિચારીએ તો, ઘણો ઘણો ગેરલાભ છે.

**એકાશ્રયનું મહત્ત્વ**

પવિત્ર આત્માઓના સંપર્ક, સંબંધ અને પ્રેમમાં સાધક જેટલો રહે એટલું સારું છે જ, પણ તે વલણ જેટલું કેન્દ્રિત થયેલી દૃષ્ટિવાળું હોય તેટલું વધારે લાભદાયી છે. નહિ તો એટલા બધાની સાથેના સંપર્ક અને સંબંધમાં પણ એની વૃત્તિ અને શક્તિ વેરવિખેર થઈ જાય. વહેંચાયેલી રહે, dissipate થઈ જાય, 'બહુશાખા' થઈ વિખરાઈ જાય અને એથી કરીને એનામાં ગોટાળો થવાનો સંભવ રહે. આ જ કારણસર સાધકની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ગુરુમાં કેન્દ્રિત કરવા તથા રાખવા માટે જ કોઈ પરમ દૃષ્ટિએ 'ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ'વાળા શ્લોકની રચના કરી હશે.

જે કોઈ જીવમાં જીવનના અંતિમ ધ્યેય પરત્વેની જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના જાગેલી છે, એવા જીવને તો ગુરુને તેના હૃદયમાંની તમન્ના ગુરુને પોતાની પ્રત્યક્ષ ખેંચી લાવશે. તેવા સાધકને ગુરુને શોધવા જવું પડવાનું નથી. સાચી રીતે તો ગુરુ એ કોઈ બહારની ભાવના નથી. ગુરુ અને શિષ્ય-એ બે, બે હોવા છતાં એક જ છે. એવો ભાવ જ્યારે સાધકના દિલમાં પ્રેમભક્તિજ્ઞાનયોગ ભાવે ઉત્કટપણે દિલમાં જાગે છે, ત્યારે એના હૃદયમાં ગુરુ જીવતો બની જાય છે.

ગુરુનું મહત્ત્વ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સર્વ કોઈ, કોઈ ને કોઈ પાસેથી કાંઈ ને કાંઈ શીખવતું હોય છે. દરેકને કોઈ ને કોઈ પાસેથી દોરવણી મળ્યા કરે છે. દરેક વિષયોથી અને બાબતોથી આધ્યાત્મિક માર્ગ એ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય છે. એ જો જગતના વહેવારમાં પ્રત્યેક બાબતમાં સર્વ કોઈને કોઈ પાસેથી શીખવાનું બને છે, તો આધ્યાત્મિક માર્ગમાં ગુરુની જરૂરિયાત અનેક ગણી વધારે છે. આજના યુગમાં નથી ક્યાંય ગુરુની ભાવના કે નથી ક્યાંય શિષ્યની ભાવના. સૌ કોઈને મહેનત વિના, તપશ્ચર્યા વિના, આળસુની પેઠે બેઠાં બેઠાં ખાવું છે. આધ્યાત્મિક માર્ગમાં એવા કોઈ જીવોને સ્થાન નથી.

## ગુરુ એટલે

જ્યાં જ્યાંથી જીવનમાં શ્રદ્ધા જન્મે, જ્યાં જ્યાંથી હૃદયમાં ભક્તિના અંકુરો પેદા થાય, જ્યાં જ્યાંથી અંતરના ઉમળકાએ પ્રણામ કરવાની પ્રેરણા મળે, એવા હૃદયના ઉમળકાનો ફુવારો જ્યાં ફૂટે ત્યાં ત્યાં જીવનના ગુરુ છે એમ જાણવું. **ગુરુ એટલે કંઈ તેનું શરીર નહિ, તેની પ્રભા પણ નહિ, પરંતુ તેનામાં પ્રગટેલી કોઈ અલૌકિક દિવ્યશક્તિ અને ક્રિયમાણ થઈ રહેલું તેનું જીવંત દૈવત.**

પ્રભુકૃપાથી જીવનનો સદ્‌ગુરુ જે હોય, તે છે તો આપણા જેવો માનવી. એને પણ આંખ, કાન, નાક, જીભ વગેરે ઇન્દ્રિયો હોય છે, ને મનાદિકરણો પણ હોય છે. જીવનમાં શ્રદ્ધા પ્રકટાવવા સદ્‌ગુરુની જીવનવર્તન કળાનું જ્ઞાન સાધકને હૃદયમાં પ્રકટે, તો સદ્‌ગુરુને ઇન્દ્રિયો હોવા છતાં એમાં જીવપણું નથી તેનું તેને જરૂર જ્ઞાન થાય.

એકવાર ચેતનમાં જાગેલ જીવમાં તેવું જીવપ્રકારનું સ્થૂળપણું નથી, એમ એને બુદ્ધિમાં ઊતરી શકે, ને જેને બુદ્ધિ પણ નકારી ન શકે, તેવી રીતે તે પ્રભુકૃપાબળથી નક્કરપણે જીવનના પ્રસંગોમાં બતાવી આપે છે, તે તેમની મોટામાં મોટી સત્કૃપા છે, પરંતુ આપણે બધાં તો જીવ પ્રકૃતિનાં રહ્યાં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને જશોદામાતાને પોતે તો શ્રીભગવાનનો અવતાર છે, ને પોતે ઘણી ઘણી મહત્તાવાળા છે, એવું તેમના જીવનમાંના અનેક પ્રસંગોમાં બતાવેલું, ને એમની સહજ લીલાના વર્તનમાં એમની અતિમાનવતાના અનુભવો પણ કરાવેલા, કે જેને ચમત્કાર પણ કહી શકાય, **તેમ છતાં જશોદામાતાજીને તો કૃષ્ણ**

**પોતાના નાના બાળક જ લાગ્યા કરે.** જીવનની કોઈક ધન્ય પળે તેમની મહાનતાનું જ્ઞાનભાન જાગતું, તો પાછું તેમના પરત્વેની માયા-મમતાના મોહબળથી કરીને એ આવરાઈ પણ જતાં હતાં.

## શ્રીસદ્‌ગુરુની હૃદયભક્તિ

ન સદ્‌ગુરુ કોઈ આકાર, ન સદ્‌ગુરુ સ્થૂળ શરીર પોતે,
સ્વરૂપે ભાવ સદ્‌ગુરુ છે, વળી શો ભાવ અતીત પણ તે !

સદ્‌ગુરુ પૂર્ણ આધારે હૃદયમાં ને હૃદયથી તે,
ક્રિયાશીલ જીવતો કરવો રહ્યો આધાર તમ પર છે.

પ્રકૃતિનું જ સામ્રાજ્ય કરણ પરથી જતું રહેતાં,
શ્રીસદ્‌ગુરુ આપમેળે શો છતો થઈ ખેલતો ત્યારે !

**સદ્‌ગુરુ એટલે** એનું સ્થૂળ શરીર તો નહિ. જીવનવિકાસ પરત્વે પ્રેરવનારી એક પ્રકારની જે ભાવના દિલમાં પ્રગટ્યા કરીને ઝળહળતી બળ્યા કરે છે, તેવી અંતઃસ્થ ભાવના તે સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુનો આકાર પ્રકાર નથી. એ કોઈ એક પ્રકારના ચોકઠામાં પુરાઈ શકે એવી સમજણ પણ નથી. એ મર્યાદા નથી તેમ તે બંધન નથી ને મુક્તિ પણ નથી. તે તો જે છે તે છે.

જેને છે તેને છે ને જેને નથી તેને નથી. જેના હૃદયમાં તે જાગે છે, ત્યાંથી તે ઓલવાઈ જતો નથી. એકવાર જગાડીને જીવતો જો એને કરી શક્યાં, તો એના નવા નવા અવતાર અનુભવ જીવનના અવનવા પ્રસંગોમાં આપણને થયા જ કરતો હોય છે. સદ્‌ગુરુ એટલે તો હૃદયનો, હૃદયમાંથી જીવન પરત્વેનો નીતરતો સદ્‌ભાવ છે. એનાથી જે રંગાયા કરે છે, તેનામાં તે છતો થાય છે. સદ્‌ગુરુને અમુક પ્રકારે જ સમજવો તે તો અજ્ઞાન છે.

'ગુરુ' એ સ્થૂળ નથી, પરંતુ ગુરુ તો જીવનના ઉપયોગમાં આવી શકે અને જીવનવિકાસ કાજેની યોગ્ય સમજણ પ્રત્યક્ષપણે પ્રગટાવી શકે. તે ઉપરાંત જીવનવિકાસના માર્ગને રૂંધનારા એવા જીવસ્વભાવના અનેક પ્રકારનાં વલણોને ઉદ્‌ભવતી પળે, (તેની જો હૃદયમાં, હૃદયથી જ્ઞાનભક્તિયુક્ત પ્રાર્થના કરવામાં આવે તો) પ્રત્યક્ષ યોગ્ય માર્ગે પ્રેરી શકે એવી શક્તિ આપણને મળે તેવો તે પ્રત્યક્ષ મદદગાર પણ છે. એવી હૃદય, હૃદયની જ્ઞાનભક્તિયુક્ત સાંકળ જો તેના હૃદય સાથે અને

હૃદયભાવ સાથે જોડાયેલી હોય તો આપણે કદી પણ એકલાં, એકલવાયાં કે અટૂલાં નથી હોતાં, પણ સદાય આપણા જીવનનો રાહબર અને સાથીદાર આપણી સાથે જ છે, એવો અનુભવ જરૂર આપણને થાય.

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે, તે પછી તેને એની મહત્તા સમજાયા વિના રહેતી નથી. એને સમજાતું જાય છે કે ગુરુ એટલે એનાં જીવનવિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી. ગુરુ એટલે સર્વ વ્યવહારમાં, તેમ જ સર્વ પ્રકારના આચારવિચારમાં તેની સમજને ઉચ્ચતર ભૂમિકા સાથે જોડનારી સાંકળ. તેના મનમાં સર્વ વલણોને, તેની સૂક્ષ્મ સમજને સ્પષ્ટ અને દીવા જેવી રીતે સમજણ પાડનારું જાણે કે હાલતુંચાલતું પુસ્તક. તેનાથી આગળ વધીને કહીએ તો માનવીજીવનનું શું રહસ્ય છે, શા માટે આપણને જન્મ મળેલો છે, આ સંસારમાં આવી મળેલાં બધાંની સાથે આપણે કેમ સંકળાયેલા છીએ, જીવનનો હેતુ શો છે ? તેથી સાથે જગતનો શો સંબંધ છે ? એ બધાંની ધીરે ધીરે જેની ચેતનાશક્તિ વડે આપણામાં સમજણ પ્રગટ થતી જાય છે તે.

તે ઉપરાંત, આખા વિશ્વમાં જે ચેતનાશક્તિ જડ, જડ અને ચેતનની વચ્ચેની મધ્યમાવસ્થા તથા ચેતન એ ત્રણેયમાં ઉત્તરોત્તરપણે પડી રહેલી છે તથા તે બધાનો વિકાસ જેથી થાય છે, તે બધું બતાવનાર જીવન તે જ ગુરુ. ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે અને કેવી રીતે સંકળાવાનું બને છે, તે સમજાવનાર જ્ઞાનશક્તિ. વળી, ગુરુ એટલે તે કે જેના હૃદયના સાથ વડે સમગ્ર બ્રહ્માંડનો, ભગવાનનો હેતુ શો છે તે સમજાય અને પ્રત્યેક ક્ષણે ક્ષણથી પણ નાનામાં નાના સમય દરમિયાન ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું જે લીલાનૃત્ય સમસ્ત વિશ્વમાં ચાલી રહ્યું છે, તે પ્રત્યક્ષ દેખાય તથા આપણા પોતાના જીવનમાં પણ એવું જ લીલાનૃત્ય ભજવાઈ રહ્યું છે, તે પણ અનુભવાય.

જીવનમાં એક પ્રકારનો થનગનાટ કરતો ઉત્સાહ અને રસ પ્રગટ્યા વિના સાધનામાં કદી પ્રાણ પ્રગટી શકતા નથી, તો ઉત્સાહ તો આવે જ ક્યાંથી ?

સાધના કરનાર જીવાત્મામાં તો સાધના કાજે હૃદયનો ઉમળકાભર્યો ઉત્સાહ પ્રગટેલો હોવો જોઈએ, અને તે ઉત્સાહ તે લાવશે ક્યાંથી ? એ

ઉત્સાહનું પ્રેરણામૂળ કયું ? એટલા કાજે જ જીવનનો સદ્‌ગુરુ જે કોઈ ઉચ્ચાત્મા હોય, તેનામાં જો આપણા પોતાના જીવનવિકાસ કાજેનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો મનહૃદયનો પ્રેમભાવ પ્રગટી ગયો અને તેવો જીવતો સદ્‌ભાવ જાગ્યો હોય તો સાધનામાં જોઈતા ઉત્સાહનું મૂળ તેમાંથી આપણને મળવાનું છે.

**ગુરુ ગોવિંદ નથી છતાં સાધક માટે છે**

હું મારા ગુરુમહારાજને સર્વસ્વ ધારતો. તેમનામાં ચેતનપણાનું પ્રત્યક્ષ ભાન પ્રેરાવતો. તેમ છતાં ગુરુ અને ગોવિંદ એક હોવા છતાં પણ જુદા પણ છે. ગુરુ તે ગોવિંદ જ છે એમ કદી નથી, પરંતુ ગુરુની જો હૃદયની પ્રેમભક્તિ વડે કરીને કંઈ ગતાગમ જાગે તો સાધકને માટે ગુરુ સર્વોત્કૃષ્ટ છે, કારણ કે એને ગોવિંદની ગતાગમ નથી, ગુરુની કંઈક ગતાગમ પડેલી છે. જેની કંઈક ગતાગમ પડેલી હોય, તેનો આધાર લઈને ગોવિંદને પામી શકાય.

**ગુરુ પણ સાધન છે**

જે છે તે તો કામ લેવા કાજે ઉપયોગને અર્થે છે. જેમ ડૉક્ટર કને વાઢકાપનું હથિયાર છે, તેમ ચોરડાકુ કને પણ ચાકુ હોય છે. ચોરડાકુનું ચાકુ લૂંટવાને કાજે ને મારી નાખવા કાજે છે. ડૉક્ટરનું ચપ્પુ ઉપયોગ કાજે, જીવનાં ગૂંમડાં મટાડવા કાજે છે. ચોરડાકુનું ચાકુ જીવની જીવ પ્રકારની ઈન્દ્રિયો પેઠે છે. ડૉક્ટરનું ચપ્પુ દર્દ મટાડવા કાજેનું, જાગેલા જીવનું સાધન છે.

**યોગ્ય ગુરુનાં લક્ષણો**

પણ આજે સૃષ્ટિમાં કામ અને અર્થનું જ સામ્રાજ્ય પ્રવર્તતું હોવાથી સાધકે ખાસ લક્ષમાં રાખવાનું છે કે આપણા માની લીધેલા ગુરુથી આપણી માનસિક ભૂમિકા ઊંચી થતી જાય છે કે કેમ ? આવી ઊર્ધ્વ ગતિ તેના અનુભવમાં નક્કરપણે આવવી ઘટે. ભલે ગુરુનું માપ કાઢવાને માટે કસોટી તરીકે તેને તે ન ગણે, અને એ તેમ ન ગણે એ સ્વાભાવિક પણ છે, પરંતુ ગુરુનું પ્રત્યક્ષ પરિણામ જીવનમાં જો અનુભવાતું ન હોય, તો એવા ગુરુની પકડમાં રહ્યા કરવું એ સાધકને માટે વિઘાતક પણ નીવડે.

વળી, સાધનાના કોઈ ક્ષુલ્લક આદર્શમાં યા અનુભવમાં ઈતિકર્તવ્ય મનાવી દે એવો ગુરુ પણ કામનો નથી. તે ઉપરાંત, સાધનાના માર્ગમાં

જે કંઈ બન્યા કરતું હોય, તે બધું યોગ્ય બુદ્ધિથી સમજી શકાય એટલી સમજણ સાધકને મળ્યા કરતી રહે તે પણ તેટલું જ જરૂરનું છે. ભલે છેક આત્યંતિક મર્યાદા સુધીનું સૂક્ષ્મ આધ્યાત્મિક હકીકતો તે સાધકને ન બતાવે તે સમજી શકાય તેવું છે, પરંતુ **પ્રત્યેક સાધકના જીવનમાં ઊઠતા બધા જ આધ્યાત્મિક તેમજ વ્યાવહારિક પ્રશ્નોનું સમાધાન યોગ્ય રીતે ગુરુ કરાવી શકતો હોવો જોઈએ. તે ઉપરાંત, સાધક પોતાના મનની પકડનો પૂરેપૂરો ખ્યાલ આવી શકે એટલું તો ગુરુથી બન્યા કરવું જોઈએ.**

"તો હવે ગુરુ જ સાચા છે કે નહિ તેની પરીક્ષા કોણ કરી શકે? આપણી કને તો એને ઓળખવાને કાજે ગજ નથી !" એમ કહેતાં સાંભળ્યું છે, પરંતુ તે પણ યથાર્થ નથી. પ્રસંગે જે એની સમજણ પ્રવર્તતી હોય છે તે સમજણ, વ્યવહારવર્તન-પ્રસંગમાં તે બીજાને દોરવણી આપે છે તે હકીકત તથા એના કર્મનું કૌશલ્ય, એનો સૂક્ષ્મ વિવેક, એની જેમાં તેમાં સહજમેળે તારતમ્ય શોધી કાઢવાની આવડત, જરાક જેટલા પરિચયમાં આવતાં પણ કોઈની પ્રકૃતિની યોગ્ય સમજણ પ્રકટી જવા તથા તેના (પ્રકૃતિના) આકાર-પ્રકારને તે જેટલું સમજી શકે છે તેટલા પ્રમાણમાં સંસારના વ્યવહારકુશળ ગણાતા જીવો પણ સમજી શકતા હોતા નથી તે હકીકત, પ્રસંગને તેની યથાર્થતામાં સમજવાની તેની કળાશક્તિ, સર્વ મળતા જીવોને સમજવાની ને તેમના યથાર્થપણામાં સ્વીકારવાની શક્તિ, જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે એનો વર્તન પ્રકારનો સુમેળભાવ ને તેવા જીવો સાથેની તેની સુમેળભાવના, વર્તનકળા - આવું આવું અનેક પ્રકારનું જે સદ્‌ગુરુમાં પ્રકટ હોય છે તે જો તેના યોગ્ય ભાવમાં જોઈ શકીને તેના (ગુરુના) જીવનની યથાશક્તિ કેવા પ્રકારની હોઈ શકે તે જો સદ્‌ભાવથી આપણાથી સમજી શકાય તો એ ભાવથી તે (ગુરુ) સાચી રીતે પરખાઈ શકે એવા હોય છે. વૃત્તિ, વિચાર, ભાવના આદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મનું સમતાપૂર્વકનું નિરીક્ષણ, અવલોકન, પૃથક્કરણ કરી, તેનું યથાસ્થાને શું યથાયોગ્યપણું હોઈ શકે તેનું સ્પષ્ટ હકીકતપણામાં વર્ણન કરી બતાવવું, પ્રત્યેક મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ અમુક કક્ષામાં કયા કયા ને કેવાં કેવાં હોઈ શકે, જીવનની અમુક સ્થિતિ પ્રકટતાં તેનાં શાં માપલક્ષણો હોઈ શકે તેનું યોગ્ય આકલન કરીને તે આપણને સમજાવવાનું બની શકવું, તેવાના જીવનની બીજી લાક્ષણિક ઢબો, એવાથી અનેક પ્રકારના

જુદા જુદા થતા રહેતાં અનુભવો, એવાના સંબંધ-સંપર્કના પરિચયથી થોડીઘણી પણ કોઈ બદલાતી રહેતી પ્રકૃતિના દાખલાઓ વગેરે બધાંથી કરી એની (સદ્‌ગુરુની) યથાયોગ્યતા સમજી શકાય એવું હોય છે.

એની અપાર નિઃસ્પૃહતા ને એની અપરંપાર સ્પૃહા, એનું આપણી સાથેનું વધારે પરવાપણું ને તે સાથે સાથે પાછું આપણી સાથેનું બેપરવાપણું, એનો રાગ ને રાગનું અભાવપણું, પ્રસંગમાં સાથે હોવા છતાં પ્રસંગથી તરીને ઉચ્ચપણે પ્રવર્તાઈ શકાવું. જે તે કંઈમાં સોંસરવી ઊતરી જતી એની પારદર્શક દૃષ્ટિ આપમેળે જે તે કંઈ બન્યા કરે તે જ કર્મ એવી એની સમજણ ને વર્તન, કર્મને કે સંબંધને કદી પણ ખોળવા જવાની જરા સરખી પણ એનામાં વૃત્તિ જ જાગી ન શકે એવી એની દશા પ્રવર્તે છે. જેમ જેમ જે થતું જાય તેમ તેમ તેની યથાર્થતામાં તેમાંના ચેતનનાં દર્શન અનુભવને એ પામતો રહે છે, એવા અનેક પ્રકારના એના જીવન-અનુભવનાં પાસાંને જો આપણાથી તટસ્થતા અને સમતાથી અવલોકવાનું બની શક્યું, તો એવાની (સદ્‌ગુરુની) યથાયોગ્યતા આપણાથી સમજાયા કરે. અધીરાઈ ને અવસ્થતા પ્રકટી શકે તેવા પ્રસંગે ધીરજ ને સ્વસ્થતા પ્રકટેલાં જેનામાં અનુભવી શકાય છે, જેના વડે કરીને જીવનમાં ધીરજ, હિંમત, સહનશીલતા, મતસહિષ્ણુતા, સર્વ પરત્વે સદ્‌ભાવ ને સમભાવ આદિ આપણામાં પ્રકટેલાં અનુભવી શકાય છે, જેના વડે કરીને આપણા સંસારવ્યવહારવર્તનમાં, પ્રસંગમાં પ્રસંગને યોગ્ય એવી ઉત્તમ પ્રકારની સમજણ આપણામાં પ્રકટતી અનુભવી શકાતી હોય છે, જેના વડે કરીને આડેઅવળે ભાગી જવાતાં દિલને સંકોચ જન્મતો, અનુભવાતો હોય છે, જેના વડે કરીને અણદીઠ, ઓચિંતી કંઈક કશા વિશે પ્રેરણા મળ્યા કરતી હોય છે, આપણને મળેલ કર્મના ક્ષેત્રમાં જેના વડે કરીને ન કલ્પી શકાય, આશા પણ રાખી ન શકાય એવી મોટી વ્યક્તિની આપોઆપ મદદ મળ્યા કરતી અનુભવાય, તે કર્મના ક્ષેત્રમાં ઉપજેલા જટિલ ગૂંચ-પ્રશ્નોનો સહજમેળે સરળતાથી ઉકેલ આવી જવાપણું બનવું, જે કર્મના ક્ષેત્રમાં આપણા અનુગામીઓથી જે બની જ ન શકતું હોય તે આપણાથી શક્ય થવું, જેના આધારથી કંઈક કંઈક કર્મની યોગ્ય સમજણ આપોઆપ જીવનમાં પ્રકટતી જતી અનુભવવી, તેવાં થતાં જતાં કર્મમાં જેની સૂક્ષ્મ હાજરી પરોક્ષ પણ વાસ્તવિકપણે જાણે કે હોય તેમ લાગ્યા

કરવું, તેવાં કર્મના ક્ષેત્રમાં જાણે કે તે આપણી સાથે હોય તેવી ખરેખર લાગણી તે તે કાળે અનુભવવી, અનેક પ્રકારની સહજમેળે બધી જાતની યોગ્ય સરળતાઓ પ્રકટી જવી, તે તે કાળે જીવનના અમુક તબક્કામાં જોઈતી મદદ મળ્યા કરવાનું થવું, તેનું (ગુરુનું) એવું અનેકના જીવનમાં અનુભવમાં આવવાપણું હોવું, તથા તેવા બીજા અનેક જાતના અનુભવો થવા, તેવું જો તેનું બધું આપણને તદ્દન વાસ્તવિક લાગતું હોય, તેવા લાગવાપણામાં સંપૂર્ણ યથાર્થતા હોય, ને ક્યાંય અતિશયોક્તિનો એક શબ્દ પણ ન હોય, તો પછી એવાને આપણે સ્વીકારવો તે યથાયોગ્યપણે છે, એમ માનવું ને જાણવું.

## ગુરુનું કાર્ય

આમ, જે સાધકને ગુરુની મહત્તા સમજાઈ છે, તે જીવનમાં ડગલે પગલે નવું ને નવું શીખતો જ જાય છે. એવા અનુભવો જેમ જેમ દૃઢપણે થતા જાય છે, તેમ તેમ પાસે ને પાસે તે આવતો જાય છે. સૂક્ષ્મ ભાવમાં કહીએ તો ગુરુની સમીપતા કે દૂરપણું કશું છે જ નહિ, કારણ કે ગુરુ એ તો ભાવરૂપે જ છે.

શરૂઆતમાં સાધક આગળ વધેલો ન હોવાથી ગુરુની સ્થૂળ સમીપતાની જરૂર એને વધારે રહે છે, તોપણ યોગ્ય ગુરુ તો તેવા સાધકની તેટલા વખતની જરૂર પૂરતો જ તેની પાસે રહેશે, કારણ કે તેથી એક ક્ષણ પણ વધારે રહેવું એ સાધકનામાં ગુરુ પ્રત્યેની જે યોગ્ય સમજણ કે આદરવૃત્તિ જન્મેલાં કે જન્મતાં હશે તે માટે લાભકારક ન યે હોય. જે વસ્તુ મેળવવાની છે અથવા જેનામાં મન વધારે પરોવવાનું છે, એ જો સતત પાસે જ રહ્યા કરે તો સાધકના મનમાં તેના માટેનું આકર્ષણ ઘટી જાય છે. તેથી, ગુરુ તો સાધકના મનમાં બીજ રોપીને તટસ્થતાથી જોયા કરે છે. બને તેટલા અદૃશ્યપણે પોતાનો ભાવ જરૂર જેટલા પ્રમાણમાં જ રાખ્યા કરે છે ખરો. જેમ બાળક થોડું થોડું ચાલવા માંડે છે, ત્યારે તેની આગળ બે હાથ લંબાવીને, આંગળી બતાવીને માબાપ બાળકને સ્વતંત્રપણે ચલાવવાને મથે છે, તેમ ઘણી વાર ગુરુ પણ કરે છે. સાધકની સમીપ પોતે રહેતો હોય તે દરમિયાન એવો કોઈ ને કોઈ પ્રસંગ ગુરુ ઉપજાવ્યા વગર રહેતો નથી, કે જેથી સાધકનું મન ગુરુમાં આમ કે તેમ આકર્ષાતું રહ્યા ન કરે. તે વખત પૂરતું તેનું મહત્ત્વ

કે રહસ્ય ભલે તે ન સમજે, પણ સાધક જેમ જેમ વિકાસ પામતો જાય છે તેમ તેમ પેલાના જીવનના પ્રસંગોની મહત્તા અને રહસ્ય પ્રાતઃકાળની ઉષાની પેઠે તેના દિલમાં પ્રગટ્યા વિના રહેતા નથી. એમ થતાં આખરે તો ગુરુની સમીપતા દરમિયાન જ એવી તકોની મહત્તા અને રહસ્ય, તે તકો સાંપડે તે જ વેળાએ સાધક સમજતો અને અનુભવતો થઈ જાય છે. ગુરુના એવા પ્રત્યેક પ્રકારના વર્તનથી થતા અનુભવોમાંથી તાત્કાલિક વધુ ગ્રહી લેનાર સાધકની સ્થિતિ ગુરુ હંમેશ માટે તેની પાસે રહે એવી પછીથી રહેતી નથી. એવા સાધકને તો દૂરના ભાવ ઘણા સૂક્ષ્મપણે જીવનમાં અનુભવાયા જ કરે છે. જીવમાંથી શિવ થવાને જેમ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંકાર, ઈન્દ્રિયો અને શરીર એ બધાંનાં સ્થૂળ સ્વરૂપની જરૂર છે, તેમ ગુરુની સ્થૂળ સમીપતા સાધકના વિકાસમાં ઉપર જણાવ્યું એટલી રીતે જરૂરની છે.

**સદ્‌ગુરુ હેતુપૂર્વક આઘાત પણ આપે**

કસોટી કર્યા વિના અને કોઈ પણ સાધકના આંતરસત્ત્વનો અનુભવ થયા સિવાય સદ્‌ગુરુ પણ કંઈ કશું કરી શકતો નથી. નિમિત્ત પ્રગટે છે ત્યારે તેના ધક્કેલાથી તે તેમ પણ વર્તે છે. એટલે તેણે આમ કેમ કર્યું કે તેમ કેમ કર્યું એવા પ્રશ્નમાં ઊતરવા કરતાં આપણા પોતાના શ્રેયના અર્થે આપણા તરફથી તેને પોતાને તેવું નિમિત્ત સાંપડેલું હોવાથી, તે તેમ વર્તતો હોય એમ માનવામાં અને લક્ષમાં રાખવામાં બંનેને ન્યાય થાય છે અને આપણું શ્રેય થાય છે. છોડની આસપાસનાં ઝાંખરાં કે એવું બીજું જે ઊગેલું હોય તેને નીંદવું પડે છે. વળી, કોઈ મોટું ઝાડ ઉછેરવાનું હોય તો એક મધ્યની ઊભી થડ જેવી ડાળી સિવાયની બીજી બધી ડાળીઓ કાપી નાખવામાં આવે છે કે જેથી મૂળમાંથી મળતો રસ બીજાં ડાળાં-પાંદડાના પોષણ માટે ના જતાં મુખ્ય થડને તે જ પોષ્યા કરે અને તે મજબૂત અને દૃઢ થાય. એટલે પછી આગળ જતાં ભલેને એમાંથી બીજી ડાળીઓ ફૂટે. એવી રીતે આપણામાં સુષુપ્ત રીતે પડી રહેલા અનેક પ્રકારના નકારાત્મક સંસ્કારો, સ્વભાવનાં વલણો, મનાદિકરણોની ટેવો, જે 'અજ્ઞાત મન' કે 'અર્ધજાગ્રત મન'માં છુપાઈને ભરાઈને પડેલું બધું હોય છે, તે બધાંને તો ઊંઘમાંથી જગાડીને નિર્દયપણે (જો કે એ જ ખરી દયા છે, દાક્તરના નસ્તરની જેમ) જડમૂળથી લય પમાડવાનાં અને ઊર્ધ્વગામી કરવાનાં છે. કોઈ સાધકમાં

એવી સગડગની વૃત્તિ હોય તો તેને વારંવાર જગાડીને તેનો તો લય કર્યે જ છૂટકો છે. તેમ કરવા જતાં સામેથી તે સાધકનો પૂરેપૂરો હૃદયપૂર્વકનો સહકાર જો ના મળી શકે તો તે કર્મ અધૂરું પણ રહે છે. પ્રાણની નીચલા થરની વૃત્તિઓને જાણી જોઈને તો ઉશ્કેરવાની ના હોય, પરંતુ જ્યાં સુધી આપણે જીવદશાવાળા છીએ, ત્યાં સુધી પ્રાણની નીચલા થરની વૃત્તિઓ વ્યક્ત તો થયાં કરવાની. તે તે વેળા આપણને પોતાને સાધના માટેની ઉત્કટતા, તત્પરતા અને ધગશ કેટલી છે તેની સમજણ પડી જવાની છે. પ્રાણની તેમ જ બીજાં કરણોની તો એવી કેટલીયે છૂપી પડેલી વૃત્તિઓ છે. એવાં પ્રસંગ અને નિમિત્ત સદ્‌ગુરુ હેતુપૂર્વક પણ ઉપજાવી શકે છે કે જ્યારે તે જાગૃત થાય. કોઈ જાગૃત સાધક તે વેળા ચેતીને તેનો સદુપયોગ પણ કરી શકે છે. આત્મનિષ્ઠ, ચેતનમાં પૂરેપૂરો પ્રગટેલો સદ્‌ગુરુ, આમ જ વર્તે કે તેમ વર્તે એવું કશું ધારાધોરણ ભલે ના હોય, પરંતુ તેનામાં જ્ઞાનાત્મક વ્યવસ્થિતિતા પ્રગટેલી નથી હોતી એવું પાછું નથી, પરંતુ જુદા જુદા જીવો સાથેનું તેનું જુદા જુદા પ્રકારનું વર્તન જોઈને આપણામાં કશી અવળચંડાઈ ના પ્રગટે તે પરત્વે તો પૂરેપૂરું જીવતું લક્ષ રાખવાનું છે.

**સાધકનું કર્તવ્ય અને દષ્ટિબિંદુ**

જે સાધક પોતાનાં જૂનાં મંતવ્યો, સમજણો, ગણતરીઓ, કલ્પનાઓ અને બુદ્ધિની ઘરેડ રાખ્યાં જ કરતો હશે, તેને તે બધાંમાંથી છોડાવવાનો પ્રયત્ન ગુરુ કોઈ ને કોઈ રીતે કર્યા જ કરે છે. કોઈ વાર સાધકને આઘાત આપીને અથવા તેની સમજ બહાર એવી કોઈ એને અગમ્ય સૂક્ષ્મ રીતે. સાધકને તેવી રીતે અંતરમાં, અંતરથી કોઈ ને કોઈ જાતનો વિરોધ જાગ્યા જ કરતો હોય છે. તે સમજતો હોતો નથી કે એવું કેમ થયા કરે છે, પરંતુ બે બળોની અથડામણને લીધે સાધકનામાં એવું થવાનું જ. એવી સ્થિતિની યોગ્ય પળ આવતાં, યોગ્ય જિજ્ઞાસાવાળો સાધક તો પોતાને જે પંથે આગળ ધપવાનું છે, તે પંથ માટે ગુરુને શી શી અનુકૂળતા તથા સરળતા સાધકે જ્ઞાનભક્તિપૂર્વક પોતે કરી આપવાં ઘટે, તે તે સમજી જાય છે. તેવો સાધક (ગુરુની વાણીની સલાહ-સૂચના વિના) જાણે સ્વતંત્ર રીતે પોતાની મેળે જ પોતાને મળતી બધી ગૂંચો કે અથડામણોમાંથી તે પોતાની બધી પકડમાંથી અને કક્ષામાંથી હળવે હળવે નીકળ્યા કરતો હોય છે, એમ એને સમજાતું અને અનુભવાતું

જાય છે. બાળક ગમે ત્યાં રમતું હોય તેમ છતાં માના અંતરમાં એનું સૂક્ષ્મ ભાન રહ્યા કરતું હોય છે, તેવી રીતે ગુરુનો ભાવ સાધકના પ્રત્યેક તબક્કામાં તેની પાછળ રહ્યા કરે છે. માતા-પિતાને આધારે તે તેમના તરફથી સાંપડેલી સમગ્ર શક્તિના જોરે બાળક પોતાના જીવનમાં વેગ મેળવી શકે છે. હકીકતમાં ભલે ઘણાં સંતાનો તેવો લાભ નથી લઈ શકતાં, પણ તે વાત જુદી છે, કેમ કે એવા લાભની શક્યતા તો ઊભી જ હોય છે. તેવું સાધકને પણ ગુરુથી બન્યા કરે છે, પણ આ સૂક્ષ્મ હકીકતનું જ્ઞાન કે ભાન શરૂની સ્થિતિમાં સાધકને હોતું નથી. એવું જ્ઞાન જ્યારે ઊગવા માંડે છે, ત્યારે જ સાધક આધ્યાત્મિક જીવનમાં સાચી રીતે પ્રવેશ પામવાની માત્ર શરૂઆત કરે છે.

## સદ્‌ગુરુનું વૈદ્યનું કાર્ય

પ્રભુકૃપાથી આ જીવનું કામ તો વૈદ્યનું છે. રોગ, ગૂમડાં, ચાંદા એવું પ્રભુકૃપાથી અમારે જોવાનું પ્રગટે છે. “શું મારામાં કશું સારું જ નથી ? એમને તો બધું ખરાબ જ દેખાયા કરે છે !” એવું સ્વજનોને થાય, પણ જે ગુણ કે સારું છે, તે તો જતું નથી રહેવાનું, પરંતુ જે અવગુણ છે, તેને અમારે પ્રથમ જોવાના છે, કારણ કે પ્રભુકૃપાથી તેને યોગ્ય રીતે મઠારાય અને તે તેના યોગ્યપણામાં પ્રગટી શકે તો તે કર્મથી જીવની ઉત્તમ સેવા થઈ ગણાય. આમ, તે જીવનું બધું જ સારું થઈ જાય તો આ જીવનું કામ પૂરું પાક્યું ગણાય.

સ્વજનની સેવા કરવાનો અમારો ધર્મ છે. કોઈને ગમે કે ન ગમે તે સાથે ઝાઝી પરવા નથી હોતી. સ્વજન પરત્વેનો પ્રેમ અમને તેમ કરાવે છે. સ્વજનમાંનું કશું અવળચંડાપણું જે બતાવવાનું બને છે, તે તેના શ્રેય માટે છે, એમ જ્ઞાનપૂર્વકની પૂરેપૂરી ભાવના સ્વજનના દિલમાં પ્રગટેલી નથી, તે અમારું દુર્ભાગ્ય છે.

## સદ્‌ગુરુનું ‘મા’ જેવું કામ

માને બાળક ઉછેરવાનું હોય છે, તો એનાં મળમૂત્રનો એને સંગ કરવો જ પડે છે. બાળકના મૂત્રથી ભીના થયેલામાં સૂવું પડે છે ને એના મળથી પોતાને કદીક લીંપાવું પણ પડે છે. બાળકનું તેવું બધું સાફ કરવું પડે છે. બાળક પરત્વેની માની નૈસર્ગિક સહજ પ્રેરણા અને તે પ્રમાણે વર્તાવે છે એવી જ રીતે સદ્‌ગુરુનું છે.

## સદ્‌ગુરુનું કાર્ય

ગુરુ આપણને સૂવા કેમ દે ? કંઈ નહિ તો વચનનાં બાણ મારી મારી આપણને જગાડે. બાણ સાંભળી સાંભળીને પણ જ્યાં આપણે જ બુઠ્ઠાં બની જતાં હોઈએ તો પછી થઈ ચૂક્યું. તેવું અનુભવાતું હોય ને જીવનવિકાસની સાચી ભાવના અર્થે એને જ્ઞાનપૂર્વક વળગવાનું ન થતું હોય, તો ગુરુ કર્યાનો કશો અર્થ નથી. ગુરુ એની મેળે તો કશું જ કરશે કરાવશે નહિ. આપણામાં ઉત્કટમાં ઉત્કટ તમન્ના જીવનની ભાવના પરત્વે જાગેલી હોવી જોઈએ. બાકી તો આપણી જેવી ભૂમિકા હશે, તે પ્રમાણે તે આપણામાં રમ્યા કરશે. તે એટલે ગુરુ. પણ જો ખરેખર સાચો હશે તો તેવો ગુરુ આપણામાં એના પરત્વે રાગ પ્રગટાવીને, એના આકર્ષણ વડે સમજાવી ઊંચે લેવાને આપણને મથાવ્યા કરશે. અપરંપાર તામસ હોય, પ્રમાદ હોય, ને તે કારણને લીધે સમયનો સદુપયોગ ન થઈ શકે એવું અનુભવથી ગુરુને લાગ્યું હોય તેવા જીવને જીવનવિકાસના ઉત્તમ સંસ્કાર પ્રકટે તેવા હેતુના જ્ઞાનથી એને તે એવાં કર્મ સોંપ્યા કરશે.

ગુરુનું કામ કંઈ કશું આપણને પરાણે સ્વીકાર કરાવવાપણાનું નથી, પરંતુ સાધકની ઊંચે ચડવાની જિજ્ઞાસાને જ્યારે ને ત્યારે વધારે ને વધારે ચેતનવંતી બનાવ્યા કરવાનું છે. સાધકને તે અનેક રીતે ગોદાટે છે, અનેક રીતે તેને મથાવે છે. મંથન પ્રગટાવીને સત્ય સુઝાડવાને તેને આંખ પ્રગટાવવાનું પણ કરે છે. જુદી જુદી રીતોથી તેને ભ્રમમાંથી ઉગારવાને તે ચેતવે છે. અનેક પ્રતીક દ્વારા તે એવી સમજણને તેજસ્વીપણામાં પ્રગટાવવાને પ્રેરે છે. અનેક પ્રકારની ભ્રમણાઓનો જીવ ભોગ બની જતો હોય છે. ભ્રમણા એ તો કેવળ કચાશની નિશાનીરૂપે છે. તેવી ભ્રમણામાંથી તેને આંચકો આપીને તારવવાને તે મથે છે. સાધકની નબળાઈઓ પરત્વે કડકમાં કડક થઈને એનું તેને પૂરેપૂરું ભાન પ્રગટાવે છે. જ્યારે બીજાની નબળાઈઓ પરત્વે પૂરેપૂરા જ્ઞાનપૂર્વક ક્ષમાશીલ રહ્યા કરીને ક્ષમાશીલ રહ્યા કરવાને સાધકને તે સૂચવ્યા કરે છે. બીજાની નબળાઈનું દિલમાં જો ભાન પ્રગટે અને જો પૂરેપૂરી જ્ઞાનયુક્ત તટસ્થતા ન પ્રગટી હોય તો તે વેળા તે જીવ બીજાની નબળાઈઓ પરત્વે નરક ઉપર માખી જેમ બણબણે છે તેમ તે બણબણવાનો. જે સાધક છે તેને આવું કર્યે પાલવવાનું નથી. તે તો તેનું

મોટામાં મોટું પતન છે. એ પરત્વે ક્ષમાશીલ સમજપૂર્વક બનવું એમાં તો સાચો જીવનવિકાસ રહેલો છે. સાધકનું તે કર્તવ્ય થઈ પડવું ઘટે. એવા પ્રકારની સમજણ, સાધકને અનેક વાર ચીંધી ચીંધીને, તેમાંથી વારી વારીને જીવનનું ઉચ્ચ પ્રકારનું સદ્‌વર્તન પ્રગટાવવાને સદ્‌ગુરુ, સાધકને અનેક વાર મથાવે છે. આમ, જે જીવ પોતે જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને તે ભાવે સકળ કંઈ કરે છે, અને બીજાની સાથેના વર્તનવ્યવહારમાં પણ જીવનવિકાસ પરત્વેના ગુણોનો વિકાસ કેળવ્યા કરવાનો સભાનપણે ખ્યાલ રાખ્યા કરે છે, તેવો જીવ કદી અજ્ઞાનમાં પડી જઈ શકવાનો નથી. તે પોતાનું પણ કલ્યાણ કરે છે અને બીજાનું પણ કરે છે. સદ્‌ગુરુ આમ સાધકને જીવનના ઉચ્ચ માર્ગ પરત્વે હડસેલ્યા કરે છે ખરો, પરંતુ તેની સાથે સંકળાયેલો જો કોઈ જીવ તેનું તે રીતનું બતાવેલું જ્ઞાનભક્તિયુક્ત વર્તન આચરણમાં ન મૂકતો હોય તો તે તો તેવો ને તેવો રહેવાનો.

## ગુરુશક્તિનું પરિણામ

આધ્યાત્મિક જીવનની બધી હકીકતો અને રહસ્યો પોતાના ગુરુ મારફતે પોતાની બુદ્ધિમાં સાધક ઉતારી શકે અથવા બુદ્ધિમાં ઉતારી શકતો હોય એટલું બસ નથી. એમ તો આધ્યાત્મિક પરમ સંતપુરુષોનાં જીવનચરિત્ર વાંચીને પણ થોડોઘણો ખ્યાલ બુદ્ધિમાં તો કોઈને પણ આવી શકે. (જોકે જે સાધક પ્રત્યક્ષપણે સાધનામાં થોડોઘણો પણ ખૂંપ્યો હોય તેને ઉપલા વાચનમાંથી ઘણું વધારે કીમતી જાણવાનું મળે છે. એને તો તે અનુભવની વાત લાગ્યા કરશે. આગળ વધેલા સાધકને તો પોતના ગુરુ વિશે તથા પોતાની સાધના વિશે વધારે ગેડ બેસતી જશે. જેનામાં આવી ગેડ બેસતી જાય છે એનું મન સાધનામાં રસ લેતું થયું છે, એમ જરૂર ગણી શકાય.) પણ બુદ્ધિથી આધ્યાત્મિક જીવનનું રહસ્ય સમજાય તે ઉપરાંત, ગુરુ તેનું મન કેવી રીતે શાંત બની શકે, વિચારોની પરંપરાથી સંદિગ્ધ થતાં અટકી શકે તેવા અનેક વ્યવહારુ ઉપાયો બતાવશે, અને તેને તેમ કરવા પ્રેર્યા કરશે.

એક વખત ગુરુની ચેતનાશક્તિ સાધકના જીવનની સાથે વણાવી શરૂ થઈ ચૂકી, પછી તો સાધકને પોતાની મેળે જ તેમાંથી ઉકેલ થતો લાગ્યા કરશે. સાધક કોઈ પણ સ્થિતિમાં પડ્યા રહેવાનું સ્વીકારી લેશે

નહિ. જો પડ્યા રહેવાનું થયા કરે (સ્થૂળ, સૂક્ષ્મ અને કારણપણે) તો સાધકે સમજવું કે પોતે ક્યાંક ઘરેડમાં પડી ગયો છે. એકના એક વિચારોની ગડમથલમાં તે કદી રહ્યા કરશે નહિ. નાની નાની બાબતોને કે જીવનની સાધનાથી જુદા પણ મહત્ત્વના પ્રશ્નોને તે યોગ્ય મહત્ત્વ આપશે તો ખરો, પણ તે બધું જ કામ સાધનાનો વિકાસ થાય, એવી ઢબે જ તે કર્યા કરવાનો. આવા બધા ખ્યાલો અને અનુભવો ગુરુના જીવનઆદર્શમાંથી જ તેને મળ્યા કરવાના. સાધક શરૂઆતમાં કંઈ શરણભાવવાળો હોતો નથી, પરંતુ ગુરુની ચેતનાશક્તિથી કહો કે સાધકના પુરુષાર્થના બળ વડે કહો (બંને પણ હોઈ શકવા પૂરો સંભવ છે) તેને એવો શરણભાવ પ્રગટ્યા વિના રહેવાનો નથી.

## સાધકનું કાર્ય

### સદ્‌ગુરુ અને સાધક

આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલીને બેઠેલાં સર્વ સંસ્કાર, વિચાર, વૃત્તિ, સમજણ, માન્યતા વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાંવેંત જ એકદમ બદલાઈ જવાનો છે એમ માનવું એ નરી મૂર્ખામી છે અને નર્યું અજ્ઞાન છે. સદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. આપણને જુદી જુદી પરિસ્થિતિઓ પરત્વે વિચાર કરવાને પ્રેરાવે. જીવનવિકાસના હેતુનું લક્ષ્ય રાખવાને સમજાવે. બાકી, બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. પોતાના જીવનને આમૂલાગ્ર પરિવર્તન પમાડવાને જે જીવને કશી ઊથલપાથલ થતી નથી, જે જીવનું તે પરત્વેનું સંપૂર્ણ લક્ષ પ્રગટેલું નથી, જે જીવ એ પરત્વેની કશી કોઈ પ્રકારની હિલચાલ પણ કરતો નથી અને તેવો જીવ ગુરુ ઉપર બધા પ્રકારનો મદાર રાખે છે એમ તે માને છે; તો તેનું માનવું અને બોલવું તદ્દન મિથ્યા છે. તેવો જીવ ગુરુ ઉપર તો શું, પણ કોઈના ઉપર મદાર રાખી શકે એવી સ્થિતિનો હોતો નથી. જો જીવનનો વિકાસ કરવો હોય અને તેવી સાચેસાચી દિલની ભાવના પ્રગટી હોય તો તેણે મથ્યા વિના તો છૂટકો નથી. અજ્ઞાન દશામાં સર્વ કોઈ પરિસ્થિતિ જીવને અસ્થિર બનાવ્યા કરવાને મથે છે તેવા સંજોગોમાં જીવ તો બિચારો આમથી તેમ અફળાયા જ કરે છે, પરંતુ જે સાધક છે, તે પણ જો તેમ થયા કરતો હોય તો તેને 'સાધક' કેમ કરીને ગણી શકાય ? તેવું જેનું થયા કરતું હોય તેણે સાધનાનું નામ મૂકી દેવું.

એવાં સોંપાયેલાં કર્મને જો પેલો જીવ તે કર્મ પ્રેમભક્તિભાવના પ્રકટાવવા માટે મળેલાં છે, એમ તે વેળા સમજી, તે કર્મનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી જો તે અંતરમાં, અંતરથી સમજ્યા કરવાનું કરે, તેવાં મળેલાં કર્મને તે પોતાના જીવનમાં ઘડાવાને ઉત્તમ કરામત સમજી, એને એનાં સકળ પાસાંઓથી કરી ઉત્તમમાં ઉત્તમ રીતે આચરે, તે કરવામાં હૃદયના સકળ આનંદને પ્રકટાવી, તે આનંદને કર્મના પ્રેરકબળ તરીકે ઉપયોગમાં પ્રવર્તાવે, તો તેવાં તેને સોંપાયેલાં કર્મ એના જીવનમાં પ્રકટાવ્યા કરે. ગમે તેમ હોય તેમ છતાં ગુરુ પોતાને મળેલાં સ્વજનોને એકની એક દશામાં પડી રહેવા તો દેતો નથી. એ તો ઊલટપૂલટ કરાવ્યા કરે છે. પરંતુ એનો યોગ્ય જ્ઞાનપૂર્વકનો જીવનમાં લાભ ઉઠાવવાનું કામ પાછું આપણા બધા જીવોનું છે તે જાણજે.

સાધકનું આકર્ષણ ગુરુ પ્રત્યે વધ્યા કરતું હોય છે, તેમ અનેક ગુણોનો તેણે આશ્રય લેવાનો હોય છે, પણ તે માત્ર સાધન તરીકે જ, નહિ કે તેમાં ભેરવાઈ જઈને, નહિ તો તે સાધકના વેવલાવેડાં જ ગણાશે. ગુરુભાવ પ્રત્યેનું પોતાનું સમગ્ર જીવનનું દૃષ્ટિબિંદુ કેળવાયા કરે તે માટે સાધક હૃદયથી ભાવપૂર્વક અનેક ઉપાયો લેતો હોય છે. તે કોઈ ને કોઈ રીતે પોતાના નકારાત્મક સ્વભાવનું રૂપાંતર પમાડવાનો ખ્યાલ રાખ્યા કરીને બાળક જેમ માના ખોળામાં આરામ અને મસ્ત દશામાં સૂઈ રહે છે, તેમ એ હૃદયની ઉત્કટ ભાવનાથી ગુરુના શરણભાવમાં સાધક પડ્યા રહેવાનું જ્ઞાનભાવે કરે તો જીવસ્વભાવનું પરિવર્તન થવું ઘણું સહેલું થઈ પડે, અને એવા પ્રેમભક્તિજ્ઞાનયોગના ગુરુ પરત્વેના શરણભાવમાં શરણ ગયેલાને માત્ર સમર્પણ યજ્ઞમાં તે પોતે સતત આહુતિ આપ્યા જ કરે છે, અને એ રીતે એ પવિત્ર થતો જાય છે. આ કારણસર સમર્પણની અનેક રીતોમાંનો એક રિવાજ ગુરુચરણે કંઈ ને કંઈ સ્થૂળ અને સૂક્ષ્મ સમર્પણ કરવાનો પડેલો હશે. એ ભેટ ધરવાના ઉદ્દેશની પાછળ જો સાધકના જીવનવિકાસનો ખ્યાલ જીવતોજાગતો તેના દિલમાં ન રહે તો તે યોગ્ય નથી. સાધક એમ માને કે મેં ગુરુને આટલું આટલું ભેટ ધર્યું એટલે મારું કલ્યાણ થઈ જ જવાનું, તો તે એક ભ્રમણા છે. એવી રીતે સાધકનું કલ્યાણ કદી પણ થઈ શકે નહિ. ભેટ કે સમર્પણના અંતરમાં જે સૂક્ષ્મ હેતુ છે તે સાધક જ્ઞાનભાનપૂર્વક જો હૃદયસ્થ ન રાખે તો તેનું જીવસ્વભાવનો અહમ્ પણ વધવાનો સંભવ

રહે, અને એ દ્વારા સાધક, ગુરુ એકલો પોતાનો જ છે એવું માનવાને લલચાયા કરે. આમ, સમર્પણની ભાવનાની પાછળ પણ ગુરુ પરત્વેનું સાધકના હૃદયનું ભાવઆકર્ષણ વધે તથા તે દ્વારા સાધક પોતાનામાં શરણભાવ જાગતો અનુભવે અને એનો એવો લાભ લેતો થાય એવો સમજપૂર્વકનો તેમાં હેતુ હોય તો જ તે યોગ્ય ગણાય.

જીવનના સદ્ગુરુ પણ સાધનરૂપે છે, એ સાધનનો ઉપયોગ હૈયાના ભાવ વડે કરીને ભાવના પ્રકટાવવા માટે, જ્ઞાનપ્રદીપ જગાડવા માટે, જીવે સતત એકધારો પુરુષાર્થ કર્યા કરવાનો રહે છે, તે જાણજો.

**સાધકે આટલું તો કરવું ઘટે**

પોતે જેના હાથે ઘડાવાનું છે, તેની તેવી ભાવના ને તેવું જ્ઞાનભાન પોતાના રોજિંદા વ્યવહારવર્તનમાં સાધક જીવે રાખવું ને પરોવવું પડશે. તેવા જ્ઞાનભાનમાં એના હૃદયની જીવતી ભાવના ને ધારણા પ્રકટેલી ને પ્રેરાયેલી પણ હોવી જોઈએ. આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્ અનેક પ્રકારના દુરાગ્રહો સેવતાં હોય છે. અનેક પ્રકારની માગણીઓ, આશાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ વગેરે સેવતાં હોય છે. આપણે આવાં બધાંથી જ્ઞાનપૂર્વક સમૂળગા વેગળા બનવાનું છે. અનેક પ્રકારની નિર્બળતાઓને આપણે ટાળવી પડશે. કેવું કેવું ક્ષુદ્રપણું છે, તેનું ભાન પ્રેરાવવું પડશે. કેટકેટલી, કેવી કેવી અનેક પ્રકારની ને અનેક ક્ષેત્રમાંની સંકુચિતતાઓ ભરી પડેલી છે, એને નીંદી નીંદી આપણે એની કૃપાથી સમૂળગા મુક્ત થવું જ પડશે. વળી, આપણામાં કેટકેટલું ઘોર અજ્ઞાન ભર્યું પડ્યું છે, ને આપણી અહંતાથી 'આપણે કંઈક સમજણમાં છીએ, આપણામાં આવડત છે, આપણે આમ છીએ ને તેમ છીએ' એવા કંઈ કંઈ પ્રકારના તુક્કા, મન, બુદ્ધિ, પ્રાણ, અહમ્ ઊઠાવતાં હોય છે. તે પળે એનું પ્રત્યક્ષ જ્ઞાન આપણને જાગી જવું જોઈએ. જાગી જવું એટલું બસ નથી, પણ તેને નકારી નકારીને એનાથી મુક્તિ મેળવવા આપણે એની કૃપામદદ મેળવવાની રહેશે ને એ માટે એની હૃદયથી પ્રાર્થના કર્યા કરવાની રહેશે. આપણે માની લીધેલાં સુખદુઃખની સમજણમાં જો પડ્યા જ રહેવાનું કરવું હોય, તો આ માર્ગે વળવાનું નામ જ મૂકી દેવું. પોતાની બદલાવાની ઉમળકાભેરની જ્ઞાનયુક્ત તૈયારી ન હોય તો જીવનવિકાસને માર્ગે જવું કદી પણ શક્ય નથી.

## ગુરુ પ્રત્યે સાધકનું આરંભનું અને પછીનું વલણ

જેને પોતાના જીવનના હેતુની હજી બરાબર ગેડ બેઠી નથી કે તેનું પૂરેપૂરું મહત્ત્વ હજી તેના અંતરમાં ઊતરી ગયું નથી તેવો સાધક ગુરુને યથાર્થ રીતે સમજી શકતો નથી. એટલું જ નહિ, પણ કેટલીક વાર તો પોતાની સમજણ પ્રમાણે ગુરુ વિશે મત બાંધીને તેને અન્યાય પણ કરશે. આવા સાધકને ગુરુના સામીપ્યથી કશું ઝાઝું મળતું હોતું નથી. તેવા વખતે સમજુ સાધકે ગુરુનું જે કંઈ ન સમજાય એવું લાગે તે બધા વિશે પોતાની રીત પ્રમાણે મનમાં ગાંઠ વાળી લેવી નહિ, પરંતુ બને તેટલું તેવા બધા પરત્વે ખુલ્લા રહેવું જોઈએ. એથી, એને વધારે લાભ થવાનો સંભવ રહે છે.

કદાચ કર્મપ્રારબ્ધના સંજોગે કરીને કોઈ નીચલા થરના સાધક સાથે ગુરુનો સંબંધ થયો હશે તો અનેક જાતની મથામણો તેના જીવનમાં ઊભી કરાવીને તેને ઊંચે લાવ્યા વિના ગુરુ રહેવાનો નથી. આ કામની પરિપૂર્ણતા માટે કાળનો પ્રશ્ન એને હોતો નથી. એને તો અપાર ધીરજ રહે છે. વળી, પોતાને વિશે એવો સાધક કે બીજાઓ ગમે તેવું ધારે કે માને તેથી પણ એ પાછો હઠતો નથી. એને તો કશામાં ક્યાંય પણ પાછળ હઠવાપણું રહેતું નથી.

પ્રત્યેક વિરોધી સ્થિતિમાં સાધકને મુકાવીને તે માત્ર જોયા જ કરે છે એમ નથી, એવી સ્થિતિથી એનામાં મથામણ જાગે એમ પણ જોતો હોય છે. સાધકને પોતાનું ભાન સ્પષ્ટપણે જાગે એવું કરાવવામાં તે કશુંયે બાકી રાખતો નથી. અલબત્ત, સાધકને હાથે જ બધું તે થવા દે છે. એની પાછળના સંજોગોમાં પોતે ઊભો છે એવો ખ્યાલ પણ તે સાધકને જાગવા દેતો નથી. જોકે આવું સદાયને માટે સાધકના જીવનમાં રહેશે નહિ. સાધક ઉન્નત ભૂમિકાઓમાં ગુરુનો પડછાયો પકડ્યા વિના રહી શકવાનો નથી. સાધક જ્યારે એવી રીતે ગુરુને પકડી પાડે છે (ગુરુનો સૂક્ષ્મ હાથ ઓળખી કાઢે છે) ત્યારે એને પોતાના જીવનની કૃતાર્થતા થતી લાગે છે.

## શરૂઆતના સાધક ઉપર ગુરુની સ્થૂળ સમીપતાની અસર

ગુરુ જ્યારે સમીપ હોય છે, ત્યારે જુદી જુદી પ્રકૃતિના અનેક માણસો સાથેનું તેનું વર્તન કેવું રહ્યા કરે છે, તે જોવાનું સાધકને મળ્યા

કરે છે ખરું, પણ ત્યારે શરૂઆતના સાધકને ગુરુના વર્તનમાંથી મેળવવાની કે સમજવાની જીવનની દૃષ્ટિ સાંપડેલી ન હોવાથી તે બધામાં તેને ગુરુમાં દંભ, અહંભાવ, ડોળ અને એવું કંઈ કંઈ લાગ્યા કરશે. મારી ઠોકીને કહે કે બીજી રીતે કહો, પણ ગુરુ પોતાનો પ્રભાવ, ઓજસ, મહત્તા, શક્તિ સાધકના દિલમાં-જોરજુલમથી ઠસાવવા માગે છે એવું પણ સાધક કલ્પ્યા વિના રહેતો નથી. જુદી જુદી વ્યક્તિઓ સાથે સાપેક્ષપણે અને યોગ્ય રીતે સરળપણે જ વ્યક્ત થતાં જતાં ગુરુના વ્યવહારને પણ માત્ર આડંબર તરીકે એવો સાધક માની બેસે એવો પણ પૂરો સંભવ છે.

**ગુરુનું એવા સાધક પ્રત્યે પ્રતિવર્તન**

આ બધાં સાધકના અંતરમાંનાં પરિણામો સ્પષ્ટ રીતે ગુરુ જાણી જાય છે, તોપણ સાધકને ભલે એવું થયા કરે તેમ છતાં પોતાના વર્તનનો ખુલાસો ગુરુ પોતે ભાગ્યે જ કોઈક વાર આપે છે. પોતાને કોઈ ઊંધું સમજે તો તે સમજવા દે છે. કેમ કે તે જાણે છે કે એમાં એને પોતાને તો કશું ખોવાપણું હોતું નથી. વળી, તેને ધીરજ હોય છે કે સાધક જો જીવનમાં સાધનાને જ મહત્ત્વ આપ્યા કરશે તો આજે નહિ તો કાલે, ગુરુનું વિચિત્ર કે દેખીતું અયોગ્ય લાગતું વર્તન તેના યોગ્યપણામાં સાધકને સમજાશે જ. ગુરુની અનેક બાજુઓ (All sidedness) ભલે શરૂઆતમાં સાધક ન સમજે, તોપણ તેનામાં ગુરુ પ્રત્યે પ્રેમભાવ અને ભક્તિ જો રહેલાં હશે તો ગુરુની સાચી મહત્તા સાધકને મોડી વહેલી પણ સમજાયા વિના રહેશે નહિ.

સમીપતાથી ગુરુ પ્રત્યેનું આકર્ષણ ઓછું થઈ જવાનો સંભવ રહે છે. પોતાની નજર સામે જ દેખાયા કરેલો હોવાથી સાધકનું મન તેનો વિચાર કરતું અટકી પડે છે, અને તેનામાં એટલું પરોવાઈ રહેતું નથી કે જેટલું તે દૂર હોય છે ત્યારે, આ માનસશાસ્ત્રીય સત્યનું શરૂની કક્ષાનું જ્ઞાન પણ ગુરુને હોવાથી તે પેલા સાધકના વલણ પ્રત્યે સમતા ધારણ કરે છે.

**સદ્‌ગુરુ ક્યારે યોગ્ય રીતે સમજાય ?**

કોઈ પણ માણસના વિચારોને, એનાં લખાણો કે કાગળોના અભ્યાસથી કે તેના તત્ત્વજ્ઞાનની સમજણથી પણ પૂરેપૂરા આપણે તે જાણી શકીશું નહિ. એ માટે એવાનો નિકટનો સહવાસ જરૂરી ભલે હોય

પરંતુ તે પણ પૂરતો નથી. સતત એકધારો અભ્યાસ અને હૃદયની ભાવનાથી સેવેલો સહવાસ, તે ઉપરાંત તેમનું હૃદય સમજવાનો અને એમના જીવનની સમગ્ર, સળંગ અને સર્વતોમુખી જીવનસરણી, ભાવસરણી અને વિચારસરણીની ઈમારત કયા પાયા ઉપર ચણાયેલી છે તે જાણવા, સમજવા અને અનુભવવાનો આપણો નમ્રભાવે જિજ્ઞાસાથી હૃદયનો પ્રયત્ન હશે તો જ તેમનાં જીવનમૂળ આપણને કદાચ હાથ લાગે, અને જો હાથ લાગે તો તેમ છતાં તે પણ પૂરેપૂરી યોગ્ય રીતે તો નહિ જ.

આથી, સાધક પોતાનામાં થતાં પરિવર્તનોને સત્ય હકીકતરૂપે અનુભવશે ત્યારે જ તેના દિલમાં ગુરુના ઉપયોગિતાપણાનો વધારે ને વધારે સૂક્ષ્મ સ્ફોટ હૃદયથી થતો જશે. જેમ જેમ સાધક વધારે ને વધારે સૂક્ષ્મ ચેતનાભૂમિમાં પ્રવેશ પામતો જશે, તેમ તેમ પોતાની પ્રકૃતિ તેમ જ બહારની પ્રકૃતિનાં દર્શન તેને થશે ખરાં, પણ તેવા વખતે તે તેનાથી અલિપ્ત રહેશે. તેમાં તે ભેરવાઈ પડશે નહિ. આમ, પ્રત્યેક મથતા જીવને પોતાના જીવનવિકાસને માપવા કાજેનો કોઈ એક પ્રકારનો ગજ તેના પોતાનામાં ઊગી જવો જોઈશે, કે જેથી કરી તે વારે વારે પોતાને અનુભવથી માપ્યા કરે, અને તો જ તે યોગ્યપણે જીવનમાં ગતિ કરી શકવાનો છે, અને એમ થતાં ગુરુ કે ગુરુની ભાવનાનું મહત્ત્વ, રહસ્ય અને તેનું આકલન યોગ્ય રીતે તે વેળાએ તે હૃદયથી કરી શકવાનો છે.

## ગુરુને છેતરવા નહિ

પોતે ગુરુ કર્યા છે, પરંતુ હૃદયમાં તો શું, પણ મનમાં પણ ગુરુની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના (અને તે પણ પોતાના જીવનવિકાસની ભાવનાને કેળવવા અને તેનો તેવો ઉપયોગ કરવા ખાતર) જો જીવ જીવતીજાગતી યથાર્થ રીતે રાખી શકતો નથી, અને તે જીવને તેવું બળવાનપણું તેવી ભાવનામાં પ્રવર્તતું ન હોય, અને જો તેવો જીવ પોતાના શ્રેયની વાત કરે, તો એવી વાતો તો પેલાના આત્માને છેતરવા બરાબર છે. જોકે તેમાં પેલાને તો કશુંયે નથી, કારણ કે તે તો કોઈ જાતની કોઈ કશા પરત્વે આકાંક્ષા સેવતો હોતો જ નથી. એટલે એને ક્યાંયે છેતરાવાપણું રહેતું નથી, પરંતુ ઉપર કહ્યા તેવા પ્રકારના જીવો તો પરમ અપરાધને પાત્ર છે એ નક્કી જાણવું.

## ગુરુ સાથે સંબંધ

### ગુરુ પ્રત્યે માન

જો ગુરુ પોતાના સાધકો પાસેથી ખૂબ આદરભાવ અને પૂજ્યભાવની અપેક્ષા રાખે તો તેવી વૃદ્ધિ ગુરુને માટે યોગ્ય નથી. માન, પ્રેમ, આદરભાવ, પૂજ્યભાવ - એ બધાં લક્ષણો તો સાધકની સાધનામાંથી પરિણામરૂપે વ્યક્ત થયેલાં હોવાં જોઈએ. ગુરુ પ્રત્યે માન, પૂજ્યભાવ તથા તેની ચેતનાશક્તિની મહત્તા શરૂઆતમાં સાધકને હોતા નથી. એ તો જેમ સાધનામાં તે પરોવાતો જશે તેમ તેમ આપોઆપ આવ્યા વિના રહેશે નહિ. એટલે ગુરુની સમીપતા યોગ્યતાવાળી અને ફળદાયી તેટલા જ પ્રમાણમાં ગણી શકાય કે જેટલા પ્રમાણમાં સાધકનું સમગ્ર જીવન તેની ચેતનાશક્તિ સાથે સંકળાતું જાય અને તેનો દૈવી લાભ લેવાતો જાય. સાધકે જ આ બાબતમાં લક્ષ રાખીને તેનામાં મથ્યા કરવાનું છે, તે તેણે વારંવાર ખ્યાલમાં રાખવું પડશે.

### સાચો સંબંધ

ઘણાંને આમ તો આપણે મળ્યાં જ જઈએ છીએ, પણ તે લોકોના વિચારો આપણને આવતા નથી. એટલે તેમની સાથેનો સંપર્ક કશોય થયો નથી એમ કહેવાય. સંપર્ક થાય અને સંબંધ પણ થાય ત્યારે તેના વિચારો જાગતા રહે છે, અને સંબંધ ત્યારે જ થાય છે કે જ્યારે આપણો એનામાં અને એનો આપણામાં કંઈ રસ રહ્યો હોય છે. જેમ રસ પ્રગટ થતો જાય છે, અને જામતો જાય છે, તેમ એક પ્રકારની આસક્તિ જામે છે, અને તેમાંથી રાગનું રૂપ તે લે છે. એટલે એનું વારંવાર ચિંતવન પણ રહે છે, પરંતુ એ લાગણીમાં સ્થૂળપણું રહેલું હોવાથી તથા ભીતરમાં રહેલો અંદરનો -અંતરનો હેતુ પણ તેવો જ હોવાથી આપણું સ્થૂળપણું એમાં વધે છે, એટલે કે તેવી લાગણી ગાઢ બને છે, અને એ વાતાવરણમાં જ ઊતરતા જઈએ છીએ. આપણને સામસામું આમ એક જ પ્રકારનું લેણદેણ રહ્યા કરે છે. એનાથી જુદી જાતના પ્રવાહો- currents ત્યાં કદી જામતા નથી. એથી એવાથી પર થવાની કે રહેવાની સમજણ, ચેતના, ભાન, consciousness આપણામાં જાણવાનો કે જામવાનો સંભવ જ રહેતો નથી. એટલે જેણે અંતર્મુખ થવું છે, ભગવાનને શરણે રહેવું છે અથવા ઊર્ધ્વગામી જીવન પોતાનામાં

ઉદ્‌ભવાવું છે, તેણે આવા સાથે સંપર્ક રાખવો જરૂરી છે કે તેના સંપર્ક અને સંબંધના પરિણામે પોતાનામાં ઊર્ધ્વગામી પ્રવાહો અથડાય અને જન્મે. એવી વ્યક્તિ, વિભૂતિ, નિરાસક્ત અને ભગવાનની ભાવનામાં સદાય રત હોવાથી સાધારણ માનવીમાં જે રાગાત્મક પ્રવાહો પડેલા છે, તેનાથી ઉચ્ચ કોટિના પ્રવાહો તે માનવીમાં અથડાશે (જોકે સાધકને શરૂઆતમાં તો તેનો ભાવ પણ નથી હોતો. પણ આગળ જતી ભૂમિકાઓમાં આની ખબર તેને પડે છે) અને એક જાતનું મંથન સાધકનામાં થવાનું જ. આમ, સામસામા રાગાત્મક અને અરાગાત્મક પ્રવાહ જાગ્યા કરતાં હોવાથી તેની ચેતનાશક્તિમાં જરૂર ફેરફાર પડવા માંડશે. એટલા માટે આપણામાં ગુરુની પ્રથા પડેલી હશે. આપણા બીજા સંબંધો પાર્થિવ હોવાથી આપણો પરસ્પર કોઈ ને કોઈ જાતનો રાગાત્મક હેતુ જ હોવાથી-આવા સંબંધો આપણને પાર્થિવપણાની ઉપર લઈ જઈ શકતા નથી. ગુરુશિષ્ય વચ્ચેના સંબંધનો હેતુ જ શિષ્યની ચેતના જગવવા માટેનો છે. તેથી, તે સંબંધ જ ઊર્ધ્વગામી થઈ શકે છે.

## ગુરુ પરત્વેનો યોગ્ય ભાવ

ગુરુના આંધળા અનુકરણથી કશો શક્કરવાર વળી શકતો નથી. તે તો જીવનનું અજ્ઞાનતામાં મૃત્યુ છે. ગુરુ કરવા ખાતર ગુરુ કરવા એ તો મુદ્દલે ખપનું નથી, પરંતુ જીવનવિકાસની ભાવનાને જીવનમાં ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે સદ્‌ગુરુનું જ્ઞાનભક્તિપૂર્વકનું સેવન કરવાના ભાવે જીવનવિકાસની ભાવનાના આધારના સાધનરૂપ સદ્‌ગુરુ કરેલા હોય, તો તે ગુરુ ખપના છે. એવું જો સાચોસાચ એના યોગ્ય ભાવાર્થમાં આપણા જીવનમાં હૃદયથી પ્રકટેલું હોય, તો એનું લક્ષણમાપ એ છે કે એની ગરજ આપણામાં જાગી ગયેલી જીવનમાં અનુભવાશે. જો એવી પૂરેપૂરી સાચી ગરજ જાગી ગયેલી હોય તો મન ફરી ફરી, વળી વળી એના તરફ જ વળ્યા કરે. એમ હોય તો એ વારંવાર હૃદયમાં યાદ આવ્યા કરે. જેની ગરજ વધારે, તેને જ આપણે જરૂર ખોળતા જતાં હોઈએ છીએ. ગુરુ કર્યા તે જીવવાને કાજે. એનો ઉપયોગ જો તેના હેતુ અર્થે, જ્ઞાનપૂર્વક, યોગ્યપણે ન કરી શક્યાં તો મૂઆ આપણે ને મૂઆ ગુરુ.

**સદ્‌ગુરુનો ઉપયોગ**

સદ્‌ગુરુની કને જવાનું મન થાય, પરંતુ એના કરતાં આપણા હૃદયમાં એને જીવતો કરવાની કળા સાધકે શીખવાની રહે છે. જે એને બહાર સ્થૂળ રીતમાં જુએ છે, તે સાચો સાધક નથી. એવો સાધક કશો પોતાનો શક્કરવાર વાળી શકનાર નથી. જે સાધક પોતાના સદ્‌ગુરુને પોતાના જીવનવિકાસથી અજવાળ્યા કરે છે, જરૂર પડતાં હૃદયથી એનો સથવારો ખોળે છે, તે મેળવીને તેના વડે ખાલી ખાલી કંઈ માત્ર તે આશ્વાસન કે આશાએશ ભોગવતો નથી, પરંતુ એના સથવારાની સહાયે તો જીવનવિકાસમાં આગળ ને આગળ કૂચકદમ કરવામાં એની ધન્યતા ને કૃતકૃત્યતા તે અનુભવે છે તેવો સાધક જ્ઞાનભાવે સદ્‌ગુરુને ઉપયોગમાં લઈ શકે છે.

**ગુરુના ઉપયોગની શરત**

જીવનનો ઘડનારો અને જીવનને દોરનારો એવો જે ગુરુ છે, તે એની મેળે પૂરેપૂરો ખપમાં આવી શકતો નથી. આપણે પોતાની મેળે કરીને એને ખપમાં અને ઉપયોગમાં લેવાનો હોય છે. એનામાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, હૃદય અને અહમ્ પ્રેમભક્તિજ્ઞાનથી જાગૃતિપૂર્વક પરોવાયેલાં રહે (અને તે તે પણ જીવનહેતુના ફલિતાર્થે) તો જ તે આપણને ખપમાં લાગે છે, એવા અનેક અનુભવો જરૂર થાય. પ્રયોગ કર્યા વિના ખાતરી પણ કેવી રીતે થઈ શકે ? માટે પ્રેમભક્તિપૂર્વક સૂક્ષ્મ કરણોને તેનામાં પરોવવાનું થાય, તો જ કંઈક ગજ ફાવી શકે.

પરંતુ આ સાથે એટલું તો ચોક્કસ ખ્યાલમાં રાખવાનું છે કે તેથી કરીને આપણું જીવન આંતરિક ઊંચી કક્ષાનું રહ્યાં કરે છે કે કેમ, અને સંસારવ્યવહારનાં વર્તનમાં આપણી વર્તનકળા ઉત્તમ પ્રકારની બન્યાં કરે છે કે કેમ તે આપણે કાજે પારાશીશી જેવું હોવું ઘટે. જે રીતે આપણને કોઈ ઉપયોગમાં આવી શકે તે રીતે તેનો આપણે સંબંધ રાખીએ છીએ, તેવું જ આમાં છે તે જાણવું.

**સદ્‌ગુરુની મદદની શરત**

જો સાધકને સદ્‌ગુરુની મદદ જોઈતી હોય, તો એણે સદ્‌ગુરુને પોતાનામાં જીવતાં કરી કામ કરતાં બનાવવાના રહે છે. તે વિના તે

કદી પણ બની શકવાનું નથી, તે પણ નક્કર હકીકત છે. પછી આપણે ભલેને ગમે તેટલી બૂમો પાડીએ કે રડીએ ! માટે જેમ સદ્ગુરુ કહે, બતાવે, લખે, તેમ કરી બતાવવાની હૃદયથી જીવતીજાગતી ખ્વાહેશ ધરાવ્યાં કરાય અને એમાં ક્યાંયે કચાશ જરા પણ ન બતાવાય તો જ સાધનાનું કામ થવાનું છે. બાકી, સંસારવ્યવહારવર્તન આદિ તો દ્વંદ્વથી બનેલા છે. તેનો ઈતિહાસ જાણવાની અમને પરવા પણ નથી. અમારે તો તમે ભલે ને મૃત્ય પામો પણ એને ક્યાંય નમતું ન આપો અને બસ સદ્ભાવથી ખૂબ ઝઝૂમો, કટકા ભલે થઈ જવાય, પણ તૂટી તો ન જ પડાય. હારવા છતાં તે યુદ્ધ તો લડ્યા જ કરતો રહે છે. તે ભાંગી પડવા છતાં ભાંગી જતો નથી. તેવી વેળા હૃદયમાં, હૃદયથી પ્રાર્થના કરીને પ્રભુને પોકારીને એની કૃપામદદ નોતરે છે. એવો જ સાધક બની શકે છે. સાધના એ તો પરાક્રમ, શૌર્ય, ન્યોછાવરીની કથા છે. એમાં માયકાંગલાપણું ક્યાંય ન ચાલી શકે.

**સદ્ગુરુનો સાથ જતો પણ રહે - (શિષ્યની ઝાટકણી)**

સદ્ગુરુ એ ખાલી શોભાનું પૂતળું નથી. તેનો જો જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ ન કરવો હોય, તેવું ન જ સૂઝતું હોય, તો તેને અમથા ખાલી વળગવું એ તો મિથ્યાં છે. સાધકે સદ્ગુરુની પ્રત્યક્ષ મદદ લેવાની કળા જીવનમાં અનુભવ કરીને તેવું અનુભવજ્ઞાન મેળવીને જીવતી કરવાની રહે છે.

**સદ્ગુરુ એટલે એની દેખીતી આકૃતિ નહિ પણ એના હૃદયમાં રહેલી ચેતનભાવના કે જેની મદદ લઈને ઊંચે આવી શકાય છે.** તે શક્તિને આહ્વાન કરીને (અલબત્ત, હૃદયના પ્રાર્થનાભાવે) આપણે જીવ પ્રકૃતિની સામે ટકી રહેવાનું છે.

આધ્યાત્મિક બાબતમાં જો સાધક પોતાને જાણ્યે-અજાણ્યે છેતર્યા કરતો રહે અને સદ્ગુરુને ગુરુ કર્યા છતાં તેના વિશે હૃદયમાં કશું પણ ન ધરતો હોય, સદ્ગુરુની ભાવના જીવનમાં વણવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો જેનો અભ્યાસ નહિવત્ છે, અને જેને કંઈ કશું સાધનાના ભાવાર્થે અને તેના હેતુના ફલિતાર્થે પૂરતાં પ્રમાણમાં કંઈ કશું કરવું નથી, હૃદયમાં હૃદયથી સાધના થઈ શકે તેવી જાગૃતિ, સાવચેતી

રાખવાં નથી, રહી શકતાં નથી, તો સદ્‌ગુરુ તો કહી કહી, બતાવી બતાવી, લખી લખી, થોથાંનાં થોથાં ભરે, પણ તેથી શું વળે ? કારણ કે હૃદયમાં હૃદયથી સૂક્ષ્મભાવનો સ્વીકાર કરવાની કળા હજી તો તેને હાથ જ લાગી નથી, એટલે જે સ્થૂળ રીતે બતાવવામાં આવ્યું હોય કે બતાવવામાં આવતું હોય, તે જો બરાબર કાળજીથી, ખંતથી, ઉત્સાહથી અને પોતાના જીવનવિકાસના કાજે તેની ખેવનાને વધારીને જ્ઞાનભક્તિપૂર્વક વર્તવાનું ન કરતો હોય, અને સાધક પરત્વેની ગુરુની ભાવનાનો હૃદયથી સ્વીકાર ન થતો હોય, સાધકનું દિલ સદ્‌ગુરુના હૃદયમાં રહ્યાં જ ન કરતું હોય, પોતે સાધના કરવાનો ઝંડો લઈને બેઠો છે, સાધનાને અને સાધનાના ભાવને તો પોતે નેવે મૂકી દીધો હોય છે, તો તે વેળા બે હાથ પહોળા કરીને શું સદ્‌ગુરુ એને ભેટવા જશે ? સદ્‌ગુરુનો પ્રેમભાવ મિથ્યા નથી, પણ સાધકના દિલમાં સદ્‌ગુરુના કાજેનો હૈયાનો પ્રગટ સદ્‌ભાવ અને એવો ઉત્કટ પ્રેમભાવ હોય કે જેથી કરી બંનેનાં હૃદય પરસ્પર હળીમળી શકે, એવી ભૂમિકાવાળો હૃદયમાં બનેલો નથી, ત્યાં સુધી કશું પણ બની શકતું નથી. સાધક જો માત્ર ખાલી ખાલી તેમનો તેમ રહ્યાં કરે છે, તો ગુરુ પણ સાધકનામાંનો પોતાના હૃદયનો સહકાર ખેંચી લેતો હોય છે, અને એમ એને પછીથી સાલવા દે છે, કે જેથી તે પાછો પોતાના સદ્‌ગુરુ તરફ હૃદયમાં હૃદયથી વળી શકે.

## ગુરુસ્મરણ

### સદ્‌ગુરુ સ્મેરે તે ફાવે

પોતાના જીવનના વ્યવહારવર્તનમાં પ્રત્યક્ષ તે પળે તેણે શ્રીસદ્‌ગુરુને જીવતા કર્યા કરવાના રહે છે. સકળ કંઈ કરતાં કરતાં હૃદયથી એ કેવી રીતે રાજી થશે, તે પ્રમાણેનાં જે જીવ જ્ઞાનભક્તિથી વર્તન-અમલ કર્યા કરે છે, તેમ કરતી વેળા જે કંઈ આડુંફેલું ઊપજે તેનાથી મુક્ત રહેવા, તે પોતે હૃદયની નેક દાનતથી સાચો પ્રયત્ન કરવામાં મંડ્યો રહે છે, એમાં તે પોતે ટેકીલો અને અણનમ રહ્યાં કરે છે. તેવી વેળા પ્રભુકૃપાને પ્રાર્થના કરીને નોતરતો રહે છે. એવા જીવને જરૂર મદદ મળ્યાં કરે છે. સદ્‌ગુરુ આપણા જીવસ્વભાવવાળા વ્યવહારવર્તનથી જરૂર નારાજ થાય છે તે નક્કી જાણવું. જે જીવના વ્યવહારવર્તનમાં જીવનને ઊંચે લઈ

જવા કાજેનાં જ્ઞાનભાન નથી હોતાં, એમાં જે જીવ માત્ર રોડાંની જેમ ગબડ્યે જતો હોય છે, તેવી પળે જે જીવને પોતાના સદ્‌ગુરુનો જીવતોજાગતો તો શું, પણ અમસ્તો ખ્યાલ સરખોયે જાગતો નથી, એવો જીવ પછી સદ્‌ગુરુની કૃપા ઉપર જીવવાનું વાંછતો હોય, તો તેનું તેવું વાંછવું વાંઝિયું છે. જે વ્યવહારવર્તનના તે વેળાના જીવનમાં હૃદયમાં પોતાના જીવનના આદર્શનું જીવતું જ્ઞાનભાન એની કૃપાથી કરીને રાખી તેમાં ડૂબી ન જતાં, ડૂબવાનું થતાં જે જીવ ઊંચે જ આવવાને ખરેખર મથ્યાં કરે છે, એવું મથ્યાં કરવાનું થતાં કદીક હારતાં હારતાં પણ તે વેળાએ પ્રભુને પોકારવાનું કરે છે, ઉપર રહેવાને હૃદયથી તે ખૂબ ઝંખતો હોય છે. તેવી ઝંખના કંઈ છાની થોડી જ રહી શકતી હોય છે, ઉચ્ચ જીવનને કાજે હૃદયમાં ઝંખના પ્રગટ્યા વિના સાધક નામને તે જીવ યોગ્ય નથી એમ નક્કી પ્રમાણવું. તેવી ઝંખના જીવનને ઊંચે આણવાપણામાં મદદ અને પ્રેરણારૂપ બને છે. ઝંખના પણ ગુરુ પ્રગટાવશે એમ જે જીવ માને છે, તેવા જીવનો ગુરુને તેવા માનવાપણામાં પણ શો દમ હોય ?

**સદ્‌ગુરુનું લગાતાર સ્મરણ કરો**

મનને ભાવનામાં, ભક્તિમાં પરોવી રાખવાનો અભ્યાસ કેળવ્યા કરવાનો છે. જેને ગુરુ કે જીવનવિકાસનો માર્ગ બતાવનાર મિત્ર, વડીલ કે હૃદયનું સ્વજન આપણે હૃદયમાં હૃદયથી સાચોસાચ માન્યો હોય, તો તે મન-આંખ-હૃદય આગળથી જતો રહી કેમ શકે ? એટલે એને સામે ને સામે રાખીને સકળ કર્મ મનહૃદયથી શાંતિ અને પ્રસન્નતાથી, કર્મમાં દિલ પરોવીને નહિ, વળી, જીવનનો જે સદ્‌ગુરુ છે તેના સ્થૂળપણામાંયે નહિ, પણ એની ચેતનાપૂર્વકની ભાવનામાં પરોવી પરોવીને સકળ કંઈ કરતાં રહેવાનું છે. વાંકુંચૂંકું થઈ જવાતા એની કૃપામદદ હૃદયથી યાચ્યાં જ કરવી. એને હૃદયમાંથી ખસેડવો જ નહિ. ભાવનાની ઉત્કટતા જેમ જેમ જીવતી અને વધતી જશે, તેમ તેમ ભાવનાની બાબત પ્રત્યક્ષ આકાર લેતી અનુભવી શકવાનાં છીએ તે જાણજે.

**ગુરુસ્મરણની ભાવના વધે**

હૃદયમાં જો ઉત્કટપણે ભાવના પ્રગટેલી રહ્યા કરે છે તો જીવનના ધ્યેયના મનન ચિંતવનમાં એકધારું રહી શકાય છે. તેથી, ભાવનાની પારાશીશીને સદાય ચડતી રાખ્યા કરવી. ભાવનામાં ઉત્કટતા અને

મુગ્ધતા પ્રેરાય એ કાજે જેનામાં આપણને હૃદયની ભક્તિ અને શ્રદ્ધા છે, તેનું વારંવાર હૃદયથી સ્મરણ કર્યા કરવું. મન, પ્રાણ અને બુદ્ધિને આપણે તેની કને વારંવાર તેડીને લઈ જવાં અને તેની સાથે એક કરવાં. એમ કરવાથી આપણી ભાવના પાછી વધારે કોમળ અને તેજસ્વી બને છે. તેની સોબત પળેપળ આપણાં મનમાં, પ્રાણમાં અને બુદ્ધિમાં જીવતી રહે તો તેની પ્રેરણા આપણને કેવી રીતે મળ્યા કરે છે, તે સમજાય અને આપણી સાથે જ તે છે, તે પ્રત્યક્ષ અનુભવાય. તેનામાં એકાગ્ર, કેન્દ્રિત અને એકાંગી આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જો થઈ જાય તો એનો અનુભવ આપણને થયા કરે. એને વીલો મૂકવો નહિ. એને જો સાથે રાખ્યો હોય અને કદાચ રખડવાનું બની જાય તોય તે કૂખમાં આંગળી ઘોંચીને આપણને જગાડે છે. જીવતી સોબત થયા વિના અને એ સોબતમાં પ્રેમજ્ઞાનભક્તિનું બળ ઉમેરાયા વિના તેનું સાચું ભાન અને સાચું સ્વરૂપ આપણને જાણવા મળતું નથી. બાકી તો જે છે તે છે. હૃદયના અનુભવથી જ્યારે જેમાં આપણને પાકી ખાતરી થાય છે, ત્યારે તેમાંથી પાછું હઠી શકાતું નથી.

સ્મરણ, પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સ્મરણ, માનવીને નવું જીવન પ્રગટાવે છે અને એવા જીવનની પ્રેરણા એવી તો વેગ અને ગતિવાળી હોય છે કે આપણને તે સદાય આનંદમાં મગ્ન રખાવ્યા કરે છે. આપણે જાણે હોઈએ છતાં ના હોઈએ, આપણે કામ કરતાં હોઈએ છતાં કામ જ જાણે ના કરતાં હોઈએ, આપણે સંસારમાં બધાંની સાથે હોઈએ છતાં બધાંની સાથે ના હોઈએ એવું લાગ્યાં જ કરે છે. જીવનનો આનંદ, તેની મસ્તી, તેની ધૂન અને તેની લગની એવી જીવતી સોબત થતાં ઉત્તરોત્તર વધતાં જાય છે.

### ગુરુસ્મરણની ચમત્કારિક શક્તિ

જેનામાં હૃદયનો ભાવ જાગેલો છે, તેનું સ્મરણ જીવનમાં નવી તાજગી, નવું જોમ, નવી પ્રેરણા, નવું સાહસ, હિંમત, ધીરજ વગેરે પ્રેર્યા કરે છે. સદ્‌ગુરુની ચેતનપૂર્વકની સ્મરણ-ભાવના તેટલા કાજે છે. સ્મરણની ભાવનાની સાધના કંઈ આજકાલની નથી. એ તો જુગજુગ જૂની ચાલતી આવ્યા કરેલી છે. એનો કાયાપલટો કાળે કાળે કરીને થતો રહે છે. જીવનનો પલટો જેની કૃપામદદ વડે થઈ શકવાનો છે, તેનામાં આપણું હૃદય લાગેલું રહ્યા કરે, ને તે જીવનવિકાસની ભાવનાની

બાબતમાં ઉપયોગમાં આવી શકે, તે કાજે તેવું પુણ્યસ્મરણ જીવનને તારનારું બની શકતું હોય છે. આ જીવને ઘણીયે વેળા ચેતવીને જગાડ્યો છે. કેટલાક વેળા ઉઠાડીને ચાલતો કરેલો છે. કેટલીક વેળા એવાના સ્મરણના પુણ્યપ્રકોપે જીવનને મઠારવાનું યજ્ઞકર્મ પણ કરેલું છે. કેટલીક વેળા ભૂલા પડાતાં ને પતનની વેળાનું જાગૃત જ્ઞાનભાન પણ જતું રહેતાં, તેનું ભાવભર્યું પુણ્યસ્મરણ તો પ્રત્યક્ષ સંજીવની રૂપે નીવડેલું છે. એવા એ સ્મરણના કંઈ કંઈ અનુભવો સ્મૃતિપટમાં પડેલા છે, એવા એના સ્મરણથી જ જીવનનું કામ થયું છે, ને પડતાં-આખડતાં, ઊંચે આવવાનું બની શક્યું છે, એવી એ પુણ્યસ્મરણની ન્યારી ખૂબી છે. જે સ્મરણ આપણને મર્દાનગી પ્રેરે, હિંમત, સાહસ, બળ, ઉલ્લાસ, ખંત, ધીરજ, સહનશીલતા વગેરે પ્રેર્યા કરે, તેવું સ્મરણ ખપનું છે. હૃદયના ભાવથી થયેલું સ્મરણ તે તો એવું કામ આપે છે કે જેની સરખામણી શેની સાથે કરવી તે સમજાતું નથી. એવું પુણ્યસ્મરણ એ તો ભૂલા પડેલાને રસ્તો બતાવનાર સાચો સથવારો છે. એની હૂંફ, ઓથ, એની સમર્થતાની અસર એ બધું ન્યારું છે. તે સ્મરણ માત્ર ભાવમાં ડૂબાડી રાખતું નથી અથવા ઘેલછા ઉત્પન્ન નથી કરતું કે નથી જન્માવતું ધૂન. એનું કામ તો છે જીવનનો યોગ્ય ઉઠાવ કરવાનું. જેના જીવનમાં એવા સ્મરણની જ્ઞાનભક્તિપૂર્વકની કેળવણી થતી રહે છે, તે તો નિર્ભય અને નિર્ભર રહ્યા કરે છે. એને કંઈક થતાં, કરતાં એનાથી ઊગરવાની દવા એની કને તૈયાર જ હોય છે. કંઈક થતાં બાળક જેમ માને પોકારે કે માની કને દોડી જાય, તેમ તેવા પ્રકારના સ્મરણવાળા જીવનું બન્યા કરતું હોય છે. એવા સ્મરણનું સાધન જે જીવને મળે છે, તે જીવ તો કૃતાર્થ થવાનો જ છે, તે નિશ્ચે જાણવું. માટે આનંદથી મસ્ત બનવું, રહેવું ને તેવા ભાવે જીવવું.

**સદ્‌ગુરુનું ભાવસ્મરણ**

હૃદયમાં ભાવના પ્રકટાવતાં રહીએ ને તેવી ભાવનાથી ભૂમિકામાં નામસ્મરણ કર્યા જ કરીએ, નામસ્મરણ તો એકધારું, સતત, તૈલધારાવત્ કર્યા જ કરીએ. ભાવનાથી કોરાં થયેલાં લાગીએ, તો શું સદ્‌ગુરુ મૂઓ પડેલો છે ? તો પછી આપણે સદ્‌ગુરુ કર્યો શેને કાજે ? એનું હૃદયમાં, હૃદયથી ભાવસ્મરણ પ્રકટતાં હૃદયમાં જો ભાવ ન પ્રકટી શક્યો તો આપણું દિલ સદ્‌ગુરુનામાં લાગેલું નથી તે નક્કી પ્રમાણવું. આ જીવ

એના સદ્‌ગુરુનું પુણ્યસ્મરણ પ્રકટાવીને, હૃદયમાં ભાવનાનો ઓઘ જન્માવીને, તેના વડે કરીને જીવનની સાધનાનું કામ એની કૃપાથી કર્યા કરતો હતો. મનાદિકરણોને જરા પણ શુષ્ક તો થવા દેતાં જ નહિ. ભાવનાથી તે જ્યારે તરબોળ રહ્યાં કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા પણ નથી ને ઊઠી પણ શકતા નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન, ભાવની એકતાનતાથી, એકાગ્રતાથી સારી રીતે થયા કરે છે, એવો આ જીવનો અનુભવ છે.

ભાવની એકાગ્રતા જામતાં જામતાં કેન્દ્રિતતા પ્રકટે છે. ભાવની કેન્દ્રિતતા થતાં અને તે તેની સંપૂર્ણતાની ટોચે પ્રકટતાં ને તે દશામાં લાંબા ગાળા સુધી ટકતાં-જીવતી રહ્યા કરતાં-તે પછી તેનો વિસ્તાર પણ થવા માંડે છે.

સદ્‌ગુરુનું ચેતનવંતું, પવિત્ર સ્મરણ હૃદયમાં, હૃદયથી પ્રકટાવીને તેના હૃદય સાથે આપણા હૃદયનું ભાવભક્તિથી એકતાનતાભર્યું અનુસંધાન કર્યા કરીને તેવું જ્ઞાનયુક્ત તાદાત્મ્ય સાધીને, હૃદય હૃદયની એકતા જ્યારે ઉદ્‌ભવે છે, તેવી વેળા જ જીવંત ચેતનાયુક્ત કેન્દ્રિતતા પ્રકટે છે, તે જ સ્થિતિ જ્ઞાનદશાના અનુભવની ભૂમિકારૂપે હોય છે.

## પ્રેમભક્તિ

### ગુરુભક્તિનો અર્થ

સદ્‌ગુરુની ભક્તિ એટલે શું તે પણ સાધક જીવે ઘણી સમજવાની જરૂર છે. સદ્‌ગુરુના શરીરની સેવા કરવી તે માત્ર ભક્તિ છે, તેમ કદી ન જાણવું, પરંતુ એની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યા કરે, તેવી ધારણાથી આપણને જેમાં તેમાં ઊંચે તર્યા કરવાનું પ્રત્યક્ષ તે વેળા જ્ઞાન પ્રકટ્યા કરી. તે કર્મ યજ્ઞભાવે થયા કરે, તે કર્મ પાછાં શ્રીપ્રભુચરણકમળે સમર્પણ થયા કરે, ને તેવાં કર્મો શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે - એવું જ્ઞાન તે કર્મ કરતી પળે આપણામાં જીવતુંજાગતું રહ્યા કરે, તે જ સદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે, જેના વડે કરીને આપણા જીવનનું યોગ્ય સાચું ઘડતર થયા કરે, તે સદ્‌ગુરુની પ્રેમભક્તિ છે. જેથી કરી આપણે જાગતા, ચેતતા રહ્યા કરીએ તે આપણી સદ્‌ગુરુની પ્રેમભક્તિ છે. એની સ્થૂળ સેવામાં આજકાલના લોકો (ને તે પણ કંઈ કશા હેતુના લક્ષ્ય વિના) જે કરે છે, તેમાં નથી એમનું કલ્યાણ કે નથી અન્યનું પણ કલ્યાણ.

## દુર્લભતાની નિસરણી

ચેતનામાં પ્રકટેલા ઉચ્ચાત્મામાં જીવનો મોહ થાય, રાગ થાય, મમતા થાય, આસક્તિ થાય, તો તે બધું આપણું કોઈ જીવ સાથે થવાનું બને તેના કરતાં ઉચ્ચાત્મામાં તેવું થાય, તો તેનાં પરિણામે જીવ સાથેનાં રાગ, મોહ, મમતા, આસક્તિ જે રખાયાં હોય તેના કરતાં તો જુદાં નીપજે. તેવા આત્મા એક તો મળી શકવા દુર્લભ હોય છે. હોય છે તો તેની સાચી ઓળખ થવી દુર્લભ હોય છે. પ્રભુકૃપાથી તેવા મળી આવે ને તે જાણમાં આવે, તોપણ તેમના પર મોહ, રાગ, મમતા, આસક્તિ થવાં તે પણ મુશ્કેલ હકીકત છે.

## ગુરુમાં રાગ થતાં બધું થાય

ઉત્તમ પ્રકારના આત્મનિષ્ઠ જીવમાં સામાન્ય જીવથી એટલે જીવદશાવાળા માનવીથી રાગ થવો એ પણ એક દુર્ઘટ ઘટના છે. એવામાં જો હૃદયનો, હૃદયથી, હૃદયમાં રાગ થઈ જાય તોય તેવો જીવ પેલા ઊંચી કક્ષાવાળામાં રમ્યાં કરે. ભલેને પેલો જીવદશાવાળો હોય અને જીવદશાની કક્ષાનો રાગ પેલાનામાં રહ્યાં કરતો હોય, છતાં પેલા ઊંચી કક્ષાવાળા માનવીના ગુણોની અસર જીવદશાવાળા માનવીને થયા વિના રહી શકવાની તો નથી જ. ‘‘સોબત એવી અસર અને સંગ તેવો રંગ’’ એવી જે કહેવત પડેલી છે, તેમાં જરૂર કંઈક તો તથ્ય રહેલું છે.

## ગુરુભક્તિ કેમ પ્રગટે ?

આ સ્થૂળમાં રાગ થયા, પરંતુ એ રાગની કોટિ પણ જુદા જુદા પ્રકારની હોય છે. રાગમાંથી એક પ્રકારનું આકર્ષણ જન્મે છે. રાગના પણ ત્રણ પ્રકાર છે :- કનિષ્ઠ, મધ્યમ, અને ઉત્તમ. મનન, ચિંતવન અને નિદિધ્યાસન પ્રગટે, એ તો કનિષ્ઠ અને ઉત્તમ બંને પ્રકારના રાગમાંથી ઊપજે. તેથી, કનિષ્ઠને તો આપણે વર્જ્ય કરવાનું છે. ઉત્તમ પ્રકારનો રાગ જે છે, તેનું આકર્ષણ થતાં ઉત્તમ પ્રકારનું મનન, ચિંતવન અને નિદિધ્યાસન થાય ખરું. કોઈ પણ સંતાત્મા વિશે આપણો રાગ થાય એટલે શું ? સંસારવ્યવહારમાં વહાલામાં વહાલું જે હોય અથવા તો ધનદોલત, માલમિલકત, સગાંવહાલાં, કીર્તિઆબરૂ અથવા તો તે બધું અને તે ઉપરાંત, આપણાં હૃદય-એ બધાંય કરતાં હજારોગણો રાગ જો સંતાત્મામાં થાય તો આપણું એકધારું વલણ એનામાં રહે. કનિષ્ઠ પ્રકારના રાગમાં જુવાન છોકરા-છોકરીઓ પ્રેમના મોહમાં આવરાઈ જતાં માતા, પિતા, સગાં, વહાલાં, મિત્ર, સંબંધીઓ, આબરૂ,

માનહાનિ, ધનદોલત વગેરે બધાંયને ઠોકરે મારીને એકબીજામાં ગુલતાન થવાને તૈયાર હોય છે, પણ એ તો ખાલી દારૂના ઘેન જેવી દશા છે. તે નશો ઊતરી જતાં માનવી ઊલટો મૂઢ બને છે. સ્થૂળ પ્રેમના મોહમાં માનવી પોતાનું સર્વસ્વ યાહોમ કરવાને તૈયાર થાય છે. પરંતુ તેમાં અજ્ઞાનનાં આંધળુકિયા છે. તેમાં એક જાતનું ઘેન રહે છે. વિવેકદશા પ્રગટતી નથી. એટલે તેનાથી તેની ઉન્નતિ થતી નથી. તેવી રીતે જે રાગ આપણને સ્થૂળમાં ચોંટાડી ના રાખે, પરંતુ તે રાગમાંથી વિવેકયુક્ત સમજણ પ્રગટાવીને, તાટસ્થ્ય અને સમતા જન્માવીને ઉપર ખેંચી આણે તે રાગ ઉત્તમ છે. **સંતપુરુષમાં રાગ થવો એટલે આપણાં નિમ્ન પ્રકૃતિનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકારનો તેની ચેતનાના હૃદયભાવ સાથે મેળ ખવડાવવો.** એ આપણાં પાંચ કરણો અને આપણે જો તેની સાથે એવો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત રાગ કેળવવાનું કરી શકીએ તો તેનામાં એકતાલ બની શકીએ, પરંતુ તે બધું પૂરેપૂરી સમજણથી અને જીવન વિકાસના હેતુ કાજે બનવું ઘટે. સાચી શ્રદ્ધા એકદમ પ્રગટતી નથી. શ્રદ્ધા પણ કેળવાતાં કેળવાતાં કેળવાય છે. સંસારવ્યવહારમાં જેમ કોઈના ઉપર આપણો પાકો ભરોસો બેસી જતાં તેના ઉપર આપણે નિશ્ચિંત રહી શકીએ છીએ, તેમ સંતાત્મામાં તેવી હૃદયની સાચી સમજણ પ્રગટી જતાં જીવનમાં આપણને કશા ઉધામા રહેતા નથી કે થતા પણ નથી, કશી સગડગ રહેતી નથી; તેના વિશે આડાઅવળાં વિચારો ઊઠતાં નથી અને તેનામાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર તલ્લીન-એકાકાર બની રહે છે. એવી સંપૂર્ણ એકાગ્ર અને કેન્દ્રિત થયેલી સ્થિતિમાં જ ચેતનાશક્તિના આધ્યાત્મિક બીજનું આરોપણ થઈ શકે છે. સાધારણપણે કોઈ પણ બીજની વવાઈ જવાની ભૂમિકા એવાં સામસામેનાં બંને તત્ત્વો એકીસાથે, એક સમયમાં અને તે સમય પૂરતાં તદ્દન એકાકાર હોય, એકબીજામાં તલ્લીન-ગરકાવ થયેલાં હોય અને એ સ્થિતિમાં સર્જનાત્મક શૂન્યતા હોય, આગળપાછળનું ભાન પણ ના હોય ત્યારે તેનું બીજારોપણ થઈ શકે. જેમ સ્થૂળમાં એમ છે તેવું જ આધ્યાત્મિક બાબતમાં પણ છે. તલ્લીનતા પ્રાપ્ત થયા સિવાય જેમ વસ્તુના મૂળમાં જઈ શકાતું નથી તેવું આમાં પણ છે, પરંતુ તે સાથે સાથે હૃદયનો જીવતાજાગતો વિવેક પ્રગટેલો હોવો જોઈએ, પણ આપણે તો ભગવાન ઉપર પાકો ભરોસો રાખવો. એનો સાચો આધાર હૃદયમાં, હૃદયથી રાખીશું તો જ આપણો બેડો પાર થવાનો છે.

### સાચી ગુરુભક્તિ થતાં ભાવના ટકે

જ્યાં સુધી સખત આઘાત અને આંચકા ન લાગે, ત્યાં સુધી ગુરુ પ્રતિની ભાવના સુકોમળ રહે, પણ અનેક પ્રકારના આડાઅવળા પ્રસંગોમાં પણ એના પરત્વેની હૃદયની ભાવના સતત જ્ઞાનપૂર્વકની જાગૃતપણે જીવતી જળવાયાં કરે તો મન બીજા વિષયોમાં ગયું હોય તોપણ તેની ભૂમિકાની પેલી ભાવના ઝળહળતી રહ્યાં કરે છે, એવો મારો પોતાનો સાધનાકાળનો અનુભવ છે.

### પોતાનું બધું જ ગુરુમાં ગાળી નાખો

સાધક અને ગુરુ વચ્ચે હૃદયની સરળતા, સહજપણું અને ખુલ્લો ભાવ જેટલો મોકળાપણે હોય તેટલો ઉત્તમ છે. મન, ચિત્ત, પ્રાણ, બુદ્ધિ, અહંકાર અને હૃદય અથવા જેને આપણે સર્વસ્વ પોતાનું ગણતાં હોઈએ તે બધું પણ તેનું જ થઈ જાય - તેનામય થઈ જાય, એ ભાવના સદાય રમ્યા કરે એવો જ્ઞાનભક્તિપૂર્વકનો પ્રયત્ન અને અભ્યાસ આપણે આદરવાનો રહે છે.

### ખુલ્લા થવાનો અર્થ

જેને જીવનનો નિર્માતા ગણેલો છે, તેની આગળ મનનું ખુલ્લે ખુલ્લું સરળપણું ઘણું જરૂરનું છે. તેનાથી જેટલું છાનું રહ્યું તેટલો એકાત્મપણામાં ભંગ થાય. એવા સરળપણામાં ક્યાંય ખચકો કે સંકોચ નથી હોતાં. માત્ર નિવેદન પૂરતી ત્યાં સરળતા હોય તેટલું બસ નથી, પણ જે નિર્બળપણું જીવનું હોય તે ઘણું સાલે, ડંખે, તો જ તેમાંથી મોકળા થવાનો ઉપાય તે જીવ લઈ શકવાનો છે, બાકી તો નહિ. એવી દશા જોવાતાં જ જે તે કંઈ કહેવાનું, કથવાનું, બતાવવાપણું, આપોઆપ ઉમળકાથી સૂઝ્યાં કરે છે.

### ખુલ્લા થવાપણું

સદ્‌ગુરુ આગળ દિલની સરળતા રહ્યા કરવી, દિલનું ખુલ્લું થયા કરવું - એ બધું લખ્યા, વાંચ્યા કે બોલ્યા જેટલું સહેલું હોતું નથી. એમાં ઘણી જાતના સદ્‌ગુણની કેળવણીની જરૂરત જન્મે છે અને રહે છે. પહેલું તો અભય. રખેને સદ્‌ગુરુ **નારાજ થાય અને કડવા શબ્દ કહે** એટલે દુઃખ લાગે અને તેથી સદ્‌ગુરુ પરત્વેની પ્રેમભક્તિમાં ઓટ આવે જાણ્યેઅજાણ્યે ભય રહેલો હોય છે, પરંતુ સર્વ પ્રકારના ભયમાંથી મુક્તિ એટલે સર્વ રીતે અને સર્વ પ્રકારે અભય. જીવનસાધનાની આ એક

અનિવાર્ય અને સૂક્ષ્મ જરૂરિયાત છે. ખુલ્લું થવામાં અભયનો ગુણ કેળવવાની જરૂર છે એ સાચી હકીકત છે, પણ ખુલ્લા થવું એટલે શું એની ગતાગમ ઘણાને હોતી નથી. હૃદયનો જ્યાં એવો પૂરો પ્રેમભાવ નથી હોતો ત્યાં કદી ખુલ્લું થઈ શકાતું નથી. તટસ્થતા, સમતાનો ભાવ જીવનમાં જો કેળવાયો ના હોય તો ખુલ્લા થવાના નિમિત્તે આપણે ગમે તેમ બાફી મારીશું. યોગ્ય પ્રકારના ખુલ્લા થવામાં તો ઘણો સૂક્ષ્મ વિવેક પ્રગટતો હોય છે. જેમ જેમ આપણે અનાસક્ત, નિર્મમત્વવાળા, નિરહંકારી ભાવમાં પરિણામ પામતા જતાં હોઈએ છીએ, તેમ તેમ સાચા અર્થમાં ખુલ્લા થવાપણાનો ભાવ હૃદયમાં, હૃદયથી પ્રગટતો જાય છે. ગમે તેમ બકી મારવું અને જેમ આવે તેમ બોલવું એનું નામ ખુલ્લું થવાપણું નથી. આપણને જે સમજાયું હોય તે પૂરેપૂરું સાચું છે કે કેમ તેની ચકાસણી અને તપાસણી યોગ્ય પ્રકારની થયા વિના કોઈ આઘાત પ્રત્યાઘાતથી પ્રેરાઈ કોઈ ઉશ્કેરાટવશાત્ આવેશ કે આવેગમાં આવી જઈને જે કંઈ બોલી નાખીએ તે ખુલ્લા થવાપણું નથી કે નથી નીડરતા. આ હકીકત આપણે ખાસ ધ્યાનમાં રાખવાની છે. સાચી રીતે ખુલ્લું થવામાં તો જ્ઞાનભક્તિપૂર્વકનું મુલાયમપણું પ્રગટે છે. અને જીવનવિકાસના માર્ગમાં તે ખાસ જરૂરનું છે. આકાર ઘડાવાને ભાવનાને સ્વીકારતું તેવું મુલાયમપણું વિકાસના પંથે આગળ વધવાને માટે તો એક મોટામાં મોટી જરૂરિયાત છે અને એવા ખુલ્લાપણાની દશાનો પણ સાધનામાં આગળ જતાં વિકાસ થયા કરે છે અને એની પણ ઉત્તરોત્તર ઉચ્ચ ને ઉચ્ચ કક્ષાઓ હોય છે. આપણે જે ખુલ્લા થવાનું છે, તે આપણા જીવનના ચણતર અને ઘડતર માટે. જે ખુલ્લા થયા કરવાથી આપણે સદ્ગુરુની ભાવનાને વધારે ને વધારે દ્યોતક-પ્રકાશ આપનારા નીવડીએ તે જ યોગ્ય ખુલ્લા થવાપણું છે. **ખુલ્લા થવાપણું એટલે જીવદશાની સકળ વૃત્તિઓની પકડમાંથી મુક્ત થવાની આંતરિક પ્રક્રિયા. જે અનેક પ્રકારની મડાગાંઠો આપણને જીવદશામાં રખાવ્યા કરે છે, તેમાંથી મુક્તિ મેળવવા માટેની પ્રગટેલી ઝંખના અને તે ઝંખનાનું પ્રત્યક્ષ સાકારપણામાં ગતિથી વહન થવું એ પણ એક પ્રકારનું સૂક્ષ્મ ખુલ્લા થવાપણું છે.** આમ, ખુલ્લા થવાપણું એની ઉચ્ચતમ આત્યંતિક કક્ષામાં જીવનસાક્ષાત્કારમાં પ્રગટે છે.

સદ્‌ગુરુ પણ શિષ્યમાં જ્યારે ખરેખરી જીવનવિકાસની ભાવનાને માટે જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના પ્રગટેલી જુએ છે અને તેને જ્યારે જીવનવિકાસના સાધનાના પંથમાં અદમ્ય ઉત્સાહ, ખંત, બળ અને પરાક્રમ દાખવતો અનુભવે છે અને જ્યારે તેવા સાધકમાં અભયાદિ ગુણનો વિકાસ થતો જુએ છે તથા જીવનવિકાસને પ્રેરણાત્મક એવા બીજા ગુણોનો વિકાસ થતાં તે ગુણોની જ્ઞાનાત્મક પરંપરામાં આત્યંતિક એવો ભવ્ય અને દિવ્ય નમ્રતાનો ગુણ સાધકમાં તેની પરાકાષ્ઠાએ સદ્‌ગુરુ જ્યારે અનુભવે છે, ત્યારે સદ્‌ગુરુ તેના ઉપર વારી વારી જાય છે, ન્યોછાવર થાય છે અને ત્યારે સદ્‌ગુરુ પોતે પણ તેવા સાધકના ઊછળતા આનંદ-ઉન્માદના ઉમળકાથી પ્રસન્ન થઈને સંપૂર્ણપણે સાધક આગળ ખુલ્લો થતો જાય છે. સાધકનું દિલ સદ્‌ગુરુ પરત્વે પ્રેમભક્તિભાવથી તાદાત્મ્ય અનુભવે છે, તેમ સદ્‌ગુરુ પણ તેના પરત્વે ખુલ્લો થતો જતો હોય છે. દિલ એ બધામાં સૌથી મોટી વાત છે.

સદ્‌ગુરુ આગળ સાધક જે પોતાની જીવપ્રકારની ભૂલ કે દોષનો ખુલ્લો એકરાર કરે છે તેમાં જો પશ્ચાતાપ ના હોય તો તેવા એકરારથી તેનું કશું ખાસ વળી શકતું નથી. સદ્‌ગુરુ આગળ જે ખુલ્લા થવાપણું છે, તે આપણા ઉપર ચઢવા માટે છે, આપણી જીવપ્રકારની નિર્બળતાઓ ટળી જાય તે માટે છે અને જીવનનું રચનાત્મકપણું પ્રગટાવવા અને કેળવવા માટે છે, એ આપણે ખાસ લક્ષમાં રાખવાનું છે.

**આત્મનિષ્ઠ ભક્તિથી ઓળખાય**

જ્ઞાની, ભક્ત કે યોગી આત્માઓનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર નાશ પામી ગયાં હોય છે એવું નથી હોતું. તેમના શરીરથી કોઈ ક્રિયા કે કર્મ નથી થતાં એવું નથી હોતું. તેઓ બધાં, આપણી માફક બોલતા, ચાલતા અને વર્તતા હોય છે, પરંતુ ચેતનાનો પ્રદેશ કોઈ અનોખા પ્રકારનો હોય છે અને રહે છે. તેમનાં મનાદિ અને શરીરનાં કર્મો તો આપણી માફક હોય છે, પરંતુ તેને પારખી કે અનુભવી શકવું એ સરળ હકીકત નથી. કોઈને પણ સમજવું હોય, અનુભવવું હોય કે પારખવું હોય તો તે પરત્વેનાં આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સંપૂર્ણ પ્રેમભક્તિવાળાં બની જાય તો જ તેનું હાર્દ આપણે પામી શકીએ.

## પ્રેમભક્તિ જ કામની

સામાન્ય વ્યવહારમાં પણ ચાલાક, દક્ષ, નિપુણ, વ્યવહારકુશળ માનવીને આપણે પૂરો પારખી શકતા નથી, તો આવાને કેમ કરીને પારખી શકવાનાં છીએ ? એટલે એવાને પારખવાની કે સમજવાની ખટપટમાં પડ્યાં કરતાં એની સાથે હૃદયની જ પ્રેમભક્તિથી જેટલો રાગ કરી શકાય, તેટલો રાગ હૃદયથી કર્યા કરવો. એનાં વચનોને આપણી સમજણથી નહિ, પણ "કંઈક યોગ્ય પ્રકારનું તથ્ય હશે, અને તેમાં કંઈક ઉત્તમ હશે", એમ તે પળે એવા પ્રકારનાં જીવતાં શ્રદ્ધા-વિશ્વાસ ભક્તિથી જેટલું હૃદયના ઉમળકાથી તે સ્વીકારવાનું બની શકે તેમ કરવું તે આપણે કાજે ઉત્તમ છે. તેથી કંઈ તમારા બધાંનું લાખોનું તો નુકસાન થઈ જવાનું નથી. કંઈ ઊંધો, આડોઅવળો, ધરતીકંપ થઈ જવાનો નથી તે જાણશો. તેવી સ્વીકારવાપણાની ભૂમિકામાં તે વેળા કંઈ કશી ગણતરી ન હોય કે બીજી કંઈ કશી વૃત્તિ ન હોવી ઘટે, અથવા તો "ચાલો ! મોટાને ગમશે" એવી વૃત્તિ ન હોવી કે રહેવી ઘટે. તેમાં એકમાત્ર સમજણ, જીવતીજાગતી સમજણ, પોતાના જીવનવિકાસ પરત્વેની હોવી ઘટે અથવા **એનાં વચનોને ન સ્વીકારવાપણું બને તોપણ હરકત નથી.** તે માત્ર માગે છે બધાં સ્વજનોનો પ્રેમભક્તિ-ભાવભર્યો સત્કાર, સ્વીકાર, સહકાર અને સહચાર. તેવું થાય તો જ પરસ્પર એકરાગ થઈ શકે છે. રાગ જો ખરેખરો દિલમાં પ્રગટ્યો તો આપણે પરસ્પર ચોંટ્યા સમજવું. આવા પ્રકારનો રાગ પણ હજી કોઈ સ્વજનમાં લાગેલો નથી. જીવનવિકાસના ઉત્કર્ષનો માર્ગ માગી લે છે કેટલીક અનિવાર્ય શરતો. તે શરતોનું હૃદયપૂર્વકનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું પાલન એ એક મોટામાં મોટું આ માર્ગનું સાધન છે.

## ગુરુને કસીને સ્વીકારો, પણ પછીથી તો હૃદયની પ્રેમભક્તિ જ રાખો

સદ્‌ગુરુને પણ પારખી સ્વીકારવાનો હોય છે. સ્વીકારતા પહેલાં જે કંઈ અંતરમાં જાણવું હોય, તે બુદ્ધિની, ભાવના આદિની મદદ માટે જાણી લેવાનું કરી શકાય, પણ એકવાર તેને હૃદયથી સ્વીકારાયા બાદ તેની સાથે ખાલી ગતકડાં કરવાં, તેની સાથે અમથી રમત આદરવી, તે આપણા કાજે જરા પણ યોગ્ય નથી. તેને આપણા જ જેવો સમજવામાં, માનવામાં, જાણવામાં આપણો પ્રકૃતિદોષ રહેલો છે, તે નક્કી પ્રમાણવું.

આપણા જીવનમાં જ્ઞાનનો અનુભવ પ્રકટાવવા, આપણા જીવનમાં તેના પરત્વે સન્માન-આદર, પ્રેમ, ભક્તિ આદિ ભાવનાની ઘણી ઘણી જરૂર રહે છે.

**સદ્‌ગુરુ પરત્વે હૃદયનો પ્રેમ જોઈશે જ**

જીવનના સર્વ ક્ષેત્રમાં કોઈ ને કોઈ પાસેથી આપણે શીખતા હોઈએ છીએ. જેની પાસેથી શીખવું છે, તેના પરત્વે હૃદયનો સદ્‌ભાવ, નમ્રતા અને ઊંડો પ્રેમ પ્રગટેલાં હોય છે તો આપણામાં તે વિદ્યા ઝટ અને સારી રીતે પ્રવેશી શકે છે. કોઈ પેઢીમાં બે કારકુન શીખવાને રહે છે. એ બંનેને પેઢીનું કામકાજ શીખવાની ધગશ તો છે, પરંતુ એક છે તે તેવી કામ શીખવાની ધગશ પૂરેપૂરી રાખતો હોવા ઉપરાંત, જેની કનેથી કામકાજ શીખવાનું છે, તેનું કહ્યું કરવામાં ઉમંગ, ઉત્સાહ બતાવે છે, તેનું કહેલું કામ એકદમ અદમ્ય ઉમળકાથી કરે છે. તે આવે તે પહેલાં તેની આગળ-પાછળનું કામ બધું તૈયાર કરી રાખે છે, તેને આવતાવેંત શું જોઈએ ? તે બધું વિચારીને તૈયાર રાખે છે અને વખતોવખત તેને શું શું જોઈશે ? અને તે શેના વિચારમાં છે ? તે પકડી પાડીને પોતે તેને સરળતા જેમ પ્રાપ્ત થાય, તે પ્રમાણે સમજીને વર્તે છે. એવાની ઉપર પેલા શીખવનારનો હૃદયનો ભાવ ઘણો જાગે છે. જ્યારે પેલો બીજો કારકુન પણ છે તો શીખવાની ધગશવાળો, પરંતુ પેલા પહેલા કારકુન શેઠ પ્રત્યે તે કંઈ વર્તતો નથી. એ તો પોતાને જે કામ મળે તે માત્ર કરે છે. આથી, પેલો પહેલો જે શીખનાર છે, તેનામાં પેઢીના કામકાજની ઘણી આવડત પ્રગટી જાય છે અને તે આગળ વધે છે તથા તેના ઉપર શેઠની મહેરબાની પણ થાય છે. આ અનુભવની હકીકત છે. તેવી જ રીતે આપણે જીવનની વિદ્યા જે શીખવી છે, તે વિદ્યા જેની કનેથી શીખવી છે, તે વિદ્યા શીખવનારની સાથે અતડા રહ્યા કર્યેથી આપણામાં નહિ પ્રગટી શકે. હજી કદાચ બીજી વિદ્યાઓ તો શીખાય, પણ આ તો નહિ જ. હૃદયમાં, હૃદયથી તેની કને નજીકમાં નજીક જવું પડશે. તેનામાં આપણી સહૃદયતા પ્રગટ્યા વિના, તાટસ્થ્યપૂર્વકનું જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય પ્રગટ્યા વિના હૃદય, હૃદયનો તેનામાં આપણે એકરાગ પ્રગટ્યા વિના, તેના જીવનના હાર્દને આપણે પામી શકવાના નથી, તે જાણજો.

## ગુરુ સાથે હૃદયસંબંધ કરો

જેના ઉપર પૂરેપૂરો પ્રેમભાવ, આદરભાવ, શ્રદ્ધા-વિશ્વાસ હૃદયમાં જાગેલાં હોય છે, તો તેનાં વચનનું હાર્દ, હૃદય એકદમ સ્વીકારી લેતું હોય છે. રોજના વ્યવહારમાં પણ આપણે તેવું અનુભવેલું જાણેલું છે. તે જ કારણથી સાધકને તેણે પોતે પોતાની સ્વતંત્ર મરજીથી સ્વીકારેલા ગુરુ સાથેનો સંબંધ હૃદયમાં, હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો કેળવાઈ ગયેલો હોય, તો ગુરુને વારંવાર ટોકણી કરવાની પણ જરૂર રહેતી નથી. જ્યારે પરસ્પરનાં હૃદય સદ્‌ભાવ અને સત્કારયુક્ત સ્વીકારની ભાવનાથી એકમેળ થયેલ હોય છે, ત્યારે સાધક જીવ સાનમાં સમજી જતો હોય છે. **જે કહેલું હોય, તેને આચરવામાં શૂરો બની જતો હોય છે. કહેલું આચરી બતાવવામાં મૃત્યુની પણ પરવા કરતો હોતો નથી.** હૃદયનાં પ્રેમભાવ, સદ્‌ભાવ, આદરભાવ, ભક્તિભાવ જેનામાં પ્રગટે છે—અને તે પણ જ્ઞાનપૂર્વકના પૂરા ઉત્કટ પ્રમાણમાં—ત્યારે ગુરુના હૃદય સાથેના સહકારભર્યા તાદાત્મ્યપણાના ભાવમાં તે પ્રગટે છે, અને પરિણામ પામે છે. તેવું થતાં ગુરુનાં વચનને પાલન કરવામાં જીવનની ઈતિકર્તવ્યતા હૃદયથી તે સમજે છે અને અનુભવે છે. સાધકના હૃદયનો જીવતો ઉપર પ્રમાણેનો સંબંધ પ્રગટી જાય છે, ત્યારે સાધકથી ગુરુના કહ્યા પ્રમાણે, તેના દર્શાવેલા ભાવ પ્રમાણે, સાધના થયે જતી હોય છે. તે પછીથી તો સાધક પોતાના સદ્‌ગુરુના હૃદયના ભાવને સૂક્ષ્મપણે હૃદયમાં, હૃદયથી પકડી શકતો બની જતો હોય છે. જેની કૃપામદદ લેવી છે, તેની સાથે હૃદયનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો સુમેળ તેની આત્યંતિક દશામાં પ્રગટાવવાની ઘણી જરૂર રહે છે. જો સંસારવ્યવહારવર્તનની દશામાં સુમેળ ઘણો જરૂરનો છે, તો સાધનાના ક્ષેત્રમાં તેના આત્યંતિકપણે વિશેષપણે તે ઘણો જરૂરનો છે. જે સાધક પોતાના સદ્‌ગુરુના હાર્દ અને તેના જીવનના મર્મભાવને સમજે છે, તે તો તેની ભાવના પ્રમાણે જીવનને ઘડવાને મશગૂલ બન્યાં કરે છે. એવો જે સાધક એકાગ્રપણે અને કેન્દ્રિતપણે પોતાની સાધનાના ભાવમાં મસ્ત બને છે. તેની આગળપાછળ જે બનતું હોય છે, તેમાં તે હોવા છતાં તેનામાં તે રીતનું મહત્ત્વ પછીથી તો પરોવાતું નથી. તેનાથી જરા પણ તેનું ઘવાવાપણું બનતું હોતું નથી. આવા હૃદય-હૃદયના સંબંધની ખૂબી, રહસ્ય અને મહત્ત્વ હૃદયનો પ્રેમભક્તિભાવ જ્યાં પ્રગટે છે, ત્યાં તે જે તે બધું એક

કરવાપણામાં જ પ્રવર્તે છે. હૈયાની પકડ જેમાં હોય છે, તેમાં મન સહજપણે રહ્યાં કરે છે. ત્યાં પ્રયત્નની પણ જરૂર રહેતી નથી. હૈયાની પકડ જે વિષયમાં હોય છે, તેમાં કશી ડખાડખ થતી નથી કે રહેતી નથી. ત્યાં આશંકા પણ થતી નથી. અરે ! ઉદ્‌ભવતી જ નથી. તેવી જ રીતે સાધનાનો ભાવ જ્યારે હૃદયમાં પૂરો પ્રવેશ પામી, ત્યાં પ્રત્યક્ષ બને છે, તેવી વેળા સાધના આપોઆપ ચાલ્યા કરે છે. તેવી વેળાએ કરણોની અશુદ્ધિ બધી જ એકદમ શુદ્ધ થઈને સાધનાના ભાવને યોગ્ય સાધનરૂપે તે કરણો બની જતાં હોય છે. **ગમે તેવા પ્રખર પુરુષાર્થ કરવાથી જે બનવું શક્ય હોતું નથી, તે સાધકની ઉપર જણાવેલી હૃદયની દશા થતાં શક્ય બની જતું હોય છે.** તેટલા માટે સાધકે સાધનાનો ભાવ હૈયામાં હૃદયથી પ્રવેશ પામી ત્યાં એકાગ્ર અને કેન્દ્રિત થઈ પ્રત્યક્ષ જીવતોજાગતો થઈ જાય, તે પરત્વે પોતાનું સકળ લક્ષ રાખવાનું હોય છે. એને જ એટલે કે સાધનાના ભાવને સર્વપ્રકારનું સર્વમાં મહત્ત્વ હૃદયથી જાગૃતિપૂર્વક જો તે આપ્યા કરે, તો સાધનાની ભાવનાનો વેગ વધતો જતો તે જરૂર અનુભવી શકે. ત્યારે સ્વપ્રયત્ન હૃદયની જાગૃત ધારણામાં તે સમાઈ જતો હોય છે. ભાવનાની અખંડતામાં ક્યાંય ખચકો અનુભવાતાં હૃદયની જાગૃતિ સહજપણે પોકારી ઊઠે છે, અને તે ભાંગતી અખંડતાને પાછી જાળવી લઈને તૂટતો તાર એકદમ સાંધી લે છે. એવી શરણાગતિની ભાવના હૃદયમાં પ્રેમભક્તિપૂર્વકની જ્યારે સધાય છે, ત્યારે જ સાધનાનું ખરેખરું કામ તો શરૂ થતું હોય છે, તે અનુભવની નક્કર હકીકત છે.

**પ્રેમભક્તિની જરૂરનાં કારણો**

પ્રેમભક્તિ કંઈ તેને કાજે નથી રાખવાનાં. તેને તેવી કંઈ જરૂર પણ નથી. તે તો આપણે તેનો જીવનમાં યોગ્યપણામાં સ્વીકાર કરી શકીએ એવી ગ્રહણાત્મક જીવનની ભૂમિકા આપણામાં પ્રકટ્યા કરે, તેવા હેતુના જ્ઞાન કાજે તેના પરત્વે તે (પ્રેમભક્તિ) આપણે રાખ્યા કરવાના હોય છે. તેનાં વચનો આપણા આધારમાં હૃદયમાં, હૃદયથી આચરી શકાય તેવા પ્રકારની ભૂમિકા કેળવવાને કાજે તેવી ભાવના તેના પરત્વે રાખવાની આવશ્યકતા હોય છે. વળી, તે કરતાંયે તેના હૃદયનો જીવતો ભાવ ઉપર જણાવ્યા તેવા ભાવોથી રંગાયેલા હૃદયમાં જ ઊતરી શકતો હોય છે. એવો એનો ભાવ ઊતરવા કાજે, પ્રકટવા કાજે, અવતરણ થવા

કાજે તે માગી લે છે ભૂમિકા. તેવી અંતરની ભૂમિકા પાકે છે તેના પરત્વેના ઉપલા ગુણોના જ્ઞાનપૂર્વકના જીવતા અભ્યાસથી.

**પ્રેમ સ્થળનું અંતર ભાંગે છે**

હૃદયમાં પ્રેમભક્તિયુક્ત સદ્‌ભાવ જેના પરત્વે જાગેલો રહ્યા કરે, તેનું ચિંતવન આપમેળે આપણામાં થયા કરે. તે આપણા હૈયામાં રમે અને આપણે તેના હૈયામાં રમીએ. હૃદયનો સદ્‌ભાવ અને પ્રેમભાવ એ એવાં તો પ્રચંડ શક્તિસ્વરૂપ છે કે સ્થૂળ રીતે તે જીવ દૂર હોય છતાં તે સૂક્ષ્મ સ્વરૂપે આપણી સાથે ને સાથે રહ્યા કરતો હોય એમ લાગે છે.

**ગુરુ પ્રત્યેનાં પ્રેમનાં લક્ષણો**

જો આપણને કોઈના પરત્વે હૃદયનો સાચેસાચો પ્રેમભાવ પ્રગટી જાય તો તેના કહ્યા પ્રમાણે વર્તાય જ. હૃદયનો પ્રેમભાવ જેના પરત્વેનો છે, તે તો તેનું સતત મનન-ચિંતવન આપણને કરાવ્યા કરે છે.

**સદ્‌ગુરુને દિલ અપાતા બધું મળે**

ગુરુભાવ જે રાખવાનો છે તે તો પોતાના જીવનવિકાસના માર્ગમાં આપણને મદદ મળ્યા કરે તે માટે. તેવી ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના તેવો ભાવ રાખી શકવો મુશ્કેલ છે. તે કંઈ રાખ્યો રખાતો નથી. જેને તેમ કરવાને મથવું પડે છે. તેનાથી તેમાં એકધારું ટકાવું દોહ્યલું છે. જે રીતે સાધનામાં તમને મદદકર્તા થઈ પડે એ રીતે એ ભાવ પ્રેમપૂર્વક રાખવાનો છે. **ગુરુભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર નહિ, પરંતુ જીવનનો વિકાસ થવાને આપણને જે ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય છે, તેને એકાગ્ર અને કેન્દ્રિત એકમાં કરીને તેનામાંથી પ્રેરકબળ અને ચેતનવંતા પ્રાણ પ્રાપ્ત કરવાને જે લક્ષ્ય, જે સાધન છે તે.** એવો ભાવ લેવાનો મુખ્ય આધાર આપણા પોતાના ઉપર છે. જો કોઈ સાધકને કોઈક પરમ ચેતનવંત, સમર્થ, સદ્‌ગુરુનો પોતાને આશરો છે એવું ચેતનવંતું, જ્ઞાનયુક્ત ઝળહળતું ભાન જાગે અને રહ્યા કરે એવા અનુભવ થયા કરે તો તેને એની આગેકૂચમાં સરળતા પ્રગટ્યા કરે છે. તેવા સાધકના મથવામાં તેને ખરેખરો વેગ પ્રગટે છે. તેને એક પ્રકારની ઓથનું ભાન રહ્યા કરે છે. ''મારી પાછળ કોઈ જીવતોજાગતો સમર્થ બેઠેલો છે'' એવી તેને હૂંફ મળ્યા કરે છે અને એવી ઓથ અને હૂંફને આધારે તેને તેનાં ડગલાં ભરવામાં એક પ્રકારનું નક્કર જોમ પ્રગટે છે. આવું થતું હોવાથી સાધકને સદ્‌ગુરુ ઉપર કૃતજ્ઞતાનો ભાવ પ્રગટે છે

અને કૃતજ્ઞતાના ભાવમાંથી તેના ઉપરની ભક્તિનું સ્વરૂપ પણ ઘડાય છે. સદ્‌ગુરુની મદદનો આધાર કેવળ સદ્‌ગુરુ ઉપર નથી, પરંતુ આપણા પોતાના ઉપર અવલંબે છે તે નક્કી જાણશો.

તમારું લક્ષ સતત એકધારું સાધનાના ભાવમાં ટકી રહેતું હોય અને ગડમથલની પળે જાગૃત થયા કરતાં હો અને જાગૃત થઈને એવા પ્રયત્નોમાં પાછા જીવંત બનવા હો અને એવા પ્રયત્નમાં કંઈ કશી કમી મુદ્દલે ના રાખતા હો અને તેમ છતાં તમારું કંઈ કશું ચાલતું ના હોય, ત્યારે જો તમે સદ્‌ગુરુના દિલની સાથે એકાગ્રભાવે કેન્દ્રિત થઈને દિલમાં દિલ મેળવીને મદદ લેવાનો પોકાર પાડો તો મદદ મળવાની શક્યતા પણ છે અને મદદ મળી શકે છે એવા અનુભવ પણ થાય. સદ્‌ગુરુની મદદ મળે છે તે હકીકત સાચી છે, પરંતુ જ્યારે એનામાં આપણું દિલ પૂરેપૂરું પ્રેમભક્તિપૂર્વક મળેલું અને લાગેલું હોય છે, ત્યારે તે અનુભવાય છે, ત્યારે એના ઉપરનો આપણો પ્રેમ અને ન્યોછાવર થઈ જવાની ભાવના બીજા કોઈની સાથે સરખાવી શકાય તેમ નથી. એવા સદ્‌ગુરુ પરત્વેનો આપણા દિલમાં પ્રગટેલો ભાવ આપણને સાધનામાં વિશેષ ને વિશેષ એકાગ્ર અને કેન્દ્રિત થવાને પૂરેપૂરો શક્તિવાળો છે. આ હકીકત પૂરેપૂરા સ્વાનુભવની છે.

### ગુરુપ્રેમનું મહત્ત્વ

જેમ સંપર્ક કે સંબંધ એકલાથી આપણને સામી વ્યક્તિનું ચિંતવન થતું નથી, પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રગટે છે, ત્યારે તે વ્યક્તિનું ચિંતવન થયા કરે છે—અને જો જેમ રાગ વધારે તેમ ચિંતવન પણ એકાત્મભાવનાનું વધારે રહે છે—તેમ જ એવા સંતાત્મા ગુરુ પ્રત્યે પણ જો ખૂબ પ્રેમ જાગ્યા કરે તો એનું ચિંતવન પણ જરૂર સવિશેષ રહ્યા કરે છે. ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ આપણી ચેતના-consciousness જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં આપણું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનો છે. તેથી, ગુરુ પ્રત્યેનો પ્રેમ ઉત્કટ હોવો જોઈએ એટલું જ નહિ, પણ એના પ્રત્યેની ભાવનામાં આપણી જીવતીજાગતી consciousness (ચેતના) પણ રહેવી જોઈએ. એ સંબંધના હેતુમાં પણ પૂરેપૂરી રીતે સતત જ્ઞાન અને ભાન હોવાં જોઈએ. હેતુના આવાં જ્ઞાન અને ભાન ઉપરાંત ગુરુ પ્રત્યેનો આપણો ભાવ Responsive and Receptive (ક્રિયાત્મક સહકારવાળો અને ગ્રહણાત્મક)

હોવો જોઈએ. ખરી આતુરતાવાળાં વલણ, વૃત્તિ અને દૃષ્ટિ આપણામાં કેન્દ્રિત અને હૃદયસ્થ રહેવા જોઈએ.

**સદ્‌ગુરુનો પ્રેમ**

જ્યારે સાચેસાચો પ્રેમ પ્રગટે છે, ત્યારે તેવા પ્રેમને લીધે જેના પરત્વે પ્રેમ છે, તેની અનેક પ્રકારની ખૂબી અને રહસ્ય આપણામાં ઊગે છે. તેના ગુણ અને શક્તિ જેમાં ને તેમાં આપણાથી પરખાય છે. તેમના દોષ દેખાય છે તો તેવા દોષને મિટાવવાને કારણે. દોષનો સ્વીકાર તે કરે છે, પણ તે સ્વીકાર દોષમાંથી મુક્તિ કરાવવાને કાજે. આવો પ્રેમનો ધર્મ છે. પ્રેમમાં આસક્તિ નથી, રાગ નથી, મોહ નથી. કોઈ પ્રકારની આશા, અપેક્ષા કે કામના નથી. તેમ છતાં તેમાં તીવ્ર ઉત્કંઠા છે. એની ભાવનાની ધગશની સાથે કોઈ ધગશ સરખાવી શકાય તેમ નથી. પ્રેમનો કોઈને દુ:ખી કરવાનો ઈરાદો હોતો નથી. પ્રેમ સાનુકૂળ પણ વર્તે અને પ્રતિકૂળ પણ વર્તે. પ્રેમને અનુકૂળ-પ્રતિકૂળ જેવું કશું નથી. સાનુકૂળ, પ્રતિકૂળ, તો સામા જીવને લાગે છે. એને દિલ તો તે બંનેમાં પ્રેમનો ભાવ જ છે. પ્રેમ તો ચાહવાનું જ જાણે છે. પ્રેમ મસ્તીમાં મુક્તપણે જે તે બધું સર્જે છે ખરો. એટલે એને કોઈ કશી વાતે અડચણ નથી હોતી. અટકવાપણું પણ બનતું નથી કે છટકવાપણું પણ બનતું નથી. પ્રેમમાં સમતા છે, તટસ્થતા છે, તાદાત્મ્ય પણ છે. પ્રેમનો ભાવ અનેરો અને અનોખો છે. તેથી, દયારામ કવિએ ગાયું છે કે *"જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના દિલમાં ઠરે."* એટલે આપણે પ્રેમના ભાવને સ્વીકારવાને કાજે યોગ્ય ભૂમિકાવાળા થવાનું છે, તે જાણજો.

**સદ્‌ગુરુના પ્રેમનું કાર્ય**

પ્રેમ મથામણ કરાવે છે, પણ તેની તેવી મથામણમાં તે જીવને સાચું સમજાવવાનો પ્રયત્ન હોય છે. પ્રેમ હાથ જોડીને બેસી રહેતો નથી. તે સદાય જાગૃત છે. સહજ પ્રયત્નશીલ છે. સાધકના જીવનમાં સદ્‌ગુરુના પ્રેમનું મહત્ત્વ ન્યારું હોય છે. પ્રેમને પચાવવાની શક્તિ અને લાયકાત જોઈએ. પ્રેમ જેના તેનામાં અવતરી શકતો નથી. પ્રેમ માગે છે જીવનને ઊર્ધ્વ કરવા. પ્રેમ તો જીવનને નીચલી સપાટીએથી ઊંચકીને જીવનને ઊર્ધ્વ ભૂમિકામાં લઈ જવાને સતત પ્રેરતો રહે છે. પ્રેમ નીચે ઊતરે છે ખરો, પણ ઊંચે જવાને કાજે. તેને જો જ્ઞાનભક્તિપૂર્વકનો હૃદયનો સાથ ન મળે તો તે પાછો હઠી પણ જાય છે. પ્રેમ અવતરીને આપણી

પ્રકૃતિના અને આપણા સ્વભાવનાં દર્શન કરાવે છે. પ્રેમ જીવનમાં પ્રગટીને જીવનના યદ્વાતદ્વાપણાનો અનુભવ કરાવે છે. આપણા યોગ્ય ઠામઠેકાણાં નથી તેનું ભાન કરાવે છે. આપણી અનેક પ્રકારની મડાગાંઠોનું ભાન પણ તે કરાવે છે. આપણામાં જે સમજણ પડેલી છે, તે યોગ્ય પ્રકારની નથી. તેમ છતાં આપણે ઝોડની માફક વળગી રહીએ છીએ, તે હકીકતનો સ્વીકાર પ્રેમ આપણી કને કરાવે છે. છતાં તેવા પ્રકારની સમજણને આપણે પૂરેપૂરા વળગી રહેતાં નથી, તે દુર્ભાગ્યની ઘટના છે.

**ગુરુપ્રેમ અને બીજા પ્રેમમાં ભેદ**

આસક્તિની લાગણીમાં વધારે પડતી ચોંટી જવાની, જકડાઈ જવાની વૃત્તિ છે, પરંતુ ગુરુના પ્રેમની ભાવનામાં સાત્ત્વિકતા અને તેનાથીયે પરનું સૂક્ષ્મપણું હોવાથી તે વધારે ને વધારે ચેતનાના પ્રદેશમાં લઈ જવાની આપણામાં ભાવના જન્માવે છે. તથા તેનો સ્વીકાર કરવાની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પણ (આપણામાં ગુરુ પ્રત્યે પ્રેમ રહેલો હોવાથી) રહ્યા કરે છે. એવો આપણો ગુરુ પ્રત્યેનો જાગેલો સાહજિક પ્રેમ આપણા હૃદયને તેના હૃદય સાથે જોડનારો પુલ છે. તેના ઉપરથી આપણે સહેલાઈથી અંતર હોવા છતાં, અંતરમાં આવજા કર્યા કરીએ છીએ. એવા પ્રેમની ભાવનામાં નર્યું શુદ્ધપણું રહ્યા કરે, અન્યથા વિચારો પ્રગટતા ન રહે અને એકધારું સરળપણું રહ્યા કરે તો આપણને એકબીજાનું હૃદય સમજાયા વિના રહેતું નથી. આવી ભાવના આપણા હૃદયનો પ્રેમ સાધે છે.

**પ્રેમ પ્રગટવો દોહ્યલો છે**

પ્રેમમાં પ્રમાણિકતા છે, વફાદારી છે, નિષ્ઠા છે, ફના થવાની તાકાત છે, સમર્પણની ભાવનાની શક્તિ પણ છે. એવો પ્રેમ પ્રગટવો એ ઘણી દોહ્યલી હકીકત છે. એ તો માગી લે છે આકરામાં આકરી જ્ઞાનપૂર્વકની તપશ્ચર્યા. જીવનને યદ્વાતદ્વાપણે જીવ્યાથી ત્યાં તે પ્રગટી શકતો નથી. આપણે જેને પ્રેમ કહીએ છીએ તે પ્રેમ હોતો નથી, તે તો મોહ કે રાગ ગણાય. પ્રેમનાં તત્ત્વને અને સ્વરૂપને આપણા લોકો જાણતા નથી. કવિઓ અને સાક્ષરો પ્રેમનો ઉલ્લેખ કરે છે, તે પણ મોટે ભાગે ઉરાંગઉટાંગપણે કરે છે. પ્રેમનું તત્ત્વજ્ઞાન તો બહુ ઊંચા પ્રકારનું છે. જીવનના પૂરા જ્ઞાનની દશામાં પ્રેમ પ્રગટી શકે છે. પ્રેમનું દ્વંદ્વની

ભૂમિકામાં સ્થાન નથી. **પ્રેમ એ તો પ્રભુનો વ્યક્ત ગુણ છે. સાકાર પ્રભુ તે પ્રેમ.** આવા પ્રેમને આપણા જીવનમાં પ્રગટાવવાનો છે, તે જાણજો.

**સાધક અને સંસારીના પ્રેમભાવ**

સંસારવ્યવહારમાં પણ જ્યાં બે હૈયામાં પરસ્પરનો ઉત્કટ પ્રેમભાવ એકરાગવાળો જામેલ હોય છે, ત્યાં તેમનાં મન એકબીજા વિશે ભાવથી નીતરતાં બનેલ રહ્યાં કરે છે. એકબીજા વિશે સ્નિગ્ધતા, સરળતા, સહજતા, પ્રસન્નતા વગેરે પ્રગટ્યાં કરે છે. એકબીજાનાં વ્યવહારવર્તનમાં આપણું મન આડુંતેડું થઈ જતું નથી. મન જેમાં ને તેમાં હૈયામાંના પ્રેમભાવથી એને પોતાની જાતમાં જ સમાયેલો અનુભવવાને જાણતું હોય છે. મન એનાથી કરી જુદી રીતે પડી નથી શકતું. જ્યાં એવો પ્રેમભાવ છે, ત્યાં જેણે જેમ કર્યું તેમ ભલે થયું. એમાં એવી રીતે મન સમાધાનની સરળવૃત્તિ સેવતું બની જતું હોય છે. એટલે મનને ત્યાં કશા ઉધામા, સગડગ, વાંધાવચકા, શંકાકુશંકા, તર્કવિતર્કો એવું ઉપજતું હોતું નથી. પરસ્પર એક થઈ, એક બની, એક રહીને જ જીવવામાં તેઓ બંને પરમ આનંદ અનુભવી રહે છે. હૈયાના એવા પ્રેમભાવમાં ઉદારતા, વિશાળતા, પરસ્પરની સહિષ્ણુતા, સહાનુભૂતિ આદિ ગુણો પ્રગટેલા રહે છે. પરસ્પરના એવા પ્રેમભાવવાળા બે જીવો બીજા જીવોની સાથેના વ્યવહારવર્તનમાં તેમના પરસ્પરના વ્યવહારવર્તનના જેવા ન પણ હોય, કદીક નથી પણ હોતા, પરંતુ સાધકના હૃદયના પ્રેમભાવને તેવું થયે પાલવે તેવું હોતું નથી. સાધકના હૃદયનો પ્રેમભાવ તો સમગ્રતાને પોતાની બાથમાં લેતો હોય છે. એના પ્રેમભાવમાં અને સદ્ભાવમાં તેને કાંઈ નોખું નોખું હોતું નથી. બધાંનામાં તે પોતાની જાતને અનુભવવાને ચાહે છે અને પોતાનામાં બધાંને અનુભવવાને ચાહે છે. એવો હૃદયનો પ્રેમભક્તિપૂર્વકનો નીતરતો સદ્ભાવ સાધક એના સદ્ગુરુ સાથે કેળવાતો જતો હોય છે, ત્યારે સંસારના જીવોની સાથેના વર્તનવ્યવહારમાં સાધકનાં મનાદિકરણના ખૂણાઓ પણ ઘસાઈને પાંસરા ગોળ બની જવાની ક્રિયા પણ આપોઆપ એનામાં ચાલી રહેલી હોય છે.

**સંતનો ને આપણો પ્રેમ**

આપણે બધાં તો આપણા સંસારને, આપણા માન, મોભો, મરતબો, ધનાદિ વૈભવને, સુખસગવડોને, જેટલું ચાહતા હોઈએ છીએ તેટલું આપણે જેમને 'સંતલોક' માનતા હોઈએ છીએ, તેને તેટલું

ચાહતા હોતા નથી, જ્યારે તેવા સંતાત્મા તો પોતાના જિગરથી આપણને ચાહતા હોય છે, આપણે જ તેમની આગળ ખુલ્લા હોતા નથી. આપણને તેઓ વળગેલા રહેતા હોય છે, પરંતુ આપણે તેમને વળગેલા રહી શકતા નથી એવી આપણી ખૂબી છે.

આપણને આપણી સ્ત્રી, છોકરાં, ને આપણાં મનને બહેલાવી શકે તેવા અન્ય વિષયો જેટલા આપણને મુગ્ધ કરી શકે છે, તેટલા મુગ્ધ સંતલોકથી આપણે થઈ શકતા નથી. આપણને આપણામાં ને આપણું જે માનેલું છે તેમાં જેટલો મોહરાગ છે, તેટલો ને તેવો મોહરાગ પેલા સંતલોકમાં આપણને હોતો નથી. આપણે લોક જેને ઘણું વહાલું વહાલું ગણતા હોઈશું તેને કાજે બધું કરવા ઉમળકાથી તૈયાર થઈશું ને રહીશું.

પરંતુ પેલા સંત માટે જે તે બધું હૃદયથી કરી શકવા આપણે તૈયાર હોઈ કે થઈ શકતા નથી. જ્યાં સુધી સર્વ રીતે ને સર્વ ભાવે, સમર્પણભાવે, ફનાગીરી હોવાની કે થવાની હૃદયની પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકની જાગૃત ઉત્કટ તૈયારી આપણી થઈ શકતી નથી, ત્યાં સુધી તે ફનાગીરીના વિષયમાં આપણે કદી તલ્લીન થઈ શકતા નથી તે જાણશો.

સર્વ પ્રકારના ખુલ્લાપણામાં આપણું સર્વ રીતે પ્રગટવું અને એ સ્થિતિમાં રહેવું ને જીવવું એ ન સહેવાય એવું હોય છે. તેથી, સંતલોકને સહેવાઈ શકાતા હોતા નથી.

## ગુરુપ્રેમમાંથી સર્વ માટે પ્રેમ

જેમ મુસાફરીમાં જવું હોય છે, તો તે વેળા શું શું જોઈશે, તેનો ખ્યાલ જાગીને તેની તૈયારી કરીને, તે તે બધું ભેગું કરી તે બધું સાથે લઈ લેવામાં આવે છે, તેવી રીતે એકને લાયક બનવા કાજેનો જે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો જીવતોજાગતો હૈયાનો સકળ પ્રયત્ન બન્યા કરતો હોય છે, તેમાં પણ ઉપરની જેમ જ બન્યા કરે છે. સદ્‌ગુરુની ભાવનાને લાયક થવું અને એની પસંદગીમાં આવવું એટલે જીવનના વિકાસની સમગ્રતામાં પણ પ્રગટતા રહેવું. જગતવ્યવહારમાં પણ જેની પસંદગી મન કરે છે, તેને તે સ્વીકારતું હોય છે. પસંદગી થયા વિના કોઈ કોઈને સ્વીકારી શકતું નથી. પસંદગીની ભાવનામાં પોતાની તેના ઉપરની પ્રસન્નતા પ્રગટેલી છે, તેવો પણ ભાવ રહેલો હોય છે.

## ગુરુને અંતરમાં જીવતા કરો

હૃદયના તાર હલબલી ઊઠે અને ઝણઝણી ઊઠે એવી પ્રેમભાવનાને વિશે સાહિત્યિક ભાષામાં ઘણું લખાય છે. લોક એવું લખે છે, પરંતુ એવી સ્થિતિ થાય ત્યારે જે એક પ્રકારનો એકાત્મભાવ પ્રગટે છે અને એથી કરીને હૃદયમાં, હૃદયના ચિંતવનનો વિષય હૃદયથી પ્રત્યક્ષ થાય છે, તે વેળાએ સ્થળકાળની મર્યાદા તૂટી જાય છે. આવું થાય ત્યારે જ હૈયાનો આધ્યાત્મિક કક્ષાનો સાચો પ્રેમભાવ કહી શકાય. અને એવી સ્થિતિ પ્રગટાવ્યા બાદ અને તે કાયમની કરીને આપણા આધારના એકેએક કરણોની શુદ્ધિ કરવાને માટે તેવી ચેતનાનો આધાર લેવાનો રહે છે. આધ્યાત્મિક માર્ગમાં જેની મદદ લઈને આપણું કામ સાધવું છે અને જેને આપણે ગુરુ માનતા હોઈએ, એ ગુરુની ભાવનાને પળવાર પણ વીલી મૂકવાનું થતાં આપણને કળ ન પડે એવી માનસિક સ્થિતિ થાય, ત્યાર પછી એને આપણામાં જીવતો પ્રગટાવીને જ્યાં જે પ્રકારની અશુદ્ધિઓ છે અને બીજું ઘણુંયે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં છાનું પડેલું છે અને જે આપણને જીવમય દશામાં રખાવ્યા કરે છે, તે બધાંને તેની ચેતના વડે આપણે સંપૂર્ણ શુદ્ધ કરીને, તેના પ્રાકૃતિક ધર્મને ત્યજાવીને આધારના એકેએક કરણમાં શરણભાવ પ્રગટાવવાનો છે. એવો શરણભાવ પ્રગટે ત્યાર પછી જ ખરા આધ્યાત્મિક માર્ગની ચેતનાનો પ્રવાહ આપણા આધારમાં શરૂ થાય છે.

# ગુરુદક્ષિણા

## સદ્‌ગુરુને વહાલી ગુરુદક્ષિણા

જીવનવિકાસના માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી, હૃદયના ઉમળકાથી, જે જીવ એક ડગલું પણ માંડે છે તેનું તે કાર્ય અમને ભેટરૂપ છે. તેવી દક્ષિણા અમને જીવનમાં ઘણી વહાલી છે. આ કાંઈ આલંકારિક ભાષામાં લખ્યું નથી. અમારે મન તે સાચી હકીકત છે.

## સાચી ગુરુદક્ષિણા

સાધનાના ક્ષેત્રમાં જો પડ્યા તો તેમાં સંપૂર્ણપણે હોમાઈ જવાનું રહે છે. જુદી જુદી દિશામાં વહેંચાયેલા દિલને સંકેલી, સંકોરીને સતત યજ્ઞમાં હોમ્યા કરવાનું રહે છે. એવો પળે પળનો જીવંત યજ્ઞ જીવનમાં પ્રગટ્યા વિના સાધનાનું કામ પાકવાનું નથી. **જીવનમાં જીવનનો એક**

**સતત એકધારો ચાલતો યજ્ઞ એ જ સાચી ગુરુદક્ષિણા છે.** એની કિંમત મારે મન લાખો રૂપિયા કરતાં ઘણી વધારે છે. એવું સાચેસાચ થતાં હું તો તેના ઉપર વારીને ન્યોછાવર થઈ જાઉં.

**ગુરુનું કાર્યક્ષેત્ર અને શિષ્યનું કર્તવ્ય**

સાધકના જીવનનું બધું વિચારવાનું કોઈ ગુરુ માથે લઈ લે તો સાધકનું જીવન કદી પણ ફળી શકે જ નહિ. જીવનના ધ્યેયને પોષક એવા નિર્ણયો જાતે-પોતે જ કરવાની કળા સાધકે પોતાનામાં ઉગાડવી અને વિકસાવવી જ પડશે, તે વિના તેનો આરો નથી. જાતે પાણીમાં પડ્યા વિના તરતાં કદી આવડી શકવાનું નથી. હજુ પાણીમાં તો આપોઆપ તરી શકાય એવાં સાધનો સાથે શરીરને જકડાવી દેવાથી પાણીમાં પડ્યા રહી શકાય, પણ આમાં તો તેવું ચાલશે નહિ.

ગુરુ, જીવનની દૃષ્ટિ આપે એટલું બસ નથી, એ એને દોરે, પ્રેરે એટલું પણ બસ નથી, જીવનમાં ચેતના પ્રગટાવવાના માર્ગ પણ બતાવે એટલું પણ બસ નથી. ગુરુએ તો એથીયે વધારે કરવાનું રહે છે.

જેમ દક્ષિણમાં બનતી વાંસની પટીની પેટીઓમાં મોટીની અંદર નાની, અને નાની અંદર તેથી નાની, એમ નાની નાની થતી જુદી જુદી ચઢ ઊતર પેટીઓ રહ્યાં જ કરે છે, તેમ સાધકના જીવનના અનેક અંગના આગ્રહો-મત, સમજણ, ગણતરી, ટેવો, પસંદગી અને અણગમા, પૂર્વગ્રહો અને પક્ષપાત વગેરે પણ ગુરુએ તોડતા રહ્યા કરવાનું છે. તે પણ કોરી સમજણ અથવા ખાલી સમજણથી નહિ બની શકે. પ્રત્યક્ષપણે અનુભવથી તેમ કરાવવું પડે છે. જેટલો સાધક ગ્રહણાત્મક ચેતનાશક્તિવાળો, હૃદયથી જાગૃતિવાળો, તેટલું એનું જીવન ઊંચે આવવાપણામાં તેથી પ્રેરણાત્મક બનતું રહે છે, પણ તેટલાથીયે ગુરુનું કામ અટકતું નથી. તેનું કામ સાધકની જીવનની સળંગ સમજ, વેધક, કેન્દ્રિત સાધના સાથે જો કે સંકળાયેલું અને અવલંબેલું રહ્યાં કરતું હોય છે તેમ છતાં એનાથી અતિરિક્તપણે પણ સાથે સાથે તે કામ કરતું જ હોય છે. પણ તેવા ગુરુના કામ સાથેના તેવા સંબંધનું કશું નિશ્ચયાત્મકપણું આંકી શકાતું નથી. સાધક જેટલો જાગૃત, વિવેકી, ઝંખનાવાળો હશે તેના ઉપર જ ઘણો તો આધાર રહ્યા કરે છે. જાગૃતિ, વિવેક એ એના એવા જીવનની પાંખો છે,

હૃદયસ્થ ભાવ એ એનો પ્રાણ-હૃદય છે, બધામાં ભળવા છતાં પાછું તટસ્થ રહ્યા કરાય તેવું એણે શીખવું જ પડશે. જે સ્થિતિ ભગવાન વિશેની સમજણમાં છે, તે સમજણ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રત્યક્ષપણે તેવા ભાવે કામ કરતી રહે એવો જીવંત અભ્યાસ સાધકે કેળવવો જ રહ્યો. તે કંઈ તેવું એમ ને એમ બનવાનું નથી, તેવું બની શકે એમ નથી. તેથી, સાધકે જીવનનો વિચાર એકાંગીપણે કરવાનો ભલે હોય તેમ છતાં એનું સમગ્રપણું જો એનાથી ના કળાતું હોય, તો એનામાં જીવનદૃષ્ટિ હજી ઊઘડી નથી.

જીવનમાં જે માનવી એકાંગી કેન્દ્રિતપણે ફળતો જાય તે સમગ્રપણામાં પણ પરિણીત થતો જ જવો જોઈએ, તો તે યથાર્થ ગણાય.

**આપવામાં જ રાચો**

જેને આપવાના કરતાં લેવાનું જ ગમે છે, તેવા જીવ પતનને જ પામવાના. તેથી આપણે તો આપવાના યજ્ઞમાં જ રાચતાં રહેવું. કોઈ કનેથી મનમાં ખૂણેખાંચરે કંઈ પણ કશું લેવાની વૃત્તિ ન જાગે, તેના સજાગ ચોકીદાર આપણે પૂરેપૂરા બનવું. આપવામાં જે આનંદ છે, તે લેવામાં નથી. તેથી જેના વડે જીવનનું ઘડતર થતું હોય છે, તેને ચરણકમળે સમર્પણયજ્ઞભાવે એકેએક પ્રકારનું જે તે બધું આપ્યા કરવાનો યજ્ઞ પળવાર પણ અટક્યા કરવો ન ઘટે. પોતાનું સારું ને નરસું- એ બધું જ આપ્યા કરે છે, તેને વળી, પોતાનું પોતાની કને રહે પણ શું ?

**સદ્ગુરુને શું આપવું ઘટે ?**

જીવસ્વભાવનું જે તે બધું જ—પાપ અને પુણ્ય બધું જ—આપ્યાં કરજે. જે વિચાર, વૃત્તિ, લાગણી, ઊર્મિ, ભાવના, વિકાર, રાગ, મોહ, ક્રોધ, કામ, મદ, અહંતા ઇત્યાદિ જે મળે, જે જે ઊગે, તે બધું તે પળે, જ્ઞાનભક્તિપૂર્વક આપવાની જાગૃતિ રાખીને આપ્યાં જ કરવું. એમ કરી સંપૂર્ણ ખાલી ને ખાલી થયાં કરવું.

**આપવાની શ્રેષ્ઠ સાધના**

જ્યારે ગૂમડું થયું હોય અને પાકવા માંડે, ત્યારે એને દબાવીને બધું પરુ દાકતર કાઢી નાખે છે. પછી રૂઝ ન આવે ત્યાં સુધી જે કંઈ હોય, તે કરવાની વિધિ કરવી જ પડે છે. તેવી રીતે જીવનું જીવપણું જે બધું છે, તે બધું જીવે પોતે સમજીને એને પૂરેપૂરું કાઢવાને હૃદયથી

ઉમળકાભેર તૈયારી કરવાની રહે છે. માત્ર તૈયારી જ નહિ, પરંતુ એની પ્રત્યક્ષ વર્તનકળા એણે જીવનમાં પ્રગટાવ્યા કરવાની છે. અમારે તો એવું તારું ઘણું ઘણું લેવાનું છે. એવી લેવાની વિધિ હોય, તે વેળા તે જીવપણાનું આપવાનું જ્ઞાન પ્રત્યક્ષ હૃદયમાં જો તને થતું રહે, તેવો હૃદયનો જ્ઞાનભક્તિપૂર્વકનો ભાવ તારામાં જીવતો ઝળહળતો રહ્યાં કરે, તો તેવી આપવાની સાધના સાધી શકાય. જીવે અનેક પ્રકારનું આપવાનું હોય છે. એવું આપવાની કળા જે જીવ પ્રેમભક્તિપૂર્વક જીવનમાં ખીલવે છે, એને કશું શીખવવા જવું પડતું નથી. પોતે સંપૂર્ણ ખાલી થયાં કરવું છે અને તેમ થવું ઘણું જરૂરનું છે એવું જે જીવને લાગી જાય છે, તે તો તેનું મહત્ત્વ આપોઆપ સમજી શકે છે.

### ફનાગીરીની અગત્ય

મનના કોઈક એકાદ જીવસ્વભાવના આવેગને સંતોષવા કાજે પણ માનવી પોતાનું જીવન હોડમાં મૂકતો જાણેલો છે. જે જીવને કંઈ કશાનો છંદ લાગે છે, તેવો જીવ તે છંદની મનોકામના પરિપૂર્ણ કરવાને કાજે ફના પણ થઈ જતો હોય છે, તો શું જે જીવને સદ્‌ગુરુ કાજે ભાવના પ્રકટેલી હોય તો તેવી ભાવના એમની એમ ઠેર પડી રહી શકે ખરી ? સદ્‌ગુરુ પરત્વે હૃદયની જાગેલી ભાવના તેવા જીવ કને શું શું ન કરાવી શકે ? જો તેવો સાધક જીવ કંઈ જ કશું ન કરી શકતો અનુભવાયો, તો જાણી જ લેવું કે તેની ભાવના યદ્વાતદ્વા છે.

## વચનપાલન - આજ્ઞાપાલન

### સદ્‌ગુરુનાં વચનનું પાલન

સાધકની કસોટી જીવનની આકરામાં આકરી પળોમાં થયા કરે છે. તેવી પળોમાં સદ્‌ગુરુનું વચન જીવનવિકાસની ભાવનાને હેતુ કાજે જ્ઞાનપૂર્વક કેટલું સ્વીકારાયેલું છે તે સમજવાની તેને તક મળે છે. સદ્‌ગુરુ એ કાંઈ માટીનું પૂતળું નથી. એ તો લુહાર છે, સુથાર છે, કડિયો છે, શિલ્પકાર છે, ચિત્રકાર છે, જીવનનો ઘડવૈયો છે. એમ બધા પ્રકારના કારીગરોનો તેનામાં સમન્વય છે. તેનામાં બધી કળા છે. કળાનો તે પ્રાણ છે. સર્વથી જીવનની કળા શ્રેષ્ઠ છે. એને એ વરેલો છે. આમ હોવા છતાં સદ્‌ગુરુનાં વચનને પારખીને તોળવાનાં છે, સમજવાનાં છે. એનાં વચનને કદી ઉપરચોટિયું સમજી લેવાનું નથી. સાધનાના હેતુથી સરાણે

જ્ઞાનભક્તિભાવે ચડાવી જોવાનું એને રાખ્યા કરીશું તો એની ભુલભુલામણીમાં પડી જવાનો સંભવ રહેતો નથી. સાધકમાં સર્વ પ્રકારની કળા કેળવાઈને ખીલે તે જરૂરનું છે. એની સામે આવીને ઊભા રહેતા પ્રસંગનું હાર્દ એ કળી શકે, એવી એનામાં હૃદયની સૂઝ કે પરખ પ્રગટે તો જ એ જીવનનો યોગ્ય પ્રકારનો ખેલૈયો બની શકે. કોઈ પણ ક્ષેત્રમાં કેળવાયેલી શક્તિ નકામી જતી નથી તેવી શક્તિ સાધનામાં પણ ઘણી ખપની નીવડે છે.

### ગુરુ આજ્ઞાપાલનનું મહત્ત્વ

પોતાના જીવનનો નિર્માતા હૃદયથી જેને ખરેખર મનાઈ ગયો હોય, તેને તો જગતમાં આચરવા અને આદરવા યોગ્ય જો કંઈ હોય તો પોતાના સદ્‌ગુરુનું વચન છે. એવાનાં વચનનું પાલન કરવામાં જેને આઠે કોઠે દીવા પ્રગટે છે, મતલબ કે તેમ કરવામાં જેને હૃદયનો પ્રેમભક્તિયુક્ત ઉત્સાહ, ખંત, કાળજી, ઉમળકો ઊપજ્યાં કરે છે, તેવા જીવને તેના તેવા પાલન કરવાપણામાંથી જે અનુભવ મળે છે, તેમાંથી તેને નવું નવું જ મળ્યાં કરે છે, એને નવી દૃષ્ટિ, નવી સમજણ પ્રગટ્યાં કરે છે. એવો જીવ ક્ષુલ્લક સંસાર વર્તનવ્યવહારથી પર રહ્યાં કરે છે. એનું મન સંસારનાં કાર્યમાં હોવા છતાં એનું મન સંસારી કદી પણ બની જતું નથી તે પણ નક્કી જાણજો. જે જીવથી પોતાના હૃદયથી માનેલા સદ્‌ગુરુનું વચન પાળી શકાતું નથી, તેણે ગુરુ કર્યા ન કર્યા બરાબર છે. એવા જીવે તો ગુરુ કરવાની ભાંજગડમાં પડવું એ પણ નર્યું અજ્ઞાન છે.

### સદ્‌ગુરુની આજ્ઞાપાલનના લાભ

જેને પોતે ઘડવૈયો માનતા હોઈએ, એના તરફથી જે સૂચનો મળે, એને જેમ જેમ આપણે જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને તેવી સમજણથી વર્તનમાં મૂકતા જઈશું, તેમ ભાવના આકાર લેતી આપણે અનુભવી શકવાના છીએ.

સૂચનોને ઉત્સાહ, ખંત, ધીરજ, શાંતિ, પ્રસન્નચિત્તતા વગેરેથી વર્તનમાં મુકાતાં આપણાં માની લીધેલાં વલણો, મતાગ્રહો, મડાગાંઠો આદિ ઓગળવા માંડે છે. જીવનમાં સાચી નમ્રતા પ્રકટ્યા કરે છે. તે જે કંઈ આપણને સૂચન કરતો હોય છે, તે કંઈ અમથું અમથું તો હોતું નથી. એની પાછળ કંઈક રહસ્ય ને હેતુ હોય છે. તેના સૂચનની પાછળ તેના હૃદયનો ભાવ પણ હોય છે. આમ, તે સૂચનનું પ્રેમપૂર્વક, જ્ઞાનપૂર્વક

પાલન થતાં, તેના હૃદયના ભાવનો પણ સ્પર્શ આધારમાં (જીવકોષમાં) થયા કરતો રહે છે, ને સૂચનનો અમલ થયા કરતો રહેવાથી એની જ્ઞાનભક્તિપૂર્વકની સ્મરણભાવના પણ દિલમાં પ્રગટ્યા કરે છે.

**ગુરુઆજ્ઞાપાલન**

શ્રીસદ્‌ગુરુના વચનનું પાલન કરવામાં આપણે ઘણો વિવેક જાળવવાનો રહે છે. તેમના એવા વચનના પાલનમાં એવા પાલનનો જ્ઞાનપૂર્વકનો હેતુ તેનો અમલ કરતી વખતે પૂરેપૂરો જીવતોજાગતો રહેવો ઘટે. તે સાથે તે પાલનના હાર્દમાં આપણાં પ્રેમભક્તિ હૈયાના ઉમળકાભેર જીવતાં હોવાં ઘટે. વળી, તે સાથે સાથે તેમાં મળેલાંની સાથેનો સદ્‌ભાવ પણ એટલો જ જીવતો રહ્યા કરવો જોઈએ. એવા વચનના પાલનની દશામાં આપણને તે પાલનના વર્તનકાળમાં કોઈનાય પરત્વે કંઈ જ કશો અન્યથા ભાવ ન પ્રકટે, કોઈનાય પરત્વે અવગણના કે બીજી નકારાત્મક વૃત્તિ ન જન્મે, એની તો લાખ લાખગણી જીવતી સંભાળ-કાળજી આપણે રાખ્યા કરવાની હોય છે. વળી, વચનપાલનની યથાર્થતાનો જીવતોજાગતો જ્ઞાનપૂર્વકનો ભાવ હૃદયમાં આપણને જાગી ગયેલો હોવો જોઈએ. તે વચનના પાલનકાળે જો તેના વિશે શંકા જાગે તોપણ તેનું યથાર્થ પરિણામ નથી પ્રકટી શકતું. તેમના વચનના પાલનમાં આપણું આંતરિક વલણ સમાધાનપૂર્વકનું હોય એટલું બસ નથી, પરંતુ તે વચન આપણા જીવનના કલ્યાણ કાજેનું જ છે, એવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નિષ્ઠા પ્રકટી ગયેલી હોય, તો જ તેવા વચનના પાલનથી જીવનને વિશેષ લાભ થવાની શક્યતા પૂરેપૂરી સાંપડતી હોય છે તે જાણજો.

**ગુરુઆજ્ઞાપાલન જ્ઞાનપૂર્વક જ થવું ઘટે**

સદ્‌ગુરુના વચનના પાલનમાં જ્ઞાનભક્તિપૂર્વકનું, જીવનવિકાસના હેતુનું જ્ઞાનભાન તો જીવતું રહેવું ઘટે. કયા હેતુને કારણે તેમનું તે વચન છે, એ તો આપણને તેના યોગ્ય પ્રમાણમાં ઊગી જ જવું જોઈએ, તો જ તેવું આજ્ઞાપાલન જીવનવિકાસના પરિણામમાં ફલિતાર્થ થઈ શકતું હોય છે. અણઘડ રીતે પાલન કરેલું વચન કંઈ કશું પરિણામ નિપજાવી શકતું નથી તે જાણજો. જે તે બધું હેતુ અર્થે જ થયા કરે, તેમાં હેતુનું જીવતુંજાગતું જ્ઞાનભાન રહ્યાં કરે એવી ચેતનયુક્ત જાગૃતિ સાધકના હૃદયમાં વર્ષાઋતુમાં જેમ વીજળીના કડાકા ગર્જ્યા કરે છે, તેમ ગર્જ્યા

કરવી જોઈએ. જેને જીવનમાં જીવનના હેતુનો અર્થ, હેતુનું રહસ્ય, હેતુનું મહત્ત્વ વગેરે બધું સમજાયું છે, તે તો હેતુ વિનાના લક્ષમાં કેવી રીતે જીવી શકે ?

**ગુરુભક્તિ તથા આજ્ઞાપાલનના લાભ**

મળેલું દાન ઉપયોગને અર્થે જ હોય છે. એને વેડફી દેવાનું હોતું નથી. જોકે કેટલાક જીવો તેમ કરતાં હોય છે, તે વળી જુદી હકીકત છે તેવી રીતે સદ્‌ગુરુનું સાધન પણ ઉપયોગ અર્થે છે. એનો જે જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરે છે, તેવો જીવ એનો યોગ્ય લાભ ઉઠાવી શકતો હોય છે. જીવનવિકાસની સાધનામાં ભાવનાના ઉદ્દીપન અંગે સદ્‌ગુરુ પરત્વેનાં હૃદયમાંથી પ્રકટેલાં પ્રેમભક્તિ જરૂરના છે. સદ્‌ગુરુની સ્થૂળ સેવા કરવી એ તો તદ્દન સહેલી છે. તે કરવાની કળામાં પણ ઘણો ફરક રહેલો છે. એવી કળા દરેકનામાં કંઈ હોતી પણ નથી. જીવનવિકાસ કાજે જો સાચેસાચો લાભ લેવો હોય તો તેના વચનનું યથાયોગ્યપણે પાલન કરવાનો હેતુપૂર્વકનો જ્ઞાનયુક્ત અભ્યાસ હૈયાના ઉમળકાથી આપણે રાખ્યા કરવાનો છે. આપણે જાણતા હોઈએ છીએ કે એમના પરત્વે આપણામાં માન, આદર, પ્રેમ, ભક્તિ વગેરે છે, પણ તેનાથી કરી આપણી જીવન પરત્વેની ભાવના ઉચ્ચતર બનતી અનુભવાય તો જ તેના પરત્વેની આપણી તેવી ઉપરની ભાવના ઉપયોગની નીવડેલી ગણી શકાય. સદ્‌ગુરુ પરત્વેની હૃદયની પ્રેમભક્તિ જો યથાયોગ્યપણે જીવનમાં પ્રકટેલી હોય, તો તે જીવનવિકાસ અંગે આપણને જેમ વર્તવાને કહે-કરે, સૂચના કરે તો તે જ પ્રમાણે વર્તાય. સદ્‌ગુરુનું વચન યથાયોગ્યપણે હૃદયના ઉમળકાની પાલન થવાથી, સદ્‌ગુરુનો અંતરનો ભાવ આપણા હૃદયમાં ઊતરી શકવાની વાસ્તવિકતા પ્રકટતી હોય છે. વચનનું જ્ઞાનભક્તિપૂર્વક તેના હેતુના ભાવાર્થ સાથે યથાયોગ્ય પાલન થયા વિના નિર્ભયપણું, નિર્વૈરપણું આદિ ગુણો સંપૂર્ણ પ્રમાણમાં જીવતા ઉપયોગમાં પ્રવર્તી શકે એવા અર્થમાં ને એટલા પ્રમાણમાં તે પ્રકટી શકતા નથી.

**સદ્‌ગુરુનાં વચનનો વર્તાવ કરતાં કરતાં મૃત્યુ આવે, તો તેને પણ પ્રેમથી સ્વીકારવાની તૈયારી સાધકનામાં પ્રગટેલી હોવી જોઈએ.** હૃદય, હૃદય સાથે પ્રેમભક્તિથી તરબોળ થઈ ગયેલ હોય, જીવનવિકાસના માર્ગ કાજેની ભાવનાને આકાર દેવાની જીવનની જ્વાળામુખીના સમી

ધગધગતી તાલાવેલીપૂર્વકની જ્ઞાનયુક્ત ગરજ લાગેલી હોય, તો જ તેમ બની શકે છે.

સદ્‌ગુરુના હૃદયનો ભાવ એ એક એવું બળ છે કે જેનો જો જીવનમાં અનુભવ થાય છે, તો પછી તે કદી અદૃશ્ય થઈ શકતો નથી. એના આધારે પછી જીવનમાં ઘણું કરી શકાતું હોય છે. શ્રીભગવાનની પર જે તે બધું મૂકી શકવાની, છોડી દેવાની, પ્રેમભક્તિયુક્ત શરણાગતિ જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે જ એના આધારની સાચી સમજણ આપણામાં પ્રગટે છે, ત્યાં સુધી તો જે તે બધું માત્ર બોલવામાં રહે છે. જીવન પરત્વેનો અને જીવનવિકાસની ભાવના કેળવવા કાજેના સાધના પરત્વેનો, યોગ્ય ઊંડો પ્રેમ પ્રગટ્યા વિના કશું બની શકતું નથી. એવો હૃદયનો પ્રેમભાવ પ્રગટતાં તેમાંથી જીવનમાં સહજતા ને મૌલિકતા આપોઆપ પ્રગટે છે.

ખાલી 'ગુરુ, ગુરુ' કર્યે કશું જ વળવાનું નથી. ગુરુના સમર્થપણાનો અનુભવ જીવને ભલેને થાય, આખું વિશ્વ એને સમર્થમાં સમર્થ તરીકે ભલે લેખતું હોય, પણ જ્યાં સુધી જીવ જાગીને એને પોતાના જીવનવિકાસના કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગમાં લેવાનું કરી શકતો નથી, ત્યાં સુધી ખાલી ગુરુ કર્યે કશું જ વળનાર નથી. તેની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનભક્તિપૂર્વકનું હૃદયમાં, હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુક્ત જાગૃતિમાં રહ્યા કરવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવતી દશામાં હૃદયમાં પ્રગટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયા કરે એવી કક્ષામાં તે પ્રવેશે છે. ગુરુ વિશેનો ભાવ જ હજી જ્યાં જીવનના કાજે ઉપયોગમાં લેવા કાજેની સૂઝ પ્રગટેલી નથી, ત્યાં બીજી તે શી વાત કરવી?

## ગુરુચેતના

### ગુરુચેતના ક્યારે કામ કરે ?

સર્વ કોઈને આ જગતમાં કંઈ ને કંઈ કોઈ પાસેથી શીખવાનું રહે છે, તેમ ગુરુ પાસેથી પણ શીખવાનું છે. શિષ્યનાં કે સાધકનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ અને અંતે હૃદય, તે જ્યાં સુધી ગુરુના ભાવમાં જ્ઞાનપૂર્વક અને પ્રેમભક્તિપૂર્વક પૂરેપૂરાં સંનિષ્ઠ થઈ ભળીને મળી નથી જતાં ત્યાં સુધી ગુરુના ચેતનપણાનો ભાવ તે ઇચ્છે, છતાં તેના (સાધકના) અંતરમાં કામ કરી શકતો નથી.

## ગુરુચેતનાનો સંપર્ક કેમ પરખાય ?

જો શોધવાની અને ખોળવાની સાચેસાચી સમજણ હૃદયમાં ઊગેલી હોય તો બીજો ઉપાય એ છે કે જ્યારે જ્યારે ગૂંચમાં, મુશ્કેલીમાં, ઉપાધિમાં, સંતાપમાં, ત્રાસમાં, બેચેનીમાં, અશાંતિમાં હોઈએ, ત્યારે જે વ્યક્તિ પરત્વે આપણને હૃદયનો ભક્તિભાવ હોય તેનું મનહૃદયથી ખૂબ ચિંતવન કરીએ, એની કૃપામદદને માટે પ્રાર્થના કર્યા કરતાં રહીએ. એમ એની મદદ જો મળતી અનુભવાય તો તે જીવ જાગતો ચેતતો જીવ છે એમ સમજાય. એવા બે-પાંચ વાર અનુભવ થાય તો એવા અનુભવ વડે કરીને તેમને સમજી શકાય અને તેના ચેતનભાવની ઓળખ થાય.

જે કંઈ કર્યા કરીએ તેના આદિ, મધ્ય અને અંતમાં તેને આપણા માનસિક ચિંતવનમાં સાથે ને સાથે રાખ્યા કરીએ અને એમ કર્યા કરવાથી જે તે કંઈ કરવા વિશેની સાચી સૂઝ અને ઉકેલ આપણને મળ્યા કરતાં લાગે તો તે તેના તરફથી મળ્યા કરે છે એવા પણ અનુભવ થાય. કંઈક અટવાયેલાં હોઈએ, ત્યારે આપોઆપ ઓચિંતી કંઈક શાંતિ થઈ જાય, કોઈ વખત નાહિંમત થતાં અજબ હિંમત મળી જાય, કોઈ વેળા ઘણી અધીરાઈ થતાં હૃદયમાં ધીરજ મળી જાય, કોઈ વખત કંઈ પણ કારણ વિના અપાર આનંદ જેવું લાગે અને કોઈ વેળા આપણને કોઈનો સક્રિય સાથ હોય એવો પણ અનુભવ થાય તો ઉપરની બધી હકીકતોમાં કોઈના ચેતનભાવનો આપણી સાથે સંપર્ક છે એમ સમજવું અને માનવું અને તે અનુભવને સદાય જીવતો કરતાં રહેવું. જેમ જેમ ભક્તિ પ્રગટે તેમ તેમ જીવનના સર્વ ક્ષેત્ર વિશેની સાચી સમજ, સાચો ઉકેલ અને સાચી સૂઝ પેદા થતી જાય છે. એવું પેદા થવામાં કે કરાવવામાં પણ તેનો સૂક્ષ્મ હાથ હોય છે. આપણા અણજાણમાં ઓચિંતી કંઈક એવી સહાનુભૂતિભરી હૂંફ અને પ્રેરણા મળે, ત્યારે પણ તેના તરફનો તે અનુભવ છે એમ સમજવાનું રહે છે. જ્યાં જ્યાં કશું નડે કે અથડામણ ઊભી થાય, ગૂંચ, મુશ્કેલી કે ઉપાધિ હોય કે એવું હોય અને કંઈ શાંતિ ન વળે, ત્યાં તેને હૃદયમાં, હૃદયથી પોકાર પાડી પાડીને, પ્રાર્થના કરી કરીને સાદ પાડ્યાં કરવો. એમ આપણા રોજિંદા વ્યવહારમાં એને જીવતો રાખ્યા કરવો અને એવો અભ્યાસ પડતાં પડતાં તેને યોગ્ય રીતે સમજવાની અને ઓળખ પડવાની સમજણ અને અનુભવ આપણને થયા કરે છે, તે જાણજો.

## ઝડપી પ્રગતિ

સકળ કંઈ કરતા હોઈએ, તેમાંથી જીવનને ઊંચા તારવતા રહીએ, તો જ ઉચ્ચ ભાવનાના ક્ષેત્રમાં આપણાથી હૃદયથી રમ્યા કરવાનું એની કૃપાથી બની શકે. સદ્‌ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધકજીવ પ્રેમભક્તિ વડે કરીને હૃદયમાં, હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. સમર્થ દોરનાર મળી ગયો છે, એવો જ્ઞાનાત્મક ને નિર્ણયાત્મક અનુભવ જ્યારે જીવને થાય છે, ત્યારે જ સાચી નિષ્ઠા એના હૃદયમાં જીવતીજાગતી પ્રકટ્યા કરી, એને કદી પણ પોતે એકલો છે એવું મનાવા દેતી નથી. પોતાના જીવનના પ્રાણપ્યારા રાહબરની હાજરી તે સદાય અનુભવતો જ રહે છે, ને એનાથી કરી તે પોતાનું કામ સાધ્યે જ જતો હોય છે.

## ગુરુનું પાસેપણું શું કરે ?

મને મારા ગુરુમહારાજનો અનુભવ જીવનમાં જ્યારે પાસેપણાનો થવા લાગેલો, ત્યારે જીવનવિકાસ અંગેની મારી ભાવના અને લગની વધતાં જતાં અનુભવાયેલાં. જ્યારે જ્યારે મન અવળચંડું બનતું, ત્યારે ત્યારે તેમનું પાસેપણું જાણે કે પ્રત્યક્ષ મને ટકોરતું ન હોય એવો અનુભવ થતો. તેમનું પાસેપણું આ જીવને પથગામી પ્રેર્યા કરતું. હૃદયમાં સહાનુભૂતિ અને ઉષ્મા પ્રગટાવતું. ઓથ છે જ એમ લાગ્યા કરતું. માગી મદદ પણ મળી શકવાની છે, એવો દૃઢ નિર્ધાર હૃદયમાં જાગ્યા કરતો. એમના પાસેપણાની જીવમાં જે હૂંફ પ્રગટ્યાં કરતી તેની વાત તો વળી કોઈ ઑર જ છે. પાસેપણું જો લાગી શકતું હોય, તો એનાં એવાં લક્ષણો છે. આ ગણાવ્યાં છે તેટલાં પૂરતાં નથી.

## ગુરુચેતનાનું ભાન તારનાર છે

બાળક ચાલવાનું શીખે, ત્યારે તેની પ્રકૃતિમાં તેને કોઈ જોનાર છે, સાંભળનાર છે એવી સૂક્ષ્મ ઓથ અને તેની હૂંફ તેને રહ્યાં કરતી જ હોય છે. તેના આધારે તે હિંમત અને સાહસ કર્યા જ કરે છે. તેના તેમ કરવાથી તેના પડવા-આખડવામાં તેને છાતીએ લઈને ચૂમી લેનાર કોઈક છે એવું એને જાગૃત ભાન પણ રહે છે, અને એવું થતાં તે રડીને માને પુકારે છે. માની નજર બાળકમાં જ તરવર્યા કરે છે. તે ગમે તેટલાં કામમાં ગૂંથાયેલી હોય તોપણ તેનું મન બાળકમાં રહ્યાં કરે છે. તે ચાલવાનું શીખવા માંડે છે, ત્યારે અને શીખી ગયા પછી, તે બહાર

આડુંઅવળું ના જતું રહે તેનો ખ્યાલ પણ માને જીવતો રહે છે અને અવારનવાર તેની ભાળ તે કાઢતી રહે છે. આપણા જીવનમાં પણ આપણી પૂંઠે એવું કોઈક છે એવું પ્રેમભક્તિપૂર્વકનું સચોટ ભાન જો આપણને થઈ જાય તો આપણી પડતી આખડતી દશામાં આપણાથી આપોઆપ એને સાદ પાડી દેવાય, અને એવી વેળાએ તેનો અનુભવ પણ આપણને થાય.

**સદ્‌ગુરુનો સબળ આધાર**

નિરાધારપણામાં નર્યું પાંગળાપણું પ્રવર્તે છે. જીવનમાં જેને સાચો સમર્થ આધાર પ્રકટે છે, તે તો જબરજસ્ત ખુમારી અનુભવે છે. એના જીવનમાં, પ્રસંગમાં પ્રકટતી ટટ્ટારી પ્રત્યેક કર્મમાં એને લાગ્યા કરે છે. પોતે એકલો તો કદી છે જ નહિ એવું નક્કરપણે તેને લાગ્યા કરે છે. હૃદયના તેવા ભાવમાં ક્યાંયે શોક, ખેદ, દિલગીરી નથી હોતાં. ત્યાં તેવા ભાવમાં નિરાશા ઊગી શકતી જ નથી. ભાવ તો ભાવને ખેંચે છે ને ભાવને પ્રકટાવે છે. હૃદયનો ભાવ એ કંઈ જેવું તેવું બળ નથી. એ તો જીવ જીવને પરસ્પર હૃદયમાં હૃદયથી સંકળાવે છે.

**ગુરુના ભાવની અપાર શક્તિ**

ગુરુનો ભાવ શું ન કરે ? એ પ્રેરક બળ તરીકે કામ કર્યા કરે, આપણને અંતરથી ઊંડું ઊંડું ઊતરાવ્યા કરે, આપણને એક જ સ્થિતિમાં પડ્યા રહેવા ન દે, આપણને નવા નવા ભાવપ્રદેશમાં ધકેલ્યા કરે, નવું નવું કંઈ ને કંઈ આપણને સુઝાડ્યા કરે, આપણી ભાવનાને અંતઃસ્થ રખાવ્યા કરે અને વિસ્તૃત પણ સાથે સાથે જ બનાવ્યા કરે. ગુરુનું શરીર એ આપણું સાધન નથી. આપણું સાધન તો ગુરુની ભાવચેતનાશક્તિ છે. એન્જિનમાં ઉદ્‌ભવેલી વરાળ જેવી રીતે આગગાડીના ડબ્બાઓ, માલ અને મુસાફરોને નક્કી કરેલા સ્થળે લઈ જાય છે એવી રીતે ગુરુની ભાવનાશક્તિ—જો આપણામાં તેવો ખરો પ્રેમ-આદર-ભક્તિ-ભાવ હોય તો—કામ કર્યા કરે છે.

સાધકનું લક્ષ જો ગુરુની ચેતનાશક્તિમાં કેન્દ્રિત, એકાગ્ર અને એકાંગી થઈ ગયું હોય તો તે ચેતનાશક્તિનાં દર્શન અને પ્રેરણા એને મળ્યા જ કરવાનાં. એવા સાધકને ગુરુના પ્રત્યક્ષ શરીરની ક્યારેય જરૂર રહેશે નહિ, અને જ્યાં ત્યાંથી એને જે કાંઈ પ્રેરણા અને સમજ મળશે એ દિવ્ય ચેતનાશક્તિ છે એવો એને અનુભવ થશે, થયા કરશે, પરંતુ

જે સમજણ કે પ્રેરણાઓ સાધકને મળે તે સાધકના પ્રાણને રચનાત્મક મદદ અને વેગ આપનારી હોય, તેની અસરને આડફંટે લઈ જનારી ન હોય તે વિશે સાધકે સૂક્ષ્મ જાગૃત વિવેક કર્યા કરવો પડશે ખરો, કારણ કે જે ચેતનાશક્તિ સાથે આપણો સંબંધ થયેલો છે, તે ચેતનાશક્તિ વ્યક્તપણે નિર્ભેળ સરળતાથી આપણી સાથે કામ લઈ રહેલી હોતી નથી. આપણને તે કદીક બીજું પણ બતાવે અને તે વેળાએ આપણી કસોટી થવાનો પૂરો સંભવ રહે. ત્યારે આપણે જો પૂરેપૂરા સચેત અને જાગૃત રહી શક્યા હોઈએ અને યોગ્ય સૂક્ષ્મ વિવેક કરી શકીએ તો માર્ગમાંથી આપણે ચ્યુત થઈ શકીશું નહિ. આ કારણસર, જેની શ્રદ્ધા એવા ગુરુની ચેતનાશક્તિમાં દૃઢ થયેલી છે, એને કદી પણ વિવેકશક્તિ નહિ વાપરવી કે બુદ્ધિનો ઉપયોગ નહિ જ કરવો એમ માની લેવું તે ઠીક નથી. આપણા પોતાનામાં પૂરેપૂરી સમજ, તુલનાત્મક સક્રિય, દરેક પરિસ્થિતિમાં પોતાનો શો ધર્મ છે, તે સમજી લેવાની સહજ શક્તિ તથા જે તે વખતે ઊભી થતી ગૂંચોનો ઉકેલ અને તે પણ આગળપાછળનો વિચાર થયા વિના આપોઆપ સરળપણે થયા કરે તેવી સૂઝ- એવું આપણા પોતાનામાં ઉગાડવા માટે ગુરુની ચેતનાશક્તિ છે. એ **શક્તિ આપણને પરાધીન રાખવા માગતી નથી, પરંતુ સહજપણે, સ્વતંત્રપણે આપણને ઉપરનું બધું સૂઝ્યા કરે એવા બનાવવા એટલે કે પોતાના જેવા જ ચેતનાશક્તિવાળા બનાવવા ઈચ્છે છે.**

## ગુરુકૃપા

### સદ્‌ગુરુને પ્રસન્ન કરો

વ્યવહારમાં પણ જેની મદદ-સલાહ આપણને જોઈતી હોય, એવી જ્યારે ગરજ જાગી હોય છે, તો તે સત્કારવાનાં મનવાળાં આપણે હોઈએ છીએ, એને વહાલાં લાગીએ એવું થવાને ઈચ્છતાં હોઈએ છીએ. સંસારવ્યવહારમાં જે ઘણું જરૂરનું અને ખપનું હોય છે, તેનો વિરોધ તો કદી કરતાં હોતાં નથી. તેને આપણા પરત્વે અણગમો થાય, એવું તો કદી વર્તતાં નથી. તેવી જ રીતે સદ્‌ગુરુ કનેથી આપણે જો કંઈ લેવાનું હોય, તો એની ભાવનાને સત્કારી શકાય એવી ભૂમિકા આપણામાં પ્રગટેલી હોવી જોઈએ. એના વિશેની ભાવના એટલે શું તે જાણવું જોઈશે. જીવનવિકાસ કાજેનાં એણે જે સાધન બતાવેલાં હોય તે

કરવામાં આપણા હૃદયની એના હૃદય સાથેની પ્રેમભક્તિપૂર્વકની એકતારતા આપણે પ્રગટાવવી પડવાની છે. જેમાં ને તેમાં એને આપણે જીવતો કરવાનો રહે છે, તે જાણજો.

જ્યાં જ્યાં ધ્યેયનો ખરેખરો પૂરતો પ્રેમભાવ જન્મેલો હોય છે, ત્યાં ત્યાં ઝાઝી કશી ડખાડખ ઊભી થતી હોતી નથી. આપોઆપ તેનામાં માનવાનું થયાં કરે છે. તેના કહ્યામાં પછીથી કશા ઝાઝા આમ કે તેમ વિચાર પણ ઉદ્‌ભવતા નથી. હૈયાનો એવો પ્રેમભાવ જેના વિશે પ્રગટેલો હોય છે, તેના પરત્વે આપણું હૈયું ઘણું જ સરળ અને સાવ ખુલ્લું રહ્યાં કરે છે, તેવો પણ અનુભવ છે. ત્યાં આગળ જે કોઈને પણ ન કહેવાઈ હોય એવી હકીકત કહેવાઈ જતી હોય છે.

**સદ્‌ગુરુ શાથી રીઝે ?**

આપણે સંકોચને તો જ્ઞાનભાવે નેવે જ મૂકવાનો છે. આપણે તો સર્વ પ્રકારની મડાગાંઠોને છોડવાની છે. સાધકના જીવનની સમર્પણની કથનીમાં જ્યારે મને ઉત્ક્રાન્તિના દર્શન થાય છે, (જોકે સાધકને તેમાં જ્ઞાનભક્તિપૂર્વક તવાવાનું તો જરૂર બને) ત્યારે આ જીવને તો તે જીવ કાજે ઘણો આનંદ પ્રગટે છે. સાધકને જ્યારે ગમે તે સહેવાનું આવે, ભલેને દુઃખોના ડુંગર અને મુશ્કેલીના પ્રચંડ પ્રત્યાઘાતો પ્રવર્તે, તેમ છતાં તે બધું હૃદયના ઉમળકાથી તપ-યજ્ઞના ભાવે સ્વીકારીને તેને પ્રેમથી સહી લઈને પોતે જીવસ્વભાવથી દોરવાઈ જતો નથી, એવા પ્રકારના તેના આંતરિક, માનસિક યુદ્ધમાં તે એક નાની શી ડગલી જેટલી જગા પણ ઉપરની બાજુએ ઊંચે ચઢતો પોતે પોતાને અનુભવે છે, ત્યારે તેનામાં આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસનું બળ પ્રગટી જાય છે, કે જેનાથી કરી સાધક હંમેશાં નિશ્ચિંતતા, નિશ્ચિતતા, હિંમત, પ્રેરણાત્મક બળ વગેરે અનુભવતાં શીખે છે. તેવા જીવની તેવી કથનીમાં તે વેળા તેના ગુરુને ઘણું ઘણું રાજી થવાપણું રહે છે. સદ્‌ગુરુને એવી રીતે જીવનની યજ્ઞભાવનાની અનેક બિરદાવલીઓથી નવાજવાનો રહે છે. એને ચરણકમળે એવાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનાં સ્વાર્પણનાં પુષ્પો દિનપ્રતિદિન ચઢાવ્યાં જ કરવાનાં છે. સ્વભાવ ઉપર થોડોક કાબૂ મેળવી મેળવી એમાંથી આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા મેળવતો પોતે પોતાને ઊંડું ઊંડું નીરખતો જ્યારે સાચું પૃથક્કરણ કરીને તટસ્થતાપૂર્વક નિહાળ્યા કરી, પોતાનામાં થયેલા આઘાત-પ્રત્યાઘાતનાં મૂળને જે જીવ પકડી પાડે

છે, એવો સાધક ફરીથી એવા એના સકંજામાં સપડાઈ જવાનો નથી. ગુરુ કોઈ જીવને ખાલી આશ્વાસન આપવામાં તો માનતો નથી. સાધક તો ભલેને કટકા થઈને પૂરેપૂરું હોમાઈ જાય કે કાયર બનીને ભાંગીને ભૂકો થઈ જાય, પણ તેવો સાધક પોતે હોમાઈને જે રીતે વધારે શુદ્ધ અને પવિત્ર બનતો હોય છે, તેમાં સાધકની ભલેને આકરામાં આકરી કસોટી અને પરીક્ષા થયાં કરતી હોય, પરંતુ તેમાં જે મરણિયો થઈને માથાને વેગળું મૂકીને ઝઝૂમીને, શ્રીપ્રભુની કૃપામદદને હૃદયથી યાચીને, પ્રાર્થીને તેને નોતરતો, જે સાધક એવા પ્રસંગોથી તરી પાર નીકળી જીવનને વધારે ઉજ્જવળ બનાવ્યાં કરે, એવા જીવનનું ઘસાવારૂપી બનેલું ચંદન શ્રીગુરુચરણકમળે જે જીવ ધર્યા કરે છે, એવા જીવ ઉપર તો સદ્‌ગુરુ વારી વારી જાય છે. એવા સાધકજીવને તે પોતાની કૃપાનો પડછો બતાવે છે. ગુરુ કંઈ સર્વ કોઈ જીવને કૃપા કરે છે, એવું નથી હોતું.

સદ્‌ગુરુ તો જે જીવો પોતે મરીને ફરી પુનર્જીવન પ્રાપ્ત કરતા રહે છે, એવા જીવો ઉપર તે વારી જાય છે. માટે આપણે તો સંસારમાં મરવાનું છે, પણ મરવાનો અર્થ અને હેતુની તમને ખબર છે ? કે પછી 'ગળે ટૂંપો દેવાનો' તેનું નામ મરવું ?

સંસારવ્યવહારના પ્રસંગોમાં જે જીવ ભાવનાથી તરતો રહે છે, ભલેને ધારો કે પોતાની નબળાઈની ક્ષણોમાં તેવા પ્રસંગોમાં ડૂબતો હોય, પરંતુ તેવી પળે જે જીવ જાગીને તેના હૃદયની શક્તિભાવનાથી, પ્રભુની કૃપાથી, મહામથામણ કરીને ઊઠવાનું કર્યા કરે છે, એવા પ્રસંગમાં કદાચ હારના પ્રસંગોમાં તેણે કેટકેટલું અને કેવું કેવું મરણિયા બનીને યુદ્ધ લડ્યા કરેલું છે, તેવા નક્કરપણાના પાયા ઉપરનું જીવનનું મંડાણ કર્યા કરવાનું છે. સાધકના એવા પ્રકારના યજ્ઞજીવથી ગુરુને રાજી થવાપણું બને છે. જે સાધક શહાદતભરેલી જીવનની કુરબાનીથી પોતાના ગુરુની ભક્તિ કરે છે, જીવનને ન્યોછાવર કરી ગુરુને ચરણકમળે આહુતિઓ પ્રેમથી આપ્યાં કરે છે, એવો સાધક સદ્‌ગુરુની કૃપા મેળવવાને પાત્ર થતો હોય છે.

**રણવીર ઉપર સદ્‌ગુરુની કૃપા**

જીવનને સાચવવાનું છે તે ખરું, પણ તે તેના ઊર્ધ્વપણાના પાસામાં. જે જીવ પોતાના જીવપણામાં મરીને પોતાના ચેતનપણામાં જીવવાનું કર્યા કરે છે, એને કંઈ ઓછાં યુદ્ધો આવે છે ? એવાં અનેક યુદ્ધોની

પરંપરામાં જે જીવ કંઈકવાર હારતો હોવા છતાં તેમાં પૂરો ટેકીલો અને અણનમ રહે છે (સાધકના આવા પ્રકારના ટેકીલાપણામાં અને અણનમપણામાં જીવપ્રકારનો અહંભાવ નથી હોતો) અને ઊર્ધ્વ જીવનની ભાવનામાં તલભર પણ ઊની આંચ નથી આવવા દેતો, તેને જિવાડી જિવાડીને પોતે ખપ્પરમાં ખપી જઈને, પોતાનામાં નવો ચેતનપ્રાણ પ્રગટાવી, ફરીવાર પોતે જે જીવ ઊભો થયાં કરે છે, એવાં યુદ્ધોના અંતરમાં જે જીવ હૃદયમાં, હૃદયથી શ્રીભગવાનની પ્રાર્થના કરી, પોતાના હૃદયની પ્રેમભક્તિથી તરબોળ બની, તેના હૃદય સાથે પોતાના હૃદયને મેળવી, તેની કૃપામદદ મેળવ્યાં કરવાનો અનુભવ મેળવતો હોય છે, તેવા જીવને સદ્‌ગુરુ કંઈ માટીનું પૂતળું હોતો નથી. તે તો જીવનની ભાવનાની વેલને ચઢવાના આધારરૂપ દિવ્ય, રમ્ય કારણરૂપે છે, એવો એને અનુભવ જરૂર થાય છે. માટે જીવનવિકાસના યજ્ઞની કુરબાનીઓથી સદ્‌ગુરુને રાજી કરવાપણું રાખજે. મરવાનું આવે તો ભલે પણ જે જીવ પાછા પડવાપણામાં કદી પણ ડગલું ભરવાનું કરી શકતો નથી, અને કદીક તેમ થવાનું બને તો તેમ થવાતાં થવાતાં તેના કંઠે પ્રાણ આવે છે, અને એમાંથી ઊઠવાને હૃદયથી તે ભારે જહેમત ઉઠાવે છે, એમ જ્યારે પોતે પાછો ઉપર તરી આવવાનું કરે છે, ત્યારે જ તે દિલમાં જંપે છે. એવા સાધક ઉપર સદ્‌ગુરુ દિલમાં રાજી રહે છે, અને એને તે કૃપા કરે છે તે જાણજે.

### ગુરુકૃપા અને શિષ્યોનો પ્રયત્ન

હજી યોગ્ય સ્વરૂપમાં જ્યાં લગી આપણે આપણને પૂરેપૂરું સમજી શક્યા નથી, આપણી ગૂંચો પૂરી ઊકલી ગયેલી નથી, યોગ્ય વખતે યોગ્ય રીતે કુશળ કર્મ કરવાની કળા-આવડત આપણને સાંપડી નથી, (એ સહજ-સ્વભાવ પૂરો બની ગયો નથી) હજી જ્યાં સુધી ભાંજગડો થયા કરતી હોય, જીવનનું માર્ગદર્શન સંપૂર્ણપણે સમાધાન વૃત્તિવાળું ન બની શક્યું હોય, આપણા ગુરુના શબ્દો હજી તો જ્યાં સુધી કાનમાં જ રહ્યા કરતા હોય, ભલે થોડેઘણે અંશે તે ઝિલાયા પણ હોય, પણ કઈ રીતે તે સાચા છે એ આપણને પૂરેપૂરું સ્પષ્ટ દીવા જેવું જ્યાં સુધી દેખાયા ન કરતું હોય, ત્યાં સુધી આપણે સતત પ્રયત્નો કર્યા જ કરવા પડશે. જોકે ગુરુ તો પોતાના જેવી જ દૃષ્ટિ પ્રાપ્ત થાય, પોતાના જેવી જ સ્થિતિમાં એ સદાયે રહે એટલું જ નહિ પણ તેનાથી પણ આગળ જાય

એવી મહેચ્છા, આકાંક્ષા, તત્પરતા, શિષ્યની બાબતમાં સેવ્યા કરતો હોય છે, પણ જ્યાં સુધી સાધકની કક્ષા ઉપર જણાવી તેવી હોય ત્યાં સુધી સાધક કેવળ ગુરુની કૃપા ઉપર જ બધો આધાર રાખ્યા કરે તો તેથી પોતાના સત્પ્રયત્નમાં તે ઢીલો પડી જાય એવો પૂરો સંભવ રહે છે. ગુરુકૃપા જેવું કંઈક હશે તો આપણો સત્પ્રયત્ન તેને તાણી લાવશે જ. વળી, સાચી રીતે સાધક કે શિષ્ય સર્વ રીતે અને સર્વ ભાવે ગુરુકૃપા ઉપર આધાર રાખી શકતો પણ હોતો નથી. તે તો તેને ખાલી ભ્રમણા પણ હોય છે. પોતે કશું કરે પણ નહિ અને શુદ્ધ થયેલા આધાર વિના ગુરુની કૃપા ઉપરનો તેનો આધાર પણ ન હોય, પોતાનાથી બનતા જતાં સર્વ સત્પ્રયત્નમાં જ સાધકે કે શિષ્યે વર્ત્યા કરવામાં સાચી રીતે કલ્યાણ માનવાનું છે. આપણા જીવની જીવનની પ્રત્યેક જડતામાં સાત્ત્વિક ગતિ પ્રેરાય અને તેમાં ભાવપૂર્વકની જ્ઞાનયુક્ત પરિસ્થિતિ ઊગે તો જ આપણામાં ફરક પડવાનો છે. સાધકનો હૃદયથી થતો સત્પ્રયત્ન, એ બધું તો પ્રત્યક્ષ છે. ગુરુકૃપા તો હોય કે ન પણ હોય, એટલે આપણે તો આપણું જે સ્પષ્ટ ધ્રુવ હોય એને જ સંપૂર્ણપણે હૃદયની ભાવનાથી મજબૂત પકડી રાખવાનું છે.

જેમનામાં જીવન પરત્વેની ઊંડી તમન્ના જાગી હોય અને તેથી કરીને પ્રેરક જીવંત ભાવના પ્રવર્તતી હોય, અને એવી ભાવના માત્ર પડી રહેલી ન હોય પણ તેમાં ક્રિયાત્મકપણે વેગ આવેલો હોય અને જેમને જીવનની સાચી દૃષ્ટિ અનુભવવાની હૃદયમાં, હૃદયથી ભારે ખેવના તરવરતી હોય, તેવાઓને તે કારણસર ગુરુએ જીવનની સાચી દૃષ્ટિ અને સાચો માર્ગ બતાવ્યો હોય, તે પરત્વેનું યોગ્ય વલણ અપાવ્યું હોય, તેમની જીવસ્વભાવની સમજણમાં અને તેમના જીવસ્વભાવના પ્રત્યેક પાસાઓમાં અને દૃષ્ટિકોણમાં મૂળનો પલટો કરાવીને નવજીવન સંપડાવ્યું હોય, તેથી તેવા જીવો ગુરુ પ્રત્યે કૃતકૃત્ય થવાનો ભાવ હૃદયથી અનુભવે, તે સમજી શકાય તેવું છે. એવા જીવો ગુરુકૃપાનું મૂલ્ય પોતાના સત્પ્રયત્ન અને ભાવનાના ક્ષેત્રથીયે અલગપણે હૃદયથી માને તો તે પણ કદાચ સમજી શકાય તેવું છે, અને ગુરુકૃપાને એક સ્વતંત્ર નક્કર હકીકત સુધીની મર્યાદામાં પણ લઈ જવાનું સ્વીકારે તો તે પણ કંઈક અંશે યોગ્ય ગણી શકાય, પરંતુ જો સાધક એને જ મહત્ત્વનું સ્થાન આપ્યા કરીને પોતાના સત્પ્રયત્નમાં પૂરેપૂરો જાગૃત ન રહે તો તેનામાં

ઢીલાશ જરૂર આવી જવાની. પોતાના સત્પ્રયત્નમાં તે અદમ્ય રીતે ખંત-ખેવના હૃદયથી રાખ્યા કરીને મંથન કર્યા જ કરતો જશે અને એ સૌ ગુરુની કૃપાથી બન્યા કરે છે એમ ધારણા હૃદયથી રાખ્યા કરશે તો એનામાં નિરભિમાનપણુંયે વધ્યા કરશે અને પુરુષાર્થમાં પણ ઢીલ નહિ આવે. ગુરુની કૃપા એ તો સાધકનાથી થતા જતાં પુરુષાર્થની ભાવનામાંથી ફલિત થતો ભાવ છે અથવા તો બહુ બહુ તો તે બંને ભાવના એકરૂપે પરસ્પર સંકળાયેલી છે. ગુરુકૃપાનો, સાધક પોતે પ્રયત્ન કર્યા વિના જડસુની પેઠે ભ્રમણાત્મક રીતથી, એકમાત્ર કલ્પનાત્મક આશ્રય રાખ્યા કરે તો તેથી તેનું કશું વળવાનું નથી, જીવનમાં મળતા અનેક પ્રસંગો અને તે પરત્વેના સાધકના ધર્મ સાધકે પોતે જ બજાવવા પડશે. તેમાં તેને ગુરુકૃપા ધકેલશે જે એવી અપેક્ષા-પોતાના તે ક્ષેત્રમાં પ્રયત્ન કર્યા વિના કે તેવા પ્રકારની ઉત્કટ ભાવના હૃદયથી સેવ્યા વિના-રાખ્યા કરવી એ મૃગજળ સમાન છે. જો તેવા પ્રકારની અપેક્ષા રાખો તો એ અપેક્ષાને યોગ્ય સાધકે પોતાની કક્ષા, જ્ઞાનભક્તિયોગ ભાવે કરીને, રાખવાનું કરવું જ પડશે. જે અપેક્ષા હોય તેને યોગ્ય હકીકતપણે ભૂમિકા હોય તો જ તેવી અપેક્ષા વર્તી (પરિણામ પામી) શકે. તે વિના અપેક્ષા હોવી કે રાખવી એ ખાલી ભ્રમણા સમજવી. એવા પ્રકારની ખાલી ભ્રમણા રાખ્યેથી કોઈ જીવનું કશું પણ વળી શકવાનું નથી, તે નક્કી જાણજો. આ બધાનો અર્થ એવો નથી કે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતાથી આપણે ભાવના ન સેવવી. એ તો જો આપણે હૃદયથી તમન્નાપૂર્વક સાધનામાં મચી રહેલા હોઈશું તો ગુરુ પરત્વેની કૃતજ્ઞતાથી ભાવના આપોઆપ ફલિત થવાની જ છે. સાધકનામાં પોતાના જીવનની ઉચ્ચતર ભૂમિકાઓમાં જેમ જેમ ભાવ વડે કરીને પ્રવેશ થયા જવાનું બન્યા કરશે અને તે તે કક્ષાઓની ખૂબી એને જેમ જેમ અનુભવમાં આવતી જશે, તેમ તેમ તેનામાં કૃતજ્ઞતાની ભાવના તો વધ્યા જ કરવાની છે. કૃતજ્ઞતાની ભાવના-બેળે બેળે—કૃત્રિમ રીતે—વધારવાનો કશો અર્થ નથી, વધી શકતી પણ નથી. આમ, ગુરુ પ્રત્યે કદરભક્તિની ભાવના એ તો પોતાની મેળે હૃદયથી, હૃદયમાં અનુભવવાની સાચી ઘટના છે - હકીકત છે.

**ગુરુકૃપામદદ ક્યારે મળે ?**

તેવી રીતે સાધકને અને એના જીવનનિર્માતા વચ્ચેનો (પણ ઉપર વર્ણવ્યો છે તેના કરતાં તો ક્યાંયે ઉચ્ચતમ કક્ષાનો) સંબંધ

પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનો જીવનવિકાસના હેતુની સમજણ કાજેનો કેળવાઈ ગયેલો હોય, તો જ તેવો સંબંધ સાધનામાં મદદ કરનારો નીવડી શકે છે, એવો આ જીવનો અનુભવ છે. શ્રીપ્રભુકૃપાથી જીવનમાં ઉત્કટ ઝંખના તો જીવન કાજેની ઘણી હતી, તેમ છતાં પ્રકૃતિના હુમલા પણ એવા જબરજસ્ત આવેલા કે જેનું વર્ણન પણ શું કરું ? પણ તેવી વેળાએ શ્રીગુરુમહારાજની કૃપાએ અને આશીર્વાદે જાગૃત રહી શકાયેલું. ક્યાંય નીચે તણાઈ જવાનું પણ બનતું, પણ 'આ તણાઉં છું, સકળ પ્રયત્ન કરવા છતાં ફવાતું નથી, અને આ હું તો ડૂબું છું. હે કરુણાસાગર ! પ્રભો ! ઉગારો. હવે તો હાર્યો, કશું ખપમાં આવતું નથી.' બધા ઉપાયો જે જાણતો તે કરીને બચવાને પ્રભુકૃપાથી તનતોડ મથ્યાં કરતો. એમાં ક્યાંય ઊણપ આવવા દીધેલી ન હતી. છેવટે *'નિર્બળ કે બળ રામ'* એમ થઈને એને હૈયામાંથી ડૂબતાં ડૂબતાં પણ રડતાં રડતાં આર્તનાદ અને આર્દ્રભાવે પ્રાર્થના કરી પોકારતો અને ત્યાં મદદ પ્રત્યક્ષ થતી જ.

માટે આપણે તો એવા નિર્બળ બનવાનું છે. તેવા નિર્બળ બનતાં પહેલાં તો તે જીવે પોતાનાથી બનતું સઘળું કરી ચૂકેલું હોવું જોઈએ. જે જીવ તણાયા જતો હોય, ડૂબતો જતો હોય પણ તેવા કશાનું જ્ઞાનભાન હોતું નથી, તેવો જીવ કંઈ જ કશું સાધન કરતો હોતો નથી એમ માનવું અને સમજવું.

**સદ્‌ગુરુની કૃપામદદ ક્યારે મળે ?**

શ્રીસદ્‌ગુરુની સાથે હૈયાનો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત સદ્‌ભાવ જાગીને એના જીવનના મૂળ ભાવમાં તે પરોવાઈ જાય છે, ત્યારે જ શ્રીસદ્‌ગુરુની કૃપામદદ સાધકજીવને મળતી તે અનુભવી શકે છે. પણ આપણને હજી સદ્‌ગુરુની કૃપામદદ મેળવવા કાજેની પાકી હૃદયની ગરજ લાગેલી નથી, એને વીલો મૂકતાં તો કેટકેટલી હૈયામાં કારમી વેદના પ્રકટે ! એમ પ્રત્યક્ષ ભાવના હૃદયમાં તે કાળે ને તેવા પ્રસંગોમાં પ્રકટ્યા વિના ને સદ્‌ગુરુની કૃપામદદ મેળવવા કાજેની ઉત્કટ ઝંખના ને તે કાજે અંતરમાં એનું ખરેખરું પ્રેમભક્તિજ્ઞાનયુક્તસ્મરણ ને એની એવા પ્રકારની પ્રાર્થના હૃદયમાં જો થયા કરે, તો સાધકજીવ પોતે એકલો નથી, એને પોતાના ગુરુની ઓથ ને હૂંફ, સહાનુભૂતિ, પ્રેરણા સદાય મળ્યાં કરતાં તે અનુભવી શકે છે, પરંતુ તે પ્રમાણે આપણે કર્યા કરતાં હોઈએ તો કંઈ સાચી સમજણ પડે ને ?

## ગુરુકૃપાનું અવલંબન

જે જીવને જીવનવિકાસની ઉત્કટમાં ઉત્કટ ઝંખના જાગેલી છે, જેણે શ્રીપ્રભુના શરણનું અવલંબન હૃદયમાં, હૃદયથી સ્વીકારેલું છે, તેવા જીવને કૃપાની કંઈક ગતાગમ પડે છે ખરી. બાકીના જીવને તો કૃપા એટલે શું તેનું કશું જ્ઞાનભાન હોતું નથી. જે વસ્તુનો પરિચય નથી, જેનો અનુભવ નથી, તેના વિશે શી સૂઝ પડી શકવાની ? તે કાજે તો પહેલાં હૃદયમાં તેવો અભ્યાસ કેળવવાનો રહે છે. શરૂઆતના સાધક કાજે પ્રથમ પ્રચંડ પુરુષાર્થ જરૂરનો છે. તે પુરુષાર્થ થતો રહે અને તે કૃપાથી પ્રાર્થના કરતો રહે. કૃપાની મદદ હૃદયથી યાચ્યાં કરે તે પણ મહત્ત્વનું છે, પરંતુ એવો શરૂઆતનો સાધક માત્ર કૃપાના અવલંબન ઉપર જ રહી શકે એવું એનામાં પરિબળ જામેલું હોતું નથી. તેથી એણે જાતે કૃપાના બળને પોતાનામાં નોતરી, પ્રગટાવીને, પોતાનાથી બનતો સઘળો પુરુષાર્થ કરવામાં ડહાપણ અને વિવેક રહેલાં છે. શરણાગતિની દશા અને તે પણ તેના યોગ્ય અર્થ અને ભાવમાં જીવને જ્યારે પ્રાપ્ત થતી હોય છે, તેવી દશામાં કૃપાનું અવલંબન જીવને રહી શકતું હોય છે, તે વિના તો કદી પણ નહિ. કૃપાનું અવલંબન પણ જે જીવને શરૂ શરૂમાં પણ લેવું હોય, તેવા જીવે તો પોતાને તો તે મેળવવા કાજેની પ્રેમભક્તિયુક્ત પ્રચંડ ભાવના હૃદયમાં અપરંપાર સતત જાગતી રહ્યાં કરે, તો તેમ બની શકે. એ કાજે તેના હૃદયનો પ્રાર્થનાભાવ સકળ કંઈ કરતાં કરતાં અંતરમાં જાગેલો રહ્યા કરે તે જરૂરી છે. કૃપાના અવલંબનમાં માનનાર જીવને જરાતરા પણ અહંતા રાખી શકવાનું બનતાં, તેને કેટકેટલી વેદના થતી હોય, તે તો એનો જે અનુભવી હોય તેને ખબર પડતી હોય છે. કૃપાના અવલંબનમાં માનનાર જીવને મનના અન્યથા તરંગો, વિચારો, લાગણી, વૃત્તિ આદિ થતાં પોતે કૃપાને અવલંબન માનવાનું જે કરે છે, તે મિથ્યા ઠરે છે. તેને પોતાને તે રીતે થવાનું બનતાં તે પોતે પણ જૂઠો ઠરે છે, એવું એને તીવ્ર જ્ઞાનભાન જાગે છે, તેવી વેળાએ તેનાં તેવા જીવસ્વભાવ અને પ્રકૃતિનાં વલણમાંથી તુરતાતુરત તે પાછો ફરવાનું કરે છે, અને કૃપાને સાદ દેતો હોય છે કે 'તારું અવલંબન લીધું છે, તો હવે કૃપા કરીને આવું બધું થયા કરે છે તો તારે આશ્રયે જ સંપૂર્ણ જીવતું રહી શકાય તેમ રહેવામાં પ્રેરણાત્મક બળ, હિંમત, તેવાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહંની દશા તારી કૃપાને

યોગ્ય રખાવ્યા કર. તારી કૃપાને યોગ્ય મનન, ચિંતવન, આ જીવમાં રહ્યાં કરે એવી કાળજી અને ચેતનયુક્ત જાગૃતિ પ્રેરાવ્યા કર.' વળી, કૃપાને યોગ્ય દશા ન રહેતાં વળી પાછો તે જાગૃત બને છે, અને પોતાને ઠીક કરવાને કૃપાને મદદમાં પ્રાર્થના કરી બોલાવતો હોય છે. જીવને જેમ જેવી રીતે મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ દોરી જાય, તેમ ઘસડાયાં કરવાનું બનતું હોય, તે વેળા હૃદયમાં પ્રાર્થના કરી મદદ માટે કૃપાનું અવલંબન લઈ શકાય છે. કૃપાનું અવલંબન જે લે છે, તે તો કૃપાના ભાવમાં જ જીવતો રહેવાને ઝંખતો હોય છે. જો તેમ ન થઈ શકતું હોય અને પોતે પોતાના જીવસ્વભાવ અને પ્રકૃતિનાં વલણોમાં જ આમતેમ અથડાયાં કરતો હોય, તો તેણે જ્ઞાનભક્તિપૂર્વકનું કૃપાનું અવલંબન લીધેલું નથી એમ સમજવું અને માનવું.

**કૃપામાં માનનાર જીવ**

સદ્‌ગુરુની કૃપાને સર્વસ્વ આધારરૂપે જે જીવો માનનારા હોય છે, તેવા જીવોની તે સમજણ જો યોગ્ય પ્રકારની હોય તો તેમના હૃદયમાં સદ્‌ગુરુની ભાવનાની જીવતીજાગતી નિષ્ઠા પ્રકટેલી હોય જ. ગુરુ પરત્વેની કૃપામાં જ માનનારે-એટલે કે જે તે બધું તેનું ગુરુની કૃપાથી બન્યાં કરવાનું છે ને પોતે કંઈ કશું કરવાનું નથી, એમ જે માને છે તેવા જીવે તેના ગુરુ વિશેની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના હૃદયમાં, હૃદયથી તો પૂરેપૂરી પ્રકટેલી કરી દીધેલી હશે. ગુરુનામાં તેવો જીવાત્મા સાવ નિરાંત, નિશ્ચિંતતા અનુભવી શકતો બની ગયેલો હશે. આવા પ્રકારનો જે જીવાત્મા છે, તેવા જીવની સદ્‌ગુરુની કૃપા પરના મદારની સમજણ પણ જરૂર ફળી શકે ખરી.

**કૃપામાં માનનાર પ્રાર્થના તો કરે જ**

પરંતુ કોઈ જીવ, જો સ્વભાવવશ માત્ર પડી જ રહ્યા કરવાનું દિલ રાખે ને તેમ છતાં તેમાંથી પણ ગુરુકૃપા જ માત્ર એને તારવશે એમ માને, તો તે યથાયોગ્ય નથી. એવો જીવ પણ પોતે જ્યાં છે તેવી ને તેવી દશામાં રહ્યા કરીને, કશું જ મેળવી શકનાર નથી. તેણે સમજવું તો ઘટે જ છે કે પોતાની પારાવાર નબળાઈને કારણે આ માર્ગે જવાની જે રીત છે, તે પ્રકારે તેનાથી વર્તવાનું તો બની શકે તેવું નથી, એમાંથી ઊઠવા કે ઉઠાડવા કાજે તે પ્રકારની ભાવના એને ન હોય, તેથી તેણે અંતરથી એના પરત્વે (ગુરુ પરત્વે), એને જે હૃદયનો પ્રેમભાવ થોડો

ઘણો પણ હોય તેના આધાર વડે, ભાવના પ્રકટાવીને પ્રાર્થનાનો સાદ તેણે તેને (સદ્‌ગુરુને) પાડવો ઘટે છે. એને (સદ્‌ગુરુની ભાવનાને) પોતાના રોજિંદા વ્યવહારમાં જીવતી રાખ્યા કરવી ઘટે છે.

**કૃપા અને પુરુષાર્થ**

કૃપામાં માનનારો જીવ તો સંપૂર્ણપણે એના ઉપર આધાર રાખતો હોય છે. કૃપા કંઈ એમની એમ મળી જતી નથી. કૃપાને જે જીવ જીવનમાં મહત્ત્વ આપ્યાં કરતો હોય, તો એનું કંઈ પ્રત્યક્ષ લક્ષણ તેવા જીવનમાં જણાવું જોઈએને ? કૃપાનો આશ્રય તો આ જીવે સાધનામાં ઘણો જ લીધેલો છે. એ તો કૃપા જ એકમાત્ર માગ્યાં કરતો હતો. સદ્‌ગુરુના કૃપાબળ ઉપર તો તે ઝઝૂમતો હતો. એના પુરુષાર્થમાં કૃપાનું બળ હતું. સદ્‌ગુરુને જીવનવિકાસને યોગ્ય સંતોષ આપ્યા કરવો, એમાં જ એનું હૃદય પરોવાયેલું રહેતું. કૃપા ઉપર જે જીવનું અવલંબન હોય છે, તેનું જીવન તેજસ્વી અને ખમીરવાળું હોય છે. કૃપા તો સૌથી પ્રથમ છે, પણ કૃપાને માનવાવાળા જીવમાં પુરુષાર્થ કરવાપણું નથી હોતું એમ નથી. પુરુષાર્થ કરવાપણામાં તે કૃપાનો સતત આશ્રય લીધા કરે છે. કશુંયે એકલું નથી. પુરુષાર્થ પણ એકલો નથી અને કૃપા પણ એકલી નથી. હજી કૃપા એકલી હોઈ શકે છે, પરંતુ કૃપા વિનાનો પુરુષાર્થ તો વાંઝિયો પણ નીવડે, જ્યારે જે જીવ કૃપાનું અવલંબન લીધાં કરે છે, એને કૃપા યોગ્ય પુરુષાર્થમાં પ્રેર્યા પણ કરે છે. હૃદયથી કૃપામાં માનનાર જીવ કદી પણ અળસિયાંની પેઠે જીવનમાં આળોટ્યાં નહિ કરે. ગળિયા બળદની પઠે પરોણા ભોંકાતા હોય અને બરડા ઉપર માર પડ્યા કરતો હોય, તોપણ તેનાથી ઉઠાય નહિ એવો થઈને વ્યવહારવર્તનમાં અને ખાસ કરીને માનસિક વલણોમાં એનાં તાણ અને વહેણમાં ખેંચાયાં જતો તો નહિ જ હોય. કૃપાનું જે જીવ સાચી રીતે હૃદયમાં અવલંબન લે છે, તે જીવ તો જેમાં ને તેમાં કૃપાને પોકારે છે, કૃપાનું જ્ઞાનભાન રાખે છે. નાનું બાળક હોય છે, ત્યાં સુધી માનું હૃદય બાળકનામાં સહજમેળે વિના પ્રયત્ને પ્રવર્ત્યા કરે છે. તેમ જે જીવ કૃપાનું અવલંબન હૃદયથી લીધાં કરતો હોય તેનું થઈ જવું ઘટે છે. કૃપાના અવલંબનમાં માનનારો જીવ જો એમ જ માનતો હોય કે તેણે કંઈ કશું કરવાનું નથી, કૃપાને યોગ્ય પણ રહેવાનું નથી અને જેની કૃપા લેવાની છે, તેની ઝંખના-ભાવના-ધારણા આપણામાં પ્રત્યેક પળે જીવતા રાખ્યાં કરવાની પણ નથી, તો તેવા જીવનું તેણે માનેલું અવલંબન સાચું નથી, તે નક્કી જાણવું.

## પુરુષાર્થ અને કૃપા

જે જીવ કૃપાનું અવલંબન જીવનના વિકાસ કાજે લે છે, અથવા ભગવાન તેને તેમ તે અવલંબન લેવડાવે છે, તો તેવા અવલંબનને યોગ્ય જો તેવો જીવ ન રહી શક્યો, અને એનાથી આડેઅવળે પણ વર્ત્યા કર્યો, તો શું કૃપા એવી રેઢી પડી છે કે આપણે એને લાતો મારીએ અને તે તેમ કરે ? બાળક માને ગમે તેમ કરે છે, તેમ છતાં મા જેમ બાળકનામાં રહે છે, તેમ કૃપા તો જીવ ગમે તેમ વર્તે છતાં તે રહે જ, એમ જે કેટલાક જીવ માને છે, તે યથાર્થ નથી. કારણ કે પ્રથમ તો આપણે પોતે બાળકના જેવા ભાવનામાં સંપૂર્ણ થઈ ગયેલા હોતા નથી. કૃપાનું અવલંબન માને, પરંતુ તેના તેવા માનવાપણામાં કંઈ કશા ઢંગધડા ન હોય, તો એથી જીવમાં સ્વચ્છંદતા જ પ્રવર્તે. પોતાને જીવનવિકાસ કાજે કેમ વર્તવાનું તેનું કદી જ્ઞાનભાન ઊગે નહિ.

આ પૃથ્વી ઉપર તો અનંત પ્રકારના ઘણા જીવો છે. તે બધાનો જ કંઈ ઉદ્ધાર થઈ શકવાનો નથી. જે જીવ જીવનવિકાસ કાજેની હૃદયમાં એવા પ્રકારની ઉત્કટ ઝંખના સેવે છે, તેવો જીવ શ્રીસદ્‌ગુરુનો આશ્રય લઈ, અથવા શ્રીપ્રભુના ભાવમાં શરણાગતિ કેળવી, એની કૃપામદદને હૃદયથી પ્રાર્થના કરી નોતરતો રહે છે, એવા જ્ઞાનપૂર્વકના અભ્યાસના અનુશીલન, પરિશીલનથી, એની કૃપાથી તેવા જીવને કંઈક ગતાગમ પડે છે. કૃપાનું અવલંબન જે જીવે લીધું હોય તેના પોતાનામાં કંઈક લક્ષણો તો પ્રગટવા ઘટે ને ? આ માર્ગમાં બુદ્ધિનો પૂરેપૂરો રચનાત્મકપણે ઉપયોગ કર્યા કરવાનો રહે છે. આ સંસારવ્યવહારમાં પણ જેની કૃપાની આપણને જરૂર પડે છે, તો તેના કહ્યામાં રહેવાનું કરવું પડે છે. તે રાજી રહે તેમ વર્તવાની ગરજ જગાડવી પડે છે. જેની કૃપા આપણે લેવાની છે, તેના વિશેનો પહેલાં તો સ્વાર્થ જાગે છે. જ્યાં એવા સ્વાર્થની પાકી ગરજ જાગે છે, તો તેવી કૃપા મેળવવા કાજે કેવું વર્તવાની જરૂર હોય છે, તેની આપોઆપ તેવા જીવને સમજણ પડી જતી હોય છે. શરૂઆતના સાધકનો ધર્મ કૃપાની મદદ માગવાપણાનો છે તે સાચું, પરંતુ તે સાથે સાથે તે કદી પણ એકલા માત્ર કૃપાના અવલંબન ઉપર રહી શકતો પણ નથી. એના મનનાં વલણો, વિચારો, લાગણીઓ, વૃત્તિઓમાં જ તે તો તણાયા જતો હોય છે. તેમાંથી જે જીવ જીવતુંજાગતું યુદ્ધ આપવાનું સમજે છે અને તેવી વેળા યુદ્ધ આપવાનું

જરૂરી છે, તેવી રીતે યુદ્ધ આપ્યાં કરવાથી જ જીવનનું ખમીર વધ્યા કરવાનું છે, એવું જેને જ્ઞાનભાન હૃદયમાં પ્રગટે છે, તેવી વેળા પોતે ખપી જતો ભલેને હોય, પણ મનમાંનાં ક્ષુદ્ર વલણોને તે કદી પણ તાબે તો નહિ જ થયાં કરે. એનો એ ગમે તે ભોગે જરૂર સામનો કરવાનો. એવું એવું જે કરતો રહે છે, એનું કૃપાનું અવલંબન યોગ્ય પ્રકારનું ગણી શકાય.

કૃપાના અવલંબનવાળા જીવને એવું કશું જ કરવાનું હોતું નથી તેવી માન્યતા તે તદ્દન ખોટી છે, તેવી માન્યતા તે તેનું નર્યું અજ્ઞાન છે, તે મારે તને મારા અનુભવ ઉપરથી કહેવાનું છે. કૃપાના અવલંબનવાળા જીવને પોતાના તરફથી કશો પણ પુરુષાર્થ કરવાનો નથી રહેતો, અને જો કરવાનો હોય તો કૃપા જાતે કરાવશે, એવી જે ભ્રમણાત્મક સમજણ છે તે યોગ્ય પ્રકારની નથી, જે જીવનવિકાસને મદદ કરનારી નથી. શરૂઆતના સાધકમાં એવી કૃપા કાજેનું યોગ્ય અવલંબન રહી શકવું કદાપિ પણ તેના હકીકતપણામાં સંભવિત હોઈ શકતું નથી. કૃપાને કાજે તો જેની કૃપા મેળવવી છે, તેને કાજે પ્રેમભક્તિજ્ઞાનયુક્ત ભાવના, તે પણ ઉત્કટ પ્રકારની ભાવના, તે કાજેની હૃદયમાં પ્રાર્થના થયાં કરતી હોવી જોઈએ. જે જીવનાં કરણોની શરણાગતિ કૃપામાં થયેલી છે, તેવા જીવને કૃપા તો જે તે સર્વ કાંઈ કરાવશે તે નક્કર અનુભવના પ્રદેશની હકીકત છે. એવું ન બન્યું હોય ત્યાં સુધી તો જીવે કૃપાને હૃદયની પ્રાર્થનાભાવે આમંત્રતા રહી રહી જીવનવિકાસને યોગ્ય એવા પુરુષાર્થમાં સતત પ્રેરાયાં કરવાનું રહે છે. કૃપાના આધાર ઉપર જે જીવ પુરુષાર્થ કરે છે, તેને અભિમાન જાગવાનો કશો ડર હોતો નથી. 'પુરુષાર્થ' અને 'કૃપા' એવું એકબીજાનું અલગપણે સ્વતંત્ર હોતું નથી. એકબીજા સાથે તે સંકળાયેલ હોય છે, તેવી કૃપામાં પુરુષાર્થ છે અને પુરુષાર્થમાં તેવી કૃપા છે.

## સદ્‌ગુરુની વ્યથા

### સદ્‌ગુરુને ઉપયોગમાં લો

સદ્‌ગુરુને જે જીવ ઉપયોગમાં લીધા કરે છે, તેવા જીવને જ સદ્‌ગુરુ કર્યાનો કંઈક અર્થ છે. બાકી તો કંજૂસના ધનના ઢગલાની પેઠે એને એક કોરાણે, ઉપયોગ લીધા વિના, તિજોરીમાં પૂરી રાખવાનો કશો જ અર્થ

નથી. ઊલટું એથી તો જે ખરો સદ્‌ગુરુ છે એને અપરંપાર ત્રાસ થતો હોય છે. એ જ્યારે જુએ છે કે એનો કોઈ પણ રીતનો કશો ઉપયોગ થતો જ નથી, તે વેળાએ એવાના જીવનમાં રહેતો હોવા છતાં નથી રહી શકતો એવું બને છે. આ કંઈ કોઈને ગભરાવવા લખ્યું નથી પણ જે સાચી હકીકત છે તે લખી છે.

**સદ્‌ગુરુની વ્યથા ને લાચારી**

માનવીનાં આળસ, પ્રમાદ, બીજા અનેક અવગુણો ને જીવસ્વભાવનાં વલણોને જો તે રહેવા જ દેવાનું કર્યા કરે, તો તેને પ્રભુ પણ કેવી રીતે મદદ કરી શકે ? જીવે જે જે ટાળવા જેવું છે, તે ટાળવાને કાજે પહેલાં તો તેને તે બધું ઘણું સાલવું જોઈએ, એ સાલે ને ડંખે, તો તે તેમાંથી મુક્ત થવાને ગતિમાન થઈ શકે. ધારો કે કોઈ જીવથી પોતાનાથી તેમ ન બનતું હોય, તો તેનાથી મુક્ત થવા કાજે તે હૃદયમાં, હૃદયથી શ્રીભગવાનની કૃપામદદ માગવાને કાજે વારંવાર એની પ્રાર્થના કર્યા કરતો હોવો જોઈએ, આવું જ્ઞાનભક્તિપૂર્વકની નિષ્ઠાથી થતું અને તેમાં તેના હેતુના જ્ઞાનભાન સાથે, કોઈનામાં જાગતું બનતું આ જીવ અનુભવી શકતો નથી.

**સદ્‌ગુરુની દુઃખદ કથા**

સાચા આત્માની આપણા હૃદયમાં પ્રેમભક્તિજ્ઞાનભાવે પ્રાણપ્રતિષ્ઠા જો આપણે કરી શક્યા હોઈએ, તો તો સારાયે જીવનને કોઈ અવર્ણનીય પરમ આનંદની અવધિરૂપ પ્રકટી ગયેલું આપણે અનુભવી શકીશું. જ્યારે આપણું ને તેનું હૃદય એકભાવે ભળીને મળી ગયેલાં બને છે, તેવી વેળા એના હૃદયની પ્રેમભાવયુક્ત કોઈ ઑર પ્રકારની મુગ્ધતાથી આપણે તદાકાર બની ગયેલા હોઈએ છીએ, એવો પ્રત્યક્ષ જીવંત અનુભવ આપણને થતો રહે છે. એના એક આછા આછા પ્રેમભાવમાધુર્યયુક્ત નર્તનઈશારે આપણે એના પણ વારી જતાં અનુભવીએ છીએ. એવી વેળાથી જ આપણા જીવનનું ચેતનાત્મક પ્રકારનું સાચા જીવનનું ઘડતર થવા માંડે છે ને તે સહજપણે બન્યા કરતું રહે છે.

પરંતુ આ બધું થતું રહે તે પહેલાં તો સાધકે પોતે મથીને એની કૃપામદદ મેળવી, હૃદયમાં, હૃદયથી એને પ્રાર્થના કરીને, સાધક જીવે ઊંચે પ્રકટવાનું બન્યાં કરવું પડશે. આપણા આધારમાં શરૂમાં તો તે પોતે

નીચામાં નીચી હદે ઊતરી, તે આપણને આંગળી આપીને ઊંચે લેવાને પ્રેમભાવે મથતો હોય છે. પરંતુ તેવી વેળા આપણા હૃદયનો સાથ એને હૃદયના ઉમળકાના સત્કારના સ્વીકારપણામાં યોગ્ય ભાવ ન મળતો હોવાથી તે પાછો ફરી જઈ ઠરી જતો હોય છે, આ પણ નિશ્ચિત હકીકત છે, કારણ કે આપણામાં જે બધું હલકું, સ્વાર્થયુક્ત, મલિનતા, અનેક પ્રકારનું દરિદ્રપણું, ઘાતકીપણું, દિલને ખૂંચે એવું આપણું કર્કશપણું, અનેક પ્રકારની આપણી પ્રકૃતિની પ્રચંડ ને ઘમસાણ ને તોફાન મચાવી મૂકે એવી ઈચ્છા-કામનાઓ જ્યાં ત્યાં પ્રવર્ત્યા કરે છે, ત્યાં કેમ કરીને આપણામાં અવતરણ પામી શકે ? એને આપણામાં જીવતો રહ્યા કરવાની દશા-જગા આપણે કરી આપવાની રહે છે. તે કોણ કરી દે છે ? એવાને તો પોતાનું જીવન રેડવાની ઘણી મરજી છે, પણ જ્યાં હજી આપણામાં નર્યો સ્વાર્થ, ઘૃણા, નિંદા, તુચ્છકાર, અદેખાઈ, દ્વેષ, કલેશ, કંકાસ, અપકારવૃત્તિ, લોભ, કામ, ક્રોધ, મદ, મોહ, વિશ્વાસનું દ્રોહ કરવાપણું, કૃતઘ્નીપણું, પ્રકૃતિના અનેક પ્રકારના આવેશો ને આવેગો આવું બધું ભર્યું પડ્યું હોય છે, તે આપણને ખરેખરું સાલતું પણ નથી, એને વેગળું કરવાની ખરેખર પ્રમાણિક હૃદયની દાનત પણ પ્રકટતી નથી. ત્યાં પેલો બિચારો તો આપણામાં એવો તો ગૂંગળાઈ મરે છે કે ન પૂછો વાત ! એની સામે ત્યારે કોણ જુએ છે ? એને આપણાથી થતા ત્રાસ-સંતાપની કોને પડી છે ? એટલે જ હું તો કહું છું કે હજી આપણામાં સાચા પ્રેમનો જરા સરખો પણ અંશ પ્રકટ્યો જ નથી. ‘જીવન’ ‘જીવન’ બૂમ ખાલી ખાલી પાડીએ છીએ એટલું જ, પરંતુ એની ખરેખરી રીતે કશી કોઈને પડી જ નથી.

**સદ્‌ગુરુને લાત ન મારો**

મા-બાપ નાના બાળકની લાત ખાય છે, ત્યારે તે લાત ખાવામાં પણ આનંદ લાગે છે, પરંતુ તે મોહમયી અને જીવસ્વભાવની કક્ષા છે. આપણે બધાં જીવસ્વભાવના છીએ. એટલે આપણે જેને સમજી બૂઝીને જીવનનો ઘડનારો માન્યો છે, તે આપણો માબાપ હોવા છતાં આપણાથી તેને જાણ્યે-અજાણ્યે લાત ન મરાય. તેનું આપણે જ્ઞાનપૂર્વકનું ભાન રાખવું જોઈએ. કદાચ વાગી જાય તો પેલાને તો કશું થતું નથી, પરંતુ આપણી હજી ઘણી કાચી દશા છે, એવું એને લાગતાં અને આપણે સતત એકધારાં ઊંચા રહ્યાં કરીએ, એવી એના હૃદયની આપણા

પરત્વેની ધારણા હોવાથી, આપણી એને લાત વાગવાથી કરીને, એને હૃદયમાં ઘણો આઘાત લાગે છે અને વેદના પણ થાય છે. માટે આપણે વિચારો, વૃત્તિઓ, લહરીઓ અને સંસારવ્યવહારના અનેક જીવો સાથેના વર્તનવ્યવહારમાં જેટલાં વધારે જાગૃતિવાળાં અને કાળજીવાળાં રહી શકીએ અને આપણા જીવનવિકાસના કાર્યમાં જેટલા વધુ પ્રમાણમાં એકાગ્ર, કેંદ્રિત રહી શકીએ, એટલા પ્રમાણમાં આપણે આપણા જીવનના ઘડનારને હૃદયનો આનંદ આપી શકીએ. એનો સાચો ખોરાક તો તે છે. એનો પ્રાણ ટકે છે એવા જીવનના ખમીર વડે કરીને. **ખમીર વિનાનું જીવન લૂણ વિનાના ખોરાક જેવું છે.**

**સદ્‌ગુરુને ત્રાસ દેવાનાં ત્રાસદાયક પરિણામ**

જેમણે સદ્‌ગુરુ કર્યા, પણ તેને વફાદાર, પ્રમાણિક, નેક દાનતવાળા તે જીવો ન રહી શક્યા હોય તે સર્વનું પ્રભુ કલ્યાણ કરો ! એવી અમારી તો તે જીવના કલ્યાણ અર્થે તેવી ભાવના હૃદયમાં પ્રવર્ત્યા કરે છે. **પરંતુ કર્મનો બદલો, કર્મનો અટલ ન્યાય જગતમાં રહેલો છે, તે ફીટી શકતો નથી. કોઈ જીવને જો આપણે ઠગ્યો હશે, કોઈ જીવ સાથે જો આપણે પ્રમાણિકપણું નહિ દાખવ્યું હોય, કોઈ જીવ સાથે વફાદારી નહિ દાખવી હોય, તો તેના કર્મનું પરિણામ જે વેઠવાનું આવશે, તેના કરતાં કોઈ ચેતનપણામાં જાગેલા જીવાત્માને બેવફા નીવડવાના કર્મનું પરિણામ એવું તો ભોગવવું પડશે કે તે ભોગવતાં ભોગવતાં તે જીવને ત્રાહિમામ ત્રાહિમામ પોકારવા પડશે. આ હકીકત ભય પમાડવાને લખેલી નથી, પરંતુ મારે મન તે તદ્દન સાચી છે. એના કરતાં તો જીવનવિકાસ અર્થેના સદ્‌ગુરુની ભાવનાથી મુક્ત થવું એ મારા તારા જેવા જીવ કાજે ઉત્તમ છે. સદ્‌ગુરુ કરવા ને એને છેતરવા ને એને લાયક ભાવના પ્રમાણે વર્તવાનું ન કરી શક્યા, એણે અનેક વાર આપણને ચેતવ્યા, આપણને યોગ્ય સમજણો પ્રકટાવ્યા કરી, તેમ છતાં પાછા હતા તેવા ને તેવા જ રહ્યા કરીએ, તો એથી કરીને એવા સદ્‌ગુરુને જે સંતાપ, ત્રાસ, દુઃખ થયા કરે છે, તે શું જતું રહેવાનું છે ? એવાને તો તે કશું લાગતું નથી, તો પછી એવું બધું ક્યાં જઈને ઠરવાનું ? એવી પાછી પડેલી ભાવના કે વૃત્તિ વાતાવરણમાં જ રહ્યા કરવાની ને જે જીવને નિમિત્તે તેમ થયેલું હશે તેને જ તે પ્રેમપ્રસાદીરૂપે મળ્યા કરવાનું છે, તે હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. માટે તારે અમારી બાબતમાં ચેતીને**

**ચાલવાનું ને જીવવાનું છે. જેવી કરણી તેવી પાર ઊતરણી. જેવી ભાવના તેવો તેનો વિસ્તાર. જેવી વૃત્તિ તેવું જ વળતર થવાનું છે. આ બધી હકીકત આપણે સમજણમાં ઉતારવાની ઘણી જરૂર છે.**

**લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ ॥**

લોકથી ચઢિયાતા જે હોય છે, ચિત્ત તેમનાં
સમર્થ જાણવા કોણ ? ગૂઢમાં ગૂઢ તે સદા.

માનવી શરીરધારી હોવાથી તેને આ જગતમાં કંઈક ને કંઈક પ્રવૃત્તિ કર્યા જ કરવી પડે છે. કેવળ નિષ્ક્રિયતા એના માટે અશક્ય છે, પણ માનવસમાજમાં અનેકવિધતા હોવાને લીધે સમાજના અસ્તિત્વ અને સંવર્ધન માટે જુદા જુદા સ્વભાવના અને જુદી જુદી જાતની શક્તિના માણસોની તથા જુદાં જુદાં કાર્યક્ષેત્રની જરૂર હમેશાં રહે છે. આજના જમાનામાં પણ બધા જ સિપાઈઓ થાય તે અશક્ય પણ છે અને અયોગ્ય પણ છે. એટલે જેમ વ્યાયામશિક્ષકનું કાર્યક્ષેત્ર શરીરવિકાસ છે અને શિક્ષકનું કાર્યક્ષેત્ર મનોવિકાસ કે બુદ્ધિવિકાસ છે તેમ સંતનું કાર્યક્ષેત્ર માનવીસ્વભાવનું દિવ્ય રૂપાંતર છે. શીલનો વિકાસ કરવો એ પણ શિક્ષકના કાર્યક્ષેત્રમાં આવી જાય છે એમ ભાગ્યે જ કહી શકાય. પદાર્થવિદ્યા જેવા સ્થૂળ કે અર્થશાસ્ત્ર કે ન્યાય કે ફિલસૂફી જેવા સૂક્ષ્મ વિષયોની માહિતી આપવામાં જ શિક્ષકના કાર્યની પરિસીમા આવી જાય છે. બહુ બહુ તો એમ કહી શકાય કે એથી વિદ્યાર્થીની બુદ્ધિ, અવલોકનશક્તિ કે અનુમાનશક્તિનો વિકાસ થાય છે. એટલે કે મનના સ્થૂળ વિભાગનો વિકાસ થાય છે. અલબત્ત, આ બધા ગુણો આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક નથી એમ તો કહેવું નથી જ, પણ એથી જે આધ્યાત્મિક વિકાસ થતો હોય તે ઘણો થોડો અને આડકતરી રીતે થાય છે. પણ જ્યાં શિક્ષકનું કાર્ય સમાપ્ત થાય છે, ત્યાંથી જ સંત કે ગુરુનું કાર્ય શરૂ થાય છે. બુદ્ધિ, ચિત્ત, સંસ્કાર, સુપ્ત માનસ (unconscious mind) લાગણીઓ, પ્રેરણાઓ, પ્રાણ વગેરેમાં જે જે કુટેવો ગળે ઘંટીના પડ જેવી લટકતી રહ્યા કરીને સાધકનો આત્મીય વિકાસ અટકાવતી હોય તે બધી દૂર કરી અથવા તેને શુદ્ધ કરી, આત્મસ્થિતિમાં આવવામાં સાધકના પ્રયાસને સહાયભૂત થવું એ કામ ગુરુનું છે. શ્રી મહેરબાબા કહે છે તેમ “He comes not to teach but to awaken.”

આવા અતિસૂક્ષ્મ કાર્ય માટે કુદરતી રીતે જ સાધન પણ સૂક્ષ્મ જ જોઈએ. ટેબલ જેવા સ્થૂળ પદાર્થના સર્જન માટે ઓજારો અને હસ્તકૌશલ્યની જરૂર રહે છે. બુદ્ધિવિકાસ જેવા એથી સૂક્ષ્મ સર્જન માટે વાણી-લિખિત કે મૌખિકની મુખ્યત્વે જરૂર રહે છે. તે જ નિયમ મુજબ આધ્યાત્મિક વિકાસ માટે જે વિશેષ સૂક્ષ્મ સાધનની જરૂર રહે છે, તેને શક્તિસંચાર કે આધ્યાત્મિક વાતાવરણ કે Psychic contact એવું નામ આપી શકાય. આ સાધન એટલું તો સૂક્ષ્મ હોય છે કે શિષ્યને શરૂઆતમાં તો ખબર પણ પડતી હોતી નથી કે તે એની અસર નીચે વર્તન કરતો હોય છે. અલબત્ત, આ વિદ્યામાં પણ વાણી છેક વર્જ્ય નથી જ. પણ સૂક્ષ્મ કરતાં ઉપદેશાત્મક વાણી ઓછી અસરકારક હોય છે અને તેથી તેનો ઉપયોગ ઓછો થાય છે.

આ જ કારણસર આવા સંતો ઘણી વાર નિષ્ક્રિય અથવા તદ્દન અલિપ્ત-જડતાની હદ સુધીના અલિપ્ત દેખાય છે, અને તે કેવળ જગતમાંનાં આંદોલનો પ્રત્યે જ નહિ પણ જેઓએ એમને માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા હોય તેઓ પરત્વે પણ. ખરી રીતે તો જગત કે પોતાના જ શિષ્યો ભલે ન જાણે, તેમ છતાં તેઓ તો સૂક્ષ્મ અને અદશ્ય રીતે ખૂબ જ પ્રવૃત્તિશીલ એમના હિતને કારણે જ રહ્યા કરતાં હોય છે. તેથી જ તેઓ વાણી દ્વારા ઉપદેશ આપે કે ન આપે, પોતાના શિષ્યોને પોતાના સ્થૂળ સામીપ્યમાં રાખે એવા શિષ્યોને તેમની આસક્તિને લીધે બહુ કડવું લાગે તોપણ દૂર ને દૂર રાખે, તોપણ આધ્યાત્મિક શક્તિનાં આંદોલનો તેઓ સતત વહેવડાવ્યાં કરતાં જ હોય છે ! **આવા તરંગો સાધકોના વ્યક્તિત્વમાં ઊંડા પ્રવેશીને તેનું પરિવર્તન કરવા માંડે છે.** સાધકોની તીવ્ર આકાંક્ષા અને ઉત્કટ પ્રેમ પ્રત્યે ઉદાસીન રહેતા દેખાવાનું બીજું એક કારણ એ છે કે એવી ઉદાસીનતાનો દેખાવ જ સાધકને વધારે પુરુષાર્થરૂપ થઈને ગુરુનો પ્રેમ પ્રેમ મેળવવાનો પ્રયત્ન કરવા માટે પ્રેરે છે. આમ, શુષ્કતાનો સંતોનો સ્વાંગ પણ જગત હિતાર્થે જ હોય છે.

ચેતનાની સાંકળ દૃઢ અને અતૂટ થવા માંડે તે છે, કેમ કે પ્રવૃત્તિમાં તણાઈ ગયેલો સાધક સહેજ નવરાશ મળતાં પોતે પોતાના જીવનકાર્યથી વિમુખ થઈ ગયો છે, એવું ભાન થતાં સવિશેષ જોરથી, ખંતથી અને ઉત્સાહથી એમાં લાગી જાય છે અને આવી મુશ્કેલીમાં પોતાની પડખે

હંમેશ ઊભા રહેનાર ગુરુ તરફ તેની મીટ મંડાય છે. આમ, પ્રતિકૂળ દેખાતા સંજોગોને પોતાને અનુકૂળ કરવાની શક્તિ તેને સાંપડે છે.

કેટલીક વખતે ગુરુ જાણી જોઈને એવી વાણી ઉચ્ચારે છે કે જેનો ભાવાર્થ જુદી જુદી કક્ષાના સાંભળનારાઓ પોતપોતાની શક્તિ પ્રમાણે જુદો જુદો કરે છે, પણ સૌથી સાચો અર્થ તો સૌથી આગળ વધેલા સાધકો જ કદાચ સમજે છે, પણ કોઈને એનું રહસ્ય સમજાય નહિ તોપણ એ ચિંતા કરતો નથી. શિષ્યોનાં જ્ઞાનચક્ષુ એટલાં શક્તિશાળી થાય કે તે રહસ્યો જોઈ શકે ત્યાં સુધી તે નિરાંતે રાહ જુએ છે. દેવો, દાનવો અને માનવી એમ ત્રણેયને વિષ્ણુ ભગવાને, "દ", "દ", "દ" જ કહ્યું, એ વાત આનું દૃષ્ટાંત છે.

સાધનાના પંથે પ્રથમ પગલાં માંડનારને કેટલીક વાર અનુભવ થાય છે કે ગુરુ તેમની યોગ્ય કે અયોગ્ય બધી ઈચ્છાઓ પૂરે છે અને તેમના દાસ જેવો થઈને રહે છે. સાધકનાં મન વગેરેમાં ઘર કરી બેઠેલાં બધાં જડ મંતવ્યો અને આગ્રહો બહારના દબાણથી નહિ પણ, સાધકમાં જ ઊગતા જતાં નવાં સંસ્કારોને પરિણામે નાશ પામે એ હેતુ ખ્યાલમાં રાખીને ગુરુ શરૂઆતમાં આમ કરે છે. એને એથી ઘણું સહન કરવું પડે તો તેથી પોતાનું પ્રારબ્ધ ભોગવાઈ જાય છે એમ જાણીને એ શાંત રહે છે. આખરે સાધકને પોતાના સ્વભાવનું તથા મતાગ્રહો અનુસાર અકુશળ વર્તનનું ભાન થાય છે અને ત્યારે પોતાના કારણે ગુરુએ કેટલું બધું સહન કર્યું, એની સૂઝ પડતાં એનો ગુરુ પ્રત્યેનો પ્રેમનો ફુવારો એકદમ જોરથી ફૂટે છે.

સાધકે સંતોના બીજા એક લક્ષણનો ખ્યાલ રાખવો પડશે, નહીં તો તે થોડા સમય માટે તો જરૂર કુટાશે. સાચો સંત એક માનવી વ્યક્તિ નથી પણ, જે વિરોધાભાસી ગુણોનું વર્ણન આપણે પ્રભુ વિશે કરીએ છીએ તેમનો શરીરધારી આવિર્ભાવ છે. એમ એક દેહમાં અનેક વ્યક્તિઓનો તેમાં સમાવેશ થાય છે. તેથી, તેના દરેક શિષ્યને તે જુદો જુદો દેખાશે. આથી કેટલીક વાર ગુરુ એકને જે સૂચના આપે છે, તે બીજાને આપેલી સૂચનાથી તેમને તેમની પ્રકૃતિ ભેદના કારણે ઊંધી પણ હોય. આ કારણસર શ્રીરામકૃષ્ણ પરમહંસ જ્યારે એક શિષ્યને કંઈ આધ્યાત્મિક સૂચના આપતા, ત્યારે બીજાને હાજર રહેવા દેતા ન હતા. આથી, સાધકે પોતાને મળેલી સૂચના અને ગુરુના વ્યક્ત થતાં જ

વ્યક્તત્વથી જ સંતોષ માનવો અને બીજાને અપાયેલી સૂચના તરફ લક્ષ ન આપવું તે હિતાવહ છે. આગળ વધતાં બહુ બહુ તો એ એટલું કરી શકે કે ગુરુના પોતાની સાથેના સંપર્ક ઉપર ખૂબ લક્ષ આપી, તેને જરા પણ અવગણ્યા વગર ગુરુ બીજાઓ સાથે કેવી વિવિધ રીતે વર્તે છે એ નિહાળી, ગુરુની મહત્તાની એ રીતે સવિશેષ કદર કરી તે તેમાંથી પ્રેરણા મેળવે તથા આનંદ માણે.

એવો કોઈ જાતનો મત કે સિદ્ધાંત નથી હોતો કે જે ગુરુનો પોતાનો વિશિષ્ટ ગણાય. એ તો માત્ર પળપળ બદલાતી પરિસ્થિતિ અને વ્યક્તિને યોગ્ય જે જાતનું જ્યારે વલણ અને વર્તન કુશળ હોય તે તટસ્થતાથી રાખે છે. આથી, એના ઉપર શુષ્કતા કે હૃદયહીનતાનો આરોપ ઉપરછલ્લી દૃષ્ટિએ જરૂર મૂકી શકાય, પણ ખરી રીતે તો તદ્દન તટસ્થ દેખાતા તેના વર્તનથી પણ સામી વ્યક્તિને પ્રગતિને પંથે એક ડગલું આગળ ભરવાની સુગમતા થાય છે. આવો લાભ પામનારને ઘણી વાર તો એનું ભાન પણ હોતું નથી, એટલું જ નહિ પણ કદી કદી તો ઊલટો સંતના કોઈ વિવિધ દેખાતા વર્તનને લીધે એક જાતની ઘૃણા કે વિરોધ એના મનમાં રહેતો હોય છે. કદી કદી જનસમાજ સંતને ન સમજી શકવાથી તેને પીડા કરે તેનું એક કારણ સંતની આ દુર્ગમતા પણ છે. આવી પીડા વેઠતો સંત તો સદાય બ્રહ્માનંદમાં નિષ્ઠ હોય છે. તેથી, એનું શરીર પીડાય છે, પણ જાતે તો અંદરથી પ્રસન્ન જ હોય છે. દેશકાર્ય માટે દુઃખ વેઠનારા કે શહીદ થનારામાં કેટલાકનો પણ આવો અનુભવ હોય છે, તે ઉપરથી આની યથાર્થતા સમજાશે.

બાળકની માફક સંત તે વળી રડતો હશે ? હા, તે હસે પણ ખરો અને રડે પણ ખરો. જ્યારે કોઈ સાધક એટલો નીચા થરનો હોય (પણ કોઈ પ્રારબ્ધના ભોગે સંત સાથે સંપર્કમાં આવ્યો હોય) અને સામાન્ય ઉપાયોથી તેની જડતા ખસે નહિ, ત્યારે ગુરુ જાતે દુઃખ વહોરીને અને રડીને પણ પેલાની હમદર્દી મેળવે છે. કોઈવાર અત્યંત ક્રોધે ભરાઈને પેલાની લાગણીને સખત આઘાત આપે છે, તથા તેને પોતાની ભૂલ સુધારવા એકદમ સચેત કરે છે. દેખીતી રીતે તો આવાં કાર્યોથી એ બે વચ્ચે અંતર વધે છે, પણ સાધકને થયેલા ગુરુના હિતકારી અનુભવો સાધકની ઉત્કટ જિજ્ઞાસા તથા ગુરુ પરત્વેનો અંતરનો પ્રેમ આ ગેરસમજૂતીને હઠાવી કાઢી અંતે પ્રેમ જ પ્રગટાવે છે.

અમુક નિયમને વશ ન થવાનું ઝટ સમજાય એવી રીતે ન વર્તવાનું ગુરુને એક બીજું પણ કારણ છે. એ કોઈ જાતના અભ્યાસક્રમમાં કે આધ્યાત્મિક ઉન્નતિ માટે અમુક જ જાતનું વલણ કે વર્તન રાખવું જોઈએ એમ માનતો નથી. એ તો કેવળ સર્વવ્યાપી ચિતશક્તિનું સજીવ વાહન છે. તેથી, આજના એના વર્તન કરતાં કાલનું વર્તન જુદુંય હોવાનો સંભવ રહ્યા કરે છે.

સાધકે તો આ કારણસર પોતાની ઉન્નતિ કરનારા તરીકે સાબિત થયેલા અનુભવોને આધારે ગુરુના હાથમાં પોતાની જીવાદોરી સોંપવી જોઈએ. શ્રદ્ધા અને હિંમત તથા દૃઢતા ધારીને આધ્યાત્મિક પંથની અનેક કેડીઓમાંથી પસાર થતાં કે તેને પસાર કરાવવામાં આવતાં ડર કે અશ્રદ્ધાને પોતાના હૃદયમાં પેસવા ન દેવાં જોઈએ. અનુભવોની પરંપરા છતાં જે શંકાશીલ રહ્યા કરશે, તેને પોતાને જ વધારે કષ્ટ પડશે. આવા સાધકોને એ કક્ષા પૂરતા અપાકટ સમજણવાળા ગણી શકાય.

શરૂઆતમાં સાધકને ખબર નથી પડતી કે પોતે કોઈ સૂક્ષ્મ અસરને પરિણામે ઘડાતો જાય છે. તે વખતે દુઃખદ લાગતા અનુભવો પણ એને થવાના જ, પણ જો આવા વિરોધી દેખાતા સંજોગોને પણ તે આનંદપૂર્વક સ્વીકારી લેશે તો તેની પ્રગતિ ઝટ થશે. આમ, ધીમી કે ઝડપી પણ એની પ્રગતિ તો થવાની જ. “એક વાર પ્રભુની ઈસ્પિતાલમાં દાખલ થયા પછી પૂર્ણ રીતે રોગમુક્ત થયા વગર પ્રભુ છોડતો નથી” એમ શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા.

કોઈ કોઈ વાર ગુરુ પોતાની ચમત્કારિક શક્તિનો ઉપયોગ પણ કરે છે, પણ જાદુગરના અને સંતના એવી અસામાન્ય શક્તિઓના ઉપયોગ પાછળના હેતુમાં આસમાન જમીનનો ફરક છે. જ્યારે કોઈ સાધકના વલણ, વૃત્તિ કે પ્રાણ, ચિત્ત વગેરેને તેમની જડતાને કારણે સખત આઘાત આપવાની જરૂર હોય અથવા જો ગુરુને લાગે કે અમુક અસાધારણ અનુભવથી સાધકની આધ્યાત્મિક માર્ગમાં શ્રદ્ધા અને નિષ્ઠા જામશે તો એવી શક્તિનો ઉપયોગ નિમિત્તયોગે થાય છે, પણ એ અનુભવ થાય પછી પણ એનો કેવી રીતે મન, બુદ્ધિ આદિમાં સ્વીકાર કરવો તે સાધક ઉપર તે છોડે છે. એનું મહત્ત્વ સમજાવવાની પંચાતમાં તે પડતો નથી, કેમ કે આપોઆપ એના દિલમાં જે ઊગે તે જ ટકે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૭

# આત્મનિવેદન

- *સાધકના સાધના જીવનની પ્રથમ શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે ને સર્વ ભાવે સંપૂર્ણભાવે ખુલ્લા થવામાં રહેલી છે. તે પોતાનું જે તે બધું જ એને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરે.*
- *સાધકના જીવનવિકાસ કાજે આ વિના કોઈ બીજો સરળ માર્ગ નથી.*
- *નવધા ભક્તિ છે તેમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ભક્તિ એ કે જે કંઈ થાય તે ભગવાનને કહ્યા કરો - એટલે કે આત્મનિવેદન કરો તે છે.*
- *એમ કરતાં એની ઓથનું આપણને ભાન પ્રકટે છે.*
- *ભગવાનની ઓથ એક એવા પ્રકારની છે કે એના જેવી બીજી કોઈ નિરાંત અનુભવાતી નથી.*
- *જ્યારે ખરેખરું દિલ પ્રગટે છે, ત્યારે તે એકરાર કર્યા વિના રહી શકતું નથી. આવા હૃદયપૂર્વકનો ખુલ્લો એકરાર જો થયાં કરે તો તે દિલ પ્રગટ્યાનું લક્ષણ ગણાય.*
- *આત્મનિવેદન એક તો કળણમાં ગરકાયેલા પડેલાને તેમાંથી મુક્ત કરાવનારું રામબાણ ઔષધ છે.*
- *આત્મનિવેદન એટલે આપણને ચેતનના ભાવથી સંકળાવનાર કોઈ દિવ્ય સાંકળ*
- *જે સંપૂર્ણ ભક્ત હોય તે સામાન્ય રીતે ભગવાનને તસ્દી નથી આપતો.*
- *એ રીતે નિવેદન કર્યા સિવાય પણ ભગવાનના ભક્તનાં કેટલાંક કામ થાય છે !*
- *આપણે જ્યાં સુધી પૂરેપૂરા ભક્ત ન હોઈએ તો પણ પ્રેમપૂર્વક નિવેદન કરાય.*
- *આત્મનિવેદન—સાચી રીત—આપણે લક્ષમાં રાખવાનું છે કે તે વખતે આપણી ભાવના સંપૂર્ણ શરણાગતની હોવી જોઈએ.*

### આત્મનિવેદન - હેતુ
### ભગવત્પ્રેમ વિકસાવવાનું સાધન

એ પ્રેમ વિકસાવવા માટે જ વૈષ્ણવ સંપ્રદાયમાં એના અંગત પાઠપૂજા, સેવા ને ભજન-કીર્તનો થયાં કરતાં હતાં. 'આત્મનિવેદન'ની

પ્રથા પણ એ જ માટે છે. જે કંઈ બને, થાય, ઈચ્છાઓ સ્ફુરે, જેવું થવું હોય, જે જોઈતું હોય, માગવું હોય - આ બધું જ એને કહ્યાં કરવાનું આપણે રાખવાનું છે. કોઈ દલીલ કરે કે એથી શું થવાનું છે ? આપણે આપણા મિત્રને કે સ્નેહીઓને આપણી ઉપાધિઓ, મુશ્કેલીઓ, ગૂંચો કહી નાંખીએ છીએ, ત્યારે આપણું દિલ એક પ્રકારનું હળવું થયેલું આપણને નથી લાગતું ? મિત્ર કંઈ દુઃખ લઈ લે છે ? ના, પણ એની લાગણી, પ્રેમ ને સહાનુભૂતિની ભાવના આપણી સાથે ભળે છે, એટલે આપણને હળવાપણું લાગે છે. તો ભગવાન તો મિત્ર કરતાં પણ વધારે છે ને ?

## સહજ આકર્ષણ

આપણને એના પરત્વે દિલનું સહજ આકર્ષણ પ્રગટે તે પણ જરૂરનું છે. પરંતુ તે કંઈ એમનું એમ થોડું જ બની જતું હોય છે ! **પ્રથમ પરિચયે પ્રેમ પ્રગટી જવો એ તો ભાગ્યે જ કોઈની બાબતમાં બને તો બને.** પરિચયથી વારંવાર સંબંધમાં આવવાનું બને અને તેવા પ્રકારના સંબંધમાં બંનેનાં દિલનું સખાપણું પ્રગટે, તો પછી બંનેને એકબીજા પરત્વે એક પ્રકારનો રાગ પ્રગટે છે ને તેમાંથી આકર્ષણ જન્મે છે. તેવી જ રીતે જીવનવિકાસ પરત્વેનો રાગ પ્રગટાવવાને કાજે એનું જ સતત મનન ચિંતવન કર્યા કરવું અને તે સાથે સાથે જીવનવિકાસના ભાવથી સકળ પ્રકારનાં કર્મો, વર્તન, વહેવાર વગેરે બધું થયાં કરે તે જરૂરનું છે. એવા પ્રકારનો આંતરિક સંબંધ એની સાથે પ્રગટાવવાને માટે એની સ્મરણભાવના એ તો જાણે પ્રથમ પગથિયું છે. જે જે કંઈ થાય, થતું હોય, તે બધું એને કહ્યાં કરીએ એટલું જ નહિ, પરંતુ પળેપળનું જ્ઞાનભક્તિપૂર્વકનું સમર્પણ કર્યા કરીએ. કોઈ કહેશે કે માત્ર 'આત્મનિવેદન' કરવાથી કંઈ કશું શું બની શકે ? પરંતુ એવા અભ્યાસથી જેને Psychic contact કહે છે; ચૈત્યપુરુષ સાથેનો આપણો સંબંધ કહે છે, તે છતો થતો જતો હોય છે.

## ખુલ્લાં થવું

સાધકના સાધનાજીવનની પ્રથમ શરૂઆત તો એના સર્વ પ્રકારે, સર્વ રીતે ને સર્વ ભાવે સંપૂર્ણભાવે ખુલ્લા થવામાં રહેલી છે. તે પોતાનું

જે તે બધું જ એને ચરણકમળે આત્મનિવેદન કર્યા કરે. જીવનવિકાસને યોગ્ય જ્યાં જે પળે વર્તી શકાતું ન હોય, ત્યાં તે જાગી જાગીને તેમાં રચનાત્મક કૃપામદદ મળી શકે, તે કાજે લળીને ગદ્‌ગદ કંઠે હૃદયમાં, હૃદયથી શ્રીપ્રભુની પ્રાર્થના કર્યા કરે. પ્રાર્થનાનું મહત્ત્વ જે ખરેખરો સાચો સાધક બન્યો હોય છે, તેને આપમેળે હૃદયમાં સમજાઈ જતું હોય છે. પ્રાર્થના તો તેને મન જેમ બાળક માથી જીવન મેળવે છે તેના જેવી છે. કંઈ પણ થતાં તે પ્રાર્થનાના ભાવમાં પરોવાઈ જાય છે. **સાધકના જીવનવિકાસ કાજે આ વિના કોઈ બીજો સરળ માર્ગ નથી.** સાધક જો હંમેશાં હૃદયમાં, હૃદયથી સંપૂર્ણ, સર્વ રીતે ને સર્વ ભાવથી ખુલ્લો ને સરળ રહ્યાં કરતો હશે, શ્રીભગવાનના ભાવને ઝીલતો રહેવાને કાજે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક અભિમુખ અંતર્મુખતાવાળો બનેલો હશે, તો એવા સાધકને જીવનમાં જ્યાં જ્યાં અટવાઈ પડતાં કે ગૂંચમાં પડી જતાં કે ઉપાધિમાં કે અશાંતિમાં કે મુશ્કેલીમાં આદિ એવાં કારણોમાં પણ પ્રત્યક્ષ મદદ મળી રહેતી તે અનુભવી શકવાનો છે.

## આત્મનિવેદન

નવધા ભક્તિ છે તેમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારની ભક્તિ એ કે જે કંઈ થાય તે ભગવાનને કહ્યા કરો - એટલે કે આત્મનિવેદન કરો તે છે. એટલે જ્યારે કંઈ પણ થાય, ત્યારે નિવેદન કરવાથી બુદ્ધિ શાંત થાય અને એમ કરતાં ઉકેલ કરવામાં સરળતા થાય છે, અને એમ કરતાં એની ઓથનું આપણને ભાન પ્રગટે છે.

ભગવાનની ઓથ એક એવા પ્રકારની છે કે એના જેવી બીજી કોઈ નિરાંત અનુભવાતી નથી. એ મેળવવા માટે નિવેદન કરવું, એનું સ્મરણ, ભજન, સદ્‌વાચન, સત્સંગ કરવાથી, ભાવનાનું અનુસંધાન કેળવવાથી ભાવનાનું જ્ઞાનભાન સુષુપ્ત પડેલું છે, તે જાગતું થાય છે. અને માથે સમર્થ ગર્જે છે એમ લાગવાથી કોઈ જાતનો ભય કે ડર રહેતો નથી. એ પ્રકારની ભક્તિ કરવાથી જીવનનિર્વાહમાં પણ સરળતા રહે છે. આપણે એકલા નથી, પણ માથે કોઈ છે અને હંમેશાં એ મદદ કરે છે, ઉકેલ કરે છે. એની મદદનો જો ઉપયોગ ન કરી શકીએ તો આપણે કમનસીબ છીએ.

આપણે જો સાચેસાચો વિકાસ કરવો હોય તો આપણે ખરેખરું ખુલ્લા દિલનું સર્વ પ્રકારનું આત્મનિવેદન કર્યા જ કરવું જોઈએ. ભલે પછી તેવું ખુલ્લેખુલ્લું જણાવ્યા કરવાથી સામી વ્યક્તિ આપણા પર ધારો કે ગુસ્સે થાય તોપણ આપણે તો તેવું નિવેદન સર્વ પ્રકારના સંકોચો છોડીને કર્યા કરવાની સુટેવ પાડવી જ જોઈએ. પોતાના સ્વભાવની અને પ્રકૃતિની હકીકતો જ્યારે ખુલ્લા દિલથી અને ઉમળકાથી કહેવાનું બને છે ત્યારે તેનાથી મોટામાં મોટો લાભ તો એ થાય છે કે આપણે જેની આગળ નિવેદન કરતાં હોઈએ છીએ; તેના દિલની સાથે આપણા દિલનું વધું નિકટપણું કેળવાય છે. દિલ દિલનું સામ્ય પ્રગટે છે. એવા ખુલ્લા દિલના સંપૂર્ણ ભાવથી થયેલા એકરારથી **મન હળવું તો બને** જ છે; એટલું જ નહિ પણ આપણા **મનની અને સ્વભાવની અનેક પ્રકારની ક્ષુદ્રતાઓ એવા ખુલ્લા એકરારથી ઓગળતી જતી પણ અનુભવાય છે.**

આવા પ્રકારના હૃદયના ખુલ્લા એકરાર વિના સાધક કદી જીવનવિકાસનાં પગલાં આગળ ભરી શકતો નથી. સર્વ પ્રકારનો ખુલ્લો એકરાર તે તેવા માટે મોટામાં મોટું એક આગળ વધવાનું સોપાન છે. વળી, જ્યારે ખરેખરું દિલ પ્રગટે છે, ત્યારે તે એકરાર કર્યા વિના રહી શકતું નથી. આવા હૃદયપૂર્વકનો ખુલ્લો એકરાર જો થયાં કરે તો તે દિલ પ્રગટ્યાનું લક્ષણ ગણાય.

જો વ્યથિત, ત્રાસિત અને ગ્રસિત થયેલાં દિલથી અને ભાવથી ભગવાનના ચરણકમળે નિવેદન થાય, ત્યારે તો દિલ પાછું સંપૂર્ણ તાજગી અનુભવે અને અનેક પ્રકારનાં ઓથારો ચાલ્યાં જાય. સંજોગ, પરિસ્થિતિ, પ્રસંગથી ઊપજેલી છાયા, નિવેદનના પ્રભાવથી-અસરથી વિલીન થઈ જાય. આત્મનિવેદન એક તો કળણમાં ગરકાયેલા પડેલાને તેમાંથી મુક્ત કરાવનારું રામબાણ ઔષધ છે.

આ માર્ગમાં પ્રવેશ્યા પછી કદી પણ નહીં કલ્પેલા એવા વિચાર ઉપર તરી આવશે. મનનો સ્વભાવ સંકલ્પ-વિકલ્પ કરવાનો છે. સાધનાના ગાળામાં જીવપ્રકારનો અનેક જાતનો મળ ઉપર તરી આવવાનો છે. એવા કાળની તે દશામાં તણાઈ જઈને આપણને કંઈ કંઈ અન્યથા પ્રકારનું વિચારવાનું બનવાનું છે. ત્યારે જો સંપૂર્ણ જાગૃત ને યોગ્ય પ્રકારના વિવેકવાળા ન રહી શક્યા, તો અથડાઈ પણ પડીએ. આપણે નિખાલસ એકરાર કરીએ એટલું આપણા કાજે બસ નથી.

આત્મનિવેદનમાંથી તો શુદ્ધિ પ્રકટ્યા કરે ને તેમાંથી શક્તિ પ્રકટતી જાય છે. આત્મનિવેદન એ તો ભક્તિનું એક મોટામાં મોટું સાધન છે. સાચા દિલથી થયેલું આત્મનિવેદન જીવનમાં બળ પ્રકટાવે છે અને જે બાબતનું આત્મનિવેદન થઈ શક્યું હોય, તે બાબત ફરીથી ન બનવાને માટે આપણને જાગૃત રખાવે છે. આત્મનિવેદનથી પ્રેરક બળ મેળવી લેવાની કળા સાંપડે છે. એટલે આપણે જો ખુલ્લા હૃદયનો મુક્ત એકરાર કરતા હોઈએ છીએ તો તેમાંથી તો શૌર્ય, હિંમત ને ધીરજ પ્રકટે છે. એવા એકરારમાંથી ફરીથી તેવું કર્મ ન બની શકે એની જ્ઞાનયુક્ત જાગૃતિ પ્રકટે છે તો જ તે હૃદયનો સાચો એકરાર ગણાય. નહિતર તો તે માત્ર ઉપરનો ઉપરછલ્લો લૂલો એકરાર ગણાય.

## આત્મનિવેદનનાં લક્ષણો

આત્મનિવેદનમાં હૃદયનો ભાવ મહત્ત્વપણે હોય છે. તેવા પ્રકારના આત્મનિવેદનમાં અભિમાન નથી હોતું. આત્મનિવેદનથી આપણા હૃદયનો સંબંધ વધારે ને વધારે ચેતનના ભાવ સાથે નિકટવર્તી બનતો જાય છે. આત્મનિવેદનથી કરીને આપણે પોતે શ્રીભગવાનના ચરણકમળે વધારે ને વધારે ખુલ્લાં થતાં જતાં હોઈએ છીએ. આપણામાં વધારે સરળતા, પ્રસન્નતા, સહજતા પ્રકટે છે. આત્મનિવેદન એ શેના માટે છે, તેનું મહત્ત્વ રોજનું રોજ સાધકના દિલમાં પ્રકટ્યાં કરે છે. જેમ મળની શુદ્ધિની વિધિ ને ક્રિયા છે તેમ આત્મનિવેદન છે. પાછી તે (આત્મનિવેદનની ભાવના) આરોહણની પણ વિધિ ક્રિયા છે. જ્ઞાન ક્રિયામાં પ્રત્યક્ષ થયા વિના મોક્ષ નથી. એટલે આત્મનિવેદનની જ્ઞાનભક્તિની ભાવનામાંથી તો સંપૂર્ણ નમ્રતા પ્રગટે છે. મનની, બુદ્ધિની, પ્રાણની, અહમ્‌ની વક્રતા ઓગળતી જતી અનુભવાય છે. આત્મનિવેદનનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ જેમ દૃઢપણે કેળવાતો જાય છે, તેમાં જેમ સહજપણું હૃદયમાં પ્રકટે છે, તેમ સાધક પોતે પોતાને પૂરેપૂરું આરપાર સમજતો થઈ જતો બને છે. વધારે ને વધારે તે અંતર્મુખ બનતો જાય છે. પોતાની જીવપ્રકૃતિ, પોતાનો સ્વભાવ, એ ઉપરાંત મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્‌ની ગતિને તે સમતા, શાંતિ આદિ ભાવોથી નીરખ્યાં કરીને અને તે ભાવોનું જ્ઞાનપૂર્વક અનુશીલન, પરિશીલન કરીને કે બને તે બધું જ એને કહેવાયા કરાતું જ હોય, એવી

આપણી દશા આપમેળેની જ થઈ જાય. એમ થતાં પછીથી તો એનો ભાવ આપણા અંતરમાં રહ્યાં કરે.

નિવેદન કરતી વખતે ઊણપોની સભાનતા જાગૃત થાય એટલું જ નહિ, પણ એ વખતે સતત એકની એક 'કોઈક' ને સંબોધીને એનું નિવેદન કર્યા કરતા હોઈએ. એ જે 'કોઈક' છે તેની વધારે નજીક જઈએ છીએ. એટલે એની સાથેની એફિનિટી (સ્નેહાકર્ષણ) વધે છે. પહેલાં કોઈકને ધારવાનું જે ઈમેજિનેશન (ધારણા)થી થતું ન હતું, એ ધીરે ધીરે કરીને સતત એના અભ્યાસથી કરીને એનામાં રિઆલિટી બને છે. અકલ્પ્ય એવું કોઈ તત્ત્વ છે. એ તત્ત્વને આપણે કોઈ જાણતાં તો ન હતાં, પણ છે એવું બુદ્ધિથી જાણીએ છીએ. બુદ્ધિથી શા માટે ? કે આપણામાં એવા સંસ્કાર છે. કોઈક ને કોઈકે આવું અનુભવ્યું છે. અનુભવીને લખી ગયા છે. એ જે 'કોઈક' છે એને નિવેદન કર્યા કરીએ. જે કંઈ વૃત્તિ થઈ, જે કાંઈ સંબંધ થયો, જે કંઈ વહેવાર થયો, થવાનો હોય, એ બધું એને કહ્યા જ કરીએ, તો એની સાથે સંબંધ બંધાય છે. સંબંધ બંધાયા પછીની વાત ન્યારી છે. એકબીજા સાથે જે અનુરાગ થાય છે, એ અનુરાગ કોઈ જુદા પ્રકારનો હોય છે. જુદા પ્રકારનો સંબંધ થયા પછીનો અનુરાગ ન્યારો છે.

## હૃદયનું આત્મનિવેદન

સંપૂર્ણપણે ખાલી થઈ ગયા વિના ચેતનની પ્રતિષ્ઠા થઈ શકવાની નથી. તે પણ નક્કર હકીકત છે. પરિશ્રમ તો ઘણો લેવો પડશે. રોદણાં રડવાથી તો શું વળે ? હૃદયનું ખરેખરું આત્મનિવેદન જો થયા કરતું હોય તો તેવાં આત્મનિવેદનો તે રોદણાં નથી. તેવાં આત્મનિવેદનોમાંથી તો એક પ્રકારની શક્તિ પ્રગટે છે. તે આપણને વિશેષ જાગૃત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનાવવાને પ્રેરણા બક્ષે છે. આપણા ધ્યેયમાં એકાગ્ર ને કેન્દ્રિત રાખવાને તે આપણને ચેતવે છે. આત્મનિવેદનના એકધારા હૃદયપૂર્વકના અભ્યાસમાંથી તો ચેતનની સાથેનો હાર્દિક સંબંધ પ્રકટે છે ને આત્મનિવેદનની એ મોટામાં મોટી ખૂબી છે. જે બાબતનું આપણે આત્મનિવેદન કરતા હોઈએ, તે બાબતની સતત જાગૃતિ જો આપણામાં પ્રકટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું છે એમ પ્રમાણવું. આત્મનિવેદન કે પ્રાર્થનાથી

કરીને કંઈક કંઈક ફળતું અનુભવાય, તેને કેટલાંક સાધક પોતાની સ્થિતિનું દ્યોતક સમજે છે, પરંતુ આ એક મોટામાં મોટી ભ્રમણા છે. હૃદયપૂર્વક થતા આત્મનિવેદનથી કે તેવી પ્રાર્થનાના ભાવથી એક પ્રકારની એકાગ્રતા પ્રકટે છે, ને એવી એકાગ્રતાને લીધે અજાગૃત મનના સૂક્ષ્મ થરોમાં ખળભળાટ જન્મવાથી તેમાંથી ઘણીવાર પ્રાર્થનાની કે આત્મનિવેદનની હકીકત ફળતી અનુભવાય છે. આને સાધકે પોતાની ભૂમિકાનું લક્ષણ ન સમજવું.

## આત્મનિવેદન વિજ્ઞાન

આત્મનિવેદન એટલે ખુલ્લા થવું એટલું જ નહિ. આત્મનિવેદન એમ ને એમ ન થાય. પણ આપણને વારંવાર મુશ્કેલીઓ આવતી હોય, એ મુશ્કેલીઓ જ્યારે બહુ વિચાર કરતાંય ટળતી ન હોય, એના પહેલાં એના માટે પુરુષાર્થ કર્યો હોય, કંઈ ને કંઈ આપણે મથામણ કરી હોય અને એ મથામણથી કાંઈ ફળ મળે નહિ, કોઈ પણ વિચાર કર્યો પણ પત્તો ખાય નહિ, એવી સ્થિતિમાં ભગવાનને આપણે વાત કરવી. આ શું શું થયું એની બધી વાત કરીએ. બધું કહેવું જોઈએ - અથથી ઇતિ સુધીની બધી જ વાત ભગવાનના ચરણકમળમાં આપણે ધરવી જોઈએ. કોઈ કહેશે કે ‘‘ભગવાન ક્યાં સાંભળે છે ?’’ પણ એ વિચાર આપણે ન કરવો. કેમ કે આપણે જે વાત ભગવાનને કરી, એથી આપણું મન-હૃદય હળવું થાય છે, એટલું જ નહિ પણ એ થઈ રહ્યા પછી-કહી રહ્યા પછી એક પ્રકારની એમ્પ્ટિનેસ (ખાલીપણું) આપણામાં પ્રગટે છે. સરળતા પ્રગટે છે અને એને લીધે આપમેળે કોક રસ્તો સૂઝી આવે છે. ત્યારે હું પણ ભગવાને સૂઝાડ્યું એમ માનતો; પણ ખરી રીતે ભગવાને સુઝાડ્યું હોતું નથી. પણ સાયકોલૉજીકલી આવું થાય છે. અને આપણે એ પ્રમાણે વર્તીએ તો પરિણામ બરોબર સારું આવે છે. કેટલીક વખતે આવી રીતે ભગવાનને નિવેદન કરતાં કરતાં, પ્રાર્થના કરતાં કરતાં, આપણામાં કોઈક ને કોઈક રસ્તો એની પ્રેરણાને લીધે સૂઝે છે. એથી એવી રીતે કામ કરવાથી બે-ત્રણ-ચાર વાર સફળ થઈએ એટલે આત્મનિવેદનની પદ્ધતિમાં આપણને વધારે વિશ્વાસ આવે છે એમાં વિશ્વાસ બેસે પછી આપણું કામ સારું ચાલે છે. એમાં પણ આપણને એકદમ બધું જ સાચું નીવડે છે એવું નથી હોતું. પાયામાં વિશ્વાસ

જોઈએ. બધાને એવો વિશ્વાસ હોતો નથી. પણ જે સિન્સિઅર મથનાર હોય અને એવો જેને આત્મવિશ્વાસ હોય, એવાને આત્મનિવેદનથી બહુ ફાયદો થાય છે. એને ઝટ ઉકેલ મળે છે એ વાત સાચી છે.

થોડાક ભેદ છે પણ આ સારી રીત છે. પણ આનાથી - આત્મનિવેદનથી - એક ફાયદો તો છે જ કે 'તમે હળવા ફૂલ થઈ જાઓ છો, નિશ્ચિંત થઈ જાઓ છો.' પણ મન હળવું થતાં જે સૂઝે છે, એથી ઘણો આનંદ થાય છે. ત્યારે કેટલાક માણસો તો એમ જ માની લે છે કે, 'આ તો ભગવાને સુઝાડ્યું' પણ ભગવાન કંઈ સુઝાડતા નથી. આ તો ડિફરંસ બતાવવા માટે વાત કરું છું - ભગવાને સુઝાડ્યું એમ માનવાથી કંઈ ગેરલાભ નથી, લાભ જ છે. પણ જે સંપૂર્ણ ભક્ત હોય તે સામાન્ય રીતે ભગવાનને તસ્દી નથી આપતો. પણ એનું મગજ પ્યોર હોય છે, એટલે આપમેળે એને ઉકેલ મળી આવે છે. ભક્ત સંસારી કામ માટે માગતો નથી, કેમ કે 'મારું કામ બધું થયે જશે !' એવો એને વિશ્વાસ છે.

નરસિંહ મહેતાના છોકરાના લગ્ન ધામધૂમથી થયેલા. વેવાઈને ખબર નહિ કે નરસિંહ મહેતા આટલો ગરીબ હશે. જાન આવી ત્યારે જૂનાગઢના લોકો નરસિંહનો ઠઠ્ઠો જોવા ભેગાં થયેલાં. પણ ભગવાનની કરામતથી રાજી થયેલા. એ રીતે નિવેદન કર્યા સિવાય પણ ભગવાનના ભક્તનાં કેટલાંક કામ થાય છે !

આપણે પૂરેપૂરા ભક્ત થયા ન હોઈએ, ત્યાં સુધી ભગવાનને જે તે વાત કહેવામાં વાંધો નહિ. જેવી રીતે બાળક મા પાસે ગમે તે માગે. બાળકનો સ્વભાવ જ હઠનો. જ્યારે ભક્ત થઈએ, ત્યારે આપણને માગવાનું મન નહિ થાય. કારણ કે ત્યારે આપણે એક થઈ ગયા. એને ખાતરી થઈ જાય કે 'મારું કામ તે એનું જ કામ છે, કેમકે 'હું' ને 'એ' જુદા નથી.' આપણે જ્યાં સુધી પૂરેપૂરા ભક્ત ન હોઈએ તો પણ પ્રેમપૂર્વક નિવેદન કરાય. એ નિવેદનમાં દસમાંથી એકાદ ખરું પડે. એથી આપણી પદ્ધતિ આપણે છોડી ન દેવી. ધીરે ધીરે એના ટકા વધે છે. આત્મનિવેદનમાંથી સારું પરિણામ નીપજતા વાર લાગે છે. શરૂઆતમાં નિષ્ફળતા મળે તો પણ આપણે ટકી રહીએ છીએ કે કેમ એ પણ ભગવાન જોતા હોય છે ! આપણે આપણા સ્વાર્થ ખાતર ટકી રહેવું

અને વારંવાર આવાં નિવેદનો કરતાં રહેવાથી એકાદ વખત પણ ફળવાથી - આપણો વિશ્વાસ વધી જાય છે.

જે કાંઈ કહેવા જેવું હોય તે આપણામાં રહેલા અંતર્યામીને કહ્યા કરવું. ત્યાં સંપૂર્ણ ખુલ્લા થવું, ફ્રેન્ક થવું, ઓનેસ્ટ થવું. સંસાર વ્યવહારમાં બધાંની સાથે ખુલ્લા થવા જઈએ તો પંચાત પડે ! ત્યાં કાળજી રાખવી પડે.

અંતર્યામી પાસે ખુલ્લા થઈએ એટલે રસ્તો એની જાતે જ નીકળે. આપમેળે સૂઝ્યા કરે. આપણે જ્યારે ખુલ્લાં થઈએ છીએ, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એક એવી સ્થિતિમાં મુકાઈ જાય છે કે આપણને આપમેળે સૂઝ્યા કરે છે. 'ખુલ્લા થવું' બોલવું સહેલું છે પણ એ પ્રમાણે થવું અઘરું છે - ધીરે ધીરે અભ્યાસ પાડવાથી થાય. એટલા માટે જે કંઈ થાય, એ આપણે કહ્યા કરવું - જેને આત્મનિવેદન કહે છે. બધું જ કહ્યાં કરવું, સારું-નરસું બધું જ કહેવું. શરૂઆતમાં એમ લાગે કે સારું-નરસું કહીએ, ત્યારે આ બરાબર નથી. પછી એ ખૂંચવા લાગશે. આત્મનિવેદન કરીશું તો નરસાપણું ખૂંચવા લાગશે. ધીરે ધીરે એનું પ્રમાણ આપમેળે ઓછું થશે, એ આત્મનિવેદનની ખૂબી છે.

જગતવ્યવહારમાં આપણી જાતને સારા દેખાડવાનો પ્રયત્ન હોય છે. વારે ઘડીએ આપણે કોઈને આપણી નેગેટિવ સાઈડ કહ્યા કરીએ તો આપણે એના મનથી ઊતરી જઈએ. અને આપણા વિશે એ ઊંધું ધારે એટલે આપણે નેગેટિવ સાઈડ કોઈને ખુલ્લા થઈને કહેતા હોતા નથી. પણ જ્યારે ભગવાનને આપણે કહ્યાં કરીએ છીએ, ત્યારે પછી જેમાં આવું જે આપણું નરસાપણું પડેલું છે એની સભાનતા જાગે છે અને એ સભાનતા જાગવાથી, ધીરે ધીરે કરીને ઓછું થાય છે.

સેલ્ફ કન્ફેશન-એટલે ભગવાનને બધું કહેવું. એવું કહેવામાં એકદમ બધી સિન્સિઅરિટી (નિષ્ઠા) આવતી નથી. એટલે એકદમ એનું પરિણામ આવતાં વાર લાગે છે. જો એ આવી જાય, તો આત્મનિવેદન સારું કામ આપે છે.

આપણાથી એક આત્મનિવેદન થયું તો આપણને વિશ્વાસ ફૂટી નીકળ્યો છે એ વાત ચોક્કસ. વિશ્વાસ એ બહુ મોટી વાત છે. આત્મનિવેદનની પાછળ ભગવાન પરનો વિશ્વાસ દૃઢ થાય છે એટલે બધું કહેવાય છે.

## આત્મનિવેદન - સાચી રીત

આપણે લક્ષમાં રાખવાનું છે કે તે વખતે આપણી ભાવના સંપૂર્ણ શરણાગતની હોવી જોઈએ. બીજી કોઈ જાતની ભાવના કે લાગણી તેમાં ભળી ગયેલી ન હોવી ઘટે. તે ઉપરાંત એ આત્મનિવેદન કરવામાં આપણી ભાવનાનો પારો ઊંચામાં ઊંચો હોય, એમાં શુષ્કતા ન હોય, તો આપણને એનો જવાબ મળશે. કદાચ શરૂઆતમાં એકદમ ભલે આમ ન બને તો પણ આ જાતનો અભ્યાસ આપણને ઘણો મદદરૂપ થઈ પડે છે.

ભગવાનની સાથે વધારે ને વધારે પરિચય કે સંબંધ બાંધવાને માટે એક ઉપાય છે. એ આપણું પોતાનું પ્રિયજન હોય તેવી રીતે, મિત્રને, પત્નીને કે બીજા કોઈ એવા પ્રિયને વાત કરતાં હોઈએ તેવી રીતે, એને જે બધું ખૂબ ભાવનાથી હંમેશાં સંબોધવાનું રાખવું. એમ કરતાં કરતાં એવી ટેવ પડી જતાં, એ વસ્તુમાં હકીકતપણું-સત્યતા-આવી જશે.

કોઈ જીવ બધું જ ખુલ્લું લખે, તેમાં જો હૃદયનાં નેક દાનત, સચ્ચાઈ, પૂરી પ્રમાણિકતા, પૂરી વફાદારી, ખરેખરી ભાવના - એ બધાં તરબોળપણે નર્યા પ્રગટતાં હોય, તો તે બધું કંઈ એક ઠેકાણે જ પડ્યું નથી રહેતું. તે તો બધાં જ કરણોમાં પ્રસરવા મંડે છે. એમ કરતાં કરતાં તે બધાંની માત્રા એટલી તો ઉત્કટ પ્રમાણમાં વધ્યા કરતી રહે છે, કે ભેદમાંથી અભેદપણાના માર્ગમાં તેવો જીવ પ્રગટતો જતો હોય છે.

## હૃદયપૂર્વક દોષોનો એકરાર કરો

**આપણામાં દુર્ગુણ હોય તે નિઃસંકોચપણે જાહેરમાં કબૂલ કરવાની તાકાત પ્રકટવી જોઈએ. કબૂલ કરવાથી કંઈક અંશે આપણને તે દુર્ગુણથી જુદા છીએ અને તેની પરત્વે અભિરુચિ તો નથી, એટલા પૂરતું તો આપણું મન તેવી જાતનું તે બાબતમાં કેળવાય છે.** જે તે કંઈ હોય તે, કબૂલ કરવાની રીતે અને તે સહૃદયતાપૂર્વક સરળતાથી, સ્પષ્ટપણે એકરાર કરીને ચોખ્ખેચોખ્ખું કહેવું, એ આત્મનિવેદનનો એક પ્રકાર છે. સાધનાની જે અનેક શરતો છે તેમાંની તે પણ એક અનિવાર્ય શરત છે, પરંતુ એકલું માત્ર કબૂલ કરી લેવું - એટલાથી જ ચાલતું નથી. જે કાંઈ નકારાત્મક હોય, તે પોતાનું સ્પષ્ટ દર્શન થવાને કાજે સાધના કરનાર

જીવનમાં ઉપર તરી આવવાનું કે જેથી તે એને જોઈ શકે. પોતાના દુર્ગુણો જણાય, સમજાય ને અનુભવાય - એ તો ભગવાનની એક મોટી કૃપા છે. પરંતુ જ્યાં સુધી પોતાના દુર્ગુણો પોતાને સાલતા નથી ને ખૂંચતા નથી અને એવું એને જ્યાં સુધી પૂરેપૂરું ભાન પ્રગટ્યું નથી, ત્યાં સુધી આપણામાંથી તેવા દુર્ગુણો હઠી શકનાર નથી. એટલે આપણામાં રહેલા દુર્ગુણોનું આપણને ભાન થવું અને આત્મનિવેદનભાવે પ્રાર્થનાપૂર્વક તે હઠી શકે તે કારણના ભાવથી આત્મનિવેદનરૂપે હૃદયપૂર્વકનો એકરાર આપણાથી થાય તે ઘણું જ જરૂરનું છે.

## દોષો દૂર કરવાનો દૃઢ નિર્ધાર જોઈએ

પાપનો કે દુર્ગુણનો એકરાર કરવાથી આપણું હૃદય હળવું બને છે, મન શાંતિ અનુભવે છે અને પ્રસન્નચિત્ત થાય છે; પરંતુ તે સાથે સાથે આપણી અપૂર્ણતાઓનું આપણને જેટલું સ્પષ્ટ દર્શન હોય, તેટલું સ્પષ્ટ દર્શન તેને હઠાવવાના આપણા દૃઢ નિર્ધાર પરત્વેનું આપણને જાગી જવું જોઈએ.

## ખુલ્લાપણું પણ ક્યારે ન ફળે ?

જે કોઈ પોતાની નબળાઈઓ છૂપાવતો નથી, ને તેનું આત્મનિવેદન કરતો રહે છે તે સારી વાત છે. પરંતુ એવા નિવેદનની પરંપરામાંથી જો જીવ પોતાને તારવવાનું કર્યા કરે, ને તેવું તારવતા જવાનું પોતાને અનુભવી શકાતું ન હોય ને તેથી કરીને જો જીવને તે પ્રસંગે જીવ પ્રકારના વલણમાં જ પરોવાયાં કરવાનું બન્યાં કરતું હોય, તો ત્યાં તેવા જીવે પૂરું વિચારવાનું રહે છે. ત્યાં તેણે થોભવું ઘટે. કારણ કે હૈયાના નીગળતા ભાવથી અને હૈયાનાં સચ્ચાઈ અને પ્રમાણિકતાથી કરેલું, અથવા વધારે ઉત્તમ રીતે કહીએ તો થયેલું પ્રત્યેક આત્મનિવેદન જીવને ઊલટો વધારે ટટ્ટાર બનાવે છે. કેટલાક જીવોને વિશે એવો પણ અનુભવ છે કે તેઓ પોતે આત્મનિવેદન તો કરે છે, તેમ છતાં પોતાની નિર્બળતાઓને છાવરતા હોય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૮

# પ્રાર્થના

- પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું તો પ્રાર્થનામાંથી મળી રહે છે - જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય છે તો. પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી.
- જેમ પાણીમાં કપડાં ને શરીર ધોવાથી તેનો મેલ જતો રહે છે, તેમ ઈશ્વરને અંતઃકરણમાંથી પ્રાર્થના કરવાથી મનનો મેલ સાફ થાય છે.
- કોઈની સેવા કરવી, સારા વિચારો પ્રમાણેનો વર્તાવ કરવો, બીજાં સારાં કામો કરવાં, સદાચારી ને પરોપકારી રહેવું ને થવું, સર્વની સાથે સુમેળ ને પ્રેમથી રહેવું, એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે.
- આપણા જીવનમાં સૌથી વધારે ઊંડી અસર કરે એવી પ્રાર્થના તે ઈશ્વરનું ધ્યાન છે.
- આપણા પ્રયત્નમાં આપણે જરાકે ખામી ન રાખીએ, તો જ આપણને ભગવાન મદદ કરશે.
- આપણી દરરોજની મથામણમાં જે પ્રકારની વિકૃતિની આપણને સમજણ પ્રગટે, તે દિવસે તે જ પ્રકારની એક જ ભાવની પ્રાર્થના કરવી.
- આપણું સમગ્ર જીવન સળંગપણે પ્રાર્થનાના ભાવથી પ્રગટી ગયેલું હોવું જોઈએ. તેવા કાળે પ્રાર્થના માત્ર શબ્દોમાં જ થતી હોતી નથી, અથવા તો અમુક નિશ્ચિત સમયે કે અમુક પ્રસંગે માત્ર થતી રહેતી નથી. પરંતુ સમગ્ર શ્વાસોશ્વાસની પ્રક્રિયાની માફક આખું જીવન જ વિચાર, વાણી, વર્તન બધું જ એક સળંગ પ્રાર્થના થઈ જાય છે તેવી સ્થિતિમાં પછી કોઈ જાતનો દ્વિધાભાવ રહેતો નથી.
- જેમ સંસારવ્યવહારમાં ગરજ લાગ્યા વિના કોઈને આપણે બોલાવતા નથી, તેવી રીતે પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈએ. તે વિના પ્રાર્થનાના ભાવમાં સાચો ઉઠાવ પ્રકટી શકતો નથી.
- પ્રાર્થનાનો કોઈ અમુક મુકરર સમય હોય એવું કશું પ્રાર્થનામાં નથી.
- એક માત્ર આર્ત ને આર્દ્ર ભાવે થયેલી પ્રાર્થના ખરેખરી પ્રાર્થના કહેવાય. તેવો ભાવ પ્રગટ્યા વિનાની પ્રાર્થના તે પ્રાર્થના નથી.

- *"એ બધું જ જાણે છે, એ અંતર્યામી છે, એને શું કહેવાની જરૂર છે ?" એવા જે ખ્યાલો છે તે અજ્ઞાનમૂલક ભ્રમણાત્મક છે.*
- *પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ તે ફળે કે ન ફળે તે ઘણા મહત્ત્વની હકીકત નથી. પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે.*

## પ્રાર્થના

**અહંકાર થઈ શૂન્ય પૂરો તે ઓગળી પૂર્ણ,**
**તહીં શી પ્રાર્થના પામે પૂરી શી યોગ્યતા દિલ !**

પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું તો પ્રાર્થનામાંથી મળી રહે છે - જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય છે તો.

### પ્રાર્થનાની શ્રેષ્ઠ અગત્ય

**પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી.** હૃદયમાં, હૃદયના સાચા ભાવથી, આર્તનાદ ને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી, એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક જીવ કરે છે, તો તે પણ કેવી લૂલી લૂલી ! કંઈ પણ કશા પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય ને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે તે પ્રાર્થનાના ભાવ કંઈ ઑર હોય છે. માટે આપણે તો જેમાં ને તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે. પ્રાર્થનાથી જેને જે બળ પ્રકટે છે, જે આત્મવિશ્વાસ પ્રકટે છે ને જીવનના સાચા આધારની ખબર પડે છે, તે પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. આ જીવે તો પ્રાર્થના કરી જીવનમાં રચનાત્મકપણું એની કૃપાથી પ્રકટાવવાનું કરેલું છે. માટે કદી પણ લાચાર બનવું નહિ. સંસારી જીવ આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ.

લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય. કંઈક કશું થતાં પ્રાર્થના કરવી. પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમાં અખંડ જીવતાં રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે.

**પ્રાર્થનાથી સનાથતા**

પ્રાર્થનાથી કેવી કેવી ગેબી મદદ મળે છે, તેનો અનુભવ જ્યારે જીવનમાં પ્રકટે છે, ત્યારે તે પોતે કંઈ કશાથી કદી પણ ગભરાઈ જતો નથી. ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, કલેશ, સંતાપ વગેરે પ્રકટતાં તે મૂંઝાઈ જતો નથી. તે તેવી વેળા પ્રાર્થનાનું શરણું ગ્રહણ કરે છે ને પોતે પાછો સનાથ બને છે. સંસારવ્યવહારવર્તનમાં આપણાથી ઘણી વેળાએ અનાથ બની જવાના પ્રસંગો સાંપડ્યા જ કરે છે. પણ તેવી વેળા સનાથ છીએ તેનું જ્ઞાનભાન તેવા પ્રસંગમાં પ્રકટ્યા કરે, તો જે પ્રસંગો આપણને અનાથ કરાવવા મથતા હોય, એને આપણા હૃદયની સનાથપણાની હૂંફ, ઓથ ને સહાનુભૂતિથી એને, એટલે કે તેવા તેવા પ્રસંગના હેતુને, તે એળે બનાવી દે છે. ફરી પાછાં આપણે તેનાથી વધારે તેજસ્વીપણાવાળા પ્રકટ્યા કરીએ છીએ. એવી છે પ્રાર્થનાની અદ્‌ભુત શક્તિ.

**આર્ત અને આર્દ્ર પ્રાર્થના જરૂર બચાવે**

જીવનમાં તણાતા આપણને જોઈએ, તેવી વેળા યુદ્ધ ન આપી શકાતું હોય, પણ તણાતાં જવાનું થતાં, તેવું જો દિલને ગમતું ન હોય, તે કાજે જો ખરા દિલથી પ્રભુને કે સદ્‌ગુરુને આર્તભાવે સાદ પડાયા જવાય, તોપણ જીવ જરૂર ઊગરી શકે છે. જીવનની એવી પળોનો અનુભવ તે તો જીવનના સાચા મૂલ્યાંકનની કસોટી છે.

**પ્રાર્થનાવિજ્ઞાન**

સંસારવ્યવહારમાં કંઈ ઓછી મુશ્કેલીઓ નથી. તે મુશ્કેલીઓમાંથી આપણે ખુમારીથી, ખમીરથી, હેતુપૂર્વક ટકી રહેવાનું જે બળ છે એ બળ સૂક્ષ્મ હૃદયમાંથી આપણને મળે છે અને તે મુશ્કેલી વખતે પણ છટકી જવાનું નહિ કરીએ - છટકી જવું હોય તોય છટકી શકાતું હોતું નથી. એટલે તે વખતે ભગવાનને પ્રાર્થના કરવી. “આટઆટલી મુશ્કેલીઓ છે. એમાં તું મને માર્ગદર્શન આપજે. તું મને સાચો રસ્તો બતાવજે.

સામાન્ય રીતે બુદ્ધિ ઉકેલ કરી શકે એવા બધા રસ્તાઓ વિચારી જોયા છે કે આ બધો કોઈ સાચો ઉપાય છે નહિ. દેખાતો નથી તો તું એવો કોઈ માર્ગ મોકળો કર કે જેથી આ મુશ્કેલીઓમાં અમને નવો પ્રાણ મળે, નવી ચેતના મળે, નવી હૂંફ મળે, નવી ઓથ મળે, એવું તું કર.'' એમ આપણે પ્રાર્થના કરીએ. **ખરી રીતે મુશ્કેલી જે આવે છે, તે આપણા જીવનમાં ખમીર, ખુમારી, ધૈર્ય, હિંમત, સાહસ, આ બધા ગુણો વધારવાને માટે આવે છે. એનો હેતુ તો એ જ છે.** એ ઊર્ધ્વ હેતુને આપણે નકારીએ કે સમજીએ નહિ તો મુશ્કેલીથી દબાઈ જવાય છે. તે મુશ્કેલીથી એકવાર દબાયા તો પછી આપણને નિરાશા સાંપડે અને નિરાશામાંથી પછી નીકળી જવું મહાદુર્લભ બને. જેમ નિરાશા વ્યાપે તેમ બુદ્ધિ કુંઠિત બની જાય અને પછી બુદ્ધિ ખુલ્લી થઈ શકતી નથી. આમાં મુશ્કેલીનો માર્ગ - ખુમારી, ખમીર, હિંમત, ધીરજ, સાહસ આ બધા ગુણો વાપરીને કરવો. તે વખતે ગુણોની મદદ લેવી. પણ એનાં કરતાં તે વખતે આ બધાં હોવા છતાં બધાંની મદદ લેવા છતાં આપણે ભગવાનને પ્રાર્થના કરીએ અને તે દુઃખ જ્યારે આવી પડે, ત્યારે આપણામાં બીજા ઉપાય નજીકનાં સ્વજનો પાસેથી પ્રગટે છે. બધું જ થાય છે. પણ તે વખતે આપણે ભગવાનને આવી સીન્સીયારીટીથી હૃદયમાં સાલતા દર્દથી આપણે જે પ્રાર્થના કરીએ તે પ્રાર્થના તો આપણે જાણે કે સામાન્ય રીતે આપણાથી બહાર કોઈ જુદી ડિવિનિટી (દિવ્યતા) છે એમ સમજીને કરીએ, એમ નથી પણ આપણા પોતામાં જ રહેલી હોય છે. અને એ પ્રાર્થના વડે કરીને આપણા પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને વધારે ખુલ્લાં કરવાને માટે, વધારે મોકળા કરવાને માટે, વધારે યોગ્ય માર્ગ ખૂલે તેવી દૃષ્ટિ સંપડાવવાને માટે આ પ્રાર્થના આપણે કરીએ છીએ. આ પ્રાર્થના જરૂરની છે. તેમ કરતાં કરતાં આપણે જીવનની અંદર જે મીસ્ટિસિઝમ (ગૂઢતત્ત્વ) છે એનો આપણને અનુભવ થતો જાય છે, જીવનમાં મીસ્ટિસિઝમનાં પ્રસંગોનો અનુભવ છતો થતો જાય છે. એ પછીથી જ જીવન આવું જે ગૂઢતાભર્યું - રહસ્યવાળું એનું જે બંધારણ છે તે બંધારણ આપણાથી સમજાતું જાય છે. તે સમજાયા પછી માણસ બહુ જ મુક્ત દિલથી હરીફરી શકે છે. તેની મુક્તતા કોઈ ન્યારી છે. ત્યારે 'મીસ્ટિસિઝમ ઈન લાઈફ' (જીવનમાં

ગૂઢતત્ત્વ) પછી 'મીસ્ટિસિઝમ ઑફ લાઈફ' (જીવનનું ગૂઢતત્ત્વ) આવે છે. પહેલાં તો 'મીસ્ટિસિઝમ ઈન લાઈફ' આપણા અનુભવથી પરખાવું જોઈએ. તે પછીથી પેલું બીજું આવે.

**પ્રાર્થનાની રીત**

આપણા મનને સ્વચ્છ, શુદ્ધ રાખવા માટે પ્રાર્થના, એ એક ઉત્તમ સાધન છે. જેમ પાણીમાં કપડાં ને શરીર ધોવાથી તેનો મેલ જતો રહે છે, તેમ ઈશ્વરને અંતઃકરણમાંથી પ્રાર્થના કરવાથી મનનો મેલ સાફ થાય છે; બુદ્ધિ ને પ્રાણ નિર્મળ બને છે. જેનાં બુદ્ધિ, મન અને પ્રાણ સ્વચ્છ અને શુદ્ધ રહે છે તે હંમેશાં સારાં કામ કરે છે. તેથી પ્રાર્થના કરવાની ટેવ એ સૌને સારી અને જરૂરી ટેવ છે. જેમ શરીરને સાફ રાખવા સારુ નિયમિત નાહવું જોઈએ, તેમ મનને સ્વચ્છ ને શુદ્ધ રાખવા માટે હંમેશાં પ્રાર્થના થવી જોઈએ; પરંતુ તે સ્વયં ઊર્મિથી ને અંતઃકરણની ભાવનાથી થવી જોઈએ. કરવી પડે છે એવું જરા પણ ન લાગવું જોઈએ. ઘણા ભાવથી થવી ઘટે. નમ્રતાથી, પ્રેમથી, ભાવથી, શ્રદ્ધાથી આવી પ્રાર્થના જે કરે છે, તેનું જીવન તેજસ્વી બને છે. પ્રાર્થના એ કંઈ લૂલી લૂલી લાગણીની વ્યક્તતા નથી; ઊલટું લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું પ્રાર્થના એ તો ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા અભ્યાસથી બધાં કામોમાં ઓછામાં ઓછા દોષ થાય છે, કારણ કે પ્રાર્થનાના સતત એકધારા અભ્યાસથી જીવનમાં સારા વિચાર કરવાની પ્રેરણા મળે છે.

**પ્રાર્થનાના પ્રકાર**

કોઈની સેવા કરવી, સારા વિચારો પ્રમાણેનો વર્તાવ કરવો, બીજાં સારાં કામો કરવાં, સદાચારી ને પરોપકારી રહેવું ને થવું, સર્વની સાથે સુમેળ ને પ્રેમથી રહેવું, એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે; પરંતુ આપણા જીવનમાં સૌથી વધારે ઊંડી અસર કરે એવી પ્રાર્થના તે ઈશ્વરનું ધ્યાન છે. જે નિયમિત રીતે ને નિયમિત સ્થળે પ્રાર્થના કરવાની ટેવ પાડે છે, તે હંમેશાં સારાં કામ કરવાની શક્તિ મેળવે છે. પ્રાર્થનાના અભ્યાસથી મનાદિકરણોમાં શુદ્ધિ પ્રકટે છે. પ્રાર્થનામાંથી પ્રકટતું બળ કંઈ કશાની તોલે આવી શકે તેવું નથી. પ્રાર્થનાથી મહાન કર્મો થયેલાં કે બનતાં અનુભવેલાં છે. જીવનવિકાસમાં પ્રાર્થનાનું મહત્ત્વ ઘણું ઘણું છે.

પ્રાર્થના ત્યારે જ કરવાની હોય કે જ્યારે આપણને કંઈક જોઈતું હોય કે આપણામાં કંઈક ખૂટતું હોય. દા.ત. આપણામાં જો આળસ હોય અને તે આળસ દૂર કરવી છે, એવું આપણને જણાયું હોય તો આપણે ભગવાનને એવી પ્રાર્થના કરીએ કે "હે પ્રભો ! આ આળસ મારામાં મોટો શત્રુ છે. તે મને મારી પ્રગતિ કરવા દેતી નથી. મારામાં કશું ચેતન આવવા દેતી નથી. માટે હે પ્રભો ! તું મને તેને મારામાંથી કાઢી નાખવાને બળ આપજે, ચેતન આપજે, સ્ફૂર્તિ આપજે. વળી, જો સદ્‌ગુણની આપણામાં ખામી હોય અને તે આપણને જણાયું હોય તો તેવી જ રીતે ભગવાનને આપણે પ્રાર્થી શકીએ."

પ્રાર્થના કરીને આપણે બેસી રહેવાનું નથી. આપણે આપણો પ્રયત્ન બધાં જ કર્યા કરીએ. તે બાજુના આપણા પ્રયત્નમાં આપણે જરાકે ખામી ન રાખીએ, તો જ આપણને ભગવાન મદદ કરશે. He helps to those who help themselves. આવી રીતનું પ્રાર્થના કરવાનું રાખશો.

**ભાવમય પ્રાર્થના**

આપણી દરરોજની મથામણમાં જે પ્રકારની વિકૃતિની આપણને સમજણ પ્રગટે, તે દિવસે તે જ પ્રકારની એક જ ભાવની પ્રાર્થના કરવી. અને તે દિવસે તે જ પ્રાર્થનાનો ભાવ આખો દિવસ પ્રગટ્યા કરે તેવી જીવતીજાગતી મથામણમાં રહ્યા કરવું. જે માગવું હોય તે Consistently એકધારું તે જ પ્રાર્થનાભાવે માગ્યાં કરવું. એમાં સળંગતા પ્રગટવી ઘટે, એનું એ જ મનન ને એનું જ રટણ. તે દિવસની પ્રાર્થનામાં બીજું કંઈ ન હોવું જોઈએ. જે માંગતા હોઈએ તેનું કંઈકે સાર્થક્ય અનુભવાયા વિના બીજું કશું પણ પ્રાર્થનામાં માંગવું નહિ. આપણી માંગણીના પૂરક ભાવ તરીકે જેની જરૂર લાગે તે ભાવની માંગણી પ્રાર્થના સાથે ભલે જોડાય. આપણી માંગણી પૂર્ણ થાય તે હેતુથી અસલ ભાવને અનુકૂળ ને અનુસારી માંગણી કરવાની હોય તો તે તો કરવી ખરી. તે સાથે પ્રાર્થનાના ભાવને અનુકૂળ, અનુરૂપ વર્તન રોજિંદા વર્તનવ્યવહારમાં પ્રગટેલું હોવું જોઈએ. રોજિંદા વર્તનવ્યવહારમાં જો દિલમાં દિલથી પ્રાર્થનાનો ભાવ નહિ પ્રગટ્યો હોય અથવા તો ત્યારે તદ્દન જીવદશાનું વર્તન બન્યાં કરેલું હશે, તો આપણી પોતાની જ દશા વિપરીત બનવાની છે તે નક્કી જાણજો. તેનું કારણ તો

એ છે કે આપણા પોતાનામાં તેવા વર્તનથી કરીને Contradiction (વિસંવાદ) પ્રગટતો હોય છે, એટલે કે આપણા પોતાનામાં ભાવ સાચો જામી શકતો નથી.

**અંતરમાં પ્રાર્થના ને બહાર કર્મકૌશલ્ય**

પ્રાર્થના અંતરમાં તો બીજાં કામો બનતાં રહેતાં હોય તે દરમિયાન પણ ચાલુ પ્રગટેલી રહેવી જોઈએ. તો તેવી પ્રાર્થનામાં ને તેના ભાવમાં કંઈક પ્રાણ પ્રગટશે. નહિતર તો ભલેને તે આપણી પોતાની પોતાના શબ્દોમાં કે વિચારોમાં થયેલી પ્રાર્થના હશે, તોપણ તેવા પ્રકારની એક મૂઢ યંત્ર જેવી થઈ જશે. અંતરમાં તો સદાય રામનું રટણ થયા કરે અથવા પ્રાર્થના થયા કરે અથવા એવો જીવતોજાગતો પ્રાર્થનાભાવ પ્રગટ્યા કરે અને તેની અસર બહારનાં કર્મો ઉપર પણ એવી રીતે પડે કે તે કર્મો પણ તે પ્રાર્થનાનો એક ભાગ બની રહે અને તે પ્રાર્થનાના સ્વરૂપને સાનુકૂળપણે તે પ્રગટાવી શકે. ધારો કે એક વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિને ચાહે છે. દા.ત. અહીં કરાચીમાં સોહિણી અને મેહારની વાર્તા જાણીતી છે. પોતાના પ્રિયજનના પ્રેમની ભાવનામાં મસ્ત થયેલું પ્રેમી જિગર પ્રિયજનને ખાતર પોતાની જાંઘ ચીરી તેનું માંસ રાંધી આપતાં અચકાતું નથી. સોહિણી આખો દિવસ ઘરકામ કરે છે, પરંતુ એનું હૃદય તો સદાય મેહારને એકધારું ઉત્કટતાથી દિલમાં દિલથી ઝંખતું હોય છે. એટલે એના અંતરનો પ્રેમ આપોઆપ એની પાસે ભારે રેલથી ગાંડીતૂર થયેલી સિંધુ જેવી વિશાળ નદીમાં પણ ઝંપલાવવાનું કરાવી સામે પાર જવાનું પ્રચંડ સાહસ પ્રગટાવે છે. આમ, અંતરનો ભાવ બહારનાં કામો દ્વારા સચોટ રીતે આપોઆપ વ્યક્ત થતો હોય છે. તેવી રીતે જ્યાં સુધી આપણું પ્રત્યેક નાનું મોટું કામ જીવન પરત્વેની પ્રેમભક્તિને પોકારી ઊઠતું ન હોય, ત્યાં સુધી આપણું કામ કાચું જ ગણાય. સોહિણી કંઈ "મેહાર ! મેહાર !" એમ મોઢેથી કે મનમાં બોલ્યાં કરતી નથી, તેમ પ્રયત્ન કરીને મેહાર વિશે વિચારો કરવા બેસતી નથી. પરંતુ એના દિલનાં સમગ્ર તંતુયે તંતુ મેહારમય બની ગયેલાં હોય છે, એટલે કે તેના અંતરનો ભાવ કેવળ મેહારમય હોવાથી એના કર્મમાં પણ તેવો ભાવ આપોઆપ પ્રગટી ઊઠે છે. તેવી રીતે આપણું સમગ્ર જીવન સળંગપણે પ્રાર્થનાના ભાવથી પ્રગટી ગયેલું હોવું જોઈએ. તેવા કાળે

પ્રાર્થના માત્ર શબ્દોમાં જ થતી હોતી નથી, અથવા તો અમુક નિશ્ચિત સમયે કે અમુક પ્રસંગે માત્ર થતી રહેતી નથી. પરંતુ સમગ્ર શ્વાસોશ્વાસની પ્રક્રિયાની માફક આખું જીવન જ વિચાર, વાણી, વર્તન બધું જ એક સળંગ પ્રાર્થના થઈ જાય છે તેવી સ્થિતિમાં પછી કોઈ જાતનો દ્વિધાભાવ રહેતો નથી.

રાત્રે સૂતી વખતે ને ઊઠતી વખતે તથા બીજો એક સમય, એમ ત્રણ ખાસ પ્રાર્થનાના સમય નક્કી કરીને રાખવા. તે વખતે એને જે કહેવું હોય તે ખૂબ લાગણીથી, એકાગ્રભાવે જાણે એનું અસ્તિત્વ પ્રત્યક્ષ હોય તેમ જ માનીને ખૂબ ખૂબ પ્રેમભાવે કહી નાખવું. જે કંઈ પારમાર્થિક માગવું હોય તે ત્યારે જ માગી લેવું. જે જે બધું કર્યું હોય; વિચારો, ભાવો, લાગણીઓ, આપણું બધું વર્તેલું, કહેલું, કરેલું, - એ બધું જ ત્યારે સમર્પણ કરતાં રહેવું. બાકીના સમયમાં તો મનને શાંત રાખ્યાં કરવું. બીજા સમયમાં પણ કંઈ અહંકારના વિચારો આવે અથવા બીજી જાતના અન્યથા ભાવો આવે તો એને ત્યારે ને ત્યારે જ એ રીતે કાઢી નાખવાનું રાખવું. મનમાં કશું સંઘરવું નહિ. મનમાં સર્વ પ્રત્યે ખૂબ પ્રેમભાવથી વર્તવું. આપણા વિશે સહેજ પણ કોઈના દિલમાં વિરોધીભાવ હોય તો એના પ્રત્યે ખૂબ પ્રેમભાવ આપણે રાખવાનો છે. એને મનાવવા જવાનું નથી (હા ! વળી કોઈ આપણું પ્રિયજન હોય તો હું તો પગે પડીને પણ મનાવી લઉં) પણ પ્રેમભાવ ખૂબ રાખ્યા કરવાનો છે.

**સર્વ કંઈ કર્મ પ્રાર્થના સાથે કરો**

જ્યાં જ્યાં કંઈ ખચકાવાય ત્યાં પ્રાર્થના કરવી. પાણી પીતી વખતે પ્રાર્થના, મળત્યાગ સમયે પણ પ્રાર્થના, લઘુશંકા સમયે પણ તેમ જ, જમતી વખતે પણ, કપડાં પહેરતી સમયે, નહાતી સમયે, એમ પ્રત્યેક કર્મના વગેરેમાં તે તે કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે છે, એવી હૃદયની ધારણા ધરાવીને પ્રાર્થના કર્યા કરવાની છે. રાતે સૂતા સમયે, ઊઠતા સમયે પણ તેમ જ.

**પ્રાર્થનાની ગરજ જગાડો**

હૃદય વિકસેલું હોય અને પ્રાર્થનામાં અત્યંત આર્દ્ર ને આર્તભાવ પ્રકટેલો હોય, ત્યારે તેવા પ્રકારની પ્રાર્થનામાં આપણું હૃદય ભળેલું હોય છે તે વાત પણ સાચી છે. જેમ સંસારવ્યવહારમાં ગરજ લાગ્યા વિના

કોઈને આપણે બોલાવતા નથી, તેવી રીતે પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈએ. તે વિના પ્રાર્થનાના ભાવમાં સાચો ઉઠાવ પ્રકટી શકતો નથી. પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. જે આપણને આપણા પુરુષાર્થથી બનવાને કાજે ઘણો કાળ લાગે અને કોઈક વાર તો તે અશક્ય જેવું પણ લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું થઈ જતું ઘણાઓએ અનુભવેલું છે.

ભગવાનને આપણે આપણા રોજિંદા વ્યવહારમાં આવી અનેક વાર પ્રાર્થના હૃદયમાં હૃદયથી કર્યા કરવાની હોય છે. પ્રાર્થનાનો કોઈ અમુક મુકરર સમય હોય એવું કશું પ્રાર્થનામાં નથી. જ્યાં કહેવા જેવું લાગે, ત્યાં પ્રાર્થનાભાવે હૃદયમાં હૃદયથી કહ્યા કરીએ, ને એવી પ્રાર્થનાની પરંપરા જો આપણને થયેલા અત્યંત ઉત્કટ માનસિક સંતાપમાંથી પ્રકટેલી હશે, તો તે પ્રાર્થના કરવામાં આપણું હૃદય પણ સામેલ થયેલું હશે. ગજેન્દ્રમોક્ષનું દૃષ્ટાંત તો તને ખબર હશે. એક બાજુ મગર તેના પગને પકડીને પાણીમાં લઈ જાય છે ને બીજી બાજુ સર્વ સ્વબળ વાપરીને પોતે પાણીમાં ખેંચાઈ ન જાય તે માટે તે કારમું યુદ્ધ આપ્યાં કરે છે. આમ, યુદ્ધ આપતાં આપતાં જ્યારે તેની હાર થાય છે, ત્યારે તે ભગવાનને સાદ પાડે છે. શ્રીભગવાન કૃપા કરી તેને મગરની પકડમાંથી છોડાવે છે.

એવી વેળા શ્રીભગવાનની કૃપામદદનો અનુભવ સાધકને જ્યારે થાય છે, ત્યારે માથે સમર્થ ગરજે છે એનું એને પાકું ભાન થઈ જાય છે. પછીથી પોતાનામાં રહેલા દુર્ગુણોથી તે ડરતો નથી; ઊલટો, તે તો એવા દુર્ગુણોને આહ્‌વાન આપીને ઉપર આણે છે, અને તેને પડકાર આપે છે અને તેને હરાવીને જંપે છે. તે વિના તેને ચેન પડતું નથી.

**પ્રાર્થના ક્યારે ?**

એકલી ઊર્મિગમ્ય પ્રાર્થનાઓથી કશું સાધનામાં વાસ્તવિકપણે વળતું હોતું નથી. જ્યારે સાધનામાં આપણું દિલ વળવા લાગ્યું હોય ને તેમાં ગળવા માંડ્યું હોય, ત્યારે આપણામાં એક એવા પ્રકારનો ઉત્કટ આર્તભાવ અને આર્દ્રભાવ પ્રગટે છે અને ત્યારે આપણી ઊર્ધ્વગતિ થવામાં જે જે અડચણરૂપ લાગતું હોય તે તે બધું એટલું બધું ખૂંચે છે, ને તીવ્રતમ વેદના એટલી તો પ્રગટે છે કે તેનાથી મુક્ત થવાને કાજે

મરણિયો જીવતોજાગતો પ્રયત્ન થાય છે; એવા પ્રયત્નમાં જ્યારે દિલની દાનત, પ્રમાણિકતા, વફાદારી અને નિષ્ઠા સંપૂર્ણપણે પ્રગટે છે, ત્યારે તેવી દિલથી દિલની દિલમાં કરાયેલી પ્રાર્થનાનો પોકાર એવો તો જીવનવિકાસની ભાવનામાં ઉઠાવ પ્રગટાવે છે, કે તે તો એક માત્ર અનુભવી જ જાણી શકે. જે પ્રાર્થના આપણે કરીએ, તે પ્રાર્થનાના અંતરમાં કે હાર્દમાં જો આપણો સાચેસાચો, ખરેખરો ને પૂરેપૂરો દિલનો જીવતોજાગતો સાબદો થયેલો પુરુષાર્થ પ્રગટેલો નથી હોતો, તો તેવી પ્રાર્થના જીવનવિકાસની સાધનામાં ફળીભૂત થઈ શકતી નથી.

**આપણી પોતાની જ પ્રાર્થના**

પ્રાર્થના કરતી વખતે દિલમાં દિલથી દિલનો ભાવ ખૂબ ખૂબ કેળવાયેલો હોવાથી તેવી રીતનો પ્રગટેલો હોવો જોઈશે. એક માત્ર આર્ત ને આર્દ્ર ભાવે થયેલી પ્રાર્થના ખરેખરી પ્રાર્થના કહેવાય. તેવો ભાવ પ્રગટ્યા વિનાની પ્રાર્થના તે પ્રાર્થના નથી. એવી ઉપરછલ્લી પ્રાર્થનાથી જીવનનો ઉઠાવ કદી પણ શક્ય નથી. બીજા સંતભક્તોએ રચેલા ભજનો અને પ્રાર્થના ગાતાં ગાતાં એવો ઉત્કટ આર્ત ને આર્દ્ર ભાવ જાગે તો તે આપણા માટે કામના. બીજાઓથી થયેલી એવી પ્રાર્થના - ગદ્યમાં - ઘણી વાર ઉત્કટ ભાવ પ્રગટ કરી શકતી નથી, કારણ કે એવી એમની પ્રાર્થના મનમાં કે મોઢેથી આપણે જ્યારે બોલીએ, તેવી પળે તે પ્રાર્થનાઓ કે ભજન રચનારાઓની તેમની તેવી રચના સમયની આંતર્દશા આપણી જાગેલી હોતી નથી. તેથી તેમને પોતાને માટે તો એ ભજનો ઘણાં લાભકારક હોય; પણ તેમના જેટલાં લાભકારક તે આપણે માટે નથી નીવડતા. એટલે ખરી રીતે તો આપણી પોતાની જેવી સ્થિતિ હોય અને તેવી સ્થિતિને મઠારવાને માટે આપણને જેમ યોગ્ય સૂઝે, તેમ આપણી પોતાની તે કાળે થયેલી આંતરદશાને યોગ્ય પ્રાર્થના કરીએ. તેવી પ્રાર્થના થતી હોય તથા તેવી પ્રાર્થનાના ભાવનું, તેને યોગ્ય પ્રત્યક્ષ આચરણ થયાં કરતું હોય, તો તેવા થતા રહેતા સહેતુક એકધારા જીવતાજાગતા પ્રયત્નમાંથી યોગ્ય પ્રાર્થના માટેનો દિલનો ભાવ પ્રગટે છે, તો તેવા પ્રકારની પ્રગટેલી પ્રાર્થના જીવનવિકાસને માટે વધારે હિતાવહ છે; દા.ત. કોઈક જીવને ક્રોધ જાગવાનો થયો ને તેનું તેને પ્રભુકૃપાથી તત્કાળ ભાન જાગ્યું, તો તે જ વખતે તેમાંથી મુક્તિ મેળવવાની પ્રભુને પ્રાર્થના કરવી.

**દિલમાં દિલથી એકાગ્રતાથી પ્રગટેલી પ્રાર્થના એ પણ એક પ્રકારનું ધ્યાન છે.** પ્રાર્થનામાં દિલની ભાવનાનું તત્ત્વ વિશેષ પ્રગટેલું હોવાથી તેનાથી કરીને જે ભાવ પ્રગટે છે, તે ભાવની ઉત્કટતાને પરિણામે એકાગ્રતા ને કેન્દ્રિતતા કેળવાતી જતી હોય છે; એવી એકાગ્રતા ને કેન્દ્રિતતા જે ધ્યાનથી કેળવાય છે તે પ્રાર્થનાના તેવા ભાવથી પણ કેળવાતી હોય છે, એટલે પ્રાર્થનાથી આવું જે થયા કરે તે પણ ધ્યાનનો એક પ્રકાર ગણી શકાય.

**પ્રસંગાનુસાર ભાવાત્મક પ્રાર્થના**

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રકટો, કોઈ પ્રેમી ખરા હૃદયના પ્રેમભાવવાળું જોઈએ તો એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે આપણા જીવનમાં પ્રકટો, કોઈ સાચેસાચા કાર્યરત એવા જીવને જોઈએ તો એના જેવી લઢણ આપણા ધ્યેય પરત્વે આપણને પ્રકટો, કોઈ સાધુપુરુષને આપણે જોઈએ તો એમના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના અને શક્તિ અને એવું ઓજસ આપણા જીવનમાં પ્રભુકૃપાથી પ્રકટો, કોઈ નિર્મળ ભાવનાવાળાં બહેન કે મા જોઈએ તો એમના જેવી નિર્મળતા આપણામાં પ્રકટો, કોઈક નૈસર્ગિક સુંદર દૃશ્ય જોઈએ, તો એના જેવો પ્રભુનો આવિર્ભાવ આપણામાં પણ ઉદ્‌ભવો, નદીને જોતાં એ જેવા ઉત્સાહ ને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યા કરે છે તેવું આપણા પોતાના જીવનમાં થાઓ, કોઈ બે ખરા મિત્રને જોઈને તેમના જેવો મૈત્રીભાવ, સખાભાવ, પ્રભુભાવ, પ્રભુ પરત્વે જીવનમાં જાગો - એવા અનેક જીવનમાં મળતા પ્રસંગો અને દૃશ્યો જ્યાં નજર પડે ત્યાં એવો ભાવ જાગૃતિ રાખીને, પ્રકટાવીને, હૃદયમાં કેળવીને, ધ્યેયનો હેતુ ફળાવવા અર્થે તે પ્રકારની હૃદયથી પ્રાર્થના કરવી તે પણ એક મોટું સાધન છે.

**જ્ઞાનપૂર્વક પ્રાર્થના કરો**

ચઢઊતર તો થયાં કરે. તેવા ખેલ પણ શાંતિ, સમતા, તટસ્થતા આદિ જાળવીને જોયા કરવા. એ તો એમ તો થયાં કરવાનું. પરંતુ ડૂબવાનું થતાં ડૂબતાં હોઈએ તે વેળા ઉપર આવી જવા કાજે હૃદયના આર્દ્ર ને આર્ત ભાવે શ્રીભગવાનની કૃપામદદ મેળવવા હૃદયમાં

પ્રેમભક્તિથી પ્રાર્થના કર્યા જ કરવી. જ્ઞાનપૂર્વક પ્રાર્થનાનો ઉપયોગ તો વારંવાર કર્યા કરવો.

**આર્ત પ્રાર્થના અણીને વખતે**

કંઈક કશામાં મન ભરાઈ જતાં, ગૂંચવાઈ જતાં કે અટવાઈ જતાં પગ તળે અંગારો આવતાં ને દાઝી જવાતાં જેમ ઓચિંતી એકદમ ચીસ પાડી ઉઠાય છે, તેમ તેવી વેળાએ જો આપણે ભગવાનને અંતરમાં અંતરથી ચીસ પાડીએ તો જરૂર આપણને મદદ મળતી અનુભવી શકીએ. કળણમાં પડેલો જીવ મહેનત કરવાથી તો ઊલટો વધારે કળણમાં ઊતરતો હોય છે, એટલે તેવી વેળા મહેનતની ત્યાં સાર્થકતા નથી; પણ બીજાંની મદદ માટે, જેટલું જોર હોય તેનું ભાન થતાં, એકમાત્ર ભગવાનને આર્ત ને આર્દ્ર હૃદયથી પોકાર કરવાનું શરૂ કરે, ને માત્ર એકલા તે જ પુરુષાર્થમાં રત રહે તેવા પુરુષાર્થની કારી ફાવે ખરી.

**વિપદનો ઉપાય : પ્રાર્થના**

જીવનનું ઘડતર કંઈ એમનું એમ બનતું નથી. એ કાજે તો હથોડાના માર સહન કરવા જ પડે. તેવો માર પણ હૃદયના ઉમળકાથી ને પ્રેમભક્તિજ્ઞાનના ભાવથી ઘડતર થવાના જ્ઞાનભાન સાથે સ્વીકારીને સહી લઈએ - સહી લઈએ તેવું ગણવું કે વિચારવું તે પણ અયોગ્ય ગણાય; - પણ તેવું જે દુઃખ, અવહેલના, તુચ્છકાર આદિ છે તે આપણા કાજે તો તપ છે, એવી ભાવના જ્યારે હૈયામાં જીવતીજાગતી રહ્યાં કરે ને તેવી વેળા પ્રભુનો હૈયામાંથી પરમ આભાર માન્યાં કરીએ કે "હે પ્રભુ ! તેં મારા પામર પર પરમ કૃપા કરીને આવી તકો જીવનના ગુણો કેળવાય કાજે આપી છે, તેમાં તારા કૃપાબળ વડે કરીને ટકી શકાય એવાં બળસાધન આપજે. મને પામરને તારા સિવાય કોઈ સાચો સહારો નથી. તું જ એક મારો મદદગાર છે, તારણહાર છે, પોષણહાર છે, રક્ષણ કરનાર છે, માટે કૃપા કરજે. મહેર વરસાવજે ને તારી હામ આ જીવના હૈયામાં પ્રગટાવજે", એવો પ્રાર્થનાનો ભાવ ગર્જન્તો હૈયામાં જાગી ગયેલો હોવો જોઈએ. એ જ આપણો સાચો બેલી છે. એનો જે જીવ મનહૃદયથી કરીને પ્રેમભક્તિભાવે ખરેખરો આશરો લે છે, તેને પાછા પડવા વારો હજી સુધી તો આવ્યો નથી, ને તે અનુભવની હકીકત છે. માટે એને તેવી વેળા હૃદયમાં પ્રગટાવીને મરદની

જેમ, પહાડની જેમ ઊભા રહેવામાં જીવનની મર્દાનગી જીવતી થવાની છે. જીવનને અને જીવનના ખમીરને પડકાર થતાં જે જીવ વધારે પ્રાણવાળો અને તેજસ્વી બને છે, એકમાત્ર તેવો જીવ શ્રીપ્રભુની કૃપામદદનો અનુભવ કરી શકે છે. તેને એટલે કે તેવા જીવને શ્રીપ્રભુના ઓથ સહારાનો પ્રત્યક્ષ અનુભવ મળે છે. એવો તે પરમકૃપાળુ, દયાળુ છે. એની મદદ માંગતાં જ મળે છે, જો આપણને તેવી મદદ માંગવાની કળા હૃદયમાં પ્રગટેલી હોય છે તો.

**પ્રાર્થના પોકાર કરો**

આપણા પોતાનામાં ચેતનની એક એવી સમગ્ર શક્તિ જાગૃત થઈને, તેવી સાધનાના એક પછી એક ભાવનાના વિકાસના ઉન્નત ક્ષેત્રમાં પ્રકટેલી જ છે, તેને માત્ર પ્રાર્થનાભાવે જ્ઞાનયુક્ત જાગૃતિથી તેવા મહાન કોયડાના ઉકેલમાં કામે લગાડી દેવાનું કામ આપણું છે. એ તો કામધેનુ છે. એની કને જેવી ઇચ્છા પ્રકટાવીને જે કામ લઈશું તેવું તે આપણને કામ આપ્યા જ કરવાની છે તે જાણજો. પરંતુ આવી બધી હકીકત તે તો ઘણી ઘણી આગળની હકીકત છે. શરૂ શરૂનો સાધક આ વાંચી તેમ કરવા જાય તો પગ ભાંગી બેસે. આ હકીકત લખવાનું કારણ તો એ છે કે આગળ વધેલ સાધક કેવો કશોક કોયડો જન્મતાં બેસી રહી શકતો નથી; એવા પ્રશ્નના ઉકેલમાં અંતરમાંની જાગૃત થયેલી ચેતનશક્તિને, એને પ્રાર્થનાભાવે પોકારીને, મદદ લેવાને કાજે, એને પોતાને જ્ઞાનપૂર્વક આહ્‌વાન કરવું પડે છે. કશું જ એની મેળે બનતું હોતું નથી, તેમ જાણી આપણે એની કૃપાબળ મદદથી જીવનને એની પ્રકટતી જતી સર્વ દશામાંથી ઊંચે તારવવાને કાજે, સતત તે વહાલા પ્રભુની કૃપાશક્તિને પોકાર્યા કરવાની રહે છે. **"એ બધું જ જાણે છે, એ અંતર્યામી છે, એને શું કહેવાની જરૂર છે?" એવા એવા જે ખ્યાલો છે તે અજ્ઞાનમૂલક ભ્રમણાત્મક છે.**

આપણે પ્રાર્થના પણ એવી જ કરવી ઘટે કે જેમાં આપણું દિલ હોય, ને જે આપણે કરી શકીએ તેવું હોય. પ્રાર્થના પણ ત્યારે સંભળાતી હોય છે કે જ્યારે પ્રાર્થના પરત્વેની જે ઝંખના હોય છે, તે ઝંખના સાચેસાચી હોય અને જે બાબતને માટે પ્રાર્થના કરાયેલી હોય

તેને માટેની આપણા દિલની તત્પરતા અને તાલાવેલી પ્રગટેલાં હોય. પ્રાર્થના કરતી વેળા જેને આપણે પ્રાર્થના કરતાં હોઈએ, તેની સાથે આપણું દિલ, પ્રેમભક્તિથી એક થયેલું હોય તો જ પ્રભુકૃપાથી પ્રાર્થના સંભળાઈ શકવાની શક્યતા ખરી.

પ્રાર્થનાની સાથે સાથે ભાવના-હાર્દથી, હૃદયથી આપણાં કર્મ બન્યાં કરે તેવી ભૂમિકામાં પ્રાર્થના એક સબળ હથિયાર છે. એવો ભાવ ટક્યા કરતો હોય, ત્યારે જે ઊણપો પ્રગટેલી લાગે તેનાંથી આપણને પારાવાર વેદના થાય છે અને આપણને ભારે પસ્તાવો થાય છે અને ત્યારે જ પ્રાર્થના કરીએ, ત્યારે દિલના ભાવનો ઉઠાવ પણ જબરદસ્તપણે પ્રગટે છે.

આપણને આપણું જીવન કઠતું ના લાગે અને વ્યર્થ બડબડાટ કરતાં હોઈએ તેવું લાગે તો પણ જીવનના ધ્યેય પરત્વેની મહત્ત્વાકાંક્ષાને પ્રેરાવીને આપણાં જીવનધ્યેય પરત્વેની અભિલાષાના દીપની જ્યોત જ્વલંતપણે અને સંકોરીને જલતી રહે તેમ કરવાનું કરી શકીએ તો પણ ઉત્તમ.

## પ્રાર્થનાનાં પરિણામો

### પ્રાર્થનાની રામબાણ શક્તિ

જ્યારે હૃદયમાં કોઈ પ્રકારની ગૂંચ ઊપજે, ત્યારે હૃદયના ભાવથી પ્રાર્થના કર્યા જ કરવી. પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. પ્રાર્થનાનો સાદ આર્તનાદે ને આર્તભાવે હૃદયના ઊંડાણમાંથી જો નીકળે તો સંભળાયા વિના રહેતો નથી. બને તેટલાં શાંત થઈને એના પ્રત્યે ખુલ્લાં રહ્યાં કરીને એની પ્રાર્થના કર્યા જ કરવી. એ તો આપણો માબાપ, સર્વ કંઈ છે. જે જોઈએ તે માગો. કશી જુદાઈ રાખવાની હોય નહિ. કોઈ રીતે એનો સંબંધ જીવનમાં જીવતો થઈ જાય, એવું આપણે વર્તવાનું છે. એવું થવા માટે જીવનના સર્વ કોઈ પ્રસંગોમાં એની સાથે તે વેળા હૃદયનો ભાવ જીવતો કરીને એની સાથે તે ભાવે વાતચીત કર્યા કરવાની છે. એ ભક્તની બૂમ સાંભળ્યા વિના રહેતો નથી. ભક્તના હૃદયનો એવો આર્ત ને આર્દ્ર પોકાર કદી ખાલી ગયો અનુભવ્યો નથી.

### પ્રાર્થનામાંથી આત્મવિશ્વાસ

મનમાં કંઈ પણ કશા વિશે ગૂંચળાં ન વળ્યાં કરે એના વિશે તો ઘણી કાળજી રાખવી. મન એવાં કંઈ જૂના વલણમાં ભેરવાઈ પડીને

આપણને તેનામાં પરોવી દે છે. તેથી કરીને ભાવનાનો જોશ નરમ પડે છે. પરિસ્થિતિ ગમે તેવી પ્રકટે તેની સાથે આપણે કશી નિસ્બત નથી. આપણે તો જ્ઞાનપૂર્વક ટેકીલા રહેવું. સકળ કર્મ કરતાં કરતાં તે વહાલા પ્રભુના સ્મરણમાં એકધારા જીવતાં રહ્યાં કરીએ તો જ સાધના થઈ શકવાની છે. જ્યારે ગૂંચ, ઉપાધિ, મુશ્કેલી, મનોમંથન કે મનોવેદના કોઈ પ્રકારના પ્રસંગથી પ્રકટે, તેવી વેળાએ જાગૃત બનીને ચેતનભાવમાં પ્રેમભક્તિ વડે કરીને આપણા હૃદયને પરોવવાને મથવું, તેનું પ્રાર્થનાભાવે મનન ચિંતવન કરવું અને શક્તિ માટે પ્રાર્થના કરવી. આવા પ્રસંગ દિવસમાં ધારો કે ત્રણ-ચાર વાર આવે; જો એમ ત્રણ-ચાર વાર હૃદયની ભક્તિથી પ્રાર્થના કરીએ, ને એમ કરતાં કરતાં જો કોઈ સૂક્ષ્મ શક્તિની મદદનો અનુભવ થાય તો તેમાંથી એક મોટું સાધન આપણને મળી જાય એમ સમજાય. સાધન મળી ગયા બાદ, તેમાંથી એક પ્રકારનું આત્મવિશ્વાસનું બળ પ્રકટે છે. તરવાનું જેને પૂરું આવડતું હોય, એવા જીવને પાણીમાં પડતાં આપોઆપ આત્મવિશ્વાસ રહ્યાં કરે છે. પરંતુ જેને તરતાં જ ન આવડતું હોય ને પાણીમાં પડી જવાયું હોય ને પાણી ઊંડું હોય તો ગમે તેટલાં હવાતિયાં મારે પરંતુ તેવી સ્થિતિમાં તેને આત્મવિશ્વાસ પ્રકટી શકતો નથી. તે સંપૂર્ણ હતાશ બની જાય છે. આત્મવિશ્વાસના બળથી જ માણસ જે તે યોગ્ય કરી શકે છે. એટલે આપણે તો જે સાધન લઈને બેઠાં છીએ, એમાંથી જ્યાં સુધી આત્મવિશ્વાસ ન પ્રકટી શકે, ત્યાં સુધી તે સાધનનો અભ્યાસ ઘણો ઘણો જરૂરનો છે.

**પ્રાર્થનાનું સુફળ**

આ માર્ગમાં પ્રાર્થનાનું મહત્ત્વ ઘણું મોટું છે. કંઈક પણ કશું થાય, ત્યારે પ્રાર્થના કર્યા વિના ન રહેવું. એમ પ્રાર્થના કરતાં કરતાં હૃદયનો ભાવ જે વિકસે છે અને શ્રીભગવાનની કૃપામદદ મળ્યાં કરવાના અનુભવની પરંપરા જ્યારે સાધકના જીવનમાં પ્રકટે છે, ત્યારે તેને ઓથ મળવાથી અને હૂંફ ને પ્રત્યક્ષ સહારો પોતાની પાસે રહ્યાં કરે છે એમ હૃદયમાં લાગવાથી તે સદાય નિશ્ચિંત અને નિરાંતવાળો રહી શકે છે ને બુદ્ધિ સ્થિરપણામાં પ્રવર્તે છે.

## પ્રાર્થનાની ટેવ પાડી જુઓ

પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ, તે ફળે કે ન ફળે તે ઘણા મહત્ત્વની હકીકત નથી, પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે. હૃદયમાં હૃદયથી પ્રાર્થનાનો ભાવ જગવીને આપણે કોઈ અદૃશ્ય એવા એને પોકારતા હોઈએ છીએ. એ રીતે હૃદયની ભાવનાનો એની સાથે સંબંધ સંધાતો રહ્યાં કરે છે, એવું અનુભવનું જ્ઞાન આ જીવને પ્રાર્થનાના ઉપયોગમાં લેવાતા સાધનમાંથી, એની કૃપાથી પ્રકટી ગયેલું છે. તેવા અનુભવની ભેટ સ્વજન, પ્રભુને ચરણકમળે અંતઃકરણના ભાવથી મૂકું છું. એને જે કોઈ ઉપયોગના યોગ્ય ભાવે સ્વીકારીને એનો સાધન તરીકે વપરાશ કરશે, તેવા જીવને પ્રાર્થનાનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી સમજાઈ જવાનાં છે. અનેક સંતભક્તજ્ઞાની આત્માઓએ જીવનવિકાસની સાધનામાં પ્રાર્થનાનો સહારો લીધા જ કરેલો છે. તેઓએ તે કંઈક થતાં શ્રીભગવાનને પોકાર પાડ્યા જ કરેલા છે. તેમને તેમનો પોકાર ફળે કે ન ફળે તેના તરફ તો ધ્યાન હોતું જ નથી. એવા પોકારથી આપણે કેવાં હળવાં, શાંતિવાળા બની જતાં હોઈએ છીએ ! સાધનાના માર્ગમાં પોતાના તેવા જ્ઞાનયુક્ત ભાવનાથી થતા રહેતા પ્રચંડ પ્રકારના પુરુષાર્થથી ને હૃદયથી પ્રાર્થનાની એવી પ્રેરણાત્મક, ચેતનાત્મક મદદથી, આપણે કલ્પી પણ ન શક્યાં હોઈએ, ધારી ન શક્યાં હોઈએ, એવી આધ્યાત્મિક પ્રગતિ તેનાથી પામી શકતાં હોઈએ છીએ. આવી એક ને એક બે જેવી ખરેખરા સાચા અનુભવની હકીકત સ્વજનના ચરણમાં પ્રત્યક્ષ મૂકવા છતાં એને તેવી રીતે ને તેવા ભાવથી કેટલાં સ્વીકારે છે ? હૃદયના જ્ઞાનપૂર્વકના હેતુના ઉપયોગીપણાના સાધન તરીકે વપરાતા પ્રાર્થનાના ભાવથી શ્રીભગવાન કે ચેતન પરત્વેની આપણા હૃદયમાં ખરી ભક્તિ પ્રકટતી જતી હોય, એવા પણ અનુભવ આપણને જીવનમાં આગળ જતાં થયા કરતાં હોય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૯

# નામસ્મરણ

- *કોઈ દિવસ જમ્યા વગર જીવાય, પણ જેને ભગવાનને શરણે જવું છે, તેઓને નામસ્મરણ વગર એક દિવસ પણ ન ચાલવું જોઈએ.*
- *જપ એટલે ચેતનભાવનું સાતત્ય અખંડ રહે તે જપ. મનને ચેતન પરત્વેના સદ્‌ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જપયજ્ઞ.*
- *શ્રીભગવાનમાં જ કોઈ ને કોઈ રીતે મનને પરોવી રાખવાની કળા જીવે શીખવાની છે.*
- *એકધારી દૃષ્ટિ, વૃત્તિ ને વલણથી જપ ભલે ન થઈ શકે, પણ જે કારણ હેતુથી તે લેવાતો હોય, તે કારણનો હેતુ દિવસના સળંગ વ્યવહારમાં એટલે કે તેના અંતરગતપણામાં જળવાઈ રહે, તો એનું નામ જપ જ છે.*
- *જ્યારે આપણે નામસ્મરણ કરીએ, ત્યારે ભગવાન પરત્વેની વ્હાલપનો ને એક જાતનો ઉમળકો, લાગણી આપણામાં રહેવી જોઈએ.*
- *આપણે બે-ત્રણ કલાક નામસ્મરણ કરીએ તો પાછું લુખ્ખું થઈ જાય, એટલે પછી પ્રાર્થના રાખો, ભજન ગાવું, આત્મનિવેદન કરવું, સમર્પણ કર્યા કરવું. એમ જે ફાવે તે સાધનો દ્વારા, આ તો મેં કરેલાં તે કહું છું. બુદ્ધિથી એ વિષયના કોન્ટેક્ટમાં રહ્યાં કરતાં કરતાં પાંચ છ કલાક થાય, ત્યારે પ્રાણ ભળવા લાગે છે. આવી રીતે આપણે એનું મનન-ચિંતવન કરી શકીએ.*
- *એને માટે ઓછામાં ઓછા છ-આઠ-દસ મહિના તો પ્રયોગ કરો. એટલે પછી સારું લાગે તો જાળવી રાખો. પ્રયોગ ખાતર ચાલુ રાખો. એનો ફાયદો દસ-બાર-ચૌદ કલાક ગયા પછી એને તરત જ સમજાય છે, એમ ને એમ સમજાશે નહિ.*
- *આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર તે બધાંને નામસ્મરણને ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યાં કરવાનું રાખીને નામસ્મરણ લીધાં કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આની સાથે અનાસક્ત, નિષ્કામ, નિર્મમત્વ, નિરહંકાર વગેરે ગુણો પણ પ્રગટાવવાની જરૂર છે.*
- *જપનું સાતત્ય જાળવવા માટે એક વાત લક્ષ્માં રાખવાની છે. એના પર પ્રેમ અને રસ, એ બે ભાવનાની માત્રા જેમ વધતી જશે, તેમ જપના*

*સાતત્યમાં સુધારો થતો જશે. એ બે ભાવનાની માત્રા ક્યારે વધે ? જ્યારે આપણે આપણા જીવનમાં આપણા આ કામને જ સર્વોપરી ગણીશું ને એને જ વધારેમાં વધારે મહત્ત્વ આપતા રહીશું ત્યારે.*

- *શ્રીભગવાનમાં સંપૂર્ણ લગની કે પ્રેમભક્તિ પ્રકટ્યા વિના એનું સ્મરણ સતત એકધારું રહી શકવું તે દુર્લભ છે.*
- *હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, કંઈ પણ કામ કરતાં કરતાં સ્મરણ જીવતું રહ્યાં કરે, તે કામ એ જ હવે જિંદગીનું મુખ્ય કર્તવ્ય છે. તે કર્મ જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે થયાં કરે, તે જ જોવાનું રહ્યાં કરે, તો જ જીવ્યું સાર્થક થાય.*
- *કંઈ કશાની નિરંતરતામાં ચેતન જ રહેલું છે. એટલે જ્યાં જ્યાં સતત આવી બ્રેક વિનાનું નિરંતરતાપણું પ્રગટે છે, ત્યાં ચેતન જ છે.*

## મહિમા

આ કાળમાં ભગવાનના નામસ્મરણના સાધન સિવાય બીજું કશું બરાબર નથી. યોગ-હઠયોગ છે. એનાથી જલદી લાભ મળે પણ તે માટે જરૂરી ચિત્ત-વૃત્તિ આ કાળમાં નથી. જૂજ લોકો તે કરી શકે. આમજનતા માટે તો નામસ્મરણ જેવું કોઈ સાધન નથી. એ કોઈ પણ કરી - લઈ શકે એવું આ સરળ સાધન બધાને લાગું પડે. આ કરીએ તો એવી ભાવના પ્રકટે છે. અભ્યાસ પાડી અજપાજપ સુધી લઈ જઈએ, ત્યારે જ ખબર પડે કે એનો શું અનુભવ છે.

જગત પરના મનુષ્યોના ઘણા મોટા ભાગના હૃદયમાં-પછી ભલેને એમાંના ઘણાં જંગલી હોય - કોઈ ને કોઈ પ્રકારના ભગવાન કે દેવ વિશેની ભાવના રહેલી જ છે. એટલે એમ કહી શકાય કે એ ભાવના સુષુપ્તપણે આખા જગતમાં પડેલી છે. આ હકીકત જો આપણે ગળે પૂરેપૂરી ઊતરી હોય તો આપણા જીવનના ધ્યેયને સતત વધારે ને વધારે તમન્નાવાળું બનાવીએ ને તે વારેવારે લક્ષમાં રાખીએ; એને માટે નામસ્મરણ એ મોટામાં મોટું સાધન છે. નામસ્મરણનો પ્રતાપ અનેકવિધ છે.

નામસ્મરણ એ તો આપણું એક મુખ્ય અંગ છે જ. એ તો આપણને ધનંજયના ગાંડીવની જેમ, પતિતપાવની ગંગાની જેમ અથવા બરફને ઓગાળી નાખનાર સૂર્યનાં કિરણોની જેમ છે. જ્યાં નદી સમુદ્રને મળે

છે, ત્યાં સંગમસ્થળ આગળ કેટલીક નદીઓ જોશથી દરિયામાં ઘણે લાંબે સુધી પેસી જાય છે; તેના જેવી નામસ્મરણ-સરિતાની અસર છે. આ ઉપમા પણ બરાબર નથી. નદીના પ્રચંડ પૂરમાં તણાતા માણસને કોઈક લાકડું મળી જાય એના જેવું, ભૂખથી વ્યાકુળ થયેલાને અન્નની પ્રાપ્તિ જેવું, તૃષિત કંઠને જલની ઠંડક ને મીઠાશ જેવું, અનેક મુશ્કેલીઓને ઓળંગીને આખરે અભિસારિકાને મળનાર પ્રેમીના જેવું, કંજૂસના ધન જેવું, અથવા લાડકવાયા દીકરા જેવું, હૈયાની હામ જેવું, દુકાળમાં વર્ષા જેવું, કાંક્ષીને ઈચ્છિત વસ્તુ મળવા જેવું, સત્સંગીને સંગી મળવા જેવું અથવા શ્રમિતને આરામ જેવું છે. પણ આ તો બધું સાહિત્યિક વર્ણન કહેવાય. મીઠાઈનું વર્ણન વાંચ્યાથી કે સાંભળ્યાથી ઓછી જ તે મોંમાં આવી જાય છે ! એવા વર્ણનથી આપણી તૃષા ન છીપે. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે. કોઈ દિવસ જમ્યા વગર જીવાય, પણ જેને ભગવાનને શરણે જવું છે, તેવાને નામસ્મરણ વગર એક દિવસ પણ ન ચાલવું જોઈએ. સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળ જીવન ચાલી શકે છે. પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન વગેરે કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું તો આપણામાં પ્રધાનપણે છે જ. પણ જ્યારથી આપણને એનો સવિશેષ ખ્યાલ આવે, ત્યારથી એ બાબતમાં ઉત્સાહિત થઈને મંડ્યા કરવાનું રાખીશું તો સારું જ છે. ભગવાનના નામનો મહિમા તો અપરંપાર છે. નામી કરતાંયે, નામ ચઢી જાય એમ આપણામાં કહેવાય છે.

ભગવાનના નામનો મહિમા અપરંપાર છે તેનું કારણ એ છે કે આપણામાં રહેલાં તત્ત્વોને વિકસાવવાની અજબ શક્તિ નામસ્મરણમાં છે. જેટલું વધારે ભગવાનનું સ્મરણ રહે એટલો વધારે ભાવ આપણામાં આપોઆપ એના તરફ વધે; કારણ કે નામની પાછળ જીવતાજાગતા સંકલ્પનું બળ જે હોય છે, તે પ્રેરણાત્મક બળ નામીની ભાવનાને મૂર્તિમંત આપણામાં કરી દે છે. કંઈ પણ કામ કરતાં પણ જો આપણું નામસ્મરણ રહ્યાં કરતું હોય તો એ કામ આપણે ભગવાનના એક સાધન તરીકે જ કરીએ છીએ, એવી ભાવના આપણામાં ઊંડી ઊતરતી જ જાય, કેમ કે આપણને ઊંડું ભાન તો એ નામસ્મરણને લીધે રહે કે

આપણને એ કામ કરતાં ભગવાનની શક્તિનું આહ્વાન જાણ્યે-અજાણ્યે કરીએ છીએ. એટલે એ શક્તિ થોડીવત્તી પણ આપણામાં ઊતરે જ. એ શક્તિને આપણે જ્યારે નામસ્મરણથી જ્ઞાનપૂર્વક જાગૃત કરીએ છીએ ત્યારે એ શક્તિ વળી વધારે શક્તિ માટે આપણામાં ભૂખ જગાડે છે, તમન્ના ઉપજાવે છે, આપણા જીવનમાં ને જીવનના દરેક કાર્યમાં પોતાની સુવાસ ફેલાવે છે અને પોતાના પ્રત્યે પ્રેમ જગાડે છે તથા જન્માવે છે; એટલે એમ વ્યાજનુંયે વ્યાજ ઉમેરાતું જ જાય તો જેમ મૂડી કંઈ કેટલાક ગણી વધી જાય, તેમ નામસ્મરણ એક નાનું ઝરણું પોતાના જેવાં અનેક ઝરણાંને પોતાની તરફ ખેંચીને, પોતાનામાં ભેળવીને એક મોટી નદી થાય છે, જે આખરે ભગવાનરૂપી અનંત સાગરમાં ભળે છે. એ નામસ્મરણનો મહિમા તો માત્ર અનુભવી જ વર્ણવી શકે. એની મજા તો એને લૂંટનારાં જ ચાખી શકે. એના મહિમા વિશે એક ભજન છે, તેમાં લખ્યું છે :

**“ગાયો તુલસીદાસે એને, ભક્ત જનોએ લહ્યો,**
**રાંક તે એને હું શું જાણું, હું તો નાનું છોરું.”**

નામસ્મરણનો મહિમા અનેકવાર જગતમાં પુરવાર થઈ ચૂક્યો છે. એ કંઈ ગપગોળા નથી, પણ પ્રસિદ્ધ વાત છે. અનેક સંતભક્તોએ એના પર જીવન ન્યોછાવર કર્યા છે ને હાલમાં એવા છે કે જેઓનું જીવન નામસ્મરણથી ધન્ય થયું હોય. મહાત્મા ગાંધીજીએ પણ પોતાને મળેલી શક્તિનો આધાર નામસ્મરણ છે એમ અનેક વાર જાહેર કરેલું છે. તેઓ તો શરીરની સુખાકારી માટે પણ નામસ્મરણનો ઈલાજ બતાવતા એ જાણીતી વાત છે. આમ, નામસ્મરણ એક રામબાણ ઈલાજ તરીકે સિદ્ધ થયેલી વસ્તુ છે. તે શરૂઆતમાં દિલને ઓપ ચઢાવે છે, પણ પછી તો આખા આધારનું દિવ્ય રૂપાંતર, પરિવર્તન તે કરાવે છે. એટલી અવસ્થાએ પહોંચ્યા પહેલાં પણ તે દુઃખી દિલને આરામ આપે છે, તેની તપેલી લાગણીઓને શાંત કરે છે, તેનો પ્રેમ વિકસાવી તથા ઊંડો કરી તેને પ્રેમીમાં ફેરવી નાખે છે. એ સર્વ કંઈ છે.

કેટલાંક પ્રાચીન હિંદની સંસ્કૃતિ વિશે અભિમાન ધરાવનારા એમ કહે છે કે વેદના વારામાં વિમાન પણ હતાં ને ઈન્જિન પણ હતાં. સર્વ

કળાઓ અને શાસ્ત્રો વેદમાં લખેલાં પડ્યાં છે એવો દાવો તેઓ કરે છે. પણ નામસ્મરણની બાબતમાં તો આવા દાવાનો સવાલ જ નથી રહેતો. સર્વ વસ્તુઓ એમાં જ સમાયેલી છે અને અસંખ્ય જુદા જુદા દેશના તથા કાળના સંતોનો ઇતિહાસ એની સાક્ષી પૂરે છે. જગતમાં દેખાતી સર્વ સમૃદ્ધિ પણ એના પ્રભાવ આગળ ધૂળ સમાન છે.

એવું નામસ્મરણ આપણા દિલમાં સતત જાગે, ત્યારે આપણો સૂર્ય ઊગવા માંડ્યો છે ને આપણા સાચા જીવનની શરૂઆત થવા માંડી છે એમ ગણી શકાય. જેને દિલમાં જિજ્ઞાસા ને તમન્ના જાગી હશે, એને એમ થવાનું જ છે. જેને એવી વૃત્તિ પણ જાગી છે તેને પણ યથા શ્રમે એ પ્રાપ્ત થવાનું પણ છે જ, એમાં પણ શંકા નથી. ભગવાન પોતાનું પ્રાકટ્ય ઉદ્‌ભવવાને આપણા કરતાં વધારે આતુર છે એ વાત નક્કી છે. પણ એથી તો આપણે વધારે જાગૃતિ ને કાળજી રાખવાની જરૂર રહે છે, કેમ કે આપણે એવી ભૂમિકા તૈયાર કરવામાં મંડ્યા જ રહ્યા કરેલા હોવા જોઈએ. આપણા જીવનમાં કંઈ અન્યથાપણું ન રહેવું જોઈએ. બીજ વાવવાને માટે જમીનને જેમ એકરસ કરી દેવામાં આવે છે તેમ આપણે પણ કરતાં રહેવાનું છે. ખરી રીતે તો ભગવાનને પ્રકટ થવાપણું રહેતું જ નથી. અમુક રીતે થવાયું એટલે આપોઆપ એ તો પ્રકટે જ, અથવા પ્રકટી રહેલો જ છે. પણ આપણા જીવનનો ક્રમ અને જીવનની દૃષ્ટિનો ક્રમ એ બન્ને ઊલટી બાજુનાં હોય છે એટલો જ મૂળમાં વાંધો છે.

ભગવાનને ભુલાવી દે એવા પ્રસંગો હવે બહુ આવશે, કારણ કે આજે પ્રલય ચાલી રહેલો છે. એ પ્રલયની પાછળ દુનિયા કેવી થવાની છે, એની આપણને કશી પણ કલ્પના નથી. બધા લોકો કહે છે કે New Order નવો યુગ થવાનો છે; પણ લડાઈ દરમિયાન ને લડાઈ પછીથી એક બીજાં પ્રત્યે પ્રજાઓના માનસની અંદર એટલાં બધાં ઝેર રેડાય છે કે તે એનું પરિણામ લાવ્યા વિના રહેવાનાં જ નથી. લડાઈ પછીથી વધારે વર્ણસંકરતા આવવાની છે, એટલે કે દિલની ઉદારતામાં વધારે સંકુચિતપણું આવવાનું છે, ને લોકોમાં જે ઉદાત્ત ભાવના છે, તે ઉદાત્ત ભાવના ક્યાંય સરકી જવાની છે. આવા આ સમયમાં પણ જેઓ પોતાના ધ્યેયને ચુસ્તપણે શ્રદ્ધા ને વિશ્વાસથી વળગી રહ્યા હશે, તેમ જ ગમે તે થવા છતાં પણ, અને જીવનની આકરી કસોટીમાં પણ એ જ

ખરું તત્ત્વ છે એમ સમજીને જેઓ સતત વર્તતા હશે, તેમને ઘણો લાભ થવાનો છે; ભગવાનનો અવતાર એવા લોકોને તારવા માટે જ થતો હોય છે. દુનિયામાં એવી ગૂંગળામણનો સમય નજીક આવતો જાય છે. મોટા મોટા સંતપુરુષો પણ શું કરવું કે શું થશે, તે વિચારી શકશે નહિ એવી સ્થિતિ પેદા થવાની છે.

**આ કાળમાં ભગવત્ - પરાયણ ટકશે**

આવા જીવન-અંધારના વખતમાં આપણું, ડૂબતાનું તરણું તો એકલું ભગવાનનું નામ જ છે. કેટલાક લોકો એમ કહે છે કે કર્મનો બદલો તો ભોગવ્યા સિવાય છૂટકો જ નથી; તો પછી નામ લઈએ કે ન લઈએ એ બધું સરખું જ છે ને ? મારે હિસાબે તો તે સરખું નથી. કર્મનો બદલો જરૂર ભોગવવો પડશે. પરંતુ 'શૂળીનું વિઘ્ન કાંટે ગયું' એના જેવું થશે. કર્મના પરિણામની Intensity - (તીવ્રતા) - જલદ માત્રા-ઘટીને ઘણી જ નાની—બિલકુલ સૂક્ષ્મસ્વરૂપે—નામસ્મરણથી થઈ જશે. આ હકીકત અનેક સંતભક્તોએ અનુભવેલી છે ને એ અનુભવના આધારે ભગવાનના નામસ્મરણમાં વિશ્વાસ ને શ્રદ્ધા વખતોવખત જામતાં ગયાં છે. એટલે કર્મ જ સર્વોપરી છે એવું કશું નથી.

## નામસ્મરણનો હેતુ

**જપયજ્ઞનું મહત્ત્વ**

આપણે જીવનવિકાસના પંથે છીએ તેનું જ્ઞાનભાન આપણને થયા કરવા કાજે કોઈ એક સાધનની સતત જરૂર રહે છે. આપણે જો તેવી રીતે સાધનાના ભાવમાં પૂરેપૂરાં લાગી ગયેલાં હોઈએ છીએ, એવી નિશ્ચિત ભાવના જીવનમાં જો આપણે પ્રકટાવી નહિ શક્યા તો આપણે પોતે આપણને બેવફા નીવડીશું. ભગવાનનું સ્મરણ કરવામાં કંઈ કશું વચ્ચે આવી શકતું નથી. નામસ્મરણ ચાલુ રહ્યા જ કરવું જોઈએ. મનનાં વલણોને સાથ ન આપવો, સંમતિ ન આપવી ને તેનાથી અળગા થવું તેવો જ્ઞાનપૂર્વકનો જાગૃતિયુક્ત અભ્યાસ પણ એટલો જ જરૂરનો છે. એ પ્રકારની ક્રિયાવિધિ આંતરિક છે. જપ એ જેટલો બહારનો પ્રકાર છે, તે સાથે સાથે પણ તે આંતરિક પ્રકારનો પણ છે. જપયજ્ઞની ભાવનાથી અને તેમાં ચાલુ એકધારાપણું પ્રગટતાં આંતરિક બળ પ્રગટતું

અનુભવી શકાય છે. જપયજ્ઞ ચાલુ રહ્યા કરતો હશે તો મનના જુદા જુદા પ્રકારોનો ઈનકાર કરવાનું, તેનો સમજણપૂર્વકનો સામનો કરવાનું વગેરે બધું સૂઝ્યાં કરવાનું.

જપ એટલે ચેતનભાવનું સાતત્ય અખંડ રહે ને મનને ચેતન પરત્વેના સદ્‌ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જપયજ્ઞ.

**શ્રીભગવાનમાં જ કોઈ ને કોઈ રીતે મનને પરોવી રાખવાની કળા જીવે શીખવાની છે.** જેમનું મન ભાવનાપ્રધાન છે એને કાજે તે સહેલું છે.

**જપની મર્યાદા**

જપનો હેતુ શ્રીભગવાનની ભાવનાનું સાતત્ય જીવતું એકધારું રહ્યાં કરે તે કાજેનો છે. જપ એ સાધન માત્ર છે. સાધન એ તો ધ્યેયનો મેળાપ કરાવનાર હોવાથી તે દૃષ્ટિએ સાધનની તેટલી મહત્તા છે. માત્ર સાધનને જ ખાલી ખાલી પકડી રાખનાર કદી ધ્યેય પામી શકતો નથી. પરંતુ ધ્યેયને જ ખ્યાલમાં રાખીને જે પોતાનું સાધન જાળવ્યા કરે છે, તે જ ધ્યેયને પામી શકવાનો છે. પણ જે જીવ કોઈ પણ પ્રકારનું સાધન જ લેવાનું કરતો નથી અથવા જે જીવને સાધનાની ભાવનાની ધારણા કોઈ ને કોઈ પ્રકારે જીવતી રહી શકતી નથી, એ જીવને ધ્યેયને પામવાની અવધિ લાગશે. **એકધારી દૃષ્ટિ, વૃત્તિ ને વલણથી જપ ભલે ન થઈ શકે, પણ જે કારણ હેતુથી તે લેવાતો હોય, તે કારણનો હેતુ દિવસના સળંગ વ્યવહારમાં એટલે કે તેના અંતરગતપણામાં જળવાઈ રહે, તો એનું નામ જપ જ છે.** જપ તો સ્થૂળ છે. પરંતુ એનાથી ઉત્પન્ન થતી ભાવના જ મહત્ત્વની છે.

આપણે હંમેશાં નામસ્મરણની ભૂમિકા ઉપર જ આપણા મહેલ ચણવાના છે. આપણું એ એક મોટામાં મોટું સાધન છે. બીજાં સાધનો તો એમાં એકાગ્રપણું વધારવા માટેનાં છે. અને નામસ્મરણ ભલે મુખ્ય હોય પણ પછીથી એનાથી કરી જે શક્તિ આપણામાં જાગે છે, એને જ આપણી જાત પછીથી સોંપી દેવાની છે. નામસ્મરણ મુખ્યત્વે તો એ હાલમાં સુષુપ્તિમાં પડેલી શક્તિને જાગૃત કરવા માટે તથા રસ જગાડવા માટે જરૂરનું છે. એ શક્તિ જાગ્યા પછીથી જ ખરું યુદ્ધ તો ચાલે છે, અને ત્યારે આપણને બધી જાતની સમજણ ચોખ્ખી રીતે પડવા માંડે છે.

## શબ્દનું આધ્યાત્મિક વિજ્ઞાન

### શબ્દનો આવિર્ભાવ

આ પૃથ્વી પર જ્યારે મનુષ્યની હસ્તી લાખો વર્ષ પહેલાં હશે ત્યારે, મનુષ્યના શરીરના જે વિજ્ઞાનશાસ્ત્રીઓ છે, તે લોકોનું એમ માનવું છે કે જેને આપણે વાણી કે શબ્દ કહીએ છીએ તે પ્રચલિત નહોતો. ત્યારે મનુષ્યો ઈશારાથી પોતાનો વ્યવહાર ચલાવતા. તેવા કાળમાં શબ્દનું કેવી રીતે Menifestation -(વ્યક્તત્વ) - બહાર પડવું થયું તે વિશે ઘણા મતભેદ છે.

### આપણાં શાસ્ત્રો

એમ કહે છે કે વાણી હતી પણ કયા પ્રકારની, તેનું સંશોધન થયું નથી. બીજા કેટલાક કહે છે કે ભાષા નહોતી. આપણી સંસ્કૃતિમાં Prevedic times માં લખવાની પદ્ધતિ નહોતી, પણ સાંભળીને, સ્મરણમાં રાખીને કે કંઠસ્થ કરવાની પદ્ધતિ હતી. શ્રુતિ એટલે સાંભળીને અને સ્મૃતિ એટલે મગજમાં જેનું સ્મરણ થયા કરે તે. એ રીતે આપણાં શાસ્ત્રો શ્રુતિ અને સ્મૃતિ તરીકે ઓળખાયાં છે.

### હૃદયનો ભાવ હૃદયમાં

વેદનું જ્ઞાન શ્રુતિમાં છે, તે પછીથી વિકાસ પામીને સ્મૃતિ થઈ. હવે જ્યારે સ્મૃતિની સ્થિતિ હતી, તે પહેલાંના કાળમાં, જે શબ્દનું જ્ઞાન હતું તે હૃદયસ્થ હતું. જેમકે, માણસને અત્યંત આનંદ થાય છે ત્યારે, હૃદયનો ભાવ હૃદયમાં રહે છે. તેમ બહુ આઘાત થાય ત્યારે માણસ બોલી શકતો નથી. ત્યારે આપણે રડાવવાનો પ્રયત્ન કરીએ છીએ, કે જેથી એનો ડૂમો હળવો થાય. એનું કારણ એ છે કે શરીરના કોઈ કરણ પણ અસર થતી અટકે.

### વેદકાળ પૂર્વે આત્મજ્ઞાન

એટલે જ્ઞાનની જ્યારે ઉન્નત સ્થિતિ હોય, ત્યારે વાણીનો લય થઈ જાય. સાધનામાં પણ જ્યારે સાધક ભગવાનમાં એકાકાર થઈ જાય, ત્યારે વાણી લય પામી જાય. એટલે પહેલાંના કાળમાં જ્ઞાન નહોતું. લોકો મૂઢ હતા એવું જે કહેવાય છે તેવું આપણે ત્યાં નહોતું. કારણ કે આપણે ત્યાં વેદ પ્રગટ્યા તે પહેલાં આવી મૂઢતા હોઈ ન શકે. વેદના પ્રાગટ્ય જેવી-આવી જ્ઞાનની ભારેમાં ભારે સ્થિતિ હોય,

તેની પહેલાની સ્થિતિ અજ્ઞાનવાળી કેવી રીતે હોઈ શકે ? પશ્ચિમના લોકો કહે છે કે લાખો વર્ષ પહેલાં મનુષ્યો બોલતા ન હતા, ત્યારે અજ્ઞાન કે મૂઢ હતા. પણ આપણે ત્યાં ઋગ્વેદ વગેરે પ્રગટ્યા તે પહેલા ઊંચા પ્રકારની ભૂમિકા હોવી જોઈએ. નહીં તો એવી ભૂમિકા વગર વેદ પ્રગટે નહિ. એટલે એવી સ્થિતિ થયા પહેલાં ભૂમિકા ઊંચી હોવી જ જોઈએ.

**ભારતની આદિપ્રજામાં આત્મજ્ઞાની**

અત્યારે પણ જ્ઞાન એકદમ થઈ જતું નથી. એવી ભૂમિકા કે સ્થિતિ પ્રગટે તો જ જ્ઞાન થાય. એટલે આપણે આપણી સંસ્કૃતિ પ્રમાણે વિચારીએ તો - એક મત પ્રમાણે હિંદમાં જે આર્ય પ્રજા આવી તે અમુક જગ્યાએ વસતી હતી, અને ક્યાંથી તે આવી તેનું ચોક્કસ ઠેકાણું નથી. એ પ્રજામાંથી પણ ચાર-પાંચ ફાંટા પડીને જુદે જુદે ઠેકાણે વસ્યા. એ સંસ્કૃતિનાં મૂળ હતાં. તેની જે અસરો ફેલાઈ તેમાં ઘણું સામ્ય નીકળે છે કે મળે છે. એટલે એ પરથી અનુમાન કરી શકાય કે જે મૂળ ટોળીવાળા હતા, તે લોકોની પાસે અમુક પ્રકારનું જ્ઞાન હતું. તેમ છતાં એ લોકો ચોક્કસ અનુમાન પર આવતા નથી કે જે પ્રજાને જ્ઞાન હતું, તે મૂળમાં કેવી રીતે અજ્ઞાની કે મૂર્ખ હોઈ શકે ?

જ્યારે ભક્તને જ્ઞાનની ઉન્નત અવસ્થા પ્રગટે, ત્યારે એની વાણી લય પામી જાય છે. એટલે ત્યારે જે હશે તેમાંથી અમુક વ્યક્તિ એવી પ્રગટી હોય કે તેમાંથી કોઈ સાધુ થયા હોય અને તેઓ આવી રીતે જ્ઞાનની દશામાં હોય, પણ બધા જ મૂઢ હોય એ શક્ય નથી.

**ચેષ્ટાઓ છતાંય શબ્દ**

ત્યારે સમાજનું શું ? તે વિશે કોઈ નિર્ણય કરી શકતા નથી. એટલે બુદ્ધિથી વિચારીએ તો સમજાય છે કે ત્યારે વ્યવહાર તો ચાલતો જ હશે ને ! તો તે ઈશારાથી ચાલતો હશે અને એમ કોઈક ને કોઈ શબ્દ તો નીકળી પડતો હશે. આપણી સંસ્કૃતિ કહે છે કે ભાષા તો હતી અને સૌથી પહેલો જે શબ્દ હતો તે ૐ નીકળેલો. એનું કોઈ પ્રમાણ નથી. પણ આપણા લોકોએ વિચાર્યું કે શબ્દ ત્રણ ઠેકાણેથી નીકળે - નાભિ, કંઠ અને મૂર્ધન્ય. નાભિ અને કંઠમાંથી જે નીકળે તે કાને સાંભળીએ અને મૂર્ધન્યમાંથી જે શબ્દ નીકળે તે સાંભળી શકતા નથી. મૂર્ધન્ય એટલે

માથાનો વચલો ભાગ. શબ્દનું સ્ફોટ થવું એ પણ માથાના વચલા ભાગમાંથી થાય છે. કાન સાંભળી શકે તે પણ કાનમાં એવી જ્ઞાનતંતુની રચના છે કે તે બધા જ્ઞાનતંતુ મગજની અંદર જાય છે અને અંદરની રચનાને બહારનાં આંદોલનો સ્પર્શ કરે અને પછી અંદરની રચના બહારનાં આંદોલનોને પકડીને શબ્દને સાંભળી શકીએ; અને એમ શબ્દનું માથાના વચલા ભાગમાં પણ સ્થળ છે.

**ત્રણ કેન્દ્રોની સમતામાંથી ૐ**

એટલે શબ્દના ત્રણ સ્થળને લીધે શબ્દ સંભળાતો હશે એમ બધાંએ વિચાર્યું. અને જ્યારે માણસ ભગવાનની સાથેના સંબંધમાં હોય, ત્યારે આમ તો ત્રણેય સ્થળોમાં સમતા કે સરખાપણું હોય એ પળે જે શબ્દ નીકળે, તેમાં એમણે અનુભવ કર્યો તો તે ૐ ઉચ્ચાર થાય. એમ ૐ આપણી સંસ્કૃતિનો મૂળ શબ્દ છે. એમ દરેક સંસ્કૃતિમાં મૂળ શબ્દની ઉપાસના થાય છે. મુસલમાનોમાં અલ્લાહ; તેમજ ખ્રિસ્તી, જૈન ધર્મમાં પણ આવી ઉપાસના છે. એટલે નાભિ, કંઠ અને મૂર્ધન્યમાંના સરખાપણાથી જે શબ્દ નીકળે તેનો સંબંધ શ્વાસમાં હોવાથી અને શબ્દમાં સમ હોવાથી શ્વાસમાં પણ સમ પ્રગટે છે અને એમ એ શબ્દ પ્રગટે, ત્યારે શ્વાસ પણ સમ હોય છે. એટલે આવી ભાવનાવાળી સ્થિતિમાંથી શબ્દ નીકળે ત્યારે શ્વાસમાં સમ પ્રગટે, અને બંને - સૂર્ય ચંદ્ર-નાડીમાંથી સરખા પ્રકારનો - એટલે કે કંપ વગરનો - એકબીજામાં જરા પણ જોશ નથી એવો શ્વાસ વહે છે. તેનો આપણા શાસ્ત્રકારોએ વિચાર કર્યો. શ્વાસનું સમ પ્રમાણમાં વહન થાય તો તેની અસર થાય ? એનું જ નામ પ્રાણાયામ. એટલે જ્યારે પ્રાણાયામ પ્રગટે ત્યારે આશા, તૃષ્ણા વગરે મોળાં પડે; સાથે સાથે લાગણી, ઊર્મિ, ભાવના પણ શ્વાસ સાથે પ્રગટે અને એટલે શાંતિ, પ્રસન્નતા લાગે છે. અને આપણો પ્રાણ, આશા, ઈચ્છા, તૃષ્ણા વગેરે જેનું Function (પ્રાણનો ધર્મ) છે તે પ્રાણ - જ્યારે ભાવ પ્રગટે ત્યારે સ્થિર થઈ શકે અને એ બધાં તે કાળ પૂરતાં શાંત થઈ જાય છે. આવી સ્થિતિમાં જ્યારે શબ્દ નીકળે અને તે પાછો ભાવનાવાળો પ્રગટે, ત્યારે એવા પ્રકારનો ચાલે, તેની સાથે બુદ્ધિ પણ સમ પ્રકારની થાય છે અને તેની સાથે સમગ્ર રીતે આપણામાં સમતા પ્રગટતી હોય છે.

## 'ઉપાસના' એટલે શું ?

**ઉપાસનાનો અર્થ પાસે બેસવું.** લોકોની પાસે બેસવું ? તો કહે ના. બ્રહ્મ કે ભગવાનની પાસે બેસવું. એમ આપણામાં એકધારી ભાવના પ્રગટે એટલે એનું નામ ઉપાસના. એવી ભાવના પ્રગટે, ત્યારે પ્રયત્ન નથી કરવો પડતો અને તેવા વખતે મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌ની શુદ્ધિ થયા કરે છે. અને એવી જ રીતે જેમ જેમ ભાવ ઉન્નતપણે પ્રગટ્યા કરે, ત્યારે એની અસર આપણાં શ્વાસોશ્વાસ અને ફેફસાં પર અસર કરીને આપમેળે પ્રાણાયામની અસર કરે અને એમ શુદ્ધિ થાય છે.

## શબ્દની ઉપાસના

આમ, શબ્દની ઉપાસનાથી આપણાં કરણોની વિશુદ્ધિ થઈ શકે છે તે આપણે જોયું. એટલે સારા થવાની પ્રક્રિયા ભગવાનના નામની ઉપાસના છે એમ મેં તમને સમજાવ્યું. પછી તમને જે નામ વહાલું લાગતું હોય તેની ઉપાસના તમારા ધ્યેયને સન્મુખ રાખીને કરો તો મન, બુદ્ધિ, પ્રાણ વગેરેની વિશુદ્ધિ થયાં કરે છે અને તેમ તેમ રાગદ્વેષો મોળા પડતા જાય છે. આ માટે જો શ્રદ્ધા પ્રગટેલી હોય તો જ બને. ગીતામાતાએ પ્રમાણ મૂક્યું છે કે *"શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્"* એટલે આપણે વેપાર કરવો હોય તો મૂડી જોઈએ; એકલી મૂડી નહીં પણ આવડત, હૈયાઉકલત, સાહસ, હિંમત વગેરે જોઈએ. એકલી મૂડીથી ન ચાલે. ગમે તેવાં ગ્રાહક આવે તેની સાથે પણ પ્રેમથી સોદો કરો તો વેપાર ચાલે, વળી વાણી પણ મધુર જોઈએ.

તેવી જ રીતે મનુષ્યે ચેતનને અનુભવવું હોય તો સરળ અને સહજ પદ્ધતિ જે શોધી કાઢી છે, તે શબ્દની ઉપાસના. આ મેં તમને ખૂબ ચોખવટથી સમજાવ્યું. સ્મરણથી આપણાં કરણો કેમ વિશુદ્ધ થઈ શકે તે પણ ભગવાનની કૃપાથી મેં સમજાવ્યું.

## નામસ્મરણની રીત

આ શબ્દનો ઉચ્ચાર એ માત્ર બોલવાનો જ નથી પણ એ બોલવાથી આપણાં કરણોની વિશુદ્ધિ થાય એવી રીતની સભાનતાથી ભગવાનના સ્મરણમાં જ્યારે અખંડતા પ્રગટે, ત્યારથી સારી સાધનાની શરૂઆત થાય છે. એટલે સાધનાની - ખરી શરૂઆત માટે શબ્દની અખંડતાની મૂળ જરૂરિયાત. એટલે શબ્દની ઉપાસના એ પહેલાનાં કાળમાં પણ

(માનવી) બીજી સાધના કરી શકે એવી સ્થિતિ નહોતી, ત્યારે આપણા ઋષિમુનિઓએ આપણા પર કૃપા કરી, કરુણા કરીને, આપણને આ સ્મરણનું સહેલું સાધન આપ્યું છે.

**શબ્દનું મૂળ**

બાઈબલમાં શરૂઆત આ પ્રમાણે છે : In the beginning there was a word. શબ્દ એટલે શું તેની ભાંજગડ થાય. ત્યારે word એટલે શું ? આ સંસારવ્યવહારમાં જે બધી ગતિ ચાલી રહેલી છે. વ્યવહાર ચાલી રહ્યો છે તે શબ્દથી ચાલી રહેલો છે. તે સિવાય તો ઈશારો કરવો પડે. તેમ છતાં ઈશારો એ શબ્દનું સૂક્ષ્મ સ્વરૂપ છે ત્યારે એમાં પણ શબ્દની ભાવના તો રહેલી છે.

ત્યારે પ્રશ્ન ઊઠે છે કે શબ્દથી બ્રહ્મનો અનુભવ કેવી રીતે થાય ? સંસારવ્યવહારમાં પ્રેમ, અણગમો, વેર વગેરે પ્રગટે છે, એ શબ્દથી પ્રગટે છે, એ વાત દરેક કબૂલ કરશે. એનાથી પ્રેમ, સહાનુભૂતિ, સદ્‌ભાવ, વેર, ઈર્ષા વગેરે પ્રગટે છે તેમ છતાં એનાથી ભાવના ય પ્રગટે તે હકીકત છે. તેમ પારમાર્થિક ક્ષેત્રમાં જ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ બધું શબ્દથી પ્રગટે છે.

શબ્દ ત્રણ પ્રકારના છે : સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. એનાં ત્રણ વિભાજન થતાં ત્રણ પ્રકાર ગણાય. એનો એકમાં કેવી રીતે મેળ ખવડાવવો ?

**‘ૐ’ નું અતિ સૂક્ષ્મ મૂળ**

હજારો વર્ષ પહેલાં એટલે કે જ્યારે ભાષાનો ઉદય નહોતો થયો ત્યારે વાદળાં અને એનો ગડગડાટ થાય તેને ભગવાનનો અવાજ ગણેલો; એની પ્રાર્થના વેદમાં છે. એમ અનંત પ્રકારના શબ્દો છે તેમ જ વનસ્પતિની મૂંગી સૃષ્ટિ છે, જેની અંદર એક રમત રમાઈ રહેલી છે; એને લીધે પૃથ્વી પર જીવન રહેલું છે અને એમાંથી એ લોકોએ મૂળ શબ્દ શોધ્યો અને જે પ્રગટ્યો તેને ૐ કહ્યો.

**‘ૐ’ કારમાં બ્રહ્માંડ**

શબ્દની ઉત્પત્તિ ત્રણ ઠેકાણેથી ઉદ્‌ભવે : નાભિ, કંઠ અને મૂર્ધન્ય. એટલે શબ્દ એ ત્રણ સ્થળમાંથી ઊઠે અને ત્રણેયને ભેદે એવો શબ્દ ૐ છે. ઉપરાંત શબ્દનાં મૂળ, ગણ, લોમ અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ

બધાં ૐકારમાં સમાયેલાં છે. ૐકારમાં અખંડ બ્રહ્માંડ સમાયેલું છે. એકલી પૃથ્વી નહિ, પણ સમસ્ત નભોમંડળ પણ એમાં સમાયેલું છે એમ બધા અનુભવીઓએ કહ્યું છે. બુદ્ધિથી વિચારીએ તોપણ એ એમાં સમાઈ જાય છે. દા.ત. એક વિસ્તારનો 'ભવાનીવડ'નો ઉલ્લેખ કરીએ એની સાથે એ બધા વિસ્તાર ઉપરાંત બધી જગ્યા આવી જાય. એવું જ ૐનું છે. પણ એ અનુભવમાં પ્રગટી શકે ખરું ? હા, પણ એના માટે સતત સાધના જોઈએ. એ જો અવિરતપણે - સળંગપણે પ્રગટે તો એનો અનુભવ થાય. એનાથી કામ, ક્રોધ વગેરે મોળા પડે.

**સૂક્ષ્મ ચક્રોની ખિલવણી**

ૐમાંથી જે આંદોલનો પ્રગટે છે, તે ત્રણ ઠેકાણે પ્રગટે છે - એટલે કે નાભિ, કંઠ અને મૂર્ધન્ય ત્રણેયમાંથી પ્રગટે છે અને ઉચ્ચાર સાથે. આપણાં શાસ્ત્રોમાં કરોડરજ્જુની અંદર મેરુદંડ તેમજ જે ચક્રો કહેલાં છે તે રહેલાં છે. અવાજનાં ત્રણ સ્થાન કહ્યાં, એની બરાબર સામે રહેલા આપણા જ્ઞાનતંતુને સંકળાઈને એ ચક્રો આવેલાં છે. નાભિ સામે જ ચક્ર છે, કંઠમાં ચક્ર, કરોડરજ્જુના મૂળમાં - એટલે કે જ્યાંથી બધી ગતિ થાય ત્યાં ચક્ર છે અને મૂર્ધન્યમાં એક ચક્ર છે. હવે, જ્યારે અવાજનાં આંદોલનો ઊઠે, ત્યારે એ બધાં ચક્રો ખીલવા માંડે છે.

**સમતા**

ૐમાં ત્રણ અક્ષર 'અ, ઉ, મ્'. છતાં ખરી રીતે એમાં એકેય અક્ષર નથી. ચેતનમાં જેમ બે પાસાં છે : નિરાકાર અને સાકાર, એ જ પ્રમાણે ૐકારમાં 'અક્ષર હોવા છતાં અક્ષર નથી'. ૐ બોલવાથી માત્ર આપણામાં ભાવના પ્રગટતી નથી, પણ જે જીવ ભાવના પ્રગટાવવાને માટે (એનો) જો એક સાધન તરીકે ઉપયોગ કરે છે, તેને એ એમાં મદદરૂપ થાય છે. ઘણો લાંબો વખત ૐનો ઉચ્ચાર સતત રહ્યા કરે છે તો એવા ઉચ્ચારથી કરોડરજ્જુમાં જે આંદોલનો ફેલાય છે, તેથી ચક્રો ખીલે છે અને એનાથી સમતા પ્રગટે છે. એટલે સુખદુ:ખની સ્થિતિમાં સમતા પ્રગટે ત્યારે જીવનની ઘણી સરળતા રહે છે.

**ગુણધર્મ ઓળખો**

આપણી સાથે આવરણ રહેલું છે. ચેતનમાં પણ આવરણ આવ્યું એટલે પ્રકૃતિરૂપ દ્વંદ્વ અને ગુણવાળું થઈ ગયું. એ સ્થિતિમાં ૐકાર કેવો

ભાગ ભજવે ? દ્વંદ્વ એટલે બે સામસામાં પાસાં. સુખ-દુઃખ, પ્રકાશ-અંધકાર, એવા બે પાસાં. એ આપણામાં ઘર્ષણ ઊભું કરે છે અને પ્રકૃતિથી દોરવાયેલાં આપણને ઘર્ષણમાં ઉતારે છે. એટલે જો એમાં દોષ જોઈએ તો દોષ લાગે. પણ આપણે એમ વિચારીએ કે એ તો પ્રકૃતિ અનુસાર વર્તે છે, તો આપણને કશું ન લાગે એમ અનુભવીએ. જ્યારથી પ્રકૃતિના ગુણધર્મ સમજી લઈએ, ત્યારથી એ આપણને નડતાં નથી.

ૐકારનો જ્યારે એકધારો ઉચ્ચાર પ્રગટે, ત્યારે સંસારવ્યવહારમાં સરળતા રહે. સંસારવ્યવહારના સંઘર્ષણો અકળામણોથી રોગ તેમજ સંતાપ વગેરે થાય છે અને તટસ્થતા અને સમતાથી જો એનું સંવેદન થાય તો ઘર્ષણ ઘટે છે.

**જપના શબ્દનું રહસ્ય**

ૐકારનું ઉચ્ચારણ સરળ છે. જપ હંમેશાં ટૂંકો Low consonant ભારે વ્યંજન ન હોય એવો હોય અને એમાં હ્રસ્વ હોય અને ત્રણેય સ્થળના સ્તરને ભેદે એવો હોવો જોઈએ. એટલે જ્યારે એનું સતત રટણ-સ્મરણ થાય તો પ્રકૃતિના જે સંઘર્ષણો જાગે, મૂંઝારો થાય એને સંવેદન કરવાથી ધીરે ધીરે ઓછાં થતાં જાય છે અને એમ ઓછું થતાં શાંતિ અને પ્રસન્નતા વધતાં જાય છે. આમ થતાં સકળ વસ્તુમાંથી આપણને ૐકારની લગની લાગ્યા કરે અને પછીથી Effortless effort અજપાજપ જેવું થઈ જાય.

દરેક વખતે પ્રકૃતિથી કર્મ કરતાં રાગદ્વેષ પ્રગટે અને રાગદ્વેષ કર્મ કરતાં વધતાં જવાના. કારણ એને ખ્યાલ નથી કે મારે રાગદ્વેષ મોળા પાડવાના છે. જેમ નદીમાં પૂર આવે તો હજારો મણ લાકડાં તણાઈ જાય, તેમ આપણે પ્રકૃતિથી તણાઈ જઈએ છીએ.

**પુરુષની જાગૃતિ**

ૐકારના સતત ઉચ્ચારણથી સમતા પ્રગટે, રાગદ્વેષ ઘટે, દ્વંદ્વ અને ગુણની પકડ મોળી પડે. ૐકારના સતત સ્મરણથી સાતત્ય પ્રગટે અને કરોડરજ્જુમાંનાં ત્રણેય ચક્રોને એનાં આંદોલનોનો સ્પર્શ થતાં ખીલે છે. એથી સમતા પ્રગટે અને રાગદ્વેષ મોળા પડે; અને એમ દ્વંદ્વ અને ગુણ મોળાં પડતાં આપમેળે કામ, ક્રોધ, લોભ વગેરે મોળા પડે; અને એ મોળાં પડે એટલે પ્રકૃતિથી આપણે જે ધકેલાતાં હતાં, તેના બદલે 'કોઈ

બીજો ફોર્સ' આપણી પાસે કામ કરાવે છે અને દ્વંદ્વ અને ગુણ આપણને કર્મમાં ધકેલતાં નથી. એટલે બીજું જે કંઈ આપણામાં છે, તે કર્મમાં ધકેલે છે - તે શું ? તો કહે છે કે આપણામાં જે ચેતન છે તે. દ્વંદ્વ અને ગુણ મોળા પડતાં, પ્રકૃતિ મોળી પડતાં, પુરુષ જે આપણામાં રહેલો છે તે જાગ્રત થાય છે; અને તેમ થતાં આપણે પ્રકૃતિથી દોરવાતા નથી. દ્વંદ્વ અને ગુણમાં પ્રકૃતિથી કામ લઈએ છીએ, ત્યાં સુધી ચેતન અથવા પુરુષ સુષુપ્ત રહે છે અને પ્રકૃતિ ખસી જતાં આપણાં જે કર્મો પ્રગટે તે ચેતનના બળથી પ્રગટે. એટલે પહેલાં જે પ્રકૃતિથી દોરવાતા, તેને બદલે હવે પ્રકૃતિના સ્વામી બનવાથી પ્રકૃતિ પ્રમાણે દોરવાતું નથી.

**કાળનો અંતરાય**

આપણા લોકોએ અધ્યાત્મવિદ્યામાં ઘણાં સંશોધનો કરેલાં છે. શબ્દમાં ગૂઢ શક્તિ રહેલી છે, તેનો અભ્યાસ કર્યો અને એમ કરતાં એનું હાર્દ, રહસ્યો ખૂલતાં ગયાં. તેનો અભ્યાસ કર્યો. એમને લાગ્યું કે ચેતનનો અનુભવ કરવા કાળ અડચણરૂપ છે. તો એ કેમ કરીને ટુંકાવાય કે જેથી ચેતનનો જલદી અનુભવ થાય ? એટલે તંત્રમાં બે પ્રકાર છે : કૃષ્ણ અને શુક્લ. આપણી હાલની પરિસ્થિતિમાં એનું યોગ્ય મૂલ્યાંકન ન કરી શકીએ. આઈન્સ્ટાઈનની Relativity થીયરીને આખી દુનિયામાં ભાગ્યે જ ૫-૭ માણસો સમજી શકતા હશે. થીઅરી તો ખોટી નથી. તદ્દન વાજબી છે.

તંત્રમાર્ગ શબ્દના રહસ્ય ઉપર છે. એ શબ્દ પણ એવો છે કે એનો અર્થ પણ ન કાઢી શકાય. ઘણા બ્રાહ્મણો - 'ૐ, હ્રી, ક્લીં' એવા કેટલાયે શબ્દો છે તે - આરાધનામાં બોલે છે. પણ એ કરવા માટે આપણામાં બહુ ચિત્તશુદ્ધિ જોઈએ. તો જ તંત્રવિદ્યા સાધ્ય થઈ શકે. તંત્રમાં જો કોઈ વિકારી માણસ એ લે તો કદાચ વિકાર વધે. પણ ૐકાર જ એક એવો શબ્દ છે કે વિકાર ઘટાડે. એટલે શબ્દમાં જે ગૂઢ રહસ્ય રહેલું છે, તેનો જલદીથી અનુભવ થઈ શકે તેમ કરવા તંત્રવિદ્યા છે. એના જાણકાર બહુ ઓછા છે. એનાં બીજરૂપે એની હસ્તી છે. કંઈ કશું નાશ પામતું નથી. પણ એ શીખવાની ભાવના ક્યાં પ્રગટેલી છે ?

**'ૐ' માં ત્રિલોક**

ૐમાં જે ત્રણ અક્ષરો આવેલા છે : 'અ, ઉ, મ્' એ ત્રણ સ્થળની અંદર પણ ત્રણ લોક વસેલા છે. કોઈને એમ લાગે છે કે ગપ્પાં છે !

પણ એ અનુભવથી ખબર પડે. 'પિંડે તે બ્રહ્માંડે' એવી એક કહેવત છે. જે ખેલ આ બ્રહ્માંડમાં થઈ રહેલો છે તે જ આપણા શરીરમાં થઈ રહેલો છે. આ શરીરમાં અણુ-પરમાણુની રચના છે એમ બ્રહ્માંડમાં પણ છે. એ અણુ-પરમાણુ ફૂટે છે, એનાથી શરીરની શક્તિ-ગરમી જળવાઈ રહે છે. આપણા શરીરમાં અમુક પ્રમાણમાં ગરમી રહે તો ખોરાક પણ પચે છે. એ ત્રણ સ્થળ તે ત્રણ લોકનાં પ્રતીક છે. કોઈક ૭-૧૪ લોક પણ કહે છે.

In the beginning there was a word એ Positive સ્થિતિ છે - એ ભાવાત્મક છે. એમાંથી જ્યારે Menifestation થયું, તે શબ્દ થયો. બાળક જન્મે પછી રડે નહિ તો ગભરાઈએ છીએ અને મળત્યાગ ન કરે તો પણ ગભરાઈએ છીએ. એટલે શબ્દ પહેલાંની સ્થિતિ શૂન્યાવસ્થા અને મળરૂપી જે વૃત્તિઓ છે તેનો ત્યાગ કરવો પડે. **એટલે વધવું ને જીવવું હોય તો મળત્યાગ કરવો એટલે જીવવું હોય તો શબ્દની ઉપાસના કરવી અને કામ, ક્રોધ, લોભ વગેરેનો ત્યાગ કરવો.**

**ભિન્ન સ્થળેથી પ્રયોગ કરો**

જીવનમાં ચેતનના અનુભવને માટે શબ્દની ઉપાસનાની જરૂર છે આ બધું જાણતાં આનંદ થાય પણ એની આરાધના કરવી મુશ્કેલ છે આગળ જતાં જેમ શબ્દનાં ત્રણ મૂળ - તે કોઈકને એક, બે કે ત્રણમાંથી પ્રગટે. એ ત્રણેય કરણનો આપણને ખ્યાલ નથી હોતો. નાભિમાંથી જાગે, મૂર્ધન્યમાંથી જાગે તો એનો લાભ થાય છે. તમે કામ, ક્રોધ ને લોભના વિકારમાં હો તેની ખબર તો પડે ને ? પ્રયોગને ખાતર શબ્દ નાભિમાંથી ઉઠાવો અને જુઓ કે તમારા માનસની સ્થિતિ કેવી થાય છે ? એનો બુલંદ અવાજ - રણકાર તમારામાં ઉન્મિલન કરી દેશે, એકાગ્ર કરી દેશે. પ્રયોગ કરી જુઓ. ગમે તેવી મૂંઝવણમાં આવો જ અવાજ ખૂબ મદદરૂપ છે. એમ જ કંઠ અને મૂર્ધન્યમાંથી ઊઠતા અવાજની પણ અસર હોય છે. કરી જુઓ તો ખબર પડે.

**પ્રભુનું નિવાસસ્થાન**

શબ્દપ્રાગટ્યનું મૂળ નાભિ, કંઠ અને મૂર્ધન્ય છે એ તો આપણા શરીરની અંદર રહેલાં છે. શરીરમાં એ બધાં શેની સાથે સંકળાયેલા છે ? તો કહે, એ બ્રહ્મરંધ્ર અથવા તો હૃદય સાથે સંકળાયેલા છે. ચેતનનું

કેન્દ્રસ્થાન ક્યાં ? તો બ્રહ્મરંધ્ર કે હૃદયમાં છે. ગીતામાતામાં પણ કહેલું છે કે 'હું હૃદયમાં છું' એટલે કે શારીરિક હૃદયમાં નહિ, પણ શરીરમાં છાતીની વચમાં જે ખાડો હોય છે ત્યાં અને થોડે અંશે બ્રહ્મરંધ્રમાં. એટલે શબ્દ નીકળે છે તેનું મૂળ હૃદયમાં છે. એટલે શબ્દ પણ શરીરશાસ્ત્રની દૃષ્ટિએ કે આધ્યાત્મિક યોગશાસ્ત્રની દૃષ્ટિએ હૃદયમાંથી નીકળે છે.

જેમ શબ્દથી સંસારનો વ્યવહાર ચાલે છે તેમ આ વ્યવહાર પણ ચાલે છે. એમ આ વ્યવહાર ચલાવવાને તેવો શબ્દ જોઈશે. તો જો ચેતન પ્રગટાવવાને શબ્દ જોઈતો હોય તો ચેતન તરફ અભિમુખતા પ્રગટાવે એવા શબ્દ જોઈએ. ભગવાન તરફની અભિમુખતા કેવી રીતે પ્રગટે ? એવી ભૂમિકા હાલ નથી તો બીજું કંઈ સાધન ? તો કહેશે - ભગવાનનું સ્મરણ.

## નિરંતરતા જરૂરી

એ (સ્મરણ) અખંડતા કે નિરંતરતા સુધી લઈ જવું જોઈએ. એ એવું એક સાધન છે કે ચેતનામાં નિષ્ઠા પામેલા કે પ્રગટેલા આત્માઓ પ્રત્યે નિરંતરતા પ્રગટે એટલે સરળતા અને સળંગતા - ગંગામૈયાના પુનિત પ્રવાહના જેવી પ્રગટી જાય તો જ બને. સંસારમાં નિરંતરતા પ્રગટે છે. વેપારધંધામાં એના જ વિચારો, ચિંતવન હોય છે, છતાં તેમાં ધાર્યું પરિણામ નીપજતું નથી. પણ જો આધ્યાત્મિક સ્થિતિમાં એવી નિરંતરતા પ્રગટે તો વધારે ચોક્સાઈવાળાં, વધારે સારાં પરિણામ નીપજી શકે.

## પાંચ તત્ત્વોની લીલા

આપણા બ્રહ્માંડમાં પાંચ તત્ત્વો છે. આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. આ બધાં નક્ષત્રોમાં પાંચેય તત્ત્વો નથી. કેટલાંકમાં માત્ર તેજનાં જ તત્ત્વ હોય છે. એવા ઘણાં છે. વળી થોડાં આકાશ, તેજ અને વાયુવાળાં છે. તેમ જ આકાશ, તેજ, વાયુ અને જળવાળાં થોડાં, પણ આપણી પૃથ્વી પર પાંચે તત્ત્વો છે. આ પાંચ તત્ત્વોમાંથી Menifestation (વ્યક્તત્વ) જે થાય તે અહીં છે. એમાં આકાશનું વ્યક્તત્વ શબ્દ, તેજનું વ્યક્તત્વ રૂપ, વાયુનું વ્યક્તત્વ સ્પર્શ, જળનું વ્યક્તત્વ રસ અને પૃથ્વીનું વ્યક્તત્વ ગંધ છે.

જે શબ્દ છે એ ભાવવાચક છે. એટલે જ્યારે જે મૂળ શબ્દો હશે અથવા પહેલાં જ્યારે મનુષ્ય હશે અને પહેલાં જે મૂળ શબ્દ હશે તે બહુ

આકર્ષક હશે. બાળક પહેલવહેલું "મા" બોલે છે અને તે એને બહુ આકર્ષક હોય છે. એ નવ માસ સુધી માના પેટમાં રહેલું હોય છે. એટલે તેનું આકર્ષણ મા સાથે ખૂબ હોય છે તેમ જ જ્યારે માનવી પહેલાં જે હશે તેનું આકર્ષણ અજ્ઞાત રીતે (Unconsciously) ચેતન તરફ હતું. કારણ એની વૃત્તિ બહિર્મુખ ન હતી. ભાષાનું સાધન હતું નહિ. ત્યારે બહુ સુધારાની દશામાં ન હતા. ત્યારે કદાચ કપડાં પણ પહેરતાં ન હોઈએ એથી કરીને જેને સંસ્કૃતિ કે અંતર્મુખતા કહીએ તે કાળમાં વિશેષ પ્રમાણમાં હશે.

### વેદકાળની સંસ્કૃતિ

પણ આપણે જે પ્રજાને જંગલી અવસ્થામાં હતી એમ કહીએ છીએ તે ઋગ્વેદનો કાળ હતો કે તે પહેલાંનો સમય (આજથી લગભગ ઈ.સ. પૂર્વે દશ હજાર વર્ષ) ત્યારે ઋગ્વેદ રચાયો અને એની ઋચાઓ ઋષિમુનિઓ ઉચ્ચારતા. કારણ, શબ્દ પરત્વે તેમનું આકર્ષણ હતું.

પહેલાં જેમ અંધારું હોય અને પછી જેમ પ્રકાશ થાય તેમ પહેલાં જે સ્થિતિ હતી, તેમાંથી જે સંસ્કૃતિ જન્મી તેના પહેલાં એનો Impact તો હોય જ છે. અંધારામાં જેમ પ્રકાશનો Impact હોય જ છે એટલે તે જમાનાનું કે ઋગ્વેદના તે કાળનું કોઈ અધ્યયન કરે તો કોઈને પણ લાગે કે તેઓ આપણા કરતાં વધારે સંસ્કૃત હતા. કદાચ સુધરેલા ન હોય પણ વધારે સંસ્કૃત કે અંતર્મુખ તો હતાં જ. **દુનિયાની કોઈ પણ સંસ્કૃતિ કરતાં આપણે તે કાળમાં ઉચ્ચ સ્થાને હતાં.**

મૂળ વાત ઉપર - જ્યારે આપણે બોલી શકતા ન હતા, જે જંગલી અવસ્થા હતી, ત્યારે શબ્દનું વ્યક્તત્વ થયું. મારો પ્રવચનનો મૂળ હેતુ શબ્દનું મહત્ત્વ છે. આજે પણ જો શબ્દ ન હોય તો ખૂબ ગૂંચવાડો થઈ જાય. કોઈ માણસ મૌન પાળતો હોય તો લખીને આપવું પડે.

### શબ્દનું ઉદ્ભવસ્થાન

શબ્દ આકાશમાંથી નીકળ્યો છે. એ બ્રહ્મવાચક, ચેતનવાચક અને ભાવવાચક છે. એમાં જ્યારે નિરંતરતા-અખંડતા પ્રગટે, ત્યારે આપણું જોડાણ આકાશતત્ત્વ સાથે થતું હોય છે. શરીર પંચતત્ત્વનું બનેલું છે એ તો હકીકત છે. આપણામાં આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વીનાં તત્ત્વો છે.

શબ્દનો સંબંધ આકાશ સાથે છે; એનો જન્મ આકાશમાંથી થાય છે. જો શબ્દની નિરંતરતા એકધારી પ્રગટે તો આપણામાં આકાશતત્ત્વ ખીલે અને વળી આકાશનો સંબંધ ગુણ સાથેય હોય છે. ગુણ ત્રણ છેઃ સત્ત્વ, રજસ અને તમસ. આકાશનો સંબંધ સત્ત્વ સાથે હોય છે. રજસનો તેજ અને વાયુ સાથે અને તમસનો જળ અને પૃથ્વી સાથે સંબંધ હોય છે. હવે, જ્યારે શબ્દમાં નિરંતરતા પ્રગટે ત્યારે આકાશતત્ત્વ ખીલે અને એ ખીલે ત્યારે એનો સંબંધ સત્ત્વ સાથે હોય. સત્ત્વનો વિસ્તાર થવા માંડે અને એમ થતાં આપણી જીવદશા મોળી પડે - એટલે કે કામ, ક્રોધ, તૃષ્ણા, લોભ, મોહ, મદ, મત્સર વગેરે મોળાં પડે. જો આપણે જીવદશાની વૃત્તિઓને એક પછી એક મોળી પાડવા માગીએ તો જિંદગી વહી જાય. કોઈક એક ગુણ આપણે નિર્મૂળ ન કરી શકીએ, અને એને નિર્મૂળ કરવા માગીએ તો એની સાથે બીજાં બધાં સંકળાયેલાં છે.

**નામસ્મરણ વિજ્ઞાન**

જ્યારે આપણે નામસ્મરણ કરીએ, ત્યારે ભગવાન પરત્વેની વ્હાલપનો ને એક જાતનો ઉમળકો, લાગણી આપણામાં રહેવી જોઈએ. એ લાગણી એની મેળે આપણને રહે નહિ. આપણને રહે નહિ તો જ એ ખરો. 'ખરો' એટલા માટે કહું છું કે એના પોતાનામાં શક્તિ રહેલી છે. સ્મરણમાં સાચી શક્તિ રહેલી છે. સ્મરણ શબ્દમાં જ શબ્દનાં મોજાં છે. મોજાંનો આપણા મગજમાં અમુક સ્થળે સ્પર્શ થાય છે. એ સ્પર્શ થાય છે એ એનો અનુભવ છે. એ જેમ જેમ વધારે ને વધારે સ્પર્શ થાય છે, તેમ તેમ આપણા મગજમાં જે જુદાં જુદાં કેન્દ્રો છે, એ કેન્દ્રોને સ્પર્શ્યા કરે છે. એ કેન્દ્રોને જેમ જેમ સ્પર્શે છે તેમ તેમ તેને કૃપાનો અનુભવ થાય છે. વધારે વાર સ્પર્શે તો - એ જાણે કે અનુભવની વાત છે !

આ જે પાંચ તત્ત્વો છે - આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી. આ પાંચ તત્ત્વોનું આપણું શરીર બનેલું છે. આ પાંચ તત્ત્વો જે શરીર બનાવે છે એમાંથી બધું થાય છે. આકાશમાંથી શબ્દ થાય છે. તેજમાંથી રૂપ. રૂપનું જે દર્શન થાય છે, તે તેજમાંથી થાય છે. વાયુમાંથી સ્પર્શ - આ ખરબચડું છે, સુંવાળું છે - એ બધું ભાન આપણને વાયુને લીધે થાય છે.

જળમાંથી રસ. રસ કેવો લાગે છે આપણને ! એ જળને લીધે. આ ખાઈએ, પીએ છીએ. ખાતી વખતે રસ લાગે છે તે જળનો. આ પાંચ તત્ત્વોની પાંચ તન્માત્રા. આકાશનો શબ્દ, તેજનું રૂપ, વાયુનો સ્પર્શ, જળનો રસ, પૃથ્વીની ગંધ.

હવે, આકાશ અને શબ્દ એ બંને ઓતપ્રોત છે. કહેવાય જુદા. આકાશ અને શબ્દ બોલાય જુદા. પણ બંને એક. એકમેકથી જુદા નથી. બંને ઓતપ્રોત છે. હવે આ પાંચ તત્ત્વો થયા. એના ત્રણ ગુણ- સત્ત્વ, રજસ અને તમસ. આકાશને સત્ત્વની સાથે સંબંધ. આકાશ દેખાય નહિ, તેવી રીતે સત્ત્વ પણ નહિ દેખાય, અને સત્ત્વમાં નિર્મળતા હોય, આકાશના જેવી. તેજ અને વાયુમાં અત્યંત મોમેન્ટમ (વેગ). સુમાર વગરનું મોમેન્ટમ. જેની ધારણા ન થઈ શકે તેવું મોમેન્ટમ છે. તેજનું પણ તેવું. વાયુ અને તેજની સાથે રજસનો સંબંધ. જળ અને પૃથ્વીમાં અત્યંત ઈનર્સીયા (જડતા). જળ અને પૃથ્વી તત્ત્વ તમસની સાથે જાય. આમ પૃથ્વી અને જળ તમસની સાથે, તેજ અને વાયુનો સંબંધ રજસની સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે. હવે આકાશ અને શબ્દ બંને એક છે. ઓતપ્રોત છે. એ શબ્દ જ્યારે આપણને એકાકાર થાય, આપણામાં સમગ્રપણે થાય તો આપણે આકાશમાં ફર્યા એ તો સમજાય તેવી છે. આકાશ મોખરે આવે એટલે સત્ત્વ મોખરે આવે. જો સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય. રજસ અને તમસ ગૌણ બને એટલે - કામક્રોધાદિ વિષયો છે - રજસ અને તમસ કામક્રોધાદિના વિષયો છે - જ્યારે સત્ત્વ મોખરે આવે ત્યારે રજસ અને તમસ ગૌણ બની જાય છે. એ ગૌણ બની જાય એટલે આ પણ બધા ગૌણ બની જાય. એટલે શબ્દનો કેટલો મોટો ચમત્કાર, રેશનલી (વ્યવહારુ રીતે) સમજાવી શકાય. આની પાછળ મેં બહુ મથામણ કરેલી. કોઈ ઠેકાણે તમને આવું નહિ મળે. “ભાઈ, આ ભગવાનનું નામ લેવાથી આ કામક્રોધાદિ કેમ ઘટે છે ? મેં ઘણાંને પૂછેલું. તો કહે, “એ તો શ્રદ્ધાનો વિષય છે.” ગંગેશ્વરાનંદજી, વિદ્યાનંદજી, ગોદડિયા મહારાજ, જાનકીદાસ મહારાજ એવા બધા તે કાળના પુરુષોને મેં પૂછેલું. તો કહે “આ વેદાંત કી બાત હૈ, સાલા બેવકૂફ હે, યે તો શ્રદ્ધા કી બાત હૈ” પણ એનાથી મને સંતોષ નહી થયેલ, સાહેબ. એ જે

કરીએ છીએ કે કન્વીન્સ (સમજાવું) થવું જોઈએ. જે કંઈ કરીએ તે રેશનલ થવું જોઈએ.

હું નદીકિનારે જ્યારે ધ્યાનમાં બેઠેલો, ત્યારે મને આ જ્ઞાન થયેલું. મેં મહાત્મા ગાંધીજીને વાત કરી. બહુ ખુશ થયેલા. મને લખ્યું, "છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો સાયન્ટિસ્ટ થજે. આ દુનિયામાં સાયન્ટિસ્ટ ઘણા બધા થયા છે. પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટિસ્ટ થઈશ. આ તેં બહુ સુંદર ખોળ્યું. તદ્દન સાચી વાત છે. **નામસ્મરણ ઉપર કોઈ જગ્યાએ - કોઈ શાસ્ત્રમાં પણ હશે કે કેમ તે મને શંકા છે.** આ તો બહ સુંદર ખોળ્યું. આ તો બહુ રેશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી સ્મરણને યજ્ઞ કહ્યો છે. તે હવે મને યોગ્ય રીતે સમજાય છે."

આપણું શરીર જો આકાશ થઈ જાય, આકાશ તત્ત્વવાળું થઈ જાય, ત્યારે સર્વત્ર થઈ જાય કે ના થઈ જાય? તો થાય. તો આકાશ તત્ત્વવાળુ શરીર થઈ જાય તો તે વિસ્તારવાળું થઈ જાય. તે વાત સાચી. આ શરીર છે આકાશ તત્ત્વવાળું થઈ જતું હોવાથી તે અનેક જગ્યાએ પ્રત્યક્ષ થઈ શકે છે. ત્યારે મને એ યાદ આવી કે ખરી વાત છે. ગુરુમહારાજ અહીં હતા તે અનેક ઠેકાણે રહી શકતા. પણ આવો અનુભવી પુરુષ આકાશ તત્ત્વમાં હોવાથી, આકાશ તત્ત્વ એનામાં જ્યારે ત્યારે પ્રીડોમિનંટ (મોખરે) બની શકે છે. ત્યારે એ પ્રશ્ન થાય છે કે હું બધાનો સ્વામી છું, બધાનું સ્વામીત્વ ધરાવે છે. એટલે પાંચ તત્ત્વોનો પણ એ સ્વામી છે. એટલે ધારે ત્યારે જળરૂપ થઈ જાય. ધારે ત્યારે તેજરૂપ થઈ જાય. વા રૂપ-આકાશરૂપ એ થઈ જાય. અને એના ઉપરથી જ આપણા શાસ્ત્રકારોએ પણ એની ચાર કેટેગરી (કક્ષાઓ) પાડી. હંસવત્, બાલવત્, જડવત્ અને પિશાચવત્. પિશાચના જેવું વર્તન કરે, તો પિશાચવત્. જડની જેમ પડ્યો રહે, તો જડવત્. બાળક જેવું વર્તન કરે તો બાળવત્. આ તત્ત્વ જ્યારે વિકસે છે અને આત્મસ્વરૂપમાં આ શરીર જ્યારે જાય છે, ત્યારે આકાશ તત્ત્વ એનામાં પ્રીડોમિનંટ હોય, અથવા તો જ્યારે કંઈ કરવાની એવી અભીપ્સા હોય, ત્યારે આકાશ તત્ત્વ એનામાં મોખરે હોય, ત્યારે એ ગમે ત્યાં પ્રત્યક્ષ થઈ શકે છે. ગમે ત્યારે થઈ શકે છે. ગમે તે જાણવું હોય તે જાણી શકે છે. જ્યારે આકાશતત્ત્વ પ્રીડોમિનંટ હોય ત્યારે જ. દરેક વખતે નથી હોતું અને ક્યારે હોય અને

ક્યારે નથી હોતું એના કાયદા એની પાસે. આપણે નક્કી નહીં કરી શકીએ. એ જાતે નક્કી કરે.

**મનનચિંતવન - નામસ્મરણમાં પ્રાણ-મન કેવી રીતે ભળે ?**

સંસારવ્યવહારમાં કંઈ પ્રોબ્લેમ આવે છે તો આપણે એનું મનનચિંતન કરીએ છીએ. કારણ કે આપણે એ પ્રોબ્લેમથી પરિચિત છીએ. જ્યારે ડિવિનિટી તો તદ્દન ઍબ્સ્ટ્રેક્ટ છે. તો ઍબ્સ્ટ્રેક્ટનું મનનચિંતન કેવી રીતે કરવું, એવો પ્રશ્ન થાય. પણ આપણા અનુભવી લોકોએ એના ગુણ વર્ણવેલા છે. સર્વવ્યાપ્ત છે, કૃપાવાળો છે, ઉદાર છે, પતિતને શરણે રાખનારો છે. આ જાતના જે ગુણો છે એનો વિચાર કર્યા કરવો. એ ઉપરાંત જુદા જુદા ભક્તોને અણીના પ્રસંગોએ મદદ કરી હોય એનો વિચાર થાય. એ તો વિચારવાનું એક દિવસમાં પૂરું થઈ જાય. તો ફરી ફરીને એ જ વિચારવું. આપણો પ્રોબ્લેમ હોય, આપણી પ્રાર્થના હોય, આપણે એને જે કાંઈ કહેવું હોય—આત્મનિવેદન હોય—એ બધું મનનચિંતનમાં આવી જાય.

મનનચિંતન કહેવા પાછળનો હેતુ એ છે કે આપણાં મનાદિકરણ એમાં વળગેલાં રહે. આપણે વિચારવાનું એ છે કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ જે છે એમાં પ્રાણ મોખરે છે. પ્રાણતત્ત્વમાં જ આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, લોભ, મોહ છે. જીવદશામાં આપણું સંચાલન પ્રાણથી થયા કરતું હોય છે. એટલે પ્રાણ મોખરે હોય છે. આપણા મનનચિંતન સાથે પ્રાણ ભળે તો એ મનનચિંતનમાં ઊંડાણ આવે, નિષ્ઠા આવે, પ્રમાણિકતા આવે. જ્યાં સુધી પ્રાણ ભળતો નથી, ત્યાં સુધી લુખું લુખું મનનચિંતન થાય. એમાં એકાગ્રતા થવી શક્ય નથી. એમાં જે ભાવના-ભાવ પ્રગટવાં જોઈએ એ પણ નહિ પ્રગટે. માટે એમાં પ્રાણ ભળવો જોઈએ.

આપણે બુદ્ધિથી વિચાર કરીએ કે પ્રાણ કેવી રીતે ભળે ? જો એના વિશે ગરજ લાગે, સ્વાર્થ લાગે, મતલબ લાગે તો પ્રાણ એની મેળે સંકળાય છે. આ વિષય પરત્વે આપણને ગરજ કેવી રીતે જાગે ? એમ પ્રશ્ન થાય. ગરજ તો એમ ને એમ નહિ જાગે. જો આપણી બર્નિન્ગ ડીઝાયર થઈ જાય તો જાગે. એ ન થાય ત્યાં સુધી જાગે નહિ. એ થવા માટે આ વિષય પરત્વે બુદ્ધિથી, કોરી તો કોરી - એના પરિચયમાં રહ્યાં

કરો. કલ્પનાથી પણ રહ્યાં કરો અથવા તો ભગવાન હોય તો ભગવાનના જુદાં જુદાં ચિત્રો છે, અથવા તો ભજન દ્વારા કોઈ ને કોઈ રીતે એ વિષયના અનુસંધાનમાં આપણે રહ્યાં કરો. એમ કરતાં કરતાં જ્યારે અમુક કાળ જાય, દિવસના અમુક કલાક એકના એક વિષયમાં આપણે રોકાયેલા રહીએ તો પછી પ્રાણ એની મેળે ભળે છે. પ્રાણ ભળ્યા પછી મનનચિંતનમાં રસ પડે. જીવદશાના વ્યવહારમાં પણ આપણો પ્રાણ ભળેલો હોય છે. આ બધાનું અસ્તિત્વ પ્રાણને લીધે છે. દુનિયાદારીના વ્યવહાર સાથે સંકળાયેલા રહીએ છીએ, એ પ્રાણને લીધે.

પ્રાણ એની મેળે ઊર્ધ્વમાં નહિ ભળે, કારણ કે આ એનો વિષય નથી. પ્રાણનો વિષય પ્રકૃતિ છે. પ્રકૃતિથી ઊર્ધ્વ માર્ગમાં જવાનું છે. પ્રકૃતિમાં એ સહજ રીતે જશે. આપણે એને દોરવવો નહિ પડે. ત્યારે આમાં તો એને ટેવ પાડો. શુષ્ક રીતે પણ ટેવ પાડો. બુદ્ધિથી આપણે સમજીએ છીએ કે આ ઊર્ધ્વ પ્રકારનો માર્ગ છે, એટલે એકદમ પ્રાણ ભળવાનો નથી. બુદ્ધિથી ઊર્ધ્વ પ્રકારનું વિચારી શકાય છે. એકલી બુદ્ધિ કામ કરતી હોય તો ત્યારે ડેપ્થ નથી હોતી એ ખરું પણ બુદ્ધિ વિચારી શકે છે. વિચારની ઈન્ટિગ્રિટીમાં એક ને એક વિચારમાં આપણે રહ્યા કરીએ. વિચારની સમતુલા જળવાય, એવું જુદાં જુદાં સાધનોથી કરીએ. જુદાં જુદાં સાધનો એટલા માટે કે દા.ત. આપણે બે-ત્રણ કલાક નામસ્મરણ કરીએ તો પાછું લુખ્ખું થઈ જાય. એટલે પછી પ્રાર્થના રાખો, ભજન ગાવું, આત્મનિવેદન કરવું, સમર્પણ કર્યા કરવું, એમ જે ફાવે તે સાધનો દ્વારા, આ તો મેં કરેલાં તે કહું છું. બુદ્ધિથી એ વિષયના કોન્ટેક્ટમાં રહ્યાં કરતાં પાંચ-છ કલાક થાય, ત્યારે પ્રાણ ભળવા માંડે છે. આવી રીતે આપણે એનું મનનચિંતવન કરી શકીએ.

આપણામાં માણસો વિશે પૂર્વગ્રહ બંધાય છે, એ પ્રાણતત્ત્વને લીધે છે. બુદ્ધિ પછી આવે છે. જુદા જુદા પ્રકારના માણસો વિશે જુદી જુદી લાગણી થાય એ પ્રાણતત્ત્વને લીધે થાય છે.

આપણે નામસ્મરણ કરીએ કે તરત જ પહેલાં તો એકાગ્રતા ના થાય. પણ એકદમ નામસ્મરણ બોલતાં મન એમાં પરોવાય. ગમે તેવા એલફેલ વિચાર કરો, જેને જીવન સાથે સંબંધ ના હોય એવાય વિચાર

થાય, તો એમાંય મન પરોવાય. મન પરોવાયા વગર રહેતું નથી. એટલે આપણે એની સાથે રાગ ના થયો હોય, એની (નામસ્મરણ) સાથે પ્રેમ ના થયો હોય, એના તરફનું મમત્વ કે એવું કંઈ જાગ્યું ના હોય, પણ આપણે વિચારવું કે આપણે નામસ્મરણ લેવું છે ને જે દશામાં હોય એ દશામાં લેવું છે. એટલે એ લેવા લાગે. હવે લેવા લાગે એટલે મન એમાં ભળે જ. ભળ્યા વગર રહે જ નહિ. નામસ્મરણમાં ભળે. ગમે તે વિચાર કરો ને ગમે તે પ્લાનિંગ (યોજના) કરો, તેની સાથે મન હોય જ. તમે સંસારમાં ગમે તે કશું કર્યું હોય, ગમે તે વિચાર્યું હોય, તોય તેમાં મન પરોવાય. જેટલું વધારે વખત લઈએ એટલું વધારે વખત મન પરોવાયેલું હોય. બીજા બધા વિષયોમાં એની જરા વેલોસિટી (તીવ્રતા) રહે તેવી નામસ્મરણમાં ના હોય. ઈશ્વરના સ્મરણમાં પૂરેપૂરી હોય નહિ. કારણ કે એમાં સંપૂર્ણ પરોવાયેલું ના હોય. એ તો આપણેય સમજીએ છીએ. પણ થોડું ઘણું પણ પરોવાયેલું હોય અને વધારે ને વધારે વખત જો પરોવાયેલું રાખીએ, તો બીજા વિષયો પરત્વેની એની વેલોસિટી ઘટે. એ વેલોસિટી ઘટવાથી કરીને આ એક અશાંતિ, ક્લેશ ઓછાં થાય. એ માટે ટાઈમ જોઈએ. બે-ચાર દિવસની વાતમાં નહિ જાય. એને માટે ઓછામાં ઓછા છ-આઠ-દસ મહિના તો પ્રયોગ કરો. એટલે પછી સારું લાગે તો જાળવી રાખો. પ્રયોગ ખાતર ચાલુ રાખો. એનો ફાયદો દસ-બાર-ચૌદ કલાક ગયા પછી એને તરત જ સમજાય છે, એમ ને એમ સમજાશે નહિ.

**નામસ્મરણના ઉઠાવ-સાતત્ય માટે શું જરૂરી છે ?**

સતત સ્મરણ થવું તે સહેલી વાત નથી. સતત ભગવાનનું નામ લેતા રહેવું એ હાંસીખેલની વાત નથી. જો આટલી બધી ચેતનતા રાખ્યા છતાં અને જાગૃતિ રાખવા છતાં નામ રહેતું નથી, તે ઘરેડ પ્રમાણે રહે જ કેમ ? એમ ધારો કે ઘરેડ પ્રમાણે રહે તો પણ એનું પરિણામ નકામું જતું નથી. પરંતુ જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં પોતાના ખેતરને ખાતર નાખી ખેડીને જમીન પોચી બનાવે છે, ને પછી બી નાખે તો અને ભગવાનની કૃપારૂપી વરસાદ વરસે તો તેમાંથી પરિણામ નીપજ્યા વગર રહેતું નથી. પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડખાતર ન કરે અને બી વાવી દે, તોયે થોડું ઘણું ઊગ્યા વિના રહેતું

નથી. કંઈ નહિ તો ઢોરને ખાવાનાં રાડાંયે પાકે. એટલે ભગવાનનું નામસ્મરણ જો ખાતર ને ખેડ નાખીને એટલે કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર તે બધાંને નામસ્મરણને ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યાં કરવાનું રાખીને નામસ્મરણ લીધાં કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આને માટે અત્યંત અપાર ધીરજ ને ભારે પુરુષાર્થની જરૂર હોય છે.

ભગવાનના સ્મરણમાં આપણી સર્વશક્તિ એકાગ્ર કરીને તેમાં પરોવીએ ને સાથે સાથે આપણા આધારમાં એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં એ વહાલા ભગવાનને ભાવ ઠરી શકે તો એ કરણોના મૂળ પ્રાકૃતિક સ્વભાવને આપણે વાળી શકીએ. એ પણ સાથે સાથે આપણે કરવાનું છે. ભગવાનનો અનુભવ થવાને ઈચ્છતા સાધકે પોતાની પ્રકૃતિ અને સ્વભાવને બરાબર ઓળખવા જોઈએ.

પ્રકૃતિ કે સ્વભાવ પ્રમાણે વર્ત્યા કરવાથી તેનાં બંધનો ઑર ગાઢાં થશે. પ્રકૃતિ અને સ્વભાવ એટલે અનેક જન્મજન્માંતરના એકઠાં થયેલાં સ્વભાવની સમગ્રતા. એ અનેક પ્રકારના સંસ્કારો જ્યારે જ્યારે આપણામાં ઊગે, ત્યારે આપણે તેનાં તાણમાં કે વહેણમાં ન ભળી જતાં તેને વહી જવા દઈએ. વિચાર જાગતાં વિચારોની પરંપરામાં પરોવાઈ ના જઈએ. વૃત્તિ જાગતાં વૃત્તિના વહેણમાં તણાઈ ન જઈએ. એટલે કે રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિ મોળાં પાડતાં જઈએ. અને કામક્રોધાદિ વિષયોથી તણાઈ ના જતાં, તેવી સ્થિતિમાં પણ જાગૃતિ કેળવીને તે વેળા ભગવાનને ખરેખરા દિલથી પ્રાર્થીએ કે "હે પ્રભો ! મને તો માત્ર તારો આનંદ એકલો ખપે" ભગવાનને અંતરસાદ કરવાની જે ઉત્કટ ધગશ છે, એ ધગશ આપણું બળ છે. એવાં આંતરિક બળના આધારે અનેક અંતરાયોમાં આપણે કદી પણ ડૂબી શકતા નથી.

એને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં તે આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે કોઈક દિવસ પણ જરૂર એને પામી શકવાનાં છીએ.

સ્મરણનું ધન ખર્ચાઈ જતું નથી, નકામું પણ જતું નથી. પરંતુ તેનો જોઈએ તેવો ઉઠાવ થતો નથી. કારણ કે તેનો-નામનો ઉઠાવ થવાને કાજે આપણી ભૂમિકા યોગ્ય હોતી નથી. કામક્રોધાદિ વૃત્તિનો જોશ જો

મોળો પડી જાય તો ભગવાનના નામનો ઉઠાવ એકદમ થાય. હાલમાં કામક્રોધાદિનું પ્રબળપણું હોવાથી અને પ્રભુનું સ્મરણ લાંબો ગાળો એટલે ૧૬-૧૭ કલાક પણ ચાલતું ના હોવાથી પેલા કામક્રોધાદિ આગળ સ્મરણનું બળ મોળું પડે છે. કામક્રોધાદિનો જુસ્સા જેટલો સ્મરણનો જુસ્સો પ્રગટ્યો નથી. તેમ છતાં સ્મરણના સંસ્કારનો ઉદયવર્તમાન જ્યારે થશે, ત્યારે તે પ્રમાણે જ તેનું વલણ પ્રગટવાનું, એટલે તે દિશામાં આપણી ગતિ થવાની. ભગવાનની ભાવનાનું ધન કદી નાશ પામતું નથી. તેને હાલના તબક્કે ઉપયોગમાં આણવાનું કામ આપણું પોતાનું છે. કામક્રોધાદિ એકદમ જો મોળાં પડી જાય તો સ્મરણની નિરંતરતા પ્રગટે અને સ્મરણનો જોશ આપમેળે પ્રગટે.

તો ભગવાનનું નામ લઈએ, ત્યારે એનો ઉઠાવ થવાને માટે અમુક ભૂમિકા જોઈએ; દવા માટે જેમ ચરી પાળવી પડે તેમ. એટલે જો ખરેખર સ્મરણ કરતાં હોઈએ તો એનામાં ભૂમિકા જોઈએ. સદ્‌અસદ્‌ની વૃત્તિ હોય, તે પરત્વે જાગૃતિ હોય, દરેક સામે કેમ વર્તવું તેનો વિવેક જોઈએ. એટલે સ્મરણની ભાવનાનો ઉઠાવ થવા માટે રાગદ્વેષ મોળાં પડવા જોઈએ. અનેક પ્રકારના પૂર્વગ્રહોથી, મદ-મત્સરથી આપણે જકડાયેલા છીએ. તે જો મોળાં પાડીએ, તો ભગવાનની ભાવનાનો ઉઠાવ બહુ જલદી થાય છે. એટલે જો એનું ફળ ચાખવું હોય તો સાથે સાથે રાગદ્વેષ, ગમાઅણગમા, પૂર્વગ્રહોની મડાગાંઠો વગેરે મોળાં પાડીએ તો જ સ્મરણની ભાવનાનો ઉઠાવ બહુ જલદી થાય.

જીવનમાં સદ્‌ભાવ, સુમેળ, સદ્‌વૃત્તિ એ બધાંની ખાસ જરૂર છે. એકબીજા ખાતર ઘસાવાનું હોય છે પણ તે બેળે બેળે નહિ. સમાજની રચના જ એવી છે કે એમાં કોઈનું ચાલતું નથી. જો ઘસાવાનું પ્રેમથી ન થાય તો વિકૃતિ થાય છે. એટલે જે પ્રેમથી કરવાનું હોય છે એ કાંઈ જુદી પ્રવૃત્તિ નથી. જો આ બધું પ્રેમથી કરવાનું બને તો તે વિકાસ પામે, સદ્‌ગુણો ખીલે. એના સિવાય ભગવદ્ સ્મરણમાં ઉઠાવ નથી આવતો. આની સાથે અનાસક્ત, નિષ્કામ, નિર્મમત્વ, નિરહંકાર વગેરે ગુણો પણ પ્રગટાવવાની જરૂર. નામસ્મરણ એકલું અર્ધો કલાક કે પાંચ માળા કર્યે પત્તો નહિ ખાય, તે સતત ચાલવું જોઈએ. આમાં ભાવનાથી વર્તવાનું બને તો શાંતિ પ્રાપ્ત થાય. એ મોટામાં મોટો લાભ છે અને

ભગવાનનું સ્મરણ થાય તો ઉત્તમ રીતે થઈ શકે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહંકાર વગેર દ્વંદ્વોથી સંકળાયેલા હોય છે. વળી બીજા અનેક પ્રકારના ભયો છે. તે બધાથી મુક્ત થવાના હેતુના જ્ઞાન સાથે, ભાન સાથે, નામસ્મરણ કરવાથી જલદી ઉઠાવ થાય છે.

નામસ્મરણ જ્યારે જ્ઞાનપૂર્વકની જાગૃતિથી થયાં કરે છે, ત્યારે જ તેમાંથી હૃદયમાં સાચી જાગૃતિ પ્રગટી શકે છે. નામસ્મરણમાં જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના પ્રગટેલી હોય છે, તો જ હૃદયમાં એકાગ્રતા ને એકરતતાની ભાવના જામી શકે છે. હૃદયનો જીવતો સંબંધ તો જ શ્રીપ્રભુ સાથે બંધાઈ શકાતો હોય છે. જો તેમ બની શકતું ન હોય તો તેનું કારણ પણ આપણા પોતાના જીવસ્વભાવના ને જીવની પ્રકૃતિના મૂળમાં રહેલું છે. જીવનનાં પ્રાકૃતિક વલણો, વૃત્તિઓ, વિચારો, લાગણીઓ, કામનાઓ, ઈચ્છાઓ, આશાઓ, માગણીઓ, ગમાઅણગમા, અમુક પ્રકારની સમજણની મડાગાંઠો ને તે પ્રમાણેના ચોકઠામાં જ સમજવાનાં વર્તુળોની પરંપરા ને એવી બીજી અનેક પ્રકારની ટેવો આદિ, જેમ જેમ તે આપણામાં પ્રગટતાં હોય છે, તે વેળા તેમાં આપણે લપેટાઈ જતાં હોઈએ છીએ. તેમ શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, વિવેક આદિ ગુણો કેળવવાનું જ્ઞાનભાન તો રાખી શકતાં નથી; તો પછી નામસ્મરણમાં જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના પ્રગટે કેવી રીતે ?

ભગવાનનું સ્મરણ શબ્દમાં છે. તે શબ્દથી પર્યાપ્ત છે, છતાં શબ્દથી પર છે. તે દ્વંદ્વ અને ગુણમાં સમાઈ રહેલું નથી પણ એનાથી પર છે. પ્રાણમાંથી એ શબ્દનો ધબકાર પ્રગટે છે. પ્રાણ શુદ્ધ થયેલો હોતો નથી. આથી, યોગ્ય પ્રકારનો ઉઠાવ થઈ શકતો નથી. ભગવાનના સ્મરણથી યોગ્ય પરિણામ નીપજવું જોઈએ, પણ પ્રાણ અશુદ્ધ હોવાથી તે નીપજતું નથી. આપણામાં અહમ્ વગેરે ઘટતાં નથી, કેમ કે પ્રાણની શુદ્ધિ પ્રગટેલી હોતી નથી. તેનું લક્ષ પણ પ્રગટેલું હોતું નથી.

જપનું સાતત્ય જાળવવા માટે એક વાત લક્ષમાં રાખવાની છે. એના પર પ્રેમ અને રસ, એ બે ભાવનાની માત્રા જેમ વધતી જશે, તેમ જપના સાતત્યમાં સુધારો થતો જશે. એ બે ભાવનાની માત્રા ક્યારે વધે ? જ્યારે આપણા જીવનમાં આપણા આ કામને જ સર્વોપરી ગણીશું ને એને જ વધારેમાં વધારે મહત્ત્વ આપતા રહીશું ત્યારે. એ વિના માત્રા

વધવી શક્ય નથી. જે વસ્તુની આપણને જરૂર પડે છે, એને માટે મહેનત કરીને આપણે તે મેળવીએ છીએ. એ તો આપણા નિત્યના જીવનનો અનુભવ છે, એવું જ આમાં છે.

**નામસ્મરણ સતત કેમ રહે ?**

શ્રીભગવાનમાં સંપૂર્ણ લગની કે પ્રેમભક્તિ પ્રકટ્યા વિના એનું સ્મરણ સતત એકધારું રહી શકવું તે દુર્લભ છે. પરંતુ પૂરેપૂરી લગની કે એવી ઉત્કટ પ્રેમભક્તિ કંઈ એમ ને એમ જન્મી જતી હોતી નથી. એ તો, માર્ગ તરફનો ધીરો ધીરો ને વેગીલો પુરુષાર્થ થતાં થતાં થતી જવાની.

પ્રભુનું નામ પ્રભુકૃપાથી લેવા માંડ્યું કે બસ તે લેવાતું જ જવાનું એવું કશું નથી. પ્રભુને ચરણકમળે રહેવા વાંછનાર જીવ પહેલવહેલું ડગલું ભરે એટલે પછીથી એ એક પછી એક ઊંચે ને ઊંચે ડગલાં ભરતો જ જવાનો એવું પણ કશું નથી. એ તો કેટલીયે વાર ચઢે ને પડે છે. એમાં જે જીવ પોતાના ધ્યેય તરફ મીટ માંડતો રહ્યા કરે છે તેવો જીવ તેની ચકરડી ભમરડીમાંથી, એવા પ્રકૃતિના વમળમાંથી, નીકળી શકવાને પ્રભુકૃપાથી ભાગ્યશાળી થઈ શકે છે. બાકીના તો એ જ પ્રકૃતિમાયાના ખોળિયામાં રગદોળાયેલા ત્યાંના ત્યાં અટવાયા કરે છે. જે જીવ જાગૃત રહે છે તે પડતો છતાં ઊભો થવાનો જ છે. નામસ્મરણ પાછળ જો ખરા હૃદયનો જ્ઞાનભક્તિપૂર્વકનો પૂરેપૂરો પુરુષાર્થ થયે જતો હશે તો તો નામસ્મરણ સતત એકધારું લેવાશે જ. શ્રીભગવાન આપણને સતત પળેપળ પ્રેમ કરતો હોય છે, પળેપળ આપણું પોષણ અનેક રીતે કરતો હોય છે, પળેપળ રસનું સિંચન કરતો હોય છે, અનેક રીતે બહારનું ને અંદરનું શરીરનું ધારણપોષણ પણ તે જ કરતો હોય છે. એના ચેતન વિના કશું જ હાલીચાલી શકતું નથી. એના મુકાબલે આપણે એને યાદ જ કરતા હોતા નથી. એ આપણું જેટલું કરતો હોય છે ને એ આપણો જેટલો હોય છે, તેના પ્રમાણમાં આપણે તો એને નેવે મૂકીને જ વર્તતાં હોઈએ છીએ. એનો અફસોસ પણ જીવને થતો હોતો નથી. શ્રીભગવાનનું નામ ભુલાતાં આપણને અસહ્ય વેદના પ્રગટવી ઘટે. એવું થતાં એનું નામ લેવાતું જશે.

નામસ્મરણમાં જ ને તેના ભાવમાં ને તે ભાવને જ્ઞાનપૂર્વકના હેતુથી ઉપયોગમાં લેવા કાજે મનને ટકોરી ટકોરી, સંકેલી સંકેલી, સંકોરી સંકોરી એના યોગ્યપણામાં લગાડ્યાં કરવાનું છે.

નામસ્મરણનો જીવતો અભ્યાસ થયા કરે તે ઉત્તમ છે. જેનો અભ્યાસ કરવાનો છે, તેનું ભાન જીવતું રહ્યાં કરે તો જ અભ્યાસ થાય. હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, કંઈ પણ કામ કરતાં કરતાં સ્મરણ જીવતું રહ્યાં કરે તે કામ એ જ હવે જિંદગીનું મુખ્ય કર્તવ્ય છે. તે કર્મ જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે થયાં કરે, તે જ જોવાનું રહ્યાં કરે, તો જ જીવ્યું સાર્થક થાય.

નામસ્મરણનો અભ્યાસ પળેપળ એકધારો સતત ગંગાના પ્રવાહની જેમ મન, મતિ, ચિત્ત, પ્રાણ, અહમ્ ને હૃદયમાં જીવતો ના બની રહે, ત્યાં સુધી એના વિશેનું કશું પૂરેપૂરું ઊગવાપણું હોતું નથી.

## નામસ્મરણની રીત

### જપયોગ

કોઈ પણ સાધનાના અભ્યાસ માટે એકાગ્રતા ઘણી જરૂરની છે. સંપૂર્ણ હૃદયની એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું જ નથી. એકાગ્રતા થવાથી જ વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે. એવી **એકાગ્રતાને સરળતાથી સહજપણે મેળવી શકાય તે માટે સાધનામંદિરમાં અંધારાને ઘણું જરૂરનું ગણેલું છે. અને તેમાં અંધારું રહે તેવી રચના ને વ્યવસ્થા કરેલી હોય છે. અંધારું એકાગ્રતાને પોષક છે. અને અંતર્મુખતા પ્રેરવવાને કાજે અંધારું ઉપયોગી થઈ પડે છે.**

જપની Technique (ગુણમાપ) : જપનો મંત્ર ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપના મંત્રમાં કઠણ અક્ષરો ન હોવા જોઈએ. જે મંત્ર બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દનાં ત્રણ સ્થળ : નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર. એ ત્રણેયને સ્પર્શે એવા અક્ષરો તે મંત્રમાં હોવા જોઈએ.

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર લેવાવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત, એકધારી નિરંતરતા પ્રકટે, ત્યારે જ અંતઃકરણમાં કરણોને યોગ્ય રચનાત્મક માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે. નિરંતરતા ઘણી જરૂરની છે.

મંત્ર જેટલો ઊર્મિથી, લાગણીથી ને ભાવનાથી લેવાય તેટલો ઉત્તમ.

**શુદ્ધ ઉચ્ચાર કરીએ તો જ અમુક જાતનાં એનાં આંદોલનો અસર કરે એ વાત સાચી છે.** કારણ કે શબ્દનાં ત્રણ સ્થળ છે. નાભિ, કંઠ અને બ્રહ્મરંધ્ર. હવે નાભિ મૂળ સ્થળ, કંઠ વ્યક્તવ્ય, અહીં (કંઠનો સ્થાન નિર્દેશ) સંપૂર્ણપણે મેનિફેસ્ટ (પ્રગટ) થાય, કે વ્યક્તપણું એનું અહીં સાકાર થાય છે. અને પછી એનું નિરાકારપણું, શબ્દનું નિરાકારપણું બ્રહ્મરંધ્રમાં. શબ્દનાં તે ત્રણ સ્થળ. તે ત્રણેય સ્થળોને સ્પર્શે છે ને ભેદે છે, એવો જો કોઈ પણ એક અક્ષર હોય તો તે ૐ છે. તે એનું ઉચ્ચારણ એવી રીતે થાય. નાભિમાંથી નીકળી, ને કંઠમાંથી નીકળી અને બ્રહ્મરંધને સ્પર્શે. અને 'અ, ઉ, મ' છે તે ત્રણ પ્રકારનાં સ્થાનને સ્પર્શે છે. અને એ ત્રણ સિંબોલિક (પ્રતીકાત્મક) છે. ત્રણ જે તે બધું ત્રણથી બનેલું છે. એ બધું, આખું બ્રહ્માંડ માત્ર એ ત્રણથી બનેલું છે. એની સાથે ચેતન જોડાયેલું છે. પણ ચેતન કેવી રીતે જોડાયેલું છે ? એ સમજાય નહિ. તેનું વાંકાચુંકાપણું સમજાય નહિ. અને એનાથી પાછું નોખું છે. આ ત્રણની સાથે ચેતન જોડાયેલું છે અને પાછું નોખું છે. અને પાછું શૂન્ય સ્વરૂપ છે. તે બધું સમજાવવાને માટે આ ૐ છે, સિમ્બોલિક છે. ૐ ને આપણે આવી રીતે સમજવો જોઈએ. હવે, તે બોલતી વખતે દરેકને આ ખ્યાલ કંઈ આવી ના જાય. એક વખત બરોબર સમજણરૂપે બરોબર એને સમજી લીધું કે ૐ નું આ સ્વરૂપ છે. એટલે પછી વારંવાર તે વખતે કંઈ યાદ કરવાની જરૂર નથી. નહિતર કંઈ જ ન થાય. એ ત્રણેય સ્થળે થાય અને શ્વાસ જેટલો દીર્ઘ રહે એ સારું, પણ પછી શું થાય છે કે આપણું મન પેલા શ્વાસમાં રહે. અને એમ થાય કે આ થયું કે ઓછાવત્તાપણું થયું. મને એવું જ થયું તું કે પહેલાં શ્વાસોશ્વાસ સાથે જપ કરવો. પછી એમ જાણ્યું કે એના કરતાં હૃદયના ધબકારની સાથે જો કરીએ તો વધારે પ્રાણવાળો બને. પણ મન શ્વાસોશ્વાસની સાથે રહ્યાં કરે. મેં કહ્યું "આ બરાબર નથી, કાઢી નાખો. મારે આ બધું કશું નથી જોઈતું. જપ જ કર્યા કરો. પછી જે સ્થિતિ પ્રગટવાની હશે, તે પ્રગટશે." સવાલ સાચો છે કે શ્વાસોશ્વાસની સાથે લેવાવો જોઈએ. હૃદયના ધબકારની સાથે લેવાય તો વધારે ઉત્તમ. આ બધું છે સાચું, પણ એ પ્રમાણે કરવા જતાં શરૂઆતના ગાળામાં આપણું મન છે તે

પેલામાં જતું રહે છે. એટલે આપણે એક જ એને લીધા જ કરવાનું રાખો. આ ત્રણ સ્થળે સ્પર્શે છે કે નહીં તે બધું જોવા હમણાં ન બેસવું. પછી જ્યારે એની નિરંતરતા પ્રગટશે, તે કાળે આપમેળે યથાયોગ્યપણું પ્રગટવાનું જ છે. કારણ કે નિરંતરતા થઈ, કંઈ કશાની નિરંતરતામાં ચેતન જ રહેલું છે. બીજી કોઈ પણ વસ્તુમાં નિરંતરતા, કન્ટિન્યૂઈટી પ્રગટી શકે જ નહિ, કંઈ પણ કશું લો. એમાં કન્ટિન્યૂઈટી નહિ પ્રગટી શકે. કોઈ ને કોઈ બ્રેક (અટકી જવાનું) આવી જશે. આપણે પૃથ્વી કહીએ પણ કોઈ કાળે એનો પ્રલય છે, બ્રેક છે. એટલે જ્યાં જ્યાં સતત આવી બ્રેક વિનાનું નિરંતરતાપણું પ્રગટે છે, ત્યાં ચેતન જ છે. એટલે આપણે જપને નિરંતર કરવાનો ધ્યેય રાખવો. બાકી અમુક રીતે, અમુક રીતે ઉચ્ચાર કરવાથી વિશેષ ફાયદો છે, એ વાત સાચી છે.

**જાપ સજીવ કેમ રહી શકે ?**

કામમાં મન રહેવાથી આમ તો જાપ તૂટે, પણ તે ન તૂટે એવું પ્રેરક બળ આપણે કેળવવાનું છે. આપણાં શરીરના કોઈ પણ એક અંગના હલનચલન સાથે જાપનું સંધાન કરી દેવાનું છે. જેમ કે આપણે કામ કરતા હોઈએ, ત્યારે પણ પગના અંગૂઠાને એવી ટેવ પાડીએ કે તે સભાન હાલ્યા કરે અને તેની સાથે મનમાં જાપ જપાયા જાય. હાથની કોઈ આંગળી પણ એવા ઉપયોગમાં લઈ શકાય ને જપ આખરે તો એક ભાવ જ છે ને? એ ભાવને એવી રીતે મૂર્ત સ્વરૂપ આપી શકાય છે. વારે વારે મનને ટકોરતા રહેશો. જાપ ચાલુ રહે તો મનને સંકોરવાનું કામ સહેલું થઈ પડે છે.

**જપને ભાવયુક્ત રાખવાના ઉપાય**

જપમાં હંમેશાં જીવતોજાગતો ભાવ પ્રકટતો રહે તે ઘણું જરૂરનું છે. એમાં એવી ભીનાશ પ્રકટે, ઊર્મિ પ્રકટે એટલા માટે થોડી થોડી વારે જે કોઈ ભજનની આપણને ઘણી અભિરુચિ હોય અને જે પ્રાર્થનાના પ્રકારનું હોય, તેવું ભજન આપણે ભાવનાના આર્દ્રતા પ્રકટાવીને ગાવું. એ ભજન બે ત્રણ વાર ગાઈશું, એટલે એક પ્રકારની ઊર્મિ પ્રકટશે અને એવી ઊર્મિનો ઉપયોગ આપણે નામસ્મરણમાં કરવાનો છે. વળી, કોઈ વાર આપણા વહાલામાં વહાલા આત્મજનનું પણ ભાવથી સ્મરણ કરવાથી ઊર્મિ પ્રકટે છે; અને એવી પ્રકટેલી ઊર્મિની મદદ લઈને

નામસ્મરણ ભીનું ભીનું રાખવાનું છે. કોઈકવાર મોટેથી, ઉત્સાહથી, થોડીકવાર બૂમો પાડીને દિલમાં હળવા થઈ જઈએ, વળી પાછું આપણે નામસ્મરણમાં લાગી જવું જોઈએ. કોઈક એવા પ્રસંગ બને ને ઊર્મિ પ્રકટે, વાતચીતમાં પણ કોઈક એવી આનંદની ઊર્મિ થઈ આવે, ત્યારે જાગૃત રહીને એ પ્રવાહને નામસ્મરણમાં વાળ્યા કરવાનો છે. નામસ્મરણ ભાવથી જેટલું થશે, તેટલું તેમાં જીવંતપણું પ્રકટવાનું છે.

**માનસિક જપ**

ઘણા કહે છે કે માનસિક જપની ભાવપૂર્વકની ધારણા ઉત્તમ પ્રકારની છે. શરૂશરૂમાં એવો માનસિક જપ થવો શક્ય નથી. મન તો સંકલ્પવિકલ્પ કરી શકે. તે વિના તેની બીજી શક્યતા નથી. જપની સ્મરણભાવની ધારણાનો એકધારો અભ્યાસ, બોલીબોલીને પાડ્યા કરવાનો છે. ને એમાં જ્યારે અજપાજપ પ્રકટે છે, ત્યારે જ માનસિક જપની ધારણા રહી શકે છે. ભાવ વગરનું કોઈ પણ કર્મ, જોઈતું પરિણામ નિપજાવી નહિ શકે.

## નામસ્મરણનાં પરિણામો

સ્મરણ એ જીભથી બોલાય છે, પણ એનો પ્રકાશ અંતરમાં ઊતરે છે. શબ્દને વિસારી શકાય પણ સ્મરણ એ બોલાય છતાં સંભળાય છે ભગવાનનું સ્મરણ એ એવો શબ્દ છે કે જેમ જેમ આ બોલાય તેમ તેમ તે અંતરમાં ઊતરતો જાય. જેટલી ઉચ્ચ પ્રકારની ભાવનાથી તે બોલાય તેટલી ઉચ્ચ પ્રકારની ભાવનાથી એ અંતરમાં ઊતરે છે. જ્યારે આપણે કોઈ પણ શબ્દ ક્રોધથી બોલીએ છીએ, ત્યારે આપણા પ્રાણમાં એ થથરાટી પેદા કરે છે. જ્યારે ભગવાનનું નામ એ તો ભાવાત્મક છે. એ એવાં ભાવનાત્મક આંદોલનો જગાડે છે.

ભગવાનનું નામસ્મરણ સતત થવાથી સતત ભાવનાત્મક સ્થિતિમાં રહી શકાય છે. તેમાંયે કેટલાક ગાળા એકાગ્રતા અને ભાવનાના પ્રગટે છે. એના જે સંસ્કાર કરણોમાં પડે છે, તે બહુ ઊંડા હોય છે. દિવસમાં એવો ભાવનો-ભાવનાનો ગાળો જેમ જેમ વધતો જાય, તેમ તેમ એની ગાઢતા થતી જાય.

**હું તો અનુભવથી કહું છું કે ભગવાનનું નામ લેશો તો બુદ્ધિ સૂક્ષ્મ થશે. તમને જીવનમાં ગભરામણ નહિ થાય. ગૂંચ, મુશ્કેલી આવે ત્યારે**

**અકળામણ થશે નહિ. તમે ઉકેલ શોધી શકશો. કશાથી આવરાઈ જવાય. લોકોના સ્વભાવ સાથે કેવી રીતે વર્તવું એની પણ સૂઝ-સમજણ તમને પ્રગટશે. સંઘર્ષણ, ત્રાસ, વેદના, દુઃખ વગેરે ઊપજે એના નિવારણમાં પણ ભગવાનનું સ્મરણ એ સરસ ઉપાય છે.** બુદ્ધિ સ્વીકારી શકે એવી આ હકીકત નથી, પણ ભગવાનનું સ્મરણ લઈને મંડ્યા રહીએ, દિવસના સકળ કર્મમાં એને ઉતારવાનું કરીએ તો ખરો લાભ અનુભવી શકાય.

**નામસ્મરણનો અભ્યાસ આમૂલાગ્ર પરિવર્તન કરશે**

મન આવા પ્રકારના ભાવમાં લગાતાર રહ્યા કરે અને તે માટેની જાગૃતિ ટકી શકે તે માટેનું એક સર્વશ્રેષ્ઠ, સરળ અને સહજ સાધન નામજપ છે. નામસ્મરણનો પ્રભાવ અપરંપાર છે. **દિવસના સમયનો વધારેમાં વધારે સમય જો એમાં આપી શકીએ, આપણી બધી શક્તિના સરવાળાનો મોટો ભાગ એમાં ખર્ચીએ, તો ભાવનાની સળંગતા પણ પ્રકટી શકે.** નામસ્મરણની ભાવના જીવનમાં જ્યારે પ્રકટે છે, ત્યારે એનામાં સત્-અસત્નો વિવેક પણ પ્રકટે છે. સદ્ભાવનાની અસર પ્રકટ્યા વિના રહી શકતી નથી. જેમ કોઈ અમુક રોગને માટે દવા લેવામાં આવી હોય અને તે રોગ દવાથી મટે એટલું જ નહિ પણ તેને પરિણામે આખું શરીર તંદુરસ્ત થાય, તેવી રીતે જીવનમાં જ્યારે સદ્ભાવના પ્રકટે છે, ત્યારે જ્ઞાનભક્તિપૂર્વકની તેવી સદ્ભાવના સારાયે જીવન પર પોતાની અસર પાડે છે; અને સદ્ભાવનાથી થતા રહેતા એકધારા વર્તનથી ગુણ અને શક્તિ પણ પ્રકટે છે. નામસ્મરણની ભાવના જેને દિલમાં ઊગે છે ને તે પ્રમાણે જાગૃત બનીને એમાં દિલ પરોવીને કંઈક થોડીઘણી પણ ઊર્મિ પ્રકટીને જો તે તરફ વળવાનું સાચેસાચું દિલ થાય છે, તો તેને તે માર્ગ પરત્વે વળી શકવાની પૂરેપૂરી શક્યતા છે. એવો જીવંત અભ્યાસ પ્રકટતાં પ્રકટતાં એના બળવાન વહેણમાં બધું ઘસડાઈ જવાનું છે. અને એ વહેણનો પ્રચંડ ધસારો પ્રકટતાં વચ્ચે મોટા પથ્થર કે ખડક આવશે તોયે એમને કોરીને કે બાજુએ રાખીને એ પ્રવાહ ક્યાંયે આગળ દોડ્યો જશે.

**જપયજ્ઞ**

નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ રામનું સાચું સ્મરણ થઈ શકે. ભગવાનનું નામ લેવાથી એકદમ સ્વભાવ નહિ પલટાય. જન્મોજન્મનો

યોગ છે. એક જ જન્મમાં જે મુક્ત થઈ ગયા એ તો અપવાદ છે. સામાન્ય લોકો માટે તો જન્મોજન્મનો યોગ છે. આનું પણ ગણિતશાસ્ત્ર છે કે નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ આપણી વૃત્તિઓ ધીમે ધીમે બદલાય. તે થયા પછી જ ધીમે ધીમે આપણા જીવનમાં શુદ્ધિ આવે. ગમે તેવાં દુઃખો પડે, ક્લેશ થાય તો ઈશ્વરનું નામસ્મરણ કરો. તો એનું દુઃખ શમે. મોટેથી નામસ્મરણ કરવાથી વિચારો ઘણા ઓછા આવે. મન હજી એના માટે તૈયાર નથી તેથી મોટેથી બોલવું જોઈએ. હાલની આપણી જીવદશામાં મન સંકલ્પવિકલ્પ કર્યા કરે તેથી નામસ્મરણ મોટેથી કરવું. પણ એ રીતે કરતાં કરતાં નિર્મોહી બનવું, નિર્મળ મનની શુદ્ધિ પ્રાપ્ત કરવી. આમાં કોઈ ચમત્કાર નથી. ચમત્કારને મહત્ત્વ આપવાની જરૂર નથી. **મૌનમાં બેસવાથી આપણે કેમ અનાસક્ત બનીએ એવી જાતની જાગૃતિ કેળવીએ એ જ મુખ્ય છે.**

**ગુણ અને શક્તિ પ્રગટે**

ભગવાનનું સ્મરણ કર્યા કરવાથી ભાવનાની એકાગ્રતા થાય. ભાવના સ્થિતિસ્થાપક નથી. એમાં ગતિ છે. ભાવના પ્રકટે ત્યારે ભક્ત ભોળો હોતો નથી, પણ એની બુદ્ધિ સૂક્ષ્મ બને છે. ભક્તિની અંદર પરોવાતાં બુદ્ધિ સંકુચિત થાય છે એવું નથી, પણ બુદ્ધિયોગ થાય છે. એની બુદ્ધિ વિશાળ બને છે. જે બધાંની સાથે હળીમળી શકતો હોય છે એ જ સાચો ભક્ત છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનું સાધન આ છે. ભગવાનનું નામ તો સતત લીધાં કરીએ તો એમાંથી ગુણ અને શક્તિ બંને પ્રકટે છે. એમ જો થાય તો જોમ, ઉત્સાહ વગેરે મળે છે.

નામસ્મરણમાંથી સળંગતા પ્રગટે, એમાંથી નીરવતા પ્રકટે છે. ભાવનાથી ધારણા અતૂટપણે આપણામાં પ્રકટે, ત્યારે જીવનનો પ્રવાહ બદલાઈ જાય છે. આવી ભાવના પ્રકટે તો જ આપણા કામ, ક્રોધ, મદ, લોભ, મોહ વગેરે આપણામાંથી નાશ પામે.

સંસારમાં અનેક જીવો સાથે સંપર્કમાં આવવાનું થાય છે. એમાંથી સંઘર્ષણ, ગમાઅણગમા, અવહેલના વગેરેના આઘાત-પ્રત્યાઘાત જ્ઞાનતંતુને લાગે છે. આથી જ્ઞાનતંતુ નબળા પડે છે અને એનું સમારકામ પણ થવું જોઈએ પણ થતું નથી.

## જ્ઞાનતંતુને મજબૂત કરવા

ભગવાને માનવીના શરીરને લાગતા થાકનું સમારકામ કરવા માટે ઊંઘ આપી છે. ઊંઘની બક્ષિસ આપી છે, પણ આપણા જ્ઞાનતંતુઓ એવી રીતે ઊંઘતા નથી. એ તો ઊંઘમાં પણ ચાલ્યા કરતાં હોય છે. એના ઉપર રાગદ્વેષ, અથડામણ અને અનેક પ્રકારના હુમલાઓનો જે માર પડે છે, તેના વિચારોથી અને ઘર્ષણથી જ્ઞાનતંતુની નબળાઈ વધે છે. શરીરનો થાક દૂર કરવા ઊંઘ આપી છે, પણ જ્ઞાનતંતુને મજબૂત કરવા કુદરતે કોઈ સાધન આપ્યું નથી. તેથી અનુભવીઓએ પોતાના અનુભવ વડે કરીને ભગવાનના નામસ્મરણનું સાધન બક્ષ્યું છે.

જો માનવી તટસ્થ થાય, સમતા કેળવે તો જ્ઞાનતંતુને મજબૂતાઈ મળે, પણ તટસ્થતા અને સમતા કેળવવા માટે આધ્યાત્મિક પ્રકારનું જીવન વધારે જરૂરનું છે. જ્ઞાનતંતુને Tone up કરવા તેને મજબૂત કરવાની જરૂર છે. પાશ્ચાત્ય દેશોમાં પણ જે શબ્દ પોતાને ગમતો હોય અને જેના ઉપર પોતાને વિશ્વાસ હોય, એ શબ્દ જ્ઞાનતંતુના સમારકામ માટેનું સાધન છે. એમ આજે પ્રયોગથી સાબિત થયું છે. સંગીતથી માનવીમાં સુસંવાદિતા અને સમતા પ્રગટે છે. મન ગૂંચવાઈ ગયું હોય, ત્યારે પણ સંગીતથી શાંતિ અનુભવીએ છીએ. શબ્દના ઉચ્ચારની અસર જ્ઞાનતંતુ ઉપર બળ પ્રગટાવે છે. જ્ઞાનતંતુના સમારકામ માટે એ સિદ્ધ થયેલી હકીકત છે.

## જ્ઞાનતંતુનું સમારકામ

ફેફસાં, હૃદય, જ્ઞાનતંતુ એ બધાંના સમારકામની જરૂર રહે છે. ફેફસાંનું સમારકામ એ આજના કાળમાં આપણે કરી શકીએ એમ નથી. પ્રાણાયામ દ્વારા તે થઈ શકે, પણ મને કોઈ પૂછે તો કહી દઉં કે મને આવડતું નથી. સર્વ કોઈ શરીરધારી મનુષ્યના હૃદય અને જ્ઞાનતંતુનું સમારકામ થઈ શકે છે. હૃદયને યોગ્ય સ્થિતિમાં પ્રગટાવવા ભાવનો સતત ફુવારો એનામાં ઊડતો થવાની જરૂર. **જ્ઞાનતંતુના સમારકામ માટે નિર્દોષ અને સરળ ઉપાય ભગવાનનું નામસ્મરણ, પ્રાર્થના, ભજન અને એના ચરણકમળે સમર્પણ.** ચિત્તમાં જે કાંઈ વિચારો-વૃત્તિઓ ઊઠે તે બધાં એના ચરણકમળે ધરી દેવાં જોઈએ. આપણે જેવી રીતે આપણા મિત્ર પાસે ખાનગીમાં ખાનગી હકીકત કહી દઈએ છીએ, પણ તે કાંઈ આપણું દુઃખ હળવું કરે એવું હોતું નથી, પણ ભાવના તેમ કરાવે છે.

એવી રીતે દરેક કલાક મિનિટોનાં અનેક સંઘર્ષણ વગેરે જે બધું હોય, તે આપણા પ્યારા સગાંને સમર્પણ-આત્મનિવેદન કરતાં રહીએ, તો જ્ઞાનતંતુ જરૂર Tone up થાય છે, બળ મળે છે. એ એટલા બધા મજબૂત થાય છે કે આપણે મુશ્કેલી અને સંઘર્ષણથી અલિપ્ત રહી શકીએ છીએ, કશાથી આવરાઈ જઈએ નહિ. કોયડાનો ઉકેલ પણ આપણે ઉત્તમ રીતે કરી શકીએ છીએ.

**સ્મરણથી સમતા**

ભગવાનનું સ્મરણ એ એક એવું સાધન છે કે સંસારની અનેક આધિ, વ્યાધિ આવે તો પણ તેમાં સમતા કેળવી શકાય. એક જ શબ્દના વારંવાર ઉચ્ચારથી ધૂન પ્રકટે છે. ધૂનથી એકાગ્રતા પ્રકટે છે અને એકાગ્રતામાંથી લય (Rhythm) પ્રકટે છે. એ જ્ઞાનતંતુને માર્દવતા પ્રકટાવનારી છે. અત્યારના કાળમાં જ્ઞાનતંતુ એટલાં બધાં ઉશ્કેરાયેલાં હોય કે એને શાંત પાડવા ભગવાનનું સ્મરણ એ પ્રયોગાત્મક ક્રિયા છે.

આપણે જેમ જેમ સતત નામસ્મરણ કર્યા કરીશું, એકાગ્રતા જામતી જશે, રસોત્પતિ થયા કરશે, તેમ તેમ આપણી સમજણ ઝાંખા ઝાંખા અનુભવના રૂપમાં પરિણામ પામતી જશે. એવા કંઈક અનુભવ થવા માંડે છે, ત્યારે વિશ્વાસ ને શ્રદ્ધા વધારે સક્રિય બનીને કાર્યસાધક બને છે. ત્યાર પછીથી જ સાચી રાસાયણિક ક્રિયા (જીવન પરિવર્તનની) શરૂ થાય છે ને તે પોતાનું કાર્ય પૂરું થયા વિના આપણને છોડતી નથી.

ભગવાનના નામના શબ્દમાં પણ ભાવના છે. એનો જેટલો પ્રવાહ મોટો તેટલો એ વધુ વિસ્તાર પામે. જો ભાવનાનો પ્રવાહ ઓછો હોય તો તેનો વિસ્તાર ઓછો થાય. જો ભાવના પ્રચંડ હોય તો મન, બુદ્ધિ, પ્રાણ, અહંકાર એ ચતુષ્ટય ઉપર અસર કરે જ. આ (નામસ્મરણ) જેટલું વધારે કરીએ તેટલું વધુ કર્મ આપમેળે થયા કરે. જો ભાવનામાં ઊંડા ઊતરીએ તો સતેજ થવાય અને તેમાં ઉત્કટતા આવે અને એવી ઉત્કટતા થાય, ત્યારે એકાગ્રતા થાય અને એકાગ્રતા કેન્દ્રિત બની જાય ત્યારે સ્થૂળ કર્મો આપોઆપ ઉત્તમ રીતે થાય.

## ભૂમિકા લક્ષણ

આખા દિવસના સમય દરમિયાન સાત કલાક સ્મરણ થઈ શકે અથવા તો સમયના તેટલા તબક્કામાં એનું સ્મરણ ચાલ્યાં કરે, તો તેવો

જીવ ચૌદ ભૂમિકાઓમાંથી છઠ્ઠી ભૂમિકાવાળો કદાચ કહી શકાય. કારણ કે રોજનું છ-સાત કલાક જે જીવ ભગવાનનું સ્મરણ કરે, તેને જાણ્યે-અજાણ્યે પણ ભગવાનનું ભજન કરવાની થોડી ઘણી પણ ભૂમિકા પ્રગટેલી છે તેમ ગણાય.

ભગવાનનું નામ લેતાં લેતાં બે-ચાર કલાક થાય એટલે ઉત્સાહ, હિંમત જેવા ગુણોનો ઉદય થતો અનુભવેલો. શરૂઆતમાં તો મને સમજણ ન પડે. આટલો બધો ઉત્સાહ કેમ રહે છે ? કોઈ એવો સંસારમાં-જીવનમાં પ્રસંગ બન્યો નથી, તો કેમ આમ ? એવું થતું. બહુ દિવસ પછી ખબર પડી. સહનશક્તિ પણ વધે છે, સાહસ વધે છે. કારણ કે આમાં તદ્દન અજાણ્યા રસ્તે જ દોટ મૂકવાની છે, માટે સાહસ અનિવાર્ય છે. આવા ગુણો આપણામાં છે જ. પણ એ વ્યક્ત થાય છે, છતા થાય છે. **આ અનુભવ પહેલો થાય છે. આ પ્રતીતિ થાય છે, ત્યારે આમાં શક્તિ છે એમ સમજાય.**

“એના તરફ જવા, ઊર્ધ્વમાં જવા માટે હરિઃૐ બોલીએ કે આ કરીએ કે ગમે તે કરીએ પછી તે હેબિટ (ટેવ) ન ગણાય ?” તો કહે ના. એવું છે ને કે આ હેબિટ થઈ, પણ હેબિટમાંથી જે કોંસ્યસનેસ જાગે છે, આપણને તે જે સભાનતા જાગે છે, તે સભાનતા આપણને ઊર્ધ્વ માર્ગે ખેંચી જાય છે. પછી ભલેને મિકેનિકલી કરીએ. ધારો કે મિકેનિકલી કર્યા કર્યું, પણ રોજના ચોવીસ કલાકમાં જ્યારે વધારેમાં વધારે ચૌદ-પંદર કલાક થાય ત્યારે એ મિકેનિકલી નહિ રહે. પછી ‘ઑટોમેટિક’ થઈ જતાં તેની સભાનતા જાગે છે.

આવું સ્મરણ લેવાતાં લેવાતાં, એવા સ્મરણની ધૂનની તાનમાંથી એકાગ્રતા થતાં થતાં, દિલ લાગી જતાં, હૃદયમાં એક પ્રકારનો ભાવ ઊભરવા લાગ્યો. એવા ભાવના મૂળમાંથી શ્રીપ્રભુકૃપાથી આ જીવને પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, ત્યાગ, પરમાર્થ, સત્કર્મ, સમર્પણ, સન્મુખતા વગેરે સાધન ફૂટતા ગયાં, ને તે પ્રમાણે વર્તાતું જવાયું. ભાવનાને સાકાર કરવાથી જ હૃદયનું સુષુપ્ત શક્તિબળ જાગૃત થવા માંડે છે, તેનો પણ હૃદયમાં હૃદયથી હૃદયનો અનુભવ થયો.

જો પરિણામ જોઈતું હોય તો એને અખંડતા, નિરંતરતા સુધી પ્રગટાવો. સામાન્યપણે ૧૨ કલાક સુધી લઈ જવાય, પણ ૧૨ થી ૧૮

કલાક લઈ જવામાં બહુ મથામણ પડે છે. તે પછી પાછી સરળતા છે, પછી ૧૮ થી ૨૪ કલાક થતાં વાર નથી લાગતી. ૧૨ થી ૧૮ માં બહુ મથામણ છે. એટલે સ્મરણમાં કેવી ખૂબી રહેલી છે અને આપણાં કરણોની કેવી રીતે શુદ્ધિ થયાં કરે છે એ જાણવું હોય, તો એનું સ્મરણ કર્યા કરો અને એને અખંડતા સુધી લઈ જવાય એમ કરો.

## સ્મરણમાં સંગ્રામ

સતત સ્મરણ વિશે તો, અભ્યાસ વિના અને તે દૃઢ થયા વિના તે રહેશે નહિ. ભગવાન પતંજલિનું સૂત્ર છે કે *"સ તુ દીર્ઘકાલઃ નૈરંતર્યસત્કારાસેવિતો દૃઢભૂમિઃ"* તે ભૂમિકા ત્યારે જ દૃઢ થશે કે જ્યારે તેનું ઘણા લાંબા કાળ સુધી, નિરંતર, સતત, પ્રેમથી, તેની પાછળ શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિપૂર્વકની ભાવના સાથે તેનો અભ્યાસ રહ્યાં કરશે. એનું કારણ એમ છે કે આપણે જ્યારે કંઈક માનવ-ભૂમિકાથી પરનું એવું કશુંક મેળવવાની જીવવાળી વૃત્તિ કરવા માંડીએ છીએ, ત્યારે આપણામાં રહેલી આસુરી અને દૈવી પ્રકૃતિ યુદ્ધને માટે તૈયાર થઈને સામસામી સમરાંગણમાં ખડી થઈ જાય છે.

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।**
**મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥**
**(૧/૧)**

ગીતાજીના શ્લોકની સમજૂતી :

અહીં આ શ્લોકમાં ભગવાને કેવી ખૂબી વાપરી છે તે જુઓ; પહેલું મામકાઃ (એટલે મારા) એમ લખ્યું છે એનો અર્થ એમ કે અત્યાર પર્યંતના જીવનમાં આપણે ઇન્દ્રિયોના વિષયો, મન, ચિત્તના સંસ્કારો, વૃત્તિઓ, લાલસાઓ, વાસનાઓ વગેરેના દોરવાયેલા જ ચાલ્યાં કર્યું છે (ને તેને 'મારા' માન્યાં છે). એટલે જીવન-નદીમાં એક જાતનો એમના જ ચલણનો ને વહનનો પટ પડી ગયો છે. પરિણામે સ્વાભાવિક રીતે જ આપણું તે બાજુનું વલણ રહે છે. પરંતુ હવે ઊર્ધ્વ ગતિની દૃષ્ટિ જીવનમાં આવવાથી પાંડવ પણ આપણામાં જાગે છે. એવી ઉચ્ચ પ્રકારની વૃત્તિ થતાં આપણામાં ધર્મક્ષેત્ર પણ છે ને કુરુક્ષેત્ર પણ છે તેની આપણને સમજણ પડે છે; અને તે વખતે પરસ્પર લડવાને તત્પર થયા

હોય, એવું પણ આપણા લાભમાં ત્યારે જ થશે કે જ્યારે આપણામાં સંજયની વૃત્તિ જાગૃત થઈને કામ આપતી હશે. **સંજય એટલે કે એક પ્રકારની અલિપ્ત તટસ્થતા.**

**પ્રભુ-સ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજ નિરંતરતા અને સળંગ સાતત્ય પ્રકટી ઊગે છે, ત્યારપછીથી જ આધારના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક, સર્જક અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.**

**અજપાજાપમાં સંગ્રામ**

જ્યારે જપ કરવા માંડીએ, જપ જેમ વધારે વખત કરાતો જાય, જપ અખંડ થતો જાય, જપ માટેનો એ શબ્દ આકાશની સાથે સંકળાયેલો છે. એથી એ જ્યારે અખંડ થાય ત્યારે બધી વૃત્તિઓ છે - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ બધામાં પોતાની સ્વતંત્ર - શરીરની જુદી જુદી હોય એકની એક જ પ્રકારની નહિ, દરેકની જુદી જુદી હોય છે. અને ત્યારે જ એને ફુલ્લ સ્કોપ (સંપૂર્ણ ક્ષેત્ર) મળે છે, કારણ કે અત્યારે આપણે જીવદશામાં હોઈએ, ત્યારે જુદી જુદી બીજી અનેક પ્રવૃત્તિઓમાં રોકાયેલા પણ હોઈએ છીએ અને સજાગ હોવાથી આ થાય છે. ભલે તેને રોકી ના શકતા હોઈએ પણ તે મોળી તો પડે જ છે. મોળી તો પાડી શકતા હોઈએ છીએ, આટલું તો થાય જ છે. પણ જ્યારે શબ્દ સાકાર થાય છે, ત્યારે શું થાય છે ? મનાદિ ઉપર તેનો કન્ટ્રોલ (કાબૂ) હોતો નથી. જેમ થતું હોય તેમ થવા દે એવી સ્થિતિ થઈ જાય છે. એટલે આ બધાંય ઢોર થઈ જાય છે. ત્યારે આ બધી વૃત્તિઓ ખીલવા માંડે છે. પણ તે વખતે સતત જપમાં રહેલા હોવાથી-આપણામાં જે સાક્ષીપણું છે, તે સાક્ષીપણું વર્તવા માંડે. સાધનામાં પ્રવેશે. સહેજ થોડી ઊંચી કક્ષામાં જાય, એનું સાક્ષીપણું જુદું છે અને ઊંચે ગયેલો સાધક છે, તેનું સાક્ષીપણું જુદું. એ સાક્ષીપણાને લીધે પેલો સમજે છે કે આવા આવા, આમ આમ તોફાનો થાય છે અને આ કરે છે એ અખંડ જપ. પેલું સાક્ષીપણું છે, તે પછી તેનામાં જે અવેરનેસ (પૂર્ણ-જાગૃતિ) આવી, એને લીધે તે હુકમ નથી કરતો કે દબાવી નથી દેતો. પણ એને એમ કહે છે કે "ભાઈ, આ ઠીક નથી કરતો. આનું તારે શું કરવું છે ? તું શું કરે છે આને ? તું જે કરવા માંગે છે, તે આમાં થઈ નથી શકવાનું. તું જો. કરી

જો.'' અને કરી જોવા દે છે. એ કરી જોવા દે છે પણ ખરો, પણ થતું નથી. અનુભવ કરીને તે પાછો ફરી જાય છે. શાંત થઈ જાય છે. એમ બધાં ધીરે ધીરે શાંત થઈ જાય છે. એ અવેરનેસ (પૂર્ણ જાગૃતિ) પછી પ્રકૃતિની સ્થિતિ રહેતી નથી. એની ડિવાઈન અવેરનેસ (દિવ્ય જાગૃતિ) થઈ જાય છે. એનું મીડિયમ (માધ્યમ) પ્રકૃતિ હોય છે. અને છતાં પોતાની રીતે પ્રકૃતિ વર્તી શકતી નથી. એ એની જે ઊંચી જાતની સ્થિતિ છે, એના પ્રમાણે વર્ત્યા કરે છે. પ્રકૃતિના લેવલ પ્રમાણે તે વર્તતી નથી.

એટલે શરૂઆતમાં તેનાં કામ, ક્રોધાદિ હુમલાઓ, ફંક્શનો થયાં કરે છે ખરાં. સાધક એ જાણે છે, અથવા તેનાં જે પરીક્ષણ હોય છે, તે થયાં કરે છે ખરાં. તે થયાં કરે છે એટલે એમાં જે વર્તનારો સાધક છે, તે જાણે છે કે, આમાં સાલું, આ બધું થાય છે. એ કદી એને હુકમ કરીને દાબી દેતો નથી. કારણ કે એ સમજે છે, કે જો એને દાબી દઈએ, પ્રેસ કરીએ, તો એ ફરી વાર ડબલ જોરથી આવવાનો છે. માટે ધીરે ધીરે એની પાસેથી કામ લો. માટે સમજાવી સમજાવીને એની સાથે કામ લે છે.

આ બધાં બળો એની સાથે રહે છે. એ સાથે શી રીતે રહે છે ? દા.ત. આપણને કામ થયો. 'એ કામ-પેશનને સાધનામાં શી રીતે વાળી દેવો ?' એમ આપણને પ્રશ્ન થાય. પણ એમાં જોશ છે. તે એટલો બધો જોશ છે, જે વાઈટાલિટી (શક્તિમત્તા) છે. તે વાઈટાલિટીને આની સાથે જોડી દે એવી એક કળા આવી જાય છે.

### અજપાજાપ સુધીમાં સંગ્રામો

આ શરૂઆતના ૮-૧૦ કલાકના ગાળામાં એને ઘણી મુશ્કેલીઓ આવે છે. પણ એનો ખરો ઈક્સપીરિયન્સ (અનુભવ) હોય તો તે બધાને વટાવી જાય છે અને આગળ જાય છે. એ આગળ જાય ત્યારે ૧૦,૧૧,૧૨ કલાક જાય છે, ત્યારે કોઈ સૂક્ષ્મ બળ આવે છે. ત્યારે એનામાં આંતરિક બળ પ્રગટી ગયેલું હોય છે. ૧૧-૧૨ કલાક સુધી ભગવાનનું સ્મરણ કરતો હોય છે, ત્યારે એનામાં આંતરિક બળ પ્રગટી ગયેલું હોય છે. આપણું શરીર ત્રણ પ્રકારનું છે. એક સ્થૂળ, બીજું સૂક્ષ્મ અને ત્રીજું કારણ. એવી રીતે આપણામાં સ્થૂળ બળ, સૂક્ષ્મ બળ અને આંતરિક બળ, ત્રણ પ્રકારનાં બળ છે. ત્યારે ૧૩-૧૪ કલાક પછી સૂક્ષ્મ

શરીર આવે છે. ત્યારે આ જે સૂક્ષ્મ પ્રકારનું બળ છે, તે એનો સામનો કરે છે. આપણા આખા સાધનાના માર્ગમાં આ સ્ટ્રગલ (મંથન) અને સામનો ઈસેન્શ્યલ (અનિવાર્ય) છે. સ્ટ્રગલ કોન્શયસ (મંથન પ્રત્યે સભાન) તમે ના રહ્યા, તો આગળ સાધના નહિ કરી શકો. સ્ટ્રગલનો સામનો, મર્દાનગીથી કરીએ તો તેમાંથી આપણું બળ વિશેષ ને વિશેષ વધે છે. દુનિયાદારીમાં પણ એમ જ છે, સંસારમાં પણ એમ જ છે, જે મુશ્કેલી આવી, તે મુશ્કેલીથી જો દબાઈ ગયા તો તમારું બળ ઘટશે અને બરાબર હિંમતથી, બુદ્ધિથી, બીજા કૌશલ્યથી ખરી રીતે બરાબર મુશ્કેલીનો સામનો કર્યો તો તમારું બળ વધ્યું. બળ વધ્યું એટલું જ નહિ, પણ તમારી બુદ્ધિનું કૌશલ્ય વધ્યું. આ પણ હકીકતની વાત છે. ત્યારે એ રીતે આધ્યાત્મિક બાબતમાં ૧૧-૧૨ કલાક સુધી ગયા પછી આવા બધા સંગ્રામો આવે છે; એ સંગ્રામોનો એને સામનો કરવાનો રહે છે. કોઈક વખત એ હારી જાય. પણ ફરીથી પાછો બેઠો થઈ જાય છે. બેઠો થઈ જાય પછી મજબૂત બને છે. ને ફરી પાછો સંગ્રામ ખેલે છે. આમ આગળ આવવામાં કેટલીય વાર હાર-જીત બને છે. કોઈક એવા હોય કે જે પડી જાય, અને પડ્યો જ રહે, તો એને પાછા કેટલાય જન્મ વીતાવવા પડે છે. એ જન્મમાં (એ બધા સંગ્રામ) ફરીથી પાછા આવે છે.

**ભગવાનના સ્મરણનું સાધન એકલું જ પૂરતું છે, તેનો મને અનુભવ છે પણ તે અખંડ થવું સહેલું નથી.** રોજના ૧૦ થી ૧૨ કલાક આપણે સ્મરણ કરી શકીએ. **૧૨ થી ૧૬ કલાક** સુધીનો તબક્કો પ્રગટાવવો એ તો અઘરામાં અઘરું છે. એવો ભારે ઉત્સાહ ને ધગધગતી તમન્ના પ્રગટેલી હોય તો કદાચ ૧૬ કલાક સુધી લઈ જઈ શકીએ. પરંતુ **૧૬ થી ૨૦ કલાક** સુધીનો તબક્કો એ મને તો લાગે છે કે માનવીના દિલની તાકાતની વાત નથી. **ભગવાન પરત્વેની spontaneous ભક્તિ પ્રગટ્યા વિના તેમ થવું શક્ય નથી.**

**૨૦ થી ૨૨ કલાકનો** તબક્કો એ પણ એવી જ કોઈક દૈવી રમતોની ભુલભુલામણીનો તબક્કો છે. અનેક પ્રકારનાં દૈવીદર્શનો ને અનુભવોમાં માનવી તેમાં પૂરેપૂરો રત થઈ જાય છે અને તેની જ ભાવનાના કામણમાં ગળી જતો હોય છે, તેમાંથી નીકળવું એ પણ એક દોહ્યલું કર્મ છે. તે તો આપણા દિલમાં ત્યારે પૂરેપૂરી જાગૃતિ હોય કે

આપણે આ કામણમાં પડેલા છીએ, ત્યારે જે આર્ત અને આર્દ્રભાવે પોકાર ઊઠે છે ને એ પોકારમાં દિલનું દર્દ અને ઝંખના આપમેળે ત્યારે પ્રગટે છે. એવી પ્રાર્થના આપણને તે વેળાએ ઊંચે તારવી શકે છે. પરંતુ એવી દૈવીદર્શનની રમતોમાં માનવીને પ્રાર્થના કરવાનું સૂઝવું પણ લગભગ અશક્ય હોય છે.

**હૃદય ચેતાવીને ભાવે અગન વિશે ઝબોળ્યા છે**

સ્મરણ અભ્યાસ નિરંતર થતો ઊંડો ગયેલો છે,
સતત અભ્યાસ તેવાથી પ્રવેશાયું હૃદય વિશે.

ઊંડું જ્યાં જેમ ઊતરાયું થયું દર્શન અનુપમ જે,
જૂના સંસારની દુનિયા અલોપ જ શી થતી ગઈ છે !

નવા દર્શનની અદ્ભુતતા, કળાદર્શન અનેરાં છે,
મનાદિ તે સમય કેવાં શું મોહી ત્યાં પડેલાં છે !

પરંતુ ધ્યેય લગનીએ ત્યહીં ચેતાવી દીધો છે,
હૃદય ચેતાવીને ભાવે અગન વિશે ઝબોળ્યો છે.

**દેવ - અસુરનું યુદ્ધ**

આ દેવ-અસુરનું જે યુદ્ધ છે, એ આ **તટસ્થતાના ક્ષેત્રમાં પૂર્ણ થવા જઈએ છીએ ત્યારે ખેલાય છે.** આ યુદ્ધ બહુ કારમું છે. કાળનું ભયંકર યુદ્ધ છે. તે વખતે મર્દાનગી, સાહસ, હિંમત, ધીરજ, આ બધા ગુણોની આપણને બહુ જરૂર પડે છે. એકમાં જ ચીટકી રહેવું, તે કાળે આપણને બહુ મુશ્કેલીવાળું કામ હોય છે.

જ્યારે તટસ્થતા પ્રગટે છે, એમાં બુદ્ધિની મદદ આપણે લેવી પડે છે. બુદ્ધિ ખીલે છે પણ ખરી. તર્ક, દલીલ, શંકા એ બધા બુદ્ધિના વિષયો છે. પણ એ એની સાથે એકાકાર થયેલા નથી. એટલે એ વિરોધ કરે છે. એ વિરોધ કરે છે તે બુદ્ધિનું પોતાનું જ અંગ છે. આપણું પોતાનું જ અંગ હોય છે. તે આપણો વિરોધ કરે છે. તે આપણને કબૂલ થાય તેવી હકીકત છે. તેવી રીતે આ તર્ક, દલીલ, શંકા, કુશંકા, બુદ્ધિનાં અંગો - તે વખતે વધારે ને વધારે ખીલે છે. અને વધારે ખીલીને તે અવરોધકર્તા બને છે. તેથી તટસ્થતાને અવરોધકર્તા બને છે. ત્યારે પેલી

તટસ્થતા ખંડિત થાય છે. પણ તટસ્થતા એ એવું એક બળ છે કે તે માત્ર છાનુંમાનું બેસી રહે તેવું નથી. તે માત્ર જોયા જ કરે છે તેવું નથી. તટસ્થતા પર જ્યારે હુમલો આવે છે, ત્યારે એ જાગૃત થાય છે અને તેનો સામનો પણ કરે છે. એવું જ્યારે થાય છે, ત્યારે એ તટસ્થતા પણ જાગે છે. "તટસ્થતા" કહ્યું ત્યારે તેનામાં બુદ્ધિ નથી હોતી એવું નથી. જે તે બધું હોય છે - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ તેને છે ખરાં, પણ બધાં ઠરેલાં છે.

તો આ રીતે તર્ક-વિતર્ક, અવિવેક, દલીલ, શંકા, કુશંકા, આ બધાને ગાંડપણ વ્યાપે છે. એટલે એ જે પેલાનો (તટસ્થતાનો) વિષય છે તેમાં બુદ્ધિ મદદ કરવા ગઈ છે તેનો વિરોધ કરે છે. આ બુદ્ધિને ઉશ્કેરીને આ બધાં વિરોધ કરે છે ત્યારે તટસ્થતાને બહુ પંચાત પડે છે. બીજાં બધાંને સમજાવવાં બહુ સહેલાં છે; મન છે, પ્રાણ છે, અહમ્ છે - આ બધાંને સમજાવવાં સહેલાં છે પણ બુદ્ધિને રેશનલી સમજાવવી બહુ અઘરી છે. તે ઘડીભર માનશે, પાછી ઉછાળો મારશે. "ના, ના; બરાબર નથી."

એક વખતે એ કન્વિન્સ થઈ હોય કે આ બરાબર છે તો પણ પાછો ફરીથી ઉછાળો મારે છે. આવું બુદ્ધિનું કામ છે. આવા ઊથલા મારે ત્યારે તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે અને પાછી સમજી પણ જાય છે. કારણ કે બુદ્ધિ પોતે સમજુ છે ને જે તર્ક દલીલ સામે કરે તેને તે સમજી શકે તેમ છે. પોતાનું ખોટું હોય તેને પણ સમજી શકે તેમ છે, જોકે તેનાથી મૂકી દેવાતું નથી પણ તે સમજી શકે છે તે વાત પણ સાચી. એ સમજી શકે છે. "આ મારી વાત બરાબર નથી" તેમ સમજી જાય છે.

આ ઊર્ધ્વક્ષેત્રમાં જવા માટે વધારેમાં વધારે મદદગાર મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણમાંથી જો કોઈ હોય તો તે બુદ્ધિ છે. એટલે બુદ્ધિને મઠારવાને માટે તટસ્થતા બહુ મદદ કરે છે. જો તે અવળી ચાલે તો તેને પકડી સમજાવીએ; યોગ્યતાપૂર્વક, વિવેકપૂર્વક એનાં સાધનો સાથે એને સમજાવીએ, તો સમજે અને સીધા માર્ગે ચાલે. ઘણા ઊથલા ખાધા પછી બુદ્ધિ યોગ્ય પ્રકારની થાય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૦

# અજપાજાપ

- *તટસ્થતામાં વૃત્તિઓ અને વલણો શમે નહિ.*
- *તે તટસ્થતામાં જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ સતત ચાલ્યા કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે.*
- *સભાનતાથી ભગવાનના સ્મરણમાં, જ્યારે અખંડતા પ્રગટે, ત્યારથી સાચી સાધનાની શરૂઆત થાય છે.*
- *સત્ત્વગુણમાં પ્રગટવાની પ્રક્રિયા શરૂ થાય અને આધ્યાત્મિક સ્થિતિમાં પ્રવર્તવાની સ્થિતિ ખુલ્લી થાય.*
- *ભાવ જાગે છે ખરો, પણ નિરંતરતામાં આવી શકતો નથી, પણ નામ નિરંતર થઈ શકે છે.*
- *નામસ્મરણ પળેપળનું થઈ જાય પછીથી એ અવેરનેસ આવે છે. શરૂઆતમાં ન આવે. નિરંતરનું સ્મરણ થયા પછી જુદાં જુદાં સાધનો સૂઝે.*
- *ભગવાનની સાથે ભાવસંબંધ કેમ કરીને વિશેષ રહે, એ જ એના માટે મહત્ત્વનું લક્ષણ બને છે.*

### અજપાજાપમાં તટસ્થતા

બધી વૃત્તિઓ જન્મતી હોય એવું લાગે ખરું. છતાં એનાથી જુદો રહે, ભાગ ન લે. વૃત્તિઓ જન્મે તો ખરી, કારણ કે ચિત્તમાં બધા સંસ્કારો પડેલા છે ને ? લોભની વૃત્તિ જાગે, મોહની વૃત્તિ જાગે. એટલે એ વખતે એને લાગે કે આ વૃત્તિ આવી. ત્યારે એનામાં તટસ્થતા આવી હોય એની સાબિતી, તે વખતે એની અંદર એ જોડાય નહિ. જ્યારે તટસ્થતા પાકે, ત્યારે નદીના કિનારે ઊભો હોય અને પૂરમાં દેખતો હોય - લાકડાં હોય, મરેલાં ઢોર હોય - જુએ ખરો - કિનારે ઉભેલો - તેવી રીતે પોતાનામાં બધું જાગતું હોય એ બધું જાણે ખરો. પણ અંદર વહેવાય નહિ. **તટસ્થતામાં વૃત્તિઓ અને વલણો શમે નહિ.**

**તટસ્થતામાં બેલેસિંગ પાવર ન આવે**

તે તટસ્થતા જ્યારે તેના સંપૂર્ણ પરિપક્વપણાની સ્થિતિમાં જીવતી પ્રગટી ગયેલી હોય છે, ત્યારથી જ શ્રેયાર્થીના જીવનનો ઊર્ધ્વ વિકાસ

સતત ચાલ્યાં કરવાની સ્થિતિમાં મુકાઈ જતો હોય છે. એવી સક્રિય ચેતનાત્મક તટસ્થતા પ્રગટેલી હોય છે, તો કંઈ જ કશામાં તેનાથી ભેળવાઈ જવાતું નથી. તે કંઈ કશામાં સંપૂર્ણપણે લપેટાઈ પણ ન જાય. તે કિનારા પર ઊભો રહીને, જે તે બધું પસાર થતું નીરખી શકે છે. આવી તટસ્થતાની ભૂમિકા પાકી જાય છે, તે વેળાથી જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રયાણનો માર્ગ વિશેષ ને વિશેષ મોકળો બનતો જાય છે.

**અજપાજાપમાં સ્થિતિ**

સભાનતાથી ભગવાનના સ્મરણમાં જ્યારે અખંડતા પ્રગટે ત્યારથી સાચી સાધનાની શરૂઆત થાય છે. એ સ્મરણમાં જ્યારે અખંડતા પ્રકટે છે, ત્યારે ખરું ખમીર અને તેજસ્વિતા પ્રગટે છે. એ પછી જીવનનું ઊર્ધ્વ-ગમન થાય, જીવનનું હાર્દ ખૂલવા માંડે, સત્ત્વગુણમાં પ્રગટવાની પ્રક્રિયા શરૂ થાય અને આધ્યાત્મિક સ્થિતિમાં પ્રવર્તવાની સ્થિતિ ખુલ્લી થાય.

શરીરમાં છ ચક્રો છે, પણ એ સૂક્ષ્મ છે, જે કરોડરજ્જુમાં આવેલાં છે. જ્યારે ભગવાનના નામસ્મરણમાં અખંડિતતા પ્રકટે છે, પરિણામે જ્ઞાનતંતુમાં ગતિ થાય છે, ત્યારે આ છ ચક્રોમાં પણ ગતિ થવા માંડે છે. **જીવનમાં ભગવાનની ભાવનામાં જેની નિરંતરતા પ્રગટી છે, તેનામાં આ ચક્રો જીવતાં થાય છે.** આ છ ચક્રો ગતિમાન થાય છે, ત્યારે શરીરની શક્તિ જુદા પ્રકારની બને છે.

જેમ જેમ શક્તિ ને તેનો વેગ ને તેનો ભાવ વધારે ને વધારે પ્રકટતા જાય, તેમ તેમ સાધનામાં ઉત્સાહ, ખંત, રસ પ્રકટતા જાય. તે વેળાએ રોજિંદા વ્યવહારનાં કામો કરાતાં જતાં હોય તેમ છતાં તે કર્મનાં ક્ષેત્રનો જીવદશાનો રસ આપોઆપ ઓછો થતો જાય છે. એવા કર્મોમાંથી નવી દૃષ્ટિ, નવી સૂઝ અને નવી શક્તિ તથા આસપાસના વાતાવરણમાંથી એને લીધે પ્રેમ, હમદર્દી વગેરે આપણને મળ્યા કરે છે, વિશેષ ને વિશેષ આહ્‌લાદક આનંદ પ્રકટ્યા કરે છે. ઉન્મત્ત ભાવની ભરતી ઊછળ્યા કરે છે અને અદમ્ય શક્તિ પ્રકટ્યા કરે છે. સાધનાના ઉત્તરોત્તર ક્ષેત્રમાં જે ભારેમાં ભારે સાહસ, હિંમત ને બળની જરૂરિયાત હોય છે, તે બધી શક્તિ ઉપરની થતી રહેતી એવી આપણી દશામાંથી પ્રકટતી અનુભવાય છે. અને એવી સાધનાની દશા પ્રકટતાં, સ્મરણભાવની ધારણા વધારે ને વધારે સતેજ, ચેતનવંતી અને ભાવવાળી થયા કરે છે.

ભાવ જાગે છે ખરો, પણ નિરંતરતામાં આવી શકતો નથી, પણ નામ નિરંતર થઈ શકે છે. એથી જે ભાવ થાય છે, એ ટકેલો રહે છે. શરૂઆતના ગાળામાં એ વધતા-ઓછા પ્રમાણમાં થાય છે ખરો. અનુભવી થયા પછી ભાવમાં ન્યૂનતા આવતી નથી.

સ્મરણની ભાવના અખંડ અને સળંગ પ્રગટે છે, ત્યારે પણ એટલે કે તેવી ભૂમિકામાં પણ ભાવનાની સળંગતા કંઈ પ્રગટી ગયેલી હોતી નથી. સ્મરણમાં સળંગતા જ્યારે પ્રગટે છે, ત્યારે ભાવનાને પ્રગટાવામાં ઝાઝી કશી મહેનત પડતી નથી. પ્રત્યેક કંઈ જે તે કરવામાં ભાવનાના બળથી તે થયા કરે એવો ખ્યાલ આપમેળે પ્રગટે છે, ને કોઈક વાર તેવું થતું હોતું નથી, તો તુરત જાગી પણ જવાય છે. આવી રીતે ભાવનાનો યજ્ઞ પ્રગટ્યા કરે છે ને તે પછીથી તેમાં પણ સળંગતા પ્રગટવા માંડે છે.

### નિરંતરનો થવા ભાવ હૃદય તેથી જ તલસ્યું છે

હૃદયમાં ભાવના કેરું ચઢેલું પૂર ભારે છે,
શું સંવાદિતપણું ત્યારે જીવનમાં લાગતું સઘળે !

અનુભવમાં મને તેવું પૂરું જ્યાં દિલ લાગ્યું છે,
નિરંતરનો થવા ભાવ હૃદય તેથી જ તલસ્યું છે.

સતત અભ્યાસની ધારા સળંગે જ્યાં વહેતી છે,
જીવન તે ધારણામાંથી ઘડાતું છે જ તે રીતે.

સતત અભ્યાસમાંથી તે હૃદયનો ભાવ પ્રગટીને,
હરિમાં એકધારું ત્યાં જીવનનું લક્ષ્ય ચોંટ્યું છે.

અને એમ ચોંટવાથી તો નિરંતરનો થયેલો છે
**-હૃદય-ભાવ; જીવન કેરો ઉદ્ધાર તેથી છે.**

### હરિની સભાનતા

નિરંતરનું સ્મરણ બનતાં હરિનું ભાન ઊભર્યું છે,
હૃદય સભાનતા હરિની પછી સ્ફુર્યા કરેલી છે.

નામસ્મરણ પળેપળનું થઈ જાય પછીથી એ અવેરનેસ આવે છે. શરૂઆતમાં ન આવે. નિરંતરનું સ્મરણ થયા પછી જુદાં જુદાં સાધનો

સૂઝે. આપોઆપ સૂઝે. એ જ ખરું. નિરંતરના સ્મરણથી જે ભૂમિકા કેળવાય અને એમાંથી જે સાધન સૂઝે એ સાધન ઝપાટાબંધ થઈ જાય. એનાથી જુદી જુદી ઉચ્ચ ભૂમિકામાં પણ જવાય છે. પછીથી એની અવેરનેસ રહ્યા જ કરે. શ્વાસોશ્વાસ ચાલે છે એની આપણને સભાનતા નથી, પેલાની સભાનતા રહે.

### સ્મરણની અખંડતામાંથી છતો ભાવ થતો રહે છે

સ્મરણની અખંડતામાંથી છતો ભાવ થતો રહે છે,
હૃદયના ભાવમાં હરિની ઊગે છે સભાનતા મેળે.

હરિની સભાનતા જાગૃત થતાં દિલમાં પૂરા જોશે,
બધાં આધારનાં કરણો વિશે ત્યારે પ્રસરતી છે.

હરિની સભાનતાનો શો પ્રભાવ કંઈ અનેરો છે !
બધાં કરણોની જેવી હો ભૂમિકા તેમ તે સ્પર્શે.

થવા કરણોની ભૂમિકા હૃદય પ્રગટાવવા ભાવ,
થતું જે જે ખરેખર તે જીવનનું સાધના-અંગ.

### ચેતન પરત્વે અભિમુખતા

જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા પ્રકટે છે, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌નાં પ્રાકૃતિક વલણોને યોગ્ય રીતે મઠારવામાં તે પ્રેરણાત્મક બને છે. મનના સંકલ્પ-વિકલ્પોને તે ઘટાડીને શાંત પમાડી શકે છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર ત્યારે પ્રકટે છે. પ્રાણના ક્ષેત્રના કામ, ક્રોધ, લોભ, મોહાદિ વિષયોની સ્ફુરણામાં ઘણી ઘણી મંદતા પ્રકટી જાય છે અને બુદ્ધિમાં સમતા પ્રકટીને તે સમત્વ ધારણ કરે છે, ને અહમ્ દ્વંદ્વાદિક વિષયોમાં રોકાયેલું હોય છે, તેમાંથી અટકીને ચેતન પરત્વેના અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહે છે.

બીજાનામાં આપણું લક્ષ બિલકુલ ન જાય એવું બુદ્ધિથી સમજીએ એટલું નહિ, પણ પૂરેપૂરું કન્વિક્શન આવી જાય, ત્યાર પછી એ બાબતનું લક્ષ આપણું ગૌણ બની જાય. મન, બુદ્ધિની પ્રવૃત્તિ તો રહેવાની. એ પોતાના જ વિશે વધારે વિચારતો થાય છે. જેમ જેમ એ પોતાના વિશે વધારે ને વધારે વિચારતો થતો જાય તેમ તેમ પોતાનું

આડું-અવળું, દોષ વગેરે જણાય. પછી દોષને મઠારવા પડે. પણ એ મઠારવાનું તો સેકંડરી (ગૌણ) બની જાય છે. પણ ભગવાનની સાથે ભાવસંબંધ કેમ કરીને વિશેષ રહે એ જ એને મહત્ત્વનું લક્ષણ બને છે. મઠારવાનું આપમેળે થતું જાય છે. પછી એમાંથી નીકળી જતાં વાર લાગતી નથી.

**હરિની યાદમાં કેવું ભર્યું ભર્યું સર્વ લાગે છે !**

હરિ સ્મરતાં, હરિ સ્મરતાં, સ્મરણ જીવતું થયું જ્યાં છે,
હરિનું દિલ આકર્ષણ ચમત્કારિક પ્રગટ્યું છે.

મનાદિ તે પછી કેવાં હરિમાં જોતરાયાં છે !
હરિની યાદમાં હર્ષ મનાદિને ઊછળતો છે.

થવામાં યાદ હરિની દિલ પ્રગટતામાં સ્મરણ હૃદયે,
હૃદયની ઊર્મિની છોળો પરે છોળો ઊછળતી છે.

હરિની યાદમાં કેવું ભર્યું ભર્યું સર્વ લાગે છે !
હૃદય વહાલ વછૂટે છે શું અપરંપાર પદ ત્યારે !

---

સ્મરણમાં ભાવ જાગંતાં સ્મરણનો વેષ પલટાયો;
પછીથી મુક્ત અભિમુખતા સ્મરણથી ફોરી છે દિલ તો.

અભિમુખતા નિરંતરની હરિ પ્રત્યેની મોરી છે;
પછીથી દિલ તે જીવન હરિ ગમ શાં વહેલાં છે !

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૧

# ૧૧મી ભૂમિકા-શરણાગતિ તરફ પ્રયાણ સત્ત્વમાં પ્રતિષ્ઠા અને નિષ્ઠા

- *જેમ જેમ મનાદિકરણની પ્રાકૃતિક પ્રવૃત્તિનું શમન થતું જાય છે તેમ તેમ જીવનમાં સાત્ત્વિક ગુણ પ્રગટવા માંડે છે.*
- *ભગવાનના નામના સતત સ્મરણ-રટણથી આકાશતત્ત્વ ખીલે છે.*
- *આપણામાં જે પુરુષ સુષુપ્ત સ્થિતિમાં છે, એ પુરુષ અજપાજપ થતાં જાગૃત થઈ જાય છે. એક વાર જો "માંહેલો" જાગી જાય છે, તો પછીથી પ્રકૃતિની રમત કંઈ બંધ પડી જતી નથી. તે પછીથી જીવને જીવપણાનું વલણ જાગતું જ નથી એવું કશું નથી હોતું.*
- *સ્મરણમાં અખંડતા પ્રગટ્યા પછીથી જ ભાવનાનો પ્રદેશ શરૂ થાય છે.*
- *છેક નમ્રમાં નમ્ર થવાની ગરજપૂર્વકની સભાનતા જાગે છે.*
- *સ્વાભાવિક રીતે જ ત્યારે જીવને સાચો વૈરાગ્ય પ્રગટે છે. અહીં* ***વૈરાગ્યનો અર્થ એટલે સંપૂર્ણ અનાસક્તિભાવ-એટલે કે શ્રીભગવાનના ચરણકમળમાં જ અનન્ય આસક્તિ.***

*નિરંતરનું થતાં ઊંડું સ્મરણ, તેવા સ્મરણમાંથી*
*-ફુવારો ભક્તિનો ફૂટે, ઝરે અમૃત-રસ પદથી.*

- *ભક્તિ એટલે તો મનાદિકરણોને સતત એકધારાં એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય.*
- *ભક્તિનો રસ જામતાં કે પ્રગટતાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ સૂક્ષ્મ કરણોમાં પણ એની અસર થયા વિના રહી શકતી નથી.*
- *બારમી ભૂમિકા વટાવી ગયા પછી એમાં પતન નથી. કોઈ પણ કાળે એનું પતન ના થાય. ગમે તે કરે તો પણ દસ-અગિયાર અને બાર - એ ભૂમિકાઓની વચમાં એનું પતન થઈ જાય.*
- *જો આપણા વર્તનથી શાંતિ-પ્રસન્નતા રહ્યાં કરે અને કોઈ પણ પ્રકારનું સંઘર્ષણ ન પ્રગટે તો ઉપલા મનને (જાગૃત મનને) આપણે શાંત કરી શકીએ. એ શાંત થાય ત્યારે આપણા અજાગૃત મનમાંથી બધું બહાર આવે. ઉપરના મનમાં શાંતિ ન થાય તો અજાગૃત મનમાં પડેલો ઉકરડો બહાર નથી આવતો. ઉપલું મન જો શાંત થાય તો જ ચિત્ત તટસ્થતાથી*

*અને સમતાથી બધું નીરખી શકે અને તો જ અજાગૃત મન નીરવ બનવાની શક્યતા રહે.*

- *ઉપલા મનને શાંત અને નીરવ કરવાની શક્તિ મનુષ્યમાં છે, પણ અજાગૃત મનને શાંત કરવાની શક્તિ નથી.*
- *સાધના પરિપક્વ થતાં થતાં દિલ પ્રગટે છે ને દિલની સાથે સાથે જ ભાવ પણ પ્રગટે છે, અને ભાવ પ્રગટેલો હોય છે ત્યાં રસ પણ હોય. આમ, બધું પરસ્પર સંકળાયેલું હોય છે.*
- *એક વાર જો આપણને લગની લાગી જાય અથવા આપણી માંહેલો જાગી જાય અથવા ચેતનના સંપર્કની ઝાંખીનો અનુભવ થઈ જાય તો પછી જીવની ઊર્ધ્વ પ્રકારની ગતિ નિશ્ચિત થઈ ગઈ એમ સમજવું.*

## સત્ત્વમાં પ્રતિષ્ઠા અને નિષ્ઠા

જેમ જેમ મનાદિકરણની પ્રાકૃતિક પ્રવૃત્તિનું શમન થતું જાય છે તેમ તેમ જીવનમાં સાત્ત્વિક ગુણ પ્રગટવા માંડે છે.

**અજપાજાપ➡સત્ત્વગુણ➡સંનિષ્ઠા**

શબ્દ આદિ અનાદિથી છે, એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રગટે છે, ત્યારે આધારમાં આકાશતત્ત્વ ખીલે છે, મોખરે આવે છે. હવે આકાશતત્ત્વને અને સત્ત્વને પરસ્પર સંબંધ હોવાથી જ્યારે આકાશતત્ત્વ ખીલે છે ને મોખરે પ્રગટે છે, ત્યારે આકાશના ખીલવાના સાથે સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે; ને સત્ત્વગુણ ખીલવા માંડતા અને સત્ત્વગુણ મોખરે જીવતો થતાં રજસ, તમસ ગૌણ બનતા જાય છે. કામક્રોધાદિક વિષયો તો રજસ અને તમસ ગુણને આધારે હોય છે, એટલે જ્યારે રજસ, તમસ ગુણ મોળાં પડે, ત્યારે આપમેળે કામક્રોધાદિક મોળા પડે છે. આમ, ચેતનાત્મક ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ નિરંતરતા, અખંડતા ને સળંગતા પ્રગટે છે, ત્યારે કામક્રોધાદિક, રાગદ્વેષને મોળાં પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ પડતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતનવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રગટે છે, ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની A distinct kind of awareness- એક વિશિષ્ટ જીવંત સહજ સભાનતા પ્રગટે છે. એના વડે કરી તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રગટી

જાય છે કે જેથી તે સત્-અસત્નો પાકો નિર્ણય કરી શકે છે, એટલું જ નહિ, પરંતુ ધ્યેયથી વિરોધનું જે જે કંઈક હોય તેનાથી નોખા થતાં તેને વાર લાગતી નથી. એવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણવાળો, જીવંત ગતિશીલ, ક્રિયાશીલ ને સર્જનશીલ, અખંડપણે સભાનતાયુક્ત, સદાય ચેતનવંતો, પળેપળનો સહજ જાગૃત રહ્યા કરે છે. એવો જીવંત, સહજ, ક્રિયાશીલ, ગતિશીલ ને સર્જનશીલ વિવેક પ્રગટતાં શ્રેયસાધકનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેયને પરત્વે જ વર્તેલાં, પ્રગટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગૃત થતાં, એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ ને શક્તિ પ્રગટ્યા કરે છે. ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. એવી ઉપરોક્ત સંનિષ્ઠા તો ગુણ ને શક્તિનું પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રગટેલી નથી, ત્યાં સુધી તેવા સાધકે ગુણ ને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણ ને ભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રગટે છે, ત્યારે તેનાં કરણો - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વિશેષ ને વિશેષ તેજસ્વી ને સૂક્ષ્મ બનતા જતાં હોય છે. તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો કોઈ નિરાળો જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રગટે છે, તેવી શક્તિ વડે પછી તો શ્રેયસાધક દેવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી ને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેયસાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બની ગયેલી હોય છે. એવી ભાવના જ્યારે આધારમાં પ્રગટે છે, ત્યારે એવી જીવંત સહજ-ભાવનામાંથી ગુણ-શક્તિ તો પ્રગટ્યાં જ કરે એટલું જ નહિ, પરંતુ કળા, સૌંદર્ય, વ્યવસ્થિતિતા વગેરે જેવાં જીવનનાં પ્રધાન Aspects સ્વરૂપો પરત્વે પણ તેની સભાનતા ખીલતી જતી હોય છે, ને આમ તે

સત્યં, શિવં, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રગટતી થઈ શકે છે.

**પુરુષ જાગૃતિ - અજપાજાપ પછી**

ભગવાનના નામના સતત સ્મરણ-રટણથી આકાશતત્ત્વ ખીલે છે. વળી સત્ત્વનો આકાશ સાથે સંબંધ હોવાથી સત્ત્વ ખીલતાં આપણામાંના બધા જીવદશાના ગુણો - કામ, ક્રોધ, લોભ વગેરે મોળાં પડવા માંડે અને એમ જ્યારે ભગવાનનું સ્મરણ સહજ થયા કરે - એટલે કે આપમેળે જેમ શ્વાસોશ્વાસ ચાલે છે, લોહી વહે છે તેમ effortless effortથી સ્મરણ થયાં કરે—જાગૃતિપૂર્વક—આપણામાં શુદ્ધિ થવા માંડે. આપણે શ્વાસ લઈએ છીએ એનું જાગૃતિપૂર્વકનું જ્ઞાન હોતું નથી. (કારણ એ સહજ ક્રિયા છે. પણ અજપાજાપની ક્રિયામાં એવું નથી.) આપણામાં જે પુરુષ સુષુપ્ત સ્થિતિમાં છે, એ પુરુષ અજપાજાપ થતાં જાગૃત થઈ જાય છે અને પુરુષતત્ત્વ જાગૃત થતાં consciousness પ્રગટે છે અને આપણામાં જીવતોજાગતો વિવેક જાગી જાય છે. સામાન્ય જીવદશાનો વિવેક નહિ, જીવતોજાગતો. તે તાત્કાલિક નિર્ણય કરી શકે છે; અયોગ્યને નિવારી શકે છે. એ જાગતો થાય, ત્યારે જ ભગવાનની ભાવનામાં નિરંતરતા પ્રગટે છે.

આપણા આધારમાં પ્રકૃતિ જે જીવદશાની રીતે પ્રવર્તે છે, એ એટલે કે આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામ, ક્રોધ, મોહ, મદ, અહંકાર, આદિવાળી જીવદશા મોળી પડતી જાય અને પ્રકૃતિ પોતાની રીતે વર્તતી બંધ થઈ જાય. પુરુષની મહોર વિના તેનાથી કશું કર્યું કરાયું ના બની શકે. એવું બધું થાય ત્યારે ચૈત્યપુરુષ જાગ્યો છે એમ ગણાય.

**એક વાર જો ''માંહેલો'' જાગી જાય છે, તો પછીથી પ્રકૃતિની રમત કંઈ બંધ પડી જતી નથી. તે પછીથી જીવને જીવપણાનું વલણ જાગતું જ નથી એવું કશું નથી હોતું.** સાધારણ જીવને જે જીવદશાનું વલણ જાગે તેના કરતાંય વધારે જોરદાર વલણ પણ એનામાં પ્રકૃતિનું કદીક કદીક તો જાગતું હોય છે. પરંતુ એનો માંહેલો જાગેલ હોવાથી તે એને અનુમતિ - સાથ - તેમાં જરા પણ દેતો હોતો નથી. પોતે સાવ અલગ નોખો રહે છે. તેથી પ્રકૃતિનું બંધન લાગતું કે સ્પર્શતું નથી. માંહેલો જાગી જાય છે, તે પછીથી જ ચેતનના ખરા અસ્તિત્વની ખબર પડતી

જતી હોય છે. એવા અનુભવ પછીથી જ જીવ પૂરો સાબદો બની જતો હોય છે. તે જાગે છે, ત્યાર પછી જ સાધનાનું ખરું કામ થવા માંડે છે.

**ચૈત્યપુરુષની જાગૃતિ એટલે તો સાધનના અભ્યાસમાંથી પ્રગટેલું એકધારું જાગૃતિપૂર્વકનું જ્ઞાનભક્તિવાળું અવલંબન, શરણાગતિ અથવા ભગવાન પરત્વેની એકધારી તૈલધારાવત્ પ્રગટતી રહેતી ભાવના.**

ચૈત્યપુરુષ જાગ્યાના બીજાં અનેક લક્ષણો છે, તેમાં સંપૂર્ણ નિરાંતવાળી નિશ્ચિંતતા પણ એક લક્ષણ છે, જેમાં શ્રદ્ધા કદી ઓગળી શકતી નથી. દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધતી જાય ને તેજસ્વી બનતી જતી હોય છે અને એ શ્રદ્ધા જ જ્ઞાનરૂપ બનતી જતી હોય છે. દિવસના આખા ગાળામાં તેને આડાઅવળા કે અન્યથાપણાના કે વિકૃત સ્થિતિના અથવા તો જીવદશાવાળા વિચારો, વૃત્તિઓ વગેરે કશું, ઝાઝું પ્રગટતું હોતું નથી. અને કદાચ પ્રગટે તો તેને ઝાટકો મારીને ઈનકાર કરી દેવાની શક્તિ આપી શકે તેવી તેજસ્વિતા જાગૃતિ એને પ્રગટેલી રહ્યાં કરેલી હોય છે. ચૈત્યપુરુષ જાગે છે, ત્યારે તે સદાય જાગૃત રહી શકે છે.

સમતા, શાંતિ, સાક્ષીત્વ, તટસ્થતા, પ્રસન્નતા વગેરે જીવતાં થયેલા અનુભવાયાં તો જાણવું કે આપણાંમાંનો પુરુષ હવે જાગૃત થયેલો છે.

**ભાવ પ્રદેશની શરૂઆત**

**સ્મરણભાવની ધારણા જ્યારે પ્રકટતી રહે છે અને પૂરેપૂરી જીવંત બને છે, ત્યારથી જ પ્રકૃતિ ને સ્વભાવની શુદ્ધિ થવાની આંતરિક પ્રક્રિયા શરૂ થતી હોય છે** અને સ્વામિત્વનો ભાવ તો તે પછી જન્મતો હોય છે. **અજપાજાપ સુધી જવાય, ત્યારે તો હજી શુદ્ધિ થવા માંડે છે અને શરણાગતિની સ્થિતિનો માત્ર આરંભ થાય છે.**

સ્મરણના પણ જુદા જુદા તબક્કા છે, જુદી જુદી ભૂમિકાઓ છે અને તેમાં સ્મરણ પણ જુદા જુદા પ્રકારનું હોય છે. સ્મરણમાં અખંડતા પ્રગટ્યા પછીથી જ ભાવનાનો પ્રદેશ શરૂ થાય છે.

**શરણાગતિ તરફ પ્રયાણ**

સ્મરણની ભાવના વધતાં વધતાં, ને તે સ્મરણમાં જીવંત ભાવ પ્રગટતાં, જીવનના તેવા પ્રયોગવીરને ચરણરજનીયે રજ થયા વિના તે જીવનવિકાસના માર્ગમાં આગળ પ્રગટી શકતો નથી; તેવું તેને પ્રત્યક્ષ દિલમાં દિલથી સમજાય છે અને ત્યારે એને છેક નમ્ર થવાની

ગરજપૂર્વકની સભાનતા જાગે છે. એવી ખરેખરી ઉત્કટ ગરજની સભાનતા જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર થવાની એના હૃદયમાં તાલાવેલી જગાડે છે; ચેતનાત્મક તત્પરતા પ્રગટાવે છે; અને તેવું નમ્રમાં નમ્ર થવાને માટે તેના દિલની જે નર્તતી ને ચેતનાત્મક સભાનતા જે જ્ઞાનભક્તિપૂર્વક એનામાં જીવંતપણે પ્રગટેલી છે, તે એના જીવનમાં ચરણરજનીયે રજ થવાની જ્વાળામુખીના જેવી એના દિલમાં તે પ્રચંડ જિજ્ઞાસા પ્રગટાવે છે.

માનવીનાં મનાદિકરણો જેમ જેમ શુદ્ધ થતાં જાય છે, જેમ જેમ તેનામાં સમતા આવતી જાય છે, તેમ તેમ તેનું ચૈતન્ય વધુ ને વધુ વિકાસોન્મુખ બનતું જાય છે અને કામના-વાસનાઓનો વેગ તેનામાં મોળો પડતો જાય છે. માનવીના આધારમાં સાત્ત્વિક ગુણનો વિકાસ થઈ જાય છે, ત્યારે પ્રેમ, મૈત્રી અને કરુણાની જુદી જુદી દિવ્ય કક્ષાની ભાવનાઓ જીવનમાં સહજમેળે વિકાસ પામતી માનવી અનુભવે છે.

માનવીનાં મનાદિકરણોનું અધોગામી વલણ ત્યારે શૂન્યવત્ થતું જાય છે અને મનની ચંચળતા, વ્યગ્રતા, અસ્વસ્થતા વગેરે કોઈ ચમત્કારિક રીતે અદૃશ્ય થઈ જતી માનવીને ત્યારે લાગે છે. સ્વાભાવિક રીતે, ત્યારે જ જીવને સાચો વૈરાગ્ય પ્રગટે છે. અહીં **વૈરાગ્યનો અર્થ એટલે સંપૂર્ણ અનાસક્તિભાવ-એટલે કે શ્રીભગવાનના ચરણકમળમાં જ અનન્ય આસક્તિ.** માનવી-જીવનનું જે નકારાત્મક વલણ છે, તેમાં તેને જરાકે વૃત્તિ રહેતી નથી, તો પછી રુચિ તો થાય જ શાની ? કર્મક્ષેત્રની વાસનામૂલક ભૂમિકાથી અને આ સંસારના અધોગામી પ્રકારના કોલાહલથી ક્યાંય દૂર પરમ શાંતિમાં લય પામવા માનવીની ચેતના વિરહાકુળ બને છે. આવી વેળાએ માનવીને જે લગની લાગે છે અને એ લગનીમાં જે એકાત્મભાવ પ્રગટે છે અને એમાંથી એને જે અનુભવદર્શન થાય છે, તે અનુભવથી એને પોતાની તે વેળાની જીવનભૂમિકાથી મુક્તિ પ્રાપ્ત કરવામાં જ પરમ પુરુષાર્થ રહેલો છે, એનું એને સ્પષ્ટ દીવા જેવું જ્ઞાન થઈ જાય છે. એવો જીવાત્મા તે વેળા પોતાની આસપાસ દ્વંદ્વ અને એનાથી ઉત્પન્ન થતું સંઘર્ષણ અને યુદ્ધ નિહાળે છે અને સારોય સંસાર એનાથી વીંટળાયેલો એને જણાય છે. એવા સંસારમાંથી મુક્તિ પામ્યા વિના જીવને ક્યાંય સુખ નથી, ચેન નથી, શાંતિ નથી, એવું એને

ઉત્કટતાપૂર્વક ભાન જાગે છે, તે વેળાએ એના જીવનની યોગ્ય રચનાત્મક બાજુએ વળવાના વળાંકરૂપી કટોકટીની પળ પર ઊભો હોય છે, તે વેળા તે સફાળો જાગે છે અને સહજ મેળે તેમાંથી ઊઠવાના સતત પ્રયત્નોમાં જ મથ્યો - મંડ્યો રહે છે. એવો પ્રયત્ન પણ એક યુદ્ધ જ છે.

માનવજીવનની પ્રત્યેક ભૂમિકામાં જુદી જુદી જાતનું યુદ્ધ સમાયેલું હોય છે. આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકામાં જે યુદ્ધ સાધક સામે આવી ઊભું રહે છે, તે કોઈ ઑર જ હોય છે. સંભવ છે, કે સાધક એવા યુદ્ધને યુદ્ધ તરીકે કદાચ પ્રથમ સમજી પણ ન શકે. તેમાં એને ભુલાવામાં પડી જવાની પણ શક્યતા રહે છે. તે ઉચ્ચતમ ભૂમિકાના યુદ્ધનો પ્રકાર આગળ જતાં સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ થતો જાય છે. જીવનની સાધના માટે પ્રવૃત્ત થયેલા સાધકને તે વેળા અનેક બાજુનું જુદું જુદું યુદ્ધ ખેલવાનું સાંપડે છે. એક બાજુએ માનવીના જીવ પ્રકૃતિના સ્વાભાવિક વલણ અનુસાર સંસાર જીવને યુદ્ધ કાજે પોકારી રહ્યો છે અને બીજી તરફ એને સંસારનાં એવાં રાગ-વિષયાત્મક યુદ્ધ પરત્વે દિલમાં વૈરાગ્યની ભાવના પ્રગટે છે. તેવી પળે એવી સાંસારિક મથામણોમાંથી મુક્તિ મેળવવા કાજે જીવનું મન ઉત્કંઠ થયેલું હોવાથી, તે ક્ષેત્રમાં પેલી સંસારી વૃત્તિથી પળવાર પણ રહેવા તેનું મન માનતું હોતું નથી. વળી કર્મ માત્ર વાસના, કામનાની કે દ્વંદ્વની ભૂમિકા ઉપર બને, ત્યારે તે સંસ્કારજનક અને બંધનકારક નીવડે છે; એટલે એવી ભૂમિકા ઉપર થતાં કર્મથી નિવૃત્ત થવાને તેનું મન તલસે છે; પરંતુ તે સાથે સાથે કર્મ કર્યા વિના ચાલતું પણ હોતું નથી. એ કારણે કર્મની પ્રવૃત્તિ સામે કર્મત્યાગની પ્રવૃત્તિથી તુમુલ યુદ્ધ અને અવર્ણનીય મથામણોની હારમાળા માનવીના અંતઃકરણમાં જન્મે છે. કર્મમાત્રનો ત્યાગ તો તે કરી શકતો નથી અને તે સાથે સાથે તેવી પરિસ્થિતિને કારણે મનમાં ઊપજતાં અનેક જાતનાં મંથનોથી જુદાં જુદાં કર્મને લીધે થતાં દોષ પણ એની નજરમાં સ્પષ્ટ તરી આવતા હોવાથી, આગળ જતાં સાધકના મનમાં તેવું મંથન કરવાની વૃત્તિ પણ શમતી જાય છે. આવી બે, એકબીજાથી વિરુદ્ધ એવી સામસામેની બાજુની વૃત્તિ, માનવીના દિલમાં ઊભી થાય છે, ત્યારે તે પાછો મુંઝાય છે. તે સ્થિતિ એને ઘણી જ આકરી લાગે છે જીવનમાં આવી સ્થિતિ, જીવનના ઉચ્ચતર ને ઉચ્ચતમ શિખરો વટાવીને જે જે ગયા છે, તે સર્વ મહાપુરુષોના જીવનમાં જન્મ્યા વિના રહેલી નથી; કેમ

કે એમનું એમ સ્થિતિસ્થાપક દશામાં—ત્યાંનું ત્યાં—તો કોઈ પણ પડી રહી શકતું નથી. ગમે તેવા પર્વતોમાં અટવાઈ ગયેલી નદી પોતાનો માર્ગ કર્યા વિના રહેતી નથી તેવી રીતે તેવા લોકોની, જીવનને પાર કરવાની જ્વાળામુખી સમી તમન્ના, એમને યોગ્ય નવો માર્ગ સુઝાડ્યા વિના રહેતી નથી. સર્વ પ્રકારના વિચારશીલ માનવી આગળ જીવનમાં અનેક કોયડા અનેક પ્રકારે ઊભાં થતાં હોય છે. એવી સમસ્યા તેમના દિલમાં આંતરિક યુદ્ધ જન્માવે છે અને તેનો ઉકેલ કરવા માટે તેઓ સર્વ રીતે તૈયાર થાય છે. જ્યાં તેઓ મુંઝાય છે, કે અટકી પડે છે, ત્યાં પોતાના જીવનસારથિ આગળ એનો નીવેડો લાવવાને તે પોતે શાંત ભાવે, પ્રસન્નચિત્તે શરણે જાય છે. યુદ્ધ જાગ્યા વિના, મનોમંથન થયા વિના, કોઈ પણ પ્રસંગનો ઉકેલ માનવી પોતે એની મેળે કરી શકતો નથી. જીવનમાં એવી પરિસ્થિતિ પણ ઊભી થાય છે, કે જેનો યોગ્ય ઉકેલ માનવી પોતે કરી શકવાને અસમર્થ નીવડે છે. એવી વેળા એને કોઈનું શરણ લેવું જ પડે છે. જીવનની એવી પળોએ માનવીને શરણ લીધા વિના ચાલતું નથી, પછી તે પ્રસંગ ગમે તે ભૂમિકા પરનો હોય.

## ભક્તિ-શરણાગતિની શરૂઆત
## સ્મરણના વ્યસનની મસ્તી

વ્યસનથી એકદમ પૂરું છુટાવું સાવ મુશ્કેલ છે;
વ્યસનને તેથી ભક્તિનું ગણેલું છેલ્લું પગલું તે.

**નિરંતરનું થતાં ઊંડું સ્મરણ, તેવા સ્મરણમાંથી**
**-ફુવારો ભક્તિનો ફૂટે, ઝરે અમૃત-રસ પદથી.**

વ્યસન ત્યારે જ લાગે છે, છૂટ્યું કેમે ન છૂટે તે;
વ્યસનની મસ્તી-બલિહારી ચરણનો ભક્ત પ્રીછે છે.

વ્યસનની લત પડી જેને, વ્યસનમાં ને વ્યસનમાં તે
-લગાતાર જ પડ્યો રહીને, શું ચરણામૃત પીતો રહે છે !

---

સ્મરણથી ભાવ જાગ્યો છે, હૃદયમાં ભક્તિ સ્ફુરી છે,
જીવન લાગ્યું જ સમજાવા, ત્યહીંથી દિ' ઊગેલો છે.

કોઈ પણ સાધનામાં એકનિષ્ઠ ભક્તિની અત્યંત જરૂર છે. તેના વિના ધ્યેયમાં એકાગ્રતા અને કેન્દ્રિતતા પ્રગટી શકવાં શક્ય નથી, તો પછી તેની પ્રાપ્તિ કે સિદ્ધિ તો ક્યાંથી જ થાય ? તેને માટે **સર્વસ્વ હોમી દેવાની ઉમળકાભેરની તૈયારી પ્રગટે, એના માટે હૈયાનો ફાટફાટ તલસાટ પ્રગટે, એના ઉપર વારીવારી જઈને ન્યોછાવર થઈ જવાની થનગનાટવાળી અને તનમનાટવાળી ભક્તિ પ્રગટે, અને એનામય આપણાં બધાં કરણો બની જાય, એની ઝંખનાની ભાવના રોમેરોમમાં પ્રસરી જાય અને સહજ સ્વભાવ થઈ જાય** ત્યારે આપણે કંઈ કરવાનું રહેતું નથી, કારણ કે એવી ચેતનવંત ભાવના જ જે તે આપણને કરાવશે.

**ભક્તિ એટલે શું ? :**

સાધનામય (ભક્તિમય) જીવન એટલે કલ્પના નથી. ઊર્મિમય જીવન પણ તે નથી. ભક્તિ એટલે પોકળતા પણ નહિ. ભક્તિનો પાયો તો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો હોય છે.

**ભક્તિ એટલે તો મનાદિકરણોને સતત એકધારાં એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે, ત્યારે તેને ભક્તિ કહી શકાય. એવી ભક્તિને કાજે હૃદયના કોઈ ઉન્માદ અને ઉત્કટતાભર્યા અફાટ ને અપાર ભાવની જરૂર રહે છે. એવો હૈયાનો ઉન્મત્ત પ્રેમભાવ જીવતો પ્રગટ્યા વિના ભક્તિ પ્રગટવી દુર્લભ છે. ભક્તિ તો પરમ પરાક્રમથી ને શૌર્યથી ભરેલી છે. ભક્તિનાં સાહસ ને હિંમત, એની ધીરજ, સહનશક્તિ વગેરે કોઈની સાથે સરખાવી શકાય તેવાં નથી.**

## હરિની ભક્તિનો આશ્રય

હરિને દિલ સ્મરી-સ્મરીને હરિમાં દિલ પલળવાને,
હરિની ભક્તિનો આશ્રય હૃદયથી શો લીધેલો છે !

સ્મરણ સાધન પ્રથમ પહેલું કૃપાથી તો મળેલું છે,
હૃદયનાં પ્રાર્થના સાધન નિવેદન ને સમર્પણ છે.

સ્મરી-સ્મરીને હરિ દિલમાં ભજન, કીર્તન થયેલાં છે;
ભજન, કીર્તન-પ્રસાદીથી હૃદયમાં ભાવ ઊછળ્યો છે.

હૃદય સન્મુખતા નિત્યે, બધાં સાધન લળી લળીને
-હરિના ચરણમાં ભાવે થયાં મસ્તીથી તે તે છે.

થયેલાં સાધનોથી તે હરિનો ભાવ ઊભર્યો છે,
હરિ-ભાવે કરણ તે તે કૃપાથી મસ્ત પલળ્યાં છે.

## ચરણ સેવ્યા કરેલા છે

હરિના પવિત્ર ખોળામાં શરણ જઈ, શિર નિશ્ચિંતે,
-મૂકી દીધા પછી કેવાં સરળતા, શાંતિ જન્મે છે !

પરંતુ ચરણમાં માથું મૂકી દેવું ન સહેલું છે,
હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તે સરળ સ્હેજે.

ભજન-ભાવ, સ્મરણ, કીર્તન, હૃદયના પ્રાર્થના-ભાવે,
સમર્પણ ને નિવેદનથી ચરણ સેવ્યા કરેલા છે.

સતત અભ્યાસ જ્યાં દિલમાં ઊંડો પરિપક્વ જામ્યો છે,
પ્રગટતાં ભાવ ત્યાં ભક્તિ શી ઊભરાતી થયેલી છે.

## ચરણભક્તિ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, ચડસ ધૂન મસ્ત લાગ્યાં છે,
હૃદયની ધૂનથી તેવી ચરણનું લક્ષ્ય લાધ્યું છે.

ચરણ ના સ્થૂળ-વાચક છે, ચરણ તો ભાવવાચક છે,
હરિના ભાવનું કેવું પ્રતિક પોતે ચરણ શા છે !

ચરણની લગનીથી ભક્તિ જીવનમાં તે ફૂટેલી છે,
અને તેને લીધે ભાવ જીવનમાં ઊગી નીકળ્યો છે.

સતત તે ભાવ ફૂલમાંનો પરાગ જે ઝરંતો છે,
હૃદયના પ્રેમનું વ્યક્ત સ્વરૂપ સાચું ખરેખર તે.

## ભક્તિથી ભાવ અને મનાદિનું શુદ્ધિકરણ

### મહદ્ સદ્ભાગ્ય સમજીને વધાવી તે લીધેલા છે

જીવનમાં કુરબાનીના પ્રસંગો કંઈક આવ્યા છે,
મહદ્ સદ્ભાગ્ય સમજીને વધાવી તે લીધેલા છે.

બલિદાન થયા વિના પૂરેપૂરું બધી રીતે,
જીવનની ભક્તિ સંપૂર્ણ ખીલી ઊઠે ન કોઈ રીતે.

સતત બસ સાધનાભ્યાસે લગાતાર રહેવા તે,
શી એવી ધારણામાંથી હૃદય-ભાવ ખીલેલો છે !

**નિરંતરનો હૃદય એવો સતત જ્યાં ભાવ મહોર્યો છે,**
**થવું જે જે, બધું તે તે પછી તેમાંથી સ્ફુર્યું છે.**

### મન ભક્તિ વડે કાબૂમાં રહે

હૃદયના ભાવ જાગંતાં હૃદયથી ઊભરાઈને
બધે પ્રસર્યા કરે પોતે થઈને રસરૂપે જે તે.

---

મહત્ત્વે મોખરે જ્યારે હૃદય-ભાવ પ્રવર્તે છે;
પ્રકૃતિ આપમેળે ર્હે ખરેખર ગૌણ તે કાળે.

હૃદયનો ભાવ જ્યારે જાગે છે, ત્યારે મનમાં એક પ્રકારનાં સ્થૂળ વલણોને તથા વૃત્તિઓને ગૌણપણે રખાવે છે. પોતાનું મહત્ત્વ તે સ્થાપી દે છે, ને મનને તેના સ્વરૂપમાં તે ફેરવી દે છે. ભાવ પોતે પોતાનું આધિપત્ય જમાવી દે છે, ને તે ભાવને અનુરૂપ મનનું વલણ થતું રહે છે. ભક્તિની ભાવના તેવી થતાં જગતનું સ્વરૂપ પણ તેવું જણાય છે. ભક્તિની ભાવના એ મિથ્યા નથી કે કલ્પના પણ નથી, પરંતુ ભક્તિનો રસ જામતાં **મન**ને તેવા પ્રકારમાં તે દઢાવીને મનનાં સ્વરૂપને પણ ભક્તિનાં ભાવમાં રખાવ્યાં કરે છે. જેવું વલણ જાગે છે, તેવા પ્રકારના વલણમાં મન રહ્યાં કરે છે તે તો આપણા વ્યવહારના રોજના અનુભવનો વિષય છે.

તેથી ભક્તિ પ્રકટતાં બુદ્ધિની સૂક્ષ્મતા પ્રકટે છે. જેમ વસંત બેસતાં સર્વ કંઈ નવપલ્લવિત બને છે ને અણુઅણુમાં ચેતન રેડાય છે, તેમ

**ભક્તિનો રસ જામતાં કે પ્રગટતાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ સૂક્ષ્મ કરણોમાં પણ એની અસર થયા વિના રહી શકતી નથી,** ને મન મુગ્ધ બને છે. બુદ્ધિમાં તો શંકાવાદ, તર્કાદિ, આમ કે તેમ વિચાર કરવાપણું, અનેક પ્રકારના તુક્કા ઉઠાવવા કે દોડાવવા કે અનેક પ્રકારની યોજનાઓમાં રમ્યાં કરવું વગેરે છે. એક વિચાર કોઈએ જણાવ્યો, તો એના પર તે એક પછી એક સામા કે તરફેણમાં વિચાર કરવા મંડી પડતા હોય છે; તેવી દશામાંથી તે મોળી પડતી જવાની ને ઠરેલ થતી જવાની ને બુદ્ધિ પણ ભક્તિમાં રંગાવાની. ચિત્ત પણ ભક્તિના રસથી રંગાવા મંડતાં જે જે કંઈ થતું રહેતું હશે, તેના સંસ્કાર તે તે પ્રમાણેની કક્ષામાં તે પ્રમાણે ન પડતાં ભક્તિની ભાવના પ્રમાણે પડ્યા કરવાના છે. એટલે આમ કર્મનો પાશ માત્ર કર્મના ક્ષેત્ર પ્રમાણે લાગવાનો નથી, એટલે સ્થૂળ કર્મબંધન થતાં અટકવા મંડવાનાં; ને પ્રાણની આશા, ઈચ્છા, લોલુપતા, તૃષ્ણા, વાસના એવો પ્રાણનો, પ્રકૃતિનો ધર્મ પણ બદલાતો રહેવાનો; ને અહમ્ પણ અભિમાનમાં ન પ્રેરાતાં પોતાના શુદ્ધ સાત્ત્વિક ભાવનાના હુંકારમાં રહ્યાં કરી સ્વરૂપના સત્ત્વપણામાં પ્રેરાયાં જવાનું છે. આમ ભક્તિનું તત્ત્વ તો આપણામાં નક્કર પરિણામ જગાડનારું છે. ભક્તિમાં ઘેલછા નથી, ધૂન છે ખરી. પરંતુ સાથેસાથે સમતા, તટસ્થતા ને વિવેક જાગૃત રહેતો હોવાથી તેમાં ભરાઈ પડવાનું પણ બનતું નથી. ભક્તિમાં ખેલદિલી છે, શહાદત છે, શૂરવીરનું પરાક્રમ ને ભડવીરની હિંમત છે. ભક્ત કશાથી હારી જતો નથી, કશાથી ભાગતો નથી. જે જે મળે તેને પ્રભુકૃપાપ્રસાદી સમજી તેનો તે પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સ્વીકાર કરે છે; ને એને પ્રભુપ્રીત્યર્થે પોતાના વિકાસ અર્થે જીવનમાં જેમ વાપરી શકાય, તેવી રીતે તેમાં તે ચેતનાપૂર્વકની જાગૃતિથી પ્રવેશતો હોય છે.

ભક્તિ એ વેવલાપણું નથી. ભક્તિ તો જીવમાં સચેતનપણું પ્રકટાવવાના સાધનરૂપે જેમ છે, તેમ સાધ્યપણામાં પણ તે ઉત્તરોત્તર નવાં નવાં સ્વરૂપોમાં પરિણમતી જતી હોય છે, ભક્તિનાં સ્વરૂપ એક નથી હોતા. એનાં સ્વરૂપોના પ્રકારો, સ્થિતિ બદલાતાં, નવા નવા થતા રહેતા હોય છે. તેથી ભક્તિનું મૂલ્યાંકન તે ભક્તિની કક્ષાની ભૂમિકા અનુભવ્યા વિના યોગ્ય રીતે કરી શકાતું નથી.

ભક્તિ લાગ્યા વિના પૂર્ણ કદી ઈન્દ્રિય તે બધી
વશ થાય ન સંપૂર્ણ કર્યે લાખ ઉપાયથી.

આદરો કોટિ છો યત્ન ઈન્દ્રિયો વશ તો થવા
એકમાત્ર જ ઉપાય ભક્તિનો યોગ્ય હો સદા.

ભક્તિ જાગ્યા વિના, કોઈ રસ પ્રકૃતિનો બધો
કદી સુકાઈ ના જાય કરો કોટિ ઉપાય છો.

**અહમ્**

**હરિની ભક્તિ દિલ જામ્યા વિના, ફીટતું અહં ના છે,**

જીવનમાં 'હુંપણું' પૂર્ણ મથેલો ટાળવાને તે,
પરંતુ સફળતા તેમાં મળી ના એકદમ સહેજે.

જુદી જુદી રીતે કેવું અહં તો ફૂટી નીકળે છે !
કદીક છેદું અહં, તોયે અનંત શિર અહંનાં છે.

હરિની ભક્તિ દિલ જામ્યા વિના, ફીટતું અહં ના છે,
મહત્ત્વ ભક્તિને તેથી જીવનમાં મેં દીધેલું છે.

સ્મરણસાધન શરૂ કરીને પંથે આગળ બઢેલો જે,
કૃપા થાતાં હરિની જ્યાં બધું જે તે સૂઝેલું છે.

**અહં મોળું પાડ્યા વિના**

"અહં મોળું પડ્યા વિના બધા આગ્રહ જતાં રહેવા
-નર્યું લાગ્યું અશક્ય જ તે", વિચાર્યું તે વિશે દિલમાં.

અહંને પાડવા મોળું, હૃદયનો ભાવ જીવનમાં
-બઢાવવાનું ખરું સાધન કૃપાથી લાધ્યું દિલમાં.

જુદાં જુદાં ઊગ્યાં સાધન થકી, ભક્તિ દઢાવવામાં
-કૃપાથી દિલ મથાવાથી, હૃદય ઝરણું ફૂટેલું ત્યાં.

ફૂટેલું ભક્તિઝરણું જ્યાં વહેવા મસ્ત લાગ્યું છે,
અહં મોળું જ પડવા તે સહજ લાગી ગયેલું છે.

## મન

### શું વારંવાર મનને મેં

હરિ, હરિનું સ્મરણ કરીને હરિને ચાહતાં ચહીને;
હૃદય પલળી શકેલું છે, છતાં મન ના પલળતું છે.

શું વારંવાર મનને મેં બહુ સમજાવી જોયું છે;
મચક પણ આપતું ના તે, હજી અલ્લડ રહેલું તે.

સ્મરણ-રસ દિલ પ્રગટાવી સ્મરણમાં ચિત્ત પ્રોઈને;
સ્મરણ-રસ ઉપજાવીને પ્રયોજ્યું મન પલળવાને.

કરે શાં ધમપછાડા તે ! છતાં યત્ન મનવવાને;
સફળતા કંઈક મળતામાં શું પ્રોત્સાહિત થવાયું છે !

પલાળાવા પદે મનને સતત શો યજ્ઞ માંડ્યો જે !
કૃપા ભળતાં થયું છે મન ખરેખર મુગ્ધ ચરણે તે.

### પછી મનાદિમાં હરિની

હરિ, હરિનું સ્મરણ ભજતાં હૃદયને રંગ લાગે છે;
છતાં બુદ્ધિ હજી મન બે પૂરાં રંગાઈ જતાં ના તે.

હૃદયમાં ભક્તિની છોળો પરે છોળો જ ઊછળે છે;
થતાં અતિરેક ભક્તિનો પ્રસરતી શી બધે રહે તે !

હૃદય તો ભક્તિ જ્યાં પ્રાણે થતી છે એકભાવ જ તે;
પછી બુદ્ધિ તણો વારો પલળવાનો જ પ્રગટે છે.

થતાં બુદ્ધિમાં ભક્તિ જ્યાં પછી મન કેવું પલળે છે !
મનાદિમાં પછી હરિની નરી રસ-ભક્તિ જલતી છે.

## બુદ્ધિ

### શરણ જેમ જેમ થવાતું છે, હૃદય ખુલ્લું થતું ગયું છે

શરણ જેમ જેમ થવાતું છે, હૃદય ખુલ્લું થતું ગયું છે,
હરિ તારો થવા મુજને હૃદયમાં લોભ લાગ્યો છે.

હૃદય આકર્ષણે તારા હવે ખેંચાતું તે રહે છે,
મતિનો ભ્રમ ગયો ભાંગી, પ્રવેશી ભક્તિ મતિમાં છે.

પછી તો પ્રાણ પણ હરિમાં શું રોકાયેલ લાગે છે,
મતિ, પ્રાણ પરોવાતાં શ્રીહરિનાં તે ચરણકમળે,

અહં, મન, ચિત્ત પાછળ તે ઢસેડાતાં થયેલાં છે,
ઢસેડાતાં, સતત લગની હરિમાં ચોંટી ગઈ છે તે.

**જીવન જીવવાતણો યજ્ઞ**

સ્મરણના ભાવથી હૃદયે મનન ચિંતવન થયેલું છે,
મળેલાં કર્મમાં પ્રાણ ખરે ! તેથી જ ઊતર્યા છે.

હૃદયના ભાવ પ્રગટતાં વિચારી, તોળી તોળીને
-થતાં સૌ પ્રેરણાયુક્ત, તહીં બુદ્ધિ ખીલેલી છે.

સ્મરણથી ભાવ ખીલ્યો છે, સ્મરણથી ભક્તિ લાગી છે,
ભક્તિના ભાવથી બુદ્ધિ શી રંગાઈ કૃપાથી છે !

હરિરસથી જીવન જીવતાં ઉદધિ આનંદ ઊછળે છે,
જીવન જીવવાતણો યજ્ઞ સહજ ભાવે શું જલતો છે !

**સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા નકામું છે !**

સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા નકામું છે;
પકડ જામેલી છો હો તે સમો પ્રગટે ઊડી જતી તે.

કદી બુદ્ધિ ઊંડી ઊંડી પૂરેપૂરી ન ઊતરે છે,
ભળંતા પ્રાણની શક્તિ શી શક્તિ બુદ્ધિની ત્યાં છે !

મતિમાં ભક્તિનો રંગ જહીં સ્પર્શાતો લાગે છે,
સ્વરૂપ બુદ્ધિનું તે પછીથી નર્યું પલટાતું જાયે છે.

નરી રંગાયેલી બુદ્ધિ પૂરી જે ભક્તિના રંગે,
પછી વિચારવું કેવું બધું બુદ્ધિનું જુદું છે !

## મનાદિ

### મનાદિ તેથી તો પદમાં ગળી પૂરાં ગયેલાં છે

બહુ રીતની જુદી જુદી શી ઝંઝટ તો જીવનમાં છે !
શું ઉથલાવી જે દેવાને મનાદિને ચળાવે તે.

પરંતુ લગની જે જાગૃત હૃદયની સાવધાનીએ
-ફરી-ફરીને, વળી-વળીને મનાદિને ટકોર્યા છે.

"જીવનમાં જાણ્યું, તેજીને ટકોરો માત્ર પૂરતો છે",
થવા તેજ ચરણ તેથી મનાદિને શું જોડ્યાં છે !

મનન-ચિંતવન તણા રસથી ચરણમાં ભક્તિ લાગી છે,
મનાદિ તેથી તો પદમાં ગળી પૂરાં ગયેલાં છે.

### હરિને રાહબર નિજનો મનાદિએ સ્વીકાર્યો છે

બહુ કુટાયો, અથડાયો અને દેવાળું કાઢ્યું છે,
હવે તો ભાવ મારો ના જગતમાં કોઈ પૂછે છે.

હરિ શો એકલો પોતે ઉદાર એકમાત્ર જ તે,
પતિતમાંયે પતિતને શો ચરણ ઢળતાં, સ્વીકારે છે.

સ્વીકારીને શરણજનના હૃદયના ભાવને પ્રીછી,
જીવનઘડતર થવા એને કરાવે છે મથામણ શી !

હરિને રાહબર નિજનો મનાદિએ સ્વીકાર્યો છે,
સ્વીકારાતાં હરિમાં શાં મનાદિ તો વળેલાં છે.

સહજ પદ રસ વડે ભીંજવી મનાદિને પલાળ્યાં છે

"બરાબર યોગ્ય પાળવવા/સાચવવા મનાદિને બધી રીતે,
જીવન ઉપયોગમાં લેવા" કૃપાથી હાથ લીધું છે !

પૂરાં ટેવાયેલાં તેવી રીતે ન્હોતાં ખરેખર જે,
પૂરા ઉપયોગમાં હજી ના આવી શકતાં છે.

પરંતુ નિત્ય અભ્યાસે ચરણ રસમાં મનાદિને
-થવા આસક્ત સંપૂર્ણ સતત પુરુષાર્થ કીધો છે.

સતત એવી મથામણમાં કૃપાથી દિલ પરોવીને,
સહજ પદ રસ વડે ભીંજવી મનાદિને પલાળ્યાં છે.

---

**શું એકાકાર કરવાને જબર જહેમન ઉઠાવી છે !**

વિના સાધ્યા હૃદય-મેળ પૂરેપૂરો બધી રીતે,
સધાવાનું ન કંઈ કર્મ જીવનના ઊર્ધ્વ પથનું તે.

હરિ-પદ ભક્તિમાં જ્યારે લગાતાર થતું દિલ છે,
હૃદયના તારને ત્યારે ન મેળવવા પડેલા છે.

હરિની ભક્તિ જીવનમાં અણુ-અણુમાં પ્રકાશે છે,
બધાંયે કામ-ક્રોધાદિક શમી મેળે જતાં શાં છે !

સતત તેથી મનાદિને હરિની ભક્તિને વિશે
-શું એકાકાર કરવાને જબર જહેમત ઉઠાવી છે !

**સંગ્રામો**

(કૃપા એક એવું એલીમેંટ છે કે તમારી ભયંકર સ્થિતિ હોય એમાં - આ ભગવાનને માર્ગે જતાં ખાસ કરીને ૯મી ભૂમિકાથી શરૂ થાય, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩મીમાં થોડી હોય, ૧૩મી પછી બિલકુલ નહિ. એને કોઈ હર્ડલ નહિ. એને કશું કંઈ નડે નહિ. ત્યાં સુધી હોય, પણ એ ભયંકરમાં ભયકંર હોય. પણ ત્યાં સુધી બિયોંડ અવર કન્સેપ્શન એટલી બધી ભારે લડાઈઓ - સંગ્રામો આવે છે. આ માર્ગ બહુ મિસ્ટિરિયસ છે ને એટલું જ નહિ, પણ આપણે ધારીએ છીએ એટલો બધો સરળ પણ નથી. ખાસ કરીને ૮મી ભૂમિકા પછી તો બિલકુલ સરળ નથી.)

## ભૂમિકા ૧૧-૧૨ (સમતા)માં
## ઊર્ધ્વગમન કરવા -- ૧૨મી ભૂમિકા સુધી સંગ્રામ

**"પૂરેપૂરું દટાઈને ગળી જવું પડે,**
**પાછું નામશેષ થવું પડે.**
**સ્વભાવ મૂળનો છોડી દેવો પડે પૂરેપૂરો,**
**ત્યારે જ ફણગો કેવો તેમાંથી ફૂટી નીકળે !"**

જે આમાં છે - ફણગો ફૂટી નીકળે છે, ત્યારે એની બહુ કાળજી રાખવી પડે છે. એવી જ રીતે આધ્યાત્મિક વિકાસના પંથમાં જ્યારે ઊર્ધ્વગમન-ચઢવાની-બાબતનું આપણી પ્રકૃતિ બાબતનું- પ્રકૃતિ તરફનું આપણું વહેણ ઘટીને ઉપર ચઢવાની શરૂઆત થાય છે, એ જાતની ખરેખરી અભિપ્સા જાગે છે અને આપણી એ માર્ગે જવાની નિશ્ચિત ગતિ હોય છે, ત્યારે જ ખરેખરી કાળજી લેવાની હોય છે. કારણ કે ત્યારે આપણામાં જે પ્રકૃતિ છે તે પ્રકૃતિ પોતાની પકડ-ગ્રિપ છોડી દેવા માંગતી નથી હોતી. કારણ કે એનું પણ જ્યાં ત્યાં સામ્રાજ્ય છે જ. એ પ્રકૃતિ છે, તે વધારે બળવાન બને છે. બીજી રીતે એને માર્ગ કરી આપ્યો છે - ઉપર જવાનો. એટલી બધી એની જિજ્ઞાસા બળવત્તર હતી કે એ બળવત્તર જિજ્ઞાસાની એની માનસિક સ્થિતિમાં - એ પ્રકૃતિમાં રમી શકે એવી સ્થિતિ રહી નથી. કારણ કે એની જિજ્ઞાસા જ એની ઊર્ધ્વતમ ગતિ - એટલી બધી ઉત્કટ પ્રમાણમાં હતી કે એની માનસિક ભૂમિકા એવા પ્રકારની છે કે તેના વડે કરીને તે પેલી પ્રકૃતિમાં હવે રમી શકે એવી સ્થિતિ રહી નથી. ત્યારે એ આઈડલ (આળસુ) કેવી રીતે બને ?

ધારો કે માણસ અત્યંત દાઝી ગયો હોય અને વેદના થતી હોય, ત્યારે કામ-ક્રોધ, લોભાદિમાં, તેની પ્રવૃત્તિમાં પડી નહિ શકે. એ જેમ સાચું છે તેવી રીતે આ જાતની ભભુકેલી એની ચેતન પરત્વેની જિજ્ઞાસા એકધારી સતત સળગેલી રહ્યા કરતી હોય, ત્યારે પ્રકૃતિની રમતના રસમાં પેલી એની ઇન્દ્રિયો પડી જ નહિ શકે. એટલે ઊર્ધ્વગમનની એની પાકી તૈયારી થઈ ગઈ. હવે એ કાળે આ પ્રકૃત્તિ છે તે એનું કંઈ ચાલતું હોતું નથી. એવી શક્યતા જ નથી. પ્રકૃતિનાં પાછાં સ્વરૂપો છે. પરા અને અપરા. શાસ્ત્રમાં પણ બે પ્રકારની જણાવી છે. પણ તેનાં

કરતાં પણ પ્રકૃતિના જુદા જુદા પ્રકાર છે. પ્રકૃતિમાં રહેલા જે અસુરો છે, એ અસુરો આપણામાંનાં નિમ્નગામી વલણો છે. એ નિમ્નગામી એટલે પ્રકૃતિના કામક્રોધાદિ તરફ રહેનારા પરિબળો. એ પરિબળો એ અસુરો છે. એ અસુરો એ વખતે વિશેષ જાગૃત થાય છે. જેમ એક બાજુ ઊર્ધ્વચેતન તરફ જવાની આપણી પાકી તૈયારી થઈ ગઈ, એટલું જ નહિ, પણ એ તરફ આપણે વહેવા શરૂઆત કરી દીધી. પ્રકૃતિ તરફનું આપણું વલણ ઘટી ગયું. એટલે ઊર્ધ્વ તરફનું આપણું વલણ વધ્યું. તે વખતે આપણામાં રહેલા આપણા કામક્રોધાદિ રૂપી રાગાદિ જે વલણો છે, એ વલણો અત્યારે એટલા જબરદસ્ત પ્રમાણમાં ઊગે છે કે સામાન્ય જીવદશાની અંદર સામાન્ય પ્રમાણમાં જે ઊગે એ કરતાં કેટલાયે બધા મોટા પ્રમાણમાં તે ઊગે છે. જોકે પ્રકૃતિમાંથી એક એવા પ્રકારની જિજ્ઞાસા પેલા શ્રેયાર્થીની હતી કે એને જે પ્રકારના સક્રિય અભ્યાસ વડે કરીને એને પ્રકૃતિના વલણમાંથી ખસીને, તટસ્થ રહ્યા કરીને ઊર્ધ્વ તરફની ગતિએ એ પ્રકારની જિજ્ઞાસાને ધગધગતી અગ્નિ જેવી બળતી કરી દીધી છે. ત્યારે તેને જવાની શરૂઆત થાય છે, ત્યારે જ તેની વધારેમાં વધારે સંભાળ રાખવાની જરૂર રહે છે. ત્યારે કામક્રોધાદિ એટલા મોટા પ્રમાણમાં ભભુકેલા હોતા નથી. તે કાળે જ્યારે એ ભભૂકે છે, ત્યારે શ્રેયાર્થીના જીવનમાં તટસ્થતા બહુ કામ કરતી થઈ ગઈ હોય છે. કારણ કે તટસ્થતા એનામાં જાગી હોય છે. ત્યારે તો પ્રકૃતિના વલણમાંથી ખસીને પોતાના સક્રિય અભ્યાસ વડે કરીને, પુરુષાર્થ વડે કરીને, ચેતનના પ્રવાહ પરત્વે, પોતાનું વલણ જીવતુંજાગતું કરી દીધું. એ સ્થિતિ હોય છે ત્યારે એની તટસ્થતા પણ એટલી બધી જબરદસ્ત પ્રમાણની હોય છે કે એ તટસ્થતાને કારણે પેલા કામક્રોધાદિ વલણો ભયંકર જાગે છે તો પણ ટકી રહે છે, ઊભો રહે છે. પરંતુ કોઈક કોઈક વાર આ સાધકને કે શ્રેયાર્થીને પતન થવાની શક્યતા આ કાળમાં વિશેષ હોય છે. ત્યારે પાછો એ કામક્રોધાદિના વલણમાં પડી જાય છે. એ પડે છે, પણ એની ખૂબી એ છે એ પડતો હોય-પ્રેઝન્ટ કન્ટિન્યૂઅન્સ ટેન્સ (ચાલુ વર્તમાનકાળ) એ પળે પણ એને સભાનતા જાગી જાય કે "અરરર, આ શું કરું છું ?" એટલે એ સ્થિતિમાંથી જાગૃત થઈને પાછો પેલામાં આવી જાય છે. એવી રીતે આ ગાળામાં જે વખતે પ્રકૃતિમાંથી

પોતે મુક્ત થઈને મુક્તતાની સ્થિતિ પ્રાપ્ત થઈ અને ઊર્ધ્વારોહણ—ચેતન પરત્વેના આરોહણમાં—એની પાકી તૈયારી થઈ ગઈ છે, જવાની તૈયારી થઈ છે, થોડો ઘણો ચાલે છે પણ ખરો, ગતિ પણ થાય છે; તે વખતે આ જે અસુરોની એને ટેન્ડન્સી (વલણ) જાગે છે, ત્યારે તે કેટલીકવાર પડી જાય છે. પણ તરત જ જાગૃત થઈને પોતાના પ્રયત્નમાં લાગી જાય છે. એવું આ ગાળામાં વધારે થાય.

અને બીજી એક ભૂમિકા એવી છે, બારમી ભૂમિકા વટાવી ગયા પછી એમાં પતન નથી. કોઈ પણ કાળે એનું પતન ના થાય. ગમે તે કરે તો પણ દસ-અગિયાર અને બાર - એ ભૂમિકાઓની વચમાં એનું પતન થઈ જાય. ઘણીવાર સામાન્ય જીવદશાવાળો માણસ હોય તો એને પતન થતાં થતાં વાર લાગે અને આને પતન ક્ષણવારમાં થઈ જાય.

અહીં જો સાઈકલ પૂર ઝડપથી જતી હોય ને વચ્ચે આટલો જ કાંકરો આવ્યો તો અથડાઈ પડાય. એવી રીતે પેલો એકધારો જબરદસ્ત ગતિમાં જતો હોય, ત્યાં જરાક એની ગતિને ભંગ કરાવે એવું વલણ આવી જાય છે ત્યારે એ શ્રેયાર્થી એકદમ શૂન્યની સ્થિતિમાં આવી જાય. એવી સ્થિતિ થઈ જાય. પણ ત્યારે એને જાગી જતાં વાર નથી લાગતી અને જાગ્યો તો પછી તરત જ પોતે પાછો હતો ત્યાં ને ત્યાં. એને વચલી ભૂમિકાઓને પ્રાપ્ત કરવાને માટે મથામણ પડતી નથી. ત્યાંથી પતન થતી વખતે પણ એને સભાનતા થઈ જાય છે. સભાનતા આવી એટલે હતો ત્યાં ને ત્યાં. એની ખૂબી એ કે જ્યારે પતન થયા કરે છે, એ વખતે પણ એને સભાનતા રહે છે કે, "આનાં કરતાં હું નોખો." એ પતનની સ્થિતિમાં પણ એની જે અવેરનેસ (જાગૃતિ) છે, તેના કારણે પેલામાં એકરૂપ નથી થઈ શકતો, એટલે એમાં ગયેલો હોવા છતાં એનો પાસ એને લાગતો નથી. એની સભાનતા-અવેરનેસ - એટલી બધી એલર્ટ (સચેતન) થઈ ગયેલી છે કે પતન થાય છે, ત્યારે પણ એની સભાનતા કાયમ છે. એ એની સભાનતા કાયમ હોય છતાં એ પડતો હોય તોય પડવાની સ્થિતિની અસર એના પર થતી નથી. અને પડી ગયા પછી પણ એની સભાનતા બહુ વધારે ને વધારે એકાગ્ર થતી જાય છે. ત્યાર પછી તરત જ ત્યાં પાછો આવી જાય છે. બારમી સ્થિતિ વટાવ્યા પછી એ પૂર્ણ સ્થિતિમાં પહોંચે છે.

## અજાગ્રત મનની શુદ્ધિકરણની પ્રક્રિયા

મન બે પ્રકારનાં છે : (૧) જાગૃત મન. એનાથી વિચારો અને ભાવનાઓ સમજી શકીએ છીએ.

(૨) અજાગૃત મન. જાગૃત મનની પ્રક્રિયા શાંત પડે, ત્યારે અજાગૃત મનમાં રહેલું પ્રગટ્યાં કરે છે. અજાગૃત મન અનંત સાગર કરતાંય વિશેષ ગહન છે. એમાં એટલું બધું ભરેલું છે કે એનો અંત આવે એવો નથી. એ અજાગૃત મનમાં જે ભરેલું છે, એ રાત્રે સ્વપ્નમાં બહાર આવે છે. આપણું શરીર ઊંઘતું હોય છે, પણ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ જાગૃત હોય છે. ચંચળ શરીરને જીતવા માટે ઊંઘની જરૂર છે. અજાગૃત મનમાંથી જુદા જુદા પ્રકારનાં વિચારો અને વૃત્તિઓ ઊઠે એ સ્વપ્નમાં પ્રગટ થાય. એ વખતે અજાગૃત મનમાંથી ધસારો એટલો બધો થતો હોય છે કે જ્ઞાનતંતુઓને એ અસર પહોંચાડે છે.

**જો આપણા વર્તનમાંથી શાંતિ-પ્રસન્નતા રહ્યાં કરે અને કોઈ પણ પ્રકારનું સંઘર્ષણ ન પ્રગટે તો ઉપલા મનને (જાગૃત મનને) આપણે શાંત કરી શકીએ. એ શાંત થાય ત્યારે આપણા અજાગૃત મનમાંથી બધું બહાર આવે. ઉપરના મનમાં શાંતિ ન થાય તો અજાગૃત મનમાં પડેલો ઉકરડો બહાર નથી આવતો.** મેલા ઉપર માટી ઢાંકી હોય તો ગંધ આવે નહિ. ઉપલા મનને શાંત કરીએ, ત્યારે અજાગૃત મનમાંથી એટલો બધો ધસારો થાય કે જો આપણે સજાગ હોઈએ અને ચિત્તતંત્રની સમતુલા પ્રગટાવી શકીએ તો જ આપણે તેને પસાર થવા દઈ શકીએ. એ એટલો મોટો ધસારો હોય છે કે પૂરો થાય જ નહિ, પણ જો આપણે એને પસાર થવા દઈએ તો તે વહી જાય. તળાવનું પાણી નહેર વાટે સમુદ્રમાં ખાલી થાય તેમ મન ખાલી થઈ જાય.

**ઉપલું મન જો શાંત થાય તો જ ચિત્ત તટસ્થતાથી અને સમતાથી બધું નીરખી શકે** અને તો જ અજાગૃત મન નીરવ બનવાની શક્યતા રહે. આપણા આ અજાગૃત મનમાં અનેક પ્રકારનાં સંબંધો - અનેક જન્મોના સંસ્કારો તથા લાગણીઓ પડેલાં છે. જમીન ખોદતાં ખોદતાં કોલસો, તેલ વગેરે મળે છે ખરાં, પણ એનોય અંત આવતો હોય છે, પણ અજાગૃત મનમાં તો એટલું બધું પડેલું છે કે તેનો અંત ક્યારેય ન આવે.

ઊપલા મનને શાંત અને નીરવ કરવાની શક્તિ મનુષ્યમાં છે, પણ અજાગૃત મનને શાંત કરવાની શક્તિ નથી. હાલના તબક્કે મનુષ્ય સ્વપ્રયત્નથી દૈવી નથી. **જ્યાં સુધી ખરેખરી અદમ્ય, અતૂટ, એકધારી ઝંખના પ્રગટે નહિ ત્યાં સુધી એ બનતું નથી.**

અજાગૃત મનમાં જે જે કંઈ પડી રહેલું હોય, તેને ઉપર તરી આવવા દેવાને અને તેનો ઉચ્છેદ કરીને નિર્મૂળ કરવાને આપણે કેટકેટલા ચેતનવંત જાગૃત હોવું ને રહેવું જોઈએ ! તે સારુ જે જે કંઈ વિચાર, વૃત્તિ વગેરે આવે તેને આવવા દેવા; પરંતુ તે આપણને નિર્બળ બનાવે તે પહેલાં તો તેમના પર ઓચિંતો બળવાન ધસમસતો ધસારો ને હુમલો લઈ જવો તે જાગૃત માનવીનું કામ છે. એમાં જો હેતુના જ્ઞાનની ઉત્કટતા પ્રકટેલી રહે છે, તો તેમનાં પ્રકટાવેલાં તોફાન મસ્તી છતાં આપણે પ્રભુકૃપાથી સ્વસ્થ રહી શકીએ છીએ. કોઈક ખરેખરો સાધક કદાપિ તણાઈ જવાનું તેને બનવાં છતાં પણ નાહિંમત થતો નથી. તણાતા તણાતા પણ એ એવું તો ચેતનવંતુ બળ પ્રકટાવે છે, કે તે તણાતો હોવા છતાં તેમાં અટવાઈ મરતો નથી. તે તણાતો હોવા છતાં, તણાવાથી મુક્તિ મેળવવાને માટે એટલો જબરજસ્ત જ્ઞાનપૂર્વકનો પુરુષાર્થ કરતો હોય છે કે જેથી તણાવાની ભીંસ તેને લાગતી નથી. સાધના કરતાં કરતાં તો કંઈક કંઈક એવું પ્રકટે છે, જે જોઈને આપણે છક થઈ જઈએ છીએ. જે બધું અગાઉ ઢંકાયેલું હતું તે ઉપર તરી આવે છે. આમ, મથતાં મથતાં પ્રાણવાન, ચેતનવાળો સંયમ પ્રકટે છે. આવો સંયમ નીતિ કે સદાચારના "સંયમ" કરતાં ક્યાંયે ચઢિયાતો અને ઘણા ઊંચા પ્રકારનો છે. એને "સંયમ" કરતાં કોઈ બીજા શબ્દથી ઓળખવો ઘટે, કે જેથી તે વડે "સંયમ" શબ્દથી ઊંચો ભાવ તેના અર્થમાં પ્રકટી શકે. જેમ ગટર સાફ થતી વખતે પહેલાં કરતાં પણ તે વધારે ગંધાય છે, પણ અંતે તો ગટર સાફ થઈ જઈ પાણી ચોખ્ખું થાય છે, ત્યારે ગટર ગંધાતી નથી, તેમ આપણું આખું મન અને બીજાં અંતરનાં સાધનો સાધનાના શરૂઆતના ગાળામાં ઊલટા વિકૃત થયેલાં દેખાય પણ અંતે પછી સ્વચ્છ થાય છે. **એટલે જાગૃત તેમ જ અજાગૃત મન વગેરે અંતરનાં કરણોનું બધું ખાલી કરવાનું છે. તદ્દન "નિર્ધન" થઈ જવાનું છે. એ બધો જીવપ્રકારનો ખજાનો આપી દઈ એ અર્થમાં પૂરેપૂરા ભિખારી**

**બનવાનું છે. આવી શુદ્ધિકરણની પ્રક્રિયા કોઈનામાં તો ઘણી ઘણી લાંબી ચાલે છે, કોઈનામાં થોડા વખતમાં પૂરી થાય છે.** પરંતુ અત્યંત વિરલ કોઈક જ અપવાદ સિવાય એ શુદ્ધિકરણની પ્રક્રિયામાંથી પ્રત્યેક જિજ્ઞાસુને પસાર થવું પડે છે. તે શુદ્ધિકરણની પ્રક્રિયા નવાં નવાં યુદ્ધો જગવે છે. એમાં હારજીત પણ થયાં કરે છે. તેમાં અનેકવાર સાધક પડે છે પણ ખરો. પરંતુ પાછો પડીને તે ઊભો થાય છે અને ઝઝૂમે છે.

**સાધના પરિપક્વ થતાં થતાં દિલ પ્રગટે છે ને દિલની સાથે સાથે જ ભાવ પણ પ્રગટે છે. અને ભાવ પ્રગટેલો હોય છે ત્યાં રસ પણ હોય. આમ, બધું પરસ્પર સંકળાયેલું હોય છે.**

## દિલ

## સ્મરણની શક્તિનો સ્પર્શ

સ્મરણની શક્તિનો સ્પર્શ થતો જ્યાં જ્યાં રહેલો છે;
વિકસિત શો થતો તે તે ! વળી ખીલી ઊઠે શો તે !

સ્મરણ સ્મરતાં, હૃદય ભજતાં હૃદય સાથે ભળ્યું જ્યાં છે,
સ્મરણના વેષ ને રંગ બધાં બદલાઈ ગયેલાં છે.

**સ્મરણ-ભક્તિની લગનીમાં તદાકાર જ થવાતાં જ્યાં,**
**બધાં "રૂપ, રસ અને ગંધ, શું શબ્દ, સ્પર્શ" સૌ વામ્યાં !**

હરિ, હરિઃૐ લલકાર હૃદય ભણકાર, રણકાર
-સતત ચાલી રહેલો જે, હૃદય તેમાં જ ગુલતાન.

જ્યારે નિમ્ન મન, નિમ્ન બુદ્ધિ, નિમ્ન પ્રાણ, નિમ્ન ચિત્ત ને અહમ્ એ બધાંનાં વલણોમાં પણ જીવતો સંયમ ને વિવેક પ્રકટી જાય ને તેમાં - વલણોમાં - પૂરી સમતા, શાંતિ આદિ પ્રસરી જાય ને તેવું તેવું જાગતાં જ્ઞાનપૂર્વક એના વિકાસના હેતુમાં તેમનો તેમનો ઉપયોગ થઈ શકે, એવી દશા થાય તે વેળા હૃદય એ શું તે સમજાય છે. હૃદય એ એક એવું ઉત્તમમાં ઉત્તમ કરણ છે કે જેના વડે ચેતનાનો અનુભવ માનવીને થાય છે.

## દિલ - રસ

ખરેખરી ગરજ, સ્વાર્થ, જ્વાળામુખીની પેઠે ધગધગતી તમન્ના, તેના ઉત્કટ પ્રમાણમાં પ્રગટ્યા વિના, તેમાં "દિલ" કદી પણ હોઈ શકતું નથી અને "દિલ" હોય તો જ ભાવ હોઈ શકે.

સાધનામાં પણ જ્યારે દિલ પ્રગટે છે, ત્યારે જ ઝઝૂમવામાં અને ઝંપલાવવામાં જે રસ પડે છે, તે રસ ઝરે છે, તે હકીકત કોઈ ન્યારી અને અલૌકિક ભૂમિકાની છે.

### દિલ અને રસની અસરો

### જીવનમાં દિલ જો છે તો

**સ્મરણ, કીર્તન, ભજન નિશદિન કર્યા કરવાથી મુજને તે**
**-પડ્યો અભ્યાસ જીવન જ્યાં શું ભળવા દિલ લાગ્યું છે !**

ભળે છે દિલ જેમાં ત્યાં, ખરેખર રસ ઝરંતો છે,
જીવન તો દિલ વિના સાવ સૂકું શું ભઠ લાગે છે !

જીવનમાં દિલ જો છે તો, બધામાં રસ પડંતો છે,
જગત સઘળું નર્યું કેવું બધું તરબોળ રસથી છે !

જીવનમાં ભાવરસથી દિલ બધું ઉત્પન્ન થયેલું છે !
જીવનમાં તેથી તો દિલને મહત્ત્વ ખૂબ દીધું છે.

### ખરે ! દિલ માત્ર પ્રીછે તે

**સ્મરણ, કીર્તન, ભજન, નિશદિન કર્યા કરતાં, મથી, ચહીને,**
**-મથંતા નિત્ય અભ્યાસ થતાં દિલ ફૂટી નીકળે છે.**

ભળંતા દિલ અભ્યાસે છૂટે છે રસ પછી શો તે !
લખ્યાથી તે ન સમજાયે, ખરે ! દિલ માત્ર પ્રીછે તે.

બધા અણગમા પણ ને જીવનના પૂર્વગ્રહ જે છે,
પ્રગટતાં દિલ તે વિશે બધા ઊડી જતાં તે તે.

ઊગંતાં, જાગતાં દિલ સૌ જીવનના ભેદ પીગળે છે,
થયેલા દૂર દૂર અંતર શું દિલથી પાસ આવે છે !

### શી દિલની વાત ન્યારી છે !

**સ્મરણ, કીર્તન, ભજન, નિશદિન થયા કરતાં જીવનમાં તે**
**-પડંતાં નિત્ય અભ્યાસ શું ફૂટવા દિલ લાગ્યું છે !**

જીવનમાં ફૂટતાં દિલ તે નવાંકુર ઊગતા રહે છે,
બધું નવપલ્લવિત જે તે થયા કરતું જ લાગે છે.

જગતવ્યવહારમાં જ્યાં જ્યાં ખરેખર દિલ સ્પર્શે છે,
તહીં દિલ સ્પર્શનો જાદુ ચમત્કાર થતો રહે છે.

શી દિલની વાત ન્યારી છે ! રસીલું સર્વ દિલથી છે,
જીવનમાં દિલના ભક્ત થયા કોઈ વિરલા વીર તે.

## બધી બલિરાહી દિલની છે

**સ્મરણ, કીર્તન, ભજન નિશદિન જીવનનો નિત્ય વ્યવસાય**
**-થઈ પડતાં અનુભવ શો થયેલો દિલનો કંઈ જે !**

ભર્યું ભર્યું સર્વ લાગે છે, જીવનરસથી અનુપમ તે,
વલણ, વૃત્તિ, જીવનદૃષ્ટિ બધાં પલટાય રસથી તે.

બધી બલિહારી દિલની છે, કળા, ખૂબી જ દિલનાં છે,
બધું જે તે જ સ્વાભાવિક જીવનમાં રસથી લાગે છે.

જુદાં ચશ્માં, જુદી દુનિયા શું અલૌકિક રસથી છે !
ભળેલું દિલ જેમાં છે, બધું તે તે નિરાળું છે.

મહત્ત્વ દિલનું એવું જે અજબનું ને ગજબનું છે,
**ભળેલું દિલ હરિમાંનું બધા રસમાં શું ભરપૂર છે !**

---

## હરિ તુજ ભક્તિના ભાવે

હરિ તુજ ઉપકારોને શકું વાળી કઈ રીતે ?
હરિ તુજ ઉપકારોનો કશો ના પાર ક્યાંયે છે.

સતત ઉપકાર તારો તો ચઢ્યાં કરતો જ મુજ પર છે;
હરિ તુજ ભક્તિના ભાવે હૃદય ખેંચાયેલું રહે છે.

હૃદય આભારથી મુગ્ધ થયું છે વારી-વારી જે
-તને સંભારી-સંભારી શું આકર્ષાઈ ગયેલું છે !

હવે તારા વિના દિલને ન પાલવતું જરા પણ છે;
**જીવન સઘળું હરિ તારા પરે તે ખાસ નભતું છે.**

**હવે બસ મ્હાલવા કેરું નસીબ શું ઊઘડેલું છે !**

શું દિલ-દિલની મહોબતની બધી છૂટની મઝા શી છે !
ગમે તેમ વર્તવાનોયે હૃદય-આનંદ ન્યારો છે.

શરમ સંકોચ મર્યાદા બધાં ઊડી ગયેલાં છે,
જહીં દિલ-દિલ ભેટ્યાં છે નર્યું એકત્વ લાગે છે.

બધું ભરપૂર અસ્તિત્વ છતાં ઊડી જતું ક્યાં તે !
હૃદય શું મસ્તી ફુવારા હૃદય ઊડતા થયેલા છે !

હરિની દિલ-દિલની તે, હૃદય-રંગત અનેરી છે,
હવે બસ મ્હાલવા કેરું નસીબ શું ઊઘડેલું છે !

દિલ પ્રગટે છે, ત્યારે જ દિલના વિષયમાં એકાગ્ર થવાય છે અને વિષયનું હાર્દ પણ દિલ વડે જ મેળવાય છે. અને જેમાં દિલ પૂરેપૂરું ભળે છે, તે વિષયમાં તદાકાર પણ થઈ જવાય છે. દિલ જાગે છે અને તેમાં દિલ પ્રગટે છે, ત્યારે તેમાં આપમેળે રસથી તરબોળ થઈ જવાય છે.

**કરામત એવી દિલની છે**

ખરેખરું દિલ જે વિશે ભળેલું ને હળેલું છે,
સમજવાનું વિશે તેનું પૂરું મેળે શું બનતું છે !

ખરેખર દિલમાં દિલથી બધું દિલનું થતું જે છે,
ઉમળકાની હૃદય ઉષ્મા બધી તેમાં નીગળતી છે.

કદી છાનું રહે દિલ ના, ઊછળતું દિલ પોતાને
-કરી એકાગ્ર તે પ્રત્યે વિષયમાં મેળવાવે છે.

ગળેલું દિલ જેમાં છે, તદાકાર વિષયમાં તે
-પૂરેપૂરો થતો રહે છે, કરામત એવી દિલની છે.

**ભાવ**

**ભાવ પ્રગટ્યો**

**થતાં અભ્યાસમાંથી શો પછીથી ભાવ ટપક્યો છે !**

મનાદિને કદી પણ મેં ન બળજબરી કરેલી છે,
કળે, કુનેહથી ટેવ ધીમે ધીમે પડાવી છે.

અવળચંડાપણું સૌનું બધું દેખ્યા છતાં તેને
-મહત્ત્વ દિલ દીધા વિના હરિપદ સાહી લીધા છે.

**“પછી અભ્યાસ નિરંતર થતો રહે” એ જ જોયું છે,**
**થતા અભ્યાસમાંથી શો પછીથી ભાવ ટપક્યો છે !**

હૃદયના ભાવનો સ્પર્શ થતાં રહેતાં મનાદિને,
મનાદિ આપમેળે શાં પીગળવા ખાસ લાગ્યાં છે !

---

## હરિ વિના બીજે ક્યાંયે પછી ના તે ભટકતાં છે

કળા અદ્‌ભુતથી કેવું જીવન આખું ભરેલું છે !
છતાં એને અનુભવવા ન ફુરસદ કંઈ મનાદિને.

મનાદિને વળાવાને હરિનાં પદકમળ વિશે
-સ્મરણ, કીર્તન, ભજનમાં શાં હરિપદમાં પરોવ્યાં છે !

જીવનને ભાવ સંપૂર્ણ થવા, મહેનત થયેલી છે,
બઢંતાં ભાવ, પદ વિશે પલળતાં તે ગયેલાં છે.

પછીથી તો મનાદિને મહોબત ભાવ જાગ્યાં છે,
હરિ વિના બીજે ક્યાંયે પછી ના તે ભટકતાં છે.

---

## થવા સાકાર સંપૂર્ણ મનાદિ જોડી દીધાં છે

જીવનને જીવવા કરતાં જીવનના ધ્યેય આદર્શો
-થવા સાકાર સંપૂર્ણ મનાદિ જોડી દીધાં છે.

કદીક છટકી જતાં શાં તે ! અવળચંડાં થયેલાં છે,
ભજન કીર્તન સ્તવન વિશે સમય તે જોડી દીધાં છે.

**કદી પણ મેં ન ટોક્યાં છે, જતાં જેમ હોય જે રીતે**
**-જવા દીધાં, છતાં ત્યારે હરિમાં દિલ પરોવ્યું છે.**

**હરિનો ભાવ જીવનમાં નિરંતરનો થતા રહેતા,**
**પ્રકૃતિના વલણમાંથી છૂટાં મેળે થયેલાં શાં !**

## ભાવનો ક્રમિક વિકાસ

### સ્મરણની ભાવ-છાલકથી

સ્મરણનોયે હૃદય-રસ શો ! સ્મરણનો ભક્ત જાણે છે,
સ્મરણની ભાવ-છાલકથી જીવન શું ફેરવાયું છે !

જુદા જુદા જીવન-રસથી હરિ તુજ રસ અનેરો છે;
મળ્યો જ્યાં ચાખવા દિલમાં જરીક રસ; ઘેલું લાગ્યું છે.

સતત તુજ યાદ જીવંતી પછી દિલ કેવી ઝળકે છે !
હૃદયને તુજ વિશે કેવું રમ્યાં કરવાનું ગમતું છે.

લળી-લળીને, ચહી-ચહીને, હરિની યાદ ગુંજવતાં
-પડે રસ મુગ્ધ કરનારો, જીવન બસ ત્યાં શું લટ્ટુ છે !

ઊર્ધ્વ તરફનો પુરુષાર્થ કરતાં કરતાં જ્યારે ભાવના જાગે, ત્યાર પછી બધું જ સહજ મેળે બને છે. ભાવનાની સ્થિતિ અખંડ-નિરંતરની થઈ જાય, ત્યાર પછી એ સહજ છે. ત્યાં સુધી એ સહજ નથી. ત્યાં સુધી તો આવે ને જાય. એની ઝલક આવી જાય. પછી એને વધારે આકર્ષણ થઈ જાય. ઝલકનો અનુભવ થાય છે, એથી એને એમ થાય કે આ તો અનંત સુખ છે. આટલાથી જો આ થયું તો સતત થાય તો કેટલો બધો આનંદ થાય ! એટલે એનાથી આકર્ષાય છે, પછી એ સ્થિતિમાં એ સહજપણે અખંડ થઈ જાય.

**ભાવ લક્ષણો :**

જ્યારે જિજ્ઞાસા પરત્વેનો અને જિજ્ઞાસાથી પ્રેરાઈને હૃદયમાં જીવન પરત્વેનો ખરેખરો ભાવ પ્રગટે છે, ત્યારે મનાદિકરણની વૃત્તિઓ (જે ભાવ પ્રગટેલો હોય, તેની પહેલાંની સ્થિતિ કરતાં, તે બધું જેવું હોય તેના કરતાં, દિલમાં ભાવ પ્રગટેલો હોય તે તે વૃત્તિ) વિચાર, લાગણી વગેરેનો પ્રકાર પણ જુદો હોય. **ભાવ પ્રગટે એટલે આપણે જીવદશાથી મુક્ત થઈ જઈએ છીએ તેવું કશું નથી હોતું, પરંતુ વૃત્તિ, પવન આવે ત્યારે પતંગને દોરથી કરીને ઊંચી ઉડાડી શકાય તેવી રીતે, હૃદયમાં જ્યારે ભાવના પ્રગટે ત્યારે જીવદશાની વિચારવૃત્તિ વગેરે અંગેની તે પ્રમાણે ઊર્ધ્વગતિ સાધારણ રીતે થયા કરતી હોય છે.** આ માત્ર અનુમાનનો વિષય નથી, પણ અનુભવની સ્થિતિ પણ તેમ હોય.

**ભાવના પૂરવાળી દશાનું વર્ણન**

હૃદયનો ભાવ જેનામાં એકાગ્રપણે કેન્દ્રિત ભરપૂર છલકતો રહ્યાં કરે છે, તે વેળા આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરે કરણો તે ભાવમાં તરબોળ રહ્યાં કરે છે. હૃદયમાં ભાવ-સાગરની છોળો ઉપર છોળો ઊછળતી રહ્યાં કરે છે, તેવી વેળા જીવનમાં બધું ભર્યું ભર્યું લાગે છે. કોઈ નવા જ પ્રકારનો, સમાઈ ન શકે એવો આનંદ ઊભરાયાં કરે છે અને તે આનંદની છાયા જે જે કર્યા કરતાં હોઈએ, તેમાં પ્રસર્યા વિના રહી શકતી નથી. આપણાં કરણો મૌન દશાને પામે છે અને મનમાં કશું પણ દ્વિધાપણું રહેતું હોતું નથી. કંઈ કશા વિશે કશા વિચારો પણ ઉદ્ભવતા નથી; એક પ્રકારની આહ્લાદક મસ્તી ને નશો જીવ ત્યારે અનુભવે છે ને પોતે તેમાં ગુલતાન રહ્યાં કરે છે. **આવી વેળાએ પણ અંતરની તટસ્થતાની ભાવના જો જીવતી ના હોય તો તેમાં પણ ભરાઈ પડવાનું થાય.**

**ભાવનું કાર્ય**

એવો ઉત્કટ હૃદયનો ભાવ થતાં જીવપ્રકારનો સકળ મળ બળીને રાખ થઈ જવાનો છે. તે ભાવ અશુદ્ધિશોધક છે અને તેમ દાહક પણ છે, તેમજ પાછો તે શીતળતાપ્રેરક આહ્લાદક પણ છે. **એવો ભાવનો રસ એક વાર પણ ચાખવા મળ્યો તો તે પછી એ ભાવના રસનો આસ્વાદ વધારે ને વધારે લેવાનું દિલ થયા જ કરવાનું.** તેનાથી ધરાઈ જવાને નહિ. એનું નામ જ અનંતમાં પ્રયાણ.

ભાવ પ્રગટે તે કાળમાં જીવદશાની વૃત્તિ, વિચાર વગેરેમાં સુમેળ પ્રગટે અને જો તેમ ના થાય તો તે ભાવ નહિ. જેમ માનવીને ક્રોધ પ્રગટે, ત્યારે આગળપાછળનાનું તેને ભાન રહેતું નથી અને એકલા ક્રોધમાં તે આવરાઈ જાય છે, તે સર્વના અનુભવની હકીકત છે. તેવી રીતે દિલનો ખરેખરો ભાવ પ્રગટે તો તે પ્રમાણે થવું ઘટે.

ભાવ તો ડાયનેમિક છે. **ડાયનેમિક એટલે સતત એકેક પગલામાંથી પછી ઊર્ધ્વગમનની પરિસ્થિતિ પરત્વે દોરી જનારી કોઈ ભાવાત્મક સંચાલન કરતી અને ક્રિયામાં પ્રવેશનારી સ્થિતિ.** એવો ભાવ પ્રગટ્યા વિના આપણાથી કશું બની શકવાનું નથી. ભાવ પ્રગટે ત્યારે જો તે મનાદિકરણને સ્પર્શી શકતો ના હોય તો તે ભાવ જ નહિ. મને ખરેખરા અનુભવથી ખાતરી છે કે **ભાવ પ્રગટતાં બુદ્ધિની સમજણ પ્રગટી શકે છે.**

આપણાં મનને અને દિલને ઉથલાવી પાડે તેવા પ્રસંગો નીપજે, ત્યારે જ આપણામાં પ્રગટેલી ભાવનાની સાચી ખબર આપણને પડે છે. ભાવના કદી સ્થિતિસ્થાપક હોતી નથી. ગતિપ્રેરક છે ને ઊંચા ગુણોની સ્થિતિમાં તે આપણને પ્રગટાવ્યા કરે છે. ભાવનાનો ગુણ સાથે સંબંધ છે. ભાવનાનું દિલમાં દિલથી ઉત્કટ પ્રાબલ્ય પ્રગટે છે, ત્યારે ગુણની વૃદ્ધિ જરૂર થાય. એટલે આમ સંસારની દૃષ્ટિએ અને સમજણે જે પ્રસંગ મનને-દિલને ઊથલપાથલ કરાવી નાખે તેવો નીપજે, ત્યારે જો ભાવના પ્રગટી હોય છે તો આપણા મનની શાંતિ, પ્રસન્નતા ઘવાતાં નથી.

ભાવના જ્યારે પ્રગટે છે, ત્યારે કર્મ પરત્વેની, વ્યવહાર પરત્વેની યોગ્ય હૈયાસૂઝ પણ પ્રગટતી અનુભવાય છે અને પહેલાં જે કામ બની શકતું હોય તેનાથી ઘણું ઘણું વધારે કામ બની શકતું અનુભવાય છે. શરીર ને મન ખૂબ હળવા રહ્યાં કરે છે. ભાવનાના પ્રભાવ ને પ્રતાપે કરીને શાંતિ અને પ્રસન્નતા અનુભવાય છે. જીવપ્રકારના વલણની વૃત્તિઓના ધક્કા એટલા બધા જબરજસ્ત વાગી શકતાં નથી. ભાવના આપણને મનાદિકરણની ઊથલપાથલ કરાવતી વૃત્તિઓનું પૃથક્કરણ કરાવીને અયોગ્યને જબરજસ્ત એક ઝાટકાવાળો ઈનકાર કરવામાં આપણામાં જાગૃતિપૂર્વકની તત્પરતા પ્રગટાવે છે. જેમ ઉત્તમ પ્રકારના ધારવાળા ચપ્પુની ધારથી આપણે યોગ્ય રીતે શાક સમારી શકીએ છીએ, તેવી રીતે જીવનમાં અનેક પ્રકારની વૃત્તિઓના ઊપજતાં વલણોમાંથી જીવન પરત્વેની ભાવના આપણને સફાળા જાગૃત બનાવી મૂકે છે ત્યારે આપણું જરાક જેટલું પણ નકારાત્મકપણું આપણને એટલું બધું તો સાલે, તેમ છતાં તેમાં આપણને સંડોવાઈ ન જવા દેતાં તેવું સાલવાપણું તેમાંથી મુક્ત કરાવવા કાજે ઊલટું આપણને ત્યારે તે ઉપયોગી નીવડી શકે છે. ભાવનાનો એવો ચમત્કાર છે. ભાવનાને માત્ર બુદ્ધિથી સમજણથી આપણે નહિ માપી શકીએ અથવા તેનો તાદૃશ્ય ચિતાર કે અનુભવ આપણને બુદ્ધિથી નહિ પ્રગટી શકે. **ભાવના એ બુદ્ધિના પ્રદેશની હકીકત નથી. એ તો છે હૃદયનો પ્રદેશ.**

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ આ બધું અંદર જ થાય છે ને ? એવી રીતે સમજણ પડે છે ને ? એવી રીતે ભાવ જાગે ત્યારે ગમે તેવા કામ જાગે એવા સંજોગો ઊભા થયા હોય, તો પણ તમે એનાથી મુક્ત છો એવો જ અનુભવ થયા કરે. એ અનુભવ અંતરમાં થાય છે.

એ ભાવ જાગેલો હોય ત્યારે, બાહ્યના વાતાવરણના પ્રકૃતિ પ્રકારના કોઈ આંદોલનો આપણને સ્પર્શે નહિ. ભાવ પ્રકૃતિમાં રહેલો હોવા છતાં, પ્રકૃતિથી પર છે. એટલે એટલા કાળ પૂરતાં તો નહિ જ સ્પર્શે.

**ભાવના પ્રકટેલી રહે છે તો મન સંકલ્પવિકલ્પ કરતું હોતું નથી. પ્રાણના આવેશ ને આવેગો તે વેળા પ્રકટતા નથી. બુદ્ધિ તર્કવિતર્ક કરતી નથી ને અહમ્ પોતાનું માથું ઊંચું કરતો હોતો નથી. એટલે ભાવનાનું એકધારું વહન જો થયા કરે, તો જીવદશાનું શમન થવું પૂરેપૂરું શક્ય છે.**

હૃદયની ભાવના કંઈ એમની એમ તો પ્રકટતી હોતી નથી. ભાવના પ્રકટવા કાજે ભૂમિકાની જરૂર રહે છે. હૃદયમાંનો પ્રકટેલો પ્રેમભાવ હોય તો ભાવના પ્રકટે, પણ જો એનો જ્ઞાનાત્મકપણે ઉપયોગ થતો રહે, તો તેવી ભાવનામાં વધારે ને વધારે ચેતનવંતા પ્રાણ પ્રકટી શકે છે. ભાવના તે પછી માત્ર ભાવના નથી રહી શકતી. ભાવનાની પણ જુદી જુદી કક્ષાઓ હોય છે. ભાવના નક્કર વાસ્તવિકતાના પ્રદેશમાં ફેરવાઈ જતી હોય છે. તેમાં જ્ઞાનપ્રદેશની અનેક પ્રકારની વાસ્તવિકતાઓનાં દર્શન સાધકને થતાં રહે છે. તે વેળા ઘણું ખરું તો તે જ દશામાં સાધક મદમસ્ત આનંદનો ઉપભોગ કર્યા કરવામાં બસ પડ્યો જ રહે છે.

જેના જીવનમાં મૌલિકતા પ્રગટી નથી તે સાધનાના ભાવમાં પ્રગટતો જતો સાધક ના ગણી શકાય. **મૌલિકતા એ ભાવનું પ્રથમ વ્યક્ત લક્ષણ. મૌલિકતા જીવનમાં પ્રગટતી અનુભવાય ત્યારે જ પૂરેપૂરું સમજી શકાય કે જીવનમાં ભાવની પ્રતિષ્ઠા થયેલી છે. મૌલિકતા પ્રગટે છે ત્યારે નવી દૃષ્ટિ પાંગરતી જાય છે. જેમાં તેમાંથી નવું નવું જ્ઞાન પ્રગટતું અનુભવાય છે અને કરણોનું સંચાલિત થવું કોઈક જુદી ભૂમિકામાંથી થતું જાય છે. આમ ભાવ એ જીવનવિકાસ કાજેનો ગુરુ છે.**

**ભાવનું જીવનશોધક સ્વરૂપ - ભાવનું કાર્ય**

**પ્રભુભાવ જે એવો છે કે એક વખત જો તે આપણા જીવન-આધારમાં કામ કરવા લાગી ગયો હશે ને આપણા આધારનો તેણે જો પ્રેમથી કબજો લઈ લીધેલો હશે, તો તે** આપણને જંપવા પણ નહિ દે, નિરાંતે ઊંઘવા નહિ દે. "ચાલો ! હા...શ ! હવે જરા નિરાંતે આરામ લઈએ," એમ આપણે કરવા જઈશું, તો પણ તે આપણને તેવી રીતે

ઠરવા દેશે નહિ. એ તો કંઈક અણધાર્યા, અણકલ્પ્યા ઉત્પાત પ્રગટાવશે. તે આપણા આધારનો પૂરેપૂરો કબજો ત્યારે લઈ શકે છે, કે જ્યારે આપણે તેનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક દિલમાં દિલથી સંપૂર્ણ સ્વીકાર કરી શકેલાં હોઈએ ત્યારે. તેમ જો થયું તો તે પછી સુખ મળવાનું તો ક્યાંય દૂર રહ્યું, પરંતુ તેના બદલે નવા નવા પ્રચંડ રણસંગ્રામમાં ઝૂકાવ્યા કરાવશે, ચેન તો પડવા દેશે નહિ. જીવનના રચાયેલા બધા મનોરથોનો ભાંગીને ભૂક્કો કરી દેશે. સુખનાં જે સ્વપ્નાં સેવ્યાં હોય, તે તોડીફોડી નાખશે. જેમાં દિલ, મન ચોંટ્યાં હોય એટલે કે જ્યાં જ્યાં રાગમોહાદિક વૃત્તિઓ હશે તથા ધનદોલતમાં, સારાં સારાં લૂગડાં-ઘરેણાંમાં, લોકોમાં વાહવાહ કહેવડાવવામાં, પ્રતિષ્ઠામાં, આબરૂમાં, બીજા પર શિરજોરી કરવામાં એવી અનેક પ્રકારની વૃત્તિમાં આપણાં મનાદિકરણોને ઝાટકો મરાવીને, તેનું તેને પ્રત્યક્ષ દર્શન કરાવીને તેમાંથી મુક્ત કરાવશે. જીવદશાનાં અનેક પ્રકારનાં મૂલ્યાંકનો કરવાની આપણી દૃષ્ટિમાં પૂરું પરિવર્તન પ્રગટાવશે. આપણાં પર કોઈએ કરેલી થોડીઘણી મદદનો અનેકગણો બદલો અપાવવાની દિશામાં આપણને પ્રવૃત્તિ કરાવશે. સમજણો, આગ્રહો, ટેવો વગેરેમાંથી, આપણને તેનું વાસ્તવિકતાભર્યું અજ્ઞાનમૂલક દર્શન કરાવીને તેનો પૂરો પલટો કરાવશે. અનેક પ્રકારની જીવદશાની પરિસ્થિતિઓમાંથી મનાદિકરણને ઉચ્ચ ભાવનામાં પ્રગટાવીને તેવી જીવદશાવાળા કળણમાં ને વલણમાં દેખીતી રીતે ફસાયેલા હોવા છતાં ને તે પળે પાછાં મનાદિકરણ ઉચ્ચ ભાવનાના પ્રદેશમાં પ્રગટેલા હોવાથી તે મનાદિકરણનાં તે સ્થૂળ પ્રકારનાં વર્તનની તે પળની અસર પડવા દેશે નહિ. ગમાઅણગમાની પરિસ્થિતિ, માનેલી વ્યવસ્થાઓ, ગણતરીઓ ને કલ્પનાનો ભાંગીને ભૂકો જ કરી નખાવશે. જીવનને અનેક પ્રકારની તપની ભઠ્ઠીમાં તપાવ્યા કરીને સોનું જેમ ભઠ્ઠીમાં ગળાઈને શુદ્ધ થાય છે, તેમ જીવનને તાવણીમાં નાખીને સારી પેઠે તપાવીને તેને શુદ્ધ કરવાની પ્રક્રિયા તે ચાલુ રખાવ્યા જ કરશે અને જો પરમકૃપાથી "એણે" આપણા આધારને કબજામાં લીધો હશે તો આપણે તે બધું પ્રેમભક્તિપૂર્વક હૃદયના ઉમળકાથી સ્વીકારીને તેમાંથી પસાર થયા કરીશું, અને આપણે તે પરમકૃપાળુ ભગવાનને કે ચેતનના એટલે કે સચ્ચિદાનંદના યંત્ર બની જઈશું.

**ભાવના સાચી ક્યારે ?**

પ્રત્યેક ઊગતી ભાવના કે વૃત્તિ સાચી છે અથવા તો ''ફૂટે એ તો ફટાકડાં કહેવાય'' એના જેવી છે. એવું જીવનને જાણવા, અનુભવવા ને માણવા ઈચ્છનારે, એનું માપ કાઢતાં શીખવું જ જોઈએ. ઊગેલી ભાવના, વૃત્તિ તેના ક્ષેત્રના કર્મમાં ઊતરતા સાંગોપાંગ કેટલી ટકે છે ને જીવતી રહે છે તે પ્રત્યક્ષ અનુભવ કરીને લક્ષમાં લઈ આપણે તે પ્રમાણે સમજવાનું છે. માથે ઘણનો માર પડે એટલે કે ગમે તેવી વિકટ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં મુકાઈ જઈએ તો પણ જે ભાવના ઊગેલી હોય તે તેના યથાર્થતાપણામાં ઊલટી વધારે સતેજ અને શક્તિવંતી બને ને એવું પ્રત્યક્ષ અનુભવાય તો જ તે ભાવના ખરેખર તેની યથાર્થતામાં પ્રકટેલી છે એમ પ્રમાણવું. તવાયા વિનાની કે તાવ્યા વિનાની, અગ્નિપરીક્ષામાંથી કે કસોટીમાંથી તેના યોગ્યપણામાં પાર ઊતર્યા વિનાની કોઈ પણ સદ્‌ભાવના તેના યોગ્ય મૂલ્યાંકનમાં સાચી ઠરી શકતી નથી તે જાણશો. જાગેલી ભાવના, ઘણના માર પડે એટલે કે ગમે તેવી આકરી કસોટીમાંથી એને પસાર થવાનું આવતાં, ગમે તેવા વિષમ ને આડાઅવળા પ્રસંગોમાં એને ઉતારવાનું આવતાં, જાગેલી ભાવનાથી બીજા અન્ય ક્ષેત્રમાં પૂરજોશથી વહેવાનું બનતાં, જો ઉગેલી ભાવના આપણને ચેતવવાનું ન કરી શકતી હોય, આપણને થંભાવી ન શકતી હોય, આપણને ખબરદાર કરી ચમકાવવા પોકાર ન પાડતી હોય, તો જેને જાગેલી ભાવના માનતા હોઈએ તે મિથ્યા છે એમ સમજવું, જાણવું ને માનવું. **જાગેલી કે ઊગતી ભાવના એ તો નગદ નાણું છે. એના જેવી રોકડી કે નગદ શક્તિ બીજી કોઈ નથી.**

**ભાવ લક્ષણ**

સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંપૂર્ણ ને જે પાછું અવ્યક્ત છે,
પ્રસરે છે થતાં વ્યક્ત આધારે રોમેરોમ યે.

શબ્દમાં શબ્દથી એને વર્ણવી ના શકાય છે,
અક્ષરાતીત છે ભાવ, અંતરે પરખાય છે.

વિચાર, વૃત્તિ કે બીજી કશી ના લાગણી વળી,
ભાવમાં એવું અસ્તિત્વ કશાનું હોય છે નહીં.

છતાં પાછો ન તે ભાવ અકર્માત્મક જીવને;
ભાવનું કર્મ તો નિશ્ચે ચેતના-સ્પર્શનું ખરે.

એકાગ્રતા નરી જેમાં ના સંકલ્પ-વિકલ્પ છે,
નીરવતા ભરી લાગે, ભાવ એને પ્રમાણજે.

દ્વંદ્વ ને ગુણનો દેશ ભાવ પોતે કદી ન તે;
જીવદશાથીયે ક્યાંયે ઊર્ધ્વ ભાવપ્રદેશ છે.

પ્રકૃતિની ભૂમિકાથી ઊર્ધ્વ પ્રદેશ-ક્ષેત્રમાં
- જે લઈ જાય છે, તેને ભાવ પ્રમાણવો સદા.

ગાઢ નીરવતા જેમાં, એકાકારપણું હૃદે,
મનન-ચિંતવનેયે ના, નરી શી સ્તબ્ધતા બધે !

શો નિરાકાર આત્મા છે ! આત્માનું વ્યક્તત્વ જે
-નિરાડંબર શો ભાવ લાગતાં જ્યાં પ્રવર્તતે !

પોતે જ દિલમાં પ્રીછે પોતાને મૂળ રૂપથી,
ભાવ આત્માનું તો પૂર્ણ પ્રતિબિંબ સ્વરૂપથી.

પ્રવર્તતાં હૃદે ભાવ જેમાં તેમાં બધાં વિશે-
પૂર્ણતાનો ઊંડો ઊંડો આસ્વાદ દિલ લાગશે.

જેમાં તેમાં બધાં વિશે, હો કદરૂપું છો ભલે-
છતાં સૌંદર્ય કેવું ત્યાં ભર્યું ભર્યું જ લાગશે.

નરી પ્રસન્નતા પૂર્ણ સૌ વ્યવહારમાં જગે,
ભાવ હોવા તણો એવો પ્રભાવ ને પ્રતાપ છે !

કેવો ભાવ-આનંદ તેને વર્ણવવા કશી
-તાકાત શબ્દની ના છે, છે શબ્દાતીત ભાવ તે.

ભાવમાં જ્ઞાનનો ભાગ, ભાવમાં ભક્તિ પૂર્ણ છે-
જન્મે છે ભાવથી કર્મ, ભાવ એવો ત્રિવેણી છે.

જિંદગાનીની તો ભાવ સાચી કમાણી આખરે,
મળતાં ભાવ તો સર્વ મળેલું જાણવું જગે !

## ભગવાનનો ભાવ ઈન્દ્રિયો દ્વારા વ્યક્ત છતો થાય છે

આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ અનેક જાતની વાસનાઓ છે. દિવસના વ્યવહારની અંદર સ્થૂળ રીતે એ વાસનાઓને જીતી લેવી એ તો કદાચ સહેલું બની શકશે. એના ઉપર ધારો કે આપણે વિજય મેળવી શકીએ; પરંતુ આગળ જતાં જતાં સાધકનો ભાવ ભગવાનમાં જ્યારે જાગૃત થવા માંડે છે, ત્યારે એ ભાવ વ્યક્ત થવાને પ્રયત્નશીલ હોય છે. આખા વિશ્વની રચનામાં વ્યક્ત થવાપણું રહેલું જ છે. જ્યાં ત્યાં જે તે બધું વ્યક્ત થવાં માટે જ સર્વ ક્રિયા કરી રહેલું છે. વ્યક્ત થવાપણું ના હોત, તો આ સૃષ્ટિ હોત પણ નહિ ને ચાલત પણ નહિ. પ્રકૃતિની અંદર વ્યક્ત થવાનો સ્વભાવ છે. એટલે જગત ચાલી રહ્યું છે. વ્યક્ત થવાપણું ના હોય તો બધું જ અટકી પડે. આપણામાં જ્યારે કોઈક પ્રકારની ઉત્કટ લાગણી જન્મે છે, ત્યારે આપણે જોયું છે કે આપણને રોમાંચ થઈ જાય છે, ને કેટલીક વાર માથાના વાળ પણ ઊભા થઈ જાય છે. આંખોમાં ભીનાશ આવી જાય છે. મોં ઉપર ફેરફાર થઈ જાય છે. કેટલીક વાર આખું શરીર થરથર ધ્રૂજે છે. એમ જુદી જુદી લાગણીને અંગે જુદું જુદું થાય છે. એનો અર્થ એ છે કે આપણી જાગેલી તે લાગણી વ્યક્ત થવાને માટે પ્રયત્ન કરતી હોય છે.

એવી જ રીતે ભગવાનનો ભાવ જ્યારે સાધકમાં જરાતરા પણ જાગવા માંડે છે, ત્યારે શરીરની ઈન્દ્રિયો દ્વારા, મન દ્વારા, પ્રાણ દ્વારા, બુદ્ધિ દ્વારા, હૃદય દ્વારા, એમ અનેક રીતે પોતે વ્યક્ત થવાને સહજ રીતે તૈયાર થાય છે. ભગવાનનો ભાવ ઘણો જ સૂક્ષ્મ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે, કોમળમાં કોમળ પણ છે ને ભીષણમાં ભીષણ પણ છે. એટલે જ્યારે તે આંખ દ્વારા વ્યક્ત થતો હશે, ત્યારે જ્યાં ત્યાં આપણને સૌંદર્યનાં દર્શન થયાં કરશે. ગમે તેવું ભલે ને હોય ત્યાં પણ આપણને અતિ સુંદરતાના દર્શન થશે, ને તેમાં એવો આહ્‌લાદજનક આનંદ હશે કે બસ આપણે તેમાં તલ્લીન થઈ જઈશું. કોઈક વાર ભયંકર દૃશ્યો પણ જોઈ શકીશું. ને આપણે થરથરી પણ ઊઠીએ. કાન દ્વારા એવું તો મધુર સંગીત અને દિવ્ય નાદના એવા સૂર આપણા કાનને અથડાયાં કરશે ! ક્યાંયે કશું વાગતું કરતું નહિ હોય, તો પણ તમે આપણને અનુભવ થશે. આપણી જીભ ગમે તેવા ખોરાકમાંથી ઉત્તમમાં ઉત્તમ પ્રકારનો સ્વાદ અનુભવશે.

ચામડી એટલી તો કોમળ અને દિલને ગલીપચી થાય એવી સૂક્ષ્મ, સૂક્ષ્મપણે મધુર-મધુર લાગે ને તેમાંય કુમળા કુમળા સ્પર્શનો એવો આનંદ જામે, કે જેવા સ્પર્શનો ખ્યાલ કોઈ પણ પાર્થિવ ચીજથી આપણને ન થાય, તેવું જ બધી ઇન્દ્રિયો વિશે. સૂક્ષ્મ ભાવ તે દ્વારા વ્યક્ત થતો હોવાથી, ને બહાર ચેતનરૂપે તે ભાવ હોવાથી, વ્યક્ત થતો ભાવ તે ભાવને પકડે છે અને જે ઇન્દ્રિય દ્વારા વ્યક્ત થાય છે તે ઇન્દ્રિયના સ્વભાવનું પ્રકૃતિમાં જે મૂળ છે, તે મૂળ પ્રમાણે તેનો આપણને અનુભવ થાય છે.

**આ અનુભવમાં એટલો તો આનંદ રહેલો છે કે તે આનંદથી આપણને અલગ રહેવું લગભગ અશક્ય જેવું બને છે.** સાધકના ખરા સંયમની કસોટી ત્યાં છે. ઘણાં સાધકો પોતે ત્યાં જ અટકી પડે છે. પોતે એમ માની લે છે કે હવે પોતાનું ઇતિકર્તવ્ય આવી ગયું, કારણ કે તેને દિવ્ય આનંદ મળતો હોવાથી તેમાં તે ગરકાવ થઈ રહે છે. **ભગવાનનો જાગેલો ભાવ આમ એ આનંદને ભોગવ્યા કરવાથી એક દિવસ અલોપ થઈ જાય છે.** જાગેલી શક્તિ તો ભોગવવાથી જરૂર અલોપ થવાની; પરંતુ જાગેલી શક્તિથી જે આનંદ કે પરિસ્થિતિ પ્રાપ્ત થાય તેમાં ન પરોવાઈ જતાં "આપણને જે જોઈએ છે તે આ નથી" એમ સમજીને જાગેલા ભાવને ભગવાનને મેળવવાને માટે સતત વાપર્યા કરીએ, તો જ તે ભાવ વધારે ને વધારે જોરદાર, તીક્ષ્ણ, અસરકારક અને સચોટપણે કાર્યસાધક બન્યાં કરે છે.

## લગની - રસ
## સ્મરણ હરિનું, સ્મરણ હરિનું

બધો બોજો જીવનનો તો હરિ-પર નાંખી દીધો છે;
હવે તો હળવો ફૂલ જેવો જીવનમાં હું થયેલો જે.

હવે આધિ, ઉપાધિ કે ફિકર, ચિંતા કશાં ના છે,
જીવનમાં તો હૃદય મુજને સ્મરણની મસ્તી લાધી છે.

સ્મરણ હરિનું, સ્મરણ હરિનું હૃદય બસ એ જ લગની છે,
જીવન-વ્યવહાર-ભૂમિકા હરિ-લગનીની શી થઈ છે !

સ્મરણના બૂમ-બરાડાથી જીવન-અંતર-પ્રદેશોને
-ઊંડે ઊંડે જગવી, હરિને શું પ્રસ્થાપિત કરેલા છે !

## હરિમાં પ્રાણ મોર્યો છે

હરિ, હરિ દિલ સ્મરંતામાં હૃદયથી એકધારું જે,
હરિનો ભાવ ફોરીને હરિમાં પ્રાણ મોર્યો છે.

જીવન જૂની દિશાનું જે, જીવનની જ્ઞાન-ઉષામાં
-જતું પ્રગટતું ભાળંતાં, શી ચેતનની જીવન-ઉષ્મા !

પછીથી તો શિખર પર તે શિખરની પહોંચવાની જે
-સળગી લગની શી ઉત્કટ જે ! ભરાવી ફાળ એણે છે.

હતો જે પાંગળો, લૂલો ચઢાવી પ્હાડની ટોચે,
જીવનમાં તો હવે તેને મહાલાવ્યો સુખાનંદે !

### લગની ક્યારે લાગે ?

જેમ જેમ જીવનની સાધનામાં આપણે રત-એકતાર થતાં જઈશું, અને તેવા પ્રકારની લગનનો ભાવ પ્રકૃતિ ને સ્વભાવમાં વણાઈ જઈ તેનું એક અંગ બનશે એટલે કે આપમેળે રહ્યા કરશે, તેમ તેમ આ પરત્વેની ઇચ્છાશક્તિનું પ્રબળપણું, સર્વ સંબંધોથી પર થવાપણું, સંબંધોની સપાટીથી ઊંચે રહેવાપણું, તેમ જ વ્યવહારમાં રહેવાતાં છતાં ને એમાં ચિત્ત હોવા છતાં એમાં ગૌણભાવે પ્રવૃત્તિ રહે, કર્મ તો જોકે કુશળતાભર્યાં થયાં કરે, તેમ છતાં તેમાં પહેલાંના જેવી આસક્તિ ન પ્રગટે અને પ્રધાનપણે જીવનવિકાસ પરત્વેની ભાવનામાં જ આપણું દિલ રમ્યાં કરતું હોય, એવું અનુભવ્યા જઈશું. એટલે આમ આપણી પ્રગટતી જતી ભાવનામાં ઉત્તરોત્તરપણે ઉત્સાહ, ખંત, હોંશ એવું બધું પુરુષાર્થ માટે ને પુરુષાર્થ દ્વારા જો પ્રગટ્યા કરતું ન અનુભવી શકાય તો સમજવું કે જીવનવિકાસ પરત્વેની તમન્નાની કક્ષા એટલી ધગધગતી ને ઉચ્ચ નથી, અને એથી આપણને સમજાશે કે આપણામાં આ માર્ગ પરત્વેની સાચી લગની લાગેલી નથી.

### લગનીનાં લક્ષણો

હૃદયમાં પ્રેમની ભાવના કે લગની પ્રકટે, ત્યારે આપોઆપ જે બાબતની લગની કે રસ લાગ્યા હોય, તે વિષયમાં મન જીવ્યાં કરે છે. જીવનમાં જીવકક્ષાનું જે તે બધું હોવા છતાં લગની લાગી જતાં લગનીના વિષયમાં જીવની ગતિ સહજમેળે થતી રહે છે. એમ જ્યારે તેવા પ્રકારની ગતિ થતાં થતાં વેગ અને ધસમસતો જોશ પ્રગટે છે. તેવી વેળા

સાધકને પોતાને પોતાના જીવપણાનું પણ અને તેની પ્રકૃતિના બળવાનું પણ ખરેખરું ભાન જાગી જાય છે. તેવી વેળાએ તેવા જાગેલા સાધકના જે પ્રયત્ન થાય છે, એ પ્રયત્નમાં ખરેખરાં પ્રાણ પ્રકટેલા હોય છે. જેના ખમીર અને નૂર કોઈ જુદા જ પ્રકારના રહે છે. તેવી વેળાએ એક બાજુ એ નીચેથી ઉપર જવાનો જાગૃત પ્રયત્ન રહ્યાં કરે છે ને ઉપરનાની લેહ લાગેલી હોવાથી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકારમાં તેનો સંપર્ક રહે છે. આમ નીચેથી ઉપરમાં અને ઉપરનો નીચેમાં સંપર્ક જાગતો બને છે. એવી વેળા મોહપિંજરમાં માનવીથી ડોકિયાં કરાયે જાય છે, તો તેમાંથી તેને સવેળા જાગી જતાં વાર લાગતી નથી. માનવી ઉપર જવાનો પ્રયત્ન કરે, એટલે તે દિશામાં સડસડાટ કરતો ઉપર ચાલ્યો જ જાય તેવું કશું હોતું નથી. **જ્યારે ખરેખર ઊંચે ચડવાની લગની લાગેલી હોય છે, ત્યારે જીવ પડે ખરો પણ** એવા પડવાપણામાંથી તો તે અનેક ગણો વેગ મેળવી લે છે ને તેમાંથી નવી સમજણ ને નવા પ્રાણ મેળવે છે અને તેની ચડવાની ગતિમાં વધારે પ્રાણ ને ચેતન પ્રગટે છે. એટલે એક વાર જો આપણને લગની લાગી જાય અથવા આપણો માંહેલો જાગી જાય અથવા ચેતનના સંપર્કની ઝાંખીનો અનુભવ થઈ જાય તો પછી જીવની ઊર્ધ્વ પ્રકારની ગતિ નિશ્ચિત થઈ ગઈ એમ સમજવું તે પછીથી પણ જીવ જીવપ્રકારના વિષયમાં વિચારવાનું નહીં કરે એમ તો નહીં બને. પણ એનાથી મોહપિંજરમાં જકડાઈ જવાનું બન્યું હોવાનું છતાં એમાંથી એને નીકળી જતાં વાર લાગતી નથી. ઉપર લખ્યું છે તેવા પ્રકારનો જીવ એવાં મોહપિંજરમાં પડે છે, તેના પ્રકારમાં ને એક સર્વ સાધારણ જીવ જે મોહપિંજરમાં પડે છે તેના પ્રકારમાં આસમાન જમીનનો ફરક છે. જગત તે બંને જીવનો એક જ પ્રકારનો દેખાવ જોઈને પેલા સાધક જીવને કદાચ નિંદે પણ ખરું, પરંતુ સાધક કશામાં પડી રહી શકતો નથી. તે તો જ્યાં ત્યાંથી ઊભું થવાનું જ શીખ્યો છે. જેને જે બાબતની લગની લાગે છે તેમાં તેનું મન સહજ રહે છે.

લગની લાગે તો ભાવના પ્રગટે છે. કોઈકની સાથે ઉત્કટ રાગ થાય છે, મોહ થાય છે, તોપણ તેની સાથે દિલ જોડાયેલું રહે છે. એટલે સાધનાની દશાનો રાગ લાગે, તે પ્રકારનાં મોહ અને આસક્તિ જો પ્રકટે, તોપણ કામ થાય. સાધના પરત્વેનો રસ કંઈ એમ ને એમ જાગવાનો નથી.

## રસ

એવી થતી સાધનાના ભાવમાંથી જ્યારે ખરેખરો રસ પ્રગટે છે, ત્યારે એ પ્રકારનો રસ તે રસના પ્રકારના જીવનમાં સર્વ કોઈને જીવાડતો હોય છે. રસના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી ભૂમિકાઓ છે, અને એના જુદા જુદા દિવ્ય દેશો પણ છે.

## "હરિ-રસ" એ જ કર્તવ્ય

હરિના પદકમળ રસમાં ભીંજાવાને સતત દિલને,
ફરી-ફરીને, વળી-વળીને, ઊલટથી શું મથાવ્યું છે !

થતા રહેતા પ્રયત્નોથી, હૃદય અભ્યાસથી તેવા,
વલણ દિલનું થતાં તેવું પ્રગટવા માંડિયો રસ ત્યાં !

પડ્યો છે દિલને રસ જ્યાં, થતા રહેતા પ્રયત્નોમાં,
-પછી શા પ્રાણ પ્રગટ્યા છે ! મળે જેનો ન જોટો ક્યાંય !

"હરિ-રસ" એ જ કર્તવ્ય પછીથી માની દિલનું તે,
વિના રસ દિલને કંઈ પણ બીજું જચતું કશું ના છે.

## પ્રગટ ચેતનનું રૂપ

હૃદયના પ્રેમની હકીકત જુદી કોઈ જાતની શી છે !
નિરાળી તે હકીકત શી મૂળે રસની ભરેલી છે !

ભલે રસ, પ્રેમ એ બંને જુદાં જુદાં શું લાગે છે !
છતાં બંને તણા મૂળમાં પ્રવર્તેલું જ ચેતન છે.

ઉભય રસ, પ્રેમ સાકાર પ્રગટ ચેતનનું રૂપ તે છે,
હૃદયના પ્રેમના રસની બલિહારી શી અદ્ભુત છે !

જીવનનું એ જ સર્વોત્તમ શું ભોજન ઉત્તમોત્તમ છે !
મનાદિ સર્વ પળેપળ તે હરિમાં વિલસેલાં છે.

## વ્યસન હરિ-પદનું લાગ્યું છે

સ્મરણ લીધાં જવાયાથી હરિના તે ચરણ-કમળે
-શરણ ઢળવા તણી બુદ્ધિ કૃપાથી દિલ ઊગી છે.

સ્મરણ-અભ્યાસ પડવાથી હ્રદય સ્ફુરવા જ લાગ્યું છે
-ઊંડો જે ભાવ, તેનાથી ઊગતી શરણાગતિ થઈ છે.

હ્રદય તેમ તેમ કેવાંયે અપાર શક્તિ-બળ મુજને
-પ્રગટતાં શાં જતાં લાગ્યાં ! હરિની યાદગીરી વધી છે.

પછીથી તો જીવનમાં શી લગની, આસક્તિ પદ હરિને
-રહી જે કેળવાઈ ને વ્યસન હરિ-પદનું લાગ્યું છે.

**હ્રદયનો સાચો વૈષ્ણવ જે, વ્યસનને દિલ સમજશે તે**

હ્રદય ભજતાં, હ્રદય ભજતાં, શું ભજવાનું થયેલું છે !
ભજન-ભાવ નિરંતરનો થતાં, અનુરાગ લાગ્યો છે.

ચરણમાં પ્રેમભક્તિનો પછી સ્પર્શ થયેલો છે,
સુમેળ દિલ પરસ્પરનો થતાં, રસ-ભક્તિ સ્ફુરી છે.

જીવનમાં ભક્તિનું પછીથી વ્યસન લાગી ગયેલું છે,
હ્રદયનો સાચો વૈષ્ણવ જે, વ્યસનને દિલ સમજશે તે.

વ્યસન લાગ્યા પછીનું તે હરિની પ્રેરણા કેરું
-જીવન સાચું ખરેખર છે, અનુભવથી પ્રમાણેલું.

**વ્યસન હાર્દ**

હ્રદય અનુરાગ દૃઢ બનતાં ઊંડી આસક્તિ લાગી છે,
હ્રદય આસક્તિ દૃઢ થાતાં વ્યસન તેમાંથી જન્મ્યું છે.

વ્યસન દિલ લાગતાં પૂર્ણ વ્યસન વિના ન ચાલે છે,
વ્યસનની મસ્ત બલિહારી, વિરલ કો ભક્ત પ્રીછે છે !

વ્યસનનો ભક્ત એવો જે, ગુલામ ના વ્યસનનો છે,
વ્યસન તો પ્રેમભક્તિનું શું લક્ષણ ઉત્તમોત્તમ છે !

વ્યસનનો સ્વામી જે માત્ર, વ્યસન ઉપયોગ કરી શકશે,
બીજા જીવો વ્યસન-હાર્દ કદી સમજી ન દિલ શકશે.

હ્રદયનો પ્રેમનો ભાવ જીવન જાગૃત થતો જ્યાં છે,
બધું પરિણામ પ્રેમનું તે શું સર્વોત્તમ રસીલું છે !

## કૂદી-કૂદી ઉમળકાથી જીવન આ મસ્ત ઊછળ્યું છે

જૂની લત, સમજણો, ટેવો, મડાગાંઠો પડેલાં જે,
થવાને મુક્ત તે સૌથી ભજનમાં દિલ પરોવ્યું છે.

ભજન, કીર્તન તણા ભાવે હૃદય એકાગ્ર, કેન્દ્રિત તે,
-થવાતાં રસથી સંપૂર્ણ, હરિમાં શાં મનાદિ છે !

પછી ક્યારેય પણ સહ્જે મનાદિ ના છટકતાં છે,
સતત રસમાં જ તરબોળ પળેપળ શાં રહે છે તે !

ઉમળકાના ઉછાળાનો શું જુસ્સો ઑર ન્યારો છે,
ઊંડો આધારમાં ત્યારે ફરી વળતો જ લાગે છે.

જીવન તે જીવવા કેરો હૃદય-રસ ચાખતાં શો તે !
કૂદી-કૂદી ઉમળકાથી જીવન આ મસ્ત ઊછળ્યું છે.

## સ્મરણમાં ભાવ પ્રગટતાં

હૃદયનાં ખંત ઉત્સાહ સ્મરણમાં જ્યાં ભળેલાં છે,
હૃદય રંગાવવા લાગ્યું સ્મરણમાં ભાવ-ભક્તિએ.

સ્મરણમાં ભાવ પ્રગટતાં, શું બદલાયો જીવન-રસ ને
-જીવન-રસનું ખરું કેન્દ્ર ગયું મળતું હૃદયમાં તે.

પછી એકાગ્ર કેન્દ્રિત જીવન-રસના જ મૂળ કેન્દ્રે
-ધીરે ધીરે ગતિથી શું થવાતું ત્યાં જવાયું છે !

જીવન-મંજિલ વિશે શિખર અનુભવનાં જુદાં જુદાં
-મળ્યાં કેવાં કરેલાં છે ! મળ્યું શીખવાનું તેથી ત્યાં !

## સ્મરણ અખંડિત થતાં

હૃદયનો ભાવ કેળવવા સ્મરણનું મુખ્ય સાધન જે
-લઈ-લઈને હૃદય પર મેં અતિશય ઝોક દીધો છે.

સ્મરણ એ ઝોકને લીધે શું લેવાયાં કરાયું છે !
અખંડિત તે થતાં, હૈયા તણો શો ભાવ ફૂટ્યો છે !

હૃદયના ભાવના-રસથી બધી દુનિયા નિરાળી છે,
જગત-સંસાર-વ્યવહાર હરિ-ભાવે અનોખો છે.

હૃદયના ભાવના-રસથી છલોછલ સૌ રસાયું છે,
જીવન શું તરબતર મસ્ત હરિ-રસથી છવાયું છે !

### સ્મરણની ભાવછાલકથી

સ્મરણનોયે હૃદયરસ શો ! સ્મરણનો ભક્ત જાણે છે,
સ્મરણની ભાવછાલકથી જીવન શું ફેરવાયું છે !

જુદા જુદા જીવનરસથી હરિ તુજ રસ અનેરો છે,
મળ્યો જ્યાં ચાખવા દિલમાં જરીક રસ, ઘેલું લાગ્યું છે.

સતત તુજ યાદ જીવંતી પછી દિલ કેવી ઝળકે છે !
હૃદયને તુજ વિશે કેવું રમ્યાં કરવાનું ગમતું છે.

લળી લળીને, ચહી ચહીને, હરિની યાદ ગુંજવતાં
-પડે રસ મુગ્ધ કરનારો, જીવન બસ ત્યાં શું લટ્ટુ છે !

### સ્મરણમાં સ્વાદ લાગ્યાથી

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાં સ્વાદ લાગ્યો છે,
સ્મરણમાં સ્વાદ લાગ્યાથી, સ્મરણ દિલ ભાવતું થયું છે.

સ્મરણમાં તાન છૂટ્યું છે, સ્મરણનું ભાન લાગ્યું છે,
હૃદય એકાગ્રતા-રસને અનુભવતું થયેલું છે.

ઊંડો ઊંડો ખરેખર દિલ જહીં રસ ઝરતો ટપક્યો છે,
અખંડ તે પછી જ સાધન થયાં કરી, જામતું રહ્યું છે.

અખંડ જે જીવનમાં છે, મઝા તેની અનુપમ છે;
હૃદય તે રસના ચટકામાં સદાયે મહાલતું રહે છે.

### હરિ-રસ તે ભક્તિને

પરામુખ સૌ થતાં વૃત્તિ સ્મરણમાં શા ખરેખર તે
-પછી તો ઊર્ધ્વ-ગતિ કેરા પૂરા ત્યાં પ્રાણ ખીલતા છે !

ભલેને પર્વતો જેવાં બધાં બંધન ઊભાં ત્યાં છે;
**છતાં તેને ઊખેડીને હરિ-રસ મસ્ત વહેતો છે.**

ખીલે જ્યાં પ્રાણ ભક્તિ (ત્યાં) પછી નિમ્ન પ્રકારોની
-બધી વૃત્તિ શમાતી ને હરિ, હરિમાં રમંતી શી !

બધી ઊર્ધ્વ ભૂમિકામાં ઊથલ-પાથલ થતી શી છે !
પહોંચી વળવા શક્તિ છે હરિ-રસની જ ભક્તિને.

## સ્મરણ-રસ-ભક્તિનું પૂર જ્યાં

સ્મરણમાં ને સ્મરણમાં શી હરિની યાદગીરીને
-હરિની સભાનતામાં તો હૃદય ઝળકાવી દીધી છે.

સ્મરણનો પૂરબારે શો ખરેખર રસ જ્યાં નીતરે છે;
રુકાવટ છો કઠિન હો તે, પરંતુ શી તૂટી જતી છે !

સ્મરણ-રસ-ભક્તિનું પૂર જ્યાં પ્રચંડ જ વેગથી વહેતું,
કિનારાનીય મર્યાદા બધી ઓળંગી તે દેતું.

ગુણોથી એ અતીત થઈને વટાવી દ્વંદ્વને જઈને,
પહોંચીને ગગનમાં તે શું શબ્દાતીત થતી તે છે !

## સ્મરણના ભક્ત એવા તે

સ્મરણની ધૂન ને ધૂનમાં મતિ, મન, ચિત્ત ને પ્રાણ
-પરોવાઈ રહેવાતાં, બધાં શાં સાવ ગુલતાન !

હૃદય-આધારમાં ઊંડો સ્મરણ-પડઘો પડે છે તે,
સ્મરણ-છાયા તણી મુગ્ધ અસર શી પાંગરાવે છે !

સ્મરણનો ભાવ નિરંતર થતાં, રંગાયેલું દિલ જે;
કરણ ભીંજવી દઈ રસથી શું પ્રસરાવે હરિ-રસ તે !

સ્મરણની સાધના ભાવે થતી જેને હૃદય રહે છે,
સ્મરણના ભક્ત એવાને સ્મરણનું માહાત્મય પ્રગટે છે.

## હૃદયમાં ભક્તિ લાગે છે, જીવન રંગાતું ત્યારે છે

સ્મરણ-અભ્યાસનો હૃદયે થયો આરંભ ત્યારે તે,
અનેકે વાર ભુલાઈ જતું'તું, કેવું કેવું તે !

હૃદય જાગેલ ચાનકથી ફરી-ફરીને સ્મરણ વિષે
-અવાતું'તું, અને એમ જીવનમાં તો મથાયું છે.

મથામણમાં મનાદિ જ્યાં પરોવાતાં પૂરેપૂરાં,
જીવન રંગાતું ત્યારે છે હરિ-રસ છાંટણાંથી ત્યાં.

હરિની ચેતનાત્મક જ્યાં હૃદયમાં ભક્તિ લાગે છે,
મનાદિને અને હરિને પછી છેટું ન ક્યાંયે છે.

## સ્મરણ ભક્તિનો વેગ જ તે

સ્મરણ જ્યાં દિલ ઊગેલું છે સ્મરણ ભક્તિનો વેગ જ તે
-પ્રચંડે પ્રવાહમાં કેવો વહ્યાં પોતે કરેલો છે !

હરિ, હરિના સ્મરણ કેરો પૂરો અભ્યાસ પડતામાં;
સ્મરણ-સાધનથી શાં બીજાં ઊંચા સાધન મળેલાં ત્યાં !

હૃદયના ભાવનો સ્ત્રોત ઊછળતો ઑર વહેતો છે;
સ્મરણ-રસને, હરિ-રસની હૃદય-ભક્તિ જ ઊછળે છે.

શું રસબસ મસ્ત ધસમસીને લીલુંકુંજર બધું બનવે !
કળા, ખૂબી હરિની શી બધી ખીલતી જીવનમાં તે !

## પછીથી જ્યોત ચેતનનો જીવન-સ્પર્શ થયેલો છે

જીવન-પથમાં મને જ્યારે પૂરો લાગી ગયો રસ છે,
મહેનત તે વિષે કરતાં હૃદય આનંદ વ્યાપ્યો છે.

જીવનમાં રસ લીધે કેવું ઊંડું ત્યાં ઊતરાયું છે !
ઊતરતાં છેક ત્યાં ઊંડે, વળી ઊંડું જવાયું છે.

હજી ઊંડે, હજી ઊંડે, અને તેથીય તે ઊંડે
-શું અંતરને વિશે કેવું પ્રવેશાયું ઊંડું ઊંડે !

પછીથી દિલ ચેતનની જલંતી જ્યોતનો મુજને
-થતાં સ્પર્શ, પરિણીત શું જીવન ત્યારે થયેલું છે !

## હરિ રસથી અભય

### પરિપક્વ પૂરો ત્યારે અભય કેવો બનેલો છે !

અભયને પરીક્ષવા કાજે શી સામી છાતીએ કેવો
-સ્પર્ધા કરીને, ખસ્યા વિના શું લાઠીમાર ખાધા છે !

ભયંકર જંગલો વિશે જહીં સિંહો વસેલા છે,
દિવસ-રાત્રિ તહીં ગાળી અભયને નાણી જોયો છે.

ભયંકર ધોધની વચ્ચે શું બેસી સાધના વિશે,
અભયમાં કેટલું પાણી અમે તે માપી લીધું છે.

જમાવાતાં જમાવાતાં જહીં જામ્યો હરિ-રસ છે,
પરિપક્વ પૂરો ત્યારે અભય કેવો બનેલો છે !

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૨

# ૧૨મી ભૂમિકા-શરણાગતિ-સમતા

- "સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" - (મનાદિકરણોના પ્રાકૃતિક) બધા પ્રકારના ધર્મોથી સંપૂર્ણપણે મુક્તિ મેળવાઈ હોય છે, ત્યારે તો હજી શરણાગતિની દશા પ્રગટવાની શરૂઆત થતી હોય છે.
- પ્રકૃતિની પકડ મોળી પડે છે, ત્યાર પછી એમાં આપણને રસ જાગે છે, કારણ કે આત્માનો મુખ્ય ગુણ રસ છે. એ રસ જાગ્યો પછી આપણને એ સહજ આવી જાય. પછી આપણો એફર્ટ (પ્રયત્ન) ત્યાં નથી રહેતો.
- જ્યારે પૂરેપૂરો અખંડ રસ પળેપળ પ્રગટેલો જામેલો રહ્યા કરે અને પળેપળ એવી જીવંત ચેતનની સ્થિતિમાં રહેવાયા કરાય, ત્યારે જ ભક્ત સાચો ભક્ત થયો ગણાય.
- જેમ સોય લોહચુંબક પ્રત્યે, એની ખેંચાવાની હદમાં આવતાં, ખેંચાયા જ કરે છે ને એને પોતાને કશો પ્રયત્ન કરવાપણું રહેતું નથી એવું આપણું આમાં છે.
- જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતા થઈ જાય, ત્યારે જ સાચી રીતે ભગવાન પર આધાર રાખી શકાતો હોય છે.
- સાધના કરતો કરતો કોઈક સાધક એ ઉચ્ચ અવસ્થામાં - અગિયાર - બારમી ભૂમિકામાં પહોંચે, ત્યારે તેનામાં સત્ત્વનો ઉદય થાય, બાકી નહિ. સાત્ત્વિક ગુણ પ્રકટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયા કરતો રહે છે.
- આપણાં આંતરિક કરણોના પ્રાકૃતિક ધર્મમાં અને તેના વર્તનમાં સંપૂર્ણ નીરવતા પ્રગટે, ત્યારે ખરા કામની તો હજી શરૂઆત થવાની. તેવી વેળાએ જીવનમાં નિષ્ઠા પ્રગટે છે.
- શરણાગતિ એટલે પ્રેમ પ્રાગટ્ય. "પ્રેમ પ્રગટ્યા વિના હરિ મેળવવો એ તો દોહ્યલું કર્મ છે."
- પ્રેમનું જીવન ત્યાગ, બલિદાન અને સમર્પણનું બનેલું છે. પ્રેમમાં પ્રકૃતિની વૃત્તિ નથી. પ્રેમનો સ્વભાવ દૈવી પ્રકારનો છે. જીવનને હોમાવાપણું પ્રેમની ભાવનામાં રહેલું છે. ફનાગીરી એ પ્રેમનું લક્ષણ છે.
- આપણાં સકળ કર્મમાંથી સંપૂર્ણ અહંતાની વૃત્તિ નીકળી ગયા વિના આપણે આપણું જે તે ભગવાનને પ્રેમભક્તિ વડે યોગ્યપણે, સંપૂર્ણપણે સમર્પણ પણ કરી શકતાં નથી.

- *જ્યારે ચિત્તમાંથી નકારાત્મક સંસ્કારો દૂર થાય છે અને એકમાત્ર ભગવાનની લગની લાગે છે, ત્યારે આપણે શરણને યોગ્ય ઠર્યા કહેવાઈએ.*
- *જે મન, વચન ને કર્મથી સાધનાના ભાવમાં સતત એકધારો રત થયેલો છે અને જે સકળ પ્રકારથી નિર્બળ થયેલો છે અને જેનો સકળ આધાર એકલા શ્રીભગવાન પર જ જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણપણે પ્રકટેલો છે, તેની સાધનાનું યોગક્ષેમનું વહન કરવાનું કામ શ્રીભગવાન પોતે પોતાના પર ઉપાડી લે છે, એટલે કે સાધનામાં તેને સરળતા સહજપણે મળ્યા કરે છે અને સાધનામાં પ્રકટતાં અનેક પ્રકારનાં અવરોધાત્મક સૂક્ષ્મ બળોને એ પોતાની કૃપાથી નિવારતો રહે છે.*

***તટસ્થતા કરતાં સમતાનો ભાવ ઊંચી કક્ષાનો છે, તેનાથીયે ઊંચી કક્ષાનો ભાવ સાક્ષીપણાનો છે.***

## શરણાગતિનો આરંભ

*"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ"* - (ગીતા ૧૮।૬૬) (મનાદિકરણોના પ્રાકૃતિક) બધા પ્રકારના ધર્મોથી સંપૂર્ણપણે મુક્તિ મેળવાઈ હોય છે, ત્યારે તો હજી શરણાગતિની દશા પ્રગટવાની શરૂઆત થતી હોય છે.

પ્રકૃતિની પકડ મોળી પડે છે, ત્યારે પછી એમાં આપણને રસ જાગે છે, કારણ કે આત્માનો મુખ્ય ગુણ રસ છે. એ રસ જાગ્યો પછી આપણને એ સહજ આવી જાય. પછી આપણો એફર્ટ (પ્રયત્ન) ત્યાં નથી રહેતો. એટલે એમ કરતાં આવી રીતે સાધનનો અભ્યાસનો કરતાં કરતાં જે **નિશ્ચિંતપણું, નિશ્ચિંતતા, અભય, નિશ્ચયશક્તિ** - એ બધા ગુણો પ્રગટે છે.

જીવતીજાગતી અભિમુખતા જાગે છે, એના લીધે એમાં આપણો રાગ થાય છે. અનુરાગ થાય છે એ એકાગ્રતા જુદા પ્રકારની. રસ જાગે છે, એ આત્માનો મૂળ સ્વભાવ અથવા તો આત્માનું સ્પષ્ટ વ્યક્તપણું - મેનિફેસ્ટેશન, કે જેના વડે આત્મા ઓળખી શકાય.

એમાં જો રસ ઉત્પન્ન થાય તો ત્યાગ અને તપ ઑટોમેટિક (આપમેળે) થાય. રસ ઉત્પન્ન થાય, ત્યારે સહજ, સરળતાથી થાય. **એમાં એફર્ટ (પ્રયત્ન) ના કરવો પડે. રસમાં એફર્ટ નથી. એની મેળે થાય છે.**

## સાચો ભક્ત ક્યારે થાય ?

જ્યારથી સાધકને જીવન જીવવામાં ખરેખર રસ પડવા માંડે, ત્યારથી એણે એ પંથમાં ડગ ભરવા માંડ્યા અને **ભક્ત થવાની શરૂઆત** થઈ એમ કહેવાય.

જ્યારે પૂરેપૂરો અખંડ રસ પળેપળ પ્રગટેલો જામેલો રહ્યા કરે અને પળેપળ એવી જીવંત ચેતનની સ્થિતિમાં રહેવાયા કરાય **ત્યારે જ ભક્ત સાચો ભક્ત થયો ગણાય.**

પ્રભુ કાજે જીવે છે જે, પ્રભુ કાજે મરે છે જે,
પ્રભુ પ્રીત્યર્થ કરે જે તે, પ્રભુનો ભક્ત સાચો તે.

### "જીવનગીતા" અધ્યાય - ૧૨
### ભક્તનાં લક્ષણો

"કોઈનીયે કરે ના તે રાગ કે દ્વેષભાવના;
પ્રત્યેક જીવની મૈત્રી રાખે તે મન સર્વદા."

કરુણા કેળવે ઊંડી જીવ માત્રની સાથ તે;
પ્રેમ ને ભાવની છાપ એનાં કર્મ વિશે ખરે !

### ભક્ત થવાની રીત

"દશા આવી થવા સારુ મૂકીને મમતા સહુ;
નમ્ર પૂરો થતો પોતે, રાખે છે સમતા બહુ.

સુખ ને દુ:ખ તે બન્ને એક-શાં ગણી ચાલતો;
કરે જો કોઈનો દોષ; ક્ષમા તે પાસ યાચતો.

સંતોષી તે સદા રહે છે; શુભ નિશ્ચયથી કદા
-ભરે તે મરણાંતેયે પાછું તો પગલું જ ના.

મન, બુદ્ધિ વગેરે તે સર્વ અર્પે સદા મને;
આલંબન ધરી મારું મારે માટે જ તે જીવે.

થતો ઉદ્વેગ ના કોને એનાથી; વળી લોકથી
-ઉદ્વેગ પામતો ના તે; ગાળે જીવન એ રીતે.

દુભવે કોઈને ના તે, કોથી દુભાય ના દિલે;
સંસારે નવ લેપાતો પ્રિય છે ભક્ત તે મને.''

''થતો ભક્તથી ઉદ્વેગ સંસારે નવ કોઈને''
સાચું એ નવ સર્વાંશે લાગતું લોક-જીવને.

વર્તન ભક્ત એવાનું, એના વિચાર, કર્મને
યોગ્ય ભાવે કદી લોક કોઈ સ્વીકારી ના શકે.

વર્તન, કર્મ, વિચાર, ભક્તની વાણીથી વળી,
કેવાં તો લોક ઉદ્વેગ પામવાનાં જગે નક્કી.

## સંપૂર્ણ ભક્ત

''લોકોથી દુઃખ ના માને; સહેજેયે ના વળી ડરે;
હર્ષ, શોક, ભયાદિથી મુક્ત છે મુજ ભક્ત તે.

કોઈયે જાતની ઇચ્છા ના એને મન હોય છે;
પવિત્ર હોય; ને એનું વર્તે છે ક્ષેમ સૌ સ્થળે.

સર્વ આરંભ છોડીને નિશ્ચયે દૃઢ તે રહે;
શુભાશુભ બધાંનોયે ફળત્યાગ સદા કરે.''

સ્પષ્ટ છે અર્થ એનો તો ''ગમે તે પરિણામને
માટે નિશ્ચિંત તે રહે છે''; એવું જીવન તે જીવે.

શત્રુ કે મિત્ર ના એને; માન કે અપમાન શું ?
મૌન સેવી, મળે જે કૈં રહે તેથી તુષ્ટ આપ શું !

''નથી હું એકલો કાંઈ'' એમ માની હૃદે રહે;
સ્થિર સર્વ સ્થિતિ માંહી થઈ, ના જરીયે ડગે.

વર્તે છે આ પ્રમાણે જે શ્રદ્ધાવંત થઈ હૃદે,
પ્રાણથીયે ઘણા વહાલા એવા ભક્ત મને હૃદે.

## શરણાગતિ

### શું શરણાગત થવાયું છે !

ઊગ્યાં સાધન થયાં કરતાં હૃદયના ભાવનું ઝરણું
-ફૂટેલું શું સહજમેળે ! મહાનદમાં ભળેલું શું !

**હૃદયમાં સ્ફુરતાં ભક્તિ હરિપદ જ્યાં ઢળાયું છે,**
**શરણ કેવી રીતે મુજથી અચાનક થઈ જવાયું છે !**

કશું શરણાગતિ કેરું જીવંતું ભાન કોઈ રીતે
-હૃદયના ભાવના વહેણે હૃદય ત્યારે રહ્યું ના છે.

ચપોચપ આપમેળેયે શું શરણાગત થવાયું છે !
કૃપાલીલા ખરેખર શી ! અજાણ્યું થઈ ગયું છે તે !

**એવી સંપૂર્ણ શરણાગતિ જે જીવ પામી જાય તેના કાજે બીજા સાધનની જરૂર ન હોય. તેનું સાધન તો આપમેળે થયા જ કરે. (Effort-less effort).**

ભગવાનને ખોળે માથું મૂક્યા પછી આપણને એ સંભાળે છે અને "સારા-નરસા" એટલે કે ગમતા-અણગમતા બધા અનુભવોમાંથી આપણને કંઈક નવી દૃષ્ટિ, નવી સૂઝ આપ્યા કરે છે ને એમ કરતાં કરતાં આપણને ચાલતાં શીખવે છે. ધીરજ, શ્રદ્ધાની અપરંપાર કસોટીઓ તો એ દરમિયાન થયા કરે છે; પણ આપણે તો એને શરણે રહીને એને જ સતત વળગી રહેવાનું છે. તે ઉપરાંત એ બધી મથામણ પણ એને આપણે સમર્પણ કરવાની છે, જોકે "મથામણ" જેવું ખરી રીતે તો એ કહેવાય નહિ; કારણ કે **જેમ સોય લોહચુંબક પ્રત્યે, એની ખેંચાવાની હદમાં આવતાં, ખેંચાયા જ કરે છે ને એને પોતાને કશો પ્રયત્ન કરવાપણું રહેતું નથી એવું આપણું આમાં છે.**

**અમુક કક્ષામાં આવ્યા પછી જીવ એફર્ટલેસ એફર્ટ-(આપમેળે)માં આવી જાય છે,** પણ એની સભાનતા એને રહે. એફર્ટલેસ એફર્ટમાં એણે **વિચારવાનું હોતું નથી.** આટલું થયું અને આટલું બાકી રહ્યું, એ માટે શાં પગલાં લેવાં એવું વિચારાતું નથી. એ પગલાં આપમેળે લેવાતાં જતાં હોય છે. એ કર્મને પૂરું થવાને માટે જે જે કંઈ શક્ય હોય તે બધું એનાથી થયા કરે છે, ત્યારે પણ એને મુશ્કેલી નથી હોતી એમ નથી.

**જીવદશામાં જે મુશ્કેલીઓ હોય છે, એના કરતાં આધ્યાત્મિક કક્ષામાં મુશ્કેલી વધારે હોય છે.** મુશ્કેલીનો ઑનસ્લોટ-(દારુણ હુમલો) ભારે. તેવી રીતે એની શક્તિ વધેલી હોય છે એટલે પહોંચી વળે છે. ખરી વાત તો એ કે ત્યારે એ મુશ્કેલીને મુશ્કેલીરૂપ ગણતો નથી. મુશ્કેલી પોતાના આંતરિક અનુભવને કેળવવા અને એનો વિકાસ થવા માટેની કૃપાપ્રસાદી છે, એ રીતે એનો સ્વીકાર કરે છે. **મુશ્કેલીથી આપણને ખબર પડે કે તટસ્થતા કેટલી છે, આંતરિક બળ કેટલું છે, સ્વસ્થતા કેટલી છે, આંતરિક બળ કેટલું કેળવાયેલું છે અને એમાં કેવી રીતે આપણે વર્તીએ છીએ.**

**જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય, ત્યારે જ સાચી રીતે ભગવાન પર આધાર રાખી શકાતો હોય છે.**

## અનાસક્તિ પ્રગટતા દિલ

**ત્યજાતાં રાગદ્વેષાદિ** અનાસક્તિ હ્રદય પ્રગટે,
સ્મરણાદિ પછી સાધન થયાં કેવાં કરેલાં છે !

ખરી એકાગ્રતા દિલની સધાતાં સર્વ સાધનમાં,
જીવંતી કેવી પ્રગટીને ઉઠાવ સાધનામાં દે.

અનાસક્તિ પ્રગટતાં દિલ નિરાગ્રહ ને નિરહંકાર,
શું નિર્મમત્વ આદિ સૌ ખીલે છે સર્વ તે આપ !

જીવન ઓથાર સઘળાંએ જતો ત્યારે સમૂળો રહે,
હરિમાં ચિત્ત ત્યાં લાગી પડે એકીટશે શું તે !

## સ્ફુરે શરણાગતિ ના તે

**નિરાધાર બધી રીતે પૂરેપૂરું થયા વિના,**
**પ્રભુના ભક્ત સાચા તે થવાવાનું કદીયે ના.**

ગળ્યા વિના પૂરેપૂરું પ્રભુપદમાં ખરેખર તે,
પ્રભુના પદકમળ યોગ્ય થવાવાનું પૂરું ના છે.

મતિ, મન, ચિત્ત, અહં, પ્રાણ પ્રભુની ભક્તિથી જીવને
-હ્રદય એકરસ થયા વિના સ્ફુરે શરણાગતિ ના તે.

## સત્ત્વગુણમાં પ્રતિષ્ઠા

સાધના કરતો કરતો કોઈક સાધક એ ઉચ્ચ અવસ્થામાં - **અગિયાર - બારમી ભૂમિકામાં** પહોંચે, ત્યારે તેનામાં સત્ત્વનો ઉદય થાય, બાકી નહિ.

શબ્દમાં નિરંતરતા પ્રગટે, તેમાં ભાવનાનું સાતત્ય જાગે અને અખંડ રહે તો આકાશતત્ત્વ વિશેષ પ્રમાણમાં જાગે તો જ સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય.

## શરણાગત ભક્તનાં લક્ષણો

એવી પળે આપણામાં સત્ત્વગુણ મહત્ત્વપણે પ્રાધાન્ય ભોગવતો બની ગયેલ હશે. એવા પ્રકટેલા સત્ત્વગુણનાં પણ લક્ષણો છે. એવો સત્ત્વગુણ આપણા આધારમાં જીવતો મહત્ત્વપણે પ્રકટ્યા કરેલો હોય છે, તે વેળા તે આપણાં શરીર, મતિ, મન, પ્રાણ એ ચારમાં મુખ્ય ભાગ ભજવ્યા કરે છે. એથી કરીને આપણાં કરણોમાં સમતા, શાંતિ, આનંદ, પ્રેમ બસ એમ થતાં થતાં તો ઉભરાયાં જ કરે છે. સત્ત્વગુણનું બળ જામતાં જામતાં એક એવી દશા આપણી પ્રકટતી હોય છે, કે જેમાંથી જ્ઞાનનો અભ્યુદય થતો આપણે અનુભવી શકતાં હોઈએ છીએ. **સાત્ત્વિક ગુણ પ્રકટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયા કરતો રહે છે.** અહંતાશૂન્ય દશાને પામતા જવાનો જ્ઞાનપૂર્વકનો અનુભવ આપણને થતો રહે છે.

સાધનામાં આગળ જવાતાં એક એવી સ્થિતિ પણ પ્રવર્તતી અનુભવાય છે કે કોઈ કરણમાં સત્ત્વગુણ પ્રત્યક્ષ કામ કરતો હોય છે ને કેટલાંક કરણોમાં રજોગુણ પણ કામ કરતો હોય છે. રજોગુણમાં અહંતાનું જોર ઘણું ઘણું પ્રબળ રહ્યાં કરે છે ને એમાં ઈચ્છા, કામના આદિ પણ પ્રધાનપણે પ્રવર્તતા હોય છે.

કેટલીક વાર પુરુષ જાગૃત થયો હોવા છતાં પ્રાણની સંપૂર્ણ શુદ્ધિ થયેલી હોઈ શકતી નથી; જોકે પ્રાણના ક્ષેત્રની વૃત્તિ ઊઠતાં તે પુરુષ તેમાં ભાગ નથી લેતો હોતો, પોતે તેથી અળગો રહી શકે છે, એને સંમતિ નથી આપતો. તોપણ તેવી પ્રાણની સ્થિતિ સાધના માટે ઈષ્ટ ન જ ગણાય.

આવી દશાઓ એક પછી એક સીધી કંઈ માત્ર ચઢાણની જ આવે છે, એવું કશું નથી હોતું. એમાં ચઢઊતર થયાં કરે છે. મંદતાના ગાળા પણ પ્રકટે છે. તે વેળા સાધકે વધારે જાગૃતિ રાખીને જીવતા બનવાનું રહ્યાં કરવું તથા શ્રીભગવાનને પોતાના જીવનના તેવા ગાળામાંથી જીવનને મુક્ત કર્યા જ કરવાની પ્રાર્થના કરવાની રહે છે. જેમ બાળક મા પાસે રડતાં રડતાં માગે ને મા જો રાજીપામાં હોય, તો બાળકને તેનું માગ્યું આપી દે છે, તેમ આપણને પણ બનતું હોય છે.

સત્ત્વગુણની જીવનમાં જ્યારે **પૂરેપૂરી પ્રતિષ્ઠા** થયેલી હોય છે ત્યારે **નમ્રતા અને આત્મશ્રદ્ધા** એના સાચા અર્થમાં ને ભાવમાં પ્રકટેલા હોય છે.

સત્ત્વગુણની દશામાં કોઈ પ્રકારની ચંચળતા હોતી નથી. સ્થિરતા, શાંતિ, સ્ફૂર્તિ, હળવાપણું, મુલાયમતા, સરળતા, સહજતા વગેરે જ્યારે આપમેળે સત્ત્વગુણમાં રહે છે, ત્યારે તેથી કરી તેનો લાભ સાધકે પોતાની સાધનાના કર્મમાં વાપરી લેવો જોઈએ.

સત્ત્વગુણ પ્રકટેલો હોય, ત્યારે ઉચ્ચ ક્ષેત્રનો પુરુષાર્થ થવામાં ઉત્સાહ, ઉમંગ, ખંત વગેરે આપમેળે પ્રકટ્યા કરે છે અને તેવા પ્રકારના પુરુષાર્થના આચરણમાં ઝાઝી કશી દખલગીરી પ્રકટતી હોતી નથી. સત્ત્વગુણ પ્રકટેલો હોય છે, ત્યારે ઝાઝા વિચારની ગડમથલો, વૃત્તિથી ઉશ્કેરણી ને બીજું કશું ઘમસાણ કે દ્વિધાભાવ, સગડગ, શંકા, સંશય વગેરે પ્રકટતું હોતું નથી. સત્ત્વગુણની સ્ફૂર્તિ ચેતનવંતી હોય છે. તે સ્ફૂર્તિમાં ધાંધલ ધમાલ તો મુદ્દલે હોતું નથી.

### સત્ત્વગુણ - સાત્ત્વિક જ્ઞાન

સ્વભાવ વિશ્વનો છે શો ! વસ્તુઓની વિવિધતા
- એવી વિવિધતામાંયે પાર્થક્ય મહીં સર્વદા
- વિભક્ત વસ્તુઓમાં જે એકત્વભાવના હૃદે

- અપૃથકત્વ તણો પાછો સત્તાનો, અવિભક્ત જે
- અનુભવાય જે રીતે, તેને સાત્ત્વિક જાણજે. ૧-૩

સાત્ત્વિક-જ્ઞાનથી માત્ર જે તે વિભક્ત વસ્તુમાં
- છે અવિભક્ત જે સત્ય, તેનું દર્શન થાય ત્યાં. ૪

અનેક એકબીજાથી વસ્તુઓ ભિન્ન ભિન્ન ત્યાં
- અખંડ એકના ભાવ-નું તત્ત્વ સમજાય ત્યાં. ૫

ભેદો અનેકમાં કેવા સત્તાના જે અભિન્ન છે,
અનુભવ થતો જેથી જ્ઞાન, સાત્ત્વિક તે ખરે. ૬

પરસ્પર અનેકે શી લહરીઓ સમુદ્રમાં !
એક જ જળ છે કેવું ભરેલું ભરપૂર ત્યાં ! ૭

પ્રત્યેક લહરી કેવી એકબીજાથી ભિન્ન !
છતાંયે તેમનામાં તો સત્તા શી જળ એક છે ! ૮

વિભિન્ન લહરીઓમાં જળરૂપે અભેદ જે,
સત્તારૂપી રહ્યું જ્ઞાન, તેને સાત્ત્વિક જાણજે. ૯

સુવર્ણનાં ઘરેણાં સૌ ભિન્ન ભિન્ન પ્રકારનાં
- સત્તારૂપે છતાં સોનું એકનું એક હોય ત્યાં,

ભિન્ન ભિન્ન ભલે લાગે છતાં તેમાંય એકને
- પારખી, તે પ્રમાણે લ્હે, જ્ઞાની સાત્ત્વિક જાણજે. ૧૦-૧૧

એક જ માટીમાંથી તો અનેક વસ્તુ શી બને,
વસ્તુ પ્રત્યેકનું પાછું અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. ૧૨

છતાં વસ્તુ બધી માંહે સત્તા માટીની એક છે,
'એકત્વ જે અનેકોમાં જોવું' સાત્ત્વિક જ્ઞાન તે. ૧૩

કપાસમાંથી કંતાયે અનેકવિધ સૂતર,
વણાયાં કપડાં તેથી અનેકવિધનાં જગ;

કેવી વિવિધતા વસ્ત્રે છતાં કપાસરૂપી છે !
જે એકરૂપ સત્તા તે, સાત્ત્વિક જ્ઞાન જાણજે. ૧૪-૧૫

બધાં માનવ પ્રાણી સૌ કીટ, પક્ષી, પશુ જગે,
છે પરસ્પર શાં ભિન્ન અખંડ જીવ-તત્ત્વ તે. ૧૬

બધાંનામાં રહેલું છે સૌ તે તત્ત્વથી જીવે,
જીવનું એવું એકત્વ, જ્ઞાન સાત્ત્વિક છે ખરે. ૧૭

વિવિધ પ્રાણીઓમાં જે જીવનની સમાનતા
- જોઈ વર્તવું તેવું તે, સાત્ત્વિક જ્ઞાન દિલમાં. ૧૮

સંપૂર્ણ વિશ્વની ભિન્ન સૌ વસ્તુઓ તણી પૃથક્
- સત્તામાં એવી, આત્માનો, શો અવિભક્ત ભાવ જે
- જેથી જણાય, એવું તે સાચું સાત્ત્વિક જ્ઞાન છે. ૧૯

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સ્પષ્ટ સમજવો ઘટે,
અહીંયાં "જ્ઞાન"નો અર્થ નિષ્ઠા બૌદ્ધિક જાણજે. ૨૦

જે અનુભવ પ્રત્યક્ષ આધારે થાય છે હૃદે,
બધાંયે કરણોમાં શો તે પ્રસરી અનુભવે ! ૨૧

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સમજ તે પ્રકારમાં
- પૂર્ણ વિશ્વાસ બેઠો છે, છે શ્રદ્ધા જાગી મૂળમાં. ૨૨

જેમાં તેમાં બધે એક તે વિના કૈં બીજું ન છે,
એવો બૌદ્ધિક વિશ્વાસ બેઠેલો છે જ એહને. ૨૩

તે સમજણ હૈયામાં સંપૂર્ણ ઊતરી જઈ,
ચસી તેથી શકે ના તે કેમયે કરતાં કદી. ૨૪

સાત્ત્વિક જ્ઞાનમાં પૂર્ણ અનુભવ થયો ન છે,
કિંતુ તેમાંથી પામે જે તે અનુભવ ઈષ્ટ છે. ૨૫

ગુણ ને શક્તિ સાત્ત્વિક-જ્ઞાનમાં વધતાં જતાં,
ભાવ તેમાંથી જન્મીને અખંડાકાર તે થતાં ૨૬

ચેતનાનો હૃદે ઊંડો શો અનુભવ તે સમે
- સાત્ત્વિક જ્ઞાનવાળાને ધીરે ધીરે થતો જશે. ૨૭

સાત્ત્વિક જ્ઞાન જે તેમાં પરોક્ષ જાણવાનું તો
- અનુભવ નથી સત્ત્વે, ચેતને અપરોક્ષનો. ૨૮

અનુભવ-દશા પહેલાં સાત્ત્વિક જ્ઞાન-ભૂમિકા
- થયા વિના જ સંપૂર્ણ ના અનુભવ થાય છે. ૨૯

સાત્ત્વિક જ્ઞાન-ભૂમિકા તેથી તો અનિવાર્ય ત્યાં !
શાંતિ, પ્રસન્નતાની શી ભૂમિકા એની થાય ત્યાં ! ૩૦

એમાં અખંડતા જાગ્યે, ભાવની ગાઢતા થતાં,
પ્રાદુર્ભાવ થતો કેવો ! ચેતનાનો હૃદે તદા. ૩૧

## સત્ત્વગુણ - શરણાગતિનાં લક્ષણો

ઇંદ્રિયો, કરણો કેરા પ્રકૃતિમાં સ્વભાવના
- બધાય ગુણધર્મો જે સત્ત્વમાં બદલાય ના. ૩૨

ઇંદ્રિયો પોતપોતાના પ્રકૃતિગુણ, સત્ત્વમાં
- ગુણધર્મે ઠરેલી રહે છે, ઉધમાત ના કશા. ૩૩

## સમત્ત્વ

અહિંસા, સત્ય, ધૈર્ય શાંતિપૂર્ણ પ્રસન્નતા,
કશાથી તે ઘવાયે ના, સત્ત્વ તે જાણ તું તદા. ૩૪

"શી અભ્યાસમાં પૂર્ણ, વૈરાગ્ય પૂર્ણ જીવન,
મંડાયેલી શી એકાગ્ર ને જેની દૃષ્ટિ કેંદ્રિત

- પોતાનામાં જ તે રહે છે, એકધારો જીવંત જે,
ધ્યેયાકારે જ સંપૂર્ણ અખંડ", સત્ત્વ જાણ તે. ૩૫-૩૬

કોઈ પણ અવસ્થામાં જેને વિષાદ થાય ના,
"કશાથી ભય ઉત્પન્ન થતો ના" સત્ત્વ જાણ ત્યાં.

બુદ્ધિ, ધૃતિ, કરુણા શાં મેધા, નિર્દંભતા, ક્ષમા !
જીવન નિઃસ્પૃહતાયુક્ત, જેનાં સૌ કર્મ યજ્ઞ છે,
વિનય, ધર્મનો ભાવ જેમાં, સત્ત્વગુણી જ તે. ૩૭-૩૮

શમદમાદિ સૌ ગુણો ખીલેલા છે ખરેખર,
અધ્યાય સોળમાના સૌ સત્ત્વે ગુણો ખીલેલ શા ! ૩૯

પૂર્ણબહાર જે શા ગુણો પૂર્ણતામાં ખરેખરા !
જીવંત જીવને કેવા ફાલેલા છે બધે તદા. ૪૦

## છતાં

છતાંય જીવને એને અનુભવ થયેલ ના,
કેમ કે તે ગુણાતીત સંપૂર્ણ છે થયેલ ના. ૪૧

અનુભવની કક્ષાની પાસે નજીક છેક તે,
કિંતુ સત્ત્વનો ગુણ કૂદવો દોહ્યલો પથે. ૪૨

શાતા, પ્રસન્નતા, શાંતિ કેવાં મઘમઘી રહ્યાં !
આવું હોવા છતાં પાછું, સાક્ષીત્વ ઊગ્યું છે જ ના. ૪૩

સત્ત્વના ગુણવાળો જે રાચે ફંદે ગુણો તણા,
"ગુણોથી તે જુદો ના શો !" તે અનુભવ ના કદા. ૪૪

ગુણોથી શું ગુણોમાં તે આનંદે રાચવું ગમે,
શા તરબોળ ને લીન ! શા એકાકાર તે ગુણે ! ૪૫

જીવને હોય છે પૂર્ણ એકાકાર અનુભવી,
છતાં પાછો જ તેથી રહે, જુદો કેવો તર્યા કરી !

એવું સાક્ષીત્વ સત્ત્વે તો ઊગી તે શકતું નથી,
સત્ત્વના ગુણ પામેલા તેથી અનુભવી નથી. ૪૬-૪૭

## સ્થિતિ

જેને ઉમંગ, ઉત્સાહ, ખંત, ઉદ્યમ કર્મમાં
- ધ્યેયને સાધવામાં છે જેને શી એકતાનતા ! ૪૮

શો નિર્ણય પરિપૂર્ણ થવા નિત્ય મરી મથે,
જીવને ખંતીલા એવા, અંતે ફતેહ મેળવે. ૪૯

જીવને પાર વિનાનાં મુશ્કેલી, વિઘ્ન આપદા,
તેને ઓળંગવા શૂરા ઉમંગે શો થતો ફના ! ૫૦

પોતે જોવું જ પોતાનું, ઊંડામાં ઊંડું ખોજવું,
રહે મશગૂલ પોતામાં સત્યને પૂર્ણ પામવું. ૫૧

એવા માનવી કેવા તે નશામાં ચકચૂર છે !
એકતાનપણું એને વરેલું ભરપૂર છે ! ૫૨

જીવન-ઘડવૈયા તે થાક્યા વિના મથ્યા કરે,
પૂર્ણતા મેળવી પોતે, ધન્ય કેવા થયા કરે ! ૫૩

ધારેલું પાર પાડે તે, તત્પરતા વરેલ છે;
સદાયે મસ્ત શા ઘૂમે ધ્યેયને વરવા હૃદે ! ૫૪

બેસી રહે નવરા ના તે, આરપાર થવા મથે;
એકલા માત્ર પોતામાં એકતાન રહ્યાં કરે. ૫૫

આમ કે તેમ ના જુએ નાકની દાંડી સામને
- એકધારી ટશે કેવા ધ્યેયે મસ્તાન દિલ છે ! ૫૬

ધૈર્ય, નિશ્ચિતતા, શાંતિ, પૂર્ણ પ્રસન્નતા હૃદે,
જ્ઞાન સાત્ત્વિક તે જાણો, હૈયે આનંદ પૂર્ણ છે. ૫૭

શાતા જીવનમાં જેને નીરવતા વરેલી છે,
જ્ઞાની સાત્ત્વિક તે જેને શોક-હર્ષ સમાન છે. ૫૮

પ્રાપ્ત જે કર્મને યજ્ઞ-ભાવે આચરીને પદે,
પાછું સમર્પી સૌ દે છે, તેને સાત્ત્વિક જાણજે. ૫૯

ગડભાંજ કશી વાતે જેને મુદ્દલ થાય ના,
શાંત રીતે વિચારી સૌ ઉકેલ તે કરે કર્યા. ૬૦

ગભરાટ ન કૈં થાય, સ્વસ્થતા શી અખંડ છે !
પોતે પોતામહીં રાચી અંતરે મશગૂલ છે. ૬૧

જેનો એકાગ્રતા ભાવ કશાથી ના ઘવાય છે,
કર્મે, જે કર્મનો હેતુ, કર્મનો ભાવ, નિત્ય છે. ૬૨

સાત્ત્વિકગુણમાં સ્થિરતા છે, સમતા છે, શાંતિ છે, ઉન્નતપણું છે. આવી સ્થિતિમાં એનાં મનાદિકરણની ગતિ જીવપ્રકારની નથી હોતી. જીવપ્રકારનાં વૃત્તિ, વિચાર, વલણો વગેરે તેનામાં મોળાં પડી ગયેલાં હોય છે. જેમ જે બાજુ આપણું દિલ નથી હોતું, તે બાજુ આપણે જોઈ શકતા નથી, સાંભળી શકતા નથી એટલે આપણું પહેલા જેવું મન હતું, તેના કરતાં તે જુદા પ્રકારનું થઈ જશે. તેનું મુખ્ય લક્ષણ એ છે કે પ્રાણનો પ્રાકૃતિક ધર્મ બદલતો જતો અનુભવાય છે. જીવપ્રકારના આકર્ષણનું મૂળ જે અનેક પ્રકારની જીવની આશા, ઈચ્છા, કામનાઓ વગેરેમાં હતું, તેમાંથી પલટાઈને તેનું એકાગ્ર કેન્દ્ર પ્રભુ તરફનું વળેલું રહ્યાં કરે છે. એનામાં દ્વિધા ભાવ સમૂળગોયે ચાલ્યો ગયો હોય છે અને એવા સત્ત્વગુણની વૃદ્ધિ થયા પછી નિષ્ઠા પ્રકટતાં અને તે સ્થિતિની બહાર ડોકિયું થતાં સાચું અંતરનું જ્ઞાન પ્રકટ્યાં કરે છે.

## નિષ્ઠા પ્રાકટ્ય
## જીવનનાં દ્વાર ખોલ્યાં છે

હૃદયનો પ્રેમ જો છે તો વફાદારીની નિષ્ઠા છે,
પ્રમાણિકતા સમા એવા બીજા ગુણો જ સાથે છે.

ફનાગીરી-સમર્પણની હુતાશન ભવ્ય પ્રગટે છે,
બલિદાનો તણી કેવી તહીંયે પરંપરાઓ છે !

વફાદારીની નિષ્ઠાની જીવનમાં ઑર સૌરભ છે,
પુરુષાર્થે મથામણના જીવનમાં ફાલ મોર્યો છે.

વિપત્તિ, ગૂંચ જેથી સૌ ઉકેલાવા હૃદયપ્રેમે,
ધીરજ, ધરપત, હૃદય-હિંમત, જવામર્દી શું બક્ષ્યા છે !

મહેનત, ખંત, ઉદ્યમથી જીવનને ખેલવા અર્થે
-મથાવીને હૃદયપ્રેમે જીવનનાં દ્વાર ખોલ્યાં છે.

**આપણાં આંતરિક કરણોના પ્રાકૃતિક ધર્મમાં અને તેના વર્તનમાં સંપૂર્ણ નીરવતા પ્રગટે, ત્યારે ખરા કામની તો હજી શરૂઆત થવાની. તેવી વેળાએ જીવનમાં નિષ્ઠા પ્રગટે છે.**

સાધનાના એકધારા થતાં રહેતાં પ્રયાસથી જે ભાવ પ્રકટે છે, તે ભાવનું જ્ઞાનપૂર્વક અનુશીલન, પરિશીલન થવાથી તેમાં જે નિરંતરતા પ્રકટે છે, તેમાંથી આત્મનિષ્ઠા પ્રકટવાની છે તે જાણશો.

જે જાતની નમ્રતા અને નિરાગ્રહીપણું, અનાસક્તિ, શ્રદ્ધા, પ્રેમભક્તિ જીવનમાં કેળવાયેલાં અને ઉત્કટ પ્રમાણમાં વિકસેલાં હોવાં જોઈએ તે હોતા નથી એટલે યોગ્ય પ્રકારનો ઘાટ ઉપજાવી શકાતો નથી. કુંભાર ઘાટ ઘડવા માટે માટીનો જે લોંદો તૈયાર કરે છે, તેમાં નરમાશ, કુમળાશ, ભીનાશ એટલાં બધાં હોય છે કે કુંભારને તેમાંથી ઇચ્છેલો આકાર ઘડવામાં સરળતા રહે છે. મુલાયમતાથી ભાવનાનું પ્રાકટ્ય થાય ને તેમાં એકાગ્ર થવાતાં અંતર્મુખતા જન્મતી ને જામતી અનુભવાય છે. બહારના વિષયો પરત્વે લક્ષ થવું કે જવું ઘટતું જતું અનુભવાય છે. વિશેષ ને વિશેષ અંતરમાં ને અંતરમાં રમતા રહ્યા કરવાનું બની શકે. તેવી વેળાની ભૂમિકા પરથી જે જિજ્ઞાસા જાગે છે, તેમાં જે honesty, sincerity, devotion અને depth (હૃદયની પ્રામાણિકતા, નેકદિલી,

પ્રેમભક્તિ અને ભાવનું ઊંડાણ) પ્રકટે છે. એવી જિજ્ઞાસાની ભાવના થતાં શંકાસંશયને કશું સ્થાન રહેતું નથી. પ્રાણવંત, ચેતનવંત જીવનધ્યેયમાં પૂરેપૂરી નિષ્ઠા પ્રકટી જતાં શંકા, સંશય વગેરે પ્રકારની વૃત્તિને મુદ્દલે અસ્તિત્વ રહેતું નથી. તે પછી તો ઉત્તરોત્તર તે વધારે એકનિષ્ઠ થતો જાય છે.

**નિષ્ઠા**

જેમ જેમ તમને આત્મનિર્ણય (અંતરનું conviction) થતો જશે, કેવળ બુદ્ધિની ખાતરીથી નહિ પણ અંતરના ઊંડાણની, નિશ્ચલ, શ્રદ્ધાયુક્ત, અનુભવના પાયા પર રચાયેલી, હૃદયની ભાવનાથી, સીલ વાગે એવી નિષ્ઠા પ્રકટતી જશે, તેમ તેમ તદ્દન વિરોધી દેખાતા પ્રસંગોમાં પણ તે નિષ્ઠા આપણને આપણામાંથી જીવનના સત્ત્વ અને સ્વત્ત્વમાંથી ચલિત થવા નહિ દે. વિઘ્નદોડની શરતના ઘોડાઓને વચમાં હર્ડલ્સ-વિઘ્નો જાણી જોઈને મૂકીને તેમાંથી પાર જવાની કેળવણી આપવામાં આવે છે. તેવી રીતે આ વિરોધાભાસી પ્રસંગો પણ માત્ર આપણા હર્ડલ્સ રૂપે છે. તેનો હેતુ આપણને વધારે કાર્યક્ષમ, વધારે શ્રદ્ધાન્વિત, વધારે ધૈર્યવાન વગેરે પ્રકારના બનાવવાનો છે. એ દૃષ્ટિએ જોતાં પછી વિઘ્ન એ વિઘ્ન નથી દેખાતાં ને નથી રહેતાં, પણ ઊલટાં શ્રેયષ્કર છે એમ અનુભવાય છે.

આત્મનિષ્ઠા થતાં તો તે પ્રમાણે સદાય વર્તાય. તે પ્રમાણેનો ભાવ નિરંતર રહ્યાં કરે. વૃત્તિઓ જીવદશાના પ્રકારમાં કદી પણ વહન ન કરી શકે. અને આત્મનિષ્ઠાના તદાકારપણે વર્ત્યા કરે. એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ અને છેવટે શરીરમાં પણ - એનાં ઝીણામાં ઝીણા સ્પંદનમાં, તંતુએ તંતુ ને રોમે રોમમાં - તે શ્રદ્ધા પ્રસરી જાય ને તે સ્થાયી ભાવનું રૂપ લે; ત્યારે જ સાચી આત્મનિષ્ઠા થયેલી ગણાય.

**એકનિષ્ઠાની શક્તિ**

જીવનવિકાસની ભાવનામાં જ્યારે એકનિષ્ઠા પ્રગટે છે, ત્યારે શરીર કે આધારનાં કરણોમાં પણ તેનો પ્રવેશ પામે છે. તેમાં ફેરફાર થવા માંડે છે. જે બનવું ભગીરથ પુરુષાર્થથી પણ શક્ય નથી હોતું, તે જીવનવિકાસની ભાવનામાંથી પ્રગટેલી એકનિષ્ઠાથી બની જતું હોય છે. એવી એકનિષ્ઠા પ્રાપ્ત થતાં જે દૃઢ નિશ્ચયાત્મક સંકલ્પબળ પ્રગટે છે,

તેનો જોટો ક્યાંય નથી. સામાન્ય જીવદશાવાળા માનવીમાં તો તેવા પ્રકારનું સંકલ્પબળ કદી પણ પ્રગટી શકતું નથી. ભક્તહૃદયની સાધનામાં જે પ્રેરણાત્મક બળ પ્રગટે છે, તેના આધારનાં મૂળ તો છે એની એવી એકનિષ્ઠામાં.

## શરણાગત ભક્તનાં લક્ષણો

### શરણ્યભાવ

શરણ્યભાવની પૂર્તિ એમ ને એમ ના થશે,
પ્રેમ, આદર, સદ્‌ભાવ કેળવાતાં બન્યાં જશે.

ઉપાદાન તણાં જે જે નીપજે સર્વ કારણો,
તે તે જેમ સૂઝે હૈયે, શરણ્ય તેમ વિકસે.

અનન્ય ચિંત્વને ચિત્ત ઊંડું પ્રેરાયેલું રહ્યો,
સર્વ પ્રવૃત્તિઓ ત્યારે લાગશે ગૌણ એહને.

બળાત્કારે લઈ લેવા ચિત્તાને પ્રેરશે છતાં,
તોય તે ચિત્ત એ એના અનન્ય ભાવમાં હૃદે.

વિપદા આવશે ત્યારે સૌ બાજુથી હઠાવવા,
આપ મેળે છતાં ત્યારે પોતામાં રાચતો રહે.

એને તે વેળા કૈં યત્નો કદી ના કરવા પડે,
નદીના વહેણની પેઠે ભાવમાં તે વહ્યાં કરે.

એવું અનુભવે જ્યારે પ્રકૃતિ ખેલમાં બધે,
શરણ્ય કેળવાયેલું જાણવું સાધકે હૃદે.

ગમે તે મા કરે તોયે બાળમાં ચિત્ત રાખતી,
પડે કે આખડે, તૂર્ત એ તો ત્યાં ઝટ દોડતી;

તેમ પ્રવૃત્તિમાં રે’તા તોય ચિત્ત રસાત્મક
પ્રભુભાવે રહે લીન, શરણ્ય પાક્યું જાણવું.

પ્રકૃતિ પછવાડેનું ચૈતન્ય સ્પર્શ ત્યાં થશે,
સર્વમાંથી પ્રભુભાવ હૃદે નીતરતો સ્ફુરે.

મૂળ સ્વરૂપ જે રીતે છાયા ઉપરથી સૂઝે,
તેમ પ્રકૃતિમાંથીયે મૂળભાવ ઝર્યા જશે.

પ્રકૃતિ પ્રકૃતિ ત્યારે એને અનુભવે ન રે,
રૂપાંતરે સહુ પામ્યું એવું દર્શન ત્યાં થશે.

આવા શરણ્યને માટે સાધકે સાધના તણા,
તેવા તેવા હૃદે ભાવો મથવું પૂરું સાધવા.

ને ભાવો સાધવામાં તે શરણ્ય પાકતું જશે,
માટે મહત્ત્વ તેમાં તો સાધકે આપવું ઘટે.

હૃદે કેળવવા ભાવોને મૂર્તિમંત જીવતા,
જીવને ધારણા કાજે પ્રયત્નો સૌ કરો કર્યા.

આંખ ઉઘાડી રાખીને નીરખ્યાં કરવું બધું,
ભાવ તેમાં વધ્યાં જાતાં, નીરખાતાં, મથ્યાં જવું,

શુષ્કતા જો કહીં લાગે તો મિથ્યા સર્વ જાણવું,
ખંચકાઈ, વિચારીને ફરીથી શોધવું રહ્યું.

શરણ્ય સાધનામાં તો માત્રા આનંદની વધે,
ભગાય ના કશામાંથી છતાં આનંદ ના ઘટે.

ઉપાધિ સૌ ઉપાધિ ના, એવાને લાગશે હૃદે,
પ્રસન્નતા તણી માત્રા એની ઓછી ન ત્યાં થશે.

જે જે પ્રવૃત્તિમાં પેસો ગમે તેવી ભલે હશે,
છતાં આનંદ તેમાંયે એનો તો સરખો હશે.

છો ગમે તેટલું ઝાઝું કામ હો, તોય ભાર કૈં
એને ના લાગશે ત્યારે ને લીન ભાવમાં રહે.

આડું કે અવળું કૈંયે એવાને નવ લાગતું.
યથાર્થતા બધાં કર્મે જ્ઞાનભાવે ઊગ્યાં જતું.

પ્રેરાયેલી ભલે હો છો પ્રકૃતિ ગુણ ભાવથી,
કારણ મૂળનો ભાવ પ્રિછાયાં ત્યાં જશે નક્કી.

એવા શરણ્યનો ભારે મહિમા કો કથી શકે ?
વાચા કે સમજૂતીથી ઝાંખી ના આવી કૈં શકે.

શરણ્ય કેળવાતું રે' એના યોગ્ય પ્રમાણમાં,
એના સૌ ભાવમાં છાયા એની તેવી જણાય ત્યાં.

એવાએ કામ પોતાના, પોતાના ભાવ કારણે
આચરવાં ઘટે છે તે ઉત્સાહે, ખંત ને રસે.

બદલાયેલ પોતાનો એને સ્વભાવ લાગશે,
જૂના સ્વભાવથી કર્મો કરતો તે અટકી જશે.

એવાનાં સર્વ કર્મોમાં ભાવની વૃદ્ધિ ભાવના,
મુખ્ય હેતુ રહે એનો, સાધના એવી એની ત્યાં.

મહત્ત્વ કર્મને ના દે, કિંતુ દે કર્મ મૂળને,
છતાં કર્મ બધું યોગ્ય એનું તો થવું જોઈશે.

અકર્મ કર્મમાં એને, અકર્મે કર્મ લાગશે,
નિરાગ્રહી, નિરાસક્ત એવો સર્વ પ્રવર્તશે.

સૌ કૈં આનંદના ભાવો એવાનામાં વધ્યાં કરે,
પ્રત્યેકમાં પછી તેવો સમાધાનપણે રહે.

---

**ભ્રમણા**

ક્ષુલ્લક ભાવથી સાધ્યે યદ્વાતદ્વાપણે હૃદે,
દોરવાઈ જવાશે ત્યાં ઊંધું સાધકથી ખરે.

લપેટાઈ જવાયે કો એ રીતે ભ્રમણા વિશે,
એવો જો ચેતતો ના રે', ભ્રમ એનો વધ્યાં કરે.

સાધનામાં ઘણા એવા આવશે ભ્રમ કૈં ઊંધા,
માની જો તે કદી બેઠાં સત્ય, તો નાશ સર્વથા.

કશે કો ઘેરી લે તો ના જો જો ! અંધ કરે રખે,
લડતાં ચેતવાનું છે ચારે બાજુથી આપણે.

સંભાળી રક્ષતો રે'શે પોતાનું સત્ત્વ અંતરે,
એનું ભાન પૂરી રીતે પ્રત્યક્ષ લાગશે હૃદે.

**યોગ્ય વર્તન**

આપણા વ્યવહારે જો લાગે સંકોચ કોઈને,
ધારી ત્યાં આપણે લેવું ખોટું ત્યાં કૈં ચલાય છે.

વર્તને વ્યવહારે જે આપણાથી બન્યાં કરે,
અયોગ્ય અન્યથા એમાં કોને ના ભાસવું ઘટે.

આપણા સર્વ કર્મે જો સ્વાભાવિકપણું ન હો,
અતડું તે લાગતું કોને ચેતીશું આપમેળ તો.

કયું સાચું કયું ખોટું જણાયાં કરશે સદા,
પોતાનો તંત જે રાખે એવો લહાણ ન પામશે.

આપણામાં ઘણો પ્રેમ તેનેય કશું આપણું
અતડું જો કરે લાગ્યાં, આપણું ખોટું જાણવું.

**પ્રસન્નતા**

કેળવાતા જતાં ભાવ હૈયામાં તે શરણ્યનો
લાગે ભાર કશાનો ના, રે' વાયે ફૂલ જેમ તો.

પ્રસન્નતા તણી માત્રા એવાની તો વધ્યાં કરે,
કશે ના ગૂંચવાશે તે, આનંદે પ્રેમમાં ખીલે.

જેમાં ભાવ રહ્યો જેનો તેમાં ભાવ ઊંડો જશે
એની તો ખાતરી એને આપમેળે થયાં જશે.

ત્યારે જ જાણવું સાચું શરણ્ય કેળવાય છે,
સૌ વાતે આપણું તેવું જાણીને વર્તવું બધે.

**શરણાગતિમાં સ્થિતિ**

**બધા તે નિશ્ચયાત્મક જે**

સ્મરણમાં ને સ્મરણમાં દિલ સદા મશગૂલ પાકું છે;
હરિના ભાવનું તેથી હૃદય સાતત્ય જીવતું છે.

કશા વિચાર, વૃત્તિનું, કશું અસ્તિત્વ ત્યાં ના છે;
પરંપરા વિચારોની ન જોડાતી જ સાંકળ તે.

નિમિત્ત જાગતાં ત્યારે સ્વયંસ્ફૂર્તિ થકી સહેજે-
-વિચારો કર્મ પ્રત્યેના વિચાર્યા વિણ સ્ફૂરે છે તે.

વિચારો કર્મ પ્રત્યેના બધા તે નિશ્ચયાત્મક જે,
દલીલ કે તર્કનો તેમાં સમાવેશ કંઈ નથી ક્યાંયે.

સાધક જ્યારે ખરેખરી રીતે સકળ પ્રકારનાં કર્મ કરતાં કરતાં અંતરમાં એકમાત્ર સાધનાના જ ભાવની એકાગ્રતાયુક્ત જ્ઞાનાત્મક ધૂનમાં પ્રકટેલો રહ્યાં કરતો હશે, ત્યારે તેવા કર્મના ક્ષેત્ર પ્રકારના સંસ્કાર એના ચિત્ત પર પડી શકવાના નથી એટલું જ નહિ, પણ તે પ્રમાણે વર્તનારા સાધકને એવા બળમાં તેથી તો ઉમેરો થવાનો. બિલ્વમંગળ પોતાની ધૂનની મસ્તીમાં ને એકતાનતામાં ભારે પૂર ને મડદાની ઉપર બેસીને તરી ગયો હતો, અને સાપને દોરડું સમજીને મેડા ઉપર ચઢી ગયો હતો. એ દૃષ્ટાંત કોઈ પણ ભાવનાની એકાગ્રતા પ્રકટતાં જે ધૂન પ્રકટે છે, અને એવી ધૂનથી જે એક પ્રકારનો નશો પ્રકટે છે, તે સમજાવવા પૂરતું લખ્યું છે.

આવા પ્રકારની ભાવાત્મક ધૂનમાં ને તાનમાં જ્યારે પ્રકટેલા હોઈએ છીએ, ત્યારે બીજા વિચાર કોઈ જાતના પ્રકટતા હોતા નથી. એવું મૌન રચનાત્મક છે અને સર્જનાત્મક છે. આવા પ્રકારનો બની જતો અભ્યાસ એ આપણા સાધનાના સત્પ્રયત્નમાં પ્રાણ પૂરનાર બળ તરીકે નીવડે છે અને પૂરેપૂરી ભાવાત્મક તટસ્થતા રખાવીને જે જાતનું પરિસ્થિતિનું યોગ્ય દર્શન થવું જોઈએ તેવું દર્શન કરાવે છે ત્યારે નિમિત્ત કારણ કે કોઈ વ્યવહાર અંગે જે કોઈ વિચાર પ્રકટવાનો થાય છે, તે સાથે સાથે હૃદયનો ભાવ પણ એટલો બળવાન પ્રકટેલો હોય છે કે જેથી કરીને પેલા વિચારની સાથે આપણે મળી, ભળી, ગળી જતાં હોતાં નથી. વિચાર પણ અલાયદો હોય છે ને આપણે આપણા ભાવમાં તદાકાર રહેતા હોઈ શકીએ છીએ.

## સાચી અભિમુખપણાની ભૂમિકા-ભક્તની આંતરવેદના

પોતાની સકળ પ્રકારની વૃત્તિઓને, લાગણીઓને, વિચારોને, ભાવનાને, ભાવને અને બધીએ જાતના આપણા માનવી પ્રકારના

સંપર્કને અને સંબંધોને જ્યારે ખરેખરા હૃદયથી પ્રભુપ્રત્યે આપણે વાળી દીધા હોય છે, ત્યારે જ અંતરની અભિમુખતાની ભૂમિકા તૈયાર થઈ ગયેલી ગણાય છે. **એમ થાય છે તો જ આંતરિક સાધના થઈ શકવાની સાચી શરૂઆત મંડાતી હોય છે.** પરંતુ તેમ બની જવું સામાન્ય જીવ કાજે એટલું સહેલું હોતું નથી. કારણ કે જીવને એની લગની લાગેલી હોય છે, ખરી ગરજ જાગેલી હોય છે, તેને પણ એનામાં તેવી દશા રચાતા રચાતા કેટકેટલી યુદ્ધની પરંપરાઓમાંથી પસાર થવું પડેલું હોય છે ! તે કેટલીકવાર અટક્યો રહે છે ને આંતરિક શત્રુઓની ભીસમાંયે કેટલીકવાર પુરાઈ જતો હોય છે, તેમ છતાં એને લગની લાગેલી હોવાથી શ્રીભગવાન સાથેનો એના હૃદયનો જીવતો સંબંધ કદી પણ અટવાઈ પડેલો હોતો નથી. એનો હૃદયનો સંબંધ તો સદાય જાગૃત હોવાથી, તે દ્વારા તે તેનાં અંતરયામીને મદદ કાજે હૃદયમાં હૃદયથી સાદ પાડ્યા કરતો હોય છે. એવા લગનીવાળા જીવને જરાક આડું બનતા કે થઈ જતાં તે તેને લાખોગણું સાલતું હોય છે. તેને તે વેળા જે સાલતું હોય છે, તેનું દર્દ પણ તેની પ્રાર્થનાના સૂરમાં ને ભાવમાં પ્રવેશ પામે છે. **દર્દનો પોકાર કોઈ ઑર પ્રકારનો હોય છે અને તે ઘણો ઊંડો પ્રવર્તતો હોય છે. તે અંતરથી બોલતો પોકારતો હોય છે.**

ભક્તના હૃદયના એ પ્રકારમાં **આર્તનાદ ને આર્દ્રનાદ સહજમેળે પ્રગટે છે.** તેથી તેવો જીવ પોતાને અનેક વિશેષણોથી નવાજે છે. શ્રીસૂરદાસ જેવા ભક્તો કહે છે, "સબ પતિતન મેં નામી", "મારા જેવો બીજો કોણ પાપી છે?" હવે તેમનો જીવતો સંબંધ તો શ્રીભગવાનની સાથે છે. તેઓ પોતાની જાતને સતત શ્રીભગવાનના ભાવ સાથે સરખાવતા રહેતા હોય છે. પોતાની કક્ષામાં રાઈનાં દાણાં જેટલી ઊણપ તેવા લોકોને પર્વત જેટલી લાગે છે. જેમ હૃદયના ઉત્કટ પ્રેમભાવોવાળા સાચા વિરહીને એક પળ તે એક દિવસ કરતાં પણ વધારે મોટી ને સહેવા કાજે કારમી લાગે છે, તેવી રીતે એવા સંત-ભક્ત-જ્ઞાની પોતાની જરાક જેટલી ઊણપ (આપણે હિસાબે તો તદ્દન નજીવી ગણાય, અરે ! ગણાય પણ નહિ તેવી) તેમને અકળાવી મૂકે છે. તેને તે સહી શકતાં નથી ને પ્રભુને તે વેળા પોતે ઘણું ઘણું પોકારે છે.

## શરણાગતિ એટલે પ્રેમ પ્રાગટ્ય

પ્રકૃતિના, મનાદિના બધા જે સર્વ ધર્મો છે,
હરિની ભક્તિમાં પીગળી જતાં, શરણાગતિ શી તે !

## પ્રભુ પ્રત્યે પ્રેમ કેમ જાગે ?

શ્રીભગવાને કહ્યું છે કે :-

**સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ !**
**અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

**"બધા ધર્મોને છોડી દઈને એક મારે શરણે આવ. હું તને તારાં બધાં પાપમાંથી મુક્તિ આપી દઈશ. ચિંતા કરીશ નહીં"**

આપણામાં જે તત્ત્વો રહેલાં છે, એમનાં જે પ્રાકૃતિક ધર્મો-સ્વભાવ-લક્ષણો હોય તેમને આપણે છોડી દેવાનાં છે. મન વગેરે કરણનો સ્વભાવ આપણને મમતામાં, મોહમાં, સ્વાર્થમાં, આસક્તિમાં, વાસનામાં, આશા-ઈચ્છાઓમાં, કામમાં, ક્રોધમાં, લોભ, મોહ, મદ, મત્સરમાં વગેરે અનેક વૃત્તિઓમાં જકડી રાખવાનો છે, પણ એ આપણે છોડી દેવાનાં છે. એ છોડી દેવામાં, એના પ્રમાણે ન ચાલવામાં આપણે શ્રીભગવાનને એની કિંમત આપ્યા કરીશું, પૂરેપૂરી એ ઉપર જીત મેળવી લઈશું, ત્યારે એના ઉપર આપણો પ્રેમ જાગવાનો છે.

**"મૈં તો લિયો હરિ મોલ"**

એવું એક ભજન મીરાંબાઈએ ગાયું છે. એ કહે છે કે "મેં તો ભગવાનને ત્રાજવામાં તોળીને, કાંટોકાંટ કિંમત આપીને વેચાતો લીધો છે. જગતમાં પણ આપણને કંઈ કશું પણ લેવું હોય છે, તો એ માટે કંઈ ને કંઈ આપવું જ પડે છે. આપ્યા વિના કશું પણ ક્યાંયે મળ્યું જાણ્યું નથી. ત્યારે આપણે ભગવાનને શું આપ્યા કરીએ ? એની શી કિંમત આપીએ ? માન, મરતબો, લોકલાજ, મોભો, ધનદોલત, સંસાર, વ્યવહાર, કુટુંબકબીલો, આપણું જે તે કંઈ બધું (આંતરબાહ્ય) એક ત્રાજવામાં અને બીજા ત્રાજવામાં ભગવાન છે, એ બેમાંથી જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલા હશે તો જ પેલું બીજું બધું આપણાથી છોડી શકાવાનું છે. એમાં છોડવાપણાની પણ દૃષ્ટિ હોતી નથી. જો ભગવાન આપણને વધારેમાં વધારે વહાલો લાગ્યો તો બીજું બધું આપમેળે ગૌણ થઈ પડે છે."

### નિષ્કામ ભક્તિ જ ઉત્તમ

આપણે તો શ્રીહરિને જે ભજવાનો છે, તે શ્રીહરિના પ્રેમની જ ખાતર. હૃદયનો પ્રેમ થાય એટલે તેના વિના બીજું કંઈ આપણને ખપતું જ હોતું નથી ને ગમતું પણ હોતું નથી. જ્યાં ને ત્યાં એ જ આપણી દૃષ્ટિ સમક્ષ આવીને ઊભો રહે છે, એનામાં ને એનામાં મનચિત્ત રોકાયેલાં રહે છે.

### પ્રેમને લીધે જ સ્વાર્પણ થાય

આપણને ભગવાનને વિશે પ્રેમ લાગી જાય તો તો પછી સહજપણે-સરળપણે-આપોઆપ આપણે આપણું બધું એને આપ્યાં જ કરીએ. એના ઉપરની જાગેલી પ્રેમભાવના જ આપણને તે પ્રમાણે કરાવશે, કારણ કે પ્રેમનો એ તો સહજ સ્વભાવ છે.

## પ્રેમલક્ષણાભક્તિ

સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં પણ ભાવનું મૂલ્યાંકન જીવનમાં શ્રેષ્ઠ છે. એવો ભાવ પ્રગટતાં મન, ચિત્ત, પ્રાણ, બુદ્ધિ અને અહમ્ પણ તેના રાગમાં રહે છે, એ એની સવિશેષતા છે પરંતુ એવો ભાવ સહજમેળે જાગી જતો નથી. પહેલાં તો પ્રેમ જાગે છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એટલે આ માર્ગમાં પ્રેમ અને તે પણ ઘણા ઉચ્ચ પ્રકારનો, એ સાધકને માટે ઘણો મહત્ત્વનો છે. પ્રેમ એની ઉચ્ચમાં ઉચ્ચતમ કક્ષાએ પહોંચે નહિ, ત્યાં સુધી હૃદયથી હૃદયને શુદ્ધ અને પૂરેપૂરું સમર્પણ કરવાની તાકાત મેળવી શકાતી નથી. જેવા પ્રકારનો પ્રેમ એવા પ્રકારનું મનનચિંતવન રહ્યાં કરે એ પણ સમજાય તેવું છે. એટલે પ્રેમ જેના પરત્વે જાગે એના સત્ત્વમાં અને તેનામાં મન પરોવાઈ જઈને તેમાં લય પમાડવાનું કામ પણ પ્રેમ કરી શકે છે. પ્રેમ તદ્રૂપ બનાવી દે છે. એવા પ્રેમનાં પ્રભાવ અને લક્ષણ છે. ''પ્રેમલક્ષણાભક્તિ'' એ ભક્તિનું ઉત્તમ સ્વરૂપ છે. ભક્તિનું સ્વરૂપ એકાકાર થઈ જવું, તે એવા પ્રેમ વિના ન બની શકે. ''પ્રેમ પ્રગટ્યા વિના હરિ મેળવવો એ દોહ્યલું કર્મ છે.'' પ્રેમ એ તો કેળવાતાં કેળવાતાં કેળવાય છે. પ્રેમને મર્યાદાઓ નથી. પ્રેમનું મૂળ ભાવ છે. ભાવનું મૂળ ચેતન છે.

## પ્રેમની અસરો

(શરણાગત ભક્તનાં લક્ષણો)

### પ્રેમ ફળતાં -

**હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે,**
**જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.**

૧.

શરીરની જડ-સમી નિદ્રા, લઢણ ખોરાકની, તનની,
હૃદયમાં ભાવ પ્રગટંતાં, થતાં ઓછાં જ લાગે છે.

ગમે તેટલુંય હો કર્મ છતાં ના બોજ તેનો છે,
બધું આટોપવામાં તે હૃદય તૈયાર તત્પર છે.

જવાનું હારી મન, દિલથી કશાથીયે ન બનતું છે,
ટટ્ટારી ને ખબરદારી નશીલી દિલ પ્રવર્તે છે.

૨.

બહિર્મુખતા જીવનમાંથી શી અંતર્મુખતા વળતી છે !
મનાદિ સર્વ ઈન્દ્રિયો, વળે છે ભાવ પ્રત્યે તે.

પહેલાં જેમ લોભાતાં જતાં મોહાઈ કેવાં તે !
હવે તેમાં ભલે પેસે છતાં રસ, રંગ, જુદાં છે.

જૂનું છો એનું-એ લાગે, છતાં તેમાંથી નવનીત જે
-અનોખું તારવી લેતાં, મનાદિ મસ્ત તત્પર છે.

૩.

હતા જે પૂર્વગ્રહ ઊંડા, મતાગ્રહ જે પડેલા તે,
બધી સમજણ વળી ટેવો, જતું હઠતું શું લાગે છે !

જૂની જૂની બધી આદત લઢણ સૌ જીવદશાનીયે,
ન તે તે રીત અસ્તિત્વ હવે તો તેમનું કંઈ છે.

બધી વિચારવાનીયે હતી જે પ્રક્રિયા તે તે,
દલીલ, તર્ક હવે ના છે, સ્ફુરે છે સૌ સ્વયંમેળે.

૪.

કશા કંઈની જ માથાઝીક ન ઉદ્ભવતી કદી રહે છે,
ફિકર, ચિંતા, કશો બોજો કશા કંઈનો ન લાગે છે.

કશામાં ભેરવાયેલા, ગૂંચાયેલા ન લાગે છે,
હૃદય ફૂલની સમા હળવા પ્રસન્ન, શાન્ત લાગે છે.

વિપત્તિ, વિઘ્ન, મુશ્કેલી ભલે ગર્જતી માથે હો,
છતાં નિશ્ચિતતા કેવી ટકોરાબંધ જીવતી છે !

૫.

જુદી જે એકબીજાથી નવી નવી શી ભૂમિકાઓ
-પ્રગટતી જે જતી લાગે ! તટસ્થ ત્યાં પ્રવર્તાયે.

કંઈક જે ભૂમિકા વિશે પડી રહેવાનું આવે છે,
છતાં તેની ગતાગમની બધી સમજણ જીવંતી છે.

બધાંમાંથી જ નીકળવું પૂરું સોંસરવું પાર જ તે,
જીવનના ધ્યેયમાં ઠરવા તણી ચાવી ખરેખર જે !

૬.

નવીન અદ્ભુત ઉત્સાહ તણો ઉન્મેષ જગવે છે,
ઊંડે પાંગરતો શો જઈને નૂતન અનુભવ કરાવે છે !

પહેલાં જે ન જાણ્યું, તું પહેલાં ના સમજતો જે,
હવે પ્રત્યક્ષ સૌ તે તે હૃદય પ્રેમે કરાવ્યું છે.

લપાયેલું છુપાયેલું કદી નજરે ન પડતું જે,
થતાં ખુલ્લું હૃદયમાં શો મહા આનંદ ઊછળે છે !

## પ્રેમનું પ્રાગટ્ય

ઘડી-પળના જ જીવનનું શું મૂલ્યાંકન ખરું જે છે !
હૃદયના પ્રેમનું કેવું મહત્ત્વ જ્યાં ભરેલું છે !

**હરિનો ભાવ પ્રત્યક્ષ જીવન સાકાર પ્રગટે જે,**
**હૃદયના પ્રેમના રૂપે પ્રકાશે છે જીવનમાં તે.**

હૃદયના પ્રેમની ઉત્કટ શી તાલાવેલી લાગે છે !
ઊંડે ઊંડે જીવનમાં તે શી અવતરવાની લાગે છે !

હૃદયના પ્રેમને ક્યાંય કશી નિસ્બત ન કોઈ છે,
જીવનમાં ઝંખતો ભળવા થવા નિજ કર્મ નિજરૂપે.

## તલસાટ

તવાઈ, તવાઈ શા જીવનમાં હાલહેવાલ
-ઘણાં તંગ જ થયેલાં છે, નસોમાં લોહી થંભ્યું છે.

હૃદયના પ્રેમને કારણ હૃદય તલસાટ જન્મ્યો જે,
નિરાંતે ઊંઘવા ના દે; ન વળવા જંપ પણ દે છે.

મનન, ચિંતવન સતત હૈયે, શું એકનું એક જીવતું છે !
ઠરીઠામ જ બીજામાં તો જરા ના થઈ શકાતું છે !

નયનની મીટ ને હૈયું, સતત ખેંચાઈને તીવ્ર
- હૃદય દિલ-દિલ મિલાવીને, થવા શી ઐક્યની નેમ !

## તલસતું હૃદય !

નર્યા શાં આવરણ વચ્ચે નડ્યાં કરતાં જ પ્રગટે છે !
ખરેખર તેથી સંપૂર્ણ અનુભવી ના શકાયે તે.

હૃદય કેવું તલસતું છે ! હૃદય કેવું તડપતું છે !
શું આકર્ષાઈ ગયું દિલ તે ! હવે તરફડતું કેવું તે !

અગન દિલમાં શી જલતી છે ! બળે ભડભડ શું ભડભડતું !
શું એના એ જ ચિંતવનમાં હૃદય ઝંખ્યા જ બસ કરતું !

ભયંકરમાં ભયંકર શો હૃદય તલસાટ વ્યાપ્યો છે !
જીવનમાં એકમાં એક, થઈને એક જીવવું છે.

## હૃદય જ્યાં પ્રેમ જાગે છે

જવાતું વારી વારી જ્યાં હરિ પર દિલથી પ્રેમે,
પછી તો પ્રાણ પાથરી તે ન દેતાં વાર લાગે છે.

થવું પ્રાણાર્પણ પદમાં સરળ ને સહજભાવે તે
-કૃપાથી શું થતું રહે છે ! પ્રતાપ જ ભાવનો શો તે !

ખુવાર પણ થતા રો' છો, છતાં ગણના ન તેની છે ;
ફનાગીરી ઉમળકાથી વહોરી દિલ લો છો જે.

હૃદય જ્યાં પ્રેમ જાગે/લાગે છે સમર્પણ આપમેળે તે,
થતું ભક્તિથી રહે છે ને નિરંતર દિલ તેમાં છે.

### કૃપાશક્તિનું પરિણામ

હૃદયથી રસ પીવા કાજે શું તલપાપડ થયેલાં સૌ
-મનાદિમાં શું પ્રજ્વલતો ઊંડો તલસાટ જાગેલો !

હૃદયના તે જ તલસાટે બધું સમર્પવાનું જે
-સૂઝાડીને જ પ્રેરવ્યો ચરણ સૌ અર્પી દેવાને.

બધો સંસાર ને માયા મમત્વ સૌ પ્રકારે જે,
હૃદય તુજ ભક્તિ પ્રેરવી બધું મુકાવી દીધું છે.

ભગીરથ, ભવ્ય ને ભારે સમર્પણ તે થવા કાજે,
નહોતી શક્તિ મુજ એવી, કૃપાથી સૌ થયેલું જે.

### થતું દર્શન શું યજ્ઞે તે !

પ્રભુ-પ્રીત્યર્થ, જે કર્મ સમર્પણ-ભાવથી થતું છે,
ખરે ! તે યજ્ઞ જાણી લો; તહીં સંબંધ ભાવે છે.

થતાં તે યજ્ઞના કર્મે અહમ્ જેમાં ન સહેજે છે,
નમ્રતા-પાર દિલ શૂન્ય તણો ત્યાં ભાવ યજ્ઞે છે.

પ્રભુ-પ્રીત્યર્થનો કર્મે થતો જે યજ્ઞ જીવનમાં,
સમર્પણ પાદ સંપૂર્ણ થતું રહે યજ્ઞનું તે ત્યાં.

જીવનના કર્મના યજ્ઞે કદીક મૃત્યુ સ્વીકારીને
-થઈ કુરબાન સંપૂર્ણ રીઝવશે શો હરિને તે !

જીવન-શક્તિનું સંપૂર્ણ થતું દર્શન શું યજ્ઞે તે !
અનોખો ભવ્ય ત્યાં ભાવ તણી મૌલિકતા પ્રગટે છે.

### પ્રેમનાં દ્વાર

**સમર્પણ ને બલિદાન વળી તપ, ત્યાગથી જીવને**
**-જીવનની લાગતાં ભક્તિ, ફૂટી શો પ્રેમ નીકળે છે !**

ખરેખર પ્રેમનાં દ્વાર ઉઘાડેચોક ખુલ્લાં છે,
કશી ના રોકટોક જ છે, કશીક જે હોય, નિજની છે.

જતો છે આરપાર જ તે, કશો અટકી પડે ના તે,
જવું સોંસરવું ધારેલા નિશાને, પ્રેમ જાણે છે.

ખૂલ્યા દરબારની કેવી છડી તો પ્રેમ પોકારે !
નવાજે છે લળી-લળીને હૃદય તે મસ્ત તત્પર છે.

**અભયમાં શિરોમણિ**

**હૃદયનો પ્રેમ તો ઝંખે જીવનને એક કરવાને,**
**પરંતુ અધવચ્ચે કેવા પહાડો કંઈક ઊભા છે !**

દીવાલો દુર્ગની કેવી, જીવન વચ્ચે ખડી થઈને
-હૃદયના પ્રેમને કેવો બહુ જ થડકાવી મારે છે !

પરંતુ વ્રજ જેવો તે કશાથી કૈં ન ધ્રૂજે છે,
અડીખમ પહાડના જેવો નશે તરબોળ ઊભો છે.

કશાથી તે નથી ડરતો અભયમાં શો શિરોમણિ તે !
શું ન્યોછાવર થવાનું તો ખરેખર પ્રેમ જાણે છે !

**પ્રેમનો જાદુ**

હૃદયના પ્રેમના જેવો બીજો કોઈ ન જાદુ છે,
કશું કોઈ ન આકર્ષણ; હૃદયના પ્રેમ તોલે છે.

ભયંકર કેવું આકર્ષણ હૃદય જીવલેણ નીવડે છે !
જીવનના તે સકળ બંધ કરી ભૂકો જ નાંખે છે.

**થયા વિણ નગ્ન સંપૂર્ણ ન ઢુંકડે પ્રેમ આવે છે,**
**હૃદયનો પ્રેમ તો ખુલ્લું બધી રીતે કરાવે છે.**

જીવનનાં રોમરોમે શો હૃદયનો પ્રેમ પ્રસરે છે !
પ્રસરતાં નિજનો ઊંડો પ્રભાવ જ પાડતો રહે તે.

**પ્રેમનું જીવન ત્યાગ, બલિદાન અને સમર્પણનું બનેલું છે. પ્રેમમાં પ્રકૃતિની વૃત્તિ નથી. પ્રેમનો સ્વભાવ દૈવી પ્રકારનો છે. જીવનને હોમાવાપણું પ્રેમની ભાવનામાં રહેલું છે. ફનાગીરી એ પ્રેમનું લક્ષણ છે.**

## પ્રેમને લીધે-

હૃદયના પ્રેમને લીધે હૃદય સાંકળ જડાઈ છે,
છૂટો કેમે કરીને તો હવે છૂટી પડે ના તે.

કશું વેંઢારવું પડતું હૃદયના પ્રેમને ના છે,
ન કંટાળો કશાનો છે, ન ધુતકાર કશા પ્રત્યે.

બધાંને દિલની ઉષ્મા મથે પ્રેરવવા સહજે,
બધો સ્વૈચ્છિક સ્વીકાર અને સત્કાર એને છે.

થવું ખાખ પૂરેપૂરું હૃદયનો પ્રેમ જાણે છે,
**સમૂળો ત્યાગ દિલ-ભાવ સમર્પણથી થતો રહે છે.**

## પ્રેમનો ખજાનો

ચમત્કારિક ભંડાર, ખજાનો પ્રેમનો શો છે !
ખૂટ્યો કેમે ખૂટે છે ના, ભર્યો ભરપૂર ભરચક છે.

હૃદયના પ્રેમની મસ્ત ખુમારી શી નશીલી છે !
ખુમારી બાદશાહીથી ચઢિયાતી ખરેખર તે !

ખીલેલા પ્રેમના ભાવે પરિણામ જ ખુમારી છે,
હરિના ભાવની ખુશ્બો, સુરખી, સૂરભી રસીલી છે.

વિસ્ફુરિત પ્રેમની લાલીભરી ખુમારી ભભકે છે,
ખુમારી પ્રેમની ભક્તિ થકી પ્રસરેલ જ્યાં ત્યાં છે.

**ખુમારી એવીની પ્રેમ સમર્પિત થઈ જતો શો તે !**
**હૃદયનો પ્રેમ તો કેવો સદા ખાલી જ ખાલી છે.**

## ચિંત્વનમાં રસ

સમજવા પ્રેમ દિલનો તે ન ગુંજાશ બધાંની છે,
નર્યા સંસારના જીવ ન અધિકારી સમજવાને.

પળેપળ દિલ સમર્પણ છે, ચરણ ન્યોછાવરી પણ છે,
જઈને વારી-વારી દિલ, સતત ચિંત્વન વિષે રસ છે.

ન પળ વાર વિખૂટોયે થઈ શક્તો હૃદયથી તે,
સહજ સંલગ્ન દિલમાં છે, શું એકાકાર આધારે !

સતત બસ ગાંડપણ એને હૃદયમાં મસ્ત લાગ્યું છે,
નશે ચકચૂર ભરપૂર તે હૃદયના પ્રેમમાં જે છે.

## હરિનો ભાવ ઊછળે છે

ભજન-ભાવ, સ્મરણ, કીર્તન તણી રમઝટ ચલાવી છે,
થતાં સૌ કર્મની વેળા સ્તવ્યાં હરિને કરેલો છે.

થતું જે જે પળે જેવું સમર્પ્યાં તે કરેલું છે,
નિવેદ્યાં સહુ કરી-કરીને નિકટતા દિલ સાધી છે.

નિવેદનના જ અભ્યાસે સતત નિયમ સધાયો જે,
**થતો સંબંધ જીવંતો હૃદય કેવો રહેલો છે !**

હૃદય-સંબંધ બંધાતાં હરિ સંબોધવાની તે,
હૃદય લલકારવાનો શો **હરિનો ભાવ ઊછળે છે !**

## ભાવસ્ફુરણ

ટપકતો ભાવ હૈયાનો જીવનની લક્ષ્મી સાચી તે,
સતત દિલ લક્ષ્યધારી તે; હૃદય મથવાનું રાખ્યું જે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણ તે
-હૃદયની પ્રાર્થનાદિથી સ્ફુરંતો ભાવ લાગ્યો છે.

સ્ફુરેલાં ગૂઢ સાધનમાં મચેલો સાધનાભ્યાસે,
હરિ-પદના રસામૃતથી, છલોછલ દિલ છવાયું છે.

હૃદયથી વહાલ કરવાને હરિને, કર્મ મુજ જે તે
-પ્રભુપ્રીત્યર્થનાં સઘળાં; સમર્પણ પુષ્પ હરિ-પદ છે.

## પ્રેમની ખિલવણી

જીવનમાં ચાહતાં શીખતાં, હૃદયનો ભાવ બઢતો છે,
**બઢે છે ભાવ જ્યાં દિલનો હૃદયનો પ્રેમ ખીલે છે.**

હૃદયનો પ્રેમ જ્યાં ખીલતો, જીવનમાં હોય છે જ્યારે
**-મડાગાંઠો, બધી ગ્રંથિ તૂટી કેવી જતી લાગે !**

હૃદયના પ્રેમના યજ્ઞ તણી જ્વાળા શી પ્રસરીને !
બધો તળિયા તણો કચરો, પૂરો સ્વચ્છ કરી દે છે.

બધે જ્યાં ત્યાં ઉપર નીચે, વળી ચોપાસ સહુ દિશે
-પ્રસારી નિજનો અગ્નિ, બધું જે તે પ્રકાશાવે.

## હરિ દરબારનો રાજા

હૃદયના પ્રેમના ચરણે, બધું જે તે નિવેદીને
-સમર્પ્યા સૌ કરી-કરીને, થતાં ખુલ્લાં શીખ્યાં છીએ.

બધાએ આગ્રહો જે તે શી સમજણ, ટેવ સઘળુંયે !
મડાગાંઠો, મતો જે તે ચરણમાં ઠાલવેલું છે.

હૃદયનો પ્રેમ ખાલી તે રહે ખાલી જ હરદમ જે,
હરિ-દરબારનો રાજા, ખરેખર પ્રેમ પોતે છે.

હૃદયના પ્રેમમાં ઉત્કટ ઊંડો તલસાટ સળગે છે,
જરા સરખીય તે વિશે ન સંસારી જ વૃત્તિ છે.

હૃદયના પ્રેમને કાંઈ ન સારું કે ન નરસું છે,
હૃદયના પ્રેમમાં ઐક્ય હૃદયથી માત્ર નીતરે છે.

## ઉત્કટતાની આગ

**હૃદયના પ્રેમની મસ્ત નરી મર્દાનગી શી તે !**
**ભયંકર આફતો સંકટ સહી કેવાં જ લે છે તે !**

હૃદય મળવા તણો કેવો ઉમળકો તો ઊછળતો છે !
હૃદય ઉત્સાહ, આનંદ તણી સેરો શી ફૂટતી છે !

હૃદય મળવાની ઉત્કટ જે તમન્ના આગમાં શો તે !
-જલી-જલીને જીવન સઘળું ખરેખર રાખ બનવે છે !

અને એ ભસ્મમાંથી શો નવો અવતાર જીવન લે !
હૃદયના પ્રેમની એવી કલાશક્તિ જ અદ્ભુત છે !

## ખુવારીનો નશો

હરિનો ભક્ત તે પ્રેમ હૃદય પકવી જ જાણે છે,
ગજું બાકી બીજાનું ના, બીજાં શાં છેરી નાંખે છે.

હૃદયના પ્રેમના ભક્ત, જીવનમાં કેટલી વાર
**-ચઢીને ફાંસીએ ગરદન કપાવી નાંખતા પદ પર.**

થતાં ખુવાર સંપૂર્ણ નશો મદભર ચઢે જેને,
હૃદયથી પ્રેમની શક્તિ શૂરી તેને વરેલી છે.

**પળેપળની ખુવારીમાં, ખુમારીનો નશો એને**
-ચઢે કેવો અનુપમ જે ન સંસારી કદી જાણે !

## પ્રેમનાં પાસાં

સહેવાનું ઉમળકાએ હૃદયનો પ્રેમ સમજે છે,
સહાવને તપશ્ચર્યા ખરેખર દિલ જાણે તે.

સહ્યા વિના હૃદયમાં તો, કશી મીઠાશ ના’વે છે !
સહેવામાં મઝા, રસ જે સહેવું તે હૃદયનું છે.

હૃદયનાં પ્રેમનાં પાસાં અનેકાનેક કેવાં છે !
થવાતું આરપાર જ તે બધી રીતે જીવનને છે !

ખરેખર ઉત્તરોત્તર શો હૃદયનો પ્રેમ જે રીતે
- સીડી પર તે ચઢી-ચઢીને, ભીતર તેમ જ પ્રવેશે છે.

---

## ભક્તરક્ષક ભગવાન

“સર્વ કર્મો સમર્પે ને તત્પર મુજમાં પૂરો.
રહે ચેતનવંતો હૈયે, ભક્તિ શ્રદ્ધાથી યુક્ત થૈ.

પરોવાયે રાખે છે, મારામાં ચિત્ત-પ્રાણને,
સર્વ પ્રકારથી એને, ઉદ્ધારું,” પ્રભુ તો વદે

કોલ એવો પ્રભુનો તે કદી, મિથ્યા જતો નથી;
ખાલી તે વચનો છે ના, કલ્પના તે નથી કંઈ.

શ્રીભગવાનમાં જેમનાં મન, પ્રાણ અને હૈયાં જ્ઞાનભક્તિપૂર્વક સતત પરોવાયેલાં રહે છે, એવા સાધકની સંભાળ શ્રીભગવાનને લેવી પડે છે, કારણ કે શ્રીભગવાન એના જીવનનો આધાર બની જાય છે. એનું જીવન ભગવાનમય થતું હોય છે. ''ભગવાન જ મારો આધાર છે'' એવું જેણે અનુભવથી હૃદયમાં જાણ્યું છે, એવા અનુભવમાં નિષ્ઠા જેની જીવતીજાગતી બનેલી છે, એવું જ્ઞાનપૂર્વક સમજીને એકલા એના આધારે જ જે જીવન ગાળે છે, તેની રક્ષાનું કામ શ્રીભગવાનને સંભાળ્યે જ છૂટકો છે.

**શરણાગત ભક્તનાં ચાર લક્ષણો**

આવો સાધક ભગવાનમય જીવન જે રીતે જીવે છે, એ રીતો શ્રીભગવાને સ્પષ્ટપણે આપણી આગળ મૂકી દીધી છે. એને આપણે આપણો જીવનવિકાસ કરવાની ચાવી તરીકે રાખ્યા કરીએ.

(૧) મને કર્મો સમર્પીને, (૨) મારામાં પૂરેપૂરા તત્પર રહીને, (૩) મને ચિંતવતા રહીને, (૪) શ્રદ્ધા-ભક્તિથી મારામાં સંપૂર્ણ યુક્ત રહીને.

(૧) **સકળ કર્મ કરવા છતાં એમાં પૂરેપૂરી સંન્યાસવૃત્તિ એટલે સર્વ કર્મનો પૂરો સંન્યાસ. હવે, સંન્યાસ એટલે શું ? વ્યુત્પત્તિ પ્રમાણે તો એનો અર્થ એમ થાય કે ''સારી રીતે, સંપૂર્ણપણે, યોગ્ય રીતે, ''ડિપૉઝિટ'' કરવું અથવા મૂકી દેવું તે.'' એનો સીધોસાદો અર્થ તો એ જ કે બધાં કર્મો શ્રીભગવાનને જ સમર્પણ કર્યા કરવાં, એનું નામ સંન્યાસ.** પેઢીનો મુનીમ લાખો કમાય અને લાખો ગુમાવે તોપણ એનો હવાલો તો એ પેઢીને આપી દે છે.

(૨) ''મારામાં તત્પરતા'' એટલે ભગવત્-પરાયણતા. પ્રભુ ઉપર જ બધી બાબતોમાં જે પોતાની મીટ માંડતો રહે છે, એના ઉપર જ પોતાની બધી બાબતોનો આધાર રાખ્યા કરતો હોય છે, જે ને તે એને જ પૂછીને બધું કરતો હોય છે. એને શું ગમે, કેવું રુચે, કઈ રીતે કર્મ થાય તો એ વધારે રાજી થાય એમ વિચારીને જે કર્મમાં એનો પ્રેમ મેળવવા ખાતર, એને વહાલો થવા ખાતર, પ્રેરાયા કરતો હોય છે, એને જ શરણે હૃદયના ભક્તિભાવથી ઉમળકાથી રહ્યા કરે છે, પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર પોતાની રીતે, પોતાની ટેવ પ્રમાણે, સ્વભાવ પ્રમાણે, ત્રણ ગુણની રમત પ્રમાણે ચલાવતો હોતો નથી, એવાનું જીવન

ભગવત્પરાયણ કહી શકાય. ત્રીજી શરત છે, અનન્ય યોગથી હૃદયથી હૃદયમાં એનું ધ્યાન.

## શરણાગત ભક્તનું સમર્પણ - આર્તપોકાર

સમર્પણમાં સ્વાર્પણ આવી જાય. સ્વાર્પણ પહેલું છે. સમર્પણ પછી છે. સમર્પણનો જે ભાવ પ્રગટવો જોઈએ તે સરેંડર (સ્વાર્પણ) થઈ ગયા પછીથી પ્રગટે છે. **કારણ કે પહેલાં તો આપણને ખબર પડવી જોઈએ કે આ મૂડી આપણી પાસે છે તે બીજાની છે. તે બીજાને આપણે આપી દેવાની છે. તે બરોબર આપણને ખબર પડે નહિ, ત્યાં સુધી તમે પેલાને આપી શકો નહિ.**

**સમર્પણ યજ્ઞની ભાવનાનો વિસ્તૃત અર્થ તો એ છે કે જે તે કંઈ બધું "એ"નું જ છે. તે બધું "એની રીતે, એની ભાવનાવાળા જીવનમાં, અને એવા જીવનને વધારે ને વધારે દિવ્યતામાં પ્રગટવવાને માટે, તે બધાંનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ તેવી તેવી ભાવના, દૃષ્ટિ ને વર્તનથી થતા જાય, ને પાછું તે પણ એને જ સોંપાયા કરાય એનું નામ સમર્પણ."**

### સાચો સમર્પણયજ્ઞ

સર્વ પ્રકારનું સમર્પણ ભાવપૂર્વક થવું એ સાધનાનું આવશ્યક અંગ છે. જે કંઈ બધું સ્થૂળ કે સૂક્ષ્મ હોય, તે બધું તે તે રીતે **ત્યજી દેવાનું નથી, પરંતુ તેમાં તેમાંથી મમત્વ, રાગ, મોહ વગેરે સમૂળગાં નીકળી જઈને, તે પરત્વે સંપૂર્ણ નિરાસક્તિ પ્રગટે અને તે બધું પ્રભુપ્રીત્યર્થે છે, એવી જ્ઞાનભક્તિપૂર્વકની સમજણ પ્રગટે તે જરૂરનું છે.** લાખોની રકમ ત્યજવાની કરી તે પરત્વેનું મમત્વ કે રાગ જતો રહે છે, તે સમજણમાં ક્યાંક દોષ છે એવું મારું માનવું છે. તેવી રકમ હોવા છતાં મમત્વ, રાગ, મોહ વગેરેની રીતે તેનો ઉપભોગ ન થતાં તેનો ઉપયોગ જીવનવિકાસની સાધનાની ભાવનાની રીતે થયા કરે અને તે જ્ઞાનપૂર્વકના હેતુ સાથે થયા કરે તો તે સાચો સમર્પણયજ્ઞ છે.

### પ્રાકૃતિક ધર્મોનું પ્રાર્થનાભાવે સમર્પણ

તેવી રીતે આપણાં મનાદિકરણોના પ્રાકૃતિક ધર્મોનું પણ સમર્પણ થયા કરે તે જરૂરનું છે. સૌથી વધારે આપણને જો કોઈ કરણ નડતું હોય તો તે પ્રાણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહં, આશા,

ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા વગેરે જે પળે ઊઠે, તે પળે સમજીને જ્ઞાનભાવે તેનું શ્રીભગવાનનાં ચરણકમળે પ્રાર્થનાભાવે સમર્પણ થયા કરવું ઘટે. તેવો જીવતોજાગતો અભ્યાસ જ્યારે થયા કરશે અને એવા અભ્યાસની સમગ્રતા અને સળંગતા જીવનમાં પ્રગટશે, ત્યારે તેવા અભ્યાસમાં ચેતન પ્રગટવાનું છે, તે જાણશો. **સમર્પણ એટલે જે તે કંઈ બધું આપી દેવું એવું કશું નથી. અત્યાર સુધી એ બધું છે, તે મોહ, મમતાથી સેવ્યા કરેલું હોય છે. તેમાંથી પોતાપણાની વૃત્તિ નીકળી જાય, મમત્વ જતું રહે અને શ્રીપ્રભુપ્રીત્યર્થે તે વપરાયાં જાય, તેવી જ્ઞાનપૂર્વકની ભાવના જામતી જામતી જીવનવ્યવહારમાં પ્રગટતી અનુભવાય ત્યારે તે સમર્પણ થયું છે એમ સમજવું.**

**આપ્યાં જ કરો**

શ્રીભગવાનને ચરણકમળે સકળ કંઈ પાપ અને પુણ્ય આપ્યા જ કરો. એટલે જે જે વિચાર, વૃત્તિ, લાગણી, ઊર્મિ, વાસના, મોહ, રાગ, કામના, આશા, ઈચ્છા, લોલુપતા આદિ જે ઊપજે તેમ તે બધું એને જ પ્રેમભક્તિભાવે સમર્પણ કરતાં રહેવું. મનને તો ખાલી ને ખાલી જ રાખ્યાં કરવાની જ્ઞાનપૂર્વકની તેવી કળા જો શીખી ગયાં, તો પછી નિર્ભય છીએ. જે વિચાર ઊઠે, તેમાં પોતાની મેળે કરીને એને લગતાં બીજા વિચારોની સાંકળ આપણે જોડતાં ન રહેવું.

**હૃદયપૂર્વક સર્વ સમર્પણ કરો**

આપણે પોતે આપણું કશું પણ ન રહે, એવી દશા થતાં સુધી જ્ઞાનભક્તિભાવે શ્રીભગવાનને આપણે આત્મસમર્પણ કર્યાં જ કરવાનું રહે છે. પહેલાં તો જે સ્થૂળ હોય તે તે બધું, તે પછી જે બધું સૂક્ષ્મ હોય તે બધું, એમ કરી ઊંચેથી ને નીચે સુધી, આંતરિક બધી ભૂમિકાઓનું પણ, તેને જે તે બધું આત્મસમર્પણ કર્યાં જ કરવાનું રહે છે. આમાં જ્યારે હૃદયની સાચી વાસ્તવિકતા પ્રકટતી હોય છે, ત્યારે આપ્યા કરવાનો યજ્ઞનો અંત પણ આવતો જતો આપણે અનુભવી શકીએ છીએ. ને એવું જ્ઞાનભક્તિપૂર્વકનું છેક છેડા સુધીનું પૂરેપૂરું આત્મસમર્પણ થયું ન હોય, ત્યાં સુધી આપણા પોતાના અંગત પુરુષાર્થની ઘણી જરૂર રહે છે.

આવી રીતે સમર્પણ થવાથી આપણે ખાલી ને ખાલી જ રહ્યા કરીએ; જે કંઈ ઉદ્ભવે, થાય, મુશ્કેલી આવે, વિચારો આવે કે ભાવો

ઊપજે એ બધાં વ્યવહાર-અંતરના તેમ જ બહારના - ગમે તેવા હોય તે બધા આપણે તો એને જણાવ્યા કરીએ; એ ક્રિયામાં આપણે વધારે ને વધારે ઊંડા ઊતરતા જઈએ તથા વધારે ભાવવાળા થતા જઈ એની નજીક આવવાનો પ્રયત્ન કર્યા કરીએ; આપણા એના વિશેના બધા ખ્યાલો છોડી દઈ એને કોરાં પાનાં કે કોરી સ્લેટ જેવા થઈને પછી જે કંઈ એમાં થવાપણું હોય તે માત્ર જોનાર તરીકે બનીને આપણે થવા દીધા કરીએ; આવી રીતે મનના જૂના સંસ્કારોને ભુંસાઈ જવા દઈએ તો જ આપણે સમૂળગા નાગા (પવિત્ર અને ચોખ્ખા) એની આગળ થઈ શકીશું અને ત્યારે સાચો ભાગવત ભાવ આપણામાં ઊતરવા પામશે; ત્યારે એ ભાવના - સંસારની ઝડપ કંઈ ઑર હશે.

**સ્વપ્નમાં સંસ્કાર શુદ્ધિ - સ્વપ્નમાં સાધના**

જેમ જાગૃત દશામાં આપણને ઊઠતા વિચારોની આસક્તિમાં આપણે ન રહીએ, અને તેને પરિણામે ઊઠેલા વિચારોમાં આપણું મન ન પરોવીએ અને રસ લેતા બંધ થઈએ, તો જ ધ્યાનમાં ઊઠતા એક એક વિચાર સાથે તેના આનુષંગિક બીજા વિચારને સંકળાવા દેતા અટકાવી શકીએ છીએ. તેવું જ ઊંઘમાં સ્વપ્નદશાનું પણ છે. સાધક જેમ જેમ ભગવાનની કૃપાથી જાગૃત દશામાં નિરાસક્ત બનતો જાય છે, નિરાગ્રહી બનતો જાય છે, તેમ તેમ તેના વિચારની સાંકળ મનમાં જોડાતી બંધ થવાનું બન્યા કરે છે. **જે સંપૂર્ણ નિરાસક્ત બને છે, તેને વિચારો કર્યા પછી કર્મોમાં પેસવાનું બનતું નથી, તે તો આપમેળે જ, સહજપણે, સરળપણે પોતાનાં કાર્યો કરતો હોય છે તેમ છતાં એવાને પણ પ્રારબ્ધ રહેલું હોય છે.** એવો સાધક ઉચ્ચાત્મા ચિત્તમાં પડી રહેલા પ્રારબ્ધના સંસ્કારોને સ્વપ્નમાં સ્ફુરાવીને અથવા એ સંસ્કારોને પોતાના સ્વભાવ પ્રમાણે સ્વપ્નમાં ઊઠે, ત્યારે સ્વપ્નમાં પણ તે પ્રતિ જાગૃતપણે તટસ્થ રહીને, તેમાં રસ ન લઈને તે સંસ્કારોને આપોઆપ વહેતા જતા અને તેમના પટ પ્રમાણેનો આકાર લેતા અટકાવે છે. એવી રીતે આપોઆપ સ્વપ્નમાં જે સંસ્કારો ઊઠે છે, તેને વલણ કે વહેણમાં પોતે જાગૃતિભર્યો તટસ્થભાવ રાખ્યા કરતો હોવાથી તે સંસ્કારો તેનામાં નવું કર્મબંધન ઊભું કરતા નથી. આમ, જ્યારે જ્યારે વિચારો કે સંસ્કારો આપણને સ્પર્શ કર્યા વિના, આપણને લેપ લગાડ્યા વિના, આપોઆપ વહી જતાં હોય, ત્યારે આપણે તેટલા પ્રમાણમાં ખાલી

થતા જઈશું. ઉપર જણાવેલી સ્થિતિનો સાધક એવી રીતે ચિત્તમાં પડેલા બધા સંસ્કારોને ખાલી કરી નાખે છે. પોતાના પ્રારબ્ધને ભોગવી નાખવાનો આ પણ એક રસ્તો છે, પણ આ એક જ રસ્તો છે એમ માનવાનું નથી.

## અહંશુદ્ધિ
## અહમ્‌ભાવ પ્રેરિત કર્મ
## સારું તે મારું

આપણે જે કંઈ કર્યા કરીએ છીએ, એને સંઘરી રાખવાનો માનવીનો સ્વભાવ પડી ગયેલો હોય છે. થતાં રહેતાં સકળ કર્મોનું ફળ પણ તે પોતે ઈચ્છતો હોય છે અને તે જોઈને એવી તેની સમજણને લીધે, તેવા અહંભાવને લીધે, માનવી કર્મ કર્યા કરે છે. આ બધાનો અસહ્ય ભાર માથા ઉપર રાખીને તે કચડાયા જતો હોય છે. તેમાંયે પાછું તે સારાં જ પરિણામને ઈચ્છે છે અને ખૂબ દુઃખ ભોગવવું પડે, ખૂબ કષ્ટ ભોગવવું પડે, એવાં પરિણામથી તે દૂર ભાગવાનું પણ કરે છે, પરંતુ તે તો કેમ બની શકે ?

**આપણાં સકળ કર્મમાંથી સંપૂર્ણ અહંતાની વૃત્તિ નીકળી ગયા વિના આપણે આપણું જે તે ભગવાનને પ્રેમભક્તિ વડે યોગ્યપણે, સંપૂર્ણપણે સમર્પણ કરી શકતાં નથી.**

**અહંતા જતાં જ સમર્પણ થાય**

આપણે તો સંસાર હોવા છતાં તે જાણે છે જ નહિ એમ વર્તવાનું છે. સંસારનાં સકળ કર્મ આપણાં નથી, પરંતુ આપણામાંની પ્રકૃતિ જે બહાર પણ વ્યક્ત છે, તે પ્રકૃતિના ગુણ-સ્વભાવ વડે કરીને થાય છે. એટલે તે કર્મ ચેતનનાં નથી અને આપણાં સકળ કર્મમાંથી સંપૂર્ણ અહંતાની વૃત્તિ નીકળી ગયા વિના આપણે આપણું જે તે ભગવાનને પ્રેમભક્તિ વડે યોગ્યપણે, સંપૂર્ણપણે સમર્પણ પણ કરી શકતા નથી. માત્ર મોઢેથી કે બહુબહુ તો વિચારથી “આ તને સમર્પણ કરું છું” એમ કહીએ તો તેવું સમર્પણ જીવનવિકાસમાં કશું ઉપયોગનું નથી. તેને તે ભાવતું પણ નથી અને તેનાથી રંગ પણ જામતો નથી.

**અહંભાવ ત્યજાવો જ ઘટે**

આમ, અહંભાવને લીધે કર્મોનો ભાર તે પોતાના ઉપર લાદે જાય છે. જ્યાં સુધી આપણામાં અહંભાવ છે, ત્યાં સુધી નીતર્યાભાવે ભગવાનને આપણે ભજી શકવાના નથી. સ્વાર્થનો થોડોક પણ અંશ જો આપણામાં રહી ગયો હોય તો ઉચ્ચ ભાવનાના વિચાર પ્રગટાવવાને માટે તે આડખીલી રૂપ બનવાનો છે. જો સ્વાર્થની વૃત્તિ આપણામાં રહી ગઈ હોય તો તે એનામાં આપણને પરોવ્યા કરશે. એટલે આમ આવાં જીવપ્રકૃતિનાં કે જીવસ્વભાવનાં તત્ત્વ ઉપર આપણે જ્ઞાનપૂર્વકનો અંકુશ મેળવવો રહ્યો. વિશ્વરૂપ ભગવાનની સેવા કરવા ચાહતા સાધકે સહેજ પણ અહંભાવ રાખ્યે પાલવશે નહિ. **અહંભાવ રહે ત્યાં સુધી એ એની રીતે જ આપણને કર્મમાં પ્રેરાવશે.**

**સમર્પણ ભાવની વૃદ્ધિનાં લક્ષણો**

આવાં થતાં કર્મ પણ જાણીબૂઝીને, અધૂરાં હોવા છતાં, અયોગ્ય હોવા છતાં, ભક્તિપૂર્વક એને જ સમર્પ્યા કરવાનાં છે. આવો જ્ઞાનપૂર્વકનો લાંબાગાળાનો સદ્ભાવથી સેવન થયેલો અભ્યાસ જેમ જેમ પડતો જશે તેમ તેમ અહંભાવ ઓગળતો જવાનો છે.

ઉપરાંત, આપણે કર્મ કરવાનાં છે, તે એનો પ્રેમ મેળવવા ખાતર જ. આપણે જો એ ભાવથી કર્મ કરતા હોઈએ તો ફળનો વિચાર સરખો પણ આપણે કરવાનો ન હોય. પ્રગટે તો આડફંટે લઈ જનારો છે. એમ સમજીને તે પળે શ્રીભગવાનને જાગૃતિ રાખીને આપણે સમર્પવો. તેવી દરેક પળે દૃઢતાપૂર્વક સાવચેતી રાખીને એને યુદ્ધ આપ્યાં કરવું. એવા થતા રહેતા પ્રત્યેક યુદ્ધમાં અને તેની માત્રામાં વેગ, ઉત્સાહ, બળ, ધીરજ, હિંમત, જ્ઞાનપૂર્વકની જાગૃતિ, દૃઢતા અને સાવચેતી વધારે ને વધારે આપણામાં પ્રગટતાં રહેવા જોઈએ અને તે લક્ષણ આપણે તપાસતાં રહેવું જોઈએ.

અહંતાથી જો મોકળું થવાનું બન્યાં કરાતું હોય, પ્રાણની કામનાઓ, તૃષ્ણાઓ, લોલુપતાઓ એટલે કે રજોગુણના આવેશ અને આવેગથી જો મુક્ત થતું જવાનું જ્ઞાનભાન તે પળે જાગૃતિ સેવીને શ્રીપ્રભુકૃપાથી સાધકથી રાખી શકાતું હોય, તો તેને પરિણામે સાધકના મનનું ચંચળપણું જરૂર હઠી જાય અને શુદ્ધિ પણ થતી રહે.

મનની એવી સ્થિરતા અને શાંતિ થતાં અને શુદ્ધિ થતાં **અંતરમાં એવી કોઈ શક્તિનું અવતરણ પ્રગટ થતું આપણે અનુભવી શકીએ છીએ. તે પછી તેની કૃપાબળમદદ વડે આપણે સર્વ કંઈ કરી શકવાને શક્તિમાન થઈ શકતાં હોઈએ છીએ.** તેવી વેળા જ માનવીને પોતાના પામરપણાનું સાચું જ્ઞાનભાન પ્રગટી જતું હોય છે. પોતે નાહકનો અહંતાનો માર્યો મહેનત કરી મરી જતો હોવા છતાં, કંઈ કશું કરી શકતો ન હતો, અને જ્યારે અહંતાથી મુક્ત થવાતાં મન અને પ્રાણની શુદ્ધિ અને શાંતિ સ્થપાતા તે પળથી જે શક્તિનો ઉદ્‌ગમ થયે જાય છે, તેનાથી તો અદ્‌ભુત કર્મ થતું રહે છે. એવી રીતે હૃદયમાં હૃદયથી સાધકને અનુભવ થતો રહેતાં તેવા સાધકને શ્રીપ્રભુની ચેતના-શક્તિનો સંપર્ક અને સંબંધ વધુ ને વધુ ગાઢો હૃદયમાં હૃદયથી બન્યા કરે છે. સાધક એવા અનુભવોની પરંપરા વડે કરીને તો એવી શક્તિને પોતાના જીવનનું એકમાત્ર અવલંબન સાચી રીતે માનતો બની જતો હોય છે. એના વિના કશું જ શક્ય નથી. જેમાં ને તેમાં એ જ એને સર્વસ્વ લાગે છે.

**ભક્તનું યોગક્ષેમ**

જીવતી જ્યોતની જેમ ભાવનાનું સાંગોપાંગ એકધારું જીવતું બનવાનું થતાં મન શાંતિમાં ને નિશ્ચિતતામાં પ્રવેશી શકે છે અને તે ભૂમિકા પરથી પોતાનું કર્મ તે કર્યે જાય છે. સમાજ તરફથી પારાવાર હેરાનગતિ અનેક સંતભક્તોને પડેલી છે ને સમાજે પોતાની રીતે તેમનું મૂલ્યાંકન કરવાનું રાખેલ છે; ને કેટલાંકને તો ઘણું કષ્ટ પડેલું છે ને ઘણી હાલાકી ભોગવવી પડી છે, છતાં એનાથી તેઓ અસ્પૃશ્ય રહી શકેલા છે. એવા જીવાત્માઓ પોતાના કર્મ પરત્વે આપણા કરતાં પણ વધારે પ્રામાણિક અને વફાદાર રહેતા હોય છે. તેઓ પોતાની જવાબદારીને ફગાવી દઈ શકતા નથી. માત્ર તેઓ કશાનો ભાર પોતાના માથે લઈને ફરતા હોતા નથી. તેઓ તો જે તે એને જ માથે રાખીને, એના જ જીવતા સ્મરણમાં રહીને, એનું જ સ્મરણ કર્યા કરીને ને જે તે આત્મભાવે, એને જ નિવેદન કર્યા કરીને, કર્યા કરતા હોય છે, કશું પણ હુંપણાની ભૂમિકાથી તેઓ કરતા હોતા નથી. તેવા આત્માનું બધું જ એને ચરણકમળે વસતું હોય છે અથવા ઠલવાતું હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત,

પ્રાણ ને અહમ્ - એ બધાંનો સ્વધર્મ તેમના જીવસ્વભાવના વિષયનો તે તે વેળા નથી રહી શકતો. તે બધાં કરણો તો એનામાં જ રમમાણ છે, ને એ જ એકમાત્ર તેમનો વિષય બનેલો હોય છે. તેવી કક્ષાએ શ્રી ભગવાન તેવા જીવાત્માનું યોગક્ષેમ વહન કર્યા કરે છે, એવો જીવતો જાગતો પરમ દિવ્ય કોલ શ્રીભગવાને આપેલો છે. **યોગ એટલે જોડાણ અને ક્ષેમ એટલે શાંતિ ને ઉચ્ચતર અર્થમાં કલ્યાણ.** એટલે જ્યાં જોડાણ હોય ને તે જોડાણની ભૂમિકા તો પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ને હૃદયમાં તો પ્રાણથીયે વહાલા એવા પ્રભુમાં જ રહ્યા કરતી હોય છે. ત્યાં પણ અને તેમ છતાં બાહ્ય રીતે એનું જ્યાં જોડાણ હોય છે, તેવી સ્થિતિમાં ત્યાંનું પણ શ્રીભગવાન કલ્યાણને યોગ્ય તેનું વહન કર્યા કરે છે.

સાધનામાં તેને સરળતા સહજપણે મળ્યા કરે છે અને સાધનામાં પ્રકટતાં અનેક પ્રકારનાં અવરોધાત્મક સૂક્ષ્મ બળોને એ પોતાની કૃપાથી નિવારતો રહે છે.

વાતાવરણનું દબાણ આપણા ઉપર કેટલાયે ટન હોય છે. પરંતુ તે આપણને લાગતું નથી, એનું કારણ તે આપણી દરેક બાજુએ ફરી વળેલું છે તે છે. તેવું જ્યારે ભાવનાનું થઈ જાય ત્યારે બધું હોવા છતાં ને ગમે તેમ હોવા છતાં - અનેક પ્રકારની મુશ્કેલીઓ, ઉપાધિઓ, અડચણો, ગૂંચ, સંતાપ, ક્લેશ ને શારીરિક વ્યાધિ હોવા છતાં માનવીને તે લાગતું નથી.

ભગવાન ક્યારે સાધના હાથમાં લે છે ?

જે જીવ એને જેટલી શ્રદ્ધાપૂર્વક, ભક્તિપૂર્વક, જ્ઞાનપૂર્વક હૃદયથી વળગે છે, તેટલા પ્રમાણમાં સાધનાનો ભાવ તેવા સાધકમાં છતો થતો રહે છે. જ્યારે સમગ્રપણે, એકાગ્રપણે, કેન્દ્રિતપણે, પોતાના શ્રીપ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વ ભાવે એકેએક કરણથી તે શરણાગતિને પામે છે, તેવી વેળા શ્રીભગવાન પોતે જ એને સંભાળી લે છે. એવી જીવનની પળોમાં તે આપણો જીવતોજાગતો પ્રત્યક્ષ સાથીદાર રહ્યા કરતો હૃદયમાં હૃદયથી આપણે અનુભવી શકતાં હોઈએ છીએ. આપણા માર્ગમાં જે કંઈ આડુંઅવળું, પડ્યું-પાથર્યું આવી પડેલું હોય કે આવતું હોય, તે તે બધાંમાંથી આપણો માર્ગ તે ઝટ મોકળો કરી આપે છે.

**જ્યારે ચિત્તમાંથી નકારાત્મક સંસ્કારો દૂર થાય છે અને એકમાત્ર ભગવાનની લગની લાગે છે, ત્યારે આપણે શરણને યોગ્ય ઠર્યા કહેવાઈએ.** કોઈ વસ્તુ પૃથ્વીના વાતાવરણની પકડની પેલે પાર ચાલી

જાય તેને ગુરુત્વાકર્ષણના નિયમ લાગુ પડતા નથી. અવકાશમાં ફેંકાયા પછી તેને ગુરુત્વાકર્ષણ લાગુ પડતું નથી. એવી રીતે આપણો જીવ ચેતનાત્મક સ્થિતિમાં પ્રગટે છે, ત્યારે એની મેળે નવરચના ચાલ્યા કરે છે. જેવી રીતે ''ફોર્થ ડાયમેંશન''ના કાયદામાં જે છે તેને ''થર્ડ ડાયમેંશન''ના કાયદા લાગુ નહિ પડે, એવી રીતે ચેતનમાં નિષ્ઠા પામેલો જીવ ''ફોર્થ ડાયમેંશન''ના કાયદા હેઠળ હોય છે, એને થર્ડ ડાયમેંશનના કાયદા લાગુ પડે નહિ. સંસારવ્યવહારમાં પણ આપણે એકબીજાના મિત્ર હોઈએ છીએ અને મિત્રનું કામ પહેલું કરીએ છીએ. બીજાનાં કામ કરવા દોડી જતાં નથી અને એટલો ઉત્સાહ પણ રાખતાં નથી. એ પ્રમાણે જેને એનામાં લગની લાગી ગઈ છે, જે એને શરણે ગયો છે તેવા એના ભક્તનું યોગક્ષેમ એ વહન કરે છે. આપણો એનામાં સંપૂર્ણ અનન્ય ભાવ પ્રકટે છે, ત્યારે જીવનના યોગક્ષેમનો ભાર એ પોતાને માથે લઈ લે છે.

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે,**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્.**
**(ગીતા ૯।૨૨)**

એ શ્લોકનો એકએક શબ્દ બરાબર સમજવા જેવો છે. મારું અનન્ય ચિંતન કરતાં કરતાં જે (પર્યુપાસતે પરિ + ઉપાસતે) સર્વ ભાવે તથા બધી બાબતમાં મને જ કેન્દ્રમાં રાખીને (''પરિ પૂર્વગ આ અર્થ બતાવવા હેતુપૂર્વક વપરાયો છે) ઉપાસના કરે, તેવા (નિત્ય) સતત હરહંમેશના (અભિયુક્ત) મારી સાથે પ્રેમભક્તિથી દિલમાં દિલથી બરાબર પ્રત્યક્ષપણે જોડાયેલા (અહીં પણ અભિ પૂર્વગ હેતુપૂર્વક મુકાયેલો છે ને તેનો ઉપર મુજબનો અર્થ કરું છું) એટલે હૃદયના ભાવમાં એકાગ્રતાથી પૂરેપૂરા રત રહેનારા અને તેથી મારામાં એકનિષ્ઠાથી જીવતા થયેલા અને હંમેશ મારી સામે જોનારા ભક્તોના યોગક્ષેમ વહન કરવાનું હું મારા માથા પર ઉપાડી લઉં છું. આનો અર્થ એ થયો કે જે મન, વચન ને કર્મથી સાધનાના ભાવમાં સતત એકધારો રત થયેલો છે અને જે સકળ પ્રકારથી નિર્બળ થયેલો છે અને જેનો સકળ આધાર એકલા શ્રીભગવાન પર જ જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણપણે પ્રકટેલો છે, તેની સાધનાનું યોગક્ષેમનું વહન કરવાનું કામ શ્રીભગવાન પોતે પોતાના પર ઉપાડી લે છે, એટલે કે સાધનામાં તેને સરળતા સહજપણે મળ્યા કરે છે

અને સાધનામાં પ્રકટતાં **અનેક પ્રકારનાં અવરોધાત્મક સૂક્ષ્મ બળોને** એ પોતાની કૃપાથી નિવારતો રહે છે.

**સૂક્ષ્મ પ્રદેશના પ્રકૃતિના હુમલાઓમાં યોગક્ષેમ**

સાધક સાચી રીતે સાધનામાં જીવ પરોવતો બની ગયો હશે તો પોતાની જ પ્રકૃતિના અનેક હુમલાઓ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ એના પર થયા કરવાના છે. સામા જીવની પ્રકૃતિ દ્વારા એની પોતાની જ પ્રકૃતિ જાણે કે હુમલો કરવાને મથી રહી ન હોય એવા પણ સૂક્ષ્મ અનુભવો જો સાધક જાગૃત રહેલો હશે તો થવાના છે. સાધનામાંથી ચલિત કરાવવાને કેવા કેવા પ્રકારોએ પ્રકૃતિ ખેલતી હોય છે, એનાં જોઈએ તેટલાં દૃષ્ટાંતો પુરાણોમાં છે. અનેક પ્રકારનાં ઊલટાસૂલટાં બળો કુદરતમાં રહેલાં છે, તેઓ પોતે પોતાની રીતે સાધનામાં ઘણું આગળ જવાતાં ભાગ ઊલટોસૂલટો જરૂર ભજવે છે. **સાધનામાં સંપૂર્ણપણે જ્યારે હૃદયની નિષ્ઠા પ્રકટે છે, ત્યાર પછીથી જ બહારનાં બળોનો હુમલો તેના પર થતો હોય છે. તેની પહેલાંની સ્થિતિમાં તો તેની પોતાની જ પ્રકૃતિ જ તેનો વિરોધ કરતી હોય છે.**

ભગવાનના માર્ગમાં એકલી જ માત્ર ધૂન ચાલી શકતી નથી. ધૂનના ઓઠા પાછળ પ્રકૃતિનાં દર્શન કરવાની જેનામાં સૂઝ જાગેલી છે, એ તો સર્વ કંઈ વીણ્યા વિના રહી શકતો નથી. એને જેની જરૂરત લાગેલી છે, જેના પર મીટ માંડેલી છે, એને જ પ્રત્યક્ષ કરવામાં જેને પડેલી છે, એ તો નગદ રૂપિયાની જેમ જે તે મળ્યા કરતામાં ભગવાનના ભાવને જ જીવનના રચનાત્મક ભાવાત્મકપણામાં પ્રત્યક્ષ અનુભવમાં જીવનને તે કેટલું ઉગાડી શકે છે, તે માપલક્ષણથી જ જે તે સ્વીકારી શકતો હોય છે તેને સદા નિશ્ચિંતતા જ પ્રવર્તતી રહ્યા કરે છે.

એવાને પણ પ્રકૃતિ એના ધ્યેયના માર્ગમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપમાં નવા નવા સ્વાંગ સજીને ભરમાવવાનું કર્યા કરતી જ હોય છે, ને જ્યાં સુધી ભગવાનના ભાવની ખરી પરખ જાગી ન ગઈ હોય, ત્યાં સુધી એને ભૂલાવામાં નાખી દેવાને એવી પ્રકૃતિમાતા કદીક તો વિજય મેળવતી જતી લાગે છે, પણ જે કોઈ સર્વ કંઈકમાં ભગવાનની જ લગનીને ભાવે હૃદયની એકમાત્ર તેવી તદાકારાત્મક ભાવના સાથે જોડાયા કરે છે, ને જ્યાં ત્યાં ભગવાનને પ્રાર્થનાભાવે પોકારવાનું કર્યા કરે છે, એને પ્રભુ, કૃપા કરીને, એના હૃદયમાં તે વેળા એવી ચેતી

જવાની સૂઝ પણ સાથે સાથે જગાડતો રહે છે. એટલે તો એવાને શ્રીભગવાનના હાજરાહજૂરપણાનો તાદશ્ય જીવનમાં ચિતાર - માત્ર ચિતાર જ નહિ પણ અનુભવ ટંકાર - જાગતો થઈ જતો હોવાથી તે પ્રકૃતિથી પર જતાં જતાં તો સાવ નિર્ભય ને નિશ્ચિંત બનતો જતો હોય છે ને શ્રીભગવાન એકમાત્ર સર્વ સમર્થ છે ને પોતાની આગળપાછળ એનું બળ કામ કરી રહેલું છે, એવા અનુભવ જેને જાગતા થાય છે, એને સદાસર્વદા ભગવાનમાં જ મસ્તી રહે છે. એટલે જ આપણે તો મન છેતરે કે ન છેતરે છતાં સકળ કોઈ પરિસ્થિતિમાં એકમાત્ર ભગવાન પર જ આધાર રાખ્યા કરવાનો અભ્યાસ કેળવ્યા કરતાં રહીને ભગવાનને જ સર્વ પરિસ્થિતિમાં પ્રાર્થનાભાવે સાદ પાડ્યા કરવાનું રાખીશું તો પ્રકૃતિનો સ્વભાવ ઓગળતો જવાનો છે.

## અહમ્‌મુક્તિ

અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવો જોઈએ. પણ એ ભક્તિ વિના ઓગળવો કદી શક્ય નથી. ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે, ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બંનેનો પરસ્પર સંબંધ છે. **સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી.**

જે જીવ હૃદયની ખરેખરી સંપૂર્ણ ભાવનાથી સાધના કરતો હોય છે, તેને પરમ આનંદ અને તેનાથી બનતા જતાં પ્રભુપ્રીત્યર્થે કર્મોથી થતા રહેતા આંતરવિકાસને કારણે જે આત્મસંતોષ ને આત્મવિશ્વાસ પ્રકટ્યા કરે છે, તેના વડે કરીને પણ તેને જે આનંદ, ઉત્સાહ દિલમાં જન્મ્યા કરે છે, એમ બેવડા પ્રકારમાં તે તેમાં બસ મસ્ત રહ્યા કરે છે.

એમ કરતાં કરતાં જેમ જેમ સાધકજીવ સાધનામાં હૃદયના પ્રેમભક્તિના ઉત્કટ જોમથી ઝંપલાવે છે, જેમ જેમ તે આગળ પ્રગતિ કરતો જાય છે, તેમ તેમ તેને અંતરમાં અંતરથી જાગૃતપણે જ્ઞાનભાવથી ખબર પડતી જાય છે કે તે પોતે પોતાનાથી થતાં કર્મોનો કર્તા નથી. આ હકીકત તે કંઈ કલ્પના નથી. તેને સાચેસાચ તેવો અનુભવ થાય છે ને

એવો અનુભવ થતાં એનું અહમ્ તે પછી કંઈ કશામાં ઊભું જ રહી શકતું નથી અથવા એવા કાળે તેમાં અહમ્ ટકી શકતું નથી. તે પોતે વેળા અંતરમાં અંતરથી અનુભવ કરે છે કે તે પોતે તે થતાં રહેતાં કર્મોનો કર્તા નથી, પણ માત્ર કરણ છે ને સાચો કર્તા તો અંતર્યામી પ્રભુ પોતે જ છે.

એમ અનુભવ થતાં થતાં તેના હૃદયની પ્રાણપ્રતિષ્ઠા ચેતનાયુક્ત બને છે, શ્રીભગવાનમાં જ તે સતત એકધારો રમ્યા કરે છે. શ્રીભગવાન વિના બીજું કશું જ એને સૂઝતું નથી. એવી પરમ ભક્તિને કારણે **શ્રીભગવાનની સાથેનો એનો આંતરિક સંબંધ એટલો બધો જીવતો જાગતો સ્નિગ્ધ બની જતો હોય છે કે જ્યારે ને ત્યારે તો મહાપ્રભુની પ્રેરણાનુસાર વર્ત્યા કરતો હોય છે.** કંઈક સમજણ ન પડતા તે તેની સાથે પ્રાર્થનાભાવે પોતાના હૃદયનો તાર જોડી દે છે અને તે કાળનું જે તે બધું પ્રેમભક્તિજ્ઞાનભાવે એના ચરણકમળમાં સર્વભાવે સમર્પણ કર્યા કરે છે ને એને જોઈતી મદદ, સલાહ, દોરવણી મળ્યા કરતી રહે છે. એવા અનુભવ થતાં તેને પોતાના જીવનનો રાહબર પાસે ને પાસે જ છે એમ દૃઢ પ્રતીતિ થતાં એવાનાં નિરાંત, નિશ્ચિંતતા, શાંતિ, આનંદ વગેરેને કંઈ અવધિ હોઈ શકે ખરી ? એને માથે કેવી સમર્થની ઓથ છે ! તેવો પછી કદી પણ નામર્દ બની શકે ખરો કૈં ? કે કંઈ કશામાં ડૂબી જાય ખરો કે ? એવાને કંઈ કશું વળગી શકે ખરું કે ?

જાગૃત સાધકના પ્રત્યક્ષ વ્યવહારવર્તનમાં પણ એના જીવનધ્યેય પરત્વેની નિષ્ઠા અંતરમાં અંતરથી સઘનપણે એકધારી જીવતી રહ્યા કરતી હોય છે, અને કર્મમાં માત્ર કોરા કર્મનું ભાન એવા જીવને કદી પણ હોતું નથી. કર્મમાં તેવા પ્રકારના જીવનું જ્ઞાનભાન તો, કર્મને પ્રેમભક્તિપૂર્વક કરતાં કરતાં તેમાંથી યજ્ઞનારાયણની શક્તિ પ્રકટે અને તેનો પ્રસાદ પોતે આરોગે તેવી તેની જીવનની નીતિરીતિ પ્રમાણેનું હોય છે. શ્રીભગવાનને ચરણકમળે જે તે બધું પ્રેમભક્તિથી જ્ઞાનપૂર્વક તે સમર્પણ કર્યા કરે છે. તે કશું જ પોતાના તરીકે રાખતો હોતો નથી.

આવો જેને જ્ઞાનપૂર્વક અભ્યાસ રહે છે, તેનામાંથી દ્વંદ્વાદિ મોળાં પડતાં જાય છે. તેનું અહમ્ આપમેળે પીગળે છે ને નમ્રતાનો સહજગુણ તે પછી તેનામાં છતો થઈને પ્રવર્તતો અનુભવાય છે.

**અહંમુક્તનાં લક્ષણો**

જેને અહંતા મુદ્દલે નથી, તેને કશા કોઈના આઘાત-પ્રત્યાઘાત પણ હોતા નથી. એને કશી ઊથલપાથલ પણ હોતી નથી; અથવા એને કંઈ કશા પરત્વે આમ કે તેમ થવાપણું પણ હોતું નથી. જે જેમ જ્યાં હોય ને જેમ થયાં કરતું હોય, ત્યાં તે તેમનો તેમ રહ્યાં કરે છે, જાણે કે કંઈ લાગતુંવળગતું ન હોય તેમ. એને કશું સ્પર્શી પણ શકતું નથી. તે સાવ સંપૂર્ણ નિરાગ્રહી રહ્યાં કરતો હોય છે. તેવો જીવ નિરાકાંક્ષી હોય. વળી અહંતા ન હોય, તેવા જીવનમાં કંઈ કશા પરત્વે મમત્વ, રાગ, મોહ, મદ, આદિ વૃત્તિઓ પણ ન હોય.

અહમ્‌નો જેમ જેમ લય થાય તેમ તેમ વિવેકશક્તિ ખીલતી જાય છે. સારાનરસાપણાનું યથાર્થ રીતે ભાન પ્રગટે છે. વિચાર કરીને કર્મ ન થાય; આપમેળે કર્મની સ્ફુરણા થાય. વિચારોની પરંપરા ઘટે.

જે કાંઈ થવાનું હોય તે પ્રેરણાથી થાય. નિર્વિચારણાની સ્થિતિ પ્રગટતી જાય. બુદ્ધિ શ્રદ્ધાથી દોરવાય. પ્રાણમાં સદ્‌ભાવ ને સમભાવ રહે. બુદ્ધિમાં સદ્‌ભાવથી પ્રેરાયેલું જે ઊઠે, એની પાછળ મન ચાલે, સંકલ્પ વિકલ્પ ના કરે.

**અહંતા ઘટે છે ને સાવ ઘટે છે, તેવી જ વેળા હૃદય એટલે શું તે પણ સમજાતું જતું હોય છે.** આવી રીતે જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની છેલ્લામાં છેલ્લી નમ્રતા કેળવાઈ ગયેલી હોય છે, એટલે કે ભૂમિકામાં અહમ્ સાવ છેક મોળું પડી ગયેલું હોય છે, ત્યારે જ તે જીવનવિકાસના ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં પ્રવેશવાની આપણને સરળતા પ્રાપ્ત થતી હોય છે.

**નમ્રતા**

નમ્રતા બુદ્ધિપૂર્વક કેળવી શકાતી નથી. એ તો આપમેળે જ હૃદયમાંથી ઊગી નીકળે છે. તેના પ્રાકટ્યને અનુકૂળ ભાવનાઓના પરિશીલનથી આપણે નમ્ર બની શકીએ. સંસારના વિવિધ અનુભવોથી જ્યારે એમ અંતરમાં સમજાય છે કે જે કંઈ બને છે કે બની રહ્યું હોય છે તે આપણી નહિ, પણ ઈશ્વરની ઇચ્છાને જ આધીન છે, ત્યારે સંસાર પ્રતિનું ''હુંપણું'' મોળું પડે છે. શ્રીભગવાનની ઇચ્છા વિના એક પાંદડું ય હાલતું નથી એવા જ્ઞાનમાંથી જ સાચી નમ્રતા જન્મે છે. કારણ કે

આમ જ્ઞાન થાય છે, ત્યારે આપણા ''હું પણા''થી પ્રેરાઈને પછી કંઈ આપણે કરતા નથી, ને ધીમે ધીમે શૂન્યતા કેળવાતી જાય છે.

સાધનામાર્ગમાં થવા કાજે જ્ઞાનપૂર્વક રજથીયે રજ થવાની જરૂર છે. નમ્રતા તો શૂન્યતાથીયે પાર થાય તે ઘણું જ જરૂરનું છે. નમ્રતા એટલે પોતે કશું જ નથી, **એકમાત્ર શ્રીભગવાન જ છે, એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના તે.** તે વિના આપણું કામ કદી પાકી શકવાનું નથી.

શૂન્યતા એ નમ્રતાનું માપ છે. **શૂન્યતા એટલે અહંતાનો સર્વાંશે લય.** જેનામાં લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું તેને જ નમ્રતા વરે છે. એટલે નમ્રતા જીવની ઊર્ધ્વગતિના અને સ્થિતિના પરિણામનું એક લક્ષણ છે. બધી ઈન્દ્રિયો ને મન તથા પ્રાણ સમગ્રપણે જ્યારે મૌન સેવે છે, ત્યારે જ નમ્રતાનો સાત્ત્વિક ગુણ જીવનમાં સાકાર થાય છે.

જે ગરીબ બકરીથીએ વધારે ગરીબ છે પણ જેના અંતરમાં સિંહના જેટલી શક્તિ ભરેલી છે તે સાચા અર્થમાં નમ્ર છે. નમ્રતા એ હૃદયનો કદાચ સર્વોચ્ચ ગુણ હશે, તેથી હૃદય પારદર્શક બને છે.

જે નમ્રતા જીવનની સાધનાના અનુભવમાંથી પ્રગટે છે, એ નમ્રતા તો પ્રચંડ શક્તિસ્વરૂપ છે. એ તો શક્તિનું એક પાસું છે. શક્તિ પોતે જ નમ્રમાંયે નમ્ર અને ઉગ્રમાં યે ઉગ્ર છે. જો તે સ્વભાવતઃ નમ્રથી યે નમ્ર ન હોય તો જડ દેખાતા પદાર્થમાં તે ક્યાંથી ભળી ગઈ હોત ? એવી નમ્રતા જ્યારે પ્રભુકૃપાથી સાધકને પ્રાપ્ત થાય છે, ત્યારે તે પોતે રજની યે રજ નથી અને કિંકરનો પણ કિંકર છે, એવો દાસાનુદાસનો જ્ઞાનભક્તિપૂર્વકનો ભાવ પ્રકટે છે, તે વેળા નમ્રતા એના જીવનનો સહજ ગુણ બની ગયેલો હોય છે.

એવી નમ્રતામાંથી તો તેજસ્વિતા, શૌર્ય, પરાક્રમ, બળ, હિંમત, સાહસ, આદિ ગુણો પ્રકટતા હોય છે. નમ્રતા એટલે કાયરપણું મુદ્દલે નહિ. નમ્રતા એટલે કંઈ કશાંમાંથી ભાગવાપણું પણ નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્ક પાલન પણ નહિ. નમ્રતા એ તો આત્માનો એક ગુણ ગણાય.

**નિઃસ્પૃહતા**

આપણે જે કરવાનું છે તે અનાસક્તિપૂર્વક કરવાનું છે, નિર્મમત્વ કેળવીને કરવાનું છે, નિરહંકારી થઈને કરવાનું છે, પ્રેમભક્તિપૂર્વક જે તે કંઈ સમર્પણ કરતાં કરતાં શ્રીપ્રભુપ્રીત્યર્થે કરવાનું છે; જો આમ સાચા

ભાવથી ને સાચી રીતે દિલથી કરતા રહીશું તો નિઃસ્પૃહતા પણ કેળવાતી જવાની છે. આપણે ભગવાનનો ભાવ મેળવવો છે એ પણ એમ તો એક Desire ઈચ્છા થઈ, પણ અંતે તો એ પણ નિર્મૂળ થઈ જવાની.

નિઃસ્પૃહતામાં એક જાતની રચનાત્મક ઉદાસીનતા પ્રકટેલી રહે છે. આ ઉદાસીનતામાં નકારાત્મક ભાવ નથી. નિઃસ્પૃહતાનો ગુણ જ્યારે કેળવાય છે ને એમાં જ્યારે શક્તિ પ્રકટે છે ને એથી કરીને જ્યારે તેમાં ચેતન પ્રાણ પ્રકટે છે, ત્યારે કંઈ કરતાં કરતાં તેમાં બંધાઈ જવાતું નથી અથવા તો તેની છાયા પણ કે અસર પણ આપણામાં પ્રકટતી નથી. વિચારનું બંધન પણ નડતું નથી અને **જીવનવિકાસની ભાવનામાં એકાગ્ર ને કેન્દ્રિત થવામાં રસ પ્રકટે છે,** અને તે પછી કોઈ પણ પ્રકારના ઉપરછલ્લા માનસના સ્તરમાં તેનો રસ પ્રકટતો નથી.

નિઃસ્પૃહ થયા વિના તટસ્થતા કદી જન્મી શકે નહિ. નિઃસ્પૃહતા ત્યારે જ પ્રકટી શકે કે જ્યારે-

**વિહાય કામાન્ યઃ સર્વાત્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ !**

નિઃસ્પૃહ ક્યારે થઈ શકાય તેની ગીતામાતા ઉપર પ્રમાણે વ્યાખ્યા આપે છે. સર્વ પ્રકારના કામને છોડી દેવાય એટલે કે તેમાંથી મુક્ત થવાય ત્યારે તો આપણામાં હજી નિઃસ્પૃહતા ખીલે અને નિઃસ્પૃહતા પ્રગટે તો જ તટસ્થ રહી શકાય અને જેનામાં તટસ્થતા પ્રગટેલી છે એવો જ માનવી સાચો વિવેક કરી શકે અને એવો ખરેખરો વિવેક જ્યારે પ્રગટેલો હોય, ત્યારે જ કોને સહકાર આપવો, કોને ન આપવો ને કોનો ઈનકાર કરવો તેની સભાનતાની જાગૃતિ પ્રગટી શકે.

## હૃદય પ્રાકટ્ય (શરણાગતિની સ્થિતિમાં)

### હૃદય ક્યારે પ્રકટે ? (નિરંતર રસ - લગની લાગે ત્યારે)

હૃદય છે તેને કોન્શન્સ (conscience) કહીએ છીએ. આ બધાંની મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની સંપૂર્ણતામાંથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવો પ્રકાર નીકળે. પણ ક્યારે ? એમાં ને એમાં આપણે પરોવાયેલાં રહ્યાં કર્યા હોઈએ; એની આપણને ઘણી **ગરજ** લાગેલી હોય, ઉત્કટતા લાગી હોય અને એના વિના જાણે આપણને ચાલે જ નહિ એવી

પરિસ્થિતિ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને લાગી ગઈ હોય, જામતી જામતી અગ્નિના જેવી ભભૂકતી હોય ત્યારે એ કોન્શન્સ આપણામાં જામે છે. જામે છે એટલું જ નહિ પણ એ વર્ક (કાર્ય) કરતું થાય છે, એટલે સજાગ રાખે છે. સજાગ એટલે અવેર - એલર્ટ રાખે છે. હૃદય શું છે ?

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ એને લીધે પાંચ જ્ઞાનેન્દ્રિય - તે બધાં અહમ્ સાથે સંકળાયેલા છે અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ વગેરે હૃદય સાથે એટલે કે આ સૂક્ષ્મ હૃદયની સાથે સંકળાયેલા છે અને આ સૂક્ષ્મ હૃદય ચેતનાનું કેન્દ્ર અથવા મૂળ છે.

ચેતનાના પણ અમુક સ્થળ કહેલાં છે. **છાતી પર આ બે ડીંટીઓ છે તેના બરાબર મધ્યભાગમાં સાઈકીક હાર્ટ-સૂક્ષ્મ હૃદય રહેલું છે. બીજું બ્રહ્મરંધ્રમાં છે. આ બે ચેતનાના મુખ્ય સ્થળ છે.** સાયકીક હાર્ટમાં એ વ્યક્ત થાય છે. જેમ આપણી બધી મૂડી આપણી સાથે જ રાખતા નથી. બૅંકમાં રાખીએ છીએ. ખપ પૂરતી પાસે રાખીએ એવી રીતે બધી જ આત્મશક્તિ છે અથવા તો ડિવાઈન વાયટાલિટી છે એ બધી બ્રહ્મરંધ્રમાં છે. એ ત્યાં છૂપી પડી રહેલી છે. એ સાઈકીક હાર્ટ દ્વારા જ વ્યક્ત થાય છે.

જ્યાં સુધી હૃદયની ઇંદ્રિય કેળવાઈ ગયેલી નથી, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની ચેતનાશક્તિ કંઈક પુરાવા ભલેને હોય, છતાં બુદ્ધિ સ્વીકારી શકે તેમ હોતું નથી. હૃદયની વાત હૃદય સ્વીકારી શકે એવી હૃદયતા કેળવાયા વિના ખાલી એકલી બુદ્ધિના કોરાપણાથી આધ્યાત્મિક જીવનની ખરી ખૂબી ને તેનું મહત્ત્વ ને એની પિછાણ કદી પણ કોઈ જીવથી ખ્યાલમાં આવી શકવાના નથી.

આત્મનિવેદન અને સમર્પણભાવનું સાધન પણ ભક્તિભાવ વિના સાચેસાચી રીતે પ્રકટી શકતું નથી. આ બધા માટે પ્રકટેલું ને ખીલેલું હૃદય એ જરૂરની ભૂમિકા છે અને આત્મનિવેદન અને સમર્પણભાવ ખીલતાં ખીલતાં આપણાંથી પછી હૃદયમાં હૃદયથી પ્રાર્થના ખરેખરાં ભાવથી પ્રકટે છે. એવી પ્રાર્થનાનો રણકાર કોઈ ઑર પ્રકારનો ને અનેરો હોય છે. એ પ્રાર્થનામાં તાલાવેલીયુક્ત ઉત્કટતા પણ પ્રકટતી હોય છે. એટલે એવી પ્રાર્થના વડે કરીને આપણી ભૂમિકા યોગ્ય પ્રકારની પ્રકટવામાં શક્યતા સાંપડે છે અને પાછા તેને કારણે નવા પ્રકારની સ્થિતિને માટે અને તેના સ્વીકારને માટે આપણે લાયક થતા

જઈએ છીએ. આમ આમાં બેવડો લાભ થતો જતો હોય છે. એક બાજુથી આપણે ભાવનાથી ભાવનાના ઉત્તરોત્તર ઊંચી કક્ષાના સત્પ્રયત્નમાં લાગી રહેતા હોઈએ છીએ અને સાથે સાથે નવી નવી ભૂમિકા જન્માવીને નવી નવી ભૂમિકાનો સ્વીકાર થઈ શકે એવી સ્થિતિ પામવાને માટે લાયકાત મેળવ્યા કરીએ છીએ.

ભક્તિ પ્રકટ્યા સિવાય હૃદયને જાણી ન શકાય. ચેતન હૃદય દ્વારા મળે છે. **હૃદય તે કેવું ? નિરહંકારતા, નિષ્કામતા, નિર્મમત્વ વગેરે ગુણોથી જાગૃતિપૂર્વક પ્રકટેલું અને જેમ આગળ વધતા જાય તેમ ધીરે ધીરે ગાઢતા પ્રકટે અને તેનું ઉત્કટતામાં રૂપાંતર થાય.** ***ચેતનનો અનુભવ રૂપમાં નથી થતો; ગુણધર્મ પ્રકટે છે.***

આ જે સૂક્ષ્મ હૃદય છે તે જેમ પાટા ઉપર ગાડી એના અમુક ડેસ્ટિનેશન - મુકામ - ઉપર લઈ જાય છે, તેવી રીતે સૂક્ષ્મ હૃદય તેના અનુભવમાં, એમાં પ્રેરણા પ્રેરવામાં, એમાં ગતિ થવામાં, એના સ્થળ ઉપર લઈ જવામાં આપણને સતત મદદગાર રહ્યાં કરતું હોય છે. સાયકીક હાર્ટ, એ પ્રકૃતિથી સ્વતંત્ર છે. પ્રકૃતિથી તે દોરવાતું નથી. એટલે તો સાયકીક હાર્ટમાં મિસ્ટિસિઝમ પણ રહેલું છે. પ્રકૃતિની અંદર ગૂઢ તત્ત્વ છે.

જ્યાં બધાં કરણોનો એક સરખો સુમેળ સધાય છે, ત્યારે એ ભાવ જાગે છે. એ ભાવને લીધે કુદરતી રીતે દરેકનો અસલ જે આત્માનો ગુણધર્મ - જે સ્વભાવ છે એ એકાંતમાં ખીલે છે અને ત્યારે આ બધું - જીવનમાં ઘટનાઓ, ગૂઢતાવાળી ઘટનાઓ - તે આપણને બરોબર અનુભવમાં સમજણ પડે છે. એના હેતુની સમજણ પડે છે. એ પડવા લાગે ત્યાર પછી જ Mysticism of Life - જીવનનું ગૂઢ તત્ત્વ - આપણી બુદ્ધિમાં પ્રવેશતું જાય અને એની સમજણ પડતી જાય કે જીવનમાં આવું કોઈ મિસ્ટિસિઝમ છે. **આખરે તો બ્રહ્માંડની આખી રચના અને લીલા નિહાળીએ તો આપણને સમજણ પડે કે આ મિસ્ટિસિઝમ છે.**

**॥ હરિઃૐ ॥**

॥ હરિ:ૐ ॥

## પ્રકરણ-૧૩

# સંપૂર્ણ શરણાગતિ

- ...અને ચિત્તમાં જીવદશાના સંસ્કારો ન પ્રગટતા તે બધા મોળા પડી જઈને એક માત્ર ભગવાન પ્રત્યેની ભાવનાના જ સંસ્કારો પ્રગટ્યા કરે ત્યારે શરણાગતિ પાકે.
- ...તેમ તેમ જીવનવિકાસ પરત્વેની ઝંખના વિશેષ ને વિશેષ પ્રજ્વલિત બને છે.
- ... ત્યારે આપણી બુદ્ધિ પ્રભુના ચરણકમળમાં સમર્પિત થતી જશે ને છેવટે પૂરી રીતે સમર્પિત હશે.
- ... એટલે સંસ્કારોની સંપૂર્ણ શુદ્ધિ થવા આવતાં એનાં કર્મબંધનો તૂટે છે.
- તમન્ના અને અનાસક્તિ એ પરસ્પર સંકળાયેલાં છે.
- સાધકમાંથી અભિમાન પૂરું ઓગળવું જોઈએ તથા પ્રત્યેક કર્મમાં પ્રભુપ્રીત્યર્થે તે થયાં કરે એવી આંતરિક ભાવના અને તે થયાં પછી તેનું પ્રેમભક્તિથી જ્ઞાન વડે કરીને સમર્પણ થવું, કે એ બધું થયા કરે - અને તે પણ સહજમેળે - ત્યારે જ સાધના પાકી થઈ ગણાય.
- શરણાગતિ એટલે ભગવાનની ભાવનામાં સતત એકધારું રત રહ્યાં કરવું તે. આપણું પોતાપણું અને આપણાપણું સંપૂર્ણ વિલીન થઈ જાય, ત્યારે શરણાગતિ પ્રગટી શકે.
- સ્મરણના એકધારા, લગાતાર અભ્યાસમાંથી ભક્તિ જાગે છે અને ભક્તિના નિરંતરના "હૃદય-સેવનથી ભાવની જે સર્વોત્કૃષ્ટ ગાઢતા પ્રગટે છે અને તેના આધારથી મનાદિકરણો હરિ-લીલાને અનુભવવાની પાત્રતા પામે છે."
- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, ને અહમ્‌નો સંપૂર્ણ પ્રેમભક્તિજ્ઞાનયુક્ત શરણભાવ પૂરેપૂરો પ્રગટી જાય, ત્યાર પછીથી જ ચેતનાનાં પ્રદેશમાં આપણે પહેલું પગલું માંડવાની શરૂઆત કરીએ છીએ.
- હરિની સભાનતા જાગે છે પછી એમાં ખરેખરો વેગ આવે છે.
- એ તલસાટ એને બીજા કોઈ વિષયમાં જવા જ ના દઈ શકે, ગમે તેવી પરિસ્થિતિ ભલે ને આવે.
- જે તલસાટ જાગે છે, તે તલસાટમાં આનંદ તો છે, પણ તે જીરવી શકાય એવો નથી હોતો. આપણું શરીર એને માટે લાયક બનેલું નથી હોતું, એ તલસાટમાં ને તલસાટમાં કેટલાંકનું શરીર તૂટી પડે છે.

- *ઝાંખી એ તો શ્રીભગવાનની કૃપાનો કોઈ અગોચર, અગમ્ય, ગૂઢમાં ગૂઢ અને પાછો સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી એક શ્રીહરિલીલાના દિવ્ય-ભાવનો પ્રત્યક્ષ હકીકતયુક્ત અનુભવ છે.*
- *જો કે ઝાંખી એ તો પ્રાણના સૂક્ષ્મ અને દિવ્યપ્રદેશની હકીકત છે.*

## ઊર્ધ્વગતિ પ્રક્રિયા

મથતાં મથતાં જ્યારે મથવાની સ્થિતિમાંથી ફલિત થતાં જવાની ભૂમિકા પ્રગટે છે અને એ ફલિત થયાં જવાની સતત, અવિચલ એવી જે મૌલિક, ગતિ જીવનમાં જે એકધારી ચાલી જ રહેલી છે તેમાંથી જીવનમાં જે ગૌરવ અનુભવાય છે, જીવનનું જે મહત્ત્વ સમજાય છે, જીવનની જે અલૌકિકતા અને જેમાં ને તેમાં જીવનની રહસ્યમય ઘટનાઓનું વારંવાર જે પુનરાવર્તન થતું હોય છે તેમાં તેવા પ્રકારના જીવનની જે ગૂઢ લીલા છે, જે ગૂઢ રહસ્ય છે, તેના વડે કરીને પેલો શ્રેયાર્થી તો ઑર આકર્ષાતો હોય છે. આ ચેતનાના પ્રદેશને માર્ગે એવાં આકર્ષણ પમાડનારાં, ધક્કો દેનારાં, પ્રેરણા પાનારાં, અને તે અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામવાને માટેના નવા નવા પુરુષાર્થની પ્રત્યક્ષ વર્તનકળાનું દર્શન પણ કરાવે છે. કોઈ નિશ્ચિત ધ્યેયને માટે નિર્ણયાત્મક ને નિશ્ચયાત્મક એકરાગપણાથી સતત મથ્યાં કરવાનું જે બને છે, તેમાંથી તેને નવા નવા ઉપાયો પણ મળ્યા કરે છે તેવો ઘણાનો અનુભવ છે.

પ્રકૃતિના એક જ પ્રકારના વલણમાં ને વર્તનમાં જડસુ બની ગયેલાં મનાદિકરણોને આવા ઊર્ધ્વતમ પ્રદેશમાં મથાવવાને કારણે એને ત્યાં કોઈ નવી દિશા મળે છે. મનાદિકરણનું સ્થગિત થઈ ગયેલું વલણ બદલાવા માંડે છે. તે પણ કોઈ નવાં પ્રકારનાં બનતાં જતાં હોય છે. જેમ તેમનો પ્રદેશ નવો છે, જેમ તેમને અનુભવવાની ભૂમિકા નવી ને નવી પ્રાપ્ત થતી જાય છે અને તે બધું ભગવાનની કૃપાથી સતત થતું જતું હોય છે; તે તે વેળા અનેક એવા અણકલ્પ્યા એવા પ્રદેશોની ભૂમિકા પ્રત્યક્ષ વર્તમાન થતી જતી હોય છે. ત્યારે મનાદિકરણની સ્થિતિ પણ બદલાયાં કરવાની સ્થિતિમાં જ પ્રગટતી રહે છે. આવી એક પ્રકારની સતત પલટાયા જવાની પ્રક્રિયામાં શ્રેયાર્થીનાં મનાદિકરણો પ્રવર્ત્યા કરતાં હોય છે. એમ થતાં થતાં એને નવા જીવનની ઝલકનો અનુભવ થાય છે, ત્યારે પેલા શ્રેયાર્થીનાં મનાદિકરણ તો આખું

અનુભવવાને માટે કેટલાં બધાં તલસાટવાળાં થતાં જતાં હશે તે સામાન્ય માનવીની બુદ્ધિને પણ ખ્યાલમાં આવી શકે તેવું છે. આમ શ્રેયાર્થી નવા નવા અનુભવોના પ્રેરણાના ધક્કેલાથી આગળ ને આગળ ખસેડાતો જતો જ હોય છે. એક સ્થિતિમાં તે સલામત પડી રહી શકતો નથી. એવી અનેક સલામત સ્થિતિઓ ભલેને અનેકવાર આવે, પરંતુ તેનો ઉત્કટમાં ઉત્કટ તીવ્ર ઉચાટ તો તે તે સલામત સ્થિતિથી કોઈ પરના પ્રદેશનો છે અને એને લીધે જ તે તેવી સ્થિતિમાં પડી રહી શકતો નથી. એવા કારણથી જ હાલના જીવદશાવાળાથી જે હાલના જીવદશાવાળા જીવનને ચેતનાના પ્રદેશનો અનુભવ થવા માટે જે અગ્નિના જેવી ઉત્કટ જિજ્ઞાસા પ્રગટે છે તેવા પ્રકારની જિજ્ઞાસા જ પેલા જીવને પેલી સ્થિતિસ્થાપકતાની સ્થિતિમાં ને સ્થિતિમાં પડી રહેવા દેતી નથી. મતલબ કે તેને તેનાથી ઉચ્ચ પ્રકારની સ્થિતિ માટે પ્રેરવ્યા કરે છે. આમ, શ્રેયાર્થી મથતાં મથતાં અનેક જુદા જુદા અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામે છે અને તે પ્રદેશની રોનક ને ભપકાથી તે ઓર આકર્ષાય છે. પરંતુ તેની જિજ્ઞાસા તો કોઈ એવા થતા જતા અનુભવોથી કોઈ ઉત્તરોત્તર ચડતા જતા એવા શિખરોની પર એની દૃષ્ટિ તો કોઈ વેધક ને સક્રિયપણે મંડાયેલી રહ્યા જ કરતી હોય છે. તેથી તે સતત વર્તમાનકાળમાં જ જીવે છે અને તેથી તે સતત ગતિશીલ અને ગતિનું વલણ પણ હંમેશાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાંથી કોઈ ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં પ્રવેશાયા જતો હોય છે. આમ એની ગતિ કદી અટકતી નથી. એનું કારણ પણ એની એવા પ્રકારની જિજ્ઞાસા જ છે. તેથી હાલના જીવદશાવાળા જીવનને પલટાવવાને કાજે અગ્નિના જેવી ભડભડતી અને બળબળતી જિજ્ઞાસા જ એક હકીકતરૂપ છે. એવી જિજ્ઞાસા જીવતીજાગતી ચેતનાત્મકપણે સક્રિય થયેલી જ્યાં છે ત્યાં જ આગળ ને આગળ વિકાસ છે.

**સર્વ કંઈને ઓળંગી જવાનું છે**

જરૂર પડે સર્વ કંઈને ઓળંગી જવાનું બનતાં જે ઓળંગી જવું પડે છે, તેનું જ્ઞાન આપણને પ્રગટવું ઘટે. તેવા જ્ઞાનના પ્રગટવાથી કરીને નિર્મમતા સંપૂર્ણપણે ઝળહળી ઊઠે છે. આવી સ્થિતિ પ્રગટતા શરણાગતિની સ્થિતિ પાકે છે. સર્વ પ્રકારની મર્યાદાઓ ઓળંગાઈ ગઈ નથી, ત્યાં સુધી આપણે આપણું કરતાં કરતાં સર્વને ઓળંગી જવાની

ભાવના દિલમાં રાખ્યા કરીને વર્ત્યા કરવાનું છે. સાધનાના પંથે જતાં જતાં જે તે બધાને ઓળંગી જવાની હૃદયની તાકાત જાગવી જોઈએ.

જ્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના બધા પ્રાકૃતિક ધર્મ બદલાય, ત્યારે સાચી શરણાગતિ પ્રગટે. એટલે કે **મન સંકલ્પ - વિકલ્પ કરતું અટકે; બુદ્ધિમાંથી શંકા-કુશંકા, સંદેહો, અન્યથાપણું, તર્ક, દલીલ આ બધું શમે અને વિચાર કરવાની પદ્ધતિ બદલાય એટલે કે બુદ્ધિ પ્રજ્ઞાસ્વરૂપ થવાની તૈયારીમાં હોય, પ્રાણના પ્રાકૃતિક ધર્મ - આશા, ઈચ્છા, લોલુપતા, તૃષ્ણા તથા કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર એ બધું ઘટી જાય અને એકલી ભગવાન માટેની કામના પ્રગટ્યા કરે તથા અહમ્‌માંથી જીવ પ્રકારનું અભિમાન - અહંકાર ઘટે અને ભગવાનની ચેતનાથી જ જે તે બન્યાં કરે છે, એવી પ્રતિષ્ઠા કેળવાઈને જીવતી પ્રગટે અને ચિત્તમાં જીવદશાના સંસ્કારો ન પ્રગટતાં તે બધાં મોળાં પડી જઈ એકમાત્ર ભગવાન પ્રત્યેની ભાવનાના જ સંસ્કારો પ્રગટ્યા કરે, ત્યારે શરણાગતિ પાકે.**

**સાધનામાં વેગ - અનાસક્તિનાં પરિણામો**

એ રીતે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે સાક્ષીભાવ રાખતા રાખતા એવો ધન્ય જીવ નિરાસક્ત બનતો જાય છે, તે છેવટે એની ઈન્દ્રિયોની ટેવોના વલણનું પણ એવું રૂપાંતર થઈ જાય છે કે ઈન્દ્રિયોનો પણ સાક્ષીભાવ રહેવો સહજ થઈ જાય છે. આમ એની વૃત્તિ નિરાસક્તિના ઠંડા ભાવના પ્રવાહમાં વહેતી થાય છે, એટલે સંસ્કારોની સંપૂર્ણ શદ્ધિ થવા આવતાં એનાં કર્મબંધનો તૂટે છે. આમ, જ્યારે ઈન્દ્રિયો નિરાસક્ત થવા માંડે છે ને પછી તેમ થાય ત્યારે જ આપણને સાચી વિવેકશક્તિ મળે છે. એવી વિવેકશક્તિની આંખ ઊઘડ્યા પહેલાંના નિર્ણયો આપણી બુદ્ધિના નિર્ણયો હોય છે અને આપણી બુદ્ધિ અનેક જન્મોના સંસ્કારોથી વિવિધ રંગે રંગાયેલી હોય છે; તેથી એવી બુદ્ધિએ સુઝાડેલા નિર્ણયો પૂરેપૂરા જ સાચા છે એમ માની લેવું એ પોતાના ભગવાનને રસ્તે જવાના માર્ગ પર પથરા નાખવા સમાન છે. માટે એવા નિર્ણયોને આધારે જીવન ઘડવું તે યોગ્ય નથી. આપણે સમજવું ને યાદ રાખવું જોઈએ કે આપણી "મોહકલીલ" (મોહરૂપી કાદવ)માં પડેલી બુદ્ધિના નિર્ણયો પૂરેપૂરા સાચા તો નથી જ.

જગતમાં યોગ્ય રીતે જીવન જીવવું એનો અર્થ જ એ કે ઈન્દ્રિયોના વ્યવહાર ભલે ચાલુ રહ્યા કરે પણ તે તે વેળાએ સતત જાગૃતિ હોય અને સાક્ષીભાવે રહેવાને પ્રયત્ન કરવાની સ્વાભાવિક રીતે જ સહજ ટેવ પડી જાય, અંગ્રેજીમાં જેને "Reflex action" કહે છે તેના જેવું એક જાતનું તાટસ્થ્યભાવનું વલણ આપોઆપ સામું ઊઠ્યા કરે ને એમ થતા સાક્ષીભાવ આપણામાં છેવટે સતત રહેશે. ત્યારે આપણી બુદ્ધિ પ્રભુના ચરણકમળમાં સમર્પિત થતી જશે ને છેવટે પૂરી રીતે સમર્પિત હશે. આવો સુભગ સંયોગ આપણા જીવનમાં પ્રાપ્ત થવા સારુ પૂરેપૂરી નમ્રતા, શ્રદ્ધા, વિશ્વાસની અનિવાર્ય જરૂર છે; અને તે બધું જપ, ધારણા, ધ્યાન, પ્રાર્થના, શરણભાવ ને સતત સમર્પણયજ્ઞ વગેરે પ્રભુકૃપાથી થયા કરે તેમ થતું જતું હોય છે; અને તેમ થતું જતાં આપણાથી થતા જતાં પ્રત્યેક કર્મમાં તેનો ભાવ ઊતરેલો આપણને અનુભવમાં આવશે જ.

જેમ પ્રાણની શુદ્ધિ વિશેષ ને વિશેષ થવાં માંડે એટલે કે આશા, ઇચ્છા, તૃષ્ણા, લોલુપતા, લોભ, મોહ, કામ, ક્રોધ વગેરે બધું જેમ મોળું પડવા માંડે છે, તેમ જીવનવિકાસ પરત્વેની ઝંખના વિશેષ ને વિશેષ પ્રજ્વલિત બને છે. જીવન પરત્વેની ઝંખનામાં જે ગતિશીલતાની મંદતા પ્રગટે છે, તેનું કારણ તો આપણા પ્રાણની અશુદ્ધિઓ છે અને જીવપ્રકારની નિમ્ન વૃત્તિઓના પ્રવાહમાં આપણાથી તણાયા કરવાનું જે બને છે, તેનાથી કરીને ઝંખનામાં ફેર પડી જતો હોય છે એમ જેમ જેમ આપણી પ્રાણશુદ્ધિ થતી જશે અથવા એવા પ્રકારના ખરેખરા સાચા હૃદયના એકધારા પ્રયત્નમાં પૂરેપૂરા પ્રેમથી જેમ મંડ્યા રહ્યાં કરીશું, તેમ તેવી **ઝંખનાને એવી તો ગગનચુંબી પાંખો પ્રગટવાની છે કે જે આપણને સતત એકદમ ઊંચે ને ઊંચે ગગનવિહાર કરાવ્યા કરશે.** ઝંખનાનું સ્વરૂપ જેમ સ્થૂળ છે તેમ સૂક્ષ્મ પણ છે; જેમ તે નિમ્નગામી છે, તેમ તે ઊર્ધ્વગામી પણ છે. જીવનવિકાસના ધ્યેય પરત્વે આપણું મોં જો તે બાજુનું ફરી ગયેલું હશે અને જીવનધ્યેય પરત્વે આપણા રોજબરોજનાં તેવા પ્રકારનાં વર્તનવ્યવહાર હશે તો સદાય ઝંખના જીવતીજાગતી રહેવાની છે, તે નિશ્ચે કરીને જાણશો. ઝંખનાનું દિવ્ય સ્વરૂપ એ તો અગ્નિ પોતે છે. એવો જે અગ્નિદેવ છે, તે તો કદી ઓલવાતો નથી. ઝંખના વિના આપણે કદી આગળ વધી શકવાના નથી.

અનાસક્તિથી જેમ જેમ કર્મ થતાં જાય છે તેમ તેમ એનામાં એક પ્રકારની મોકળાશ પ્રગટે છે. એને નિરાંત વળે છે. એને કશો કોઈ જાતનો ઉજાગરો રહેતો નથી. પોતે અનાસક્ત થતો જતો હોવાથી એનાં રાગદ્વેષ મોળાં પડતાં જાય છે. એને કશા વિશે કશાનો ભાર લાગતો નથી. એ વધારે ને વધારે નિશ્ચિંત બનતો જાય છે. એક પ્રકારનું એવું હળવાપણું એનામાં પ્રગટે છે કે જેથી એ ઊડ્યા કરે છે.

સકળ કર્મ એ સમર્પણયજ્ઞાર્થે જ કર્યા કરે છે. ઉચ્ચતમ જીવનની જીવનમાં હાકલ પ્રકટાવાને માટે અનાસક્તિભર્યું જીવન જીવવાનો અભ્યાસ છે, જીવતો ખંતપૂર્વકનો ઉત્સાહભર્યો, જાગૃતિ ચેતનાપૂર્વકનો જેનો ઉત્કટ અભ્યાસ છે એવાના જીવનમાં તમન્નાની જ્વાળા ભભૂકવાની છે. આપણું મન તે વેળા તે જ દિશામાં રહ્યા કરશે. જે દિશામાં જબરદસ્ત આપણી ગતિ હોય તેમાંથી ઊંધી દિશામાં જવાનું કદી બની શકતું નથી, એ જેમ હકીકત છે તેમ જીવની ગજગ્રાહની એવી મથામણમાંથી, એટલે કે આસક્તિ-અનાસક્તિનાં મંથનોમાંથી અને મથામણોમાંથી જીવ જ્યારે નીકળવા માંડે છે, ત્યારે તે પર્વતોની કરાડોમાં ને કંદરાઓમાં પુરાઈ ગયેલી નદી, તે બધાને વટાવીને જ્યારે મેદાનમાં વહેવા માંડે છે ત્યારે એના વહેણમાં જે એક પ્રકારની મોકળાશ ને ઉન્મતપણું આવે છે, તેમ જીવનમાં પ્રત્યેક સાધક અનુભવે છે. અનાસક્તિ પ્રગટતાં જીવ કશામાં બંધાઈ જતો નથી. એની તમન્નાનો જ્વાળામુખી પછી તો વધ્યા જ કરે છે. એ કશામાં ભેરવાઈ પડતો નથી. એની અંતર્મુખતા પૂરેપૂરી જળવાઈ રહે છે. એવી લઢણમાંથી જ એની આંતરશક્તિ પ્રગટતી હોય છે. તમન્ના અને અનાસક્તિ એ પરસ્પર સંકળાયેલાં છે. એકબીજાની સાથેનો સંબંધ એકબીજાથી છૂટો નથી. એક આવે તો બીજું આવે અને બીજું હોય તો પહેલું હોય જ.

સાધકમાંથી અભિમાન પૂરું ઓગળવું જોઈએ તથા પ્રત્યેક કર્મમાં પ્રભુપ્રીત્યર્થે તે થયાં કરે એવી આંતરિક ભાવના અને તે થયાં પછી તેનું પ્રેમભક્તિથી જ્ઞાન વડે કરીને સમર્પણ થવું, કે એ બધું થયા કરે - અને એ પણ સહજમેળે ત્યારે જ સાધના પાકી થઈ ગણાય.

**જીવપ્રકારની સર્વ વૃત્તિથી મુક્તિ અને પ્રભુમાં લગની ને સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય ત્યારે શરણાગતિ પ્રકટી છે એમ ગણાય.**

**સકળ પ્રકારનાં આગ્રહો, માન્યતાઓ અને પોતાની વિચારસરણી, રીતરિવાજ, ટેવો એ બધાંથી મુક્ત થયા વિના શરણાગતિ કદી પ્રગટી શકે નહિ. શરણાગતિ એટલે ભગવાનની ભાવનામાં સતત એકધારું રત રહ્યાં કરવું તે. આપણું પોતાપણું અને આપણાપણું સંપૂર્ણ વિલીન થઈ જાય ત્યારે શરણાગતિ પ્રગટી શકે.**

### હરિરસ
### હરિ શો દિલથી પ્યારો છે !

જીવનમાં એકલો માત્ર હરિ શો દિલથી પ્યારો છે !
હરિને દિલ રીઝવવાને બધું ઓવારી નાખ્યું છે.

અમારું જે હતું તે તે દઈ દીધું બધું જે જે,
અમારે હાથ પણ દિલ તો હવે તે ના રહેલું છે.

હૃદય તો માત્ર હરિ-સ્મરણે ખરું ઘેલું થયેલું છે,
બધો સંસાર હરિ-સ્મરણે નર્યો પીગળી ગયેલો છે.

હરિ, હરિ દિલ નિરંતર શું સત પોકાર પાડે છે !
હરિ વિના હવે દિલને કશામાં રસ રહ્યો ના છે.

સાધનાની પરિપક્વતા એની સંપૂર્ણતાના ગૌરીશંકર શિખર ઉપર પહોંચે છે, ત્યારે જે રસ અનુભવાય છે તેની કંઈક ઝાંખી ને સમજણ આ ગીતોમાં પ્રભુકૃપાથી આપી શકાય છે.

આ રસ અલૌકિક, ભવ્ય અને મૌલિક છે. કોઈ કવિને તેની કલમમાં તે દર્શાવવાની શક્તિ હોતી નથી. એ અવર્ણનીય છે, અનોખો છે, સંપૂર્ણ સમગ્રતા તે રસમાં સમાયેલી છે, વળી, પાછી ગોપનીય પણ છે તેમ છતાં તે વ્યક્ત થતો હોય છે. રસમાં આ જે બધું સકળ સર્જન છે, તેનું મધ્યબિંદુ ને કેંદ્રબિંદુ રસ જ છે. રસ વિના કંઈ કશાનું સર્જન થઈ શકતું નથી. એવો રસ હૃદયની સંપૂર્ણ ભક્તિ પ્રગટ્યા વિના કદીકાળ પ્રગટી શકતો જ નથી. રસેશ્વરની ભક્તિ એવા ભક્તિવાળા હૃદયમાંથી જે રસ ઝરે છે તે જ અમૃત છે અને એવો રસ ભાષાની મર્યાદા વટાવી ગયેલો હોય છે. તેમાં ગતિ ન હોવા છતાં અવર્ણનીય ગતિ છે ત્યાં કોઈ સંકલ્પ-વિકલ્પ ટકી શકતા નથી.

## જીવનરસ

જીવન-રસનો ખ્યાલ સામાન્ય જનને નથી,
સર્વ પ્રકારથીયે શો તે રસાનંદ અદ્‌ભુત !

અનેક જાતના કેવા જીવને રસ છે જુદા !
અનેક રસ એવાથી જીવનરસ શો જુદો !

રસ જીવદશા કેરા, જેણે પચાવી જીવને-
સંયમે નાથિયાં; તેને જીવનરસ તો મળે.

શરીર, મન ને પ્રાણ સંયમે પલટાય છે,
વિકાસે-કાબૂમાં આવી-તે ફળદાયી થાય છે.

શકાય સરખાવી ના એને કોઈની સાથ તે,
અગમ્ય ને અનોખો શો ? મ્હાલશે તે જ પ્રીછશે.

## છલોછલ શું રસામૃતથી ?

"રસીલા ભાવ અમૃતથી ન એની કોઈ વાણી છે;
પૂરું હોવા છતાં મૌન જ અવર્ણનીય ભાવ ઝરતો છે."

અદ્વિતીય અનોખો છે અનુભવમાં છતાં પાછો,
બધું અસ્તિત્વ સંપૂર્ણ પૂરું ભરપૂર ભરેલું છે.

નરી સમગ્રતા માત્ર સમાણી બિંદુમાં શી તે !
કશું હોવા છતાં ના તે, બધું જે તે જ સઘળું છે.

જીવનમાં શો નર્યો રસ છે ! રસામૃતના જ સાગર છો.
છલોછલ શું રસામૃતથી નર્યું જે તે ભરેલું સૌ !

## જીવનમાં દિલ હરિ-રસનું

હરિ તારી લીલા કેરો હવે દિલ મર્મ સમજાયે;
હૃદય સમજાય ના માત્ર, પરંતુ શો જ પરખાયે !

શું પરખાતાં જહીં દિલ તે ! નયન ને દિલ બન્નેયે
-જઈ પલટાઈ, જીવનમાં હરિ-રસ-રંગ રેલાયે.

જીવનમાં દિલ હરિ-રસનું થયેલું છાંટણું જ્યાં છે;
શું સંક્રાંતિ તણો ગાળો બધો ઊડી ગયેલો છે !

હવે ના બસ રહેલી છે કશીયે રોકટોક જ તે;
હરિ-હરિમાં હરિને બસ હરિથી રેલવાયે છે.

## હરિ-રસ લ્હાણમાં જીવન

હરિ-રસ લ્હાણમાં જીવન હવે બસ મ્હાલવાનું છે;
અનુભવવું રહ્યું ના છે, શી રેલંછેલ રસની છે !

ઉપર નીચે જ આગળને વળી પાછળ બધે જ્યાં ત્યાં
-પડે વરસાદ ભૂમિમાં લીલુંછમ શું બધું ત્યાં ત્યાં !

ભૂમિનું દશ્ય સઘળુંયે નૂતન સર્જનથી બદલાયે;
નૂતન તે ફાલનું કેવું ફળેલું ત્યાં અનાજ જ છે !

નભે, ટકતાં, સકળ જન શો વળી પોષાય તેનાથી;
જીવન-વ્યવહાર પણ કેવો બધો ચાલ્યાં કરે તેથી !

## સ્વરૂપે રસ હરિ પોતે

જીવન રસ, રસથી ભરપૂર છે, છલોછલ રસ બધું જે તે,
કશું ના રસ વિના ઠાલી, બધું તરબોળ રસથી છે.

બધું સર્જન થતું રહે છે, ખરેખર રસને કારણ તે,
વિલય, પોષણ થતું રહે છે, બધાંનું રસને લીધે તે.

બધાંનું મૂળ અસ્તિત્વ સમાયેલું જ રસમાં છે,
ભલે દેખાય સૌ જુદું, બધું પરિણામ રસનું તે.

બધું અસ્તિત્વ જે કંઈ છે, બધું રસને જ લીધે તે,
સ્વરૂપે રસ હરિ પોતે, છતાં ના માત્ર તેવો તે.

## ફળી હાવાં શી પ્રત્યક્ષે !

હરિરસ રંગની મસ્તી જીવનમાં ફોરી, ફાલી છે,
નસેનસમાં, રગેરગમાં ફુવારો મસ્તીનો ઊછળે.

શરીરના રોમરોમેયે પ્રવેશી ભાવ, ત્યાંયે યે
-થતો રહી વ્યક્ત રોમાંચ ઊગે આહ્‌લાદકારી તે.

જીવનમાં ભાવ કેળવવા ખીલવવાને મહેચ્છા જે
-ધરી શ્રદ્ધા, શી સેવી'તી, ફળી હાવાં શી પ્રત્યક્ષે !

નર્યો આધાર રસવંતો થયો શો ભક્તિના ભાવે !
જીવન સાર્થક્યનો લાવો હવે બસ મહાલવાનો છે.

## બધું જે તે પ્રફુલ્લિત છે

હૃદય આનંદ, ઊર્મિઓ, લહરીઓ પર લહર ઊડે,
શી મર્યાદા અતીત થઈને બધો આધાર નાહ્યો છે.

હૃદય આનંદ વર્ષાનો શું છંટકાવ અનોખો છે !
શું ભાષાનીય મર્યાદા વટાવી તે ગયેલો છે !

ગતિ હોવા છતાં ના ત્યાં અવર્ણનીય ગતિ શી છે !
કશા સંકલ્પ વિકલ્પો ટકી શકતા ન દીસે છે.

અનુપમ ખુશબો કેરી નરી રમઝટ શી વર્ષી છે !
બધું જે તે પ્રફુલ્લિત છે, નરી શી રેલમછેલ જ છે !

## બધું રસ, રસ અને રસ છે

જીવન જીવવું, જીવન જીવવું, હવે કોઈ ન્યારું ન્યારું છે,
અમારે દિલ બધી દુનિયામહીં અજવાળું લાગે છે.

કશું તારા વિના ખાલી વિના રસ ના કશુંયે છે,
બધું રસ, રસ અને રસ છે, બધું રસનું બનેલું છે.

કશું મિથ્યા જરી પણ ના, બધું હરિથી ભરેલું છે,
હૃદય સભાનતા રસની ઊંડે તળિયે શી વ્યાપી છે !

કણેકણ દિલ આધારે શું રસનો મસ્ત ઉદધિ છે !
હૃદયથી ગેલ અનુભવવા સુખદ દી સાંપડેલો છે.

## હરિ-રસ કેવો જીવનમાં

હવે અતડું રહ્યો તારે કહેને, કેમ પાલવશે ?
હૃદયની ગોઠડી-કારણ, ચઢેલી રીસ તુજ પર છે.

પરંતુ એક ઘડી-પળ તે થવાતું અળગું તુજથી ના,
તને નીરખ્યા વિના હૃદયે જરા જંપાતું દિલથી ના.

કંઈક ને કંઈક શાં ગેલ હરિ તુજ સાથ કરવાને !
હૃદય એવી રમતમાં ને રમતમાં કેવું મ્હાલે તે !

હરિ-રસ કેવો જીવનમાં મળ્યો હો એકવાર જ તે,
પછી તેમાંથી ફરવાનું કદી પાછું ન શક્ય જ છે.

## ઘડી-પળ કેવી જીવનમાં !

ઘડી-પળ કેવી જીવનમાં અકલ્પ્ય ને અગોચર જે
-અનુભવની અમારે દિલ કૃપાથી રસ શી ઝળકી છે !

લહેરો શી ઊછળતા રસતણી જ્યાં ત્યાં જ છલકાતી !
નરી છાલક પરે છાલક બધે શી મસ્ત પ્રસરાતી !

ભીંજાયેલું બધું જે તે જગા ના કોઈ બાકી છે,
રસામૃતના અનુભવની ન અવધિ કંઈ રહેલી છે.

હવે બસ રસ અને રસ છે, વિના રસ ના કશુંયે છે,
સકળ બ્રહ્માંડયે રસથી છવાયેલું અનોખું છે.

શું ભાષા ત્યાં અધૂરી છે ! ન વર્ણવવા જ શક્તિ છે,
લૂલી મૂંગી પડે કેવી ! પ્રયત્નોયે અધૂરા છે.

## ઊછળી ઊછળી હૃદય નાચે, ભર્યું રસ રસથી ભરપૂર છે

હૃદય પ્રસન્નતાયુક્ત, હૃદય ઉત્સાહ ઉન્માદે
-હરિ તુજ ભાવ આકર્ષણ થકી ખેંચાયેલું રહે છે.

હરિના ભાવમાં જીવવાતણી લહેજત નશીલી જે,
શી મતવાલી ! ભરી ભરી મદ, છલોછલ રસાયેલી શી છે !

ઊછળી ઊછળી હૃદય નાચે, ભર્યું રસ રસથી ભરપૂર છે,
ઉછાળા મારતાં ઉન્નત નયન દિલ મસ્તીમાં શાં છે !

ગજબ કોઈ રીતનો એને નશો ત્યારે ચઢેલો છે,
-નસેનસ, રોમરોમે શો નર્યો વ્યાપી ગયેલો છે !

## હરિલીલા

### પછીથી ભગવાનનાં દર્શન

દરેક વખતે એવી ફળની વૃત્તિ પ્રગટે અને પ્રગટી છે એટલું ખાલી ખાલી સ્મરણ થયે ચાલવાનું નથી. એવા પ્રકારનું ખાલી ઉપરછલ્લું સ્મરણ જેને થાય છે અને એવા વખતે જેના યુદ્ધની ઉત્કટતા વધતી નથી, ત્યાં સમજી લેવું કે મન ક્યાંક છેતરપિંડી કરતું લાગે છે. સાધકે એનું મૂળ પકડવાનું રાખવું. આમ, કર્મ કરવાં, તે ભગવત્પ્રીત્યર્થે અને એમાંથી અહંતા ખેંચી લઈને આવી રીતનો જ્ઞાનભક્તિપૂર્વકનો આંતરિક અભ્યાસ વધતાં વધતાં ભક્ત અને ભગવાન વચ્ચે ભેદ ઘટતો જાય છે. જેમ જેમ ભક્તની શુદ્ધ, નિર્મળ, નીતરી દૃષ્ટિ થતી જાય છે તેમ તેમ એનામાં ભગવત્ભાવનો ભાવાવેશ વધતો જતો જણાયા સિવાય - અનુભવમાં આવ્યા વિના - રહેવાનો નથી. આમ, જેમ જેમ બનતું જાય છે તેમ તેમ સાધક ભગવત્પરાયણ બનતો જવાનો છે. ભગવત્પરાયણ થવાતાં અન્ય યોગથી સાચું ધ્યાન થવાનું છે. **આમ થતાં સાધક જે જે વસ્તુના સંપર્કમાં આવે તે બધામાં ભગવાનની કૃપાલીલા, ભગવતીનાં દર્શન થયા વિના રહેતાં નથી અને એને એ બધું તે કાળ માટે જેટલું જરૂરનું હોય છે, તેટલું ત્યાં જણાયા કરે છે. જ્યારે સર્વાંગ દર્શનનો કાળ પાકશે, જરૂર હશે ત્યારે તે પણ અનુભવમાં પ્રગટશે.**

સ્મરણના એકધારા લગાતાર અભ્યાસમાંથી ભક્તિ જાગે છે અને ભક્તિના નિરંતરના ''હૃદય-સેવનથી **ભાવની જે સર્વોત્કૃષ્ટ ગાઢતા પ્રગટે છે અને તેના આધારથી મનાદિકરણો હરિ-લીલાને અનુભવવાની પાત્રતા પામે છે.''**

**''સમર્થોનેય ચઢી જાય સમર્થ શ્રેષ્ઠ એવો છે,**
**હરિ-સમ કોઈ ચઢિયાતું સકળ બ્રહ્માંડ ના છે.''**

હરિના ભક્તને એવો પ્રત્યક્ષ જીવનમાં અનુભવ થાય છે અને હરિના રસમાં જ બધાંનું મૂળ સમાયેલું છે તેવો તેનો જીવતોજાગતો પ્રત્યક્ષ અનુભવ છે. હૃદયનો ધબકાર પણ હરિ; નયનનો ચમકાર પણ હરિ; જીવનનો પ્રેમ-દરબાર પણ હરિ, સર્વત્ર હરિના ચરણની વિસ્તાર-લીલા ને પાછો કેન્દ્રમાં પણ પોતે ને કેન્દ્રના મધ્યબિંદુમાં પણ તે જ - આવી બધી હરિ-લીલા અનુભવવામાં તેના ભક્તને છોળો ઉપર છોળો ઊડે છે.

### કદીક તો વ્યક્ત શું પોતે

હરિ વહાલા અમારાની અજબની સાહ્યબી શી છે !
હરિની સાહ્યબી આગળ શી ફિક્કી બાદશાહીયે !

શી મેંદી પાનમાં લાલી છુપાયેલી રહેલી છે !
અમારા સ્વામીની તેવી છુપાયેલ સાહ્યબી તે છે.

થતો કુદરતની દ્વારા તે કદીક તો વ્યક્ત શું પોતે !
નયન, દિલ લાવવાં ક્યાંથી પરંતુ તે નીરખવાને ?

**હરિની ભક્તિથી જેનું હૃદય રંગાયેલું રહે છે,**
**ખરે ! શા ભાગ્યશાળી દિલ હરિલીલા નીરખવાને.**

### બધી માયા હરિની તે

કશુંક જે મરતું લાગે છે, નવું સર્જન થવા વિશે,
શી તેની પ્રક્રિયા તે છે, રૂપાંતર શું થવામાં છે !

જીવનમાં એમ પ્રત્યેક શી પળ, રૂપાંતરે તે છે !
શું પળ પ્રત્યેકનું નોખું સ્વરૂપ જુદું જ જુદું છે !

શી પળ પ્રત્યેક પાછી તે અનંત પળ બધી જે છે
-રહેલી સંકળાયેલી, નથી નોખું કશું પણ તે.

બધું એકમેકથી કેવું વણાયેલું જ છે સાથે !
**છતાં તેવું ન લાગે તે, બધી માયા હરિની તે.**

### હરિલીલા તણાં દર્શન

જીવનની કેવી બલિહારી ! જીવનસૌંદર્ય અદ્‌ભુત છે,
નિહાળીને નિહાળીને હૃદય આનંદ ઊભરે છે.

સતત વહેતો રહેતો જે ઝરો કદી તે ન ખૂટતો છે,
અસ્ખલિત શો વહ્યા કરીને લીલુંછમ સૌ બનાવે તે !

જીવનની શી જુદી ભાત નૂતન શી ઊપસાવી છે !
હરિલીલાતણાં દર્શન હું પામી ધન્ય થઉં છું જે.

હવે તો પ્રકૃતિથી જે બધી માયા વિશે મુજને
-હરિ નર્તતો શો અદ્ભુત ! અનુભવમાં નિહાળ્યો છે.

**હરિલીલા બતાવી શી !**

હરિને ચાહવાની જે હૃદયમાં લત પડેલી છે,
હૃદયને ચાહવામાં શી લહેજત ઑર આવે છે !

મનન ચિંતવન હરિનામાં લગાતાર મનાદિ શાં
-શું આકર્ષાયેલાં રહે છે ! હરિનો જાદુ એવો ત્યાં.

હૃદય નિજનો કરી લઈને બધી સ્વતંત્રતા બક્ષી
-પ્રવેશાવી શું અંતઃપુર હરિલીલા બતાવી શી !

બધા પડદા ખસેડાવી શું અંતરપટ લગીર સરખું
-કશાનું ના કશું રાખ્યું, નર્યું દર્શન બધું ખુલ્લું.

**સમત્વ તરફ પ્રયાણ**

**હરિની સભાનતા અને તલસાટ**

**જ્ઞાનભક્તિપૂર્વક મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકારનું જ્ઞાનભાવમાં લય પામી જવું એનું નામ શરણાગતિ છે.** એવી સંપૂર્ણ શરણાગતિ જે જીવ પામી જાય તેના કાજે બીજા સાધનની જરૂર ન હોય. તેનું સાધન તો તેનામાં આપમેળે થયાં જ કરે.

પૂરેપૂરો પ્રેમભક્તિપૂર્વકનો જ્ઞાનપૂર્વકનો શરણભાવ પ્રગટી ગયા વિના જીવનું જીવપણું ઓગળી શકવાનું નથી; **જીવતો શરણભાવ પ્રગટી ગયા બાદ જ ચેતનાનો સંપર્ક આપણામાં આપણને થાય છે.** આ પંથનો તો આરો નથી તેમ છતાં સાધનાની અમુક કક્ષાએ પહોંચ્યા બાદ, એટલે કે પૂરેપૂરો, સાચો, ખરેખરો શરણભાવ પ્રગટી ગયા બાદ આપણને કશું આકરું લાગવાનું નથી; એટલે ત્યાં સુધી આપણે પ્રેમની ભાવનાની રાહ જોવી રહી.

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌નો સંપૂર્ણ પ્રેમભક્તિજ્ઞાનયુક્ત **શરણભાવ** પૂરેપૂરો પ્રગટી જાય, **ત્યાર પછીથી જ ચેતનાના પ્રદેશમાં આપણે પહેલું પગલું માંડવાની શરૂઆત કરીએ છીએ.**

**હરિની સભાનતા**

સાધકને અવેરનેસ તૂટક તૂટક રહે છે. ૧૧ કે ૧૨મી ભૂમિકા પછી અવેરનેસ રહે છે. ૧૩મી ભૂમિકામાં અવેરનેસની સ્થિતિ કોઈક વખતે પાતળી-જાડી તો કોઈ વખતે ઘન બને છે. ઘનતાની માત્રામાં ફરક પડે. ૧૪મી ભૂમિકા પછી વાંધો નહિ. એની અવેરનેસ એક જ પ્રકારની. ગમે તે પરિસ્થિતિ હોય તો પણ એની અવેરનેસ એકધારી, એક જ ઘનતાવાળી, ઊંડાઈવાળી હોય, એટલે મુશ્કેલી વગેરે ટકે નહિ.

**તલસાટ અને વેગ**

ઊર્ધ્વજીવન તરફ એકાગ્રતા જ્યારે વળવા લાગે છે, ત્યારે જરા ઊંચે જતાં જતાં એ સભાનતા જાગે છે. હરિની સભાનતા જાગે છે. પછી એમાં ખરેખરો વેગ આવે છે. જ્યારે ભગવાનની સભાનતા જાગે છે, ત્યાર પછી જે વેગ આવે છે, તે વેગ જુદા પ્રકારનો છે. ત્યારે બહુ વેગ આવે છે. પછી એ તલપાપડ થાય છે, તલસાટ થાય છે. એવો તલસાટ કે આ દુનિયાદારીના પદાર્થ મેળવવાને માટે જે ઝંખના થાય ને તલસાટ થાય તેના કરતાં તો અનંતગણો એ તલસાટ થાય છે. માછલી પાણી વિના જીવી ના શકે. એને તલસાટ થાય છે, બહાર કાઢીએ ને જે તરફડે છે, એ તલસાટના કરતાંય પણ વધારે તલસાટ પેલો થાય છે. એ તલસાટ એને બીજા કોઈ વિષયમાં જવા જ ના દઈ શકે. ગમે તેવી પરિસ્થિતિ ભલેને આવે.

જે તલસાટ જાગે છે, તે તલસાટમાં આનંદ તો છે, પણ તે જીરવી શકાય એવો નથી હોતો. આપણું શરીર એના માટે લાયક બનેલું નથી હોતું, એ તલસાટમાં ને તલસાટમાં કેટલાંકનું શરીર તૂટી પડે છે.

**ઝાંખી**

ઝાંખી એ તો શ્રીભગવાનની કૃપાનો કોઈ અગોચર, અગમ્ય, ગૂઢમાં ગૂઢ અને પાછો સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી એક શ્રીહરિલીલાના દિવ્ય-ભાવનો પ્રત્યક્ષ હકીકતયુક્ત અનુભવ છે. ભક્તના મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વગેરેની ઉપર સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે હૃદય છે, એવાં

બધાંય કરણોને ઝાંખીનું દર્શન **તેમને પ્રકૃતિમાંથી ઊંચકીને શ્રીભગવાનની ભક્તિમાં અદ્‌ભુત, દિવ્યરસમાં તેમને પલાળે છે. તે કરણોને એવાં રસમય બનાવી દે છે,** અને ઉત્કટમાં ઉત્કટ ઉન્માદભર્યું, કોઈ અનોખા પ્રકારનું આકર્ષણ પેલા પલળતા જતાં ભક્તના દિલમાં પ્રગટાવે છે. તે દિવ્ય આકર્ષણનો આનંદ, શરીરનાં રોમેરોમમાં અણુયે અણુમાં, નસેનસમાં અને રગેરગમાં ઓતપ્રોત થઈને ફેલાઈ જતો હોય છે. જોકે ઝાંખી એ તો પ્રાણના સૂક્ષ્મ અને દિવ્યપ્રદેશની હકીકત છે. પરંતુ આ ઝાંખી અને તેનું દર્શન એ તો પ્રાણનાં કરણને થતાં જતાં, ભક્તની ભૂમિકાને ક્યાંયે ઊર્ધ્વમાં લઈ જાય છે, અને તે પ્રાણનાં કરણની સાથે મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ પણ સંકળાયેલાં રહ્યાં કરે છે.

## થઈ દિલ ત્યાં જરા ઝાંખી

કદીક શો એકલો મુજને બિયાબામાં મૂકી દઈને,
રવડતો સાવ મૂંઝાતો ખરેખર શો કરેલો છે !

હરિને યાદ કરવાને ચહી - ચહીને મથું તોયે,
પકડ હરિની શી દિલ ક્યાંયે જરા સરખી ન પકડાયે !

હૃદયથી મેં કર્યા કરી છે, હૃદયથી કાકલૂદી તે,
શું કરગરી પ્રાર્થના હરિને હૃદય કેવી કરેલી છે !

હતી જે આવડત હૃદયે બધી તે વાપરી નાંખી,
હૃદય વિનવ્યા કરેલો છે, થઈ દિલ ત્યાં જરા ઝાંખી.

## જડી કૂંચી

સ્મરણનો ભાવ જીવંતો અખંડ જ્યાં થયેલો છે,
કરણ, ઈન્દ્રિય શુદ્ધિમાં બધાં પડતાં જ લાગે છે.

કરણ, ઈન્દ્રિય જ્યાં શુદ્ધ થતાં, જીવનના ચેતનની,
થઈ શી ઝાંખી તત્કાળ ! ઊઘડી તાળું, જડી કૂંચી.

## ઝાંખીની ભૂમિકા

સહજ મૌલિક શી ચેતનની અવસ્થા વાસ્તવિક જે છે !
ખરે એવી ભૂમિકાનું સ્વરૂપ જે વ્યક્ત પ્રેમ જ છે.

થતાં એવી અવસ્થા તે શી સ્વાભાવિક ભૂમિકા છે !
જીવન પલટાયેલાં કેરું ખરે ! પ્રત્યક્ષ લક્ષણ તે.

થતી ચેતનની ઝાંખી તે અલૌકિક દિવ્ય રૂપની જે,
ખરેખર એથીયે મૌલિક શી નૈસર્ગિકપણે વળી તે.

**જીવનમાં ગુણધર્મો જે થતા પ્રાગટ્ય ચેતનના**
**- થવા જે માંડવા કેરી ભૂમિકા "ઝાંખી" તે પણ છે.**

### ઝાંખી માટેનું પાત્ર

**નિરંતરનો હૃદય જેને હરિમાં ભાવ ચોંટ્યો છે,**
**ખરેખર માત્ર તેવો જ શું પાત્ર ઝાંખી અર્થે છે !**

જગતના સર્વ વ્યવહાર થકી વહાલો હરિ જેને,
હરિ જેના પરે રાજી, થતી ઝાંખી શી તેવાને !

### ઝાંખી પામવાની પ્રક્રિયા

સ્મરણ દિલ ઝાંખીનું ઊંડા હૃદય-પાતાળમાંથી તે
-નીકળી સોંસરવું કેવુંયે જતું છે આરપાર જ જે !

થતી ના એમની એમ હરિની ઝાંખી ખાલી તે,
તપશ્ચર્યા, તપ-ત્યાગ હૃદયની ભક્તિ માગી લે.

નિરંતર ભક્તિથી દિલમાં રમ્યાં કરતો રહે જ્યાં તે,
થતાં અનુગ્રહ હરિનો જ્યાં થતી ઝાંખી કૃપાથી જે !

મહા બડભાગી એવો જે થયેલી ઝાંખી જેને છે,
હૃદય-તલસાટનો કેવો પછી ઉન્માદ વ્યાપે છે !

### મહાદુર્લભ ઝાંખી

ફનાગીરી સમર્પણની શી વર્ષા-હેલી વર્ષે છે !
નિરંતરનાં સ્મરણ, કીર્તન, ભજન-ભાવ નિરંતર છે.

નિરંતરનો ભજન-ભાવ ચઢે ઉચ્ચોચ્ચ જ્યાં શિખરે,
તપ, ત્યાગ, બલિદાન થતાં મેળે રહે ત્યારે !

પછી ભક્તિ તણો કેવો ફુવારો રંગ ઊડે છે !
અનુગ્રહથી હરિ-ઝાંખી થતી કોઈ ભાગ્યશાળીને !

"હરિની ઝાંખી લાયકની થયા વિના ભૂમિકા તે
- થવી ઝાંખી મહા દુર્લભ", અનુભવી, તેથી ગાયું છે.

## ઝાંખીનું રહસ્ય

હૃદય જેના પરત્વેનો ઊંડો જ્યાં પ્રેમ લાગ્યો છે,
હૃદયમાં ઝાંખીનું તેવો ખરેખરું મૂલ્ય પ્રીછે છે.

થયેલી માત્ર પળવાર, ચિરંજીવી છતાં શી તે
-જીવનમાં સ્થાન પામીને; પ્રતિષ્ઠિત દિલ થતી શી છે !

હૃદયના પ્રેમનો ભક્ત થયેલો જે ખરેખર છે,
હૃદય તે માત્ર ઝાંખીનું રહસ્ય મૂળ સમજે છે.

પ્રવેશાવા હૃદય વિશે ઊંડું, ઊંડે જ અંતરમાં,
અનુભવ ઝાંખીનો દિલમાં થયેલો કામ લાગે ત્યાં.

## ઝાંખીની શક્તિ

ગહન ઊંડી તપશ્ચર્યા અને તપથી વળ્યાં ના જે
-ઘડી-પળની શી ઝાંખીએ વળાવી પદ દીધેલાં છે !

અવળચંડાઈ કેવી કંઈ મનાદિની જીવનમાં જે
-જરીક સરખી શું ઝાંખીએ શી પાડી દીધી ઠેકાણે !

ઘડી-પળ જે ન ઠરતાં'તાં, પળપળ શાં ભટકતાં'તાં !
બધે જ્યાં ત્યાં જ નર્તતાં, શી ઝાંખીએ વળાવ્યાં શાં !
મનોહર મુગ્ધ ઝાંખીએ નયન દિલ મોહી લીધાં છે,
હવે હઠતી ન પળવાર હરિવરની જ ઝાંખી તે.

ચહી-ચહી ઝાંખીનું દર્શન જીવનમાં એનું એ સહજે,
થતાં આકર્ષણે મુગ્ધ, મનાદિ શાં નિરંતર રહે !

## ઝાંખીનો ચમત્કાર

ભરી-ભરી દિલ, નયન, મનથી પીધા ઝાંખી કરેલી છે,
રસીલું ભાન ઝાંખીનું હરિમાં દિલ પલાળે છે.

થતાં ઝાંખીનાં દર્શનથી પ્રવર્તે છે ચમત્કાર,
શકે ના ઓગળી એવાં મનાદિ પીગળે પદ શાં !

હૃદયમાં ઝંખના ઉત્કટ, ભયંકર તીવ્રમાં તીવ્ર
-થતી ઝાંખીની શી રહે છે ! ચિરંજીવ તેથી હરિ-દિલ.

શી પળની માત્ર ઝાંખીએ હૃદય-મનને હરિપદમાં
-ઠરાવી, શો સ્મરાવ્યો છે અકળ દિલ વેદનાથી ત્યાં !

થતાં ઝાંખી જીવનમાં તે પરત્વેની સહજ સતતે,
હૃદયની ધારણા મૌલિક જીવંતી શી વહે છે જે !

હૃદયમાં ઝાંખીનો કેવો ચમત્કાર થયેલો છે !
''નવીન કોઈ ચેતના કેરો થતો હોય સ્પર્શ'' લાગે છે.

નૂતન આનંદનો ધોધ ઊછળતો શો જહીં તહીં તે !
બધા આધારમાં ખૂણે ખૂણે મસ્તીથી વહેતો છે !

નયન એકીટશે નીરખ્યા કરે સુરખી રસીલી જે,
કુમાશ, સ્નિગ્ધ, કોમળતા, મધુરપ દિવ્ય લાગે છે !

ભર્યું ભર્યું દિલ લાગે છે; શરીર રોમાંચ પ્રગટ્યાં છે,
અકલ્પ્ય સુખનો વારો જીરવતાં દિલ નાચે છે.

નૂતન કાયાપલટ, જૂનું જીવન તો ફેરવાયે છે,
જૂની આંખે નવાં ચશ્માં અનન્ય જ ભૂમિકાના છે.

## ઝાંખીથી નૂતન દર્શન

જીવનને ઝાંખીએ કેવું રસિક અમૃત રસાવ્યું છે !
રગેરગમાં, નસેનસમાં, અણુ અણુમાં શું ફાલ્યું જે !

શરીરનો ખાસ ગુણધર્મ સમૂળો જડ સમો જે છે,
તહીં રણકાર, ધબકાર, જીવંતા ઉપસાવ્યા છે.

જીવનમાં ઝાંખીએ કેવો ચમત્કાર શું સર્જ્યો છે !
લીલાંકુર ધરતીએ કેવો નવો અવતાર લીધો છે !

પળેપળનું જીવન-મુખ વળેલું ઝાંખીથી ચરણે,
જીવનની બોલબાલા છે, નૂતન દર્શન શું ઝાંખીએ !

## ઝંખનાની ખૂબી

હૃદય મનને ખરેખર તે શું લોભાવી દીધેલાં છે !
રટણ માત્ર બસ એક જ છે, બીજું કંઈ ભાવતું ના છે.

ખૂબી ઝાંખીની અદ્‌ભુત શી ! કળા રસીલી નશીલી છે,
રમાડી નિજમાં કેવા નચાવ્યા ભલભલા દિલ છે !

થયેલી ઝાંખીની તીવ્ર શી ઉત્કટ ઝંખના દિલ છે !
હૃદયની વેદના તેની ન સહેવાતી જરી પણ છે.

થયેલી પળની ઝાંખીએ શું ગાંડોતૂર બનાવ્યો છે !
હૃદય બસ ઝાંખી ને ઝાંખી નજર પળપળ પ્રવર્તે છે !

## મનાદિને ખૂંપાવ્યાં છે

થયેલી પળની ઝાંખી તે નજરમાંથી ખસે છે ના,
મહીં દિલ ઝબકોળાતું તે પ્રતિષ્ઠા પામી અંતરમાં.

થયેલી ઝાંખીએ કેવાં મનાદિને ખુંપાવ્યાં છે !
મનાદિમાંથી પળ વાર કદી ઝાંખી હઠે ના તે.

મનાદિને શું ઝાંખીએ નજરબંધી કરેલી છે !
સતત બસ એકની એક જ લઢણમાં તે પડેલાં છે.

શી લાગેલી સતત રઢ છે ! ન બીજું કંઈ જ સૂઝે છે,
પરોવાયેલ ઝાંખીમાં પળેપળ શાં મનાદિ છે !

## ઝાંખીનું આકર્ષણ

થઈ એકવાર જે ઝાંખી સતત દિલ આગ બાળે છે,
સહજ બસ એ જ ચિંતવનમાં મનાદિને પલાળે છે.

શી પળવાર થઈ ઝાંખી છતાં ગજબ જબરજસ્ત
-શું આકર્ષણ જમાવ્યું છે ! હૃદયમાં તે હૃદયથી જે !

ફરી-ફરીને, વળી-વળીને હૃદય તે ઝાંખી ઝંખે છે,
ચહી-ચહીને જ લબકારા સડાકા મારતું મન જે.

ઘડી વાર જ હૃદયમાં જે થયેલી માત્ર ઝાંખી જે,
છતાં એણે ગજાવી, શું ઊથલપાથલ મચાવી છે !

અહાહા ! ઝાંખીનું જબ્બર શું આકર્ષણ ગજબનું છે !
અતિશય લગની શી એની કશું ઓછું થતું ના છે !

સતત બસ ઝંખના એક જ વળી-વળી તે પરત્વે દિલ
-મૂક્યાં કરતું રહે દોટ, ન આકાંક્ષા અવર કંઈ દિલ.

લપેટાયેલ લાગે છે લપસણામાં, છતાં મનથી
-અસર છાયા ન એની છે; ચમત્કારિક ઝાંખી શી !

પ્રતિષ્ઠા ઝાંખીની અંતર વિશે પ્રતિષ્ઠિત થયેલી જે,
ગમે તે કારણે છોને, પરંતુ ના ભુંસાતી તે.

મનાદિ ઝાંખીમાં કેવાં પૂરાં તરબોળ રહેતાં છે !
થયા કેડે હૃદય ઝાંખી, સહજ રીતે વિકસવું તે.

## અજબનું ગૂઢ આકર્ષણ !

નીરખવું એકનું એક જ વળી-વળીને, ફરી-ફરીને,
ચહી-ચહીને જ ઊલટથી શું વારંવાર એનું એ !

હૃદય ઝાંખી થતાં કેવું અજબનું ગૂઢ આકર્ષણ !
જતું જામી ગજબનું શું ! વિખૂટું ના પડે પળ મન.

શું કાઢે માર્ગ સોંસરવો નીકળી જઈ પાર જે તેની !
પછી પોતે બિરાજે ત્યાં બધું સામ્રાજ્ય નિજ સ્થાપી.

કળા શી કામણગારી તે ! પમાડે મોહ જે તે - ને,
ભલભલા મહારથી કેવા થયા શા મુગ્ધ શ્રીચરણે !

## ચમત્કારિક નશો કેવો !

નયનથી ઝાંખીનું દર્શન થતાં શી મસ્તી ફોરે છે !
નદીના પૂરની પેરે બધે જ્યાં ત્યાં જ પ્રસરે છે.

ભલે પળવારની ઝાંખી પરંતુ દિલમાં તેણે,
સિંહાસન શું બિછાવીને, તહીં સત્તા જમાવી છે !

થયેલી ઝાંખીની પ્રત્યે બધા આધારનું જે તે
-સતત આકર્ષણે તેના શું લુબ્ધ, મુગ્ધ શાં રહે છે !

ચમત્કારિક નશો કેવો ! ચડસ તેનો અનુપમ છે,
વિના એનાં મનાદિ તો બીજે ક્યાંયે ન ફરકે છે.

## ઝાંખીની કૃપા

હૃદયમાં ઝાંખીએ કેવું સ્મરણ ઝબકાવી દીધું છે !
હૃદયમાં ઝાંખીએ જીવતો હરિને દિલ કરેલો છે.

ઘડી-પળ ના સૂવા દે છે, ન નવરો સહેજ પડવા દે,
મનાદિમાં શી ઝાંખીએ હરિવર શો નચાવ્યો છે !

તળે ઉપર સમૂળું સૌ કરી નાંખી દીધેલું છે,
થયેલી ઝાંખીએ મુખને સમૂળગું ફેરવાવ્યું છે.

અભિમુખતાનું સાતત્ય થયેલી ઝાંખીએ હૃદયને !
-શું જન્માવી દીધેલું છે ! કૃપા ઝાંખીની અદ્‌ભુત તે !

## ઝાંખી ઝંખના

થયેલી ઝાંખીએ મૂળથી જીવને ફેરવાવ્યું છે,
કરી દઈ મુગ્ધ સંપૂર્ણ હરિપદમાં ઠરાવ્યું છે.

હૃદયમાં એક લગની છે, હૃદયમાં ભાન એક જ છે,
શી ઝાંખી માત્ર જીવન તે ! સતત બસ ઝંખના તે છે.

શી વારંવાર ત્યાં ને ત્યાં નજર, મન ઠેરવાયે છે !
નયન-પલકારમાં પણ શી મધુર ઝાંખી ઠરંતી છે !

હૃદયને મુગ્ધ રસનારી શી સંજીવની અમૃત તે !
મરેલાંને જિવાડીને, નવું જીવન શું બક્ષે છે !

અલૌકિક દિવ્ય દર્શન તે ન સરખાવા જ ઉપમા છે,
થઈ ઝાંખી શું ઉન્મત સકળ જીવન રસાતું છે !

## ઝાંખીની અસર

હૃદયમાં ઝાંખીની કેવી અસર ઊંડી પડે છે જે,
- ગરક ગરકાવ ઝાંખીમાં મનાદિ શાં રહે છે તે !

તદાકાર જ પૂરેપૂરું થઈ કેવું જવાયે છે !
રસાતું જાય આકર્ષણ વડે કેવું જીવન ઊંડે !

પરાકાષ્ઠા હૃદય-લગની તણી ટોચે પહોંચે છે,
અખંડ જ ભાવનો શો ત્યાં પ્રવાહ મસ્ત વહેતો છે !

હૃદય આનંદ સંપૂર્ણ, છતાં તેમાંયે તે દિલનો
-હરિમાં પૂર્ણ તાદાત્મ્ય તણા સુખનો અજંપો શો !

## કળા-જાદુ શું ઝાંખીનું !

શી ઝાંખી માત્ર પળવાર થયેલી, દિલને તેણે,
-હલાવી હચમચાવીને શું ઝાંખીમાં પરોવ્યું છે !

નયનની આગળે કેવી મધુરી ઝાંખી તરતી છે !
સતત બસ ઝાંખી ને ઝાંખી વિશે મન ડોલતું તે છે.

વિચારો ને વિચારો તે વિશેના દિલ જાગીને,
હૃદય રમમાણ તેમાં ને સતત તેમાં રખાવે છે.

જગત-વ્યવહારનું જે તે ભલે હો, તે છતાં તેમાં
-મનાદિ ના પરોવાયે કળા-જાદુ શું ઝાંખીનું !

## તલસાટ

## મુગ્ધતા

લગાડી પ્રીત દિલ ઊંડી મનાદિને પલાળીને
-હૃદય તારે ઠરાવ્યાં છે, થઈ જઈ મુગ્ધ તુજ ચરણે.

ભરોસો દિલ હતો મુજને "થવાતાં મુગ્ધ ત્યાં ચરણે
-હૃદય આહ્‌લાદ પામીને શું મળશે સુખ સૂવાને જે !"

લગન ઊંડી ઊંડી તારી હૃદય ભારે લગાડીને,
હવે તલસાટ પ્રગટાવ્યો હૃદય અગ્નિ સમો કાં તેં ?

ન જીરવાયે, ન સહેવાયે, સતત આકર્ષણે તુજ તે
હૃદય ભાંગી થતું ભૂકો, હૃદય પદ બૂમ પાડે છે.

## પ્રેમની ઝંખના

હૃદય ઉત્કંઠ જબ્બર છે, અગન જેવી પિપાસા છે,
મિલાવી દિલને દિલથી; હૃદય રસ-પ્રેમ પીવાને.

હૃદય આતુરતા એની સહજ જ્વાળામુખી સમ છે,
શી તડપન આગ લાગી છે, રૂવે રૂવે જલંતી છે !

સતત બસ પ્રેમની માત્ર હૃદય શી ઝંખના એને !
ન કંઈ તે ઝંખના માત્ર; હૃદય સાકાર લેતી છે.

થતાં તે ઝંખના ગાઢ, નિરંતરની થતી રહેતાં
-શિખર તે ઉચ્ચમાં ઉચ્ચ ચઢી, **દિલ એક બનતી ત્યાં.**

## દર્શનનો તલસાટ

બહુ ઉત્કટ અભિલાષા હૃદય દર્શનની શી રહે છે !
વિના દર્શન મઝા દિલની કશી ના ફોરતી રહે છે !

થતાં દર્શન ખુમારીનાં, નશો મસ્તીનો ચઢતો છે,
બધું પોતાનું સર્વસ્વ તહીં ભાન જ ભુલાયે છે.

હૃદયના પ્રેમના ભાવ વિશે તદ્રૂપ સંપૂર્ણ
-થઈ-થઈને હૃદયરસની, સતત હેલી જ વર્ષે છે.

હૃદયના પ્રેમના ભાવ તણું ઉત્કટપણું બઢતાં,
થવાતાં પ્રેમમાં મસ્ત હૃદય ચકચૂર ત્યાં મદમાં.

તહીં તલસાટ દર્શનનો ભભૂકતો ભવ્ય પ્રગટે છે,
શરમ, સંકોચ, મર્યાદા, ફગાવી સર્વ તે દે છે.

## કળા શી ન્યારી તુજ તે છે !

કદીક પોકારીને મુજને ઊડી કેવો તું જાયે છે !
નર્યો અદશ્ય મુજથી શો ખરેખર થઈ જતો તું છે !

તને દિલ ખોળવા કેવો પુરુષાર્થ કર્યા કરીને
-બહુ બાથોડિયાં મારી બધે જ્યાં ત્યાં જ ભાળ્યું છે.

ન તારી શોધ લાગી છે, છતાં દિલમાં લગન તુજ છે,
હૃદય-તડપન નર્યું તુજ છે; પથેપથ શોધ તારી છે.

કદીક ઝાંખી દઈ દે છે, જહીં આનંદ શો દિલ છે !
વળી પાછો તું ભાગીને કહીં અદશ્ય થાયે છે !

રમત એવી જીવન મારે થવાની, માત્ર તુજ વિશે
-સતત રહેવાયું પ્રોવાઈ; કળા શી ન્યારી તુજ તે છે !

## કળા કેવી મઝેની છે !

મનાદિને પલળવા તેં દીધાં કેવાં કળે કરીને !
હરિ તુજ ભક્તિ બક્ષીને હૃદય આકર્ષી લીધું છે.

નયન, દિલ બસ હવે તુજને નિહાળ્યાં મસ્તીથી કરવે
-સતત ગુલતાન, રમમાણ રહ્યાં કેવાં કરેલાં છે !

અહા ! આકર્ષણે મુગ્ધ થવાયું લુબ્ધ તુજમાં તે,
અદીઠી ને અગમ્ય તુજ કળા કેવી મજેની છે !

**મનાદિયે હૃદય તુજ પર પૂરાં મોહી પડેલાં છે,**
**હવે શાં માત્ર દિલ એક તને ઝંખ્યાં કરે છે તે !**

## અનુભવવા મળેલું છે

**હરિનો ધૂંધળો સમ જ્યાં પ્રકાશ સાંપડેલો છે;**
**હૃદયમાં અગ્નિ શો ત્યારે ભભૂકી તો ઊઠેલો છે !**

**હૃદય તે અગ્નિએ કેવી શી જ્વાળા ઝંખના ઉત્કટ,**
**હૃદય પ્રગટાવી છે મુજને, ખરેખર ભવ્ય ને અદ્‌ભુત !**

બધી રીતે પૂરેપૂરું સતત મથવું કરાવ્યું છે;
સતત મથવાની પ્રક્રિયા થકી દિલમાં ઉગાડ્યું છે.

બધાંના મૂળમાં કેવો હરિ ગૂઢ જ છૂપાયો છે!
હૃદયમાં તત્ત્વ-અમૃત તે અનુભવવા મળેલું છે.

## ૧૨મી ભૂમિકામાં કરણોની સભાનતા અને અહંશુદ્ધિ

દરેક સભાનતા જુદા જુદા પ્રકારની, પણ ‘‘એક’’ થી સધાય, ‘‘એક સાધે સબ સધાય’’ એવી ‘‘એક’’ની સાથે બધાની કોરસ્પોડિંગ લિંક છે. એકબીજાનો સ્પર્શ થાય છે એટલે બીજાની પણ સભાનતા પ્રગટે. પ્રાણની સભાનતા પહેલી પ્રગટે.

આપણા શરીરમાં કામ કરી રહેલાં તત્ત્વો બે છે - પ્રાણ અને બુદ્ધિ. પ્રાણની મદદમાં બુદ્ધિ હોય છે. સ્થિતિથી અલગ થઈએ, ત્યારે સભાનતા થાય છે. સભાનતા થાય ત્યારે કામક્રોધાદિથી વેગળા રહેવાય. પ્રાણની સભાનતા જાગે પછી બીજી બધી સભાનતા જાગવી સરળ છે. કારણ કે શરીરના મુખ્ય વિષયો પ્રાણને લીધે છે. પછી આપમેળે બુદ્ધિની સભાનતા થાય છે. પ્રાણની સભાનતા માટે પુરુષાર્થ કરવો પડે છે. એ પછી મન તત્ત્વ પર કાબૂ મેળવાય છે. પછી વિવેક જાગે છે. એ પછી ચિત્તને અહમ્‌ની સભાનતા જાગે છે. એ પછી અહમ્ હોવા છતાં એનાથી દોરવાતા નથી. ‘‘હું કરું છું’’ એ ભાવ જતો રહે છે. કંઈ કશાથી પ્રેરાઈને આપણાથી આ થાય છે. અહમ્‌થી થાય છે એવું નથી રહેતું.

સભાનતા જાગે છે, ત્યાર પછી ઈશ્વરીતત્ત્વ તરફ આપણું જવાનું થાય છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૪

# સમત્વ અને યોગ

- *ઊર્ધ્વતમ્ ભૂમિકામાં મથવાનું થતાં થતાં જાગેલી તટસ્થતામાંથી સમતા પ્રગટે છે; ને એવું સમત્વ મળ્યું એટલે શ્રીહરિ સાથેનો યોગ જીવતો થઈ ગયો એમ સમજવું. એટલે કે શ્રીહરિ સાથેના જોડાણની ઉષાનાં દર્શન થયાં. સમત્વ જાગે પછી કોઈ જાતનો વાંધો નહિ. પ્રકૃતિના ક્ષેત્રમાં પછી ભળી ન જાય એવી સ્થિતિ આવી જાય. સમત્વ એ ચેતનનો અંશ છે.*
- *આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે. એવું સમત્વ જીવનમાં પ્રગટે છે, ત્યારે એને કોઈ બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત છે અને શાશ્વત પણ છે. બીજા ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે.*
- *સંસારમાંના કોઈ પણ બે ઉત્કટમાં ઉત્કટ પ્રેમીજનોના જીવન કરતાંય એ ભૂખ, એ તરસ, એ તડફડાટ, એ ફાટફાટ થતું હૃદય, એવા ઉરનું એ સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમભાવે રહેંસાવું, એ સ્થિતિમાં વહાલાનું જરીક મિલન ને પછી અલોપ થવું ને પછીની ન વર્ણવી જાય એવી વિરહ વેદના, - એ બધું - સંસારની કોઈ ઘટનાથી સમજાવી કે સરખાવી શકાય એમ નથી.*
- *હૃદયમાં હૃદયથી શ્રીચેતન સાથેનો ભક્તિનો સંબંધ જ્ઞાનપૂર્વક અનુભવથી બંધાઈ જતાં આપણને અનેક પ્રકારના તેના સંબંધોનો પણ અનુભવ થવા માંડતો હોય છે. તેની સાથે પિતાભાવે, માતાભાવે, મિત્ર-સખાભાવે, દાસ્યભાવે, પ્રણયી-પ્રિયાના મધુરભાવે-એવા અનેક જુદા જુદા પ્રકારના સંબંધના અનુભવ પ્રકટ્યા કરે છે.*
- *બુદ્ધિની સંપૂર્ણ નિર્મળતા અને સમતા પ્રકટતાં જીવનમાં જ્ઞાનદૃષ્ટિ અને સાચી હૈયાસૂઝ પ્રકટે છે અને તેવી વેળાનો નિર્મળ થયેલી બુદ્ધિનો નિર્ણય સાચો હોઈ શકે છે.*
- *અહમ્‌ને તો આપણે મોળું પાડ્યા સિવાય કે ચેતનતત્ત્વમાં ભેળવી દીધા સિવાય, તે એની મેળે ઊડી ન જાય. એને તો જળ અને પૃથ્વીતત્ત્વ*

*કબજો અહમ્ ઉપરથી જાય. ૧૨મી ભૂમિકામાં જળ અને પૃથ્વી છે. ૧૩મી અને ૧૪મી ભૂમિકામાં નથી. પ્રકૃતિનું વલણ મોળું પડતું જાય અને વિશેષ ને વિશેષ ભાવરૂપ થતાં જઈએ, ત્યારે સૂક્ષ્મમાં જવું શક્ય છે. ૧૨મી ભૂમિકા વટાવ્યા પછી સૂક્ષ્મ શરીરનો અનુભવ થાય છે.*

- *જળ અને પૃથ્વીતત્ત્વનો ઈંપેક્ટ જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ એની ભૂખ, તરસ જેવી સૂક્ષ્મ માંગ ઓછી થાય.*
- *સમત્વ ૧૦૦ એ ૧૦૦% આપણામાં પ્રગટે, ત્યારે તે વખતે આત્મતત્ત્વ ખુલ્લું થાય છે.*
- *પણ મુક્ત થવા પહેલાં એવી એક કક્ષા આવે છે કે જ્યારે તેવો ઉચ્ચ કોટિનો સાધક બીજા માનવીનું આંતરસત્ત્વ આરપાર નિહાળી શકે છે.*

**સમતા અમુક કક્ષાની થાય, પછી યોગ થાય.**

**બુદ્ધિમાં સમતા પ્રકટે એનું નામ યોગ છે.**

## સમત્વ - પતન ના થાય

ઊર્ધ્વતમ્ ભૂમિકામાં મથવાનું થતાં થતાં જાગેલી તટસ્થતામાંથી સમતા પ્રગટે છે; ને એવું સમત્વ મળ્યું એટલે શ્રીહરિ સાથેનો યોગ જીવતો થઈ ગયો એમ સમજવું, એટલે કે શ્રીહરિ સાથેના જોડાણની ઉષાનાં દર્શન થયાં.

## સમતા ક્યારે પ્રગટે ?

જ્યારે ગંગામૈયાના પ્રવાહની માફક દિલમાં ભાવના પ્રગટે, ત્યારે આપણે જેને પ્રાણની અને બુદ્ધિની શુદ્ધિ કહીએ છીએ, એ આપમેળે થતી જાય અને ત્યારે મનુષ્યજીવનનો ઉપયોગ શો છે એ સમજાય. એવી વ્યક્તિને ધ્યેય પણ નજરની સામે ને સામે જ રહ્યાં કરે. પ્રાણ એટલે આશા, તૃષ્ણા, કામ, મોહ અને લોભનું સંમિશ્રણ. એની શુદ્ધિ થાય એટલે બુદ્ધિની શુદ્ધિ થવા માંડે. **બુદ્ધિની શુદ્ધિ થાય એટલે સમતા પ્રગટે અને સમતા પ્રગટે એટલે ભગવાન સાથે જોડાઈ શકાય.**

## હરિની અખંડ સભાનતા

તટસ્થતાની પરિપક્વ ભૂમિકા થાય પછી સમતા આવવા માંડે. સમતા આવતાં આવતાં એવી સ્થિતિ થાય કે એમાંથી યોગ થઈ જાય. **સમતા અમુક કક્ષાની થાય, પછી યોગ થાય.** એટલે **એનું કોન્સેન્ટ્રેશન**

**એની સામે સતત રહે.** સમત્વ થાય ત્યારે બધી વૃત્તિઓ શમતી જાય. સમતુલા પાવર આવી જાય. સમત્વની સ્થિતિમાં કામક્રોધાદિના સંસ્કારો હોવા છતાં પ્રબળપણે ઊછળીને આવે નહિ. વૃત્તિઓ શાંત રહે. સમત્વ એ શ્રેયાર્થી માટે ઉત્તમમાં ઉત્તમ સ્થિતિ. એવા સમત્વને તો શ્રીગીતા માતાજીએ યોગ કહેલો છે.

આ સમતાની ભૂમિકા સાધકના જીવનમાં જ્યારે પ્રગટે છે, **ત્યારે એનો યોગ અને શ્રીભગવાનની ભાવનાની ધારણાની સભાનતા સતત, અખંડપણે જીવતીજાગતી પ્રવર્ત્યા કરતી હોય છે. એવું સમત્વ જીવનમાં પ્રગટે છે, ત્યારે એને કોઈ બંધન નથી હોતું. શ્રીભગવાનની સાથેની એના હૃદયની સાંકળ ત્યારે અખંડિત છે અને શાશ્વત પણ છે. બીજા ગમે તે કર્મોમાં તે પરોવાયેલો હોય તેમ છતાં તે તો સતત શ્રીભગવાનની ધારણાની સભાનતામાં જ હોય છે.**

એવી સમતા સ્થપાતાં જ શ્રીપ્રભુની ચેતના આપણા આધારમાં ઠામઠેકાણે પ્રકટવાની ને તે પોતે જ કાર્ય કરવાનો આરંભ કરી દેવાની. સાધનાની એવી કક્ષા પ્રકટતા જીવનમાં ''અનારંભની સ્થિતિ'' પ્રકટી જતી હોય છે. એવી દશામાં રાગદ્વેષ વગેરેને મુદ્દલે સ્થાન નથી હોતું. આપણે ત્યારે સર્વ પ્રકારની નિરાંત અને નિશ્ચિંતતા અનુભવતા હોઈએ છીએ. જે કંઈ આવ્યું તે બધું એના પર સોંપતા જ રહ્યાં કરીએ છીએ.

સમત્વ જાગે પછી કોઈ જાતનો વાંધો નહિ. પ્રકૃતિના ક્ષેત્રમાં પછી ભળી ન જાય એવી સ્થિતિ આવી જાય. સમત્વ એ ચેતનનો અંશ છે. ચેતન છે તે બધામાં ભળેલું છે. કંઈ કશાંમાં નથી એમ નથી. બધામાં ભળ્યા હોવા છતાં નોખા રહેવા માટે સમત્વ એસેન્શિઅલ (અનિવાર્ય) છે. બધામાં ભળેલાં હોવા છતાં, જો સમત્વ ન હોય તો તમે તે રૂપ થઈ જાઓ. પણ બધે ભળેલો હોવા છતાં ''તે'' તે રૂપ નથી થતો. બળદની સાથે ભળેલો હોવા છતાં તે બળદિયો નથી થતો. એ ચેતનતત્ત્વ સંપૂર્ણ તદ્રૂપ થાય છે, ત્યારે એના ગુણધર્મને જાણે છે.

## જીવનનો રંગ જામેલો

જીવનના ઊર્ધ્વના પંથે ઉપર ચઢતાં, ઉપર ચઢતાં;
જીવનનો રંગ જામેલો ઊતરશે તે કશાથી ના.

ભભકદાર ભર્યા રંગે કળાત્મક ભવ્ય સૌંદર્યે
-પડે જે ભાત જીવનમાં, અનુભવતાં હરખ શો તે !

પ્રદેશે ઊર્ધ્વના કોઈક અમુક શિખર પહોંચાતાં
-સ્ફુરેલો રસ, પછીથી તે ઊડી ક્યાંયે જતો છે ના.

રસે શી ગાઢતા ઑર રસિકત્વ ખીલેલું છે;
બધું ખુલ્લું વધારે ને વધારે શું થતું રહે છે !

## પછી તાટસ્થ્યનો શો ત્યાં

જીવનના ઊર્ધ્વના માર્ગે ચઢાતાંમાં, ચઢાતાંમાં
-મુલાયમતા ઊગે ઊર્ધ્વ, ઊગે **સ્વીકાર ભૂમિકા.**

પછીથી ઊર્ધ્વગમનની જે હૃદયની પ્રેરણાઓ તે
-થઈ સક્રિય સૌ, તેવું જીવન વર્તાય શું મેળે !

ભૂલેચૂકે કદીક નિમ્ન થતાં વૃત્તિ, નકારાયે,
પરંતુ તે ભૂમિકામાં કશી ના શક્યતા તે છે.

ઝપાટાભેર જીવનમાં કૃપાથી તો ચઢાતું છે,
પછી તાટસ્થ્યનો શો ત્યાં થતો ના ભંગ કદી પણ તે !

થતી જ્યાં એવી ભૂમિકા પતનનો ભય પછી ના છે,
જીવનની નિમ્ન ભૂમિકા વિશે પછી ના પડાય છે.

## સમત્વ કેળવાયાથી પડાયું ભેરવાઈ ના

સ્મરણની માત્ર મૂડીથી થવા એક જ હરિ ચરણે
-હૃદય માંડેલ ઉદ્યમ જે, મથ્યા એમાં કરાયું છે.

જવાતાંમાં ચરણ પાસે શું મુગ્ધ થઈ જવાયું છે !
છતાં મુગ્ધતામાંયે વિવેક પૂર્ણ જીવતો છે.

ઊંડી ચેતનની જે ઊર્ધ્વ જુદી જુદી ભૂમિકામાં,
સમત્વ કેળવાયાથી પડાયું ભેરવાઈ ના.

સ્ખલન શું ઊર્ધ્વમાંથી તો છતાં તોયે થયેલું છે !
પરંતુ સભાનતા જાગી જતાં ના વાર લાગી છે.

**ગણી ગણીને હતું મુજ જે તને સુપરત કરેલું છે**

તને મુજથી અપાવામાં હવે બાકી રહ્યું શું છે !
ગણી ગણીને હતું મુજ જે તને સુપરત કરેલું છે.

**પરંતુ પ્રકૃતિ માયા સ્વભાવે ગયેલ વંઠી જે,**
**હજી પણ ડોકિયાં કરતી કદીક માલૂમ પડે છે તે.**

છતાં ત્યારેય સામ્રાજ્ય છવાઈને હરિ તુજ રહે,
કરો છો ધમપછાડા તે, છતાં તેનું ન ચાલે છે.

બધી સર્વોપરી સત્તા સકળ બ્રહ્માંડમાં તારી,
સતત બસ એકધારી તે બધે ચાલ્યા કરંતી શી !

**પ્રેમ**

**શું શ્વાસોચ્છ્વાસ દિલના તે નૂપુરઝંકાર પદના છે !**

અડોઅડ દિલ દિલ-દિલથી હૃદય-ભાવે થવાયું છે,
“અભેદ જ દિલ થવાતાં પદ” ખરી શરણાગતિ તે છે.

પછીથી દિલ હરિ-પદમાં નર્યું તરબોળ રસથી છે,
“હરિનો ભાવ” એ દિલનું નિરંતરનું જ ભોજન છે.

હરિની ભાવના દિલને સતત જચતી શી પચતી છે !
શું શ્વાસોચ્છ્વાસ દિલના તે નૂપુરઝંકાર પદના છે !

હરિના પદકમળ પાછળ સતત દિલ આ પડેલું છે,
જરી પળવાર પણ હરિનો ન દિલ કેડો જ મૂકે છે.

**વેગ**

**હરિની સાથ સંબંધ**

હરિની સાથ સંબંધ હૃદયથી ને હૃદયમાં તે
-થવા અર્થે, બધાં સાધન જુદાં જુદાં થયેલાં છે.

થતાં સાધન બધાં વિશે જીવનના ધ્યેયનો હેતુ
-હૃદયમાં એકધારો શો જીવંતો ધારવા મથિયો !

પ્રક્રિયા એવી દિલમાંની મથામણની થતી જે જે;
હરિની ભાવના દિલમાં મથેલો હું દઢવવાને.

પ્રક્રિયા એવીમાંથી દિલ હરિની સાથ સંબંધ
-થતાં જીવતો; ઝપાટાથી પછી વધતો જ વિકાસ.

---

## જીવન પલળ્યા પછીની તે શી પ્રક્રિયા રસાયણ છે !

જીવનની પ્રકૃતિથી જે જીવનનું ઊર્ધ્વ પાસું છે,
સતત તે ઊર્ધ્વનું સેવન કર્યા કરવાનું રાખ્યું છે.

સતત અભ્યાસ વૈરાગ્યે શું પલળ્યું દિલ તે વિશે !
જીવન પલળ્યા પછીની તે શી પ્રક્રિયા રસાયણ છે !

જીવનમાં તે પછી કેવો ઊછળતો વેગ જાગે છે !
અને તે વેગના પૂરમાં જીવન વહેતું થયેલું છે.

હ્દય આનંદ ને હર્ષ જીવન એવા તણા દિલનો,
અનુભવતાં, અનુભવતાં, હું ઉન્મત્ત થયેલો શો !

## જીવનનું સર્વ પલટાતાં

વહેવા જ્યાં જીવન લાગ્યું પ્રચંડે વેગ ધસમસતા,
તણાવા આડુંઅવળું સૌ તહી લાગ્યું ઝપાટામાં.

કિનારાની ઉપર પણ તે વહેવા લાગ્યું શું ઝડપે !
કિનારાનોય કચરો તો તણાઈ શો ગયેલો છે !

પ્રચંડ જ પૂર આવ્યાથી ઊથલપાથલ થયું સૌ છે,
જીવનનું સર્વ પલટાતાં ઝડપ ત્યાં વેગીલી શી છે !

કૃપાનો તે ચમત્કાર અનુભવ્યો જીવનમાં છે,
**ઢળાયું તેથી સંપૂર્ણ શરણ હરિનાં ચરણકમળે.**

## જીવનમાં ચાલતાં કેવો પછીથી વેગ પ્રગટ્યો છે !

જીવનમાં ચાલતાં કેવો પછીથી વેગ પ્રગટ્યો છે !
અને તે વેગનો જુસ્સો શું અપરંપાર જાગ્યો છે !

હૃદયમાં ભાવનાં મોજાં ગિરિ સમ મસ્ત ઊછળે છે,
મળે તેને પૂરેપૂરું દઈ ભીંજવી પલાળે છે.

જીવનમાં શા અનુભવ મેં હૃદય તેવા પ્રકારેયે
-અનુભવતાં, અનુરાગ હરિ પદ દૃઢ થયેલો છે.

## અનુભવમાં પ્રકાશે છે

હરિમાં દિલ દઈ-દઈને, હરિમાં ચિત્ત પ્રેરીને;
હરિની ભક્તિ થઈ-થઈને હરિમાં પ્રાણ લાગ્યા છે.

પરોવાતાં પૂરેપૂરા હરિમાં પ્રાણ જ્યારે તે
-બધીયે નિમ્ન પ્રવૃત્તિ અટકતી આપમેળે તે.

હરિમાં પ્રાણ લાગે જ્યાં પ્રકૃતિ પ્રાણની ઊર્ધ્વે
-વહેતી શી થવા લાગે ! અનોખી મોજ એની છે.

નિરંતરની હરિ-સોબત થકી આનંદ લાગે જે,
જીવનનું તેથી બદલાવું અનુભવમાં પ્રકાશે છે.

## નિરંતર થવા કાજે સતત પદ લક્ષ પ્રેર્યું છે

ગઈ શી કમનસીબીની પળો ભારે જીવનમાં કૈં !
સ્મરણ ને પ્રાર્થનાનાં ત્યાં હૃદય સાધન લીધેલાં છે.

હૃદયમાં કેવી હળવાશ પ્રગટી ત્યારે ગઈ છે જે !
હૃદય નિરાંત વળી જઈને હરિમાં ભાવ સ્ફૂર્યો છે.

સતત બસ એકધારો તે હરિનો ભાવ ટકવાને,
નિરંતરનો થવા કાજે સતત પદ લક્ષ પ્રેર્યું છે.

શી ઉત્કટ લગની લાગંતાં હરિના ચરણને વિશે !
સતત શાં રસભર્યાં પોતે મનાદિ તો ટકેલાં છે !

## લગની લાગેલ ભારે તે !

સ્મરણ લતની હૃદયમાં શી લગન લાગેલ ભારે તે !
લગન એકાગ્ર શી દિલને સતત ભાવે દૃઢાવે છે !

હૃદય એકાગ્રતા લાગ્યે તરંતો ભાવ શો જીવે !
હૃદય તે ભાવને લીધે જીવન તરતું જ લાગે છે.

જીવન તરતું રહેવાથી જીવનનું જે બીજું છે તે
-બધું ગૌણત્વ પામીને હરિ ચરણે પીગળતું છે.

## ભક્ત ભગવાનનું જોડું

ભક્ત ને ભગવાન - એવી ભાવના એ માત્ર કલ્પના નથી. એમાં જે રસાસ્વાદ છે, ને મીઠી મીઠી મધુરી લહેજત છે, તે કોઈ ઑર છે. સંસારમાંના કોઈ પણ બે ઉત્કટમાં ઉત્કટ પ્રેમીજનોના જીવન કરતાંય એ ભૂખ, એ તરસ, એ તડફડાટ, એ ફાટફાટ થતું હૃદય, એવા ઉરનું એ સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમભાવે રહેંસાવું, એ સ્થિતિમાં વહાલાનું જરીક મિલન ને પછી અલોપ થવું ને પછીની ન વર્ણવી જાય એવી વિરહ વેદના, - એ બધું - સંસારની કોઈ ઘટનાથી સમજાવી કે સરખાવી શકાય એમ નથી. સામાન્ય માનવીને મન તો એવી વાતો તે ખાલી તરંગી કલ્પના જ લાગે એવું છે, કિંતુ તે તો સર્વોત્તમ કક્ષાના ભક્તની સાચી હકીકત છે.

## હરિ તુજ ભાવથી રસબસ

હવે સંપૂર્ણ નિશ્ચિંત પૂરો પરવારી બેઠો છું,
હરિ, હરિ એકલા કેરી પ્રગટ મસ્તીની ધૂનમાં છું.

હરિ તારાં ચરણકમળતણો શો સ્વાદ અમૃત છે !
મળ્યો જે ચાખતાં દિલમાં, ફુવારો ભાવ ઊડતો છે.

હવે ઠરતી નથી અંતર નજર તારા વિના ક્યાંયે,
હરિ તુજ ભાવથી રસબસ થવાયાની મજા શી દિલ !

જીવનમાં ગાંડપણ ભક્તિતણું લાગેલ કેવું છે !
સતત આકર્ષણે તારા તણાવાનું જ ગમતું છે.

## હરિ વિના હૃદયમાં ના

બધે જેમાં અને તેમાં જીવનમાં શો હરિ અમને !
હરિ વિના હૃદયમાં ના જરા પણ ચેન પડતું છે.

હરિના એકલા પર તો બધો આધાર ધરીને
-નજર સામે સતત હરિને જીવનમાં ધારી લીધો છે.

શું લટકાળાં નયન નચવી હરિએ શાં હૃદય અમને
-પમાડી મોહ દીધાં છે, નર્યા પરવશ હરિને તે !

હરિના એકલાની પર જીવન ઓવારી નાખ્યું છે,
હરિએ તો ધરાવ્યા છે પૂરાં રસબસ જીવનમાં તે.

**હૃદય આ મીણની જેમ બધું પીગળી ગયેલું છે**

હૃદયના મસ્ત ભાવેથી મળી જાણ્યું જહીં દિલ તે
-વિખૂટું ત્યાં પડાતાં શો હૃદયમાં આંચકો પ્રગટે !

મળેલાંની વિખૂટાની શી કમબખ્તી હૃદયની તે !
વલોવાઈ જતું કેવું ખરેખર આ હૃદય શું તે !

હવે મારેય પગ વાળી નિરાંતે બેસી રહેવું છે,
નજર સરખીય તુજ સામે હવે મારે ન ધરવી છે.

પરંતુ જ્યાં નજર લટકું જરીક અમથું થયેલું છે,
હૃદય આ મીણની જેમ બધું પીગળી ગયેલું છે.

**હરિની સાથ મહોબતની હૃદય બંધાઈ ગોઠડી છે**

હરિની સાથ મહોબતની હૃદય બંધાઈ ગોઠડી છે,
હવે ચાળા બધા કરવા મળેલી મુક્તતા શી તે !

હૃદયથી ગેલ કરી કરીને, કંઈક ગોષ્ઠી થતી રહે છે;
શું દિલ-દિલને ભીડી-ભીડીને હૃદય સરસાં જ ચોંટ્યાં છે !

છતાં ઓચિંતું શું તુજને થયેલું તે ન જાણ્યું છે,
કહીં કહીં દૂરનો દૂર જ હરિ નાસી ગયેલો છે.

નયન-અણસાર કેવો રહી-રહી વેગળો ક્યાંયે !
કરી અધમૂઓ મૂક્યો છે, હૃદય રંજાડવા મુજને.

## ન જેવો તેવો હરિ પોતે

જીવનમાં ખૂબ રળી રળીને હરિને સોંપી દઈ દઈને
-નર્યા કોરા રહ્યા છીએ, ન પાઈ પાસ રાખી છે.

અમારો શેઠ જીવનના બધા વેપારનો હરિ છે,
કમાવાની બધી અક્કલ હરિથી દિલ મળેલી છે.

ન જેવો તેવો હરિ પોતે, અનોખો સર્વ રીતે છે,
નીરખતાં, દિલ નિરખાતાં નયન ચોંટી ગયેલો છે.

નયન એકીટશે હરિને હૃદયથી મીટ માંડીને,
સતત નીરખ્યા જ કરવામાં હૃદય અલમસ્ત ઊછળે છે.

## શું તલપાપડ કરાવ્યો છે !

હરિને દિલથી ચાહવું જીવનમાં વહાલું લાગ્યું છે,
હરિમાં મસ્ત સંપૂર્ણ અમે દિલ પ્રોઈ રાખ્યું છે.

લઈ બથમાં હરિ રસબસ હરિના વહાલથી જીવન
-પૂરેપૂરું અનુભવી તે પરખવાનો હરિને દિલ.

હરિએ શો ગ્રહી મુજ કર મને પકડી જ રાખ્યો છે,
**હરિની દિવ્ય દૃષ્ટિમાં નયન મારાં મિલાવ્યાં છે.**

**નર્યો હરિએ તપાવ્યો છે, શું તલસાવ્યો છે !**
**હરિએ મુજને જીવન શું તલપાપડ કરાવ્યો છે !**

## હરિ કેવો વસેલો છે !

જરીક પાસે, વધુ પાસે ચરણ આકર્ષીને તારે
-મને સંપૂર્ણ જીવનમાં કર્યો શો મુગ્ધ તુજ વિશે !

જીવનમાં ગાંડપણ મસ્ત ચરણમાં તેં લગાડીને
-હવે બસ તુજ વિના કોઈ બીજું જીવન રહ્યું ના છે.

સતત બસ તુજ ઝાંખીની હૃદયમાં ઝંખના શી છે !
હરિ, હરિ મસ્ત રટવાની હવે તો ના જરૂર રહી છે.

હરિને યાદ કરવાની હવે મહેનત ના રહી છે,
નિરંતરનો જીવન મારે હરિ કેવો વસેલો છે !

## નયનમાં તેં હરિરસનું

સરકવા દિલ તુજ પાસ હૃદય શી રીત તેં મુજને
-શું આકર્ષણ જમાવીને કળા અદ્‌ભુત ખેંચ્યો છે !

જીવનના ચેનચાળાને બધા ભુલાવી દીધા છે,
-હવે બસ શો હરિચરણે વહેવા મુગ્ધ કર્યો છે !

સતત પાસે, વધુ પાસે હરિ તુજ આવવાને તે
-ચમત્કારિક આકર્ષણ હરિ તેં શું લગાડ્યું છે !

અને ભૂરકી લગાડીને ચરણ સ્પર્શાવીને તારે,
નયનમાં તેં હરિરસનું મને અંજન લગાડ્યું છે.

## કળા શી ન્યારી તુજ તે છે !

કદીક પોકારી મુજને ઊડી કેવો તું જાયે છે !
નયો અદશ્ય મુજથી શો ખરેખર થઈ જતો તું છે !

તને દિલ ખોળવા કેવો પુરુષાર્થ કર્યા કરીને
-બહુ બાથોડિયાં મારી બધે જ્યાં ત્યાં જ ભાળ્યું છે.

ન તારી શોધ લાગી છે, છતાં દિલમાં લગન તુજ છે,
હૃદય તડપન નર્યું તુજ છે, પથેપથ શોધ તારી છે.

કદીક ઝાંખી દઈ દે છે, જહીં આનંદ શો દિલ છે !
વળી પાછો તું ભાગીને કહીં અદશ્ય થાયે છે !

રમત એવી જીવન મારે થવાથી, માત્ર તુજ વિશે
-સતત રહેવાયું પ્રોવાઈ, કળા શી ન્યારી તુજ તે છે !

## અમારે જિંદગાનીનું બધું રળતર હરિ તું છે

અમારે જિંદગાનીનું બધું રળતર હરિ તું છે,
ઝૂરી-ઝૂરી જ ઝંખીને હૃદયમાં યાદ તારી છે.

હૃદયમાં યાદ તારીએ કરામત શી કીધેલી છે !
ઉછાળા મસ્ત મારીને વળગવા દિલ તલસે છે.

અફાટ જ દિલના કેવા ચૂરેચૂરા થતા ત્યાં છે !
હૃદય આનંદના ઓળા હરિ ઝાંખીથી વળતા છે.

પરસ્પરનાં મળ્યાં દિલ છે, પછી વિમુખતા શાને ?
ફરી શો દિલ મળવાનો હરખ ઊછળતો અદ્‌ભુત છે !

## પ્રાર્થનાની કક્ષા પછીની દશા

**જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે સૂક્ષ્મ સ્મરણ જે છે;**
**સ્મરણ તે વૈખરી ના છે; સ્મરણ અંતરનું ન્યારું તે.**

જીવનમાં પ્રાર્થનાના આવા ઉપયોગીપણાના અનુશીલન - પરિશીલનથી અંતરમાં ભક્તિનો ભાવ પ્રકટે છે. એવો એનો ભાવ ઉદયવર્તમાન થતાં કે થયા બાદ પછીથી આપણને પ્રાર્થનાના સાધનની જરૂર ઊભી રહેતી નથી; ત્યારે જાણવું કે જીવનમાં પ્રાર્થનાનું સાધન પાકી ગયેલું છે. હૃદયમાં હૃદયથી શ્રીચેતન સાથેનો ભક્તિનો સંબંધ જ્ઞાનપૂર્વક અનુભવથી બંધાઈ જતાં આપણને અનેક પ્રકારના તેના સંબંધોનો પણ અનુભવ થવા માંડતો હોય છે. તેની સાથે પિતાભાવે, માતાભાવે, મિત્ર-સખાભાવે, દાસ્યભાવે, પ્રણયી-પ્રિયાના મધુરભાવે- એવા અનેક જુદા જુદા પ્રકારના સંબંધના અનુભવ પ્રકટ્યા કરે છે. આવા સંબંધ મનુષ્ય જીવની કક્ષાના સંબંધો કરતાં ઘણી ઘણી ઉચ્ચતમ, દિવ્ય, રમ્ય, ભવ્ય કક્ષાના સંબંધ છે. જીવકક્ષાના તેવા સંબંધોની સાથે ઉપરના સંબંધોની કદી તુલના થઈ શકે એમ નથી.

### પ્રાર્થનાની અંતે બધું મળે છે

પ્રાર્થનાથી કરીને, પણ ખરેખર દિલથી ભગવાનને તે થયા કરતી હોય છે, ત્યારે તેવી કરાયેલી હૃદયની પ્રાર્થનાથી ચેતનતત્ત્વની સાથે એક પ્રકારનો સાકાર સંબંધ પ્રકટે છે અને એ સંબંધમાં પછી પરિચય પ્રકટતાં પ્રકટતાં તે જાણે કે આપણું પોતાનું સ્વજન હોય એવો ભાવ પણ જીવતો થાય છે.

આધ્યાત્મિક જીવનની કેટલીક ઉચ્ચતર કક્ષાઓ વટાવ્યા બાદ નામરૂપનો ત્યાં લય થઈ જાય છે. તેથી ગમે તે નામે આપણે ભલેને પોકારીએ, તો તેમાં તેનો બાધ આવતો નથી. આપણી તેવી પ્રાર્થનાનો

પોકાર તે ચેતના સ્વીકારી લે છે. પરંતુ તેવા પોકારમાં હૃદયની પૂરેપૂરી, સાચી, ઉત્કટમાં ઉત્કટ આર્તતા ને આર્દ્રતા પ્રકટેલાં હોવા જોઈએ.

કોઈ પ્રકારનો નાતો હો પ્રભુ સાથ દિલમાં;
એવો સંબંધ હૈયાનો યોગ્ય શો જ્ઞાન બોધવા !

દિલ દિલ તણો નાતો હૈયાં એક બનાવતો;
એકબીજા વિશે બંને દિલ ઓગળી જાય તો.

સખા સંબંધનો ભાવ શો પરસ્પર જામતાં !
પરસ્પર તણું દિલ કેવું રહ્યાં કરે તદા !

ચેતના સાથ સંબંધ ગમે તે કોઈ રીતથી,
બંધાઈ જાય જો યોગ્ય પામે તો જ્ઞાન આપથી.

એવા સંબંધમાં ક્યાંયે અહમ્ ના ડોકિયાં કરે;
જ્ઞાનબોધની ભૂમિકા તો આપમેળે પાકશે.

ભાવથી ભાવ શો પ્રેરે ભાવધોધ પરસ્પરે !
આકર્ષણ તણી ઉષ્મા ભાવ પ્રેરે નિરંતરે.

દિલનો ભાવ શો મુખ્ય થવા જ્ઞાન મહત્ત્વનો !
ભાવ અર્જુનનો હૈયે પ્રભુની સાથ તે હતો.

તેથી અર્જુનને દીધું પ્રભુએ દિવ્ય દર્શન;
શંકા મોહ તણાં મૂળ ટળ્યાં શાં સર્વ તત્ક્ષણ !

**એનાથી પણ ઊંચી દશા**

એવી નિર્મળ, દિવ્ય, ભવ્ય, રમ્ય, પ્રેમભાવના - એ તો જીવનને જ્ઞાનપૂર્વક ઉપયોગીપણામાં પ્રવર્તાવવાને કાજે છે. એ ભૂમિકાની દૃઢ ચેતનપૂર્વકની સ્થિતિ પ્રકટતાં એક કક્ષા એવી પ્રગટે છે, જ્યાં તે હોવા છતાં પણ જાણે હોય નહિ તેમ સહજપણે પ્રવર્ત્યા કરે છે. આવા હૃદયના ચેતનપૂર્વકના જાગેલા પ્રેમભાવનાં અનેકાનેક પાસાં ને લક્ષણો હોય છે. માનવીનો જે શુદ્ધમાં શુદ્ધ ને દિવ્યમાં પણ દિવ્ય, રમ્યમાં પણ રમ્ય, ભવ્યમાં પણ ભવ્ય (જીવકક્ષામાં જેની કલ્પના પણ જીવને પ્રકટી શકતી નથી, તેને તે અગમ્ય જ છે.) પ્રેમભાવ છે - ને માનવપ્રેમ જેનું સૂચક

લક્ષણ છે - તે પરમ સત્ય, ઉપર જણાવેલ પ્રભુપ્રેમમાં અનુભવાતું હોય છે. એમાં જીવનની કૃતકૃત્યતા ને ધન્યતા અનુભવાતી હોય છે. એનું આપણને સર્વને આપણા જીવનમાં ધગધગતું જ્ઞાનભાન પ્રકટ્યાં કરો એ જ પ્રાર્થના છે.

## સમત્વમાં
## હૃદયની પ્રેરણા-હુકમ - અંતરાત્માનો અવાજ

થતા અભ્યાસમાં હૃદયે ઊંડી એકાગ્રતા બનતાં,
હૃદયમાં પ્રેરણા કેરો થતો છે માર્ગ ખુલ્લો ત્યાં.

પછીથી તો જીવન વિશે સ્ફુરંતી પ્રેરણાઓથી,
નૂતન-નૂતન જીવન-માર્ગ મળ્યા કેવો કર્યો મનથી !

સ્થૂળ દેહે ગમે તે સ્થિતિમાં રહીને સૂક્ષ્મ રીતે નિરંતર એકમાં જ, એકના જ ધ્યાનમાં રહેવાયાં કરાય ત્યારે બધી ઇન્દ્રિયોના એકસામટા, એકાગ્ર ને કેન્દ્રિત બળથી જીવનમાં અપાર શક્તિ એકઠી થાય છે. એવી દશા પ્રકટતાં સારાય જીવનની દૃષ્ટિ ને સૃષ્ટિમાં પલટો થાય છે. સમગ્ર જીવનમાં મૌનથી નવચેતનતા પ્રગટીને નમ્રતા, શાંતિ, ગાંભીર્ય, ધીરજ આદિ ગુણોનું પ્રકટવું સહજ બની જાય છે; મન વિશાળ ને ઉદાત્ત બને છે; ચક્ષુ પ્રેમમય બને છે; બુદ્ધિમાં સાત્ત્વિક વિવેક-ધર્મ જાગ્રત થાય છે; ઇન્દ્રિયોના પોતપોતાના પ્રાકૃતિક ધર્મ આપમેળે ત્યજાતાં જતાં અનુભવાય છે.

અહંતાથી જેટલા મોકળાં થઈશું અને એનાથી મુક્ત બનતાં જઈશું, તેવી વેળાએ જ અંતરાત્માનો અવાજ એટલે શું તેની સાધકને ગતાગમ પડતી જતી હોય છે. ''અંતરાત્માનો અવાજ'' છે, છે ને છે જ. અહંતા ઘટે અને સાવ ઘટે છે, તેવી જ વેળા હૃદય એટલે શું તે પણ સમજાતું જતું હોય છે.

### હુકમ

જીવન-ભક્તિ વિના પાક્યા, હુકમનું પ્રેમપૂર્વક ને
-હૃદયની ધારણા ભાવે કદી પાલન ન થઈ શકશે.

## હુકમ શ્રીસદ્‌ગુરુના તે

અવળચંડા ઊંધા એવા ઉપાયોની જીવન મુજને
-મડાગાંઠોની સમજણથી થવાને મુક્ત શીખવ્યું છે.

નિરાગ્રહ યોગ્ય સંપૂર્ણ જીવન પ્રગટાવવા અર્થે;
ઉપાયો શા લઈ-લઈને હૃદય પ્રેરાવ્યું શિક્ષણ છે.

**હૃદય પ્રગટેલ એવી જે હૃદયની પ્રેરણાઓને**
**-હુકમ શ્રીસદ્‌ગુરુના તે હૃદય સમજી જ પાળ્યા છે.**

કંઈ વિકલ્પ સંકલ્પ હુકમ સૌ પાળતાં એવા
-કૃપાથી ઊભળ્યા છે ના, રહેલો ભાવ માત્ર જ ત્યાં.

હૃદયથી એમ વર્તાતાં જીવન-ઘડતર થયેલું જે;
હરિના તે ચરણકમળે સમર્પાયું હવાં પ્રીતે !

## હુકમ વિજ્ઞાન યોગ્ય જ છે

જીવનની ચેતનામાં તે પ્રવેશાવા હુકમ શો છે !
હુકમને બિરદાવીને જીવનમાં વર્તી જાણ્યો છે.

અનુભવવા જીવન ચેતન હુકમ વિજ્ઞાન યોગ્ય જ છે,
સ્તરે સ્તરનાં ઊંડાણોને હુકમ શું આપ ભેદે છે !

અણુ પ્રત્યેકનો ધર્મ હુકમના વર્તને પલટે,
દશા પ્રત્યેકની જુદી, સ્વધર્મ, સાવ નોખો છે.

જુદાં જુદાં જીવનદર્શન હુકમથી શાં મળેલાં છે !
હુકમથી છેક આઘેનું શું પાસે સાવ આવે છે.

## જીવનની દિવ્ય આંખલડી

જીવનની દિવ્ય આંખલડી હુકમને તો ગણેલી છે,
હુકમના શા અમે બંદા ! હુકમના ભક્ત પાકાયે.

થયા બેઠા હુકમથી શા ! થયા જીવતા હુકમથીયે
-હુકમને સદ્‌ગુરુ ધારી હુકમને આવકાર્યો છે.

અમારા દિલની ગાદી પર હુકમ પધરાવ્યો શો છે !
હુકમના તત્ત્વનું જ્ઞાન ગુરુએ તો પમાડ્યું છે.

**જીવનભક્તિ વિના પાક્યા, હુકમનું પ્રેમપૂર્વક ને - હૃદયની ધારણા ભાવે કદી પાલન ન થઈ શકશે.**

## હુકમથી પ્રાણ પ્રગટ્યા છે

હુકમના વર્તને કેવી જીવન ઉષા ખીલેલી છે !
જીવનસૌંદર્ય અનુપમ શું હુકમથી તો પમાયું છે !

હુકમના વર્તને સ્વચ્છ જીવન કેવું થયેલું છે !
અભય ને નમ્રતા, મૌન, હુકમ વર્તનથી ખીલ્યાં છે.

હુકમથી ઊંડું ઊંડું દિલ શું અંતર્મુખ થવાયું છે !
પ્રવેશાતું હતું જ્યાં ના, હુકમથી ત્યાં જવાયું છે.

નમાલા આ જીવનમાં શા હુકમથી પ્રાણ પ્રગટ્યા છે !
હુકમ પાલનથી જીવન આ નવો અવતાર પામ્યું છે.

## હુકમની શી ખૂબી તે છે

અનુભવવા જીવનનૌતમ હુકમ શો સૂક્ષ્મદર્શક છે !
ખમીર, ખુમારી ને શૌર્ય હુકમ વર્તનથી ખીલ્યાં છે.

જીવનની ચેતનાત્મક તે ટટ્ટારી જે ચિરંજીવ છે,
તૂટે તે ના કશાથીયે, હુકમથી મેળવાઈ છે.

હુકમ જે વર્તતાં દિવ્ય, ખજાનો પૂર્ણ જીવનનો,
મળી સદ્ભાગ્યથી જાય, હુકમની શી ખૂબી તે છે.

હુકમનો ગૂઢ હેતુ જે, હુકમનું હાર્દ પ્રીછીને,
હુકમ પાલન કરે છે જે, જીવનરસ લ્હાણ પામે છે.

## હુકમ શું પારખું લે છે

જિગરના સર્વ કૌવતનું હુકમ શું પારખું લે છે !
શૂરો, ભડવીર, મરજીવો, જીવન તરવૈયો પ્રીછે તે.

હુકમ મળતાં કશી વાર, જરી પણ ના કરેલી છે,
તુરત ને શું તુરત હુકમતણું પાલન કરેલું છે.

હુકમ એ જિંદગાનીની મહા અણમોલી શી તક છે !
જીવન ઉષા શી ખીલવાની, મહા સદ્ભાગ્ય હુકમ છે.

હુકમ મળતાં જ વર્તતા ઊઠ્યો છે હર્ષ ઉન્માદ,
નદીના પૂરની પેરે ફળ્યું ત્યાં ભાવનું જ્ઞાન.

---

હુકમ પ્રેમે સ્વીકારાતાં હુકમ જેવું ઘડે છે જે,
ન તેવું કોઈ ઘડી શકશે અનુભવથી પિછાણ્યું છે.

---

પળાવામાં જરા પણ ના હુકમ ગરબડ ચલાવી લે,
**હુકમ એ સદ્‌ગુરુ ભાવ થયાનું દિવ્ય લક્ષણ** છે.

---

હુકમ એ સદ્‌ગુરુના તે હૃદયની દિવ્ય કરુણા છે,
ચરણની પાસે લેવાને અનુગ્રહની નિશાની છે.

---

હુકમ એ તો ઘડાવાની શી અણમોલ પ્રસાદી છે !
હૃદય તે પાળવા ટાણે સમજ દિલ તેવી ઊગી છે.

જવા ઓળંગી મર્યાદા અનેકે રીત જીવનની
-કૃપાથી જે મળેલો તે, હુકમ કેવી નિસરણી છે !

---

હુકમ મર્દાનગીયે કરે પાકી કસોટી ને
-ધીરજ, સાહસ અને હિંમત હુકમથી કેળવાયે છે.

---

શું છક્કા સૌ છૂટી જાય ભયંકર સૂક્ષ્મ સંગ્રામે
-ખરેખર ભલભલા કેરા ! હુકમ ખપ ત્યાં જ લાગ્યો છે.

---

મડાગાંઠો વળી ટેવો બધા શા આગ્રહો, સમજણ
-બધાયે પૂર્વગ્રહ તેથી થવા મુક્ત, હુકમપાલન.

હુકમને સદ્‌ગુરુ આત્મા હૃદય તે જાણી પાળ્યો છે,
હુકમથી ભાવ હૈયાનો અનેરો કેળવાયો છે.

---

હુકમના હાર્દને પ્રીછવા મતિ પાકટ થયેલી ના,
હુકમથી વર્તતાં બુદ્ધિ વિશે ભક્તિ ઊગેલી છે.

**હુકમ એ સદ્‌ગુરુ દિલનો, શું અંતરનો રાજીપો,**
હૃદય એ મેળાવાયાથી જીવન લહેરાયેલું તે છે.

---

હુકમના પાલને ભક્તિ જીવનમાં કેવી લાગી છે !
ખરેખરું પારખું તેનું અનુભવથી મળેલું છે.

હુકમના પાલને કેવા જીવન ગુણ ભાવ જામ્યાં છે,
બધાં પોતાની મેળેયે જણાઈ આવશે પોતે.

---

હુકમના પાલને મસ્તી જીવનની ઑર ખીલે છે,
વળી ઉત્સાહ આદિ શા ગુણો કેવા ભભૂકે છે !

---

જીવનવિકાસને કાજે જરૂરી ગુણ ને ભાવ,
પકવવા ધ્યેય જીવનનું હુકમને શો સ્વીકાર્યો છે !

હુકમને પાળતાં પ્રેમે પરાક્રમ કેવું મળ્યું છે !
પૂરાં સાહસ વળી હિંમત, ધીરજ, શક્તિ મળેલાં છે.

---

**બધી કિંમત ચૂકવી દેવા હૃદય થનગનતું નાચે છે**

હૃદયથી પ્રેરણાને મેં શ્રીગુરુ હુકમ ગણેલો છે,
હુકમપાલન મેં ઝીણવટથી કર્યા ભાવે કરેલું છે.

હુકમ જુદા જુદા કેવા જુદી જુદી ભૂમિકાના જે
-મળ્યા દિલમાં કરેલા છે પથે વર્તાયું તેમ જ ત્યાં.

હુકમ એવા મળેલા છે ભયંકરમાં ભયંકર તે.
પથે માથું કપાવાના પ્રસંગો જ્યાં મળેલા છે.

કૃપા તેજસ્વી ત્યારે શી ! શી અંતર ભભૂકી ઊઠી છે !
બધી કિંમત ચૂકવી દેવા હૃદય થનગનતું નાચે છે.

**અદબ, ભક્તિ હુકમ કેરી અમે દિલથી નવાજી છે**

જીવનમાં પ્રેરણાને મેં મળ્યો હુકમ ગણેલો છે,
વિના સંકલ્પ વિકલ્પ હુકમપાલન થયેલું છે.

હુકમ એ પ્રેરણા દેશ અનોખો દિવ્ય અદ્ભુત છે,
ખબરદારી, ટટારીથી હુકમને દિલ પિછાન્યો છે.

હુકમને પાળવા કાજે જીવન તેવી ભૂમિકાને
-પૂરી તત્પર થવા કેરી અમે તૈયારી કીધી છે.

હુકમ મળતાં જ તે વેંત, હુકમના ભાવની રીતે
-બધુંયે હોડમાં મૂકી, તુરત ત્યાં ઝંપલાવ્યું છે.

હુકમને સદ્ગુરુ જાણી, હુકમને શિર ચઢાવીને
-અદબ, ભક્તિ હુકમ કેરી અમે દિલથી નવાજી છે.

**ઈન્સ્પિરેશન - પ્રેરણા ક્યારે ?**
**દુંદુભિ નાદ ગજવે છે**

હરિ, હરિ દિલમાં તો શો અકલ્પ્ય સૂર નીકળે જે
-બધા આધારમાં વ્યાપી દુંદુભિ નાદ ગજવે છે.

હૃદયની ભાવની ઊંડી ગહનતા, ગાઢતા જાગ્યે
-નિરંતરની થતાં, સહેજે મળંતી પ્રેરણા રહે છે.

જીવનચેતનની શક્તિની નરી જે વાસ્તવિકતા છે,
મળંતી પ્રેરણા વર્તન થકી પરખાઈ આવે તે.

હૃદયની પ્રેરણાથી જે જીવનની વાસ્તવિકતાનું
-સહજ નક્કરપણું ઊગી નીકળતું આપમેળેનું.

**અનુભવી તે જીવનદૃષ્ટિ**

ઝરો ભક્તિ તણો ફૂટતાં મતિ રંગાઈ ભક્તિથી;
પછીથી પ્રેરણા મૌલિક જીવન મળવા જ લાગી શી !

**કરણ બે, પ્રાણ ને બુદ્ધિ પૂરાં જ્યાં ભક્તિ વિષયે છે;**
**ડૂલેલાં ભક્તિમાં પૂર્ણ, તહીં શી પ્રેરણા ઊગશે !**

જીવન જ્યાં પ્રેરણામય છે, થતું તે ઊર્ધ્વ જ જીવન છે;
ઊગંતી પ્રેરણા, લક્ષણ થતા ઊર્ધ્વ જ જીવનનું તે.

કૃપાનું કેવું પ્રત્યક્ષ ખરેખર ઑર દર્શન તે !
અનુભવી તે, જીવનદૃષ્ટિ શી સંપૂર્ણ વળેલી છે !

**નર્યાં સાધનના અભ્યાસે**

ગરજ, રસ, લગની ને સ્વાર્થ ખરાં જ્યાં જાગતાં રહે છે,
ગતાગમ વર્તવાની ત્યાં પડ્યા કરતી રહે શી તે !

ગરજ ઉત્કટ કરે બુદ્ધિ ખરેખર તે જ તે વેળા,
ઉકેલો ઝટ બતાવી દે, જવું પડતું ન પૂછવા ત્યાં.

સમજી લેવા બધું ત્યારે શી તત્પર બુદ્ધિ છે પોતે !
બિરાજેલો હરિ ગૂઢ ત્યાં સચેતન શો થતો છે તે !

કૃપા એને હું સમજું છું, મદદ હરિ આપ ચઢતો છે,
બધો આધાર જીવનમાં લગની ઉત્કટ પરે શો છે !

ગરજને તીવ્રતમ જલતી જલાવાને જીવનમાં તે
-નર્યાં સાધનના અભ્યાસે મથ્યા કરતો રહ્યો નિત્યે.

**ખરેખર પ્રેરણા જેવો ન કારીગર કળાનો છે**

હૃદયની પ્રેરણાઓથી જીવન મુજ આ ઘડાયું છે,
હૃદયની પ્રેરણાઓને હરિ સંદેશ ધાર્યો છે.

નિરંતરનો જીવન વિશે થતો અભ્યાસ જ્યારે તે,
**ઊંડો ભાવ પ્રગટવાથી હૃદયમાં પ્રેરણા સ્ફુરશે.**

હૃદયની પ્રેરણા વિશે કશો ના જીવ-ભાવ જ છે,
ન કામાદિતણી વૃત્તિતણું ત્યાં જોશ સહેજે છે.

હરિની દિવ્ય ભૂમિકાતણી સીમા વટાવે તે,
ખરેખર પ્રેરણા જેવો ન કારીગર કળાનો છે.

**પ્રેરણા**

પ્રેરણા આત્મશક્તિની શક્યતા બતલાવતી,
કશો આધાર કે મૂળ પ્રેરણાને મળે નહિ.

સાત્ત્વિક શુદ્ધ બુદ્ધિ સૌ સંપૂર્ણ તે થતાં પૂરી,
તેવી બુદ્ધિમહીં ત્યારે સૂક્ષ્મતા દિવ્ય સાંપડે.

તેવી બુદ્ધિ છતાં ના કૈં પ્રેરણાનું સ્વરૂપ છે,
''આત્મા-પ્રભાવની છાયા'' પ્રેરણા, જાણવી હૃદે.

સાધના વિકસે જ્યારે પ્રેરણાને અનુસરો,
સ્થૂળ ને સૂક્ષ્મ અંગોના થાય ત્યારે રૂપાંતરો,

સ્વતંત્ર પ્રેરણાનું છે અંગ બીજાં બધાં થકી,
સ્વભાવ આત્મનો એ છે, ઇન્દ્રિય આત્માની સહી.

ઇન્દ્રિયો, ચિત્ત ને પ્રાણથી થતા જે અનુભવો,
દ્વંદ્વથી મુક્ત તેમાંથી થવાતાં પ્રેરણા મળે.

સાધક સાધનામાંહે જેમ જેમ ઊંડો જશે,
ત્યારે પ્રેરણાતત્ત્વ એને અંતર ખીલશે,

થાય સાધક ને જ્યારે પ્રેરણાના અનુભવો,
સાધના વર્તને એણે વાપર્યા કરવાં ઘટે.

વિના સંબંધ વિચાર વિના કૈં જ પ્રયોજન,
ઉદ્ભવે ખ્યાલ જે વેળા આચરી જોવું તે હૃદે.

એથી લાભ થતો જો કૈં આવે અનુભવે પૂરો,
જાગૃતિ રાખીને પૂરી આચરવા ન ચૂકજો.

ઉદ્ભવ સ્થાન બુદ્ધિનું મસ્તકે જાણતા બધા,
હૈયું એ પ્રેરણાનું છે મૂળ ઉદ્ભવસ્થાન ત્યાં.

થતું જ્યાં ચિત્ત નિષ્કામ અહં નિર્મૂળ સૌ થયે,
સંસ્કારોનો થતાં નાશ, પ્રેરણા જન્મશે હૃદે.

સ્વયંભૂ પ્રેરણા પોતે, સ્વયંપ્રકાશી પ્રેરણા,
પ્રેરણાશક્તિથી મૂળ ઓળખાશે જ સર્વનાં,

ઇન્દ્રિયો, બુદ્ધિ ને પ્રાણ એ સૌની શક્તિ જે બધી,
સૂક્ષ્મમાં સૂક્ષ્મ તે હોય પ્રેરણા તત્ત્વથી વસી.

પ્રેરણાનું મૂળ સ્થળ બુદ્ધિ. બુદ્ધિ એકાગ્ર થઈ જાય. કોઈ વિષય પરત્વે જે શોધખોળ કરવી છે ત્યાં એકાગ્ર થઈ જાય ને મનન-ચિંતવન કરે, એમાં મન-પ્રાણ જોડાય એટલે અહમ્ ન જોડાય. એ બધાં એકાગ્રતાવાળાં થાય ત્યારે પ્રેરણા જાગે. પ્રેરણામાં ખોટું - અસત્ય કશું ન હોય. પ્રેરણા પ્રમાણે વર્તીએ તો આપણને નુકસાન ન થાય. પ્રેરણા જાગ્યા પછી તરત જ પાછા જીવ - બુદ્ધિના થઈ જઈએ. પછી પ્રેરણા વિશે પ્રોઝ એંડ કોન્સ લગાડીએ તો એનું જોશ વહી જાય.

પ્રેરણા ખરી રીતે તો આત્માની નજીકની વસ્તુ છે; આત્મા નથી. આત્માના પ્રદેશમાંથી નીકળેલી હોય છે. ભલે સ્થૂળ પ્રકારની હોય. એમ તો આપણું શરીર સ્થૂળ પ્રકારનું છે પણ એમાં આત્માનો વાસ છે. આ શરીર દ્વારા આત્મા અનુભવાય છે. પ્રેરણા આપણને વધારે કામ આપે છે.

આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ ગમે તે કારણે શાંત અને સ્વસ્થ હોય છે, ત્યારે પણ એવી સ્થિતિ પ્રગટે. આપણને ઇન્સ્પિરેશન જાગે.

હવે એ ઇન્સ્પિરેશનમાં જે શાંતિ ને સ્વસ્થતા છે, તે પ્રત્યેક ભૂમિકામાં જુદા જુદા પ્રકારનાં છે. એટલે આત્માના અનુભવની સ્થિતિનાં સ્વસ્થતા ને શાંતિ એ કોઈ ન્યારા પ્રકારનાં. પછી એ અનુભવ થતાં પહેલાં જે આપણી સ્થિતિ છે, તે ભૂમિકાનાં સ્વસ્થતા ને શાંતિ જુદા પ્રકારનાં.

હવે એ ઇન્સ્પિરેશન સ્ફુરે છે ક્યાંથી ? તે સ્ફુરે છે પોતાના જ ચિત્તના સંસ્કારોમાંથી જ. સબકોંસ્યશ માઈન્ડ (અવચેતન મન)માં અનેક પ્રકારનું બધું પડેલું હોય છે. **આત્માના અનુભવમાં, આત્માના અનુભવની સ્થિતિમાં જે ઇન્સ્પિરેશન થાય છે તે તદ્દન સાચામાં સાચું.** એ ઇન્સ્પિરેશન એવા પ્રકારનું હોય છે કે ગમે તેટલું તમે આકલન કરવા, પૃથક્કરણ કરવા મથો, તો પણ તેના મૂળને નહિ પકડી શકો. તમે ગમે તેટલો બુદ્ધિપૂર્વકનો વિચાર કરો તો પણ એના મૂળને કોઈ પણ રીતે આપણે પકડી નહિ શકીએ. એટલે આપણે લોકો એમ માનીએ કે ઇન્સ્પિરેશન એટલે ભગવાનની પ્રેરણા. ખરી રીતે જ્યાં સુધી જીવદશામાં હોઈએ છીએ, ત્યાં સુધી એ ભગવાનની પ્રેરણા નથી.

આપણા પોતાના સબકોંસ્યસ માઈન્ડમાં પડેલા પેલા અનેક પ્રકારના સંસ્કારો, વૃત્તિઓ, વિચારો અને એમાંથી ઉદ્‌ભવેલું આ હોય છે. પણ જ્યારે આત્માના અનુભવની સ્થિતિમાં હોઈએ, ત્યારે જ ઇન્સ્પિરેશન - જે પ્રેરણા થાય છે, તે ખરામાં ખરી, સાચી પ્રેરણા. અને એમાં સાચું ખોટું કશું નથી. સારુંનરસું કશું નથી. એટલે એ આપણી બુદ્ધિના કંસેપ્શનમાં નહિ આવે. સારુંનરસું તો આ જગતમાં રહેલું જ છે. પણ એનાં માનસિક ધોરણોમાં, એની વિચારણામાં, માનસિક વિચારણામાં, પેલા અનુભવીને સારું કે નરસું કશું છે જ નહિ. જ્યારે આપણે જે તે બધું સારા નરસાના ધોરણથી લઈએ છીએ, સ્વીકારીએ છીએ. એટલે ધારો કે આપણને કોઈ પ્રકારનું ઇન્સ્પિરેશન થયું. હવે, એનું ધોરણ નરસા પ્રકારનું હોય તો એ પછી આપણે નહિ સ્વીકારી શકીએ. ઇન્સ્પિરેશન તમને થયું ખરું, પણ આપણી માન્યતાથી વિરુદ્ધ હોય તો તે તમે નહિ સ્વીકારી શકો. જ્યારે પેલો જે ખરેખરો સાધક છે, એ જે ચેતનાને અનુભવવામાં એકરત થયેલો છે, તે તો ગમે તે ધોરણે એને ઈન્સ્પિરેશન પ્રગટે કે એને **હુકમ** આવે - તો એ પ્રમાણે કરશે. વળી તે ભક્તિપૂર્વક કરશે, "મારા ભગવાનનો હુકમ છે" એમ ગણીને એને એ કરશે. સારાનરસાનો ખ્યાલ એની મેળે નહિ જતો રહે. સમજણ એની મેળે જતી થોડી રહેતી હોય છે ? એની મેળે કદી પણ ન જાય, એ તો આવા પ્રયોગો દ્વારા જ જતી રહેતી હોય છે. અને એવા પ્રયોગો સાધકના જીવનમાં આવે છે અને તે વખતે એ કેવી રીતે વર્તે છે ? તે સારનરસા ધારણને કાયમ રાખીને જો વર્તવાનું કરશે તો તે સાધક નથી. એને તોડવા જ જોઈએ. સામેથી જઈને તોડવા જોઈએ.

જે આપણી સમજણ કે સમજવાનું ઉલ્લંઘન કરી શકવાની તાકાત જે જીવમાં જ્ઞાનપૂર્વકની પ્રગટી નથી, તે ઇન્સ્પિરેશન પ્રમાણે નહિ વર્તી શકે. એટલે થાય શું ? પરિણામ શું થાય છે કે ઈન્સ્પિરેશન પ્રગટવાની પછી ધીરે ધીરે કરીને શક્યતા ઘટતી જાય. જેમ એને તમે સ્વીકારતા રહો, ઈન્સ્પિરેશનને જેમ તમે પ્રેમભક્તિપૂર્વક સ્વીકારતા રહો તો તે વધારે ને વધારે ખીલે.

આ બહુ સમજવા જેવો વિષય છે. સ્વીકાર અને તે પ્રેમભક્તિ-પૂર્વકનો સ્વીકાર, આપણા પોતાના જ કલ્યાણને માટે છે. એનું તમારા

જીવનમાં જો બરાબર જ્ઞાનભક્તિપૂર્વકનું - તે વિચારનું, તે ધોરણનું ચોકઠું જો નહિ બેઠું હોય, "ચોકઠું" શબ્દ મારો ખોટો છે, પણ પ્લાયેબલ ચોકઠું એ જો તમારા જીવનમાં બરાબર બેસી નહિ ગયું હોય તો પછી ઇન્સ્પિરેશન પ્રમાણે વર્તી નહિ શકાય. અને એનો સ્વીકાર પણ નહિ થઈ શકે. જેમ આપણી પાસે રૂપિયા આવે તો સ્વીકાર કરવાને માટે આપણું માનસ તૈયાર છે, તેવી રીતે આવા ઇન્સ્પિરેશનનો સ્વીકાર કરવાને માટે અને તે પ્રમાણે વર્તવાને માટે આપણી પ્રેમભક્તિપૂર્વકની, આપણી તત્પરતા, આપણામાં જાગેલી હોવી જોઈએ. એ તત્પરતા જાગેલી હોય છે તો પછી ઇન્સ્પિરેશન આપણને મળ્યા કરે છે. શરૂઆતમાં તો એક વખત આવ્યું પછી કેટલાય દિવસ પછી આવે. પછી જેમ જેમ આપણે તેને સ્વીકારતા થઈએ છીએ તેમ દિવસમાં કેટલીયવાર આપણને તે ઇન્સ્પિરેશન આવે છે અને તે પ્રમાણે વર્તવાનું કરીએ છીએ. એવી રીતે સ્વીકારની, પ્રેમભક્તિપૂર્વક - જ્ઞાનપૂર્વકની સ્વીકારની ભૂમિકા આપણામાં જીવતીજાગતી ચેતનાત્મક પ્રગટવી જોઈએ. તે સિવાય ઇન્સ્પિરેશન પ્રગટવાની શક્યતા બહુ જ ઓછી છે.

## અંતરનાદ

અંતરનાદ તો સાધનાની અમુક કક્ષાઓ વટાવ્યા પછીથી પ્રગટતો હોય છે. **તેવી વેળાએ તેને પ્રેરણાઓ ઊઠતી હોય છે. પ્રેરણામાં અવાજ નથી હોતો, જ્યારે પ્રેરણામાં અંતરનાદનો પણ સમાવેશ થઈ શકે** અને આપોઆપ પોતાને અમુક કરવાનું છે અને અમુક રીતે કરવાનું છે એવી રીતે અંતરમાં અંતરની સમજણ પ્રગટતી હોય છે. તે પણ એક પ્રકારનો અંતરનાદ છે. એવી રીતે વ્યક્ત થવાપણામાં કોઈ વિચારની પરંપરા પ્રગટતી નથી અથવા તો સકળ કર્મનો સંપૂર્ણ અનારંભ હોય છે અને તેમ છતાં અંતરનાદથી તેવું કરવાનું સૂઝે, જ્યારે મુક્તને સહજ અવસ્થા હોય છે. અંતરનાદ તો અમુક સમયના ગાળે ગાળે પ્રગટતો હોય. તેમાં એકધારાપણાનું સાતત્ય હોતું નથી અને તે સહજ અવસ્થા હોતી નથી.

અંતરનાદ જેમ એક વ્યક્તિ બીજીને મુખેથી આદેશ દેતી હોય તેમ સ્પષ્ટ અવાજ હૃદયમાં - અંતરમાં ઊઠે - સંભળાય. પણ આવો અંતરનાદ ખૂબ આગળ વધેલી કક્ષાના સાધકને સંભવે છે.

## હૈયાસૂઝ

### સાધનાથી ભાવભરી હૈયા-ઉકલત પ્રગટે

હૃદયથી ભાવનાનો ઉદ્‌ગમ ને એની દીપ્તિ જ્યાં થવા માંડે છે; ત્યાં ને ત્યારે જીવનાં સર્વ ક્ષેત્રમાં તેનો વિસ્તાર થવા માંડે છે, ને વિસ્તાર થતાં એની સાથે સાથે વિવિધતા પણ પાંગરતી જ જતી હોય છે. હૃદયની ભાવના જાગતાં તે ક્યાંય એક જ બાબતમાં સ્થગિતપણે પડી રહી શકતી નથી. હૃદયની ભાવના એકાગ્ર ને કેન્દ્રિત તથા ધ્યેયલક્ષી રહેવા છતાં પ્રત્યેક વ્યવહારના ક્ષેત્રમાં બુદ્ધિનો સ્પર્શ માત્ર વિચાર, તર્ક, લાગણી, ઊર્મિથી નથી થઈ શકતો, અને આપમેળે એક પ્રકારની ગૂઢ હૈયા-ઉકલતની કળા પ્રાપ્ત થતી જતી હોય છે. કેટલાક જીવોમાં એવી હૈયા-ઉકલત પ્રકૃતિના સ્વભાવને કારણે પણ હોય છે, જ્યારે ઉપરની પ્રગટતી જતી હૈયા-ઉકલતમાં તો પ્રેમભક્તિની લાક્ષણિક પ્રેરણા જીવતીજાગતી પ્રેરાયાં કરતી હશે.

સાચો પ્રયત્ન આંખ ઉઘાડનારો હોય છે અને પ્રયત્નમાં દિલની ભાવના પ્રગટેલી હોવાથી ભાવનો પણ વિસ્તાર થતો જાય છે. ભાવના કદી પણ સ્થિતિસ્થાપક નથી. એ તો સદાય ડાયનેમિક છે. સદાય ગતિશીલ છે. ભાવના જો સાચેસાચી દિલમાં દિલથી પ્રગટેલી હોય તો જેમાં તે પ્રગટેલી હોય છે, તેમાં તેની હૈયાસૂઝ પ્રગટાવે છે. ભાવનાને "સહસ્રનયના" કહેલી છે. એક જ પ્રસંગને તે જુદી જુદી રીતે જુએ ને તારવે છે. ભાવનાનું એવું સૂક્ષ્મતમ્ લક્ષણ છે અને એવી ભાવના સમર્પણયજ્ઞમાંથી પ્રગટે છે.

### ભાવની શક્તિ

સાધનાનો ભાવ જીવનના એકેએક પાસાંને સમૂળો સ્પર્શતો હોય છે અને સ્પર્શીને પણ તે બેસી રહેતો હોતો નથી. જ્યાં જ્યાં ભાવ સ્પર્શે છે, ત્યાં ત્યાં તે ભાવ પોતાનું પરિણામ નિપજાવવાને મથ્યા કરતો હોય છે; તેથી ભાવને હજાર હાથવાળો ને હજાર આંખવાળો પણ કહી શકાય. એવી ભાવનાનું સાતત્ય જ્યારે પ્રગટે છે, ત્યારે અંતર્ચક્ષુ ખૂલે છે, એટલે કે એવી ભાવનાને પરિણામે કર્મની હૈયાસૂઝ પણ પ્રગટે છે.

## હૈયાસૂઝની આંખ ઊઘડે છે

જે વિષયમાં આપણું મન સમગ્રપણે એકાગ્ર ને કેન્દ્રિત થયેલું હોય છે તે જ વિષયમાંનું કર્મ સારું થાય છે, આવી સામાન્ય અનુભવની સમજણ છે. એક તો બીજી બધી પ્રવૃત્તિમાં આપણે નિઃસ્પૃહ રહેવાનું છે, એનો અર્થ એમ નથી કે આપણે એ બાબતમાં કેવળ દુર્લક્ષ સેવવાનું કે અથવા તે કામ બગડે તો બગડવા દેવાનું છે. કામ યોગ્ય રીતે થાય તે તો જોવાનું છે જ. મળેલું કર્મ પણ જીવનથી નિરાળું નથી, એટલે તે પણ (યોગ્ય ભાવે ને રીતે) કરવાનું જ છે; પણ જો આપણે આપણા પોતાનામાં જ પૂરેપૂરા યોગ્ય રીતે સતત ગંગધારાવત્ સ્થિર અને રત થયા હોઈશું, તો તેમાંથી એક એવી હૈયાસૂઝ અથવા હૈયાઉકેલની શક્તિ પ્રકટી જાય છે કે પછી કોઈ કર્મ વિશે આપણને ઝાઝા વિચાર કરવા રહેતા નથી. જે જે સમયે જે જે બન્યાં કરે છે, તે સમયે તેનો ઉકેલ કેમ લાવવો, તેનું માર્ગદર્શન આપોઆપ પ્રભુકૃપાથી મળ્યા કરે છે.

## હૈયાસૂઝનો ઉકેલ બુદ્ધિના ઉકેલ કરતાં ચઢે

આપણી આંખથી કોઈ પદાર્થને જોવામાં કશા વિચાર કરવા પડતા નથી. તે તરફ લક્ષ ગયું કે એ પદાર્થ દેખાયો જ. તેવી રીતે આ નવાં ઊઘડેલ જ્ઞાનચક્ષુ જે પ્રશ્ન તરફ લક્ષ આપે તેનો ઉકેલ પણ તે તરત બતાવી શકે છે; એટલે પછી બુદ્ધિથી દરેક પ્રશ્નની બંને બાજુઓ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ વિચારીને તેના તેવા નિર્ણય વડે કામ લેવાની જરૂર નહિ રહે અને પછી તો બુદ્ધિના ઉકેલ કરતાં હૈયાની આંખનો ઉકેલ યોગ્ય હોય છે એવું અનુભવીશું. વળી, હાલ તો કોઈ એવું મહત્ત્વનું લાગતું કામ થતાં પહેલાં એના વિશે પુષ્કળ વિચારો આવે છે અને તે થઈ ગયા પછી તેના ઊંડા સંસ્કાર તે મૂકતું જાય છે તથા તેની છાયા પણ કેટલાક વખત સુધી આપણને ઘેરી લે છે. તે બધું ધીમે ધીમે ઓછું થઈ જઈ છેવટે તે વિલય પામી જશે; અને કામ પૂરું થતાં તે અંગેનો વિચાર પણ બંધ થઈ જશે; ને આપણે જીવનધ્યેયની ભાવનામાં વધારે ને વધારે એની અંતરની પ્રક્રિયામાં પ્રકટતા જઈશું.

## હૈયાસૂઝની ચમત્કારિક શક્તિ

શ્રીભગવાનને મુક્તાત્માઓએ અનેક રીતે વર્ણવેલો છે તે તેમને થયેલા ખરેખરા અનુભવોને આધારે. હવે "જે જેનું (સંપૂર્ણ એકાગ્ર ને

કેન્દ્રિતપણે) ચિંતન કરે, તે તેના મય થઈ જાય.'', એ માનસશાસ્ત્રીય હકીકત પણ બુદ્ધિગ્રાહ્ય છે. મુક્તાત્માઓમાં પણ માનવીને છક કરી નાખે એવી શક્તિ તેઓ ''સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વધી'' એવા શ્રીભગવાન સાથે એકાકાર, તાદાત્મ્ય થઈ ગયા તેથી પ્રકટી અને તેમનાથી એવાં કર્મો થયાં કે જે બીજાંને ચમત્કારી ને અદ્ભુત લાગે. ભગવાનની શક્તિ તેઓમાં પણ જેટલાં પ્રમાણમાં તેમના અંતરસત્ત્વમાં છતી થાય છે, (જોકે તેમનાં જગતને દેખાતાં કાર્યોમાં તો તે નિમિત્ત પ્રમાણે પ્રકટે છે) એ વાત બુદ્ધિ સ્વીકારી શકે એવી છે અને તેથી તેમનામાં ઉપર જણાવી એવી જગતને છક કરી નાખતી શક્તિવાળી જ્ઞાનદૃષ્ટિ કે હૈયાસૂઝ પ્રકટી શકે એ પણ આ વિચારસરણી અનુસાર બુદ્ધિથી સમજાય એવી હકીકત છે. એટલે બુદ્ધિની સંપૂર્ણ નિર્મળતા અને સમતા પ્રકટતાં જીવનમાં જ્ઞાનદૃષ્ટિ અને સાચી હૈયાસૂઝ પ્રકટે છે અને તેવી વેળાનો નિર્મળ થયેલી બુદ્ધિનો નિર્ણય સાચો હોઈ શકે છે. એટલે આપણે પણ આપણી બુદ્ધિ તેવી થાય તે હેતુથી ખંતથી જાગૃત થઈ થઈને મથવાનું છે. **બુદ્ધિમાં સમતા પ્રકટે એનું નામ યોગ છે.**

## ઉચ્ચ દશામાં મન, પ્રાણ, બુદ્ધિની સ્થિતિ

ફૂલમાં જે મધુરી સુવાસ છે, તેમ રસગ્રહણશક્તિ દ્વારા શ્રીભગવાનના ભાવનો જે સાધકે અનુભવ કર્યા કરવાનો હોય છે, એવી વેળા તે પ્રકારની સ્થૂળ ઇન્દ્રિયોને તૃપ્તિ પમાડવાને જાગૃત ખ્યાલ સાધકને કદી પણ ઊપજી શકતો નથી. જેમ કે ઉપર વર્ણવેલી સાધકદશાનો જીવ તેવી સુવાસ દ્વારા તેના નાકની ઇન્દ્રિયને તૃપ્ત કરવાનો વિચાર પણ કરતો હોતો નથી, બલકે એને એવો વિચાર સુદ્ધાં પણ ઊપજતો હોતો નથી. આવી બધી સૂક્ષ્મ ને કારણ પ્રકારની આંતરિક વિધિક્રિયામાં મનનો અસલ-મૂળ-ધર્મ પણ ભાગ ભજવી રહેલો હોય છે. તે વેળાનું એટલે તેવી ઉચ્ચ દશામાં આપણામાં - જીવદશામાં જેવું મન હોય છે, તેવા પ્રકારનું તે મન નથી હોતું. તેવી દશામાં એટલે કે સાધનાનો ઉચ્ચતમ વિકાસ થતાં થતાં એક એવી દશા પ્રકટે છે કે જે વેળા મનનો મૂળ ધર્મ મુદ્દલ જીવપ્રકારનો રહેતો નથી. સર્વ ઇન્દ્રિયો ને કરણોની ગમે તેવી અસર, છાપ કે ગમે તેવા સંસ્કારમાં તે સ્થિર અચળ રહે છે અને એટલું જ નહિ પણ એની અસર, છાપ, સંસ્કારોને - તે

તે જેવી રીતે પડતાં હોય છે, તેવા ને તેવા સ્વરૂપમાં જરા પણ વિકારનો સ્પર્શ થવા દીધા વિના - તે બધું પોતાની ગળાઈ જઈને શુદ્ધ થયેલી બુદ્ધિને મન તે વેળા તે મોકલી આપે છે, ને જે તે બધાંના સ્પર્શ પરત્વે પોતે (મન) સંપૂર્ણ ઉઘાડા થઈને, સાવ ખુલ્લા થઈને તે પ્રમાણે વર્તીને, નિષ્ક્રિયતાથી એ બધી રીતે તે મન વર્તવાનું અનુભવી શકે છે.

**ત્યારે પણ પ્રાણની અશુદ્ધિ સાથે મનનો ઝઘડો**

એવી મનની દશા થયેલી હોય છે, તેવી વેળા પણ પ્રાણની શુદ્ધિ પૂરેપૂરી થઈ ગયેલી હોતી નથી. તે નક્કી જાણવું ને સમજવું. મનની આટલી ઉચ્ચ કક્ષા પ્રવર્તતી હોય છે, તેવી વેળા પણ પ્રાણ તેમાં ભળીને ઈચ્છા, કામના, આશા, વગેરે ઉત્પન્ન કરાવી શકે છે. આવું થતું હોય છે, તે વેળા આપણું મન જેવું જીવદશામાં હોય તેવા પ્રકારનું તે વેળા તો હોતું નથી. તેથી ઈન્દ્રિયોના તેવા સંસ્કારો તે દશાનું મન તટસ્થતાપૂર્વક સમતા-શાંતિથી અનુભવી શકતું હોય છે, તે પળે જ્ઞાનયુક્ત જાગૃતિ સેવી સેવીને - તે જીવ કંઈ નમાલો બની ગયો હોતો નથી - તેવી વેળા મન પોતાની શુદ્ધિ સાત્ત્વિક બનેલી પરાબુદ્ધિની મદદ માગી લે છે. **તેની પ્રેરણાથી તે પોતે સમતાથી પ્રત્યક્ષપણે નીરખી લેતું હોય છે કે તે મૂળ અસર-છાપ-સંસ્કારોમાં પોતે (મન) પ્રાણની પ્રકૃતિથી ચલાયમાન થઈને કેટલું આઘું-પાછું થતું હોય છે.**

**જાગેલી વિવેકશક્તિનું કામ**

આવું થતાં થતાં સાધનાની એક એવી ઉચ્ચતમ કક્ષા પ્રકટે છે કે જેમાં સાધકની વિવેકશક્તિ ઘણી સૂક્ષ્મ કાર્ય તે સરળતાથી કરી શકે છે. સામાન્ય જીવકક્ષાનાં બુદ્ધિ-મનથી, આવું કદી પણ શક્ય નથી. પ્રત્યેક ખેંચનાર, આકર્ષણ પમાડનાર, રસ ઉત્પન્ન કરનાર, કામના ઉત્પન્ન કરનાર કે એવા પ્રકારના સંસ્કાર જન્મતાં તેનું તટસ્થતાથી, સમતાથી, જાગૃત મનબુદ્ધિથી, પૃથક્કરણ કરી તેના આકર્ષણનું સાચું મૂળ શેમાં રહેલું છે, તે પોતે અનુભવી લે છે. તેથી તે કાળે તે અસર, છાપ કે સંસ્કારોના સ્થૂળપણામાં કદી પણ રાચી શકતો નથી.

**વિવેકશક્તિ દ્વારા અનુભવદર્શન**

મનુષ્યની બુદ્ધિએ જે બધું ઉપજાવ્યું છે, તેમ જ કુદરતે જે બધું સર્જન કર્યું છે, તે બધું જ શ્રીભગવાનની શક્તિનો જ આવિર્ભાવ છે,

એવો પ્રત્યક્ષ અનુભવ કરતો તે તેમાંથી સાર ગ્રહણ કરતો રહે છે, ને તેવાં અસર, છાપ, સંસ્કારોમાં તે બંધાતો નથી; એટલું જ નહિ, પણ તેમાંના જીવંતપણાને તે જાગૃત સ્વરૂપે પિછાને છે, તેનો મર્મ પણ સમજે છે, તેનો હેતુ પોતે અનુભવે છે ને એના જ્ઞાનયુક્ત ઉપયોગના પ્રમાણમાં તે કાળે શ્રીપ્રભુકૃપાથી પ્રવર્તવાનું કર્યા કરતો હોય છે.

**તે દશાની બુદ્ધિનું કાર્ય**

આવા સમયે શુદ્ધ સાત્ત્વિક થયેલી બુદ્ધિ સંપૂર્ણપણે પક્ષપાત વિનાની થઈ ગયેલી હોય છે. તે પૂરી નિરાગ્રહી બનીને સંપૂર્ણ નિરાસક્તપણામાં પ્રકટેલી હોય છે, એનામાં ઘણો સૂક્ષ્મ ક્રિયાત્મક વિવેક પ્રકટેલો હોય છે, જે પૂરેપૂરો નિષ્પક્ષ - પોતાપણાનો હોય છે ને સંપૂર્ણ સમત્વયુક્ત હોય છે. શાંતિની દશા તે સમયે જીવતી થયેલી બુદ્ધિમાં પ્રવર્ત્યા કરતી હોય છે. પોતાનાથી પર દશામાં જે પ્રેરણાત્મક સમજણો પ્રકટ્યા કરે છે, તેને તે અસલ મૂળ ધર્મના સ્વરૂપમાં સ્વીકારી શકતી હોય છે, એટલે આવા પ્રકારની બુદ્ધિ મન દ્વારા પ્રાણને સંપૂર્ણ શુદ્ધ કરાવવાને શક્તિમાન બની શકતી હોય છે.

**પ્રેમમય અને આનંદમય ચિત્તદશા**

આવી દશા જ્યારે મનની, બુદ્ધિની પ્રકટેલી હોય છે, તે સમયે જેને આપણે યોગની ભાષામાં ચિત્ત કહેતાં હોઈએ છીએ તે ચિત્ત પણ ઉચ્ચતમ કક્ષાનું બની ગયેલું હોય છે. એવી દશામાં ચિત્તનો અસલ મૂળ ધર્મ તો શુદ્ધ સાત્ત્વિક પ્રેમભાવનો ને સહજ - એકધારો જેમાં - તેમાંથી જે પ્રાપ્ત થયા કરે છે, તેમાંથી સહજ નૈસર્ગિક આનંદ અનુભવ્યા કરવાનો પ્રાપ્ત થતો હોય છે. તે સમયે તેવા ચિત્તનો ભાવ સર્વગ્રાહી ને સર્વલક્ષી પ્રકટેલો હોય છે. જેને તે સ્પર્શે, અલબત્ત તે સ્પર્શવા આપમેળે કદી પ્રેરાતું જ નથી, એવા નિમિત્ત સંજોગે તેમ બનતાં તે સ્પર્શે છે - એનો પ્રેમભાવ પણ સર્વગ્રાહી ને સર્વશક્તિમાન બની ગયેલો હોય છે. વળી જેમાં ને તેમાં, આનંદ છે, એ બે ભાવો (પ્રેમ ને આનંદ) ચિત્તમાં પ્રકટપણે પ્રવર્તી રહેલા હોય છે. ને વારે વારે ચિત્તમાં જે ભાવ જાગે છે, તે સમયે ઉપરના બે ટચસ્ટોનથી - કસોટીના પથરાથી એને જુએ છે ને તપાસે છે અને અનંત શાંતિ, અનંત પ્રેમ, અનંત ભાવને સહજ આનંદની સ્થિતિમાં તેનાથી લવલેશ પણ ભંગ પડી શકતો ન હોય, તેવી જ રીતે ત્યારે પોતાને પ્રવર્તતું તે અનુભવી શકે છે.

**આગળની હકીકતો**

તેથી કરીને પ્રાણની જીવપ્રકારની શક્તિ શુદ્ધ થતી જતી હોય છે, કારણ કે તે જે રીતે ઊઠે છે તે રીતે તો એનો ઉપભોગ થતો હોતો નથી, એથી કરી એને ત્યાં ભોંઠા પડવું પડે છે, ને તેવા તેના ઊઠવાપણામાં તે સ્વરૂપે તે ત્યાં ટકી શકતું નથી. તેને તે દશાનાં મન, ચિત્ત, બુદ્ધિ પોતપોતાની ભૂમિકા પ્રમાણે સ્વીકારીને એને પણ ઊંચે પ્રકટાવવાને પ્રેર્યા કરતાં હોય છે. આવી છે ઉચ્ચતમ સાધનાના વિકાસની ઘણી આગળની દશામાં પ્રગટેલાં મન, ચિત્ત, બુદ્ધિની હકીકતો.

## સૂક્ષ્મમાં પ્રવેશ

આ બધાં જે ટકી રહ્યાં છે - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ વગેરે એ જળતત્ત્વને લીધે ટકી રહેલાં છે. જે તે બધું આપણામાં ટકી રહેલું છે, તે બધું જળ અને પૃથ્વીતત્ત્વને લીધે જ. **અહમ્‌ને તો આપણે મોળું પાડ્યા સિવાય કે ચેતનતત્ત્વમાં ભેળવી દીધા સિવાય, તે એની મેળે ઊડી ન જાય. એને તો જળ અને પૃથ્વીતત્ત્વ પકડી જ રાખે. પણ જ્યારે એ એનાથી ઊંચા સબજેક્ટ તત્ત્વમાં ભળે, ત્યારે જળ અને પૃથ્વીતત્ત્વનો કબજો અહમ્ ઉપરથી જાય.** મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પર જળ અને પૃથ્વીતત્ત્વનો કાબૂ છે. એ જીવતાં છે ને કામ કરતાં છે, એ પણ એ તત્ત્વોને લીધે જ. જેમ આ ખુરશી છે - તેને ટકવવા માટે જમીન જોઈએ. એને કંઈક આધાર જોઈએ. તેવી રીતે આખા શરીરને ટકવાને માટેનો આધાર આ જળતત્ત્વ અને પૃથ્વીતત્ત્વ છે. એ આધાર ન હોય તો, શરીર પણ ટકે નહિ. એ પછી ધીરે ધીરે કરીને તમે એને ઊર્ધ્વમાં લઈ જાઓ, ત્યારે બહુ ઉચ્ચ ભૂમિકાએ - ૧૦,૧૧ સુધી જઈએ ત્યારે જળતત્ત્વ અને પૃથ્વીતત્ત્વનું "હોવાપણું" હોવા છતાં એનું જોમ નથી રહેતું. ૧૨મી ભૂમિકામાં જળ અને પૃથ્વીતત્ત્વનું "હોવાપણું" હોવા છતાં એનું જોમ નથી રહેતું. ૧૨મી ભૂમિકામાં જળ અને પૃથ્વી છે. ૧૩મી અને ૧૪મી ભૂમિકામાં નથી.

સૂક્ષ્મ શરીર એ તો "કારણ"માં જવા માટેનો ઉંબરો છે. બહાર પણ જવાય અને અંદર પણ જવાય. જ્યારે આપણે પ્રકૃતિમાં છીએ. પ્રકૃતિનું વલણ મોળું પડતું જાય અને વિશેષ ને વિશેષ ભાવરૂપ થતા જઈએ ત્યારે સૂક્ષ્મમાં જવું શક્ય છે.

સ્વયં અનુભવ થાય. ૧૨મી ભૂમિકા વટાવ્યા પછી સૂક્ષ્મ શરીરનો અનુભવ થાય છે. ૧૩મી ભૂમિકામાં જુદા જુદા ઊર્ધ્વ પ્રકારના તબક્કાઓ આવે છે. અત્યારે મનુષ્ય શરીરને લીધે જળ અને પૃથ્વી તત્ત્વ છે. એને લીધે આપણે ખાઈ શકીએ છીએ. ભોગ ભોગવી શકીએ છીએ. એકબીજાને નક્કરપણે અનુભવીએ છીએ. તેવી રીતે જ્ઞાનને પણ સાકારરૂપે આપણે અનુભવી શકીએ છીએ. પણ બીજું એ છે કે એમાં ચેતનનો સંપૂર્ણ અનુભવ નહિ થાય, જળ અને પૃથ્વીતત્ત્વને લીધે. આગળ જતાં જ્ઞાનમાં જળ અને પૃથ્વીતત્ત્વ ઓછા થઈ જાય છે. તો પણ એને પૂરેપૂરો ચેતનનો અનુભવ થતો નથી. એટલે ખરેખરો અનુભવી પુરુષ છે તે એ પાંચ તત્ત્વમાં હોવા છતાં ઘણું ખરું આકાશતત્ત્વમાં જ રહેતો હોય છે. આકાશતત્ત્વમાં સંપૂર્ણ અનુભવની સ્થિતિ છે - આકાશતત્ત્વ મોખરે ન રહે ત્યાં સુધી ચેતનના અનુભવની શક્યતા નહિ.

**જળ અને પૃથ્વીતત્ત્વનો ઈમ્પેક્ટ જેમ જેમ ઓછો થતો જાય તેમ એની ભૂખ, તરસ જેવી સૂક્ષ્મ માંગ ઓછી થાય.** ઘણા દિવસ સુધી એને ખાધાપીધા વિના ચાલી શકે. ખાવાપીવામાં રસનો ભાગ છે એ પ્રાણતત્ત્વને લીધે છે.

## સંપૂર્ણ નિર્મોહી

બધાંનામાંથી સંપૂર્ણ ટળી જ્યાં મોહ જાય છે,
સ્વયંમેળ સ્મૃતિ-ભાવ ફુવારા શો ફૂટે હૃદે !

શરણાગતિ શી ત્યારે પરિપક્વ થતી જ છે !
વચન પાળવા કેરો ભાવ અંતરમાં સ્ફુરે.

## જ્ઞાનપૂર્ણ મૌન

તટસ્થતાથી ઉપરનું સ્તર સમત્વનું છે એ સમત્વ આપણામાં આવે અને **સમત્વ ૧૦૦ એ ૧૦૦% આપણામાં પ્રગટે, ત્યારે** તે વખતે આત્મતત્ત્વ ખુલ્લું થાય છે. તે વખતે કોઈને પ્રાર્થના કરીને બોલાવવા જવું પડતું નથી. આત્મતત્ત્વ આપણી સામે ખુલ્લું થઈ જાય છે, ત્યારે આપણને બધું સામું દેખાય છે. એમ તમને ખોલી આપે છે. ભગવાન આપણને કહે છે "તમે જુઓ છો ખુલ્લામાં ખુલ્લું, સાચામાં સાચું, પણ તમને બોલવાની છૂટ નથી આપતો. તારે ચૂપ રહેવું" શાંતિ થાય.

બોલવાથી કશું નહિ બને. તેથી કશું વધવાનું નથી કે ઘટવાનું નથી. વધારે બોલીશ તો તું દુઃખી થઈશ. બોલીને સામું માણસ નહિ દુઃખી થાય, એટલે આપમેળે મૌન ધારણ કરવાની કળા આપણામાં આવી જાય છે. આગળ-પાછળ ઘણું એવું દેખો-સગામાં, સ્વજનોમાં, આમતેમ-બીજામાં પણ બધે એવી જાતનું દેખો કે તમે આકળ વિકળ થઈ જાવ. તો પણ તમે શાંતિ ધારણ કરી શકો છો એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ જે તટસ્થતા અને સમત્વ એ બે ના આવ્યા હોય તો એ સ્થિતિ આપણા માટે શક્ય નથી. અને એ બે ન હોય તો પ્રત્યક્ષ આત્મતત્ત્વનો આપણને અનુભવ પણ નથી.

પણ મુક્ત થવા પહેલાં એવી એક કક્ષા આવે છે કે જ્યારે તેવો ઉચ્ચ કોટિનો સાધક બીજા માનવીનું આંતરસત્ત્વ આરપાર નિહાળી શકે છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૫

# સાક્ષીત્વ તરફ પ્રયાણ

- *ઈંડાંની અંદરના જીવનો સંપૂર્ણ વિકાસ થતાં જેમ ઉપરનું કોચલું આપોઆપ અંદરના જીવના અલ્પ પ્રયાસ માત્રથી તૂટી જાય છે અને પોતે બંધનમુક્ત થાય છે તેવું આપણું થવાનું છે. તે વેળાએ ચેતનતત્ત્વને ઢાંકી દેનારા આવરણો આપોઆપ લુપ્ત થઈ જવાનાં છે, ને જીવપ્રકારનાં પડળો ખૂલી જવાનાં છે. એટલે સાચું જ્ઞાન આપોઆપ છતું થઈ જવાનું છે.*
- *...એમ ભાવાવસ્થા વારંવાર પ્રકટતાં તેમાં પણ સહજતા ને સળંગતા પ્રકટી જાય છે; નિરંતરતાની ભાવાવસ્થામાંથી આંતરિક ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રકટે છે.*
- *કોઈ પણ ઈચ્છા રહેલી ન હોય. કોઈ પણ જાતની સમજણ, કલ્પના, માપ, ગણતરી, રાગદ્વેષાદિ દ્વંદ્વો રહ્યાં ન હોય, એ બધાંયે જતાં રહે, એ બધાંથીયે સંપૂર્ણ મુક્તિ મેળવાય તો જ ચેતનના અનુભવના પ્રદેશમાં પ્રવેશ કરી શકાય.*
- *ત્રણેય ગુણો હોવા છતાં એનો આશ્રય નથી, એવી સ્થિતિ થાય, ત્યાર પછી ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય.*
- *સત્ત્વગુણમાં સમતા અને તટસ્થતા સુધી અવાય, પણ એનામાં સાક્ષીભાવ નથી.*
- *સત્ત્વગુણનું કોચલું તૂટવું બહુ મુશ્કેલ છે. તે વખતે ભગવાન એની મદદે આવે છે. યોગમાં તાર જોડાઈ ગયા પછી અનેક સંગ્રામ થાય છે. ત્યાં ચેતનનું બળ જ કામ લાગે છે. પુરુષપ્રકૃતિનું બળ કામ લાગતું નથી.*
- *જેમ સુર અને અસુર બે જાતિ છે, એમ આપણામાં-આપણા પોતાનામાં સત અને અસત છે. આપણે તેનાથી પર થઈએ, ત્યારે આપણને જ્ઞાન મળે. તેવી રીતે પેલામાં પણ અસુરને અને સુરને બંનેને જીતવા પડે. બંનેને જીતીએ ત્યારે ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય. તાદાત્મ્ય સ્થિતિ પણ ત્યારે જ થાય. તાદાત્મ્ય ગુણ કેળવવાની સ્થિતિમાં જ સુર-અસુરની લડાઈ આવે છે.*

- *નીરવ એટલે વિચાર પરત્વેના સંકલ્પ-વિકલ્પ કંઈ જ નહિ. ત્યારે એ થવાને માટે શું ? અત્યારે આપણે પ્રકૃતિના બધા ગુણધર્મો લય પામે એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામના, અનેક પ્રકારની ઝંખનાઓ બધું લય પામીને હરિમાં બધું લય થઈ જાય. આપણે "પોતે" થઈ જઈએ અને એવી સ્થિતિ થઈ જાય પછી નીરવ થવાય.*
- *ભાવાવેશની એકાગ્રતા થઈ તેવી નીરવતાના બૅકગ્રાઉન્ડમાં ભલે પ્રકૃતિ હોય પણ વારેવારે થાય એટલે પ્રકૃતિનો જોશ મોળો પડશે. કારણ કે ઊર્ધ્વ પ્રદેશની લાક્ષણિકતામાં આપણે પ્રવેશીએ છીએ. એટલે આવી નીરવતા પ્રકૃતિના બૅકગ્રાઉન્ડ ઉપર થયા કરે છે અને એ થતાં થતાં, ઘણીવાર થયાં કરે. પછી પ્રકૃતિનો જોશ મોળો પડી જાય. એ મોળો પડતા, પછી ચેતનાની ભાવનામાં પ્રવેશીએ.*
- *એવી નિરંતર નીરવતા મનની પ્રકટ્યા બાદ ને તેવો અનુભવ લાંબા ગાળા સુધી જીવતો ટક્યાં કરે, ત્યારે તેવી દશામાં રાગદ્વેષથી એટલે કે દ્વંદ્વથી જીવ પોતાને મુક્ત થતો અનુભવે છે.*
- *મન વશ થતાં એકદમ તો તદ્દન અંધકાર લાગશે, તે અતિ કારમો હશે. તે પછી તે અંધકાર (આવો અંધકાર એ અજ્ઞાનવશાત્ નથી હોવાનો, પણ સાધકની એવી દશા થાય છે) તે પણ દૂર થાય છે અને તે પછી તેજ, શક્તિ, પ્રેમ, આનંદ ઉદ્ભવે છે. આપણને એમ લાગતું હોય છે કે જાણે સમુદ્રમાં મોજાં લહેરીઓ રૂપે અથવા એવા હલકા હલકા ખાલી ઘડા રૂપે આપણે ફરતા ન હોઈએ એવું અનુભવાય છે, એવી દશામાં ચેતના-પ્રભુચેતના પ્રગટી શકે.*

## સાધનાની પ્રક્રિયા પાકતાં બંધનમુક્તિ જરૂર થશે

ઈંડાંની અંદરના જીવનો સંપૂર્ણ વિકાસ થતાં જેમ ઉપરનું કોચલું આપોઆપ અંદરના જીવના અલ્પ પ્રયાસ માત્રથી તૂટી જાય છે અને પોતે બંધનમુક્ત થાય છે તેવું આપણું થવાનું છે. ઈંડાંની અંદરના ગર્ભની જેમ આપણે એવા વિકાસપથગામી રહ્યા કરીશું અને તેની સંપૂર્ણતા થશે, ત્યારે રાસાયણિક પ્રક્રિયાના પ્રમાણે આપણી અંદર સાધનાની ભાવની જે પ્રક્રિયા ચાલી રહેલી હોય છે, તેની પણ જીવતીજાગતી પરંપરા થઈને તેની પરિપૂર્ણતા થવાની છે, તે નિશ્ચે

જાણશોજી. તે વેળાએ ચેતનતત્ત્વને ઢાંકી દેનારા આવરણો આપોઆપ લુપ્ત થઈ જવાનાં છે, ને જીવપ્રકારનાં પડળો ખૂલી જવાનાં છે. એટલે સાચું જ્ઞાન આપોઆપ છતું થઈ જવાનું છે.

**ભાવાવસ્થા દ્વારા ઝડપી પ્રગતિ**

ભાવમાં જ્યારે એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રકટે ને ટકે એટલે કે એમાં જ એટલી તો ગાઢ તન્મયતા જન્મે કે આગળ-પાછળનાનું ભાન પણ રહે નહિ, એવી સ્થિતિ વારંવાર જ્યારે થઈ જતી હોય, ત્યારની સ્થિતિમાં સંપૂર્ણ એવી ભાવાવસ્થા થઈ જવાની તૈયારી હોય, ત્યારે જેવા થવાનું દિલ હોય તેની સદ્ભાવના કોંસ્યસલી ચેતનાપૂર્વક જો આપણે હૃદયમાં રાખી શક્યા, તો આપણી પ્રગતિ ઘણી ઝડપી થાય છે. એ તો તટસ્થતા, સમતા, પૂરેપૂરાં સંપૂર્ણપણે કેળવાયેલા હોય ત્યારે જ તેમ બની શકે.

એમ ભાવાવસ્થા વારંવાર પ્રકટતાં તેમાં પણ સહજતા ને સળંગતા પ્રકટી જાય છે; ને તે પછી તે સહજ, જીવંત બની જાય છે. પછી તેવાને તેમ થવાની પણ જરૂર રહેતી નથી; તેવાની આંતરિક દશા તેવી ને તેવી અખંડિત રહ્યા કરે છે. નિરંતરતાની ભાવાવસ્થામાંથી આંતરિક ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રકટે છે.

''ઘણી વખત હું છોકરાઓને ભણાવતો હોઉં, પાઠમાં કંઈક સારું આવે, એવું કંઈ દૃશ્ય જોઉં, આંબાને કે રાયણને મહોર ખીલેલા દેખું, પુષ્પ ખીલેલાં જોઉં તોય મને ભાવસમાધિ થઈ જતી.''

''સાધો સહજ સમાધિ ભલી'' - કબીરનું આવું એક પદ છે. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં બધું કરતાં એ હરિ પરત્વે ભાવ આપણામાં વહેતો હોય, સકળ કંઈ કરતાં કરતાં ભગવાન પરત્વેનો ભાવ સતત, અસ્ખલિત વહેતો રહ્યાં કરે એ ભાવસમાધિ ઉત્તમ. બહારનું જ્ઞાન રહે છતાં ભાવમાં રહેવાય, જ્યારે પેલામાં તો બહારનું જ્ઞાન જતું રહે. માત્ર ભાવમાં જ રહેવાય, એ બરાબર નહિ.

## ગુણાતીત અને દ્વંદ્વાતીત થવાની પ્રક્રિયા

કોઈ પણ ઇચ્છા રહેલી ન હોય. કોઈ પણ જાતની સમજણ, કલ્પના, માત્ર, ગણતરી, રાગદ્વેષાદિ દ્વંદ્વો રહ્યા ન હોય, એ બધાંયે જતાં રહે, એ બધાંથીયે સંપૂર્ણ મુક્તિ મેળવાય તો જ ચેતનના અનુભવના પ્રદેશમાં પ્રવેશ કરી શકાય.

## ગુણાતીત થવાની પ્રક્રિયા

## સત્ત્વગુણમાંથી મુક્તિ

દ્વંદ્વાતીત એટલે દ્વંદ્વ જ જેનામાં નથી એવો અર્થ નથી. તેવી રીતે ગુણાતીત એટલે ગુણ જ જેનામાં નથી એવો તેનો અર્થ થતો નથી. જેમ આપોઆપ આંખ પલકારા મારે છે, જેમ સહજપણે પળેપળ શ્વાસોશ્વાસ લેવાયા જાય છે અને હૃદયમાં ને નાડીઓમાં લોહી વહ્યા કરે છે, હૃદય આપોઆપ ધબક્યા કરે છે, તેવી રીતે ગુણોનું આપોઆપ સહજપણે પ્રવર્તવાનું બન્યા કરે, એટલે કે તેનો સંચાલક (જીવદશામાં) અહમ્ હોય છે. તે અહમ્ ગુણાતીતની દશામાં સંપૂર્ણ લય પામી જાય છે. મતલબ કે ગુણના પ્રેરાવાપણામાં જીવદશાનો અહમ્ નથી હોતો, ને એવી સ્થિતિ હોય ત્યારે "ગુણા ગુણેશુ વર્તન્તે" એમ ગણી શકાય, પણ મારા તમારાથી ભૂલેચૂકે ઉપર પ્રમાણે ન કહેવાય કે બોલાય. વળી, ઈન્દ્રિય હોવા છતાં ઈન્દ્રિય પ્રકારનો વિકાર તેમાં નથી. બાકીનું બીજું કામ તે તે ઈન્દ્રિય કરે ખરી.

દ્વંદ્વાતીત કે ગુણાતીત થાય એટલે સત્ત્વ, રજસ અને તમસથી દૂર જવાય. એટલે ગુણનો આશ્રય ન હોય. કેટલાકનો અનુભવ ગુણના આશ્રયને લીધે થાય છે. ત્રણેય ગુણો હોવા છતાં એનો આશ્રય નથી, એવી સ્થિતિ થાય, ત્યાર પછી ગુણાતીત. એ આશરો ભલે લેતા ન હોઈએ, તેમ છતાં આકાશતત્ત્વ પ્રિડોમિનંટ રહે છે. સત્ત્વગુણમાં આકાશતત્ત્વ ખીલે છે. પણ ગુણાતીત થાય ગુણ હોવા છતાં ગુણનો આશ્રય નથી, ગુણના આશ્રય વિના એને અનુભવ થાય છે. એટલે પ્રકૃતિમાં હોવા છતાં પ્રકૃતિથી મુક્ત છે, પ્રકૃતિથી પર છે.

સત્ત્વગુણમાં સ્થિરતા, સમતા અને તટસ્થતા છે. રજસ-તમસનાં કોચલાં છે, તે તૂટી જવાં સરળ છે પણ સત્ત્વનું કોચલું તૂટવું મુશ્કેલ છે.

**સુવર્ણપાત્રનો અર્થ**

જેમ પુરુષતત્ત્વ સુવર્ણથી ઢંકાયેલું છે તેમ સત્ત્વ પણ ઢંકાયેલું છે. એવી ભૂમિકાવાળો ડહોળાય નહિ, અકળાય નહિ. એ સ્થિર રહે. એમાંથી સર્વ પ્રકારનો ઉકેલ નીકળ્યા કરે. એ ગમે તેમ કરીને એનો રસ્તો કાઢ્યા કરે. જેમ ગીતામાં કહ્યું છે કે "યોગક્ષેમ વહામ્યહમ્" એવો જે સાધક છે એટલે કે સત્ત્વગુણવાળો સાધક સુવર્ણકોચલાને તોડી શકતો

નથી. એ આનંદમાં રહ્યાં કરશે. એ આનંદનો આપણને ખ્યાલ નથી એટલે કેમ કરીને એનો વિચાર આવે ? એટલે ઋષિમુનિઓએ વિચાર્યું કે આ પણ છેવટની સ્થિતિ નથી. "નેતિ-નેતિ" સત્ત્વગુણમાં સમતા અને તટસ્થતા સુધી અવાય, પણ એનામાં સાક્ષીભાવ નથી. એ સુવર્ણનું પાત્ર છે. પણ સુવર્ણથી ઢંકાયેલું છે. એનાથી પણ ચેતનનો અનુભવ થતો નથી, કારણ કે એમાં સાક્ષીત્વ નથી એટલે એ પણ તૂટવું જોઈએ.

**સત્ત્વગુણનો દોહ્યલો ગઢ**

જેમ અસલના વખતમાં રાજાઓ મોટા ગઢ બાંધતા કે જેથી બીજાઓ એમને જીતી ન જાય. લગનમાં ગીત ગાય છે : "અમે ઈડરિયો ગઢ જીત્યા રે". સત્ત્વગુણ હોય તો દયા, સમતા, સદ્‌ભાવ વગેરે હોવાથી એ પોતાના જીવનો વિસ્તાર વધારે છે, એ કદી સ્વાર્થી હોતો નથી. સત્ત્વગુણનું કોચલું તૂટવું બહુ મુશ્કેલ છે તે વખતે ભગવાન એની મદદે આવે છે.

**અનન્યાશ્ચિન્તયન્તો મામ્ યે જનાઃ પર્યુપાસતે,**
**તેષામ્ નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમમ્ વહામ્યહમ્.**
**(ગીત, ૯।૨૨)**

એની એવી ભાવના નિરંતર પ્રગટેલી છે, એટલે અનન્ય ભાવથી એ ભગવાનને ભજતો હોય છે અને "પર્યુપાસતે" એટલે ચાર બાજુથી એ ભગવાનને ઉપાસે છે. "ઉપાસતે" એટલે પાસે બેસે છે અર્થાત્ એની સાથે ને સાથે જ હોય છે. બીજી રીતે કહીએ તો એવી ભક્તિ કરે કે જેથી એ એની નિકટતા અનુભવે છે. વળી, "નિત્ય અભિયુક્તાના" એટલે હંમેશ એની સાથે જોડાયેલાં છે, એવાનું યોગક્ષેમ વહે છે. યોગ, "યુજ-યુજ્ય" એટલે જોડાવું - આપણા હૃદયનો તાર જેની સાથે જોડાયેલો છે તેનું ક્ષેમ શું ? એટલે યોગમાં તાર જોડાઈ ગયા પછી અનેક સંગ્રામ થાય છે, ત્યાં ચેતનનું બળ જ કામ લાગે છે. પુરુષપ્રકૃતિનું બળ કામ લાગતું નથી. એ કોને મદદ કરે ? "જે મને ભજે, તેને મારા જેવા તેના ગુણધર્મો થાય છે, એટલે કે સાક્ષી થાય. હું આ બધામાં વસી રહ્યો છું, છતાં નોખો છું, એવા નોખા તમે થાવ." આ એનો પહેલો ગુણધર્મ એટલે સકળ કંઈ કરતા નોખા રહો, એમ વિચારતાં વિચારતાં ઋષિમુનિઓ આ સ્થિતિ ઉપર આવ્યા.

## ગુણાતીત પ્રક્રિયામાં સંગ્રામ
## તબક્કા આખરી જે છે

જીવન-વિકાસના ક્ષેત્રે તબક્કા આખરી જે છે,
ખરાખરીનું, કટોકટીનું ભયંકર યુદ્ધ ચાલે છે.

શું દૈવાસુર સંગ્રામ જીવનને ભીંસમાં લે છે !
અસુરો રૂપ દેવોનું લઈ શી જાળ બિછાવે !

ખરેખરી ઈશ્વરી શક્તિ પહોંચી વળવા શી માત્ર
-ખરેખર એકલી યોગ્ય ! બીજાની ત્યાં ન તાકાત.

નિરંતર ભાવની બઢતી થતી રહેતાં અખંડિત તે,
જીવનમાં ઈશ્વરી શક્તિ ફૂટી નીકળતી મેળે તે.

**ભૂમિકા ઊર્ધ્વના જંગ, શું કલ્પનાતીત કેવા છે !**

જીવનના ઊર્ધ્વના ક્ષેત્રે જવાતાં સૂક્ષ્મમાં ઊંડે,
ભૂમિકા કોઈકમાં ત્યારે મહા સંગ્રામ આવે છે.

કરંતાં સામનો તેનો ત્યહીં મર્દાનગી ખૂટે;
જીવનના સાધના-ક્ષેત્રે સતત સંગ્રામ સાથે છે.

જીવાતાં ઊર્ધ્વમાં, તેજ થતી મર્દાનગી પોતે;
તહીં તે સૂક્ષ્મની શક્તિ શી અપરંપાર પોતે છે !

છતાં સંગ્રામમાં ત્યારે પડે છે તેય ટૂંકી તે,
ભયંકર જંગ શા નિત્યે સતત બસ ખેલવાના છે !

ભૂમિકા ઊર્ધ્વના જંગ, શું કલ્પનાતીત કેવા છે !
ગતાગમ ત્યાં પડે તેમાં વિના અનુભવ ન કોઈને.

**બધી રીતે, બધા ભાવે શરણ, તેને મળે રક્ષા**

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે સંગ્રામ જે જન્મે
-ઊંડો, ઊંડે જ દૈવાસુર તણો કેવો અકલ્પ્યો જે !

કંઈક વેળા, પૂરેપૂરા, જતાં હારી જ દેવો તે.
પછીથી તે હરિ આગળ જઈ બળ પ્રાપ્ત કરતા છે.

પથે તે ઊર્ધ્વમાં એવા જુદા જુદા પ્રકારે તો
-ઊગે સંગ્રામ તેનોય પડે શો સામનો કરવો !

જરૂર શી દૈવી શક્તિની પડે સંગ્રામમાં તેવા,
બધી રીતે, બધા ભાવે શરણ, તેને મળે રક્ષા.

ઊગ્યાં સાધનમાં પુરુષાર્થ થયા કરતાં, થયા કરતાં;
મળેલું બળ જીવનમાં તે ખપ્યું શું યુદ્ધ લડવામાં ?

**શું આખરનું ખરેખરનું ફરી શું યુદ્ધ આપ્યું છે !**

અસુરો, સુરની વચ્ચે ભયંકર જંગ જામ્યો છે,
જીવનના હાલ બેહાલ નર્યા કેવા થયેલા છે !

અસુરોએ જીવનનો તો શું કચ્ચરઘાણ વાળ્યો છે !
બધું ખેદાનમેદાન કરી નાંખ્યું જીવનનું છે.

ભલે દેવો જ હાર્યા છે, ભલે ભાગી ગયેલા છે;
છતાં પાછા હરિ પાસે શી ચાવી જીતવા ચહી છે !

હરિ પાસેથી શી શક્તિ નૂતન મૌલિક પામીને
-શું આખરનું, ખરેખરનું ફરી શું યુદ્ધ આપ્યું છે !

**હૃદયની ભાવ-મસ્તીથી ઝનૂને ચઢેલો જે !**

જીવનમાં હારી-હારીને વળી ગઈ પીઠ બેવડ શી !
છતાં લડવાનું તો ચાલુ રખાયું છે ફરી-ફરીથી.

હરાતાંમાં બધાં કારણ જણાયાં હારવા કેરાં
-હતાં શાં શાં ! કૃપાથી તે મળેલું જાણવા ત્યાં ત્યાં.

અસુરો કેટલીક વેળા શું દેવો પર જીતી જાય !
થયું પ્રત્યક્ષ જીવનમાં મને એવું જ સાક્ષાત્.

હરિના ભાવમાં સજ્જ પૂરેપૂરો થવા માટે,
હૃદયની ભાવ-મસ્તીથી ઝનૂને શો ચઢેલો જે !

જેમ સુર અને અસુર બે જાતિ છે, એમ આપણામાં-આપણા પોતાનામાં સત અને અસત છે. આપણે તેનાથી પર થઈએ, ત્યારે

આપણને જ્ઞાન મળે. તેવી રીતે પેલામાં પણ અસુરને અને સુરને બંનેને જીતવા પડે. **બંનેને જીતીએ ત્યારે ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય. તાદાત્મ્ય સ્થિતિ પણ ત્યારે જ થાય.** અસુરોને જીતવા પડે. પણ અસુરોની લડત બહુ ભારે છે. એટલી બધી ભારે છે કે તે વખતે આપણે અનેક વાર હારી જઈએ છીએ. અને હારીને આપણે ભગવાન પાસે જઈને પ્રાર્થના કરીએ છીએ અને ભગવાન આપણી મદદે આવે છે અને ત્યાર પછી એની સાથે લડીએ છીએ અને પાછા જીતીએ. કોઈક વાર હારીએ છીએ, ત્યારે તે વખતે આપણી પાસે ભગવાન સિવાય બીજું કોઈ હોતું નથી. એટલે ભગવાન પાસે જઈને આપણે પ્રાર્થના કરીએ છીએ. **ત્યારે ભગવાન આપણી વહારે ધાય છે અને ત્યારે જ ભગવાનની પ્રત્યક્ષ હાજરીની, એના ગુણની સ્થિતિ સમજાય છે.** આ બધું તાદાત્મ્ય ગુણ કેળવાતાં થાય છે. **તાદાત્મ્ય ગુણ કેળવવાની સ્થિતિમાં જ સુર-અસુરની લડાઈ આવે છે.** અત્યારે હોય છે, નથી હોતી એમ નહિ, પણ અત્યારે જુદા પ્રકારની હોય છે. દેવ-અસુર દરેક ભૂમિકામાં રહેલાં છે. પણ અત્યારની ભૂમિકામાં દેવ-અસુર જુદા છે, ત્યારે આપણે ઘણી વાર અસુરોથી હારી જઈએ છીએ. હારી જઈએ છીએ, ત્યારે આપણે નમાલા નથી થઈ જતા. આપણાં ખુમારી કે ખમીર તૂટી નથી જતાં. આપણું માથું કપાઈ નથી જતું. ત્યારે માથું અણનમ રહે છે અને ભગવાનનું અખંડ સ્મરણ આપણામાં રહે છે અને ભગવાન પાસે આપણે જઈએ છીએ. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે ‘‘પ્રભુ, હવે તો આવું થયું. અમે સ્મરણ ચૂક્યા નથી. તો હવે અમારે શું કરવું ?’’ ભગવાન કહે ‘‘જાઓ, હું તમને નવી શક્તિ આપું છું. તમે જીતશો.’’ પાછા નવી શક્તિ લઈને જાય છે, ને અસુરોની સામે લડીને જીતે. અસુરોને થાય છે કે ‘‘મારા બેટા, આ પાછા આવ્યા !’’ આ બધા આપણને હરાવે, એટલે એમનામાં કોઈ શક્તિ છે. તેમનામાં બહુ શક્તિ છે, તેમને પણ જ્ઞાન થાય પણ એ ભગવાનને સ્વીકારતા નથી.

અસુરો બહુ બળવાળા હોય. બળવાળા હોય એટલું જ નહિ, પણ પરકાયા પ્રવેશ કરી જાણનારા હોય છે. દા.ત. હું અસુર છું, તે રમણભાઈ થઈ જાઉં. ધીરજબહેન કે જ્યોતિબહેન પણ ઓળખે નહિ. એવું તાદાત્મ્ય ગુણ સાથે એક થઈ જાય. અસુરોનો એટલો બધો ગુણ

છે. એ અસુરોને જીતવા બહુ કપરા છે. એનું વર્ણન કોઈક ઠેકાણે આવે છે ખરું, પણ મને યાદ નથી. પણ એ તાદાત્મ્યગુણ થતાં પહેલાં, આ લડત આવે છે. આખરે પેલો ભગવાનનો ભક્ત જીતે છે **તો પણ એ અસુરો પ્રત્યે, અણગમો દાખવતો નથી. સદ્ભાવ જ દાખવે છે અને એ એમનું કામ હોય અને આવી પડે છે તો તેનું કામ પ્રેમથી કરી દે છે. "કંઈ નહિ કરું" એવું ખરો ભક્ત નહિ કહે. બહુ ઊંચી સ્થિતિ છે.** જેવા પ્રકારનું નિમિત્ત થાય, એવું શરીર પણ ધારણ કરી શકે. માણસ હોવા છતાં એ પક્ષી થઈ શકે. ગમે તે થઈ શકે. એવો ગુણધર્મ હોય છે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે પણ જઈ શકે છે. કોઈકને અચંબો લાગે. સંસારમાં દાખલા બનેલા છે, પણ કોઈ નોંધાયેલા નથી.

## કૃપા તત્ત્વનું કાર્ય

તુલસીદાસનો એક દુહો છે : "સુર સંગ્રામ કો દેખ કર ભાગ", કે આ સુર લોકો છે તે સંગ્રામ જોઈને ભાગે છે, કારણ કે એની સામે આ અસુરો એવાં પ્રચંડ હથિયારો ઊંચકીને પ્રચંડ મર્દાનગીથી લડે છે કે જેની સામે આ સુરથી ટકાતું નથી. અનેકવાર હારી જાય છે ને પાછા ભગવાન પાસે જાય છે. આ તો એને સિમ્બોલિક ઍક્સ્પ્રેશન આપ્યું, રૂપકરૂપે. ભગવાન પાસે જાય છે. ત્યાં પ્રાર્થના કરે છે અને પાછા ભગવાન પાસેથી બળ મેળવે છે. એટલે કે આપણે હારીએ, ત્યારે પાછા ભગવાન પાસે જવું જોઈએ. ને ભગવાનની પ્રાર્થના કરવી જોઈએ. ભગવાનનું તપ કરવું જોઈએ, ભગવાનનું સ્તવન કરવું જોઈએ. એની પાછળનો આ અર્થ છે. સંગ્રામમાં નમી જવું, એ નહિ ચાલે.

જે કોઈ માર્ગે સાધક કે કોઈ પણ માણસ એ પોતાનું કર્મ કરતો હોય તે કર્મમાં એ અણનમ રહેવો જોઈએ. તેજ - ફાસ્ટ - રહેવો જોઈએ. ગમે તેવી સ્થિતિ આવે, ત્યારે નમી ના પડે. કોઈ પણ સ્થિતિ માટે આ લાગુ પડે છે કે એણે ટટ્ટાર રહેવું જોઈએ, મજબૂત રહેવું જોઈએ. હારી ગયેલો હોય, ખલાસ થઈ ગયેલો હોય, તોપણ મર્દાનગીથી માથું ઊંચું રાખીને ટટ્ટાર રહ્યા કરે કે આજે નહિ તો કાલે હું છતો થવાનો છું. બીજી રીતે મથીશ. ગમે તેમ કરીશ, ભલે હારી ગયો હોઉં, ભલે હું ખલાસ થઈ ગયો હોઉં, પણ હું પાછો ઊઠવાનો જ

છું એવો જીવતાજાગતો આત્મવિશ્વાસ એના દિલમાં જાગે અને વિશ્વાસથી, ટટ્ટારીથી માથું ઊંચું રાખે તો ફરી એવો માણસ જરૂર ઊભો થઈ શકે. લાચાર થઈને પડી જાય તો ઊલટો મરી જવાનો છે. **આવી સ્થિતિ થઈ હોય ને આવું આપણે કરીએ, ત્યારે કૃપા આપણી મદદે આવે છે.** જીવનમાં આપણે માગીએ કે "બા, દૂધ લાવ, તલપાપડી લાવ." અને બા આપણને આપે, એવું ત્યાં નથી હોતું. તરત ને તરત ન બને. અધીરાઈ તો તમારામાંથી ૧૦૦% જવી જ જોઈએ. અધીરાઈ ત્યાં ન ચાલે. સંપૂર્ણ ધીરજ. તે એને મરજીમાં હોય ત્યારે આપણને આપે. એ એનો સ્વામી છે. તે આપણો ગુલામ નથી. કંઈ આપણે કહીએ ત્યારે આપણને આપે એમ બને નહિ. બે-ચાર, પાંચ-છ, આઠ-દસ દિવસ પછી જ્યારે મરજીમાં આવે ત્યારે આપણા મગજમાં જ્ઞાનની જેમ એક સ્ફોટ થાય અને તેલના ફુવારાની જેમ આપણા મગજમાં થાય. એ વખતે એ જ્ઞાન સ્ફુરે ત્યારે આપણા મોંનો ચહેરો, આ બધું બદલાઈ જાય અને આખા શરીરમાં રોમાંચ થઈ જાય.

### હરિ ત્યારે પ્રકાશે છે

હરિને દિલમાં દિલથી અનુભવવો ખરેખર છે,
અનુભવવો કઈ રીતે ? હરિ સાકાર તો ના છે.

ભલે સાકાર ના હોય, છતાં ઐશ્વર્ય, સામર્થ્યે,
-થતાં સંપૂર્ણ દ્વંદ્વાતીત, ગુણાતીત મળે દિલ તે.

અનંતાનંત, કાળાતીત, સ્થળાતીત પર હરિ શો છે !
હરિના ગુણધર્મો તે જીવન પ્રગટાવવાના છે.

પ્રગટતાં તે ગુણો પૂર્ણ થતી ત્યારે ભૂમિકા જે
-અનુભવમાં પ્રગટતાં તે; હરિ ત્યારે પ્રકાશે છે.

### લય પ્રક્રિયા

#### નીરવતા અને દ્વંદ્વાતીત પ્રક્રિયા

નીરવ એટલે વિચાર પરત્વેના સંકલ્પ-વિકલ્પ કંઈ જ નહિ. ત્યારે એ થવાને માટે શું ? અત્યારે આપણે પ્રકૃતિના બધા ગુણધર્મો **લય પામે**

એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા, કામના અનેક પ્રકારની ઝંખનાઓ બધું લય પામીને હરિમાં બધું લય થઈ જાય. આપણે "પોતે" થઈ જઈએ. અને એવી સ્થિતિ થઈ જાય પછી નીરવ થવાય. એકદમ થવાય નહિ. અત્યારે આપણે થઈએ ખરા. એકદમ ભાવાવસ્થામાં આવી જઈએ. એક ભગવાનમાં અથવા તો એની ભાવનામાં એકાગ્ર થઈ ગયા તો એટલા સમય પૂરતા નીરવ થઈએ. પણ આમાં શું છે ? અનુભવની નીરવતા જુદી. એના બૅકગ્રાઉન્ડમાં (આધારમાં) પ્રકૃતિ ભારોભાર અને પેલામાં - અનુભવની નીરવતામાં-બ્રહ્મ જ છે, ચેતન જ છે. અત્યારે આપણને એના મનન ચિંતવનમાં એવી ભાવના જાગતાં જાગતાં એકાગ્રતા થઈ જાય, ત્યારે જે જાગે તેમાં સંકલ્પ-વિકલ્પ, વિચાર-વૃત્તિ કંઈ જ ના હોય. પણ તેના બેકગ્રાઉન્ડમાં પ્રકૃતિ. તે સારું છે. ખોટું નથી. પણ એવું વારંવાર થયા કરે. પછી પ્રકૃતિનો જોશ મોળો પડી જાય. કારણ કે જે ભાવાવેશની એકાગ્રતા થઈ તેવી નીરવતાના બેકગ્રાઉન્ડમાં ભલે પ્રકૃતિ હોય. પણ વારેવારે થાય એટલે પ્રકૃતિનો જોશ મોળો પડશે. કારણ કે ઊર્ધ્વ પ્રદેશની લાક્ષણિકતામાં આપણે પ્રવેશીએ છીએ. એટલે આવી નીરવતા પ્રકૃતિના બેકગ્રાઉન્ડ ઉપર થયા કરે છે અને એ થતાં થતાં, ઘણીવાર થયાં કરે. પછી પ્રકૃતિનો જોશ મોળો પડી જાય. એ મોળો પડતાં, **પછી ચેતનાની ભાવનામાં પ્રવેશીએ.** એ પ્રવેશતાં પ્રવેશતાં જે અનુભવની સ્થિતિ આવે, તેની જે નીરવતા થાય, તેમાં સંકલ્પ-વિકલ્પ, વિચાર-વૃત્તિ કંઈ જ ના હોય. તેની પાછળ તો પછી હરિ જ, ચેતન જ. બીજું કશું જ ના હોય.

## મનની નીરવતામાંથી દ્વંદ્વાતીત

## જીવન રચવાની રંગતની
## (નીરવતાની સ્થિતિ)

હરિની ભક્તિમાં જ્યારે પૂરું રંગાઈ જવાયું છે,
નિરાગ્રહ ત્યાં નિરહંકાર, નીરવતાની ભૂમિકા તે.

વળી **નિષ્કામની** પૂર્ણ ભૂમિકા શી સર્જાઈ છે !
નરી **નિઃસ્પૃહતા** વચ્ચે શી પ્રવૃત્તિ સ્પૃહાની છે !

જીવન રચવાની રંગતની ખરેખરી દિલ મજા શી છે !
છતાં પાછી મજા તે તે ઊડી ક્યાંયે જતી રહે છે.

કશામાં દિલ ત્યાં ના છે **નર્યું સંપૂર્ણ હરિમાં** છે,
છતાં તેનાય અસ્તિત્વતણું ના ભાન ત્યાંયે છે.

તહીં અજ્ઞાનમાં જ્ઞાને રમત રમતાં, રમત રમતાં,
હૃદય પૂર્ણ સ્વતંત્ર જ શો ! અનુભવ તે થતો રહે ત્યાં.

વાણી એ જેટલી સમર્થ શક્તિરૂપ છે તેવી રીતે તેનું - વાણીનું - અવ્યક્ત સ્વરૂપ અંતર્મુખપણું - મૌન છે. મૌનનું આંતરિક વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ પ્રકટ્યા વિના મન નિઃસ્તબ્ધ દશાને કદી પણ પામી શકતું નથી. મન નિસ્તરંગ દશાને જ્યાં સુધી ન પામે, ત્યાં સુધી મનની મૂળ શક્તિ વ્યક્ત થતી અનુભવાઈ શકાતી નથી. એવી નિસ્તરંગ દશા જ્યારે પૂર્ણપણે ગાઢતાને પામે છે, **ત્યારે કોઈ પણ વૃત્તિ, વિચાર, લાગણી-કશું પણ મનમાં ફરકતું સરખું અનુભવી શકાતું નથી. તેવી ગાઢ નીરવતામાં કંઈક થોડી હળવાશ આવતાં વિચાર કદી તૂટક તૂટક આવે,** પણ તે ટકે નહિ, પસાર થઈ જાય તેમાં (તે વિચારમાં) આનુષંગિક વિચાર તો કદી જોડાય જ નહિ. એટલે જન્મેલા વિચારને અનુસરતી બીજી વિચાર પરંપરા જાગી શકતી નથી. **એવી નિરંતર નીરવતા મનની પ્રકટ્યા બાદ ને તેવો અનુભવ લાંબા ગાળા સુધી જીવતો ટક્યા કરે, ત્યારે તેવી દશામાં રાગદ્વેષથી એટલે કે દ્વંદ્વથી જીવ પોતાને મુક્ત થતો અનુભવે છે.**

દિલમાં ભાવનાના પ્રાકટ્યથી જે મૌન જન્મે છે અને એ મૌનના જ્ઞાનપૂર્વક અનુશીલન, પરિશીલન દ્વારા ચેતન પ્રતિષ્ઠિત થાય છે, ત્યારે જ્ઞાન સ્ફૂરે છે. જેમ જેમ જે પ્રકારની ભૂમિકા પ્રકટતી જશે, તેમ તેમ તે તે પ્રકારનું જ્ઞાન ઊગ્યા કરવાનું છે.

મૌનની શક્તિ ખરેખર રીતે તો એક પ્રચંડ શક્તિ છે. એ શાંત, ગહન અને રહસ્યવાળી છે. શાંત, સ્વસ્થ મન જ્યારે નિઃસ્પંદ હોય છે, ત્યારે તે જીવ મનથી પર થઈ શકે છે તે વિના તો કદી જ નહિ. તેવી દશા પ્રાપ્ત થતાં એને ચેતનની ઝાંખીનો અનુભવ થઈ શકે. સર્વ પ્રકારના વિચારથી મુક્ત થઈ જવાની અને અંતે તો કોઈ પણ પ્રકારનો

વિચાર નહિ કરવાની જીવનસાધના કરતાં કરતાં સાધકે તેવો અનુભવ પ્રાપ્ત કરી લેવાનો રહે છે. એવી દશાનો જ્યારે એને અનુભવ થાય છે, તે વેળા પોતાને તે સાચી રીતે સમજતો જતો હોય છે. પોતાની ઉપર પોતાનો કાબૂ જમાવી શકવાની શક્તિને પોતે અનુભવી શકતો હોય છે. આવી છે આ જીવનકળા.

**જ્ઞાન થતાં પહેલાનો મનની નીરવતામાં અંધકાર**

શરીર, મન શાંતિમાં રાખવાથી મનોબળ વધે છે. ઘણા કાળે મન તેવું થઈ શકે, જો સતત તે બાજુનો પ્રભુકૃપાથી જીવતોજાગતો મરણિયો પુરુષાર્થ થયા કરતો હોય તો. મન વશ થતાં એકદમ તો તદ્દન અંધકાર લાગશે, તે અતિ કારમો હશે. તે પછી તે અંધકાર (આવા અંધકાર એ અજ્ઞાનવશાત્ નથી થવાનો, પણ સાધકની એવી દશા થાય છે) તે પણ દૂર થાય છે અને તે પછી **તેજ, શક્તિ, પ્રેમ, આનંદ ઉદ્ભવે છે.** આપણને એમ લાગતું હોય છે કે જાણે સમુદ્રમાં મોજાં લહેરો રૂપે અથવા એવા હલકાં હલકાં ખાલી ઘડા રૂપે આપણે ફરતા ન હોઈએ એવું અનુભવાય છે, એવી દશામાં ચેતના-પ્રભુચેતના પ્રગટી શકે.

નિરંતરની હરિ કેરી હૃદયમાં સભાનતા જ્યાં છે,
હરિના ભક્ત સંપૂર્ણ ખરે ત્યારે થવાતું છે.

હરિ-ભક્તિ તણો રંગ પૂરેપૂરો હૃદય લાગ્યે,
થતી પ્રજ્ઞા મતિ ત્યારે, પછીથી જ્ઞાન સ્ફુરે છે.

**બુદ્ધિ પ્રજ્ઞા ક્યારે થાય ?**

દ્વંદ્વ પ્રકારની વૃત્તિ-વાસનાથી મુક્તિ પામ્યા વિના, અંધકાર-અજ્ઞાનની દૃષ્ટિ લુપ્ત થયા વિના, રાગદ્વેષથી મુક્તિ પમાયા વિના અને અહંકારથી સંપૂર્ણ નિર્મૂળ થવાયા વિના બુદ્ધિની સંપૂર્ણ શુદ્ધિ ને સાત્ત્વિકતા પ્રકટી શકતાં નથી.

**પરંતુ માર્ગમાં જેમ થવાતાં પૂર્ણ કેન્દ્રિત,**
**થઈ બુદ્ધિનું રૂપાંતર નવી બુદ્ધિ ઊગેલી છે. = (પ્રજ્ઞા)**

**હરિનો ભાવ સંપૂર્ણ નિરંતર જીવતો દિલ છે,**
**તહીં બુદ્ધિ બને પ્રજ્ઞા ''નયન ચેતનનું પોતે તે.''**

આવો ભાવ જ્યારે પ્રગટે અને જેમ જેમ ગાઢતા થાય, ત્યારે ભાવાવેશ થાય, ત્યારે એને ભગવાન બુદ્ધિયોગ આપે છે. તે તો જ્યારે દ્વંદ્વાતીત અને ગુણાતીત થઈએ ત્યારે જ બને.

## પ્રજ્ઞા બુદ્ધિ
## બુદ્ધિયોગ

"હૈયે જોડાઈ મારામાં એવા ભાવે ભજે મને,
બુદ્ધિયોગ દઉં એને; તેથી તે પામતા મને.

કરુણા કરી તેઓના અજ્ઞાન-અંધકારને
ફિટાડું જ્ઞાનદીપે હું તેમને પ્રગટી હૃદે."

ભક્તિથી કેવું તાદાત્મ્ય દિલ-દિલનું થાય છે !
એકાકાર, તદાકાર સંપૂર્ણ શું થવાય છે ! ૧.

એક ને એકમાં પૂર્ણ લગાતાર જિવાય છે,
એવો શો મહિમા મોટો ભક્તિનો જીવને જ છે ! ૨.

ભક્તિથી દિલમાં જ્યારે હરિ સાથે મળાય છે,
ભક્તિનો યોગ સંપૂર્ણ સધાતાં, રાજી થાય તે. ૩

ત્યારે હરિ શું પોતાનો જ્ઞાનયોગ છતો કરે !
બુદ્ધિને કેવી પ્રજ્ઞામાં દેતો ફેરવી જીવને ! ૪

ભક્તને બુદ્ધિનો યોગ કૃપાથી હરિ બક્ષતો,
જ્ઞાન-દીપે ફિટાડે તે અજ્ઞાન-અંધકાર સૌ. ૫

ભર્યો ભર્યો કરુણાનો હરિ સાગર મૂળ છે,
ભક્ત ઉપર પોતાના શો વારીવારી જાય છે ! ૬

એવાને માત્ર દર્શાવે વિભૂતિ નિજની બધી,
આકર્ષાવા હૃદે તેને કળા તે વાપરે બધી. ૭

ભક્તનાથી બીજું વહાલું હરિને કોઈયે ન છે,
ભક્તને તેથી પોતાનું દર્શાવા શું મસ્ત છે !
ઉમળકાથી હૈયાના ભક્તની પર રાજી તે. ૮

## કળાલીલા હરિની તે

"બધાંનો કર્તા હર્તા તું" હૃદય વિશ્વાસ જીવંતો
-જતાં પ્રગટી જ સંપૂર્ણ, થતી બુદ્ધિ શરણ ત્યાં તો.

જીવનમાં બુદ્ધિ રંગાતા હરિની ભક્તિથી જ્યારે,
પછી બુદ્ધિ બને પ્રજ્ઞા, હરિદરબાર ચાવી તે.

હરિમાં પેસવા, જીવવા શી પ્રજ્ઞા ઉપયોગી છે !
કળાલીલા હરિની તે શી પ્રજ્ઞા પારખી લે છે !

સતત બસ એકનું એક જ મનન ઊર્ધ્વે થતું રહેતાં,
તટસ્થ, સ્વસ્થ શી બુદ્ધિ થતી રહેતી ખરેખર ત્યાં !

**હરિનો ભાવ સંપૂર્ણ નિરંતર જીવતો દિલ છે,**
**તહીં બુદ્ધિ બને પ્રજ્ઞા "નયન ચેતનનું પોતે તે."**

## શી પ્રજ્ઞા-શક્તિથી કેવો નૂતન ઉકેલ મળતો છે !

જીવનનો નિત્યનો ક્રમ જે અમારો ચાલવાનો છે,
અમે તેમાં કશી રીતે ન પડવા ખોટ દીધી છે.

જીવનનો નિત્ય ક્રમ તે જીવંતો દિલ રાખીને,
બધું આટોપવા જે તે અમે કેવા મથેલા તે !

જુદું જુદું થતાં દર્શન જવા ઓળંગવા તેને,
હૃદય, દૃષ્ટિ, મનાદિ સૌ પડે ટૂંકાં ખરેખર તે.

**પરંતુ માર્ગમાં જેમ થવાતાં પૂર્ણ કેન્દ્રિત,**
**થઈ બુદ્ધિમાં રૂપાંતર નવી બુદ્ધિ ઊગેલી છે.** = (પ્રજ્ઞા)

નવી તે બુદ્ધિથી કેવો નૂતન ઉકેલ મળતો છે !
અજાણ્યું બુદ્ધિથી તેવી જીવનમાં ક્યાંય કંઈ ના છે.

## જુદી જુદી ભૂમિકામાં જુદી જુદી મથામણ છે

મથામણ સૂક્ષ્મથી સૂક્ષ્મ થતી જે ઑર ત્યાં સૂક્ષ્મે,
કળાવાને ન બુદ્ધિથી કશીયે શક્યતા ત્યાં છે.

છતાં જ્યાં ભક્તિનો રંગ જ પ્રવેશે બુદ્ધિને વિશે,
થતી બુદ્ધિ તદાકાર જહીં તે ભક્તિના રંગે;

પરિવર્તન પૂરેપૂરું થતું જ્યાં બુદ્ધિનું એવું,
થતી બુદ્ધિ શી ત્યાં પ્રજ્ઞા, બધું ત્યારે પમાયે છે.

## સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા નકામું છે !

સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા નકામું છે;
પકડ જામેલી છો હો તે સમો પ્રગટે ઊડી જતી તે.

કદી બુદ્ધિ ઊંડી ઊંડી પૂરેપૂરી ન ઊતરે છે,
ભળંતા પ્રાણની શક્તિ શી શક્તિ બુદ્ધિની ત્યાં છે !

મતિમાં ભક્તિનો રંગ જહીં સ્પર્શાતો લાગે છે,
સ્વરૂપ બુદ્ધિનું તે પછીથી નર્યું પલટાતું જાયે છે.

નરી રંગાયેલી બુદ્ધિ પૂરી જે ભક્તિના રંગે,
પછી વિચારવું કેવું બધું બુદ્ધિનું જુદું છે !

## પ્રભુની શક્તિની નજદીક

**પ્રભુની શક્તિની નજદીક જીવનમાં હોય જો કંઈયે-**
**-ખરેખર બુદ્ધિ એક જ છે, શી અણમોલી જ બક્ષિસ તે.**

---

પથે આગળ જતાં બુદ્ધિ શી સૂક્ષ્મતમ થતી જે છે !
પછી પિછાણવા ઊર્ધ્વ મતિમાં શક્તિ પ્રગટે છે.

**શું ચેતનનું નજીકમાંનું નજીક જે અંગ આધારે,**
ખરેખર બુદ્ધિ પોતે તે, પ્રિછાયે બુદ્ધિથી જે તે.

## કૃપાથી ત્યાં જગાયું છે

ખૂણાની કંદરામાં કોઈ ભરાઈ હું પડેલો જે;
ભૂમિકા એવીમાં શાંતિ શી અપરંપાર મનમાં છે !

નીકળવાનું પછી ક્યાંથી તહીંથી થાય શી રીતે !
ગરક તે શાંતિમાં કેવો હું સંપૂર્ણ જ થયેલો જે.

છતાં ત્યાં સાક્ષી-ભાવની તો હતી ઊણપ પૂરેપૂરી,
દીવા જેવું જ તે સત્ય નજર નહોતું ચઢ્યું મારી.

ખબર જ્યારે પડી એની, કૃપાથી ત્યાં જગાયું છે;
કૂદીને વાડ નીકળ્યો છું, કૃપાથી બહાર ત્યાંથીયે.

**ઉષા શી જન્મવાની છે !**

જીવને ત્યાગ સંપૂર્ણ સ્વાર્પણ પરમાર્થ જે
-પ્રભુપ્રીત્યર્થ ભક્તિથી આચરાતાં જ શક્તિ જે.

કેવી ઊગ્યાં કરે હૈયે ! કિંતુ સંગ્રામ ઉગ્રથી
- પડે છે થવું સૌ રીતે પસાર, શક્તિ વાપરી.

કેટલીયે પળો એવી ત્યારે જીવન જન્મતી
- ઘોર અંધારી કે જેમાં સૂઝે કૈં ન નવું જરી.

અજવાળાની સ્હેજેયે આછી પાતળીયે કશી
- રેખા ક્યાંયે જણાતી ના, અટવાવાનું હો વળી.

કેવાં બાથોડિયાં ત્યારે મારવા પડતા પથે !
શ્રેયાર્થીને ભરોસો શો ત્યાંયે છે જીવતો હૃદે !

આત્મવિશ્વાસ એને કે "નર્યા અંધારામાંથીયે
-ઉષા શી જન્મવાની છે !" તે આધારથી શો જીવે !

**જ્ઞાનનો ઉદય કેમ થાય ?**
**જ્ઞાન-ઉષા શી નીરખે !**

અજ્ઞાન અંધકારે જે જાગતો ચેતતો રહે,
ઉષા સૌંદર્ય તેવાને અનુભવાય જીવને.

અંધકારને રાત્રીમાં ભક્તિમાં પરોવાઈને
-નિરંતરે થતાં મગ્ન જ્ઞાન-ઉષા શી નીરખે !

આપમાં આપથી પૂર્ણ, આપનું ઓગળતું જતું;
અંધકારથી સંપૂર્ણ તેજે અવાતું ત્યાં જતું.

અજ્ઞાન અંધકારે જે નર્યો પડ્યો રહેલ છે,
તેને ઉષા વિશે કોઈ નવું દર્શન ના થશે;
એવાને ઊગતો બીજો દિન અજ્ઞાનનો ખરે.

## જ્ઞાન થતા પહેલાની વેદના

ગર્ભમાંથી થવા જન્મ વેદના કેવી કારમી !
પડે ભોગવવી, તેવું પ્રકાશ પામતા થતું.

ભાંગી પડાય સંપૂર્ણ એવી પળો શી તે સમે
-જીવને ઊગતી હોય; પાછા શા કેટલા પડે !

## ખરેખર ત્યાંથી જાગે છે

હરિનો ધૂંધળો સમ જે પ્રકાશ જ્યાં ઊગેલો છે,
છતાં ઉત્કટ સહેવું તે ભયંકર શું પડેલું છે !

જરીક શું ડોકિયાનું જે હૃદય-દર્શન થયેલું છે;
પીડા તેના વિરહ કેરી શી કારમી તીવ્ર દુષ્કર છે !

સહી ના જાય તેવી તે છતાં એથી મનાદિ તે
-સતત ને એકધારાં શાં પરોવાઈ હરિમાં રહે.

ભયંકર રાત્રિ અંધારી ન જોટો જેનો ક્યાંયે છે;
છતાં ઉષાની તૈયારી ખરેખર ત્યાંથી જાગે છે.

## હૃદય સંતોષ જીવનમાં હરિ લીધે જ અમને છે

હૃદય સંતોષ જીવનમાં હરિ લીધે જ અમને છે,
હૃદય આરામ સંપૂર્ણ હરિઆશ્રયથી મળતો છે.

સ્મરણના ભાવને લીધે હરિની ભાળ લાધી છે,
હરિની ભાળ લાગંતાં હૃદય તલસાટ જાગ્યો છે.

હૃદય તલસાટનું ઉગ્ર સ્વરૂપ કેવું ભયંકર છે !
સહ્યું તે કોઈપણ રીતે જતું કેમે કરીય ના તે.

**અનુભવવાની તે સીમા નજીક આવી રહેલી છે,**
**છતાં સૌ લક્ષણો એનાં જીવન ઉદ્‌ભવતાં લાગે છે.**

## જ્ઞાન થતાં
## દર્શન થાય છે તદા

છતાં કો વીરલો વીર ત્યાંયે શો જીવતો ટકી,
ચેતન પછવાડે શો પડી, સ્થિર ટકે વળી.

હેતુ એવી દશા માંહે જેને છે ધ્યેયનો હૃદે,
ચેતનાત્મક જીવંતો જીવંતા, જીવતો રહે.

એવાને શાં ઉષા કેરાં ભભકાદાર રંગના
-ભર્યા સોંદર્યનાં કેવાં દર્શન છે તદા !

બધા સાથે ભળેલાં હો, બધાં શું વર્તતાં જ હો,
નિરાળાં તે છતાં કેવાં ચિંતવને અણીશુદ્ધ છે !

ગંભીરત્વનું ભારે શું તે ઉષાનું મહત્ત્વ જે
-ખરેખરો જ શ્રેયાર્થી પારખી શકતો હૃદે.

એવી પળો શી એવાની નવો જન્મ થવા તણી,
મહા મોંઘામૂલી કેવી અનોખા તે પ્રકારની !

## જીવતો તે રળે ખરો

જીવને ઊગતાં ઉષા એનાં દર્શન જ્યાં થતાં,
જુદા જુદા જ શા રંગો ભભકદાર ત્યાં નર્યાં !

ઉષા-સૌંદર્ય નિહાળી કોઈક બહાવરા બને,
પચાવી શકવા એને કોઈની યોગ્યતા ન છે.

પચાવી જે શકે તેના આનંદની સીમા ન છે,
કિંતુ ઉષા પહેલાંની દશા શી તપવાળી છે !

ઉત્કૃષ્ટ ધ્યેયની જેને અગ્નિ જેવી ભભૂકતી
-જિજ્ઞાસા દિલ છે તેવા જતાં તે પાર ઊતરી.

કેટકેટલું એને તો શું ભયંકર જીવને
-સહેવાનું જ આવ્યું છે, છતાં ડગ્યો નથી પંથે.

ડગ્યો કદીક છે, તોયે તે અણનમ શો નર્યો
-રહ્યાં કરી જ સંપૂર્ણ જીવતો જે રળે ખરો.

---

જતાં આગળ અને આગળ હરિ-પદના જીવન વિશે,
જુદા રસ માણવામાં શા અમે ડૂબી ગયેલા તે !

હરિ-પદનાય જીવનના જુદા જુદા બહુ રસ છે,
બધા તે રસ થકી બહાર નીકળવું કેવું દુષ્કર છે !

પ્રકૃતિના જીવનમાંથી વટાવીને જતાં જ્યારે
-ઊગે મર્દાનગી એ શી ચમત્કારિક અદ્‌ભુત છે !

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે મર્દાનગીથી તે,
અમે કેવું લડેલા તે અમારું દિલ જાણે છે !

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૬

# અખંડ ભાવ-સ્વામિત્વ-સાક્ષીત્વ-૧૩મી ભૂમિકા-કેન્દ્રિતતા

- ભાવ નિરંતરનો થાય, ત્યારે એનામાં સાક્ષીત્વ પ્રગટી જાય છે, ત્યાં સુધી તો સમત્વ હોય.
- અહમ્‌નો સંપૂર્ણ લય થઈ જાય છે, તે પછી ચેતનનું સાકારપણું આવે છે.
- ભાવમાં સતત વળગી રહીએ તો એ સાકાર થઈ જાય છે. જ્યારે ભાવના એના સૌથી વધારે શુદ્ધ સ્વરૂપમાં અને સૌથી વધારે પ્રમાણમાં ચેતનાત્મક બને છે, અને જ્યારે તે કોઈ એક લક્ષ્યબિંદુ પર, અને તેની અંદર કેન્દ્રિત થાય છે, ત્યારે તે ભાવના મૂર્ત સ્વરૂપ બને છે; આકાર લે છે.
- સાકાર દર્શન એટલે શું ? ભગવાનના ભાવનું આપણામાં પ્રત્યક્ષ થવું એનો અર્થ એ કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો - જેમ કે એનું સચરાચરપણું, એની અનંત અમર્યાદિત શક્તિ, અનેક પ્રકારના ગુણોની અને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પપણું, એનું નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રગટ થાય ત્યારે એનાં દર્શન થયાં ગણાય.
- ૧૨મી સ્થિતિ વટાવ્યા પછી એ પૂર્ણ સ્થિતિમાં પહોંચે છે. એટલે પોતે પોતાનામાં એકાગ્ર, કેન્દ્રિત થઈ ગયો. પોતે પોતાના માહ્યલાના સ્વરૂપને અનુભવી લીધું.
- આ તેરમી ભૂમિકામાં આત્માને આત્માએ જાણ્યો. એના પૂરેપૂરા અનુભવમાં આવી ગયો. એ સ્થિતિમાં એને જે કોઈ સિદ્ધિનો અનુભવ થયો એ સિદ્ધિનો ઉપયોગ કરી શકે.
- પ્રકૃતિમાંનાં કરણોનું રૂપાંતર ક્યારે ને કેમ થઈ શકે તેનું શાસ્ત્ર પણ ગણિતશાસ્ત્રની જેમ નક્કી થયેલું હોય છે. સાધના કરતાં કરતાં જ્યારે જીવને પોતાનામાં વિરાજેલા અંતર્યામિત્વનો અનુભવ થઈ જાય છે, એટલે કે જેને વિજ્ઞાનનો અનુભવ થાય છે, તેવી દશા પ્રાપ્ત થયા બાદ જ પ્રકૃતિનું રૂપાંતર થવાની ક્રિયા સાચી રીતે આરંભાઈ જતી હોય છે.
- ભાવનાની અખંડતા પ્રગટે છે અને તે ભાવના તેના સર્વોત્તમ શિખરની ગાઢતામાં પ્રવેશે છે, ત્યારે જ રૂપાંતરની જીવતીજાગતી ચેતનાત્મક પ્રક્રિયાની શરૂઆત થઈ જતી હોય છે અને ભગવાનના અનુભવ

*પ્રદેશનો કિનારો ત્યાંથી શરૂ થાય છે. ચેતનના જુદા જુદા પ્રકારના અનુભવો પણ તેવી દશામાં જ થાય છે.*

- *ભાવની નિરંતરતા અને ગાઢતાં થતાં માનદિકરણોનું સહજમેળે રૂપાંતર થાય છે.*
- *આવો ભાવ જ્યારે પ્રગટે અને જેમ જેમ ગાઢતા થાય, ત્યારે ભાવાવેશ થાય, ત્યારે એને ભગવાન બુદ્ધિયોગ આપે છે. તે તો જ્યારે દ્વંદ્વાતીત અને ગુણાતીત થઈએ ત્યારે જ બને.*

  *"હરિનો ભાવ સંપૂર્ણ નિરંતર જીવતો દિલ છે,*
  *તહીં બુદ્ધિ બને પ્રજ્ઞા" નયન ચેતનનું પોતે તે."*
- *આત્માની સભાનતાવાળો જેમ જેમ થાય, તેમ તેમ પોતાનું શરીરનું બળ અને બ્રહ્માંડની રચનાનું રહસ્યબળ સમજે છે અને પોતાના જીવનમાં જે બનાવો બને, એનું રહસ્ય પણ એ સમજે છે, કે શાથી આ થયું ? એમ એ વિચાર ના કરે - આપમેળે સિનેમામાં જે દશ્ય આવે છે, એ કંઈ આપણે વિચાર્યું હોતું નથી.*

## નિરંતર ભાવનું જીવન ખરું પ્રભુમય જીવન તે છે

પ્રગટતાં ભાવ સંપૂર્ણ હૃદય ઊગતું જ નૈસર્ગિક,
તહીં નિષ્ઠા, વફાદારી ગુણો તેવા શું સાહજિક !

હૃદય ખીલેલ છે જ્યારે પડે કરવો ન પુરુષાર્થ,
બધું જે તે થતું રહે છે યથાર્થ જે પ્રભુ અર્થ.

પ્રકૃતિના ક્ષેત્રથી ઊર્ધ્વ ભૂમિકાનું મનન ચિંતવન
-થતું જ્યાં એકધારું છે, ઊગે ત્યાં ભાવ નિર્દ્વંદ્વ.

નિરંતર ભાવનું જીવન ખરું પ્રભુમય જીવન તે છે,
જીવન જીવવાની તે લહેજત અજોડ ને અનોખી છે.

**ભાવ નિરંતરનો થાય ત્યારે એનામાં સાક્ષીત્વ પ્રગટી જાય છે, ત્યાં સુધી તો સમત્વ હોય.** ભાવ નિરંતર થયો છે, એને તો આંદોલનો લાગતાં હોવાં છતાં સ્પર્શતાં જ નથી. એવી પરિસ્થિતિમાં મુકાયેલો હોવા છતાં એમાં એ ભાગ લઈ શકતો નથી, કારણ કે એ હંમેશા સાક્ષીપણામાં રહે છે.

જુદા જુદા તબક્કામાં, જીવનની વાસ્તવિકતાયે
-જુદી જુદી તરેહની છે, અનુભવતાં જ સમજાયે.

પ્રકૃતિના જીવન કેરી ખરેખર વાસ્તવિકતા જે,
જવા ઊર્ધ્વે મથાતાંની જુદી શી વાસ્તવિકતા તે !

જીવનની જુદી જુદી તે નિહાળી વાસ્તવિકતાને,
પરીક્ષા તે રીતે જીવન તણી કરી, તે તપાસ્યું છે.

હરિના ભાવના પણ શા જુદા જુદા તબક્કા છે !
અનુભવમાં જ સરવાળે શું તેનો અંત આવ્યો છે !

## અખંડભાવ અને સૂક્ષ્મ પ્રદેશો

જાગતાં, જામતાં ભાવ ગાઢતા ઉચ્ચ શિખરે
-પહોંચતાં પૂર્ણતા ટોચે તે અવતરતો પછે.

અખંડાકાર તે ભાવ થતાં સંપૂર્ણ જીવને,
સંચાલક બને પોતે ત્યારે જીવનનો ખરે !

એવા તે ભાવમાં પોતે પ્રકૃતિ તેનું માધ્યમ,
સ્વાભાવિક રીતે પાત્ર બને છે યોગ્ય, જીવન.

જેના જીવનમાં ભાવ નિરંતરે જ વ્યાપ્ત છે,
તેને જીવનમાં કર્મે ના કૈં વિચારવાનું છે.

કર્મની યોજના એને પડે ના કરવી કદી,
આપમેળે સ્ફુરે છે તે ભાવનો તે પ્રતાપ છે.

ભાવ એવો થતો પોતે સદ્‌ગુરુ જીવને સદા,
યોગ્યાયોગ્ય તણું ભાન એને મળે ઊગે તદા.

ભાવ જે પ્રગટેલો કેળવાયેલ ભાવ જે,
મૌલિક ભાવ જે વહે છે આપમેળેથી જીવને.

એવો પ્રત્યેક જે ભાવ નિરાળો શો જુદો જુદો !
સર્વોત્તમ સહુથીયે સહજ ભાવ મૌલિકે.

પ્રવર્તે ભાવમાં ભાવ સૂક્ષ્મ તે ભૂમિકા વિશે-
પોતે સાક્ષી થયા વિના પિછાણી ના શકાય છે.

ભાવમાં ભાવથી નોખો પાછો જે ભાવ હોય છે,
તે ભાવને કયું નામ દેવું તે નવ સૂઝ્યું છે.

ચેતનાના જુદાં જુદાં સ્વરૂપ ભાવ-રીતનાં,
ભાવના કારણે એવાં રૂપો જણાય છે તદા.

પ્રદેશો ભાવના દિવ્ય, સ્વતંત્ર એક એકથી,
છતાં પાછા જુદા જુદા મૌલિક એક એકથી.

એવા પ્રત્યેક તે ભાવની દુનિયા નિરાળી છે,
સમગ્રે તાંતણો તેમાં, ચેતનાનો સળંગ છે.

થાય મૌલિકતાનાં શાં દર્શન દિલ ભાવમાં !
નવાં નવાં અનેરાં એ એકએકથીયે જુદાં.

અખંડ ભાવનું હૈયે સાતત્ય જીવતું થતાં,
કેવા કેવા નવા સૂક્ષ્મ દિવ્ય દેશો થતાં છતા !

સળંગ તે બધાં વિશે અનોખો એક ભાવ છે,
ત્યાંયે મૌલિકતાના શા નોખા ભાવ પ્રદેશ છે !

પ્રદેશો ભાવના કેવા અકલ્પ્ય ને અગમ્ય છે !
ભાવ-અખંડતામાં તે પંથે આવે અનુભવે.

સૂક્ષ્મ ને દિવ્ય તે એવા પ્રદેશોનીય શક્તિ તે
ન્યારી ન્યારી જ શક્તિ શી ! અનોખી શી જુદી જ છે !

પ્રત્યેક ભાવના દેશે કળા-સૌંદર્ય જુદું છે,
શો આત્યંતિક જે ભાવ વર્ણનાતીત તે ખરે !

---

## તટસ્થ સાવ સંપૂર્ણ

જીવનના ઊર્ધ્વ પંથોની જુદી જુદી ભૂમિકાની
-શી ચેતનની અવસ્થાઓ જુદી જુદી જ તે રીતની.

છતાં પાછી બધીએ તે સ્વતંત્ર જ એકબીજાથી,
વળી દુનિયા જુદી જુદી અવસ્થાઓની પણ ત્યાં શી !

તટસ્થ સાવ સંપૂર્ણ જીવન પ્રગટી ગયેલું જ્યાં
-થયું સક્રિય જો હોય, બધું શું કામ લાગે ત્યાં.

જુદી જુદી ભૂમિકાના જીવનથીયે થવા નોખું,
તહીં શી તટસ્થતા વર્તે સબળ ત્યારે તરાવે શું !

## સાકાર-નિરાકાર અનુભવ

**સાધનાની શરૂઆત હુંપણાના ત્યાગથી જ થાય છે, ને પરિપૂર્ણતા અથવા વધુ યોગ્ય તો એમ કહેવાય કે એનો છેવટનો અંત, હુંપણાનો લય થવામાં રહેલો છે.**

**હુંપણાનો નાશ થવો સંભવી શકતો જ નથી.** એ તો, એ પણ એક તત્ત્વરૂપે છે. "હું પણું" એનો અર્થ તો આકાશમાં ગતિ કરાવનાર, એક પ્રકારનો સ્વભાવ કે ગુણધર્મ પણ કહેવાય. ગુણધર્મ કે સ્વભાવનો નાશ કદી સંભવી શકે જ નહિ. એનું રૂપાંતર થતું જાય. એટલે એ સંપૂર્ણપણે ગળી જઈ શકતો નથી, ને ગળવાનો જો "પૂરેપૂરા શુદ્ધ થવું" એવો અર્થ કરીએ તો તે યોગ્ય છે.

અહમ્‌નો સંપૂર્ણ લય થઈ જાય છે, તે પછી ચેતનનું સાકારપણું આવે છે. સાકાર એટલે કોઈ રૂપનું દર્શન એવો હું અર્થ નથી કરતો, પણ ચેતનના ગુણધર્મો જીવનમાં પ્રગટ થાય. સાકાર દર્શન થાય પછી નિરાકારનાં દર્શન થાય. સાકાર દર્શન થાય અને નિરાકારનાં દર્શન થાય જ એવું કંઈ નથી. એકબીજા તદ્દન સ્વતંત્ર છે. એકબીજાથી ચડિયાતાપણું નથી. નિરાકારનો તો કોઈકને જ અનુભવ થાય છે. ઘણા ખરાને સાકારનો અનુભવ થતો હોય છે.

**ભાવમાં સતત વળગી રહીએ તો એ સાકાર થઈ જાય છે.** આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એવા પ્રકારના છે કે નિરાકારને ગ્રહણ કરી શકતાં નથી. **સાકાર થઈ ગયા પછીથી અથવા તો ચેતનાનિષ્ઠામાં એવો ભાવ સતત થઈ ગયો હોય તો પછી એ નિરાકારને પામે.** કોઈક જ એવા શંકરાચાર્ય જેવા હોય કે એને પહેલો નિરાકારનો અનુભવ થાય પછી સાકારનો થાય છે. પછી તે શક્તિને માનતા થાય છે, પણ મારા અનુભવથી ચેતનથી શક્તિ જુદી નથી. ચેતનનું વ્યક્ત સ્વરૂપ શક્તિ છે.

**નિરાકારમાં ભક્તિ નહિ** આવે સાહેબ, સાકારમાં જ આવે. **સાકાર કહ્યું ત્યાં દ્વૈત જ આવે. દ્વૈતનો આનંદ ઑર છે. નિરાકારમાં આનંદ ખરો, શબ્દાતીત, ભાવાતીત અને ગુણાતીત.** એ આનંદનો પ્રકાર જુદો છે. આપણે જેને આનંદ કહીએ એને એની સાથે સરખાવી શકાય નહિ. આનંદના પણ પ્રકાર છે. આનંદ એવો કે જેને ઈન્દ્રિયો કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ન પકડી શકે.

આનંદ કહીએ એમાં પ્રાણતત્ત્વ મોખરે, પ્રાણતત્ત્વ જ એવા જીવપ્રકારનું હોય ત્યારે આનંદ દ્વંદ્વ અને ગુણથી ભરેલો એ તદ્દન નિમ્ન પ્રકારનો. જેમ જેમ ભાવ થતો જાય, એમ એમ પ્રાણતત્ત્વ ઊર્ધ્વ પ્રકારનું થતું જાય. તેનો આનંદ ઊર્ધ્વ પ્રકારનો થાય. પ્રાણતત્ત્વ સિવાય કશું ભોગવી ના શકાય. પ્રાણતત્ત્વ નિમ્ન કક્ષાનો આનંદ ભોગવે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ મૂઢતામાં આવી જાય છે, જ્યારે ઊર્ધ્વ પ્રકારમાં પ્રાણતત્ત્વ હોય છે ત્યારે આનંદ અનુભવે છે, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહમ્ ખીલે છે, ત્યારે વિવેક જાગે, એક પ્રકારની સૂક્ષ્મતા આવે.

## સાકાર દર્શન

Matter is solidified energy (સ્થૂળ પદાર્થ શક્તિનું ઘન સ્વરૂપ છે.) એમ વિજ્ઞાને સિદ્ધ કરી બતાવ્યું છે. તે પ્રમાણે આપણામાંની ભાવાનાનું પણ થાય; એટલે કે When it is intensified in its finest quality and greatest quantity and at the same time when it is centralized at a point and in a point, it takes concrete form. (જ્યારે ભાવના એના સૌથી વધારે શુદ્ધ સ્વરૂપમાં અને સૌથી વધારે પ્રમાણમાં ચેતનાત્મક બને છે, અને જ્યારે તે કોઈ એક લક્ષ્યબિંદુ પર, અને તેની અંદર કેન્દ્રિત થાય છે, ત્યારે તે ભાવના મૂર્ત સ્વરૂપ બને છે; આકાર લે છે.

## સાકાર દર્શન એટલે શું ?
## હરિ-સાકાર તે દર્શન

જીવનવિકાસ-ઉત્ક્રાંતિ શી સાહજિક ગતિવાળી !
નવી સર્વોપરિતાની શી વાસ્તવિકતાની પદવાળી !

પદેપદમાં જ અનુભવના પ્રદેશો શા જીવંતા છે !
-પથે એમાંથી તો આગળ જવાને દિલ પ્રેરે છે.

હરિ સર્વોપરી, શાશ્વત, વળી શો સર્વવ્યાપી છે !
જીવનને તેવું અનુભવતાં, અનુભવ તે રસીલો છે.

"પરમ જ્ઞાન, પરમ શક્તિ, પરમ શી ચેતના હરિ છે !"
ખરું સાકાર દર્શન આ હરિનું તે જ સાચું છે.

વિપુલતા, ભવ્ય ઐશ્વર્ય, અનંત જ દિવ્ય સામર્થ્ય
-ગુણો એવા તણો અનુભવ હરિ-સાકાર તે દર્શન.

**"ભગવાનનું દર્શન"**

ભગવાનનું દર્શન એટલે કાલ્પનિક ભાવ, મનની કોઈ કલ્પના નથી. સંસ્કાર પરંપરાગત જામેલી આપણામાં એ બાબતની જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શાસ્ત્રોમાં વર્ણવેલી દર્શનની સ્થિતિ પણ એક પ્રકારની મર્યાદા છે. ભગવાનના ભાવનું આપણામાં પ્રત્યક્ષ થવું એનો અર્થ એ કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો - જેમ કે એનું સચરાચરપણું, એની અનંત અમર્યાદિત શક્તિ, અનેક પ્રકારના ગુણોની અને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પપણું એનું નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રગટ થાય, ત્યારે એનાં દર્શન થયાં ગણાય. ભગવાને જે આ સૃષ્ટિ રચી છે તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ - છે, એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં તે હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે અને એમ આપણે એના યંત્ર બનીએ છીએ. પળેપળ એવી ભાગવત સ્થિતિમાં રહેવાયાં કરાય અને પળેપળ તેવાં ભાગવતી કાર્ય થયાં કરે એનું નામ ભગવાનનું દર્શન.

આપણા લોકો દર્શનનો અર્થ માત્ર રૂપ કરે છે. તે અર્થ મને બરાબર નથી લાગ્યો. મેં કશું વાંચ્યું નથી. મારા મનથી સમજેલો છું. તેના આકારમાં શું બળ્યું છે ? એના ગુણધર્મ આપણામાં પ્રગટે તે ખરું. **ચેતનના ગુણધર્મ છે, તે આપણા જીવનમાં પ્રગટે તે દર્શન છે. દર્શન તો આ કહેવાય. રૂપ જોઈએ તે દર્શન નહિ. એ તો આકાર. એ દર્શન નથી, પણ એના જે ગુણધર્મ, એની શક્તિ, તે બધું આપણામાં પ્રકાશ પામે તે દર્શન છે.**

## પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કાર અનુભવ

### સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર (૧૯૩૪)

કૃષ્ણ બે-ત્રણ વાર જણાયા હતા. દર્શન થયાં હતાં તે કૃષ્ણ મુરલીધારી ને એવી રીતના નહિ, તેમ આ પાર્થિવ શરીરનાં તત્ત્વોના પણ નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ ભરપૂર અને અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં દર્શન તે હતાં. બધું સૌંદર્યમય તે હતું. સૌંદર્ય જ સૌંદર્ય. અવર્ણનીય તે દર્શન.

તે સ્વરૂપ એટલું ને એવું તો મનોહર ને હ્રદય આકર્ષક હતું કે જેના આકર્ષણની તોલે બીજા કશાની પણ કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપારદર્શક સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર નહોતું; રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું ને પળમાં થોડેક દૂર પણ જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પેસી જતું અનુભવાતું; ને તે આધારના જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું ને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તો તે અંદર પેસી તેનું સમારકાર કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ ને બ્રહ્મરંધના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું ને હ્રદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણપ્રકાશથી આલોકિત થયેલો જણાતો હોય. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. તે શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર તો વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું ને અધ્ધર જ હોય તેવું પણ લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં ને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે ને એની અસર તે પછીથી એની કૃપાથી નીવડેલી છે.

આવાં તેનાં કૃપામય મંગળ દર્શન-અનુભવ પછીથી **આધારના કેન્દ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો; ને પછી તો કાયમ જ રહ્યો. ઉત્તરોત્તર જીવંતપણે વધારે પ્રકાશિત જ્વલંત પ્રગટતો રહ્યા કર્યો હતો.**

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનું મુગ્ધ અને આહ્‌લાદક પરમ ચૈતન્યથી વિલસતું હૃદયગમ્ય આકર્ષણ એટલું બધું તો સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રગટે છે કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. તેવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો તો ગાઢ પ્રગટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રગટી જતા હોઈએ છીએ. એવો ભાવ જે પહેલાં દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેન્દ્રિત હતો, તે **ભાવ તેની એકાગ્રતા અને કેન્દ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે. તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રગટે છે.** તેવો ભાવ પછીથી તો **કોઈક સુંદર રમણીય દશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દશ્ય કે એવું સ્થૂળ રૂપનું દશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વ્યક્તવ્ય કે એવું કોઈક ભાવાત્મક ભજન** આવા પ્રકારનું નિમિત્ત પ્રગટતાં તેવો ભાવ તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રગટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવ-સમાધિ પ્રગટી જતી હોય છે અને તેનાથી તે ધન્ય બનતો હોય છે. તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મવ્યવહારમાં અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યાં કરે છે.

## અનુભવના પ્રદેશે તો

"જીવનના મૂળમાં હરિ શો !" થતાં સાધન ઊંડાં જ્યાં તે
-હૃદયમાં લાગ્યું સમજાવા, અનુભવવા મથાયું છે.

હૃદયના ભાવથી સાધન સહજમેળે થતાં રહેતાં;
અનુશીલન, પરિશીલન થતાં રહેતાં જ જીવનમાં;

જીવનની ઊર્ધ્વ ભૂમિકા તણા કોઈ કેન્દ્રના બિંદુ
-વિશે એકાગ્ર કેન્દ્રિત થવાતાં; ફૂટ્યું શું ઝરણું !

અનુભવના પ્રદેશે તો થતો પ્રવેશ લાગ્યો છે,
પછી શાં ઉત્તરોત્તર ત્યાં શિખર ઊર્ધ્વે ચઢાયાં છે.

## તેરમી ભૂમિકામાં આત્માની સ્થિતિમાં પ્રવેશ થાય છે

૧૨મી સ્થિતિ વટાવ્યા પછી એ પૂર્ણ સ્થિતિમાં પહોંચે છે. એટલે પોતે પોતાનામાં એકાગ્ર, કેન્દ્રિત થઈ ગયો. પોતે પોતાના માહ્યલાના

સ્વરૂપને અનુભવી લીધું. ૧૩મી ભૂમિકામાં આત્માના શરીરમાં એ સિદ્ધ થાય છે એટલું જ નહિ, પણ આત્માની શક્તિનો પણ એને અનુભવ થાય છે. જેમ એ - શ્રેયાર્થીને - એની શક્તિની સભાનતા જાગે તેમ એ શક્તિનો ઉપયોગ પોતાના વિકાસના પંથમાં જ કર્યા કરતો હોય છે. જેમ વેપારી કમાઈને પાછી એ મૂડી વેપારમાં જ નાખે છે. પોતે વાપરવા પૂરતું, ખર્ચ જોગું લે. પણ ઘણો મોટો ભાગ તો વેપારમાં જ નાખે છે. તેવી રીતે આ શ્રેયાર્થીને પણ પોતાની શક્તિની સભાનતા જાગે ત્યારે એમ કરે છે. સભાનતા ન જ જાગે તો મેળવ્યાનો કંઈ જ અર્થ નથી. જેમ વેપારીને એની મૂડીની સભાનતા છે તેમ શ્રેયાર્થીને કે સાધકને જે આગળ જતાં શક્તિ પ્રાપ્ત થાય છે એ શક્તિની સભાનતા એને આવ્યા વગર રહેતી નથી. એને જો ના આવે તો એ શ્રેયાર્થી નથી કે સાચા ભાવમાં સાધક નથી.

આ તેરમી ભૂમિકામાં આત્માને આત્માએ જાણ્યો. એના પૂરેપૂરા અનુભવમાં આવી ગયો. એ સ્થિતિમાં એને જે કોઈ સિદ્ધિનો અનુભવ થયો, એ સિદ્ધિનો ઉપયોગ કરી શકે. કારણ કે ત્યાં કોઈ એને નુકસાન નથી. તેરમી ભૂમિકામાં આત્માને આત્માની શક્તિનું સંપૂર્ણ ભાન જાગે છે, ત્યારે થાય છે. એ સંપૂર્ણ ભાનની સ્થિતિમાં પોતાને પોતાની શક્તિનું ભાન થાય છે, "ઓહો, મારી પાસે તો અઢળક શક્તિ છે !" ત્યારે સિદ્ધિ રિદ્ધિનો પોતાને ખ્યાલ આવે છે કે એનો સંકલ્પ માત્ર સાકાર થઈ જાય છે. એવી સ્થિતિમાં જ્યારે આવે ત્યારે—૧૩મી ભૂમિકામાં તો - આત્મા એવા પ્રકારનો છે કે કંઈ કશું એનું પ્રકૃતિની રીતે બગડી જ ના શકે. એટલે જેમ વેપારી કરોડાધિપતિ હોય, લક્ષાધિપતિ હોય તો એની મૂડીનો ઉપયોગ કરે છે. એ મૂડીના ઉપયોગ કરતાં કરતાં એમાં એમ પણ થાય કે કદી ખોટ પણ આવે, વેપારીને, પણ પેલામાં ખોટ નહિ આવે. આત્માની શક્તિની એને સભાનતા થઈ, ત્યારે એને ખોટ નથી. પણ અમુક સ્થિતિમાં, આત્માની સ્થિતિમાં સંપૂર્ણ જેને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે, તે પોતાની સ્થિતિનો નિમિત્ત જાગતાં ઉપયોગ થઈ શકે છે. ત્યાં એનું પતન નથી. આત્માની શક્તિ એ જ સિદ્ધિ. આત્માની અનંત શક્તિ અને જે જે પ્રકારનું જ્યાં નિમિત્ત આવે ત્યાં એવા પ્રકારની શક્તિ વાપરે છે. જેમ એંજિનની અંદર વરાળ થઈ

ગયા પછી એને ૪૦ માઈલની ઝડપે લઈ જવું હોય તો એંજિનમાં તે પ્રકારની તે પ્રમાણે કળ વાપરે. ૬૦ માઈલની, ૨૦ માઈલની, ૧૦ માઈલની, ૧ માઈલની; જેમ કરવું હોય તેમ એ કરી શકે છે. એમ આત્માની શક્તિની સભાનતા એને જ્યારે જાગે છે, ત્યારે એ જે પ્રકારના નિમિત્ત મળે તે પ્રકારની પોતાની શક્તિ ત્યાં તેટલા પ્રમાણમાં, તેટલા વેગથી તેવી રીતે એ વાપરે છે. એને કોઈ પ્રકારનું પતન થઈ શકે જ નહિ એવી સ્થિતિ એની થઈ હોય છે.

## ભાવની ગાઢતાનું વિજ્ઞાન

"અખંડ ચિંતવને હૈયે જીવંત ભાવ-યજ્ઞથી
-આભા મંડળ ફૂટેલું રક્ષે બાહિર-અંતરે."

જીવનવિકાસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશતાં પ્રવેશતાં કોઈ પણ પ્રકારના ચેતનાત્મક જીવંત ભાવાત્મક સાધનના અખંડપણામાંથી જે ભાવનો ઝરો ફૂટી નીકળે છે, ને તેવો ભાવ જ્યારે જીવતોજાગતો અખંડપણે સતત પ્રકટ્યા જ કરતો હોય છે, તેવી વેળા પોતાના આધારની આગળ પાછળ એક એવા સૂક્ષ્મ પ્રકારનું AURA, આભામંડળ ફૂટી નીકળે છે, કે જે એક એવા પ્રકારનું કવચ બની જાય છે, કે જે કવચને બહારના વાતાવરણમાંથી આવતાં અનેક પ્રકારનાં વમળો, વૃત્તિઓ, વિચારો તથા એવાં સૂક્ષ્મ તત્ત્વો કે જે જીવનવિકાસને બાધક નીવડે કે વિઘ્નમાં મૂકે, એવાં તત્ત્વો પણ તે કવચને ભેદી શકતાં નથી ને તેની સાથે સાથે અંદરનો જે ચેતનાત્મક ભાવ જાગેલો, જીવંતપણે પ્રકટેલો રહ્યાં કરે છે, ને જે તેવા ભાવને પેલું કવચ બહાર પણ નીકળી જવા દેતું નથી. તેથી તેવો ભાવ સદાય વધારે ને વધારે તેજસ્વી ને જ્વલંત તથા વધારે ને વધારે ગાઢ થયાં કરતો હોય છે.

## કરણોનું દિવ્ય રૂપાંતર

**પ્રકૃતિમાંનાં કરણોનું રૂપાંતર ક્યારે ને કેમ થઈ શકે તેનું શાસ્ત્ર પણ ગણિતશાસ્ત્રની જેમ નક્કી થયેલું હોય છે. સાધના કરતાં કરતાં જ્યારે જીવને પોતાનામાં વિરાજેલા અંતર્યામિત્વનો અનુભવ થઈ જાય છે, એટલે કે જેને વિજ્ઞાનનો અનુભવ થાય છે, તેવી દશા પ્રાપ્ત થયાં બાદ જ પ્રકૃતિનું રૂપાંતર થવાની ક્રિયા સાચી રીતે આરંભાઈ જતી હોય છે.**

પ્રત્યેક વિચાર, પ્રત્યેક વૃત્તિ, પ્રત્યેક લાગણી, પ્રત્યેક કર્મ અને પ્રત્યેક ભાવ, આ ઉપરાંત મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ તથા તે સાથેના સંબંધો પળેપળ જ્ઞાનભક્તિપૂર્વક પ્રભુને સમર્પણ થયા જતાં હોય એવો જીવતોજાગતો ભાવ જીવનમાં કેમ કરીને એકધારો પ્રવર્ત્યા કરે એના ઉપર જીવતુંજાગતું લક્ષ જ્યારે જ્વલંતપણે પ્રગટી ગયેલું હોય છે, ત્યારે તેવા સાધનાકાળમાં જીવપ્રકારની વૃત્તિઓ દિવ્ય રૂપાંતર પામતી જવાની આંતરિક પ્રક્રિયામાં હોય છે.

વાસનાનું ઊર્ધ્વીકરણ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે આપણે આધારનાં કરણોમાં સાંગોપાંગ ભાવનાનું સાતત્ય પ્રગટેલું હોય છે ત્યારે.

સત્ત્વગુણમાં ભાવાત્મક ચેતનવંતી નિષ્ઠા પ્રગટતી જાય છે, અને તે જેમ જેમ વિકસતી જાય છે તેમ તેમ ઊર્ધ્વરેતસ્ થઈ શકાય છે. ઊર્ધ્વરેતસ્ થયા પછીની શક્તિનું માપ હાલના આપણા જીવનથી આપણને કદી આવી શકવાનું નથી. એવી અંતરનાં મૂળની શક્તિ પ્રગટ્યા વિના સર્વોચ્ચ કક્ષાની સાધના થવી અશક્ય છે. **જ્યારે સત્ત્વગુણની પ્રતિષ્ઠા પ્રગટે છે અને ભાવમાં ભાવથી નિરંતરતા પ્રગટે છે, તેવી સ્થિતિમાં જ ઊર્ધ્વતેરસ્ થવાપણું શક્ય છે.**

**ભાવનાની અખંડતા પ્રગટે છે અને તે ભાવના તેના સર્વોત્તમ શિખરની ગાઢતામાં પ્રવેશે, ત્યારે જ રૂપાંતરની જીવતીજાગતી ચેતનાત્મક પ્રક્રિયાની શરૂઆત થઈ જતી હોય છે અને ભગવાનના અનુભવ પ્રદેશનો કિનારો ત્યાંથી શરૂ થાય છે. ચેતનના જુદા જુદા પ્રકારના અનુભવો પણ તેવી દશામાં જ થાય છે.**

**ભાવની નિરંતરતા અને ગાઢતાં થતાં માનદિકરણોનું સહજમેળે રૂપાંતર થાય છે.**

## સૂક્ષ્મ ભૂમિકાઓમાં સંગ્રામ

ભૂમિકા ઊર્ધ્વની રચના જુદા જુદા પ્રકારે છે,
બધાં તે દિવ્ય દર્શનની શી અદ્‌ભુત તે કહાણી છે !

કદીક તેમાં જ લોભાઈ મનાદિ ત્યાં પડી રહે છે,
ભૂમિકા એવીનાં કેવાં કળા, સૌંદર્ય અદ્‌ભુત છે !

ભૂમિકા ઊર્ધ્વનું દર્શન ચમત્કારિક ભલે છો ને,
હરિના ભાવ ભાવુકને કૃપા શી ચેતવી દે છે !

મનાદિને બીજાં કરણો તહીં શાં સૂક્ષ્મ બનતાં છે !
પ્રક્રિયા સૂક્ષ્મમાંથી શાં પછી તે દિવ્ય બનતાં છે !

પ્રવેશાયા પછી દિવ્ય ભૂમિકાને વિશે જીવને,
પછી એવો પૂરેપૂરો શું મુક્ત છે બધી રીતે !

---

હરિના માર્ગની ઊર્ધ્વ ભૂમિકાઓ જુદી બહુ જે,
ત્યહીંથી બહાર નીકળવા સહારો શ્રીહરિનો છે.

સહારો શ્રીહરિનો શો ખરેખર માત્ર જ છે,
તહીં પુરુષાર્થનું ઝાઝું કશું ના જોર ચાલે છે.

તટસ્થ દિલ હોવાથી બધું સમજાય છે ત્યારે,
સમર્પી સર્વ દેવાતાં શું નિજનું સર્વ વર્તાયે !

હૃદયનો આર્ત ને આર્દ્ર સ્ફુરેલો ભાવ અંતર જે,
જીવનની ઊર્ધ્વ ભૂમિકા બધી તેને કુદાવે છે.

બધી મર્દાનગીને શો તહીં પડકાર પડતો છે,
હરિનો ભાવ જેનામાં નિરંતર, તે જ જીતે છે.

---

## જીવનની સૂક્ષ્મ ભૂમિકા

જીવનની સૂક્ષ્મ ભૂમિકા વિશે શું શું લપસણું છે !
-અનુભવ તે થયા વિના ન જાગે ખ્યાલ તે વિશે.

અહા ! શું રૂપ-સૌંદર્ય ન જોટો ક્યાંય જેનો છે;
પૂરું મોહાઈ જવાની જ્યાં શી વાસ્તવિકતા નરી ત્યાં છે !

મૃદુ-મૃદુ, સ્પર્શ કોમળ શો વધુ કોમળ શું ફૂલથી છે !
અહાહા ! સ્પર્શ કોમળથી થતો આનંદ જુદો છે.

શરીરના સ્થૂળ તે રૂપનું બધું સૌંદર્ય તુચ્છ જ છે
-ભૂમિકા-સૂક્ષ્મના રૂપના બધા સૌંદર્ય આગળ તે.

વિના ઓળંગ્યા તે તે સૌ હરિના મૂળ પ્રદેશે તે
-ન કોઈથી પ્રવેશાશે, હકીકત કેવી સાચી તે !

## કૃપા-શક્તિનું અસ્તિત્વ

જીવનની સૂક્ષ્મ ભૂમિકા તણાં સૂક્ષ્મ સ્વરૂપો જે;
કદીક બિહામણાં, કોઈ બહુ લોભામણાંયે છે.

વળી રળિયામણાં કોઈ, શું આકર્ષણ જગાડે તે !
નયન ને દિલ સંપૂર્ણ ઉભય મોહી પડે ત્યાં તે.

નીકળવું બહાર તેનાથી અશક્ય જ સાવ લગભગ તે;
છતાં ત્યારે શ્રીસદ્‌ગુરુની કૃપા કેવી ચઢે વહારે !

કૃપા-શક્તિનું અસ્તિત્વ તહીં પરખાતું લાગે છે;
કૃપા-શક્તિ ખીલેલીનું ખરું પ્રત્યક્ષ લક્ષણ તે.

પૂરેપૂરી કૃપા વિના નીકળવાનું જ તેમાંથી
-બની ના તે શક્યું હોત; કૃપાની ત્યાં જ બલિહારી.

## શકે ઊગરી કૃપાથી જે

જીવનની સૂક્ષ્મ ભૂમિકા ન કોઈની સમજમાં તે;
જીવનની તે ભૂમિકાને ન ઓળખતું જ કોઈ છે.

શું શું વળગણ તહીંયે છે ! કળણ ત્યાંયે શું સૂક્ષ્મ જ છે !
જવા ભરમાઈ ભૂમિકા, ગરક શી થઈ જવાની તે !

**હરિ જેની ભૂમિકામાં જીવંતો જો થયેલો છે**
**-ખરેખર માત્ર તેવા જ શકે ઊગરી કૃપાથી જે.**

પરંતુ જ્યાં ભૂમિકામાં ગરક જ થઈ જવાતું છે;
પળે તે સભાનતા તેવી જીવતી ઊગવી કૃપા શી તે !

હરિના ઊર્ધ્વના પંથે શી આવે દિવ્ય ભ્રમણાઓ,
શી લાગે સાચી ! ત્યાં તો યે ન દર્શન છે હરિનું તે.

જતાં આગળ, જતાં આગળ જીવનના ઊર્ધ્વને પંથે,
શી ગૂંચવામણ હૃદય ત્યારે શી સૂક્ષ્માતીત થયેલી છે !

શી ગૂંગળામણ ઊંડી ઊંડી નૂતન કોઈ રીતની મન જે
-ઊગી, ત્યારે જીવન વિશે કરી દીધો સ્થગિત પંથે.

પ્રકૃતિની સમજ બહાર શી દુનિયા ઊર્ધ્વની તે છે !
પ્રકૃતિની સમજ વિશે કદી પણ ના ઊગી શકશે.

ભૂમિકા તે વિશે જીવન કદીક અટવાયું કેવું છે !
શી સૂક્ષ્માતીત મથવાની બલિહારી ખૂટેલી છે !

જતાં ઊર્ધ્વે હૃદયમાંની શી શક્તિ કેળવાઈ જે !
પછી તે શક્તિની કેવી બઢંતી હોશિયારી છે !

પથે કાબેલિયત તેની શી ઊર્ધ્વતર થતી તે છે !
અને તે બુદ્ધિથી કેવા થતા ઉકેલ સૌ ર્‌હે છે !

**સંપૂર્ણ ગાઢતા ટોચે ભાવ પહોંચતાં હૃદે,**
**ત્યાં નિરંતરતા જામ્યે પ્રકૃતિ ઊર્ધ્વ થાય છે.**

## વૃત્તિઓનું દિવ્ય રૂપાંતર અનુભવમાં પ્રકાશે છે

હરિમાં દિલ દઈ દઈને, હરિમાં ચિત્ત પ્રેરીને,
હરિની ભક્તિ થઈ થઈને હરિમાં પ્રાણ લાગ્યા છે.

પરોવાતાં પૂરેપૂરા હરિમાં પ્રાણ જ્યારે તે
-બધીએ નિમ્ન પ્રવૃત્તિ અટકતી આપમેળે તે.

હરિમાં પ્રાણ લાગે જ્યાં પ્રકૃતિ પ્રાણની ઊર્ધ્વે
-વહેતી શી થવા લાગે ! અનોખી મોજ એની છે.

નિરંતરની હરિ સોબત થકી આનંદ લાગે જે,
જીવનનું તેથી બદલાવું અનુભવમાં પ્રકાશે છે.

## પ્રભુભાવ

ઊંડાણે સાવ ઊંડાણે, વળી તેથીય ઊંડાણે,
-અવતરી, કાર્યસાધક થૈ, પ્રસ્થાપિત ભાવ ધરવો છે.

પ્રકૃતિના જીવનમાં તો શી વૃત્તિ મોખરે રહે છે !
પ્રભુમયના જીવનમાં ત્યાં ખરેખર ભાવ મહત્ત્વે છે.

અણુ અણુ સંકળાયેલું પરસ્પર જેથી વળગી રહે,
થતાં ફેરફાર જેનાથી, પ્રભુનો ભાવ એવો છે.

અખંડાકાર દિલભાવ જીવનમાં ઓતપ્રોત છે,
પ્રકૃતિનુંય રૂપાંતર થતું ત્યાં આપમેળે છે.

## હૃદયના ભાવનો સ્પર્શ સઘન સ્વરૂપે પ્રવર્ત્યો છે

જીવનમાં પ્રકૃતિનો શો બધે જ્યાં ત્યાં પસારો છે,
બધે ક્યાંનાંય તે ક્યાંય ઊંડે મૂળિયા ગયેલાં છે.

હૃદયના ભાવનો સ્પર્શ સઘન સ્વરૂપે પ્રવર્ત્યો છે,
તહીં તે લેપ મૂળિયામાં લગાડ્યાં શો કરેલો છે !

અનેકે વારની એવી થતી જે પ્રક્રિયા રહી છે,
કૃપાથી તેથી જીવન આ થવા માંડ્યું સજીવન છે.

સજીવનની બધી માત્રા જીવન શી ગાઢ થતી રહેતાં !
જીવન ફળવા પછીથી તો સહજ લાગ્યું સરળતામાં.

## ઉચ્છૃંખલ વૃત્તિઓ જ્યારે

ઉચ્છૃંખલ વૃત્તિઓ જ્યારે ચઢે છણકે જ ઓચિંતે,
દબાવાયે દબાતી ના, પડે પટ આપવો એને.

પ્રચંડ ભાવનું પૂર ચઢે આધારમાં જ્યારે,
નિમ્નમાં નિમ્ન સૌ વૃત્તિ પડે મોળી જ શી મેળે !

અખંડ ભાવ ઉત્કૃષ્ટ જીવન જીવતો રહે મૂળે,
પ્રકૃતિ સ્વાંગ ત્યારે શો અસલ બદલાય છે નૂરે !

હૃદય લગની પ્રભુ તારી મને કેવી લગાડી છે !
હૃદય જીવંત તુજ વિશે મને કેવો જીવાડે છે !

## અને એ સ્પર્શતાં ભાવ

હૃદય લાગી પડેલું છે સતત આકર્ષણે ભાવે !
સદા ખેંચાયેલું કેવું ! નજર એકીટશે પદ છે.

હૃદયમાં ભક્તિનું જોમ પ્રગટતાં ભાવ ફોરે છે,
અને એ ભાવથી મેળે હૃદય એકાગ્રતા રહે છે.

શરીરના રોમેરોમેયે અનેકાનેક કરણોને,
હૃદયનો ભાવ એકાગ્ર સહજ રીતે જ સ્પર્શે છે.

અને એ સ્પર્શતાં ભાવ કરણનો રંગ બદલે છે,
અખંડ ભાવનો ગુણ કરણ સ્વીકારીને લે છે.

---

## અખંડભાવથી પ્રકૃતિ રૂપાંતર પ્રક્રિયા

એવો જે ભાવ સ્ફુરેલો સ્પર્શે મૂળે મનાદિને
-અખંડાકાર સંપૂર્ણ થતાં, પછી મનાદિને;

-મૂળથી ફેરવાવાને ભાવ શો શક્તિમાન છે !
ભાવથી સર્વ આધારે ચેતના શી પ્રવર્તશે !

ભાવને નવ આકાર નિશ્ચિત કો પ્રકારનો,
એને જે કોઈ સત્કારે ત્યાં તે પોતે ઠરે ખરો.

પારસમણિ છે ભાવ જેને સ્પર્શે ભલે જરા,
તોય બદલવાને તે તેને તેને ચહે તદા.

ભાવમાં ગતિ છે પૂરી, છતાંયે વરતાય ના,
આધારે પ્રસરાતાં તે ક્યાંક તો અટકે કદા.

એને ઓળંગવા ત્યારે પોતે પ્રયત્ન ના કરે,
વારંવાર થતા સ્પર્શે એનું ત્યાં કામ તે કરે.

ભાવ સળંગ ચેતેલો ક્રિયાશીલ પ્રવર્તતો,
એકધારો વહે જ્યાં ત્યાં એવું નિશ્ચિત ના પૂરું.

વહેતાં ને વહેતાં જે જ્યાં જ્યાં ઊતરતો જતો,
ખચકો ખટકો એને રસ્તે ક્યાંક નડ્યો જતો.

ભાવનો અટકાઈ તે પડવાનો ન ધર્મ છે,
કરણો આડખીલી ત્યાં શાં બનેલાં જ હોય છે !

છતાં ત્યાં ભાવનો નિત્યે નિત્ય સ્પર્શ થવાથીયે,
એવો તે ભાવનો સ્પર્શ ભજવે ભાગ નિશ્ચયે.

ભાવને ના અજાણ્યું છે ક્યાંયે જીવનમાં કશું,
સ્હેજ સ્પર્શ થતાં વેંત પારખે મૂળથી બધું.

કોઈ અકથ્ય ભૂમિકામાંથી ભાવ ઊગી અને
-પ્રકૃતિને ઊંડું ઊંડું સ્પર્શતાં સ્પર્શતાં કર્યે

એમ અનેક વેળાએ અનંત વાર ભાવનો
- લાગ્યા તે કરવાથી ત્યાં સ્પર્શ, પ્રકૃતિમાંય તો

- પાસ એનો પડ્યા વિના રહેતો નથી નિશ્ચયે
ને વારંવારનો સ્પર્શ સ્વભાવ પલટાવશે.

ભાવનીયે ભૂમિકાઓ છે જુદી જુદી જીવને,
મંદ ભાવ વળી ગાઢ વર્તતો ભાવ તે રીતે.

તે તે ભાવની સ્થિતિમાં પ્રકૃતિનું રૂપાંતર,
યોગ્ય રીતે પૂરેપૂરું થવા શક્ય ન જીવન.

શી નિરંતરતા ગાઢ થતાં ભાવની ઊર્ધ્વમાં !
માંડે પ્રસરવા ભાવ ઊંડે ઊંડેય ગર્તમાં.

સંપૂર્ણ ગાઢતા ટોચે ભાવ પહોંચતાં હૃદે,
ત્યાં નિરંતરતા જામ્યે પ્રકૃતિ ઊર્ધ્વ થાય છે.

---

**જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !**

જીવનમાં કેટલો મોટો સ્વભાવ ભાગ ભજવે છે !
સ્વભાવ મિત્ર ને શત્રુ જીવનમાં શો ઉભય તે છે !

સમજ જે સ્વભાવ કેરી છે, સમજ જે ઊર્ધ્વ કેરી છે,
ઉભય સમજણની વચ્ચેનું તફાવતનું ન સામ્ય જ છે.

હરિની ભક્તિની લગની શી એકાકાર દિલ જ્યાં છે !
સ્વભાવ જીવદશાના જે જરૂર તે ફેરવી દે છે.

હૃદયના ભાવ નિરંતર થકી કેવો હૃદયપલટો
-સ્વભાવનો થતો રહે છે ! અનુભવથી પ્રમાણેલો.

## હરિનાં નિત્ય ને નિત્ય જ

હરિ, હરિ કેવું જીવનમાં સહજમેળે રટણ જે છે,
રટણ પણ તે હૃદય હાવાં સ્વરૂપે ભાવ પ્રગટ્યું છે.

નિરંતરના હૃદયભાવે જીવન જે જીવદશાનું જે,
બધી રસની જ માત્રાથી જીવન તે ફેરવાયું છે.

જૂના જીવનના ચીલાઓ હતા જે પ્રકૃતિના તે,
હરિરસના નર્યા સ્પર્શે નૂતન અવતાર પામ્યા છે.

હરિનાં નિત્ય ને નિત્ય જ નૂતન દર્શન શું નૌતમ જે,
બધાં મૌલિક સ્વરૂપે તે થયાં કરતાં જ લાગે છે.

## હરિ પ્રત્યેની નિસરણી

હરિ પ્રત્યેની નિસરણી મળી જે ઊર્ધ્વ ચઢવાને,
બધાં અજ્ઞાનનાં સૂચન ટળી ત્યારે ગયેલાં છે.

હવે તે જીવદશાની સૌ ઊગંતી પ્રેરણા જે તે
-બધાં અદૃશ્ય શાં મેળે થતાં તે તે ગયેલાં છે !

હરિમાં જ્યાં મનાદિ સૌ પલળવા મસ્ત લાગ્યાં છે,
તહીંની ભૂમિકાઓની જુદી શી પ્રેરણાઓ છે !

જૂના જીવનના સૌ ચીલા ભૂંસાતા શા ગયેલા છે !
હવે એનાં ઊંચાં માથાં ન એ રીતે થતાં રહે છે.

---

### સગુણ સાક્ષાત્કાર પછી - પૂજ્ય શ્રીમોટાનું કથન

**આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ને દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો નહોતાં પ્રગટેલાં એવું કશું નથી. તેવું બધું તો થયા કરેલું હતું, પણ તે દિવ્ય કૃપાની મદદથી તેમનું નિવારણ થઈ શક્યું હતું.**

## ૧૩મી ભૂમિકામાં સંગ્રામો અને પ્રકૃતિ ઉપર સ્વામિત્વ અનુભવમાં જ પ્રગટ્યું તે

વધારે ને વધારે તો મહત્ત્વે ઝોક જીવનને
-હૃદયનો ભાવ બઢવાને જબરજસ્ત જ દીધેલો છે.

હૃદયનો ભાવ દૃઢતામાં કરણની જૂની પદ્ધતિ તે
-કંઈક બદલાતી લાગી છે, અનુભવમાં જ પ્રગટ્યું તે.

છતાંયે ત્યાં અશુદ્ધિઓ હજીયે શી ભરી પડી છે;
અશુદ્ધિઓ થોડી છો, કિંતુ નર્યું નુકસાન વેરે છે.

અસુરોને અવળચંડા અશુદ્ધિ નોતરે શી તે !
નર્યું ભેલાણ ત્યાં કેવું ઊગેલાનું કરાવે છે !

એના સંગ્રામો ચાલુ રહ્યા કરે છે અને એ સંગ્રામોમાં વધારે ને વધારે તેજસ્વી થતો જાય છે અને એ સંગ્રામોનું કારણ પણ એ જ છે કે આ બધાં તત્ત્વો ઉપર પોતે વિજય મેળવવાનો અને સ્વામિત્વનો એને તે અનુભવ થાય, અને સ્વામિત્વનું એને જ્યારે ભાન જાગે, ત્યારે બરાબર કાબૂ આવ્યો છે એની સભાનતા પ્રગટે. એ માટે આ બધી જે સ્ટ્રગલ છે એનો હેતુ તો આ જ. સ્ટ્રગલ થયા વગર એની શક્તિ વધે નહિ. પ્રત્યેક સ્ટ્રગલ એની શક્તિ વધારે છે. એટલે શક્તિ તો છે જ, પણ એની સભાનતા એને આવે છે. શક્તિ તો છે જ. શક્તિ એનામાં નથી એમ નથી. પણ આનાથી એને શક્તિની સભાનતા પ્રગટે છે. અને એ સભાનતા પ્રગટવાથી તો એને થાય છે કે "ઓ...હો, આટલું બધું છે મારામાં !" અને એમ કરતાં કરતાં અનેક સૂક્ષ્મ, આવી સ્ટ્રગલો એ સર કરતો જાય છે. કેટલાકમાં ફાવે છે. પણ એ પાછો ત્યાં પડ્યો રહે છે, માત્ર સૂમસામ થઈને નહિ. આપણે હારેલા માણસો હોઈએ તો સૂમસામ થઈ જઈએ છીએ. વાગેલું હોય તો બૂમ પાડીએ કે "ઓ બાપ રે ! ઓ બાપ રે ! મારી કેડ ભાંગી ગઈ !" પણ એ એવું નથી કરતો. તો એ વખતે એ વિચારે છે. એનો જે પ્રોસેસ (પ્રક્રિયા), પ્રોસેસ ઑફ થિંકિંગ (વિચારવાની પ્રક્રિયા) છે એ આપણા પાંચ તત્ત્વમાં આપણો પ્રોસેસ ઓફ થિંકિંગ જેવો નથી હોતો. સૂક્ષ્મનો પ્રોસેસ ઓફ થિંકિંગ

તદ્દન જુદી જાતનો હોય છે. જુદી જાતનો એટલે કેવો ? અત્યારે બુદ્ધિથી સમજી શકાય એવો છે. એટલે એનું બધું થિંકિંગ છે. એનું મૂળ શું ? મૂળ શોધે, આત્મા એ જ મૂળ એનું. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ તો કરણ છે. તે વખતે આવું એને સ્પોંટેનિયસ (=એકાએક) થાય છે. ત્યારે આગળ ચાલતાં, આવા વચ્ચે સંગ્રામો તે લડતો લડતો મજબૂત બનતો જાય છે. હોય છે તો મજબૂત પણ એને અનુભવવું પડે ને ત્યારે એને ખ્યાલ આવે કે આ બધું છે મારામાં. તે એમ લડતો લડતો, પોતાના બળની સભાનતાવાળો થાય છે અને એની સાથે આત્માની સભાનતાવાળો થાય છે અને આત્માની સભાનતાવાળો જેમ જેમ થાય, તેમ તેમ પોતાનું શરીરનું બળ અને બ્રહ્માંડની રચનાનું રહસ્યબળ સમજે છે. અને પોતાના જીવનમાં જે બનાવો બને, એનું રહસ્ય પણ એ સમજે છે, કે શાથી આ થયું ? એમ એ વિચાર ના કરે-- આપમેળે સિનેમામાં જે દૃશ્ય આવે છે એ કંઈ આપણે વિચાર્યું હોતું નથી. એ એની મેળે જ, પેલી એની રચના પ્રમાણે આવીને ઊભું રહે છે. એ આપણે જેમ જોયું તેવી રીતે પેલાને પણ આપમેળે કંઈ બની શક્યું, તો એનું સમાધાન એની સામે આવી જાય છે. એ એને સમજે છે. એને સમાધાન થાય છે. એને કંઈ કશું, વિચારવાનું કંઈ કશું રહેતું નથી. પછી આ બધું આંતરિક રીતે બને છે.

**તપશ્ચર્યા થયેલીથી, મતિ ત્યાં ઊર્ધ્વ શી થઈ છે !**

કરીને પા પા પગલીથી જીવન કેડી વટાવીને,
પ્રકૃતિના ઊંડા જંગલ થકી બહાર થયેલા જે.

હરિનાં ચરણની દુનિયા પરંતુ સાવ ન્યારી છે,
બધું ત્યાંનું સમજવાને થયેલી સજ્જ બુદ્ધિ છે.

પ્રકૃતિના વમળમાંથી બહાર તો નીકળવાને
-તપશ્ચર્યા થયેલીથી, મતિ ત્યાં ઊર્ધ્વ શી થઈ છે !

થયેલી ઊર્ધ્વ બુદ્ધિથી, ભૂમિકા ઊર્ધ્વની ગૂંચો
-ઉકેલાતી જતી કેવી ! ચમત્કાર કૃપાનો શો !

## ભાવાતીત કેમ થવાય ?

### ભાવ

પોતાનામાં પૂરેપૂરો ભાવ પોતે જ મગ્ન છે,
ભાવ વિનાનું અસ્તિત્વ બીજું કૈં ભાવમાં ન છે.

સંપૂર્ણ ભાવમાં લીન રહેવાતાં હૃદે છતાં
-નિમિત્તે જે મળે કર્મ તે તે થયાં કરે તદા.

મહત્ત્વ મોખરે ભાવ હોવા છતાં પૂરેપૂરો
મળેલાં કર્મનું જ્ઞાન-ભાન એને રહે ખરું.

હોવા છતાં નિરાકાર જેમ સાકાર તે જ છે,
અનુભવી રીતે તેવી પ્રવર્તે કર્મ-જીવન.

સૌ ભાવના પ્રમાણેનું જે જે આવે અનુભવે,
થતાં તાદાત્મ્ય ત્યાં પોતે પાછો કેળો નિરાળો છે !

અનંત રૂપવાળું જે ચેતનાનું સ્વરૂપ છે,
તે તો તેવા જ તે ભાવ-ને લીધે તેમ તેમ છે.

વ્યક્તતા ચેતના કેરી ભાવ તે પરિણામ છે,
ભાવથી ભાવમાં પૂર્ણ શૂન્યાવસ્થા ભરેલ છે.

બાકી તો ચેતનાને ના કોઈ આગવું રૂપ છે,
ખરે સાકાર તો ભાવ ચેતનનો જ અંતરે.

ભાવયે ના રહે સ્હેજે, શૂન્યાવકાશ પૂર્ણ જે,
ભાવાતીત અવસ્થા તે સાક્ષીભાવે મહાલાય છે.

જેમાં તેમાં બધાનામાં આત્માનુભવના વિશે,
મહત્ત્વનો ખરો પૂરો છે સાક્ષીભાવ મોખરે.

સાક્ષીભાવ વિના પૂરો ડૂબી જવાની શક્યતા
-પ્રવેશો જે વિશે તેમાં પૂરેપૂરી જ છે તદા.

ભાવયે જે ન પાક્યો છે, ઉચ્ચમાં ઉચ્ચ શિખરે,
પહોંચ્યો છે ન તે ભાવે સાક્ષીભાવ ન છે હૃદે.

અનેક ચઢિયાતા છે, ભાવયે એકએકથી,
તેવા સૌ ભાવનું ભાન પ્રીછે માત્ર અનુભવી.

ભાવથી ભાવની પૂર્ણ તે નિરંતર ગાઢતાં,
થતાં પક્વ પરિપૂર્ણ ભાવાતીત થવાય ત્યાં.

---

જીવનની ઊર્ધ્વ ભૂમિકા તણા પણ ભાવ જુદા છે,
ભૂમિકાના પ્રમાણેના જુદા પણ ભાવ કેવા છે !

પરંપરા શી ભાવોની જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે છે !
વટાવી જે જતાં અંતે જીવન-હાર્દ પ્રિછાયે છે.

નિરંતરનું જ જીવંતું જીવનમાં ચેતનાત્મક જે,
અનુભવતાં જીવન-હાર્દ, હરિ શો સાથ છે સાથે !

શું ભાવાતીત જીવન જે અતીત સઘળાથીયે તે છે !
અતીતથીયે અતીત એવું હરિ-પદ તો નિરાળું છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૭

# ૧૪મી ભૂમિકા-વિસ્તારની ભૂમિકા

- સાક્ષાત્કાર એટલે આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગૃતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું - તે જ સાક્ષાત્કાર.
- તે મૂળ ચેતનનો અનુભવ થયા પછી તો તે આત્મા પ્રકૃતિનો સાક્ષી, સ્વામી, પ્રભુ, ભર્તા, ભોક્તા બનેલો હોય છે. તે પોતે સાક્ષીપણે તટસ્થ, મન, પ્રાણ અને શરીરથી જુદો થઈ શકે છે એટલું જ નહિ બલકે પોતે છૂટો રહીને કે થઈને પ્રકૃતિને પોતાનાથી જુદી જોઈ પણ શકે છે.
- ભાગ્યે જ કોઈ આત્મા બધાં જ કરણો વડે સાધના કરી શકતો હોય છે. એવો આત્મા તો અપવાદ જ ગણાય. દરેક સાધક જીવ કોઈ ને કોઈ એકાદ કરણનો આશ્રય લઈને તે દ્વારા સાધના કરતો હોય છે, ને તે દ્વારા તે પ્રભુને મેળવી પણ શકતો હોય છે. જોકે એવા પણ આ જગતમાં ઝાઝા જીવો નથી, બલકે જવલ્લે જ, બહુ થોડા હોય છે.
- સાક્ષાત્કારના અનુભવની પણ કક્ષાઓ પ્રવર્તે છે. અમુક પ્રકારનો જ્ઞાનાત્મક અનુભવ થતાં તેની અવિચળ દશા પ્રગટે છે તે વાત સાચી, પણ તેનાથી પાછું આગળનું ડગલું કશું હોતું જ નથી, તેવી હકીકત યોગ્ય નથી.
- જેમણે શ્રીભગવાનનો અનુભવ કર્યો છે, તેવા બધા જ જીવાત્માનાં મન, પ્રાણ, બુદ્ધિ, અહમ્ વગેરે સંપૂર્ણ દિવ્ય રૂપાંતર પામી જ ગયેલાં હોય છે, એવું કશું નથી.
- આપણામાં ભગવાનનો જે અંશ છે, આત્મા - એ પૂરેપૂરો જ્યારે ખુલ્લો થાય, ત્યાર પછી એનો પ્રકાશ આપમેળે પ્રસરે છે, પણ એ પ્રસરવામાં પણ એની મર્યાદા છે. શરીર હોવાથી એ શરીરને પ્રકૃતિ છે અને પ્રકૃતિને કારણે એને મર્યાદા રહે છે. જ્યાં જ્યાં નિમિત્ત છે, જ્યાં જ્યાં એને કામ છે, ત્યાં ત્યાં એ વિસ્તરતો રહે છે. જ્યાં જ્યાં એને સંબધ છે, નિમિત્ત છે, કામ છે, ત્યાં આગળ એ સ્પર્શે છે. બાકી, એ સ્પર્શતો નથી.
- ચૌદમી સ્થિતિ એ વિસ્તારની ભૂમિકા છે. આપણે જાણીએ કે આપણે પૃથ્વી ઉપર જ છીએ, એવું કંઈ નહિ. આ બ્રહ્માંડની અંદર કેટલાક

*વખતે કેટલાય પ્રકારના આપણે રૂપો લીધાં હશે, જીવોએ. જ્યાં એના નિમિત્ત ત્યાં ત્યાં એનો વિસ્તાર, ૧૪મી ભૂમિકામાં એ અનુભવે છે.*

- *તાદાત્મ્યનો ગુણધર્મ એ પ્રત્યક્ષ આત્માનું દર્શન આપણને થયેલું છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. જ્યારે તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે, ત્યારે બધા જ ઈશ્વરી ગુણો એનામાં આવે છે. પછી જ અનુભવ. બીજો કોઈ અનુભવ નહિ. એ જ અનુભવ. એટલે પછી સાક્ષાત્ પોતે ઈશ્વર જ, બીજું કંઈ નહિ. ભલે ને શરીરધારી હોય !*
- *કેટલાકની સાથે શરીરથી થાય છે, કેટલાકની સાથે મનથી થાય છે, કેટલાકની સાથે બુદ્ધિથી થાય છે, કેટલાકની સાથે પ્રાણથી થાય છે, એવી રીતે તે પોતે તાદાત્મ્ય અનુભવે છે.*
- *તાદાત્મ્યના ગુણધર્મ તે ગુણાતીતના ગુણધર્મ છે. ગુણાતીત તમે થયા હોવ તો જ તમને તાદાત્મ્ય આવી શકે. તાદાત્મ્ય ગુણધર્મ સ્વયં પ્રગટે છે એવું એકદમ થતું નથી. માણસ એ તત્ત્વને ઝીલી ના શકે. એ એટલું બધું જબ્બર તત્ત્વ છે. એ ખીલ્યા પછી જ દુનિયાના "એટમોસ્ફીયર" (વાતાવરણ)ની બહાર જવું પડે છે.*

**સાક્ષાત્કાર એટલે**

માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેન્દ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને, એને ક્રિયાનાં પ્રવાહરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું, તેનું જ નામ સાક્ષાત્કાર. શું આપણામાં ચેતન નથી ? ચેતન તો છે જ. તે ન હોત તો આ બધું કેમ બની શક્યું હોત ? આપણાં સકળ કરણોને તેમના વિષયનાં કર્મોમાં પ્રેરાવનાર પણ ચેતન જ છે ને ! પણ તે ચેતન, જીવની પ્રકૃતિના ઢાળમાં વહેતું હોવાથી, તે સ્વરૂપે લાગ્યા કરે છે. બાકી આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગૃતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું - તે જ સાક્ષાત્કાર.

**એવી દશાનું વર્ણન**

પ્રકૃતિ દ્વારા આપણામાં ને બધામાં જે ચેતન સર્વત્ર વ્યાપી રહેલું છે, તે મૂળ ચેતનનો અનુભવ થયા પછી તો તે આત્મા પ્રકૃતિનો સાક્ષી, સ્વામી, પ્રભુ, ભર્તા, ભોક્તા બનેલો હોય છે. એવું તે પોતે પોતાની સકળ પ્રકારની પ્રવૃત્તિમાં સહજભાવે અનુભવ્યા કરે છે. એમ કરતાં

કરતાં, થતાં થતાં, તે માત્ર તેટલો જ છે, તેવું પણ નથી. વળી તે પોતે પ્રકૃતિનો ઈશ્વર પણ છે, એવું પણ તેના અનુભવમાં એની કૃપાથી તેને જ્ઞાન પ્રકટે છે; તેવી વેળાથી તે અનુભવનું સત્ય કંઈ માત્ર એક ઠેકાણે જ પડી રહ્યાં કરતું હોતું નથી.

આપણી જીવપ્રકૃતિ ને તેનો સ્વભાવ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્‌માં તેવી તેવી રીતે જ વ્યક્ત થતાં હોય છે; પણ તેવી વેળાએ તે કરણોનો પ્રાકૃતિક ધર્મ જીવ-પ્રકારનો એટલે કે પ્રકૃતિપણાનો તો નથી રહેતો, વળી તેથી પ્રકૃતિ ઊડી જતી નથી હોતી; તે રહેતી હોય છે ને કામ પણ કરતી હોય છે, પણ શેઠ તરીકે નહિ. **તે રહે છે ચેતનના એક જ્ઞાનપૂર્વકના કરણ તરીકે.**

**પુરુષની સ્વામિત્વની દશા**

જ્યારે પુરુષતત્ત્વ પ્રકૃતિનાં તત્ત્વો પર સ્વામિત્વ મેળવી લે છે, ત્યારે જ તે ચેતનાના સમગ્રત્વનો અનુભવ લેવાને શક્તિમાન થઈ શકે છે. આવી દશામાં પુરુષ પોતે પ્રકૃતિનો ઉપર જણાવ્યું છે તેમ ભર્તા, ભોક્તા, જાણનાર, સંપૂર્ણ સ્વામિત્વ ને પ્રભુત્વ પ્રકૃતિ પર જેનું પ્રકટેલું છે એવો બની શકેલો હોય છે એટલું જ નહિ, પણ તે પોતે સાક્ષીપણે તટસ્થ, મન, પ્રાણ અને **શરીરથી જુદો થઈ શકે છે;** એટલું જ નહિ બલકે પોતે છૂટો રહીને કે થઈને પ્રકૃતિને પોતાનાથી જુદી જોઈ પણ શકે છે. આવી દશામાં પ્રકૃતિથી થતાં કર્મ એને બંધનરૂપ મુદ્દલે હોતાં નથી. આવી દશામાં પુરુષ ગમે તેવા ગુણની ભૂમિકાની મુદ્દલે સ્પૃહા વિનાની દશા ભોગવી શકે છે. એટલે કે સત્ત્વ, રજસ ને તમસની મુદ્દલે સ્પૃહા વિનાની દશા તેનામાં એક કાળે પ્રકટતી તે અનુભવી શકે છે. પ્રકૃતિથી સાવ નિર્લેપ દશા ને એનાથી સંપૂર્ણ મુક્ત દશા એ સ્વામિત્વની ઊંચામાં ઊંચી કક્ષા છે.

સંમતિ બે કક્ષાની હોય છે. સાક્ષિત્વ કક્ષાની, એવા પ્રકારની અનુમતિ નિષ્ક્રિય ગણાય, ને પુરુષની ભર્તાની કક્ષાની સંમતિ તે સક્રિય સંમતિ ગણાય. આટલું થયાં છતાં હજી પુરુષ પોતે પૂર્ણ બની શકતો નથી. અહીં પૂર્ણ એટલે પોતે જાણનાર, સંપૂર્ણ સ્વામિત્વ ને પ્રભુત્વ ધરાવનાર ને ચેતન સ્વરૂપે ભોક્તા બનેલો હોતો નથી. એ એવો થાય છે, તેવી વેળાએ જ પ્રકૃતિ પર એનો કાબૂ પણ જામતો જતો પોતે અનુભવી શકે છે.

બંને તત્ત્વોનું મૂળ તો સચ્ચિદાનંદમાં જ છે. એમાં પુરુષ છે સાક્ષીરૂપ ને પ્રકૃતિ છે ચિત્ત સ્વરૂપ. એ બંનેના ચૈતન્યમાં આનંદ પ્રકટતો અનુભવાય છે. એટલે હવે એવો જે દિવ્ય, રમ્ય, નૈસર્ગિક સહજ આનંદ છે, તે પ્રકૃતિમાં સંપૂર્ણપણે પ્રકટાવવો ને એનો અનુભવ કરવો, તેવી પરમ સત્ય અવસ્થા પ્રકટાવવા કાજે પુરુષ-પ્રકૃતિના સંબંધની સર્વોત્કૃષ્ટ કક્ષા જીવનમાં પ્રકટાવવાની રહે છે.

પ્રકૃતિનાં સકળ કરણોના પૂર્ણ પ્રેમમય સહકાર પર સાધનાની સફળતાનો ઘણો આધાર રહે છે. ભાગ્યે જ કોઈ આત્મા બધાં જ કરણો વડે સાધના કરી શકતો હોય છે. એવો આત્મા તો અપવાદ જ ગણાય. દરેક સાધક જીવ કોઈ ને કોઈ એકાદ કરણનો આશ્રય લઈને તે દ્વારા સાધના કરતો હોય છે, ને તે દ્વારા તે પ્રભુને મેળવી પણ શકતો હોય છે. જોકે એવા પણ આ જગતમાં ઝાઝા જીવો નથી, બલકે જવલ્લે જ, બહુ થોડા હોય છે.

**એક કરણમાં સિદ્ધિ દ્વારા બધામાં સિદ્ધિ**

જે જીવને ચેતનનો અનુભવ થયો હોય, ને ગમે તે કરણ દ્વારા તેની સાધના થયેલી હોય, તો પણ જ્યારે તે સિદ્ધિના વિજયને પામે છે, ત્યારે તે કરણ એકલું જ તેનાથી રંગાયેલું રહે છે ને બીજાં કરણો સાવ કોરાં જ રહે છે, એવું માનવાની જરૂર નથી.

સાધનામાં સાથે સાથે પ્રાણની, મનની, અહમ્‌ની, બુદ્ધિની વગેરે બધાં કરણોની પૂરી શુદ્ધિ થતી રહે, ને તે પણ શ્રીભગવાનનો આશરો સ્વીકારતાં ને લેતાં રહે, તો જ સાધનામાં ઉત્તમ રીતે પ્રત્યક્ષ મળતી મદદ અનુભવી શકાય છે, એવું આ જીવને તો એની કૃપાથી લાગેલું છે.

થવાતાં પ્રકૃતિથી જ્યાં પૂરું મુક્ત બધી રીતે,
પછીથી પ્રકૃતિ માધ્યમ શી તેવાની બને ત્યારે !

અનુભવીમાં ભલેને હો પ્રકૃતિનાં વ્‌હેણોયે,
છતાં તે વ્‌હેણમાં વ્‌હેતી શી શક્તિ ચેતનાની તે !

અનુભવીનાં વ્‌હેણોમાં ભલે માધ્યમ શી પ્રકૃતિ છે !
છતાં તે પ્રકૃતિમાં તો વહન-ગતિ ચેતનાની છે.

હરિના એકલાનું ત્યાં બધું અસ્તિત્વ માત્ર જ છે,
હરિની સભાનતા વિના અનુભવીને કશું ના છે.

**બુદ્ધિયોગ પછીની દશા**

તેથી જે જે કાળે જેમ જેમ જેવી બુદ્ધિની સૂક્ષ્મતાની જરૂરિયાત ઉદ્‌ભવી, તેમ તેમ એણે તે પ્રમાણે પ્રકાશને સાથ આપ્યાં કરેલો છે. ગીતાજીમાં જે એક ઠેકાણે કહેવાયું છે : ''બુદ્ધિયોગ પણ એવાને હું આપું છું'' તેવો જ્ઞાનપૂર્વકનો જીવનમાં સાધકને અનુભવ થતાં પછી શું બાકી રહે ? એવી મહોર જીવનમાં થતા રહેતા અનુભવમાં વાગેલી જ્યારે પોતે અનુભવે છે, ત્યારે તેવા અનુભવને તે સાધક જીવ પોતાનાં બીજાં કરણોની પ્રકૃતિમાં પણ રેડી રેડી, ત્યાં પોતે તેના પર પ્રભુત્વ મેળવવાને પણ સજ્જ થતો હોય છે. એમ એની કૃપાથી તેમ કરતાં કરતાં તે ફાવતો પણ હોય છે. આમ મનથી માંડી છેક સ્થૂળ શરીર સુધી પણ તે પ્રભુકૃપાથી પહોંચી શકે છે.

સ્થૂળ શરીરમાં ને રોમેરોમમાં પ્રભુચેતનનો જીવંત સંચાર થઈ જવો, એ કંઈ જેવું તેવું કામ નથી. સાક્ષાત્કારના અનુભવની પણ કક્ષાઓ પ્રવર્તે છે. **અમુક પ્રકારનો જ્ઞાનાત્મક અનુભવ થતાં તેની અવિચળ દશા પ્રગટે છે તે વાત સાચી, પણ તેનાથી પાછું આગળનું ડગલું કશું હોતું જ નથી, તેવી હકીકત યોગ્ય નથી.** શરીરપણામાં અસલ ચેતનના પ્રકારને પહોંચતું કરી ત્યાં કામ કરતું અનુભવાય, તે જ્ઞાનના અનુભવની દશાને તો કોક વીરલા જ પહોંચી શકે. એને સમજવાનું કોણ છે ?

## પૂજ્ય શ્રીમોટાનું સ્વકથન

આ જીવને એકીસાથે કેટકેટલા રોગ પ્રવર્તતા હોય છે ! ને કેટકેટલું શરીરને થતું હોય છે ! તેમ છતાં તેનું શરીર તેના ખોડંગાતાપણામાં હોવા છતાં - પ્રસંગ પડ્યે હિમાલય પણ ચઢી શકે છે. હિમાલય જવાનું હતું, તે પહેલાં એના શરીરના ડાબા પગે વાગેલું. હાડકામાં પણ ખાડો પડેલો હતો. તે પગ ઘણો દુઃખતો હતો. તેનો કરાંચીમાં એક્સ-રે ફોટો લેવરાવેલ. હજી પણ ત્યાં આગળ માત્ર જરાક ગાંઠ બાઝી ગયા જેવું રહેલું છે. તેવા પગે તુરંત જ હિમાલય ચઢવાનો હતો. વાગ્યું હતું સાબરમતીમાં ને કરાંચી તુરત જવાનું થયેલું. એક્સ-રે વગેરેની હકીકત

ભાઈ પર તે વેળા લખેલા કાગળમાંથી જરૂર નીકળે ખરી. વળી તે વેળા સાથે સાથે આ જીવના શરીરને ઝાડાનો રોગ લાગુ પડેલો. સાથે ચાલનાર એક બહેનને તે વિશેની શંકા ઉત્પન્ન થયેલી. તેથી તેને તેવું બતાવવાની જરૂર પડેલી. તેમ છતાં એની કૃપાથી ત્યાં ચાલી શકાયેલું. મતલબ કે સામાન્ય સંજોગોમાં ને આ જીવના શરીરની જેવી સ્થિતિ હતી તેવી દશામાં, બીજા જીવનું શરીર તેમ ન કરી શકે. તેવાના શરીરમાંથી કેટકેટલું પ્રગટીને સહજમેળે પસાર થઈ જતું હોય છે, એની તો કોને ગતાગમ હોય છે ?

એવી રીતે આત્મનિષ્ઠની ઉચ્ચતમ્ કક્ષા થતાં બીજા જીવામાં થતાં રોગો કે બીજી કોઈ પ્રક્રિયાઓ પેલા આત્મનિષ્ઠમાં તાદાત્મ્યભાવને કારણે પ્રગટે છે. તેવું તેની સાથેના નિકટના પરિચયમાં આવેલા અને પેલા આત્મનિષ્ઠના આંતરજીવનના સાચેસાચા અભ્યાસી જો હોય તો પેલા આત્મનિષ્ઠમાં જે જે એવું પ્રગટતું હોય તો તેઓ પરખી શકે છે. બાકીનાને તો એવા વિશેની કશી ગતાગમ પડતી હોતી નથી. તે પછીથી તેની દશા તેનાથી પણ ઉચ્ચતમ કક્ષાની બનતાં તેનામાં તેવું નથી પણ હોતું. કેટલીકવાર પ્રગટીને પસાર થઈ જાય અને કેટલીક વાર બારોબાર અદૃશ્ય રીતે પસાર થઈ જતું હોય છે. તેની સામા જીવને તો કશી ગતાગમ પડી શકે જ નહિ.

**એનાથી પણ ઊંચી દિવ્ય કક્ષાઓ**

શરીરની એનાથી પણ ઊંચી જુદા જુદા પ્રકારની દિવ્ય કક્ષાઓ છે. જેમ બુદ્ધિમાં યોગ પ્રગટે છે તેમ મનમાં, ચિત્તમાં, પ્રાણમાં ને અહમ્‌માં પણ બનતું હોય છે. **જેમણે શ્રીભગવાનનો અનુભવ કર્યો છે, તેવા બધા જ જીવાત્માનાં મન, પ્રાણ, બુદ્ધિ, અહમ્ આદિ સંપૂર્ણ દિવ્ય રૂપાંતર પામી જ ગયેલાં હોય છે, એવું કશું નથી.** તેથી તે પાછાં મારા-તમારા જેવા સામાન્ય જીવકક્ષાનાં માનવીના જેવાં તો તે કરણો તો હોતાં જ નથી, તે તો નક્કી પ્રમાણવું.

## રસની સમતુલા

ભયંકર શા કળણમાંથી, ચરણ આકર્ષણે મારા
-ગ્રહી કર ખેંચીને બહાર; મને શો તાણી કાઢ્યો છે !

સ્મરણના ભાવથી મુજને ચરણ કેવા જડેલા છે !
ચરણના સ્વાદની ભક્તિ થકી દિલ ભાવ જાગ્યા છે.

અખંડિત ભાવની જ્યોતિ જીવન જલતી થયેલીએ
-જીવનમાં શો જગાડ્યો છે, હરિનો પ્રેમ ઊંડો તે !

થતાં એકાગ્ર હરિ-પ્રેમ, પછી કેન્દ્રિત થયેલો જે,
થતાં કેન્દ્રિત સંપૂર્ણ, પછી વિસ્તરવા લાગે છે.

બધે જેમાં અને તેમાં થતું રસનું જ દર્શન છે,
પછી સમતુલા રસની જે થતી ખંડિત કદી નવ તે.

**અનુભવ**

ફૂલની સુવાસ કેટલીક ત્યાં ને ત્યાં રહે છે, પણ આપમેળે બધે પ્રસરે છે. તે પ્રસરતી હોવા છતાં મૂળમાં જે છે, તે ઓછી થતી હોતી નથી. મૂળમાં તો હોય છે, તેટલી ને તેટલી જ રહે છે, પણ પૂરેપૂરું ફૂલ ખીલે છે, ત્યારે એ સુવાસ મૂળમાં જે હોય છે તે આપમેળે બધે પ્રસરે છે, પણ એની લિમિટ (મર્યાદા) હોય છે. એવી એ અનંત સુધી નહિ જાય. તેવી રીતે આપણામાં ભગવાનનો જે અંશ છે, આત્મા - એ પૂરેપૂરો જ્યારે ખુલ્લો થાય, ત્યાર પછી એનો પ્રકાશ આપમેળે પ્રસરે છે, પણ એ પ્રસરવામાં પણ એની મર્યાદા છે. તો કહે "આત્માને વળી મર્યાદા કેવી ?" આત્માને મર્યાદા તો નથી, પણ શરીર હોવાથી એ શરીરને પ્રકૃતિ છે અને પ્રકૃતિને કારણે એને મર્યાદા રહે છે. બાકી તો એને મર્યાદા નથી. અનંતમાં એ વિસ્તરી શકે છે. પ્રકૃતિ હોવા છતાં પણ જ્યાં જ્યાં નિમિત્ત છે, જ્યાં જ્યાં એને કામ છે, ત્યાં ત્યાં એ વિસ્તરતો રહે છે. આપણે પણ જીવદશામાં છીએ તો જીવદશામાં પણ જ્યાં જ્યાં આપણને કામ પડે છે, ત્યાં ત્યાં આપણે ચોંટીએ છીએ. ચોંટીએ છીએ એટલે આપણાં મતિ, મન, પ્રાણ વગેરે ત્યાં આગળ લાગેલાં રહે છે; કામ હોય છે ત્યાં જ, તે સિવાય નહિ. તેવી રીતે જ્યારે આત્મા ખુલ્લો થાય છે, ત્યારે એ પણ જ્યાં જ્યાં એને સંબંધ છે, નિમિત્ત છે, કામ છે, ત્યાં આગળ એ સ્પર્શે છે. બાકી, સ્પર્શતો નથી. એમ ને એમ કંઈ થતું નથી. જેમ આપણને પણ કંઈ એમ ને એમ આત્મા નહિ ખૂલે, એમ ને એમ ભગવાન તરફ આપણી આંખ ખુલ્લી

નહિ થાય. એ તો એવી કોઈ ગૂઢતા માટે આપણે જ્યારે આકર્ષાઈએ અને ભગવાન તરફનું આપણું આકર્ષણ, આપણું એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નું આકર્ષણ કંઈક સજીવન થાય અને એ આકર્ષણને કારણે આપણે કંઈ ને કંઈ, કોઈ ને કોઈ પ્રકારની સાધના, તપશ્ચર્યા, તપ વગેરે કરીએ અને એ જ્યારે અમુક મર્યાદા સુધી જાય ત્યારે આપણી હૃદયની આંખ ખુલ્લી થાય. ત્યાર પછી એ આપણાથી પ્રિછાય છે. તેવી રીતે જેમ ફૂલ પૂરેપૂરું ખીલે છે, તે ખીલવામાં જે મહેનત છે, તે આપણને દેખાતી નથી. અને એ છોડવાને, પોતાનામાંથી એક ફૂલ વિકસે અને ફૂલ થાય, કળી થાય અને પછી વિકસે, એ બધી પ્રક્રિયામાં એ છોડવાને મથામણ છે ખરી.

**પૂજ્ય શ્રીમોટાનો નિર્ગુણ સાક્ષાત્કાર (૧૯૩૯ રામનવમી)**

૧૯૩૯ના માર્ચમાં રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પણ પ્રવેશ્યો, ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતા જોયું તો શરીરનો ગુહ્ય ભાગ અને તેની આજુબાજુનો ભાગ પણ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીની આયુર્વેદિક કોલેજના ડીન શ્રી પાઠકસાહેબની કરાવેલી.

**તે અનુભવની વેળાથી, ત્યારથી જ મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી. "I am omnipresent" "હું સર્વત્ર વિદ્યમાન છું" એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો ને છે.** તે કાળે જે અનુભવ થયો તે પણ એક સગુણનો અનુભવ હતો. પરંતુ તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને અથવા તો હનુમાન કૂદકાથી તેમાંથી નિર્ગુણના અનુભવમાં પ્રવેશવાનું બન્યું. તે અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેન્દ્રિતતા જીવંતપણે પ્રગટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવમાં પ્રગટ્યા કર્યો. તેમાં તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. જેમાં તેમાં તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય અને તેમ છતાં પાછો પોતે તે બધામાં હોવા છતાં નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી

જીવનમાં પ્રગટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. માતાને બાળક પરત્વે જે તાદાત્મ્યવૃત્તિ હોય છે તે તો પ્રકૃતિવશાત્ હોય છે અને તે પણ તેમાં સળંગ એકધારું તાદાત્મ્ય હોતું નથી. બાબર ને હુમાયુનો દાખલો એ એક પણ જીવ પ્રકારની તેના પરત્વેની ઉત્કટમાં ઉત્કટ લાગણીનો પ્રાદુર્ભાવ ગણી શકાય ને તેવું એકાદ વાર બની જાય. જ્યારે ચેતનના ગુણધર્મમાં તે બધું પ્રકૃતિવશાત્ બનતું હોતું નથી અને તેવી ચેતનાત્મક તાદાત્મ્યતા સળંગ એકધારી પ્રગટેલી રહે છે અને તેવી સળંગ એકધારી તાદાત્મ્યતા હંમેશને માટે તે ને તે સ્થિતિમાં જીવંત પ્રગટ્યા જ કરે એવું પણ હોતું નથી. ચેતનના તેવા અનુભવ પછીથી કોઈકનામાં તે અમુક કાળ સુધી પ્રવર્ત્યા કરે અને કોઈકને તે પછી તેવું ન પણ બને. કોઈકને તો વળી તેના આધારના રોમેરોમમાં પસાર થઈને અદૃશ્ય પણ થઈ જાય. જેનું શરીર ચેતનના આધારને માટે તેના ભાવની યથાયોગ્યતાના પ્રમાણમાં સંપૂર્ણપણે યોગ્યતાવાળું વિકસેલું ન હોય તો તેવાને કદાચ વધુ સમય તેવું બને ખરું.

જ્યારે આત્માને આત્માનું સંપૂર્ણપણે ભાન થઈ જાય, એ ૧૪મી ભૂમિકા ગણાય. એક વખત માણસ એકાગ્ર-કેન્દ્રિત થઈ ગયો પછી પહેલી એકાગ્રતાની ભૂમિકા, અને ટોચમાં ટોચ એકાગ્રતા થઈ જાય, પછી કેન્દ્રિતતામાં પ્રવેશે. પછી કેન્દ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચી જાય, પછી વિસ્તારની સ્થિતિ આવે. જેમ પહેલાં માણસ કમાય ત્યારે વાપરવાનું ઓછામાં ઓછું, કારણ કે મૂડી હોતી નથી. ત્યારે મૂડી કમાવવાનો પ્રયત્ન કરે જેમ જેમ મૂડી થાય તેમ તેમ તે વાપરી નહિ શકે. મેળવ્યા કરે. મેળવ્યા કરવાની એને ધગશ-તમન્ના બહુ છે. એટલે જે કંઈ મળ્યું એ એને ખાવાપીવા વ્યવહાર પૂરતું વાપરવું પડે. તે પણ કરકસરથી વાપરશે અને વધારેમાં વધારે મૂડી મેળવશે. પછી જ્યારે સંપૂર્ણપણે ધરાઈ જાય, સૌ સૌની શક્તિ પ્રમાણે ધરાઈ જાય, પછી એનો ઉપયોગ કરે, વાપરે. તેવી રીતે આ જ્યારે આત્મા છે, તે આત્માના પોતાપણાની, પોતાની શક્તિની, પોતાના અનંત પાસાંઓની, અનંત પાસાંઓમાં પોતાના અસ્તિત્વની એવી જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતા ધરાવે છે, ત્યારે એ વિસ્તારને પામે છે.

**તે વિસ્તારને એ કેવી રીતે પામે ?**

કે એણે પહેલાં સમજી લીધું કે જ્યાં ત્યાં સર્વત્ર મારું અસ્તિત્વ છે. એ અંદર સમજ્યો તો ખરો, અંદર ને અંદર સમજ્યો. પણ બહાર જ્યારે બધે "હું છું", બહાર મારું અસ્તિત્વ છે. જેમ માણસ સમજે છે કે કરોડ-બે કરોડની સંપત્તિ મારી પાસે છે. પણ જ્યારે એ વાપરે છે ત્યારે તેની મઝા, તેનો આનંદ, તેની સભાનતા, જુદા પ્રકારની છે. "પોતે આમ છીએ" એ વાત સાચી. પણ એ જ્યારે સત્તારૂપે વપરાય છે, ઉપયોગ થાય છે, ત્યારે એ વિસ્તારને પામે છે. વિસ્તારદશા આવે છે એટલે જેમ આપણે ધરાઈ જઈએ એટલી સંપત્તિ થઈ પછી આપણે કેટલું ભેગું કરવાનું ? પછી એ વાપરવા માંડે. પછી વાપરવા માંડવાની સ્થિતિ વિસ્તરી, ત્યારે જે પેલી **૧૪મી ભૂમિકામાં આત્માને પોતાની શક્તિની, પોતાના સર્વત્રપણાની, સર્વત્ર ઠેકાણે પોતાના અસ્તિત્વની, આ બધી સભાનતા થાય છે.** પણ પોતાના અંદર ને અંદરમાં, બહાર નહિ. ખરી રીતે બહાર તો સમજવા પૂરતું જ બોલીએ છીએ. પણ એને તો અંદર બહાર બધું એક જ છે. એ શરીરધારી હોવાથી એ શરીરધારીને અનેક પ્રકારનાં નિમિત્તો છે. શરીર ન હોય તો એને કશું નથી. પણ શરીર છે અને શરીરની સાથે આત્મા અણુએ અણુ સંકળાયેલો છે. અણુએ, અણુએ પ્રાણ એનર્જી છે. એ આજે પણ આપણે સમજીએ. **જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં પોતે છે, એની સભાનતા અને એ સભાનતા પણ તે તે પ્રકારની પછી, કારણ કે ચેતનનો ગુણધર્મ પાછો તાદાત્મ્ય છે.** એ જેની સાથે ભળે, તે પાછો તેવો જ થઈ જાય. ત્યારે એ જે ચેતન છે, બ્રહ્મનું લક્ષણ એ પોતે અંદરથી જાણેલું છે; પણ નિમિત્ત સાથે તદ્રૂપ થઈ જાય છે. વળી પાછો નોખો રહે છે. તેથી પેલામાં ભળી જાય છે તેવું નથી. તદ્રૂપ થાય છે ખરો, પણ તેથી કરીને પેલાંના ગુણધર્મ જાણી લે છે. એના સ્વભાવને જાણે છતાં એ બોલતો નથી. બહાર તો બીજા કોઈને "આ શું સમજતો હશે ?" એવું લાગે. એના દીદાર ઉપરથી કોઈ એને કહી શકે નહિ કે આ આટલો હોશિયાર હશે. બિલકુલ કહી ના શકે. ખરેખરો અનુભવી પુરુષ અંદરથી બરોબર સમજતો હોય છે, ત્યારે એણે ૧૩મી ભૂમિકામાં જે કંઈ અનુભવ્યું તે

પ્રયોગાત્મક રીતે ૧૪મી ભૂમિકામાં વિસ્તારની દશામાં તે અનુભવે છે કે "હું સર્વત્ર છું, એક ઠેકાણે હોવા છતાં અનેક ઠેકાણે છું."

**અનેક ઠેકાણે કેવી રીતે હોય ?**

એટલે જ્યાં જ્યાં નિમિત્ત ત્યાં ત્યાં એનું અસ્તિત્વ એ પોતે અનુભવે છે. બીજા કોઈને ખબર ના પડે. એકીપળે અનેક નિમિત્ત છે, તો એકેએક નિમિત્તમાં એ હાજર છે. આપણી બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું કે આકાશતત્ત્વ એનામાં વિકસેલું છે અને આકાશતત્ત્વ એનામાં જામ્યું છે અને તેના લીધે એ જ્યાં ત્યાં જઈ શક્યો.

**ચૌદમી સ્થિતિ એ વિસ્તારની ભૂમિકા છે.** એટલે પોતે પોતાનામાં એકાગ્ર, કેન્દ્રિત થઈ ગયો. પોતે પોતાના "માંહ્યલા"ના સ્વરૂપને અનુભવી લીધું. પછી એ જેમ વિસ્તાર પામે તે અનંતાઅનંત સુધીનો વિસ્તાર, કારણ કે અનેક જન્મો એણે લીધા છે. અનેક પ્રકારના નિમિત્તો એની સાથે છે. આપણે જાણીએ કે આપણે પૃથ્વી ઉપર જ છીએ, એવું કંઈ નહિ. આ બ્રહ્માંડની અંદર કેટલેક વખતે કેટલાય પ્રકારના આપણે રૂપો લીધાં હશે, જીવોએ. તે કેટલેક ઠેકાણે - આપણી સૂર્યમાળામાં જ માત્ર નહિ, પણ બીજે બધે ઠેકાણે-આખા બ્રહ્માંડમાં નિમિત્ત હોય છે. જ્યાં એના **નિમિત્ત ત્યાં એનો વિસ્તાર, ૧૪મી ભૂમિકામાં એ અનુભવે છે.**

### તાદાત્મ્ય

તાદાત્મ્ય છે તે, **ચેતનની છેક નજીક જઈએ, તેમ તે ગુણ આપણામાં ખીલે છે. જેમ સૂર્ય ઊગવાનો હોય ને પ્હો ફાટે એટલે આપણે જાણીએ કે સૂર્ય ઊગશે, તેમ તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટ્યો કે આત્માનો પ્રકાશ નિશ્ચિત.** હવે તેને વાર નથી. હવે એક-બે દિવસની વાર છે. **તાદાત્મ્યનો ગુણધર્મ એ પ્રત્યક્ષ આત્માનું દર્શન આપણને થયેલું છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.** પ્રમાણ વગર જગતમાં કોઈ માને નહિ. પ્રમાણ પહેલું જોઈએ. આ અનુભવ થયેલો છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ તાદાત્મ્ય છે. કારણ કે એનો ગુણધર્મ—આત્માનો—તે તાદાત્મ્ય. જો તાદાત્મ્ય ના થયો હોય તો આ સ્થિતિ શી રીતે થઈ હશે ? ઝાડમાં ઝાડ જેવો, નદીમાં નદી જેવો, પર્વતમાં પર્વત જેવો, તણખલામાં તણખલા જેવો, દેડકામાં દેડકા જેવો, સાપમાં સાપ જેવો - દરેકની સાથે

તાદાત્મ્ય. તેનું પેલાનાં જેવું જ હોય અને તેમ છતાં પોતે નોખો, પેલાના જેવો જ થઈ જાય, બિલકુલ. જરાકે ફરક નહિ. એવો પેલાની સાથે હળી, ભળી અને ગળી જાય. ચેતન—દરેકની સાથે—એક જણની સાથે નહિ, દરેકની સાથે હળી જાય.

જ્યારે તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે, ત્યારે બધા જ ઈશ્વરી ગુણો એનામાં આવે છે. **પછી જ અનુભવ. બીજો કોઈ અનુભવ નહિ. એ જ અનુભવ. એટલે પછી સાક્ષાત્ પોતે ઈશ્વર જ, બીજું કંઈ નહિ. ભલે ને શરીરધારી હોય !** જેનામાં ઈશ્વરના જેવા બધા ગુણો છે, એવો શરીરધારી બધું જાણી શકે છે. કારણ કે એનામાં આત્માના ગુણ પ્રકાશેલા છે. એટલે આત્મા હંમેશાં આકાશમાં હોય. આકાશ એનામાં પ્રીડોમીનંટ (મોખરે) હોય છે. એટલે આકાશ ગમે ત્યાં જઈ શકે છે, ગમે ત્યાં હાજર થઈ શકે છે.

શરીર પ્રકૃતિમાં હોય ત્યારે આત્મા જ્યારે પોતાના ગુણધર્મમાં પ્રગટે, ત્યારે આત્માનો ગુણધર્મ - તાદાત્મ્યપણું - તે પેલાની સાથે એક થઈ જવાપણું, તેની પ્રકૃતિની સાથે પણ, એટલે પોતે બધાની સાથે એક છે, જેનો પ્રત્યક્ષ અનુભવ થયા વિના એમ બની શકે નહિ. "જે કંઈ બધું હું જ છું" તેનો પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ. તે દ્વારા, આ તાદાત્મ્યથી એને એ અનુભવ થાય છે, એટલે કેટલાક જીવોની સાથે નિમિત્ત છે તેવા જીવોની સાથે તે એકરૂપ થાય છે. **કેટલાકની સાથે શરીરથી થાય છે. કેટલાકની સાથે મનથી થાય છે. કેટલાકની સાથે બુદ્ધિથી થાય છે. કેટલાકની સાથે પ્રાણથી થાય છે. એવી રીતે તે પોતે તાદાત્મ્ય અનુભવે છે** અને એને એમ લાગે છે કે આ વાત ખરી છે, જે તે બધું "હું પોતે" જ છું, જે તે બધું હું એકરૂપ છું; પોતાને એવો પ્રત્યક્ષ અનુભવ થાય છે. અનુભવ થવાનું કારણ એ કે આત્માનો ગુણધર્મ. બીજા છે તેની સાથે જેમ સાક્ષીપણું છે, નોખાપણું છે, તટસ્થપણું છે તેવી રીતે આ તાદાત્મ્ય થવાનું—એની સાથે એકરૂપ થઈ જવું, એકરસ થઈ જવું, જે જે પદાર્થ સાથે મળ્યા, હળ્યા, ગળ્યા, તેમાં એકરસ થઈ જવું, એકરૂપ થઈ જવું, એ તાદાત્મ્ય—આત્માનો એક ગુણધર્મ છે. એના લીધે એ પેલાની સાથે એકરૂપ થઈ જાય છે. આ બધું એફર્ટલેસ (સહજ) થાય. એમાં પોતાનું કંઈ જ નહિ.

ભગવાન જેની તેની સાથે તાદાત્મ્ય થઈ જાય છે. લાકડામાં લાકડા જેવો, માણસમાં માણસ જેવો, સ્ત્રીમાં સ્ત્રી જેવો, ઝાડમાં ઝાડ જેવો, જળમાં જળ જેવો થઈ જાય છે. એ તાદાત્મ્યનો ગુણ આપણામાં આવવો જોઈએ. પહેલવહેલા એ તાદાત્મ્યનો ગુણ આપણામાં આવે છે, ત્યારે આપણને એ નહિ સમજાય. આપણને જરા ગરબડ જેવું લાગે. આપણે બગડેલા છીએ. કંઈ સારું નથી. આવું બધું શું ? તાદાત્મ્યની અંદર જે પરિસ્થિતિ આપણને આવે, ત્યારે શરૂઆતમાં આપણને પંચાત થાય છે. તે વખતે ભગવાન આપણને સંભાળી લે છે ખરો. જરૂર સંભાળી લે છે. એટલી બધી ખાતરીપૂર્વક કહું છું, કે જેમ હું છું, તેટલી ખાતરીપૂર્વક કહું છું કે ભગવાન આપણને જરૂર સંભાળી લે છે. પછી આપણને ધીરે ધીરે ખબર પડે છે. તાદાત્મ્યના અનેક તબક્કામાંથી પસાર થઈએ છીએ. કેટકેટલાની સાથે તાદાત્મ્ય થઈએ છીએ. આપણને કારણ લાગે નહિ. આપણને કારણ સમજાય નહિ. હું હોઉં અને કોઈની સાથે તાદાત્મ્ય થઈ જાઉં, પણ કારણ તો સમજાય નહિ. બીજાની સાથે તાદાત્મ્ય થઈ ગયો અને ભાન ન રહ્યું, એમ હું કહું ખરો અને પરિસ્થિતિ આવે ત્યારે - તાદાત્મ્ય ગુણમાં ત્યારે જાતિનું ભાન નથી રહેતું. જાતિનું ભાન જતું જ રહે છે. અસ્તિત્વ જ નથી. કોઈ સ્થિતિમાં એનું અસ્તિત્વ જ નથી. સામાન્ય લોકો તો એ જ જુએ. તાદાત્મ્યભાવ થાય ત્યારે બધામાં એકરસ જેવો. આ સ્ત્રી છે કે આ પુરૂષ છે એવું કંઈ નહિ. બધું જ એકસરખું. બધું જ સમરસ જેવું.

ગમે તેની સાથે કેમ તાદાત્મ્ય થાય છે ? તો આખી દુનિયાની સાથે કેમ તાદાત્મ્ય થતો નથી ? અને ગમે તે વ્યક્તિઓ સાથે જ કેમ તાદાત્મ્ય થાય છે ? એવા પ્રશ્નોમાં ઊતરીએ ત્યારે એમ થાય કે એ વ્યક્તિ સાથે આપણો કોઈ ઈનર (આંતરિક) સંબંધ હશે. અનેક જન્મોનો સંબંધ હશે. કર્મને લીધે, એની સાથે એવો સંબંધ છે, કે એની સાથે તાદાત્મ્ય થઈએ. તાદાત્મ્ય થઈને આપણે કંઈ ભોગવવાનું નથી. પણ એ જીવને આ વહેણમાં લાવવાનો છે. ભગવાનના વહેણમાં લાવવાનો છે. એ સિવાય થાય નહિ. તાદાત્મ્ય થયા એટલે એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ પણ બદલાય અને બદલાય છે, એટલે આ વહેણમાં ચાલવા માંડે.

આ માર્ગમાં તાદાત્મ્ય જ એક સરળમાં સરળ રસ્તો છે. એવા કોઈ સંતપુરુષના અનુભવમાં આવ્યા, અને જો એ આપણી સાથે તાદાત્મ્ય થયો તો આપણું કામ જલદી પાક્યું. પણ એ ક્યારે તાદાત્મ્ય થાય અને ક્યારે તાદાત્મ્ય ના થાય એ કહેવાય નહિ. એ કાયદો એમની પાસે છે. બીજાની પાસે નથી. એટલે એ ક્યારે થાય કે ના થાય, એ આપણે નક્કી ના કરી શકીએ. તેમ છતાં એમની સાથેનો સમાગમ આપણા કલ્યાણ માટેનો છે, એ નિર્વિવાદ હકીકત છે. કોઈ રીતે એના વિશે શંકા ઉઠાવી શકાય એવી વાત નથી. એની સાથે સત્સંગ કરવાથી, હળવાથી, મળવાથી, ભળવાથી, એની સેવા કરવાથી, એણે બતાવેલું કોઈ કામ કરવાથી પણ આપણું કલ્યાણ થાય છે, તે વાત સાચી છે.

**તાદાત્મ્ય જ્યારે પ્રગટે, એટલે એને હરિ પ્રત્યક્ષ થયો છે એમ ગણાય. એટલે હરિનું જ લક્ષણ એનામાં છે, એમ ગણાય.** એવા પુરુષો જૂજ હોય. જ્યાં ને ત્યાં હોતા નથી. કારણ તાદાત્મ્યભાવ એ એનો સમજી ના શકાય એવી જાતનો છે. એ હકીકત સ્વીકારવાની આપણી તૈયારી નથી. બીજી બધી તૈયારી છે. માણસ સાથે તાદાત્મ્ય થાય, ઊંટની સાથે થાય, ગાયની સાથે થાય, ઘોડાની સાથે થાય, ભેંસની સાથે થાય, વાઘની સાથે થાય, વરુની સાથે, ડુક્કરની સાથે, માણસની સાથે થાય. એ બધાંની તૈયારી છે. પણ બૈરાંની સાથે તાદાત્મ્ય થાય એ સ્વીકારવાની તૈયારી આપણા સમાજની નથી. છતાં એ કંઈ સમાજની તમા કરતો નથી. એ કંઈ સમાજને માટે જીવતો નથી. એ તો જીવે છે ભગવાનને માટે. તો એવો સમાગમ થાય. એવું નિમિત્ત આવે ત્યારે તે સ્ત્રીઓ સાથે સંપૂર્ણપણે તાદાત્મ્ય થઈ જાય છે ત્યારે એ સ્થિતિ સ્વીકારવાની તૈયારી આપણી, સમાજની હોતી નથી. ત્યારે એ સમાજની દરકાર કરવાવાળો હોતો નથી. એટલે એ વખતે એવા માણસોને આપણે પિછાણવા, કદર કરવી એ આપણા માટે શક્ય નથી હોતું. અશક્ય હોય છે. આપણે કદી પણ એને સ્વીકારી નહિ શકીએ. એવા ઘણા કિસ્સા મેં જોયા છે. તાદાત્મ્યની એક પરીક્ષા. એ તાદાત્મ્ય કોઈનામાં થયો ને આપણને દર્શન થઈ જાય. એ કરાવે નહિ. તમે કહો કે આ કરી બતાવો, તો એ નહિ થાય. એક નિમિત્ત એને મળ્યું તો જ એ કરે અને તે વખતે જો આપણે કોન્સ્યસ (સજાગ) હોઈએ, તો જોઈ

શકીએ કે આ થયું. આ માણસ આવું ના કરી શકે તે તાદાત્મ્યને લીધે આવું કરી શક્યો. આ માણસને માટે આ અશક્ય. તે આ કરી શક્યો. એની ચોપડી પણ મેં લખી છે. "હરિજન સંતો"માં એક વાત આવે છે. એ વાત પણ સાચી છે કે તાદાત્મ્ય જ્યારે આવે છે, અને ભગવાનનો ગુણ આપણામાં પ્રવેશે છે, ત્યારે આપણે નથી હોતાં. ત્યારે આપણા રૂપરંગ - એવાને એવા જ - કે આ જ ચુનીલાલ ભગત છે. બીજા જુએ તો પણ એમ જ કહે. પણ જ્યારે એનામાં તાદાત્મ્યનો ગુણ પ્રગટ્યો હોય ત્યારે એ બધી સીમા વટાવી જાય છે, એવો ગુણ તેનામાં આવે છે.

તાદાત્મ્યના ગુણધર્મ તે ગુણાતીતના ગુણધર્મ છે. ગુણાતીત તમે થયા હોવ તો જ તમને તાદાત્મ્ય આવી શકે. એ એનું વિજ્ઞાન છે. એ એવાં કર્મ કરે જે સામાન્ય માણસની શક્તિ બહારનાં હોય, એટલે પેલો તો અંદર જે આવો તાદાત્મ્યવાળો થયો છે, તેનામાં બુઠ્ઠાપણું નથી. તેની બુદ્ધિ કંઈ વાણિયાના ઘરે વેચાતી નથી મૂકી આવ્યો હોતો. એટલે એની બુદ્ધિ ઊંચી જાતની હોય છે. એટલે એ સાક્ષી છે. એની સ્થિતિમાં સાક્ષીત્વનો ગુણ છે. સાક્ષીત્વના ગુણને લીધે એ જાણે કે આમ કે આમ, કે આવું કે આવું છે અને પોતાની સ્થિતિ પણ સમજે છે. પોતે શું કરે છે, તે પણ સમજે છે. કયા ગુણધર્મથી, કયા હેતુથી પોતે કરે છે તે પણ સમજે છે. એ પાછું પોતાને કશું લાગતું-વળગતું નથી. એ પણ સમજે છે, અને પોતાને જુએ ખરો, પણ આ લાગતું-વળગતું કશું નથી.

**ગુણાતીત થાય, ત્યાર પછી જ એ સ્થિતિ આવે.** એમ ને એમ ના આવે. જ્યારે એવી દશા થાય, ત્યારે એ ગમે ત્યાં જઈ શકે. એટલે નિમિત્ત હોય ત્યાં જઈ શકે. હું અહીં બેઠો હોઉં, ને નંદુભાઈ પાસે મારું નિમિત્ત હોય તો હું નંદુભાઈ પાસે જઈ શકું. પણ પેલો કાચો પોચો હોય તો એને સ્વીકારશે નહિ. એ એને સમજે નહિ. સમજે નહિ એટલે કાચો પડી જાય. ભગવાન કામ કરવા આવે છે, પણ પેલો તૈયાર નથી, ત્યારે ભગવાન શું કરે ? કામ ના થાય. એટલે ભગવાનનો સ્વીકાર કરવા માટે આપણો આધાર તૈયાર જોઈએ. આપણો આધાર તૈયાર ના હોય તો ભગવાન હોય, તો પણ આપણું કશું દળદર ફીટે નહિ, એ વાત ચોક્કસ.

તાદાત્મ્યનો ગુણધર્મ સ્વયં પ્રગટે છે. આપણે સાધના કરતાં કરતાં, એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં; બીજી સ્થિતિમાંથી ત્રીજી સ્થિતિમાં; ત્રીજી સ્થિતિમાંથી ચોથી સ્થિતિમાં, એમ કરતાં કરતાં તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ છીએ અને તાદાત્મ્યના ગુણધર્મમાં આવીએ, ત્યારે એકદમ ખીલેલો એ નથી હોતો. પણ ધીરે ધીરે થાય છે. જેમ આપણે પાઠ ભણવા હોય તો પહેલા એકડિયામાં, પછી પહેલું ધોરણ, બીજું ધોરણ, ત્રીજું ધોરણ, સાતમું એમ હોય છે. એમ આ તાદાત્મ્યમાં પહેલા એકદમ ખુલ્લાપણું હોતું નથી. એવું એકદમ થતું નથી. માણસ એ તત્ત્વને ઝીલી ના શકે. એ એટલું બધું જબ્બર તત્ત્વ છે. જેમ પહેલું ધોરણ ભણતો હોય એને સાતમા ધોરણનું કંઈ ના આવડે. એવી રીતે તાદાત્મ્ય-ધર્મમાં એ જ્યારે પ્રવેશે, ત્યારે એને બધું જ્ઞાન ખુલ્લું થઈ જતું નથી. ધીરે ધીરે એ થાય છે. એનો આખો ક્રમ હું જાણતો નથી.

હું તો મારા અનુભવની વાત કહું છું. પહેલાં નાનાં નાનાં અળસિયાં હોય, દેડકાં હોય, તેની સાથે એ તાદાત્મ્ય થાય છે. એમ કરતાં કરતાં, ધીરે ધીરે આગળ જવાય. આમાં આપણી માનસિક તૈયારી બહુ જ જબરદસ્ત હોય તો આપણે છ-આઠ મહિનામાં તૈયાર થઈએ. પછી માણસની સાથે તાદાત્મ્ય થતાં થઈએ. એ સ્થિતિ ઊંચી ગણાય. એના કરતાં પણ બીજી સ્થિતિ ઊંચી છે જે દેખાતી નથી. જેને દેવ ગણીએ, રાક્ષસો ગણીએ અથવા તો અસુરો ગણીએ, એવી વ્યક્તિઓ સાથે તાદાત્મ્ય થઈએ. આપણી દુનિયાના વાતાવરણમાં દેવ અને અસુર બંને તત્ત્વો છે. જ્યારે તાદાત્મ્ય કેળવાય છે, ત્યાં એમના સંપર્ક પણ એ લોકો કામ કરતાં હોય છે અને અસુરો સાથે એને બહુ સાવચેતીથી કામ કરવું પડે છે. અસુરોની અને એની આખી પ્રકૃતિ જુદી. એ આખી પ્રકૃતિ ફેરવીને તેને ભગવાનની પ્રકૃતિમાં લાવવું, તે બહુ અઘરામાં અઘરું કામ છે. જે સદ્ભાવી જીવ છે તે જ કરી શકશે. મહાપાપીમાં મહાપાપી, દુષ્ટમાં દુષ્ટ જે જીવ હશે તેને પલટાવવો, એ તેને માટે અઘરામાં અઘરું કામ છે. આકાશમાં પણ આવા જે જીવો છે - દેવ અને અસુરો - તે પણ તેના સંપર્કમાં આવે છે અને એકીસાથે અનેક ઠેકાણે કામ કરતો હોય છે. એ આપણા મગજમાં ના બેસે. પણ આકાશતત્ત્વ છે એ આકાશ-વ્યાપી તત્ત્વ “એવરીવેર પરવેડિંગ (સર્વત્ર) છે એ આ જે

તાદાત્મ્ય ગુણધર્મવાળો જે જીવ છે - ગુણાતીત છે એને જ આ ગુણ છે. એ ગુણોના તાબામાં નથી. એવી સ્થિતિ જે થઈ ગઈ હોય છે. જ્યાં સુધી એ ગુણમાં છે, ત્યાં સુધી એ આ પૃથ્વીના વાતાવરણને વળગી રહેવાનો. એનાથી બહાર એ જઈ શકશે નહિ. એને માટે ઈમ્પોસિબલ (અશક્ય). **પણ જ્યારે એ ગુણાતીત થાય છે, ત્યાર પછી જ એનામાં આ તાદાત્મ્યનો ગુણધર્મ પ્રગટે છે** અને એ ખીલ્યા પછી જ દુનિયાના "એટમોસ્ફીયર" (વાતાવરણ)ની બહાર જવું પડે છે, ત્યારે એ તાદાત્મ્ય ગુણ એકલો નથી જઈ શકતો. કારણ કે તાદાત્મ્ય જાય તો પેલો એક થઈ જાય. એક થઈ જાય છે, પણ એના ગુણધર્મને જાણવાને માટે બુદ્ધિ જોઈએ છે. માટે એની જોડે બુદ્ધિ હોય છે, કારણ કે સાક્ષીભાવની સાથે બુદ્ધિ સંકળાયેલી છે. બુદ્ધિ ત્યાં જાય એટલે બુદ્ધિને લીધે બધું જાણે છે. તાદાત્મ્ય સાથે એક થઈ જાય. એક થઈ જાય એટલે જે જાણવાનું છે, તે બુદ્ધિ જાણે છે. એ કામ એવું કે બહાર નીકળે એટલે એના બધા ગુણધર્મો બુદ્ધિ વર્ણવે છે.

આપણા અસલના ઋષિમુનિઓને જ્યારે લાગ્યું કે સાલું આ શરીર પીડાય છે, ત્યારે એવું આપણે કંઈ ખોળી કાઢો કે જેથી આપણને શરીર હેરાન ન કરે અને આપણે સાધના બરાબર કરી શકીએ. ત્યારે આયુર્વેદ ખોળ્યો. મૂળ તો ઋષિ હતા. એ ઝાડની સાથે તાદાત્મ્ય થયા અને ઝાડની સાથે તાદાત્મ્ય થઈને, તેના ગુણધર્મો જાણ્યા. આજે એક ઝાડના તત્ત્વને ખોળવું હોય તો કેટલાંય વર્ષો નીકળી જાય છે. અનેકની સાથે તાદાત્મ્ય અને થોડા વર્ષોમાં એ માણસે કેટલું ખોળ્યું છે. આયુર્વેદ પણ આ માટે જ થયો. શરીરની હેરાનગિત મટાડે. મટાડી પણ ખરી અને એમણે કર્યું પણ ખરું અને આયુર્વેદ ટક્યો. જ્યોતિષ પણ પેદા થયું. શરીર એ પણ કાયમ રહે. ટાઈમ આપણને નડતરરૂપ લાગે છે. પણ તે ક્યાંય અંદરના ગુણધર્મો જાણવા હોય તો એમાં પેસી જવું પડે. એનામય થઈએ તો જ એ એના ગુણધર્મો જાણીએ. નડતરરૂપ ના થાય એટલે જ્યોતિષ વિદ્યા નીકળી. આ વિદ્યા કંઈ ગમે તેણે ખોળી નથી. એ ઋષિમુનિઓએ જ ખોળ્યું છે. અત્યારે વસ્તુ લાવીને એને છેદ પાડીને એના ગુણધર્મો જાણીએ. એની જાણવાની સરળતા વધારે છે. વળી આવી ગુણાતીત સ્થિતિ થાય ત્યારે સ્વાર્થ રહેલો ના હોય. જગતને

તો સ્વાર્થ લાગે, કારણ કે જગતની દૃષ્ટિ એવી છે. એ કંઈ ગુણાતીતને સ્વાર્થ વિનાના ધારે જ નહિ. સ્વાર્થ જ છે એમ એ સમજે. પણ એને કોઈ સ્વાર્થ નથી. એટલે એ કંઈ કશામાં જાય કે ભળે તો પેલાના કલ્યાણને માટે જ છે. એ સિવાય બીજો એનો કોઈ હેતુ નથી.

આ તાદાત્મ્યનો ગુણ ખુલતો જાય, ધીરે ધીરે. એમાં આપણે પોતે કશું કરવાનું હોતું નથી, કંઈ પણ અને આપમેળે થયા કરે. જેમ આપણામાં તાદાત્મ્ય ગુણની શરૂઆત થઈ, તે આપણામાંનાં સૌથી નાનામાં પ્રવેશે, ધીરે ધીરે મોટામાં જાય, એનાથી મોટામાં, એનાથી મોટામાં એમ બધે ફરી વળે અને પછી તેને જ્ઞાનના સંબંધો, જ્ઞાનના નિમિત્તો હોય. બધે ઠેકાણે એ જાય છે અને અનુભવે છે. તાદાત્મ્ય થાય એટલે જ્ઞાન પ્રગટે છે.

## નિમિત્તશાસ્ત્ર

### નિમિત્ત સ્વરૂપ

નિમિત્તમાં ન ક્યાંયે છે, અપવાદ જ કોઈને,
જ્ઞાની, અજ્ઞાનીને હોય કેવાં નિમિત્ત જીવને !

સંસારમાં જ પ્રેરાવે સંસારીને નિમિત્ત તે,
સંસારથી જ છોડાવા શ્રેયાર્થીને નિમિત્ત છે,

અનુભવીનું નિમિત્ત હરિભાવ બઢાવવા,
એ પ્રકારથી નિમિત્ત ખેલે છે ત્રણ, દિલમાં.

નિમિત્તમાં ટકો જેમ લાંબો ગાળો તમે હૃદે,
જાણવું ગાઢ નિમિત્ત, તેના સંસ્કાર ગાઢ છે.

ગાઢ ઉત્કટ સંબંધ જીવદશાની વૃત્તિનો
-ગાળો તે જેટલો લાંબો ચાલે, તેવું નિમિત્ત છે.

નિમિત્તાનું ખરું માત્ર સંસ્કાર મૂળ કારણ,
જેવા સંસ્કાર નિમિત્તો ઊગે તેવું જ જીવન.

તેવા પડેલ સંસ્કાર-માંથી નિમિત્ત જન્મતું,
"ગર્ભ નિમિત્તના સાચા સંસ્કાર" એમ જાણ તું.

સંસ્કારોના પ્રકારો છે, અનંત જાતના બધા,
સંસ્કારમાંથી જન્મે છે, નિમિત્ત સર્વ જાતનાં.

## નિમિત્તમાં સંસારી

નર્યા સંસારીનું જે કૈં નિમિત્ત, જીવને નર્યો
-શું જન્માવતું સંસાર કામક્રોધાદિથી ભર્યો !

સંસારે બંધને એવો જકડાતો ઊંડો જશે,
એવાનાં કોઈ નિમિત્તતણો પાર ન આવશે,
અનંતાનંત સંસારે માયામાં તે રમ્યો જશે.

ભાન નિમિત્તમાં યોગ્ય સંસારીને કશું ન છે,
નિમિત્તમય સંપૂર્ણ સંસારી ગળી જાય છે.

અનેકે જાતનાં કેવાં નિમિત્તોયે જુદાં જુદાં,
નર્યા સંસારીને તેનો ભેદ તો પરખાય ના.

## નિમિત્તમાં શ્રેયાર્થી

જેવો પ્રકાર નિમિત્ત, તેવું સંસારમાં ઊગે,
શ્રેયાર્થીનું ન તેવું છે, નોખો નિમિત્તથી રહે.

તટસ્થતા શકે રાખી વર્તતાં જે નિમિત્તમાં,
એ જ શ્રેયાર્થી તો પાકો જાણવો નિશ્ચયે સદા.

વૃત્તિ નિમિત્તમાં પૂર્ણ સંસારી ભોગવી જીવે,
જ્યારે શ્રેયાર્થી વર્તે છે, નિમિત્તભાવ ધારીને.

પકડ પ્રકૃતિની જે જીવને વળગેલ છે,
નિમિત્તે મૂળ એનું તે, શ્રેયાર્થી ઓળખ્યા કરે.

બધું પ્રકૃતિનું મૂળ ઉચ્છેદવા નિમિત્તથી
-મુખ્યમાં મુખ્ય કર્તવ્ય તે જ શ્રેયાર્થીનું સહી.

શ્રેયાર્થીને નિમિત્તે ત્યાં બીજાં નિમિત્ત ના ઊગે,
નિમિત્તને જુદા ભાવે શ્રેયાર્થી ઉપયોગ લે.

નિમિત્તે મૂળ સંસ્કાર, જેવા સંસ્કાર જીવને,
ઉદય તે થતાં જેમ, તેમ વર્તન થાય છે.

આદર્શવાળું સર્વોચ્ચ ભાવથી ભર્યું જીવવા,
જીવને અભિલાષાઓ, તેવા સંસ્કાર પાડવા

સંસારી માનવીમાં એક તાકાત કૈં ન છે,
શ્રેયાર્થી એકલો માત્ર તેવા સંસ્કાર કેળવે.

જીવન-ધ્યેય-હેતુની શ્રેયાર્થીને નિમિત્તમાં,
જીવતીજાગતી રહે છે શી તેજસ્વી સભાનતા !

શ્રેયાર્થી જીવનું જ્યારે જીવને જે નિમિત્ત છે,
તેમાં તે ઘસડાતો ના, તરવાને મથે હૃદે.

તેવો શ્રેયાર્થી નિમિત્તે કદીક ડૂબી તો જતાં,
વિવેક દિલ જાગેલો તેને મથે ઉગારવા.

ગમે તે જાતનું છો હો, ઊર્ધ્વ કે નિમ્ન છો ભલે,
કિંતુ શ્રેયાર્થી સૌ તેવાં નિમિત્તે ચેતતો, જીવે.

નિમિત્ત તરવા માટે ઉત્તમોત્તમ સાધન,
શ્રેયાર્થી જ્ઞાનભાવે શું જાણતો નિજ જીવન !

જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા બળવાન છે,
તેવો નિમિત્ત સંસ્કાર કાપવા શો સમર્થ છે !

## શ્રેયાર્થીનો સંગ્રામ

કામાદિથી થવા મુક્ત શ્રેયાર્થીને નિમિત્ત છે,
દૃઢાવવા હરિભાવ શ્રેયાર્થીને નિમિત્ત છે.

નિમિત્તમાંથી સંગ્રામો ઉત્કટ ને ભયંકર
-શ્રેયાર્થીને જ પ્રત્યક્ષ જીવને શા ખડા થતા !

સાધનાભ્યાસમાં ભાવ જેમ જેમ બઢ્યા કરે,
મથે ત્યાં જોશથી પાછો પ્રકૃતિને હઠાવવા.

દ્વંદ્વાતીત, ગુણાતીત નિમિત્તના પ્રકાર છે,
નિમિત્તમાં શી છે માત્ર પ્રકૃતિ મૂળમાં જ તે !

લડતાં લડતાં શક્તિ નિમિત્ત સાથ જીવને,
કેવી મેળવતો જાય, શ્રેયાર્થી નિજ અંતરે !

સાધન માત્ર છે "ભાવ", જે તે સૌથી તરાવવા,
શો જિજ્ઞાસાગ્નિ તેવાનો સામનો કરતાં બઢે !

નિમિત્તમાંથી શીખે છે, શ્રેયાર્થી તો નવું નવું,
જ્ઞાન અંતરનાથી તે પારખે છે નિમિત્તને.

નિમિત્તમાં દઢાવે તે હરિનો ભાવ જીવને,
નિમિત્ત જીવને તેને બક્ષ્યાં સમૃદ્ધિ શી કરે !

**શ્રેયાર્થીનો દુર્ગમપથ**

દેવાસુર સ્વરૂપે છે, કેવાં નિમિત્ત જીવને !
પડે ઓળખવાં તેને સ્વરૂપે તે જ જીવને.

વિચારી અંતરે ઊંડું ચિંતન ધ્યેયનું કરે,
આર્તનાદ હૃદે ઊંડા પોકારી હરિને સ્તવે.

અનંતાનંત કેવાંયે છો હો, નિમિત્ત જીવને,
અંતરે ભક્તનો ભાવ બઢંતાં, હળવાં થશે.

પ્રચંડ જોશ એવાની સામે ત્યાં સામનો થતાં,
આવે છે ખેલવાના શા સંગ્રામ તે નિમિત્તના !

છે કેટલાંક નિમિત્ત કે જે શ્રેયાર્થીને હૃદે,
પાનો ચઢાવી ઉત્સાહ, પ્રેરણા, જોશ, શક્તિ દે.

વધે છે જેમ સંગ્રામ વિસ્તાર સૂક્ષ્મ અંતરે,
નિમિત્ત પણ ત્યારે તો સૂક્ષ્મ પ્રકારનાં થશે.

પોતે શી શી રીતે ખેલ્યો અનંતાનંત જીવને,
તેનું નિમિત્તમાં ભાન શ્રેયાર્થીને સ્ફુરે હૃદે.

અનંત જન્મના એવા સંસ્કારોનાં નિમિત્ત જે,
એક જ જન્મમાં કો ના કાપવા શક્તિમાન છે.

અનેકાનેક તો જન્મ મથતાં મથતાં સદા,
સંસ્કારો બઢતા કેવા જાય છે ઊર્ધ્વ પંથના !

અનેકાનેક તો જન્મ લેવા પડે જ જીવને,
નિમિત્તે ધ્યેયનું ભાન રાખી જીવંત, તે રળે.

ચઢવા શિખરે ઊર્ધ્વ ઉત્તમોત્તમ સાધન
-"નિમિત્ત", ચઢિયાતું છે કેવું શ્રેયાર્થી જીવન !

## નિમિત્તમાં અનુભવી

નિમિત્તમાં ધરાવે છે ઊંડું જ્ઞાન ખરેખરું,
તેવા તો માત્ર સંસારે એક અનુભવી જ શું !

અનુભવીનું કર્તવ્ય નિમિત્તો કરી જીવને
જીવને શો હરિભાવ મહત્ત્વે પ્રગટાવવો !

પ્રકૃતિથી જ તે લે છે તેને માધ્યમ રાખીને,
જેવો પ્રકાર નિમિત્તે, અનોખો તે છતાં હૃદે.

નિમિત્ત મૂળમાં જેમ પ્રત્યક્ષ પ્રકૃતિ જ છે,
તેથી નિમિત્તાયે તાબે તે અનુભવીને જ છે.

પરાપૂર્વતણું ભાન નિમિત્ત ઊગતાં હૃદે
-જાગે અનુભવીને તહીં સ્પષ્ટ પ્રત્યક્ષ જીવને.

તે ઉપરથી લાગે છે જીવદશાની રીતથી
-વર્તતો લાગતો, તોયે તેવો તે મુદ્દલે ન છે.

કિંતુ નિમિત્તાને લીધે જેનું નિમિત્ત તે વિશે
-સંકળાવા પ્રવેશાવા એનો હેતુ જ હોય છે.

નિમિત્તાને લીધે માત્ર અનુભવીની જીવને
-બધી હિલચાલો છે, તે વિના સ્થિર આપ તે.

નિમિત્તથી જીવે તોયે નિમિત્તથી સ્વતંત્ર છે,
શો નિમિત્ત પ્રમાણે તે છતાં વર્તતો જીવને !

તાળું "નિમિત્ત" વાસેલું, તિજોરી અકબંધ છે,
મુકાયા જાય છે નાણાં તેમાં અનેકવિધ તે.

યોગ્ય ચાવી કને જેવી તેવો જ ખોલી શકે,
માત્ર અનુભવીની શી તે કાજે લાયકાત છે !

છે અનુભવીકેરો શો ગુણ તાદાત્મ્યનો ખરો,
નિમિત્તમાં જ તેથી તે તે તદાકાર એક શો !

મૂળ કારળ તેનું જે કોઈને તે જણાતું ના,
માત્ર અનુભવી એક કેવો તે યોગ્ય જાણવા !

## અનુભવીની લીલા

અનુભવીતણા એવા તેવા નિમિત્ત જીવને,
પ્રકાર લોભ મોહાદિતણોયે કદી હોય છે.

સ્વામી અનુભવી પોતે શો સત અસત તણો પૂરો !
સત અસત સહુનામાં તે પ્રવર્તેલ હરિ જ શો !

લોભ મોહાદિનાં તેવાં નિમિત્ત હોય છે, છતાં
-પોતે સંપૂર્ણ નિર્મોહી નિર્લોભી શો કરે તર્યા !

નિમિત્ત ના અજાણ્યું છે, તે અનુભવીને હૃદે,
અજાણ્યો હોય તે તેમ સંસારે વર્તતો દીસે.

છતાં પાછો ન ત્યાં દંભ, સ્વાભાવિકપણે જ તે
-વર્તતો હોય શો પોતે ! એવો એનો સ્વભાવ છે.

શ્વાસોશ્વાસ શું ચાલે છે, આપોઆપ સ્વભાવથી
તેમ સહજતાનું છે ધોરણ, સ્વ-સ્વભાવથી.

પોતાના એકલાના તે નિમિત્ત પલટાવવા,
શો અનુભવી સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યાં !

કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું
-તેમ તેવું થવા દે છે તે અનુભવીનું સૂતરું.

હૈયે આકર્ષી લેવાને અનુભવીની ચાલ છે,
કોઈ ને કોઈ રીતે તે નિમિત્તે તેવું વર્તશે.

સમગ્રતા શી નિમિત્તો અખંડાકાર હોય છે !
અખંડતા અને પાછી કેવી સળંગતાય છે !

પરસ્પરે ત્રણેય કેવાં નિમિત્તામાં ભળેલ છે,
તેથી અનુભવીને તે જોવા નિમિત્તામાં મળે.

સારુંનરસું બંનેયે નિમિત્ત જીવને મળે,
નકારે ના કશાને તે, સાચો અનુભવી જ તે.

નિમિત્તો કેવું તાદાત્મ્ય થતું અનુભવીનું જે
-એવા તાદાત્મ્યના ગુણધર્મે, તે એકરૂપ છે.

જાણ્યામાં સર્વ આવેલાં ગણ્યા ગણી શકાય તે,
કેટલાંયે અજાણ્યાં જે સંખ્યાતીત અપાર છે.

એવાં નિમિત્તની સાથે એકીપળે અનેકમાં,
સાક્ષી હોવા છતાં પોતે સંકળાયેલ તે વિશે.

નિમિત્તની લીલા કેવી ગૂઢ ને સૂક્ષ્મ સૂક્ષ્મ છે,
તેવું નિમિત્ત વિજ્ઞાન કોણ પૂર્ણ કળી શકે ?

જીવને કારણાતીત પ્રત્યક્ષ શો અનુભવી !
તેથી નિમિત્તનીયે તે પાર પૂર્ણ શકે જઈ.

છોને અનુભવીને હો નિમિત્ત જીવને ભલે,
કિંતુ અનુભવી તેને પ્રેરણા હરિની ગણે.

નિમિત્તાથી ભલે થાય એનું દર્શન અંતરે,
કિંતુ તેમાં હરિલીલા શો અનુભવી પારખે !

બીજા કશાયને હૈયે હરિ વિના ગણે ન તે,
કેવો અનુભવીને તો જેમાં તેમાં હરિ જ છે !

પ્રકૃતિ જે નિમિત્તો તે હરિનું પ્રતિબિંબ છે,
નર્તતો હરિ તો જ્યાં ત્યાં શો વિલસી રહેલ છે !

### અનુભવીનું નિમિત્ત કર્મ

નિમિત્ત સાથ એવાની સંકળાયેલ જે હશે,
સ્વીકારાત્મક ભૂમિકાવાળાં છો નવ હોય તે,

છતાં સંસ્કાર પેલાના બીજામાં તો પ્રવેશશે,
લાંબા ગાળાતણો એવો સંબંધ, પ્રાણ પ્રેરશે.

નિમિત્તે સંકળાયેલાં બીજા જે જે જનો હૃદે,
તે સૌમાં તે પ્રવેશીને નિમિત્ત કર્મ શો કરે !

નિમિત્ત કારણે જે કો હોય ચેતેલ જીવને,
તેને અનુભવી સ્પર્શ ન્યાલ કેવો કરે હૃદે.

ઊંચું નિમિત્તને લેવા મથે અનુભવી ઘણું,
નિમિત્ત ચસકે જ્યાં ના, પેલો પછી કરે જ શું ?

છતાં અનુભવીનો જે સત્સંગ જીવને થતાં
-લાંબો ગાળો ટકે જો તે ભલું નિમિત્તનું તહાં.

નિમિત્ત સૂક્ષ્મ દેહે તે સંસ્કાર અંતરે ઊંડે,
અનુભવીતણા સ્પર્શે સહેજે ત્યાં પડતા રહે.

એવા નિમિત્ત સંસ્કાર ભાવપ્રદેશમાં ખરે !
ઉદય વર્તમાને શા દોરીને લઈ જાય તે !

અનુભવીની સાથેનું જે જે જીવનું જીવને
-નિમિત્ત પ્રગટેલું છે, તે તે શા ન્યાલ થાય છે !

કિંતુ અનુભવી સાથે જે એકાકાર થાય છે,
એને નિમિત્તનો લાભ કલ્યાણકારી થાય છે.

### અનુભવીની નિમિત્ત પ્રક્રિયા

કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ થકી નિમિત્તનું બધું
-જે તે અનુભવી પોતે તેમ તેનું શું વર્તવું !

કદીક સૂક્ષ્મથી કામ, કદીક સ્થૂળથી જ લે,
કારણથી કદી તે લે, એના નિયમ કૈં ન છે.

નિમિત્તે બુદ્ધિ જાગે છે, નિમિત્તે જ્ઞાન જાગતું,
ખુલ્લું થતું જતું સર્વ, નિમિત્તનો પ્રભાવ શું !

"નિમિત્ત કારણે જે તે વ્યક્ત થયા જતું બધું",
લાગું પડતું આ સત્ય સર્વને સરખું નર્યું.

કારણ ભૂમિકાકેરું નિરાકાર નિમિત્ત જે,
અશક્યને કળવાને, શું સૂક્ષ્માતીત બીજ તે !

શૂન્યાવકાશ ભૂમિકા શૂન્યાકાર અખંડ જે,
જીવતાં, જીવતાં શૂન્યે નીચે અવતરે પછે.

શૂન્યમાંથી જ લાવેલું, શૂન્યે અનુભવેલ જે,
નિમિત્ત કારણે માત્ર મેળે વ્યક્ત થયા કરે.

## નિમિત્તમાત્ર

અનુભવીતણા કોઈ નિમિત્તો બંધનો ન છે,
"નિમિત્તમાત્ર" સંપૂર્ણ થૈ જતાં, મુક્ત થાય તે.

"નિમિત્તમાત્ર"નો અર્થ સ્પષ્ટમાં સ્પષ્ટ એ જ કે,
"શો હથિયાર પોતે છે, સંપૂર્ણ હરિનો હવે !"

## નિમિત્ત મીમાંસા

મારા અનુભવની રીતે મને એમ લાગે છે. અનુભવ થાય છે. બધું સબરસ થાય છે. બધું ઈશ્વર છે. પ્રકૃતિ પણ ઈશ્વર છે. પ્રકૃતિ ઈશ્વરથી જુદી નથી. એટલે બ્રહ્મથી પણ જુદી નથી. એ સ્થિતિ થઈ જાય છે. ત્યારે એ સ્થિતિમાં પ્રકૃતિને સ્થાન નથી રહેતું, તો વળી નિમિત્તને પછી ક્યાંથી સ્થાન રહે ? તો એ સ્થિતિમાં વદતોવ્યાઘાત - કોન્ટ્રાડિક્ટરી - લાગે. પછી એના વિશે મેં વિચારી જોયું. આ હકીકત છે ખરી. જો આ હકીકત છે તો પછી આમ કેમ લાગે ? ત્યારે મને એ કઈ સ્થિતિમાં આનું અસ્તિત્વ હોવા છતાં અસ્તિત્વ નથી. જ્યારે સંપૂર્ણ એકરાગ થઈને સમાધિની સ્થિતિમાંની વનનેસ (ઐક્યપણા)ની સ્થિતિ.

દરેકમાં સમરસ એકધારો એકમાં સ્થિતિ છે એવી સ્થિતિ થઈ જાય. જ્યારે સાક્ષીપણાની સેંસ પણ ઊડી જાય. "હું" બધાંમાં હોવા છતાં હું નોખો છું. એક આત્માનો ગુણધર્મ એ આત્મામાં લીન થઈ જાય છે. એવી જ એક વનનેસની સ્થિતિ - એક થવા સિવાય કંઈ જ નથી. બીજું કંઈ નથી એવું પણ ભાન ન રહે ! બધું એક જ. એવી એક પરિસ્થિતિ થઈ જાય છે. ત્યારે બોડિલી કોંસીયસનેસ (શારીરિક સભાનતા) તેને હોતી નથી. ત્યારે એનું લોહી-બોહી, શ્વાસ પણ કંઈ ચાલે નહિ અને સૂતો હોય તો એમ લાગે કે મરી ગયો છે. એવી સ્થિતિ થઈ જાય છે, ત્યારે કંઈ જ થતું નથી. એ પોતે જ છે, એ સિવાય બીજું કંઈ નહિ. એની એને સભાનતા પણ ના રહે. એવી સ્થિતિ શરીર છે, ત્યાં સુધી હંમેશના ગાળા માટે રહેતી નથી અને દરેક અનુભવીને આ સ્થિતિ થઈ જાય છે ખરી.

આમ જોવા જઈએ તો શું નિમિત્ત અને વૃત્તિઓ એક જ હોય ? એ પોતાનામાં જ ઊભી થયેલી વૃત્તિઓ બધી ? પોતાની જ વૃત્તિઓ. જેમ આપણે સંસારવ્યવહારમાં લક્ષ્મી મેળવવાને માટે ઉદ્યોગો-પ્રવૃત્તિ કરીએ. એ પ્રવૃત્તિ અનેક જીવોની સાથે સંકળાયેલી છે. તે અનેક જીવોની સાથેનો સંબંધ, એ પ્રવૃત્તિ કરતાં આપણા લક્ષમાં રહે છે. એ પ્રવૃત્તિને કારણે પેલા માણસોને મળવાનું થયું છે. એટલે એ પ્રવૃત્તિને લીધે પેલા માણસો છે. એવી રીતે એ જે નિમિત્ત છે, એ તમે કોઈ પ્રકારની પ્રવૃત્તિ કરો એમાંથી ફલિત થયેલું છે.

## અનુભવીનું જીવન કેવું

અનુભવીનું જીવન કેવું બધું નિમિત્તનું તે છે !
ન તે નિમિત્તમાં સારું, ન કે નરતું ગણેલું છે.

નિમિત્તની તે સ્થિતિમાં તો ભૂમિકા જીવદશાની ના,
નિમિત્ત તો મળેલું છે હરિ-ગુણધર્મ અનુભવવા.

નિમિત્તો પ્રકૃતિ માધ્યમ, અનુભવી પ્રકૃતિનો તે
-પૂરો સ્વામી થયેલો છે, નડે ના બાધ તેને તે.

અનુભવીની શી મર્યાદા જીવન નિમિત્તની તે છે !
પ્રકાશે કિંતુ નિમિત્તે હરિ-ગુણધર્મ સંપૂર્ણે.

વિના નિમિત્ત અનુભવી તો ભરી ડગ ના શકે ક્યાંયે,
નિમિત્ત જ્યાં ન હો, સાક્ષી નિરાંતે સાવ નિષ્ક્રિય તે !

નિયંતા, કર્તા, ભોક્તાયે અનુભવી શો બનેલો છે !
અનુભવીનું જીવન આત્મદશાનું શું થયેલું છે !

આપણે તો જીવદશાવાળા છીએ. એટલે એને આપણી પોતાની વૃત્તિ કે ટેન્ડંસી (વલણ) કહીએ. જ્યારે અનુભવી માટે એને "નિમિત્ત" કહીએ. આપણામાં બહુ જબરજસ્ત, ઉત્કટ પ્રકારનું વલણ જાગ્યું. એ વલણ પ્રમાણે જ આપણે વહ્યા કરીએ છીએ. જેમ પૂરમાં લાકડું તણાય એમ આપણે તણાયાં કરીએ છીએ. જ્યારે પેલો અનુભવી માણસ છે, જેને નિમિત્ત છે, એ માણસ એમાં તણાતો નથી. એ નિમિત્ત મળે એટલે એ સમજી લે છે. ધારો કે નિમિત્તને કારણે મને XYZ માણસ મળ્યો, એ નિમિત્તનું બધું જ રહસ્ય, એનું ચિત્ર બધું એક પળવારની અંદર મારી સમક્ષ આવી જાય. હું એને કશું કહેતો નથી. શાથી ? એને નિમિત્ત છે. એમ કેમ થયું ? કારણ શું ? આ બધું કઈ રીતે થયું ? એ બધી જ એની સંકલના, એની સાંકળો સાથેની માહિતી એને મળી જાય છે, એક પળવારની અંદર. એને વાર નથી લાગતી. એટલી વારમાં એ બધું સમજી જાય છે. જ્યારે આપણને વૃત્તિ થઈ, એ વૃત્તિ જે પળે થાય છે તે પળે જો એને પ્રવૃત્તિ કરવાની આદત કે અભ્યાસ પડી ગયો હોય, એ કંઈ થોડો ઘણો પણ તટસ્થ થયો હોય તો સમજે કે આ લોભની વૃત્તિ છે, આ વાસનાની છે, આ મોહની છે, આ રાગદ્વેષની કે આ અહમ્‌નું કારણ છે. એમ એ સમજી શકે છે. એ સમજી શકવાથી થોડી ઘણી તટસ્થતા આવેલી છે એમ સમજાય. તો સોએ સો ટકા પેલામાં ડૂબી નહિ જાય. થોડો ઘણો જુદો રહી શકશે, એ સમજે તો. કારણ કે સામાન્ય માણસ તો જે સંસ્કારમાંથી જે ટેન્ડંસી ઊગી તે પ્રમાણે જ તે વર્તી શકવાનો છે. બીજી રીતે વર્તવાની એની કોઈ તાકાત નથી. એ તો એ જ પ્રમાણે વર્તે. જ્યારે પેલો માણસ કે જેને નિમિત્ત છે, એ એમાં તણાતો નથી. એનું રહસ્ય સમજે. ત્યાં એની સાથે હેતુપૂર્વક વર્તે. એટલો ફરક હોય છે.

એવી પરિસ્થિતિ છે આ "અનુભવ"માં કે કંઈ કશાનું ઑબ્જેક્શન (વાંધો) નથી, હોવા છતાં નથી. શૂન્યાવસ્થા થઈ જાય છે. એક અવસ્થા એવી પણ છે, કંઈ કશાની અસ્તિત્વમાં સભાનતા જ નહિ. અને આગળ જતાં જતાં પછી તો ધીરે ધીરે પોતાની પણ સભાનતા ચાલી જાય છે. આમાં સાક્ષીપણું પણ જતું રહે, એ વખતે. એવી એક સ્થિતિ થઈ જાય. ત્યારે એને એમ ના રહે કે આ શરીરમાં હું બેઠેલો છું. એનો પણ એને ખ્યાલ ના રહે. "સર્વત્ર પ્રસરેલો હું છું" એમ પણ એને ભાન ના હોય, પણ એક સ્થિતિમાં સર્વત્રપણાનું આવી જાય છે ખરું. ત્યારે એ એક ઠેકાણે નથી હોતો. પણ એની એને સભાનતા નથી. એ સભાનતા અનુભવીને આવે ખરી પણ એ વિસ્તારની સ્થિતિમાં આવી જાય છે ત્યારે નિમિત્તની સાથે, અનેક પ્રકારનાં નિમિત્તની સાથે એનું વર્કિંગ (કાર્ય) આવે છે. જ્ઞાનભક્તિ થાય, ત્યારે એને સભાનતા થાય છે કે વિસ્તારની સ્થિતિમાં એક ઠેકાણે હોવા છતાં બીજે ઠેકાણે પણ છે. આ તો આપણે અનુભવીની વાત કરી.

પણ આપણે જીવદશામાં અહીં જ બેઠાં છીએ. આ ઓરડામાં જ પણ અનેક ઠેકાણેનાં વિચાર કરીએ છીએ. તે તે ઠેકાણે આપણે નથી. અહીંથી આપણને વડોદરાના કારખાનાનો વિચાર આવે કે આનું આ કરવાનું એટલે તમે ત્યાં વિચારની રીતે છો. શરીરની રીતે ભલે ના હોવ, પણ ત્યાં છો ખરા. એટલે જીવદશાનો માણસ જે રીતે જ્યાં વિચારે છે ત્યાં એની હાજરી છે, વિચારની રીતે. પણ માનસિક રીતે ત્યાં છે. જ્યારે પેલો (અનુભવી) માણસ છે, તે રિયાલિટીથી (વાસ્તવિક રીતે) ત્યાં છે. તેવી રીતે પણ ત્યાં છે. પેલા નિમિત્તને કારણે ત્યાં છે. આપણે બહુ થોડા- એની માત્રા થોડી. આપણી હાજરીની માત્રા સંપૂર્ણપણે સોએ સો ટકાની ત્યાં નથી. આપણે વહેંચાયેલાં છીએ. જ્યારે પેલો (અનુભવી), એકેએક પળ હોય, કાં તો ૧૫ મિનિટ, ૫૦ મિનિટ હોય તો બધે ઠેકાણે એનું સંપૂર્ણ અસ્તિત્વ, સોએ સો ટકા જેટલું. તે વહેંચાયેલું નથી. જ્યાં છે ત્યાં એક જ છે. એ અનંત ઠેકાણે એક. એ અનુભવ બહુ રસિક છે. ભલભલાને લલચાવે એવો છે. એ બહુ આકર્ષણ પમાડે એવું છે.

## અનુભવી અને નિમિત્ત

નિમિત્ત આવે ત્યારે તે તાદાત્મ્ય થાય. નિમિત્ત વિના નહિ. ફૂલમાંથી આપમેળે સુવાસ પ્રગટે છે, એને માટે ફૂલને કંઈ કરવું પડતું નથી શ્વાસ લીધા કરીએ એ જેમ સ્વભાવ છે, એ કોંસ્યસલી (પ્રયત્નપૂર્વક) કરતાં નથી. એવી રીતે તાદાત્મ્ય એ અનુભવીનો ગુણધર્મ છે. નિમિત્ત એવું થાય ત્યારે તે પ્રકારે એ એનામાં પ્રકાશે. એ થાય ત્યારે એ પાછો નોખો રહ્યા કરે. જો નોખો ના રહે તો એ તાદાત્મ્યનો અર્થ નથી. તો એ ગુણધર્મ અનુભવીનો નથી. તાદાત્મ્યથી એ રસમાં ગુલતાન હોય - ભલે એ ઐહિક પ્રકારના પ્રકૃતિના ક્ષેત્રનો રસ હોય, તેમાંય તે ગુલતાન હોય. છતાં એ નોખો હોય. એટલે એમાં એ લેપાતો નથી.

આત્મા-ચેતનનો ગુણધર્મ તાદાત્મ્ય છે. એથી એ તાદાત્મ્ય અનુભવે છે. એને શરીર હોવાથી એની વધારે પકડ આવે છે. જો શરીર ના હોય તો અનુભવની પકડ એટલી સજ્જડ ન આવે. તાદાત્મ્ય અને નોખાપણાનો ખ્યાલ એને આવે છે. એ ખ્યાલ તરતો છે. "તરતો છે" એટલે જેમ આપણી પાસે રૂપિયા હોય, બૅંકમાં-પેઢીમાં વહેંચાયેલા પડ્યા હોય, પણ આપણને ખ્યાલ છે કે "પૈસો છે". તે જે છે તે એવા પ્રકારના છે કે બધે વહેંચાયેલા પડેલા છે, તરતા પડેલા છે. એવા આ જે આત્માના ગુણધર્મનો અનુભવ થાય છે. રૂપિયાનો ગુણધર્મ આપણને જરૂર પડ્યે ત્યારે ખપમાં લાગે છે. તેમ આત્માનો અનુભવ થાય ત્યારે આત્માનો ગુણધર્મ ખપમાં આવે છે. શરીરધારી નિમિત્ત વિના તાદાત્મ્ય થાય જ નહિ. આત્માના બીજા ગુણો ઉપરાંત આ તાદાત્મ્યનો ગુણધર્મ છે, એનો વિચાર પણ થાય નહિ. આમ તો એને વિચાર હોય નહિ.

નિમિત્ત આવે ત્યારે તાદાત્મ્ય થાય છે. ત્યારે પાછી એની લિંક હોય છે. લિંક પણ એ સમજે છે. આગલા જન્મોની લિંક હોય છે, એ પણ એ સમજે છે. એ લિંક અવિચ્છિન્નપણે હોય છે. એ ટુકડા તરીકે જોતો નથી. શરીરધારી અનુભવી છે એને નિમિત્ત હોય ત્યારે જ તાદાત્મ્ય થાય છે. આપણે ભલે સંસારી રહ્યા-પૂરા જ્ઞાની ન હોઈએ-તોય જરૂર પડ્યે જ પૈસા ખરચીએ છીએ. એમ ને એમ થોડા ખરચીએ છીએ ? તેવી રીતે પેલાને નિમિત્ત એ જરૂરનું છે. એનું જ્ઞાન એને આપમેળે જાગે છે.

એક નિમિત્તના લીધે બીજું, બીજાને લીધે ત્રીજું અને ત્રીજાને લીધે ચોથું, આવી લિંક કોન્સ્ટંટ હોય તો પછી એનો અંત જ ન હોય. જેમ આપણે સંસારમાં કામ આવ્યું - પેઢીનું, ફર્મનું કે ગમે તે પ્રકારનું હોય - એ કર્મ પછી એનો વિચાર આપમેળે સરી જાય. એમ પેલા અનુભવીને નિમિત્તનું કામ થઈ ગયું એટલે ખલાસ થઈ જાય. તે વખતે કાળનું અવિચ્છિન્નપણું એને દેખાય—એટલે અનુભવમાં આવે ખરું—પણ પછી એને વારંવાર એ આવે નહિ. પછી બીજાનું હોય, ત્રીજાનું હોય એમ આવે. પણ બધાની હારમાળામાં એક ડિવાઈન કોન્સ્યસનેસ (દિવ્ય જાગૃતિ) એનામાં કાયમ રહે છે. એ કોમન ફૅક્ટર છે. આપણે જુદા જુદા તબક્કામાં જે જે કામ આવે એ કર્મો કરીએ છીએ ખરા. એમાં જાગૃતિ નથી. આપણને એમ નથી થતું કે આપણે આ કાર્ય કરીએ છીએ ખરાં, પણ કઈ શક્તિને લીધે, કેમ કર્યા કરીએ છીએ એ પણ ખ્યાલમાં નથી આવતું. એ બધામાં રહેલું કોમન સત્ય, સર્વ સાધારણ રિયાલિટીનો, આપણને ખ્યાલ નથી આવતો. પછી બુદ્ધિથી વિચાર કરીએ તો આવે ખરો, પણ ઊડી જાય છે. એ રહેતો નથી. જ્યારે અનુભવીને એવું થતું નથી.

નિમિત્ત વિશે વિચારીએ તો એવી કોઈ એક પળ નિમિત્ત વિનાની જતી હોતી નથી. એટલે અનુભવી એકરૂપતાનો અનુભવ અખંડ (કન્ટિન્યૂઅસ) હોય છે. કારણ કે એને અનુભવ થતાં પહેલાં કેટલાય જન્મો થયેલા છે. હવે કેટલાય જન્મમાં કેટકેટલાની સાથેનો એનો સંબંધ છે. જીવતાં પ્રાણીઓ, જીવતાં માણસો સાથેનો તો ખરો જ. એટલું જ નહિ પણ વનસ્પતિ સાથે પણ છે. સ્થળ સાથે પણ છે. એટલું જ નહિ પણ મનુષ્યશરીર નહોતું ત્યારે જુદા જુદા રૂપે - એક તત્ત્વવાળું શરીર, બે તત્ત્વવાળું શરીર, ત્રણ તત્ત્વવાળું, ચાર તત્ત્વવાળું શરીર અને આમ પરમ્યુટેશન - કોંબિનેશન થઈને કેટલા બધાં એનાં શરીર થાય. એ બધાં એનાં જુદા જુદા પ્રકારનાં, એના જુદા જુદા જીવોની સાથેના એના જે સંબંધ તે બધાં જ એનાં નિમિત્ત. એટલે કેટલાં બધાંની સાથે તે તાદાત્મ્ય થયા કરતો હોય છે. જે તેની સાથેની એની એકરૂપતા, એટલે “જે તે બધું હું જ છું, હું પોતે એક છું, તે બધાંની સાથે એકરૂપ છું” પેલાનો, અનુભવી પુરુષનો કંન્ટિન્યૂઅસ (સતત) અનુભવ હોય છે. તે એ

અનુભવ થવામાં આત્માનો જે ગુણધર્મ તાદાત્મ્ય, એ જે છે તેને લીધે છે. કારણ કે તાદાત્મ્ય જો ના હોય તો સામા જીવની સાથે એકરૂપપણાનો અનુભવ એને કદી થાય જ નહિ. એટલે તાદાત્મ્ય એ— એનો ગુણધર્મ—,આત્માનો ગુણધર્મ. તટસ્થતા, સાક્ષી, તાદાત્મ્ય, પ્રસન્નતા, શાંતિ, સ્વસ્થતા, એવા બધા જે આત્માના ગુણધર્મો વર્ણવેલા છે, એમાં તાદાત્મ્ય ગુણને લીધે જેની તેની સાથે તે એકરૂપ, પ્રસંગે અથવા નિમિત્તે કરીને, થઈ જતો હોય છે. જે આપે પૂછેલું ને કે એફર્ટલેસ (સહજ) એટલે આવી રીતે. એને આપમેળે પળેપળ કેટલા બધા જીવોની સાથે અનેક જન્મમાં જે સંબંધ થયેલો છે તે એનું નિમિત્ત છે. તે કેટલા બધા જીવોની સાથે પળેપળ એ સતત - કોન્સ્ટંટ - તાદાત્મ્યપણું એનું ચાલુ જ રહ્યા કરે છે. એટલે એને અનુભવથી એટલી બધી ખાતરી થઈ જાય છે કે "હું બધાં સાથે એકરૂપ છું જ." જેમ કે આપણું બેંક બૅલેન્સ બોલતું હોય કે પાંચ લાખ રૂપિયા છે જ, તો તે અનુભવમાંથી એને કંઈ પાછા હટાવી શકતા નથી. જે જે વખતે, જે જે સમયે, જેટલું જેટલું બૅલેન્સ આપણે ચોપડે બોલતું હોય એમાંથી આપણે કદી પાછા હટી શકતા નથી. એ જેમ નક્કી થઈ જાય છે, તેવી રીતે બધાંની સાથે હું એકરૂપ છું, તે અનુભવ, શરીરધારી આત્માને તાદાત્મ્યને લીધે થાય છે. એ જો ના હોય, શરીર જો ના હોય તો એને બધાંની સાથેનો, એકરૂપતાનો, એકરૂપપણાનો અનુભવ થવો શક્ય નથી હોતો. શરીર ન હોય તો એવો અનુભવ થાય નહિ. જેની તેની સાથે એકરૂપ થવાપણામાં શરીરની બહુ જરૂર રહે. **ચૌદ યોનિમાં** (ત્યાં પશુપંખી બધાં આવી જાય. જળચર યોનિ, પ્રેતયોનિ, દેવયોનિ, મનુષ્યયોનિ, એવાં બીજાં ઘણા, એવી ચૌદ યોનિ છે જીવની) **એમાં મનુષ્યયોનિ જ એવી છે જે દ્વારા ભગવાનનો, ચેતનનો અનુભવ થઈ શકે, અથવા તો મોક્ષ મેળવી શકાય.**

**મોક્ષ એટલે જન્મમરણમાંથી મુક્તિ નહિ. એ વાત ખોટી છે. પણ કામક્રોધાદિથી, રાગદ્વેષથી મુક્ત થવું એ મોક્ષ છે.** શરીર હોય તો જ એ અનુભવ થઈ શકે. એટલે "મનખા દેહ દોહ્યલો" એ આપણામાં અસલથી જૂની જે કહેવત છે તે તદ્દન સાચી છે. આમ, મનુષ્યશરીર વિના આ મોક્ષપદ અનુભવવું દોહ્યલું છે. એ અશક્ય છે. બિલકુલ શક્ય

નથી. એટલે આ મનુષ્યશરીરનો જેટલો લાભ લેવાય તેટલો ઉચ્ચ, ઊર્ધ્વ ભૂમિકાનાં મનનચિંતવનમાં ભગવાનની ભક્તિમાં, ભાવનામાં જાય એટલું ઉત્તમ છે.

જેમ ચેતન છે, તે જડ અથવા જીવતી વસ્તુઓ કે પ્રાણીઓ કે એક એકમાં સમરસ છે, અથવા તો જે તે વસ્તુઓ કે પ્રાણીઓ એકએકમાં સમરસ છે, ભળી ગયેલું છે, છતાં તે નોખું છે. એવી રીતે અનુભવી પુરુષ છે, તેને જ્યાં જ્યાં નિમિત્ત છે, ત્યાં ત્યાં એનો સ્પર્શ છે અને જ્યાં જ્યાં તેનો સ્પર્શ છે અને જ્યાં તેનો સ્પર્શ થયો, ત્યાં પેલા નિમિત્તની સાથે તેનું તાદાત્મ્ય. તાદાત્મ્ય એટલે એ પેલાના જેવો જ થઈ જાય. એટલે નિમિત્તની સાથે તાદાત્મ્ય થઈ જાય, એટલે તેને પેલા નિમિત્તના ગુણધર્મ લાગી જાય છે. એટલે એ જ્યારે થાય ત્યારે એને જે અવેરનેસ, તે આપમેળે જ ઑટોમેટિકલી આવી જાય. ખૂબી એ છે કે એકીસાથે અનેક પ્રકારની એવી દરેક અવેરનેસ એનામાં હોય. કારણ કે અનેક પ્રકારના નિમિત્તમાં એ કોંસ્યસલી ભાગ લેતો હોય. કારણ કે એના અનેક જન્મો થયેલા છે. એના અનેક જન્મોમાં કેટલાય જીવોની સાથે, એટલું જ નહિ પણ જડ અને ચેતનની સાથે તેને સંબંધ છે. ચેતનની સાથે સંબંધ છે. અનેક ઠેકાણે એકરાગથી રહ્યો હોય. કોઈ સ્થળનો પણ તેને સંસ્કાર પડી જાય. કોઈ પ્રેમવાળા, કોઈ મનગમતા સ્થળ વિશેના સંસ્કારો પણ તેને પડી જાય છે. એટલે કે સ્થૂળનું પણ નિમિત્ત છે, એટલે કે અનેક પ્રકારના નિમિત્તો તેને છે.

અનુભવી થઈ ગયો તેને વળી નિમિત્ત શાના ? તેને વળી કંઈ કશામાં ચોંટી રહેવાનું હોય નહિ. એટલે જ્યાં મૂળિયાં નાંખેલા છે, એ મૂળિયાં ઊખડી જાય છે. એને સંસ્કાર છે, તેના તે સંસ્કાર દગ્ધબીજ. દગ્ધબીજ એટલે ઘઉં હોય તેને શેકી નાંખો તો તે ઊગે નહિ. પણ શેકી નાખ્યા પછી પણ તેનું અસ્તિત્વ છે અને શેકી નાંખવાથી પેલા સંસ્કારો દગ્ધબીજ થઈ જાય. દૂધ બળી ગયેલું હોય, પણ તે સંસ્કારો તો છે. તેનામાં એ જે દગ્ધબીજ સંસ્કારો છે, તેના કારણે પેલા નિમિત્ત. તે નિમિત્તો એક-એક પળે અનેક નિમિત્ત તેનામાં પ્રગટતાં હોય અને જેટલાં નિમિત્ત પ્રગટ્યાં તે દરેક પ્રકારનાં નિમિત્તમાં એકીસાથે હોય.

એક સૂર્ય છે. પણ તેનાં કિરણો અસંખ્ય છે અને અનેક ઠેકાણે એ સ્પર્શ કરે છે. એવી રીતે અનુભવી પુરુષો એકી વખતે અનેક નિમિત્તમાં સ્પર્શ કરે છે અને એટલું જ નહિ પણ તે વખતે તે પ્રકારની અવેરનેસ આપમેળે એનામાં સ્ફુરે છે. તે વખતે તેને કોઈ કોન્સ્યસ એફર્ટ (સભાનતાપૂર્વકનો પ્રયત્ન) કરવાની વાત હોતી નથી. તે તો આપમેળે થઈ જાય. જેમ આપણને કોઈ જીવ સાથે અનુરાગ હોય અને તે કાળે આપણને તેનું સ્મરણ થયું, તો તેનો આકાર આપણી સામે આવી જાય, એટલું જ નહિ, પણ જે તે કારણથી, જે કંઈ કશાથી અનુરાગ થયો હોય તે પ્રસંગો પણ યાદ આવી જાય. તે વખતે આપણને તે પ્રસંગો યાદ લાવવાને માટે કંઈ મહેનત કરવી પડતી હોતી નથી કે વિચાર કરવો પડતો નથી. એની મેળે જ આપણને સ્ફુરે છે. એવી રીતે પેલા અનુભવીને આ જાતની અવેરનેસ નિમિત્ત પ્રગટતાં આપમેળે તેનામાં પ્રગટે છે. દા.ત. અનુભવી પુરુષ એક્સ, વાય, ઝેડના પરિચયમાં આવે છે. એ પરિચયમાં આવ્યા પછી ભૂલી જતો હોતો નથી. બીજી વખત મળે, ત્યારે એની સાથેના અનુસંધાનમાં જ્યાંથી વાત અધૂરી હોય, ત્યાંથી શરૂ કરે છે. અને એના વિશે જે કાંઈ પ્રોબ્લેમ (સમસ્યા) હોય તે પણ યાદ કરે છે. ત્યારે પેલા જીવમાં સંસ્કાર પડે. અને આ માણસ પણ સંસ્કાર પડે કે પેલાને કેવી રીતે યાદ રહે ? તે ઈમ્પ્રેશન (સંસ્કાર) પેલાને પાસે કાયમ રહે. ત્યારે પેલા જીવદશામાં જે ઈમ્પ્રેશન છે, આ બધા જીવદશાની વૃત્તિમાં છે. આને ઈમ્પ્રેશન હોય ખરી. પણ એ ઈમ્પ્રેશન કેવા પ્રકારની ? એ ઈમ્પ્રેશન તરતી તરતી પડી હોય. એની મેળે આગળ ના આવે. પેલો માણસ આવ્યો હોય તો તેની સાથે વાત કરે. એટલે અનુભવીને કોઈ પ્રકારની ઈમ્પ્રેશન ઊગે જ નહિ તે બરાબર નથી. ઈમ્પ્રેશન તો થાય. નહિ તો દરેક માણસને ઓળખે કેવી રીતે ? નામ કેવી રીતે બોલે ? તેની સાથે વાત કેવી રીતે કરે ? પણ તે બંધનકારક નહિ. તેની સાથે લાલસામાં ના હોય. કાંઈ જ ના હોય.

આ અનુભવીને સમજનારા બહુ ઓછાં. કોઈ જીવ છે - એક્સ, વાય, ઝેડને કોઈ સાથે રાગ છે. એ રાગ પ્રકૃતિના પ્રકારનો છે. કોઈને રાગ થયો. "અ" માણસ ઉપર રાગ થયો. "બ" છે તે પ્રકૃતિના પ્રમાણમાં જેટલો રાગ કરી શકે એટલી જ શક્યતાનો, એટલી જ

માત્રાવાળો રાગ ત્યાં કરી શકે. એનાથી આગળ પ્રકૃતિની મર્યાદાનો રાગ નહિ કરી શકે. જ્યારે અનુભવીનો રાગ કેવો છે ? જેમ ચેતન સ્પર્શ્યું તેની સાથે એકદમ તદ્‌રૂપ-એકદમ તાદાત્મ્ય થઈ ગયો. ત્યારે અનુભવીનો રાગ એવો છે કે તેની સાથે તાદાત્મ્ય થઈ જશે. તે તાદાત્મ્ય તેનો ગુણધર્મ. ચેતનના જેવો જ. જ્યાં નિમિત્ત આવે તેની સાથે તાદાત્મ્ય થઈ જાય. આપણામાં જાણીતું છે કે "જગતમાંહી સંત પરમ હિતકારી." જ્યારે પેલો જે ચેતન છે તે દરેકની સાથે એકદમ તાદાત્મ્ય થઈ જાય અને નોખો રહે છે. એટલે તેનો સ્પર્શ બંધનકારી નથી. જુદો રહે છે. તરતો રહે છે. પેલો અનુભવી છે. તેને નિમિત્ત હોય, ત્યાં તેને ચેતનના જેવો જ ગુણધર્મ. મેં "સદ્‌ગુરુ" માં લખ્યું છે. જે અનુભવી છે તેને નિમિત્ત આવ્યું અને જ્યાં નિમિત્તને પેલામાં સ્પર્શ થયો, ત્યાં એની સાથે તાદાત્મ્ય, એકરસ થઈ જશે. પેલો જાણતો નથી. જે અ,બ,ક,ડ જે નિમિત્ત છે, તેને ખબર નથી. પણ આ છે તે એકદમ તાદાત્મ્ય. જ્યારે પ્રકૃતિના જીવો એકમેકને મળે, ત્યારે તેમને રાગ થાય. પણ તે પ્રકૃતિની મર્યાદામાં જ. એ કંઈ બધા સીમાડા ઓળંગીને ન જઈ શકે. સંપૂર્ણપણે પેલામાં તાદાત્મ્ય ના થઈ શકે. જ્યારે અનુભવી સંપૂર્ણપણે પેલામાં તાદાત્મ્ય થઈ જતો હોય છે ત્યારે ખૂબી શું છે ? કે જે નિમિત્તમાં અનુભવી પુરુષ તાદાત્મ્ય થયો તેની અવેરનેસ અનુભવીને છે અને જે પેલો નિમિત્ત જે છે, તે નિમિત્ત તો જાણતો પણ હોતો નથી. કારણ કે અનુભવીના પ્રત્યક્ષ પરિચયમાં આવનારા નિમિત્ત તો થોડા જ. જે પરિચયમાં નથી આવનારાં એવા અસંખ્ય નિમિત્તો. જેની ગણતરી ના થઈ શકે. પરિચયમાં તો, સૂર્યનાં કિરણો એમાંથી એકાદ કિરણ જ, પ્રત્યક્ષ પરિચયમાં આવનારાં. પરિચયમાં નહિ આવનારાં અસંખ્ય. હવે પેલો અનુભવી તો પેલા નિમિત્તની સાથે તાદાત્મ્ય થઈ જાય છે - એકરસ. પણ નિમિત્ત નથી જાણતું. પરિચયમાં ના આવ્યું હોય એટલે તો ના જાણે. પણ પરિચયમાં આવ્યું તો ઊલટું એમ જ સમજે કે આ તો સાલું, આ બધું શું કરે છે ? પરિચયમાં આવનાર પણ એનું મૂલ્યાંકન ઊંધી રીતે કરે. કારણ કે એની તાકાત નથી. એમાં એનો કોઈ જાતનો દોષ નથી.

અનુભવી પેલામાં તાદાત્મ્ય થઈ જાય છે. હવે, જો એ અવેરનેસ પેલામાં હોય - નિમિત્તમાં કે આ મારી સાથે એકદમ તાદાત્મ્ય છે તો

એનો ભાવ અને સ્પર્શ એને થાય, અવેરનેસ વગર નહિ થાય. અવેરનેસ જેમાં અને તેમાં બહુ જરૂરી હોય છે. જેમાં, આપણા આધ્યાત્મિક સાધુ-સંન્યાસીઓ બીજા મહામંડલેશ્વરો કહેવાય છે એ બધા એ એના ઉપર બહુ મહત્ત્વ નથી દેતા. ઈંટેલેક્ચ્યુલી (બૌદ્ધિક રીતે) પણ સૂઝે કે અવેરનેસ બહુ જરૂરી છે. મારા લખાણમાં પણ જુઓ. બહુ પહેલાથી હેતુની સભાનતાને બહુ મહત્ત્વ આપેલું છે અને જેને આવું થઈ જાય તો એનો વિકાસ જલદી થઈ જાય છે. વિકાસ કોન્સ્ટંટ (સતત) તેને રહે. જેમ ચેતન છે, તે દરેકની સાથે આખા બ્રહ્માંડની સાથે, આખી પૃથ્વી, તારાઓ, ગ્રહો સુમાર વિનાના - તે દરેકમાં તાદાત્મ્ય હોય અને તે કાયમ છે એનામાં. જ્યારે અનુભવીને શું છે કે તે કાયમ નથી. જ્યારે નિમિત્ત છે - તેનું પ્રગટીકરણ થયું ત્યારે તાદાત્મ્ય છે. જ્યારે ચેતનને શું છે, હર હંમેશ, કોંસ્ટંટલી, પળે પળ. એ સાહેબ, આ ફરક બહુ સમજી લેવા જેવો છે. અનુભવીને નિમિત્તો છે ખરાં, ઘણા અસંખ્ય. જેની ગણના ના થઈ શકે અને એ દરેકની સાથે તેનું પ્રગટીકરણ નિમિત્તનું થાય ત્યારે, અને તેટલો વખત. બાકી ફરીથી આવે ત્યારે પાછું તાદાત્મ્ય ખરું. જ્યારે ચેતનને એવું નથી. પળેપળ દરેકમાં એનું કોન્સ્ટંટલી તાદાત્મ્ય. આ મોટો તફાવત છે. પણ એની અવેરનેસ જે નિમિત્ત હોય તેને રહે, તો ઘણો ફેર પડી જાય. જે અભ્યાસ કરતો હોય તેને પણ ફેર પડી જાય.

ત્યારે આ તો બુદ્ધિની માન્યતા છે. પણ જેમ ધીરે ધીરે ભાવ વધતો જાય, ભાવ એ પ્રકૃતિનો વિષય નથી. એ આત્માની કક્ષામાં આવે છે. આત્મા પરત્વેનું અથવા તો પ્રકૃતિથી ઊર્ધ્વ થવાય છે, અથવા તો ભાવ જાગે, ત્યારે તેટલા કાળ પૂરતા પ્રકૃતિના ગુણધર્મ આપણામાં નથી રહેતા. એ ભાવ જાગે, ત્યારે એટલા કાળ પૂરતા બધાની સાથે આપણે એકરસવાળા થઈ જઈએ છીએ. આપણને કોન્સ્યસનેસ નથી રહેતી. જ્યારે જીવદશામાં હોઈએ છીએ અને સ્ટ્રગલિંગ સોલ (મથતા જીવ) તરીકે ચેતન પરત્વે હોઈએ છીએ, ત્યારે ભાવ જાગે અથવા તો ભાવ થાય તો આપમેળે, સહજમેળે એકાગ્રતા થઈ જાય. એ બહુ ભાવમાં ઉત્કટમાં ઉત્કટ હોઈએ અને ઈંટેંસિટીમાં આપણે જ્યારે એકરસ થઈ જઈએ—એ ભાવની સાથે—ત્યારે આપણે બધા જીવોની સાથે એકરસ થઈએ છીએ. પણ પ્રકૃતિમાં રહેલા હોવાથી કોન્સ્યસનેસ ત્યાં નથી. ચેતનમાં હોઈએ તો આપમેળે કોન્સ્યસનેસ રહે છે. ત્યારે એ વખતે

આપણે *"આત્મવત્ સર્વભૂતેષુ"* એ ભાવમાં જતાં જતાં વારંવાર જઈએ. ઈંટેલેક્ચુઅલ કંસેપ્શન (બૌદ્ધિક વિચારણામાં) આપણી સમજણમાં બરાબર આવી ગઈ હોય તો આપણો વિસ્તાર થયા કરે. નહિતર શું થાય કે જે પ્રકૃતિમાં છીએ, તે પ્રકૃતિની સમજણ પણ મર્યાદાવાળી છે. એના ગુણ પણ મર્યાદાવાળા, તેની શક્તિ પણ મર્યાદાવાળી. ત્યારે આપણને-સાધકને અત્યંત ઊંચામાં ઊંચી ને વિસ્તારવાળી વિવિધતાવાળી આ જે સમજણ તેનામાં પ્રગટતી રહે, એટલા માટે આ બતાવેલું કે *"આત્મવત્ સર્વભૂતેષુ"* - અનુભવની સ્થિતિ આખરે આ. એટલે તું અત્યારથી વિચાર કર. એ પછી જ્યારે ભાવ જાગે, ત્યારે એની સ્થિતિ થાય છે ખરી પણ એની અવેરનેસ નથી. જ્યારે અનુભવીની સ્થિતિમાં અવેરનેસ રહે છે. એટલે શરૂઆતમાં *"આત્મવત્ સર્વભૂતેષુ"* સમજીને આપણે દરેકની સાથે એવો વ્યવહાર રાખીએ.

અનુભવી નિમિત્તમાં તાદાત્મ્ય થઈ જાય છે. તાદાત્મ્ય એવો કે સંપૂર્ણતયા. જ્યારે કોઈ જીવદશાવાળો માણસ તાદાત્મ્ય થાય તો તેની સંપૂર્ણતા નહિ. પ્રકૃતિને લીધે મર્યાદા આવી જાય અને પાછો પોતે પણ પ્રકૃતિમાં હોય. એટલે એ તેનામાં કેવી રીતે તાદાત્મ્ય થાય ? એટલે પ્રકૃતિનાં મૂળિયાંને વધારે ચોંટી રહે છે. જ્યારે પેલો નથી ચોંટી રહેતો, કેમ કે પ્રકૃતિમાં તેનાં મૂળિયાં નથી. પ્રકૃતિમાં તેનો રસ નથી. અનુભવીને રસ ચેતનનો જ છે. ચેતન સિવાય એકેય નથી. એટલે પેલા નિમિત્તની અંદર તાદાત્મ્ય થયું પણ કોઈક ને કોઈક થોડીઘણી પણ એને પેલામાં અસર ઉપજાવ્યા વગર નહિ રહે. જે પેલું તાદાત્મ્ય થયું એની પેલાને તાદાત્મ્ય થયાની કોઈ પણ જાતની જાણ નથી. જો જાણ હોય તો ઘણો ફાયદો થાય. પણ જાણ નથી. તેથી કરીને કશું ન થાય એમ નથી. થોડીઘણી અસર પણ પેલામાં ઊપજે ખરી. એક સંસ્કાર પડી જાય. પણ અનુભવીનો તાદાત્મ્ય થવાનો સંસ્કાર ચિત્તમાં જાય છે ખરો અને ચિત્તમાં પડ્યો રહે છે. જ્યારે અનુભવીના કારણે પેલામાં તાદાત્મ્યપણું જે જાગ્યું અને જે સ્પર્શ જાગ્યો તે સ્પર્શ એક ઠેકાણે નથી રહેતો. બહુ નજીવો પણ એને જે અસર થાય છે તે એના હોલ બિઈંગમાં આખા મનાદિકરણમાં એ અસર થાય છે. પણ તે વ્યક્ત નથી થઈ શકતી. તેનો ઉઠાવ નથી આવી શકતો. કારણ કે એ પ્રત્યેનો, એ જાતનો અભ્યાસ પેલા જીવને હોતો નથી. તો એ પળે એવો જીવ સતત મથનારો હોત

તો પેલો એનો ઉઠાવ આપી દેત, એટલે કોન્સ્યસલી એફર્ટ કરનારો હોત તો તો પેલો અજાણપણે થયેલો પેલો સ્પર્શ તેને ઘણો ઊંચે ઉડાડી દેત. એટલે આવો તફાવત બંને વચ્ચે રહે છે.

સામી વ્યક્તિ ગમે તેવી હોય તો પણ અનુભવી પુરુષને નિમિત્ત હોય, તો એને એ તરછોડી શકતો નથી. તરછોડવાનું નિમિત્ત હોય તો તરછોડેય ખરો. સારા-નરસા જીવવૃત્તિવાળાં નિમિત્ત હોય છે, તેવી રીતે અનુભવી તેમની સાથે વર્તન કરે છે.

## અનુભવીની ખુમારી

ભાવની નિરંતરતા હોવા છતાં તે દેખા દેતો નથી. પરંતુ ભાવનાં જ્યારે પૂર ઊછળે છે, ત્યારે તેમાં મસ્તી ચઢે છે અને એ ભાવમાં મસ્તી પ્રગટે છે, ત્યારે તે ભાવનું વ્યક્ત લક્ષણ તો ખુમારી છે.

## ખુમારી પામશે તે તે

જીવન-ચેતનનો ઝબકારો ખુમારીમાં જ ઝબકે છે,
ચમત્કારિક રીતે કેવું જીવનને મઘમઘાવે છે !

ખુમારીના જીવનને તે ન સમજાશે પૂરી રીતે,
પિછાણે માત્ર જેઓને ખુમારીનો અનુભવ છે.

શહાદતની, સમર્પણની, ફનાગીરીની જીવનની
-પરંપરા જ ઓળંગે ! ખુમારી પામશે તે તે.

**જીવન-ચેતનનો પ્હો જ્યારે ખરેખર ફાટી ચૂક્યો છે,**
**જીવન એવાની ખુમારી પ્રકાશંતું જ લક્ષણ છે.**

## ખુમારી - ભાવનો પ્રભાવ

પ્રકૃતિ દેશના છેડા તણો જ્યાં અંત આવે છે,
શરૂ ત્યાંથી થતા દેશ તણું દર્શન, ખુમારી છે.

પતિતની પાવની ગંગા, કરે પાવન પતિતને તે,
ખુમારી-ભાવનો એવો પ્રભાવ શો જીવનમાં છે !

નર્યા અંધારમાં કેવા ગગન ચમકંતા તારા છે !
ખુમારી તેમ જીવનમાં પ્રકાશી શી રહેલી છે !

જીવનના અંગ અંગો શાં નશે અલમસ્ત ડોલે છે !
ખુમારી એવી જીવનમાં ખુશાલી મસ્તી પ્રેરે છે.

પરમ આનંદનો પાર ન જેનો ક્યાંય આવે છે,
ખુમારી-દિવ્ય તે દેશ તણી નોબત બજાવે છે.

## ખુમારીથી થતું વ્યક્ત

ઊછળતા ભાવના દરિયા તણાં મોજાંની ભરતીએ
-પલાળીને જીવનને તે સભર કેવું બનાવે છે !

અગમ્ય ને અગોચર જે જીવનના ભવ્ય ને દિવ્ય
-અનુભવના પ્રદેશોની ખુમારી તો પ્રદર્શન છે.

નિરાકાર જીવન-ચેતન થતું સાકાર પોતે જે,
ખુમારીથી થતું વ્યક્ત જીવનમાં શું ખરેખર તે !

કરોડોના જ માલિકને જીવનમાં મદ ચડે છે જે,
જીવન-ચેતનની મસ્તીનો શો મદ તેવો, ખુમારી છે !

## ખુમારી ત્યાંથી ફૂટે છે

અમર્યાદિત હૃદય-ભાવ જીવન સઘળે જ સ્પર્શીને
-જતો સોંસરવો શો પાર ! ખુમારી ત્યાંથી ફૂટે છે.

જીવનને સ્પર્શી સ્પર્શીને હૃદય ચેતનને જે ભાવ,
બધે ફાલી-ફૂલી ફોરે, ખુમારી ત્યાંથી મહેકે છે.

જીવન ચેતનની ચિનગારી બધી શી રોમ રોમેયે
-પ્રસરી પ્રસરી વહેતી તે ખુમારીને સ્ફુરાવે છે !

જીવનચેતનનો જે ભાવ હૃદય પ્રગટી જ ઊછળે છે,
ખુમારી તે તણો સાચો પ્રકાશ શો ખરેખર છે !

## ખુમારી-ભાવ તેવો છે

અનુભવમાં અનુભવથી જીવન મદમસ્ત મહાલે જે,
જીવન તેવા વિશે કેવી ખુમારી મસ્ત ડોલે છે !

દિશાની સર્વ મર્યાદા શી અપરંપાર વ્યાપે છે !
સ્થળાતીત ને શી કાળાતીત, ખુમારી ભાવ તેવો છે !

જીવનમાં કોઈનેયે જે ન ગણકારે ખુમારી તે,
ખુમારી એકલી મસ્ત સદા પોતા વિશે રહે છે.

ખુમારીમાં બીજી દુનિયા તણું અસ્તિત્વ ના ક્યાંયે,
ખુમારી એકમાં એકે સદા ગુલતાન શી રહે છે !

## ખુમારીમાં પ્રગટતો છે

નર્યું નરદમ અહમ્ પોતે તુમાખીમાં ભરેલું છે,
કશું ના નામનિશાન ખુમારીમાં અહમ્નું છે.

ખુમારીમાં જરા સરખી ન કોઈ આપખુદી છે
-નશે મદઝરતી ભૂમિકા ખુમારીની અનોખી છે.

જીવનની આરપાર જ જે અનોખો દેશ આવ્યો છે,
ખુમારી-દેશ એવાનો ખરો પયગામ લાગે છે.

ખુમારી માત્ર પરિણામ હૃદયની મસ્તીનું ના છે,
ઝરંતો અગ્નિ, ચેતનનો ખુમારીમાં પ્રગટતો છે.

ખુમારી દિવ્ય ચેતનનો જીવનમાં ભવ્ય પડઘો છે,
ઊંડે ઊંડે જ અંતર શો નિરંતર સંભળાયે તે !

## જીવન તેવી ખુમારી છે

જીવન-સૂરજ તણી ઉષા જીવનમાં તેજ પથરાવે,
બધે સ્પર્શતું તે તેજ, જીવન તેવી ખુમારી છે.

કશીય આળપંપાળ ખુમારીમાં ન ક્યાંયે છે,
સ્વતંત્ર ને નિરાલંબ ખુમારી ભાવમાં શી છે !

સતત શી ગૂઢ ને સૂક્ષ્મ જીવન-આધારમાં તે છે !
ભભૂકતા ભાવમાં ઝળકે ખુમારી તો સહજ રીતે.

બિરાજેલા હૃદય-ચેતન તણી જે બાદશાહી છે,
ખુમારી બાદશાહીનું શું લક્ષણ દબદબાનું છે !

## ખુમારી શી બતાવે છે !

અનુપમ ભાવ જીવનોત્તર ન વર્ણવી જે શકાયે છે,
શું તેનો અગ્નિ-ચમકાર ખુમારી દિવ્ય પોતે છે.

ખુમારી દિવ્ય જીવનની સૂરજ-ઉષ્માની લાલી છે,
જીવન મલકાતી મસ્તીનો ખુમારી શો લિસોટો છે !

જીવન-દરિયાની તે પાર જઈ ઓળંગતી રેખા
-તણી દિશા તણું ચેતન ખુમારી શી બતાવે છે !

તહીં પ્રકૃતિ-અસ્તિત્વ ખુમારીમાં ન સહેજે છે,
ખુમારી - આત્મપ્રતિબિંબ જીવનનું પાડતી રહે છે.

## ખુમારી કેવી મહેંકે તે !

જીવનના ભાવનો મસ્ત નશો જેને ચઢેલો છે,
ખરે તેના જીવનમાંનું ખુમારી માત્ર લક્ષણ છે.

ભરતીયે ભાવની છોળો ઊછળતી પર ઊછળતી છે,
જીવનને ચાર કોરે જ શું સ્પર્શે છે ખુમારી તે !

પરમ આનંદ, આહ્લાદ પમરતો મસ્ત ફાલે જે
-ધબકતા મસ્ત જીવનનો ખુમારી માત્ર રણકો છે.

હૃદયના ભાવ-મસ્તીની શી એકાકાર છોળો જે
-ઊડ્યાં કરતી રહે જીવન ! ખુમારી કેવી મહેંકે તે !

અખંડાકારના ભાવે હૃદય-ચેતન સ્ફુરેલું જે,
ખુમારી-ભાવ ચેતનનો શું તેજસ્વી જ તણખો છે !

## ખુમારીમાં ન અવરોધો કશાયે છે

જીવનમાં ભાવની દુનિયા તણી લક્ષ્મી ખુમારી છે,
ખુમારી શો નર્યો કેફ હૃદય-ભાવ ઝરંતો તે.

ખુમારી ના ખમી શકતી કશીયે રોકટોક જ તે,
બધા અવરોધને ક્યાંયે ઉડાડી તે ફગાવી દે.

ખરી રીતે ખુમારીમાં ન અવરોધો કશાયે છે,
અનંતાનંતની સાચી શી પહેચાન કરાવે છે !

બધુંયે આડુંતેડું જે પ્રકૃતિનું જીવનનું છે,
ખુમારીના ભર્યાભાવે નર્યું પલટંતું લાગે છે.

## ખુમારીનાં સ્વરૂપ કેવાં !

નર્યા ઘનઘોર વાદળમાં કદીક વીજળી શી ઝબકે છે !
નર્યા ચેતનના જીવનમાં ખુમારી વીજળી રૂપ છે.

રહ્યું પડદાની પાછળ જે ભર્યું ભરપૂર ચેતન છે,
ખુમારી તે જ ચેતનનો શું આવિષ્કાર જીવનમાં છે !

વનસ્પતિ જે વડે શોભે શી હરિયાળી લીલીછમ છે !
જીવનની ક્રાંતિ હરિયાળી તણું લક્ષણ ખુમારી છે.

અનંતાનંતનો ભાવ ઊછળતો, ધોધના જેવો;
-ખુમારીમાં પ્રકાશીને થતો છે વ્યક્ત તે કેવો !

## ખુમારી વ્યક્ત લક્ષણ છે

હૃદયના ભાવનું ખંડન ખુમારીમાં થતું ના છે,
નદીના પૂરની જેમ ધસમસતી રહે છે તે !

સ્ફુરે છે આપમેળે ને જીવનમાં તે અખંડિત છે,
ખુમારીનો છતાં ફણગો કદીક ભાગ્યે જ નીકળે છે.

ખુમારીથી ભર્યું જીવન છતાં છૂપું રહે ના તે,
જીવન તે આપ બોલી દે, પ્રકાશે ઓળખાયે તે.

જીવનમાં કેટલી મૂડી ખુમારીથી જ પરખાયે,
હરિની બોલબાલાનું ખુમારી વ્યક્ત લક્ષણ છે.

## ખુમારી તો નિશાની છે

સમુદ્ર-ભરતીની છોળો કિનારાને વટાવે છે,
ખુમારી એમ જીવનના કિનારા પાર પહોંચે છે.

અલૌકિક, પારલૌકિક તે શકાયે વર્ણવી ના જે;
-અનુપમ દેશ એવાની ખુમારી તો નિશાની છે.

જીવનમાં ભાવની મસ્તી રગેરગ વ્યાપી જે ગઈ છે,
ખીલી તેમાંથી ખુમારી કદીક શી વ્યક્ત થતી રે છે.

નશીલી ભાત જીવનમાં ખુમારીની રસીલી છે,
ખુમારીનો ઝરંતો મદ ખરેખર રસ અનેરો છે.

ખુમારી-મદ વિશે કોઈ, ન પ્રાકૃતિક લક્ષણ છે;
નર્યો ભાવ **હરિ-રસનો,** ખુમારીમાં ભરેલો છે.

## ખુમારી ખુશનુમા દિલની

ખુમારી ખુશનુમા દિલની ઊછળતી ભવ્ય ભરતી છે,
હુતાશણી ભવ્ય જીવનની પ્રકાશે છે ખુમારી તે.

ખીલેલા પુષ્પ સંપૂર્ણ તણી સુવાસ જેવી તે,
ખીલેલા ને રળાયેલા જીવનની શી ખુમારી છે !

ભર્યો ભરપૂર જીવનમાં હરિ-રસ શો ચમકતો છે !
ખરે તેવા જ જીવનનું પરિણામ ખુમારી છે.

ખુમારીથી અવર જન શાં શું છંછેડાઈ પડતાં છે !
પરંતુ લાગતું કૈં કે વળગતું ના ખુમારીને.

## ખુમારીથી જણાયે છે

પ્રભુમય ભાવના જીવન અનંતાનંત પહોંચ્યું છે,
કિનારો દેશ એવાનો ખુમારી આપ પોતે છે.

**જીવન-ચેતનનો પ્રત્યક્ષ અનુભવ દિલ જેને છે,**
**સહજ ને માત્ર સ્વાભાવિક સરળ ખુમારી તેને છે.**

અનુભવમાં ખુમારીયે શી આપોઆપ ઝળકે છે !
હરિ-રસ શી ભરપૂર નશે ચકચૂર ખુમારી છે.

ખુમારીમાં ભરેલો જે, હરિ-રસ છંટકાવ જ છે,
કંઈક અણસાર હરિ-રસનો ખુમારીથી જણાયે છે.

ઈશ્વરનો અનુભવ થયા પછી, કંઈ કરવાપણું નથી રહેતું. પછી જ્યારે જ્યારે એની મેળે થવાનું હોય ત્યારે થાય. પછીથી પ્રયત્ન નથી.

## સંપૂર્ણતાનો દાવો ન કરવો

આત્માના જ્ઞાનના અનુભવના પણ પ્રકાર ને કક્ષા જુદાં જુદાં હોય છે. તેમાં પણ ભેદ, કક્ષા ને સત્યના અનુભવની ખંડિતપણે પ્રકાશની પરિમિતતા હોવાની શક્યતા હોય છે, કેમ કે આપણને જ્ઞાનનો અનુભવ તો થયો હોય, તોપણ તે જ્ઞાનનો સ્પર્શ હજી ન થયો હોય, એમ પણ બનતું હોય છે. પ્રકૃતિ પોતે તો અજ્ઞાનને વળગેલી હોય છે, પણ પાછું તે સામાન્ય જીવકક્ષાના પ્રમાણમાં અજ્ઞાનના વર્તાવવાળી તો ત્યારે નથી જ હોઈ શકતી. જ્યારે અંતર્બાહ્ય મનાદિ બધાં કરણોમાં જ્ઞાનનો અનુભવ સ્થિત થઈ ચેતનસ્વરૂપે એના પૂર્ણપણામાં આપણને પ્રકટે છે, ત્યારે જ પોતાની પ્રકૃતિથી અજ્ઞાનમય કાર્ય થતું અટકી જતું હોય છે. એટલે, અમુક જ્ઞાનની કક્ષાનો અનુભવ થતાં, કેટલાક જીવ પોતપોતાને કૃતકૃત્ય થઈ ગયેલા અને સંપૂર્ણતાની મર્યાદામાં પ્રકટેલા સમજે છે, તેવું જે માને તે પ્રભુકૃપાથી તેમ રહેવા દો. આપણે તો કદી પણ આ માર્ગમાં સંપૂર્ણપણાનો દાવો તો ભૂલેચૂકે પણ કરવાનો હોય નહિ. દાવો કરવાનું લાગે તે જ અજ્ઞાનની ભૂમિકા ગણાય.

જ્ઞાનની કળાની પણ પરંપરાઓ હોય છે. એકથી પર એક એમ અનેક કક્ષાની તે હોય છે. એક જ કક્ષામાં અનેક પ્રકારાંતર પણ હોવા કરે છે, પરંતુ આપણા બધાં માટે આવી સમજણ તો હજી ઘણી ઘણી દૂરની ગણાય.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૮

# અનુભવી

જોયા વિના જુએ પોતે, સાંભળ્યા વિણ સાંભળે,
ચાલ્યા વિના પગે ચાલે, સૂંઘ્યા વિના સૂંઘ્યા કરે.

ચાખે છે તે વિના ચાખ્યા, વિચારે બુદ્ધિના વિના.
પ્રવૃત્તિમાંહી પ્રેરાયા સંસ્કારો વિણે તે કરે.

પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પહોર પળે પળે -
કરે જે યોગ્ય, સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

### બધે ભરપૂર ભરેલો છે

અનુભવી, રાગી, વિરાગી વળી એથીય જુદો છે,
ત્રણે ત્રણ એકીસંગાથે વળી એથીય ન્યારો છે !

બધી સીમા વિષે પોતે ભરેલો સાવ ભરપૂર,
સકળથીયે વળી પાછો પૂરેપૂરો જ શો અતીત !

બધાંમાં તે ભળેલો છે, પળે તે સાવ અળગો છે,
બધું હોવા છતાં તે તે પળે તે પાછો શૂન્ય જ છે.

પૂરો હોવા છતાં એક, અનેકેય જ પાછો તે,
બધું તે એકીસંગાથે વળી પાછો ન તે તે છે.

### પૂર્ણપુરુષ

### અનુભવી એકલો એવો

સ્પૃહાવાળો શું સંપૂર્ણ, વળી પાછો શું નિઃસ્પૃહી છે !
ભળેલો છે જ સંપૂર્ણ, છતાં સાક્ષી જ પાછો છે.

ગુણોવાળો પૂરેપૂરો છતાં કેવો ગુણાતીત છે !
રમંતો દ્વંદ્વમાં પૂર્ણ, શું દ્વંદ્વાતીત છતાં શો તે !

વિવેકી ને શું જેનામાં નથી વિવેક પાછો કૈં !
ગુણો શા સામસામેના વિરોધાત્મક રહેલા છે !

અનુભવી એકલો એવો શું સંપૂર્ણ ગળેલો છે !
-છતાં સંપૂર્ણ તે પાછો બધાંથી સાવ નોખો છે.

### અનુભવીનું ન ઠેકાણું

અનુભવીનું જ ઠેકાણું ન ક્યાંયે એકસરખું છે,
જુદા જુદા નિમિત્તેથી જુદું જુદું જ વર્તન છે.

કઢંગું સાવ બેહૂદુ ઊંધું સંસારી રીતથીયે
-ન જેમાં કંઈ જ વિવેક; જીવન તે એવુંયે વર્તે.

જીવનમાં જીવ-દશા જેવું ન એનું કોઈ ધોરણ છે,
છતાં સૌ જીવ તો એને શું ધારી લે જ નિજ પેરે !

કશું ઠેકાણું એવાનું ન પ્રકૃતિ રીતનું કંઈ છે;
હૃદય એવાને પણ ભક્તિ ઊંડી લાગંતાં સમજાયે.

પૂર્ણપુરુષને પિછાણવો અને તેની બરાબર કદર કરવી એ કંઈ સહેલી વાત નથી. સાધારણ રીતે આપણામાં પૂર્ણપુરુષ વિશે ભિન્ન ભિન્ન વિચારો પ્રવર્તે છે. પુસ્તકોનાં વાંચનથી, આપણી પોતાની કલ્પનાના તરંગોથી, આપણી પોતાની સમજણના દષ્ટિબિંદુથી અને સમાજના પ્રચલિત વિચારોથી, પૂર્ણપુરુષની રહેણીકરણી વિશે અમુક દઢ ખ્યાલો આપણામાં પહેલેથી જ ઘર કરી બેઠેલા હોય છે.

ઘણાની દષ્ટિએ પૂર્ણપુરુષ એટલે જેણે પોતાની જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાખી હોય, દલિતો અને ગરીબો માટે તેનામાં અત્યંત કરુણા હોય, તેને પોતાની વ્યક્તિગત-અંગત મુક્તિની કંઈ જ પડી ન હોય, તે તો સમસ્ત માનવસમુદાય માટે દયાનો સાગર જ હોય અને માનવજાતના ઉદ્ધાર માટે જ તે મથે. બીજા કેટલાક એમ માને છે કે પૂર્ણપુરુષ એટલે જે મૌન પાળે અથવા ઓછામાં ઓછું બોલે તે. તેનો ચહેરો શાંત, ગંભીર હોય. તેની સમીપ પહોંચતા જ તેની ભવ્યતાની અથવા સાધુતાની છાપ આપણા ઉપર પડે જ વગેરે, પણ જો તે ખડખડાટ હસતો માલૂમ પડ્યો કે કોઈ સાધારણ પ્રવૃત્તિમાં મશગૂલ થતો

દેખાયો, દુન્યવી વિષયોમાં રસ લેતો અને તેની "ક્ષુદ્ર" બાબતો વિશે છૂટથી વાતો કરતો જણાયો - તો, ખલાસ- તે ગમે તેવો મહાન હોય તોપણ તેમની નજરે તો એ બહુબહુ તો પોતાની ભારે શક્તિ અને બુદ્ધિથી લોકો ઉપર પ્રભાવ અને સત્તા બેસાડનાર અને પોતાના તરફ બધાંને આકર્ષનાર એવો પુરુષ જ દેખાશે. આવા લોકો એને સાધારણ પુણ્યશાળી અથવા ચારિત્ર્યવાન અને સમર્થ ગણવાની - ઉદારતા પણ બતાવે, પણ આખરે તો એ "દુન્યવી" એટલે નીચલી પાર્થિવ-ભૂમિકામાં જ રખડનારો એમને લાગશે.

**પૂર્ણપુરુષની પૂર્ણતા કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહિ પણ મન કે હૃદય કે સ્વભાવના સૂક્ષ્મ પ્રદેશમાં જ રહેલી છે, અને તેથી તે જોવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ જ કામ લાગે, એ મહત્ત્વની હકીકત આપણે આ બાબતમાં ભૂલવી ન જોઈએ, તેથી જ સંતને ઓળખવા માટે ઉપર લખેલું વિવરણ લખવું પડ્યું.**

વળી, બીજું કારણ એ છે કે ઉચ્ચ કોટિનો આત્મા લગભગ અપારદર્શક છે. કોઈ ખટપટિયા, પ્રપંચી માણસની ચાણક્ય નીતિ હજુ પારખી શકાય, તેને પકડી પાડી શકાય પણ પૂર્ણપુરુષ કયા ઉદ્દેશથી અમુક કામ કરે છે, તે શોધી કાઢવું ઘણું કઠિન છે. તેના ઉદ્દેશોને આપણી કલ્પના સાધારણ રીતે પહોંચી શકતી નથી. આપણે તો આપણા ક્ષુદ્ર માનસના ગજથી તેના માનસનું માપ કાઢવા જઈએ છીએ, પણ જોકે પૂર્ણપુરુષ પણ આપણા જેવો જ હાડચામનો મઢેલો માણસ છે તેમ છતાં, એનો દેહ તો એ વિભૂતિનો બહુ જ અલ્પાંશ છે, પણ તેના અસામાન્ય, અદ્ભુત, કેટલીક વાર ચમત્કારી લાગે એવા અનુભવને લીધે મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ ખરી રીતે ગગનસ્પર્શી છે. એનું માનસ કે જીવ આકાશ જેટલાં વિશાળ છે અને તેથી એમાંથી ઉદ્ભવેલી કૃતિઓ બહારથી તદ્દન સાધારણ કે કેટલીક વખતે ઊલટી વિકૃત દેખાય છે, છતાં સાચી રીતે લોકોત્તર હોય છે.

દાખલા તરીકે, જે જે પ્રસંગો સંસારના રસિયાઓને ખૂબ કલેશ કરાવનારા અને દિલ હચમચાવનારા થઈ પડે છે, તે પ્રસંગોએ એ તો પૂર્વવત્ શાંત જ રહેલો દેખાય. દયાહીન શત્રુનું ભયંકર આક્રમણ, દુષ્કાળરૂપી રાક્ષસનું સર્વભક્ષણ, કે બીજી કોઈ આસમાની સુલતાની કે

જીવલેણ વ્યાધિનો ઝપાટો વગેરે ઉલ્કાપાતો પણ એને સ્પર્શ કરી શકતા દેખાતા નથી. ઉપરછલ્લી દૃષ્ટિએ એ આમ છેક હૃદયહીન પણ દેખાય.

પણ સાચી રીતે એ નિષ્ઠુર નથી. જે બીજાઓ જોઈ નથી શકતા, તે એને દીવા જેવું દેખાય છે, તેથી જ તે આવા પ્રસંગોએ નિશ્ચલ રહે છે. એ જાણે છે કે વસ્તુમાત્ર પોતપોતાની નિયતિને અનુસરે છે, અને તેથી જ વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વગર—પોતાની મેળે જ—થવા દેવાનું તે યોગ્ય ગણે છે અને તેથી આવા પ્રસંગે તે નિશ્ચેષ્ટ રહે છે કે દેખાય છે. વળી, તેની માત્ર સૂક્ષ્મ, મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંયે વધારે અસરકારક છે, તેનો એને એકલાને જ અનુભવ છે.

સરળ રીતે પોતાના માર્ગે વહી જતી નદી જેવી એની વૃત્તિ હોય છે. એ પોતાની જાતને નિર્બંધ રાખે છે અને એવી જ રીતે બીજાઓને પણ મુક્તપણે વિહાર કરવા દે છે, કે જેથી તેઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ઘડાય. આમ જોકે દેખીતી રીતે એ તદ્દન નિવૃત્ત લાગે છે, પણ ખરી રીતે બીજાઓની એ સારામાં સારી સેવા કરે છે.

એની દૃષ્ટિએ કાંઈ પણ તત્ત્વતઃ બીજાથી ચડિયાતું નથી. એ પોતાનું સ્વત્વ ભૂલે છે અને તેથી એ બધા ભેદભાવોથી પર થઈ શકે છે. કશાની પણ એને લાલસા કે આકાંક્ષા ન હોવાથી એના માટે વિજય, ફળપ્રાપ્તિ કે પૂર્ણાહુતિ જેવું કશું જ રહેતું નથી. એનો આત્મા સર્વનો સમાવેશ કરે છે. તેથી, તે સંપૂર્ણ સમતાથી વસ્તુમાત્ર માટે એકાકાર થાય છે અને આમ પોતાનું વ્યક્તિત્વ લુપ્ત કરે છે. સંતાત્માને તેથી કોઈ નામ નથી.

વસ્તુમાત્રથી, સંજોગોમાત્રથી અને સ્થાનમાત્રથી એને પૂર્ણ સંતોષ છે. તેથી, તે સદાનો સુખી જીવડો છે. ફેરફારો એને તો શાશ્વત સમુદ્રના તરંગો જ લાગે છે અને એવા તરંગો ઉપર તે સહેલાઈથી તરે છે. કશાની પણ ખોટ, ઇચ્છા કે જરૂર એને ન હોવાથી રાજ્યકાર્ય સંભાળવાને માટે પણ એ જ સૌથી લાયક છે.

દરેક વસ્તુ આપોઆપ, પોતાની મેળે જ એનામાં સર્જાય છે એમ એ જાણે છે. મતમતાંતરો માટે કોઈ પણ જાતનો પક્ષપાત કે અણગમો, ભોગ કે ત્યાગ એને હોતાં નથી. એટલું જ નહિ, પણ એને પોતાને મત જ હોતો નથી. જુદાં જુદાં મંતવ્યોમાંથી કોઈનો પણ તે વિરોધ કરતો

નથી, માત્ર તે તેની પાર જાય છે અને પર હોય છે. સ્વાભાવિક રીતે અને સરળ ભાવે થઈ રહેલી બધાંની ઉત્ક્રાંતિને સ્વસ્થતાથી જોયા કરે છે. તેથી, તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુસ્થિતિમાં આડખીલીરૂપ થતો નથી.

તે પરમ તત્ત્વમાં સદાય ડૂબેલો હોય છે અને તેથી તે પોતે જ અંતિમ જ્ઞાન છે. તે કોઈ પણ જાતની રચના કરતો નથી. તેથી, તે કશાનો વિનાશ કરતો નથી. તે પ્રત્યક્ષ અનુભવમાં જ રહ્યા કરે છે. એના ઉપર સંસ્કારો પડે છે પણ તે તેને સંઘરી રાખતો નથી. અનુભવની પહેલાં કે પછી તે વિશે તે કશો વિચાર કરતો નથી. ભાવિ માટે કશી પણ ઉત્સુકતા હોતી નથી અને તે બાબતે તે તદ્દન નિઃસ્પૃહ રહે છે. જેવી અદૃશ્ય રીતે વખત પસાર થાય છે તેવી રીતે ભૂતકાળ એનામાંથી પસાર થઈ જાય છે, તેના માટે વર્તમાન જેવું પણ કશું નથી. બહારની દુનિયાનું સભાન અવલોકન કે આંતરિક દુનિયાનું સભાન સંવેદન આપોઆપ થતું નથી. પ્રત્યેક ચીજમાં એ તે રૂપે આનંદ માણે છે અને પ્રત્યેક સ્થળ અને પ્રત્યેક ફેરફારને તે અનુકૂળ થાય છે. જીવન અને મરણ માટે તેને કશી પરવા નથી હોતી. એનું મન ખાલી છે, જે કંઈ છાપ એનામાં પડે છે, તે છાપ એની ચેતનામાં પડે છે. એનો આત્મા તો અલિપ્ત રહે છે, પરંતુ સામાન્ય રીતે એને એવી કશી છાપ પડતી હોય એવું ભાન હોતું નથી. કોઈક વખતે જ્યારે એની ચેતનામાં છાપ ઊઠે છે, ત્યારે તે ભગવદ્ કાર્યમાં પરિણામ પામીને આપોઆપ પાછી વિલીન થઈ જાય છે, પણ સંતલોકોની વૃત્તિને આપણે પામી શકતા નથી. ખરી રીતે જોતાં તો એમને વૃત્તિ હોતી જ નથી.

એ તો માત્ર સ્વયંસંચાલિત તત્ત્વ છે. કોઈ વાર એ શાંત ઉપાયોથી કામ લે છે, તો કોઈ વાર વળી બીજી રીતે - જેવા પ્રસંગની જરૂર અને પરિસ્થિત, પરંતુ એની ભૂમિકા તો ગુણોથી પર જ રહે છે, કોઈક વાર વળી ગુણોમાં પણ હોય છે અને કેટલીક વાર તો ગુણોમાંયે નહિ અને ગુણોથી પર પણ નહિ એવી કોઈ અગમ્ય મધ્યમ સ્થિતિમાં પણ એની ભૂમિકા રહે છે. જે કંઈ અનિવાર્ય છે, તેને એ વિધિનું નિર્માણ જાણે છે, અને તેથી તે હંમેશ સ્વસ્થ રહે છે. દેખીતી રીતે એ બીજાઓને અનુપયોગી છે, પણ એના અસ્તિત્વમાત્રથી જ આપોઆપ સમસ્ત

વિશ્વની ઉત્ક્રાંતિમાત્રમાં તે ભાગ લે છે. આમ, પૂર્ણપુરુષ પ્રત્યેકને પોતપોતાની પરિપૂર્ણતાની પ્રાપ્તિ તેમની રીતે કરવા દે છે. તત્ત્વથી વિરોધાત્મક એવું એને કશું દેખાતું નથી.

તે સ્તુતિનિંદાથી પર છે. તેની પ્રકૃતિનાં સ્વરૂપ અને લક્ષણો જુદી જુદી જાતનાં હોય છે. કાળના પ્રવાહ ઉપર તે તરતો વહે છે અને કશાનોયે આગ્રહ પકડી રાખતો નથી. તે કદી ઊંચે અને કદી નીચે હોય છે. બનાવો પ્રત્યે એ સદાય પ્રશાંત હોય છે. એ પોતે પ્રસંગોને પ્રસંગો જ માત્ર ગણે છે અને તેમ વર્તે છે, પ્રસંગો તેને પોતાના પ્રવાહમાં તાણી શકતાં નથી. પ્રસંગોની ગતિ, એમનું જોમ અને તેનો વળાંક તે પોતાનામાં વાળે છે.

એ પોતે જ પરાકાષ્ઠા છે, કારણ કે તે કાળચક્રની ગતિને પારખે છે. તેથી, કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી. આમ, જ્યારે તે કાળને પારખે છે, ત્યારે તે તેનાં કારણો શોધવા બેસતો નથી. વિસંવાદી ઘટનામાં પણ તે સંવાદ જુએ છે. એને “હું” જેવું કશું નથી. તેથી, તેને કશામાં રાગ નથી અને પરિણામે કોઈ જાતનું યુદ્ધ કે હાર તેને વેઠવા પડતાં નથી. વિધિની કૃતિઓ એને હચમચાવી શકતી નથી. એનામાં સદ્‌ગુણો છે, પણ જાણે નથી એવો જ એ દેખાય છે. તે શરીરથી માનવ છે ખરો, પણ તે માણસ જેવો સ્પષ્ટ જણાતો નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી. તેથી, તેને જ્ઞાનની જરૂર પડતી નથી. એનાં વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી. તેથી, તેને નૈતિક સિદ્ધાંતોની જરૂર રહેતી નથી. એનામાં કોઈ પરત્વે પાર્થિવ પ્રેમ નથી. પરાક્રમથી મળે એવી કોઈ સિદ્ધિ તેને જોઈતી નથી. તેથી, નિષ્ફળતા માટે શોક કે વિજય માટે હર્ષનું તેને કારણ રહેતું નથી. એને કશું ભૂલી જવાપણુંયે નથી એને યાદ રાખવાપણુંયે નથી. તે જાતે જ શુદ્ધ અનુભવ છે. તેથી, તે શુદ્ધ વિજ્ઞાન છે. પ્રકૃતિ અને પુરુષનું તે એકીકરણ છે અને વસ્તુમાત્રને તત્ત્વમાં સરખી રીતે જુએ છે. એના માટે વસ્તુઓ વચ્ચે ક્યાંયે પરસ્પર વિરોધ નથી. તે, તે વસ્તુઓને, તેમના અનુભવની દૃષ્ટિએ જુએ છે. બધાંની ઉપર, બધાંની અંદર અને બધાંની વચ્ચે તે તત્ત્વરૂપે છે. તેથી, તે ખાલી છે અને ભરપૂર પણ છે. તેને પોતાની અલગ અસ્મિતાનું જ્ઞાન નથી હોતું, કારણ કે સ્વભાવથી જ સરળપણે

સર્વત્ર હોય છે. આમ, તે અદ્‌ભુત રીતે પોતાની જાતનું એકીકરણ અને સમીકરણ પોતાની બીજી જાત સાથે કરે છે. તે ગુણોની સમગ્રતા છે. અસ્તિત્વમાત્રની-સર્જનની, પ્રેરણાની, જડ અને ચેતનની, મન અને પદાર્થની, કાળ અને અવકાશની એ બધાની સમગ્રતા પણ તે જ છે. ટૂંકમાં, પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે જ છે.

એક રીતે એ કશું જ કરતો નથી, કારણ કે પ્રત્યેક જે તે કંઈ સ્વયંભૂ છે, પરંતુ તે સ્વયંભૂત્વની સમગ્રતા હોવાથી બીજી રીતે જોતાં તે બધું જ કરે છે. આમ, સર્જન ન કરતો હોવા છતાં તે સર્જન કરે છે. એને તો બધું જ સર્જન અને વિનાશની મર્યાદામાં સપડાયેલું લાગે છે. વળી, એને વિનાશની પ્રક્રિયામાંયે સર્જનની જ પ્રક્રિયા દેખાય છે. સર્વવ્યાપી, પૂર્ણ, શાંત, કલ્યાણકારી સતથી જુદી એવી એને એકે ઈચ્છા નથી. તે આમ, નિવૃત્તિમાં પ્રવૃત્ત રહે છે. એ કશું અયોગ્ય કરતો નથી. તે રડે છે, હસે છે, વિનોદ કરે છે, બોલે છે, વાતો કરે છે, ગણગણે છે કે બબડે છે, અને એવી બધી ક્રિયાઓ કરે છે, પણ તે આપોઆપ અનુકંપાથી, નિર્મળ સરળતામાં તે વિહરે છે અને સર્વ સાથે અભેદ અનુભવે છે. વ્યક્તિગત વલણ જેવું એને કશું હોતું નથી. આપોઆપ એની અસર સર્વવ્યાપી થાય છે અને આમ, જે તે કંઈ પોતાના સ્વરૂપને મેળવે છે. કોઈ વાર તે નિશ્ચેષ્ટ દેખાશે, તો કોઈ વાર ખૂબ સ્ફૂર્તિવાળો અને પ્રવૃત્તિમાન જણાશે. કદીક સ્થિર, સ્વસ્થ અને શાંત, તો કદીક ઉદાસીન. આમ, તે સર્વ આવેગ અને વૃત્તિઓની પણ સમગ્રતા છે અને તેની પાર તે જાય છે. આવી રીતે પ્રવૃત્તિમાં પણ તે નિવૃત્ત રહે છે.

એને અને કીર્તિને કશું લાગતુંવળગતું નથી. એ કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. તે અનંતની સાથે તન્મય હોય છે. એનું મન આરસી જેવું છે. તેથી, તે પરિસ્થિતિ પ્રત્યે કુશળ વર્તન રાખી શકે છે, પરંતુ પરિસ્થિતિ એને કદી પણ આવરી લઈ શકતી નથી. કાળના સમજુપણાની અને તેના હેતુની તથા સંજોગોની યથાર્થતાની તેને સૂઝ પડી જાય છે અને તે રીતે દુનિયાને તે પોતાનું સંભાળી લેવા દે છે. એ કોઈનું પણ અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમયયોગ્ય વર્તન થાય નહિ. એને, એકલા એની પોતાની જ સાથે સરખાવી શકાય, બીજા કોઈની સાથે નહિ. એવો એ અનેરો છે. તે બીજા કશા ઉપર આધાર રાખતો નથી અને તે પોતે સ્વતંત્રપણે સંપૂર્ણ હોય છે.

ઘણી ચીજો તરફ એ એકસામટું લક્ષ આપે છે, પણ તેમાં તે તણાઈ જતો નથી, અને ઘણો બોજો ઉઠાવે છે છતાં તેનું હૈયું હળવું જ રહે, એવી એની કળા તેનામાં એની મેળે જ પ્રગટ થયેલી હોય છે. વસ્તુમાત્રથી તાત્ત્વિક સમતાનું જ્ઞાન એને હોય છે. દેખીતા ભેદમાં એ તો સત્ય દૃષ્ટિએ એકતા જ જુએ છે. આમ, તે અગમ્ય છે. તેના માટે "નીતિ" જ શબ્દ વપરાય.

## અનુભવી
## એકલો

જે શરીરધારી અનુભવી છે એ શૂન્ય પણ છે. અનુભવ છેક શૂન્ય સુધી પહોંચે છે. આપણે જેને શૂન્ય ગણીએ છીએ અથવા તો વિચારીએ છીએ એ પ્રકારનું એ શૂન્ય નથી. એ શૂન્ય જુદા પ્રકારનું છે. કંઈ કશામાં ભાષાથી વ્યક્ત થાય એવું નથી. એવું એ શૂન્ય છે. એમાં એ રમતો હોય છે. પાછો પ્રકૃતિમાં પણ હોય છે. પ્રકૃતિમાં રમતાં રમતાં એને બીજા માણસની અનેક જાતની અથડામણો થાય. એ અથડામણો એને સ્પર્શતી નથી. એ આનંદમાં જ રહે છે. એની સાથેના આગળ પાછળના માણસોનું આપણે કંઈ ગણકારતા નથી. એવી સેંસ લઈને એ ફર્યા કરતો હોય છે અને એ આપણાથી દુઃખી થયા કરે છે. આપણે દુઃખી નથી થતાં. અનેક રીતે એ દુઃખી થાય છે એવી સેંસ લઈને આપણે ફરીએ છીએ.

પેલો અનુભવી પુરુષ એ સંસારમાં જીવતો હોવા છતાં એ એકલો છે, કારણ કે એની સાથે કોઈ મળતું હોતું નથી, કોઈ ભળતું નથી, કારણ કે કોઈની સાથે એનો મેળ નથી. મેળ નથી એટલે એને મેળ નથી રાખવો એવું તો છે જ નહિ. એ તો બધાંની સાથે મળે, પણ બીજાં બધાં એની સાથે મળતાં નથી. પણ વાંક કાઢે છે પેલા અનુભવીનો. સંસારી લોકો-બીજા લોકો છે એ પોતાનો વાંક બિલકુલ જોતાં નથી. એને વાંક પેલાનો જ લાગે છે. જ્યારે એનો મુદ્દલ વાંક જ કંઈ કશો હોતો નથી. માત્ર ફૂલની સુવાસ જેવો હોય છે, એ ઈટર્નલ (શાશ્વત) અમૃત જેવો હોય છે. પણ ઈટર્નલ-અમૃત-એ સુવાસ સૂંઘવાની કે જોવાની કે અનુભવવાની બીજા બધાંને બિલકુલ દરકાર હોતી નથી. બીજાં બધાંની સાથે આપણે મળતાં ન હોવાથી એકલા-અટૂલા આપણે

રહીએ છીએ. એટલે આપણને એકલા રહેવામાં આનંદ જ છે અને આ બધાં આપણાથી વેગળા પડી ગયેલાં છે. આપણામાં ભલે આપણામાં હોવાથી અથવા આપણા કુટુંબના હોવાથી આપણાથી વેગળા પડી ગયેલાં છે. હંમેશાં આપણી સાથે ચિડાયેલા અને એવા જ રહે છે. કોઈ દિવસ આપણી સાથે એમનો પ્રેમ તદ્દન સ્વાર્થનો-સંસારનો - જ હોય છે. આ મેં અનુભવેલી વાત છે. અનુભવેલી વાત હું કહું છું - ગપ્પાંની વાત નથી. કોઈ કોઈ ઈન્ટેલિજંસથી (બુદ્ધિથી) કે મનમાંથી કાઢેલી વાત નથી કરતો કે આપણે તદ્દન એકલા છીએ.

ભગવાને કહ્યું કે "તું એકલો છે." એનો આપણને અનુભવ થાય છે. બધાંની સાથે હોવા છતાં કેટલા બધા માણસોની સાથે આપણે સંબંધ વ્યવહાર હોવા છતાં - આપણે એકલા છીએ. એવું લાગે છે પાછું હોં ! બીજાં બધાં હોવા છતાં આપણે એકલા છીએ. એથી આપણે કોઈની સાથે વિરોધ નથી. કોઈની સાથે જરા સરખો વિરોધ નથી. ઑન ધ કૉન્ટ્રરરી (એથી ઊલટું) એમની સાથે આપણે મળેલા છીએ, કારણ કે એ બધાંનામાં આપણે છીએ. કારણ કે તે વખતે યૂ આર નોટ રમણલાલ. તમે એવું ઍબ્સ્ટ્રેક્ટ બીઈંગ (અમૂર્ત અસ્તિત્વ) છો. જે બધાંનામાં રહેલું છે. બધાંનામાં એ "રમણલાલ" રહેલો છે. પણ પેલા લોકો નથી ઓળખતા. એ લોકો જાણતાય નથી, તેમને ખ્યાલ નથી એટલે એમનો અણગમો આપણાથી ના થાય. આપણાથી ઊંધો વર્તે, આપણને ગમે તેમ કહે, તોય આપણે એમનાથી દુઃખ ના લગાડાય. ઓછું ના લગાડાય. અણગમો ના થાય. ઊલટો પ્રેમ જ થાય એવી સ્થિતિ આપણી ત્યારે હોવી ઘટે. હોવી ઘટે એટલે હોવી જોઈએ. અને તે વખતે એવા એક્સ્પિરિયંસ (અનુભવ) આપણને થાય ત્યારે આપણે જાણવું કે આપણે ખરાં ! તે સિવાય નહિ. પણ દુનિયા તમને એ રીતે નહિ સ્વીકારી શકે એવી સ્થિતિ થાય છે. પછી, થોડી વાર પછી, થોડો કાળ પછી એ મટી જાય છે. લોકો જવા દે છે. એ લોકો કહે છે કે "આવો ને આવો જ રહેવાનો છે." પછી આપણી સાથેનો સંબંધ એ લોકો સુધારે છે - એમની મેળે હોં ! એટલે આ રીતે લોકો જવા દે. આખી દુનિયામાં તે વખતે આપણે એકલા જ છીએ. આપણું કોઈ સાથીદાર-બાથીદાર મળે નહિ. આપણે એકલા છીએ. ત્યારે

એકલાપણાનું દુઃખ નથી. આનંદ જ છે માત્ર. અને ગમે તેટલું સામાવાળા તમને કહે અને ગમે તેટલાં વચનો બોલે ત્યારે પણ આપણને કશું દુઃખ-બુખ લાગતું નથી અને આનંદ જ માત્ર થાય છે. ત્યારે તે લોકો વધારે ચિડાયેલા રહે છે, કારણ કે આપણને સાચું લાગે નહિ, ત્યારે તે લોકો વધારે ચિડાય છે. આ બધુંય મેં પ્રત્યક્ષ અનુભવેલું છે. મારી માના વિશે અને પાછું બધાંયની સાથે મને આનંદ પણ થાય, પણ તેની સાથે મને એમ થાય કે આ બિચારી-આ અજ્ઞાનમાં શું કરવા દુઃખી થતી હશે ? આવું એનું અજ્ઞાન છે એવું સમજાવવા જઈએ તો પાછી ઑર ઊછળે. "બેસ બેસ, તું મોટો જ્ઞાની-સમજું ના થયો હોય તો !" આવી સ્થિતિય થાય છે. જગતમાં તમે બધાંની વચ્ચે હોવા છતાં તમે એકલા પડી જાવ છો. આપણે એકલા જ છીએ એ જાતનો અનુભવ આપણને થાય છે અને ત્યારે આ સંસાર એટલા માટે જ ભગવાને આપ્યો છે.

"જો, તું આ બધાંમાં હોવા છતાં આ બધાં જુદા છે. તું રડતો હતો, તારા પોતાનાં ગણતો હતો. પણ તું અનુભવી લે. તું જોઈ લે. તું એકલો છે. એ જ છે." તે અનુભવ આપણને બહુ પાકો થાય છે. તેમ છતાં આપણે શરીરધારી તરીકે એમની સાથેનો ધર્મ એ કોઈ દિવસ અવગણાય નહિ. ઑન ધ કૉન્ટ્રરરી એ ધર્મનું પાલન યથાયોગ્ય ભાવે, ઉત્તમમાં ઉત્તમ રીતે આપણાથી જેટલું થાય તેટલું કરવાનું, એ આપણો ધર્મ છે. શરીર છે ત્યાં સુધી પ્રકૃતિ છે. પ્રકૃતિને લીધે એ આપણો ધર્મ છે. એ ધર્મને કોઈ કાળે આપણાથી અવગણાય નહિ એ વાત સાચી.

## અનુભવીના પ્રકાર

## ઊલટુંસૂલટું બધું એવું અનુભવીના જીવનમાં છે

ઊંડો વિવેક સંપૂર્ણ અનુભવીને જીવનમાં છે,
છતાં વિવેકે કંઈક પાછો ન હોયે, તેમ વર્તે છે.

અજુગતું સાવ આ લાગે, શી વાસ્તવિકતા છતાંયે તે !
ઊલટુંસૂલટું બધું એવું અનુભવીના જીવનમાં છે.

કદીક પાષાણ ને કાષ્ટ સમું વર્તન કરે છે તે
-વળી શો હંસની પેઠે જીવન વર્તતો લાગે છે !

કદીક પિશાચ જેવુંયે જીવનમાં વર્તતો તે છે;
કદીક નિર્દોષ શિશુના પ્રમાણે કેવું વર્તે તે.

જીવનમાં પરંપરા એની અનેકે રીત એવી છે,
કશું ધોરણ અનુભવીનું ન સંસારી જ રીતનું છે.

વળી એનાથીયે આગળ અનુભવ શા જુદા જુદા !
કળા એવી અનેકે પણ ઊગે પેરે શી એનામાં !

**કાષ્ટવત્** - કેટલીક વખત સંપૂર્ણ સ્ટેબિલાઈઝ (સ્થિર) થવું હોય ત્યારે એવી સ્થિતિમાં રહેવું પડે. એવી શબવત્ સ્થિતિમાં કંઈ કશું એને સ્પર્શે નહિ. ચેતનતત્ત્વનું જે સ્ટેબિલાઈઝ થવાપણું છે, રોમેરોમમાં અને બધાં કરણોમાં, એ માટે એને સારામાં સારો અવકાશ મળે છે.

**બાળવત્** - એ સંપૂર્ણ નિર્દોષ છે અને સંકોચમાત્ર નીકળી ગયા છે. એને કંઈ કશું માગતાં કરતાં કશો સંકોચ રહેતો નથી અને પોતાને એવું હોતું નથી કે "હું બાળક જેવો થાઉં". પણ એનું વર્તન એવા પ્રકારનું છે, કેમ કે સર્વ પ્રકારે નિરાગ્રહી અને નિઃસંકોચ છે, અનાસક્ત છે. એ જેમ તેમ વર્તે છે. કોઈક વખત ગમે તેમ ગાળ પણ દઈ દે, ત્યારે એને **પિશાચ** જેવો ગણે. હંસ જેમ દૂધપાણી છૂટાં પાડી દૂધ પી જાય, એવો સંપૂર્ણ વિવેકથી વર્તે અને જેનું તેનું પૃથક્કરણ કરી શકે, તે **હંસવત્** કહેવાય.

આ ચારેય પ્રકારની સ્થિતિ જુદા જુદા કાળે અનુભવાતી હોય છે. "હું આ છું" એમ જે કહે છે, તે બધાંની સાથે તાદાત્મ્ય થયેલો હોય છે. અનુભવીને જ્યાં જ્યાં નિમિત્ત છે, ત્યાં ત્યાં એ "તે" રૂપ (તદ્રૂપ) છે. "હું સાંઈબાબા છું". "હું અક્કલકોટનો સ્વામી છું" - આ "છે" "તે" છે-એમ બધું બોલે - તે ખરી રીતે તેવા ન હોય, પણ એમની સાથે નિમિત્ત એવા પ્રકારનું કે એ પ્રકારના એનામાં ગુણદોષ આવે છે. તો કહે, "ગુણ આવે અને દોષ પણ આવે ?" આવે ખરાં, પણ એને કશું લાગેવળગે નહિ. એ એના જેવો દેખાય ખરો. દા.ત. ગાંડા જેવું વર્તન કરે પણ એ ગાંડો નથી. એ તો ઉપરથી એવું વર્તન કરતો લાગે. અંદર તો શાંત અને પૂરેપૂરો યોગ્યતાવાળો હોય.

આવા જે મહાન પુરુષો છે, તેમને જેમની સાથે નિમિત્ત હોય ત્યારે એ બધું કહે, એનો અર્થ આપણે એમ સમજવાનો કે આ જે અનુભવી છે, એનું નિમિત્ત આ નામધારી મહાત્મા સાથે છે. એ નિમિત્તના પ્રકારમાં છે. માટે, આમ બોલે છે. દેહરૂપ ન હોય, પણ ''અસલ સ્વરૂપ'' રૂપે એ ત્યારે ભાવ આવેલો હોય. એનું બરોબર વર્ણન ગીતામાં છે.

## અનુભવી અને ભગવાન

### હરિરસ ભવ્ય શો અદ્‌ભુત

નિમિત્તમાંયે નિમિત્તરૂપે શું કારણ નિમિત્તનુંયે તે,
બધાં કારણનું કારણ શું હરિ છે માત્ર એક જ તે.

હરિને કોઈ નિમિત્તની મર્યાદા કશી ના છે,
હરિ શો કારણાતીત તે અલૌકિક નિત્ય મૌલિક છે !

હરિનો શૂન્યમાં કેવો અવર્ણનીય અનુભવ છે !
છતાં તેમાંથી નીગળતું બધું જે તે રહેલું છે.

હરિ ચઢિયાતો સહુથી તે શું ઉત્કૃષ્ટ વિશે ઉત્કૃષ્ટ !
બધાંથીયે અનોખો છે, હરિરસ ભવ્ય શો અદ્‌ભુત !

### અનુભવીનું જ છે તેમ

અનુભવ ચેતના-નિષ્ઠ પ્રતિભા તે પ્રકાશી રહે,
ખૂણેખૂણાય અજવાળી પ્રકાશ -તેજ પ્રસરાવે.

અનુભવ તે થયા કેડે, જીવન-નિમિત્ત જેવું છે;
જીવનમાં શક્તિ, ગુણ, ભાવ પ્રમાણે તે પ્રગટતાં છે.

પ્રકૃતિ યોનિ હરિની છે, પ્રકૃતિથી બધું સર્જન
-હરિથી તે થતું રહે છે, અનુભવીનું જ છે તેમ.

ગમે તેટલો મહાન જ છો અનુભવી હો જીવનમાં તે.
છતાં તે બ્રહ્મની તોલે કદી પણ આવી ના શકશે.

અનંતાનંત વિસ્તાર હરિનો ખૂબ સહજ શો છે !
અનુભવીનો જ વિસ્તાર હરિના જેટલો ના છે.

**અનુભવી તેથી હરિ તોલે**

અનુભવીને નિમિત્ત જ છે, નિમિત્ત કંઈ ન હરિને છે;
અનુભવીને નિમિત્ત રીતે જીવનમાં વર્તવાનું છે.

અનુભવીને નિમિત્ત રીતે બધાં સ્થળ, કાળ વિસ્તાર
-હરિને જ્યારે એમાંનો કશો ક્યાંયે ન આધાર.

છતાં નિમિત્તથી પોતે કદી બંધાયેલો ના તે,
વળી સર્જન કરે હરિ જે અનુભવી ના કરી શકશે.

અનુભવી તેથી હરિ તોલે કદી પણ આવી ના શકશે,
છતાં નિમિત્તની સ્થિતિમાં બધા ગુણ - ધર્મ હરિના છે.

અનુભવીને નિમિત્તનુંયે જગત છે આગવું નિજનું,
હરિ શો સ્વતંત્ર નોધારો, હરિ આધાર શો સહુનો !

(અનુભવી) - એ જો શરીરધારી છે તો એને નિમિત્ત છે. ભગવાનને નિમિત્ત નથી. ભગવાન સર્વત્ર પ્રસરેલો છે. એ શરીરધારી મનુષ્ય સર્વત્ર પ્રસરેલો હોઈ શકતો નથી. ભૂત નથી, ભવિષ્ય નથી, વર્તમાન નથી - કંઈ નથી. શરીરધારી છે. **એટલે એક રીતે તપાસીએ, તો ભગવાનની જે અનંત શક્તિ છે, તેટલા પ્રમાણમાં તે શરીરધારીને હોતી નથી. ત્યારે બધી રીતે વિચારીએ, તો શરીરધારી ગમે તેટલો મહાન હોય, પણ ભગવાનની તોલે નહિ આવી શકે, પણ આજે બધાં લઈ મંડ્યા છે કે આ જ ભગવાન છે.**

અનુભવીનું સ્થૂળ રીતે એક્ઝિસ્ટંસ (અસ્તિત્વ) છે, એ પણ નિમિત્તને કારણે જ. એનો જન્મ થાય છે, એ પણ નિમિત્તને કારણે જ. એ જન્મ લે પણ ખરો અને ના પણ લે, કારણ કે જન્મ લીધા વગર કામ કરી શકે છે. એમ ને એમ થતું હોય તો સ્થૂળ રીતે જન્મ લેવાની એને શી જરૂર ? એમ ને એમ થતું હોય દા.ત. કૃષ્ણ ભગવાન અવતર્યા, તો મનુષ્યો બધાં એમને જોઈ શકે. એનો આધાર લઈ શકે. એના અવતારનું રહસ્ય સમજી શકે. સ્થૂળને લીધે એની અસર વધારે

પડે. સૂક્ષ્મની અસર નહિ. દા.ત. આ વાતાવરણમાંથી કેટલાંય આંદોલનો આપણને સ્પર્શતાં હોય છે. અનેક પ્રકારના વિચારનાં મોજાંઓ બહારથી સ્પર્શતા હોય છે. આપણે જાણતા નથી. એટલે સૂક્ષ્મ રીતે હોય તેની અસર માણસો સમજશે નહિ, જોકે કેટલીક વખત એ સમજવાની જરૂર પણ હોય છે. સ્થૂળ રીતે અવતરે તો વધારે અસર પડે, કારણ કે જે "જીવ" છે એ સ્થૂળમાં વધારે છે અને સૂક્ષ્મમાં ઓછો છે. તેવી રીતે અનુભવીને જ્યારે જરૂર પડે, ત્યારે સ્થૂળ રીતે પણ અવતરે છે.

સ્થૂળ રીતે અવતરે તો પણ પાછું ચેતનને અનુભવવા માટે સામાન્ય માણસ જે સાધના કરે છે તેવી તેણે પણ સાધના કરી પડે છે, કેમ કે સ્થૂળ ધારણ કર્યું એટલે સ્થૂળાતીત થવા માટે સાધના કરવી પડે છે. આપણા જેટલી આંતરિક મથામણ ન થાય, પણ એ પ્રોસેસ (પ્રક્રિયા) તરીકે કરવું પડે. દા.ત. કૃષ્ણ ભગવાન પણ સાંદીપનિ ઋષિના આશ્રમમાં ગયેલા. ત્યાં કંઈક સાધના જેવું શીખ્યા હશે ખરા, પણ સામાન્ય જીવની જેમ સ્ટ્રગલ (સંગ્રામ) નહિ. શ્રીરામ બહુ નાની ઉંમરથી ધનુર્વિદ્યા શીખી ગયેલા. દશરથ જાણતા ન હતા, પણ વિશ્વામિત્ર, વશિષ્ઠ જાણતા હતા. તાડકા જોઈને બી ગયા ન હતા. આપણે તો બી મરીએ. **અનુભવીને નવો જન્મ લેવાની સ્વતંત્રતા છે. જીવદશાવાળાને એવી સ્વતંત્રતા નથી. અનુભવી પુરુષ કોઈક જ જન્મ નહિ લેતા હોય, નહિતર સામાન્યપણે લેતા હોય છે.**

અનુભવી પુરુષો જન્મ લીધા જ કરે, કારણ કે પૃથ્વી ઉપર કોઈ ને કોઈ કામ રહ્યાં કરે, માણસો સાથે "એવાં" સંબંધો હોય. એ તો જન્મ લીધા સિવાય પણ મળી શકે ખરા, પણ પ્રત્યક્ષનું જે પરિણામ છે એ જુદું છે અને વધારે છે. ઝટ બીજાના ખ્યાલમાં પણ આવી શકે. એટલે **ઘણાખરા અનુભવી જન્મ લેતા જ હોય છે. જીવ જન્મ લે છે પણ કયા હેતુથી જન્મ લીધો છે, એની એને ખબર હોતી નથી. જ્યારે અનુભવી જન્મ લે છે, એને એ જન્મના હેતુની સભાનતા રહે છે.**

લાઈટની સ્પીડ અંતિમ નથી. અહીંથી મંગળ કે શુક્ર એટલો બધો દૂર છે, પણ અનુભવીને કોઈ નિમિત્ત આવ્યું, તો તે વખતે એને સ્ફુર્યું એ જ વખતે એ ત્યાં પહોંચે. કાળ જ ઊડી જાય. કાળમાં હોવા છતાં

શરીરધારી છે એથી એને એ નથી. એમાં હોય અને એમાં ના હોય, એની કશી મહત્તા નથી, પણ એ હોવા છતાં નથી, એ જ એની વિશેષ મહત્તા છે.

અત્યારે આપણી જીવદશાની લાઈફ સંસ્કારો ઉપર ચાલ્યા કરે છે. ટેન્ડેન્સી (વલણ) સંસ્કારમાંથી જન્મે છે. તેવી રીતે અનુભવીને નિમિત્તથી જીવન ચાલ્યા કરે છે. જે પ્રકારનું નિમિત્ત હોય એ પ્રકારનો એનો કોષ થઈ જાય છે. કોઈ ઉત્તમ પ્રકારનું નિમિત્ત હોય, કોઈ નિમ્ન પ્રકારનું નિમિત્ત હોય - સારાં જ નિમિત્ત એને હોય, એવું કંઈ નથી, કારણ કે એણે અનેક જન્મો લીધાં છે. કેટલાં બધાંની સાથેના એનાં સંબંધો, એ સંબંધો ઉત્તમ પ્રકારના જ હોય એવું કંઈ નથી. એ પોતે પણ જીવદશામાં હોય, ત્યારે એનાથી અસત્ય કર્મ પણ નહિ થયા હોય એવું કંઈ છે નહિ. જેમ અન્નમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ ગણાવે છે, તેવી રીતે એક જડ જેવો કોષ થઈ જાય. અહલ્યા પથ્થર થઈ ગયેલી, તે ખરેખર પથ્થર નહિ થઈ ગયેલી, સ્થૂળ પથ્થરરૂપે ન હતી, પણ એનો કોષ જડ પથ્થર જેવો થઈ ગયેલો. તમસથી ભરપૂર. અનુભવીને આવા જડ કોષ થઈ ગયાના અનુભવો થાય છે. એને જ્ઞાન રહે કે કયા કારણથી અને કયા હેતુથી આ થયું છે. એનો પણ બધો ખ્યાલ રહે. એટલે એમાં જ્યારે પ્રવેશ્યો હોય છતાં એને એનો ખ્યાલ રહે છે.

"અનુભવીને જો નિમિત્ત હોય તો આકાશતત્ત્વ, તેજતત્ત્વ અને વાયુતત્ત્વનો આશ્રય લઈ શકે છે. તમને આટલી બધી માંદગી છે. આટલા સણકા મારે છે. તમે આ ગોળી લો છો તે ઠીક છે, પણ તમે તમસનો આશરો કેમ નથી લેતા ?"

અનુભવીને પોતાના વિષેનું નિમિત્ત હોતું નથી. બીજાનું જ હોય. પોતાના સિવાય ઈતરનું જ હોય. જ્યારે એકાત્મભાવની સ્થિતિમાં હોય-એકાગ્ર-કેન્દ્રિત રસાત્મકભાવથી હરિમાં જ હોય, ત્યારે તેટલા કાળ પૂરતું એને કોઈ નિમિત્ત નથી હોતું. પોતાના પૂરતું તો નિમિત્ત હોતું નથી. હોઈ શકે જ નહિ.

નિમિત્ત હોય તો શરીર પણ બીજે ઠેકાણે જાય. શરીર તો એનું એક જ ઠેકાણે હોય છે. શરીર બીજાં થઈ શકે. સંકલ્પથી એ પોતે ત્યાં જાય,

ત્યાં આગળ બીજું શરીર દેખાય. અનુભવીને પોતાને એવો અનુભવ થાય છે. અનુભવી જાય છે, ત્યારે શરીર સાથે જતું નથી, જ્યારે ત્યારે તો સંકલ્પ પૂરતું જ જાય છે. પછી ત્યાં શરીર થાય છે.

અનુભવી જ્યારે બીજાને દર્શન દે, ત્યારે એ પૃથ્વીતત્ત્વ ત્યાંથી ગ્રહણ કરે. કોઈક એને માટેનો પ્રેમવાળો હોય અને એની ઈચ્છા ના હોય તોય એને એવાં દર્શન થાય છે. રામકૃષ્ણ પરમહંસ કે રમણ મહર્ષિએ શરીર છોડી દીધેલું પછી પણ એમનાં દર્શન થયેલાં છે. ત્યારે પેલાને કંઈ પણ ઈચ્છા ના હોય તો પણ એની સાથે એવું નિમિત્ત હોવાથી પેલાને દર્શન આપે છે. તે વખતે દર્શન આપે. પેલાને શરીર દેખાય. ત્યારે અહીંથી શરીર લઈ જઈ શકાતું નથી. જળ અને પૃથ્વી તત્ત્વમાં ભાર રહ્યો એટલે એ ઊડી શકે નહિ. આવું કહ્યું ત્યારે એક જણે સામે પ્રશ્ન કરેલો કે "એવું તે બનતું હશે ?" મેં કહ્યું "આ પ્રેત ગમે તે થઈ શકે છે. જો પ્રેતમાં એટલી શક્તિ છે તો અનુભવી કેમ ના થઈ શકે ? વિચાર તો કરો." આવી શક્તિ સાબિત કરી શકાય નહિ.

અનુભવ થાય છે, ત્યારે એની અગાધ શક્તિ છે. જે દેવોમાં નથી. પુરાણોમાં ઘણાં વર્ણન આવે છે. દેવો અને દાનવો વચ્ચેના સંગ્રામમાં દેવો હારી જાય છે, ત્યારે દેવો ભગવાન પાસે આવે છે. ત્યાંથી શક્તિ-બળ મેળવે છે. મનુષ્યને આત્માની સ્થિતિનો અનુભવ થાય છે, ત્યારે એનામાં અગાધ બળ પેદા થાય છે. એ તો બોલવા ખાતર કહે કે "મેં ભગવાનને પ્રાર્થના કરી", પણ બધું એનામાંથી જ થતું હોય છે. એટલા માટે મનુષ્યયોનિ ઉત્તમ કહી છે.

અનુભવ એટલે બધું હોવા છતાં જ નથી એવો એને અનુભવ થવો જોઈએ. "હી ઈઝ લિવિંગ ઈન ધેટ વેરી સ્ટેટ." (એ એ જ અનુભવમાં જીવતો હોવો જોઈએ.) એ એમાં જીવે છે, બધું જુએ છે, કરે છે, અનુભવે છે, વ્યક્તિઓની સાથે બોલે છે, વર્તે છે છતાં પણ કંઈ કશાની સાથે વર્તતો નથી, એ એની સ્થિતિ સર્જે છે.

જ્યારે ઈશ્વર સાથે તાદાત્મ્ય થાય, ત્યારે જરૂર પડે તેની અવેરનેસ થાય. નહિતર આખા વિશ્વની સાથે અવેરનેસ હોય ખરી, પણ જરૂર પડે ત્યારે જ જાગૃત થાય. કોઈ અજાણ્યો હોય તોપણ એની સાથેની આપણી અવેરનેસ જાગૃત થઈ જાય. આપણે એનો સ્વભાવ બધું જાણી

લઈએ. કંઈ બાકી ના રહે, પણ ઑલ ઍટ-એ-ટાઈમ દુનિયાની અવેરનેસ ના હોય.

ભગવાનનો સંપૂર્ણ અનુભવ થઈ જાય, ત્યારે અવેરનેસનું એક્ષપાન્સન (વિસ્તાર) થાય, પણ એ એક્ષપાન્સન, જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં એ ખપમાં લાગે, નહિ તો ખપમાં ન લાગે. ત્યાં શું કરવાનું કે શું નહિ, એની સમજણ પડી જાય. એ અવેરનેસ સામા માણસ સાથે એટલું અનુસંધાન આપણને કરી આપે છે એટલું જ નહિ, પરંતુ એની સાથે આપણે કેવી રીતે વર્તવું એ પેલો અનુભવી સારામાં સારી રીતે જાણે છે. દુનિયાનો ગમે તેવો અક્કલવાળો માણસ અને વ્યવહારમાં ટકેલો માણસ, હોશિયાર માણસ પણ પેલાના જેવું નહિ વર્તી શકે. અનુભવીને સામાના સ્વભાવની આપમેળે ખબર પડે છે, પણ એની કોઈને-સામાવાળાને કે આગળપાછળ બેઠેલાંઓને પણ ખબર નહિ પડે ! એને કોઈ જાણી જ ના શકે ! જેમ ભગવાન હોવા છતાં સુષુપ્ત છે, છાનો છે. કોઈ એને જાણતા નથી, એવી રીતની અનુભવીની સ્થિતિ રહે છે.

**અનુભવીનો સંકલ્પ**

એ અનુભવી પુરુષના જીવનમાં જે પોતાના પૂરતો સંકલ્પ જાગે, તે જલદી ફળે. બીજાના પૂરતો સંકલ્પ જો થાય તો તે ફળતા ઘણી વાર લાગે, કારણ કે સામા જીવ પરત્વેનો જે સંકલ્પ છે, તે સંકલ્પને સહકાર મળવાની શક્યતાઓ બહુ ઓછી હોય છે. પણ આજ કે કાલ એનો સંકલ્પ ફળે ખરો. ફળ્યા સિવાય ના રહે. એનું કારણ શું ? પ્રકાશ સર્વત્ર ફેલાય છે. ગાઢ જંગલમાં પણ એ જાય છે. ગાઢતાને લીધે ઓછો-એટલી ડિગ્રીના પ્રમાણમાં ત્યાં ના હોય. બરફ હોય ત્યાં એ સ્પર્શે છે ખરો, પણ તે ભૂમિકાને લીધે એનું પરિણામ જુદી રીતનું. ખુલ્લા રણમાં સૂર્યનો પ્રકાશ જાય અને બરફમાં જાય, પણ એનાં પરિણામમાં ફરક રહે છે. એવી રીતે આધ્યાત્મિક પ્રકારના માનસમાં એ જ્યારે પ્રગટે છે, ત્યારે "પોતે" સંકલ્પ છે. સંકલ્પ સ્વરૂપ થઈ જાય છે અને પોતાના પૂરતું હોય ત્યારે તાત્કાલિક ફળતો અનુભવે છે, પણ માત્ર તેનામાં એ કંઈ "પોતે" નથી. એ બધામાં સમાયેલો છે. જ્યાં જ્યાં નિમિત્ત છે, ત્યાં ત્યાં એ સમાયેલો છે. એટલે તે ઠેકાણે સંકલ્પને ફળતાં

વાર લાગે. જન્મજન્માંતરે ફળે. ફળ્યા સિવાય ના રહે, પણ એને એ પ્રકારનો સહકાર મળ્યા કરે તો.

એટલે એ પ્રકૃતિની રીતે અથવા જીવની રીતે જેને આપણે નકારાત્મક ગણીએ એવું કર્મ એ ન જ કરે, એવું નથી. સામાન્ય રીતે માણસ જે કંઈ કહે તે બધું જ ખરું પડે એવું નથી હોતું અને તે દરેક ઠેકાણે જીતે જ એવું પણ નથી.

અનુભવીનો વિલપાવર (ઇચ્છાશક્તિ) તો જબરજસ્ત હોય, પણ આવા લોકો સંકલ્પનો જેમાં ને તેમાં જેમ તેમ ઉપયોગ કરતા હોતા નથી. સાધારણ રીતે જેમ થતું હોય તેમ જ થવા દે.

આવા પુરુષો એક વખત આમ બોલ્યા હોય તેમાંથી બીજી રીતે ના વર્તે એવું નહિ. બીજી રીતે પણ વર્તે. એટલે એ લોકોને આપણે સમજવાનો પ્રયાસ છોડી દેવો જોઈએ. એને માપવાનો, સમજવાનો પ્રયત્ન છોડી દેવો જોઈએ અને એની સાથે ભાવ થાય, એની સાથે આપણી પ્રીતિ જાગે, એની સાથે આપણો સહકાર થાય, સંબંધ જાગે, એની સાથે આપણી મિત્રતા જાગે, એની સાથેની આપણાં હૃદય, મન, બુદ્ધિની એકાગ્રતા થાય એવી રીતે આપણો એપ્રોચ (અભિગમ) રાખવો, તે આપણને આત્માની દૃષ્ટિએ અને વ્યવહારની દૃષ્ટિએ પણ ફાયદાકારક છે.

### અનુભવીની વિચાર પ્રક્રિયા

હવે જ્યારે માણસ ''અનુભવી'' થાય છે ત્યારે એમાં પ્રકૃતિ તો હોય છે, કારણ કે એને શરીર છે. આપણામાં પ્રકૃતિ છે એમ એનામાં પ્રકૃતિ છે, તો પછી આપણામાં અને એનામાં ફેર શો ? **આપણામાં પ્રકૃતિ છે; એનામાં ખરી, પણ આપણે પ્રકૃતિના ગુલામ છીએ, જ્યારે પેલામાં પ્રકૃતિ એનું માધ્યમ છે - મીડિયમ છે. જીવદશામાં આપણે પ્રકૃતિના ગુલામ છીએ. ચેતનની દશામાં એવું નથી.**

બીજું કે આપણું ચિત્ત આ જે પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ એનાથી જે થાય તે એના સંસ્કાર ચિત્તમાં પડી જાય છે. હવે, આપણે જીવદશામાં હોવાથી આપણી પ્રકૃતિ એટલે કામ, ક્રોધ, મોહ એ આપણામાં પ્રીડોમિનંટ (મોખરે) હોય છે. જ્યારે પેલામાં પ્રકૃતિ માધ્યમ છે. પ્રકૃતિના આપણે દાસ છીએ માટે આપણે અનુભવી

નથી શકતાં. આવું હોવાથી આપણે જીવદશામાં હોઈએ છીએ, ત્યારે કામક્રોધાદિ વલણથી પ્રેરાયેલાં રહીએ છીએ. જ્યારે પેલો "અનુભવી" થયેલો છે, એ કામક્રોધાદિથી પ્રેરાયેલો હોતો નથી. ચેતનથી પ્રેરાયેલો હોવાથી એને આ પ્રકારના સંસ્કાર હોતા નથી. **"અનુભવ" થાય એટલે પ્રકૃતિથી એની મુક્તિ. જેમ ધારે તેમ પ્રકૃતિને વાપરી શકે છે.** જેમ આપણી પાસે પાંચ હજાર રૂપિયા હોય તો પાંચ હજારના પ્રમાણમાં તેનો ધારીએ તે રીતે ઉપયોગ કરી શકીએ. પાંચ લાખ હોય તો તેનો ધારીએ તે રીતે ઉપયોગ કરી શકીએ છીએ, કારણ કે આપણે તેના સ્વામી છીએ. તેની આપણને પાકી સભાનતા છે. તેવી રીતે અનુભવી પુરુષ પ્રકૃતિનો ઉપયોગ કરી શકે છે. **ઉપયોગમાં સ્વામિત્વની સેન્સ (સમજ) છે અને ઉપભોગમાં સ્લેવ (ગુલામીની) સેન્સ છે. એટલે કે અનુભવી પુરુષ પ્રકૃતિથી નથી વર્તી શકતો. પ્રકૃતિ તો એનું માધ્યમ છે. એટલે પ્રકૃતિમાં એ વહે છે. પોતાની "સ્વયં" રીતે. પ્રકૃતિ એ તો વહેવા માટેનો પટ છે, છતાં પણ પ્રકૃતિનો એને પાસ નથી. પ્રકૃતિ અનુભવીનું કહ્યું કરે છે. જ્યારે જીવદશામાં પ્રકૃતિનું જ બધું સર્વસ્વ ચલણ છે, જોશ છે અને એનામાં કામક્રોધાદિ વિષયો હોવાથી જીવદશામાં તે પ્રકારના સંસ્કારો પડે છે. જ્યારે કામક્રોધાદિથી એ પ્રકારની ટેન્ડસીથી અનુભવી માણસ પ્રેરાયેલો હોતો નથી એટલે એ પ્રકારના એને સંસ્કાર પડતા નથી.**

આ ઉપરાંત, અનુભવ એને ક્યારે થયો કહેવાય કે જ્યારે એનામાં સંસ્કાર દગ્ધબીજ થઈ જાય. દગ્ધબીજ એટલે ઘઉં શેકેલા દેખાય તો ઘઉં જેવા જ, શેકેલા ઘઉં અને કાચા ઘઉં દેખાવમાં એક સરખા જ. જરા સરખો પણ ફરક નથી, પણ વાવીએ તો શેકેલો ઘઉં ઊગશે નહિ. કાચા ઘઉં ઊગશે. એવી રીતે અનુભવીના સંસ્કારો છે એ દગ્ધબીજ છે. એ ઊગી શકે નહિ. આ રીતે જે અનુભવી છે એની પ્રકૃતિ છે-એ પ્રકૃતિ દ્વારા ચાલતો નથી. પ્રકૃતિ તો એનું માધ્યમ છે. એટલે કે જીવદશામાં પ્રકૃતિની જે એની ઍક્ટિવિટીઝ (પ્રવૃત્તિઓ) હતી, જે એનો સ્વભાવ હતો, જે એની હેબિટ હતી, એ રીતે પ્રકૃતિ ત્યાં નથી. પ્રકૃતિ ત્યાં ડોર્મન્ટ (સુપ્ત) છે. અનુભવીની સ્થિતિમાં ત્યારે પ્રકૃતિ જો ડોર્મન્ટ છે, તો પ્રકૃતિના ત્યાં ગુણધર્મ નથી. આ બુદ્ધિથી સમજીએ તો પ્રકૃતિ

સંપૂર્ણપણે અનુભવીમાં ડોર્મન્ટ છે. એ ડોર્મન્ટ હોવાથી ત્યાં પ્રકૃતિના ગુણધર્મો લાગતા નથી, તો એ પ્રકૃતિની રીતે પ્રોસેસ ઑફ થિંકિંગ-વિચારની પ્રક્રિયા છે. એ ત્યાં અનુભવીની માનસમાં પ્રકૃતિની રીતથી નથી. આ તો એક પછી એક તર્ક આપણે લઈએ અને તે રીતે આ વાત કરું છું.

હવે, જો અનુભવીમાં આ પ્રકૃતિ તદ્દન ડોર્મન્ટ છે, એ જો આપણાથી સ્વીકારાય તો પછી બીજું પગલું એ આવે કે પ્રકૃતિની અંદર પ્રોસેસ ઑફ થિંકિંગ છે અને અનુભવીમાં પ્રકૃતિ સંપૂર્ણપણે ડોર્મન્ટ હોવાથી જે પ્રકૃતિની સ્થિતિમાં પ્રોસેસ ઑફ થિંકિંગ છે તેવા જ પ્રકારનો પ્રોસેસ ઑફ થિંકિંગ પેલા અનુભવીમાં ના હોય. તે આપણી બુદ્ધિ સ્વીકારે છે. ત્યારે આ પ્રકૃતિમાં શું છે ? આ વિચાર પ્રક્રિયામાં એક પછી એક લિંક (કડી) આવે છે. આપણો એક વિચાર પત્યો એનો કોરસ્પોંડિંગ (ને મળતો) બીજો વિચાર, એ વિચાર પત્યો એટલે પછી એનો કોરસ્પોંડિંગ ત્રીજો વિચાર, એમ એક પછી એક વિચારોની લિંક (કડી) આવે છે. આની પરંપરા ચાલે છે ત્યારે ''અનુભવી''માં પ્રકૃતિ તદ્દન ડોર્મન્ટ છે. એનું માધ્યમ છે. પ્રકૃતિનો એ સ્વામી છે. એટલે પ્રોસેસ ઑફ થિંકિંગ પેલામાં નથી. ત્યારે એનામાં શું છે ? એને સ્વયંમેળે કોઈ કર્મ કરવાનું આવ્યું તો આપણે અનેક રીતે વિચારીએ કે એનું ફળ શું આવશે ? કેવી રીતે કરું તો ઉત્તમ થાય ? પ્રોસ ઍન્ડ કોન્સ-એનાં બધાંય પાસાંઓ, એનાં બધાં આર્થિક કારણો, એની આજુબાજુનાં કારણો, એના આગળ પાછળના સંબંધોનાં કારણો એવાં અનેક પાસાંઓથી કર્મ વિશે આપણે વિચારીએ છીએ. જ્યારે પેલા અનુભવીને આ રીતની પ્રકૃતિ ડોર્મન્ટ હોવાથી પ્રકૃતિની રીતે એના ગુણધર્મો ત્યાં બજાવતી નથી. ત્યારે થાય છે શું ? સ્પોન્ટેનીયસલી (સ્વયંસ્ફુરિત) એને કામ કરવાનું છે. આમ કરવાનું છે, એમ એ નિશ્ચિતપણે એનામાં નક્કી થઈ જાય છે. પછી એના પર એને કોઈ વિચાર આવતા નથી. માત્ર એને કોઈ કહે કશું, કોઈ પૂછે, પછી એની મેળે વિચાર પરંપરાની રીતે બોલે, સમજાવે, કહે એ બધું ખરું, પણ એ બધું પણ સ્વયંમેળે સ્ફુર્યા કરે છે. એને કંઈ એના વિશે વિચારવા જવું પડે એવું એનામાં કંઈ હોતું નથી. એટલે કે અનુભવીમાં પ્રકૃતિ

સંપૂર્ણપણે ડોર્મન્ટ. અનુભવીમાં પ્રકૃતિ માધ્યમ હોવાથી એનામાં જે પ્રોસેસ ઑફ થિંકિંગ છે, તે પ્રકૃતિ પેલા અનુભવીમાં ના હોય તે આપણી બુદ્ધિ સ્વીકારે છે.

ત્યારે ના હોય તો શું હોય ? તો સ્વયંમેળે એવું નિમિત્ત જ્યાં પ્રગટે ત્યાં એ સ્વયંમેળે નિશ્ચિત થયેલી નક્કી થયેલી હકીકતવાળું એક મોજું ધરતીમાંથી જેમ જ્વાળામુખી ફાટી નીકળે, તેમ એનામાંથી સ્પોન્ટેનીયસલી (સ્વયંસ્ફુરિત) સ્ફુરી આવે છે. જેને આપણે પ્રેરણા કહો. જોકે એને પ્રેરણા નહિ કહેવાય. એનામાંથી કામ કરવાનું સ્પોન્ટેનીયસલી એક વલણ ફૂટી આવે છે. પછી એનામાંથી એને વિચાર-બિચાર કશો હોતો નથી. તે પ્રમાણે એનું થયે જાય છે. તેના પછી એને વિચાર નહિ હોય, વિચારની પરંપરા પણ નહિ હોય. એને આપમેળે વસ્તુ સૂઝી આવે છે.

કર્મની પાછળ અનેક રીતે બધાં વિચારતા હોય છે. એવું અનુભવીને કશું નથી. આપણે તો કર્મ કરીએ, તે કર્મ કરતી વખતે બધા વિચાર થાય, કેટલી બધી વૃત્તિઓ થાય, કેટલા બધા માણસના પરિચયમાં આવીએ. એક કર્મ કરતાં કરતાં અનેક કર્મ આપણે ઉપજાવીએ છીએ. અને એક કર્મ ભોગવતાં ભોગવતાં અનેક કર્મો ભાગવવાનો મસાલો ચિત્તમાં આપણે ઉમેરી દઈએ છીએ. એટલે કોઈ દિવસ અંત જ ના આવે. જ્યારે પેલાને એવું કશું હોતું નથી. એ પરિચયમાં હોવા છતાં, સ્પર્શેલો હોવા છતાં, તદ્રૂપ હોવા છતાં ''એ'' તદ્દન નોખો છે. એટલે કંઈ કશું એને વળગતું નથી.

**અનુભવી અને સ્વપ્ન**

અનુભવીનું મોટામાં મોટું લક્ષણ એ કે એના સંસ્કારો બધા દગ્ધબીજ થઈ ગયેલા હોય, અનાજના દાણાને શેકી નાખે પછી એ ઊગે નહિ. ભલે તમે એને વાવો. આખા ને આખા ઘઉં હોય કે મકાઈ હોય પણ શેકાઈ ગયેલાં હોય તો કદી ઊગે જ નહિ. તેવી રીતે એના સંસ્કારો દગ્ધબીજ થઈ જાય તો પછી એને સ્વપ્ન કેવી રીતે આવે ? આવી જ ના શકે. સ્વપ્ન કેવી રીતે આવે ? અનુભવીને જીવ પ્રકારના સંસ્કારો રહે જ નહિ. દગ્ધબીજ થાય, કારણ કે દ્વંદ્વાતીત-ગુણાતીત થાય છે. કેવી રીતે સંસ્કાર જાગે ? સ્વપ્નમાત્ર સંસ્કારમાંથી આવે. સંસ્કારને લીધે

સ્વપ્ન છે. ઓગણીસો ઓગણચાળીસ પછી મને ક્યારેય સ્વપ્ન આવ્યું નથી. આમ તો ઓગણીસો ચોત્રીસ પછીથી જ સ્વપ્ન આવ્યું નથી.

**અનુભવમાં સ્થળ અને કાળ**

અનુભવમાં ટાઈમ હોવા છતાં ટાઈમ ન લાગે. અનુભવમાં સ્થળકાળ હોવા છતાં નહિવત્ છે. અજ્ઞાનદશામાં શરીરનું મહત્ત્વ વિશેષ છે. શરીર માટે જ ક્રિયાઓ કરીએ છીએ. અનુભવમાં શરીરનું મહત્ત્વ ઘટી જાય છે. જેમાં ને તેમાં શરીરને આગળ અણાતું-(લવાતું) નથી. શરીર ખરેખર રોગોથી પીડાતું હોય, દર્દ થતું હોય, અત્યંત વેદના થતી હોય, તો એના વિશે એને મહત્ત્વ જ નથી રહેતું. જ્યારે ભાવ જાગે ત્યારે આવું થાય છે. પરસ્પર એકબીજાના દિલમાં ભાવ જાગે. અનુભવીના દિલમાં તો જે જે વ્યક્તિઓ હોય એના વિશે ભાવ હોય જ. એને કંઈ ભાવ આણવાની (લાવવાની) જરૂર નહિ. એનામાં સ્વયંભૂપણે ભાવ છે. જેની સાથે મળેલા છે અને જેની સાથે સંબંધ છે- તેમ પણ એને સંબંધ છે. એમ બધાં પ્રત્યે એનો ભાવ કાયમ છે. એટલે સામા પક્ષે જ્યારે એવો ભાવ જાગે છે, ત્યારે ભાવ ભાવનું કામ કરે છે. કેટલીક વાર કાગનું બેસવું અને ડાળનું ભાંગવું એવી રીતે ઉત્તર મળી જતા હોય એમ લાગે.

અનુભવી, કાળના ત્રણેય ભાગને એક થયેલા અનુભવે છે. સંસારમાં રહેનાર માણસને એના વર્તુળની સમજણ પડે છે. જેમ જેમ સમજે છે, તેમ તેમ એવી સમજણનો પણ એક આનંદ છે. સુખ કે આનંદની લાગણી વિના માણસ જીવી શકે નહિ. માણસ નિર્દયતામાંથી પણ આનંદ મેળવતો હોય છે. એ આનંદ બહુ નીચા પ્રકારનો કહો એ વાત જુદી છે. ગમે તે પ્રકારનો માણસ હોય, તેની સકળ પ્રકારની પ્રવૃત્તિ આનંદ અનુભવવા માટે હોય છે, પછી એ નીચી, મધ્યમ કે ઉચ્ચ કક્ષાનો હોય. દરેક પ્રવૃત્તિ આનંદ માટે જ હોય છે, એ હકીકતની વાત છે. એ બધાંનો અમર્યાદ તાગ માત્ર અનુભવી જ મેળવી શકે છે. જડ કે ચેતન બધાંનો તાગ એ સમજણ દ્વારા મેળવી શકે છે.

વર્તમાનમાં હોવા છતાં ભૂત અને ભવિષ્ય એકસાથે અનુભવી શકે છે. એટલે એને કાળની સમગ્રતા છે, કારણ કે એક જ પળમાં અને એક જ સ્થિતિમાં બધું અનુભવે છે. આ બધું દ્વંદ્વાતીત અને ગુણાતીત થયા

પછી જ અનુભવાય છે. વિપુલતાનો અનુભવ નિમિત્તને કારણે અનુભવીને થતો હોય છે. સ્થૂળ પદાર્થની વિપુલતા છે, પણ સૂક્ષ્મ ભાવાત્મક છે. એથી સ્થૂળપણાને પણ અનુભવે છે. સ્થૂળની વિપુલતા પણ અનુભવે છે. પોતાની પાસે બધું જ છે, એ રિયાલિટીથી (વાસ્તવિક રીતે) અનુભવે છે. આ મનુષ્યશરીરની રચના છે. પોતાને કયા તત્ત્વથી આ બધો અનુભવ થાય છે, એ મૂળ તત્ત્વને ખોળવા માટે જેને તલસાટ લાગેલો છે, તાલાવેલી લાગેલી છે, એવો જીવ જ એ તરફનો પ્રયત્ન કરતાં મૂળ તત્ત્વને અનુભવે છે, ત્યારે એની વિપુલતા એવા પ્રકારની થઈ જાય છે કે જેમાં ને તેમાં એ સમાયેલો છે. દરેક પદાર્થ-જડ કે ચેતનની વિપુલતા છે. કોઈ ને કોઈ કાળે એ અનુભવતો હોય છે. વિપુલતાના પ્રકારો પણ જુદા જુદા હોય છે. એની એક સમગ્રતા છે. એ બધું અનુભવવા માટે મનુષ્ય શરીર લાયકાતવાળું છે. બીજું કોઈ શરીર લાયકાતવાળું નથી. એ અનુભવ થાય છે, ત્યારે બધું જ મળેલું લાગે છે. ''છે''પણાની સભાનતાથી આનંદ મળે છે, ટૂંકાણમાં કહીએ તો બધાંનો હેતુ ''આનંદ'' છે. દુઃખમાં પણ આનંદનો અનુભવ કરે છે, દુઃખ વડે નહિ, પણ આત્માનો સ્વભાવ જ આનંદ છે. આ તો અનુભવીની વાત થઈ.

વચ્ચે કાળ અને સ્થળનું ફૅક્ટર (અવયવ) ઊડી જાય. એ દેખાય છે એવું નહિ. આપણે બુદ્ધિથી વિચારીએ તો સમજાય ખરું. શંકરાચાર્ય ભગવાને કહેલું કે આ બધું મિથ્યા છે, તે બધું રિલેટિવલી (સાપેક્ષ) છે. ચેતનની અપેક્ષાએ મિથ્યા છે, સ્થળ અને કાળના સંજોગમાં એ બધું રીઅલ છે. અનુભવમાં સ્થળ અને કાળ રહેતા નથી. સ્થળકાળ નથી તો સ્થળકાળમાં જે કંઈ છે, તે એ રીતે નથી. આપણી બુદ્ધિ સમજી શકે એવી હકીકત છે. આ કપોળકલ્પિત હકીકત નથી. દા.ત. હું આ જાણું કે આ કાંતા છે, રામ છે, ધીરજબહેન છે કે રમણભાઈ છે એ ઈંડિવિડ્યુઅલી- (વ્યક્તિગત રીતે) બધાંને ઓળખતો હોઉં અને સ્થળકાળ ઊડી જાય, ત્યારે એ જુદી જાતનું બને છે. ત્યારે એમની હયાતી તે રીતે નથી. ત્યારે એ જોતો હોય છે તે બધું એમ જ છે, પણ એનાં અંતર્ચક્ષુ ન્યારાં છે, કારણ કે એને સ્થળકાળ નથી. આથી જે ''છે'' તે એને ''નથી''.

## અનુભવીમાં પ્રકૃતિ

આપણી પ્રકૃતિ એ પણ આત્માનું એક રૂટિન છે. તે રૂટિનને આપણે ધારીએ તો બદલી શકાય. એ પોતે હોવા, રહેવા છતાં, એના ધાર્યા પ્રમાણે ચાલીએ છીએ, પણ જ્યારે આપણામાં આત્મા સબળ થાય, ત્યારે એ આત્માનું પોતાનું એક વર્ચસ્વ છે. આત્માને પોતાનું સ્વતંત્ર બળ છે. આત્માને પોતાની ઈચ્છા વગેરે નથી. આત્મામાં ઈચ્છા, આશા, કામના એ બધું છે નહિ, પણ જ્યાં સુધી શરીર છે અને આત્મા જેનામાં પ્રબળ રીતે જાગી ગયેલો છે અને પ્રબળ થયેલો છે પણ તેને શરીર છે ખરું, તે શરીર છે, ત્યાં સુધી પ્રવૃત્તિ છે, કોઈ ને કોઈ જાતની. ભલેને રસ્તા ઉપર પડી રહ્યો હોય તોપણ એને પણ કોઈ જાતની પ્રવૃત્તિ છે, પણ એ પ્રવૃત્તિ છે, ત્યાં સુધી મનાદિકરણ- મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ પણ છે. એ છે, તો પ્રકૃતિ પણ છે અને પ્રકૃતિ એની દાસી છે. ત્યાં આગળ પ્રકૃતિ શેઠ નથી. એ એની દાસી છે. આત્માનાં વલણના કહ્યા પ્રમાણે વર્તે છે. પ્રકૃતિ એની તેવા પ્રકારની થઈ જાય છે. બાકી, પ્રકૃતિ તો રહેવાની જ. કોઈ દહાડો પ્રકૃતિ જાય નહિ, કારણ કે સકળ બ્રહ્માંડનું આખું સર્જન પ્રકૃતિમાંથી થયેલું છે અને પ્રકૃતિમાં રહેલું છે અને પ્રકૃતિથી પોષાય છે. પ્રકૃતિથી જીવે છે એટલે પ્રકૃતિ તો રહેવાની જ.

કોઈ કારણોસર તેને સૂર્યમાં જવાનું થયું, તો સૂર્યમાં રહેતા જે જીવો છે, તેના કોષનું બંધારણ જે છે એ પ્રમાણે એનું ત્યાં બંધારણ થાય. ત્યાં જઈને જે હોય તે કરી દે. તે કામ કરીને આવે, પણ હવે સૂક્ષ્મ શરીર ગયું અને પાછું આ શરીરમાં આવ્યું ત્યારે એને ગરમી એટલી બધી હોય કે એના શરીરથી સહન ન થાય. એટલું બધું એને થાય કે આ શરીર કાં તો એને છોડી દેવું પડે, કાં તો સહન કરવાની શક્તિ હોય અથવા તો એમાંથી પર થયેલો હોય, અથવા તો જાણી જોઈને જ્ઞાનપૂર્વક એ બધું ભોગવે. આ શરીર, એ સૂર્યની ગરમી નહિ સહન કરી શકે, કારણ કે ત્યાં જઈને આવ્યો. ત્યાં સૂર્યમાં જે વસતા જીવોનું જે બંધારણ છે શરીરનું, તે પ્રકારનું શરીર ધારણ કરી ત્યાં રહ્યો, પણ આ શરીરમાં પાછો આવે, ત્યારે તે વખતે ત્યાંથી તેની સાથેનું જે હોય છે, તે કંઈ નાસી જતું નથી. તે આવે તે વખતે શરીરમાં જે એને ગરમી થાય, એનું એને અસહ્ય દર્દ હોય છે. એવી રીતે બીજા ગ્રહોની અંદર પણ જાય

ત્યાં, ત્યાંનું વાતાવરણ તો એને સ્પર્શે છે. ત્યાં જઈને આવ્યા પછી તેમાંથી પર રહી શકે છે ખરો. થોડો વખત આ શરીરમાં એ વાતાવરણ રહે છે ખરું. કેટલાકને વધારે કાળ રહે, કેટલાકને ઓછો કાળ રહે, તેનું એકસરખું ધોરણ કંઈ નથી, પણ શરીરમાં રહે ખરું. એટલે શરીરને અવનવું થયા કરે. એનું શરીર એપ્ટ (લાયક) હોય, વાતાવરણને જીરવી શકે, સ્પર્શી શકે અને મજબૂત થયેલું હોય તોપણ એને અસર થાય.

**આ આપણી સૂર્યમાળા છે, તે સૂર્યમાળામાંથી પણ બહાર જઈ શકે છે. આપણી બુદ્ધિમાં આવી શકે એવી વાત નથી, કારણ તેની સાબિતી કંઈ આપી શકાય તેમ નથી, પણ અનુભવીને માટે એ પોસિબિલિટી-(શક્યતા) છે એટલું જ નહિ, પણ રિઆલીટી (વાસ્તવિક) છે, કારણ કે અનેક અનુભવો લેતું, ફરતું ફરતું આ મનુષ્ય શરીર થયેલું છે. એટલે પહેલાં એક ઠેકાણે હતું તેમાં ફરતું ફરતું આમાં આવ્યું છે. એટલે અનેક પ્રકારનાં એનાં નિમિત્ત છે. તે નિમિત્ત જ્યાં જ્યાં છે, ત્યાં ત્યાં એ છે. એકીવખતે અનંત ઠેકાણે એ હોય છે.**

**અનુભવીમાં જ્ઞાનની સર્વશક્તિ**

જ્યારે જીવાત્માને જ્ઞાનનો અનુભવ થાય છે, ત્યારે તે જ્ઞાન કંઈ એકલું હોતું નથી, જ્ઞાનની સાથે તેની શક્તિ આપોઆપ સહજપણે સંકળાયેલી છે જ. જ્યાં જ્ઞાન છે ત્યાં શક્તિ છે. જ્યાં જ્ઞાનશક્તિ છે, ત્યાં સર્વવ્યાપી સર્વગ્રાહી ભાવ પણ છે. જ્યાં ભાવ છે ત્યાં પ્રેમ હોય જ. સર્વને મુગ્ધ કરી દે એવા આત્માની નૈસર્ગિક સૌંદર્યકળા પણ એના જીવનમાં પ્રકટેલી અનુભવાય છે. સૌંદર્યની કળામાં સુમેળભાવ, સુસંવાદિતા આદિ ચેતનની ભૂમિકાની કળાઓ તેમાં સર્જન પામેલી હોય છે જ. એક કળા જન્મે એટલે તેની સાથે પરસ્પર સંકળાયેલી એવી શક્તિનાં અનેક પાસાંના ભાવો આપોઆપ સાથોસાથ પ્રકટ્યા કરતા હોય છે.

જેમ કરોડાધિપતિ હોય, તેમ છતાં જેમ જેમ જેટલી જરૂર પડે તેમ તે ધનશક્તિ ખરચતો હોય છે, તેમ તેવાનું (ઉપરના આત્માના જીવનનું) બન્યા જતું હોય છે. સકળ આકર્ષણનું મૂળ તેનામાં હોય છે. નિમિત્તસંજોગે જે તે કોઈને તે પોતાની પાસે આકર્ષાવી શકે છે. જુદી

જુદી પ્રકૃતિના જીવને-તેઓ પરસ્પર વિરોધી ભલેને હોય, એવાને પણ પોતાની સાથે ભેળા રાખી શકે છે તથા આગળ જતાં તેમનો તેમનો આંતરિક સુમેળ પ્રકટાવવાનું જ્ઞાનભાન પણ તેમનામાં તે પ્રકટાવતો હોય છે. તેમ કરીને તેમનામાં હૈયાનો સુમેળભાવ પણ જીવતો કરાવી શકે છે.

**જીવન્મુક્ત**

જીવન્મુક્ત માનવીમાં ઇંદ્રિયો, ગુણ, ભાવના, લાગણી, ઊર્મિ નાશ પામી જાય છે એવું નથી હોતું. શરીર છે, ત્યાં સુધી તે બધું રહ્યાં કરે છે. માત્ર તેમનાં કાર્યક્ષેત્ર નીચે વહી જનારી પ્રકૃતિને વશ નથી હોતાં એટલું જ. તેવાં તેવાં કાર્યક્ષેત્રમાં જ્યારે જ્યારે તે બધાં પ્રેરાય છે, તેમાં એને એનાં જ્ઞાનહેતુનું જીવતું ભાન રહ્યા કરતું હોય છે. એ ત્યાં જડ યંત્રવત્ દોરવાતો હોતો નથી. He acts as a master એ તો પરિસ્થિતિના રાજાની મુજબ વર્તે છે. એને કર્મ આવશ્યક નથી હોતાં. કર્મની આવશ્યકતા સ્વીકારતાં એની મુક્તતામાં બાધ આવે છે. એ કર્મ કરે છે ખરો, પણ તે પ્રભુ પ્રેરિત હોય છે માટે. પ્રભુના આદેશની સમજણ કહો કે આત્માના સહજ જ્ઞાનના કોઈ અકળ એવા સહજ હેતુથી કહો, તે સ્વતઃ ફૂલની કળીનું ખીલવું જેમ સહજ રીતે બને છે તેમ તેનું તેવા કાર્યમાં પ્રેરાતું જવું બનતું હોય છે. જીવન્મુક્ત દ્વંદ્વથી પર ભલે હોય, તેથી એને હર્ષ, શોક, લાગણી વગેરે નથી થતું એમ નથી. માનવીમાં તે તે બધું સ્વભાવના ગુલામ તરીકે બને છે, ત્યારે પેલામાં જેની જેની સાથે સંબંધમાં આવે તે તે સાથેના તાદાત્મ્યભાવથી પ્રેરાઈને તેના જીવનમાં તે તે વૃત્તિઓ દ્વારા તે જ્ઞાનપૂર્વક ભાગ લઈ રહેલો છે. એવી એવી વૃત્તિઓ ઉદ્ભવતાં તે તેનો ભોગ થઈ પડતો નથી. પણ ત્યાં એને કેવી રીતે, ક્યાં, કેટલા પ્રમાણમાં પરોવવી એ બધાનું જ્ઞાન રહ્યા કરે છે. જ્યાં સુધી શરીર છે, સમાજમાં છે ત્યાં લગી તે પ્રારબ્ધ કર્માનુસાર કર્મ ભોગવવાનાં હોય તેમાં કે આદેશ કાર્ય હોય તેમાં કે સમષ્ટિરૂપ કાર્ય હોય તેમાં પોતે જ તેનો સ્વામી છે, જન્મદાતા છે અને ભોક્તા પણ છે અને તે છતાં પણ પાછો ક્યાંય નોખો છે. તે ભાવયુક્ત રહી ત્યાં ત્યાં પ્રવર્ત્યા કરતો હોય છે. જીવન્મુક્તને ઐહિક દૃષ્ટિએ કશું વિકાસ પામવાનું ભલે બાકી રહેતું ના હોય, પરંતુ પરબ્રહ્મભાવમાં તો

વિકાસ સહજમેળે તે પામ્યા કરતો હોય છે. ત્યાં પ્રયત્ન નથી રહેતો એવું લાગે છે. જીવન્મુક્તનું સારુંયે જીવન પારમાર્થિક હોય છે. એણે કર્મ કરવાં જ જોઈએ એવું નથી. તેથી, તે કર્મ કરવાનું નથી એમ પણ નથી. એનાં કર્મો ભાગવતી બનતાં જાય છે, થતાં જતાં હોય છે.

## અનુભવવા જીવન આ છે

હરિના સર્વ જે જે છે, બધા ગુણ-ધર્મ જ્યાં તે તે
-જીવનમાં સાવ પ્રત્યક્ષ થતાં, સાકાર દર્શન તે.

નર્યું તાદાત્મ્ય સંપૂર્ણ છતાં સાક્ષીત્વ પાછું છે,
ભળેલો પૂર્ણ હો, તોયે અલિપ્ત જ પૂર્ણ સાક્ષી તે.

સ્થળાતીત આપ સંપૂર્ણ શી કાળાતીત, દ્વંદ્વાતીત
-ગુણાતીત પૂર્ણ સંપૂર્ણે, શું સાકાર, નિરાકાર !

હરિની દિવ્ય લીલાને અનુભવવા જીવન આ છે;
કૃપાની શી પ્રસાદી છે ! મહદ્ ઉપકાર હરિનો તે.

અનુભવી, દ્વંદ્વાતીત-ગુણાતીત થાય, ત્યારે બધી ઇંદ્રિયો છે, એ જ્યાં જ્યાં નિમિત્ત હોય, ત્યાં ત્યાં પ્રવેશને માટે છે. ઇંદ્રિયોનાં પ્રત્યેક કાર્ય નિમિત્તમાં પ્રવેશી કર્મ કરવા માટે છે. એનું સ્થૂળપણું દેખાય તે સ્થૂળ નથી હોતું. એનું ખાવું, પીવું, બોલવું, ચાલવું - લાગે બધું સ્થૂળ, પણ ખરેખર એ એવું હોતું નથી. આપણું જેવું હોય છે, એવું સ્થૂળ પણ હોતું નથી.

આખરે આપણે એને માન્યો કે પ્રકૃતિથી મુક્ત છે, તો સર્વ પ્રકારનું કર્મ પ્રકૃતિ ન હોય. બધી જ ઇંદ્રિયોનું તથા મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ કે કોઈ પણ જાતનું કર્મ સ્થૂળ ન હોય. આપણા જેવું લાગતું હોવા છતાં એવું ન હોય, સૂક્ષ્મ હોય. એટલે જ કહ્યું કે એને સમજવો દુર્લભ છે.

સામાન્ય માણસને આપણે સમગ્રતાથી સમજી શકતા નથી, તો પછી પેલાને તો સમજી જ કેવી રીતે શકાય ? માટે, સમજવાનું છોડી દો. એની સોબત રાખો. દિલથી દિલનો સંબંધ રાખો. એ આપણા માટે ઉત્તમ છે.

## તેમ છતાં વિશિષ્ટતા હોય

જે જે આત્મનિષ્ઠ થયા છે, તેમના તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ જોવામાં આવેલી છે, તો તેવી વિચિત્રતાઓ શેને કાજે એમ કોઈ પૂછે ખરું; તો એનો જવાબ એ હોય, ‘‘સામાન્ય માનવીમાં અને આત્મનિષ્ઠ બંનેમાં વિચિત્રતાઓ હોઈ શકે, પરંતુ સામાન્ય માનવી પ્રકૃતિવશ હોવાથી વિચિત્રતાઓનો દાસ હોય છે, જ્યારે આત્મનિષ્ઠ તેનો સ્વામી હોય છે.’’ જો જોવા જઈએ તો દરેકનામાં કંઈ ને કંઈક વિચિત્રપણું પ્રવર્તેલું જણાયા વિના રહી શકતું નથી. પરંતુ પેલાની વિચિત્રતાઓની પાછળ હેતુ હોય છે, અમુક પ્રકારની સમજણ પડેલી હોય છે. એને કોણ સમજવા જાય ! દાખલા તરીકે આ જીવ તેવા મહાન આત્માઓના ચરણરજની કણનીયે કણ નથી, ને કંઈ કશી સરખામણીમાં તો હોઈ જ કેવી રીતે શકે ? કારણ કે કોઈ કોઈની સરખામણી જ થવી શક્ય ન હોય. પુરુષ ધારે ત્યારે પ્રકૃતિના કર્મમાંથી પોતાની સત્તા પાછી ખેંચી શકે છે ને એને નિર્માલ્ય પણ બનાવી શકે છે. પોતાની (પુરુષની) સંમતિ વિના તે કાંઈ કરી ના શકે એમ પણ એને (પ્રકૃતિને) અનુભવવામાં પ્રગટી જાય છે. એમ પ્રકૃતિથી ભિન્ન, તટસ્થ થવાથી અને તેના ઈશ્વરભાવને મોખરે આણવાથી અથવા પ્રત્યક્ષ જ્ઞાનાત્મક, અનુભવાત્મક દશામાં પ્રેરાઈ પ્રેરાઈને પ્રકૃતિમાં પણ આત્માની જ્ઞાનમય, પ્રકાશમય અને શક્તિમય શુદ્ધિ પ્રગટાવવાની છે. આ શુદ્ધિ તે આપણે સામાન્ય રીતે જેને નીતિસદાચારથી ઉદ્‌ભવતી શુદ્ધિ જાણીએ છીએ તેવી શુદ્ધિ નથી. તે શુદ્ધિનો પ્રકાર તો કોઈ વળી ઓર જ છે. શુદ્ધિને બદલે સ્વરૂપ શબ્દ લખ્યો હોત તો વધારે યોગ્ય થાત.

### અનુભવીની ભાષાની જાણકારી

અનુભવી પુરુષ ઉર્દૂ બોલે, પર્સિયન બોલે કે લૅટિન બોલે એવું કંઈ હોય નહિ, પણ કોઈ ભાષામાં બીજા બોલતા હોય, તે એનો મર્મ સમજી શકે ખરા. પોતાનું શરીર જે ભાષાના વાતાવરણમાં જન્મ્યું હોય, એ જ ભાષા એ બોલી શકે. હા, પણ એ સમજી શકે ખરો. કહેવાનો મર્મ સમજી જાય, પણ ઍક્સપ્રેસ-(વ્યક્ત) તો પોતાની જ ભાષામાં કરી શકે.

લોકો આ બાબતમાં પણ અતિશયોક્તિ કરે. સામો માણસ શું કહેવા માગતો હોય છે, એના હાર્દની એને ખબર પડી જાય, તે પણ ડીટેલમાં (વિગતવાર) ખબર ના પડે.

## અનુભવીની પ્રાર્થના

હું આપને ત્યાં ભૂમિપૂજન કરાવતો હતો. હું એ કરતો હોઉં, એ વખતે મારા દિલનો ભાવ-પ્રાર્થના એ વાસ્તવિકપણામાં રહે ખરાં, કારણ કે એ જો ના હોય તો આખો હેતુ માર્યો જાય. એ પ્રાર્થના અને ભાવ સ્ફુરતાં હોય એ એટલા બધા એકાગ્રતાવાળા અને કેંદ્રિતતાવાળા હોય. એ ભાવને લીધે એ ભૂમિપૂજન થતું હોય, એ વિસ્તારને પામ્યા કરતું હોય. વિસ્તાર પામવાની અંદર એની જે રિઆલિટી થવાની હોય કે થતી હોય કે થતી જવાની હોય એ પણ બધું અંદર આવી જાય. ત્યારે આપણને એ સ્પષ્ટપણે ખ્યાલ ન આવે, કારણ કે તે વખતે એ પ્રાર્થનાના ભાવમાં હોય. જો એનો તેવો હેતુ હોય અને એને દેખાય તોપણ એ કોઈને કહે નહિ. એ કહેવાય જ નહિ. જેમ કોઈ ઘણો પૈસાદાર માણસ હોય, એ પોતાની રકમ વિશે કશું કહેતો નથી. લોકો એની મેળે ભલે જાણ્યા કરે, પણ એ પોતે કહેશે નહિ. જરૂર પડ્યે એને બતાવે એ જુદી વાત છે. વ્યવહારમાં પણ જરૂર પડે ત્યારે એ બતાવે ખરો. એ રીતે અનુભવી પુરુષને પણ હાલના જીવનના તબક્કામાં જરૂર ઊભી થાય તે પ્રમાણે ચેતનને વ્યક્ત થવાને ભગવાનને પોકાર પાડવાપણું થાય છે. આ પોકાર પાડવાનું તો ખાલી મનથી જ હોય છે. બાકી, એને તો હાજરાહજૂર છે. જેમ આપણી પાસેથી રકમ બૅંકમાં કે તિજોરીમાં મૂકી હોય, પણ જરૂરિયાત પડે એટલે અંદરથી લઈને વાપરીએ છીએ, પણ તેવી રીતે ભગવાનને ભક્ત વાપરતો હોતો નથી, પણ જરૂર પડે ત્યારે તે કહે છે કે "પ્રભુ, આમ છે, તેમ છે. પછી એ નિશ્ચિંત થતો જાય છે, પછી એમ બને કે ના બને એની એને ચિંતા હોતી નથી. એ તો સ્થિતિની વાત પ્રભુને તે તે વખતે માત્ર કહી દે છે. જે થશે તે યોગ્ય થશે, એની એને પૂરેપૂરી ખાતરી હોય છે."

## અનુભવીની વાણી

વિદ્વાનો બધી મીમાંસાઓ-વાદો વિશે વાતો કરે. એટલું બધું કન્વિંસીગલી (સંમત થઈએ એવું) બોલે કે વાત સાચી છે, પણ એમના જીવનમાં પ્રત્યક્ષપણે એવો અનુભવ હોતો નથી. એટલે વાત ભલે સાચી હોય, પણ એના જીવનમાં ઉઠાવ થાય નહિ. બીજાને ઈન્ટેલેક્ચ્યુઅલ કન્વિક્શન કરાવી શકે, પણ તેથી કરીને એને-બુદ્ધિથી જે વિદ્વાન થયેલો છે-એને એનું નક્કરપણું અનુભવાયું નથી.

અનુભવી પુરુષ બીજાને કન્વિંસ (દલીલથી સમજાવે) કરાવે, પણ એ જે છાપ પાડે છે, એ તો પેલા કરતાં જુદી હોય છે. પેલો વિદ્વાન બોલે તેની સ્થૂળ પણ અસર છે. અનુભવી બોલે, જે વાત કરે ત્યારે તે એક જ સ્થળ પણ સ્પર્શતો નથી. શરીર સ્થૂળ હોવાથી સ્થૂળને સ્પર્શતો હોય છે. જ્યારે અનુભવી પાસે એકલું સ્થૂળ નથી હોતું. એની પાસે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણેય છે. ‘‘કારણ’’ને તો એ સ્પર્શતો નથી હોતો, કારણ કે ‘‘કારણ’’ને સ્પર્શવા જાય તો જે કામ થવાનું છે, તે થાય નહિ. એટલે એ સ્થૂળ અને સૂક્ષ્મ બંનેને સ્પર્શે છે. અનુભવી સ્થૂળ કરતા સૂક્ષ્મને વધારે સ્પર્શે છે. એ કોઈના ખ્યાલમાં ન આવે. જેમ કોઈ પૈસાદાર માણસ હોય. એની સાથે આપણો ઘણો સંબંધ હોય તો પોતાની લાગવગથી કે ગમે તેનાથી એને ઊંચે આણી શકે છે, તેવી રીતે પેલો વિદ્વાન છે, તે બ્રહ્મની વાતો કરે ખરો—કન્વિંસ પણ કરાવે—પણ એનો સ્પર્શ માત્ર સ્થૂળ બુદ્ધિને જ થાય છે. જ્યારે અનુભવી સ્થૂળની રીતે વાતચીત કરીને સૂક્ષ્મને સ્પર્શે છે, એનું માધ્યમ જ સૂક્ષ્મ છે. આ એક મોટામાં મોટો તફાવત છે, પણ કોઈને આ સમજાતું નથી. જો આપણે એની સાથે લાંબા ગાળા સુધી પ્રેમભક્તિપૂર્વકના હોઈએ તો એ અસામાન્ય છે, એ ખ્યાલમાં આવી જાય. એનાં કેટલાંક કર્મ એવાં થાય કે સામાન્ય રીતનો માણસ હોય તેનાથી ન થાય, એ માત્ર અનુભવીથી થાય.

**અનુભવી અને નૈતિકતા**

‘‘મોરાલિટી’’ દ્વંદ્વના ક્ષેત્રમાં આવી જાય છે. પ્રકૃતિનાં ક્ષેત્રમાં આવી જાય છે. ચેતનમાં મોરાલિટી જેવું છે નહિ. લોકો આરોપે ખરા, પણ ત્યાં નીતિ-અનીતિ જેવું નથી. એથી અનીતિમાન છે, એવું નહિ માનવું. ચેતન ઉદ્‌ભવેલું એવા જીવમાં સંસારવ્યવહારના અથવા તો પ્રકૃતિ ક્ષેત્રનાં લક્ષણો, ધર્મો નથી, કારણ કે અમુક ધોરણથી વર્તે એવું ધોરણ નથી. ધોરણ હોય તો ચેતનનું છે. ચેતનનું ધોરણ પ્રકૃતિથી નક્કી થઈ શકે. એટલે એવા લોકો વિશે ઘણીવાર ગેરસમજ થાય છે. તમારી પ્રકૃતિની સમજણ પ્રમાણે એ વર્તે એવું બંધારણ એનું હોતું નથી.

જીવદશાની અંદર આપણે હોઈએ, ત્યારે જ યોગ્ય પ્રકારનાં મૂલ્યાંકનો બરોબર છે, પણ એ જ મૂલ્યાંકન પ્રમાણે પેલા વર્તે એવો કોઈ નિયમ નથી. એથી એ ધોરણોનો ઉચ્છેદ કરે છે એવું નથી. માત્ર

એ ધોરણો પ્રમાણે વર્તતો નથી. એથી આપણી સમજથી માપવો નહિ. જીવદશામાં હોઈએ તોય બીજા જીવને માપવાનો પ્રયત્ન ના કરવો. સંસારવ્યવહારમાં વર્તતાં આપણી જાતને માપો, આપણી જાતને શોધો. આપણી જાતમાં જે કાંઈ હોય, તેને જોયા કરો અને યોગ્ય લાગે એને મઠારો જ, પણ માણસ હંમેશાં પોતાના કરતાં બીજાને વિશે જ વધારે વિચારતો હોય છે.

**અનુભવી અને વેદના**

વેદના કે દુઃખ એનાં મૂળમાં કશાકની યાદ તાજી કરાવે છે. એટલે ભક્ત માણસ કે જ્ઞાની કે યોગી કે ધ્યાની કે એવા જે માણસો છે, એને વેદના છે, તે એને ભગવાનની યાદ જીવતી રખાવે છે. ભૂલવા ન દે ક્ષણવાર પણ. વેદના ના હોય તો એ માત્ર આનંદમાં આહ્‌લાદમાં મસ્ત રહ્યા કરે અને જેમ દારૂ પીધો હોય અને નશો ચડે, તે જેમ નશામાં ને નશામાં માણસ આનંદમાં રહે તેમ તે આનંદના આહ્‌લાદમાં પડ્યો રહે છે, પણ મૂળમાં ભગવાનને લીધે છે. **તે ભગવાન ભલે એને અનુભવમાં આવી ગયો હોય, પણ ભગવાન પ્રત્યેક પળે એની કૉન્શયસનેસમાં (સભાનતામાં) છે, એવું નથી હોતું.** જ્યારે વેદનાને લીધે એની કૉન્શયસનેસ પ્રત્યેક પળે જીવતી રહે છે. એવો આ કાળમાં વેદનાને લીધે મારો અનુભવ છે.

તો પછી બીજો તર્ક એની સામે એમ ઊભો થાય છે કે તો પછી વેદના લાગે કેમ ? ઈશ્વરનું, ભગવાનનું અસ્તિત્વ જો રહે છે, તો ભગવાનના અસ્તિત્વમાં તો માત્ર આનંદ જ છે. બીજું કંઈ તો છે નહિ. જો આનંદ જ એટલો બધો હોય, તો પછી દુઃખ કે વેદના હોતી નથી, એમ સમજણમાં આવે. પણ તેમ નથી. ભગવાનના અસ્તિત્વમાં બધું જ છે. સુખદુઃખ બંને છે, કારણ કે આખરે તો આપણે પ્રકૃતિમાં છીએ. પ્રકૃતિમાં હોવાથી અને પ્રકૃતિમાં ભગવાનનો અનુભવ થતો હોવા છતાં, પ્રકૃતિ જતી રહેતી નથી. પ્રકૃતિ, પ્રકૃતિ તરીકે રહે છે. એટલે એને વેદના થાય ખરી. વેદનાનો અનુભવ થાય, પણ વેદનાથી એ લેવાઈ ના જાય.

## અનુભવીની ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી

જેટલો વખત આપણી ભગવાન જોડેની લિંક (સાંકળ) બંધાય, ત્યારે ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી (વ્યક્તિગત વ્યક્તિત્વ) બંધ થઈ જાય

? ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી રહે. એવી રીતે રહે છે કે "અ" ને રીઅલાઈઝેશન (અનુભૂતિ) થયું. એ કર્મ કરે છે એ નિમિત્તને લીધે કરે છે. બાકી, એને કશાં કર્મ કરવાની જરૂર નથી. શરીર છે ત્યાં સુધી કર્મ વિના રહી શકતો નથી. કર્મ ઈસેંસ્યલ (જરૂરી) છે. જેવી રીતે શરીર માટે ખોરાક ઈસેંન્સિઅલ છે તેવી રીતે કર્મ આપમેળે નિમિત્તરૂપે મળ્યાં કરે છે, એટલે કર્મ કર્યા કરે છે. એવી રીતે ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી (વ્યક્તિત્વ) રહે છે, પણ એને એમ ગણતો હોતો નથી. એની ઈન્ડિવિજ્યુઆલીટી અવેરનેસ નથી, એને તો ભગવાનની અવેરનેસ છે. ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી રહે પણ એની અવેરનેસ ના હોય. પોતે "પોતે" છે શાથી ? અહમ્‌ને લીધે. પણ અનુભવીનો અહમ્ હરિમાં ગળી જાય છે. પોતે "પોતારૂપે" મટી જાય. આની ઈન્ડિવિજ્યુઆલિટી અને જીવદશાની ઈન્ડિવિજ્યુઆલીટીમાં આસમાન જમીનનો ફેર છે.

**અનુભવીની સ્થિતિમાં ઈન્ડિવિજ્યુઆલીટી ના રહે તો પછી એને નિમિત્ત જ ના આવે. એને શરીર છે, ત્યાં સુધી એને નિમિત્ત છે.**

"ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી" કહીએ છીએ, તેની સમજણ માત્ર પ્રકૃતિમાં જ રહેલી છે, પછી નથી. ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલીટી પછી કોઈ રહેતી નથી. આત્માના પ્રદેશમાં જીવીએ ત્યારે "ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી" જેવું કંઈ હોતું નથી. એ તો સર્વત્ર પ્રસરેલો, સર્વત્ર બધે જ જ્યાં ત્યાં છે. કોઈ ઠેકાણે નથી એમ નથી. અને એને કાળ જેવું કંઈ છે નહિ. એટલે ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી જેવું કંઈ રહેતું નથી. એ પ્રકૃતિના વિષયમાં જ આવી શકે. આત્માના વિષયમાં "ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી" રહે નહિ. જો એ રાખવા જાય તો બધાંમાં ભળી ના શકે. હળીભળીને એકરસ ના થઈ શકે. "ઈન્ડિવિજ્યુઅલ પર્સનાલિટી" કહો એટલે સમજી લેવું કે આ અહમ્ છે, ત્યારે આત્માના પ્રદેશમાં અહમ્ તો હોતું નથી.

ચેતનામાં જાય એનું અસ્તિત્વ રહે કે નહિ ? એની પર્સનાલિટીનું શું ? પછી એને પર્સનાલિટી (આગવું વ્યક્તિત્વ) જેવું કંઈ કશું રહે નહિ. એ ગોડ હિમસેલ્ફ (પોતે જ પ્રભુ) જેવી સ્થિતિ થઈ જાય. આ પૃથ્વી પર કેટલા બધા જીવો મુખ્ય હોય, તે માણસો સાથે સંબંધ હોય છે. દોસ્તી થઈ હોય, મૈત્રી થઈ હોય. જીવનમાં ખરી ભક્તિ જાગી

હોય, એવા લોકો એને યાદ કરે છે અને બહુ ભક્તિ કરે, એને પોકાર પાડે. આ બધાને લીધે જુદું અસ્તિત્વ છે, તેમ લાગે છે. પણ ઈનફેક્ટ (ખરેખર) નથી. જ્યારે એ તત્ત્વ સાથે જે એનો અહોભાવ છે, એકત્વભાવ છે, જેની સાથે ભાવાત્મક એ બધા જે ભાવ છે, તેની સાથે કામ કરતું હોય, અને કામ કરતું હોય છે એટલું જ નહિ, કેટલાક પ્રત્યક્ષ આકારરૂપે પણ દેખાય. અત્યારે આકાર દેખાય છે. જેવી જરૂરિયાત હોય ત્યાં દેખાય. આવા લોકોના કિસ્સામાં આ બધું બુદ્ધિથી કે દલીલથી કશાથી આપણે યથાયોગ્ય ઠેરવી શકીએ એવી સ્થિતિમાં નથી. આ છે જ, અને આવી રીતે છે, એમ કહી શકીએ નહિ. બધા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે કે બુદ્ધિથી આ યોગ્ય છે એમ ઠેરવી શકાય છે, પણ મારા ગળે એમની વાત ઊતરતી નથી. તમારે કહેવું હોય તો કહો, એ આમ ફેક્ટ છે, પણ માનવું ના માનવું દરેકની મુનસફીની વાત છે, પણ એ ખરેખર ફેક્ટ છે જે એવી દલીલો કરે છે, અને એ લોકોએ બુદ્ધિથી દલીલો શોધી છે. મારે ગળે ઊતરી નથી. તેથી મેં એના વિશે વિચાર કર્યો નથી.

પણ એનું જુદું અસ્તિત્વ હોતું નથી. આપણી જાત જુદી છે એમ આપણને લાગે છે. એવી રીતે પેલા મહાત્માઓ, મહાન તત્ત્વોમાં લય થઈ ગયા છે, ત્યારે એને અસ્તિત્વ નથી. તેમ છતાં એમનું અસ્તિત્વ આપણને લાગે છે, **એ આપણી પોતાની ભાવનાને લીધે લાગે છે. બાકી નથી, એવું મને લાગેલ છે.**

આવા જે લય થઈ જાય છે, તોપણ એના જે ભક્ત છે, જે એના રિલેટિવ્સ (સંબંધી) છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## પ્રકરણ-૧૯

# અનંત સાધનાપથ

શરીર હોવા છતાં, પૂર્ણ અશરીરી જે ભૂમિકા છે
-શરીરની ના હજી થઈ છે, શરીરને રોગ તેથી છે.

---

શરીરની આગવી શક્તિ સચેતન ના બનેલી છે;
હરિનું અવતરણ હજી ત્યાં પૂરેપૂરું થયું ના છે.

---

શરીર આ સ્થૂળ સંપૂર્ણ હજી શક્તિ હરિની તે
-ન ઊતરી ત્યાં શકેલી છે, બધી પંચાત તેથી છે.

### ચેતનશક્તિનું યુદ્ધ

આપણામાં પાંચ તત્ત્વો. એ પાંચ તત્ત્વોની અંદર આકાશ, તેજ અને વાત સુધી જ ચેતન. જળ અને પૃથ્વીમાં નથી. જળ અને પૃથ્વીમાં થાય તો શરીરનું સબ્લિમેશન (ઊર્ધ્વીકરણ) જુદા પ્રકારનું થઈ જાય. એને રોગ ના હોય, મૃત્યુ પણ નહિ. એટલે સ્વેચ્છાએ આખું પ્રોક્રિયેશન (નવું સર્જન) પણ જુદી રીતે થાય. મનુષ્યનું બીઈંગ (હોવાપણું) ફેરફાર થઈ જાય. એને રોગ નહિ. નિત્ય જુવાન શરીર. ભલે સો, બસો, પાંચસો વર્ષ થઈ જાય. આજના જેવું ઘરડું લાગે છે તેવું નહિ લાગવાનું. સામાને પણ જુવાન જેવું લાગે. જુવાની, ઉત્સાહ, ઉમંગ તો હોય જ. અત્યારે પણ અનુભવી માણસને શરીર ગમે તેવું લાગે પણ એનો ઉત્સાહ અવનવો. એ તો આપણને પણ લાગે અને પરિચયમાં આવનારને બીજાઓને પણ લાગે, પણ પેલામાં જ્યારે જળતત્ત્વ અને પૃથ્વીતત્ત્વમાં અવતરણ આ પ્રમાણેનું થશે, ત્યારે મનુષ્યનું શરીર આ પ્રકારનું નહિ હોય. અત્યારે જે છે તેવું નહિ હોય, પણ તેથી આખા સમાજનું આ પ્રમાણે થઈ જશે એવું માનવામાં આવે છે, જેમ કે શ્રીઅરવિંદની થિઅરી-સિદ્ધાંત- છે કે આખા સમાજમાં પરિવર્તન થાય- એ મારી સમજણમાં નથી આવ્યું. જળ અને પૃથ્વીમાં ચેતનનું અવતરણ થશે, ત્યારે સંપૂર્ણ સોળ કળા એનામાં ખીલશે.

**અત્યાર સુધી આપણા દેશમાં જે બધા અનુભવી થયા છે, તે અનુભવીની અંદર પણ જળ અને પૃથ્વીતત્ત્વમાં અવતરણ નથી થયું. આપણે જેને અવતાર કહીએ એ રામ અને કૃષ્ણને પણ જળ અને પૃથ્વીમાં નથી થયું.**

જેમ હવા બધે જ પ્રસરેલી છે. કોઈ ઠેકાણે બાકી નથી. ગુફાઓની અંદર પણ રહેલી છે. ખીણમાં પણ રહેલી છે. પર્વતનો કેટલોક કઠણ ભાગ છે, પણ તેના અણુએ અણુમાં હવા રહેલી છે. એવી રીતે આ જે આત્મતત્ત્વ છે, એ બધે જ છે. બધામાં જ છે અને એનામાં બધું છે. એની અંદર બધું જ છે. એ બધું જે એનામાં છે. એ બધું જેમ છે એમ નિમિત્ત પણ એનામાં છે. નિમિત્ત એનામાં છે, છતાં પણ આ બધું જ છે ખરું, પણ એ એનાથી જેમ એ બંધાયેલો નથી, અથવા એનાથી અસ્પૃશ્ય -એ નોખો છે. નોખો હોવા છતાં એની સાથે છે. પણ બંધાયેલો નથી, એની સાથે. એનો બેનો સંબંધ એ રીતે છે, ત્યારે આકાશતત્ત્વની અંદર પેસાય એવું, એક તત્ત્વ રહેલું છે. ઈશ્વરીતત્ત્વ છે. એને માટે રહેવાય એવું, બેસાય એવું, ફરાય એવું આપણા શરીરમાં આકાશતત્ત્વ છે.

એ માંહ્યલો એ આકાશતત્ત્વમાં રહેલો છે. એ આકાશતત્ત્વમાં આ ચેતનતત્ત્વ રહેલું છે અને આકાશતત્ત્વ એ આપણા શરીરના રોમેરોમમાં આકાશ છે. આપણા શરીરનો કોઈ ભાગ એવો નથી, જેમાં આકાશતત્ત્વ ના હોય. એ આકાશ એ બ્રહ્મ. પછી માણસ તપ કરે પછી તેજ શુદ્ધ થાય. પછી તેમાં પ્રવેશે. આકાશ અને તેજ બે થઈને બ્રહ્મ થાય. કોઈ કોઈ તપશ્ચર્યા કરતાં કરતાં વા શુદ્ધ થાય. કોઈ કહે કે વા શુદ્ધ છે. પણ આ ઓરડાનો વા ને બહાર નીકળો ત્યાં વા છે. તપાસ કરો. એ બેના ભેદ પાડી શકાય છે. એવો જે વા આપણામાં છે અને બહાર છે, ને બ્રહ્માંડમાં છે ને વા એક તત્ત્વરૂપી છે, એ બધું જુદું જુદું છે. એ વા છૂટો થાય છે એટલે આકાશ, તેજ, વા-એ ત્રણેયનો ભગવાન થાય છે.

જળ અને પૃથ્વીને ભગવાન થતાં વાર લાગે છે. પણ આ ત્રણ થયો એટલે શરીરનો ઘણો મોટો ભાગ શુદ્ધ થઈ જાય છે. એટલે એમાં ભગવાન પ્રવેશે છે. બાકી ખરી રીતે તો આપણામાં ભગવાન રહેલો છે, એકલા આકાશતત્ત્વમાં જ. અને આકાશતત્ત્વમાં શરીરના રોમેરોમમાં

અણુયે અણુમાં એ છે. એટલે એ બધામાં છે. બાકી બીજા કોઈ તત્ત્વમાં ભગવાન નથી.

**સ્વજન : મોટા,** તમે પેલું કહેતા હતા - ચેતનશક્તિનું - આકાશ, તેજ અને વા. તો તેમાં એ ચેતનશક્તિ ઊતરી જાય. પછી જળ અને પૃથ્વીમાં ઊતરતાં તેને વાર લાગે. અને બીજું, આપણાં જે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એ બધાં જે સંસ્કાર હોય છે તે ચિત્તમાં પડી જાય. એ બધા ઊકલી જાય, અને આપણે જે કર્મ કરતાં હોઈએ તે કર્મ કરતાં વિચારો જે જાતના થાય તે તરફ આપણી ગતિ થાય. હવે આમાં આપણા ધ્યેય તરીકે શૂન્યતા હોય તો પછી એ જે જળ અને પૃથ્વી તત્ત્વ છે. તેમાં ચેતનને ઊતરવા એ જળ અને પૃથ્વીના સંસ્કાર બધા ડિઝોલ્વ (ઓગળી જવું) થઈ જવા જોઈએ, એ બધું કેવી રીતે બને ?

**શ્રીમોટા :** વ્યક્તિની આપણે વાત કરીએ કે જેનું ધ્યેય મોક્ષ હોય અને તેની સ્થિતિ કેવી થાય ત્યારે તેને મોક્ષ થાય ? જળ અને પૃથ્વી એ બે તત્ત્વોની અંદર એનર્જી ઑફ ડિવિનિટી (દિવ્યશક્તિ) કેવી રીતે ત્યાં ઊતરીને એક થાય ? જ્યારે માણસ રીયાલાઈઝેશન (સાક્ષાત્કાર) કરે, ત્યારે આ પ્રશ્નનો સબસ્ટન્સ (સાર) આ જ છે. ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વની સ્થિતિમાં હજી સુધી રીયાલાઈઝેશન ઊતર્યું નથી. તો પછી જ્યારે કોઈ અનુભવી થાય, ત્યારે જળ અને પૃથ્વીની કેવી સ્થિતિ હોય ? રીયલાઈઝેશન થાય ત્યારે ઈમ્પોસિબલનું (અશક્ય) પોસિબલ (શક્ય) થાય. જેમ આપણે ઈઝરાયેલમાં જોઈએ છીએ કે રણમાં તેણે ખેતી કરી. આપણા માન્યામાં ના આવે. ત્યારે કેટલાંક કામો એવાં થાય છે કે હાલની આપણી બુદ્ધિ સમજી શકતી નથી. હકીકત બનેલી હોવા છતાં આપણી બુદ્ધિ ગ્રાસ્પ (ગ્રહણ) કરી શકતી નથી. તમારી ને મારી બુદ્ધિ ગ્રહી શકે. આપણે છાપાં વાંચ્યા હોય એટલે. આપણે સ્વીકારી લઈએ કે આ દુનિયામાં પણ કેટલીક વખતે, કોઈક કોઈક પ્રસંગે, કોઈક કાળે, અશક્યનું શક્ય બને છે અને ખરેખર તે પ્રમાણે ચાલતું હોય છે, બનતું હોય છે અને બધાંને અજાયબીભર્યું લાગતું હોય છે, પણ થતું હોય છે ખરું. એવી રીતે આપણા પેલા શરીરમાં - વ્યક્તિગત દાખલો લઉં છું. સમૂહગત નહિ. ટોટાલિટીમાં નહિ - ત્યારે આકાશ, તેજ અને વામાં તો સરળતા છે. ત્યાં સુધી તેને વાંધો નથી. પણ જળ અને

પૃથ્વીમાં ઈનર્સિયા (જડતા) પુષ્કળ છે. એ તો આપણી બુદ્ધિમાં માન્યામાં ના આવે. વિજ્ઞાનમાં લોકોએ સાબિત કરીને કહ્યું છે એમ ને એમ નહિ. એ જડતાને ભેદવી એ મોટામાં મોટું—હિમાલય કરતાં પણ મોટામાં મોટું—કર્તવ્ય. હિમાલયને કાપવો એ જાણે અશક્ય લાગે. એના જેવું જ એ કર્તવ્ય છે. ઈનર્સિયાના પડને ભેદવું એ તો જાણે કે પ્રકૃતિનું કર્મ જ નથી. પ્રકૃતિથી તો થાય જ નહિ. કોઈ અનુભવીમાં આકાશ, વા ને તેજમાં એ ઊંચું એટલે શરીરના અમુક ભાગની જે ડેવલપમેન્ટ (વિકાસ) થઈ તેની પણ એક જાતની અસર રહે છે. ભલે ને જડમાં જડ હોય, તો પણ તેની અસર થાય. તેના દાખલા સંસારમાં આપણને જાણવા મળશે. જડમાં જડ દેખાતા માનવીને પણ. આગળ પાછળની જે સમૃદ્ધિ ને પ્રવૃત્તિ થતી હોય છે - ઉદ્યોગની કે, આ કે તે, કોઈ પ્રવૃત્તિ થતી હોય તો તેની અસર પેલા લોકોને થાય છે.

આપણા શરીરમાં આકાશ, વા અને તેજમાં આ ચેતનનો પ્રવેશ થાય છે, ત્યારે એ પ્રવેશ માત્ર સ્ટેટિક (સ્થિર) નથી હોતો. ડાયનેમિક (પરિમાણવાળો) હોય છે અને વિસ્તાર પામતો જાય તેમ તેમ પેલા જળ અને પૃથ્વી તત્ત્વો એક જ ક્ષણે આપણા શરીરમાં છે તેવું થોડું છે ? એ તો બધે જ છે. કણેકણમાં પ્રસરેલા છે. એટલે પછી ત્યાં આગળ ફુલ સ્ટ્રગલ (સંપૂર્ણ સંગ્રામ) થાય છે. જળ અને પૃથ્વી તત્ત્વનો ઝગડો થાય છે તે આપણે જાણીએ છીએ. એ વખતે આપણામાં પૂરેપૂરી વિટનેસ (સાક્ષીપણું) ની સ્થિતિ આવી ગઈ હોય છે અને ટટ્ટાર ઊભો રહીને જબ્બર સામનો કરી શકે. સંજય જેમ ધૃતરાષ્ટ્રને માત્ર સમાચાર જ આપ્યા કરતો હતો, તેવો એ તટસ્થ નથી. તટસ્થતા એક મોટામાં મોટું બળ છે. એ માત્ર જોયા જ કરે એવું નથી હોતું. એ તટસ્થતા જ્યારે કંઈક કશું આત્માના વિરુદ્ધનું કે કશાનું ગમે તે કશું થતું હોય, ત્યારે એ માત્ર કરે છે એવું નથી હોતું. આપણે તટસ્થતાને એવી સમજ્યા છીએ કે એણે તો કશું કરવાનું નહિ. એણે તો માત્ર જોયા જ કરવાનું. એને બીજી કશી લેવાદેવા નહિ. પણ એમ નથી હોતું. તટસ્થતા જુએ અને જે હોય તેનો ક્યાસ પણ કાઢે. વસ્તુસ્થિતિનો ક્યાસ પણ કાઢે. તટસ્થતા એકલીઅટૂલી નથી. બીજાની સાથે સંબંધવાળી છે. બીજા આપણા જે તત્ત્વો છે, તેની સાથે સંકળાયેલી છે. એટલે બુદ્ધિને, વિવેકશક્તિને પછી

પ્રાણને, આપણા અહમ્‌ને બધાં તત્ત્વોને કહે કે તમે અહીં હુમલો કરો. જબરદસ્ત છે. નહિતર પંચાત પાડશે. નહિ તો તેમને પાડી નાખશે. હવે તે વખતના આપણામાંનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌માં ચેતન તો ઊતર્યું છે ને જ્યારે તે આકાશ, તેજ ને વામાં છે જ. ત્યાં સુધી આવ્યું જ છે ત્યારે તેની શક્તિ હાલ ના જણાય, પણ ઘણી બળવાન છે - માત્ર સંકલ્પથી જ કામ કરી શકે તેવી એની શક્તિ હોય છે. ત્યારે તે વખતે પેલા જળ અને પૃથ્વી તત્ત્વમાં, આળસ-પ્રમાદ એટલો બધો હોય છે કે પ્રમાદને તોડવો અને પ્રમાદની આગળ જવું તે મુશ્કેલ કામ હોય છે. ઈશ્વરી તત્ત્વોને માટે પણ મુશ્કેલ કામ છે. એણે જ ઉપજાવેલું, એણે જ ઘડેલું, એને જ પીડે. આપણા ઘરનાં કેટલાંક છોકરાં એવાં નથી હોતાં કે પોતાને જ હેરાન કરે ? મેં તો એવું ઘણે ઠેકાણે જોયું છે. તો એવી રીતે જળ અને પૃથ્વી તત્ત્વ જબરદસ્ત સામનો કરવાવાળા છે. કારણ કે ચેતનના કરતાં તદ્દન ઊંધી જાતનો ગુણધર્મ છે. આમાં પૃથ્વીનો તદ્દન ઊંધી જાતનો ગુણધર્મ છે.

સરળ હોત તો વાંધો ના આવત, પણ તદ્દન ઊંધી જાતનું. આ જળ અને પૃથ્વી તત્ત્વનું વર્તન ચેતનની સાથે બિલકુલ મળતું નથી. અને પૃથ્વી તત્ત્વની સમગ્રતા લઈને એ જડતાનો વિચાર કરીએ તો પણ આનો આપણને પૂરેપૂરો ખ્યાલ ના આવે. આપણામાં જળ અને પૃથ્વી તત્ત્વ રહેલાં છે. તેને લીધે આ પ્રમાદ ને બીજું બધું છે. તેનો પણ પૂરેપૂરો ટોટાલિટીથી (સમગ્રતાથી) ખ્યાલ આવી શકે એમ નથી. એની સરખામણીમાં માનવજાતની સમગ્રતા સાથે આપણે કેવી રીતે આવી શકીએ અથવા સમજવામાં કેટલા બધા ઓછા પડીએ. તેમ છતાં જ્યારે આકાશ, વા, તેજમાં તે આવે ત્યારે તે સ્ટેટિક (સ્થિર) રહેતા નથી. એ જે પ્રોગ્રેસ આવ્યો તે માત્ર સ્ટેટિક રહેતો નથી. તે આગળ ને આગળ જવા મથ્યા કરે છે. એટલે ત્યાં યુદ્ધ શરૂ થાય છે. દેવ-દાનવનું યુદ્ધ જે કહ્યું છે, તે દેવ-દાનવનું યુદ્ધ ત્યાં શરૂ થાય છે. તે જળ અને પૃથ્વી તત્ત્વો તામસવાળા અને બીજી બાજુ શુદ્ધ ચેતન. આપણામાં ચેતન પ્રવેશ્યું એટલે એ એક ઠેકાણે રહેતું નથી. તે પ્રસરવા માંડે છે. તેનો સ્વભાવ જ પ્રસરવાનો છે. એટલે જ્યાં જ્યાં પ્રસરે ત્યાં ત્યાં એ જળ અને પૃથ્વી તત્ત્વ તો હોય જ. આખા શરીરમાં તેમજ કણેકણમાં બધે જ

છે. ત્યારે ત્યાં ક્ષણે- કણે કણે - ઠેકાણે ઠેકાણે યુદ્ધ ચાલ્યા કરે. રાક્ષસોનું અને રામનું જેમ યુદ્ધ ચાલે તેમ ચાલ્યા કરે. આ યુદ્ધમાં ઈશ્વરીતત્ત્વ જ્યારે લડાઈમાં ઊતરે છે, ત્યારે એનું બળ બહુ ભારે છે છતાં એને (ઈશ્વરીતત્ત્વને) હરાવી શકે છે ને બધું કરી શકે છે અને કેટલીક વખત આપણે લોકો આ લોકોની સાયકોલૉજીને સમજી શકતા નથી અને એવી બધી ખોટી કલ્પનાઓ હોય છે કે ભગવાન તો હારે જ નહિ. અરે, મારા કૃષ્ણ ભગવાન કેટલીય વખત હારીને નાઠા છે. ઈતિહાસ કહે છે. એવા કેટલાય અવતારી માણસો પાછા પડે છે. સામે થયા હોય તો તે પાછા પડે છે. ત્યારે એ આપણે સમજતા નથી. એને પાછા પડવું પડે ને હારવું પણ પડે જોકે તેની પાછળ હેતુ તો હોય છે. એ હેતુ એ એકલો એ જ જાણતો હોય છે. બીજા કોઈને ખ્યાલ ના આવે કે ભાઈ, આટલો મોટો માણસ હારે નહિ ને હાર્યો કેમ ? તે સકારણ હારે છે. હારતો હોય તો પૃથ્વીનો જળપ્રલય થઈ જાય. "ભગવાન જ્યારે નાઠા ત્યારે છેક ગુફામાં ભરાઈ ગયા હતા. પણ ભગવાન કૃષ્ણ રાક્ષસને સંહારવા ગુફામાં પેઠા હતા. તે ઈન્સિડન્ટ (પ્રસંગ) કોઈ પહેલો ના મૂકે. પણ મારા મનથી તો ભગવાન હાર્યા તે ઈન્ટેન્શન - ત્યાં જવા માટેનું પાછા ફરવામાં કોઈ એવો ઈન્ટેન્શન હતો, જે આપણે પારખી શક્યા નહિ. ગુફામાં રાક્ષસ રહેલા છે, તેને સંહારવા માટે ગયેલા અને બીજું એણે જોયું કે આ દેશમાં બહુ યુદ્ધ થાય છે ને કંઈ પ્રગતિ થતી નથી. એટલે આપણે બીજો દેશ ખોળો એટલે ફરીને દ્વારકા તરફ આવેલા અને મથુરા બાજુથી આવીને ત્યાં રાજધાની ફેરવેલી. જુદા વિષય પર ઊતર્યો. મૂળ વાત કહેવી હતી - જ્યારે એ કણેકણ યુદ્ધ ચાલે છે - આપણે તો માનીએ કે ભગવાનના બળ આગળ આ જળ અને પૃથ્વીનું શું જોર ? તે કયા વિસાતના સાલા ! એમ આપણી બુદ્ધિથી લાગે. પણ સમગ્રતઃ જળ અને પૃથ્વી તત્ત્વ ટોટાલિટીમાં - સમગ્રતઃ આસુરીબળ રહેલું છે એ ટોટાલિટી જળ અને પૃથ્વી તત્ત્વમાં છે."

સમગ્રતામાં આ જે એન્ટિ ગ્રેડ, ભગવાનની વિરુદ્ધની જે જડતા છે - આખરે તો એકનું એક જ છે. હાલમાં તો આપણે એના એક વિરોધી તત્ત્વ તરીકે વિચારીએ છીએ. એટલે જળ અને પૃથ્વી તત્ત્વ શરીરની અંદર કણેકણમાં બધે છે. એ વખતે આ જે અંદર પ્રવેશેલું - ભગવાનનું તત્ત્વ એ પણ કણેકણમાં પ્રસરે છે. એ પણ સ્ટેટિક (એક ઠેકાણે) -

હૃદયમાં કે કોઈ ઠેકાણે જ રહેલું નથી. શરીરના આટલા બધા અગણિત કણ છે ત્યાં આ યુદ્ધ ચાલે છે. આ યુદ્ધ આપણને દેખાતું નથી. પેલા અનુભવીને, તટસ્થ હોવાથી, સાક્ષી હોવાથી જણાય છે કે, "આ છે". હવે જે છે તે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ તે ઈવોવ્લ્ડ (ઉત્ક્રાન્ત) થયેલાં છે. એ વખતે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણનું જેટલું બળ છે, એની જેટલી શક્તિ છે અને એનું જેટલું તેજ છે એના જેવું અત્યારે હાલ જેવાં આપણા મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ છે, એવા પ્રકારની હોતી નથી. એ જુદા પ્રકારની હોય છે. એટલે કોઈ મહાભારત કામ કરી શકે એવી જાતની પેલી શક્તિ પેલાના ડેવલપ તત્ત્વોમાં થયેલી છે અને એક બાજુ આ લડાઈ ચાલે છે - ડિવાઈન ઍન્ડ અનડિવાઈન (દિવ્ય અને આસુરી). એમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પણ એની સાથે જ એને મદદ કરે છે અને આ અનડિવાઈન તત્ત્વોમાં એવું બળ રહેલું છે કે અનડિવાઈન, ડિવાઈનનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ડિવાઈન અનડિવાઈન થઈ શકતું નથી. એટલે ઘણીવાર પેલો સાધક આગળ જતાં પછડાય છે. આગળ જતાં એને સમજાય છે કે આ તો અનડિવાઈન જ છે. આ તો ખોટું જ છે. તે ત્યાં એ પછડાટ ખાય છે. એ ચેતે છે. તેને ઉપર આવી જતાં વાર લાગતી નથી. એટલે ઘણીવાર અંદર સ્ટ્રગલ (સંગ્રામ) ચાલે છે. તે ચાલતાં ચાલતાં આખરે જળ અને પૃથ્વી તત્ત્વને હાર કબૂલ કરવી પડે છે. હારે છે. ત્યારે ત્યાં તે પ્રવેશે પામે છે. પણ અત્યાર સુધી આખી દુનિયામાં જળ અને પૃથ્વી તત્ત્વની અંદર સંપૂર્ણપણે ભગવાન અવતર્યા છે, તેવું બહુ બન્યું નથી. કોઈક દાખલો બન્યો હશે. આપણાથી બહુ નક્કી કહેવાય નહિ. નહિ બન્યો હોય એમ નહિ. વિશ્વામિત્ર જેવા ઋષિમુનિઓ થઈ ગયા. ત્યારે એવું થાય છે મનુષ્યની આવરદા વધી જાય છે. જળ અને પૃથ્વી તત્ત્વમાં ચેતન અવતરે ત્યારે આવરદા વધી જાય છે. આપણું મરણ વહેલું થાય છે તે પણ જળ અને પૃથ્વી તત્ત્વને લીધે જ. આ બધું ખરાબ કે શરીરને નુકસાન કરે એવું છે અને સારું કરે એવાં આકાશતત્ત્વો પણ છે. આપણા શરીરમાં આ જળ અને પૃથ્વી જ છે. શરીરને પણ સુગંધી હોય તો એ સૂંઘી લે. નાક તત્ત્વ દ્વારા એ એનો લાભ લઈ લે. દુર્ગંધ હોય તો પણ લેવી જ પડે. એને છૂટકો નહિ. આ જળ અને પૃથ્વી બે તત્ત્વો એવાં છે કે આખી દુનિયા કે બ્રહ્માંડ કહો કે જે પૃથ્વીપણું છે તે સારું નરસું જેવું હોય તે બીજું કેટલું

બધું આવી જાય તે જળ અને પૃથ્વીમાં જ રહેલું છે. આકાશ, તેજ અને વામાં નથી એ તો જુદાં રૂપનાં છે.

આકાશમાં જડત્વ નથી અને પ્રમાદેય નથી. તેજ અને વામાં ખરાં. પણ એનું રૂપ જુદું છે. એનું કામ જુદું છે. પણ જળ અને પૃથ્વીમાં ભગવાનનો પ્રવેશ જ્યારે થાય છે અને એ પ્રસરવા માંડે એટલે ડગલે ડગલે યુદ્ધ. બહાર કંઈ એને દેખાય નહિ. એને બધું જીતવું પડે. એક ડગલું પણ જીત્યા વિના આગળ નહિ જવાય. એક એક ડગલું એને જીતવું પડે. ત્યારે એ દશામાં કેટલીક વાર ચેતન તે મૂકી દે છે, હારીને નહિ. અહીં થાય એવું નથી. લાયક નથી. આ શરીર લાયક નથી. આ શરીર સ્વીકારવાને માટે તૈયાર નથી. જળ અને પૃથ્વી તત્ત્વને ચેતનને આવકારવાની ઈચ્છા જાગવી જોઈએ. ઈચ્છા જાગી ન હોય તો પ્રવેશી પણ ના શકે. ત્યારે ઈચ્છાને જગાડવાનું કામ આપણું છે. આપણે જળ અને પૃથ્વી તત્ત્વની, ભગવાન આપણામાં પ્રવેશે એવી જાતની સ્થિતિ આપણે કેવી રીતે કરી શકીએ ? એની બધી પ્રાર્થનાઓ પણ આવે છે. આપણા લોકોએ એવી પ્રાર્થનાઓ પણ કરી છે. હું જાણતો નથી. મેં વાંચી પણ નથી. પણ મેં કરેલી છે ખરી. આ જાતની પ્રાર્થનાઓ - તે દશામાં હોઈએ ત્યારે હાલ બોલીએ તો એ કામયાબ ના નીવડે. એટલે કે ઉપયોગી ના નીવડે. અમુક સ્થિતિ થાય ત્યારે જ ઉપયોગી નીવડે. તંત્રમાં એવા ઉપયોગો છે કે જેનો ખ્યાલ પણ ના આવે. દા.ત. શરીરથી મારા જેવો હેરાન થતો હોય તો શરીરની હેરાનગતિ ઓછી કરવા માટે ઓપોઝિટ (વિરુદ્ધનો) જીવ હોય તેનો લાભ એ લઈ શકે છે. ઈન્દ્રિય ભોગ વિના. તેમ છતાં સામાના જીવનની જે એનર્જી (શક્તિ) છે તે ખોવાયા સિવાય, ઓછી થયા સિવાય, એ એનર્જી પોતાનામાં એ લઈ શકે છે, અને કામ કરી શકે છે. શરીરને સુધારી શકે છે. એવા કેટલાય પ્રયોગો છે. આપણા લોકોએ આ બધું અનુભવ્યું છે કે જ્યારે ભગવાન પોતે આકાશ, તેજ અને વામાં એ ત્રણેયમાં પ્રવેશે છે. પછી સ્ટેટિક રહેતો નથી. એ આપણે કબૂલીએ છીએ. એ પ્રસરવા માંડે છે. એ પ્રસરવા માંડે ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વના જે અણુઓ છે કે જેની અંદર આખી સમગ્રતા આ પ્રમાદની અથવા તો- આ રાક્ષસો અથવા "ઈવિલ" તત્ત્વોની ટોટાલિટી બધી સામે ત્યાં આવે છે. આપણને

લાગે એક અણુના ભાગમાં છે. પણ એ અણુના ભાગમાં તે વખતે પેલી ટોટાલિટી પેલા ડિવાઈન તત્ત્વોની સામે થવા આવે છે. ત્યાં આગળ લડાઈ જામે છે. તે ભયંકરમાં ભયંકર લડાઈ છે. આ તો બોલવામાં છે. તે લડાઈ એવી જાતની હોય છે કે એનું સંપૂર્ણપણે વર્ણન કરવું તે લગભગ શક્ય એવું કામ નથી. તો પણ શ્રીઅરવિંદે વર્ણન કર્યું છે. ''સાવિત્રી''માં એમણે લખ્યું છે ખરું. બહુ સ્પષ્ટ લખ્યું છે.

**સ્વજન : મોટા**, આ તમે જે કહ્યું કે ટોટાલિટીમાં ઈવિલ તત્ત્વો છે. એટલે આમાં જે વધારે ડિફિકલ્ટ (મુશ્કેલ) છે. તાદાત્મ્યનો ગુણ થાય છે. તેને લીધે થતું હશે આ ?

**શ્રીમોટા :** એને લીધે ડિફિકલ્ટ નથી થતું. ચેતનનો તાદાત્મ્યનો ગુણ છે ખરો. ચેતન જે આ ત્રણ વસ્તુ છે - આકાશ, તેજ અને વા-એ ત્રણેયમાં દાખલ થયું, ત્યાં આ તાદાત્મ્યનો ગુણ પ્રગટતો નથી. પૂરેપૂરો પ્રગટતો હોત તો એકરૂપ થઈ જાત અને એ પોતે જ એનો સામનો કરત. બહુ સુંદર રીતે એ સામનો કરત. પણ એ સંપૂર્ણપણે ત્યાં એકરૂપ નથી થઈ શકતું. એને વાર છે. ત્યારે આપણામાં થાય છે શું ? આપણી વાત કરું - એ ચેતન આપણામાં પ્રગટ્યું. આકાશ, વા, અને તેજમાં પ્રગટ્યું. પછી એને ઊતરવું છે, જળ અને પૃથ્વીમાં. ઊતરતાં ઊતરતાં અનેક જગ્યાએ સંગ્રામો થાય છે એને. ક્યાંક એ જીતે છે, ક્યાંક એ હારે છે. હારવાનું કારણ એને એટલું જ - હારવાનું કોઈ કારણ નથી - પણ એ હારે છે કેમ ? એમ આપણને સવાલ થાય. તો એનું મૂળ કારણ એ છે કે એ ડિવાઈન તત્ત્વ હારીને પાછું, પોતાનું સમગ્ર બળ એકઠું કરે છે, અને કયા ઠેકાણે કઈ ભૂલ છે, ક્યાં આગળ એની ''વિકનેસ'' (નિર્બળતા) છે, ક્યાં આગળ અવલોકનથી એ પછાડી શકે એમ છે. એ બધું જાણી લે છે. આ તો બધું બોલવાની ભાષામાં છે, એને કંઈ વાર લાગતી નથી. આ તો મનમાં બધું ક્ષણવારમાં થઈ જાય. આ તો સમજવાની ખાતર બોલવાનું (મોટાને દમની સખત ઉધરસ થાય છે.) ભગવાને કાળીનાગને નાથ્યો. તો એ સિમ્બોલિક (રૂપકાત્મક) તત્ત્વ. પણ એના જેવું આ સિમ્બોલિક નથી. પણ આ ખરેખર રીયાલિટી (વાસ્તવિકતા) છે, કે આવાં યુદ્ધો અંદર થાય છે. પણ આપણને ખબર પડતી નથી, અને સામાન્ય લોકને તો બિલકુલ નહિ. કારણ કે એ

લોકોની દિશા જ નથી. એ દિશા તરફ એ લોકોને જવાનું મન જ થયું જ નથી. (ચાલુ ખાંસી) એ પણ આપણે બુદ્ધિથી કબૂલ કરવું જ પડે. ના કરીએ તો ના ચાલે. એ કબૂલ કરવું જ પડે એવી હકીકત છે કે જળ અને પૃથ્વી તત્ત્વનો આધાર આકાશ, વા અને તેજ ઉપર છે. આકાશ, તેજ અને વા ઉપર કમ્પ્લીટ કન્ટ્રોલ (સંપૂર્ણ કાબૂ) ચેતનનો છે અને જળ અને પૃથ્વી તત્ત્વનો આધાર આ ત્રણ આકાશ, તેજ અને વા ઉપર છે. એના લીધે જ એનું અસ્તિત્વ છે. જળ અને પૃથ્વી ઉપર આકાશ, તેજ અને વાનું પ્રભુત્ત્વ છે. હવે એ પ્રભુત્વ કંઈ નાસી જતું નથી. અજ્ઞાનની સ્થિતિમાં પણ તેમનું પ્રભુત્વ હતું. તો જ્ઞાનની સ્થિતિમાં તો તે વધુ તેજદાર થાય. એટલે પેલી જે લડાઈ ચાલે છે, ત્યારે આ સાથે ને સાથે જ છે. એટલે કહે કે, ‘‘અલ્યા ભાઈ, ક્યાં તું સામો થાય છે ? આપણે તો જોડે જોડે જ છીએ - કેટલાય કાળથી - એટલુંય સમજતો નથી અને આમ સામે શું થાય છે ? આપણે તો સાથે છીએ. અને એ જે તત્ત્વ છે તે અમારામાં આવી ગયું છે અને તારામાં આવ્યું નથી. એટલે તું અજ્ઞાનનો અજ્ઞાન રહ્યો છે. અમારી પાસે પૈસા આવ્યા અને તારી પાસે પૈસા નથી આવ્યા. એટલે તું ગરીબ થઈ નકામા ફાંફાં માર્યા કરે છે. માટે એ નહિ ચાલે. બરાબર સમજ.’’ એટલે જે આકાશ, તેજ અને વાનું જે તત્ત્વ છે, જે ભગવાનવાળું છે. પણ આપણે જ્યારે ભગવાનને ઓળખતા નહોતા, જાણતા નહોતા, ત્યારે પણ એ તત્ત્વ તો હતું જ. તો એ ત્રણેય તત્ત્વોનું જે બળ તે બળ પેલા જળ અને પૃથ્વીનું બળ, એ બે બળની સમજાવટ થાય છે. થોડો ‘‘ક્લેશ’’ (સંઘર્ષ) પણ થાય છે, એ સાથે ને સાથે જ રહ્યા છે. (ચાલુ ખાંસી) એટલે આ જે ત્રણ તત્ત્વોમાં ભગવાન ઊતર્યો છે, એ ત્રણ તત્ત્વોની એનર્જી પાછી ઑલ પરવેડિંગ (સર્વવ્યાપક) છે. કોઈ એક ઠેકાણે આપણામાં હોવા છતાં, બધે જ છે. બધે જ પ્રસરેલી છે એ ત્રણ. જે એનર્જી આપણામાં પ્રગટી, એ પહેલાના સ્વરૂપની, જે આકાશ, તેજ અને વાની જે સ્થૂળ એનર્જી હતી - અનુભવ પહેલાંની - એ પેલાં તત્ત્વોને સમજાવે છે કે, ‘‘ભાઈ, આ તમારે કરવા જેવું નથી. આ તો જુદી વાત છે. આ રમત જુદી છે. આમાં તમે હારી જશો ! મરી જશો, માટે સમજાવટ કરી લો અને સમજી જાવ તો સારું’’ આવી પણ જોડે જોડે સમજાવટ ચાલતી હોય છે.

આખરે એ સમજાવવાનું મૂકી દે છે. પણ ભગવાન એવો છે કે પકડે તેને છોડે નહિ. કોઈક વાર પકડીને છૂટો મૂકી દે, તો પેલાને ઠીક થવા દેવાને માટે, રખડી રખડીને ઠીક થાય. સમજણમાં આવે. પછી પાછો પકડી લે છે. કોઈ દિવસ એને છોડી દેતો નથી. એણે જેને પકડ્યો તેને છોડી દેતો નથી. કોક વાર લાગે ખરું કે છોડી દીધો, પણ એને ઠીક થવા દેવા માટે.

એટલે એવી રીતે આ જ્યારે આકાશ, તેજ અને વામાં ચૈતન્યનો અવતાર થયો, તો એ પ્રસરવા માંડે છે. જ્યાં જ્યાં, આપણા શરીરમાં બધે ઠેકાણે પ્રસરવા માંડ્યો ત્યાં આ જળ અને પૃથ્વી તત્ત્વોના કણોએ એનો સામનો કરવા માંડ્યો. એનો સામનો હજી થાક્યો નથી. જળ તત્ત્વમાં પેઠા પછી પૃથ્વી તત્ત્વમાં આવે. પૃથ્વી તત્ત્વમાં તો ઓર ઘોર તામસ છે. જળ તત્ત્વમાં તો હતું. જળ તત્ત્વનું જે તામસ છે, તેના કરતાં પૃથ્વી તત્ત્વનું તામસ ઑર ઘોર છે. ચેતનથી એમાં તો પ્રવેશાવું મુશ્કેલ છે. એટલે ત્યાં પણ લડત ઊભી છે. એમ લડત લડતો લડતો આત્મા અથવા તો ભગવાન એને પણ હરાવે છે અને આખરે પાંચે પાંચ આપણા બ્રહ્માંડના તત્ત્વો (ચાલુ ખાંસી) - આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી - એ પાંચેયમાં પ્રવેશીને પોતે આખરે જીત મેળવે છે. પણ એ પ્રયોગ હજી સુધી સિદ્ધિ થયેલો નથી. એ વાત ચોક્કસ છે. હજુ લડત ચાલ્યા કરે છે. આ ચેતન - આકાશ, વા અને તેજ એમાં પ્રવેશેલો આત્મા - એ જળ અને પૃથ્વીમાં સંપૂર્ણ પ્રવેશીને પોતાના કબજામાં લઈ લીધેલા નથી. (ખાંસી ચાલુ) ત્યારે એમ થાય કે, આપણો આ ભગવાન આટલો બળવાન નથી ? કે આપણાં આ તત્ત્વોને એને સાથે નથી કરી શકતો ? આ ભગવાન કેવો ? એવો પ્રશ્ન આપણને થાય. (સતત ખાંસી)

કંઈ કશાનો વિકાસ સ્ટ્રગલ વિના નથી. જો તમારા જીવનમાં સ્ટેબિલિટી - સલામતી આવી ગઈ તો જીવનવિકાસ નથી. એ વિકાસને મારી નાંખશે. **જો સલામતી આવી તો એ વિકાસ થવા જ નહિ દે. આ એક એસ્ટાબ્લિસ્ડ ફેક્ટ (સિદ્ધ હકીકત) છે. એ બુદ્ધિથી માનવું જ પડે. જેને ના માનવું હોય તો જુદી વાત છે. સ્ટ્રગલ ચાલુ જ રહેવી જોઈએ. સ્ટ્રગલ ચાલુ ના રહે તો ''સ્ટેટસ કો'' (જ્યાં છો ત્યાં) તમે રહેવાના. ''સ્ટેટસ કો'' તો જીવનનું મૃત્યુ છે. એટલે આખું બ્રહ્માંડ આ પ્રકારનું એક યુદ્ધ છે. એક દિવસ માટેનું જ યુદ્ધ છે.**

આપણા દેશમાં પણ તોફાનો, લૂંટ ચાલી રહેલાં છે, તે વિકાસને માટે જ છે. વિકાસને માટે બહુ જરૂરી છે. આળસુ અને નબળી પ્રજા વિકાસ વિના સબળ નહિ થઈ શકે. સબળ થવા માટે સંગ્રામ જરૂરી છે.

આપણને લાગે છે પણ આખું જગત છે - કેટલું મોટું છે. પણ ભગવાનની શક્તિ ગમે તે ઠેકાણે એકાગ્ર થઈ શકે છે. જેમ આ વીજળીની શક્તિ છે, એ શક્તિ આઠ તત્ત્વોમાં એક થઈને અનેક ગણી આપણે કરી શકીએ. એ જેમ આપણાથી મનાય તેવી વાત છે, એવી રીતે આ શક્તિ છે, તે જરૂર પડે ત્યાં પોતે એકાગ્ર અને કેન્દ્રિત થઈ શકે છે અને અનેક ગણી મોટી થઈ શકે છે. એવી રીતે આ ડિવાઈન તત્ત્વ છે, એ પોતાની સમગ્ર શક્તિ ત્યાં લાવીને ગોઠવી દે છે. પેલા અનડિવાઈન અને ડિવાઈનની સાથે જે લડાઈ છે ત્યાં લાવીને મૂકી દે છે. ડિવાઈનને તો કોઈ શંકા નથી. તેને તો એમ જ છે કે મારી જીત જ છે. એનો એમ જ નિશ્ચય છે અને ખરેખરું એમ જ છે. તે એક બે જણને લડાઈ થઈ, ભયંકર લડાઈ થઈ. હવે લડાઈ તો જાણે સારી, પણ આખરે થયું શું ? જળ અને પૃથ્વી તત્ત્વનું શું થયું ? તો એ જળ અને પૃથ્વી તત્ત્વ, પેલા તમસ તત્ત્વને લીધે જ સંપૂર્ણપણે હારી શકે એવાં નથી. કારણ કે લોઢાની અભેદ્ય દીવાલ હોય તેમાં પ્રવેશવું અઘરું ગણાય. પણ માણસો બુદ્ધિથી વિચારે. અઘરું તો નથી. ભાઈ - ઈલેક્ટ્રિસિટી મૂકીએ તો ઝપાટાબંધ પસાર થવાય. એમાં જરા પણ અઘરું નથી. ઈલેક્ટ્રિસિટી લોઢામાંથી પસાર થઈ શકે ને ? ત્યારે તેવી રીતે ભગવાનને જ્યારે એમ લાગશે ત્યારે એક ક્ષણવારની અંદર બધાને હરાવી દેશે. એવો ટાઈમ આવે, સાનુકૂળ ટાઈમ આવે એટલે "એને ખલાસ કરું, હરાવી દઉં" પણ આપણને ખબર નથી કે ક્યારે સાનુકૂળ ટાઈમ આવે ! આપણે માટે તે વખતે - મનુષ્યને માટે - પ્રાર્થના ને ભક્તિ બે જ રહે છે. એ વખતે એવી સ્થિતિ થતી હોય છે, ત્યારે આ વસ્તુ બનતી હોય છે.

આપણા આખાય આધ્યાત્મિક ઈતિહાસમાં આ "સ્ટ્રગલ (સંગ્રામ) વિશે કોઈ ઠેકાણે લખાયું છે ખરું. મને ખબર નથી. પણ આ બહુ મોટી હકીકત છે. એટલે કોઈક ઠેકાણે જરૂર લખાયું હશે. શ્રી અરવિંદે તો લખ્યું છે. મેં વાંચ્યું નથી. આ તત્ત્વ એવું મોટું છે કે એ લખાયા વિના રહે જ નહિ અને અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પણ મનુષ્ય આ

પાંચેય તત્ત્વની અંદર પ્રવેશીને સંપૂર્ણ થયો હોય એવો દાખલો હજુ આપણને મળ્યો નથી.''

આ ત્રણ તત્ત્વ જીત્યાં તો ભગવાનના એ સ્વરૂપને સંપૂર્ણ સ્વરૂપને આપણે પામ્યા, એવું નહિ ગણાય. જોકે એની પછી જીવદશા નથી રહેતી. એ ત્રણ તત્ત્વોમાં ભળેલો છે. આકાશ, તેજ અને વામાં ભળેલો છે. પણ પછી જીવદશાવાળો નથી રહેતો. એ પણ એટલું જ ચોખ્ખું. એ જીવદશાવાળો નહિ પણ કોઈક ઊર્ધ્વ-જીવ અને માનવની ઉપરની કક્ષાવાળો માણસ - પણ જીવદશાવાળો તો બિલકુલ નહિ. પછી એ ત્રણ તત્ત્વ હોવા છતાં એ પાપ-પુણ્યની પર થઈ જાય. તેનું મહત્ત્વ ઘણું છે. એની લડત ચાલુ છે. લડત કદી અટકતી નથી. લડત હંમેશાં ચાલુ છે. આટલી મને સમજણ છે. એનાથી વધારે સમજણ મને નથી.

**સ્વજન :** આથી વિશેષ સમજવા અમારી યોગ્યતા પણ નહિને ?

**શ્રીમોટા :** આખરે તો જાણે જીતશે પેલું તત્ત્વ. પણ ક્યારે જીતશે એ આપણાથી કંઈ નક્કી કહી ના શકાય. પણ અત્યારે તો આ સંગ્રામ ચાલી રહ્યો છે. કેમકે આખરે તો આપણે પેલા ડિવાઈન તત્ત્વને મેળવવું છે - અનુભવવું છે. તો તેના વિરોધમાં જઈશું તો કેમ પત્તો ખાય ? તે નહિ ચાલે. તેમાં સંગ્રામ અનિવાર્ય છે. સંગ્રામ તમને ડિવાઈન પાર્ટમાં હો કે અનડિવાઈન પાર્ટમાં હો, તો તમારે લડવું તો પડશે જ. પણ જો તમારે ડિવાઈન પાર્ટમાં જવું જ હોય અને એ તરફ જવાનો તમારો નિશ્ચય હોય તો તમે સામાવાળા પ્રત્યે સદ્ભાવ રાખીને લડો, ના લડો એમ નહિ, બાયલા ના થઈ જાવ. લડો. જ્યાં સુધી જવાય તેવું હોય ત્યાં સુધી જાવ. નમતા નહિ એની સામે. ભગવાન કૃષ્ણ સમાધાન કરવા ગયા તો માંગતા માંગતા પાંચ ગામ માગ્યાં. એટલું મોટું સામ્રાજ્ય, એ આપણા જેવાને માટે દ્રષ્ટાંત છે. કે આપણે સામાવાળો હોય, એ આપણી સાથે લડતો હોય, તે એની સાથે સમાધાન કરવાને માટે તમારાથી પ્રેમથી જેટલું નમાય એટલું નમો. કોઈ કહેશે, ''આ તો મૂર્ખાઈ છે. પેલો તો તમારી મૂર્ખાઈનો લાભ લઈ જશે.'' જગત વ્યવહારવાળા બધા જ લોક આમ કહેવાના. કારણ કે તેને પેલા ડિવિનિશનો ખ્યાલ નથી. આપણે જવું છે પેલા ડિવિનિઝેશનમાં, તો સંસારવ્યવહારમાં પણ એને લાયક આપણું વર્તન સમજી વિચારીને હોવું

જોઈએ. પણ એવું બહુ ઓછા કરે છે. મેં સમાજમાં જોયું છે. મારે આજે છોંતેર વર્ષની ઉંમર થઈ, પણ મેં એવું જોયું છે. ઘણા ઓછા લોકો કરે છે. સદ્‌ભાવ કાયમ રહેવો જોઈએ. ગમે તેટલી દુશ્મનાવટ હોય, પણ સદ્‌ભાવથી તમે ગમે તેટલું કરવું હોય તેટલું કરો. તો આજ કે કાલ તે તમારી સાથે મિત્રતા બાંધવા આવશે એ વાત નક્કી.

## નિરંતર ભક્તિ-રસથી તે જતા પલટાઈ લાગે છે

કદીક કેવી શરીરની તો થયેલી દુર્દશા ભારે !
પ્રચંડ જ વેદના કેવી ખીલી ત્યારે ઊઠેલી છે !

મનાદિ તે સમય કેવાં ભજન-સર્જન વિશે રહે છે !
પરંતુ સર્વ ગુણધર્મ શરીરના જે હતા, તે છે.

શરીરની સર્વ રગરગમાં જીવતું એ જ ચેતન છે,
પરંતુ એ જ ચેતનથી ન બદલાયું શરીર પોતે.

મનાદિના જીવન કેરા બધા ગુણધર્મ જે જે છે,
નિરંતર ભક્તિ-રસથી તે જતા પલટાઈ લાગે છે.

## અણુઅણુમાં જ ખેલાતો ભયંકર ઉગ્ર સંગ્રામ

હવેના તે જીવન વિશે શરીર આ ઊર્ધ્વ જીવનને
-થવાને યોગ્ય સાનુકૂળ, અમે સંગ્રામ માંડ્યો છે.

કડી નબળી શરીરની જે હરિ શક્તિ વહેવાને,
કૃપાથી આ જીવન વિશે મથાતું મઠારવાને છે.

બધી આ સૂક્ષ્મમાં સૂક્ષ્મ, ગહન, ગૂઢ હકીકત છે,
ન માન્યામાં કદી આવે છતાં પાછી શી સાચી છે !

અણુઅણુમાં જ ખેલાતો ભયંકર ઉગ્ર સંગ્રામ,
ન હજી દેખાય જયવારો, નડે શા તીવ્ર અવરોધ !

અણુ, પરમાણુ સઘળાંને શું સંપૂર્ણ યથાયોગ્ય
-હરિ કાજે થવા માટે જીવનનો હેતુ ધાર્યો છે.

**વિના આપ્યા લડત કેમે, કરી તે તો જિતાતી ના**

**શરીરના રોગ દેખીતા ન તે કંઈ રોગ પોતે છે,**
**ભયંકર ઊર્ધ્વના કિંતુ નર્યા અવરોધ પ્રત્યક્ષે.**

ભૂમિકા ઊર્ધ્વના ક્ષેત્રે તસુયે શી તસુ જગ્યા
-વિના આપ્યા લડત કેમે, કરી તે તો જિતાતી ના !

સતત સંગ્રામ શા ઊર્ધ્વે શું એક એકથી જ ચડિયાતા !
શી શક્તિ દિવ્ય ત્યાં સ્થિર થવા, તે તે જરૂરી શા !

જીવનની સૂક્ષ્મ આ વાત ગળે કોઈને ન ઊતરશે,
જીવનની વાસ્તવિકતાની છતાં સાચી હકીકત તે.

## પંદરમી ભૂમિકા

પંદરમી ભૂમિકા એ પુરુષોત્તમ ભૂમિકા છે. ગીતાજીમાં પંદરમો અધ્યાય છે. એમાં સંપૂર્ણ અનુભવનું વર્ણન છે. પંદરમી ભૂમિકામાં સ્થિતિ કેવી હોય, તેનો આછો ખ્યાલ - સંપૂર્ણ ખ્યાલ નથી આપ્યો, - પણ એના પરથી સમજાય છે કે અનુભવનું - ઈશ્વરત્ત્વ - નામ પણ નથી દીધું, એ લોકોની ખૂબી જુઓ, તેમ છતાં આ ઈશ્વરીતત્ત્વ કેવું હોય તે પંદરમા અધ્યાયમાં બરાબર બતાવ્યું છે. ત્યારે તેમાં કંઈ જ નહિ, કશું નહિ, તે ઉપરાંત પણ અનુભવની સ્થિતિમાં શૂન્યાવસ્થા, એટલે કે નેગેટિવ શૂન્યાવસ્થા નહિ; એ શૂન્ય એવા પ્રકારનું કે જેમાં વિચાર નથી, શરીર નથી, બુદ્ધિ નથી, અહમ્ નથી, કંઈ કશું જ નથી. ભાવ પણ નથી, કંઈ કશાનું દેખાતું એક્ઝિસ્ટંસ (અસ્તિત્વ) નથી. તેમ છતાં એક્ઝિસ્ટંસ (હોવાપણું) છે. એ શેનું છે, તેની આપણને ત્યારે ખબર પડે. **જે મૂળ તત્ત્વનું એક્ઝિસ્ટંસ છે, તેનો શૂન્યમાં અનુભવ થાય છે. શૂન્ય સ્થિતિ તો ઈશ્વરનો સામાન્ય અનુભવ થાય, તેના કરતાં તો બહુ ઊંચા પ્રકારની ભૂમિકા છે. મને ''આ'' શૂન્યનું સમજાય છે ખરું પણ મને ''આ'' શૂન્યનો અનુભવ નથી થયો.**

**બીજું ના ભાસતું કંઈ છે**

સદા ખાલી અને ખાલી રહેવાતું કૃપાથી છે,
ભરાઈ ના કશું પણ કંઈ મનાદિમાં રહે છે તે.

કદીક શી ભાવના હરિની થતી અદશ્ય લાગે છે,
કશું અસ્તિત્વ પણ ત્યારે કશાનું પણ ન ભાસે છે.

વળી હું છું, હૃદય તેવું કશું ના ભાન ટકતું છે.
બધાં અસ્તિત્વનું બિંદુ સમાતું કેન્દ્રમાં શું તે !

વિના પોતા, કશું ક્યાંયે બીજું ના ભાસતું કંઈ છે,
વળી હોવા છતાં પોતે ન છે અસ્તિત્વ તહીં પોતે.

**ન અસ્તિત્વ કશાનું છે**

નર્યા આનંદના શિખરતણી જે ઊર્ધ્વમાં ઊર્ધ્વે
-પૂરી ટોચે પહોંચાતા, થયો વિલીન શો ઊર્ધ્વે !

હતું જેનું, ભળ્યું તેમાં શું એકાકાર જીવન પણ
-નર્યા મૂળ તત્ત્વથી કેવું થયેલું તે સભર મસ્ત !

બધું હોવા છતાં જે તે બધુંએ શૂન્યમાં તે તે,
બધું હોવા છતાં જે તે ન અસ્તિત્વ કશાનું છે.

કશાનુંયે કશું જ ભાન જરા સરખું ન લાગે છે,
બધું અસ્તિત્વ પીગળીને શું એકત્વે શમાયું છે !

**અનંત સાધનાપથ**

અનુભવીનું પૂરેપૂરું ઊંડું વિજ્ઞાન પ્રીછવાને
-સમર્થ યોગ્ય સંપૂર્ણ, થયેલો ના હશે કોઈએ.

અનંતાનંત શી દિવ્ય ભૂમિકા તે જીવન વિશે !
વટાવતાં, વટાવતાં ન જેનો પાર ક્યાંયે છે.

મળ્યું જે જ્ઞાન તેનાથી અગાડીનું કશું પણ છે,
અનુભવતાં અગાડીનું, હજી તેનાથી આગળ છે.

નીવેડો સાવ સંપૂર્ણ અનુભવનો ન આવે છે,
થતાં અનુભવ, પછી એને પૂરી શાંતિ પ્રવર્તે છે.

આ માર્ગમાં એક દૃષ્ટિએ જોતાં જીવનની ઉચ્ચતર અને ઉચ્ચતમ્ અમુક કક્ષાએ પહોંચી શકાય, ત્યારે જીવન કૃતકૃત્ય થતું જતું અનુભવાય

છે. તેમ છતાં પાછું આત્મા તો અનંત છે. તેને આદિ પણ નથી અને અંત પણ નથી. તે સનાતન અને વર્તમાન છે. તેથી એવી કોઈક આધ્યાત્મિક ઉચ્ચતમ્ કક્ષાએ પહોંચ્યાં પછીથી આ પણ માર્ગમાં **"બસ હવે કશું આગળ નથી રહ્યું, અહીં જ પૂર્ણવિરામ ચિહ્ન" એવું કશું નથી.** જ્યાં સુધી માનવશરીરમાં છીએ, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનની દિશામાં પ્રગતિને અવકાશ રહ્યા જ કરતો હોય છે. એટલે કે **અમુક પ્રકારની પૂર્ણતાની સ્થિતિ પ્રગટી ગયા પછીથી પણ** એનાથી પણ પરની કક્ષા છે અને તે તે કક્ષામાં પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ્ ગૂઢ સંગ્રામ પણ પ્રગટતો જતો હોય છે, અને તેમાંથી પણ જીવનવિકાસને પમાતું જવાતું અનુભવાય છે.

જ્ઞાનનો વિકાસ તો થયા જ કરે છે, પરંતુ જીવની આધ્યાત્મિક માર્ગે **અમુક કક્ષા થતાં** જ્ઞાનદશાની સ્થિતિમાં, પુરુષાર્થમાં કે સાધનામાં આપોઆપનું પ્રગટે છે. પ્રગતિ હોવા છતાં પ્રગતિ કરવાનાં સ્થૂળ લક્ષણો ન હોય અને તેમ છતાં તે થયાં કરતી હોય એવી એક પ્રકારની સ્થિતિ જન્મે છે; **તેથી પણ ઊંચી એક કક્ષામાં** જ્ઞાનભક્તિ હોવા છતાં તેનાથી પણ પરનો પ્રદેશ છે એવું એને જ્ઞાન રહ્યાં કરે છે. તેથી એને પોતે પૂરેપૂરા ભરેલો છે એવા પ્રકારનો કદી આત્મસંતોષ રહેતો નથી. એવાને એક પ્રકારની તૃપ્તિ રહે છે ખરી, પરંતુ એ સર્વવ્યાપી ને સમગ્રતાની નથી એવું પણ તેને ભાન હોય છે.

**જીવન ધન્યતાનો સંપૂર્ણ અનુભવ થઈ ગયો હોય તોપણ** પૂર્ણત્વમાં પણ વિકાસ આગળ ને આગળ થયા કરતો હોય છે. ઈશ્વર પોતે પૂર્ણતત્ત્વ પણ છે ને પોતે તેના અવ્યક્તપણામાંથી વ્યક્ત થઈને છતો થતો પણ જાય છે; ને એમાં પૂર્ણતા પામવાની છે. આમ, પૂર્ણતાની પાર પણ પૂર્ણતા રહેલી છે.

॥ હરિઃૐ ॥

## સંદર્ભ સૂચિ : પૂજ્ય શ્રીમોટાના પુસ્તકોમાંથી


૦૧. જીવનપગલે
૦૨. જીવનસંગ્રામ
૦૩. જીવનસંદેશ
૦૪. જીવનપાથેય
૦૫. જીવનપ્રેરણા
૦૬. જીવનપગરણ
૦૭. જીવનપગથી
૦૮. જીવનમંડાણ
૦૯. જીવનસોપાન
૧૦. જીવનપ્રવેશ
૧૧. જીવનગીતા
૧૨. જીવનપોકાર
૧૩. જીવનમંથન
૧૪. જીવનસંશોધન
૧૫. જીવનદર્શન
૧૬. જીવનઝલક
૧૭. જીવનલહરી
૧૮. જીવનસ્મરણ
૧૯. જીવનતપ
૨૦. જીવનસૌરભ
૨૧. જીવનસ્મરણ સાધના
૨૨. જીવનરંગત
૨૩. જીવનમથામણ
૨૪. જીવનકથની
૨૫. પ્રેમ
૨૬. જીવનસ્પંદન
૨૭. મોહ
૨૮. ગુણવિમર્શ
૨૯. જીવનપગદંડી
૩૦. જીવનકેડી
૩૧. જીવનચણતર
૩૨. જીવનઘડતર
૩૩. જીવનપ્રવાહ
૩૪. જીવનપ્રભાત
૩૫. મૌન એકાંતની કેડીએ
૩૬. મૌનમંદિરનું હરિદ્વાર
૩૭. શ્રદ્ધા
૩૮. ભાવ
૩૯. જીવનરસાયણ
૪૦. જીવનઆહ્લાદ
૪૧. સંતહ્રદય
૪૨. શેષ-વિશેષ
૪૩. તદ્રૂપ-સર્વરૂપ
૪૪. જોડાજોડ
૪૫. ગ્રહગ્રહણ
૪૬. જન્મ-પુનર્જન્મ
૪૭. અગ્રતા-એકાગ્રતા
૪૮. અન્વય-સમન્વય
૪૯. એકીકરણ-સમીકરણ
૫૦. ધનનો યોગ
૫૧. મૌનમંદિરનો મર્મ
૫૨. મૌનમંદિરમાં પ્રભુ
૫૩ મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા
૫૪. નિમિત્ત
૫૫. રાગદ્વેષ
૫૬. જિજ્ઞાસા


॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે
હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા-ફળ્યાની કેડી ૨૦૦૧
૭. **મોટા** - મારી મા ૨૦૦૩


•

## સ્મૃતિગ્રંથ


**નં. પુસ્તક પ્ર.આ.**
૧. જીવનસ્ફુલિંગ ૧૯૭૩


•

## સંકલિત પુસ્તકો


**નં. પુસ્તક પ્ર.આ.**
૧. જીવનપરાગ ૧૯૬૩
૨. સંતવાણીનું સ્વાગત ૧૯૭૭
(તમામ પુસ્તકોની
પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક)
૩. અંતિમ ઝાંખી ૧૯૭૮
૪. વિધિ-વિધાન ૧૯૮૨
૫. સુખનો માર્ગ ૧૯૮૩
૬. પ્રાર્થના ૧૯૮૪
૭. લગ્ને હજો મંગલમ્ ૧૯૮૫
૮. નિરંતર વિકાસ ૧૯૮૭
૯. સમર્પણગંગા ૧૯૮૯
૧૦. જન્મ-મૃત્યુના રાસ ૧૯૮૯
૧૧. નામસ્મરણ ૧૯૯૨
૧૨. શ્રીમોટા અને શિક્ષણ ૧૯૯૪
૧૩. ફનાગીરીનો નિર્ધાર ૧૯૯૬
૧૪. પૂજ્ય શ્રીમોટા વચનામૃત
૧ થી ૪ (૧ પુસ્તક) ૧૯૯૬
૧૫. પ્રસન્નતા ૧૯૯૭
૧૬. ભગતમાં ભગવાન ૨૦૦૦
૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭


•

## જીવનકવન


**નં. પુસ્તક પ્ર.આ.**
૧. શ્રીમોટા-જીવન અને કાર્ય
ભાગ-૧,૨ ૧૯૭૫
૨. પારસલીલા ૧૯૭૫
૩. તરણામાંથી મેરુ ૧૯૭૬
૪. વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ ૧૯૮૯
૫. મહામના અબ્રાહમ લિંકન ૧૯૯૩
૬. પ્રેરક વિભૂતિ મહાત્મા
ગાંધી ૧૯૯૪
૭. શ્રીકેશવાનંદજી
ધૂણીવાળા દાદા ૧૯૯૬
૮. ગોધરાના બાપજીનું
જીવનચરિત્ર ૧૯૯૮
૯. મારી સાધનાકથા ૨૦૦૫
૧૦. પૂજ્ય શ્રીમોટાના
વહાલા ઝીણાભાઈ ૨૦૦૫
૧૧. જીવન સાર્થકતાની કેડીએ ૨૦૨૦
પૂજ્ય શ્રીમોટાના વહાલા
'ભાઈ' શ્રી નંદુભાઈની
સંક્ષિપ્ત જીવનવિકાસગાથા
ભાગ-૧ અને ૨


•

## અન્ય પુસ્તકો


**નં. પુસ્તક પ્ર.આ.**
૧. શ્રીમોટાચરણે ૧૯૭૦
૨. બાળકોના **મોટા** ૧૯૮૦
૩. શ્રીમોટા ચિત્રકથા ૧૯૮૭
૪. આહુતિ મંત્ર અને આરતી ૧૯૯૫
૫. હરિઃૐ આશ્રમ
શ્રીભગવાનના
અનુભવ કાજેનું સ્થળ ૧૯૯૬
૬. કૃપાયાચના શતકમ્ ૧૯૯૬
૭. ધ્યેય અને ધ્યાન ૨૦૦૦

| | | |
|---|---|---|
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●



# ગુણ-ભાવનો વિકાસ

પૂજ્ય મોટા સંસારથી અલિપ્ત હતા, પરંતુ સંસારના યોગક્ષેમની ચિંતા કરનારા સંત હતા. એમણે જે વિચારો સમાજને આપ્યા તેમાં ગુણ-ભાવના વિકાસને ઘણું મહત્ત્વ આપ્યું. આ એમની મૌલિક ભેટ ગણાય.

યુવાન હતો ત્યારે હું પ્રતિવર્ષ રાંદેર પાસે આવેલા કુરુક્ષેત્રના હરિ:ૐ આશ્રમમાં સાત દિવસ માટે મૌન મંદિરમાં બેસતો ત્યારે પૂજ્ય મોટા સાથે વારંવાર સત્સંગ થતો રહેતો. તેઓ મારા લગ્ન વખતે પણ ખાસ આશીર્વાદ આપવા ઘરે પધાર્યા હતા. એ એમની કરુણા હતી. એમની ઋજુતા અને નિખાલસતા ચુંબકીય હતી. ડૉક્ટર અનિલ ભાલોડિયાએ એક ભક્તની નિષ્ઠાથી પૂજ્ય મોટાના વિચારોને સંક્ષેપમાં આ ગ્રંથમાં પ્રગટ કર્યા છે. મને એમનો આ પ્રયત્ન ગમ્યો છે અને પૂજ્ય મોટાના ભાવકોને પણ એ જરૂર ગમી જશે.

૨૯ મે,
વડોદરા-૨૦

ગુણવંત શાહ

Manu Nirmal Vadodara, : 98244 66939

કિંમત : રૂ. ૭૫/-